લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

## ઉલ્લાસ-૩ ❖ ભાગ-૫



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

**શબ્દશઃ વિવેચન**

## ઉલ્લાસ-૩ ❖ ભાગ-૫

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

**પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના સમુદાયવર્તી** તથા
તેઓશ્રીના લઘુગુરુભ્રાતા, વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

❖ સંકલનકારિકા ❖

**પથ્યાબેન હેમંતભાઈ શાહ**

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૫ (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૪૫ ✦ વિ. સં. ૨૦૭૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૫૧૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ધર્મતીર્થસંરક્ષક, મધ્યસ્થદ્રષ્ટા, યોગમાર્ગમર્મજ્ઞ

પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદથી

**શ્રી ઉપેન્દ્રભાઈ કાંતિલાલ ગોસર પરિવાર**

બારોઈ ગામ (કચ્છ), હાલ - દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૧૪.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૪

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com

❋ મુદ્રક ❋

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તેનાથી પણ ટૉર્ચ હોવા છતાં ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮થી અધિક વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ.

શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક **ધર્મતીર્થ** વિષયક સંપૂર્ણ પ્રવચનો કુલ ચાર ભાગમાં પ્રગટ થઈ ચૂક્યા છે અને **પર્ષદા, દેશના** વિષયક પ્રવચનોનું સંકલન ચાલુ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજે Encyclopedia (વિશ્વકોષ) તરીકે ઓળખવામાં આવે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો, પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો તથા અન્ય સાહિત્ય જે શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્ત પરિવાર**

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
તા. ૧૩-૦૧-૨૦૧૮

# 'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૫ ના

# ત્રીજા ઉલ્લાસની

# પ્રસ્તાવના

ગુરુના તત્ત્વનો નિશ્ચય છે જેનાથી તે ગુરુતત્ત્વ વિનિશ્ચય અર્થાત્ ગુરુતત્ત્વનો નિર્ણય કરવા અર્થે ગ્રંથકારશ્રીએ ચાર ઉલ્લાસમાં પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે. પ્રથમ ઉલ્સાસમાં ગુરુનું માહાત્મ્ય બતાવતાં કહ્યું કે કેશી ગણધરને પામીને દુરંત સંસારમાં ભટકનાર પરદેશી રાજા પરિમિત સંસારી થયા. તેમાં ગુરુનું જ માહાત્મ્ય છે. વળી પથ્થરને નૃત્ય કરતી નર્તિકારૂપે કલાકુશળ કલાકાર કરે છે. તેમ તત્ત્વના વિષયમાં પથ્થર જેવા મૂર્ખને શાસ્ત્રોમાં કુશળ બનાવીને નિપુણ ગુણવાન ગુરુ કરે છે અને આવા ગુરુની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. તેમ કહીને પ્રથમ વિભાગમાં શાસ્ત્રસંમત સુગુરુનું સ્વરૂપ વિસ્તારથી બતાવ્યું. ત્યારપછી પ્રશ્ન કર્યો કે આવા ગુણવાન ગુરુ તો પુસ્તકમાં લિપિરૂપે મળે છે. સાક્ષાત્ દેખાતા નથી. તેથી ગુરુના પારમાર્થિક સ્વરૂપને નય સાપેક્ષ બતાવવા અર્થે વર્તમાનમાં પણ તેવા ગુણોવાળા અલ્પ પણ કોઈક સુગુરુ સંભવે છે. ઇત્યાદિ વિસ્તારથી સુગુરુના નિર્ણયનો ઉપાય પ્રથમ ઉલ્લાસમાં બતાવ્યો. ત્યારપછી પાંચ પ્રકારના વ્યવહારો ભગવાનના શાસનમાં વર્તે છે અને તેનાથી વ્યવહાર કરનાર સુગુરુ હોય છે, તેમ બતાવ્યું. ત્યારપછી તે પાંચ વ્યવહારમાં વર્તમાનમાં જિતવ્યવહાર કેવા પ્રકારનો છે અને તેનાથી સુગુરુ પ્રાયશ્ચિત્ત આપીને યોગ્ય જીવોને થયેલા પાપની શુદ્ધિ કરાવે છે, તેમ બતાવ્યું અને જેઓ સ્વબુદ્ધિથી પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધિ કરાવે છે, તેઓ કુગુરુ છે અને શાસ્ત્રવ્યવહાર અનુસાર પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધિ કરાવે છે, તે સુગુરુ છે તેમ સ્થાપન કર્યું.

ત્રીજા ઉલ્લાસમાં સુવ્યવહારને કરનારા ગુરુ કેવા હોય છે, તે બતાવતાં કહ્યું કે જે ગુરુ આલોક અને પરલોકમાં હિત છે, તે સુવ્યવહારી ગુરુને ક્યારેય છોડવા જોઈએ નહીં અને તેવા ગુરુ નિશ્રામાં આવેલા શિષ્યોને અનુશાસન આપે છે, ઉપાલંભ આપે છે અને ઉપગ્રહ કરે છે. જેનાથી યોગ્ય જીવો આલોકમાં પણ કષાયોના શમનથી સુખી થાય છે અને પરલોકમાં પણ સુગતિઓની પરંપરાને પામીને સુખી થાય છે અને જે ગુરુ આવા નથી, તેઓનો ત્યાગ કરવો જોઈએ અને જે ગુરુ મધુરભાષી હોય, શિષ્યોને આનંદ આપતા હોય, પરંતુ પરલોકના ઉપાયોમાં શિષ્યોને સમ્યગ્ યત્ન કરાવતા નથી, તેવા કુગુરુનો ત્યાગ કરવો જોઈએ.

આથી સુગુરુ સારણા-વારણાદિ કરીને ગચ્છને મોક્ષપથમાં પ્રવર્તાવે છે. જે ગચ્છમાં સારણાદિ નથી, તે

ગચ્છનો વિધિપૂર્વક ત્યાગ કરીને સુસાધુએ અન્ય ગચ્છમાં જવું જોઈએ, એમ ગાથા-૫માં બતાવ્યું. ત્યારપછી જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ અર્થે સુસાધુ પોતાનો ગચ્છ સુંદર હોય તોપણ ગચ્છાંતરમાં જાય છે. તેના વિષયક અનેક વિકલ્પો છે, તે ગાથા-૬૩ સુધી બતાવ્યું. ત્યારપછી કુગુરુનો સંસર્ગ ત્યાગ કરવો જોઈએ. તે બતાવવા અર્થે પાંચ પ્રકારના કુગુરુઓનું સ્વરૂપ બતાવેલ છે. તેમાં પ્રથમ ભેદ પાસત્થાનો છે અને તે પાસત્થા સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રની ક્રિયાઓ કરે છે. પરંતુ તે ક્રિયાઓથી લેશ પણ તે ગુણમાં જવા યત્ન કરતા નથી, તેઓ સર્વપાસત્થા છે. જેમ કોઈને શુદ્ધ ઉચ્ચારણ કરતાં ન આવડે છતાં શુદ્ધ ઉચ્ચારણ કરવા અર્થે કોઈક પાસે પંદર-વીસ દિવસ સુધી શુદ્ધ ઉચ્ચારણ અર્થે યત્ન કરે છે, તેઓ અશુદ્ધ ઉચ્ચારણ કરવા છતાં શુદ્ધ ઉચ્ચારણ કરવા યત્ન કરે છે. તેમ જેઓ જ્ઞાન-દર્શન-ચારિત્રની ક્રિયાના આચારો દ્વારા કંઈક કંઈક કષાયોના ઉન્મૂલનમાં યત્ન કરે છે, છતાં સ્ખલના પામે છે, તેઓ તે ક્રિયાના અંતર્ગત છે, તેથી પાસત્થા નથી. પરંતુ જેઓ લેશ પણ યત્ન કરતા નથી, તેઓ પાસત્થા છે. તેમાં દેશપાસત્થા જ્ઞાન-દર્શનમાં યત્ન કરે છે, તેથી તે અંશથી પાસત્થા નથી. પરંતુ ચારિત્રની ક્રિયા ઉત્થિત થઈને કરવા યત્ન કરતા નથી, તેથી તે અંશથી પાસત્થા છે. આથી જ દેશપાસત્થા ભગવાનના વચન પ્રત્યે રાગ ધારણ કરીને પોતાના હીન આચારને હીન બતાવીને પણ સન્માર્ગની રુચિ ધારણ કરે છે. તેથી સંવિગ્ન પાક્ષિક કહેવાય છે.

વળી, કેટલાક સાધુ અવસન્ન છે, તેઓ પણ પાસત્થાની જેમ અવંદનીય છે અને અવસન્ન સાધુ આવશ્યક આદિ ક્રિયાઓ યથા-તથા કરીને સિદાય છે. તેથી પાસત્થાનો અને અવસન્નનો એ ભેદ પ્રાપ્ત થાય છે કે પાસત્થા ક્રિયાઓ કરે છે, પરંતુ ક્રિયાઓ દ્વારા અપેક્ષિત ભાવને અનુકૂળ લેશ પણ યત્ન કરતા નથી. તેથી પાસત્થા બને છે. જેમ અશુદ્ધ સૂત્ર બોલનાર શુદ્ધ કરવાને અનુકૂળ લેશ પણ યત્ન ન કરે તો તે શુદ્ધ થાય નહીં. તેથી પાસત્થા સંયમ યોગોમાં અનુત્થિત છે અને અવસન્ન સાધુ ક્રિયાઓમાંથી કોઈક કોઈક ક્રિયા કરવામાં સિદાય છે, તેથી અવસન્ન કહેવાય છે.

વળી, કુશીલ સાધુ જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્રકુશીલના ભેદથી ત્રણ પ્રકારના છે. તેમાં જેઓ સમ્યગ્દર્શન ધરાવતા હોવા છતાં ભગવાનના વચનમાં નિઃશંકિત આદિ થવાને અનુકૂળ પોતાની આચરણા સમ્યગ્ કરતા નથી. જ્ઞાન ધરાવનારા હોવા છતાં જ્ઞાનાચાર સમ્યગ્ સેવતા નથી. ચારિત્રના આચારો પણ કુત્સિત રીતે સેવે છે. તેથી અવસન્ન કરતાં કુશીલનો એ ભેદ છે કે આચરણા કુત્સિત રીતે કરે છે. તેથી કુશીલ છે અને કુત્સિત આચરણા પાસત્થા કરતાં વિલક્ષણ કોટિની છે. તેથી તેનું સ્વરૂપ પ્રસ્તુત ઉલ્લાસમાં બતાવેલ છે.

વળી, સંસક્ત સાધુ બે પ્રકારના છે. એક સંક્લિષ્ટ અને એક અસંક્લિષ્ટ. જેઓ પાસત્થા આદિ સાથે મળે છે, ત્યારે પાસત્થા જેવા થાય છે અને પ્રિય ધર્મ આદિવાળા સુસાધુ સાથે મળે છે, ત્યારે પ્રિય ધર્મવાળા થાય છે, તેઓ અસંક્લિષ્ટ સંસક્ત છે. વળી, સંક્લિષ્ટ સાધુ તત્ત્વથી વિરુદ્ધ વિષયોમાં જ

પ્રતિબદ્ધ હોય છે. તેથી અસદ્ આલંબનોને કારણે તે અસદ્ આલંબનોમાં જ આસક્ત રહે છે. સદ્આલંબનોને ગ્રહણ કરતા નથી.

વળી, યથાછંદા સાધુ ભગવાનના વચનને સ્વમતિથી યથાતથા યોજીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરનારા હોય છે. તેથી અન્ય પાસત્થા આદિ કરતાં અધિક સંક્લેશવાળા હોય છે. આ સર્વ ભેદવાળા પાસત્થા આદિમાં પણ નિવર્તનીય-અનિવર્તનીય પ્રકૃતિની તરતમતાથી ક્લેશનો ઉત્કર્ષ-અપકર્ષ પ્રાપ્ત થાય છે.

વળી, નિહ્નવ માન-ખ્યાતિના અર્થી નથી તોપણ ભગવાનના વચનથી વિપરીત દૃઢ અભિનિવેશવાળા છે. તેથી આ સર્વ કરતાં પણ નિહ્નવો અતિસંક્લિષ્ટ છે.

પાર્શ્વસ્થાદિને ઉત્સર્ગથી વંદનમાં દોષ છે; કેમ કે ઉન્માર્ગગામી તેઓની પ્રવૃત્તિની અનુમોદનાની પ્રાપ્તિ થાય છે. વળી, અપવાદથી વંદનમાં દોષ નથી. પરંતુ ગુણની પ્રાપ્તિ છે. જેમ પાર્શ્વસ્થાદિને પણ માર્ગમાં લાવવા માટે શક્યતા જણાય ત્યારે વિવેકી શ્રાવક તેમના હિત અર્થે વંદન આદિ કરે અને ઉચિત યત્ન દ્વારા તેઓને માર્ગની પ્રાપ્તિ કરાવે. આથી જ કેટલાક નિહ્નવોને વિવેકી શ્રાવકોએ વસતિ આદિ આપીને માર્ગમાં સ્થિર કર્યા.

વળી, પાર્શ્વસ્થાદિમાં વિશેષ સામર્થ્ય હોય અને વિષમ સંયોગમાં સુસાધુને નિસ્તરણ કરવામાં તે કારણ બને તેમ હોય ત્યારે ઉચિત યતનાપૂર્વક વંદન કરવાથી જે સંયમનો નિસ્તાર થાય છે, તે પ્રયોજનથી પાર્શ્વસ્થાદિને વંદન કરાય છે. ત્યારે પણ તેઓના દોષનું પોષણ થતું નથી. પરંતુ સંયમવૃદ્ધિના વિશુદ્ધ અધ્યવસાયથી યતનાપૂર્વકની વંદના નિર્જરાનું જ કારણ બને છે. વળી, કાલ વિષમ હોવાને કારણે સુસાધુની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. તેવા સંયોગમાં પણ પાર્શ્વસ્થાદિમાં મોક્ષને અનુકૂળ અલ્પ ગુણો હોય તેનું સ્મરણ કરીને તે ગુણોથી ભક્તિપૂર્વક વંદન કરવામાં પણ દોષની પ્રાપ્તિ નથી; કેમ કે ગુણના પક્ષપાતપૂર્વક તે વંદન ક્રિયા છે અને સર્વથા નિર્ગુણ જાણવા છતાં વંદન કરે તો તેના દોષની પુષ્ટિ થવાથી પાપની પ્રાપ્તિ થાય છે.

વળી, સુસાધુ પણ પાર્શ્વસ્થાના સંસર્ગમાં રહે તો તેના સંસર્ગથી દોષની પ્રાપ્તિ થાય છે. તેમ પાર્શ્વસ્થાદિના વિપરીત આચારો હોવા છતાં જે શ્રાવકો તેમને વંદન આદિ કરે છે, તેઓને તે વિપરીત આચરણામાં માર્ગની બુદ્ધિ થવા રૂપ મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. આથી જ સમ્યક્ત્વ ગ્રહણ કરતી વખતે શ્રાવકો અન્ય તીર્થિકોના સંસર્ગના વર્જનની પ્રતિજ્ઞા કરે છે. તેમ પાર્શ્વસ્થાના સંસર્ગના વર્જનની પણ પ્રતિજ્ઞા કરે છે. જેથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય નહીં. તેથી વિવેકી શ્રાવકે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક પાર્શ્વસ્થાદિના સ્વરૂપનું આલોચન કરવું જોઈએ. સુગુરુના સ્વરૂપનું સમ્યગ્ આલોચન કરવું જોઈએ અને સુગુરુના જે ગુણો છે, તે જ પૂજ્ય બુદ્ધિથી વંદનીય છે અન્ય નહીં. આથી જ ઉત્સર્ગથી અઢાર હજાર શીલાંગમાં સ્ખલિતને પણ વંદન કરવાનો નિષેધ કરાયો છે. આમ છતાં વિષમકાળના કારણે ઘણા ગુણોથી યુક્ત પણ કંઈક દોષવાળા સુસાધુઓને સાધુ બુદ્ધિથી વંદન કરવું જોઈએ, સત્કાર કરવો જોઈએ અને પાર્શ્વસ્થાદિમાં કંઈક

જિનવચનાનુસાર ગુણોને જોઈને તેટલા જ ભાવથી વંદન કરવું જોઈએ અને તેના સંસર્ગને કારણે વિપરીત આચરણામાં ધર્મબુદ્ધિ ન થાય તે રીતે સંવૃત રહેવું જોઈએ.

વળી, મુગ્ધ જીવોને સુસાધુ-કુસાધુનો ભેદ શક્ય નથી. તેઓ તો વેષને જોઈને વિકલ્પ કરે છે કે આવા જૈન સાધુ સંસારસાગરથી તારનારા છે માટે વંદનીય છે. તેથી સમિતિ-ગુપ્તિના પરમાર્થને નહીં જાણનારા, ઓઘથી ધર્મબુદ્ધિવાળા તેઓ સાધુવેષમાં રહેલાને પણ વંદન કરીને મુગ્ધ જીવો સ્વભૂમિકાનુસાર નિર્જરાની પ્રાપ્તિ કરે છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**— પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વૈશાખ સુદ-૩, વિ. સં. ૨૦૭૪**
**તા. ૧૮-૪-૨૦૧૮, બુધવાર**
**બી-૫, જય જિનેન્દ્ર ટાવર,**
**બેન્ક ઓફ બરોડાની સામે,**
**ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૯૪૨૮૧૬૯૫૬૩**

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

મહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞવૃત્તિયુત

# ગુરુતત્ત્વવિનિશ્ચય

## શબ્દશઃ વિવેચન

## તૃતીય ઉલ્લાસ : ભાગ-૫

**અવતરણિકા :-**

द्वितीयोल्लासे द्वारत्रिकेण व्यवहारविवेकः कृतः । अयं च सद्गुरोरत्यागेन कुगुरुवर्जनेन च स्थेमानमावहतीत्येतदर्थप्रतिपादकस्तृतीयोल्लास आरभ्यते, तत्रेयमाद्यगाथा –

**અવતરણિકાર્થ :-**

**બીજા ઉલ્લાસ સાથે ત્રીજા ઉલ્લાસનો સંબંધ :-**

બીજા ઉલ્લાસમાં દ્વારત્રિકથી=વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્યરૂપ દ્વારત્રિકથી, વ્યવહારનો વિવેક કરાયો=પ્રાયશ્ચિત્તાદિરૂપ વ્યવહારનો યથાર્થ બોધ કરાવાયો અને આ=વ્યવહારનો વિવેક, સદ્ગુરુના અત્યાગથી અને કુગુરુના વર્જનથી સ્થેયમાન થાય છે=સ્થિરપણાને પામે છે. એથી આ અર્થનો પ્રતિપાદક=સુગુરુ અને કુગુરુના ભેદનો પ્રતિપાદક ત્રીજો ઉલ્લાસ આરંભ કરાય છે. ત્યાં=ત્રીજા ઉલ્લાસમાં, આ આદ્ય ગાથા છે –

**ગાથા :-**

इहपरलोएसु हिओ, सुव्ववहारी गुरू ण मोत्तव्वो ।
अणुसिट्ठिमुवालंभं, उवग्गहं चेव जो कुणइ ।।१।।

**અન્વયાર્થ :-**

जो=જે=ગુરુ, अणुसिट्ठिमुवालंभं उवग्गहं चेव=અનુશિષ્ટિ, ઉપાલંભ અને ઉપગ્રહને જ, कुणइ=કરે છે, इह परलोएसु हिओ=તે આ લોકના અને પરલોકના હિતકારી એવા, सुव्ववहारी गुरु ण मोत्तव्वो=સુવ્યવહારી ગુરુને છોડવા જોઈએ નહીં. ।।૧।।

**ગાથાર્થ :-**

જે=ગુરુ, અનુશિષ્ટિ, ઉપાલંભ અને ઉપગ્રહને જ કરે છે, તે આ લોકના અને પરલોકના હિત=હિતકારી, એવા સુવ્યવહારી ગુરુને છોડવા જોઈએ નહિ. ।।૧।।

**ટીકા :-**

'इहपरलोएसु हिओ'त्ति । इह गुरुविषयाश्चत्वारो भङ्गा भवन्ति, तथाहि—इहलोकहितो नामैको न परलोकहितः १, परलोकहितो नामैको नेहलोकहितः २, एक इहलोकहितोऽपि परलोकहितोऽपि ३, एको नेहलोकहितो नाऽपि परलोकहित इति ४। तत्र यो वस्त्रपात्रभक्तपानादिकं साधूनां पूरयति न पुनः संयमे सीदतः सारयति स इहलोके हितो न परलोके १। यः पुनः संयमयोगेषु प्रमाद्यतां सारणां करोति न च वस्त्रपात्रभक्तपानादिकं प्रयच्छति स स्फुटभाषी परलोके हितो नेहलोके २। यो वस्त्रपात्रभक्तपानादिकं समग्रमपि साधूनां पूरयति संयमयोगेषु च सीदतः सारयति स इहलोके परलोके च हितः ३। यस्तु न वस्त्रपात्रादिकं साधूनां पूरयति न च संयमयोगेषु सीदतः सारयति स नेहलोके हितो नापि परलोके ४। तत्र योऽनुशिष्टिमुपालम्भमुपग्रहं च करोति स इहलोकपरलोकयोर्हितः 'सुव्यवहारी' समीचीनव्यवहारकारी गुरुर्भवजलधियानपात्रमिति न कदाऽपि मोक्षार्थिना मोक्तव्यः, किन्तु कुलवध्वादिदृष्टान्तैस्तस्यैवाश्रयणं कर्त्तव्यमित्यर्थः । तत्रानुशिष्टिः स्तुतिरित्येकार्थौ शब्दौ, यथा—सुलभदण्डे जीवलोके मैवं मतिं कुर्याः, यथाऽहमाचार्येण प्रायश्चित्तदानतो दण्डितोऽस्मीति दुरन्तभवदण्डनिवारकः खल्वयं प्रायश्चित्तदण्ड इति । किञ्चानाचारमलिनस्यात्मनः प्रायश्चित्तजलेन निर्मलीकरणान्न युक्ता दण्डबुद्धिरात्मनि परिभावयितुम्, किन्तूपकृतोऽहमनुपकृतपरहितकारिभिराचार्यैरिति विचारणैव समीचीनतामञ्चतीति । उपालम्भः-दोषव्यञ्जकं वचनम्, यथा—त्वयैव स्वयं कृतमिदं प्रायश्चित्तस्थानं तस्मान्न कस्याप्युपर्यन्यथाभावः कल्पनीयः, न खलु शुद्धकारिणो लोकेऽपि दण्डो दीयते । किञ्च दोषं प्राप्तो यदि कथमप्याचार्येणैवमेव मुच्यते तथापीहभवे मुक्तोऽपि परभवे न मुच्यते कृतपापविपाकेन, तस्मादापन्नं प्रायश्चित्तमवश्यं गुणबुद्ध्या कर्त्तव्यमिति । उपग्रहश्च उपष्टम्भदानम्, स च द्रव्यतोऽसमर्थस्याशनपानाद्यानयनलक्षणः, भावतश्च सूत्रार्थप्रदानग्लानसमाधानोत्पादनादिलक्षण इति ।।१।।

**ટીકાર્થ :-**

इह ..... इति ।। અહીં=સુગુરુ અને કુગુરુના બોધના વિષયમાં, ગુરુ વિષયક ચાર ભાંગા થાય છે. તે આ પ્રમાણે – (૧) આ લોકના હિત એક છે. પરલોકના હિત નથી. (૨) પરલોકના હિત એક છે. આ લોકના હિત નથી. (૩) એક આ લોકમાં હિત પણ છે અને પરલોકમાં હિત પણ છે. (૪) એક આ લોકમાં પણ હિત નથી, પરલોકમાં પણ હિત નથી. ત્યાં=ચાર ભાંગામાં, જે=ગુરુ, વસ્ત્ર-પાત્ર-ભક્ત-પાનાદિક સાધુઓને પૂરે છે=પ્રાપ્ત કરાવે છે, પરંતુ સંયમમાં સિદાતા સાધુઓને સ્મારણા કરાવતા નથી. તે=તે ગુરુ, આ લોકમાં જ હિત છે, પરલોકમાં હિત નથી. આ પ્રથમ ભાંગો છે. જે વળી સંયમયોગમાં પ્રમાદ કરનારા સાધુઓને સારણા કરે છે=ઉચિત કૃત્યોનું સ્મરણ કરાવે છે અને વસ્ત્ર-પાત્ર-ભક્ત-પાનાદિકને આપતા નથી=પ્રાપ્ત કરાવતા નથી, સ્પષ્ટભાષી એવા તે=આત્માના હિતને સ્પષ્ટ કહેનારા એવા તે, પરલોકમાં હિત છે, આ લોકમાં નથી. આ બીજો ભાંગો છે. જે ગુરુ વસ્ત્ર-પાત્ર-ભક્ત-પાનાદિક સમગ્ર પણ સાધુઓને પૂરે છે અને સંયમયોગોમાં સિદાતા=પ્રમાદ કરતા, સાધુઓને સારણા કરે છે, તે ગુરુ આ લોકમાં અને પરલોકમાં હિત છે. આ ત્રીજો ભાંગો છે. વળી, જે ગુરુ વસ્ત્ર-પાત્રાદિક સાધુઓને પૂરતા નથી અને સંયમયોગમાં સિદાતા=પ્રમાદ કરતા, શિષ્યોને સ્મારણા કરાવતા નથી=ઉચિત કૃત્યોનું સ્મરણ કરાવતા નથી. તે ગુરુ આ લોકમાં હિત નથી અને પરલોકમાં પણ હિત નથી. આ ચોથો ભાંગો છે. ત્યાં જે અનુશિષ્ટિ=અનુશાસન, ઉપાલંભ અને ઉપગ્રહ કરે છે, તે આ લોકમાં અને પરલોકમાં હિત સુવ્યવહારી=સમીચીન વ્યવહારને કરનાર ગુરુ, ભવરૂપી સમુદ્રમાં યાનપાત્ર છે. એથી ક્યારેય પણ મોક્ષાર્થીએ મૂકવા જોઈએ નહિ, પરંતુ કુલવધૂ આદિનાં દૃષ્ટાંતોથી તેમનું જ=સમીચીન વ્યવહારી એવા ગુરુનું જ, આશ્રયણ કરવું જોઈએ, એ પ્રકારનો અર્થ છે. ત્યાં=અનુશિષ્ટિ આદિ ત્રણ છે એમાં, અનુશિષ્ટિ, સ્તુતિ એ એકાર્થ શબ્દ છે. જે પ્રમાણે સુલભદંડવાળા જીવલોકમાં આ પ્રમાણે મતિ કરવી જોઈએ નહિ=સંસારમાં જીવને પાપની પ્રાપ્તિરૂપી દંડ સુલભ છે; કેમ કે યોગ્ય પણ જીવ કષાયને પરવશ થઈને સ્ખલના પામે છે. તેવો જીવ હોતે છતે આગળમાં કહે છે. એવી મતિ કરવી જોઈએ નહિ, જે પ્રમાણે આચાર્ય વડે પ્રાયશ્ચિત્તના દંડથી દંડાયેલો છું.

કેમ મતિ કરવી જોઈએ ? એથી કહે છે. દુરંત ભવદંડનો નિવારક આ પ્રાયશ્ચિત્તદંડ છે. એ પ્રમાણે મતિ કરવી જોઈએ. વળી, અનાચારથી મલિન એવા આત્માને પ્રાયશ્ચિત્તરૂપી જલથી નિર્મલીકરણ હોવાને કારણે આત્મામાં દંડબુદ્ધિ પરિભાવન કરવા માટે યુક્ત નથી. પરંતુ હું અનુપકૃત પરહિતકારી એવા આચાર્ય વડે=જેમનો ઉપકાર મેં કાંઈ કર્યો નથી અને પરહિતને કરનારા એવા આચાર્ય વડે, હું ઉપકાર કરાયો છું, એ પ્રકારની વિચારણા જ સમીચીનતાને પ્રાપ્ત કરે છે=અપાયેલું પ્રાયશ્ચિત્ત ઉચિત છે. એ પ્રમાણે ગુરુ અનુશાસનને આપે છે. ઉપાલંભ=દોષનું વ્યંજક વચન=શિષ્યએ કોઈ સ્ખલના કરી હોય ત્યારે ગુરુ કહે કે તેં આ અનુચિત કર્યું છે, તે દોષના વ્યંજકરૂપ વચન ઉપાલંભ છે. જે પ્રમાણે તારા વડે જ સ્વયં આ પ્રાયશ્ચિત્તસ્થાન કરાયું. તે કારણથી કોઈના પણ ઉપર

**અન્યથાભાવની કલ્પના કરવી જોઈએ નહિ. લોકમાં પણ શુદ્ધ કરનારને દંડ અપાતો નથી. વળી, દોષપ્રાપ્ત પણ શિષ્ય જો કોઈક રીતે પણ આચાર્ય વડે આ રીતે જ મુકાય છે=પ્રાયશ્ચિત્ત આપ્યા વગર જ મુકાય છે તોપણ આ ભવમાં મુકાયેલો પણ=આચાર્યથી પ્રાયશ્ચિત્ત આપ્યા વગર આ ભવમાં મુકાયેલો પણ શિષ્ય, પરભવમાં કરાયેલા પાપના વિપાકથી મુક્ત થતો નથી. તે કારણથી પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત=પોતાની સ્ખલનાથી ગુરુ દ્વારા અપાયેલું પ્રાયશ્ચિત્ત અવશ્ય ગુણબુદ્ધિથી ગ્રહણ કરવું જોઈએ. એ રીતે ગુરુ ઉપાલંભ આપે છે અને ઉપગ્રહ=ઉપષ્ટંભદાન અને તે=ઉપગ્રહ, દ્રવ્યથી અસમર્થને અશન, પાનાદિ લાવવા સ્વરૂપ છે અને ભાવથી સૂત્ર-અર્થનું પ્રદાન અને ગ્લાનના સમાધાનના ઉત્પાદનાદિ સ્વરૂપ છે=યોગ્ય શિષ્યોને ગુરુ સૂત્ર-અર્થનું પ્રદાન કરે, જેથી ભાવથી તેમનો ઉપકાર થાય અને ગ્લાન સાધુ હોય, તેના ચિત્તની અસ્વસ્થતા ઉચિત પ્રવૃત્તિ દ્વારા દૂર કરવામાં આવે તો ગ્લાન સાધુ પણ સંયમને અનુકૂળ ચિત્તના સ્વાસ્થ્યવાળા થાય, તે ભાવથી ઉપકાર છે. ॥૧॥**

**ભાવાર્થ :-**

સુગુરુ હંમેશાં શિષ્યોના આ લોકના-પરલોકના હિતકારી હોય છે. આમ છતાં બધા ગુરુ તેવા સુગુરુ થતા નથી, પરંતુ કેટલાક જ સુગુરુ આ લોકના અને પરલોકના હિતકારી થાય છે. તેથી ગુરુ વિષયક ચાર ભાંગાની પ્રાપ્તિ થાય છે. કેટલાક ગુરુઓ આ લોકમાં હિત થાય છે, પરલોકમાં હિત થતા નથી. એ રૂપ એક ભાંગો પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાધુને વસ્ત્ર, પાત્ર, ભક્ત, વસ્તી આદિની આવશ્યકતા છે. જેના બળથી સાધુ સંયમયોગમાં ઉદ્યમ કરવા સમર્થ બને છે અને જે ગુરુ શિષ્યોને વસ્ત્ર, પાત્રાદિ સર્વ પ્રાપ્ત થાય તેને અનુકૂળ ઉચિત યત્ન કરે છે, તેથી ક્લેશ વગર આ લોકમાં તે શિષ્યો જીવી શકે છે. પરંતુ તે ગુરુ પરલોકને અનુકૂળ ઉચિત અનુશાસનાદિ આપનારા નથી. તેથી શિષ્યો સંયમમાં સિદાતા હોય ત્યારે ઉચિત અનુશાસન આપીને તેઓને મોહનાશને અનુકૂળ અપ્રમાદવાળા કરવા યત્ન કરતા નથી. તેવા ગુરુ પરલોકમાં હિત નથી; કેમ કે તે શિષ્યો સંયમમાં પ્રમાદ કરીને સંસારના પરિભ્રમણના અનર્થને પ્રાપ્ત કરશે, તેના નિવારણમાં તે ગુરુ ઉપકારી નથી.

વળી, કેટલાક ગુરુ પરલોકમાં હિત છે. આલોકમાં હિત નથી. જે ગુરુ સંયમયોગમાં સિદાતા શિષ્યોને ઉચિત અનુશાસન આપે છે, અપ્રમાદવાળા કરે છે. તેથી તે શિષ્યો તે ગુરુના બળથી સંયમયોગમાં અપ્રમાદ કરીને પરલોકનું હિત સાધી શકે છે. પરંતુ તે પ્રકારની લબ્ધિ નહિ હોવાથી કે તે પ્રકારની કુશળતા નહિ હોવાથી સંયમને ઉપકારી એવાં નિર્દોષ વસ્ત્ર, પાત્ર, ભક્ત, પાનાદિ શિષ્યને પ્રાપ્ત કરાવી શકતા નથી. તેથી તેવા ગુરુ પાસે રહેનારા શિષ્યો આ લોકમાં કંઈક ક્લેશને અનુભવે છે તોપણ તેમના અનુશાસનને પામીને પરલોકનું હિત કરે છે. તેથી, તે ગુરુ કંઈક સુંદર છે તોપણ પૂર્ણ સુંદર નથી.

વળી, જે ગુરુ સંયમને ઉપષ્ટંભક વસ્ત્ર, પાત્ર, ભક્ત, પાનાદિ સમગ્રને પ્રાપ્ત કરાવે છે અને સંયમયોગમાં પ્રમાદ કરનારા સાધુઓને ઉચિત સારણાદિ દ્વારા અપ્રમાદવાળા કરે છે. વસ્તુતઃ આરાધક જીવો નિમિત્તને પામીને પ્રમાદવાળા થાય છે, ત્યારે સુગુરુ જ સંવેગ દ્વારા તેઓને અપ્રમાદી કરે છે અને તેવા ગુરુ, સાધુ

માટે આ લોક અને પરલોક માટે હિતકારી છે અને તેઓ જ સર્વથા આદરણીય છે.

વળી, કેટલાક ગુરુઓ ગુરુ થયા પછી તે પ્રકારની લબ્ધિ આદિ નહિ હોવાથી નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ પણ સાધુને પ્રાપ્ત કરાવતા નથી. તેથી, તેવા શિષ્યો આલોકમાં પણ ક્લેશને પામે છે અને સંયમયોગમાં પ્રમાદ કરે છે, ત્યારે ઉચિત અનુશાસન આપીને તેઓને મોક્ષપથમાં ઉત્થિત કરતા નથી. તે ગુરુ આ લોકમાં પણ હિતકારી નથી અને પરલોકમાં પણ હિતકારી નથી માટે સર્વથા ત્યાજ્ય છે.

આ રીતે ચાર ભાંગા બતાવ્યા પછી જે ત્રીજા ભાંગામાં બતાવ્યા, તે સુગુરુ છે અને તેઓ અનુશાસન આપે છે, ઉપાલંભ કરે છે અને ઉપગ્રહને કરે છે. તેથી, આ લોક અને પરલોક માટે હિતકારી છે અને ઉચિત વ્યવહાર કરીને ભવરૂપી સમુદ્રથી તરવા માટે યાનપાત્ર જેવા છે અને તેવા ગુરુને મોક્ષના અર્થી સાધુએ ક્યારેય મૂકવા જોઈએ નહિ. પરંતુ કુલવધૂ શીલ પાળવાની અર્થી છે. તેથી પતિ ક્યારેક નિર્ભર્ત્સના કરે તોપણ તેનો ત્યાગ કરે નહિ. જેમ અંજનાસુંદરીએ પતિનો ત્યાગ કર્યો નહિ, તેમ સુસાધુએ ઉચિત અનુશાસન આદિ આપનારા સુગુરુનો ક્યારેય ત્યાગ કરવો જોઈએ નહિ.

ત્યાં અનુશાસન શું છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. અનુશાસન, સ્તુતિ એ એકાર્થવાચી શબ્દો છે. તેથી ભગવાનના વચનાનુસાર કરાયેલી ઉચિત વિધિની ગુરુ સ્તુતિ કરે છે અને કહે છે કે આ રીતે સેવાયેલી વિધિ જ નિર્જરા કરીને મોક્ષનું કારણ છે; યથાતથા સેવાયેલી ક્રિયા નહિ. તે અનુશાસન છે અને કોઈ સાધુએ સંયમજીવનમાં કોઈ સ્ખલના કરી હોય ત્યાર પછી સુગુરુ તે સાધુને ઉચિત પ્રાયશ્ચિત્ત આપે અને તે સાધુને ચિત્તમાં ઉદ્વેગ થાય તો પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય નહિ અને તે પ્રાયશ્ચિત્તથી ચિત્તમાં ક્લેશ થાય તો તે અધિક પાપને પ્રાપ્ત કરે છે. તેના નિવારણ માટે ગુરુ તેને અનુશાસન આપે છે કે જીવલોકમાં દંડની પ્રાપ્તિ સુલભ છે; કેમ કે જીવે અનાદિકાળથી પ્રમાદ સેવ્યો છે માટે સંયમ ગ્રહણ કર્યા પછી પણ દૃઢ પ્રણિધાનપૂર્વક સંયમની ક્રિયા કરવામાં ન આવે તો પ્રાયશ્ચિત્તરૂપ દંડની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ તે પ્રાયશ્ચિત્ત થયેલા પાપની શુદ્ધિનું કારણ છે. તેથી, તે પ્રાયશ્ચિત્ત લેતી વખતે અન્યથાભાવ કરવામાં આવે તો પાપની શુદ્ધિ ન થાય. પરંતુ અનાદરથી સેવાયેલું પ્રાયશ્ચિત્ત નવા પાપનું કારણ બને છે. તેથી શિષ્યને તે પ્રાયશ્ચિત્ત વખતે અનાદર ન થાય, પરંતુ થયેલા પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય, એ પ્રકારે ઉચિત અનુશાસન આપે છે. જે પ્રાયશ્ચિત્તથી શુદ્ધિનું કારણ બને છે.

વળી, આ રીતે સંયમનાં સર્વ ઉચિત કૃત્યોમાં ગુરુ શિષ્યને અનુશાસન આપે છે. જે અનુશાસનના બળથી યોગ્ય શિષ્યો તીવ્ર સંવેગપૂર્વક ઉચિત અનુષ્ઠાનને સેવીને નિર્જરાની પ્રાપ્તિ કરે છે. આથી જ અનુશિષ્ટિનો અર્થ સ્તુતિ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સર્વ ઉચિત કૃત્યોની ગુરુ તે રીતે સ્તુતિ કરે છે. જેથી ઉત્સાહિત થઈને સુશિષ્યો સુપ્રણિધાનપૂર્વક તે અનુષ્ઠાન સેવી શકે છે.

વળી, કોઈ સ્ખલના થઈ હોય ત્યારે ઉપાલંભ આપે છે અને કહે છે કે આ રીતે ઉચિત પ્રવૃત્તિમાં સ્ખલના કરીને તેં મોહધારાની વૃદ્ધિ કરી છે. તેથી પ્રાયશ્ચિત્ત સ્થાન પ્રાપ્ત થયું છે અને આ પ્રાયશ્ચિત્ત ગુરુ આપે ત્યારે અન્યથાભાવ કરવો જોઈએ નહિ; કેમ કે શુદ્ધ પ્રવૃત્તિ કરનારને પણ લોકમાં શિષ્ટ પુરુષો દંડ કરતા

નથી. તેથી અશુદ્ધ પ્રવૃત્તિ થઈ છે માટે જ તને પ્રાયશ્ચિત્ત અપાય છે. એ પ્રકારે ઉપાલંભ આપીને ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુરૂપ શિષ્યનો પ્રયત્ન થાય તે પ્રકારે ઉપાલંભ આપે છે.

વળી, ઉપગ્રહ દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારે સુગુરુ કરે છે. જે સાધુ સંયમને અનુકૂળ આહાર-પાણી આદિ લાવવા સમર્થ નથી, તેને યોગ્ય નિર્દોષ આહારાદિ પ્રાપ્ત કરાવીને તેના દેહને ઉપકારક થાય તે રીતે ગુરુ પ્રયત્ન કરે છે. વળી, યથાર્થ સૂત્રો-અર્થો ભણાવીને યોગ્ય શિષ્યોને તેઓ આત્મહિતમાં સંપન્ન થાય તેવા સમર્થ બનાવે છે. એ ભાવથી ઉપકાર છે. વળી, કોઈ સાધુ રોગાદિને કારણે ગ્લાન થયા હોય, જેના કારણે તેમનું ચિત્ત હંમેશાં અસ્વસ્થ રહેતું હોય, એવા જીવોને ઉચિત અનુશાસન આપીને અને ઉચિત ઔષધાદિ પ્રાપ્ત કરાવીને તેઓનું ચિત્ત સ્વસ્થ થાય, તેવો પ્રયત્ન કરે છે. જેનાથી ગ્લાન સાધુ પણ તે રોગાદિ અવસ્થામાં પણ ચિત્તની સ્વસ્થતાપૂર્વક પરલોકના હિતની પ્રવૃત્તિ કરી શકે છે. તે ભાવથી ગુરુનો ઉપકાર છે. **॥૧॥**

**અવતરણિકા :-**

**अत्राऽऽस्तां चतुर्थभङ्गवर्त्ती प्रथमभङ्गवर्त्यपि त्याज्य इत्याशयवानाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=સુગુરુની ચતુર્ભંગીના વિષયમાં, ચતુર્ભંગવર્તી ગુરુ દૂર રહો=ત્યાજ્ય થાય. પ્રથમ ભંગવર્તી પણ ગુરુ ત્યાજ્ય છે, એ પ્રકારના આશયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**जो भद्दओ वि ण कुणइ, दिंतो सीसाण वत्थपत्ताई ।**
**सारणयं सो ण गुरू, किं पुण पक्खेण जं भणिअं ।।२।।**

**અન્વયાર્થ :-**

**जो=જે, भद्दओ वि=ભદ્રક પણ ગુરુ, सीसाण=શિષ્યોને, वत्थपत्ताई=વસ્ત્ર-પાત્રાદિને, दिंतो=આપતા, सारणयं ण कुणइ=સારણાદિને કરતા નથી, सो गुरु ण=તે ગુરુ નથી, किं पुण पक्खेण=વળી, પક્ષથી=પક્ષપાતથી સારણા કરતા નથી એ તો ગુરુ નથી, जं भणिअं=જે કારણથી કહેવાયું છે. ।।૨।।**

**ગાથાર્થ :-**

**જે ભદ્રક પણ ગુરુ, શિષ્યોને વસ્ત્ર-પાત્રાદિને આપતા સારણાદિને કરતા નથી, એ ગુરુ નથી. વળી, પક્ષથી=પક્ષપાતથી, સારણા કરતા નથી એ તો ગુરુ નથી. જે કારણથી કહેવાયું છે. ।।૨।।**

**ટીકા :-**

'जो भद्दओ वि'त्ति । यः 'भद्रकोऽपि' किं मम साधूनामप्रीत्युत्पादनेन 'सर्वेषां प्रीत्यापादनमेव

श्रेयः' इति संमुग्धपरिणामवानपि शिष्याणां वस्त्रपात्रादि दददपि 'सारणाम्' अपराधदण्डदानलक्षणां न करोति स न गुरुः, अतस्त्याज्य एवायम्, गुरुलक्षणहीनस्य सङ्गतेरन्याय्यत्वादित्यर्थः । किं पुनः 'पक्षेण' ममत्वपरिणामेन यः सारणां न करोति तस्य वाच्यम् ? यद् भणितं व्यवहारभाष्ये ।।२।।

**ટીકાર્થ :-**

यः 'भद्रकोऽपि' ..... व्यवहारभाष्ये ।। જે ભદ્રક પણ ગુરુ=સાધુઓને અપ્રીતિના ઉત્પાદનથી મને શું ? 'બધાને પ્રીતિનું આપાદન જ શ્રેય છે' એથી એ પ્રકારના સંમુગ્ધ પરિણામવાળા પણ ગુરુ શિષ્યોને વસ્ત્ર-પાત્રાદિ આપતા પણ સારણાને=અપરાધના દંડના દાનભૂત સારણાને, કરતા નથી તે ગુરુ નથી. આથી આ=તે ગુરુ, ત્યાજ્ય જ છે; કેમ કે ગુરુ લક્ષણહીનની સંગતિ હોવાને કારણે અન્યાયપણું છે=ઉચિત અનુશાસન આપવા રૂપ ગુરુલક્ષણથી રહિતની પ્રાપ્તિ હોવાને કારણે તેવા ગુરુનું આશ્રયણ કરવું તે અન્યાયપણું છે. શું વળી પક્ષથી=મમત્વ પરિણામથી, જે ગુરુ સારણા કરતા નથી તેનું શું કહેવું ? અર્થાત્ તે અત્યંત ત્યાજ્ય છે. જે કારણથી વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ।।૨।।

**ગાથા :-**

जिहाए विलिहंतो, ण भद्दओ जत्थ सारणा णत्थि ।
दंडेण वि ताडंतो, स भद्दओ सारणा जत्थ ।।३।।

**અન્વયાર્થ :-**

जीहाए विलिहंतो=જિહ્વાથી ચાટતા=મધુર વચનોથી શિષ્યોને આનંદ આપતા, भद्दओ ण=ગુરુ ભદ્ર નથી, जत्थ सारणा णत्थि=જ્યાં સારણા નથી, दंडेण वि ताडंतो=દંડથી પણ તાડન કરતાં, स=તે=ગુરુ, भद्दओ=ભદ્ર છે, जत्थ सारणा=જ્યાં સારણા છે. ।।૩।।

**ગાથાર્થ :-**

જિહ્વાથી ચાટતા=મધુર વચનોથી શિષ્યને આનંદ આપતા, ગુરુ ભદ્ર નથી, જ્યાં સારણા નથી, દંડથી પણ તાડન કરતા તે=ગુરુ, ભદ્ર છે, જ્યાં સારણા છે. ।।૩।।

**ટીકા :-**

'जीहाए'त्ति । यत्र नाम संयमयोगेषु सीदतां सारणा नास्ति स आचार्यः 'जिह्वया विलिहन्' मधुरवचोभिरानन्दयन् उपलक्षणमेतद् वस्त्रपात्रादिकं च पूरयन् 'न भद्रकः' न समीचीनः, परलोकापायेषु पातनात् । यत्र पुनः सीदतां साधूनां सम्यक् 'सारणा' संयमयोगेषु प्रवर्त्तना समस्ति 'सः' आचार्यो दण्डेनापि ताडयन् 'भद्रकः' एकान्तसमीचीनः, सकलसांसारिकापायेभ्यः परित्राणकरणात् ।।३।।

**ટીકાર્થ :-**

**यत्र ..... परित्राणकरणात् ।। જે ગચ્છમાં સંયમયોગમાં સિદાતા સાધુઓને સારણા નથી, તે આચાર્ય જિહ્વાથી ચાટતા=મધુર વચનથી આનંદ આપતા, વસ્ત્ર-પાત્રાદિને પૂરણ કરતા ભદ્રક નથી=સમીચીન નથી; કેમ કે પરલોકના ઉપાયોમાં વિનાશ કરનાર છે. આ=મધુર વચનથી આનંદ આપતા એ, ઉપલક્ષણ છે. તેથી, વસ્ત્ર-પાત્રાદિને પૂરતા ભદ્રક નથી, એમ કહેલ છે. જ્યાં વળી, સિદાતા સાધુઓને સમ્યક્ સારણા=સમ્યક્ યોગોમાં પ્રવર્તના છે, તે આચાર્ય દંડથી તાડન કરતા પણ ભદ્રક છે=એકાંત સમીચીન છે; કેમ કે સકલ સાંસારિક અપાયોથી પરિત્રાણનું કરણ છે=સંસારના બધા અનર્થો કષાયોથી થાય છે તેના રક્ષણ અર્થે સૂક્ષ્મબોધ કરાવીને અને ઉચિત અનુશાસન આપીને તે આચાર્ય તે જીવોનું રક્ષણ કરે છે, માટે એકાંત સમીચીન છે. ॥૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગુરુને આશ્રયીને ચતુર્ભંગી બતાવી. તેમાં ચોથા ભાંગાથી જે ગુરુ પ્રાપ્ત થાય છે, તે ગુરુ તો શિષ્ય માટે હિતકારી નથી. પરંતુ પ્રથમ ભાંગાવર્તી કેટલાક ગુરુ પ્રકૃતિથી ભદ્રક હોય છે અને વિચારે છે કે શિષ્યનું ચિત્ત પ્રસન્ન રહે તે રીતે જ મારે વર્તન કરવું જોઈએ. તેથી શિષ્યોને વિવેકપૂર્વક નિર્દોષ વસ્ત્રાદિ પ્રાપ્ત કરાવીને આપે છે. જેથી વર્તમાનના ભવમાં તેઓના જીવનમાં ક્લેશ થાય નહિ. પરંતુ સંયમ જીવનમાં સર્વ પ્રવૃત્તિ અપ્રમાદથી કરીને તેઓ નિર્જરાને પ્રાપ્ત કરે, તેની ચિંતા કરતા નથી. તેથી સંયમની તે તે પ્રવૃત્તિમાં શિષ્યો સ્ખલના કરે છે, ત્યારે તે અપરાધનું સ્મરણ કરાવતા નથી અને ઉચિત પ્રાયશ્ચિત્ત આપીને તેઓની શુદ્ધિ કરતા નથી. તેવા ગુરુ ત્યાજ્ય છે; કેમ કે "गृह्णाति शास्त्रतत्त्वं इति गुरुः" એ વ્યુત્પત્તિથી તે તે સંયમની ક્રિયા વિષયક શાસ્ત્રનો બોધ કરાવીને સંયમની ક્રિયાથી સંવેગની વૃદ્ધિ થાય તે પ્રકારે યત્ન કરાવતા નથી માટે પરમાર્થથી ગુરુ લક્ષણહીન છે. તેથી તે ગુરુ ત્યાજ્ય છે.

વળી, કેટલાક ગુરુઓ શિષ્ય પ્રત્યેના મમત્વના પરિણામવાળા હોય છે. તેથી, મમત્વને કારણે પણ શિષ્યોને સારણાદિ કરતા નથી. તેઓ તો અત્યંત ત્યાજ્ય છે; કેમ કે ભદ્રક નથી, મમત્વવાળા છે. આથી શિષ્યોની હિતચિંતા કરતા નથી. માત્ર તેમના વર્તમાનના ભવની ચિંતા કરે છે અને જે આચાર્ય સિદાતા શિષ્યોને મધુર વચનોથી આનંદ આપે છે, પરંતુ સારણા કરીને સંયમયોગમાં તેઓ દૃઢ યત્નવાળા થાય તે પ્રકારે કરતા નથી, તે ગુરુ પરલોકના અનર્થોથી શિષ્યોનો નાશ કરનારા હોવાથી સમીચીન નથી. વળી, કેટલાક સુગુરુ કંઈક ચંડ પ્રકૃતિવાળા છે. છતાં શિષ્યોના પ્રમાદને ઉચિત સારણા દ્વારા દૂર કરે છે અને શિષ્યો પ્રમાદ કરે ત્યારે ચંડરુદ્રાચાર્યની જેમ દંડથી પણ તાડન કરે છે, તેવા ગુરુ એકાંત શિષ્યના કલ્યાણના કરનારા છે; કેમ કે સંસારના પરિભ્રમણના કારણીભૂત કષાયોને ક્ષીણ કરાવીને સંયમની ઉચિત ક્રિયાઓમાં શિષ્યોને દૃઢ વ્યાપારવાળા કરે છે. તેથી તે શિષ્યોને સંસારના પરિભ્રમણથી રક્ષાની પ્રાપ્તિ થાય છે. **॥૨-૩॥**

**અવતરણિકા :-**

**अथ सारणामकुर्वाणो जिह्वया विलिहन् कस्मान्न समीचीनः ? इत्यत्राह –**

**અવતરણિકાર્થ :-**

'अथ'થી શંકા કરે છે. સારણાને નહિ કરતા, મધુર વચનોથી આનંદ આપતા કયા કારણથી સમીચીન નથી ? આમાં=એ પ્રકારની શંકામાં, કહે છે –

**ગાથા :-**

**जह सरणमुवगयाणं, जीविअववरोवणं नरो कुणइ ।**
**एवं सारणिआणं, आयरिओऽसारओ गच्छे ।।४।।**

**અન્વયાર્થ :-**

जह सरणमुवगयाणं=જે પ્રમાણે કોઈ મનુષ્ય શરણે આવેલા જીવોના, जीविअववरोवणं नरो कुणइ= જીવિતનો નાશ કરે છે, एवं=એ રીતે, गच्छे=ગચ્છમાં, आयरिओऽसारओ=અસારક એવા આચાર્ય, सारणिआणं=સારણીય એવા શિષ્યોના જીવિતનો નાશ કરે છે. ।।૪।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે કોઈ મનુષ્ય શરણે આવેલા જીવોના જીવિતનો નાશ કરે છે, એ રીતે ગચ્છમાં અસારક એવા આચાર્ય સારણીય એવા શિષ્યોના જીવિતનો નાશ કરે છે. ।।૪।।**

**ટીકા :-**

'जह'त्ति । यथा कोऽपि नर एकान्तेनाहितकारी शरणमुपगतानां जीवितव्यपरोपणं करोति, एवं साधूनामपि शरणमुपागतानां 'सारणीयानां' संयमयोगेषु प्रमादच्च्यावनेन प्रवर्त्तनीयानामाचार्योऽसारको गच्छे भावनीयः, सोऽपि शरणोपगतशिरःकर्त्तक इवैकान्तेनाहितकारीति भावः ।।४।।

**ટીકાર્થ :-**

यथा ..... भावः ।। જે પ્રમાણે એકાંતથી અહિતકારી એવો કોઈ મનુષ્ય શરણને પામેલા જીવોના પ્રાણના વ્યપરોપણને કરે છે=તેઓના જીવનનો નાશ કરે છે. એ રીતે સારણીય એવા સાધુઓને પણ=સંયમયોગમાં પ્રમાદના ચ્યાવન દ્વારા પ્રવર્તનીય એવા શરણમાં આવેલા સાધુઓને પણ, જીવિતનું વ્યપરોપણ ગચ્છમાં અસારક એવા આચાર્ય કરે છે, એમ ભાવન કરવું જોઈએ. તે પણ= આચાર્ય પણ, શરણને પામેલા શિષ્યોના મસ્તકના છેદ કરનારની જેમ એકાંતથી અહિતકારી છે, એ પ્રકારનો ભાવ છે. ।।૪।।

**ગાથા :-**

**इत्तो उवसंपज्जइ, विहिणा गच्छंतरं पि धम्मट्ठी ।**
**इय भणिअं जिणसमए, परिवाडिं इत्थ वुच्छामि ।।५।।**

**અન્વયાર્થ :-**

**इत्तो=આથી, धम्मट्ठी=ધર્માર્થી, विहिणा=વિધિપૂર્વક, गच्छंतरं पि=બીજા ગચ્છને પણ, उवसंपज्जइ=સ્વીકારે, इय=એ પ્રકારે, जिणसमए=જિનશાસ્ત્રમાં, भणिअं=કહેવાયું છે, इत्थ=અહીં=ગચ્છાંતરને સ્વીકારવાના વિષયમાં, परिवाडिं=પરિપાટીને, वुच्छामि=હું કહીશ. ।।૫।।**

**ગાથાર્થ :-**

**આથી ધર્માર્થી વિધિપૂર્વક બીજા ગચ્છને પણ સ્વીકારે, એ પ્રકારે જિનશાસ્ત્રમાં કહેવાયું છે. અહીં=ગચ્છાંતરને સ્વીકારવાના વિષયમાં, પરિપાટીને હું કહીશ. ।।૫।।**

**ટીકા :-**

**'इत्तो'त्ति । यतः सारणादिकार्ये च गुरुराश्रयणीयो नान्यः, अत एव धर्मार्थी स्वगच्छे सारणाद्यभावे गच्छान्तरमपि सारणादिसाम्राज्यकलितं विधिनोपसम्पद्यत इति 'जिनसमये' कल्पादिलक्षणे भणितम् । 'अत्र' गच्छान्तरोपसम्पत्तौ परिपाटीं प्रसङ्गप्राप्तामखिलां यथासूत्रं वक्ष्यामि ।।५।।**

**ટીકાર્થ :-**

**यतः ..... वक्ष्यामि ।। જે કારણથી સારણાદિ કાર્યમાં જ ગુરુ આશ્રયણીય છે, અન્ય નહિ. આથી જ સ્વગચ્છમાં સારણાદિ અભાવમાં ધર્માર્થી સાધુ સારણાદિ સામ્રાજ્યથી યુક્ત એવા બીજા ગચ્છને પણ વિધિથી સ્વીકારે એ પ્રકારે કલ્પાદિ લક્ષણ જિનશાસ્ત્રમાં કહેવાયું છે. અહીં=બીજા ગચ્છની ઉપસંપત્તિમાં=ગચ્છાંતરના સ્વીકારના વિષયમાં, પ્રસંગપ્રાપ્ત અખિલ પરિપાટીને=ક્રમને, યથાસૂત્ર હું કહીશ. ।।૫।।**

**ભાવાર્થ :-**

સાધુ સંસાર છોડીને આત્મકલ્યાણ અર્થે દીક્ષાગ્રહણ કરે છે અને આત્મકલ્યાણ સારણાદિથી જ થાય છે અને સારણાદિના પ્રયોજનથી જ સુસાધુ ગુરુનો આશ્રય કરે છે, અન્યનો નહિ. તેથી જેઓ માત્ર પોતાની વસ્ત્ર, પાત્રાદિની વ્યવસ્થા અર્થે ગુરુનો આશ્રય કરે છે, તેઓ પરમાર્થથી કલ્યાણ અર્થે ગુરુના આશ્રયવાળા નથી. એથી સુસાધુ હંમેશાં ગીતાર્થો પાસેથી સારણાદિની અપેક્ષા રાખે છે. આમ છતાં કોઈક કારણે સ્વગચ્છમાં સારણાદિની પ્રાપ્તિ ન હોય તો આત્મામાં સંયમની પરિણતિરૂપ ધર્મના અર્થી સાધુ સારણાદિ સામગ્રીથી યુક્ત ગચ્છાંતરનો પણ સ્વીકાર શાસ્ત્રવિધિથી કરે છે. એ પ્રમાણે કલ્પાદિ ગ્રંથોમાં કહેવાયું છે. તેથી પણ ફલિત થાય છે કે જે ગુરુ યોગ્ય શિષ્યોને સારણાદિ કરતા નથી, તે ગુરુ તે શિષ્યોનો વિનાશ કરે છે. આથી જ તેવા ગુરુનો ત્યાગ કરીને જ્યાં સારણાદિ થતી હોય, તેવા ગચ્છનો આશ્રય કરવાની શાસ્ત્રમર્યાદા છે. અહીં કહ્યું કે વિધિથી ગચ્છાંતરનો સ્વીકાર કરે. તેથી, ગ્રંથકારશ્રી ગચ્છાંતરના સ્વીકાર વિષયક અખિલ વિધિ સૂત્રાનુસાર કહેવાની પ્રતિજ્ઞા કરે છે. **।।૪-૫।।**

**અવતરણિકા :-**

यथाप्रतिज्ञातमेवाह –

**અવતરણિકાર્થ :-**

યથાપ્રતિજ્ઞાતને જ કહે છે=ગાથા-પમાં કહ્યું કે ગચ્છાંતરને સ્વીકારવાની પરિપાટીને હું કહીશ, એ રૂપ જે પ્રમાણે પ્રતિજ્ઞા કરી છે, તે પ્રતિજ્ઞાના અર્થને જ કહે છે –

**ગાથા :-**

**नाणे दंसण चरणे, आपुच्छित्ता अणंतरे गमणं ।**
**विहिअं इहरा दोसो, णाणइआरा इमे तत्थ ।।६।।**

**અન્વયાર્થ :-**

नाणे दंसण चरणे=જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં, आपुच्छित्ता=પૂછીને=ગુરુને પૂછીને, अणंतरे=અનંતરમાં=ગણાંતરમાં, गमणं=ગમન, विहिअं=વિહિત છે. इहरा=ઈતરથા, दोसो=દોષ છે, णाण=જ્ઞાનને આશ્રયીને, तत्थ=ત્યાં, इमे=આ, अइआरा=અતિચારો છે. ।।૬।।

**ગાથાર્થ :-**

**જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં પૂછીને=ગુરુને પૂછીને, અનંતરમાં=ગણાંતરમાં, ગમન વિહિત છે. ઈતરથા દોષ છે. જ્ઞાનને આશ્રયીને ત્યાં આ અતિચારો છે. ।।૬।।**

**ટીકા :-**

'नाणे'त्ति । ज्ञानार्थं दर्शनार्थं चारित्रार्थं चापृच्छ्य स्वगुरुं गणान्तरे गमनं विहितम्, 'इतरथा' निष्कारणं गुरुमनापृच्छ्य वा गणान्तरगमने दोषः, यतो निष्कारणं गणान्तरोपसम्पत्तौ चतुर्गुरुकमाज्ञादयश्च दोषाः, गुरुमनापृच्छ्य गमने च चतुर्गुरुकं प्रायश्चित्तमुपदिश्यते । तत्र ज्ञानार्थं तावदेतत् तदा भवति यदा स्वगुरोः सकाशे यावत् श्रुतमस्ति तावदधीतम्, अस्ति च तस्यापरस्यापि श्रुतस्य ग्रहणे शक्तिस्ततोऽधिकश्रुतग्रहणार्थमाचार्यमापृच्छति (ते,) आचार्येणापि स विसर्जयितव्य इति । तत्र ज्ञानार्थं गच्छत इमेऽतिचारा भवन्ति ।।६।।

**ટીકાર્થ :-**

ज्ञानार्थं ..... भवन्ति ।। જ્ઞાન માટે, દર્શન માટે અને ચારિત્ર માટે પોતાના ગુરુને પૂછીને બીજા ગણમાં ગમન વિહિત છે=શાસ્ત્રમાં કહેલું છે. ઈતરથા=નિષ્કારણ=જ્ઞાનાદિ ત્રણ કારણોમાંથી કોઈક કારણ વગર અથવા ગુરુને પૂછ્યા વગર ગણાંતરના ગમનમાં=અન્ય ગણના આશ્રયમાં, દોષ છે. જે કારણથી નિષ્કારણ બીજા ગણને સ્વીકારવામાં ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત છે અને આજ્ઞાદિ દોષો છે અને

**ગુરુને પૂછ્યા વગર ગમનમાં ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત અપાય છે. ત્યાં જ્ઞાન માટે આ=અન્ય ગુરુનો સ્વીકાર, ત્યારે થાય છે જ્યારે સ્વગુરુની પાસે જેટલું શ્રુત છે, તેટલું ભણાયું અને તેની=તે સાધુની, બીજા પણ શ્રુતના ગ્રહણમાં શક્તિ છે. તેથી અધિક શ્રુતના ગ્રહણ માટે આચાર્યને પૂછે છે. આચાર્ય વડે પણ તે=સાધુ, વિસર્જન કરવો જોઈએ. ત્યાં=જ્ઞાન, દર્શન, ચારિત્ર માટે ગચ્છાંતરમાં જતા સાધુમાં, જ્ઞાન માટે જતા શિષ્યને, આ અતિચારો થાય છે. ।।૬।।**

**ભાવાર્થ :-**

સાધુને મનસ્વી રીતે ગચ્છને છોડીને અન્ય ગચ્છમાં જવાની અનુજ્ઞા નથી, પરંતુ જ્ઞાનની વૃદ્ધિ અર્થે, દર્શન ગ્રંથોના અધ્યયન અર્થે કે ચારિત્રની વિશિષ્ટ વિશુદ્ધિ અર્થે પોતાના ગુરુને પૂછીને ગણાંતરમાં જવાનું શાસ્ત્રમાં કહેલ છે. આમ છતાં કોઈક સાધુને એવું કંઈ પ્રયોજન ન હોય છતાં અન્ય ગચ્છમાં જવાનું મન થાય તો દોષની પ્રાપ્તિ થાય. વળી, જ્ઞાનાદિ અર્થે જનાર પણ યોગ્ય શિષ્ય ગુરુને પૂછ્યા વગર જાય તો દોષની પ્રાપ્તિ થાય. કેમ દોષની પ્રાપ્તિ થાય ? તેમાં યુક્તિ બતાવે છે. જ્ઞાન, દર્શનાદિના પ્રયોજન વગર નિષ્કારણ અન્ય ગચ્છને સ્વીકારે તો શાસ્ત્રમાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે અને આજ્ઞાદિનો ભંગ થાય છે=ભગવાનની આજ્ઞાનો ભંગ થાય છે, અનવસ્થા થાય છે, મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે અને સંયમની વિરાધના થાય છે. તેથી, નક્કી થાય છે કે નિષ્કારણ ગચ્છાંતરને સ્વીકારવામાં દોષની પ્રાપ્તિ છે. વળી, જ્ઞાન, દર્શન કે ચારિત્રનું પ્રયોજન હોય છતાં ગુરુને પૂછ્યા વગર અન્ય ગચ્છમાં જાય તો ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત અપાય છે. તેથી, તે રીતે ગમનમાં પણ દોષની પ્રાપ્તિ છે. વળી, જ્ઞાન માટે જે સાધુ ગચ્છાંતરમાં જવા ઇચ્છે છે, તે જ સાધુએ પોતાના ગુરુ પાસે જેટલું શ્રુત છે, તે સર્વ ગ્રહણ કર્યું છે અને સૂત્ર-અર્થનું પરાવર્તન કરીને સ્થિર કરેલું છે. તેથી તે શ્રુતથી આત્માને વાસિત કરીને કલ્યાણ સાધી શકે તેમ છે તોપણ તે સાધુમાં હજુ બીજું પણ શ્રુત ગ્રહણ કરવાની કે અર્થને ગ્રહણ કરવાની શક્તિ છે. તેથી વિશેષ પ્રકારના શ્રુતના પારગામી થઈ શકે તેમ છે, તેવા સાધુએ શ્રુતગ્રહણ માટે આચાર્યને પૂછીને અન્ય ગચ્છમાં જવું જોઈએ અને ગીતાર્થ ગુરુએ પણ શિષ્યની યોગ્યતા હોય તો તેને અવશ્ય મોકલવો જોઈએ અને જ્ઞાન માટે જતા સાધુને આગળમાં કહે છે, એ અતિચારો થાય છે. તેનો બોધ કરીને એ અતિચારોનો પરિહાર કરવો જોઈએ. **॥૬॥**

**ગાથા :-**

**भय १ चिंतण २ वइगाइ ३, संखडि ४ पिसुगाइ ५ अपडिसेहे अ ६ ।**
**परिसिल्ले ७ पेसविए ८, आयरिअविसज्जिओ सुद्धो ।।७।।**

**અન્વયાર્થ :-**

**भयचिंतणवइगाई=ભયમાં, ચિંતનમાં, વ્રજિકાદિમાં, संखडि पिसुगाइ=સંખડીમાં, પિશુનકાદિમાં, अ=અને, अपडिसेहे=અપ્રતિષેધમાં, परिसिल्ले=પર્ષદાવાનમાં, पेसविए=પ્રેષિતમાં, અતિચારની પ્રાપ્તિ છે. आयरिअविसज्जिओ=આચાર્યથી વિસર્જિત, હું છું, सुद्धो=એમ કહેનારો સાધુ શુદ્ધ છે. ।।૭।।**

ગાથાર્થ :-

ભયમાં, ચિંતનમાં, વ્રજિકાદિમાં, સંખડીમાં, પિશુનકાદિમાં અને અપ્રતિષેધમાં, પર્ષદાવાનમાં અને પ્રેષિતમાં અતિચારની પ્રાપ્તિ છે. આચાર્યથી વિસર્જિત હું છું, એમ કહેનારો સાધુ શુદ્ધ છે. ॥૭॥

ટીકા :-

'भय'त्ति । येषां समीपे गन्तव्यं तेषां साध्वादिमुखात् कर्कशचर्यां श्रुत्वा भीतः प्रतिनिवर्तते १। चिन्तयति किं तत्र गन्तव्यं न वा ? २। व्रजिकादिषु प्रतिबन्धं करोति, आदिशब्दाद्दानश्राद्धादिषु दीर्घां गोचरचर्यां करोति, अप्राप्तं वा देशकालं प्रतीक्षते ३। 'संखडि'त्ति सङ्खड्यां प्रतिबध्यते ४। 'पिसुगाइ'त्ति पिशुकमत्कुणादिभवान्निवर्त्ततेऽन्यत्र वा गच्छे गच्छति ५। 'अपडिसेहे अ'त्ति, कश्चिदाचार्यस्तं परममेधाविनमन्यत्र गच्छन्तं श्रुत्वा परिस्फुटवचसा न तं प्रतिषेधयति किन्तु शिष्यान् व्यापारयति, 'तस्मिन्नागते व्यञ्जनघोषशुद्धं पठनीयं येनात्रैवैष तिष्ठति' इति, एवमप्रतिषेधयन्नपि प्रतिषेधको लभ्यते, तेनैवं विपरिणामितस्तदीये गच्छे प्रविशति ६। 'परिसिल्ले'त्ति पर्षद्वान् यः संविग्नाया असंविग्नायाश्च पर्षदः सङ्ग्रहं करोति तस्य पार्श्वे तिष्ठति ७। 'पेसविए'त्ति, अहमाचार्यैः श्रुताध्ययननिमित्तं युष्मदन्तिके प्रेषित इत्यभिधारितसमीपे ब्रवीति ८। एतेऽष्टावतिचाराः । यस्तु वदति 'आचार्यैर्विसर्जितोऽहं युष्मदन्तिके समायातः' इति स शुद्धो न प्रायश्चित्तभागित्यर्थः ।।७।।

ટીકાર્થ :-

येषां ..... भागित्यर्थः ।। (૧) જે સાધુની સમીપમાં જવાનું છે, તેઓના સાધુ આદિના મુખથી તેઓની કર્કશ ચર્યાને સાંભળીને ભય પામેલો પ્રતિનિવર્તન પામે છે. (૨) ત્યાં=તે ગચ્છમાં, જવું કે નહિ, તે પ્રમાણે વિચારે છે. (૩) ગોકુળાદિમાં પ્રતિબંધને કરે છે=માર્ગમાં જતા સુંદર આહારાદિ નિર્દોષ મળતા હોય તેવા ગોકુળાદિમાં રાગને કરે છે. 'आदि' શબ્દથી દાનમાં શ્રદ્ધાદિવાળા ગૃહસ્થના ઘરોમાં દીર્ઘ ગોચરીની ચર્યા કરે છે અથવા અપ્રાપ્ત દેશકાલની પ્રતીક્ષા કરે છે=જ્ઞાનના અધ્યયન અર્થે જવા માટે સુંદર આહાર-પાણી સુલભ મળે તેવા દેશકાલ અત્યારે અપ્રાપ્ત છે, તેવા દેશકાલની પ્રતીક્ષા કરે છે. (૪) સંખડીમાં પ્રતિબંધ કરે છે=સંખડીમાં જે સારું ભોજન મળે તેમાં રાગ કરે છે. (૫) પિશુક, માંકડ આદિના ભયથી નિવર્તન પામે છે અથવા અન્યત્ર ગચ્છમાં જાય છે. (૬) અપ્રતિષેધકમાં કોઈક આચાર્ય પરમ બુદ્ધિવાળા એવા તેને=જ્ઞાનાર્થે જનારા સાધુને, અન્યત્ર જતા સાંભળીને પરિસ્ફુટ વચનથી તેને પ્રતિષેધ કરતા નથી, પરંતુ શિષ્યોને વ્યાપારિત કરે છે અર્થાત્ પોતાના શિષ્યોને તેને સ્વગચ્છમાં રાખવા માટે પ્રેરણા કરવાનું કહે છે. કઈ રીતે પ્રેરણા કરવાનું કહે છે, તે સ્પષ્ટ કરે છે. તે આવ્યે છતે=જ્ઞાન અર્થે અન્ય ગચ્છમાં જનારા સાધુ આવ્યે છતે, વ્યંજન ઘોષશુદ્ધ પઠન કરવું જોઈએ. જેના કારણે આ=આવનાર સાધુ, અહીં જ રહે. આ રીતે અપ્રતિષેધક

**પણ આચાર્ય પ્રતિષેધક પ્રાપ્ત થાય છે=તે આચાર્ય સાક્ષાત્ તેને જતા અટકાવતા નથી, શિષ્યોને પણ જતા એવા તેને વારણ કરવાનું કહેતા નથી. પરંતુ અર્થથી તેના પ્રતિષેધક થાય છે. તેના વડે=તે આચાર્ય વડે, આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, વિપરિણામિત એવા સાધુ=જ્ઞાનાર્થે જનારા સાધુ, તેના ગચ્છમાં પ્રવેશ કરે છે. એ અપ્રતિષેધમાં અતિચાર છે. (૭) પર્ષદાવાન=જે સંવિગ્નની અને અસંવિગ્નની પર્ષદાનો સંગ્રહ કરે છે, તેની પાસે રહે છે. (૮) પ્રેષિત=આચાર્ય વડે હું શ્રુતઅધ્યયન નિમિત્તે તમારી પાસે મોકલાવાયો છું, એ પ્રમાણે અભિધારિત સમીપમાં=ગુરુ વડે કહેવાયેલા આચાર્ય પાસે, બોલે છે. આ આઠ અતિચારો છે, જે વળી કહે છે. આચાર્ય વડે મોકલાવાયેલો એવો હું તમારી સમીપે આવ્યો છું, તે શુદ્ધ છે, પ્રાયશ્ચિત્તનો ભાગી નથી, એ પ્રમાણે અર્થ છે. ।।૭।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્માએ પોતાના ગુરુ પાસે રહેલા સર્વ શ્રુતને પ્રાપ્ત કરી લીધેલું છે અને તેની વિશિષ્ટ શક્તિને જોઈને તેના આચાર્ય વડે અનુજ્ઞા પામેલ તે સાધુ અધિક શ્રુત અર્થે આચાર્ય દ્વારા નિર્દેશ કરાયેલા અન્ય સાધુ પાસે શ્રુત ભણવા જાય છે, ત્યારે માર્ગમાં કોઈક નિમિત્તે કયા ભાવો થાય, તેને આશ્રયીને અતિચારોની પ્રાપ્તિ થાય છે. તે બતાવવા અર્થે કહે છે. જેમ કોઈ સાધુ જે ગીતાર્થ ગુરુ પાસે અધ્યયન અર્થે મોકલ્યા છે, તેમની પાસે જવા માટે તત્પર થયા હોય, પરંતુ કોઈક સાધુ આદિ પાસેથી તેમને સાંભળવા મળે કે જેમની પાસે અધ્યયન માટે જવાનું છે, તે સાધુઓની આચરણા અતિ કર્કશ છે. તેમ સાંભળીને ગુરુથી અનુજ્ઞા અપાયેલ પણ તે સાધુ ભયથી નિવર્તન પામે છે અર્થાત્ ત્યાં જવાનો વિચાર છોડી દે છે. તે જ્ઞાનસંપદામાં અતિચારની પ્રાપ્તિ છે; કેમ કે જ્ઞાનના અર્થી સાધુએ વિચારવું જોઈએ કે જેમની પાસે હું ભણવા જવા ઇચ્છું છું, તે સાધુ વિશિષ્ટ શ્રુતધર છે. તેથી, જે રીતે સંયમની વૃદ્ધિ થાય તે રીતે જ શિષ્યોને કર્કશ આચરણા કરાવે. જેથી તેઓના સંયમસ્થાનની વૃદ્ધિ થાય માટે હું ત્યાં જઈશ, ત્યારે પણ મારા ધૃતિબળનો વિચાર કરીને જ સંયમસ્થાનની વૃદ્ધિ થાય તે રીતે મારે કર્કશ આચરણા કરવી પડશે. જે એકાંતે મારા હિત માટે જ છે. આમ છતાં સુખશીલ સ્વભાવને કારણે કર્કશ આચરણાથી જે ભય થયો, તેના કારણે વિશિષ્ટ શ્રુતની ઇચ્છા હોવા છતાં ભણવાર્થે જવાથી જ નિવર્તન પામેલ તે જ્ઞાનની પ્રાપ્તિ વિષયક અતિચાર છે; કેમ કે મલિનતા સ્વરૂપ છે.

વળી, બીજો અતિચાર બતાવે છે. ત્યાં વિચારે છે કે હું જાઉં કે ન જાઉં ? અર્થાત્ પ્રથમ અતિચારમાં ભયથી નિવર્તન પામે છે અને બીજા અતિચારમાં જવા વિષયક ભયથી દોલાયમાન બુદ્ધિ થાય છે. તેટલા અંશમાં સુખશીલ સ્વભાવ જ્ઞાનપ્રાપ્તિમાં વિઘ્ન સ્વરૂપ છે. કદાચ તે સાધુ આ પ્રમાણે વિચાર્યા પછી જવાનો યત્ન કરે અને ભણે તોપણ મનમાં પણ તે પ્રકારનો વિચાર થયો, તે અતિચાર સ્વરૂપ છે.

વળી, ત્રીજો અતિચાર બતાવે છે. બીજા અતિચાર પ્રમાણે દોલાયમાન થયેલા સાધુ પણ શ્રુત ભણવાની ઉત્કટ ઇચ્છાથી જાય છે. ત્યારે હું પણ ધૃતિના બળથી કર્કશ આચરણા કરી શકીશ, એમ વિચારીને જવા પ્રસ્થાન કરે છે. છતાં કંઈક સુખશીલ સ્વભાવને કારણે માર્ગમાં દૂધ આદિ પદાર્થો જ્યાં પ્રચુર પ્રમાણમાં

ઉપલબ્ધ છે, એવા સ્થાનમાં કંઈક સુખશીલ સ્વભાવને કારણે અધિક રોકાઈને જાય છે, ત્યારે નિર્દોષ આહારાદિ પ્રત્યે પક્ષપાત છે તોપણ દૂધ આદિ પદાર્થો નિર્દોષ પ્રચુર પ્રમાણમાં મળે છે. તેમાં જે કંઈ રાગનો પરિણામ કરે છે, તે જ્ઞાનની પ્રાપ્તિ વિષયક અતિચાર છે; કેમ કે વિશેષ જ્ઞાનના પ્રાપ્તિના અર્થીએ સતત જ્ઞાનને સમ્યગ્ પરિણમન પમાડવા અર્થે સર્વત્ર પ્રતિબંધ રહિત થવું જોઈએ. છતાં, અનુકૂળતામાં પ્રતિબંધ કરીને તે મહાત્મા અતિચારને સેવે છે.

આદિ શબ્દથી=વ્રજિકા આદિમાં રહેલા આદિ શબ્દથી, દાન-શ્રદ્ધાદિવાળા શ્રાવકોમાં દીર્ઘકાળ ભિક્ષાર્થે ફરે છે અથવા અપ્રાપ્ત એવા દેશકાળની પ્રતીક્ષા કરે છે=સુંદર ભિક્ષા માટે દેશકાળ અપ્રાપ્ત હોય તો જે વખતે સુંદર ભિક્ષા મળે તેની પ્રતીક્ષા કરીને તેના અર્થે ભિક્ષા માટે જાય છે. આ પ્રકારે સુંદર આહાર પ્રત્યે મમત્વ થવાથી જ્ઞાન વિષયક જવાની પ્રવૃત્તિમાં અતિચારની પ્રાપ્તિ થાય છે. સુસાધુએ તે અતિચારને જાણીને પરિહાર કરવા માટે યત્ન કરવો જોઈએ.

વળી, સંખડીમાં પ્રતિબંધને ધારણ કરે છે. તે પણ રસનેન્દ્રિયના કંઈક રસને કારણે થાય છે. તેથી, જ્ઞાનની પ્રવૃત્તિમાં અતિચાર સ્વરૂપ છે.

વળી, જે આચાર્ય પાસે ભણવા માટે જવાનું છે, ત્યાં પિશુક, માંકડ આદિ જીવોનો ઉપદ્રવ છે, તેવો બોધ થવાથી તે સ્થાનમાં જવાથી નિવર્તન પામે છે અથવા અન્ય ગચ્છમાં જાય છે. તે પણ જ્ઞાન અર્થે જવાની ક્રિયામાં અતિચાર સ્વરૂપ છે; કેમ કે જ્ઞાનની પ્રાપ્તિ જેમના માટે પ્રધાન છે, તેવા સમર્થ સાધુએ મચ્છર, માંકડ આદિના ઉપદ્રવોથી ભય પામીને જ્ઞાનની પ્રવૃત્તિથી નિવર્તન થવું ઉચિત નથી. છતાં કોઈક સાધુને તે પ્રકારના સુખશીલ સ્વભાવને કારણે તેવો અધ્યવસાય થાય, ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે.

વળી, માર્ગમાં જતા કોઈક આચાર્ય સાથે તે ઊતર્યા હોય અને તે ભણવાર્થે જનારા સાધુ મેધાવી છે, તેમ જાણીને તે આચાર્ય સ્પષ્ટ શબ્દોથી તેમને નિષેધ કરતા નથી. પરંતુ શિષ્યને કહે છે, તે સાધુ આવે ત્યારે તમારે શાસ્ત્રનો સ્વાધ્યાય વ્યંજન ઘોષશુદ્ધ કરવો જોઈએ. જેથી તે મેધાવી સાધુને થાય કે અહીં પણ સુંદર સૂત્રાર્થો મળે છે. તેથી તે અધ્યયન માટે જનારા સાધુ ભણવા અર્થે તે ગચ્છમાં પ્રવેશ કરે તો તે ભણવા માટે જતા સાધુને અતિચારની પ્રાપ્તિ થાય; કેમ કે જેમની પાસે જવાનો ગુરુએ નિર્દેશ કર્યો છે, તેમને છોડીને આ રીતે અન્ય ગચ્છમાં પ્રવેશ કરે તે ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ નથી. તેથી જ્ઞાનની પ્રવૃત્તિમાં અનુચિત પ્રવૃત્તિ કરવા રૂપ અતિચારની પ્રાપ્તિ થાય.

વળી, પર્ષદાવાળા કોઈક આચાર્ય સંવિગ્ન અને અસંવિગ્નની પર્ષદાનો સંગ્રહ કરતા હોય, તેમની પાસે ભણવા રહે; કેમ કે પોતાનો પ્રમાદ જોઈને તે આચાર્ય કુપિત થશે નહિ. આ પ્રકારનો અધ્યવસાય થાય તે પણ જ્ઞાનની પ્રાપ્તિમાં અતિચાર છે.

વળી, જે આચાર્ય પાસે ભણવા જાય ત્યાં આચાર્યને કહે કે શ્રુતઅધ્યયન નિમિત્તે તમારી પાસે હું ભણવા માટે મોકલાવાયો છું. તેમ કહેવામાં પણ અતિચારની પ્રાપ્તિ છે. કેમ અતિચારની પ્રાપ્તિ છે ? તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ સ્પષ્ટ કરશે. તો પ્રશ્ન થાય કે શું કહેવું જોઈએ ? મારા ગુરુ એવા આચાર્ય વડે હું

તમારી પાસે મોકલાવાયો છું અને હું તમારી પાસે આવ્યો છું, એ પ્રમાણે જે કહે તે શુદ્ધ છે. તેને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થતી નથી.

અહીં વિશેષ એ છે કે સુસાધુ સદ્બોધવાળા હોય છે અને તેમનો જિનવચનાનુસાર બોધ કષાયોથી નિવર્તન કરીને ઉચિત પ્રવૃત્તિ કરવા સદા પ્રેરણા કરે છે. આમ છતાં તેમનામાં વર્તતો સદ્બોધનો પરિણામ ઉપયોગના અભાવને કારણે કંઈક મ્લાન થાય છે, ત્યારે ચિત્તમાં વર્તતા સુષુપ્ત કષાયો કોઈક કોઈક પ્રકારે ઉલ્લસિત થઈને અતિચારો ઉત્પન્ન કરે છે. તેનાથી પ્રેરાઈને તે સાધુ પૂર્વમાં કહેલા આઠ અતિચારોમાંથી કોઈક અતિચાર સેવી લે છે. જ્યારે ફરી સદ્બોધ ઉલ્લસિત થાય છે, ત્યારે તે મહાત્મા ઉચિત પ્રાયશ્ચિત્ત દ્વારા તે અતિચારનું શોધન કરે છે અને જે મહાત્માના ચિત્તમાં સદ્બોધ અત્યંત ઉલ્લસિત છે, તેથી ભવની નિર્ગુણતા સ્પષ્ટ દેખાય છે, ભવનાં કારણો કષાયો છે, તેવો સ્પષ્ટ બોધ વર્તે છે. તેથી સંયમયોગમાં સુપ્રણિધાનપૂર્વક તે મહાત્મા પ્રવૃત્તિ કરે છે. જેથી કોઈ નિમિત્તને પામીને પણ અતિચાર દોષને પ્રાપ્ત કરતા નથી. તેથી આરાધક સાધુને અતિચારનો બોધ કરાવવા અર્થે અને કોઈક રીતે સ્ખલના પામેલા સાધુને અતિચારની શુદ્ધિ અર્થે યત્ન થાય તે માટે પ્રસ્તુતમાં જ્ઞાન અર્થે જનારા સાધુના સંભવિત અતિચારો બતાવેલ છે. **॥૭॥**

**અવતરણિકા :-**

**भयादिषु पदेषु प्रायश्चित्तमाह –**

**અવતરણિકાર્થ :-**

**ભયાદિ પદોમાં=જ્ઞાનાર્થે જતા સાધુને ભયાદિથી પ્રાપ્ત થતા અતિચારોનાં સ્થાનોની પ્રાપ્તિમાં, પ્રાયશ્ચિત્તને કહે છે –**

**ગાથા :-**

**पणगं च भिन्नमासो, मासो लहुओ अ हुंति, चउगुरुआ ।**
**मासलहुं चउलहुआ चउलहु लहुओ अ एएसुं ।।८।।**

**અન્વયાર્થ :-**

**पणगं च=અને પંચક, भिन्नमासो=ભિન્નમાસ, लहुओ अ मासो=અને લઘુમાસ, चउगुरुआ=ચતુર્ગુરુકો, मासलहुं=માસલઘુ, चउलहुआ=ચતુર્લઘુકો, चउलहु=ચતુર્લઘુ, अ=અને, लहुओ=લઘુક, एएसुं=આઠ અતિચારોમાં ક્રમસર પ્રાયશ્ચિત્ત છે. ।।૮।।**

**ગાથાર્થ :-**

**પંચક, ભિન્નમાસ, લઘુમાસ, ચતુર્ગુરુકો, માસલઘુ, ચતુર્લઘુકો, ચતુર્લઘુ અને લઘુક આ આઠ અતિચારોમાં ક્રમસર પ્રાયશ્ચિત્ત છે. ।।૮।।**

**ટીકા :-**

'पणगं च'त्ति । आचार्याचरणां कर्कशां श्रुत्वा ज्ञात्वा वा भयेन यः प्रतिनिवर्तते तस्य पञ्चकं भवति प्रायश्चित्तम् १। पूर्वमेव यावन्न निर्गम्यते तावच्चिन्तयितव्यम्, यस्तु निर्गतश्चिन्तयति किं करोमि व्रजामि निवर्त्ते वा ?, यद्वा तत्र वाऽन्यत्र वा गच्छे गच्छामीति तस्य भिन्नमासः २। व्रजिकां श्रुत्वा मार्गादुद्वर्त्तनं यः करोति अप्राप्तां वा वेलां प्रतीक्षते तस्य लघुको मासः, तथा यदि प्रचुरं भुङ्क्ते तदा चतुर्लघु, प्रचुरं भुक्त्वाऽजीर्णभयेन प्रकामं स्वपिति (तस्य) लघुमास इत्यपि द्रष्टव्यम् ३। सङ्खड्यामप्राप्तकालप्रतीक्षणप्रभूतग्रहणयोश्चतुर्गुरुकाः, यच्च तत्र हस्तसङ्घट्टनपात्र-सङ्घट्टनादिनिमित्तकं तन्निष्पन्नमपि प्रायश्चित्तमित्यपि द्रष्टव्यम् ४। पिशुकादिभयान्निवर्त्तमानस्य मासलघु ५। अप्रतिषेधकस्य पार्श्वे तिष्ठतश्चत्वारो लघुकाः । यश्चासावध्ययनार्थी मा मामतिक्रम्यान्यत्र गमदिति कृत्वा तस्याकर्षणार्थं शिष्यान् प्रतीच्छकांश्च व्यापारयति, यत्र पथि ग्रामे स भिक्षां करिष्यति मध्येन वा समेष्यति यस्यां वा वसतौ स्थास्यति तेषु स्थानेषु गत्वा यूयमभिलापशुद्धं परिवर्त्तयन्तस्तिष्ठत, यदा स आगतो भवति तदा यद्यसौ पृच्छेत् केन कारणेन यूयमिहागताः, ततो भवद्भिर्वक्तव्यम्-अस्माकं वाचनाचार्या अभिलापशुद्धं पाठयन्ति, यद्यभिलापः कथञ्चिदन्यथा क्रियते ततो महदप्रीतिकं ते कुर्वन्ति भणन्ति च—अत्रोपाश्रये बहुजनशब्दव्याकुलतया नाभिलापशुद्ध्यविनाश इति तदादेशेन वयमत्र विजने परिवर्त्तयाम इति तस्यैवमाकर्षणं कुर्वतश्चत्वारो लघुकाः । अथ तेनाध्वन्यागच्छता शैक्षो लब्धस्तद्ग्रहणार्थं यदि तमाकर्षति ततश्चतुर्गुरुका इत्यपि द्रष्टव्यम् ६। यस्य पर्षदि साधवः केचित्प्रावृत्ताः केचिदप्रावृत्ताः केचित्फेनादिना घृष्टजङ्घाः केचित्तैलादिना मृष्टशरीराः केचिल्लोचमुण्डाः केचित्क्षुरमुण्डा एवं विविधवेषधरास्तिष्ठन्ति, न च यस्तेषु कञ्चिद् वारयति स पर्षद्वान्, तस्य गच्छे प्रवेशं कुर्वतश्चतुर्लघु, यदि च सचित्तेन शैक्षेण सार्द्धं प्रविशति ततश्चतुर्गुरव आज्ञादयश्च दोषाः । अथाचित्तेन वस्त्रादिना सह प्रविशति तत उपधिनिष्पन्नं मिश्रे संयोगप्रायश्चित्तम्, तथा सचित्ताचित्तं ददतो गृह्णतश्चैवमेव प्रायश्चित्तमिति दृश्यम् ७। अमुकश्रुतार्थनिमित्तं गुरुभिर्युष्मदन्तिके प्रेषितोऽहमिति भणतश्च लघुको मासः ८। एतेष्वतिचारेषु क्रमादेतानि प्रायश्चित्तानि ।।८।।

**ટીકાર્થ :-**

आचार्याचरणां ..... प्रायश्चित्तानि ।। આચાર્યની આચરણાને=જેમની પાસે જ્ઞાન અર્થે જવાનું છે, તે આચાર્યની આચરણાને, કર્કશ સાંભળીને અથવા જાણીને ભયથી જે સાધુ પ્રતિનિવર્તન પામે છે, તેને પંચક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. (૧) પૂર્વમાં જ જ્યાં સુધી નીકળાયું નથી, ત્યાં સુધી વિચારવું જોઈએ=તે આચાર્યમાં કર્કશ આચરણા છે માટે હું ત્યાં આરાધના કરી શકીશ કે નહિ, તેનો વિચાર

કરવો જોઈએ. પરંતુ જે સાધુ નીકળેલા છે=અધ્યયન અર્થે આચાર્ય પાસે જવા માટે નીકળેલા છે અને વિચાર કરે છે. હું શું કરું ? જાઉં કે નિવર્તન પામું ? અથવા તે નગરમાં કે અન્ય નગરમાં રહેલા ગચ્છમાં હું જાઉં, એ પ્રમાણે વિચાર કરે છે. તેને ભિન્નમાસ પ્રાયશ્ચિત્ત આવે છે. (૨) વ્રજિકોને સાંભળીને માર્ગથી ઉદ્વર્તનને જે સાધુ કરે છે=જ્ઞાન અર્થે આચાર્ય પાસે જતા હોય અને તે જવાના માર્ગથી કંઈક અન્ય માર્ગમાં ગોકુળો હોય. જેથી ત્યાં સુંદર ભિક્ષા મળે છે, તેમ સાંભળીને ઉચિત સ્થાને જવાના માર્ગને છોડીને તે માર્ગથી સાધુ જાય છે. વચમાં અપ્રાપ્ત વેળાની પ્રતીક્ષા કરે છે= સુંદર ભોજનની પ્રાપ્તિની વેળા પ્રાપ્ત ન થઈ હોય, ત્યારે તે વેળાની પ્રતીક્ષા કરે છે. તે સાધુને લઘુકમાસ પ્રાયશ્ચિત્ત આવે છે અને જો પ્રચુર આહાર કરે=સુંદર ભોજન પ્રાપ્ત થયું હોય, તેથી પ્રચુર આહાર કરે, તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. પ્રચુર ભોગવીને=સુંદર ભોજન મળ્યું હોય, તેને અતિમાત્રાથી વાપરીને, અજીર્ણના ભયથી અત્યંત સૂવે તેને લઘુમાસ પ્રાયશ્ચિત્ત છે, એ પણ જાણવું=પ્રચુર ભોજનનું ચતુર્લઘુ અને સૂવાનું લઘુમાસ પ્રાયશ્ચિત્ત જાણવું. (૩) સંખડીમાં અપ્રાપ્ત કાળના પ્રતીક્ષણ અને પ્રભૂત ગ્રહણમાં ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત છે અને જે ત્યાં=સંખડીના સ્થાનમાં, જતી વખતે હસ્તસંઘટ્ટન, પાત્રસંઘટ્ટન આદિ નિમિત્તક અને તદ્નિષ્પન્ન પણ=સંખડી નિમિત્તક પણ, પ્રાયશ્ચિત્ત છે એ પણ જાણવું. (૪) પિશુકાદિના ભયથી નિવર્તન પામતા સાધુને=અધ્યયન અર્થે જવાથી નિવર્તન પામતા સાધુને, માસલઘુ પ્રાયશ્ચિત્ત છે. (૫) અપ્રતિષેધક આચાર્યની પાસે રહેતા=ભણવા માટે જેમની પાસે જવાનું છે, તેમને બદલે માર્ગમાં પ્રાપ્ત થયેલા અપ્રતિષેધક આચાર્ય પાસે રહેતા, ચારલઘુક પ્રાયશ્ચિત્ત છે. જે આ અધ્યયનાર્થી મને અતિક્રમણ કરીને અન્યત્ર ન જાઓ. એથી કરીને તેના આકર્ષણ માટે શિષ્યોને અને પ્રતીચ્છકોને=અધ્યયન અર્થે આવેલા તે આચાર્યની ઉપસંપદાને સ્વીકારીને રહેલા સાધુને, વ્યાપારવાળા કરે છે. કઈ રીતે વ્યાપારવાળા કરે છે તે સ્પષ્ટ કરે છે. જે પથમાં કે ગ્રામમાં તે=અધ્યયન માટે જનારા મેધાવી સાધુ, ભિક્ષાને કરશે અથવા મધ્યથી આવશે=જે પથ કે ગ્રામની મધ્યથી આવશે અથવા જે વસતિમાં રહેશે, તે સ્થાનોમાં જઈને તમે=શિષ્યો કે પ્રતીચ્છકો, અભિલાપ શુદ્ધ પરાવર્તન કરતા રહો. જ્યારે તે આવેલ થાય=અધ્યયન અર્થે જનાર મેધાવી સાધુ આવેલ થાય, ત્યારે જો આ=આવનાર મેધાવી સાધુ, પૂછે કયા કારણથી તમે અહીં આવેલા છો, ત્યારે તમારા વડે કહેવું જોઈએ. શું કહેવું જોઈએ ? તે સ્પષ્ટ કરે છે. અમારા વાચનાચાર્ય અભિલાપ શુદ્ધ ભણાવે છે. જો અભિલાપ=શબ્દોનું ઉચ્ચારણ કોઈક રીતે અન્યથા કરાય છે તો તેઓ મહાન અપ્રીતિને કરે છે અને કહે છે – આ ઉપાશ્રયમાં ઘણા જનના શબ્દથી વ્યાકુલપણાને કારણે અભિલાપશુદ્ધનો અવિનાશ નથી. એથી એમના આદેશથી=અમારા વાચનાચાર્યના આદેશથી, અમે આ એકાંતમાં=જ્યાં તે મેધાવી સાધુ આવવાના હોય તે સ્થાનરૂપ એકાંતમાં, પરિવર્તન કરીએ છીએ. તેને=મેધાવી સાધુને, આ રીતે આકર્ષણ કરતા આચાર્યને ચાર લઘુકો પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. હવે, માર્ગમાં આવતા એવા તેના વડે=જ્ઞાન અર્થે જનારા સાધુ વડે, શૈક્ષ પ્રાપ્ત થયો=કોઈ દીક્ષાગ્રહણ કરે, એવો યોગ્ય જીવ પ્રાપ્ત થયો, તેને ગ્રહણ કરવા માટે જો તેને

**આકર્ષણ કરે છે=ત્યાં રહેલા આચાર્ય ત્યાં આવતા મેધાવી સાધુને આકર્ષણ કરે છે અર્થાત્ આ મેધાવી સાધુ મારી પાસે અધ્યયન અર્થે રહેશે તો આ શૈક્ષ મને પ્રાપ્ત થશે. તેથી, તે સાધુને પોતાની પાસે અધ્યયન અર્થે રહેવા માટે આકર્ષણ કરે છે. તેથી ચાર ગુરુક એ પણ પ્રાયશ્ચિત્ત જાણવું અર્થાત્ પૂર્વમાં કહેલ ચાર લઘુકો પ્રાયશ્ચિત્ત તો છે, પરંતુ શિષ્યની પ્રાપ્તિનું પ્રયોજન હોય તો તેનાથી અન્ય ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત પણ છે. (૬) જેની પર્ષદામાં=જે આચાર્યની પર્ષદામાં, સાધુઓ કેટલાક પ્રાવૃત્ત હોય=ઉપરનાં વસ્ત્રોને પહેરીને બેઠેલા હોય, કેટલાક અપ્રાવૃત્ત બેઠેલા હોય, કેટલાક ફેનાદિથી ઘૃષ્ટ જંઘાવાળા હોય=કોઈક વિશિષ્ટ પ્રકારના લોટ આદિથી દેહની પીડાના શમન અર્થે જંઘા ઉપર ઘસતા હોય, કેટલાક તેલ આદિથી મૃષ્ટ શરીરવાળા હોય અર્થાત્ દેહની પુષ્ટિ અર્થે તેલ આદિથી માલિશ કરાયેલા શરીરવાળા હોય. કેટલાક લોચથી મુંડ થયેલા હોય, કેટલાક અસ્ત્રાથી મુંડ થયેલા હોય, આ પ્રકારે વિવિધ વેષને ધરનારા રહે છે અને જે આચાર્ય તેઓમાં કોઈને વારણ કરતા નથી, તે પર્ષદાવાન છે=તેવી પર્ષદાવાળા છે, તેના ગચ્છમાં પ્રવેશ કરતા=ભણવા અર્થે પ્રસ્થિત થયેલા મેધાવી સાધુ તેમના ગચ્છમાં પ્રવેશ કરતા હોય તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને જો સચિત્ત એવા શૈક્ષ સાથે પ્રવેશ કરે=એવા ગચ્છમાં સુખપૂર્વક ઈચ્છાનુસાર જીવીને અધ્યયન થશે તેથી પ્રવેશ કરે તો ચારગુરુક પ્રાયશ્ચિત્ત છે અને આજ્ઞાદિ દોષો છે=આજ્ઞાભંગ આદિ ચાર દોષો છે. હવે, અચિત્ત એવાં વસ્ત્રાદિ સાથે પ્રવેશ કરે છે=માર્ગમાં નિર્દોષ વસ્ત્રાદિ મળેલાં હોય. જે ગચ્છમાં વસતા સાધુઓને ઉપકારક થશે તેથી ગ્રહણ કરેલાં હોય તે વસ્ત્રાદિ સાથે તેવા શિથિલ ગચ્છમાં અધ્યયન અર્થે પ્રવેશ કરે છે, તો ઉપધિ નિષ્પન્ન મિશ્રમાં સંયોગરૂપ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય=શિષ્ય સાથે અને અચિત્ત એવી ઉપધિ સાથે તે ગચ્છમાં પ્રવેશ કરે, ત્યારે સચિત્ત એવા શિષ્ય અને અચિત્ત એવી ઉપધિ તે બંનેથી નિષ્પન્ન એવું પ્રાયશ્ચિત્ત તે સાધુને પ્રાપ્ત થાય અને સચિત્ત એવો શિષ્ય કે અચિત્ત એવું વસ્ત્ર તે ગચ્છમાં આપતા અને તે ગચ્છમાંથી ગ્રહણ કરતા. એ રીતે જ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય=જે રીતે ઉપધિ નિષ્પન્ન મિશ્ર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું, એ રીતે જ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. એ પ્રમાણે જાણવું. (૭) અમુક શ્રુત અને અર્થ માટે ગુરુ વડે હું તમારી પાસે મોકલાવાયો છું, એ પ્રમાણે કહેતા સાધુને લઘુમાસ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. (૮) આ અતિચારોમાં=ગાથા-૭માં બતાવેલ આઠ અતિચારોમાં, ક્રમથી=પૂર્વમાં કહેલા ક્રમથી, આ પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય છે. ॥૮॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનના અર્થી સાધુ મેધાવી હોય, ગુરુ પાસેનું ઉપલબ્ધ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વિશેષ જ્ઞાન માટે અન્ય કોઈક સુવિહિત ગચ્છમાં અધ્યયન અર્થે જાય છે, ત્યારે સદ્‌બોધથી તે મહાત્મા પ્રવૃત્તિ કરે છે છતાં ક્યારેક સદ્‌બોધ કંઈક મ્લાનિને પામે છે અને કોઈક નિમિત્તે કષાયનો ઉદય થાય છે, ત્યારે ગાથા-૭માં બતાવેલા અતિચારોમાંથી તે મહાત્મા અતિચારોનું સેવન કરે છે. આમ છતાં અતિચારોની પ્રાપ્તિ પછી ફરી સદ્‌બોધ સંયમ પ્રત્યેની પ્રેરણા કરે છે, ત્યારે તે મહાત્મા આઠ અતિચારમાંથી કોઈપણ અતિચારનું સેવન કર્યું હોય તે સરળ ભાવથી આચાર્ય આગળ પ્રકાશન કરે છે. ત્યારે પ્રસ્તુત ગાથામાં બતાવેલા અતિચારોમાંથી જે

અતિચારોની પ્રાપ્તિ થઈ હોય તેનું સરળ ભાવથી તે મહાત્મા નિવેદન કરે છે.

વળી, સાતમા પ્રાયશ્ચિત્તમાં બતાવ્યું, એ પ્રમાણે સચિત્ત શિષ્ય સાથે પ્રવેશ કરે તો ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે અને આજ્ઞાદિ દોષો પણ પ્રાપ્ત થાય છે. તેથી તે દોષોના નિવારણ અર્થે ગીતાર્થ તેમને ઉચિત પ્રાયશ્ચિત્ત આપે છે. જેથી તે દોષોની પણ શુદ્ધિ પ્રાપ્ત થાય. ॥૮॥

**અવતરણિકા :-**

**अष्टमपदे आक्षेपं समाधानं चाह –**

**અવતરણિકાર્થ :-**

**આઠમા પદમાં=ગાથા-૭માં કહેલ આઠ અતિચારમાંથી આઠમા પદમાં, જે અતિચારનું કથન કર્યું તે આઠમા અતિચારમાં, આક્ષેપને અને સમાધાનને કહે છે –**

**ગાથા :-**

**नणु गुरुआणाकहणे, कहं पच्छित्तं हवे विणीअस्स ।**
**भण्णइ जिणसुअभत्तीविरहाविणयाओ जं भणिअं ।।९।।**

**અન્વયાર્થ :-**

**नणु गुरुआणाकहणे=ગુરુઆજ્ઞાના કથનમાં, विणीअस्स=વિનીત શિષ્યને, कह=કેવી રીતે, पच्छितं हवे=પ્રાયશ્ચિત્ત થાય ?, भण्णइ=ઉત્તર આપે છે, जिणसुअभत्तीविरहाविणयाओ=જિનશ્રુતભક્તિના વિરહથી અવિનયને કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે, जं भणिअं=જે કારણથી કહેવાયું છે. ॥૯॥**

**ગાથાર્થ :-**

**ગુરુઆજ્ઞાના કથનમાં વિનીત શિષ્યને કેવી રીતે પ્રાયશ્ચિત્ત થાય ? ઉત્તર આપે છે. જિનશ્રુતભક્તિના વિરહથી અવિનયને કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. જે કારણથી કહેવાયું છે. ॥૯॥**

**ટીકા :-**

**'नणु'त्ति । ननु गुरुभिर्युष्मदन्तिके प्रेषितोऽहमिति गुर्वाज्ञा कथने आज्ञाप्रियत्वेन शिष्यस्य विनीतत्वमेव भवेत्, विनीतस्य तस्य कथं प्रायश्चित्तं स्यात् ? प्रत्युत विनीतत्वप्रत्यया शुद्धिरेव स्यादित्यर्थः, 'भण्यते' अत्रोत्तरं दीयते-जिनश्रुतभक्तिः-जिनाज्ञापुरस्कारलक्षणा तद्विरहलक्षणो योऽविनयस्ततः प्रायश्चित्तम्, गुर्वाज्ञयैवाध्यापनप्रवृत्तौ प्रवृत्त्यर्थं जिनाज्ञानपेक्षणे तदपुरस्कारात्तत्र गौरवबुद्ध्यभावेन भक्तिभङ्गात्, जिनविनयाऽपूर्वकस्य गुरुविनयस्य च लौकिकतुल्यत्वेनाकिञ्चित्करत्वादिति । अत्र सम्मतिमाह–'यत्' यस्माद् भणितं कल्पभाष्ये ।।९।।**

**ટીકાર્થ :-**

નનુ .... कल्पभाष्ये ।। 'નનુ'થી શંકા કરે છે. ગુરુ વડે તમારી પાસે હું મોકલાવાયો એ પ્રમાણે ગુર્વાજ્ઞા કથનમાં=હું શાસ્ત્રઅધ્યયન કરવા માટે તમારી પાસે મોકલાવાયો એ રૂપ ગુરુની આજ્ઞાના કથનમાં, આજ્ઞાપ્રિયપણાના કારણે શિષ્યનું વિનયપણું જ થાય. વિનીત એવા તેને=અધ્યયન માટે આવેલા મેધાવી સાધુને, કેવી રીતે પ્રાયશ્ચિત્ત થાય ? ઊલટું વિનીતપણાના નિમિત્ત શુદ્ધિ જ થાય. આમાં=પૂર્વપક્ષીએ કરેલી શંકામાં, ઉત્તર અપાય છે – જિન અને શ્રુતની ભક્તિ=જિનાજ્ઞાપૂર્વક સ્વરૂપવાળી જિનશ્રુતભક્તિ, તેના વિરહલક્ષણ જે અવિનય તેનાથી પ્રાયશ્ચિત્ત છે; કેમ કે ગુરુઆજ્ઞાથી જ અધ્યાપનની પ્રવૃત્તિ માટે=અધ્યયનની પ્રવૃત્તિ માટે, જિનાજ્ઞાના અનપેક્ષણમાં તેનો અપુરસ્કાર થવાથી=જિનાજ્ઞાનો અનાદર થવાથી, ત્યાં=જિનાજ્ઞામાં, ગૌરવબુદ્ધિના અભાવથી ભક્તિનો ભંગ છે=પરમગુરુની ભક્તિ વગરની ગુરુની ભક્તિ હોવાથી ભક્તિનો ભંગ છે અને ભગવાનના વિનયના અપૂર્વક ગુરુવિનયના લૌકિક તુલ્યપણાને કારણે અકિંચિત્કરપણું છે=પરમગુરુના અવિનયપૂર્વક તેવો ગુરુનો વિનય લૌકિક વિનયતુલ્ય હોવાથી નિર્જરા પ્રત્યે નિષ્ફળ છે. આમાં=ભગવાનની ભક્તિ વગરની ગુરુની ભક્તિ નિર્જરા પ્રત્યે નિષ્ફળ છે તેમાં, સંમતિને કહે છે – જે કારણથી કલ્પભાષ્યમાં કહેવાયું છે. ।।૯।।

**ગાથા :-**

**आणाओ जिणिंदाणं, ण हु बलिअतराउ आयरिअआणा ।**
**जिणआणाइ परिभवो, एवं गव्वो अविणओ अ ।।१०।।**

**અન્વયાર્થ :-**

जिणिंदाणं=જિનેશ્વરની, आणाओ=આજ્ઞાથી, आयरिअआणा=આચાર્યની આજ્ઞા, बलिअतराउ ण हु=બલિકતર નથી, एवं=આ રીતે=ગાથા-૭માં કહ્યું એ પ્રમાણે કોઈ સાધુ આઠમો અતિચાર સેવે એ રીતે, जिणआणाइ=જિનઆજ્ઞાનો, परिभवो=પરિભવ થાય છે, गव्वो=ગર્વ, अ=અને, अविणओ=અવિનય કરાયેલો થાય છે. ।।૧૦।।

**ગાથાર્થ :-**

**જિનેશ્વરોની આજ્ઞાથી આચાર્યની આજ્ઞા બલિકતર નથી. આ રીતે=ગાથા-૭માં કહ્યું એ પ્રમાણે કોઈ સાધુ આઠમો અતિચાર સેવે એ રીતે, જિનાજ્ઞાનો પરિભવ થાય છે, ગર્વ અને અવિનય કરાયેલો થાય છે. ।।૧૦।।**

**ટીકા :-**

'आणाओ'त्ति । जिनेन्द्रैरेव=भगवद्भिरुक्तम्, यथा—निर्दोषः सूत्रार्थनिमित्तं यः समागतस्तस्य

सूत्रार्थौ दातव्यौ, न च जिनेन्द्राणामाज्ञायाः सकाशादाचार्याणामाज्ञा बलीयस्तरा, अपि चैवमाचार्यानुवृत्त्या श्रुते दीयमाने जिनाज्ञायाः परिभवो भवति । तथा प्रेषयत उपसम्पद्यमानस्य प्रतीच्छतश्च त्रयाणामपि गर्वो भवति, तीर्थकृतां श्रुतस्य चाविनयः कृतो भवति ।।१०।।

**ટીકાર્થ :-**

**जिनेन्द्रैरेव ..... भवति ।। જિનેન્દ્ર વડે જ=ભગવાન વડે જ, કહેવાયું છે. શું કહેવાયું છે ? તે 'यथा'થી બતાવે છે – સૂત્ર અને અર્થ નિમિત્તે નિર્દોષ જે સાધુ આવેલ છે, તેમને સૂત્ર અને અર્થ આપવા જોઈએ અને ભગવાનની આજ્ઞાથી આચાર્યની આજ્ઞા બલીયતર નથી. વળી આ રીતે=ગાથા-૭માં આઠમો અતિચાર કહ્યો એ રીતે, આચાર્યની અનુવૃત્તિથી=અમુક આચાર્યએ આને ભણવા મોકલ્યો છે માટે મારે તેને શ્રુત આપવું જોઈએ એ પ્રકારે મોકલેલા આચાર્યની અનુવૃત્તિથી, શ્રુત અપાયે છતે=શ્રુતઅધ્યયન માટે આવેલા મેધાવી શિષ્યને શ્રુત અપાયે છતે, ભગવાનની આજ્ઞાનો પરિભવ થાય છે અને મોકલનાર આચાર્યને, ઉપસંપદા આપનાર આચાર્યને અને પ્રતીચ્છકને=અધ્યયન માટે આવેલા શિષ્યને એ રૂપ ત્રણેયને પણ ગર્વ થાય છે. તીર્થંકરનો અને શ્રુતનો અવિનય કરાયેલો થાય છે. ।।૧૦।।**

**ભાવાર્થ :-**

ગાથા-૭માં કહ્યું એ પ્રમાણે ગુરુ દ્વારા મોકલાવાયેલા કોઈ મેધાવી સાધુ કોઈ વિશિષ્ટ શ્રુતસંપન્ન આચાર્યની પાસે આવીને કહે કે મારા ગુરુએ શ્રુતઅધ્યયન અર્થે તમારી પાસે મને મોકલેલ છે. તે કથનમાં સ્થૂલથી જોનારને તેમ જણાય કે તે શિષ્યએ ગુરુની આજ્ઞાનું જ કથન કરેલ છે; કેમ કે ગુરુએ તેને કહેલ કે અમુક આચાર્ય પાસે તું શ્રુતઅધ્યયન અર્થે જા અને તે પ્રમાણે જ તે શિષ્યએ આવીને ગુરુનું વચન કહ્યું છે. તેથી આજ્ઞાપ્રિય એવા શિષ્યને વિનયની જ પ્રાપ્તિ થાય છે. તેથી ગાથા-૮માં કહ્યું એ પ્રમાણે તેને લઘુમાસ પ્રાયશ્ચિત્ત કેમ પ્રાપ્ત થાય ? વસ્તુતઃ વિનયપૂર્વક ગુરુના વચનો કહેલાં હોવાથી સંયમની શુદ્ધિ જ થવી જોઈએ. તેનો ઉત્તર આપતાં કહે છે. જિન અને શ્રુતની ભક્તિપૂર્વક ગુરુની ભક્તિ નિર્જરાનું કારણ છે. જેમને જિનમાં અને જિનવચનરૂપ શ્રુતમાં ભક્તિ નથી, તેવો શિષ્ય જિન અને શ્રુતની આજ્ઞા સ્મરણ કર્યા વગર ઉપસંપદા આપનાર આચાર્યને આ રીતે ગુરુનું વચન કહે, ત્યારે જિનના અને શ્રુતના અવિનયકૃત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. કેમ જિનની અને શ્રુતની ભક્તિ થતી નથી ? એથી કહે છે. જિન પ્રત્યે જેમને ભક્તિ છે, તેઓ જિનોના ગુણો તરફ નમેલા છે અને તેવા મહાત્માઓ જિન થવાના ઉપાયભૂત શ્રુતવચનનું સ્મરણ કરીને પ્રવૃત્તિ કરે છે અને શ્રુતવચન હંમેશાં કષાયોનો પરિહાર થાય, એ રીતે જ સર્વ પ્રવૃત્તિ કરવાનું કહે છે. જે પ્રવૃત્તિમાં લેશ પણ કષાય થવાનો સંભવ છે, તેવું વચન બોલવાનો નિષેધ કરે છે.

કઈ રીતે ગુરુનું વચન ઉપસંપદા આપનારને કહેવાથી કષાયની પ્રાપ્તિ થઈ શકે. એથી કહે છે -

મોકલનાર આચાર્ય કહે કે તું અમુક પાસે શ્રુત ભણવા જા અને તે આચાર્યના વચનથી ઉપસંપદા આપનાર આચાર્ય શાસ્ત્ર ભણાવે, ત્યારે મોકલનાર આચાર્યને સૂક્ષ્મ ગર્વ થાય છે કે મેં મોકલ્યો માટે તે મહાત્મા આને ભણાવે છે. વળી, આવનાર સાધુનાં તે વચન સાંભળીને ઉપસંપદા આપનાર આચાર્ય આવનાર સાધુને ભણાવે તો તેમને પણ સૂક્ષ્મ ગર્વ થાય છે કે તે આચાર્યે મોકલ્યા છે માટે હું ભણાવું છું અને ભણવા માટે આવેલા તે શિષ્યને પણ ગર્વ થાય છે કે મારા ગુરુના કહેવાથી આ મહાત્મા મને ભણાવે છે.

વસ્તુતઃ જીવની યોગ્યતાનો નિર્ણય કરીને ગીતાર્થ સાધુ યોગ્ય જીવને શ્રુત આપે છે. નહિ કે અમુક આચાર્યએ મોકલ્યા છે માટે મારે ભણાવવું જોઈએ. આથી આવનાર સાધુ આચાર્યને કહે કે મારા ગુરુએ તમારી પાસે મોકલ્યા છે, એથી હું આવ્યો છું. તે સાંભળીને ઉપસંપદા આપનાર આચાર્ય ભગવાનની આજ્ઞાનુસાર ગર્વ રહિત આવનાર સાધુના વચનને સાંભળીને અને તેમની યોગ્યતાનો નિર્ણય કરીને તેને ઉચિત શ્રુત આપે છે આમ છતાં કષાયવશ કે અવિચારકતાવશ તે શિષ્યના "મારા ગુરુએ શ્રુત ભણવા તમારી પાસે મોકલેલ છે" એ પ્રકારના વચનને સાંભળીને ઉપસંપદા આપનાર આચાર્ય તેમને શ્રુત ભણાવે તો ત્રણેયના માન-કષાયનું પોષણ થાય છે અને ભગવાનની અને શ્રુતની આજ્ઞા જે રીતે કષાયનો તિરોધાન થાય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરવા કહે છે. તેનું પાલન નહિ કરવાથી તીર્થંકર અને શ્રુતનો અવિનય કરાયેલો થાય છે. આમ છતાં કોઈક મેધાવી સાધુ અધ્યયન અર્થે આવેલા હોય અને તે પ્રકારે આઠમો અતિચાર સેવે, ત્યારે તે ઉપસંપદા આપનાર આચાર્ય ભણાવે નહિ. તેથી પોતાની સ્ખલનાને જાણીને તે મહાત્મા પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થયા છે, તેમ જણાય તો સુગુરુ તેમને અધ્યયન કરાવે. અન્યથા નિષેધ કરે તો જ ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે.

અહીં કહ્યું કે જિનના વિનય અપૂર્વક ગુરુના વિનયનું લૌકિક તુલ્યપણું હોવાથી અકિંચિત્કરપણું છે. તેથી એ ફલિત થાય કે જેમ લોકમાં મોટા માણસોને જોઈને નાના માણસો વિનય કરે છે, તે લૌકિક વિનય છે અને તે વિનય કષાયોનો તિરોધાન કરીને ગુણવૃદ્ધિનું કારણ નથી. તેથી નિર્જરા પ્રત્યે અકારણ છે. તેમ જેઓને જિન પ્રત્યે અને જિનના વચનરૂપ શ્રુત પ્રત્યે ભક્તિ નથી, તેથી જ દરેક કૃત્યો જિનના સ્મરણપૂર્વક અને જિનના વચનના સ્મરણપૂર્વક કરતા નથી, તેઓ જ આ પ્રકારે ગુરુ પ્રત્યેના વિનયને વશ કહે કે ગુરુએ મને તમારી પાસે ભણવા મોકલ્યો છે માટે હું આવ્યો છું અને તે પ્રકારના વચનપ્રયોગકાળમાં પરમગુરુ પ્રત્યે અને પરમગુરુના વચન પ્રત્યે ઉપેક્ષા હોવાથી અવિવેકવાળા એવા ગુરુના વિનયથી નિર્જરા થાય નહિ માટે વિવેકી સાધુએ સર્વત્ર પરમ ગુરુની આજ્ઞાનું સ્મરણ કરીને ગુણવાન ગુરુનો વિનય કરવો જોઈએ. જેથી નિર્જરાની પ્રાપ્તિ થાય. **॥૯-૧૦॥**

**અવતરણિકા :-**

**इदं च मासलघुकं प्रायश्चित्तं जिनाज्ञायाः पुरस्काराभावलक्षणं परिभवमभिप्रेत्योच्यते । यस्तु गुर्वाज्ञां पुरः कुर्वन् जिनाज्ञायाः सकाशाद् गुर्वाज्ञायामधिकेष्टसाधनतालक्षणं बलवदपायहेतुभङ्ग-प्रतियोगित्वलक्षणं वा बलिकत्वमेव जानाति स पुनरद्रष्टव्यमुखोऽधिकतरदोष एवेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ માસલઘુક પ્રાયશ્ચિત્ત=ગાથા-૯માં બતાવેલ આઠમા અતિચારરૂપ માસલઘુક પ્રાયશ્ચિત્ત ભગવાનની આજ્ઞાના પુરસ્કારના અભાવ લક્ષણ પરિભવને આશ્રયીને કહેવાય છે=આવનાર તે સાધુ ભગવાનની આજ્ઞાનું સ્મરણ કર્યા વગર સહસા તે પ્રકારે કહે તેથી ભગવાનની આજ્ઞાનો પરિભવ થાય છે તેને આશ્રયીને કહેવાય છે. વળી, જે સાધુ ગુરુઆજ્ઞાને આગળ કરતાં જિનાજ્ઞાથી ગુરુઆજ્ઞાને અધિક ઇષ્ટસાધનતા રૂપ બલિકત્વ જ જાણે છે અથવા બલવાન અપાયના હેતુના ભંગના પ્રતિયોગિત્વરૂપ બલિકપણું જ જાણે છે, તે સાધુ અદૃષ્ટ મુખવાળા અધિકતર દોષવાળા જ છે, એ પ્રમાણે કહે છે –**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ શ્રુતઅધ્યયન અર્થે આવેલા હોય અને અનુપયોગાદિને કારણે ગાથા-૭માં કહેલ આઠમો અતિચાર સેવે ત્યારે તે સાધુને માસલઘુક પ્રાયશ્ચિત્ત આવે છે, તે પ્રાયશ્ચિત્ત "જિનાજ્ઞાના સ્મરણ વગર ઉપસંપદા આપનાર આચાર્યને કહે છે ત્યારે ભગવાનની આજ્ઞાના સ્મરણના અભાવરૂપ ભગવાનનો અને શ્રુતનો પરિભવ થયો તથા ભગવાનના વચનની ઉપેક્ષા થઈ." તેને આશ્રયીને કહેવાય છે. પરંતુ તે સાધુ તેમ માનતા નથી કે ભગવાનની આજ્ઞા કરતાં ગુરુની આજ્ઞા અધિક બલવાન છે. વળી કોઈક મુગ્ધમતિ સાધુ વિચારે કે ભગવાનની આજ્ઞા કરતાં ગુરુઆજ્ઞા જ બલિક છે. તેથી ભગવાનની આજ્ઞાનો વિચાર કર્યા વગર ગુરુઆજ્ઞાને આગળ કરીને પ્રવૃત્તિ કરે છે, તે સાધુ મુખ જોવા યોગ્ય નથી અર્થાત્ ભગવાનની આજ્ઞાનો અનાદર કરનાર હોવાથી પાપી છે અને અધિકતર દોષવાળા છે.

કેમ તે સાધુ ભગવાનની આજ્ઞા કરતા ગુરુની આજ્ઞાને અધિક માને છે, તે સ્પષ્ટ કરતાં કહે છે.

ઇષ્ટની સાધકતા ગુર્વાજ્ઞામાં જ છે. તેથી, ભગવાનની આજ્ઞા શું છે ? તેનો વિચાર કર્યા વગર ગુરુ કહે તે જ કરવાથી ઇષ્ટ એવી નિર્જરાની સિદ્ધિ છે માટે ગુરુઆજ્ઞા બલવાન છે. એમ તે સાધુ માને છે. તેવા સાધુ અતિ પાપી છે; કેમ કે ભગવાનની આજ્ઞા જ અધિક બલવાન છે. ભગવાનની આજ્ઞા કરતાં ગુરુઆજ્ઞા ક્યારેય બલિક થઈ શકે નહિ. આથી જ ગંગા ક્યાં વહે છે ? એ પ્રકારે કોઈ વિશિષ્ટ પ્રયોજનથી ગુરુએ શિષ્યને કહ્યું, ત્યાં પણ તે વિચારક શિષ્ય જાણે જ છે કે 'કાગડા ધોળા છે' એના જેવું આ ગુરુનું વચન છે, છતાં હંમેશાં ગુરુ નિર્જરા થાય, તેવી યથાર્થ આજ્ઞા જ કરે છે, જે આજ્ઞા જિનવચનાનુસાર જ હોય છે છતાં નદી જોવાની ક્રિયામાં નિર્જરા દેખાતી નથી માટે મારે તેમના વચનાનુસાર આજ્ઞા પાળીને તે પ્રકારની આજ્ઞાનું પ્રયોજન એકાંતમાં પૂછવું જોઈએ. આથી જ વિવેકી શિષ્ય તે આજ્ઞાને યથાવત્ પાળીને એકાંતમાં ગુરુને અવશ્ય પૃચ્છા કરે છે; કેમ કે વિવેકી શિષ્ય જાણે છે કે ભગવાનની આજ્ઞા નિરપેક્ષ ગુરુની આજ્ઞા ક્યારેય હોય નહિ અને જો આજ્ઞા નિરપેક્ષ હોય તો 'કાગડા ધોળા છે' તેના જેવી અસમંજસ આજ્ઞા હોય. વળી જેઓ ગુરુની આજ્ઞાને ભગવાનની આજ્ઞાનો વિચાર કર્યા વગર સ્વીકારે છે, તેમને અધિકતર દોષની પ્રાપ્તિ થાય છે, તે પ્રમાણે કહે છે.

અહીં કહ્યું કે બલવાન અપાયના હેતુના ભંગના પ્રતિયોગિત્વરૂપે બલિકત્વ ગુરુઆજ્ઞામાં તે શિષ્ય જાણે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગુરુઆજ્ઞાના પાલનમાં જે શ્રમ છે, તેના કરતાં તેના અપાલનમાં દુર્ગતિમાં પાતરૂપ બલવાન અપાય છે અને તે અપાયનો હેતુ ગુરુઆજ્ઞાના ભંગનો અધ્યવસાય છે અને ગુરુઆજ્ઞાના ભંગના અધ્યવસાયનો ભંગ કરનાર ગુરુઆજ્ઞા છે અને તે ગુરુઆજ્ઞામાં ભંગના પ્રતિયોગિત્વરૂપ બલિકત્વ છે=ગુરુઆજ્ઞાના ભંગથી અનર્થની પ્રાપ્તિ હતી તેના નાશનું પ્રતિયોગિત્વરૂપ બલિકપણું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ઘટપ્રતિયોગિક ભૂતલ અનુયોગી સંયોગ કહેવામાં આવે, ત્યાં ભૂતલમાં ઘટપ્રતિયોગિત્વ છે. તેમ ગુરુઆજ્ઞામાં ભંગપ્રતિયોગિત્વ છે, તે બલિક છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જીવને ગુરુઆજ્ઞાના પાલનરૂપ પ્રવૃત્તિમાં કંઈક શ્રમ છે, તે અપાય છે. તેનાથી બલવાન અપાય આજ્ઞાભંગમાં છે; કેમ કે આજ્ઞાભંગથી દુરંત સંસારની પ્રાપ્તિ થાય છે. તેથી દુરંત સંસારરૂપ અપાયમાં હેતુ ગુરુઆજ્ઞાભંગ છે અને તે હેતુને ભંગ કરનાર ગુરુઆજ્ઞા છે. તેથી તે ગુરુઆજ્ઞામાં ભંગપ્રતિયોગિત્વરૂપ બલિકત્વ છે. પરંતુ જિનાજ્ઞાથી ગુરુઆજ્ઞા બલિક નથી. આમ છતાં જેઓ ભગવાનની આજ્ઞાથી ગુરુઆજ્ઞાને બલિક માને છે, તેથી તેઓ પાપી છે. આથી અદૃષ્ટ મુખવાળા છે અને પૂર્વમાં કહ્યું, એ પ્રમાણે જે સાધુઓ આઠમા અતિચારને સેવનાર છે, તેમને લઘુમાસ પ્રાયશ્ચિત્ત છે, તેમના કરતાં ગુરુઆજ્ઞાને બલિક માનનારા સાધુને અધિકતર દોષની પ્રાપ્તિ છે.

**ગાથા :-**

**गुरुबलियत्तमईए, जो उ जिणासायणं कुणइ मूढो ।**
**सो गुरुतरपच्छित्तं, पावइ जमिणं सुए भणिअं ।।११।।**

**અન્વયાર્થ :-**

**गुरुबलियत्तमईए=ગુરુ બલિકત્વની મતિથી, जो उ मूढो=જે વળી મૂઢ સાધુ, जिणासायणं कुणइ=જિનની આશાતનાને કરે છે, सो=તે સાધુ, गुरुतरपच्छित्तं पावइ=ગુરુતરપ્રાયશ્ચિત્તને પામે છે, जमिणं सुए भणिअं=જે કારણથી આ શ્રુતમાં કહેવાયું છે. ।।૧૧।।**

**ગાથાર્થ :-**

**વળી જે મૂઢ સાધુ ગુરુના બલિકત્વની મતિથી જિનની આશાતનાને કરે છે, તે સાધુ ગુરુતર પ્રાયશ્ચિત્તને પામે છે. જે કારણથી શ્રુતમાં આ કહેવાયું છે. ।।૧૧।।**

**ટીકા :-**

**'गुरुबलियत्त'त्ति । गुरुबलिकत्वमत्या यस्तु मूढो जिनाशातनां करोति स गुरुतरप्रायश्चित्तं प्राप्नोति, भक्त्यभावापेक्षयाऽऽशातनाया महादोषत्वात्, यदिदं 'श्रुते' जिनप्रवचने भणितम् ।।११।।**

**ટીકાર્થ :-**

गुरुबलिकत्वमत्या ..... भणितम् ।। વળી જે મૂઢ સાધુ ગુરુબલિકત્વની મતિથી=ભગવાનની આજ્ઞા કરતાં ગુરુની આજ્ઞા બલિક છે એ પ્રકારની મતિથી, જિનની આશાતનાને કરે છે, તે મૂઢ સાધુ ગુરુતર પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરે છે; કેમ કે ભક્તિના અભાવની અપેક્ષાથી આશાતનાનું મહાદોષપણું છે=જેને ભગવાન પ્રત્યેની ભક્તિ છે, તે ભગવાનના વચનનું સ્મરણ કરીને જ તે પ્રકારે સર્વ પ્રવૃત્તિ કરે છે અને જેનામાં ભગવાનની ભક્તિનો અભાવ છે, તે ભગવાનના વચનનું સ્મરણ કરીને પ્રવૃત્તિ કરતા નથી. તેઓને ભગવાનની આજ્ઞા કરતાં ગુરુની આજ્ઞા બલિક છે, એમ જણાય છે. તેથી 'ગુરુની આજ્ઞા બલવાન છે' એમ કહીને જે ભગવાનની આશાતના કરે છે, એનાથી તેમને મહાદોષની પ્રાપ્તિ છે. જે કારણથી શ્રુતમાં=પ્રવચનમાં, આ=આગળની ગાથામાં કહેવાય છે, એ કહેવાયું છે. ।।૧૧।।

**ગાથા :-**

**तित्थयर पवयण सुअं, आयरिअं गणहरं महिड्ढीयं ।**
**आसायंतो बहुसो, आभिणिवेसेण पारंची ।।१२।।**

**અન્વયાર્થ :-**

तित्थयर पवयण सुअं=તીર્થંકર, પ્રવચન, શ્રુત आयरिअं=આચાર્ય, गणहरं=ગણધર, महिड्ढीयं= મહાઋદ્ધિવાળા મહાત્માની, आभिणिवेसेण=અભિનિવેશથી, बहुसो आसायंतो=બહુ વખત આશાતનાને કરતો જીવ, पारंची=પારાઞ્ચિત પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરે છે. ।।૧૨।।

**ગાથાર્થ :-**

**તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર અને મહાઋદ્ધિવાળા મહાત્માની અભિનિવેશથી બહુ વખત આશાતનાને કરતો જીવ પારાઞ્ચિત્ત પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરે છે. ।।૧૨।।**

**ટીકા :-**

**'तित्थयर'त्ति । तीर्थङ्करं प्रवचनं श्रुतमाचार्यं गणधरं महर्द्धिकमाशातयन् 'बहुशः' बहुवारम् 'अभिनिवेशेन' असद्ग्रहेण 'पाराञ्चिकः' पाराञ्चिकप्रायश्चित्तभाग् भवति ।।१२।।**

**ટીકાર્થ :-**

તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર=ગણના ધારણ કરનારા, અને મહર્દ્ધિકની બહુ વખત અભિનિવેશથી=અસદ્ગ્રહથી, આશાતનાને કરતો જીવ પારાઞ્ચિત્ત પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે. ।।૧૨।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું એ પ્રમાણે કોઈ મહાત્મા અનાભોગથી ઉપસંપદા આપનાર આચાર્યને કહે કે ભણવા માટે

ગુરુએ મને મોકલ્યો છે માટે હું આવ્યો છું. તેને માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે. આમ છતાં કોઈક મૂઢ સાધુને તેવી બુદ્ધિ થાય કે ગુરુની આજ્ઞા બલવાન છે એથી ગુરુવચનાનુસાર મેં આ કહ્યું છે, તેમાં કોઈ દોષ નથી તે સાધુને ભગવાનની આશાતનાની પ્રાપ્તિ થાય છે; કેમ કે ભગવાનની આજ્ઞા છે કે જે વચનપ્રયોગથી માનકષાય પુષ્ટ થાય તેમ હોય, તેવું વચન કહેવું જોઈએ નહિ. આમ છતાં ગુરુની આજ્ઞા છે, તેમ માની તેવું વચન બોલે અને કદાચ તે પ્રકારનો માનકષાય કોઈને ન થાય તોપણ ભગવાનની આજ્ઞાનો ત્યાગ કરીને ગુર્વાજ્ઞાને પ્રધાન કરાય નહિ અને કોઈ સાધુ એમ કહે કે ગુરુ કહે તે જ પ્રમાણ છે, અન્ય નહિ. તે ભગવાનની આજ્ઞાની આશાતના કરે છે. તેથી ગુરુતર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. કેમ ગુરુતર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. તેથી કહે છે. ભગવાનની આજ્ઞા દરેક જીવોને સ્વભૂમિકાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધે તે પ્રકારની છે અને તે પ્રમાણે જેઓ ભગવાનની આજ્ઞા પ્રમાણે કરે છે, તેઓને ભગવાનની ભક્તિથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. વળી ભગવાનની આજ્ઞાના પાલનમાં પ્રમાદ થાય તો ભક્તિના અભાવકૃત પ્રાયશ્ચિત્ત આવે. આથી જ આઠમો અતિચાર સેવનાર મહાત્માને ભક્તિના અભાવની અપેક્ષાએ માસલઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. વળી ભગવાનની આજ્ઞા કરતાં ગુરુની આજ્ઞા બલવાન છે. તેવી મતિ થાય ત્યારે ભગવાનની આશાતના કૃત મહાદોષની પ્રાપ્તિ થાય છે. તેથી, ગુરુતર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. તે સ્પષ્ટ કરવા માટે કહે છે.

તીર્થંકર આદિની આશાતનામાં મહાપાપ છે. તેમાં સાક્ષી આપે છે. કોઈ જીવ અસદ્‌ગ્રહથી તીર્થંકર, પ્રવચન=ચતુર્વિધ સંઘ, શ્રુત=શ્રુતજ્ઞાન, આચાર્ય ગણના ધારણ કરનારા મહાત્મા કે મહાન સંયમની ઋદ્ધિવાળા આચાર્યની અભિનિવેશથી વારંવાર આજ્ઞા ઉલ્લંઘન કરવારૂપ આશાતના કરે ત્યારે પારાઞ્ચિત્ત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. માટે આશાતનાનું મહાદોષપણું છે. **॥૧૧-૧૨॥**

**અવતરણિકા :-**

**प्रतिषेधकादीनां पार्श्वे तिष्ठति विधिमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રતિષેધકાદિની પાસે રહ્યે છતે વિધિને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૭માં જ્ઞાન અર્થે જનારા સાધુને આઠ અતિચારોની પ્રાપ્તિ બતાવી. તેમાં અપ્રતિષેધકો મૌન લઈને બુદ્ધિપૂર્વક તે મેધાવી સાધુને ગુરુએ મોકલેલા આચાર્ય પાસે જતાં અટકાવે છે, ત્યારે મૌન દ્વારા અપ્રતિષેધક આચાર્ય પ્રતિષેધક બને છે અને તેવા પ્રતિષેધક આચાર્ય પાસે જો તે મેધાવી સાધુ વિશિષ્ટ જ્ઞાન માટે રહે અને "પર્ષદાવાળા" એ પ્રકારનો જે સાતમો અતિચાર છે, એ પ્રમાણે તે પર્ષદાવાળા પાસે જ્ઞાનાર્થે જનારા તે સાધુ વિશિષ્ટ જ્ઞાન માટે રહે તો ગચ્છના ગીતાર્થ સ્થવિરોએ શું કરવું જોઈએ. તેની વિધિને કહે છે –

**ગાથા :-**

अण्णं अभिधारेउं, अप्पडिसेहाइगच्छमणुपत्ते ।
दोण्हमुवालंभेणं, थेरा सम्मं ववहरंति ।।१३।।

**અન્વયાર્થ :-**

अण्णं अभिधारेउं=અન્યને અભિધારણ કરીને, अप्पडिसेहाइगच्छमणुपत्ते=અપ્રતિષેધકાદિ આચાર્યના ગચ્છમાં અનુપ્રાપ્ત થયે છતે=અપ્રતિષેધકાદિ આચાર્યના ગચ્છમાં તે સાધુ ભણવા માટે રહે છતે, थेरा दोण्हमुवालंभेणं=સ્થવિરો બંનેના ઉપાલંભથી=પોતાના આચાર્યને અને પ્રતીચ્છકને ઉપાલંભથી, सम्मं ववहरंति=સમ્યગ્ વ્યવહાર કરે છે. ।।૧૩।।

**ગાથાર્થ :-**

**અન્યને અભિધારણ કરીને અપ્રતિષેધકાદિ આચાર્યના ગચ્છમાં અનુપ્રાપ્ત થયે છતે= અપ્રતિષેધકાદિ આચાર્યના ગચ્છમાં તે સાધુ ભણવા માટે રહે છતે, સ્થવિરો બંનેના ઉપાલંભથી= પોતાના આચાર્યને અને પ્રતીચ્છકને ઉપાલંભથી, સમ્યગ્ વ્યવહાર કરે છે. ।।૧૩।।**

**ટીકા :-**

'अण्णं'ति । 'अन्यम्' आचार्यमभिधार्य अप्रतिषेधकादीनाम्, आदिना पर्षद्वदादिग्रहः, गच्छम् 'अनुप्राप्ते' अभिधारयितरि 'स्थविराः' कुलस्थविराः गणस्थविराः सङ्घस्थविरा वा एतद्व्यतिकरं जानाना द्वयोरपि तयोः आचार्यप्रतीच्छकयोरुपालम्भेन कस्मात्त्वयाऽयमात्मपार्श्वे स्थापितः कस्माच्च त्वमन्यमभिधार्यात्र स्थित इत्येवंरूपेण कृत्वा 'सम्यग्' यथासूत्रं व्यवहरन्ति । एवमुपालम्भपूर्वकं प्रतीच्छकं निर्भर्त्स्य तत् सचित्तादिकं सर्वमभिधारितस्याचार्यस्य प्रयच्छन्तीत्यर्थः ।।१३।।

**ટીકાર્થ :-**

'अन्यम्' ..... प्रयच्छन्तीत्यर्थः ।। અન્ય આચાર્યને અભિધારણ કરીને=ગુરુઆજ્ઞાથી જે આચાર્યની પાસે ભણવા માટે જાય છે તે આચાર્યને અભિધારણ કરીને, જ્ઞાનાર્થે નીકળેલા સાધુ અપ્રતિષેધકાદિના ગચ્છને પ્રાપ્ત થયે છતે=તે ગચ્છમાં ભણવા માટે રહે છતે, સ્થવિરો=તે ગચ્છની અંદર રહેલા સ્થવિરો, કુલસ્થવિરો, ગણસ્થવિરો અથવા સંઘસ્થવિરો આ વ્યતિકરને જાણતા=આ આગંતુક મેધાવી સાધુ અન્ય આચાર્યનું અભિધારણ કરીને અહીં અધ્યયન કરવાર્થે રોકાયા છે એ વ્યતિકરને જાણતા, બંને પણ તેઓને=આચાર્ય અને પ્રતીચ્છક બંને પણ તેઓને, ઉપાલંભથી કરીને સમ્યગ્ યથાસૂત્ર વ્યવહાર કરે છે. કઈ રીતે ઉપાલંભ આપે છે ? એથી કહે છે. કયા કારણથી તમારા વડે આ શિષ્ય પોતાની પાસે સ્થાપન કરાયો ? એ પ્રકારે પોતાના ગુરુને ઉપાલંભ આપે છે અને કયા કારણથી

**અન્યનું અભિધારણ કરીને તું=આગંતુક પ્રતીચ્છક સાધુ, અહીં રહેલ છો ? એ રૂપ ઉપાલંભ કરીને સમ્યગ્ યથાસૂત્ર તેઓની સાથે વ્યવહાર કરે છે. કઈ રીતે વ્યવહાર કરે છે, તે સ્પષ્ટ કરે છે. આ રીતે ઉપાલંભપૂર્વક પ્રતીચ્છક એવા આવેલા સાધુને નિર્ભર્ત્સના કરીને તેનો સચિત્ત એવો શિષ્ય કે અચિત્ત એવાં નિર્દોષ વસ્ત્રાદિ સર્વ અભિધારિત આચાર્યને આપે છે. આદિ શબ્દથી=અપ્રતિષેધકાદિમાં રહેલા આદિ શબ્દથી, પર્ષદાવાળાનું ગ્રહણ છે. ।।૧૩।।**

**ભાવાર્થ :-**

જ્ઞાન માટે અન્ય ગચ્છની સંપદા સ્વીકારવા અર્થે નીકળેલા સાધુ જે આચાર્ય પાસે જવા માટે નીકળ્યા છે. માર્ગમાં કોઈક આચાર્ય ગાથા-૭માં કહ્યું, તેમ અપ્રતિષેધક થઈને તે આગંતુક સાધુને તે આચાર્ય પાસે જતાં પ્રતિષેધક કરે છે અને તેનાથી વિપરિણામિત થયેલ તે આગંતુક સાધુ તેમના ગચ્છમાં પ્રવેશ કરે અથવા માર્ગમાં પર્ષદાવાળા પ્રાપ્ત થયેલા ગચ્છમાં પ્રવેશ કરે, ત્યારે જે ગચ્છમાં તે આગંતુક સાધુ પ્રવેશ કરે તે ગચ્છમાં વસતા સ્થવિરોને=ગીતાર્થ સાધુઓને, જ્યારે આ પ્રસંગનો બોધ થાય, ત્યારે પોતાના આચાર્યને અને પ્રતીચ્છક એવા તે આગંતુક સાધુને ઉપાલંભ આપે છે. પોતાના આચાર્યને કહે છે કે આને તમે પોતાની પાસે કેમ સ્થાપન કર્યો ? અર્થાત્ જે આચાર્ય પાસે તે સાધુ ભણવા જાય છે, તેમને ભગવાનની આજ્ઞાનુસાર આ રીતે પોતાની પાસે રખાય નહિ અને તે પ્રતીચ્છક સાધુને પણ ઉપાલંભ આપે છે કે અન્ય આચાર્યનું અભિધારણ કરીને તમે અહીં કેમ રહ્યા છો ? પ્રામાણિક વિશિષ્ટ કારણ ન હોય તો આ રીતે રહેવું એ તમારા માટે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ છે એ પ્રમાણે ઉપાલંભ આપીને જે પ્રમાણે તેઓ સાથે વ્યવહાર કરવો જોઈએ, તે પ્રમાણે ગીતાર્થ સ્થવિરો વ્યવહાર કરે છે અને પ્રતીચ્છકને ઉપાલંભપૂર્વક નિર્ભર્ત્સના કરીને તેનું સચિત્તાદિ સર્વ અભિધારિત આચાર્યને આપે છે; કેમ કે માર્ગમાં જતાં જે કાંઈ સચિત્ત-અચિત્ત મળે તે સર્વ જે આચાર્યનું અભિધારણ કરીને તે સાધુ જાય છે, તેમનું આભાવ્ય થાય છે. આમ છતાં તેમને ન મોકલવામાં આવે તો ચૌર્ય દોષની પ્રાપ્તિ થાય છે. તેથી દોષના પરિહાર અર્થે અને ભગવાનના વચનાનુસાર ઉચિત યત્ન કરનારા કુલસ્થવિરો એવા પ્રસંગે શું શું કરવું ઉચિત છે ? તેનો યથાસૂત્ર નિર્ણય કરીને સમ્યગ્ વ્યવહાર કરે છે. જેથી તેઓને તે દોષમાં અનુમોદન, સંમતિ આદિની પ્રાપ્તિ થાય નહિ. **॥૧૩॥**

**અવતરણિકા :-**

**इदं तावदुत्सर्गत उक्तम् । अथापवादाभिप्रायेणाह –**

**અવતરણિકાર્થ :-**

**આ=ગાથા-૧૩માં કહ્યું એ, ઉત્સર્ગથી કહેવાયું. હવે, અપવાદ અભિપ્રાયથી કહે છે=પ્રતિષેધકાદિની પાસે પ્રતીચ્છક સાધુ અપવાદથી રહેલા હોય, ત્યારે શું કર્તવ્ય છે ? તેને કહે છે –**

ગાથા :-

पडिसेहग परिसिल्ले, एसा आरोवणा उ अविहीए ।
बितिअ पए ते दो वि हु, सुद्धा अ पडिच्छगो विहिणा ।।१४।।

અન્વયાર્થ :-

उ=વળી, पडिसेहग परिसिल्ले=પ્રતિષેધકમાં અને પર્ષદાવાળામાં, अविहीए एसा आरोवणा=અવિધિથી આ આરોપણા છે=દોષોની પ્રાપ્તિ છે. बितिअ पए=બીજા પદમાં=અપવાદપદમાં, ते दो वि हु=તે બંને પણ=પ્રતિષેધક અને પર્ષદા કરનાર બંને પણ, सुद्धा=શુદ્ધ છે, विहिणा अ=અને વિધિથી, पडिच्छगो=પ્રતીચ્છક, શુદ્ધ છે. ।।૧૪।।

ગાથાર્થ :-

**વળી પ્રતિષેધકમાં અને પર્ષદાવાળામાં અવિધિથી આ આરોપણા છે=દોષોની પ્રાપ્તિ છે. બીજા પદમાં=અપવાદપદમાં, તે બંને પણ=પ્રતિષેધક અને પર્ષદા કરનારા બંને પણ, શુદ્ધ છે અને વિધિથી પ્રતીચ્છક શુદ્ધ છે. ।।૧૪।।**

ટીકા :-

'पडिसेहग'त्ति । 'प्रतिषेधके' प्रतिषेधं कुर्वाणे 'पर्षद्वति' च पर्षन्मीलनं कुर्वाणे एषाऽऽरोपणाऽविधिना भणिता, विधिना तु कारणे कुर्वाणस्य न प्रायश्चित्तम्, तथा चाह—द्वितीयपदे विधिना (तौ) द्वावपि प्रतिषेधकपर्षद्वन्तौ शुद्धौ प्रतीच्छकश्च, इयमत्र भावना—यानभिधारयन् प्रतीच्छको व्रजति ते आचार्या यदि पार्श्वस्थादिदोषदुष्टा यच्च श्रुतमसावभिलषति तद् यदि तस्य प्रतिषेधकस्यास्ति ततः प्रथमं साधुभिस्तं भाणयन्ति मा तत्र व्रजेति, पश्चात्स्वमुखेनापि भणन्ति पूर्वोक्तेन वा शिष्यादिव्यापारणप्रयोगेण वारयन्ति, न चैवं प्रतिषेधकत्वं कुर्वतस्तस्य दोषः, यत्पुनः सचित्तादिकं प्रतीच्छकेनागच्छता लब्धं तदभिधारिताचार्याणां ददाति न पुनः स्वयं गृह्णाति । द्वितीयपदे तु यद्वस्त्रादिकमचित्तं तदशिवादिभिः कारणैः स्वयमलभमानो न प्रेषयेदपि । अथवा यावदुपयुज्यते तावद् गृहीत्वा शेषं तेषां समर्पयेत्, यश्च तेन शैक्ष आनीतः स परममेधावी तस्य च गच्छे नास्ति कोऽप्याचार्यपदयोग्यः, यच्च तस्य पूर्वगतं कालिकश्रुतं वा समस्ति तस्यापरो ग्रहीता नास्तीति तयोर्व्यवच्छेदं च ज्ञात्वा स्वयमेव तस्यात्मीयं दिग्बन्धं कुर्यात् न तु प्रागभिधारितानां पार्श्वे प्रेषयेत् ।

तथाऽऽचार्यो यः स्वयमेकाकी शिष्या वा मन्दधर्माणो गुरुव्यापारं न वहन्ति तदा संविग्नमसंविग्नं वा यं कञ्चन सहायं गृह्णन् पर्षद्वत्त्वमपि कुर्वाणो न दोषभाक् । श्राद्धा वा मन्दधर्माणो न वस्त्रपात्रादि प्रयच्छन्ति ततो लब्धिसम्पन्नं शिष्यं यं वा तं वा परिगृह्णन्न दोषभाक् । दुर्भिक्षादिकं वा

कालं दीर्घमध्वानं वा प्राप्य यांस्तानुपग्रहकारिणः शिष्यान् परिगृह्णन् न दुष्टः । एवं पर्षद्वत्त्वं कुर्वन् प्रतीच्छकस्य सचित्तादिकमभिधारितान्तिके प्रेषयेत्, पूर्वोक्तकारणे वा सञ्जाते स्वयमपि गृह्णीयात् । प्रतीच्छकोऽपि यमाचार्यमभिधार्य व्रजति तं कालगतं श्रुत्वा यद्वा यत्र गन्तुकामस्तत्रान्तराऽशिवादीनि श्रुत्वा प्रतिषेधकस्य पर्षद्वतोऽन्यस्य वा पार्श्वे प्रविशन् शुद्ध इति ।।१४।।

**ટીકાર્થ :-**

'प्रतिषेधके' ..... प्रेषयेत् । પ્રતિષેધકમાં=પ્રતિષેધ કરનારા ગચ્છમાં અને પર્ષદાવાળામાં=પર્ષદને એકઠા કરનારા ગચ્છમાં, આ આરોપણા=આગંતુક સાધુ તે ગચ્છમાં રહીને ભણે ત્યારે ગીતાર્થોએ શું કરવું એ આરોપણા, અવિધિથી કહેવાઈ=અવિધિથી રહેલા પ્રતીચ્છકને આશ્રયીને કહેવાઈ. વળી, વિધિથી કારણમાં કરનારને પ્રાયશ્ચિત્ત નથી=લાભાલાભને જોઈને વિધિથી કારણમાં પ્રતિષેધ કરનારને કે પર્ષદાને એકઠી કરનારને અને તેવી પર્ષદામાં પ્રવેશ કરનારને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી અને તે રીતે કહે છે=ત્રણેયને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત નથી તે રીતે કહે છે — બીજા પદમાં=અપવાદપદમાં, વિધિથી તે બંને પણ=પ્રતિષેધક અને પર્ષદાવાળા તે બંને પણ, શુદ્ધ છે અને પ્રતીચ્છક શુદ્ધ છે. અહીં=અપવાદિક કથનમાં, આ ભાવના છે=આ તાત્પર્ય છે — જે આચાર્યને અભિધારણ કરીને પ્રતીચ્છક જાય છે, તે આચાર્ય જો પાસત્થાદિ દોષ દુષ્ટ છે અને જે શ્રુત આ=પ્રતીચ્છક સાધુ, અભિલાષા કરે છે, તે શ્રુત જો તેમને=પ્રતિષેધક એવા આચાર્યને, છે તો પ્રથમ સાધુઓ દ્વારા પ્રથમ તેને કહેવડાવે છે. શું કહેવડાવે છે ? તે બતાવે છે. ત્યાં તમે જાઓ નહિ. પાછળથી=શિષ્યોએ કહ્યું છતાં તે જવા માટે તત્પર થાય, ત્યારે પાછળથી, સ્વમુખથી પણ કહે છે અથવા પૂર્વમાં કહેવાયેલા શિષ્યાદિના વ્યાપારના પ્રયોગથી વારણ કરે છે અર્થાત્ સાક્ષાત્ સાધુથી કે પોતાના કહેવાથી લાભ થાય તેમ ન જણાય ત્યારે ગાથા-૭માં બતાવ્યું, એ પ્રમાણે શિષ્યાદિને શુદ્ધ ઉચ્ચારણાદિમાં વ્યાપાર કરાવવા દ્વારા તેને વારણ કરે છે અને આ રીતે પ્રતિષેધકપણાને કરતાં તેમને=તે આચાર્યને, દોષ નથી. જે વળી, સચિત્તાદિને માર્ગમાં આવતા પ્રતીચ્છક વડે પ્રાપ્ત કરાયું. તે અભિધારિત આચાર્યને આપે છે. પરંતુ સ્વયં ગ્રહણ કરતા નથી.

વળી, બીજા પદમાં=અપવાદપદમાં, જે અચિત્ત વસ્ત્રાદિક છે તે વસ્ત્રાદિને અશિવાદિને કારણે સ્વયં પ્રાપ્ત કરતા નથી, તેવા વસ્ત્રાદિને આચાર્ય અભિધારિત આચાર્યને મોકલે નહિ=ત્યાં આવેલા સાધુને માર્ગમાં જે નિર્દોષ વસ્ત્રાદિ મળેલ છે, તે આભાવ્ય તરીકે અભિધારિત આચાર્યનાં થાય છે તોપણ પોતાના સંયમ માટે તે ઉપકારક છે તેથી જો તે મેધાવી સાધુ પોતાની પાસે જ્ઞાન અર્થે રહે તો તે મેધાવી સાધુએ માર્ગમાં પ્રાપ્ત કરેલા વસ્ત્રાદિને અપવાદથી સ્વગચ્છના ઉપકાર અર્થે આચાર્ય રાખે, પરંતુ મોકલે નહિ અથવા જેટલા ઉપકારક છે=સ્વગચ્છના સાધુઓને સંયમમાં ઉપકારક છે, તેટલા ગ્રહણ કરીને શેષ તેઓને આપે=આવનાર મેધાવી સાધુથી અભિધારિત આચાર્યને મોકલે અને જે શૈક્ષ=માર્ગમાં યોગમાર્ગને પામીને સંયમ માટે તત્પર થયેલ શૈક્ષ, તેના વડે લવાયા=તે

**મેધાવી સાધુ સાથે આવ્યા અને તે શૈક્ષ પરમ મેધાવી છે અને તે ગચ્છમાં=જે આચાર્યએ તે મેધાવી સાધુને માર્ગમાં ભણવા અર્થે પોતાના ગચ્છમાં સ્વીકાર્યા, તે આચાર્યના ગચ્છમાં, કોઈ પણ આચાર્યપદ યોગ્ય નથી અને જે તેમને=તે આચાર્યને, પૂર્વગત અથવા કાલિકશ્રુત છે, તેનું=તે શ્રુતનું, ગ્રહણ કરનાર બીજા કોઈ નથી અને તે બેના વ્યવચ્છેદને જાણીને=આચાર્યપદ અને પોતાની પાસે જે વિશેષ શ્રુત છે તે બેના વ્યવચ્છેદને જાણીને, સ્વયં જ તેને=મેધાવી એવા શૈક્ષને, પોતાના દિગ્બંધને કરે=પોતાના શૈક્ષને કરે. પરંતુ પૂર્વમાં અભિધારિતની પાસે મોકલે નહિ=આવનાર સાધુએ જે આચાર્યને અભિધારિત કર્યા છે, તેમની પાસે તે શૈક્ષને મોકલે નહિ.**

**ભાવાર્થ :-**

'प्रतिषेधके' प्रतिषेधं ..... प्रागभिधारितानां पार्श्वे प्रेषयेत् । સુધીનો ભાવાર્થ નીચે મુજબ છે –

સુસાધુ અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરે તો સંયમસ્થાનની વૃદ્ધિ થાય છે અને ઉચિત પ્રવૃત્તિ ક્યારેક ઉત્સર્ગરૂપ હોય છે તો ક્યારેક અપવાદરૂપ પણ હોય છે અને તે અપવાદરૂપ પ્રવૃત્તિ કષાયને વશ થતી નથી, પરંતુ ગુણવૃદ્ધિના ઉપાયરૂપે જ થાય છે. વળી, ગાથા-૭માં છટ્ઠા અતિચારમાં કહ્યું કે માર્ગમાં કોઈ આચાર્ય જ્ઞાન અર્થે જનારા મેધાવી સાધુને પ્રતિષેધને કરે અને સાતમા અતિચારમાં કોઈ આચાર્ય પર્ષદાને કરે અને તેમ કરીને તે મેધાવી સાધુને પોતાની પાસે રાખે તો તેમને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. તે અવિધિને આશ્રયીને કહેવાઈ. તેથી તે અતિચારમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. પરંતુ વિધિપૂર્વક કારણે કોઈ આચાર્ય તે પ્રકારની પ્રવૃત્તિ કરે તો પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી. શિષ્યના લોભથી કે આ મેધાવી છે માટે મારી પાસે ભણે એવા લોભથી જ્ઞાન માટે જતા એવા તે મેધાવી સાધુને વારણ કરતા નથી, પરંતુ તે આચાર્યને જ્ઞાત છે કે જેમની પાસે આ મેધાવી ભણવા જાય છે, તેઓ બહુશ્રુત છે તોપણ પાસત્થાદિ દોષવાળા છે. તેથી પાસત્થાદિ પાસે ભણવાનું અપવાદિક પ્રયોજન ન હોય તો આરાધક સાધુ-સુસાધુની પાસે જ ભણે. જેથી પાસત્થાદિના સંસર્ગજન્ય કોઈ દોષોની પ્રાપ્તિ થાય નહિ. તેના નિવારણના આશયથી તે આચાર્ય શિષ્યોને કહીને કે સ્વયં કહીને કે અન્ય રીતે પણ તે મેધાવી સાધુને અભિધારિત આચાર્ય પાસે જતા રોકીને પોતાની પાસે રાખે છે. તે વખતે તે આચાર્યને તે મેધાવી સાધુના હિત કરવા માત્રનો જ આશય છે, અન્ય કોઈ આશય નથી અને તે આશય તેમને ત્યાં જતા રોકીને પોતાની પાસે રાખવાથી જ સફળ થાય છે. તેથી અપવાદથી આ રીતે પોતાની પાસે રાખવામાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી.

વળી, તે શિષ્ય ભણવા માટે જઈ રહ્યા છે અને માર્ગમાં કોઈ યોગ્ય જીવ તેમના ઉપદેશને સાંભળીને ભવથી વિરક્ત થયેલ હોય અને તેને સાથે લઈને તે મહાત્મા આવતા હોય અને નિર્દોષ વસ્ત્રાદિ ઉપધિ પણ મળેલ હોય અને વિચારે કે ગચ્છમાં ઉપકારક થશે. તેથી લઈને આવતા હોય તો તે શિષ્ય અને ઉપધિ શાસ્ત્રવચનાનુસાર અભિધારિત આચાર્યનું આભાવ્ય થાય. તેથી તે આચાર્ય તે મેધાવી સાધુને અધ્યયન અર્થે પોતાની પાસે રાખે તો તે શૈક્ષને અને તે ઉપધિને ઉત્સર્ગથી અવશ્ય તે અભિધારિત આચાર્યને આપે, પોતે ગ્રહણ કરે નહિ; કેમ કે તે અભિધારિત આચાર્ય બહુશ્રુત છે, કોઈક નિમિત્તે પ્રમાદવશ પાસત્થાદિ દોષવાળા છે તોપણ તેમના ગચ્છમાં રહેલ સુસાધુ સાથે રહીને તે શૈક્ષ આત્મહિત સાધી શકે તેમ છે માટે

પોતાની પાસે રાખે નહિ. પરંતુ, તેમનું આભાવ્ય હોવાથી તેમને મોકલે.

વળી, અચિત્ત એવા વસ્ત્રાદિ અશિવાદિના કારણોથી પોતાને પ્રાપ્ત થયા ન હોય તો અપવાદથી પોતે પણ ગ્રહણ કરે અથવા અપવાદથી જેટલું ઉપયોગી હોય, તેટલું ગ્રહણ કરીને શેષ અભિધારિત આચાર્યને મોકલે.

વળી, મેધાવી સાધુ સાથે આવેલા શૈક્ષના વિષયમાં પણ અપવાદ બતાવે છે. પોતાના ગચ્છમાં કોઈ આચાર્યપદ યોગ્ય નથી અને પોતાની પાસે રહેલું શ્રુત કોઈ ગ્રહણ કરી શકે તેમ નથી અને આ આવેલ શૈક્ષ તે બેને અનુકૂળ શક્તિવાળો છે ત્યારે પણ શિષ્યના પ્રલોભનથી કે તેને મેધાવી જોઈને પ્રલોભનથી પોતાનો શિષ્ય કરે નહિ. ફક્ત આચાર્યપદના અને શ્રુતના અવ્યવચ્છેદના ઉપાય તરીકે જ તે શિષ્યને અપવાદથી પોતાનો શિષ્ય કરે. એથી ફલિત થાય કે અપવાદ પણ એકાંતે યોગ્ય જીવોના હિત માટે હોય છે કે શાસનના અવિચ્છેદ અર્થે હોય છે. પરંતુ કષાયને વશ કરાયેલી પ્રવૃત્તિ ક્યારેય અપવાદ બને નહિ.

**ટીકાર્થ :-**

**तथाऽऽचार्यो ..... शुद्ध इति ।। અને જે આચાર્ય સ્વયં એકાકી છે અથવા મંદ ધર્મવાળા શિષ્યો ગુરુના વ્યાપારને વહન કરતા નથી, ત્યારે તે આચાર્ય સંવિગ્ન કે અસંવિગ્ન જે કોઈ સહાયને ગ્રહણ કરતા પર્ષદાવાનપણાને કરતા દોષવાળા નથી અથવા મંદ ધર્મવાળા શ્રાવકો વસ્ત્ર-પાત્રાદિને આપતા નથી, ત્યારે લબ્ધિસંપન્ન શિષ્યને અથવા જેને તેને ગ્રહણ કરતાં=લબ્ધિસંપન્ન ન હોય છતાં કંઈક દોષો સેવીને પણ જીવનવ્યવસ્થામાં ઉપકારક વસ્ત્ર-પાત્રાદિને લાવી આપે તેવા શિષ્યને ગ્રહણ કરતાં, દોષભાક્ નથી અથવા દુર્ભિક્ષાદિ કાલને અથવા દીર્ઘ માર્ગને પ્રાપ્ત કરીને જે તે ઉપગ્રહ કરનારા શિષ્યોને=દુર્ભિક્ષાદિમાં કે દીર્ઘ માર્ગમાં સંયમનો ઉપકાર કરે તેવા શિષ્યોને, ગ્રહણ કરતાં દોષવાળા નથી. આ રીતે પર્ષદાને કરતા આચાર્ય પ્રતીચ્છકના સચિત્તાદિ અભિધારિત આચાર્ય પાસે મોકલે અર્થાત્ પૂર્વમાં કહ્યું તે કારણે તે આચાર્ય પર્ષદાને કરતા હોય અને મેધાવી સાધુ વિહાર કરીને ત્યાંથી જતા હોય ત્યારે પૂર્વના કોઈક કારણે તેને પોતાની પાસે ભણવા રાખે, ત્યારે તે મેધાવી સાધુને માર્ગમાં જે સચિત્ત શિષ્ય કે અચિત્ત ઉપધિ મળેલી હોય તે સર્વ, જે આચાર્ય પાસે તે મેધાવી સાધુ અધ્યયન અર્થે જવાના હતા, તેમને મોકલે અથવા પૂર્વમાં કહેલ કારણ હોતે છતે સ્વયં પણ ગ્રહણ કરે=તે ઉપધિ કે સચિત્ત મેધાવી શૈક્ષને સ્વયં પણ ગ્રહણ કરે. પ્રતીચ્છક પણ=ભણવા અર્થે જનાર મેધાવી સાધુ પણ, જે આચાર્યને અભિધારણ કરીને જાય છે, તે આચાર્ય કાળ કરી ગયા છે, એમ સાંભળીને અથવા જ્યાં જવાની ઈચ્છા છે, ત્યાં માર્ગમાં અશિવાદિને સાંભળીને=રોગાદિ ઉપદ્રવોને સાંભળીને, પ્રતિષેધકની પાસે અથવા પર્ષદાવાળા અન્યની પાસે પ્રવેશ કરતો શુદ્ધ છે. ॥૧૪॥**

**ભાવાર્થ :-**

तथाऽऽचार्यो यः ..... शुद्ध इति ।।

કોઈ આચાર્ય ભગવાનના વચનથી અત્યંત ભાવિત હોય, તેથી ભગવાનના વચનાનુસાર ઉત્સર્ગ

અપવાદનું ઉચિત યોજન કરીને પ્રવૃત્તિ કરતા હોય તેવા આચાર્ય સ્વયં એકાકી હોય, શિષ્યો મંદ ધર્મવાળા હોવાથી ગુરુના વ્યાપારને કરતા ન હોય ત્યારે પોતાની સમાધિની વૃદ્ધિ કરવાર્થે કે અન્ય કોઈ વિશેષ લાભ જણાય તદર્થે સંવિગ્ન-અસંવિગ્ન પર્ષદાને કરતા હોય, ત્યારે કષાયવશ પર્ષદા કરતા નથી. જિનવચનનું સમ્યગ્ અવલંબન કરીને જે રીતે સ્વ-પરનું હિત થાય, તે રીતે પ્રવૃત્તિ કરનારા છે, તેથી દોષવાળા નથી. સ્વમતિથી ભગવાનના વચનનું અવલંબન લઈને પોતાના સુખશીલ સ્વભાવનું પોષણ કરવાર્થે કે પર્ષદા કરવા અર્થે કરે તો દોષની પ્રાપ્તિ થાય.

વળી, પ્રતીચ્છક એવા મેધાવી સાધુ પણ જે આચાર્ય પાસે ભણવા માટે જઈ રહ્યા છે, તેને છોડીને અન્ય પાસે રહેવાનું કોઈ પ્રબળ આલંબન ન હોય છતાં રહે તો અતિચારની પ્રાપ્તિ થાય. પરંતુ તે આચાર્ય કાળગત કરી ગયા છે ઇત્યાદિ કોઈક કારણે પ્રતિષેધક પાસે રહે કે પર્ષદાવાળા પાસે રહે તોપણ શુદ્ધ જ છે. **॥૧૪॥**

**અવતરણિકા :-**

**अत्राभाव्यानाभाव्यविशेषं बिभणिषुराह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=જે સાધુ અધિક શ્રુત માટે કોઈક આચાર્ય પાસે જાય છે એના વિષયમાં, આભાવ્ય-અનાભાવ્યના વિશેષને કહેવાની ઇચ્છાવાળા કહે છે –**

**ગાથા :-**

**दुविहो सो उ वियत्तो, अवियत्तो चेव होइ वच्चंतो ।**
**मग्गिल्लेऽणच्चंतियलाभो वत्तस्स पुरिमम्मि ।।१५।।**

**અન્વયાર્થ :-**

**वच्चंतो सो उ=વળી જનાર તે=પ્રતીચ્છક, दुविहो=બે પ્રકારે છે, वियत्तो अवियत्तो होइ=વ્યક્ત અને અવ્યક્ત હોય છે, अणच्चंतियलाभो=અનાત્યંતિકનો લાભ, मग्गिल्ले=પૂર્વના આચાર્યમાં જાય છે. वत्तस्स पुरिमम्मि=વ્યક્તનો પાછળના આચાર્યમાં જાય છે. ।।૧૫।।**

**ગાથાર્થ :-**

**તે=પ્રતીચ્છક, બે પ્રકારે છે. વ્યક્ત અને અવ્યક્ત હોય છે. અનાત્યંતિકનો લાભ પૂર્વના આચાર્યમાં જાય છે. વ્યક્તનો પાછળના આચાર્યમાં જાય છે. ।।૧૫।।**

**ટીકા :-**

**'दुविहो'त्ति । स च व्रजन् प्रतीच्छको द्विविधो व्यक्तोऽव्यक्तश्च । तत्राव्यक्तो द्विधा–श्रुतेन वयसा**

च, श्रुतेनागीतार्थः, वयसा षोडशवर्षाणामर्वाग् वर्त्तमानः, तद्विपरीतो व्यक्तः । अत्र व्यक्ताव्यक्ताभ्यां चतुर्भङ्गी भवति-श्रुतेनाप्यव्यक्तो वयसाऽप्यव्यक्तः १, श्रुतेनाव्यक्तो वयसा व्यक्तः २, श्रुतेन व्यक्तो वयसाऽव्यक्तः ३, श्रुतेन व्यक्तो वयसाऽपि व्यक्तः ४, इति । अत्र चाचार्यैः पूर्यमाणेषु साधुषु व्यक्तस्यापि सहाया दातव्याः किं पुनरितरस्य ? इति स्थितिः । ते च द्विविधा भवन्ति-आत्यन्तिका अनात्यन्तिकाश्च । आत्यन्तिका नाम ये तेन सार्द्धं तत्रैवासितुकामाः, ये तु तं मुक्त्वा प्रतिनिवर्त्तिष्यन्ते तेऽनात्यन्तिकाः । तत्रानात्यन्तिकसहायलब्धिजनितो लाभः 'मग्गिल्ले'त्ति यस्य सकाशात् प्रस्थितस्तस्मिन्नात्मीयाचार्ये व्रजति । व्यक्तस्य स्वलब्ध्युत्पादितो लाभश्च 'पुरिमे' यस्याचार्यस्याभिमुखं व्रजति तस्मिन् पुरोवर्त्तिन्यभिधारिते आचार्ये ।।१५।।

**ટીકાર્થ :-**

स च ..... आचार्ये ।। અને જતા એવા તે=શ્રુત અધ્યયન અર્થે જનાર પ્રતીચ્છક, બે પ્રકારના છે. (૧) વ્યક્ત અને (૨) અવ્યક્ત. ત્યાં અવ્યક્ત બે પ્રકારે છે : (૧) શ્રુતથી અને (૨) વયથી. શ્રુતથી અગીતાર્થ અવ્યક્ત છે અને વયથી સોળ વર્ષ પૂર્વે વર્તતા સાધુ અવ્યક્ત છે. તેનાથી વિપરીત=શ્રુત અને વયમાં અવ્યક્ત કહ્યા તેનાથી વિપરીત, વ્યક્ત છે. અહીં=શ્રુત અને વયને આશ્રયીને વ્યક્ત-અવ્યક્તની વિચારણામાં, વ્યક્ત-અવ્યક્ત દ્વારા ચાર ભાંગા થાય છે.

(૧) શ્રુતથી પણ અવ્યક્ત અને વયથી પણ અવ્યક્ત,

(૨) શ્રુતથી અવ્યક્ત વયથી વ્યક્ત,

(૩) શ્રુતથી વ્યક્ત વયથી અવ્યક્ત,

(૪) શ્રુતથી વ્યક્ત અને વયથી પણ વ્યક્ત.

અને અહીં આચાર્ય વડે પૂર્યમાણ સાધુ હોતે છતે=પોતાના સમુદાયમાં પૂરતા સાધુ હોતે છતે, વ્યક્તને પણ સહાય આપવી જોઈએ=વ્યક્ત સાધુ શ્રુતઅધ્યયન માટે અભિધારિત સાધુ પાસે જતા હોય ત્યારે એકલા મોકલવા જોઈએ નહિ, પરંતુ વ્યક્ત એવા સાધુને પણ સહાયક સાધુ આપવા જોઈએ. ઈતરને વળી શું ?=અવ્યક્તને તો અવશ્ય આપવા જોઈએ, એ પ્રમાણે સ્થિતિ છે=આ પ્રમાણે વ્યવસ્થા છે અને તેઓ=સહાયક સાધુઓ બે પ્રકારના છે. (૧) આત્યંતિક અને (૨) અનાત્યંતિક. આત્યંતિક એટલે જે સાધુઓ તેની સાથે=અધ્યયન અર્થે જનારા સાધુ સાથે, ત્યાં જ= તે મહાત્મા અધ્યયન માટે ઉપસંપદા સ્વીકારીને રહેશે ત્યાં જ, રહેવાની કામનાવાળા છે. વળી, જે સાધુઓ તેને મૂકીને=અધ્યયન માટે જનારા સાધુને ઉપસંપદા આપનારા આચાર્ય પાસે મૂકીને, પ્રતિનિવર્તન પામશે તે સાધુઓ અનાત્યંતિક છે. ત્યાં=આત્યંતિક અને અનાત્યંતિક સહાયક સાધુમાં, અનાત્યંતિક સહાયવાળા સાધુની લબ્ધિથી જનિત લાભ=જે સાધુ પાછા ગુરુ પાસે જવાના છે તેવા મહાત્માને લાભાંતરાયના ક્ષયોપશમરૂપ લબ્ધિથી જનિત યોગ્ય શિષ્યનો લાભ કે સંયમને ઉપષ્ટંભક

**વસ્ત્રાદિનો લાભ, જે ગુરુ પાસેથી પ્રસ્થિત છે, તે આચાર્યમાં જાય છે અર્થાત્ તે લાભ પોતાના મૂળ ગુરુનું આભાવ્ય થાય છે. વ્યક્તનો સ્વલબ્ધિથી ઉત્પાદિત લાભ=ભણવા માટે જનાર ગીતાર્થ સાધુને પોતાની લબ્ધિથી પ્રાપ્ત થયેલો લાભ, જે આચાર્યની સન્મુખ થાય છે તે ઉપસંપદા આપનારા પૂર્વવર્તી અભિધારિત આચાર્યમાં જાય છે. ।।૧૫।।**

**ભાવાર્થ :-**

સુસાધુ નિઃસ્પૃહ પરિણામની વૃદ્ધિ અર્થે સંયમમાં યત્ન કરતા હોય છતાં સંયમને ઉપષ્ટંભક એવા શિષ્યનો લાભ કે વસ્ત્રાદિનો લાભ કોનું આભાવ્ય થાય અને કોનું અનાભાવ્ય થાય, તેનો નિર્ણય કરીને શાસ્ત્રવચનાનુસાર જેઓ યત્ન કરે છે, તેમને ભગવાનની આજ્ઞા પ્રવર્તક હોવાથી સંયમની શુદ્ધિની પ્રાપ્તિ થાય છે. તેથી પ્રસ્તુતમાં જ્ઞાન-અધ્યયન માટે જનારા સાધુ વિષય આભાવ્ય અનાભાવ્યનો વિશેષ બતાવતાં કહે છે.

ભણવા માટે જનાર સાધુ વ્યક્ત-અવ્યક્ત હોય છે અને વ્યક્ત ગીતાર્થ સાધુ છે અને અવ્યક્ત-અગીતાર્થ સાધુ છે અને વયથી વ્યક્ત સોળ વર્ષના સાધુ છે અને તેનાથી પૂર્વના અવ્યક્ત છે અને જે આચાર્ય વ્યક્તને કે અવ્યક્તને ભણવા માટે મોકલતા હોય, ત્યારે પોતાના ગચ્છમાં પૂરતા સાધુ હોય તો વ્યક્તને પણ સહાયક સાધુ આપે છે અને સહાયક સાધુ કેટલાક આત્યંતિક હોય છે, જેઓ તે મહાત્મા ભણવા માટે જેટલો કાળ ત્યાં રહેશે, તેટલો કાળ તેઓની સાથે ત્યાં રહેશે. તેઓ આત્યંતિક સાધુ છે અને મોકલનાર આચાર્ય લાભાલાભ, હિતાહિતનો ઉચિત વિચાર કરીને જેનાથી અધિક લાભ જણાય, તે પ્રમાણે આત્યંતિક સાધુને કે અનાત્યંતિક સાધુને મોકલે છે. સ્વઇચ્છાનુસાર મોકલતા નથી. જો શ્રુતનું સમાલોચન કર્યા વગર સ્વઇચ્છાનુસાર મોકલે અને તે ઉચિત પ્રવૃત્તિરૂપ પણ હોઈ શકે તોપણ તે મોકલવાની પ્રવૃત્તિમાં સ્વઇચ્છારૂપ મોહપ્રવર્તક હોવાથી કર્મબંધની જ પ્રાપ્તિ થાય. આથી સુવિહિતો શ્રુતનું સ્મરણ કરીને શ્રુતથી નિયંત્રિત જ પ્રવૃત્તિ કરે છે. વળી, તે સાધુ સાથે જનારા અનાત્યંતિક સહાયક હોય તેવા સાધુ જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરતા હોય અને તેમના લાભાંતરાયના ક્ષયોપશમરૂપ લબ્ધિના બળથી કોઈ યોગ્ય શિષ્ય પ્રાપ્ત થયો હોય કે નિર્દોષ વસ્ત્રાદિ પ્રાપ્ત થયા હોય, તે સર્વ જે આચાર્ય પાસેથી નીકળ્યા છે, તેમનું આભાવ્ય થાય છે અને ભણનાર સાધુ વ્યક્ત હોય અને તેમને સ્વલબ્ધિથી ઉત્પાદિત શિષ્ય કે વસ્ત્રાદિનો લાભ થાય તે સાધુ જેમની પાસે ભણવા જાય છે, તેમનું આભાવ્ય થાય છે. આ પ્રકારે શ્રુતાનુસાર ઉચિત વ્યવહાર કરવામાં આવે તો સ્વીકારનાર તે આચાર્યને પણ શિષ્યમાં કે વસ્ત્રાદિમાં મમત્વ થતું નથી અને આપનારને પણ મેં પ્રાપ્ત કરેલું અને મારે આપી દેવું પડે છે, એ પ્રકારનો પરિણામ પ્રાપ્ત થતો નથી; કેમ કે ભગવાનની આજ્ઞાનું સ્મરણ જ બન્ને માટે પ્રવર્તક છે. **॥૧૫॥**

**ગાથા :-**

**खेत्तविवज्जिअमच्चंतिएसु लद्धं च गच्छइ पुरिल्ले ।**
**मग्गिल्लेऽणच्चंतियसहिओ जा णऽप्पिओऽवत्तो ।।१६।।**

**અન્વયાર્થ :-**

अच्चंतिएसु=આત્યંતિક સાધુઓમાં, खेत्तविवज्जिअम्=ક્ષેત્રવિવર્જિત, लद्धं=પ્રાપ્ત, गच्छइ पुरिल्ले= અભિધારિત આચાર્યમાં જાય છે, अणच्चंतियसहिओ अवत्तो च=અનાત્યંતિક સહાયવાળા અવ્યક્ત સાધુ, जा=જ્યાં સુધી, अप्पिओ ण=અર્પિત નથી ત્યાં સુધી, मग्गिल्ले=પૂર્વમાં=પોતાના પૂર્વના આચાર્યમાં જાય છે. ॥૧૬॥

**ગાથાર્થ :-**

**આત્યંતિક સાધુઓમાં ક્ષેત્રવિવર્જિત પ્રાપ્ત અભિધારિત આચાર્યમાં જાય છે. અનાત્યંતિક સહાયવાળા અવ્યક્ત સાધુ જ્યાં સુધી અર્પિત નથી, ત્યાં સુધી પૂર્વમાં=પોતાના પૂર્વના આચાર્યમાં, જાય છે. ॥૧૬॥**

**ટીકા :-**

'खेत्तविवज्जिअ'मिति । आत्यन्तिकेषु सहायेषु सत्सु लब्धं च तेन सचित्तादिकं 'पुरिल्ले' अभिधारिताचार्ये गच्छति, किम्भूतम् ? 'क्षेत्रविवर्जितम्' परक्षेत्रलाभरहितम्, परक्षेत्रे लब्धं तु क्षेत्रिकस्यैवाभवतीत्यर्थः । अव्यक्तस्य तु नियमेनैव सहाया दीयन्ते, ते च यस्यानात्यन्तिकास्तं तत्र नीत्वा निवर्त्तन्त इति यावत्तत्सहितोऽव्यक्तो यावन्नार्पितो भवति तावत्तेन तैश्च लब्धं 'मग्गिल्ले' आत्मीयाचार्ये गच्छति । परक्षेत्रलाभस्तु क्षेत्रिकस्यैव । यस्य चात्यन्तिकाः सहायास्तैस्तेन च लब्धमभिधारितस्यैवाभाव्यमिति ॥१६॥

**ટીકાર્થ :-**

आत्यन्तिकेषु ..... भाव्यमिति ॥ આત્યંતિક સહાયક હોતે છતે તેના વડે=આત્યંતિક સહાયક સાધુ વડે, પ્રાપ્ત થયેલું સચિત્તાદિ અભિધારિત આચાર્યમાં જાય છે=જે આચાર્ય પાસે ભણવા માટે જાય છે, તે આચાર્યનું આભાવ્ય થાય છે. અભિધારિત આચાર્ય પાસે જાય છે ત્યારે કેવા પ્રકારનું સચિત્તાદિ અભિધારિત આચાર્યનું થાય છે. એથી કહે છે – 'ક્ષેત્રવિવર્જિત'=પરક્ષેત્રના લાભથી રહિત, અભિધારિત આચાર્યમાં જાય છે. કેમ ક્ષેત્રવિવર્જિત કહ્યું ? એથી કહે છે. વળી, પરક્ષેત્રમાં પ્રાપ્ત થયેલું=માર્ગમાં આવતા કોઈક ક્ષેત્રમાં કોઈક મહાત્મા માસકલ્પાદિ કરીને રહેલા હોય તે તેઓનું ક્ષેત્ર છે અને તે ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલું તે ક્ષેત્રિકનું જ થાય છે=તે ક્ષેત્રમાં વિહાર કરીને આવેલા તે સાધુમાંથી કોઈ સાધુને વસ્ત્ર કે શિષ્યાદિ પ્રાપ્ત થાય તોપણ તે ક્ષેત્રમાં માસકલ્પથી રહેલા ક્ષેત્રિક સાધુને જ તેઓ આપે છે, સ્વયં ગ્રહણ કરતા નથી; કેમ કે તેઓનું આભાવ્ય છે માટે ક્ષેત્રવર્જિત શેષ અભિધારિત આચાર્યનું થાય છે. વળી, અવ્યક્ત ભણવા માટે જનાર હોય તો તેને નિયમથી જ સહાય અપાય છે=અધ્યયન માટે જનાર વયથી અવ્યક્ત હોય કે શ્રુતથી અવ્યક્ત હોય, તેને નિયમથી

**જ સહાય અપાય છે અને જેના=અવ્યક્ત શ્રુત અધ્યયન માટે જનારા સાધુના, તે અનાત્યંતિકો હોય=સહાયક સાધુઓ અનાત્યંતિકો હોય, તેઓ તેમને=શ્રુતઅધ્યયન કરનાર સાધુને, ત્યાં મૂકીને= ઉપસંપદા આપનારા સાધુને ત્યાં મૂકીને, નિવર્તન પામે છે. જ્યાં સુધી તત્સહિત અવ્યક્ત છે=મૂકવા માટે આવેલા સહાયક સાધુઓ સહિત અવ્યક્ત છે જ્યાં સુધી અર્પિત થતા નથી=અધ્યયન માટે ઉપસંપદા આપનાર આચાર્યને અર્પિત થતા નથી, ત્યાં સુધી તેમના વડે=ભણવા માટે જનારા સાધુ વડે અને તેમના સહાયક સાધુઓ વડે=ભણવા જનારા સાધુ સાથે મૂકવા માટે આવનારા સાધુઓ વડે પ્રાપ્ત કરાયું=માર્ગમાં સચિત્ત એવા શિષ્ય કે અચિત્ત એવાં વસ્ત્રાદિ પ્રાપ્ત કરાયાં, તે આત્મીય આચાર્યમાં જાય છે. વળી, પરક્ષેત્રનો લાભ ક્ષેત્રિકને જ પ્રાપ્ત થાય છે=માસકલ્પ માટે રહેલા હોય અને માર્ગમાં આવતા તે સાધુને માસકલ્પવાળા સાધુના ક્ષેત્રમાં જે લાભ થયો હોય તે, માસકલ્પ માટે રહેલા સાધુનું ક્ષેત્ર હોવાથી તેમને પ્રાપ્ત થાય છે અને જેમને=અધ્યયન કરનાર સાધુને, અત્યંત સહાયક છે=તે અધ્યયન કરવા ત્યાં રહેશે ત્યાં સુધી તેઓ પણ રહેશે. તેવા જે અત્યંત સહાયક છે, તેઓ વડે=આત્યંતિક સહાયક સાધુઓ વડે અને તેમના વડે=અવ્યક્ત અધ્યયન માટે જનારા સાધુ વડે, પ્રાપ્ત થયેલું અભિધારિત આચાર્યનું જ આભાવ્ય થાય છે. ।।૧૬।।**

**ભાવાર્થ :-**

સુસાધુ નિઃસ્પૃહતાની વૃદ્ધિ અર્થે જ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે અને નિઃસ્પૃહતાની વૃદ્ધિ સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિથી થાય છે. તેથી જ્ઞાન અર્થે ઉપસંપદા સ્વીકારનાર સાધુ વિષયક આભાવ્ય-અનાભાવ્યની શું વ્યવસ્થા છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવેલ છે અને તેનું સ્મરણ કરીને તે પ્રકારે જે સાધુઓ માર્ગમાં પ્રાપ્ત થયેલ શિષ્યને કે ઉપધિને આશ્રયીને આભાવ્ય-અનાભાવ્યનો નિર્ણય કરીને વ્યવહાર કરે છે, તેઓ આરાધક બને છે. પરંતુ સ્વમતિથી વિકલ્પ કરીને ક્વચિત્ પોતાનું આભાવ્ય હોવા છતાં મારે ઉદારતા દાખવવી જોઈએ તેમ વિચારીને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરવાની પરિણતિવાળા હોય તો વિરાધક બને છે. આથી જ આરાધક સાધુ પણ પોતાનું આભાવ્ય થતું હોવા છતાં વિશેષ લાભ દેખાય તો બીજાને આપે છે અને બીજાનું હોવા છતાં વિશેષ લાભ દેખાય તો અપવાદથી સ્વ માટે પણ રાખે છે. **।।૧૬।।**

**ગાથા :-**

**एगोऽणुग्गहखित्ते, लभइ सचित्तं तयं तु पुरिमस्स ।**
**वच्चंतम्मि गिलाणे, साहारणमागयाण भवे ।।१७।।**

**અન્વયાર્થ :-**

**ऽणुग्गहखित्ते=અનવગ્રહ ક્ષેત્રમાં=અન્ય આચાર્યના અવગ્રહ રહિત ક્ષેત્રમાં, एगो=એક=વ્યક્ત એકાકી જનાર સાધુ, सचित्तं लभइ=સચિત્તને પ્રાપ્ત કરે છે, तयं तु पुरिमस्स=તે આગળના આચાર્યનું થાય છે= અભિધારિત આચાર્યનું થાય છે, वच्चंतम्मि गिलाणे=માર્ગમાં જતાં ગ્લાન થયે છતે=ઉપસંપદા માટે**

જતા સાધુ ગ્લાન થયે છતે, आगयाण साहारणम् भवे=આવેલાનું સાધારણ થાય=ગ્લાન સાધુની ગવેષણા માટે આવેલા બે-ત્રણ આચાર્યનું સાધારણ થાય. ।।૧૭।।

**ગાથાર્થ :-**

**અનવગ્રહ ક્ષેત્રમાં=અન્ય આચાર્યના અવગ્રહ રહિત ક્ષેત્રમાં, એક=વ્યક્ત એકાકી જનાર સાધુ, સચિત્તને પ્રાપ્ત કરે છે. તે આગળના આચાર્યનું થાય છે=અભિધારિત આચાર્યનું થાય છે. માર્ગમાં જતા ગ્લાન થયે છતે=ઉપસંપદા માટે જતા સાધુ ગ્લાન થયે છતે, આવેલાનું સાધારણ થાય=ગ્લાન સાધુની ગવેષણા માટે આવેલા બે-ત્રણ આચાર્યનું સાધારણ થાય. ।।૧૭।।**

**ટીકા :-**

'एगो'त्ति । द्वितीयपदे खल्वपूर्यमाणेषु साधुषु श्रुतेन वयसा च व्यक्तस्य सहायान्न दद्यादप्याचार्यः, तस्य व्रजिकादावप्रतिबध्यमानस्योपधिर्नोपहन्यते, अन्यथा तूपहन्यते, स चैको व्रजन्ननवग्रहेऽन्याचार्यावग्रहरहिते क्षेत्रे यत् सचित्तं लभते तत् 'पुरिमस्य' अभिधारिताचार्यस्याभवति । योऽसौ ज्ञानार्थं व्रजति स द्वौ त्रीन् वाऽऽचार्यान् कदाचिदभिधारयेदेतेषामन्यतरस्य यथारुच्युपसम्पदं ग्रहीष्यामीति, स चान्तरा ग्लानो जातस्ततो व्रजति ग्लाने सत्यस्मानभिधार्यागच्छन् साधुः पथि ग्लानो जात इति श्रुतवतां तद्गवेषणाय द्वित्र्या(त्रा)दीनामभिधारिताचार्याणां समागतानां साधारणं तल्लब्धं सचित्तादि भवति । यदि चैक एवागतस्ततोऽनागतस्य चतुर्गुरु न च किञ्चिदसौ लभते, यस्तं गवेषयितुमागतस्तस्य सर्वमाभवति, कालगतेऽपि तत्र गवेषयितुमागतस्यैवाभवति नेतरेषाम् । अथासौ विपरिणतस्ततो यस्य विपरिणतः स न लभते, यत्पुनः सचित्तादिकमभिधारणभावे लब्धं पश्चाद्विपरिणतस्तदविपरिणते भावे लब्धमभिधार्यो लभते न तु विपरिणत इति दृश्यम् ।।१७।।

**ટીકાર્થ :-**

द्वितीयपदे ..... दृश्यम् ।। બીજા પદમાં=અપવાદપદમાં અપૂર્યમાણ સાધુ હોતે છતે=જે આચાર્ય યોગ્ય શિષ્યને વિશિષ્ટ શ્રુત અધ્યયન અર્થે અન્ય આચાર્ય પાસે મોકલે છે, તે આચાર્ય પાસે પરિમિત સાધુઓ હોતે છતે, શ્રુતથી અને વયથી વ્યક્ત સાધુને આચાર્ય સહાય ન પણ આપે અર્થાત્ ગીતાર્થ અને સોળ વર્ષથી અધિક વયવાળા સાધુને એકલા પણ અધ્યયન અર્થે મોકલે. ગોકુળ આદિમાં અપ્રતિબદ્ધમાન એવા તેની=એકલા જનાર વ્યક્ત સાધુની, ઉપધિ હણાતી નથી. અન્યથા હોય તો જ હણાય છે=ગોકુળ આદિમાં રાગને વશ કંઈક આહારાદિની પ્રવૃત્તિ કરીને જાય તો તેની ઉપધિ હણાય છે અને તે=વ્યક્ત સાધુ એકલા જતા અનવગ્રહમાં=અન્ય આચાર્યના અવગ્રહ રહિત ક્ષેત્રમાં=માર્ગમાં માસકલ્પાદિ કરીને રહેલા ન હોય તેવા અન્ય આચાર્યના અવગ્રહ રહિત ક્ષેત્રમાં, જે સચિત્તને પ્રાપ્ત કરે છે. તે=તે સચિત્ત શિષ્યો, અભિધારિત આચાર્યના થાય છે=જેમની પાસે

ઉપસંપદા સ્વીકારવાનો નિર્ણય કરીને જાય છે, તે આચાર્યના થાય છે. જે આ=વ્યક્ત સાધુ અધ્યયન માટે જાય છે, તે=તે વ્યક્ત સાધુ બે અથવા ત્રણ આચાર્યનું અભિધારણ કરે અર્થાત્ તે સ્થાનમાં રહેલા બે અથવા ત્રણ આચાર્યની પાસે ભણવાનો વિચાર કરે.

કઈ રીતે વિચાર કરે છે, તે સ્પષ્ટ કરે છે –

આ બે-ત્રણ આચાર્યમાંથી અન્યતરની યથારુચિ હું ઉપસંપદને ગ્રહણ કરીશ=જે પ્રમાણે તેઓ ઉપસંપદા આપશે તે રુચિ અનુસાર તે ઉપસંપદને હું ગ્રહણ કરીશ અને તે=જ્ઞાન માટે જનાર વ્યક્ત સાધુ, માર્ગમાં ગ્લાન થયા. તેથી ગ્લાન એવા તે સાધુ જતે છતે અમોને અભિધારીને આવતા સાધુ માર્ગમાં ગ્લાન થયા છે, એ પ્રમાણે સાંભળનારા તેની ગવેષણા માટે બે-ત્રણ આદિ અભિધારિત આચાર્યોના આવેલા સાધુઓનું તે પ્રાપ્ત થયેલ સચિત્તાદિ સાધારણ થાય છે=અધ્યયન અર્થે આવનાર સાધુ વડે માર્ગમાં પ્રાપ્ત થયેલ સચિત્તાદિ તે બે-ત્રણ આચાર્યનું સાધારણ થાય છે. જો એક જ આવ્યા=તે બે-ત્રણ અભિધારિત આચાર્યમાંથી એક જ આચાર્યના સાધુ આવ્યા અર્થાત્ તે બે-ત્રણ અભિધારિત આચાર્યમાંથી કોઈ એક આચાર્યના સાધુ આવ્યા તો નહિ આવેલા આચાર્યને ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત છે અને કોઈપણ આ=ગવેષણા માટે નહિ આવેલા આચાર્ય કંઈ પણ પ્રાપ્ત કરતા નથી=માર્ગમાં પ્રાપ્ત થયેલ અધ્યયન માટે આવતા સાધુને માર્ગમાં જે સચિત્ત આદિ કાંઈપણ મળ્યું છે તે નહિ આવેલા આચાર્યને પ્રાપ્ત થતું નથી. જે આચાર્ય તેમની ગવેષણા કરવા માટે આવ્યા, તેમનું સર્વ થાય. કાલગત થવા છતાં પણ=જ્ઞાન માટે આવનારા સાધુ માર્ગમાં ગ્લાન થવાથી કાળધર્મ પામ્યે છતે પણ, ત્યાં=ગ્લાન થયેલા સાધુ, ગવેષણા માટે આવેલા આચાર્યનું આભવત્ થાય છે ઈતરનું નહિ=ઈતર બે-ત્રણ અભિધારિત હતા છતાં પણ ગ્લાન સાધુની ગવેષણા કરવા માટે આવ્યા નથી તેમનું થતું નથી. હવે આ=અધ્યયન માટે જનારા સાધુ વિપરિણત થયા=બે-ત્રણ આચાર્યનું અભિધારણ કરીને જતા હોય માર્ગમાં અન્ય કોઈ સુવિહિતના વચનો સાંભળીને તે બે-ત્રણ આચાર્યમાંથી અમુક આચાર્ય પાસે ભણવાના વિષયમાં વિપરીત પરિણામવાળા થયા=અર્થાત્ તેમની પાસે ભણવાના વિષયમાં વિપરીત પરિણામવાળા થયા તો જે આચાર્યને વિપરિણત થયા= જે આચાર્ય પાસે નહિ ભણવાના વિપરિણત પરિણામવાળા થયા, તે=તે આચાર્ય પ્રાપ્ત કરતા નથી=માર્ગમાં મળેલ સચિત્તાદિ તેમનું આભાવ્ય થતું નથી.

વળી, અભિધારણભાવમાં જે સચિત્તાદિ પ્રાપ્ત થયું=તે આચાર્ય પ્રત્યે તે વિપરિણામવાળા થયા ન હતા ત્યારે પ્રાપ્ત થયું. પાછળથી વિપરિણત થયા=ભણવા માટે આવનારા સાધુ તે સચિત્તાદિ પ્રાપ્ત થયા પછી કોઈક નિમિત્તે તે બે-ત્રણમાંથી કોઈક આચાર્ય પાસે ઉપસંપદા લેવાના પરિણામથી વિપરીત પરિણામવાળા થયા, તેના અવિપરીત પરિણામભાવમાં-ભણવા માટે આવનારા સાધુમાં અવિપરિણતભાવમાં, પ્રાપ્ત થયેલું અભિધાર્ય આચાર્ય પ્રાપ્ત કરે છે=તે બે-ત્રણ આચાર્યમાંથી જેના પ્રત્યે વિપરિણત પરિણામવાળા થયા નથી એવા અભિધારિત આચાર્ય પ્રાપ્ત કરે છે પરંતુ વિપરિણત આચાર્ય પ્રાપ્ત કરતા નથી=તે સચિત્તાદિ પ્રાપ્ત કરતા નથી, એ પ્રમાણે જાણવું. ।।૧૭।।

**ભાવાર્થ :-**

કોઈ આચાર્ય પાસેથી શ્રુત અર્થે ગીતાર્થ સાધુ અન્ય આચાર્યની ઉપસંપદા માટે જતા હોય અને તે ગચ્છમાં પરિમિત સાધુઓ હોય તો અપવાદથી આચાર્ય તે ગીતાર્થ સાધુને એકાકી પણ મોકલે અને તે ગીતાર્થ સાધુ ભગવાનના વચનાનુસાર ઉપયોગપૂર્વક અધ્યયન અર્થે જતા હોય છતાં જીવ સ્વભાવે સુંદર આહારાદિ મળે અને શાસ્ત્રનો સુપ્રણિધાનપૂર્વક ઉપયોગ પ્રવર્તતો ન હોય તો માર્ગમાં ગોકુળ આદિમાં તે ગીતાર્થ સાધુને રાગ થવાની સંભાવના રહે છે અને તે રાગ થાય તો તેની ઉપધિ હણાય છે અર્થાત્ એકાકી હોવા છતાં રાગથી આહારાદિ કરે તો જે ઉપધિની તેની માલિકી છે, તે હણાય છે. તેથી પ્રાયઃ ઉપધિ નિષ્પન્ન પ્રાયશ્ચિત્ત તેમને પ્રાપ્ત થતું હશે. તત્ત્વ બહુશ્રુતો જાણે અને જિનવચનમાં પ્રતિબંધને ધારણ કરીને ગોકુળાદિમાં પ્રતિબંધવાળા ન થાય તો ઉપધિ હણાતી નથી.

વળી, માર્ગમાં જતા તે ગીતાર્થ સાધુને કોઈક સચિત્ત વસ્તુ પ્રાપ્ત થાય. પરંતુ તે ક્ષેત્રમાં કોઈ આચાર્ય માસકલ્પાદિ કરતા હોય તો તે ક્ષેત્રનું સચિત્ત તે અવગ્રહવાળા આચાર્યને તે મહાત્મા આપે છે અર્થાત્ પોતાના ઉપદેશથી કોઈ યોગ્ય જીવ ભવથી વિરક્ત થાય અને દીક્ષા લેવા તત્પર થાય, ત્યારે તે ક્ષેત્રમાં વર્તતા માસકલ્પવાળા અન્ય સુવિહિત આચાર્યને તે શિષ્ય આપે છે. પરંતુ સ્વયં તે શિષ્યને ગ્રહણ કરે નહિ; કેમ કે ભગવાનના વચનથી પરિણત તે ગીતાર્થ સાધુ ભગવાનના વચનનું અતિક્રમણ કરીને તેને ગ્રહણ કરે નહિ અને કોઈ આચાર્યનો ત્યાં માસકલ્પ ન હોય એવા અવગ્રહ રહિત ક્ષેત્રમાં તે મહાત્માને સચિત્ત શિષ્ય પ્રાપ્ત થાય તો જેમની ઉપસંપદા લઈને અધ્યયનાર્થે તે મહાત્મા જાય, તેમના તે શિષ્ય થાય છે. તેથી તે ગીતાર્થ સાધુ પણ તે શિષ્યને અવશ્ય તેમને જ સમર્પિત કરે; કેમ કે ભગવાનના વચનથી પરિણત મહાત્મા સ્વમતિથી કોઈ પ્રવૃત્તિ કરતા નથી. તેથી તેમને કઈ પ્રવૃત્તિ કરવી જોઈએ જે ઉચિત વ્યવહાર છે, એ બતાવવા અર્થે પ્રસ્તુતમાં કહ્યું કે માર્ગમાં પ્રાપ્ત થયેલું સચિત્ત અભિધારિત આચાર્યનું થાય છે.

વળી, જ્ઞાનાર્થે જનાર સાધુ બે-ત્રણ આચાર્યનું અભિધારણ કરીને ત્યાં ગયા પછી તે બે-ત્રણમાંથી અન્યતરની ઉપસંપદાને હું મારી રુચિ અનુસાર ગ્રહણ કરીશ તેવો સંકલ્પ કરીને જતા હોય અને માર્ગમાં તે સાધુ ગ્લાન થાય અને જ્ઞાનાર્થ જનારા સાધુથી અભિધારિત તે બે-ત્રણ આચાર્યો "તે સાધુ ગ્લાન થયા છે", એમ જાણીને તેમની પાસેથી કોઈ સાધુઓ ગવેષણા કરવા માટે આવે ત્યારે માર્ગમાં પ્રાપ્ત થયેલ તે સચિત્તાદિ અભિધારિત એવા બે-ત્રણ આચાર્યનું સાધારણ થાય છે. જોકે તે અધ્યયન માટે જનાર સાધુએ સંકલ્પ કરેલ કે તે બે-ત્રણ આચાર્યમાંથી કોઈક એક આચાર્યની સંપદાને યથારુચિ હું ગ્રહણ કરીશ તોપણ અત્યારે તે બે-ત્રણ આચાર્ય જ્ઞાનાર્થે જનારા સાધુના અભિધારિત છે. તેથી તે સચિત્તાદિ બે-ત્રણ આચાર્યનું સાધારણ થાય છે અને જો ગ્લાન થયેલા સાધુની ગવેષણા કરવા માટે એક જ આચાર્યના સાધુ આવ્યા હોય તે સાધુથી અભિધારિત અન્ય આચાર્યોના સાધુ આવ્યા ન હોય તો તેમને ચારગુરુક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે; કેમ કે તે ગ્લાન સાધુની સમાધિની ચિંતા કરવી તે મહાત્માનું કર્તવ્ય છે. છતાં તેની ઉપેક્ષા કરવાથી ચિત્તમાં જે મલિનતા થાય છે, તદ્નિમિત્તક ચારગુરુક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને તેઓ અભિધારિત

હોવા છતાં ગ્લાન સાધુની ગવેષણા કરવા કોઈને નહિ મોકલેલ હોવાથી આવનાર સાધુને માર્ગમાં પ્રાપ્ત થયેલું સચિત્તાદિ તેઓનું આભાવ્ય થતું નથી.

વળી, જ્ઞાનાર્થે આવનાર સાધુ માર્ગમાં ગ્લાન થવાથી કાળ કરી જાય છતાં તેની ગવેષણા માટે આવેલા સાધુ હોય તેમનું આભાવ્ય થાય છે. પરંતુ અભિધારિત પણ ઇતર આચાર્યનું આભાવ્ય થતું નથી. વસ્તુતઃ તેની ગવેષણા માટે જે સાધુ આવ્યા, તેની પૂર્વે તે ગ્લાન સાધુ કાળ કરે છે. તેથી તે ગ્લાન સાધુની ગવેષણા માટે આવનાર સાધુકૃત તે ગ્લાન સાધુને કોઈ ઉપકાર થયો નહિ તોપણ વિશુદ્ધ અધ્યવસાયવાળા હોવાથી તેઓને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી અને સચિત્તાદિ તેમનું આભાવ્ય થાય છે અને તે ગ્લાનની જે અભિધારિત આચાર્ય ઉપેક્ષા કરે છે, તેઓને અધ્યવસાયની મલિનતાકૃત ચારગુરુક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને તેઓનું આભાવ્ય થતું નથી.

વળી, તે આવનાર ગીતાર્થ સાધુ બે-ત્રણ આચાર્યનું અભિધારણ કરીને નીકળેલ છે અને ત્યાં જઈને તે બે-ત્રણ આચાર્યમાંથી જેમની પાસે પોતાને રુચિ થશે. તે પ્રમાણે તેમની ઉપસંપદા ગ્રહણ કરવાના પરિણામવાળા છે. તેના વિષયમાં પણ ટીકામાં કહ્યા પ્રમાણે સર્વ ઉચિત વ્યવહાર કરવો જોઈએ.

અત્યારસુધી જ્ઞાન અર્થે જનારની ઉચિત વિધિ બતાવી તેનો યથાર્થ બોધ કરીને તે પ્રમાણે જ આચરણા મારે કરવી જોઈએ. એ પ્રકારે અત્યંત ભાવન કરીને વર્તમાનના સંયોગમાં પણ શક્ય હોય તે સર્વ તે પ્રમાણે જ આચરણની બલવાન ઇચ્છા જે સાધુઓને છે તે જ સામાયિકના પરિણામની નિષ્પત્તિ અને વૃદ્ધિનું કારણ છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિ પ્રધાન સામાયિકનો પરિણામ છે. **॥૧૭॥**

**ગાથા :-**

**'खित्तम्मि खित्तिअस्सा, बाहिं पुण परिणओ पुरिल्लस्स ।**
**आसज्ज विपरिणामं, कहणेऽणेगाओ मग्गणया ।।१८।।**

**અન્વયાર્થ :-**

**खित्तम्मि खित्तिअस्सा=ક્ષેત્રમાં ક્ષેત્રિકનું થાય છે, पुण बाहिं परिणओ=વળી, બહાર પરિણત=દીક્ષાગ્રહણ કરવા માટે અભિમુખ થયેલો શિષ્ય, पुरिल्लस्स=આગળનો થાય છે=તે ક્ષેત્રમાં આવતા આગળના સાધુનો થાય છે, विपरिणामं आसज्ज=વિપરિણામને આશ્રયીને, कहणेऽणेगाओ=કથનમાં અનેક, मग्गणया= માર્ગણાઓ છે=અનેક વિકલ્પો છે. ॥૧૮॥**

**ગાથાર્થ :-**

**ક્ષેત્રમાં ક્ષેત્રિકનું થાય છે. વળી, બહાર પરિણત=દીક્ષાગ્રહણ કરવા માટે અભિમુખ થયેલો શિષ્ય, આગળનો થાય છે=તે ક્ષેત્રમાં આવતા આગળના સાધુનો થાય છે. વિપરિણામને આશ્રયીને કથનમાં અનેક માર્ગણાઓ છે=અનેક વિકલ્પો છે. ॥૧૮॥**

**ટીકા :-**

'खित्तम्मि'त्ति । पथि गच्छतः सहायो मिलितो मिथ्यादृष्टिर्यदि 'क्षेत्रे' साधुपरिगृहीतक्षेत्रे 'परिणतः' प्रव्रज्याऽभिमुखीभूतस्तदा क्षेत्रिकस्याभवति । क्षेत्राद् बहिः परिणतस्तु 'पुरिल्लस्स' तस्यैव साधोराभवति । विपरिणाममासाद्य कथने त्वनेका मार्गणा भवन्ति । यदि धर्मकथी ऋजुतया कथयति तदा क्षेत्रे परिणतः क्षेत्रिकस्य, अक्षेत्रे परिणतस्तु धर्मकथकस्याभवति । अथ विपरिणते भावे रागेण न कथयति यदा क्षेत्रान्निर्गतो भविष्यति तदा कथयिष्यामि यतो मे आभवतीत्येवं क्षेत्रनिर्गतस्य कथनेऽपि परिणतस्य क्षेत्रकस्यैवाभाव्यत्वमिति विभाषा कर्त्तव्येत्यर्थः ।।१८।।

**ટીકાર્થ :-**

पथि ..... कर्त्तव्येत्यर्थः ।। માર્ગમાં જતાં=જ્ઞાન અધ્યયન અર્થે વ્યક્ત સાધુ માર્ગમાં જતા હોય તેમાં, મળેલ સહાય મિથ્યાદૃષ્ટિ છે=કોઈક જીવ ધર્મજિજ્ઞાસાથી તે મહાત્મા સાથે આવે છે. હજુ ધર્મ પામ્યો નથી, તેવો મિથ્યાદૃષ્ટિ છે, તે જો ક્ષેત્રમાં=સાધુ પરિગૃહીત ક્ષેત્રમાં, પરિણત થાય=પ્રવ્રજ્યા અભિમુખ થાય તો ક્ષેત્રિકનો જ થાય છે અર્થાત્ જ્ઞાન અધ્યયન માટે જનારા સાધુને જૈનધર્મના પરમાર્થને નહિ જાણનાર છતાં તે ત્યાગી છે માટે તેમના પ્રત્યે બહુમાન થવાથી તે ત્યાગી સાથે માર્ગમાં જાય છે છતાં સમ્યક્ત્વ નહિ પામેલ તે વ્યક્તિ કોઈક ક્ષેત્રમાં માસકલ્પ કરીને કોઈ સાધુ રહેલા હોય તે ક્ષેત્રમાં તે મહાત્માના ઉપદેશના બળથી ભાવસાધુના પારમાર્થિક સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તેથી સંયમના પરિણામને અભિમુખ થાય છે ત્યારે તે ક્ષેત્રમાં માસકલ્પ રહેલા સાધુને તે પ્રવ્રજ્યા અભિમુખ શિષ્ય સોંપવો જોઈએ; કેમ કે તેમનું આભવત્ થાય છે.

વળી, ક્ષેત્રથી બહિર્=વિહાર કરીને આવેલા માસકલ્પવાળા ક્ષેત્રમાં આવતા પૂર્વે કે તે ક્ષેત્રમાં વિહાર કરીને અન્ય ક્ષેત્રમાં ગયેલા હોય તેવા ક્ષેત્રથી બહિર્ પરિણત થાય=તે મિથ્યાદૃષ્ટિ જીવ પ્રવ્રજ્યાને અભિમુખ થાય, તો તે સાધુના જ થાય છે=જ્ઞાન માટે જતા જે સાધુથી પરિણત થયો અર્થાત્ તે જીવ પ્રવ્રજ્યાને અભિમુખ પરિણામવાળો થયો તે સાધુનો જ શિષ્ય થાય છે.

વળી, વિપરિણામને આશ્રયીને કથનમાં=કોઈ સાધુ સંયમથી વિપરીત પરિણામવાળા થયા હોય તેને આશ્રયીને કથનમાં, અનેક માર્ગણાઓ થાય છે=કોઈ મહાત્મા ઉપદેશ દ્વારા તેને માર્ગમાં લાવે તો તે વિપરિણત સાધુ ફરી પ્રવ્રજ્યાને અભિમુખ થાય તો કોના થાય તેને આશ્રયીને અનેક વિકલ્પો થાય છે. જો ધર્મકથી ઋજુપણાથી કહે છે, ત્યારે ક્ષેત્રમાં પરિણત ક્ષેત્રિકનો થાય છે અર્થાત્ વિપરિણત સાધુને ધર્મકથી ઋજુ ન હોય તો વિચારે કે આ ક્ષેત્રમાં જો તે પરિણત થશે તો મારો થશે નહિ. તેથી ઉપદેશની શક્તિ હોવા છતાં વક્રતાથી તે ક્ષેત્રમાં કહે નહિ. પરંતુ કોઈ ધર્મકથી તે પ્રકારના પરિણામવાળા ન હોય પરંતુ સરળભાવથી જ્યારે જ્યારે ઉપદેશ આપવાને અનુકૂળ સંયોગ હોય, ત્યારે તેને સંસારનું વાસ્તવિક સ્વરૂપ બતાવીને જે રીતે સંયમને અભિમુખ થાય, તે રીતે ઉપદેશ આપે છે અને ત્યારે તે

**વિપરિણત સાધુ માસકલ્પવાળા ક્ષેત્રમાં પરિણત થાય તો ક્ષેત્રિકનું આભવત્ થાય છે=માસકલ્પવાળા સાધુની પાસે તેને દીક્ષા આપવા માટે સોંપવું જોઈએ.**

**વળી, અક્ષેત્રમાં પરિણત ધર્મકથકનું થાય છે અર્થાત્ ઋજુભાવથી ધર્મકથી વિપરિણત સાધુને માસકલ્પવાળા ક્ષેત્રમાં પણ ઉપદેશ આપે છે છતાં ત્યારે તેને સંયમનો પરિણામ થતો નથી, પરંતુ તે માસકલ્પવાળા સાધુના ક્ષેત્રથી વિહાર કરીને જતા માર્ગમાં ઉપદેશ આપે છે, ત્યારે તેને સંયમનો પરિણામ થાય તો ધર્મકથકનો તે શિષ્ય થાય છે. હવે વિપરિણતભાવ હોતે છતે રાગથી કહેતા નથી= કોઈ સાધુનો વિપરિણતભાવ થયેલો છે. પરંતુ આ ક્ષેત્રમાં ઉપદેશ આપીશ તો તે ક્ષેત્રિકનો થશે, એ પ્રકારના રાગથી ધર્મકથી સાધુ ઉપદેશ આપતા નથી. વળી ક્ષેત્રથી=માસકલ્પમાં રહેલા સાધુના ક્ષેત્રથી નીકળેલા આ સાધુ થશે, ત્યારે હું કહીશ=સંયમમાં સ્થિર થવાને અનુકૂળ ઉપદેશ આપીશ, જેથી મારો થશે=મારો શિષ્ય થશે. આ રીતે ક્ષેત્રથી નિર્ગતને=માસકલ્પવાળા ક્ષેત્રથી નિર્ગત એવા વિપરિણત સાધુને, કથન કરાયે છતે પણ=સંયમમાં સ્થિર કરવાર્થે ઉપદેશ અપાયે છતે પણ, પરિણત સાધુનું આભાવ્યપણું ક્ષેત્રિકનું જ થાય છે. એ પ્રકારે વિભાષા કરવી જોઈએ, એ અર્થ છે=પૂર્વમાં કહેલું કે વિપરિણામને આશ્રયીને કથનમાં અનેક વિકલ્પો છે. તે વિકલ્પો જ કંઈક ત્યારપછી સ્પષ્ટ કર્યા એ રૂપ વિભાષા કરવી જોઈએ. ॥૧૮॥**

**ભાવાર્થ :-**

સુસાધુ મધ્યસ્થ પરિણામવાળા હોય છે. તેથી વસ્ત્ર, પાત્ર, શિષ્ય પ્રત્યે પણ પ્રતિબંધવાળા હોતા નથી. છતાં તે મધ્યસ્થભાવને સ્થિર કરવાર્થે આભાવ્ય વિષયક શું ઉચિત વ્યવહાર તેઓએ કરવો જોઈએ. જેથી મધ્યસ્થભાવ સ્થિર થાય તે બતાવતાં કહે છે.

કોઈ સાધુ જ્ઞાનઅધ્યયન અર્થે કોઈ આચાર્ય પાસે ગુરુના કહેવાથી જાય છે, ત્યારે માર્ગમાં કોઈ મિથ્યાદૃષ્ટિ જીવ તે ત્યાગી સાધુને જોઈને તેમના પ્રત્યે બહુમાનવાળો થાય અને માર્ગમાં સહાયક તરીકે સાથે જાય છે અને માર્ગમાં આવતા કોઈક ક્ષેત્રમાં માસકલ્પ કરવાર્થે કોઈ સાધુ રહેલા હોય તે ક્ષેત્રમાં તે મિથ્યાદૃષ્ટિ જીવને પ્રવ્રજ્યાનો પરિણામ થાય તો તે પ્રવ્રજ્યાના અર્થી જે મહાત્માના ઉપદેશથી પ્રવ્રજ્યાને સન્મુખ થયેલ છે તેમના થતા નથી, પરંતુ તે ક્ષેત્રમાં માસકલ્પ કરીને રહેલા સાધુના શિષ્ય થાય છે. તેથી ભગવાનના વચનના રહસ્યને જાણનાર શ્રુતઅધ્યયન અર્થે જનારા તે મેધાવી સાધુ અવશ્ય તે ક્ષેત્રમાં રહેલા માસકલ્પ કરીને રહેલા સાધુને સોંપે છે. ફક્ત તે માસકલ્પ કરીને રહેનારા સાધુ પાસત્થાદિ દોષવાળા હોય તો તે પ્રવ્રજ્યાને અભિમુખ થનારા જીવને પોતાની પાસે પણ રાખે. જેમ ગાથા-૧૪માં કહેલ કે કોઈક આચાર્યને અભિધારણ કરીને, શ્રુત માટે જનારા તે સાધુ જેમની પાસે જાય છે, તે પાસત્થાદિ દોષથી દુષ્ટ છે. તેથી તે સાધુને તેમની પાસે જતા રોકીને પોતાની પાસે અધ્યયન કરવાર્થે રાખે તોપણ અપવાદથી દોષરૂપ નથી. તેમ તે પ્રવ્રજ્યાને અભિમુખ થયેલ જીવ પાસત્થાદિ પાસે દીક્ષાગ્રહણ કરે તો તેનું અહિત થાય. તેના નિવારણ અર્થે પોતાની પાસે રાખે. તેમાં દોષની પ્રાપ્તિ નથી. આ પ્રકારની

મર્યાદા જે સાધુઓ સ્વયં પાસત્થા નથી, અપ્રમાદથી જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરે છે, તેઓ જ પાલન કરી શકે છે; કેમ કે તેઓ પોતે સર્વત્ર ભગવાનના વચનનું સ્મરણ કરીને મધ્યસ્થભાવની વૃદ્ધિ કરે છે અને તે મધ્યસ્થભાવને સ્થિર કરવાર્થે જ પોતાથી પરિણત એવા તે જીવને તે ક્ષેત્રમાં રહેલા માસકલ્પ કરનારા સાધુને આપે છે. આથી જ ભગવાનના વચન અનુસાર જેમનું આભાવ્ય થતું હોય તેમને તે શિષ્ય આપવાથી જ ઉચિત પ્રવૃત્તિના પાલનરૂપ મધ્યસ્થભાવ વૃદ્ધિ પામે છે.

વળી, જો તે મિથ્યાદૃષ્ટિ જીવ તે ક્ષેત્રિકના ક્ષેત્રમાં પરિણત ન થાય અને તે ક્ષેત્રથી વિહાર કરીને આગળ જતાં પરિણત થાય તો તે પ્રવ્રજ્યાને અભિમુખ થયેલો જીવ તે જ સાધુનો થાય છે. તેથી તે ક્ષેત્રમાં આવતા પૂર્વે અને તે ક્ષેત્રમાંથી વિહાર કરીને અન્ય ક્ષેત્રમાં ગયા પછી અભિમુખ થયેલા તે શિષ્યને પોતાનો શિષ્ય કરે છે.

વળી, કોઈ સાધુ વિપરિણામવાળા થયા હોય અથવા પ્રવ્રજ્યાને અભિમુખ થયેલો જીવ પણ કોઈક રીતે વિપરિણામવાળો થયેલો હોય ત્યારે તેને આશ્રયીને તેને સંયમનો પરિણામ પ્રગટ થાય તે રીતે ઉપદેશ કોઈ સાધુ આપે, ત્યારે તેના વિષયમાં અનેક વિકલ્પો થાય છે અર્થાત્ ફરી તે પ્રવ્રજ્યાને અભિમુખ થાય ત્યારે તે કોનો શિષ્ય થાય ? તેના વિષયમાં અનેક વિકલ્પો થાય છે અને તે વિકલ્પો સ્પષ્ટ કરતાં કહે છે.

જો ધર્મકથા કરનાર સાધુ આ શિષ્ય મારો થાય એ પ્રકારના વિકલ્પ વગર સરળ ભાવથી પ્રતિદિન માર્ગમાં તેને પ્રવ્રજ્યાનું પારમાર્થિક સ્વરૂપ બતાવતા હોય અને જે દિવસે માસકલ્પવાળા સાધુના ક્ષેત્રમાં તે આવે છે, ત્યારે જ તે જીવનો પ્રવ્રજ્યાના પારમાર્થિક સ્વરૂપનો બોધ થવાથી પ્રવ્રજ્યાને અભિમુખ પરિણામ થાય તો ધર્મકથા કહેનારનો તે શિષ્ય થાય નહિ. પરંતુ ક્ષેત્રિકનો જ તે પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર થાય છે.

વળી, માસકલ્પવાળા ક્ષેત્રને છોડીને તેના પૂર્વે કે તે ક્ષેત્રને છોડીને અન્ય ક્ષેત્રમાં ગયેલા હોય ત્યારે વિપરિણામવાળા સાધુ કે વિપરિણત પ્રવ્રજ્યાને અભિમુખ થયેલ જીવ ફરી પ્રવ્રજ્યાના પરિણામવાળા થાય તો ધર્મકથા કહેનારના જ શિષ્ય થાય છે.

હવે, તે વિપરિણત સાધુને કે પ્રવ્રજ્યાને અભિમુખ થયેલા વિપરિણત જીવને 'આ શિષ્ય મારો થાય', એ પ્રકારના રાગને કારણે કોઈ ક્ષેત્રમાં માસકલ્પી સાધુ હોય તે ક્ષેત્રમાં તે ઉપદેશ આપનાર સાધુ પ્રવ્રજ્યાના પારમાર્થિક સ્વરૂપને સૂક્ષ્મ બતાવવા પ્રયત્ન ન કરે અને વિચારે કે આ ક્ષેત્રમાંથી વિહાર કર્યા પછી હું તેને વિશેષથી ચારિત્રનું સ્વરૂપ કહીશ. જેથી તે મારો શિષ્ય થાય. આવા પરિણામથી ક્ષેત્રમાંથી નીકળેલા વિપરિણત જીવને તે મહાત્મા વિશેષ ચારિત્રનો ઉપદેશ આપે અને જો તેને ફરી ચારિત્રનો પરિણામ થાય તો તે શિષ્ય ક્ષેત્રિકનો જ થાય છે. તેથી તે ક્ષેત્રમાં શિષ્ય કરવાના આશયને કારણે ઉપદેશ ન આપે કે તે જીવને તીવ્ર સંવેગ થાય તે પ્રકારનો ઉપદેશ ન આપે ત્યારે કદાચ ઉપદેશ આપવાથી તે પરિણત થાય, તેમ પણ સંભવિત છે અને ન થાય તેમ પણ સંભવિત છે. છતાં, કષાયને વશ તે વખતે તે મહાત્મા તે જીવને ઉપદેશ ન આપે અને ત્યારપછી અન્ય ક્ષેત્રમાં તે જીવ પ્રવ્રજ્યાના પરિણામવાળો થાય તો તે આરાધક સાધુ અવશ્ય તે ક્ષેત્રિકને તે શિષ્યનું સમર્પણ કરે છે અને પોતાના થયેલા રાગનું પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે. અન્યથા ચારિત્રની શુદ્ધિ થાય નહિ.

આ સર્વ કથનથી એ ફલિત થાય કે જેઓમાં ભગવાનના વચનના ભાવનથી અત્યંત મધ્યસ્થતા પ્રગટેલ છે તેઓ જ આ સર્વ પ્રકારે અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે અને પ્રમાદવશ ક્યારેક કંઈક શિષ્યના લોભાદિને કારણે સ્ખલના થઈ હોય તો જેમનો પણ શિષ્ય આભાવ્ય થતો હોય તેમને જ આપે છે અને થયેલી સ્ખલનાની પ્રાયશ્ચિત્તથી શુદ્ધ કરે છે; કેમ કે ધીર પુરુષોનું જ આ આસન છે. તુચ્છ પ્રકૃતિવાળા આવા ઉચિત આચારોને સેવી શકે નહીં. **॥૧૮॥**

**ગાથા :-**

**वीसज्जिअम्मि एवं, लहुअं अविसज्जिए अ आणाई ।**
**अवि य पडिच्छंताणं, लहुआ चउरो इमो अविही ।।१९।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે, वीसज्जिअम्मि=વિસર્જિત શિષ્યમાં વિધિ છે, अविसज्जिए लहुअं=અવિસર્જિતમાં લઘુ-માસલઘુ પ્રાયશ્ચિત્ત, अ आणाई=અને આજ્ઞાદિ દોષો છે, अवि य पडिच्छंताणं=વળી, સ્વીકારનારા આચાર્યને, चउरो लहुआ=ચારલઘુકો પ્રાયશ્ચિત્ત છે, इमो अविही=આ અવિધિ છે. ।।૧૯।।**

**ગાથાર્થ :-**

**આ રીતે વિસર્જિત શિષ્યમાં વિધિ છે અને અવિસર્જિતમાં લઘુ=માસલઘુ પ્રાયશ્ચિત્ત અને આજ્ઞાદિ દોષો છે. વળી, સ્વીકારનારા આચાર્યને ચારલઘુકો પ્રાયશ્ચિત્ત છે. આ અવિધિ છે. ।।૧૯।।**

**ટીકા :-**

**'वीसज्जिअम्मि'त्ति । एवमेष विधिर्गुरुणा विसर्जिते शिष्ये मन्तव्यः । 'अविसर्जिते' द्वितीय-वारमनापृच्छ्य गच्छति मासलघु आज्ञादयश्च दोषाः, अपि च तमविधिनिर्गतं प्रतीच्छतां चत्वारो लघुकाः सचित्तादिकं च ते न लभन्ते; एषोऽविधिः ।।१९।।**

**ટીકાર્થ :-**

**एवमेष ..... एषोऽविधिः ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આ વિધિ=આભવત્‌ના વિષયમાં બતાવેલ વિધિ, ગુરુ વડે વિસર્જિત શિષ્યના વિષયમાં જાણવી=ગુરુએ જ્ઞાન અર્થે યોગ્ય આચાર્ય પાસે જવાની અનુજ્ઞા આપી છે એવા શિષ્યને આશ્રયીને જાણવી. અવિસર્જિત શિષ્ય હોતે છતે= બીજી વાર પૂછ્યા વગર ગયે છતે=શ્રુતઅધ્યયન અર્થે ગુરુએ અનુજ્ઞા આપી નહિ અને જવાની ઉત્કટ ઈચ્છા હોવાને કારણે ગુરુને બીજી વાર જવા માટે પૃચ્છા કર્યા વગર તે શિષ્ય શ્રુતઅધ્યયન માટે ગયે છતે, માસલઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને આજ્ઞાદિ દોષો પ્રાપ્ત થાય છે અને વળી અવિધિથી નીકળેલા એવા તેમને=ગુરુની અનુજ્ઞા વગર ભણવા માટે નીકળેલા શિષ્યને, ભણવા માટે આવેલાને**

સ્વીકારતા આચાર્યને ચાર લઘુકો પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને સચિત્તાદિને તેઓ પ્રાપ્ત કરતા નથી=ભણવા માટે આવનાર સાધુને માર્ગમાં જે સચિત્ત કે અચિત્ત પ્રાપ્ત થયું છે તે ઉપસંપદા આપનાર આચાર્ય પ્રાપ્ત કરતા નથી. આ અવિધિ છે=ગુરુને બીજી વખત પૂછ્યા વગર જાય અને પ્રતીચ્છક આચાર્ય તેઓનો સ્વીકાર કરે એ અવિધિ છે. ।।૧૯।।

**અવતરણિકા :-**

अयं पुनर्विधिरित्याह –

**અવતરણિકાર્થ :-**

વળી, આ વિધિ છે, એ પ્રમાણે કહે છે –

**ગાથા :-**

**परिवारपूअहेउं, अविसज्जंता ममत्तदोसा वा ।**
**अणुलोमगिरा गज्झा, दुक्खं खु गुरुं विमोत्तुं जे ।।२०।।**

**અન્વયાર્થ :-**

परिवारपूअहेउं=પરિવારના હેતુથી, પૂજાના હેતુથી, वा=અથવા ममत्तदोसा=મમત્વના દોષથી, अविसज्जंता=નહિ વિસર્જન કરતા ગુરુ, अणुलोमगिरा=અનુલોમ વાણી વડે, गज्झा=ગ્રાહ્ય છે, जे=જે કારણથી, गुरुं विमोत्तुं=ગુરુને મૂકવા માટે, दुक्खं खु=દુઃખ છે=દુઃખ થાય છે. ।।૨૦।।

**ગાથાર્થ :-**

**પરિવારના હેતુથી, પૂજાના હેતુથી અથવા મમત્વના દોષથી નહિ વિસર્જન કરતા ગુરુ અનુલોમ વાણી વડે ગ્રાહ્ય છે. જે કારણથી ગુરુને મૂકવા માટે દુઃખ છે=દુઃખ થાય છે. ।।૨૦।।**

**ટીકા :-**

'परिवार'त्ति । परिवारहेतोः-आत्मनः परिवारनिमित्तं पूजाहेतोः-बहुभिः परिवारितः पूजनीयो भविष्यामीति धिया 'ममत्वदोषाद्वा' मम शिष्योऽन्यस्य पार्श्वे गच्छतीत्येवंरूपादविसर्जयन्तो गुरवः 'अनुलोमगिरा' अनुकूलवाचा 'ग्राह्याः' प्रज्ञापनां ग्राहणीयाः । दुःखं खलु गुरुन् विमोक्तुम्, परमोपकारित्वान्न ते यतस्ततो मोक्तुं शक्या इति भावः । ततः प्रथमत एव गुरून् विधिनाऽऽपृच्छ्य गन्तव्यमिति ।।२०।।

**ટીકાર્થ :-**

परिवारहेतोः ..... गन्तव्यमिति ।। પરિવારના હેતુથી=પોતાના પરિવારના નિમિત્તે, પૂજાના હેતુથી=ઘણા

**વડે પરિવારિત હું પૂજનીય થઈશ એ બુદ્ધિથી અથવા મમત્વદોષથી=મારો શિષ્ય અન્ય પાસે જાય છે. એવા સ્વરૂપવાળા મમત્વદોષથી, નહિ વિસર્જન કરતા ગુરુ અનુલોમ વાણીથી=અનુકૂળ વાણીથી, ગ્રાહ્ય છે=પ્રજ્ઞાપના કર્તવ્ય છે. જે કારણથી ખરેખર ગુરુને છોડવા માટે દુઃખ છે=મન તત્પર થતું નથી; કેમ કે પરમ ઉપકારીપણું છે. તેથી તેઓને મૂકવા માટે શક્ય નથી, એ પ્રકારનો ભાવ છે. તે હેતુથી= ઉપકારી એવા ગુરુને વિવેકીને છોડવાનો પરિણામ થતો નથી તે કારણથી, પ્રથમથી જ વિધિપૂર્વક ગુરુને પૂછીને જવું જોઈએ. ॥૨૦॥**

**ભાવાર્થ :-**

જે ગુરુએ શિષ્યને સંસારના ક્ષયનો પારમાર્થિક માર્ગ બતાવ્યો છે અને તેવા ગુરુ પાસે રહીને જે શિષ્યએ અનુશાસનાદિ પ્રાપ્ત કર્યા છે=ગાથા-૧માં કહ્યું એમ જે ગુરુએ અનુશાસન, ઉપાલંભ અને ઉપગ્રહ કર્યો છે, તેથી ભાવઉપગ્રહમાં શ્રુતઅધ્યયન કરાવીને સંપન્ન કર્યો છે, તેવા ઉપકારી ગુરુ પણ છદ્મસ્થ હોવાથી કોઈક નિમિત્તે કષાયને વશ થાય છે, ત્યારે શિષ્યને વિશેષ અધ્યયન અર્થે મોકલવાનો પ્રસંગ હોય ત્યારે પણ પરિવારના હેતુથી અનુજ્ઞા આપે નહિ અર્થાત્ આ શિષ્ય પ્રજ્ઞાસંપન્ન છે. તેથી તેના બળથી પોતાના પરિવારની વૃદ્ધિ થાય છે અને જો અધ્યયન માટે આ જશે તો પોતાનો પરિવાર વૃદ્ધિ પામશે નહિ ઇત્યાદિ હેતુથી જવાની અનુજ્ઞા આપે નહિ અથવા પૂજાના હેતુથી અનુજ્ઞા આપે નહિ=આ શિષ્યના કારણે હું ઘણાથી પરિવારિત થઈશ, એથી પૂજનીય થઈશ માટે કંઈક વ્યક્ત-અવ્યક્ત કષાયને વશ અનુજ્ઞા આપે નહિ અથવા મમત્વદોષથી અનુજ્ઞા આપે નહિ અર્થાત્ મારો શિષ્ય બીજા પાસે જાય છે, તે સહન નહિ થવાથી અને પોતાના શિષ્ય પ્રત્યે મમત્વબુદ્ધિ હોવાને કારણે અનુજ્ઞા આપે નહિ, ત્યારે તે વિવેકી શિષ્ય વિચારે છે કે જે ગુરુએ મને માર્ગનો બોધ કરાવીને અને ઉચિત અનુશાસન આપીને મારું હિત કર્યું છે. તેમને ક્લેશ થાય એવું મારાથી કરાય નહિ. તેથી, ગુરુના ચિત્તની પ્રસન્નતા થાય, એ પ્રકારની અનુકૂળ વાણી વડે ગુરુને સમજાવે અને કહે કે મને જે જ્ઞાન પ્રાપ્ત થશે, તેનાથી આપણા પરિવારનું જ વિશેષ હિત થશે અને તમારું પણ ગૌરવ વૃદ્ધિ પામશે. ઇત્યાદિ ઉચિત વાચા દ્વારા તેમને અનુજ્ઞાને અભિમુખ પરિણામવાળા કરે; કેમ કે વિવેકી શિષ્યને ઉપકારી ગુરુને છોડવામાં દુઃખ થાય છે અને તેમનો ઉપકાર અત્યંત સ્મરણ થાય છે તોપણ અધિક લાભ જણાવાને કારણે શિષ્યએ પ્રથમથી વિધિપૂર્વક પૂછીને જવું જોઈએ. જો ગુરુ ઉચિત અનુજ્ઞા ન આપે તોપણ ફરી ફરી પૂછીને તેમને અનુજ્ઞા આપવાને અભિમુખ કરવા યત્ન કરવો જોઈએ.

ગાથા-૧૯ની ટીકામાં અંતે કહ્યું કે આ અવિધિ છે=બીજી વખત પૂછ્યા વગર જાય એ અવિધિ છે અને ગાથા-૨૦ની અવતરણિકામાં કહ્યું કે આ વિધિ છે. તેથી, તે બે ગાથાથી એ ફલિત થાય કે પરિવાર આદિ હેતુથી ગુરુ અનુજ્ઞા ન આપતા હોય, ત્યારે પ્રસ્તુત ગાથામાં કહ્યું એ વિધિ છે; કેમ કે ગુણસંપન્ન શિષ્ય પરોપકારી ગુરુને મૂકીને સ્વઇચ્છાથી જાય નહિ. તેથી, ફરી ફરી પૂછીને પણ ગુરુના તોષપૂર્વક જવા યત્ન કરે. **॥૨૦॥**

**અવતરણિકા :-**

आपृच्छायामेव विधिमाह –

**અવતરણિકાર્થ :-**

આપૃચ્છામાં જ વિધિને કહે છે=વિશિષ્ટ અધ્યયન અર્થે કોઈક મહાત્મા પાસે જવું હોય ત્યારે કઈ રીતે આપૃચ્છા કરવી જોઈએ તેની વિધિને કહે છે –

**ગાથા :-**

**नाणम्मि उ पक्खतिगे, सूरिउवज्झायसेसगापुच्छा ।**
**इक्किक्के पंचदिणे, अहवा पक्खेण इक्किक्के ।।२१।।**

**અન્વયાર્થ :-**

नाणम्मि उ=જ્ઞાનવિષયક, पक्खतिगे=ત્રણ પક્ષ સુધી, सूरिउवज्झायसेसगापुच्छा=સૂરિ, ઉપાધ્યાય અને શેષ સાધુઓની પૃચ્છા, इक्किक्के=એકએકમાં, पंचदिणे=પાંચ દિવસ, अहवा=અથવા, इक्किक्के= એકએકમાં, पक्खेण=પક્ષથી પૃચ્છા. ।।૨૧।।

**ગાથાર્થ :-**

**જ્ઞાન વિષયક ત્રણ પક્ષ સુધી સૂરિ, ઉપાધ્યાય અને શેષ સાધુઓની પૃચ્છા=એકએકમાં પાંચ દિવસ અથવા એકએકમાં પક્ષથી પૃચ્છા. ।।૨૧।।**

**ટીકા :-**

'नाणम्मि उ'त्ति । ज्ञानार्थं गच्छता त्रीन् पक्षान् सूरिणाम्-आचार्याणामुपाध्यायानां शेषसाधूनां चापृच्छा कर्त्तव्या, एकैकस्मिन् पञ्चदिनानि यावत् । प्रथमपक्षे पञ्चदिवसानाचार्यान् प्रथममापृच्छति, यदि ते न विसर्जयन्ति तदा पञ्चदिवसानुपाध्यायानापृच्छति, तेऽपि यदि न विसर्जयन्ति शेषसाधवस्तदा पञ्चदिवसान् प्रष्टव्याः, एवं द्वितीये तृतीये च पक्ष इत्येकः पक्षः । अथवेति पक्षान्तरे, एकैकमाचार्यादिकं निरन्तरं पक्षेणापृच्छेत्, एवमपि यदि न विसर्जयन्ति ततोऽविसर्जित एव गच्छतीति द्रष्टव्यम् ।।२१।।

**ટીકાર્થ :-**

ज्ञानार्थं ..... द्रष्टव्यम् ।। જ્ઞાન અર્થે જતા મેધાવી સાધુએ ત્રણ પક્ષ સુધી સૂરિને=આચાર્યને, ઉપાધ્યાયને અને શેષ સાધુઓને આપૃચ્છા કરવી જોઈએ. કઈ રીતે પંદર દિવસ સુધી ત્રણને આપૃચ્છા કરવી જોઈએ ? એથી કહે છે. એક એક આચાર્યાદિમાં પાંચ દિવસ સુધી પૃચ્છા કરવી જોઈએ. પ્રથમ પક્ષમાં=ત્રણ પક્ષમાંથી પ્રથમ પખવાડિયામાં, પાંચ દિવસ સુધી પ્રથમ આચાર્યને પૂછે છે. જો તેઓ વિસર્જન કરે નહિ તો પ્રથમ પખવાડિયાના બીજા પાંચ દિવસ ઉપાધ્યાયને પૂછે છે. તે

**પણ=ઉપાધ્યાય પણ, વિસર્જન કરતા નથી, તો શેષ સાધુઓને પાંચ દિવસ પૃચ્છા કરે. આ રીતે આચાર્યાદિ ત્રણને પાંચ પાંચ દિવસના ક્રમથી એક અઠવાડિયા સુધી પૃચ્છા કરે. એ રીતે બીજા પખવાડિયામાં અને ત્રીજા પખવાડિયામાં ફરી કરે. આ પ્રકારે એક પક્ષ છે=આપૃચ્છાનો એક પ્રકારનો વિકલ્પ છે અથવા એ પક્ષાંતરમાં છે, તે પક્ષાંતર બતાવે છે. એક એક આચાર્યાદિને નિરંતર એક પક્ષ સુધી પૂછે છે=એક પખવાડિયા સુધી નિરંતર આચાર્યને પૂછે છે. બીજા પખવાડિયામાં નિરંતર ઉપાધ્યાયને પૂછે છે અને ત્રીજા પખવાડિયામાં શેષ સાધુને પૂછે છે. આ રીતે પણ=પૂર્વમાં કહ્યું, એ વિધિથી આચાર્યાદિને પૂછે એ વિધિથી પણ, જો તેઓ વિસર્જન કરે નહિ તો નહિ વિસર્જન કરાયેલા જ તે સાધુ જાય છે=વિશિષ્ટ ભણવાર્થે અપવાદથી જાય છે. એ પ્રમાણે જાણવું. ॥૨૧॥**

**ભાવાર્થ :-**

સુસાધુ પોતાના આચાર્યાદિ પાસે ઉપલબ્ધ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી વિશિષ્ટ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરવાર્થે અન્ય ગચ્છમાં જવા ઇચ્છે છે અર્થાત્ અન્ય આચાર્ય પાસે શ્રુત ભણીને હું વિશેષ પ્રકારનું આત્મહિત સાધીશ. ત્યારપછી ગચ્છમાં આવીને સ્વ-પરનો વિશેષ ઉપકાર કરીશ એ પ્રકારના વિશુદ્ધ આશયથી આચાર્યાદિને પૂછે છે. કઈ રીતે પૂછે છે ? એથી તે પૃચ્છાની વિધિ સ્પષ્ટ કરે છે. તે મેધાવી સાધુ ઉચિત વિધિપૂર્વક આચાર્યને પૃચ્છા કરે કે હું અમુક શ્રુત ભણવાર્થે અમુક આચાર્ય પાસે જાઉં. તે આચાર્ય જવાની અનુજ્ઞા આપે નહિ અથવા કહે કે હું વિચારીશ, ત્યારે તે શિષ્ય એક પક્ષમાં આચાર્યને પાંચ વખત પૃચ્છા કરે અને ઉચિત લાભાલાભ જે પ્રકારે જણાતો હોય તે સર્વનું નિવેદન કરે. આ રીતે પાંચ દિવસ આચાર્યને પૃચ્છા કર્યા પછી જો આચાર્ય અનુજ્ઞા ન આપે તો બીજા પાંચ દિવસ ઉપાધ્યાયને પણ તે રીતે જ પૃચ્છા કરે. જેથી તેની યોગ્યતા જાણીને ઉપાધ્યાય સંમતિ આપે.

વળી, આચાર્ય અને ઉપાધ્યાય પાસેથી સંમતિ ન મળી હોય તો શેષ સાધુને તે પ્રકારે પૃચ્છા કરે. જેથી તેઓને પણ પ્રસન્નતા રહે અને તે મહાત્માના ગમનથી ગચ્છમાં કંઈક વ્યવસ્થામાં બાધ થાય તેમ હોય તો તેનો ઉપાય પણ તે જનાર મહાત્મા વિચારી શકે. આ રીતે એક પખવાડિયા સુધી આચાર્ય, ઉપાધ્યાય અને શેષ સાધુને પાંચ-પાંચ દિવસ સુધી પૃચ્છા કરે છે. જો પાંચ દિવસમાં આચાર્ય સંમતિ ન આપે તો ઉપાધ્યાયની સંમતિથી પણ જાય. વળી, ઉપાધ્યાય પણ જો પાંચ દિવસમાં સંમતિ ન આપે તો શેષ સાધુઓની સંમતિથી તે મહાત્મા ઉપસંપદા સ્વીકારવા અર્થે જાય. આ રીતે પંદર દિવસ સુધી આચાર્ય, ઉપાધ્યાય અને શેષ સાધુઓની સંમતિ ન મળે તો બીજા પક્ષમાં ફરી નિપુણ યુક્તિપૂર્વક અને ઉચિત સ્પષ્ટતા કરે કે આ મહાત્મા અધ્યયન અર્થે જશે તો તેઓને શું લાભ થશે, તે જ્ઞાન અર્થે અન્ય આચાર્ય પાસે જવાના અર્થી સાધુ કહે. જેથી, બીજા પક્ષના તે પ્રકારના યત્નથી આચાર્યથી અનુજ્ઞા મળે, આચાર્યથી અનુજ્ઞા ન મળે તો ઉપાધ્યાયથી અનુજ્ઞા મળે, ઉપાધ્યાયથી અનુજ્ઞા ન મળે તો શેષ સાધુથી અનુજ્ઞા મળે.

આ રીતે બીજા પક્ષમાં પણ અનુજ્ઞા ન મળે તો ત્રીજા પક્ષમાં પણ ફરી સૂક્ષ્મ આલોચનપૂર્વક આચાર્યાદિને સમજાવવા પ્રયત્ન કરે; કેમ કે આચાર્યાદિને પરિવારના હેતુથી, પૂજાના હેતુથી કે મમત્વદોષને કારણે

ગાથા-૨૦માં કહ્યું, તેમ અનુજ્ઞા નહિ આપવાનો પરિણામ થયો છે છતાં તે મેધાવી સાધુ ત્રીજા પખવાડિયામાં ફરી યત્ન કરે તો સંભવ છે કે તે પરિણામ કંઈક શિથિલ થયો હોય તો નિવર્તન પણ પામે. આ રીતે ત્રણ પક્ષ સુધી યત્ન કર્યા પછી પણ આચાર્યાદિ અનુજ્ઞા ન આપે તોપણ તે મહાત્મા જ્ઞાનઅધ્યયન અર્થે જાય છે; કેમ કે વિશેષ અધ્યયન અર્થે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને તે મહાત્મા ઉચિત પ્રવૃત્તિ કરે છે.

વળી, પૃચ્છા વિષયક 'અથવા'થી જે અન્ય પક્ષ કહ્યો, તે પ્રજ્ઞાધન એવા તે શિષ્યને પ્રથમ પક્ષ કે બીજા પક્ષમાંથી સંયોગ અનુસાર જે અધિક ઉચિત જણાય તે પ્રમાણે કરવાર્થે સૂચન કરે છે; કેમ કે આચાર્યને જ પાંચ દિવસ સુધી પૃચ્છા કર્યા પછી જણાય કે કંઈક મારા વચનથી આચાર્ય અભિમુખ થયા છે. તેથી, જો પંદર દિવસ સુધી યત્ન કરીશ તો કદાચ સંમતિ મળી શકે તેવી સંભાવના છે તો બીજા પક્ષનું પણ તે સાધુ આશ્રયણ કરે. **॥૨૧॥**

**ગાથા :-**

**अपडिच्छणम्मि लहुआ, विहिणा समुवागयस्स एएणं ।**
**एगाइकारणागयपडिच्छणे हुंति चउगुरुआ ।।२२।।**

**અન્વયાર્થ :-**

**एएणं विहिणा=આ વિધિથી=પૂર્વની ગાથામાં કહેલ વિધિથી, समुवागयस्स=આવેલા પ્રતીચ્છકને, अपडिच्छणम्मि=અસ્વીકારમાં, लहुआ=ચારલઘુક પ્રાયશ્ચિત્ત છે, एगाइकारणागयपडिच्छणे=એકાદિ કારણથી આગત સાધુને સ્વીકારવામાં, चउगुरुआ=ચારગુરુકો પ્રાયશ્ચિત્ત, हुंति=થાય છે. ।।૨૨।।**

**ગાથાર્થ :-**

**આ વિધિથી=પૂર્વની ગાથામાં કહેલ વિધિથી, આવેલા પ્રતીચ્છકને અસ્વીકારવામાં ચારલઘુક પ્રાયશ્ચિત્ત છે. એકાદિ કારણથી આગત સાધુને સ્વીકારમાં ચારગુરુકો પ્રાયશ્ચિત્ત થાય છે. ।।૨૨।।**

**ટીકા :-**

**'अपडिच्छणम्मि'त्ति । एतेन विधिना समुपागतस्य प्रतीच्छकस्याप्रतीच्छने लघुकाश्चत्वारः प्रायश्चित्तम् । एकादिकारणागतस्य प्रतीच्छनेऽपि चत्वारो गुरुकाः, तानि चेमानि—एकाकिनमाचार्यं मुक्त्वा स समागतः, अथवा तस्याचार्यस्य पार्श्वे ये तिष्ठन्ति तेऽपरिणताः-आहारवस्त्रपात्रशय्यास्थण्डिला-नामकल्पिका इत्यर्थः, तं मुक्त्वा स समागतः, अथवा स आचार्योऽल्पाधारस्तमेव दृष्ट्वा सूत्रार्थवाचनां ददाति, स्थविरो वा स आचार्यस्तद्गच्छे वा सर्वे साधवः स्थविरास्तस्य स एव वैयावृत्त्यकर्त्ता, ग्लानो वा बहुरोगी वा स आचार्यः, ग्लानो नामाधुनोत्पन्नरोगः, बहुरोगी नाम चिरकालं बहुभिर्वा रोगैरभिभूतः, अथवा शिष्यास्तस्याचार्यस्य मन्दधर्माणो न गणसामाचारीं पालयन्ति, तादृशमाचार्यं मुक्त्वाऽऽगतः, गुरुणा समं प्राभृतं कृत्वा वा समागत इति; एतादृशमाचार्यं व्युत्सृज्य हि गमनं कर्त्तुं**

न कल्पते । यदि च गच्छति तदैकं ग्लानं वा मुक्त्वा शिष्यस्य प्रतीच्छकस्य वा समागतस्य चतुर्गुरुकाः । य आचार्यः प्रतीच्छति तस्यापि चतुर्गुरु, प्राभृते शिष्यप्रतीच्छकयोश्चतुर्गुरुकमेव, आचार्यस्य पञ्चरात्रिन्दिवच्छेदः । शेषेष्वपरिणतादिषु पदेषु शिष्यस्य चतुर्गुरु, प्रतीच्छकस्य चतुर्लघु-आचार्यस्यापि शिष्यं प्रतीच्छतः । एतेषु चतुर्गुरु प्रतीच्छकं प्रति, प्रतीच्छतश्च चतुर्लघुकमिति विशेषः ।।२२।।

**ટીકાર્થ :-**

एतेन ..... विशेषः ।। આ વિધિથી=ગાથા-૨૧માં કહ્યું એ વિધિથી, જ્ઞાનઅધ્યયન માટે આવેલા સાધુને અપ્રતીચ્છનમાં=જ્ઞાન માટે ઉપસંપદા આપનાર આચાર્ય વડે ઉપસંપદા ન આપવામાં, ચારલઘુકો પ્રાયશ્ચિત્ત છે=જો તે આચાર્ય આવનાર સાધુને ઉપસંપદા ન આપે તો તેમને ચારલઘુકો પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. એકાદિ કારણ હોવા છતાં આવેલાને=આગળમાં બતાવે છે એ અનેક કારણોમાંથી તે ગચ્છમાં રહેવાના એકાદિ બલવાન કારણ હોવા છતાં અધ્યયન માટે આવેલા સાધુને, સ્વીકારમાં પણ=ઉપસંપદા આપનાર આચાર્ય તેને ભણવા માટે ઉપસંપદા આપે તેમાં પણ, ચારગુરુકો પ્રાયશ્ચિત્ત છે અને તે=પૂર્વમાં કહ્યા તે, એકાદિ કારણો આ છે – એકાકી એવા આચાર્યને મૂકીને તે આવેલ છે અથવા તે આચાર્ય પાસે જે રહેલા છે, તે અપરિણત છે અર્થાત્ આહાર, વસ્ત્ર, પાત્ર, શૈય્યા, સ્થંડિલના અકલ્પિત છે=શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત નિર્ણય કરવા અસમર્થ છે, આ પ્રમાણે અર્થ છે. તેમને=અપરિણત સાધુના સમુદાયવાળા આચાર્યને, મૂકીને તે સાધુ આવેલ છે. તેથી તેમને સ્વીકારનારને ચારગુરુક પ્રાયશ્ચિત્ત છે, એમ અન્વય છે અથવા તે આચાર્ય અલ્પ આધારવાળા છે= શાસ્ત્રોના પદાર્થો કોઈક રીતે વિસ્મરણ થવાથી અલ્પ આધારવાળા છે. તેથી તેમને જ જોઈને=જે શિષ્ય ભણવા જવા માટે તત્પર થયેલ છે, તે મેધાવી શિષ્યને જ જોઈને, સૂત્ર-અર્થની વાચના આપે છે અર્થાત્ એવા આચાર્ય તે મેધાવી સાધુના બળથી જ સૂત્ર-અર્થની વાચના આપીને અનિર્માણ થયેલા શિષ્યોને શાસ્ત્રમાં સંપન્ન કરવા યત્ન કરે છે અને જો તેવા સાધુ તે ગચ્છને મૂકીને ભણવા જાય તો તેમને નિશ્રા આપનાર આચાર્યને ચારગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે અથવા તે આચાર્ય સ્થવિર છે=વૃદ્ધ છે અથવા તેમના ગચ્છમાં સર્વ સાધુઓ સ્થવિર છે. તેમની=તે આચાર્યની, તે જ સાધુ વૈયાવચ્ચ કરનાર છે અર્થાત્ તે આચાર્ય વૃદ્ધ હોવાથી સંયમયોગમાં યત્ન કરી શકે, એ પ્રમાણે તે આચાર્યની વૈયાવચ્ચ કરનાર તે મેધાવી સાધુ છે અથવા ગ્લાન અથવા બહુ રોગી તે આચાર્ય છે. ગ્લાન અને બહુ રોગીનો ભેદ સ્પષ્ટ કરે છે. હમણાં ઉત્પન્ન થયેલા રોગવાળા ગ્લાન કહેવાય છે. ચિરકાળ રોગવાળા અથવા ઘણા રોગોથી અભિભૂત બહુ રોગી કહેવાય છે અથવા તે આચાર્યના શિષ્યો મંદ ધર્મવાળા=તીવ્ર સંવેગવાળા નહિ હોવાથી મંદ ધર્મવાળા, ગણસામાચારીને પાળતા નથી=ગચ્છની ઉચિત સામાચારીને પાળીને સંયમની વૃદ્ધિ કરતા નથી. તેવા આચાર્યને મૂકીને આવેલ છે=વિશેષ અધ્યયન માટે ઉપસંપદા આપનાર આચાર્યની પાસે આવેલ છે અથવા ગુરુની સાથે પ્રાભૃત કરીને=શરત કરીને, આવેલ છે. આવા પ્રકારના આચાર્યને છોડીને=પૂર્વમાં વર્ણન કર્યું એવી સ્થિતિવાળા આચાર્યને છોડીને, ગમન કરવા માટે કલ્પતું નથી=શાસ્ત્રઅધ્યયન કરવા માટે જવું

**ઉચિત નથી અને જો ત્યારે=આચાર્યને છોડીને આવતી વખતે એકને=એકલા આચાર્યને અથવા ગ્લાનને=ગ્લાન આચાર્યને, મૂકીને જાય છે=વિશિષ્ટ શ્રુતઅધ્યયન અર્થે જાય છે, ત્યારે શિષ્યને=તેની સાથે આવેલા શિષ્યને અને આવેલા પ્રતીચ્છકને=ભણવા માટે આવેલા સાધુને, ચારગુરુકો પ્રાયશ્ચિત્ત આવે છે. જે આચાર્ય સ્વીકારે છે=ઉપસંપદા આપે છે, તેને પણ ચારગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે. પ્રાભૃતમાં=આચાર્યની સાથે કોઈક શરત કરીને આવવામાં, શિષ્ય અને પ્રતીચ્છક બંનેને ચતુર્ગુરુક જ પ્રાયશ્ચિત્ત આવે છે. આચાર્યને=ઉપસંપદા માટે આવનાર સાધુને ઉપસંપદા આપનાર આચાર્યને, પાંચ રાત્રિ-દિવસનો છેદ=સંયમપર્યાયનો છેદ, પ્રાપ્ત થાય છે. શેષ અપરિણતાદિ પદોમાં=પૂર્વમાં કહ્યું કે એક આચાર્યને કે ગ્લાન આચાર્યને મૂકીને આવે તે બે પદો અને પ્રાભૃત કરીને આવે તે ત્રણ પદોને છોડીને પૂર્વમાં શેષ અપરિણતાદિ પદો કહ્યાં તેમાં, આવનાર શિષ્યને અને પ્રતીચ્છકને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે છે. શિષ્યરૂપે સ્વીકારતા આચાર્યને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે. ।।૨૨।।**

**ભાવાર્થ :-**

સુસાધુ હંમેશા સંવેગના પરિણામવાળા હોય છે. તેથી જિનવચનનું સ્મરણ કરીને સમભાવની વૃદ્ધિ થાય તે પ્રકારે જ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેવા સુસાધુ પણ કોઈક મેધાવી શિષ્યને શાસ્ત્રમાં નિષ્પન્ન કર્યા પછી તે શિષ્ય અન્ય પાસે ભણવા જવા માટે તત્પર થાય ત્યારે સંવેગનો પરિણામ કંઈક મંદ થવાથી અને જિનવચનનો ઉપયોગ કંઈક મ્લાન થવાથી પરિવારના હેતુથી અથવા પૂજાના હેતુથી અથવા પોતાના મેધાવી શિષ્ય પ્રત્યે મમત્વ થવાથી તેને વિશેષ અધ્યયન અર્થે જતા વારણ કરે છે. આમ છતાં વિનયી શિષ્ય વિચારે છે કે આ ગુરુ મારા પરમ ઉપકારી છે. જેમણે મને સન્માર્ગ બતાવ્યો, શાસ્ત્રઅધ્યયન કરાવીને સંપન્ન કર્યો, તેમને મૂકીને મારે જવું ઉચિત નથી. છતાં, જિનવચનનું સ્મરણ કરીને, ભગવાનની આજ્ઞા પ્રધાન કરીને ગાથા-૨૧માં કહ્યું, એ રીતે આચાર્ય, ઉપાધ્યાય અને શેષ સાધુઓને અનેક વખત પૃચ્છા કરીને આજ્ઞા મેળવવા યત્ન કરે છે અને છતાં આજ્ઞા ન મળે તો ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને વિશેષ લાભ અર્થે જ્ઞાન મેળવવા જાય છે. આ વિધિથી આવેલા સાધુ તે આચાર્ય પાસે જઈને તે સર્વ કથન યથાર્થ કરે ત્યારે તે આચાર્ય જો તે શિષ્યનો સ્વીકાર ન કરે તો તેમને ચારલઘુકો પ્રાયશ્ચિત્ત આવે છે. અહીં સામાન્યથી તે આચાર્ય પણ ગીતાર્થ છે. તેથી અવશ્ય સ્વીકાર કરે આમ છતાં કોઈક રીતે શાસ્ત્રવચનનું અસ્મરણ કે અન્ય કોઈ કારણે જણાય કે આ રીતે આવેલાને ઉપસંપદા આપું નહિ તો તેમને ચારલઘુક પ્રાયશ્ચિત્ત આવે છે અને પ્રાયઃ કરીને સહવર્તી ગીતાર્થો તેમને તે સૂત્રનું સ્મરણ કરાવે. જેથી, તે આચાર્ય પોતાનાથી થયેલી સ્ખલનાની શુદ્ધિ કરે અને યોગ્ય જીવનો અધ્યયન અર્થે સ્વીકાર કરે.

વળી, તે પ્રતીચ્છક એકાદિ કારણોથી આવેલ હોય તેનો સ્વીકાર કરે તોપણ ઉપસંપદા આપનાર આચાર્યને ચારગુરુક પ્રાયશ્ચિત્ત આવે; કેમ કે એવાં કારણોમાં ભણવા આવનારે આચાર્ય પાસે રહીને જ ગચ્છની ઉચિત ચિંતા કરવી જોઈએ પણ આચાર્યને એકાકી મૂકીને જવું ઉચિત નથી, ગ્લાન અવસ્થામાં મૂકીને જવું ઉચિત નથી અને વિવેકી શિષ્ય પ્રાયઃ ગુરુને એવી અવસ્થામાં મૂકીને જાય નહિ તોપણ અધ્યયનની ઉત્કટ ઇચ્છા હોય ત્યારે કંઈક અમાર્ગાનુસારી ઊહ થવાથી તે શિષ્ય ભણવા માટે જાય ત્યારે

ઉપસંપદા આપનાર આચાર્ય તેનો નિષેધ કરે. આમ છતાં જો ઉપસંપદા આપે તો તેઓને ચારગુરુકો પ્રાયશ્ચિત્ત આવે છે.

વળી, આચાર્ય એકાકી ન હોય, પરંતુ તેઓના શિષ્યો અપરિણત હોય. તેથી આહાર, વસ્ત્ર, પાત્ર આદિ સર્વ ક્રિયાઓ કઈ વિધિથી ઉપયુક્ત થઈને ગ્રહણ કરવી જોઈએ, તેનો બોધ નહિ હોવાથી અને અધ્યયન માટે જનાર સાધુના બળથી જ તેઓ તે તે આચારોમાં કુશળ થતા હોય છતાં તેઓને મૂકીને જાય તો અધ્યયન માટે જનારા સાધુને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. તેથી કયા પ્રકારની પ્રવૃત્તિમાં ભણવા માટે જનારને કયું પ્રાયશ્ચિત્ત આવે છે અને સ્વીકારનાર એવા આચાર્યને કયું પ્રાયશ્ચિત્ત આવે છે, તેની સ્પષ્ટતા ટીકામાં કરેલ છે, એ પ્રમાણે જાણવી. **॥૨૨॥**

**અવતરણિકા :-**

**अथ ज्ञानार्थं त्रीन् पक्षानापृच्छा कर्त्तव्येत्यत्रापवादमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે, જ્ઞાન માટે ત્રણ પક્ષો પખવાડિયા સુધી આપૃચ્છા કરવી જોઈએ, એ કથનમાં અપવાદને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૨૧માં કહ્યું એ પ્રમાણે જ્ઞાન માટે જનારા સાધુ પરિવાર આદિ હેતુથી આચાર્ય અનુજ્ઞા ન આપતા હોય ત્યારે પ્રથમ આચાર્યને, ઉપાધ્યાયને અને ત્યારપછી શેષ સાધુઓને પૃચ્છા કરે એમ કહ્યું, તે ત્રણને ત્રણ પખવાડિયા સુધી પૃચ્છાના વિષયમાં અપવાદને કહે છે –

**ગાથા :-**

**बितियपदेऽसंविग्गे, आगाढे कारणे य संविग्गे ।**
**गमणमणापुच्छाए, कप्पइ णाउं सहावं च ।।२३।।**

**અન્વયાર્થ :-**

**बितियपदेऽसंविग्गे=બીજા પદમાં અસંવિગ્ન હોતે છતે, संविग्गे य=અને સંવિગ્નમાં પણ, आगाढे कारणे=આગાઢ કારણ હોતે છતે, च=અને, सहावं=સ્વભાવને, णाउं=જાણીને, आपुच्छाए=પૂછ્યા વગર, गमणमण=ગમન, कप्पइ=કલ્પે છે. ।।૨૩।।**

**ગાથાર્થ :-**

**બીજા પદમાં અસંવિગ્ન હોતે છતે અને સંવિગ્નમાં પણ આગાઢ કારણ હોતે છતે અને સ્વભાવને જાણીને પૂછ્યા વગર ગમન કલ્પે છે. ।।૨૩।।**

**ટીકા :-**

'बितियपदे'त्ति । 'द्वितीयपदे' अपवादाख्ये आचार्यादावसंविग्ने सति न पृच्छेदपि, 'संविग्ने' अपेर्गम्यमानत्वात् संविग्नेऽपि सति 'आगाढे कारणे' चारित्रविनाशकस्त्रीसंसर्गप्रभृतिके आत्मनः समुत्पन्ने सत्यनापृच्छ्यापि गच्छेत्, 'स्वभावं च' नैते पृष्टाः सन्तः कथमपि विसर्जयिष्यन्तीत्येवंरूपं गुरूणां ज्ञात्वाऽनापृच्छ्याऽपि गमनं प्रकल्पते ।।२३।।

**ટીકાર્થ :-**

'द्वितीयपदे' ..... प्रकल्पते ।। બીજા પદમાં=અપવાદ નામના બીજા પદમાં, આચાર્યાદિ અસંવિગ્ન હોતે છતે પૃચ્છા ન પણ કરે અર્થાત્ ગાથા-૨૧માં કહ્યું કે પરિવાર આદિ હેતુથી આચાર્ય જ્ઞાન અર્થે જવા માટે અનુજ્ઞા ન આપે તો ત્રણ પખવાડિયા સુધી આચાર્યાદિને પૂછે આમ છતાં આચાર્યાદિ કોઈક રીતે અસંવિગ્ન થયા હોય તો પૃચ્છા કર્યા વગર પણ જાય. સંવિગ્ન પણ હોતે છતે આગાઢ કારણમાં=ચારિત્ર વિનાશક સ્ત્રીસંસર્ગ વગેરે પોતાનું આગાઢ કારણ ઉત્પન્ન થયે છતે પૂછ્યા વગર પણ જાય=પોતાના ગુરુ સંવેગવાળા હોય, છતાં તેમની સાથે વસવામાં કોઈક સાધ્વી આદિના સંસર્ગને કારણે પોતાને તે પ્રકારનો વિકાર થાય એમ સંભાવના જણાય. જેમ આર્દ્રકુમારના જીવને પૂર્વભવમાં આચાર્ય હતા, ત્યારે પોતાની જ સંસારી પત્ની એવા સાધ્વીને જોઈને કામનો ઉદ્રેગ થયો. તેવો કોઈક પ્રસંગ પોતાને જણાય, ત્યારે ગુરુને પૂછ્યા વગર પણ જાય અને ગુરુના સ્વભાવને જાણીને=પુછાયેલા છતાં આ ગુરુ કોઈ પણ રીતે મોકલશે નહિ એ પ્રકારના ગુરુના સ્વભાવને જાણીને, પૂછ્યા વગર પણ ગમન કલ્પે છે અર્થાત્ ગુરુ સંવેગવાળા છે અને શાસ્ત્ર ભણવા માટે જવાથી લાભ છે, તેમ જણાતું હોય છતાં ગુરુને પૂછવાથી ગુરુ કોઈ રીતે જવા દેશે નહિ, તેવું જણાય ત્યારે ગુરુને પૂછ્યા વગર પણ જવું કલ્પે છે. ।।૨૩।।

**ભાવાર્થ :-**

ગાથા-૨૦માં કહ્યું કે પરિવાર આદિ હેતુથી સાધુ યોગ્ય શિષ્યને અધ્યયન માટે જવા અર્થે અનુજ્ઞા ન આપે ત્યારે કૃતજ્ઞ ગુણવાળા એવા શિષ્ય ગાથા-૨૧માં કહ્યું એ પ્રમાણે વિધિપૂર્વક પૃચ્છા કરે, તે સંવિગ્ન ગુરુને આશ્રયીને ઉત્સર્ગ માર્ગ હતો; કેમ કે તેમના ગુરુ અત્યંત સંવેગપૂર્વક સંયમની સર્વ ક્રિયાઓ કરે છે, પાપભીરુ છે, ફક્ત સૂક્ષ્મ પ્રમાદને કારણે પરિવાર આદિના હેતુથી યોગ્ય શિષ્યને જવા માટે અનુજ્ઞા આપતા નથી. તેથી વિધિપૂર્વક પૃચ્છા કરવાથી અનુજ્ઞા મળે તેવી સંભાવના રહે છે. હવે, તે સ્થાનમાં અપવાદ બતાવતાં કહે છે.

તે આચાર્ય, ઉપાધ્યાય કે શેષ સાધુ આદિ અસંવિગ્ન હોતે છતે પૃચ્છા કર્યા વિના પણ જાય; કેમ કે સંવિગ્ન આચાર્યાદિ સાધુઓના હિત અર્થે તેમને પૃચ્છા કર્યા વિના જવાથી તેઓના ચિત્તમાં કાલુષ્યની પ્રાપ્તિ થતી નથી. તેઓના કાલુષ્યના પરિહાર અર્થે ત્રણ પખવાડિયા સુધી પૃચ્છા કરે છે. જ્યારે અસંવિગ્ન

આચાર્યાદિ હોય, તેવા ગચ્છનો ઉચિત કાળે ત્યાગ જ કરવો જોઈએ અને ભણવાને અનુકૂળ કોઈ આચાર્ય દેખાય તો તેમને પૂછ્યા વગર જવાથી હિત થાય છે અન્યથા પૂછવા જતાં તેઓ વિઘ્ન પણ કરે તેવી સંભાવના જણાય છે. આથી જ કહ્યું કે પૃચ્છા ન પણ કરે.

વળી, તે આચાર્યાદિ સંવિગ્ન હોય છતાં તેમને પૂછવા જતાં કાળવિલંબન થાય તેમ હોય અને પોતાના ચારિત્રનાશનું કારણ એવા સ્ત્રીસંસર્ગ વગેરે ત્યાં પ્રાપ્ત થતા હોય, જે નિમિત્તને પામીને પોતાનું વિકારી માનસ ઉલ્લસિત થશે તો પોતાનો નાશ થશે, એમ જણાય તો ચારિત્રના રક્ષણ અર્થે સંવિગ્ન ગુરુને પણ પૂછ્યા વગર અધ્યયન અર્થે જાય અને તે ઉપસંપદા આપનાર ગીતાર્થ આચાર્યને તે ઉચિત કારણ જણાવે તો શાસ્ત્રવચનાનુસાર તે આવેલ હોવાથી ઉપસંપદા આપનાર આચાર્ય પણ તેમનો સ્વીકાર કરે.

વળી, પોતાના ગુરુ સંવેગવાળા હોય છતાં પરિવાર આદિ કોઈક હેતુથી અનુજ્ઞા આપતા ન હોય અને પૃચ્છા કરવાથી કોઈ રીતે અનુજ્ઞા આપશે નહિ અને જવામાં વિઘ્ન થશે તેવું જણાય તો ગુરુને પૂછ્યા વગર પણ જવું કલ્પે છે; કેમ કે શ્રુતઅધ્યયનથી જે વિશેષ સંવેગ થશે તે નહિ જવાથી થઈ શકે નહિ અને ભગવાનનું વચન જેમ જેમ અતિશય અતિશય પરિણમન પામે છે, તેમ તેમ સંવેગની વૃદ્ધિ થાય છે. **॥૨૩॥**

**અવતરણિકા :-**

**अथाविसर्जितेन न गन्तव्यमित्यपवदति –**

**અવતરણિકાર્થ :-**

**હવે, અવિસર્જિત શિષ્ય વડે જવું જોઈએ નહિ, એ પ્રકારના વચનનું અપવદન કરે છે=એ વચન એકાંત નથી, એમ સ્થાપન કરે છે –**

**ગાથા :-**

**अविसज्जिओ वि गच्छे, अज्झयणच्छेअपयइनाणेहिं ।**
**अविहिअणापुच्छागयपडिच्छदिसिबंधया एवं ।।२४।।**

**અન્વયાર્થ :-**

**अज्झयणच्छेअपयइनाणेहिं=અધ્યયનનો ઉચ્છેદ હોવાથી અને પ્રકૃતિનું જ્ઞાન હોવાથી, अविसज्जिओ वि गच्छे=અવિસર્જિત પણ જાય=ગુરુથી અનુજ્ઞા નહિ અપાયેલ સાધુ અધ્યયન અર્થે જાય. एवं=એ રીતે=જે રીતે ગમનમાં અપવાદ છે એ રીતે, अविहिअणापुच्छागयपडिच्छदिसिबंधया=અવિધિથી અને અનાપૃચ્છાથી આવેલા સાધુના સ્વીકારમાં અને દિગ્બંધમાં અપવાદ જાણવો. ॥૨૪॥**

**ગાથાર્થ :-**

**અધ્યયનનો ઉચ્છેદ હોવાથી અને ગુરુની પ્રકૃતિનું જ્ઞાન હોવાથી અવિસર્જિત પણ જાય=ગુરુથી અનુજ્ઞા નહિ અપાયેલ સાધુ અધ્યયન અર્થે જાય. એ રીતે=જે રીતે ગમનમાં અપવાદ છે એ**

**રીતે, અવિધિથી અને અનાપૃચ્છાથી આવેલા સાધુના સ્વીકારમાં અને દિગ્બંધમાં અપવાદ જાણવો. ।।૨૪।।**

**ટીકા :-**

**'अविसर्ज्जिओ वि'त्ति । किमप्यध्ययनं व्यवच्छिद्यते, तस्य च तद्ग्रहणे सामर्थ्यमस्ति, गुरूणां चेदृशी प्रकृतिरस्ति यदापृष्टाः सन्तो न चिरेणापि गन्तुमनुजानत इत्येवमध्ययनच्छेदप्रकृतिज्ञानाभ्यां कारणाभ्यामविसर्जितोऽपि गच्छेत् । अविध्यनापृच्छागतप्रतीच्छकतदानीतशैक्षप्रतीच्छनशिष्यीकरण-निषेधापवादे एनमेवातिदेशमाह—अविध्यनापृच्छागतप्रतीच्छादिग्बन्धावपि 'एवं' पूर्वगतकालिकानुयोग-विच्छेदकारणेनैव ज्ञेयौ, तदुक्तम्—**

"नाऊण य वुच्छेयं, पुव्वगए कालिआणुओगे य ।
अविहिअणापुच्छागय, सुत्तत्थविजाणओ वाए ।।१।।
नाऊण य वुच्छेअं, पुव्वगए कालिआणुओगे य ।
सुत्तत्थजाणगस्सा, कारणजाए दिसाबंधो ।।२।।"**त्ति ।।२४।।**

**ટીકાર્થ :-**

**किमप्यध्ययनं ..... दिसाबंधो ।।" त्ति ।। કોઈ પણ અધ્યયન વિચ્છેદ પામે છે અને તેનું=તે સાધુનું, તેના ગ્રહણમાં સામર્થ્ય છે=તે મહાત્મા પાસે જઈને તે અધ્યયન ગ્રહણ કરી શકે તેવું સામર્થ્ય છે. અને ગુરુની આવા પ્રકારની પ્રકૃતિ છે. જો પુછાયેલા છતાં ચિરકાળથી પણ જવા માટે અનુજ્ઞા આપે નહીં. એ રીતે= પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, અધ્યયનનો છેદ અને પ્રકૃતિના જ્ઞાનરૂપ બે કારણો દ્વારા અવિસર્જિત પણ સાધુ જાય. અવિધિથી અને અનાપૃચ્છાથી આવેલા પ્રતીચ્છક સાધુને અને તેનાથી લવાયેલ શૈક્ષને સ્વીકાર કરતા એવા આચાર્યના શિષ્યીકરણના નિષેધ વિષયક અપવાદમાં આ જ અતિદેશને કહે છે=આવનાર પ્રતીચ્છક સાધુમાં કે તેનાથી લવાયેલ શૈક્ષમાં વિશિષ્ટ શ્રુતનું સામર્થ્ય હોય અને તે વિચ્છેદ પામતું હોય તો તેમને શિષ્ય કરી શકાય એ જ અતિદેશને કહે છે. અવિધિથી અને અનાપૃચ્છાથી આવેલા શિષ્યમાં પ્રતીચ્છા=તે સાધુનો સ્વીકાર અને દિગ્બંધ=પોતાના સમુદાય કરવા રૂપ દિગ્બંધ પણ આ રીતે પૂર્વગત કાલિક અનુયોગના વિચ્છેદના કારણથી જ જાણવા. તે કહેવાયું છે — પૂર્વમાં કહ્યું કે અવિધિ આદિથી આવેલને પણ વિચ્છેદ પામતા સૂત્ર-અર્થના રક્ષણ અર્થે સ્વીકાર અને દિગ્બંધ કરે તે બૃહત્કલ્પભાષ્યમાં કહેવાયું છે. ।।૨૪।।**

પૂર્વગત કાલિક અનુયોગનો વિચ્છેદ જાણીને અવિધિથી અને અનાપૃચ્છાથી આવેલા સાધુને સૂત્ર-અર્થના જાણનારા સાધુ વાચના આપે. ।।૧।।

અને પૂર્વગત કાલિક અનુયોગનો વિચ્છેદ જાણીને સૂત્ર-અર્થના જાણનારા સાધુ કારણ ઉપસ્થિત છતે દિશાબંધ કરે=પોતાના આભાવ્ય થતા ન હોય તોપણ પોતાના શિષ્ય કરે. ।।૨।। **।।૨૪।।**

**ભાવાર્થ :-**

સુસાધુ હંમેશાં મધ્યસ્થભાવની વૃદ્ધિ થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરે છે અને તેવી પ્રવૃત્તિમાં વણિકની જેમ લાભાલાભની તુલના કરે છે અર્થાત્ વણિક અલ્પ વ્યયથી અધિક લાભ થતો હોય તો તે પ્રવૃત્તિનો સ્વીકાર કરે છે, એમ ગીતાર્થ ગુરુ પણ ગુરુની અનુજ્ઞા વગર જાય ત્યારે ઈષદ્ ગુરુને ક્લેશ થાય છે. તેના કરતાં અધિક લાભ શ્રુતઅધ્યયનથી થશે, એવું સ્પષ્ટ દેખાતું હોય તો ગુરુને પૂછ્યા વગર પણ જાય. ક્યારે જાય તે સ્પષ્ટ કરતાં કહે છે.

કોઈક અધ્યયન વિચ્છેદ પામે છે અર્થાત્ અમુક આચાર્ય પાસે તેવું શ્રુતજ્ઞાન છે અને તે આચાર્ય કાળ કરી જશે તો તે શ્રુત સદા માટે વિચ્છેદ પામશે. તેમ મેધાવી શિષ્યને જણાય અને તે શ્રુતને ગ્રહણ કરવાનું પોતાનામાં સામર્થ્ય છે, તેમ જણાય અને ગુરુ આરાધક છે, પોતાના ઉપકારી છે, છતાં તેઓને એવી જ પ્રકૃતિ છે કે ચિરકાળ પ્રયત્ન કરવા છતાં અનુજ્ઞા આપશે નહિ, ત્યારે ગુરુને પૂછ્યા વગર પણ તે સાધુ જાય તેમાં ભગવાનના વચનની આરાધના થાય છે; કેમ કે તે શ્રુતના રક્ષણથી પોતાને જે વિશિષ્ટ સંયમનો પરિણામ થશે અને ભવિષ્યમાં પણ કોઈ મેધાવી તે શ્રુતને ગ્રહણ કરનાર થશે. તેનાથી સંયમની જે વિશેષ વિશુદ્ધિ પ્રાપ્ત થશે, ઉપકારી એવા ગુરુને પૂછ્યા વગર જવાથી તે લાભની અપેક્ષાએ જે અલ્પ ખેદ થશે, તેના કરતાં અધિક લાભ શ્રુતના રક્ષણથી થશે માટે ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે.

વળી, જે રીતે શ્રુતના રક્ષણ અર્થે ગુરુને પૂછ્યા વગર અપવાદથી જવાની વિધિ છે, એ રીતે કોઈ મેધાવી સાધુ ગુરુને પૂછ્યા વગર આવેલ હોય અને કોઈક પ્રમાદ દોષને કારણે માર્ગમાં અવિધિથી આવેલ હોય તે મેધાવી સાધુ વળી કોઈક શૈક્ષની સાથે આવેલ હોય તો અવિધિથી આવેલ હોવાને કારણે અને ગુરુને પૂછ્યા વગર આવેલ હોવાને કારણે પ્રતીચ્છક આચાર્ય તેમનો સ્વીકાર કરે નહિ અને તેમને પોતાનો શિષ્ય કરે નહિ, છતાં પોતાની પાસે પૂર્વગત કાલિક અનુયોગ હોય અને તેના અવિચ્છેદનું કારણ આ મેધાવી શિષ્ય બની શકે તેમ છે કે તેમની સાથે આવેલ શૈક્ષ બની શકે તેમ છે તો તેમનો સ્વીકાર કરે અને તેમને શાસ્ત્રો ભણાવે અને જો જણાય કે અધ્યયન અર્થે આવનાર સાધુને પોતાનો શિષ્ય કરવામાં આવશે તો પોતાના ગચ્છનું સુંદર પાલન કરી શકે તેમ છે અને શ્રુતનું રક્ષણ તેનાથી જ થાય તેમ છે તો પોતાનો શિષ્ય પણ કરે; કેમ કે આય-વ્યયની તુલના ઉપસંપદા આપનારના વિષયમાં પણ કર્તવ્ય છે. આથી જ પૂર્વગત કાલિક અનુયોગના વિચ્છેદનો પ્રસંગ ન હોય અને અવિધિથી અને અનાપૃચ્છાથી આવેલ શિષ્ય હોય તો ગીતાર્થ ગુરુ ઉપસંપદા આપે નહિ અને તેને ભણાવે પણ નહિ. જો ભણાવે તો તેને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય અને વિશિષ્ટ લાભ દેખાય, ત્યારે અપવાદથી આ રીતે આવેલા સાધુને પણ ભણાવે અને કારણ જણાય તો પોતાનો શિષ્ય પણ કરે. **॥૨૪॥**

**અવતરણિકા :-**

**दिग्बन्धविषयमेव सविशेषं सहेतुकमाह –**

**અવતરણિકાર્થ :-**

**દિગ્બંધના વિષયને જ સવિશેષ અને સહેતુક કહે છે –**

**ગાથા :-**

**सेहे पडिच्छए वा, पुव्वायरिअस्स खित्तिआणं वा ।**
**दिंति दलिअम्मि णाए, ममत्तहेउं दिसाबंधं ।।२५।।**

**અન્વયાર્થ :-**

पुव्वायरिअस्स=પૂર્વાચાર્યના, वा=અથવા, खित्तिआणं=ક્ષેત્રિકના આભાવ્ય એવા પણ, सेहे पडिच्छए=શૈક્ષ અથવા પ્રતીચ્છકરૂપ, दलिअम्मि=દલમાં, णाए=જ્ઞાત થયે છતે=આચાર્યપદ યોગ્ય જ્ઞાત થયે છતે, ममत्तहेउं=મમત્વબુદ્ધિ માટે, दिसाबंधं=દિશાબંધને=સ્વશિષ્યપણારૂપ દિશાબંધને, दिंति=આપે છે. ।।૨૫।।

**ગાથાર્થ :-**

**પૂર્વાચાર્યના અથવા ક્ષેત્રિકના આભાવ્ય એવા પણ શૈક્ષ અથવા પ્રતીચ્છકરૂપ દલમાં જ્ઞાત થયે છતે=આચાર્યપદ યોગ્ય જ્ઞાત થયે છતે મમત્વબુદ્ધિ માટે દિશાબંધને=સ્વશિષ્યપણારૂપ દિશાબંધને, આપે છે. ।।૨૫।।**

**ટીકા :-**

**'सेहे'त्ति । अव्यक्तेन ससहायेन लाभात् परक्षेत्रोपस्थितत्वाच्च पूर्वाचार्यस्य क्षेत्रिकाणां वाऽऽभाव्येऽपि शैक्षे प्रतीच्छके वा 'दलिके' परममेधावित्वेनाचार्यपदयोग्ये ज्ञाते 'दिग्बन्धं ददति' स्वशिष्यत्वेन स्थापयन्ति 'ममत्वहेतोः' अस्माकमयमित्येवंभूतायाः स्वगच्छीयसाधूनां तस्य च परस्परं सज्झिलका वयमित्येवंभूताया वा ममत्वबुद्धेरर्थम्, इदमुपलक्षणम्-अनिबद्धः स्वयमेव कदाचिद् गच्छेत्, पूर्वाचार्येण वा नीयेतेत्येतद्दोषवारणार्थमपि दिग्बन्धं ददति ।।२५।।**

**ટીકાર્થ :-**

अव्यक्तेन ..... ददति ।। સહાય સહિત એવા અવ્યક્ત વડે લાભ થયેલો હોવાથી અને પરક્ષેત્રમાં ઉપસ્થિતપણું હોવાથી પૂર્વાચાર્યને અથવા ક્ષેત્રિકોનું આભાવ્ય હોવા છતાં પણ યોગ્યને દિગ્બંધ આપે એમ અન્વય છે. સસહાય એવા અવ્યક્ત વડે લાભ થયેલ હોય તો પૂર્વાચાર્યનું આભાવ્ય થાય છે અને તે શૈક્ષ પરક્ષેત્રમાં દીક્ષા માટે ઉપસ્થિત થયેલ હોય તો ક્ષેત્રિકોનો આભાવ્ય થાય છે તેવું આભાવ્ય હોવા છતાં પણ તેવા શૈક્ષનું અને પ્રતીચ્છક રૂપ દલિકનું પરમમેધાવીપણું હોવાને કારણે આચાર્યપદ યોગ્ય જ્ઞાત થયે છતે દિગ્બંધને આપે છે=સ્વશિષ્યપણાથી સ્થાપન કરે છે. કેમ સ્થાપન કરે છે ? તેમાં યુક્તિ બતાવે છે. મમત્વહેતુથી="અમારા આ છે", એ પ્રકારની સ્વગચ્છીય સાધુઓના મમત્વના હેતુથી અને તેમના=શિષ્યરૂપે સ્થાપન કરેલ સાધુના, મમત્વના હેતુથી અર્થાત્ "પરસ્પર અમે ભાઈઓ છીએ", એ પ્રકારની મમત્વબુદ્ધિ માટે સ્વશિષ્યપણાથી સ્થાપન કરે છે. આ ઉપલક્ષણ છે=મમત્વબુદ્ધિ માટે સ્થાપન કરે છે એ કથન આગળના કથનનું ઉપલક્ષણ છે. અનિબદ્ધ=શિષ્યરૂપે નહિ સ્થાપન કરેલ તે શૈક્ષ કે પ્રતીચ્છક સ્વયં જ કદાચિત જાય અથવા પૂર્વાચાર્ય વડે લઈ જવાય. એ દોષના વારણ માટે પણ દિગ્બંધ આપે છે=પોતાનો શિષ્ય કરે છે. ।।૨૫।।

**ભાવાર્થ :–**

અવતરણિકામાં કહેલ કે વિશેષ સહિત અને હેતુ સહિત દિગ્બંધના વિષયને જ કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે વિશેષ દલિક હોય જેનાથી પોતાના ગચ્છમાં આચાર્યપદને પ્રાપ્ત કરીને પોતાના શિષ્યપરિવારને ઉચિત અનુશાસન આપીને તેઓનો નિસ્તાર કરવા સમર્થ થાય, તેવા સવિશેષ શૈક્ષને કે પ્રતીચ્છકને દિગ્બંધનો વિષય કરે છે અર્થાત્ પોતાના શિષ્યરૂપે સ્થાપન કરે છે. પોતાના શિષ્યરૂપે કેમ સ્થાપન કરે છે ? તેમાં હેતુ બતાવ્યો કે 'મમત્વના હેતુથી' તેથી મમત્વનો હેતુ હોય અને એવું વિશેષ કારણ હોય તો જે શૈક્ષ અને જે પ્રતીચ્છક પોતાનો આભાવ્ય નથી, તેને પણ ઉપસંપદા આપનાર આચાર્ય પોતાનો શિષ્ય કરે છે.

સામાન્યથી સાધુ મધ્યસ્થ પરિણતિવાળા હોય છે અને મધ્યસ્થ પરિણતિને કારણે સદા ઉચિત પ્રવૃત્તિ કરે છે. તેથી જે શૈક્ષ પૂર્વાચાર્યનો આભાવ્ય હોય અથવા ક્ષેત્રિકનો આભાવ્ય હોય અને ભણવા આવનાર પ્રતીચ્છક પણ ભણીને પૂર્વાચાર્ય પાસે જનારા હોય, આમ છતાં તે અધ્યયન કરનાર આચાર્યને જણાય કે આ શૈક્ષ અથવા પ્રતીચ્છક પરમ મેધાવી છે, આચાર્યપદને યોગ્ય છે. તેથી પોતાના મૃત્યુ પછી પોતાના ગચ્છનું સુંદર પાલન કરીને પોતાના ગચ્છને નિસ્તાર કરવા સમર્થ થશે અને તેનાથી પોતાના ગચ્છના ઘણા યોગ્ય શિષ્યોને વિશેષ લાભ થશે. તેથી તેવા શૈક્ષને કે પ્રતીચ્છકને પોતાના શિષ્યરૂપે સ્થાપન કરે છે. જેથી પોતાના ગચ્છના સાધુઓને પણ આ અમારા ગુરુભાઈ છે, એવી મમત્વબુદ્ધિ થાય છે. તેથી તે આચાર્ય થશે, ત્યારે તેઓને પરતંત્ર થઈને પોતાના ગચ્છના સાધુઓ આત્મહિત સાધશે અને જો તે આચાર્ય તે શૈક્ષને કે પ્રતીચ્છકને પોતાનો શિષ્ય ન કરે અને પોતાની પાસે રાખે તો કદાચ તે શૈક્ષ કે પ્રતીચ્છક અન્યત્ર જાય તો પોતાના ગચ્છના હિતની ઉપેક્ષા થાય અને પૂર્વાચાર્ય તેમને લઈ જાય તોપણ પોતાના ગચ્છના હિતની ઉપેક્ષા થાય. તેથી આ રીતે પોતાનું આભાવ્ય નહિ હોવા છતાં શિષ્ય પ્રત્યેના મમત્વભાવ વગર કેવલ પોતાના ગચ્છના હિત અર્થે ઉપસંપદા આપનાર આચાર્ય પોતાનો શિષ્ય કરે, તેમાં લેશ પણ દોષની પ્રાપ્તિ નથી. કેવલ યોગ્ય જીવોના હિતની બુદ્ધિ હોવાથી મધ્યસ્થભાવ જ છે. **॥૨૫॥**

**અવતરણિકા :–**

**કોઈ મેધાવી સાધુ કોઈ આચાર્ય પાસે ભણવા આવેલ હોય અને શાસ્ત્રવિધિ અનુસાર આવેલ હોવાથી તે આચાર્ય તેને ઉપસંપદા આપે અને તે સાધુ તેમની પાસે ભણે છે, ત્યારે કોઈક કારણે આચાર્ય કાળ કરે તો ગચ્છની વ્યવસ્થા અર્થે તે મેધાવી અધ્યયન કરનારને નિબદ્ધ આચાર્ય કરે, ત્યારે આભાવ્ય=અનાભાવ્ય વિષયક કઈ શાસ્ત્રમર્યાદા છે, તે બતાવે છે –**

**ગાથા :–**

**आयरिए कालगए, परिअट्टंतम्मि गच्छं तु ।**
**अपढंते य पढंते, भेआऽणेगा उ आभव्वे ।।२६।।**

**અન્વયાર્થ :-**

आयरिए कालगए=આચાર્ય કાલગત હોતે છતે, तु=વળી, गच्छं=ગચ્છનું, परिअट्टंतम्मि=પરિવર્તન કરનાર આચાર્ય હોતે છતે, आभव्वे=આભાવ્યના વિષયમાં, पढंते य अपढंते=ભણતા અને નહિ ભણતા સાધુઓને આશ્રયીને, भेआऽणेगा=અનેક ભેદો થાય છે. ॥૨૬॥

**ગાથાર્થ :-**

આચાર્ય કાલગત થયે છતે વળી ગચ્છની સંભાળ પરિવર્તન કરનાર આચાર્ય હોતે છતે આભાવ્યના વિષયમાં ભણતા અને નહિ ભણતા સાધુઓને આશ્રયીને અનેક ભેદો થાય છે. ॥૨૬॥

**ટીકા :-**

'आयरिए'त्ति । आचार्ये कालगते सति 'तस्मिन्' निबद्धाचार्ये तु गच्छं परिवर्तयति सति पठति अपठति चाभाव्येऽनेके भेदा भवन्ति, तथाहि—नोदिता अपि गच्छसाधवो यदि न पठन्ति तदा प्रथमवर्षे कालगताचार्यसाधारणो लाभः, यत् प्रतीच्छका उत्पादयन्ति तत्तस्यैवाभवति, यच्चेतरे गच्छसाधव उत्पादयन्ति तत्तेषामेवाभवतीति भावः । द्वितीये वर्षे यत्क्षेत्रोपसंपन्नो लभते तत्तेऽपठन्तो लभन्ते । तृतीये च वर्षे यत्सुखदुःखोपसम्पन्नो लभते तत्ते लभन्ते । चतुर्थे तु वर्षे कालगताचार्यशिष्या अनधीयाना न किञ्चिल्लभन्ते । तत्र क्षेत्रोपसम्पन्नलभ्यम्-अनन्तरपरम्परवल्लीबद्धा द्वाविंशतिमातापित्रादयः, पूर्वपश्चात्संस्तुताश्च प्रपौत्रश्वशुरादयः, मित्राणि च सहजातकादीनि न तु दृष्टाभाषिताः । सुखदुःखोपसम्पन्नलभ्यं चैतदेव मित्रवर्जम्, अयमपठतः शिष्यानधिकृत्य विधिरुक्तः । ये तु तेषां शिष्याः पठन्ति तानधिकृत्य पुनरयं विधिरुच्यते—कालगताचार्याणां हि चतुर्विधो गणो भवेत्-शिष्याः शिष्यिकाः प्रतीच्छकाः प्रतीच्छिकाश्च । एतेषां पूर्वोद्दिष्टपश्चादुद्दिष्टयोः संवत्सरसङ्ख्यया एकादश गमा भवन्ति । पूर्वोद्दिष्टं यत्तेनाचार्येणोद्दिष्टं जीवता सता, यत्पुनः प्रतीच्छकाचार्येणोद्दिष्टं तत्पश्चादुद्दिष्टम् । तत्र यदाचार्येण जीवता प्रतीच्छकस्य पूर्वमुद्दिष्टं तदेव पठन् प्रथमे वर्षे यत्सचित्तमचित्तं वा लभते तत्कालगताचार्यस्याभवतीत्येको विभागः १। अथ पश्चादुद्दिष्टं पठति प्रतीच्छकस्ततः प्रथमसंवत्सरे यत्सचित्तादिकं लभते तत्प्रवाचयत आचार्यस्याभवतीति द्वितीयो विभागः २। पूर्वोद्दिष्टं पश्चादुद्दिष्टं वा पठतः प्रतीच्छकस्य द्वितीये वर्षे सचित्तादिकं सर्वमपि प्रवाचयत आभवतीत्येष तृतीयो विभागः ३। शिष्यस्य कालगताचार्येण प्रतीच्छकाचार्येण वा यदुद्दिष्टं भवेत्तदसौ पठन् यत्सचित्तादिकं लभते तत्सर्वं प्रथमे संवत्सरे कालगताचार्यस्याभवतीत्येष चतुर्थो विभागः ४। शिष्यस्य पूर्वोद्दिष्टमधीयानस्य द्वितीये वर्षे सचित्तादिकं कालगताचार्यस्याभवतीति पञ्चमो विभागः ५। पश्चादुद्दिष्टं पठतः शिष्यस्य द्वितीये वर्षे सचित्तादिकं प्रवाचयत आभवतीति षष्ठो विभागः ६।

पूर्वोद्दिष्टं पश्चादुद्दिष्टं वा पठति शिष्ये शिष्यादिकं तृतीये वर्षे सर्वमपि प्रवाचयत आभाव्यं भवतीति सप्तमो विभागः ७। पूर्वोद्दिष्टं पठन्त्या शिष्यिकया प्रथमवर्षे लब्धं सचित्तादिकं कालगताचार्यस्याभवतीत्यष्टमो विभागः ८। पश्चादुद्दिष्टमधीयानायां प्रथमवर्ष एव प्रवाचयत आभवतीति नवमो विभागः ९। पूर्वोद्दिष्टं पश्चादुद्दिष्टं वा पठन्त्यां शिष्यिकायां सचित्तादिलाभो द्वितीये वर्षे प्रवाचयत आभवतीति दशमो विभागः १०। पूर्वोद्दिष्टं पश्चादुद्दिष्टं वा पठन्त्यां प्रतीच्छिकायां प्रथम एव संवत्सरे सर्वमपि प्रवाचयत आभवतीत्येकादशो विभागः ११। इत्ययमेक आदेशः । द्वितीयः पुनरयम्— स खलु प्रतीच्छकाचार्यो गच्छसाधूनां कुलसत्को गणसत्कः सङ्घसत्को वा भवेत् । तत्र यदि कुलसत्कस्तदा त्रीन् संवत्सरान् शिष्याणां वाच्यमानानां सचित्तादिकं न गृह्णाति, ये पुनः प्रतीच्छकास्तेषां वाच्यमानानां यस्मिन्नेव दिने आचार्यः कालगतस्तद्दिवसमेव गृह्णाति । यदि च नायमेककुलसत्कः किन्तु गणसत्कस्ततः संवत्सरं शिष्याणां नापहरति सचित्तादिकम् । यस्तु कुलसत्को गणसत्को वा न भवति स नियमात्सङ्घसत्कः, स च षण्मासान् शिष्याणां सचित्तादि न गृह्णातीति ।।२६।।

**ટીકાર્થ :-**

आचार्ये ..... गृह्णातीति ।। આચાર્ય કાલગત થયે છતે વળી તે નિબદ્ધ આચાર્ય ગચ્છનું પાલન કર્યે છતે ભણતાના અને નહિ ભણતાના વિષયમાં આભાવ્ય વિષયક અનેક ભેદો થાય છે. તે ભેદોને 'तथाहि'થી સ્પષ્ટ કરે છે – પ્રેરણા કરાયેલા પણ ગચ્છના સાધુઓ જો ભણતા નથી, ત્યારે પ્રથમ વર્ષમાં કાલગત આચાર્યની સાથે સાધારણ લાભ છે. કઈ રીતે સાધારણ લાભ છે, તે સ્પષ્ટ કરે છે. પ્રતીચ્છક સાધુઓ જેને ઉત્પાદન કરે છે, તે=પ્રતીચ્છકો વડે પ્રાપ્ત કરાયેલું, તેમનું જ થાય છે=નિબદ્ધ આચાર્યનું જ થાય છે અને ઇતર એવા ગચ્છના સાધુઓ જેને ઉત્પાદન કરે છે, તે તેઓનું જ થાય છે=ગચ્છના સાધુઓનું જ થાય છે અર્થાત્ આચાર્ય કાલગત થયા પછી કોઈક જ્ઞાન માટે પોતાના આચાર્યની ઉપસંપદા સ્વીકારીને રહેલા હોય તે પ્રતીચ્છક આચાર્ય તરીકે કિંચિત્કાળ માટે ગચ્છના ગીતાર્થો વડે સ્થાપન કરાયેલા હોય અને તેઓ આચાર્યપદને યોગ્ય શિષ્યને નિષ્પન્ન કરીને સ્વગચ્છમાં જનારા પણ હોય. તેવા આચાર્ય કાળ કરી ગયેલા આચાર્યના શિષ્યોને નવું નવું અધ્યયન કરવા પ્રેરણા કરે છે. છતાં, કોઈક કારણે પ્રમાદવશ તેઓ સંયમની ઉચિત ક્રિયાઓ કરતા હોય તોપણ ભણવા માટે યત્ન કરતા ન હોય, ત્યારે આચાર્ય કાળ કર્યાના એક વર્ષ સુધી જે ભણવા માટે આવેલા અન્ય પ્રતીચ્છક સાધુઓ તે નિબદ્ધ આચાર્ય પાસે ભણે છે, તેઓને સચિત્ત કે અચિત્ત જે કાંઈ લાભ થાય છે, તે અધ્યયન કરાવનાર નિબદ્ધ આચાર્યનું આભાવ્ય થાય છે અને ઇતર સાધુઓ=કાળ કરી ગયેલા આચાર્યના શિષ્યો, ભણવામાં ઉત્સાહિત નહિ હોવા છતાં સંયમની ઉચિત ક્રિયા કરીને શાસ્ત્રવિધિ અનુસાર જે વસ્ત્ર-પાત્રાદિ કે ઉચિત ઉપદેશ દ્વારા શિષ્યને પ્રાપ્ત કરે છે, તે તેઓનું જ એક વર્ષ સુધી થાય છે=કાળ કરી ગયેલા આચાર્યના શિષ્યોનું જ આભાવ્ય થાય છે.

બીજા વર્ષમાં ક્ષેત્ર ઉપસંપન્ન જેને પ્રાપ્ત કરે છે, તેને નહિ ભણતા પણ તેઓ પ્રાપ્ત કરે છે=બીજા વર્ષે કાલગત આચાર્યના શિષ્યો નિબદ્ધ આચાર્ય પાસે ભણતા ન હોય છતાં માસકલ્પાદિ જે ક્ષેત્રમાં વર્તતા હોય અને ક્ષેત્રમાં વર્તતા તેઓ જે પ્રાપ્ત કરે છે, તે નહિ ભણતા પણ તે કાલગત આચાર્યના શિષ્યોનું આભાવ્ય થાય છે અને ત્રીજા વર્ષે સુખ-દુઃખ ઉપસંપન્ન જેને પ્રાપ્ત કરે છે, તેઓ તેને પ્રાપ્ત કરે છે. વળી, નહિ ભણતા કાલગત આચાર્યના શિષ્યો ચોથા વર્ષે કાંઈ પ્રાપ્ત કરતા નથી. ત્યાં ક્ષેત્ર ઉપસંપન્ન લભ્ય શું છે, તે સ્પષ્ટ કરતા કહે છે=બીજા વર્ષમાં ક્ષેત્ર ઉપસંપન્ન સાધુ જેને પ્રાપ્ત કરે છે, નહિ ભણતા કાલગત આચાર્યના શિષ્યો તેને પ્રાપ્ત કરે છે એમ કહ્યું ત્યાં ક્ષેત્ર ઉપસંપન્ન લભ્ય શું છે, તેને સ્પષ્ટ કરે છે.

અનંતર અને પરંપરા વલ્લીબદ્ધ બાવીશ માતાપિતાદિ છે અને પૂર્વપશ્ચાત્ સંસ્તુત પૌત્ર અને શ્વસુરાદિ છે અને મિત્રો સાથે જન્મેલાદિ છે, પરંતુ દૃષ્ટભાષિત નહિ આ ક્ષેત્ર ઉપસંપન્નથી લભ્ય છે. અને સુખદુઃખ ઉપસંપન્નલભ્ય આ જ=પૂર્વમાં કહેલા ક્ષેત્ર ઉપસંપન્ન જ, મિત્રોને છોડીને છે અર્થાત્ ત્રીજા વર્ષે નહિ ભણનારા કાલગત આચાર્યના શિષ્યો સુખદુઃખ ઉપસંપન્નલભ્યને જ પ્રાપ્ત કરે છે, અન્ય નહિ. એમ કહ્યું, ત્યાં મિત્રોને છોડીને ક્ષેત્ર ઉપસંપન્નના જે કોઈ સંયમને અભિમુખ થયા હોય, તે સર્વ કાલગત આચાર્યના શિષ્યોના આભાવ્ય થાય છે. આ=પૂર્વમાં ચાર વર્ષને આશ્રયીને નહિ ભણતા એવા કાલગત આચાર્યના શિષ્યોના વિષયમાં કોનું આભાવ્ય થાય છે એમ બતાવ્યું એ, નહિ ભણનારા શિષ્યોને આશ્રયીને વિધિ કહેવાયો. વળી, તેઓના જે શિષ્યો=કાલગત આચાર્યના જે શિષ્યો, ભણે છે, તેઓને આશ્રયીને આ વિધિ કહેવાય છે. કાલગત આચાર્યોનો ચાર પ્રકારનો ગણ હોય છે – શિષ્યો, શિષ્યાઓ, પ્રતીચ્છકો અને પ્રતીચ્છીકાઓ=અધ્યયન માટે અન્ય સમુદાયમાંથી આવેલ સાધ્વીઓ. આમના=કાલગત આચાર્યના ચાર પ્રકારના ગણના પૂર્વઉદ્દિષ્ટ પશ્ચાત્ઉદ્દિષ્ટના વર્ષોની સંખ્યાથી અગિયાર વિકલ્પો થાય છે. જીવતા છતાં તે આચાર્યથી જે શ્રુત ઉદ્દિષ્ટ છે, તે પૂર્વઉદ્દિષ્ટ છે. વળી, પ્રતીચ્છક આચાર્યથી જે શ્રુતઉદ્દિષ્ટ છે, તે પશ્ચાત્ ઉદ્દિષ્ટ છે. ત્યાં=અગિયાર વિકલ્પમાં, જીવતા આચાર્ય વડે જે પૂર્વઉદ્દિષ્ટ છે=જે શ્રુતઅધ્યયન ભણાવવાનું શરૂ કરાયું છે, તેને જ ભણતા એવા સાધુ=પ્રતીચ્છક આચાર્ય પાસે ભણતા એવા સાધુ પ્રથમ વર્ષમાં જે સચિત્ત અચિત્તને પ્રાપ્ત કરે છે, તે કાલગત આચાર્યનું આભવત થાય છે. એ એક પ્રકારનો વિભાગ છે અર્થાત્ જીવતા આચાર્ય પાસે જે પ્રતીચ્છક સાધુઓએ કોઈ સૂત્ર-અર્થ ભણવાનો પ્રારંભ કરેલો હોય અને તે આચાર્ય કાળ કરી જવાને કારણે તે સૂત્રને જ તે સાધુ નિબદ્ધ આચાર્ય પાસે ભણતા હોય અને આચાર્ય કાળ કરી ગયા પછીના પ્રથમ વર્ષમાં તે પ્રતીચ્છક સાધુને જે સચિત્ત-અચિત્ત નિર્દોષ વસ્તુ પ્રાપ્ત થયેલી હોય તે કાલગત આચાર્યનું આભવત્ હોવાથી તેમના શિષ્યોને પ્રાપ્ત થાય છે. ॥૧॥

હવે, પાછળથી ઉદ્દિષ્ટને પ્રતીચ્છક સાધુ ભણે છે તો પ્રથમ સંવત્સરમાં=પ્રથમ વર્ષમાં, જે સચિત્તાદિને તે પ્રતીચ્છક સાધુઓ પ્રાપ્ત કરે છે, તે સચિત્તાદિ વાચના આપતા આચાર્યનું=નિબદ્ધ

આચાર્યનું, આભવદ્ થાય છે, એ બીજો વિભાગ છે. ॥૨॥

પૂર્વઉદ્દિષ્ટ અથવા પશ્ચાત્ત ઉદ્દિષ્ટને ભણતા પ્રતીચ્છકને બીજા વર્ષમાં સચિત્તાદિ પ્રાપ્ત થાય છે, સર્વ પણ વાચનાચાર્યનું=નિબદ્ધ આચાર્યનું થાય છે એ ત્રીજો વિભાગ છે.

અર્થાત્ કોઈ સાધુ કાલગત આચાર્ય પાસે ભણવા આવેલા હોય અને તેમની પાસે જે સૂત્ર-અર્થ ભણવાનો પ્રારંભ કર્યો છે, તેઓ તે નિબદ્ધ આચાર્ય પાસે તે અવશેષ શ્રુત ભણે છે અને તે પ્રથમ વર્ષમાં પૂર્ણ નહિ થવાથી બીજા વર્ષમાં ભણે છે અથવા કાલગત આચાર્ય પાસે ભણવા માટે પ્રારંભ કરાયેલ સૂત્ર-અર્થ પૂર્ણ થવાથી નવા સૂત્ર-અર્થને બીજા વર્ષમાં નિબદ્ધ આચાર્ય પાસે તે પ્રતીચ્છક સાધુઓ ભણે છે અને તે મહાત્માને સચિત્તાદિ જે કાંઈ પ્રાપ્ત થાય, તે સર્વ પણ નિબદ્ધ આચાર્યનું આભવત્ થાય છે. ॥૩॥

કાલગત આચાર્યથી અથવા પ્રતીચ્છક આચાર્યથી=નિબદ્ધ આચાર્યથી, શિષ્યનું જે ઉદ્દિષ્ટ થાય, તેને ભણતા એવા આ સાધુ જે સચિત્તાદિને પ્રાપ્ત કરે છે, તે સર્વ પ્રથમ વર્ષમાં કાલગત આચાર્યનું થાય છે, એ ચોથો વિભાગ છે અર્થાત્ કાલગત આચાર્ય પાસેથી કોઈક સૂત્ર ભણવાનો પ્રારંભ કરેલો હોય અથવા જે નિબદ્ધ આચાર્ય છે, તેમની પાસેથી કોઈક સૂત્ર-અર્થ ભણવાનો પ્રારંભ કરેલો હોય તે જ સૂત્રને ભણતા એવા સાધુને જે સચિત્તાદિ પ્રાપ્ત થાય=કાલગત આચાર્યના ભણતા એવા શિષ્યને પ્રાપ્ત થાય, તે સર્વ સચિત્તાદિ પ્રથમ વર્ષમાં કાલગત આચાર્યનું આભવત્ થાય છે. તેથી કાલગત આચાર્યના શિષ્યોને તેની પ્રાપ્તિ થાય છે, એ પ્રકારનો ચોથો વિભાગ છે. ॥૪॥

પૂર્વઉદ્દિષ્ટ ભણતા એવા શિષ્યને=કાલગત આચાર્ય વિદ્યમાન હતા એમની પાસે પ્રારંભ કરેલ સૂત્ર-અર્થવાળા કાલગત આચાર્યના શિષ્યને, બીજા વર્ષમાં સચિત્તાદિ પ્રાપ્ત થાય છે. તે કાલગત આચાર્યનું થાય છે અર્થાત્ નિબદ્ધ આચાર્ય ભણાવનાર હોવા છતાં કાલગત આચાર્યનું થાય છે. તેથી તેમના શિષ્યોને પ્રાપ્ત થાય છે, એ પાંચમો વિભાગ છે. ॥૫॥

પશ્ચાત્ઉદ્દિષ્ટને ભણતા શિષ્યને બીજા વર્ષમાં સચિત્તાદિ પ્રાપ્ત થાય છે. તે વાચનાચાર્યનું આભવત્ થાય છે, એ છટ્ઠો વિભાગ છે=આચાર્ય કાલગત થયે છતે પાછળથી કોઈક સૂત્રને ભણવાનો પ્રારંભ કાલગત આચાર્યના શિષ્ય નિબદ્ધ આચાર્ય પાસે કરે, તે શિષ્યને બીજા વર્ષમાં જે સચિત્તાદિ પ્રાપ્ત થાય, તે સૂત્ર-અર્થ ભણાવનાર નિબદ્ધ આચાર્યનું થાય છે, એ છટ્ઠો વિભાગ છે. ॥૬॥

પૂર્વઉદ્દિષ્ટ અથવા પશ્ચાત્ઉદ્દિષ્ટ ભણતા એવા શિષ્ય હોતે છતે શિષ્યાદિક=તે શિષ્યને શિષ્યાદિ જે પ્રાપ્ત થાય, ત્રીજા વર્ષમાં સર્વ પણ વાચના આપનાર નિબદ્ધ આચાર્યનું થાય છે, એ સાતમો વિભાગ છે અર્થાત્ કોઈ સાધુ કાલગત આચાર્ય પાસે કોઈક સૂત્ર ભણવાનો પ્રારંભ કરેલ હોય અથવા તો નિબદ્ધ આચાર્ય પાસે ભણવાનો પ્રારંભ કરેલ હોય અને તે કાલગત આચાર્યના શિષ્યો હોય અને તેમાંથી તે આચાર્ય કે જેઓ પાસે તે ભણે છે, તેઓનું આભાવ્ય થાય છે, એ પ્રમાણે સાતમો વિભાગ છે. ॥૭॥

પૂર્વઉદ્દિષ્ટને ભણતી એવી શિષ્યા વડે=કાલગત આચાર્યની પાસે ભણવાનું પ્રારંભ કરેલ હોય એવી સાધ્વીઓ વડે પ્રથમ વર્ષમાં પ્રાપ્ત સચિત્તાદિ કાલગત આચાર્યનું થાય છે, એ આઠમો વિભાગ છે અર્થાત્ કોઈ કાલગતઆચાર્યની સાધ્વીઓએ કાલગત આચાર્ય પાસે કોઈક શ્રુત ભણવાનો પ્રારંભ કર્યો હોય અને તે આચાર્ય કાલગત થવાને કારણે તે સાધ્વીઓ નિબદ્ધ આચાર્ય પાસે ભણે છે, ત્યારે પ્રથમ વર્ષમાં તે શિષ્યાને જે પણ સચિત્તાદિ કાંઈક પ્રાપ્ત થાય તે કાલગત આચાર્યનું આભાવ્ય થાય છે. તેથી, કાલગત આચાર્યના સમુદાયના સાધુને તે સાધ્વીઓ અર્પણ કરે છે. ॥૮॥

પશ્ચાત્ઉદ્દિષ્ટને ભણતી એવી સાધ્વી હોતે છતે પ્રથમ વર્ષમાં જ વાચના આપનારાનું આભવત્ થાય છે, એ નવમો વિભાગ છે અર્થાત્ કોઈ સાધ્વીએ કાલગત આચાર્ય પાસેથી કોઈક શ્રુતઅધ્યયન ભણવાનું પૂરું કર્યું હોય અને નવા જ કોઈ સૂત્ર-અર્થને ભણવાનો પ્રયત્ન કરતી હોય ત્યારે જેમની પાસે તે સાધ્વીઓ ભણતી હોય, પ્રથમ વર્ષમાં જ તેમને જે શિષ્યાદિ પ્રાપ્ત થાય તે ભણાવનાર આચાર્યનું થાય છે, એ નવમો વિભાગ છે. ॥૯॥

પૂર્વઉદ્દિષ્ટને અથવા પશ્ચાત્ઉદ્દિષ્ટને ભણતી એવી શિષ્યાઓ હોતે છતે બીજા વર્ષમાં સચિત્તાદિ લાભ વાચનાચાર્યનો થાય છે, એ દશમો વિભાગ છે અર્થાત્ કોઈ સાધ્વીએ કાલગત આચાર્ય પાસે કોઈ સૂત્ર ભણવાનો પ્રારંભ કરેલો હોય, તે સૂત્ર બીજા વર્ષે નિબદ્ધ આચાર્ય પાસે ભણતી હોય અથવા કાલગત આચાર્ય પાસેથી ધારણ કરાયેલું સૂત્ર પૂર્ણ થયું હોય અને અન્ય નવું સૂત્ર નિબદ્ધ આચાર્ય પાસે ભણવાનો પ્રારંભ કરેલ હોય તે શિષ્યાઓને જે સચિત્તાદિનો લાભ થાય છે, તે લાભ બીજા વર્ષમાં વાચનાચાર્યનું આભાવ્ય થાય છે. ॥૧૦॥

પૂર્વઉદ્દિષ્ટને અથવા પશ્ચાત્ઉદ્દિષ્ટને ભણતી એવી પ્રતીચ્છિકા સાધ્વીજીઓ હોતે છતે પ્રથમ સંવત્સરમાં=પ્રથમ વર્ષમાં, જે કાંઈ પ્રાપ્ત થાય, સર્વ પણ વાચનાચાર્યનું આભવત્ થાય છે. એ અગિયારમો વિભાગ છે અર્થાત્ કોઈ સાધ્વી કાલગત આચાર્ય પાસે ભણવા માટે અન્ય સમુદાયમાંથી આવેલી હોય અને તે આચાર્ય પાસે જ કોઈ શ્રુતઅધ્યયન ભણવાનો પ્રારંભ કરેલ હોય અથવા કોઈ શ્રુતઅધ્યયન પૂર્ણ થયેલ અને નવું શ્રુતઅધ્યયન વાચનાચાર્ય પાસે ભણવાનો પ્રારંભ કર્યો હોય, તેઓને જે સચિત્તાદિનો લાભ પ્રથમ વર્ષે થાય તે સર્વ પણ વાચના આપનાર આચાર્યનું આભવત્ થાય છે. એ અગિયારમો વિભાગ છે. ॥૧૧॥

આ પ્રકારે આ એક આદેશ છે=અત્યારસુધી વર્ણન કર્યું એ એક વિભાગને બતાવનાર એક આદેશ છે.

વળી, બીજો આ વિભાગ છે — તે પ્રતીચ્છક આચાર્ય=મૂલ આચાર્ય કાલગત થયે છતે જેમને આચાર્ય તરીકે નિબદ્ધ કર્યા છે તે પ્રતીચ્છક આચાર્ય, ગચ્છ સાધુના કુલસત્ક હોય=એક કુળના હોય અથવા કુલસત્ક ન હોય તો એક ગણના હોય અને ગણના ન હોય તો અવશ્ય એક સંઘના થાય. ત્યાં=ત્રણ પ્રકારના પ્રતીચ્છક આચાર્યો સત્ક છે ત્યાં, જો કુલસત્ક છે=તે ગચ્છના સાધુઓના કુલ સંબંધી પ્રતીચ્છક આચાર્ય છે તો ત્રણ વર્ષ સુધી વાચના અપાતા એવા શિષ્યોનું સચિત્તાદિ ગ્રહણ

**કરતા નથી. વળી, જે પ્રતીચ્છકો છે વાચના આપતા તેઓનું=પ્રતીચ્છકોનું, જે દિવસે આચાર્ય કાળધર્મ પામ્યા, તે દિવસે જ ગ્રહણ કરે છે અને જો આ=પ્રતીચ્છક આચાર્ય, એક કુલસત્ક નથી= ગચ્છ સાધુઓના એકકુલ સંબંધી નથી, પરંતુ ગણ સંબંધી છે તો સંવત્સર=એક વર્ષ, શિષ્યોનું=કાલગત આચાર્યના શિષ્યોનું સચિત્તાદિ હરણ કરતા નથી=ગ્રહણ કરતા નથી. વળી, જે નિબદ્ધ આચાર્ય કુલ સંબંધી નથી અથવા ગણ સંબંધી નથી, તે નિયમથી સંઘ સંબંધી છે અને તે=તે નિબદ્ધ આચાર્ય, શિષ્યોનું=કાલગત આચાર્યના શિષ્યોનું, સચિત્તાદિ છ મહિના સુધી ગ્રહણ કરતા નથી. ॥૨૬॥**

**ભાવાર્થ :-**

સુસાધુ સંયમની વૃદ્ધિ અર્થે સદા ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થઈને નવું નવું શાસ્ત્રઅધ્યયન કરે છે. જેનાથી શાસ્ત્રનો સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ થાય છે. જેના બળથી સામાયિકની પરિણતિરૂપ સંયમસ્થાનો વૃદ્ધિ પામે છે; કેમ કે ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત સાધુ જેમ જેમ નવું નવું ભણે, તેનાથી થયેલા સૂક્ષ્મબોધને કારણે સંવેગ પ્રવર્ધમાન થાય છે. જેનાથી સામાયિકની પરિણતિની જ વિશિષ્ટ વિશિષ્ટતર અવસ્થાની પ્રાપ્તિ થાય છે. આથી જ નવા આચાર્ય પાસે મેધાવી સાધુ વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ કરીને ભણવા માટે આવે છે અને તે આચાર્ય પાસે અધ્યયન કરીને તે મહાત્મા સંપન્ન થયેલ છે, તેથી કોઈક કારણે તે આચાર્ય કાલગત થાય ત્યારે તે કાલગત આચાર્યના સ્વયં કહીને કે આચાર્ય કાલગત થયા પછી અન્ય ગીતાર્થ સાધુઓ તે મેધાવી સાધુને ગચ્છમાં ભણાવવા અર્થે રહેવાનું કહીને નિબદ્ધ આચાર્ય તરીકે સ્થાપન કરે છે; કેમ કે શાસ્ત્રોનો સૂક્ષ્મબોધ હોવાથી અને ગચ્છના સાધુઓને ઉચિત અનુશાસન આપીને આચાર્ય તુલ્ય સંપન્ન કરવા તે સાધુ સમર્થ છે. તેથી જ્યાં સુધી બીજા કોઈ આચાર્યપદને યોગ્ય સંપન્ન થાય તે અર્થે નિબદ્ધઆચાર્ય ગચ્છનું પાલન કરે છે અને તે કાલગતઆચાર્યના ગચ્છમાં પણ કેટલાક સાધુ આરાધક હોવા છતાં નવું ભણવા સમર્થ ન હોય, તેના કારણે પણ ભણતા ન હોય અને કેટલાક ભણવાનું સામર્થ્ય હોવાથી તે નિબદ્ધ આચાર્ય પાસે ભણે છે અને તે નિબદ્ધ આચાર્ય માત્ર તે શિષ્યોને ભણાવતા નથી, પરંતુ ગચ્છનું પણ ઉચિત રીતે પાલન કરે છે. જેથી તેઓના અનુશાસનથી ગચ્છના સાધુઓ મોક્ષપથમાં સમ્યક્ પ્રવર્તન કરી શકે છે. તે વખતે તે નિબદ્ધ આચાર્ય પાસે નહિ ભણનારા સાધુને અને ભણનારા સાધુને આશ્રયીને આભાવ્યના વિષયમાં અનેક વિકલ્પો પ્રસ્તુત ગાથામાં બતાવ્યા છે. તેનું કારણ નિર્દોષ વસ્ત્ર, પાત્ર અને યોગ્ય શિષ્યોની પ્રાપ્તિ દુર્લભ છે અને તેની પ્રાપ્તિ કોઈકને થઈ હોય તો પોતાના ઉપકારી છે, તેમને આશ્રયીને તે વસ્તુ તેમની આભાવ્ય થાય અથવા અન્યની થાય તેનો નિર્ણય કરીને ભગવાનના વચનાનુસાર ચાલનારા સુસાધુ તે પ્રકારે આભાવ્ય-અનાભાવ્યની વ્યવસ્થાનો ઉચિત વ્યવહાર કરે તો જ સામાયિકના પરિણામની વિશુદ્ધિ થાય છે અને તે ઉચિત વ્યવહારનો બોધ કરાવવા અર્થે જ પ્રસ્તુત ગાથામાં તે સર્વ વિકલ્પો બતાવીને યોગ્ય સાધુઓને તે પ્રકારે ઉચિત વ્યવહાર કરવાનો બોધ કરાવેલ છે.

સામાયિક પરિણામમાં ધૃતિવાળા જ સુસાધુઓ આત્માને ઠગ્યા વગર આ પ્રકારે ઉચિત વ્યવહાર સેવી શકે છે. તુચ્છ મતિવાળા પાસત્થાદિ સાધુઓ સ્વમતિ પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. **॥૨૬॥**

**અવતરણિકા :-**

अथ कियत्कालं प्रतीच्छकाचार्येण तत्र गच्छे ध्रुवं स्थेयम् ? कथं च गच्छस्थसाधूनां निर्माणविधिः ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

હવે, કેટલો કાળ પ્રતીચ્છક આચાર્ય વડે=અધ્યયન અર્થે આવેલ મૂળ આચાર્ય કાલગત થયા પછી અને વિશિષ્ટ યોગ્યતાને કારણે નિબદ્ધઆચાર્ય કરાયા છે તેમના વડે, તે ગચ્છમાં નક્કી કેટલો કાળ રહેવું જોઈએ ? અને કેવી રીતે ગચ્છના સાધુઓની નિર્માણવિધિ છે ? એથી કહે છે –

**ગાથા :-**

वरिसतिगं ठाइ तहिं, तओ जहिच्छं ठिई अणिम्माणे ।
सकुले तिन्नि तियाइं, गणे दुगं वच्छरं संघे ।।२७।।

**અન્વયાર્થ :-**

वरिसतिगं ठाइ तहिं=ત્રણ વર્ષ ત્યાં રહે છે=પ્રતીચ્છક આચાર્ય રહે છે, तओ जहिच्छं ठिई=ત્યારપછી જો ઈચ્છા હોય તો નિબદ્ધ આચાર્ય રહે છે, अणिम्माणे=અનિર્માણમાં=આચાર્યપદ યોગ્ય સાધુના અનિર્માણમાં, सकुले तिन्नि तियाइं=સ્વકુલમાં નવ વર્ષ, गणे दुगं=ગણમાં બે વર્ષ, वच्छरं संघे=સંઘમાં એક વર્ષ, રહીને નિર્માણ થવા યત્ન કરે છે=કાલગત આચાર્યના સાધુઓ આચાર્યપદ યોગ્ય થવા યત્ન કરે છે. ।।૨૭।।

**ગાથાર્થ :-**

ત્રણ વર્ષ ત્યાં રહે છે=પ્રતીચ્છક આચાર્ય રહે છે. ત્યારપછી જો ઈચ્છા છે તો રહે છે, અનિર્માણમાં=આચાર્યપદ યોગ્ય સાધુના અનિર્માણમાં, સ્વકુલમાં નવ વર્ષ, ગણમાં બે વર્ષ અને સંઘમાં એક વર્ષ રહીને નિર્માણ થવા યત્ન કરે છે=કાલગત આચાર્યના સાધુઓ આચાર્યપદ યોગ્ય થવા યત્ન કરે છે. ।।૨૭।।

**ટીકા :-**

'वरिसतिगं'त्ति । स प्रतीच्छकाचार्यो वर्षत्रिकं 'तत्र' गच्छे नियमात्तिष्ठति, ततः 'यथेच्छं' यदीच्छा तदा तत्रैव तिष्ठत्यथवा नेति । यदि च वर्षत्रये प्रतीच्छकाचार्यसमीपे गच्छे कोऽपि निर्मातस्तदा सुन्दरम् । अथ वर्षत्रयात्परतः स निर्गतस्ते वा गच्छीया एष साम्प्रतमस्माकं सचित्तादिकं हरतीति कृत्वा निर्गताः, न च निर्मातास्ततोऽनिर्माणे सति तेषामियं स्थितिः-स्वकुले स्वकीयकुलसमवायं कृत्वा कुलस्थविरपार्श्वे उपस्थिताः सन्तस्तद्दत्तवाचनाचार्यद्वारा वारकेण वा दीयमानां वाचनां गृह्णीयुः ।

कियत्कालम् ? इत्याह—'त्रीणि त्रिकाणि' नववर्षाणि यावत्, यद्येतावता कोऽपि निर्मातस्तदा सुन्दरम्, अथैकोऽपि न निर्मातस्ततः कुलं सचित्तादिकं गृह्णातीति कृत्वा गणमुपतिष्ठन्ते, गणोऽपि वर्षद्वयं पाठयति न सचित्तादिकं हरति, यद्येवमप्यनिर्मातास्ततः सङ्घमुपतिष्ठन्ते, सङ्घोऽपि वाचनाचार्यं ददाति, स च संवत्सरं पाठयति; एवं द्वादशवर्षाणि भवन्ति । यद्येवमेकोऽपि निर्मातस्तदा सुन्दरम्, अन्यथा पुनरपि कुलादिस्थविरेषूपतिष्ठमानास्तावन्तमेव कालं तेनैव क्रमेण पाठयन्ति, एवं चतुर्विंशतिवर्षाणि भवन्ति । एतावताऽपि कालेनानिष्पत्तौ तृतीयवारमप्यनेन क्रमेण पाठयन्ति । एवमप्यवमाशिवदुर्मेधस्त्वादिकारणैरनिष्पत्तौ कुलसमवाये कृते कुलस्थविरैरुपसम्पद् ग्राहयितव्या ।।२७।।

**ટીકાર્થ :-**

स प्रतीच्छकाचार्यो ..... ग्राहयितव्या ।। તે પ્રતીચ્છક આચાર્ય તે ગચ્છમાં નિયમથી ત્રણ વર્ષ રહે છે. ત્યારપછી યથાઈચ્છા=જો ઈચ્છા હોય, તો ત્યાં જ રહે અથવા નહિ અને જો ત્રણ વર્ષમાં પ્રતીચ્છક આચાર્યની સમીપ એવા ગચ્છમાં કોઈ પણ નિર્માણ થયા=ગચ્છનું પાલન કરવા સમર્થ આચાર્ય થયા, તો સુંદર છે. હવે, ત્રણ વર્ષ પછી તે=પ્રતીચ્છક આચાર્ય પોતાના ગચ્છમાં ગયા અથવા તે ગચ્છીય સાધુઓ આપણું સચિત્તાદિ આ ગ્રહણ કરે છે. એથી કરીને નીકળ્યા અને નિર્માણ થયા નથી=આચાર્યપદ વહન કરે તેવા સાધુ તે ગચ્છમાં નિર્માણ થયા નથી તેથી અનિર્માણ થયે છતે= ગચ્છની વ્યવસ્થા સંભાળી શકે તેવા અધ્યયનાદિથી અનિર્માણ થયે છતે, તેઓની=તે સાધુઓની, આ સ્થિતિ છે=આ પ્રકારની કૃત્ય કરવાની મર્યાદા છે. શું મર્યાદા છે ? તે સ્પષ્ટ કરે છે.

સ્વકુલમાં સ્વકીય કુલના સમુદાયને એકઠો કરીને કુલના સ્થવિર પાસે ઉપસ્થિત થતા તેમનાથી અપાયેલ વાચનાચાર્ય દ્વારા અથવા વારાથી અપાતી વાચનાને ગ્રહણ કરે. કેટલો કાળ ગ્રહણ કરે ? એથી કહે છે – 'ત્રણ ત્રિક'=નવ વર્ષ, જો આટલા કાળથી કોઈપણ નિર્માણ થયા=આચાર્યપદ યોગ્ય કોઈ પણ નિર્માણ થયા, તો સુંદર છે. હવે, એક પણ નિર્માણ થયા નહિ તો કુલ સચિત્તાદિ ગ્રહણ કરે છે એથી કરીને ગણ પાસે ઉપસ્થિત થાય છે અર્થાત્ ગણના સ્થવિરોને એકઠા કરીને તેમની પાસે ભણવા અર્થે વિજ્ઞપ્તિ કરે છે. ગણ પણ બે વર્ષ ભણાવે છે. સચિત્તાદિ ગ્રહણ કરતા નથી. જો આ રીતે પણ=ગણ પાસે બે વર્ષ ભણવા છતાં પણ, અનિર્માણ થયા=કોઈ સાધુ આચાર્યપદને યોગ્ય શાસ્ત્રો ભણીને સંપન્ન થયા નહિ તો સંઘ પાસે ઉપસ્થિત થાય છે. સંઘ પણ વાચનાચાર્ય આપે છે અને તે=વાચનાચાર્ય, એક વર્ષ સુધી ભણાવે છે. આ રીતે બાર વર્ષ થાય છે= કુલ, ગણ અને સંઘ પાસે અધ્યયન કરવામાં બાર વર્ષ થાય છે. જો આ રીતે એક પણ નિર્માણ થયા તો સુંદર છે. અન્યથા=બાર વર્ષમાં કોઈ આચાર્ય નિર્માણ થયા નહિ તો ફરી પણ કુલાદિ સ્થવિરો પાસે ઉપસ્થિત થતા તે ગચ્છના સાધુઓ તેટલો જ કાળ=બાર વર્ષ સુધી, તે જ ક્રમથી=કુલ, ગણ અને સંઘના ક્રમથી, ભણાવે છે=ઉપસ્થિત થયેલા સાધુઓને ભણાવે છે. આ રીતે ચોવીશ વર્ષો થાય છે. આટલા પણ કાલથી અનિષ્પત્તિમાં=આચાર્યને અનુકૂળ શાસ્ત્રઅધ્યયનથી અનિષ્પત્તિમાં, ત્રીજી

**વાર પણ આ ક્રમથી ભણાવે છે. આ રીતે પણ અશિવ, અલ્પ મેધાદિને કારણે અનિષ્પત્તિ થયે છતે કુલ સમવાય=કુલનો સમુદાય એકઠો કરાય છે અને તે કરાયે છતે કુલસ્થવિરો વડે ઉપસંપદા ગ્રહણ કરાવવી જોઈએ. ।।૨૭।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓ ભગવાનના વચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને આત્મહિત સાધવાના અર્થી છે. તેઓના આચાર્ય કાળધર્મ પામ્યે છતે પોતાના ગચ્છમાં કોઈ સમર્થ ન હોય તો ગમે તે સાધુને આચાર્યપદવી આપીને ભગવાનના શાસનનો દ્રોહ સુગચ્છના સાધુઓ કરતા નથી. પરંતુ પ્રતીચ્છક આચાર્યને સ્વીકારીને આચાર્ય યોગ્ય નિર્માણ થવા યત્ન કરે છે. તેથી નક્કી થાય કે જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનું તે સાધુનું વલણ છે. આથી જ તે પ્રતીચ્છક આચાર્ય પાસે ભણે છે અને ત્રણ વર્ષ પછી પણ કેટલાક સાત્ત્વિક સાધુઓ તેમની પાસે ભણીને સંપન્ન થવા ઇચ્છે છે. આમ છતાં, તે પ્રતીચ્છક આચાર્ય ત્રણ વર્ષ પછી પોતાના ગચ્છમાં જાય તો તે સાધુઓ કુલસમવાય આદિના ક્રમથી ભણવા યત્ન કરે છે. જેના બળથી કોઈક સાધુ આચાર્યપદને યોગ્ય નિષ્પન્ન થાય.

વળી, ગચ્છના કેટલાક સાધુઓને થાય કે આપણું સચિત્તાદિ બધું પ્રતીચ્છક આચાર્યનું થાય છે. તેથી આપણા ગચ્છમાં કોઈક વિશિષ્ટ પ્રજ્ઞાધન દીક્ષા ગ્રહણ કરે તો આપણો ગચ્છ સમૃદ્ધ થાય તેવા કોઈક વિશિષ્ટ આશયથી ગચ્છીય સાધુઓ તે પ્રતીચ્છક આચાર્યને ત્રણ વર્ષ પછી છોડીને કુલાદિના ક્રમથી ભણવા યત્ન કરે છે. તુચ્છ સ્વાર્થવૃત્તિથી તે પ્રતીચ્છક નિબદ્ધ આચાર્ય પાસેથી જાણવાનું મૂકી દેતા નથી અને જો તેવા તુચ્છ આશયથી તે નિબદ્ધ આચાર્યને મૂકે તો સંયમની મલિનતા થાય. વળી આ ક્રમમાં પ્રાયઃ કોઈક સાધુ અવશ્ય આચાર્યપદને યોગ્ય નિર્માણ થાય તેવી સંભાવના છે. જોકે સામાન્ય સૂત્ર ભણવાથી કે અર્થો સાંભળવાથી આચાર્યપદને યોગ્ય તે સાધુ બનતા નથી પણ આચાર્યપદ માટે અપેક્ષિત સર્વ સૂત્રો અને અર્થો સ્વનામની જેમ સ્થિરપરિચિત કરે. ત્યારપછી જે આચાર્ય પાસે ભણ્યા હોય તે આચાર્યને જણાય કે શાસ્ત્રોના પદાર્થો ઉચિત રીતે યોજન કરીને આ મહાત્મા સર્વજ્ઞના વચનાનુસાર પ્રરૂપણા કરવા સમર્થ થયા છે, ત્યારે તેમને પર્ષદા આગળ દેશના આપવાનું કહે છે. જેની વિધિ પંચવસ્તુમાં બતાવી છે. એ પ્રમાણે કોઈક મહાત્મા પર્ષદા આગળ સ્તવપરિજ્ઞાનું નિરૂપણ કરે અને તે કઈ રીતે શાસ્ત્રાનુસારી છે, તેનો અધિકાર ચોથા અનુયોગગણની અનુજ્ઞા નામની ચોથી વસ્તુમાં બતાવેલ છે. જેનાથી બોધ થાય કે સર્વજ્ઞના વચનાનુસાર આ મહાત્મા શુદ્ધ દેશના આપવા સમર્થ છે, જેમનાથી યોગ્ય જીવોને સન્માર્ગની પ્રાપ્તિ થશે અને આ સાધુ આચાર્યપદ માટે આવશ્યક એટલાં શાસ્ત્રોથી સંપન્ન થયેલા છે, એવા નિર્ણય વાચનાચાર્યને થાય ત્યારે અનુયોગની અને ગણની અનુજ્ઞા આપે છે. તેઓ જ ગચ્છના આચાર્ય થાય છે. આમ છતાં, તે ગચ્છમાં કોઈક તેવા સૂક્ષ્મ બુદ્ધિવાળા ન હોય અથવા કોઈક શારીરિક કારણોને કારણે ભણી શકે તેમ ન હોય તો છત્રીશ વર્ષ સુધીના ક્રમથી પણ જો કોઈ નિષ્પન્ન ન થાય તો તેઓ કુલસ્થવિર પાસે ઉપસ્થિત થાય છે અને કુલસ્થવિર કહે છે કે તમારે કોઈક ગચ્છની ઉપસંપદા સ્વીકારવી જોઈએ. પરંતુ આ રીતે કાળ કરી ગયેલા આચાર્યના સાધુએ સ્વતંત્ર વિચારવું જોઈએ નહીં. આ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે. **।।૨૭।।**

**અવતરણિકા :-**

कथमयमुपसम्पदं गृह्णाति ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

કેવી રીતે આ=આ ગચ્છ, ઉપસંપદાને ગ્રહણ કરે=કોઈક અન્ય ગચ્છની ઉપસંપદાને ગ્રહણ કરે. એથી કહે છે –

**ગાથા :-**

**सट्ठाणे पव्वज्जेगपक्खियस्सोवसंपयं कुणइ ।**
**छत्तीसाइक्कंतो, ममत्तगुरुभावलज्जगुणा ।।२८।।**

**અન્વયાર્થ :-**

छत्तीसाइक्कंतो=છત્રીશ વર્ષ અતિક્રાંત થયેલા સાધુઓ, सट्ठाणे=સ્વસ્થાનમાં, पव्वज्जेगपक्खियस्सोवसंपयं=પ્રવ્રજ્યા એકપાક્ષિકની ઉપસંપદાને, कुणइ=સ્વીકારે, ममत्तगुरुभावलज्जगुणा=કેમ કે મમત્વ, ગુરુભાવ અને લજ્જાના ગુણો થાય છે. ।।૨૮।।

**ગાથાર્થ :-**

**છત્રીશ વર્ષ અતિક્રાંત થયેલા સાધુઓ સ્વસ્થાનમાં પ્રવ્રજ્યા એકપાક્ષિકની ઉપસંપદાને સ્વીકારે; કેમ કે મમત્વ, ગુરુભાવ અને લજ્જાના ગુણો થાય છે. ।।૨૮।।**

**ટીકા :-**

**'सट्ठाणे'त्ति । षट्त्रिंशद्वर्षातिक्रान्तः सन् प्रव्रज्यैकपाक्षिकस्योपसम्पदं करोति कुलस्थविरसंमताम् । तत्र प्रव्रज्यैकपाक्षिका इमे–**

"गुरुसज्झिलओ सज्झंतिओ गुरुगुरू गुरुस्स वा णत्तू ।
अहवा कुलिच्चओ उ प्पव्वज्जाएगपक्खीओ ।।१।।"

**'गुरुसज्झिलकः' गुरूणां सहाध्यायी पितृव्यस्थानीयः, 'सज्झन्तिकः' आत्मनः सब्रह्मचारी भ्रातृस्थानीयः, 'गुरुगुरुः' पितामहस्थानीयः, गुरोः सम्बन्धी नप्ता प्रशिष्य आत्मनो भ्रातृव्यस्थानीयः, एते प्रव्रज्ययैकपाक्षिकाः । अथवा 'कुलिच्चओ'त्ति समानकुलोद्भवः प्रव्रज्यैकपाक्षिक इति ।। अत्र च प्रव्रज्याश्रुताभ्यां चतुर्भङ्गी भवति-प्रव्रज्यैकपाक्षिकः श्रुतेन च १, प्रव्रज्यया न श्रुतेन २, श्रुतेन न प्रव्रज्यया ३, न प्रव्रज्यया न श्रुतेन ४ इति । तत्र प्रथमतः प्रथमभङ्गे उपसम्पत्तव्यम्, तदभावे तृतीये भङ्गे, यतः पूर्वाधीतं श्रुतं विस्मृतं सत् तेषु सुखेनैवोज्ज्वालयितुं शक्यते श्रुतैकपाक्षिकत्वादिति ।**

तथा स्वस्थान उपसम्पदं कुर्यात्, किमुक्तं भवति ? श्रुतोपसम्पदं प्रतिपित्सोर्यस्य पार्श्वे श्रुतमस्ति तत्तस्य स्वस्थानम्, सुखदुःखार्थिनः स्वस्थानं यत्र वैयावृत्त्यकराः सन्ति, क्षेत्रोपसम्पदर्थिनो यदीये क्षेत्रे भक्तपानादिकं सुलभमस्ति, मार्गोपसम्पदर्थिनो यत्र मार्गज्ञः समस्ति, विनयोपसम्पदर्थिनो यत्र विनयकरणं युज्यते, एतानि स्वस्थानानि, एतदनतिक्रमेणैवोपसम्पद्ग्रहणमीप्सितार्थहेतुरिति । अथवा स्वस्थानं नाम प्रव्रज्यया श्रुतेन च य एकपाक्षिकः तत्र प्रथममुपसम्पत्तव्यम्, पश्चात्कुलेन श्रुतेन चैकपाक्षिकस्य पार्श्वे, ततः श्रुतेन गणेन चैकपाक्षिकस्य समीपे, ततः श्रुतेनैकपाक्षिकस्य संनिधौ, ततः प्रव्रज्ययैकपाक्षिकस्य सकाशे, ततः प्रव्रज्यया श्रुतेन वाऽनेकपाक्षिकस्यापि समीप इति । ननु किमर्थमियं प्रव्रज्याकुलाद्यासन्नतरादिक्रमेणोपसम्पत् ? इत्यत आह—ममत्वं-कालानुभावेनात्मीयोऽयमिति परिग्रहलक्षणं गुरुभावः-बहुमानबुद्धिः लज्जा च-स्वीयकृत्याकरणे हीनतापत्तिलक्षणा तद्गुणात्-तत्कृतावश्योपकर्त्तव्यत्वाद्यनुग्रहात् ।।२८।।

**ટીકાર્થ :-**

षट्त्रिंशद्वर्षातिक्रान्तः ..... द्यनुग्रहात् ।। છત્રીશ વર્ષ અતિક્રાંત થયે છતે કુલસ્થવિરોને સંમત એવી પ્રવ્રજ્યાના એક પાક્ષિકની ઉપસંપદાને સ્વીકારે છે. ત્યાં=પ્રવ્રજ્યા એકપાક્ષિકની ઉપસંપદા સ્વીકારે છે તેમાં, પ્રવ્રજ્યા એકપાક્ષિક સાધુઓ આ છે.

ગુરુસજ્જિઝલ=કાકા ગુરુ, સ્થાનીય, સજ્ઝંતિક=ગુરુભાઈ સ્થાનીય, ગુરુગુરુ=દાદાગુરુ સ્થાનીય અથવા ગુરુના નપ્તા=ગુરુના પ્રશિષ્ય અથવા ભત્રીજા સ્થાનીય અથવા સમાન કુલમાં ઉત્પન્ન થયેલ પ્રવ્રજ્યા એકપાક્ષિક છે. ।।૧।।

ગુરુસજ્જિઝલક=ગુરુના સહાધ્યાયી પિતૃવ્યસ્થાનીય છે. સજ્ઝંતિક=પોતાના સબ્રહ્મચારી ભ્રાતૃસ્થાનીય છે. ગુરુગુરુ=પિતામહ સ્થાનીય છે. ગુરુ સંબંધી નપ્તા=પ્રશિષ્ય પોતાના ભ્રાતૃવ્યસ્થાનીય છે. આ પ્રવ્રજ્યાના એકપાક્ષિક કહેવાય અથવા કુલિચ્ચઓ=સમાન કુલમાં ઉદ્ભવ=એક કુલમાં દીક્ષા લીધેલ, પ્રવ્રજ્યા એકપાક્ષિક છે.

અને અહીં પ્રવ્રજ્યા અને શ્રુત દ્વારા ચતુર્ભંગી થાય છે=પ્રવ્રજ્યા એકપાક્ષિકવાળા કોણ કોણ છે ? એમ પૂર્વમાં બતાવ્યું. એમાં કેટલાક પ્રવ્રજ્યા એકપાક્ષિક હોય એમાંથી કેટલાક શ્રુતસંપન્ન હોય અને કેટલાક શ્રુતસંપન્ન ન હોય, એને આશ્રયીને ચતુર્ભંગી થાય છે, તે ચતુર્ભંગી જ બતાવે છે.

(૧) પ્રવ્રજ્યાથી અને શ્રુતથી એકપાક્ષિક=પૂર્વમાં બતાવેલા પ્રવ્રજ્યા એકપાક્ષિક સંબંધવાળા હોય અને પોતાને જે શ્રુતઅધ્યયન કરવું હોય, તેવા સાધુ પ્રવ્રજ્યા અને શ્રુતથી એકપાક્ષિક છે.

(૨) પ્રવ્રજ્યા એકપાક્ષિક છે, શ્રુતથી નથી=પૂર્વમાં બતાવેલા પ્રવ્રજ્યાથી સંબંધવાળા છે. પરંતુ શ્રુતથી સંપન્ન નથી.

(૩) શ્રુતથી એકપાક્ષિક છે, પ્રવ્રજ્યાથી નથી=જે વિશિષ્ટ શ્રુત પોતાને પ્રાપ્ત કરવું છે, તે શ્રુતથી સંપન્ન છે. પરંતુ પૂર્વમાં કહેલ પ્રવ્રજ્યાના સંબંધથી સંબંધવાળા નથી.

(૪) પ્રવ્રજ્યાથી પણ એકપાક્ષિક નથી અને શ્રુતથી પણ એકપાક્ષિક નથી.

ત્યાં=ચતુર્ભંગી બતાવી ત્યાં, પ્રથમથી=જે સાધુનો ગચ્છ છત્રીશ વર્ષ કુલાદિ પાસે ભણવા છતાં શ્રુતસંપન્ન થયો નથી તેવા સાધુઓએ પ્રથમથી, પ્રથમ ભંગમાં ઉપસંપદા સ્વીકારવી જોઈએ. તેના અભાવમાં=પ્રથમ ભાંગાવાળા સાધુના અભાવમાં, ત્રીજા ભાંગામાં ઉપસંપદા સ્વીકારવી જોઈએ અર્થાત્ શ્રુતથી સંપન્ન છે, પ્રવ્રજ્યાનો સંબંધ નથી, તેવા સાધુ પાસે ઉપસંપદા સ્વીકારવી જોઈએ. જે કારણથી=ચાર ભાંગામાંથી પ્રથમના અથવા ત્રીજા ભાંગામાં ઉપસંપદા સ્વીકારવામાં આવે તો શું પ્રાપ્ત થાય ? તેમાં હેતુ બતાવતાં કહે છે જે કારણથી, પૂર્વનું ભણાયેલું શ્રુત વિસ્મૃત છતું તેઓમાં=તે ભાંગાઓમાં વર્તતા સાધુઓમાં, સુખથી જ ઉજ્જ્વાલન કરવા માટે શક્ય છે; કેમ કે શ્રુત એકપાક્ષિકપણું છે=વિશિષ્ટ શ્રુતથી સંપન્ન એવા તે સાધુઓ છે અને સ્વસ્થાનમાં ઉપસંપદાને સ્વીકારવી જોઈએ. શું કહેવાયેલું થાય છે ?=સ્વસ્થાનમાં ઉપસંપદા સ્વીકારવી જોઈએ. એ વચનથી શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે — શ્રુત ઉપસંપદાને સ્વીકારવાની ઇચ્છાવાળા સાધુનું જેની પાસે શ્રુત છે તે તેનું સ્વસ્થાન છે=શ્રુત ઉપસંપદા સ્વીકારનાર સાધુ જે શ્રુત પોતાની પાસે નથી અને શ્રુત જે સાધુ પાસે છે તેની ઉપસંપદા સ્વીકારે છે તે શ્રુત ઉપસંપદનું સ્વસ્થાન છે.

સુખ-દુઃખાર્થીનું સ્વસ્થાન જ્યાં વૈયાવચ્ચ કરનારા છે અર્થાત્ કોઈ સાધુ વારંવાર ગ્લાન થતા હોય કે ગ્લાન હોય એવા સાધુ પોતાની સમાધિ અર્થે એવા સ્થાનનો આશ્રય કરે છે કે જ્યાં કોઈ વૈયાવચ્ચ કરનારા હોય તે સુખદુઃખ અર્થીનું સ્વસ્થાન છે. જેમના ક્ષેત્રમાં ભક્તપાનાદિ સુલભ છે=જે સાધુઓના સમુદાયમાં કોઈક વિશિષ્ટ લબ્ધિવાળા હોય. જેથી સુખપૂર્વક ભક્તપાનાદિ પ્રાપ્ત થતાં હોય તે ક્ષેત્ર ઉપસંપદ અર્થીનું સ્વસ્થાન છે. માર્ગ ઉપસંપદ અર્થી જેમાં=જે ગચ્છમાં માર્ગને જાણનારા સાધુ છે, તે તેમનું સ્વસ્થાન છે.

વિનય ઉપસંપદ અર્થીનું જ્યાં વિનયકરણ ઘટતું હોય તે સ્વસ્થાન છે.

આ સ્વસ્થાનો છે=પૂર્વમાં બતાવ્યાં એ સ્વસ્થાનો છે. આના અનતિક્રમથી જ ઉપસંપદ ગ્રહણ ઈપ્સિત અર્થનો હેતુ છે અથવા પ્રવ્રજ્યાથી અને શ્રુતથી જે એકપાક્ષિક સ્વસ્થાન છે, ત્યાં પ્રથમ ઉપસંપદા સ્વીકારવી જોઈએ. પાછળથી=તે સ્થાન પ્રાપ્ત ન થાય તો કુલથી અને શ્રુતથી એકપાક્ષિકની પાસે શ્રુતસંપદા સ્વીકારવી જોઈએ. ત્યારપછી=કુલથી અને શ્રુતથી એકપાક્ષિકની અપ્રાપ્તિ હોય ત્યાર પછી, શ્રુતથી અને ગણથી એકપાક્ષિકની સમીપમાં ઉપસંપદા સ્વીકારવી જોઈએ. ત્યારપછી=શ્રુત અને ગણના એકપાક્ષિકની અપ્રાપ્તિ હોય ત્યારપછી, શ્રુતથી એકપાક્ષિકની સંન્નિધિમાં ઉપસંપદા સ્વીકારવી જોઈએ. ત્યારપછી=શ્રુત એકપાક્ષિકની પ્રાપ્તિ ન હોય, ત્યારપછી પ્રવ્રજ્યા એકપાક્ષિકની પાસે પ્રવ્રજ્યા સ્વીકારે. ત્યારપછી પ્રવ્રજ્યાથી અને શ્રુતથી અનેકપાક્ષિક પાસે પણ ઉપસંપદા ગ્રહણ કરે. 'નનુ'થી શંકા કરે છે. કયા પ્રયોજનથી આ પ્રવ્રજ્યા કુલાદિ આસન્નતરાદિ ક્રમથી ઉપસંપદા સ્વીકારે છે. એથી કહે છે. કાલના અનુભાવથી "આત્મીય આ છે" એ પ્રકારના પરિગ્રહ સ્વરૂપ મમત્વ, ગુરુભાવ=બહુમાનની બુદ્ધિ અને લજ્જા=સ્વકૃત્યના અકરણમાં હીનતાની પ્રાપ્તિરૂપ લજ્જા, તે

**ગુણથી=તેમના વડે કરાયેલું અવશ્ય સ્વીકારવું જોઈએ એ પ્રકારના અનુગ્રહથી, લાભ થતો હોવાને કારણે પ્રવ્રજ્યાના કુલાદિ આસન્નતરાદિ ક્રમથી ઉપસંપદા સ્વીકારવી જોઈએ, એમ અન્વય છે. ॥૨૮॥**

**ભાવાર્થ :-**

ભગવાનનું વચન જ એક જીવિત છે એવી બુદ્ધિ જે સાધુઓમાં વર્તે છે તેવા સાધુઓ પણ સર્વથા મમત્વ વગરના નથી. પરંતુ ગુણવાન પ્રત્યે મમત્વ ધારણ કરીને જ સંયમ યોગમાં તત્પર રહી શકે તેવા છે. આથી જ ગુણવાન આચાર્યની નિશ્રામાં રહીને સંયમયોગની આચરણા કરતા હતા અને ગુણવાન આચાર્ય કાલધર્મ પામે. પછી ગચ્છમાં આચાર્યપદને યોગ્ય કોઈ નિષ્પન્ન થયા ન હોય તો જેને-તેને આચાર્ય કરીને ગચ્છવ્યવસ્થા ચલાવવા યત્ન કરતા નથી; કેમ કે ભગવાનના વચનનું પારતંત્ર્ય છે અને તેવા સાધુ પ્રતીચ્છક આચાર્ય પાસે ત્રણ વર્ષ ભણે, પછી પ્રતીચ્છક આચાર્ય પોતાના ગુરુ પાસે જવા તૈયાર થાય તો કુલગણાદિના ક્રમથી આચાર્યપદને યોગ્ય નિષ્પન્ન થવા પ્રયત્ન કરે છે અને તેઓને જણાય છે કે આ પ્રતીચ્છક આચાર્યના જ શિષ્ય, ઉપધિ આદિ થાય છે માટે આપણે સ્વતંત્ર વિચરીએ અને આપણા ગચ્છમાં કોઈક સમર્થ શિષ્યની પ્રાપ્તિ થાય તો આપણો ગચ્છ સમર્થ બને, તેવા કોઈક આશયથી પ્રતીચ્છક, આચાર્યનો ત્યાગ કરીને કુલગણાદિ પાસે શ્રુત ભણીને આચાર્યપદ યોગ્ય થવા યત્ન કરે છે. આમ છતાં, છત્રીશ વર્ષો સુધીમાં કોઈ રીતે આચાર્યપદ યોગ્ય કોઈ સાધુ સંપન્ન થઈ શક્યા નહિ તો કુલના સાધુઓ તેમને ઉપસંપદા સ્વીકારવાનું કહે છે, ત્યારે તેઓ સ્વસ્થાનમાં ઉપસંપદા સ્વીકારે છે અર્થાત્ જે શ્રુત પોતાની પાસે નથી તે શ્રુત જેની પાસે છે, તે તેનું સ્વસ્થાન કહેવાય. તેમ આ ગચ્છના સાધુઓ પણ શ્રુતને ભણવા સમર્થ હોય તેઓ શ્રુતને અનુકૂળ વિશિષ્ટ બોધવાળા એવા સાધુ પાસે ઉપસંપદા સ્વીકારે છે અને ત્યાં પણ પ્રવ્રજ્યા એકપાક્ષિકવાળા શ્રુતધર સાધુની ઉપસંપદા સ્વીકારે છે.

વળી, તે ગચ્છમાં જે સાધુઓ શ્રુત ઉપસંપદાના અર્થી છે, તેઓ તેવા મહાત્મા પાસે ઉપસંપદા સ્વીકારે છે. વળી, કેટલાક સાધુ ગ્લાન હોય તેઓ સુખદુઃખના અર્થી હોય છે; કેમ કે ગ્લાનત્વને કારણે સંયમમાં શૈથિલ્ય આવે છે. તેવા સાધુનું સ્વસ્થાન વૈયાવચ્ચ કરનારા જ્યાં છે, તે જ બને છે. વળી, કેટલાક જીવોની વિનયસંપન્ન પ્રકૃતિ હોય છે. તેથી જ્યાં વિનયસંપન્ન સાધુઓ જુએ ત્યાં તેમનું ચિત્ત ઉત્સાહિત થાય છે અને વિનયના ભંગથી તેમનું ચિત્ત ક્ષુભિત થાય છે. તેથી તેવા સાધુએ જે સમુદાયમાં વિનયકરણ અતિશય હોય તેવા ગીતાર્થ આચાર્યની ઉપસંપદા સ્વીકારવી જોઈએ; કેમ કે આ સર્વનું અતિક્રમણ કર્યા વગર ઉપસંપદા સ્વીકારવામાં આવે તો ઉપસંપદા સ્વીકાર્યા પછી સંયમની વૃદ્ધિ તે સાધુ કરી શકે છે. ફક્ત પ્રવ્રજ્યા અને શ્રુતથી એકપાક્ષિકવાળાની જે ચતુર્ભંગી છે, તેમાં શ્રુત નિમિત્તે ઉપસંપદા સ્વીકારવાના ઇચ્છુક સાધુએ પ્રથમ ભાંગા પ્રમાણે જ ઉપસંપદા સ્વીકારવી જોઈએ. જેથી, પ્રવ્રજ્યાના સંબંધને કારણે કંઈક મમત્વબુદ્ધિ તે સાધુ પ્રત્યે થાય અને તે મહાત્મામાં શ્રુત હોવાથી તેઓના અનુશાસનના બળથી સુખપૂર્વક સંયમની વૃદ્ધિ થાય. કોઈક રીતે પ્રથમ ભાંગો પ્રાપ્ત ન થાય તો ત્રીજા ભાંગા અનુસાર શ્રુતસંપન્ન એવા સાધુની ઉપસંપદા સ્વીકારવી જોઈએ. તેમાં પ્રથમ કુલવાળા સાધુ પાસે ઉપસંપદા સ્વીકારવી જોઈએ. કુલવાળા શ્રુતસંપન્ન પ્રાપ્ત થાય નહિ તો ગણવાળા પાસે ઉપસંપદા સ્વીકારવી જોઈએ; કેમ કે એક ગણના સંબંધથી કંઈક

આત્મીય બુદ્ધિ થાય છે. તેની અપ્રાપ્તિમાં સંઘમાં શ્રુત એકપાક્ષિક હોય, તેમની ઉપસંપદા સ્વીકારવી જોઈએ.

આ રીતે અધિક લાભ જોઈને સ્વીકારવાથી શું લાભ થાય છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. વર્તમાનકાળના જીવો પૂર્વના જીવો જેવા ઋષિ નથી. તેથી વર્તમાનના સાધુઓને કાલના અનુભાવને કારણે પ્રવ્રજ્યા એકપાક્ષિકાદિમાં પરિગ્રહરૂપ મમત્વબુદ્ધિ થાય છે તોપણ તે મમત્વના બળથી પ્રેરાઈને સુખપૂર્વક તેઓના અનુશાસન અનુસાર સંયમયોગમાં ઉત્થિત થઈ શકે છે માટે તે ભૂમિકામાં મમત્વ પણ ગુણવૃદ્ધિનું કારણ બને છે માટે ઇષ્ટ છે.

વળી, જેમની નિશ્રા સ્વીકારી છે, તે ગુણથી ગુરુ છે માટે તેમના પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થાય છે માટે તેમના દ્વારા અનુશાસન અપાયેલ તે સાધુઓને સર્વ ક્રિયાઓ તે પ્રકારે કરવાનો ઉત્સાહ થાય છે. વળી, ક્યારેક પ્રમાદ પ્રચુર હોય અને તે કૃત્ય તે પ્રકારે કરવાનો ઉત્સાહ ન થાય ત્યારે પણ તે મહાત્માને લજ્જા આવે છે અર્થાત્ આમના જોવા છતાં હું પ્રમાદ કરું, એ મારા માટે લજ્જાસ્પદ છે, તેવી બુદ્ધિ થાય છે. તેથી પણ સદ્‌અનુષ્ઠાનમાં તેમના અનુશાસન પ્રમાણે પ્રવૃત્તિ થાય છે. જે પ્રવૃત્તિથી ગુણવૃદ્ધિની પ્રાપ્તિ થાય છે માટે કુલગણાદિનો વિચાર કરીને મહાત્માઓ ઉપસંપદા સ્વીકારે છે. **।।૨૮।।**

**અવતરણિકા :-**

**तदेव सविशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**તેને જ સવિશેષ કહે છે=અન્ય ગણમાં ઉપસંપદા સ્વીકારવા પ્રવ્રજ્યા એકપાક્ષિકાદિ કેમ સ્વીકારવા જોઈએ ? તેને જ સવિશેષ કહે છે –**

**ગાથા :-**

**सव्वस्स वि कायव्वं, णिच्छयओ किं कुलं व अकुलं वा ।**
**संबंधो गुणहेऊ, तह वि हु थिरपीइहेउ त्ति ।।२९।।**

**અન્વયાર્થ :-**

**णिच्छयओ=નિશ્ચયથી, सव्वस्स वि कायव्वं=સર્વનું કરવું જોઈએ, कुलं व अकुलं=કુલ અથવા અકુલ, किं वा=શું છે ?, तह वि संबंधो थिरपीइहेउ=તોપણ સંબંધ સ્થિર પ્રીતિનો હેતુ છે, गुणहेऊ=એથી ગુણનો હેતુ છે. ।।૨૯।।**

**ગાથાર્થ :-**

**નિશ્ચયનયથી સર્વનું કરવું જોઈએ. કુલ અથવા અકુલ શું છે ? તોપણ સંબંધ સ્થિર પ્રીતિનો હેતુ છે. એથી ગુણનો હેતુ છે. ।।૨૯।।**

**ટીકા :-**

**'सव्वस्स वि'त्ति । निश्चयतः सर्वेण सर्वस्याप्यविशेषेण श्रुतवाचनादिकमात्मनो विपुलतरां निर्जरामभिलषता कर्त्तव्यं किं कुलं वाऽकुलं वा ? इत्यादिविचारणया, तथापि 'सम्बन्धः' कुलाद्यासन्नतरतादिलक्षणः 'स्थिरप्रीतिहेतुरिति' पारतन्त्र्यधीनिरासद्वाराऽऽलस्यनिवारकत्वेन निरन्तरावश्यकर्त्तव्यक्रियाऽविच्छेदाद् गुणहेतुरिति ।।२९।।**

**ટીકાર્થ :-**

**निश्चयतः ..... गुणहेतुरिति ।। નિશ્ચયથી=પરમાર્થની વિચારણાની દૃષ્ટિથી, પોતાની વિપુલતર નિર્જરાને અભિલાષ કરતા સર્વ વડે=શ્રુતસંપન્ન સર્વ સાધુઓ વડે, સર્વને પણ=સ્વકુલના કે અન્ય કુલના સર્વને પણ, અવિશેષથી શ્રુતવાચનાદિ આપવી જોઈએ. કુલ અથવા અકુલ ઈત્યાદિ વિચારણા વડે શું ?=આ સ્વકુલના સાધુ છે, આ પરકુલના સાધુ છે ઈત્યાદિ વિચારણા દ્વારા શ્રુતવાચનાનો ભેદ કરવો જોઈએ નહિ તોપણ કુલાદિ આસન્નતરતાદિ લક્ષણ સંબંધ સ્થિરપ્રીતિનો હેતુ છે. તેથી પારતંત્ર્ય બુદ્ધિના નિરાસ દ્વારા=હું વાચનાચાર્ય આદિને પરતંત્ર છું, એ પ્રકારના પારતંત્ર્યબુદ્ધિના નિરાસ દ્વારા, આલસ્યનું નિવારકપણું હોવાથી નિરંતર આવશ્યક કર્તવ્યની ક્રિયાનો અવિચ્છેદ થવાને કારણે ગુણનો હેતુ છે. ।।૨૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે કોઈક ગચ્છમાં આચાર્ય કાલ કર્યા પછી આચાર્યપદને યોગ્ય કોઈ સાધુ નિષ્પન્ન ન થઈ શકે તો કુલસ્થવિરો તેઓને ઉપસંપદા સ્વીકારવાનું કહે છે અને તે ઉપસંપદા તેઓએ સ્વસ્થાનમાં ગ્રહણ કરવી જોઈએ; કેમ કે મમત્વને કારણે તે કુલ, ગણ પણ ગુણવૃદ્ધિનું કારણ બને છે. અહીં પ્રશ્ન થાય કે મમત્વ એ પરિગ્રહ છે અને સાધુને નિષ્પરિગ્રહી થવું છે, ત્યાં પણ આ રીતે કુલ, ગણનું મમત્વ કરે અને ત્યાં પણ તે આચાર્ય આ મારા પ્રવ્રજ્યા એકપાક્ષિક છે અથવા મારા કુળવાળા છે ઇત્યાદિ વિચારીને તેઓને શ્રુતવાચનાદિ વિશેષથી આપે તે કઈ રીતે ઉચિત ગણાય ? એથી કહે છે. નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો શ્રુતવાચનાદિ આપનારા સાધુઓએ યોગ્ય જીવોને હું સન્માર્ગમાં સ્થિર કરું, એવા અધ્યવસાયથી કુલાદિના વિભાગ વગર શ્રુતવાચના આપવી જોઈએ. જેથી, પોતાને વિપુલ નિર્જરાની પ્રાપ્તિ થાય; કેમ કે મધ્યસ્થભાવપૂર્વક યોગ્ય જીવોને શ્રુતવાચના આપવાથી પક્ષપાત વગર મધ્યસ્થ બુદ્ધિ થાય છે. જેનાથી વિપુલ નિર્જરા થાય છે તોપણ આ સાધુ અમારા કુળના આસન્નતર સંબંધવાળા છે, આ સાધુ અમારા ગણના આસન્નતર સંબંધવાળા છે, આ અમારા પ્રવ્રજ્યા એકપાક્ષિક આસન્નતર સંબંધવાળા છે, એ પ્રકારના સંબંધની ઉપસ્થિતિથી વાચના આપનાર સાધુને સ્થિર પ્રીતિનો હેતુ થાય છે અને વાચના લેનાર સાધુને પણ તે વાચનાચાર્ય સાધુમાં કુલાદિનો સંબંધ સ્થિર પ્રીતિનો હેતુ બને છે. તેથી, હું તેમની પાસે વાચના લઉં છું માટે મારે તેમને પરતંત્ર થવું પડે છે, એવી બુદ્ધિ દૂર થાય છે અને ગુણિયલ એવા કુલાદિના સંબંધવાળા વાચના આપનાર સાધુનાં વચનો તે વાચના લેનારના આલસ્યના નિવારણનું કારણ બને છે; કેમ કે મમત્વ

હોવાને કારણે પ્રીતિપૂર્વક તેમના વચનાનુસાર કરવાનો ઉલ્લાસ પ્રગટ થાય છે. તેથી, નિરંતર સાધુ જીવનની અવશ્ય કર્તવ્ય ક્રિયા તે પ્રકારના અપ્રમાદથી તે સાધુ કરે છે. જેથી સંયમની તે તે ક્રિયાઓ દ્વારા સાધુને જે ગુણવૃદ્ધિની પ્રાપ્તિ થાય છે, એમાં સંબંધ ગુણનો હેતુ બને છે. જો સંબંધ ન હોય તો પારતંત્ર્ય બુદ્ધિ થવાથી બાહ્યથી તે ક્રિયાઓ તેઓના અનુશાસન અનુસાર કરે તોપણ અંતરંગ રીતે સદ્વીર્યને ફોરવવામાં આળસનું નિવારણ જે રીતે સંબંધની બુદ્ધિથી થાય છે, તે રીતે અસંબંધની બુદ્ધિમાં પ્રાયઃ થતું નથી. ફક્ત જેઓમાં તીવ્ર સંવેગ વર્તે છે તેઓ જ સંબંધ બુદ્ધિ નિરપેક્ષ નિર્જરાના કારણભૂત ઉચિત ક્રિયાઓ અપ્રમાદથી કરવાના અર્થી હોવાથી જે કોઈ અનુશાસન આપે તે સર્વના અનુશાસનના બળથી સત્ક્રિયાઓ કરવામાં ઉલ્લસિત થાય છે. **॥૨૯॥**

**અવતરણિકા :-**

**एतदेव तन्त्रसंमत्या द्रढयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વની ગાથામાં કહ્યું એ કથનને જ, શાસ્ત્રોની સંમતિથી દૃઢ કરે છે –**

**ગાથા :-**

**दिसमणुदिसं व भिक्खू, इत्तु च्चिए एगपक्खिओ जुग्गो ।**
**धारेउं णिद्दिट्ठो, इत्तरिअं आवकहियं वा ।।३०।।**

**અન્વયાર્થ :-**

**इत्तु च्चिए=આથી જ=સંબંધ સ્થિર પ્રીતિના હેતુથી ગુણનો હેતુ છે આથી જ, एगपक्खिओ जुग्गो= એકપાક્ષિક ભિક્ષુક, दिसमणुदिसं=દિશાને અને અનુદિશાને, इत्तरिअं आवकहियं वा=ઇત્વર અથવા યાવત્કથિક, धारेउं व भिक्खू=ધારણ કરવા માટે યોગ્ય, णिद्दिट्ठो=નિર્દિષ્ટ છે. ॥૩૦॥**

**ગાથાર્થ :-**

**આથી જ=સંબંધ સ્થિર પ્રીતિના હેતુથી ગુણનો હેતુ છે આથી જ, એકપાક્ષિક ભિક્ષુક દિશાને અને અનુદિશાને ઇત્વર અથવા યાવત્કથિક ધારણ કરવા માટે યોગ્ય નિર્દિષ્ટ છે. ॥૩૦॥**

**ટીકા :-**

**'दिसमणुदिसं व'त्ति । 'इत एव' सम्बन्धस्य स्थिरप्रीतिहेतुतया गुणहेतुत्वादेव एकः पक्षः प्रव्रज्यया श्रुतेन चास्यास्तीत्येकपाक्षिको भिक्षुः 'दिशम्' आचार्यत्वलक्षणाम् 'अनुदिशं च' उपाध्यायत्वल-क्षणाम् 'इत्वरां' कियत्कालभाविनीं 'यावत्कथिकीं च' यावत्कालभाविनीं धारयितुं योग्यो निर्दिष्टः, यदुक्तं व्यवहारे द्वीतियोद्देशके–**"एगपक्खिअस्स भिक्खुस्स कप्पति इत्तरिअं दिसं वा अणुदिसं वा उद्दिसित्तए

वा धारित्तए वा, जहा वा तस्स गणस्स पत्तिअं सिय"**त्ति, अस्यार्थः-एकपाक्षिकस्य भिक्षोः कल्पते 'इत्वरां' कियत्कालभाविनीमुपलक्षणाद् यावत्कथिकीं च दिशमनुदिशं वोद्देष्टुं वा धारयितुं वा, यथा वा तस्य गणस्य प्रीतिकं स्यात् तथा दिशमनुदिशं वोद्दिशेत्, किमुक्तं भवति ? भिन्नपाक्षिकमप्यपवादपदेन स्वगणप्रीत्याऽऽचार्यादिपदाध्यारोपितं कुर्यादिति । सापेक्षः खल्वाचार्यो जीवन्नेवाचार्यं स्थापयति, यथा कालगतेऽपि तत्र गच्छो न सीदति; गणधरपदप्रायोग्याभावे प्रमादतो वाऽस्थापित एवाचार्ये कालगते इत्वर आचार्य उपाध्यायो वा स्थाप्यते, गच्छबृहत्तराणां च प्रकाश्यते–यावत्तत्र मूलाचार्यपदे मूलोपाध्यायपदे वाऽन्यो न स्थापितो भवति तावदेष युष्माकमाचार्य उपाध्यायो वा प्रवर्त्तक इति, तदुक्तम्–**

"गणधरपाउग्गासइ, पमायअठ्ठाविए व कालगए ।
थेराण पगासंती, जावऽन्नो न ठाविओ गच्छे ।।१।।"त्ति ।

**तस्य च द्विविधस्याप्येकपाक्षिकस्य दिग्बन्धः कर्त्तव्यः । तत्र प्रव्रज्याश्रुताभ्यां चत्वारो भङ्गा भवन्ति, एवं कुलस्य गणस्य सङ्घस्य च श्रुतेन सार्द्धं भङ्गा द्रष्टव्याः । तत्र प्रव्रज्यां कुलं गणं सङ्घं वाऽधिकृत्य प्रथमभङ्गवर्त्ती इत्वरो यावत्कथिको वा स्थापनीयः, तदभावे तृतीयभङ्गवर्त्ती । यदि पुनर्द्वितीयभङ्गवर्त्तिनं चतुर्थभङ्गवर्त्तिनं वा स्थापयति तदा स्थापयितुश्चत्वारो गुरुकाः आज्ञा-भङ्गानवस्थामिथ्यात्वानि, विराधना च गणभेदरूपा भवति । तथाहि–श्रुतानेकपाक्षिकेत्वराचार्यस्थापने मोहरोगान्यतरचिकित्सां प्रदीर्घकालं कृत्वा समागतेन शङ्कितसूत्रार्थः पृष्टः, तस्य भिन्नवाचनाकत्वादेव न लभ्यते, अभिनवग्रहणमपि गच्छसाधूनामत एव न भवतीति गच्छान्तरोपसम्पत्तौ प्रश्नहेतोर्गणभेदः स्यात् । यावत्कथिकस्यापि तादृशस्य स्थापनेऽयमेव दोषो भावनीयः । अथवा श्रुतानेकपाक्षिकोऽल्प-श्रुतोऽप्युच्यते, स च पृष्टः सन्न तमालापकं ददातीति गणान्तरे गत्वा पृच्छायां गच्छान्तरवर्त्तिन आचार्यास्तेनोत्पादितं सचित्तादिकं गृह्णन्ति, अगीतार्थानां न किञ्चिदाभाव्यमिति वचनात् । प्रव्रज्या-ऽनेकपक्षस्य च द्विविधस्यापि स्थापने गच्छसाधूनां तस्य च मिथो बहिर्भावाध्यवसाये बहुकालेनापि परकीयत्वानिवृत्त्यध्यवसायात्कलहो गच्छभेदश्च भवति । अन्यतरचिकित्सादिकारणे च तृतीय-भङ्गवर्त्यपि, तदभावे द्वितीयभङ्गवर्त्ती, तदभावे च चतुर्थभङ्गवर्त्त्यपि प्रकृत्या मृदुः समस्तगणसम्मतश्च स्थापनीय इति ।।३०।।**

**टीકાર્થ :-**

'इत एव' ..... इति ।। આથી જ=સંબંધની સ્થિર પ્રીતિનું હેતુપણું હોવાને કારણે ગુણનું હેતુપણું હોવાથી જ, એક પક્ષ પ્રવ્રજ્યાથી અને શ્રુતથી છે આને તેવો એકપાક્ષિક ભિક્ષુ દિશાને=આચાર્યત્વલક્ષણ

**દિશાને અને અનુદિશાને=ઉપાધ્યાયલક્ષણ અનુદિશાને, ઈત્વર=કેટલાકકાળ ભાવિ અને યાવત્કથિકી= યાવત્કાળભાવિ, ધારવા માટે યોગ્ય=નિર્દિષ્ટ છે. વ્યવહારમાં બીજા ઉદ્દેશકમાં જે કહેવાયું છે –**

"એકપાક્ષિક ભિક્ષુને ઈત્વરિક દિશા અથવા અનુદિશા ઉદ્દેશ કરવી જોઈએ અથવા ધારણ કરવી જોઈએ. જે પ્રમાણે તે ગણને પ્રીતિ કરનારા થાય."

**આનો=આ ઉદ્ધરણ ગાથાનો, અર્થ છે. એકપાક્ષિક ભિક્ષુને ઈત્વર=કેટલાક કાળભાવિ દિશાને અને ઉપલક્ષણથી યાવત્કથિક દિશાને અથવા અનુદિશાને=આચાર્ય પદવીને અથવા ઉપાધ્યાય પદવીને, ઉદ્દેશ કરવા માટે અથવા ધારણ કરવા માટે કલ્પે છે અથવા જે પ્રમાણે તે ગણને પ્રીતિક થાય, તે પ્રમાણે દિશાને અથવા અનુદિશાને ઉદ્દેશ કરવો જોઈએ. શું કહેવાયેલું થાય છે ? અપવાદપદથી ભિન્ન પાક્ષિક પણ સ્વગણની પ્રીતિથી આચાર્યાદિપદમાં અધ્યારોપિત કરે. ખરેખર સાપેક્ષ આચાર્ય જીવતા જ આચાર્યને સ્થાપન કરે છે=પોતે કાળ કરે તેના પૂર્વે જ પોતાના ગચ્છ અર્થે અન્ય આચાર્યને પોતાના સ્થાને સ્થાપન કરે છે. જે પ્રમાણે કાલગત થયે છતે પણ=પોતે કાળધર્મ પામ્યે છતે પણ, ત્યાં=પોતાની ગેરહાજરીમાં, ગચ્છ સિદાય નહિ. ગણધરપદને પ્રાયોગ્યનો અભાવ હોતે છતે અથવા પ્રમાદથી અસ્થાપિત જ આચાર્ય કાલગત થયે છતે ઈત્વર આચાર્ય અથવા ઉપાધ્યાય= અલ્પકાળ માટે આચાર્ય અથવા ઉપાધ્યાય, સ્થાપન કરાય છે અને ગચ્છના બૃહત્તર સાધુઓને=ગીતાર્થ સાધુઓને, પ્રકાશન કરાય છે. શું પ્રકાશન કરાય છે. તે સ્પષ્ટ કરે છે. જ્યાં સુધી ત્યાં=ગચ્છમાં=સ્વકીય ગચ્છમાં, મૂલ આચાર્યપદમાં અથવા મૂલ ઉપાધ્યાયપદમાં અન્ય સ્થાપિત થતા નથી, ત્યાં સુધી આ તમારા આચાર્ય અથવા ઉપાધ્યાય પ્રવર્તક છે. તે કહેવાયું છે=પૂર્વમાં કહ્યું તે અન્યત્ર કહેવાયું છે.**

ગણધર પ્રાયોગ્ય અવિદ્યમાન હોતે છતે અથવા પ્રમાદથી અસ્થાપિત કાલગત હોતે છતે=આચાર્ય દ્વારા પોતાના સ્થાને અન્ય આચાર્ય કે ઉપાધ્યાય અસ્થાપિત કાલગત હોતે છતે, સ્થવિરોને=ગીતાર્થોને, પ્રકાશન કરે. જ્યાં સુધી અન્ય આચાર્ય કે ઉપાધ્યાય ગચ્છમાં સ્થાપિત ન થાય (ત્યાં સુધી ઈત્વરકાલિક આ તમારા આચાર્ય કે ઉપાધ્યાય છે, એ પ્રમાણે અધ્યાહાર છે.)

**અને તે બંનેને પણ=નવા સ્થાપેલા આચાર્ય અને ઉપાધ્યાય બંનેને પણ, એકપાક્ષિકનો દિગ્બંધ કરવો જોઈએ=આપણા ગચ્છના ઈત્વરકાલ માટે આ બંને છે, એ પ્રકારે સંબંધની બુદ્ધિ કરવી જોઈએ. જેથી સ્વત્વની બુદ્ધિથી તેમના અનુશાસન અનુસાર ઉચિત પ્રવૃત્તિઓ થાય. ત્યાં=એકપાક્ષિકને કે ભિન્ન પાક્ષિકને ઈત્વરકાલિક આચાર્ય કે ઉપાધ્યાય કરે ત્યાં, પ્રવ્રજ્યા અને શ્રુત દ્વારા ચાર ભાંગા પ્રાપ્ત થાય છે. આ રીતે=પ્રવ્રજ્યા એકપાક્ષિક અને શ્રુત એકપાક્ષિક દ્વારા ચતુર્ભંગી થાય છે એ રીતે, કુલને, ગણને અને સંઘને શ્રુતની સાથે ભાંગા જાણવા. ત્યાં=પ્રવ્રજ્યાદિને આશ્રયીને થતા ચાર ચાર ભાંગામાં, પ્રવ્રજ્યા, કુલ, ગણ અથવા સંઘને આશ્રયીને પ્રથમ ભંગવર્તી ઈત્વર કે યાવત્કથિક સ્થાપન કરવા જોઈએ. તેના અભાવમાં ત્રીજા ભંગવર્તી સ્થાપન કરવા જોઈએ અર્થાત્ કોઈ ગચ્છમાં આચાર્ય કે ઉપાધ્યાય સ્થાપિત કર્યા વગર આચાર્ય કાળ કરી જાય, ત્યારે ગચ્છના સ્થવિરો પ્રવ્રજ્યા એકપાક્ષિક અને શ્રુત એકપાક્ષિકને ઈત્વરકાલ માટે કે યાવત્કાલ માટે આચાર્યપદ કે ઉપાધ્યાયપદ ઉપર સ્થાપન**

કરે. તે ન પ્રાપ્ત થાય તો કુલ એકપાક્ષિક કે શ્રુતએકપાક્ષિક ઈત્યાદિ ક્રમથી અંતે સંઘ એકપાક્ષિકને પણ તે પદ ઉપર સ્થાપન કરે અને પ્રથમ ભાંગાવાળા ચારેય ન મળે તો ત્રીજા ભાંગાવાળા પણ તે ક્રમથી સ્થાપન કરવા જોઈએ અર્થાત્ "શ્રુતથી એકપાક્ષિક છે, પ્રવ્રજ્યાદિથી નથી," એવા ત્રીજા ભાંગાવર્તીને સ્થાપન કરવા જોઈએ. જો વળી, બીજા ભાંગાવર્તી અથવા ચોથા ભાંગાવર્તીને સ્થાપન કરે છે=આચાર્યપદરૂપે કે ઉપાધ્યાયપદરૂપે સ્થાપન કરે છે, ત્યારે સ્થાપન કરનારને ચારગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે. આજ્ઞાભંગ, અનવસ્થા અને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે અને ગણભેદરૂપ વિરાધના પ્રાપ્ત થાય છે=પોતાના સમુદાયમાં આ આપણા નથી એવી બુદ્ધિ થવાથી ગણભેદરૂપ વિરાધનાની પ્રાપ્તિ થાય છે.

તે આ પ્રમાણે=ગણભેદરૂપ વિરાધનાને 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે. શ્રુતથી અનેકપાક્ષિક ઈત્વર આચાર્યનું સ્થાપન કરાયે છતે=મૂળ આચાર્ય કાલગત થયે છતે સ્થવિરો દ્વારા શ્રુત અનેકપાક્ષિકને ઈત્વર આચાર્યરૂપે સ્થાપન કરાયે છતે, પ્રદીર્ઘકાલ મોહની અને રોગની અન્યતર ચિકિત્સાને કરીને આવેલા સાધુ વડે શંકિત સૂત્રાર્થ પુછાયેલ પ્રાપ્ત થતું નથી; કેમ કે તેનું=શ્રુત અનેકપાક્ષિક ઈત્વર આચાર્યનું, ભિન્ન વાચનાચાર્યપણું જ છે અર્થાત્ નવા આચાર્ય અનેકપાક્ષિક હોય અને તે ગચ્છમાં કોઈક સાધુને તે સૂત્રાર્થના વિષયમાં મોહ થયેલો હોય=તે સૂત્રનું શું તાત્પર્ય છે ? તેનું કોઈ પ્રતિસંધાન પ્રાપ્ત થતું ન હોય અથવા કોઈ સાધુને શારીરિક રોગ થયો હોય, તેના કારણે અર્થનું વિસ્મરણ થયેલ હોય, આ રીતે દીર્ઘકાળ થવાને કારણે તે સાધુ આવીને તે નૂતન આચાર્યને શંકિત સૂત્રાર્થ પૂછે તો તે આચાર્ય પાસેથી તેનો યથાર્થ અર્થ પ્રાપ્ત થાય નહિ; કેમ કે તે આચાર્યની પરંપરામાં તે સૂત્રના અર્થો ભિન્નરૂપે પ્રાપ્ત થયેલા હોવાથી તે આચાર્ય તે સૂત્રોના અર્થો તે પ્રકારે કહે તો શંકિત સાધુને ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલા અર્થ કરતાં આ નવા આચાર્ય કંઈક અન્ય જ અર્થ કરે છે. તેવા વિકલ્પો થાય છે. તેથી તે અર્થ તેઓને પ્રાપ્ત થતો નથી. આથી જ=તે આચાર્ય ભિન્ન વાચનાવાળા હોવાથી, ગચ્છ સાધુઓને અભિનવ ગ્રહણ પણ થતું નથી જ અર્થાત્ ગચ્છના સાધુઓ તેમની પાસે નવું ભણે તો ગુરુના કહેવાયેલા અર્થો કરતાં ભિન્ન પ્રકારે અર્થોની પ્રાપ્તિ થવાથી તેઓ તે સૂત્રના અર્થને ગ્રહણ કરી શકતા નથી. એથી=તેઓની પાસે અર્થભેદ થવાને કારણે ભણી શકતા નથી. એથી, ગચ્છાંતરમાં ઉપસંપત્તિ થયે છતે=એક સામાચારીવાળા અન્ય ગચ્છમાં કોઈ સાધુ ભણવાર્થે ઉપસંપદા સ્વીકાર્યે છતે પ્રશ્નના હેતુથી ગણભેદ થાય=તે ગચ્છના સાધુ પોતાના આચાર્યની જેમ અર્થ કરે ત્યારે ગચ્છના સાધુઓને થાય કે આ ઈત્વર આચાર્ય આપણને જે વાચના આપે છે, તે આપણા ગચ્છના આચાર્યએ કહેલ અર્થને અનુરૂપ નથી. તેથી ગણભેદ રૂપ વિરાધના પ્રાપ્ત થાય. તેવા પ્રકારના યાવત્કથિકને પણ સ્થાપનમાં=શ્રુત અનેકપાક્ષિક યાવત્કથિક પણ આચાર્યના સ્થાપનમાં, આ જ દોષ ભાવન કરવો અથવા શ્રુત અનેકપાક્ષિક અલ્પ શ્રુતવાળા પણ કહેવાય છે અને તે=ઈત્વર કે યાવત્કથિક સ્થાપન કરાયેલા શ્રુત અનેકપાક્ષિક આચાર્ય પુછાયા છતા તે આલાપકને આપતા નથી અર્થાત્ તે આલાપકના અર્થનો બોધ નહિ હોવાથી આપતા નથી. એથી ગણાંતરમાં જઈને

પૃચ્છા કરાયે છતે ગચ્છાંતરવર્તી આચાર્યો=જ્યાં પૂછવા ગયા છે, તે ગચ્છના આચાર્યો, તેમનાથી ઉત્પાદિત સચિત્તાદિને ગ્રહણ કરે છે; કેમ કે અગીતાર્થોનું કંઈ આભાવ્ય નથી, એ પ્રકારનું વચન છે અર્થાત્ તે ગચ્છમાં ગીતાર્થ સાધુ હોવા છતાં જે વિશિષ્ટ સૂત્રાર્થ તેઓ જાણતા નથી, આથી જ તેને પૂછવાર્થે ગચ્છાંતરમાં જાય છે. તે અપેક્ષાએ તેઓ અગીતાર્થ છે. તેથી સચિત્તાદિ તે ગચ્છાંતરવર્તી આચાર્યો ગ્રહણ કરે છે માટે શ્રુત અનેકપાક્ષિક આચાર્યને ઇત્વરકાલિક કે યાવત્કથિક સ્થાપન કરવા જોઈએ નહિ; કેમ કે તેમનાથી ગણની વ્યવસ્થા સુબદ્ધ થાય નહિ અને બંને પ્રકારના પણ પ્રવ્રજ્યા અનેકપાક્ષિક સ્થાપન કરાયે છતે=આચાર્ય કે ઉપાધ્યાય બંને પ્રકારના પ્રવ્રજ્યા અનેકપાક્ષિક સ્થાપન કરાયે છતે, ગચ્છના સાધુઓનું અને તેનું=અનેકપાક્ષિક સ્થાપન કરાયેલા આચાર્યનું કે ઉપાધ્યાયનું, પરસ્પર બહિર્ભાવ અધ્યવસાય થયે છતે=ગચ્છના સાધુઓને આ આપણા નથી એ રૂપ બહિર્ભાવ અધ્યવસાય થયે છતે, બહુકાલ વડે પણ પરકીયત્વની અનિવૃત્તિનો અધ્યવસાય થવાથી કલહ અને ગચ્છભેદ થાય છે માટે શ્રુત અનેકપાક્ષિકને આચાર્ય કે ઉપાધ્યાયરૂપે સ્થાપન કરવા ઉચિત નથી, એમ સંબંધ છે અને અન્યતર ચિકિત્સાદિ કારણમાં=મોહની ચિકિત્સાના કે રોગની ચિકિત્સાદિના કારણમાં અને ગચ્છની સુસ્થિતતાના કારણમાં ત્રીજા ભંગવર્તી પણ=શ્રુતથી એકપાક્ષિક હોય અને પ્રવ્રજ્યાથી એકપાક્ષિક ન હોય તે રૂપ ત્રીજા ભંગવર્તી પણ, સ્થાપન કરવા જોઈએ, એમ અન્વય છે. તેના અભાવમાં=ત્રીજા ભંગવર્તી આચાર્યાદિ સ્થાપન કરવાયોગ્યના અભાવમાં, બીજા ભંગવર્તી સ્થાપન કરવા જોઈએ અને તેના અભાવમાં=બીજા ભંગવર્તી સ્થાપન કરવાયોગ્ય આચાર્ય કે ઉપાધ્યાયના અભાવમાં ચોથા ભંગવર્તી પણ=શ્રુત એકપાક્ષિક ન હોય અને પ્રવ્રજ્યા એકપાક્ષિક પણ ન હોય, એવા ચતુર્થ ભંગવર્તી પણ આચાર્યાદિને, પ્રકૃતિથી મૃદુ, સમસ્ત ગણને સંમત સ્થાપન કરવા જોઈએ અર્થાત્ કોઈ રીતે પ્રથમ ભાંગાવર્તી આચાર્ય કે ઉપાધ્યાય પ્રાપ્ત થાય તેમ ન હોય ત્યારે ગચ્છમાં ભાવરોગની ચિકિત્સા આવશ્યક હોય અર્થાત્ ગચ્છના સાધુઓ અનુશાસન વગર મોહરોગની વૃદ્ધિ કરીને દુર્ગતિઓમાં જશે, એવું કારણ હોય અથવા શારીરિક રોગોની વિધિપૂર્વક ચિકિત્સા કરાવવા માટે તે ગચ્છના સાધુઓ સમર્થ ન હોય અથવા આચાર્ય, ઉપાધ્યાય વગર ગચ્છની વ્યવસ્થા સ્થિર થાય તેમ ન જણાય તો ગચ્છ પરલોકના કૃત્ય વિષયક બાહ્ય આચરણાઓ કરવા છતાં વિનાશ પામશે, ત્યારે ત્રીજા ભંગવર્તી આદિના ક્રમથી અંતે ચોથા ભંગવર્તી આચાર્ય કે ઉપાધ્યાય પણ સમર્થ જણાય અને પ્રકૃતિથી તે મહાત્મા મૃદુ હોય અને પોતાનો ગણ તેઓને આચાર્યાદિ રૂપે સ્વીકારવા સમર્થ થતો હોય તો તેમને સ્થાપન કરવા જોઈએ. જેથી, મૂલ આચાર્ય કાલગત થયા હોવાને કારણે તે ગચ્છ આત્મહિતની દૃષ્ટિએ અહિતતાની પ્રાપ્તિ ન કરે. ।।૩૦।।

**ભાવાર્થ :-**

ગાથા-૨૯માં કહેલ કે નિશ્ચયનયની દૃષ્ટિથી કોઈ વિભાગ કર્યા વગર આત્માની નિર્જરા પ્રાપ્ત કરવાના અર્થી સાધુએ બધાને જ અવિશેષથી શ્રુતવાચના આપવી જોઈએ. આમ છતાં, કુલાદિ સંબંધની

બુદ્ધિ સ્થિર પ્રીતિનો હેતુ હોવાથી તેવા આચાર્યના કે ઉપાધ્યાયના અનુશાસનના બળથી યોગ્ય જીવો અનુશાસનને સુખપૂર્વક સ્વીકારી શકે છે. આથી જ, શાસ્ત્રમાં પણ કોઈ આચાર્ય કાળ કરી જાય, ત્યારે ઇત્વર કે યાવત્કથિક તે આચાર્યના સ્થાને અન્ય આચાર્ય કે ઉપાધ્યાયને સ્થાપન કરવા પડે ત્યારે એકપાક્ષિકના ક્રમથી જે રીતે ગચ્છના સાધુઓની પ્રીતિ વૃદ્ધિ પામે તે રીતે યત્ન કરવો જોઈએ, એમ શાસ્ત્રમાં કહેલ છે. ॥૩૦॥

**અવતરણિકા :-**

**उक्तं ज्ञानार्थं गमनम् । अथ दर्शनार्थं गमनमाह —**

**અવતરણિકાર્થ :-**

**જ્ઞાન માટે ગમન કહેવાયું. હવે દર્શન માટે ગમનને કહે છે —**

**ગાથા :-**

**भिक्खुअबोडिअणिण्हयपण्णवणं कोविओ असहमाणो ।**
**दंसणदीवगहेउं, गच्छइ गच्छंतरं अहवा ।।३१।।**

**અન્વયાર્થ :-**

**अहवा=જ્ઞાનપક્ષ કરતાં અન્ય પક્ષરૂપ દર્શનપક્ષને બતાવવાર્થે 'અથવા'થી કહે છે, भिक्खुअबोडिअणिण्हय-पण्णवणं=ભિક્ષુક, બોટિક, નિહ્નવોની પ્રજ્ઞાપનાને, असहमाणो=નહિ સહન કરતા એવા, कोविओ=કોવિદ સાધુ, दंसणदीवगहेउं=દર્શનદીપકના હેતુથી, गच्छंतरं=ગચ્છાંતરમાં, गच्छइ=જાય છે. ।।૩૧।।**

**ગાથાર્થ :-**

**અથવા=જ્ઞાનપક્ષ કરતાં અન્ય પક્ષરૂપ દર્શનપક્ષને બતાવવાર્થે 'અથવા'થી કહે છે. ભિક્ષુક, બોટિક, નિહ્નવોની પ્રજ્ઞાપનાને નહિ સહન કરતા એવા કોવિદ સાધુ દર્શનદીપકના હેતુથી ગચ્છાંતરમાં જાય છે. ।।૩૧।।**

**ટીકા :-**

**'भिक्खुअ'त्ति । भिक्षुकाः-बौद्धाः, बोटिकाः-दिगम्बराः, निह्नवाः-बहव उत्सूत्रप्रलापिनस्तेषां प्रज्ञापनां-स्वसिद्धान्ततर्कोपन्यासरूपां स्वगुरूणां संसर्गदाक्षिण्येन तर्कग्रन्थाऽप्रवीणतया वा तूष्णीमवस्थाने 'कोविदः' कालिकपूर्वगतनिर्मातस्तर्कग्रहणशक्तिमानसहमानो दर्शनदीपकानि-सम्यग्दर्शनोज्ज्वालनकारीणि यानि सम्मत्यादीनि तेषां हेतोर्गच्छान्तरं गच्छति, अथवेति ज्ञानपक्षातिरिक्तपक्षोपन्यासे ।।३१।।**

**ટીકાર્થ :-**

**भिक्षुकाः ..... पक्षोपन्यासे ।। ભિક્ષુકો બૌદ્ધો છે. બોટિકો દિગંબરો છે. નિહ્નવો ઘણા ઉત્સૂત્ર પ્રલાપ કરનારા છે. તેઓની પ્રજ્ઞાપનાને=ભિક્ષુકાદિની સ્વસિદ્ધાંતના તર્કોના ઉપન્યાસરૂપ પ્રજ્ઞાપનાને, નહિ સહન કરતા એવા કોવિદ સાધુ=કાલિક અને પૂર્વગત સૂત્રથી નિર્માત તર્કગ્રહણમાં શક્તિમાન એવા કોવિદ સાધુ, દર્શનને દીપક કરનારા=સમ્યગ્દર્શનને ઉજ્જ્વલ કરનારા, જે સંમતિ આદિ ગ્રંથો છે, તેઓના હેતુથી=તે ગ્રંથોના રહસ્યને જાણવાના હેતુથી, ગચ્છાંતરમાં જાય છે. ક્યારે જાય છે ? એથી કહે છે. સંસર્ગના દાક્ષિણ્યને કારણે સ્વગુરુનું મૌનરૂપે અવસ્થાન હોતે છતે અથવા તર્કગ્રંથના અપ્રવીણપણાને કારણે મૌનરૂપે અવસ્થાન હોતે છતે કોવિદ સાધુ સંમતિ આદિ ગ્રંથોના અધ્યયન અર્થે ગચ્છાંતરમાં જાય છે. "અથવા" એ શબ્દ જ્ઞાનપક્ષથી અતિરિક્ત પક્ષના ઉપન્યાસમાં છે. ।।૩૧।।**

**ભાવાર્થ :-**

કોઈક સ્થાનોમાં બૌદ્ધ સાધુઓનો પ્રભાવ હોય, જેનાથી લોકો તે દર્શન તરફ જતા હોય અથવા દિગંબરોનો પ્રભાવ હોય, જેથી તેઓના વચનથી ધર્મનો સ્વીકાર કરતા હોય, કોઈક સ્થાનમાં નિહ્નવોનો પ્રભાવ હોય, તેઓ ભગવાનનાં જ વચનોને સ્વબુદ્ધિ અનુસાર જોડીને લોકોને પ્રભાવિત કરતા હોય અને તેઓની તર્કાનુસારિણી વાચાળતાને કારણે તત્ત્વના અર્થી જીવો પણ તેઓનાં તત્ત્વોને જ સારરૂપે જાણનારા થતા હોય ત્યારે જ કોવિદ સાધુને વિચાર થાય કે આ ભિક્ષુક સાધુઓના ઉપદેશના બળથી તત્ત્વના જિજ્ઞાસુઓને પણ તે તે દર્શનનાં તત્ત્વો જ પરમાર્થરૂપે છે, એવો બોધ થાય છે. તેથી કલ્યાણના અર્થી પણ તેઓનો વિનાશ જોઈને કોવિદ સાધુ વિચારે છે કે ખરેખર આવા પ્રસંગે સમર્થ ગુરુએ વાદ કરીને તેઓને મૌન કરવા જોઈએ. જેથી શિષ્ટ લોકોથી તેઓ ગ્રાહ્ય થાય નહિ. પરંતુ ગુરુને તેઓની સાથે સંબંધ છે, એથી દાક્ષિણ્યને કારણે વાદ કરીને તેઓના ઉન્માર્ગને અટકાવવા યત્ન કરતા નથી અથવા ગુરુ તત્ત્વના જાણનારા છે તોપણ તર્કગ્રંથોમાં અપ્રવીણ હોવાને કારણે તેઓ સાથે વાદ કરવા તૈયાર થતા નથી. તે વખતે જે સાધુ કાલિક અને પૂર્વગત શ્રુતથી સંપન્ન થયેલ હોય અને તર્કગ્રહણ કરવામાં શક્તિમાન હોય તો યોગ્ય જીવોના ઉપકારની નિર્મળ બુદ્ધિથી સમ્યગ્દર્શનને ઉજ્જ્વળ કરનારા જે સન્મતિ આદિ ગ્રંથો છે, તેના પરમાર્થને ભણાવનારા અન્ય ગચ્છમાં કોઈ સાધુ હોય તો તેઓની પાસે ભણવા જાય છે. તે ગમનની ક્રિયા સ્થૂલથી જ્ઞાનાર્થ હોવા છતાં પરમાર્થથી સમ્યગ્દર્શનને અત્યંત નિર્મલ કરવાનું કારણ છે અને અન્ય દર્શનના પ્રલાપોથી યોગ્ય વિચારક જીવોને થતા મોહનિવારણનું પ્રબલ કારણ છે. તેથી, દર્શનશાસ્ત્ર અર્થે તે ગમનની ક્રિયા છે. **।।૩૧।।**

**ગાથા :-**

**होउं बहुस्सुओ सो, विहिणा गच्छंतरम्मि संकंतो ।**
**परतित्थियणिग्गहओ, गुरुं कुसंगाओ मोएइ ।।३२।।**

**અન્વયાર્થ :-**

सो=તે=પૂર્વગાથામાં કહ્યું એ કોવિદ શિષ્ય, विहिणा=વિધિપૂર્વક, गच्छंतरम्मि संकंतो=ગચ્છાંતરમાં સંક્રાંત થયેલા, बहुस्सुओ=બહુશ્રુત થઈને, परतित्थियणिग्गहओ=પરતીર્થિકનો નિગ્રહ કરીને, गुरुं=ગુરુને, कुसंगाओ=કુસંગથી, मोएइ=મુકાવે છે. ।।૩૨।।

**ગાથાર્થ :-**

**તે=પૂર્વગાથામાં કહ્યું, એ કોવિદ શિષ્ય, વિધિપૂર્વક ગચ્છાંતરમાં સંક્રાંત થયેલા બહુશ્રુત થઈને પરતીર્થિકનો નિગ્રહ કરીને ગુરુને કુસંસર્ગથી મુકાવે છે. ।।૩૨।।**

**ટીકા :-**

'होउं'ति । सः'विधिना' प्रागुक्ताऽऽपृच्छाविसर्जनादिलक्षणेन गच्छान्तरं सङ्क्रान्तः सम्मत्यादितर्कशास्त्राध्ययनेन बहुश्रुतो भूत्वा चिन्तयति खल्वेतत्-भिक्षुकादीनां स्वसिद्धान्तं शिर उद्घाट्य प्ररूपयतां सूरयो न किमपि ब्रुवते ततो लोके परिवादो जातः-एते ओदनमुण्डाः किमपि न जानत इति, ततो गाढतरं जैनं शासनं श्राद्धाश्च तैरपभ्राज्यन्ते, ततः सूरीणामसामर्थ्येऽपि मया तेषां भिक्षुकादीनां निग्रहः कर्त्तव्य इति । अथवा तैर्भिक्षुकादिभिः स्थलिकायामाचार्यस्यापि वण्टको निबद्धः, ततो मधुराहारलाम्पट्यात्सामर्थ्ये सत्यपि न किञ्चिदुत्तरं प्रयच्छतीत्येवं विचिन्त्याचार्यदर्शनं प्रागेव कृत्वाऽन्यस्यां वसतौ स्थित्वा वादमार्गकुशलां पर्षदं गृहीत्वा परतीर्थिकान्निरुत्तरीकृत्य निगृह्णाति, ततः 'कुसङ्गात्' परतीर्थिकसंसर्गलक्षणाद् गुरुं मोचयति । यदि वादे पराजयेन कुपिताः सन्तो भिक्षुकादय आचार्यस्य तं वण्टं प्रतिषेधन्ति ततः सुन्दरमेव । अथ तत्र कोऽपि ब्रूयाद्, एतस्य को दोषश्चिरमनुमत एषोऽस्माकं मा पूर्वप्रवृत्तं दातव्यमस्य हापयतेति, तदा गुरोः प्रणामं कृत्वा एवं निवेदयति-शब्दहेतुशास्त्रादिकं मयाऽधीतं तद्व्यासङ्गतश्छेदसूत्रार्थो विस्मृत इत्यगीतार्थश्रवणनिषेधायान्यत्र वसतौ वसामः, एवमन्यव्यपदेशेन तं निष्कासयति तस्या वसतेः । तस्माच्च क्षेत्राद् बहिर्निर्गन्तुमनिच्छति च तस्मिन्नाचार्येऽगीतार्थ-प्रज्ञापनां कृत्वाऽस्माकं क्षिप्तचित्तः साधुरस्ति, तं वयमर्द्धरात्रौ वैद्यसकाशं नेष्यामः, स यदि नीयमानो ह्रियेऽहं ह्रियेऽहमित्यारटेत् ततो युष्माभिर्न किमपि भणनीयमित्यारक्षकादिनिवेदनपूर्वं बह्वाख्यायिकाकथनादिजागरणनिर्भरसुप्तं तं बहिर्नयतीति । निह्नवसंसर्गप्रतिषेधेऽपि बहुशः क्रियमाणेऽनभिलष्यमाणेऽयमेव विधिर्द्रष्टव्य इति ।।३२।।

**ટીકાર્થ :-**

सः 'विधिना' ..... इति ।। તે=સંમતિ આદિ શાસ્ત્રો ભણવા અર્થે જનાર સાધુ, વિધિથી=પૂર્વમાં કહેલ આપૃચ્છા વિસર્જન આદિ લક્ષણવિધિથી, ગચ્છાંતરમાં સંક્રાંત થયેલ સાધુ સંમતિ આદિ

તર્કશાસ્ત્રના અધ્યયનથી બહુશ્રુત થઈને વિચારે છે. શું વિચારે છે ? તે સ્પષ્ટ કરે છે. શિર ઊંચું કરીને આ સ્વસિદ્ધાંતની પ્રરૂપણા કરતા એવા ભિક્ષુકાદિને સૂરિઓ કંઈ પણ બોલતા નથી અર્થાત્ પોતાના ગુરુઓ કંઈ પણ બોલતા નથી. તેથી લોકમાં પરિવાદ થયો અર્થાત્ જૈનશાસનની નિંદા થઈ. કેવા પ્રકારની નિંદા થઈ, તે સ્પષ્ટ કરે છે. ઓદનમુંડ એવા આ=આહાર વાપરવા માત્રમાં યત્નવાળા એવા મસ્તક મુંડાવેલા આ, સાધુઓ કંઈ પણ જાણતા નથી અર્થાત્ તત્ત્વને જાણ્યા વગર સ્વદર્શનના આચારો સેવે છે, પરંતુ સન્માર્ગના વિષયમાં ગાઢ અજ્ઞાનવાળા છે, એ પ્રકારે લોકમાં પરિવાદ થયો એમ અન્વય છે. તેથી=લોકમાં જૈનશાસનનો પરિવાદ થયો તેથી, તેઓ વડે=અન્ય દર્શનના ભિક્ષુકાદિ વડે, જૈનશાસન અને શ્રદ્ધાળુઓ ગાઢતર અપભ્રાજના કરાય છે અર્થાત્ જૈનશાસન તત્ત્વને કહેનાર નથી અને જૈનશાસનમાં શ્રદ્ધાવાળા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓ તત્ત્વની વિચારણા કરવામાં મૂઢ હોવાથી તત્ત્વને નહિ કહેનાર એવા જૈનદર્શનને સ્વીકારે છે એ પ્રમાણે અપભ્રાજના કરાય છે. તેથી સૂરિનું અસામર્થ્ય હોવા છતાં પણ અર્થાત્ તેઓની સાથે વાદ કરીને યથાર્થ તત્ત્વને સ્થાપન કરવામાં પોતાના આચાર્યનું અસામર્થ્ય હોવા છતાં પણ મારા વડે=સંમતિ ભણીને બહુશ્રુત થયેલા સાધુ વડે, તે ભિક્ષુકાદિનો નિગ્રહ કરવો જોઈએ, એ પ્રકારે બહુશ્રુત થયેલા સાધુ વિચારે છે.

આ પ્રકારની વિચારણા ગાથા-૩૧માં કહેલ પોતાના ગુરુની તર્કગ્રંથમાં અપ્રવીણતાને કારણે જો ગુરુ મૌન લેતા હોય તેને આશ્રયીને બહુશ્રુત સાધુ વિચારે છે. હવે, ગાથા-૩૧માં કહ્યું એ પ્રમાણે સ્વગુરુ સંસર્ગના દાક્ષિણ્યને કારણે ભિક્ષુકાદિનો વિરોધ ન કરતા હોય ત્યારે બહુશ્રુત થયેલા સાધુ શું કરે તે 'અથવા'થી બતાવે છે. તે ભિક્ષુકાદિ વડે સ્થલિકામાં=પોતાના પ્રાપ્ત થયેલા ભક્તો દ્વારા સ્થાનોમાં આચાર્યનો પણ વંટક નિબદ્ધ છે=એક ભાગ નિબદ્ધ કરાયો છે. તેથી=નિબદ્ધ વંટકમાં રહી શકે તેવી સ્થિતિ હોવાથી, મધુર આહારના લામ્પટ્યને કારણે=તે સ્થાનમાં રહીને તે ભિક્ષુક સાધુઓની જેમ મધુર આહારાદિ કરીને આત્મહિત સાધવા યત્ન કરે છે ત્યારે તે આચાર્યમાં મધુર આહારનું લામ્પટ્ય હોવાને કારણે સામર્થ્ય હોતે છતે પણ=તે ભિક્ષુકાદિને નિરુત્તર કરવાનું સામર્થ્ય હોતે છતે પણ, કંઈ જ ઉત્તર આપતા નથી=તેઓ જૈનશાસનની અપભ્રાજના કરે છે તેના નિવારણ માટે કંઈ જ પ્રયત્ન કરતા નથી. આ પ્રમાણે વિચારીને=તર્કશાસ્ત્ર ભણીને આવેલા સાધુ આ પ્રમાણે વિચારીને, પૂર્વમાં જ આચાર્યનું દર્શન કરીને=આચાર્ય જ્યાં ઊતર્યા છે ત્યાં જઈને આચાર્યને વંદન કરીને, અન્ય વસ્તીમાં રહીને વાદમાર્ગમાં કુશળ એવી પર્ષદાને ગ્રહણ કરીને પરતીર્થિકોને નિરુત્તર કરીને નિગ્રહ કરે છે, ત્યારપછી કુસંગથી=પરતીર્થિકના સંસર્ગ લક્ષણ કુસંગથી, ગુરુને મુકાવે છે. કઈ રીતે મુકાવે છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. જો વાદમાં પરાજયને કારણે કોપ પામેલા છતાં ભિક્ષુકાદિ આચાર્યને તે વંટનો પ્રતિષેધ કરે છે=પોતાના સ્થાનમાં નિવાસ માટે જે સ્વતંત્ર સ્થાન રહેવા માટે આપેલ તેનો પ્રતિષેધ કરે છે તો સુંદર જ છે અર્થાત્ આચાર્ય તેઓના સ્થાનમાં રહે તો મધુર આહારના લામ્પટ્ય અને સુંદર વસ્તી આદિને વશ થઈને સંયમજીવનથી વિનાશ પામતા હતા. તે તેઓ તેમને કાઢી મૂકે તો ફરી શિષ્ય સાથે રહીને માર્ગસ્થ થવાની સંભાવના રહે છે; કેમ કે પાતનું નિમિત્ત દૂર થાય ત્યારે યોગ્ય જીવમાં ફરી માર્ગાનુસારી બુદ્ધિ ઉલ્લસિત થાય છે. તેથી, ભિક્ષુકો કુપિત

થઈને તે સ્થાનને છોડવાનો નિર્ણય કરે તે ઉચિત છે. હવે, ત્યાં=ભિક્ષુકાદિમાં, કોઈક પણ કહે. આમનો=આચાર્યનો, શું દોષ છે ? અર્થાત્ દોષ નથી. કેમ દોષ નથી ? એથી કહે છે. લાંબા સમય સુધી આ=આચાર્ય, અમને અનુમત છે અર્થાત્ અમારા સિદ્ધાંતોનો કોઈ વિરોધ કરતા નથી અને આપણે જૈનશાસનનો પરિવાદ કરીએ છીએ તેનો પણ તેઓ નિષેધ કરતા નથી. તેથી આપણી પ્રરૂપણામાં તે સંમત જ છે માટે પૂર્વ પ્રવૃત્ત આને દાતવ્ય ત્યાગ કરવો જોઈએ નહિ અર્થાત્ અત્યાર સુધી આ આચાર્યને આપણે આપણી વસ્તી આપી, સુંદર આહારાદિ પ્રાપ્ત થાય, તેવી વ્યવસ્થા કરી તે સર્વ પૂર્વમાં પ્રવૃત્ત છે તે પ્રમાણે જ આપવું જોઈએ, તેનો ત્યાગ ન કરવો જોઈએ. એ પ્રમાણે ભિક્ષુકાદિમાંથી કોઈક કહે એમ અન્વય છે, ત્યારે ગુરુને પ્રણામ કરીને=શાસ્ત્ર ભણીને સંપન્ન થયેલ શિષ્ય ગુરુને પ્રણામ કરીને, આ પ્રમાણે નિવેદન કરે – શું નિવેદન કરે તે સ્પષ્ટ કરે છે.

શબ્દ, હેતુ શાસ્ત્રાદિને મારા વડે ભણાયા=તર્કગ્રંથો મારા વડે ભણાયા. તેના વ્યાસંગથી=તે શાસ્ત્રોને ભણવાની પ્રવૃત્તિથી છેદસૂત્રાર્થ વિસ્મૃત થયો છે અર્થાત્ તે શિષ્ય કહે છે કે મને છેદસૂત્રનો અર્થ વિસ્મૃત થયો છે. એથી અગીતાર્થના શ્રવણના નિષેધ માટે અર્થાત્ આપણી સાથે વસતા અન્ય અગીતાર્થ સાધુઓને તેનું શ્રવણ ન થાય તેના માટે અન્યત્ર વસ્તીમાં આપણે જઈએ. આ રીતે=પૂર્વમાં કહ્યું કે છેદસૂત્રના વિસ્મરણ થયેલા અર્થના અધ્યયન અર્થે અન્ય વસ્તીમાં જઈએ એ રીતે, અન્ય વ્યપદેશથી અર્થાત્ ગુરુને તે વસ્તીમાંથી કાઢવાના પ્રયોજન કરતાં છેદસૂત્રના અધ્યયન અર્થે અન્ય વસ્તીમાં જઈએ એ પ્રકારના અન્ય વ્યપદેશથી, તેમને=ગુરુને, તે વસ્તીમાંથી કાઢે છે અર્થાત્ બૌદ્ધ સાધુ કે અન્ય કોઈ નિહ્નવાદિ હોય તેમની વસ્તીમાંથી તે આચાર્યને કાઢે છે. જેથી અન્ય વસ્તીમાં આવેલા આચાર્યને તે શિષ્ય ઉચિત વિવેકપૂર્વક આચાર્યના રસલાંપટ્યનો ત્યાગ થાય તે પ્રકારે માર્ગમાં સ્થિર કરવા યત્ન કરી શકે અને તે ક્ષેત્રથી=ભિક્ષુકાદિના ક્ષેત્રથી, બહાર નહિ નીકળવાની ઈચ્છાવાળા તે આચાર્ય હોતે છતે અગીતાર્થને પ્રજ્ઞાપના કરીને=તે આચાર્ય સાથે વર્તતા અગીતાર્થ સાધુઓને કથન કરીને, શું કથન કરીને ? એથી કહે છે. અમારા ક્ષિપ્ત ચિત્તવાળા સાધુ છે. તેને અમે અર્ધ રાત્રે વૈદ્ય પાસે લઈ જઈશું. એ પ્રકારે બહુશ્રુત કોવિદ સાધુ અગીતાર્થોને પ્રજ્ઞાપના કરીને કહે છે કે જો તે લઈ જવાતા=ક્ષિપ્ત ચિત્તવાળા સાધુ લઈ જવાતા, હું હરણ કરાઉં છું, એ પ્રમાણે બૂમો પાડે તો તમારે કંઈ પણ કહેવું જોઈએ નહિ, એ પ્રમાણે આરક્ષકાદિને નિવેદનપૂર્વક ઘણાં આખ્યાયિકાનાં કથનાદિથી=ઘણા શાસ્ત્રીય પદાર્થોનાં કથનાદિ દ્વારા, જાગરણથી ગાઢ સૂતેલા તેમને=આચાર્યને, બહાર લઈ જાય છે=બહુશ્રુત શિષ્ય લઈ જાય છે. બહુ વખત કરાતા નિહ્નવના સંસર્ગના પ્રતિષેધમાં પણ નહિ ઈચ્છતા એવા આચાર્ય હોતે છતે આ જ વિધિ જાણવી અર્થાત્ જે ભિક્ષુકાદિ વિષયક વિધિ છે એ વિધિ જાણવી. ॥૩૨॥

**ભાવાર્થ :-**

કોઈ યોગ્ય શિષ્ય મતિમાન હોય અને પોતાના ગુરુ તર્કગ્રંથમાં અપ્રવીણ હોય, તેથી અન્ય દર્શન દ્વારા કે નિહ્નવો દ્વારા જૈનશાસનની થતી હીલનાનું વારણ કરી શકે નહિ, ત્યારે દર્શનશાસ્ત્ર ભણવા માટે અન્ય

ગચ્છમાં જાય, સંમતિ આદિ ભણીને નિપુણ થાય. જેથી બૌદ્ધ ભિક્ષુકો, દિગંબરો કે નિહ્નવો જે રીતની પ્રરૂપણા કરતા હોય, તેઓને વાદ દ્વારા જીતીને જૈનશાસનની પ્રભાવના કરે. જેથી, ઘણા યોગ્ય જીવોને ભગવાનનું શાસન જ સુંદર પદાર્થને બતાવનાર છે તેવી સ્થિર બુદ્ધિ થવાથી પારમાર્થિક ભગવાનના શાસનની પ્રાપ્તિ થાય અને લોકો પણ ભગવાનના શાસનની હીલના કરીને પાપ બાંધતા હોય તેઓનું નિવારણ થાય.

વળી, બૌદ્ધ ભિક્ષુકો ત્યાં વસતા પોતાના આચાર્યની સાથે ક્યારેક સંસર્ગને પામતા હોય અને કહે કે અમારી વસ્તી નિર્દોષ છે, તમને કલ્પે એવી છે. જેમ વીર ભગવાન તાપસના આશ્રમમાં નિર્દોષ વસ્તી હતી તો ચાતુર્માસ માટે રહેલા તેમ તે બૌદ્ધ સાધુના સંસર્ગને કારણે તેમના કહેવાથી આચાર્ય પણ તેમના દ્વારા અપાયેલી વસ્તીમાં નિવાસ કરે અને તે બૌદ્ધ સાધુઓના મઠોનું જે સુંદર ભોજન તેમને મળે, તેમાં રસલામ્પટ્ય આવે ત્યારે તે ભિક્ષુકો પોતાના મતનું સ્થાપન કરીને જૈનશાસનની હીલના કરતા હોય તોપણ સંસર્ગના દાક્ષિણ્યને કારણે આચાર્ય મૌન સ્વીકારે છે, ત્યારે તેમના સમુદાયમાં કોઈ સાધુ કાલિક પૂર્વગત શ્રુત ભણેલ હોય, તર્કગ્રહણમાં શક્તિમાન હોય તે ગચ્છાંતરમાં જઈને સંમતિ આદિ ગ્રંથો ભણી આવે. જેથી બૌદ્ધદર્શનના ક્ષણિકવાદનું તર્કપૂર્વક નિરાકરણ કરીને તેઓને મૌન કરે અને ત્યારપછી અનેક વિકલ્પોમાંથી જે વિકલ્પથી તેમની વસ્તીમાંથી ગુરુને બહાર કાઢે અને ત્યારપછી ઉચિત વિવેકપૂર્વક માર્ગમાં સ્થિર કરે. વસ્તુતઃ તે વસ્તીમાં ગુરુ વિદ્યમાન હોય, ત્યાં સુધી રસલામ્પટ્યને અભિમુખ જ ગુરુનો ઉપયોગ જાય છે, જેથી અન્ય વિચારને અભિમુખ થતા નથી. તેથી, વિવેકી શિષ્ય નિપુણ પ્રજ્ઞાપૂર્વક તે ભિક્ષુકોની વસ્તીમાંથી ગુરુને બહાર કાઢે. જેથી તે રસલામ્પટ્યના આલંબનથી કપાયેલા ગુરુ ફરી માર્ગ ઉપર સ્થિર થાય છે.

વળી, જેમ બૌદ્ધ ભિક્ષુકમાં આ સર્વ પ્રસંગો છે. તેમ નિહ્નવોમાં પણ આ સર્વ પ્રસંગો પ્રાપ્ત થઈ શકે છે; કેમ કે નિહ્નવોએ પણ પોતપોતાનાં સ્થાનો કરીને વસ્તી કરેલ હોય અને સમર્થ આચાર્ય છે, તેમ જાણેલ હોય તો તેમની સાથે પરિચય કરીને પોતાની વસ્તીમાં વસવા માટે આગ્રહ કરે. તેથી જે બૌદ્ધ સાધુ વિષયક વિધિ છે, તે સર્વ વિધિ નિહ્નવો વિષયક પણ સમાન છે. ફક્ત બોટિક સાધુઓમાં તેવી સંભાવના નથી. તેથી તેનો ઉલ્લેખ કરેલ નથી. ફક્ત બોટિક સાધુઓ સાથે સંસર્ગના દાક્ષિણ્યના કારણે ગુરુ મૌન લેતા હોય તો તર્કશાસ્ત્ર ભણેલ કોવિદ સાધુ તેનું નિવારણ કરીને તેમના પરિચયથી ગુરુને દૂર કરવાનો યત્ન કરે છે. **॥૩૨॥**

**અવતરણિકા :-**

**उक्तं दर्शनार्थं गमनम् । अथ चारित्रार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**દર્શન માટે ગમન કહેવાયું=દર્શનશુદ્ધિ અર્થે સાધુએ અન્ય ગચ્છમાં જવું જોઈએ એ રૂપગમન કહેવાયું. હવે ચારિત્ર માટે અન્ય ગચ્છમાં જવા માટે વિધિને કહે છે –**

**ગાથા :-**

**चारित्तट्ठं गमणं, देसायसमुत्थदोसओ दुविहं ।**
**एसणथीसुं पढमं, गुरुम्मि गच्छे य बिइयं तु ।।३३।।**

**અન્વયાર્થ :-**

चारित्तट्ठं=ચારિત્ર માટે, गमणं=ગમન, देसायसमुत्थदोसओ=દેશસમુત્થ દોષને કારણે અને આત્મસમુત્થ દોષને કારણે, दुविहं=બે પ્રકારનું છે, एसणथीसुं=એષણા અને સ્ત્રીમાં, पढमं=પ્રથમ છે, तु=વળી, गुरुम्मि=ગુરુમાં, य=અને, गच्छे=ગચ્છમાં, बिइयं=બીજું છે=ચારિત્ર માટે ગમન બીજું છે. ।।૩૩।।

**ગાથાર્થ :-**

**ચારિત્ર માટે ગમન દેશસમુત્થ દોષને કારણે અને આત્મસમુત્થ દોષને કારણે બે પ્રકારનું છે. એષણા અને સ્ત્રીમાં પ્રથમ છે. વળી, ગુરુમાં અને ગચ્છમાં બીજું છે=ચારિત્ર માટે ગમન બીજું છે. ।।૩૩।।**

**ટીકા :-**

**'चारित्तट्ठं'ति । चारित्रार्थं गमनं द्विविधम्–देशसमुत्थदोषनिमित्तमात्मसमुत्थदोषनिमित्तं च । तत्रैषणादोषस्त्रीदोषयोः प्रथमम्, गुरौ गच्छे च सीदति तु द्वितीयम् । तत्र यत्र देशे पुरःकर्मादय एषणादोषा यो वोदकप्रचुरो देशो यो वा परिव्राजिकाकापालिकीसिद्धपुत्रिकाद्याभिर्बहुमोहाभिः स्त्रीभिराकीर्णस्तत्र न गन्तव्यमेव साधुभिः, अशिवादिकारणैस्तत्र गमने तु कार्यसमाप्तौ संयमक्षेत्रे समागन्तव्यम् । यद्याचार्याः केनापि प्रतिबन्धेन न निर्गच्छेयुस्तत एको द्वौ बहवो वा सीदन्तो गुरुमापृच्छ्य निर्गच्छन्ति । तत्रेमं विधिमाहुः–**

"दो मासे एसणाए, इत्थं वज्जिज्ज अट्ठ दिवसाइं ।
गच्छम्मि होइ पक्खो, आयसमुत्थेगदिवसं तु ।।१।।"

**एषणायामशुध्यमानायां यतना (नया) अनेषणीयमपि गृह्णन् द्वौ मासौ गुरुमापृच्छन् प्रतीक्षते, स्त्रीदोषेऽष्टौ दिवसान्, गच्छे सीदति पक्षम्, आत्मनः शय्यातर्यादौ प्रतिबन्धे च यदि संनिहितो गुरुस्तदा तदैवापृच्छ्य गच्छेद् अन्यथाऽपरसाधुनिवेदनपूर्वं तदैव गच्छेदिति । अथ गुरुः शय्यातरीकल्पस्थिकादौ प्रतिबद्धः सारूपिकादिभावं प्राप्तस्तदा पूर्वं स एवं भण्यते–युष्मद्विरहिता अनाथा वयम्, अतः प्रसीद, गच्छामोऽपरं क्षेत्रमिति, एवमुक्ते यदि नेच्छति तदा यस्यां स प्रतिबद्धः सा प्रज्ञाप्यते, अथ न तिष्ठति ततो विद्यामन्त्रादिभिरावर्त्त्यते, तदभावे दानादिनाऽप्यानुकूल्यं संपाद्यते, गुरुश्च प्रागुक्तक्रमेण रात्रौ ह्रियत इति ।।३३।।**

**ટીકાર્થ :-**

चारित्रार्थं ..... इति ।। ચારિત્ર માટે ગમન બે પ્રકારનું છે – દેશથી ઉત્પન્ન થયેલા દોષના નિમિત્તે= સાધુઓ જે દેશમાં વર્તતા હોય, તે દેશથી ઊઠેલા સંયમ મલિનતાના નિમિત્તે અને આત્માથી ઊઠેલા દોષના નિમિત્ત=સમુદાયના કારણે ઉત્પન્ન થયેલા દોષના નિમિત્તે સાધુ ગમન કરે. ત્યાં=ચારિત્ર માટે બે પ્રકારના ગમનમાં, એષણાદોષમાં અને સ્ત્રીદોષમાં પ્રથમ છે અને ગુરુ અને ગચ્છ સિદાતે છતે બીજું છે=ચારિત્ર માટે બીજા પ્રકારનું ગમન છે. ત્યાં=બે પ્રકારના ચારિત્ર માટેના ગમનમાં, જે દેશમાં પૂર્વકર્માદિ એષણા દોષો હોય અથવા જે દેશ જલપ્રચુર હોય અર્થાત્ વાતાવરણ અતિ ભેજવાળું હોય અથવા જે દેશ પરિવ્રાજિકા કાપાલિકી સિદ્ધપુત્રિકાદિ બહુમોહઉત્પન્ન કરનારી સ્ત્રીઓથી આકીર્ણ હોય, ત્યાં સાધુઓ વડે જવું જ જોઈએ નહિ. અશિવાદિ કારણોથી=પોતે જ્યાં વસ્યા હોય ત્યાં રોગાદિ ઉપદ્રવોનાં કારણોથી, ત્યાં ગમનમાં=એષણાદોષવાળા કે સ્ત્રીઉપદ્રવ દોષવાળા ક્ષેત્રના ગમનમાં, કાર્ય સમાપ્ત થયે છતે સંયમક્ષેત્રમાં આવવું જોઈએ અર્થાત્ જે અશિવાદિ કારણોથી તેવા ઉપદ્રવવાળા સ્થાનમાં ગયા હોય, તે સ્થાનથી અશિવાદિ ઉપદ્રવો શાંત થાય તો સંયમ ક્ષેત્રમાં પાછું આવવું જોઈએ. જો આચાર્ય કોઈપણ પ્રતિબંધને કારણે નીકળે નહિ=તેવા ઉપદ્રવવાળા ક્ષેત્રથી નીકળે નહિ તો એક, બે અથવા ઘણા સિદાતા સાધુઓ ગુરુને પૂછીને નીકળે છે. ત્યાં=ગુરુને પૂછવાના વિષયમાં આ વિધિને કહે છે=એષણાદોષવાળા કે સ્ત્રીઉપદ્રવ દોષવાળા ક્ષેત્રનો આચાર્ય ત્યાગ કરવા તત્પર ન થાય તો શિષ્યો તે ઉપદ્રવોથી પોતાનું રક્ષણ કરવાર્થે એકની જરૂર હોય તો એક, બેની આવશ્યકતા હોય તો બે કે ઘણા પણ સિદાતા સાધુઓ ગુરુને પૂછીને તે ક્ષેત્રનો ત્યાગ કરે તેના વિષયમાં આ વિધિ છે.

બે માસ એષણાના દોષમાં પૃચ્છા કરે. સ્ત્રી સંબંધી દોષમાં આઠ દિવસ વર્જન કરે અર્થાત્ ગુરુને આઠ દિવસ પૃચ્છા કરીને જાય. ગચ્છમાં પક્ષ=ગચ્છ સિદાતો હોતે છતે એક પક્ષ સુધી ગુરુને પૃચ્છા કરીને નીકળે છે. આત્મસમુત્થમાં એક દિવસ. ॥૧॥

એષણાની અશુદ્ધિ હોતે છતે યતનાથી અનેષણીય પણ ગ્રહણ કરતા સાધુ બે માસ સુધી ગુરુને પૂછતાં પ્રતીક્ષા કરે છે. સ્ત્રીદોષ હોતે છતે આઠ દિવસો સુધી ગુરુને પૂછતાં પ્રતીક્ષા કરે છે. ગચ્છ સિદાતે છતે=તે ક્ષેત્રમાં સંયમને અનુકૂળ ઉચિત સંયોગો નહિ હોવાથી ગચ્છ ચારિત્રની આરાધનામાં સિદાતો હોતે છતે એક પક્ષ સુધી ગુરુને પૂછતાં પ્રતીક્ષા કરે. પોતાને શય્યાતરી આદિ સ્ત્રીમાં પ્રતિબંધ થયે છતે અને જો ગુરુ સંનિહિત હોય તો=પોતે જ્યાં વસ્યા હોય ત્યાં ગુરુ હોય તો, ત્યારે જ પૂછીને જાય. અન્યથા=ગુરુ પાસે ન હોય અર્થાત્ કોઈક નજીકના ક્ષેત્રમાં હોય, પરંતુ ત્યાં જ પાસે ન હોય તો બીજા સાધુને નિવેદનપૂર્વક ત્યારે જ જાય=તે ક્ષેત્રનો ત્યાગ કરે. હવે, શય્યાતરી સ્ત્રીમાં કે કલ્પસ્થિકાદિમાં પ્રતિબદ્ધ એવા ગુરુ સારૂપિકાદિભાવને પ્રાપ્ત થયા=સારૂપિકભાવવાળા હોય તો સ્ત્રીને ન રાખે અને સિદ્ધ પુત્રાદિભાવને પ્રાપ્ત થયા હોય તો સ્ત્રીને સ્વીકારે ત્યારે પ્રથમ તે=ગુરુ, આ પ્રમાણે કહેવાય છે=શિષ્યો વડે કહેવાય છે. શું કહેવાય છે ? તે સ્પષ્ટ કરે છે. તમારા વગર અમે

**અનાથ છીએ. આથી પ્રસાદ કરો અર્થાત્ અમારા ઉપર પ્રસાદ કરો. જેથી અમે સંયમ પાળી શકીએ. અપરક્ષેત્રમાં જઈએ. આ પ્રમાણે કહેવાયે છતે=શિષ્યો દ્વારા ગુરુ ઉચિત વિવેકપૂર્વક વિહાર કરવા માટે કહેવાયે છતે, જો ઈચ્છતા નથી તો જે સ્ત્રીમાં તે=ગુરુ, રાગવાળા છે, તે સ્ત્રી પ્રજ્ઞાપના કરાય છે અર્થાત્ વિવેકી સાધુઓ તેનાથી શું અનર્થ થશે ઈત્યાદિ યુક્તિઓથી સમજાવીને તે સ્ત્રીને ગુરુથી વિમુખ કરવા પ્રયત્ન કરે છે. હવે, રહેતા નથી=ગુરુ તે સ્ત્રીથી વિમુખ રહેતા નથી અને તે સ્ત્રી પણ ગુરુથી વિમુખ રહેતી નથી તો વિદ્યા-મંત્રાદિથી આવર્તન કરાય છે=સ્ત્રીને ગુરુથી વિમુખ કરાય છે. તેના અભાવમાં=વિદ્યા-મંત્રાદિના અભાવમાં, દાનાદિથી=તે સ્ત્રીને ધનાદિ અપાવીને પણ અનુકૂલનને સંપાદન કરાય છે અને ગુરુ પૂર્વમાં કહેલા ક્રમથી=ગાથા-૩૨માં કહેલા ક્રમથી, રાત્રિમાં હરણ કરાય છે. ॥૩૩॥**

**ભાવાર્થ :-**

સુસાધુ ગુણવાન ગુરુને પરતંત્ર થઈને નવકલ્પી વિહારોથી પ્રાયઃ વિચરે છે. એથી એ ક્ષેત્રમાં માસકલ્પથી અધિક રહેતા નથી તોપણ કચ્છદેશ, સૌરાષ્ટ્ર દેશ આદિ સ્થાનોમાં દીર્ઘકાળ વિચરતા હોય અને કોઈક દેશમાં કોઈક એવા સંયોગોને કારણે પૂર્વકર્માદિ એષણાદોષો પ્રાપ્ત થતા હોય અર્થાત્ કોઈ સાધુ કચ્છ આદિ દેશમાં નવકલ્પી વિહારોથી વર્તતા હોય અને ત્યાં વસ્તી આદિના અભાવથી કે અન્ય કોઈ કારણે તે તે સ્થાનોમાં સાધુ આવે ત્યારે પૂર્વકર્માદિ એષણાદોષો પ્રાપ્ત થતા હોય. જેમ સાધુ આવવાના છે માટે આહારાદિની વ્યવસ્થા કરશું તો નિર્વાહ થશે કે સાધુને ઊતરવાનાં સ્થાનો સ્વચ્છ કરશું તો સાધુ ઊતરી શકશે, તેવા દોષો થતા હોય, ત્યારે સાધુ તે દેશનો ત્યાગ કરીને શુદ્ધ સંયમ પાળી શકે એવા ક્ષેત્રમાં ગમન કરે અથવા કોઈક ક્ષેત્રમાં વાતાવરણ જલપ્રચુર હોય, જેથી સંયમ વિરાધના થવાનો પ્રસંગ જણાય તોપણ સાધુ ચારિત્રની વિશુદ્ધિ અર્થે તે દેશનો ત્યાગ કરે અથવા તેવો કોઈ દોષ ન હોય, છતાં તે દેશમાં પરિવ્રાજિકા, કાપાલિકા કે સિદ્ધપુત્રિકાદિ સ્ત્રી બહુ મોહવાળી ત્યાં ફરતી હોય, તેથી તેવા સ્થાનમાં સાધુઓને સંયમપાલનનો ભય રહે છે માટે સાધુઓએ ત્યાં જવું ન જોઈએ. આમ છતાં, અજ્ઞાનને કારણે કે અશિવાદિના કારણે કે ઔષધાદિના પ્રયોજનથી ત્યાં જવું પડે તોપણ કાર્ય પૂરું થાય કે શીઘ્ર તે ક્ષેત્રનો ત્યાગ કરીને સાધુનું સંયમ સુરક્ષિત રહે તેવા સ્થાનમાં આવવું જોઈએ; કેમ કે ગચ્છમાં આરાધક પણ સાધુઓ તેવા કોઈક સ્ત્રી આદિના સંસર્ગને કારણે માર્ગથી ભ્રષ્ટ થાય તો દીર્ઘ સંસારની પ્રાપ્તિ થાય અને તે પ્રવૃત્તિમાં ઉપેક્ષા કરનાર કે ઉપેક્ષા કરીને તે ક્ષેત્રમાં રહેનાર ગુરુ આદિને પણ તે અનર્થ પ્રત્યે નિમિત્ત કારણની પ્રાપ્તિ થાય માટે ચારિત્રના રક્ષણ અર્થે તેવા ક્ષેત્રનો શીઘ્ર ત્યાગ કરવો જોઈએ.

હવે, જો આચાર્ય કોઈક પ્રતિબંધને કારણે તે ક્ષેત્રને છોડવા તૈયાર થાય નહિ અર્થાત્ જે ક્ષેત્રમાં પૂર્વકર્માદિ એષણાદોષો હોય અથવા પ્રચુર ભેજવાળું વાતાવરણ હોય અથવા સ્ત્રી આદિના ઉપદ્રવો હોય, છતાં પોતાના આરોગ્યને અનુકૂળ છે કે ઔષધાદિને અનુકૂળ છે ઇત્યાદિ કોઈક પ્રતિબંધથી આચાર્ય તે ક્ષેત્રને છોડવા તત્પર થાય નહિ, ત્યારે ગુરુને પૂછીને એક, બે અથવા સિદાતા ઘણા સાધુઓ તે ક્ષેત્રનો ત્યાગ કરે અર્થાત્ જે સાધુઓને સ્ત્રી આદિનો ભય હોય કે અમુક સાધુઓનો ત્યાંથી વિહાર થાય તો

એષણાદિ દોષો થાય નહિ, તેમ જણાય તો ગુરુને પૂછીને તે સાધુઓ તે દેશનો ત્યાગ કરે અને ગુરુ જવા માટે અનુજ્ઞા ન આપે તો ગુરુને પૃચ્છા વિષયક શું વિધિ છે ? તે બતાવે છે.

એષણાની અશુદ્ધિ હોતે છતે વિવેકી સાધુ શક્ય ઉચિત યતનાપૂર્વક અનેષણીય પણ ગ્રહણ કરતા બે મહિના સુધી ગુરુને પૂછતાં અનુજ્ઞાની પ્રતીક્ષા કરે છે; કેમ કે જે ગુરુએ શાસ્ત્ર ભણાવીને સંપન્ન કર્યા છે, ઉચિત અનુશાસન આપીને માર્ગમાં પ્રવર્તાવ્યા છે, છતાં કોઈક પ્રમાદને કારણે ક્ષેત્ર સ્વયં ત્યાગ કરવા તત્પર થતા નથી અને શિષ્યોને પણ જવાની અનુજ્ઞા આપતા નથી, ત્યારે યોગ્ય શિષ્યો બે મહિના સુધી ગુરુને પૂછીને ગીતાર્થ સાધુ સાથે જો ગુરુ અનુજ્ઞા ન આપે તો અન્ય ક્ષેત્રમાં જાય. પરંતુ વિવેકપૂર્વક ગુરુની અનુજ્ઞા મેળવવા માટે યત્ન કર્યા વગર જાય નહિ. અન્યથા અવિનયની પ્રાપ્તિ થાય.

વળી, તે ક્ષેત્રમાં સ્ત્રીનો દોષ હોય તો સુસાધુઓ ગુરુ અનુજ્ઞા ન આપે તો આઠ દિવસ સુધી વિવેકપૂર્વક પૃચ્છા કરે છે અને તે સ્ત્રીના દોષો પોતાને પ્રાપ્ત ન થાય તેની ઉચિત યતના કરે છે. છતાં, દીર્ઘકાળ રહેવાથી કોઈક પરિવ્રાજિકાદિ સ્ત્રીથી સાધુનો વિનાશ થાય તેવી સંભાવના છે માટે આઠ દિવસ સુધી પૃચ્છા કરીને ગુરુની અનુજ્ઞા મેળવવાનો યત્ન કરે છે. ત્યારપછી તે ક્ષેત્રનો ગીતાર્થ સાધુ સાથે શિષ્યો ત્યાગ કરે છે.

વળી, તે ક્ષેત્રમાં સંયમને અનુકૂળ આહારાદિની પ્રાપ્તિ ન હોય કે અન્ય કોઈક એવા સંયોગો હોય કે જેથી ગચ્છ સ્વાધ્યાયાદિમાં સમ્યગ્ યત્ન ન કરી શકે, ત્યારે સિદાતા ગચ્છના રક્ષણ અર્થે સાધુઓ તે ક્ષેત્રનો ત્યાગ કરે છે અને ગુરુ કોઈ પ્રતિબંધને કારણે તે ક્ષેત્રનો ત્યાગ કરવા તૈયાર થતા નથી, ત્યારે એકપક્ષ સુધી શિષ્યો વિવેકપૂર્વક ગુરુની અનુજ્ઞા મેળવવા યત્ન કરે છે. છતાં, અનુજ્ઞા ન મળે તો પક્ષ પછી ગચ્છને સુસ્થિર કરવા અર્થે શિષ્યો તે ક્ષેત્રનો ત્યાગ કરે છે.

વળી, તે ગચ્છમાં કોઈ સાધુને શય્યાતરી સ્ત્રી આદિમાં કે અન્ય કોઈ સ્ત્રી આદિમાં રાગ થયો હોય અને જણાય કે નિમિત્તથી હું દૂર થઈશ નહિ તો મારો વિનાશ થશે અને ચારિત્રના રક્ષણના અર્થી એવા તે સાધુ ગુરુ હોય તો ગુરુને પૂછીને તત્કાલ વિહાર કરે અને જો ગુરુ ત્યાં પાસે ન હોય, પરંતુ એટલા જ કોઈક ક્ષેત્રમાં હોય તો કોઈ બીજા યોગ્ય સાધુને પોતાના વિહારનું પ્રયોજન નિવેદન કરીને ત્યારે જ સંયમના રક્ષણ અર્થે ગમન કરે છે.

હવે, કોઈ અન્ય સાધુઓના સ્થાને ગુરુને જ કોઈક શય્યાતરી સ્ત્રી કે અન્ય સ્ત્રીમાં રાગ થાય. તેથી સાધુપણું ત્યાગ કરીને સારૂપિક કે સિદ્ધપુત્રાદિ ભાવનો સ્વીકાર કરે, ત્યારે યોગ્ય શિષ્યો વિવેકપૂર્વક પ્રથમ તે ગુરુને કહે છે અર્થાત્ સારૂપિક અવસ્થાવાળા જ તે ગુરુને કહે છે. તમારા વગર અમે અનાથ છીએ. આથી અમારી ઉપર પ્રસાદ કરો. આપણે બીજા ક્ષેત્રમાં જઈએ. આ રીતે અનેક યુક્તિઓથી ગુરુને ફરી માર્ગ ઉપર લાવવા માટે વિવેકી શિષ્યો યત્ન કરે. પરંતુ આ ગુરુ ભ્રષ્ટ છે ઇત્યાદિ કહીને તેમની નિર્ભર્ત્સના કરે નહિ; કેમ કે જે ગુરુએ અનુશાસન આપીને પોતાને માર્ગમાં સ્થિર કર્યા છે, તેમના પૂર્વના ગુણોનું સ્મરણ કરીને યોગ્ય શિષ્યોએ તેમના હિત અર્થે યત્ન કરવો જોઈએ.

આમ કહેવા છતાં પણ સ્ત્રી પ્રત્યેના રાગને કારણે ગુરુ સારૂપિકાદિ ભાવનો ત્યાગ કરવા ઇચ્છતા નથી, ત્યારે વિવેકી શિષ્ય વિચારે છે કે આ ગુરુએ પૂર્વમાં સંવેગપૂર્વક સંયમ પાળ્યું છે, પોતાની ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી જે સ્ત્રી ઉપર તેમને રાગ છે, તે સ્ત્રીને કોઈક રીતે વિવેકપૂર્વક દૂર કરવા યત્ન કરે છે. જેથી તેના અભાવમાં ફરી ગુરુ માર્ગને અભિમુખ થાય તો પોતાનો કૃતજ્ઞતા ગુણ પણ સફળ થાય અને ગુરુને પણ માર્ગની પ્રાપ્તિ થાય. આમ છતાં, કોઈ રીતે ગુરુ સારૂપિકાદિ ભાવોનો ત્યાગ કરવા તત્પર ન થાય તો વિદ્યામંત્રાદિ દ્વારા પણ તે સ્ત્રીને દૂર કરવા યત્ન કરે છે અને વિદ્યામંત્રાદિ શક્તિ ન હોય તો ધનાદિ અપાવીને પણ તે સ્ત્રીને અનુકૂળ કરીને દૂર કરે છે અને તે રીતે પણ ગુરુ માર્ગ ઉપર આવે તેમ ન હોય તો પૂર્વની ગાથા-૩૨માં કહ્યું, તે પ્રમાણે ક્રમથી રાત્રિમાં ગુરુનું હરણ કરે છે. જેથી તે આલંબનથી મુકાયેલા ગુરુને કોઈ અન્ય સ્થાનમાં ફરી વિવેકપૂર્વક માર્ગમાં લાવવા યત્ન થઈ શકે. **॥૩૩॥**

**ગાથા :-**

**भिक्खुम्मि इमं भणियं, विसेसिओ णियपयाण णिक्खेवा ।**
**होइ गणावच्छेइअआयरिआणंपि एस गमो ।।३४।।**

**અન્વયાર્થ :-**

**भिक्खुम्मि इमं भणियं=ભિક્ષુમાં આ કહેવાયું છે, विसेसिओ णियपयाण णिक्खेवा=નિજપદોનો નિક્ષેપ વિશેષિત હોય છે, होइ गणावच्छेइअआयरिआणंपि एस गमो=નિજપદ ઉપર અન્યને સ્થાપન કરીને અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારવાનો માર્ગ છે. ।।૩૪।।**

**ગાથાર્થ :-**

**ભિક્ષુમાં આ કહેવાયું છે. નિજપદોનો નિક્ષેપ વિશેષિત હોય છે. ગણાવચ્છેદક આચાર્યોને પણ આ માર્ગ હોય છે=નિજપદ ઉપર અન્યને સ્થાપન કરીને અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારવાનો માર્ગ છે. ॥૩૪॥**

**ટીકા :-**

**'भिक्खुम्मि'त्ति । एतत्तावद् भिक्षावुक्तम्, तथा च कल्पसूत्रम्**—"भिक्खू अ गणाओ अवक्कम्म इच्छिज्जा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा उवज्झायं वा पवत्तिं वा थेरं वा गणिं वा गणहरं वा गणावच्छेइयं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा जाव गणावच्छेअं वा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, ते अ से वितरिज्जा एवं से कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, ते अ से णो वितरेज्जा एवं से णो कप्पइ अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए"त्ति । **गणावच्छेदकाचार्ययोरप्येष एव गमो भवति, केवलं निजपदयोर्गणावच्छेदकत्वाचार्यत्वयो-र्निक्षेपाद्विशेषितः-गणावच्छेदकाचार्योपाध्यायैर्गणावच्छेदकत्वादिनिक्षेपपूर्वं गणान्तरे गन्तव्यमित्यर्थः,**

**तथा च सूत्रम्**—"गणावच्छेइए गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, नो से कप्पइ गणावच्छेइअस्स गणावच्छेइअत्तं अणिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ताणं णं विहरित्तए, कप्पइ से गणावच्छेइअस्स गणावच्छेइअत्तं णिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरिअं वा जाव अण्णं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरिअं वा जाव विहरित्तए, ते अ से वितरंति एवं से कप्पति जाव विहरित्तए, ते अ से णो वितरंति एवं से णो कप्पइ जाव विहरित्तए । आयरिअउवज्झाए गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, कप्पइ से आयरियउवज्झायस्स आयरियउवज्झायत्तं णिक्खिवित्ता अण्णं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, णो से कप्पइ अणापुच्छित्ता जाव विहरित्तए, कप्पइ से आपुच्छित्ता जाव विहरित्तए, ते य से वितरंति एवं से कप्पइ अण्णं गणं उवसंपज्जित्ता णं विहरित्तए, ते य से णो वितरंति एवं से णो कप्पइ जाव विहरित्तए"**त्ति** ।।३४।।

**ટીકાર્થ :-**

**एतत्तावद् भिक्षावुक्तम्, ..... विहरित्तए'त्ति ।। ભિક્ષુના વિષયમાં આ=આગળ કહેવાય છે એ, કહેવાયું છે અને તે પ્રમાણે=ભિક્ષુના વિષયમાં ચારિત્રવિષયક શું મર્યાદા છે તે પ્રમાણે, બૃહત્કલ્પસૂત્ર છે.**

"ભિક્ષુ ગણમાંથી અવક્રમણ કરીને અન્ય ગણની ઉપસંપદા લઈને વિહરવા માટે ઇચ્છે. આચાર્યને અથવા ઉપાધ્યાયને અથવા પ્રવર્તકને અથવા સ્થવિરને અથવા ગણિને અથવા ગણધરને અથવા ગણાવચ્છેદકને પૂછ્યા વગર અન્ય ગણને સ્વીકારીને વિહરવા માટે તે ભિક્ષુને કલ્પતું નથી. આચાર્ય યાવત્ ગણાવચ્છેદકને પૂછીને અન્ય ગણની ઉપસંપદા સ્વીકારીને વિહરવા માટે તેને=ભિક્ષુકને, કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ, તેને અનુજ્ઞા આપે એ રીતે તેને અન્ય ગણને સ્વીકારીને વિહરવા માટે કલ્પે છે અને તેઓ તેને=ભિક્ષુકને, અનુજ્ઞા ન આપે એ રીતે, અન્ય ગણને સ્વીકારીને વિહરવું તે ભિક્ષુને કલ્પતું નથી.

**ગણાવચ્છેદક અને આચાર્યનો આ જ માર્ગ થાય છે. કેવલ ગણાવચ્છેદકત્વ અને આચાર્યત્વરૂપ પોતાના પદના નિક્ષેપથી વિશેષિત એવા આચાર્ય કે ગણાવચ્છેદકને ગણાંતરમાં જવું જોઈએ એમ અન્વય છે અને તે સ્પષ્ટ કરે છે. ગણાવચ્છેદક, આચાર્ય અને ઉપાધ્યાય વડે ગણાવચ્છેદકત્વાદિ નિક્ષેપપૂર્વક ગણાંતરમાં જવું જોઈએ એ પ્રમાણે અર્થ છે અને તે પ્રકારે સૂત્ર છે=ગણાવચ્છેદકાદિને પોતાના સ્થાને અન્યને સ્થાપીને ઉપસંપદા અર્થે જવું જોઈએ તે પ્રકારે સૂત્ર છે.**

"ગણાવચ્છેદક ગણથી નીકળીને અન્ય ગચ્છને સ્વીકારીને વિહરવા માટે ઇચ્છે તે ગણાવચ્છેદકને ગણાવચ્છેદકપણાનો નિક્ષેપ કર્યા વગર અન્ય ગણનો સ્વીકાર કરીને વિહરવા માટે કલ્પતું નથી અને તે ગણાવચ્છેદકને ગણાવચ્છેદકપણાનો નિક્ષેપ કરીને અન્ય ગણને સ્વીકારીને વિહરવા માટે કલ્પે છે. તેને=ગણાવચ્છેદકને આચાર્યને પૂછ્યા વગર યાવત્ ઉપાધ્યાયને પૂછ્યા વગર અન્ય ગણને સ્વીકારીને વિહરવા માટે કલ્પતું નથી. તેને=ગણાવચ્છેદકે, આચાર્યને યાવત્ ગણધરને પૂછીને અન્ય ગણ સ્વીકારીને વિહરવા માટે કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ તેને=ગણાવચ્છેદકને વિતરણ કરે છે=અનુજ્ઞા આપે છે એ રીતે તેને=ગણાવચ્છેદકને, યાવત્ વિચરવા માટે કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ, અનુજ્ઞા આપતા નથી. એ રીતે તેને યાવત્ વિહાર કરવો કલ્પતો નથી. આચાર્ય, ઉપાધ્યાય, ગણમાંથી અવક્રમણ કરીને અન્ય ગણને ઉપસંપદા કરીને વિહરવા માટે ઇચ્છે, તે આચાર્ય, ઉપાધ્યાયને આચાર્ય ઉપાધ્યાયપણું નિક્ષેપ કરીને અન્ય

ગણને સ્વીકારીને વિહરવા માટે કલ્પે છે. તેમને પૂછ્યા વગર યાવત્ વિહરણ કરવા માટે કલ્પતું નથી અને તેમને પૂછીને યાવત્ વિહરણ કરવા માટે કલ્પે છે. તેઓ તેમને=આચાર્યાદિને, અનુજ્ઞા આપે છે. એ રીતે તેમને અન્ય ગણી ઉપસંપદા સ્વીકારીને વિહરવું કલ્પે છે. તેઓ તેમને=આચાર્યાદિને, અનુજ્ઞા ન આપે તો તેમને=આચાર્યાદિને, યાવત્ વિહરવા માટે કલ્પતું નથી." **॥૩૪॥**

**ભાવાર્થ :-**

સુસાધુ જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ અર્થે અન્ય ગચ્છમાં જવા ઇચ્છે છે; કેમ કે સંવેગને પામેલા સાધુ માટે રત્નત્રયીની વૃદ્ધિ જ અત્યંત ઇષ્ટ છે તેવી સ્થિર બુદ્ધિ હોય છે અને રત્નત્રયીની વૃદ્ધિમાંથી જે સાધુને જેની વૃદ્ધિ કરી શકે તેમ હોય તેની વૃદ્ધિ માટે કોઈ સાધુ અન્ય ગચ્છમાં જવા ઇચ્છે, ત્યારે ઉત્સર્ગથી શું મર્યાદા છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે. આથી જ કોઈ સાધુ જ્ઞાનાદિ અર્થે ઉપસંપદા સ્વીકારીને અન્ય ગચ્છમાં વિહરવા ઇચ્છે ત્યારે આચાર્યાદિને પૃચ્છા કરીને જ તેઓને જવા માટે કલ્પે છે. અન્યથા જવા માટે કલ્પતું નથી. આ પ્રકારનો ઉત્સર્ગ માર્ગ છે. તે વખતે ગુરુને પૂછવાથી તે ગુરુને શિષ્યનું હિત થશે એમ જણાય અથવા તે શિષ્યને મોકલવાથી ગચ્છને કોઈ નુકસાન થશે નહિ, તેમ જણાય તો અવશ્ય અનુજ્ઞા આપે અને ગાથા-૨૦માં કહ્યું, એ પ્રમાણે ગુણવાન ગુરુ કંઈક કષાયને વશ મમત્વાદિ દોષથી અનુજ્ઞા ન આપે, ત્યારે ગાથા-૨૧માં કહ્યું, એ પ્રમાણે અનેક વખત પૂછીને અનુજ્ઞા ન મળે તોપણ અપવાદથી તે સાધુ જાય, એ પ્રકારનો શિષ્યનો વિવેક છે પરંતુ ગુરુને નહીં મોકલવામાં મમત્વાદિનું કારણ ન હોય પણ ગુરુને મોકલવામાં શિષ્યનું હિત ન જણાય કે પોતાનો ગચ્છ સિદાશે, એમ જણાય ત્યારે ઉત્સર્ગમાર્ગનું અવલંબન લઈને શિષ્યએ જવું જોઈએ નહિ.

વળી, કોઈક આચાર્ય, ઉપાધ્યાય કે ગણાવચ્છેદક પણ વિશિષ્ટ જ્ઞાનાદિ અર્થે અન્ય ગચ્છમાં જવા ઇચ્છે ત્યારે પોતાના સ્થાને અન્ય ગણાવચ્છેદકાદિનો નિક્ષેપ કરીને જઈ શકે, અન્યથા જઈ શકે નહિ અર્થાત્ જે રીતે પોતે ગણના સાધુઓને યોગમાર્ગમાં પ્રવર્તાવવા સમર્થ છે, તે પ્રકારે જ પોતાના શિષ્યાદિમાંથી કોઈકને તે સ્થાન આપવાથી ગચ્છની વ્યવસ્થા યથાવદ્ પ્રવર્તી શકે તેમ છે. ગચ્છમાં રહેલા સાધુઓના હિતની ઉપેક્ષા થાય તેમ નથી. તેવા યોગ્ય શિષ્યાદિને પોતે સંપન્ન કર્યા હોય તો તેઓને પોતાનું સ્થાન આપીને ગચ્છની અનુજ્ઞા લઈને જઈ શકે અને તેમના જવાથી શિષ્યાદિ સિદાય તેમ હોય તો અધિક જ્ઞાનાદિની પ્રાપ્તિ દ્વારા પોતાને જે હિત થાય, તેના કરતાં પણ સિદાતા ગચ્છને મૂકીને જવાથી ગચ્છના સાધુઓને નુકસાન અધિક થશે તેમ જણાય તો અથવા પોતાના સ્થાને ઉચિત શિષ્યાદિ તૈયાર થયા ન હોય તો તેઓ પણ=આચાર્યાદિ પણ જ્ઞાનાદિ માટે અન્ય ગચ્છની ઉપસંપદા સ્વીકારે નહિ. **॥૩૪॥**

**અવતરણિકા :-**

**निर्ग्रन्थीविषयमपि गमं कल्पभाष्यगाथाभिरतिदिशन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**સાધ્વીઓના વિષયમાં પણ ગમનો=માર્ગનો, કલ્પભાષ્યની ગાથાથી અતિદેશ કરતાં કહે છે –**

ગાથા :-

**एसेव गमो णियमा, णिग्गंथीणं पि होइ णायव्वो ।**
**नाणट्ठ जो उ णेई, सच्चित्त अणप्पिणे जाव ।।३५।।**

**અન્વયાર્થ :-**

एसेव गमो णियमा=આ જ ગમ=ગાથા-૩૪માં બતાવ્યો એ જ માર્ગ, णिग्गंथीणं पि होइ णायव्वो= નિર્ગ્રંથીઓનો પણ નિયમા જ્ઞાતવ્ય છે, नाणट्ठ जो उ णेई=જ્ઞાન માટે જે લઈ જાય છે=સાધ્વીઓને લઈ જાય છે, सच्चित्त अणप्पिणे जाव=જ્યાં સુધી અનર્પિત હોતે છતે=સાધ્વી અનર્પિત હોતે છતે, સચિત્ત=સચિત્તાદિ, તે સાધુનું થાય છે. ॥૩૫॥

**ગાથાર્થ :-**

**આ જ ગમ=ગાથા-૩૪માં બતાવ્યો એ જ માર્ગ, નિર્ગ્રંથીઓનો પણ નિયમા જ્ઞાતવ્ય છે. જ્ઞાન માટે જે લઈ જાય છે=સાધ્વીઓને લઈ જાય છે, જ્યાં સુધી અનર્પિત હોતે છતે=સાધ્વી અનર્પિત હોતે છતે, સચિત્ત=સચિત્તાદિ, તે સાધુનું થાય છે. ॥૩૫॥**

**ટીકા :-**

**'एसेव'त्ति । 'एष एव' भिक्षुसूत्रोक्तो गमो निर्ग्रन्थीनामप्यपरं गणमुपसंपद्यमानानां ज्ञातव्यः, नवरं नियमेनैव ताः ससहायाः । यः पुनर्ज्ञानार्थं ता आर्यिका नयति स यावदद्यापि न वाचनाचार्यस्यार्पयति तावत्सचित्तादिकं तस्यैवाभवति, अर्पितासु पुनर्वाचनाचार्यस्याभाव्यम् ।।३५।।**

**ટીકાર્થ :-**

'एष एव' ..... भाव्यम् ।। આ જ=સાધુના સૂત્રથી કહેવાયેલો જ, ગમ=માર્ગ, અપર ગણને સ્વીકાર કરવા તત્પર થયેલી સાધ્વીઓનો પણ જ્ઞાતવ્ય છે. ફક્ત તેઓ=સાધ્વીઓ, નિયમથી જ સહાય સહિત હોય. જે વળી=જે સાધુ વળી, જ્ઞાનાર્થ માટે તે સાધ્વીઓને લઈ જાય છે, તે સાધુ જ્યાં સુધી વાચનાચાર્યને અર્પણ કરતા નથી=વાચનાચાર્યને સાધ્વીઓ અપર્ણ કરતા નથી, ત્યાં સુધી સચિત્તાદિ તેના જ=લઈ જનાર સાધુના જ, થાય છે. વળી, અર્પિત થયેલી સાધ્વીઓ હોતે છતે વાચનાચાર્યનું આભાવ્ય થાય છે. ॥૩૫॥

**ભાવાર્થ :-**

જેમ સાધુઓ વિશિષ્ટ જ્ઞાનાદિ અર્થે અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારે છે, તેમ વિશિષ્ટ પ્રજ્ઞાધન એવી સાધ્વીઓ પણ ગચ્છમાં ઉપલબ્ધ જ્ઞાનાદિ પ્રાપ્ત કર્યા પછી અન્ય ગચ્છમાં જઈને જ્ઞાનાદિ અર્થે ઉપસંપદા સ્વીકારે છે અને તે ઉપસંપદા સ્વીકારવાની વિધિ જે પ્રમાણે સાધુને આશ્રયીને છે, તે પ્રમાણે જ સાધ્વીને

આશ્રયીને છે. ફક્ત સાધ્વીઓને અન્ય ગચ્છમાં મૂકવાર્થે કોઈક સાધુ સહાય તરીકે જાય છે અને તે સાધ્વીઓને જ્યાં સુધી અર્પિત ન કરે ત્યાં સુધી માર્ગમાં તે સાધ્વીઓથી જે કંઈ પણ નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ મળે તે કે કોઈ યોગ્ય દીક્ષા લેનાર સ્ત્રી મળે તો તે મૂકવા આવનાર સાધુના સમુદાયના થાય છે અને સાધ્વીઓને અન્ય ગચ્છમાં જ્ઞાનાદિ અર્થે મૂક્યા પછી જે કાંઈ પ્રાપ્ત થાય છે, તે વાચનાચાર્યનું આભાવ્ય થાય છે. **II૩૫II**

**અવતરણિકા :-**

**कः पुनस्ता नयति ? इत्याह —**

**અવતરણિકાર્થ :-**

**વળી, તેઓને=સાધ્વીઓને, કોણ લઈ જાય છે ? એથી કહે છે —**

**ગાથા :-**

**पंचण्हं एगयरे, उग्गहवज्जं तु लहइ सच्चित्तं ।**
**आपुच्छ अट्ठपक्खे, इत्थीसत्थेण संविग्गे ।।३६।।**

**અન્વયાર્થ :-**

**पंचण्हं एगयरे=પાંચમાંથી એકતર સંયતી સાધ્વીને લઈ જાય છે, એમ અન્વય છે, उग्गहवज्जं तु लहइ सच्चित्तं=અવગ્રહને છોડીને સચિત્તને=સચિત્તાદિને લઈ જનાર સાધુ પ્રાપ્ત કરે છે, आपुच्छ अट्ठपक्खे=આઠ પક્ષમાં આપૃચ્છા છે, इत्थीसत्थेण संविग्गे=સ્ત્રીઓના સાર્થ સાથે સંવિગ્ન સાધુ વડે લઈ જવી જોઈએ. ।।૩૬।।**

**ગાથાર્થ :-**

**પાંચમાંથી એકતર સંયતી સાધ્વીને લઈ જાય છે, એમ અન્વય છે. વળી, અવગ્રહને છોડીને સચિત્તને=સચિત્તાદિને લઈ જનાર સાધુ પ્રાપ્ત કરે છે. આઠ પક્ષમાં આપૃચ્છા છે. સ્ત્રીઓના સાર્થ સાથે સંવિગ્ન સાધુ વડે લઈ જવી જોઈએ. ।।૩૬।।**

**ટીકા :-**

**'पंचण्हं'ति । 'पञ्चानाम्' आचार्योपाध्यायप्रवर्त्तकस्थविरगणावच्छेदकानामेकतरः संयतीर्नयति । तत्र च सचित्तादिकं परक्षेत्रावग्रहवर्जं स एव लभते । निर्ग्रन्थी च ज्ञानार्थं व्रजन्ती अष्टौ पक्षानापृच्छति, अत्राचार्यमेकं पक्षमापृच्छति, यदि न विसर्जयति तत उपाध्यायं वृषभं गच्छं चैवमेव पृच्छति; संयतीवर्गोऽपि प्रवर्त्तिनीगणावच्छेदिकाभिषेकाशेषसाध्वीर्यथाक्रममेकैकं पक्षमापृच्छति । ताश्च स्त्रीसार्थेन समं संविग्नेन परिणतवयसा साधुना नेतव्याः ।।३६।।**

**ટીકાર્થ :-**

'पञ्चानाम्' ..... नेतव्याः ।। પાંચેયમાંથી એકતર=આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદકમાંથી એકતર, સાધ્વીઓને લઈ જાય છે અર્થાત્ અન્ય આચાર્ય પાસે ઉપસંપદા અપાવવા અર્થે લઈ જાય છે અને ત્યાં=માર્ગમાં જતાં, પરક્ષેત્રના અવગ્રહથી રહિત એવું સચિત્તાદિ તે જ પ્રાપ્ત કરે છે=લઈ જનાર સાધુ પ્રાપ્ત કરે છે અને જ્ઞાન માટે જતી સાધ્વીઓ આઠ પક્ષ સુધી પૂછે છે અર્થાત્ જ્ઞાન માટે આચાર્યાદિ રજા ન આપે તો આચાર્યાદિને વિવેકપૂર્વક ક્રમસર જવાથી શું લાભ છે અને નહિ જવાથી શું નુકસાન છે ? તેના યથાર્થ નિવેદનપૂર્વક આઠ પક્ષ સુધી પૃચ્છા કરે છે. કઈ રીતે પૃચ્છા કરે છે. તે સ્પષ્ટ કરે છે. અહીં=આઠ પક્ષમાં, એક પક્ષ આચાર્યને પૃચ્છા કરે છે. જો વિસર્જન કરતા નથી તો ઉપાધ્યાયને એક પક્ષ પૃચ્છા કરે છે. વૃષભને=ગીતાર્થને, એક પક્ષ પૃચ્છા કરે છે અને ગચ્છને એ રીતે જ=આચાર્યાદિને પૃચ્છા કરે છે. એ રીતે જ, એક પક્ષ પૃચ્છા કરે છે અર્થાત્ ઉપાધ્યાયાદિ પૂર્વ પૂર્વના અનુજ્ઞા ન આપે તો ઉત્તર ઉત્તરનાને એક પક્ષ વિવેકપૂર્વક પૃચ્છા કરે છે. સંયતીવર્ગમાં પણ પ્રવર્તિની, ગણાવચ્છેદિકા, અભિષેકા અને અશેષ સાધ્વીને યથાક્રમ એક એક પક્ષ સુધી પૂછે છે અર્થાત્ પૂર્વમાં કહેલા આચાર્યાદિ પાસેથી અનુજ્ઞા ન મળે તો સંયતીવર્ગમાં જે પ્રવર્તિની સાધ્વી છે, તેમને એક પક્ષ સુધી વિવેકપૂર્વક અન્ય અન્ય સ્પષ્ટતા સાથે પૃચ્છા કરે છે. પ્રવર્તિની પાસેથી અનુજ્ઞા ન મળે તો સાધ્વીગણની ચિંતા કરનારાં ગણાવચ્છેદિકા હોય છે. જેઓ પોતાનો સમસ્ત ગણ જિનવચનાનુસાર વિશિષ્ટ પ્રવૃત્તિ કરીને નિર્જરાને પ્રાપ્ત કરે તેની ચિંતા કરનારાં હોય છે. તે સાધ્વીને મેધાવી સાધ્વી અન્ય ગચ્છમાં જ્ઞાનાર્થે જવા માટે એક પક્ષ સુધી પૃચ્છા કરે છે. વળી, અભિષેકા સાધ્વી ગચ્છની સાધ્વીઓ કોઈક વિશિષ્ટ કાર્ય કરે, તેના માટે નિયુક્ત હોય છે અને તે સાધ્વીઓને તે તે કાર્યોમાં જિનવચનાનુસાર પ્રવર્તાવીને વિશિષ્ટ કાર્યો કરાવનાર હોય છે. તેવા વિવેકી સાધ્વીને મેધાવી સાધ્વી યુક્તિપૂર્વક એક પક્ષ સુધી પૃચ્છા કરે. તેઓ પણ અનુજ્ઞા ન આપે તો શેષ સાધ્વીઓ જેઓ પ્રસ્તુત કાર્યમાં કંઈક વિચાર કરી શકે તેમ હોય તેમને એક પખવાડિયા સુધી મેધાવી સાધ્વી પૃચ્છા કરે છે. આ રીતે પૃચ્છા કરીને અનુજ્ઞાને પામેલ તે મેધાવી સાધ્વી પૂર્વમાં બતાવેલ પાંચમાંથી કોઈકની સાથે અધ્યયન અર્થે અન્ય ગચ્છમાં જાય છે. કઈ રીતે જાય છે ? એથી કહે છે અને સંવેગવાળા પરિણત વયવાળા સાધુ વડે તે સાધ્વીઓને સ્ત્રીના સમુદાયની સાથે લઈ જવું જોઈએ. ॥૩૬॥

**ભાવાર્થ :-**

ભગવાનના શાસનનાં સાધુ-સાધ્વી અત્યંત ઉચિત પ્રવૃત્તિઓ કરનારાં હોય છે. જે પ્રવૃત્તિથી પોતાને લાભ થતો હોય તેના કરતાં ગચ્છના અન્ય સાધુઓને નુકસાન થતું હોય તો તે કર્તવ્ય ઉચિત ગણાય નહિ. તેથી જ્ઞાનાદિની વૃદ્ધિના અર્થી એવા સાધુઓ કે સાધ્વીઓ પોતાને અન્ય ગચ્છમાં ઉપસંપદા દ્વારા લાભ થશે, એમ જણાવા છતાં ગચ્છના ઔચિત્યનો પણ પૂર્ણ વિવેક દ્વારા વિચાર કરે છે અને ગચ્છનું અનુપાલન કરનારા આચાર્યાદિ પણ તેનો ઉચિત વિચાર કરીને લાભ દેખાય તો અવશ્ય સાધ્વીઓને અન્ય ગચ્છમાં

ઉપસંપદા માટે મોકલે છે અને તે કઈ રીતે મોકલે છે ? તેની સ્પષ્ટતા પ્રસ્તુત ગાથામાં કરેલ છે. વળી, સાધ્વીઓને જ્ઞાનાદિ અર્થે જવાથી લાભ દેખાતો હોય અને આચાર્યાદિને કોઈક કારણે જવામાં લાભ ન દેખાતો હોય ત્યારે પણ તે વિવેકી સાધ્વીઓ આઠ આઠ પક્ષ સુધી આચાર્યાદિને વિવેકપૂર્વક પૃચ્છા કરે છે અને તે આચાર્યાદિ આઠેયમાંથી કોઈની સંમતિ ન જણાય તો સ્વચ્છંદી રીતે સાધ્વીઓ અધ્યયન માટે અન્ય ગચ્છમાં જતી નથી તોપણ ભગવાનની આજ્ઞા પ્રમાણ છે, એમ માનીને આચાર્યએ એક પક્ષ સુધી સંમતિ ન આપી તો અને ભણવાથી જે લાભ થવાનો છે, તે સ્પષ્ટ દેખાતો હોય તો ઉપાધ્યાયાદિ પાસેથી પણ અનુજ્ઞા મેળવવા તે સાધ્વી પ્રયત્ન કરે છે; કેમ કે ગુરુની આજ્ઞા પણ હિતાહિતનો વિચાર કરીને પાલન કરવી જોઈએ. અન્યથા હિતની ઉપેક્ષાજન્ય અનર્થની પ્રાપ્તિ થાય. **॥૩૬॥**

**અવતરણિકા :-**

**एवं तावत्केवलोपसम्पदर्थं गणान्तरसङ्क्रमणमुक्तम् । अथ संभोगार्थं तदुच्यते –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે કેવલ ઉપસંપદ માટે=જ્ઞાન, દર્શન, ચારિત્રના પ્રયોજન અર્થે કેવલ ઉપસંપદા સ્વીકારવા માટે, ગણાંતરનું સંક્રમણ કહેવાયું. હવે, સંભોગ માટે=એક માંડલીમાં બેસીને સ્વાધ્યાય કરવા માટે, તે=ગણાંતરનું સંક્રમણ, કહેવાય છે –**

**ગાથા :-**

**संभोगपच्चयं पि हु, संकमणं होइ कारणतिएणं ।**
**सुत्तत्थदाणकिरिया, सीअणओ इत्थ चउभंगो ।।३७।।**

**અન્વયાર્થ :-**

**संभोगपच्चयं पि हु संकमणं होइ कारणतिएणं=સંભોગ પ્રત્યે પણ કારણત્રયથી સંક્રમણ થાય છે, सुत्तत्थदाणकिरिया सीअणओ=સૂત્રનું દાન અને અર્થનું દાન અને ક્રિયા સિદાતે છતે સંક્રમણ થાય છે, इत्थ चउभंगो=અહીં=ક્રિયાના સિદાવામાં, ચાર ભાંગા છે. ।।૩૭।।**

**ગાથાર્થ :-**

**સંભોગ પ્રત્યે પણ કારણત્રયથી સંક્રમણ થાય છે. સૂત્રનું દાન અને અર્થનું દાન અને ક્રિયા સિદાતે છતે સંક્રમણ થાય છે. અહીં=ક્રિયાના સિદાવામાં, ચાર ભાંગા છે. ।।૩૭।।**

**ટીકા :-**

**'संभोगपच्चयं पि हु'त्ति । सम्भोगः-एकमण्डल्यां समुद्देशनादिरूपस्तत्प्रत्ययमपि-तन्निमित्तमपि 'सङ्क्रमणं' गणान्तरगमनं 'कारणत्रयेण' ज्ञानदर्शनचारित्रलक्षणेन भवति, तत्र ज्ञानार्थं दर्शनार्थं**

वा यस्योपसम्पदं प्रतिपन्नस्तस्मिन् सूत्रार्थदानादौ सीदति गणान्तरसङ्क्रमणं भवति, विधिश्च तत्र पूर्वोक्त एव । चारित्रार्थं तु यस्योपसम्पदं गृहीतवांस्तस्य चरणकरणक्रियायां सीदन्त्याम्, अत्र चतुर्भङ्गी भवति—गच्छः सीदति नाचार्यः १, आचार्यः सीदति न गच्छः २, गच्छोऽप्याचार्योऽपि सीदति ३, न गच्छो नाप्याचार्यः ४ इति । अत्र प्रथमभङ्गे गच्छे सीदति गुरुणा स्वयं वा नोदना कर्त्तव्या, कथं गच्छः सीदेत् ? इति चेदुच्यते—साधवः प्रत्युपेक्षणां काले न कुर्वन्ति, न्यूनातिरिक्तादिदोषैर्वा विपर्यासेन प्रत्युपेक्षन्ते, गुरुग्लानादीनां वा न प्रत्युपेक्षन्ते, निष्कारणं दिवा त्वग् वर्त्तयन्ति, दण्डकं निक्षिपन्त आददतो वा न प्रत्युपेक्षन्ते न वा प्रमार्जयन्ति, दुष्प्रेक्षितं वा कुर्वन्ति, यथार्हं विनयं न प्रयुञ्जते, शय्यातरपिण्डं भुञ्जते, उद्गमाद्यशुद्धं गृह्णन्ति, एवमादिकारणैर्गच्छः सीदेदिति । द्वितीयभङ्गे सीदन्तमाचार्यं स्वयं वा गणेन वा नोदयति । तृतीयभङ्गे गच्छाचार्यौ द्वावपि सीदन्तौ स्वयमेव नोदयति, ये वा तत्र न सीदन्ति तैर्नोदयति, साध्यासाध्यमृदुमध्याधिसाध्यादिभेदेनानुलोमादिवाग्भङ्ग्या यथा गुणो भवति तथा नोदयेत् । चतुर्थभङ्गस्तु शुद्धः । यस्तु गच्छमाचार्यमुभयं वा सीदन्तं स्वयं भणन्नन्यैश्च भाणयन्ने जानाति-एते भण्यमाना अपि नोद्यमं करिष्यन्ति तदोत्कर्षतः पक्षमेकं तिष्ठति, गुरुं पुनः सीदन्तं लज्जया गौरवेण वा जानन्नपि पञ्च त्रीन् वा दिवसानभणन्नपि शुद्धः । अथ नोद्यमानो गच्छो गुरुरुभयं वा भणेत्-तव किं दुःखम् ?, यदि वयं सीदामस्तदा वयमेव दुर्गतिं यास्यामः, तदेवंविधेऽसद्ग्रहे तेषां परिणते परित्यागो विधेयस्ततश्चान्यं गणं सङ्क्रामति ।।३७।।

**ટીકાર્થ :-**

सम्भोगः ..... सङ्क्रामति ।। સંભોગ=એક માંડલીમાં સમુદ્દેશનાદિ રૂપ સંભોગ છે અર્થાત્ સૂત્રવાચના ગ્રહણ કર્યા પછી સાધુઓ તે સૂત્રને સ્થિરપરિચિત કરવાની ક્રિયા કરે છે તે સમુદ્દેશન છે. આદિ પદથી શંકિત સ્થાનો પૂછવાનું ગ્રહણ છે. તે પ્રત્યય પણ=સંભોગ પ્રત્યય પણ=સંભોગ નિમિત્ત પણ, સંક્રમણ=ગણાંતરમાં ગમન, કારણત્રયથી=જ્ઞાન, દર્શન, ચારિત્ર, લક્ષણ ત્રણ કારણથી થાય છે. કઈ રીતે થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. ત્યાં=ત્રણ કારણ અર્થે ગણાંતરના સંક્રમણમાં જ્ઞાન માટે અથવા દર્શન માટે જેમની ઉપસંપદા સ્વીકારેલ, તેમાં=તે ગણમાં, સૂત્ર-અર્થના દાનાદિ સિદાતે છતે= જે પ્રકારે સૂત્ર-અર્થ ભણવા માટે આવેલ છે, તે પ્રકારે સૂત્રાર્થનું દાન નહિ થવાથી સિદાતે છતે, ગણાંતરમાં સંક્રમણ થાય છે અને ત્યાં વિધિ પૂર્વોક્ત જ છે=પૂર્વમાં જ્ઞાન-દર્શન અર્થે ઉપસંપદાની વિધિ બતાવી અને તે વિધિ અનુસાર સ્વગચ્છને છોડીને અન્ય ગચ્છમાં જ્ઞાનાદિ અર્થે કોઈ સાધુ આદિ આવે અને તે ગચ્છમાં પણ પાછળથી કોઈક નિમિત્તે જ્ઞાનાદિ સિદાય ત્યારે પૂર્વમાં કહેલ વિધિ અનુસાર જ અન્ય ગચ્છમાં તે સાધુ આદિ સંક્રમણ કરે.

વળી, ચારિત્ર માટે જેમની ઉપસંપદાને ગ્રહણ કરી તેમની=તે ગચ્છની કે આચાર્યની ચરણક્રિયા સિદાતે છતે શું કરવું જોઈએ ? તે આગળ બતાવે છે. અહીં=તે ગચ્છમાં ચરણક્રિયા સિદાય છે તેના

વિષયમાં, ચાર ભાંગા થાય છે.

(૧) ગચ્છ સિદાય છે, આચાર્ય સિદાતા નથી.

(૨) આચાર્ય સિદાય છે, ગચ્છ સિદાતો નથી.

(૩) ગચ્છ પણ સિદાય છે, આચાર્ય પણ સિદાય છે.

(૪) ગચ્છ પણ સિદાતો નથી, આચાર્ય પણ સિદાતા નથી.

આમાં=ચાર ભાંગામાં, પ્રથમ ભાંગા વિષયક ગચ્છ સિદાયે છતે ગુરુએ અથવા સ્વયં પ્રેરણા કરવી જોઈએ=તે ગચ્છના ગુરુએ ગચ્છને પ્રેરણા કરવી જોઈએ અથવા ઉપસંપદા લઈને આવેલા સાધુએ સ્વયં પ્રેરણા કરવી જોઈએ. કેવી રીતે ગચ્છ સિદાય છે, એ પ્રમાણે જો પૂર્વપક્ષી પ્રશ્ન કરે તો ઉત્તર આપે છે. સાધુઓ કાલમાં પ્રત્યુપેક્ષણા કરતા નથી અથવા ન્યૂન અતિરિક્તાદિ દોષો વડે, વિપર્યાસથી પ્રત્યુપેક્ષણા કરે છે અથવા ગુરુની અને ગ્લાનાદિની પ્રત્યુપેક્ષણા કરતા નથી, નિષ્કારણ દિવસે સૂવે છે. દંડકને નિક્ષેપ કરતા અથવા ગ્રહણ કરતા પ્રત્યુપેક્ષણા કરતા નથી અથવા પ્રમાર્જના કરતા નથી અથવા દુષ્પ્રેક્ષિત કરે છે=પૂરું જોયા વગર પ્રમાર્જના કરે છે. યથાયોગ્ય વિનય કરતા નથી, શય્યાતર પિંડને વાપરે છે, ઉદ્દગમાદિથી અશુદ્ધ ગ્રહણ કરે છે. આ વગેરે કારણોથી ગચ્છ સિદાય છે.

બીજા ભાંગામાં=આચાર્ય સિદાય છે અને ગચ્છ સિદાતો નથી. એ રૂપ બીજા ભાંગામાં, સિદાતા એવા આચાર્યને સ્વયં=ઉપસંપદા માટે આવનાર સાધુ સ્વયં, આચાર્યને પ્રેરણા કરે છે અથવા ગણ વડે પ્રેરણા કરે છે અર્થાત્ સિદાતા આચાર્યને વિવેકપૂર્વક સ્વયં કહેશે તો સુંદર ફળ આવશે, એમ જણાય તો સ્વયં પ્રેરણા કરે અથવા તે આચાર્યના ગણને તે રીતે સમજાવે કે જેથી તે ગણની પ્રેરણાથી સિદાતા આચાર્ય માર્ગસ્થ થાય.

ત્રીજા ભાંગામાં=ગચ્છ પણ સિદાય છે અને આચાર્ય પણ સિદાય છે એ રૂપ ત્રીજા ભાંગામાં, સિદાતા એવા ગચ્છ અને આચાર્ય બંનેને પણ સ્વયં જ પ્રેરણા કરે છે અથવા તે ગચ્છમાં જે કેટલાક સાધુઓ સિદાતા નથી તેમના દ્વારા પ્રેરણા કરે છે. કઈ રીતે પ્રેરણા કરે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. પ્રયત્નથી સાધ્ય છે અર્થાત્ પોતાના પ્રયત્નથી ગચ્છના અને આચાર્યના પ્રમાદનો પરિહાર સાધ્ય છે કે નહિ સિદાતા સાધુની પ્રેરણાથી સાધ્ય છે તેનો વિચાર કરીને અથવા અસાધ્ય છે તેનો વિચાર કરીને પ્રેરણા કરે, એમ અન્વય છે. વળી, સાધ્ય પણ મૃદુ પ્રયત્નથી સાધ્ય છે કે મધ્યમ પ્રયત્નથી સાધ્ય છે કે અધિક પ્રયત્નથી સાધ્ય છે, તે ભેદથી પ્રેરણા કરે છે. વળી, અનુલોમાદિ વાણીની ભંગીથી જે પ્રમાણે ગુણ થાય તે પ્રમાણે પ્રેરણા કરે છે અર્થાત્ ક્યારેક મૃદુ-મધુર વચનથી, ક્યારેક કંઈક લાભ થાય તેવા પ્રકારના કઠોર વચનથી કે અન્ય અન્ય નિપુણતાવાળાં તે તે વચનોથી જે પ્રકારે ગુણ થાય, તે પ્રમાણે ઉપસંપદા માટે આવનાર સાધુ ગચ્છને અને આચાર્યને પ્રેરણા કરે છે.

ચોથો ભાંગો વળી શુદ્ધ છે. વળી, જે સાધુ સિદાતા એવા ગચ્છને, આચાર્યને અથવા ઉભયને સ્વયં કહેતા અને અન્યો દ્વારા=ગચ્છના અન્ય સાધુઓ દ્વારા, કહેવડાવતા આ પ્રમાણે જાણે છે. શું

**જાણે છે, તે સ્પષ્ટ કરે છે. આ સાધુઓ કહેવાતા પણ ઉદ્યમને કરશે નહિ, ત્યારે ઉત્કર્ષથી એક પક્ષ રહે છે. વળી, સિદાતા એવા ગુરુને લજ્જાથી અથવા ગૌરવથી જાણતા પણ તે પ્રતીચ્છક પાંચ દિવસ અથવા ત્રણ દિવસ નહિ કહેતા પણ શુદ્ધ છે. હવે, ગચ્છ ઉદ્યમવાળો ન થાય=પ્રત્યુપેક્ષાદિ ક્રિયાઓ સમ્યગ્ કરવા માટે ઉદ્યમવાળો ન થાય, ગુરુ કહે અથવા ઉભય કહે અર્થાત્ તે ગચ્છના ગુરુ તે પ્રતીચ્છકને કહે અથવા ગચ્છના સાધુઓ અને ગુરુ પ્રતીચ્છકને કહે. શું કહે તે સ્પષ્ટ કરે છે. તને શું દુઃખ છે ? અર્થાત્ અમારા ગચ્છના સાધુ કે ગુરુ સિદાય છે, તેમાં તને શું દુઃખ છે ? જો અમે સિદાઈએ તો અમે જ દુર્ગતિમાં જઈશું. તે આવા પ્રકારનો અસદ્ગ્રહ તેઓને પરિણત હોતે છતે=પૂર્વમાં કહ્યું એવા પ્રકારનો ગુરુનો કે ઉભયનો અસદ્ગ્રહ પરિણત હોતે છતે, પરિત્યાગ કરવો જોઈએ=ચારિત્ર માટે ઉપસંપદા સ્વીકારવા આવેલા સાધુએ તે ગચ્છનો પરિત્યાગ કરવો જોઈએ અને ત્યારપછી અન્ય ગણમાં સંક્રમણ પામે છે=ઉપસંપદા સ્વીકારવા માટે આવેલ સાધુ તે ગચ્છને છોડીને અન્ય ગણમાં જાય છે. ॥૩૭॥**

**ભાવાર્થ :-**

સંભોગ પ્રત્યે ગણાંતરમાં સંક્રમણ થાય છે, એમ કહ્યું ત્યાં સંભોગ એક માંડલીમાં બેસીને ભોજનરૂપ નથી, પરંતુ સમુદ્દેશાદિ રૂપ સંભોગ છે. તેથી, ગચ્છમાં રહેલા સાધુઓ શ્રુત ભણતા હોય ત્યારે તે તે શ્રુત અર્થે જોગ કરીને ઉદ્દેશની અનુજ્ઞા મેળવે છે. ત્યારપછી તે શ્રુતની વાચના ગુરુ આપે છે. તે વાચનાને પ્રાપ્ત કર્યા પછી સમુદ્દેશમાં ગુરુ કહે છે કે સ્થિરપરિચિત કરો. તે સ્થિરપરિચિતની ક્રિયા એક માંડલીમાં કરે અથવા ચારિત્રના વિષયમાં એક માંડલીમાં પડિલેહણાદિ ઉચિત ક્રિયા કરે, તેનું ગ્રહણ સમુદ્દેશાદિમાં રહેલા આદિ પદથી છે. તેથી, કોઈ સાધુ જ્ઞાન, દર્શન કે ચારિત્ર અર્થે પોતાના ગચ્છને છોડીને અન્ય ગચ્છમાં આવેલ હોય, તેઓ પણ જે ગચ્છમાં જ્ઞાનાદિ અર્થે આવેલ છે ત્યાં જ્ઞાન, દર્શન કે ચારિત્ર સિદાતા હોય તો સંભોગ અર્થે અન્ય ગચ્છમાં સંક્રમણ કરે. અન્ય ગચ્છમાં જ્ઞાન, દર્શન અર્થે કઈ રીતે સંક્રમણ કરે ? તે સ્પષ્ટ કરતાં કહે છે.

કોઈ સાધુ વિશિષ્ટ શ્રુતઅધ્યયન અર્થે અન્ય ગચ્છમાં આવેલ હોય અથવા કોઈ સાધુ દર્શન પ્રભાવક શાસ્ત્રોના અધ્યયન અર્થે અન્ય ગચ્છમાં આવેલ હોય અને જે આચાર્યાદિની ઉપસંપદા સ્વીકારી હોય, તે ગચ્છમાં પ્રથમ સૂત્ર, અર્થનું દાનાદિ પ્રાપ્ત થતું હતું અને પાછળથી કોઈક કારણે ગુરુ પાસેથી તે સૂત્ર, અર્થના દાનાદિની પ્રાપ્તિ સિદાય છે. ત્યારે ત્યાં આવેલ સાધુ પૂર્વમાં ગાથા-૬માં બતાવેલ વિધિ અનુસાર ગણાંતરમાં જવા યત્ન કરે છે; કેમ કે જે પ્રયોજન અર્થે ઉપસંપદા સ્વીકારેલી તે પ્રયોજનની સિદ્ધિ નહિ થવાથી ગચ્છાંતર જવાથી જ વિશિષ્ટ જ્ઞાન કે દર્શનની શુદ્ધિની પ્રાપ્તિ થઈ શકે છે.

વળી, કોઈ સાધુ વિશિષ્ટ પ્રકારના ચારિત્રની શુદ્ધિ અર્થે અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારીને આવેલા હોય ત્યારે તે ગચ્છમાં ચારિત્રની ક્રિયા સુંદર હોય તો જ તેમની ઉપસંપદા સ્વીકારે છે; કેમ કે ઉપસંપદા આપનાર અને ઉપસંપદા સ્વીકારનાર બંનેની પરસ્પર વિધિ પંચવસ્તુક ગ્રંથમાં બતાવેલ છે. તેથી જે

ગચ્છમાં પૂર્વમાં સુંદર ચારિત્રનું પાલન હતું, આમ છતાં કોઈક પ્રમાદ દોષને કારણે તે ગચ્છમાં ચારિત્રની ક્રિયાઓ સિદાય છે, ત્યારે ઉપસંપદા સ્વીકારનાર સાધુ ગણાંતરમાં સંક્રમણ કરે છે અને તે ચારિત્રની ક્રિયાઓ કેવા પ્રકારની છે ? તે બતાવતાં કહે છે –

તે ગચ્છમાં સાધુઓ પ્રત્યુપેક્ષા કાળે કરતા નથી, અકાળે કરે છે. વળી, પડિલેહણામાં ન્યૂન અતિરિક્તાદિ દોષોથી વિપરીત રૂપે પડિલેહણ કરે છે. આ સર્વ દોષો સંવેગના પરિણામમાં મ્લાનિ થવાથી જ થાય છે; કેમ કે સંવેગવાળા સાધુ સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે. તેથી જિનવચનનું સ્મરણ કરીને દરેક ક્રિયાઓ શક્તિ અનુસાર ઉચિત કાળે ઉચિત વિધિથી જ કરવા યત્ન કરે છે; કેમ કે વિધિનું સ્મરણ અને વિધિને અનુસાર કરવાનો અધ્યવસાય જ સંવેગનો પોષક છે. તેથી, કોઈ શારીરિક સ્થિતિ વિષમ હોય કે આગાઢ કારણ હોય તેને છોડીને સુસાધુઓ તે તે ક્રિયાઓ તે તે વિધિપૂર્વક જ કરવા યત્ન કરે તો જ ચારિત્રની પ્રગટ થયેલી પરિણતિ સ્થિર થાય છે અને પ્રગટ ન થયેલી હોય તો પ્રગટ થાય છે અને વિધિની ઉપેક્ષાથી શ્રુત-ચારિત્ર પ્રત્યે અનાદર થવાથી સંસારની વૃદ્ધિ થાય છે. આથી, જે ગચ્છમાં સંયમની સર્વ ક્રિયાઓ યથાતથા થતી હોય તે ગચ્છ ચારિત્રમાં સિદાય છે અને તેને આશ્રયીને ચાર ભાંગાની પ્રાપ્તિ છે.

પ્રથમ ભાંગામાં ગચ્છ સિદાય છે, આચાર્ય સિદાતા નથી. ત્યારે ઉપસંપદા સ્વીકારીને આવેલા સાધુએ અથવા ગુરુએ અર્થાત્ તે ગચ્છના આચાર્યએ, પ્રેરણા કરવી જોઈએ. ક્યારેક આવનાર સાધુની પ્રેરણાથી તે સાધુઓ શુદ્ધ ક્રિયા કરે એવા હોય ત્યારે તે પ્રતીચ્છક સાધુ પણ પ્રેરણા કરે અથવા ગુરુની પ્રેરણાથી ગચ્છ ઉચિત ક્રિયા કરનાર થતો હોય તો ગુરુ જ પ્રેરણા કરે; કેમ કે જિનવચનના સ્મરણપૂર્વક શક્તિ અનુસાર ક્રિયા કરવાથી જ ગચ્છના સાધુઓમાં સંવેગની વૃદ્ધિ થાય છે. જેનાથી તેઓનું હિત થાય છે.

વળી, બીજા ભાંગામાં આચાર્ય સિદાય છે, ગચ્છ સિદાતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે આચાર્ય પણ પોતાની જે ઉચિત ક્રિયાઓ કરે છે, તે ક્રિયાઓ જિનવચનાનુસાર કરવા માટે પૂર્વે યત્ન કરતા હતા. કોઈક કારણથી હવે પ્રમાદી થયા છે. તેથી સિદાય છે અને ગચ્છના સાધુઓ તે આચાર્યથી બોધ પામેલા હોવાથી આચાર્યના પ્રમાદને જોઈને પોતે પ્રમાદી થતા નથી, ત્યારે પ્રતીચ્છક સાધુ સિદાતા એવા આચાર્યને અતિ વિવેકપૂર્વક પ્રેરણા કરે છે અને ક્યારેક જણાય કે પોતાના વચન કરતા ગણના સાધુઓની પ્રેરણાથી જ આચાર્ય ઉચિત પ્રવૃત્તિ કરનારા થાય તેમ છે તો તે પ્રતીચ્છક સાધુ ગણ દ્વારા આચાર્યને પ્રેરણા કરાવે છે.

વળી, ત્રીજા ભાંગામાં ગચ્છ અને આચાર્ય બંને પણ સિદાય છે, ત્યારે તે પ્રતીચ્છક સાધુ અતિનિપુણ પ્રજ્ઞાપૂર્વક સિદાતા સાધુઓને અને આચાર્યને સ્વયં જ પ્રેરણા કરે છે અથવા તે ગચ્છમાં કેટલાક સાધુઓ સિદાતા નથી અને તેઓની પ્રેરણાથી લાભ થાય તેમ જણાય ત્યારે તે સાધુઓ દ્વારા પણ ગચ્છને કે આચાર્યને પ્રેરણા કરે છે ? કઈ રીતે પ્રેરણા કરે છે ? તે ત્રણેય ભાંગાને આશ્રયીને સ્પષ્ટ કરે છે. પ્રથમ આ કૃત્ય પોતાનાથી સાધ્ય છે કે અસાધ્ય છે, તેનો વિચાર કરે છે અને પોતાના પ્રયત્નથી કે પોતાની પ્રેરણાથી ગચ્છના સાધુઓ દ્વારા સાધ્ય જણાય તો તે ઉપસંપદા સ્વીકારનાર સાધુ વિચારે કે તે દોષનું નિવર્તન જે સાધ્ય છે, તે પણ મૃદુ ઉપાયથી સાધ્ય છે, મધ્યમ ઉપાયથી સાધ્ય છે કે અતિશય ઉપાયથી સાધ્ય

છે, ત્યારપછી તે ઉપાયનો નિર્ણય કરીને જેઓ સિદાય છે, તેમને અનુકૂળ ભાષાથી ક્યારેક પ્રીતિપૂર્વક કંઈક કઠોર વચનપૂર્વક ઉપાલંભ આદિ આપીને જે રીતે ગુણ થાય, એ પ્રકારે તે પ્રતીચ્છક સાધુ પ્રયત્ન કરે છે અને જો તે પ્રતીચ્છકને જણાય કે મારા કહેવાથી લાભ થાય તેમ નથી તો મધ્યસ્થતાપૂર્વક ઉપેક્ષા કરે છે અને ઉચિત કાળની અપેક્ષા રાખી પ્રયત્ન કરે છે. પરંતુ નિપુણતાથી વિચાર્યા વગર પ્રયત્ન કરે તો તે ગચ્છને જે લાભ થવાનો હતો તે થાય નહિ અને તેમાં પોતાની અનિપુણતાપૂર્વકની જ પ્રવૃત્તિ કારણ છે, તેમ વિચારીને બુદ્ધિમાન એવા તે સાધુ જે રીતે બધાનું હિત થાય, તે રીતે યત્ન કરે. જેથી વિશુદ્ધમાન અધ્યવસાયથી ગચ્છના હિતની ચિંતા કરનાર તે મહાત્માને મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, જ્યારે તે પ્રતીચ્છક સાધુને જણાય કે આ રીતે પ્રેરણા કરવા છતાં પણ તેઓ સંયમમાં ઉદ્યમ કરશે નહિ, ત્યારે એક પક્ષ સુધી ત્યાં રહે છે અને વિચારે છે કે કોઈક તેવા પ્રકારના સંયોગમાં કહેવાથી પણ તેઓનું હિત થાય તેવો પ્રયત્ન હું કરીશ અને એક પક્ષ સુધી રહેવા છતાં કંઈ ફળ થાય તેમ જણાય નહિ તો તેઓની ઉપેક્ષા કરીને ઉપસંપદા સ્વીકારતા સાધુ તે ગચ્છનો ત્યાગ કરે છે. વળી, જે ગુરુની નિશ્રા લઈને પોતે જ્ઞાનાદિ અર્થે આવેલ છે, તે ગુરુ સિદાતા હોય છતાં પોતે તેમનાથી નાના છે, તેથી કહેવામાં લજ્જા આવે છે અથવા જે ગુરુએ પોતાનામાં રત્નત્રયીની વૃદ્ધિ કરી છે, તેઓ પ્રત્યે બહુમાન હોવાને કારણે તેઓના પ્રમાદને જોવા છતાં પાંચ દિવસ અથવા ત્રણ દિવસ સુધી કંઈ કહે નહિ તોપણ તે મહાત્માને તેઓના શિથિલતાકૃત કોઈ દોષની પ્રાપ્તિ થાય નહિ. પરંતુ, જ્ઞાનથી ભણેલા સમૃદ્ધ ચારિત્રસંપન્ન સાધુ પોતાના પ્રયત્નથી લાભ થાય તેવી સંભાવના જણાતી હોય તો પાંચ દિવસ સુધી પણ કંઈ કહ્યા વિના મૌન લે તો તેઓના હિતની ઉપેક્ષાકૃત દોષની પ્રાપ્તિ થાય.

હવે, પ્રતીચ્છકના સર્વ યત્ન કરવા છતાં જો ગુરુ કહે અથવા ગુરુ અને પ્રમાદી સાધુઓ પ્રતીચ્છકને કહે કે અમે પ્રમાદ કરીએ, તેમાં તમને શું દુઃખ છે ? અમે પ્રમાદ કરીશું તો અમે દુર્ગતિમાં જઈશું. આ પ્રકારનો તે ગચ્છનો અને ગુરુનો અસદ્ગ્રહ જણાય તો ઉપસંપદા સ્વીકારનાર સાધુ તેમનો પરિત્યાગ કરીને અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે. **॥૩૭॥**

**અવતરણિકા :-**

**तत्रापि चतुर्भङ्गीव्यवस्थितिमाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં પણ=અન્ય ગણના સંક્રમણમાં પણ, ચતુર્ભંગીની વ્યવસ્થિતિને કહે છે–**

**ગાથા :-**

**संकमणे चउभंगो, पढमे आलोइअम्मि संसुद्धो ।**
**बितियम्मि बहुद्दोसा, जं भणियं कप्पभासम्मि ।।३८।।**

**અન્વયાર્થ :-**

संकमणे चउभंगो=સંક્રમણમાં ચાર ભાંગા છે, पढमे आलोइअम्मि संसुद्धो=પ્રથમમાં આલોચન કરાયે છતે સંશુદ્ધ છે, बितियम्मि बहुद्दोसा=બીજા ભાંગામાં બહુ દોષો છે, जं भणियं कप्पभासम्मि=જે કારણથી કલ્પભાષ્યમાં કહેવાયું છે. ॥૩૮॥

**ગાથાર્થ :-**

સંક્રમણમાં ચાર ભાંગા છે. પ્રથમમાં આલોચન કરાયે છતે સંશુદ્ધ છે. બીજા ભાંગામાં બહુ દોષો છે. જે કારણથી કલ્પભાષ્યમાં કહેવાયું છે. ॥૩૮॥

**ટીકા :-**

'संकमणे'त्ति । 'सङ्क्रमणे' गच्छान्तरगमने चत्वारो भङ्गाः, तथाहि—संविग्नः संविग्नं गणं सङ्क्रामति १, संविग्नोऽसंविग्नम् २, असंविग्नः संविग्नम् ३, असंविग्नोऽसंविग्न ४ मिति । तत्र प्रथमभङ्गे आलोचितः सन् संशुद्धः । इयमत्र व्यवस्था—गीतार्थोऽगीतार्थो वा संविग्ने गच्छे समागच्छन् यतो दिवसात्संविग्नेभ्यः स्फिटितस्तद्दिवसादारभ्य सर्वमप्यालोचयति, आलोचिते च शुद्धः । नवरं यथाकृताल्पपरिकर्मसपरिकर्मभेदेन त्रिविधस्योपधेर्मार्गणा कर्त्तव्या, सा चेयम्—यदि गीतार्थो व्रजिकादिष्वप्रतिबद्ध आयातस्तत उपधेरुपघातो न भवति न च प्रायश्चित्तम्, अगीतार्थस्यापि जघन्यतः श्रुतौघनिर्युक्तिकस्याप्रतिबध्यमानस्य नोपधिरुपहन्यते, द्वयोर्गीतार्थयोर्गीतार्थविमिश्रयोर्वा व्रजतोर्व्रजिकादिषु प्रतिबध्यमानयोरपि नोपधिरुपहन्यते न चारोपणा । एवमेकोऽनेके वा विधिना समागता आलोचनादानेन शुद्धाः, यथाकृतादिकमुपधिं वास्तव्ययथाकृतादिना मीलयन्ति, वास्तव्यानां यथाकृताभावे आगन्तुकयथाकृतं वास्तव्याल्पपरिकर्मभिर्मीलयति, माऽसावमीलितः सन्नगीतार्थस्य मदीय उपधिरुत्तमसाम्भोगिकोऽतोऽहमेव सुन्दर इत्येवं गौरवकारणं भवेदिति । गीतार्थो यद्यगौरवी तदा तदीयो यथाकृतः प्रतिग्रहो वास्तव्ययथाकृताभावेऽल्पपरिकर्मभिः सह न मील्यते किन्तूत्तमसाम्भोगिकः क्रियते । यस्तु गीतार्थोऽपि गौरवं करोति तस्य यथाकृतो वास्तव्याल्पपरिकर्मभिः सह मील्यते, यदि यथाकृतपरिभोगेन परिभुज्यते तदा केनाऽप्यजानताऽल्पपरिकर्मणा समं मेलितं दृष्ट्वा स गीतार्थोऽधिकरणं कुर्यात्, किमर्थं मदीय उत्कृष्टोपधिरशुद्धेन सह मीलित इति, अप्रत्ययो वा शैक्षाणां भवेद्—अयमेतेषां सकाशादुद्यतविहारी येनोपधिमुत्कृष्टपरिभोगेन परिभुङ्क्ते, एते तु हीनतरा इति । 'द्वितीये' संविग्नेऽसंविग्नगच्छं संङ्क्रामति बहवो दोषा यद् भणितं कल्पभाष्ये ।।३८।।

**ટીકાર્થ :-**

'सङ्क्रमणे' ..... कल्पभाष्ये ।। ત્યાં પણ ગચ્છાંતરના સંક્રમણમાં=ગચ્છાંતરના ગમનમાં, ચાર

ભાંગા થાય છે. તે આ પ્રમાણે–

(૧) સંવિગ્ન સંવિગ્નગણમાં સંક્રમણ કરે છે=જે સાધુઓ પ્રિય ધર્માદિ ગુણોવાળા છે તેથી જિનવચનાનુસાર કૃત્યો કરવામાં બદ્ધ રાગવાળા છે તેવા સંવિગ્ન સાધુઓ જ્ઞાનાદિ અર્થે સંવિગ્ન ગણમાં સંક્રમણ કરે છે.

(૨) સંવિગ્ન અસંવિગ્ન ગણમાં સંક્રમણ કરે છે=સંવેગવાળા સાધુ પણ પ્રમાદબહુલ સંવેગ વગરના સાધુના ગણમાં સંક્રમણ કરે છે.

(૩) અસંવિગ્ન સંવિગ્ન ગણમાં સંક્રમણ કરે છે.

(૪) અસંવિગ્ન અસંવિગ્ન ગણમાં સંક્રમણ કરે છે.

ત્યાં=ચાર ભાંગામાં, પ્રથમ ભંગમાં આવેલ સાધુ આલોચિત છતાં સંશુદ્ધ છે=સંવિગ્ન સાધુ સંવિગ્ન ગણમાં સંક્રમણ કરે, ત્યારે ગુરુનો ત્યાગ કરીને માર્ગમાં આવતાં જે કોઈ સ્ખલનાઓ થઈ હોય, તે સર્વનું યથાર્થ નિવેદનપૂર્વક નવા ગચ્છના સંવિગ્ન આચાર્ય પાસે આલોચન કરે તો સંશુદ્ધ છે. અહીં=ગણના સંક્રમણમાં, આ વ્યવસ્થા છે. ગીતાર્થ અથવા અગીતાર્થ સંવિગ્ન ગચ્છમાં આવતાં જે દિવસથી સંવિગ્નોથી છૂટા પડ્યા=પોતાના સંવિગ્ન એવા ગુરુ આદિથી છૂટા પડ્યા, તે દિવસથી માંડીને સર્વ પણ આલોચન કરે છે=જે નવા સંવિગ્ન ગચ્છમાં પ્રવેશ કર્યો છે, તેમની પાસે જે કાંઈ પોતાની આચરણાઓ થઈ છે, તે સર્વનું આલોચન કરે છે અને આલોચિત કરાયે છતે તે સાધુ શુદ્ધ છે. ફક્ત યથાકૃત, અલ્પ પરિકર્મ અને સપરિકર્મના ભેદથી ત્રિવિધ પણ ઉપધિની માર્ગણા કરવી જોઈએ=જે ઉપધિ તે સાધુ લઈને આવેલ છે કે માર્ગમાં પ્રાપ્ત થઈ છે, તે નિર્દોષ હોવા છતાં યથાકૃત છે અર્થાત્ જે પ્રકારે સંયમ માટે ઉપકારક છે તે પ્રકારે પ્રમાણોપેત મળેલ છે એ રૂપ યથાકૃત છે. પ્રમાણોપેત નહિ હોવાને કારણે કંઈક તેમાં પરિકર્મ આદિ કરેલ છે તે અલ્પ પરિકર્મવાળી છે અને પ્રમાણોપેત નહિ હોવાને કારણે જેમાં ઘણું પરિકર્મ કરેલ છે તે સપરિકર્મ છે, તેવી ત્રણ પ્રકારની ઉપધિની વિચારણા કરવી જોઈએ. કઈ રીતે વિચારણા કરવી જોઈએ ? તે બતાવતાં કહે છે અને તે=ઉપધિની માર્ગણા, આ છે – જો ગીતાર્થ વ્રજિકાદિમાં અપ્રતિબદ્ધ=માર્ગમાં આવતા સ્નિગ્ધ આહારાદિમાં અપ્રતિબદ્ધ, આવ્યા તો ઉપધિનો ઉપઘાત થતો નથી અને પ્રાયશ્ચિત્ત થતું નથી. જઘન્યથી શ્રુત ઓઘનિર્યુક્તિવાળા અગીતાર્થ પણ=ઉપસંપદા માટે જનારા જઘન્યથી ઓઘનિર્યુક્તિ શ્રુત ભણેલા છે છતાં ગીતાર્થ નથી તેવા પણ સાધુ અપ્રતિબદ્ધમાન હોય તેમની=ગોકુળાદિમાં પ્રતિબંધ ધારણ કર્યો નથી તેમની, ઉપધિ હણાતી નથી. વ્રજિકાદિમાં પ્રતિબદ્ધમાન પણ જતા એવા બે ગીતાર્થની અથવા ગીતાર્થ મિશ્રિત બેની ઉપધિ હણાતી નથી અને આરોપણા નથી. એ રીતે એક અથવા અનેક વિધિથી આવેલા આલોચનાદાનથી શુદ્ધ છે=નવા ગચ્છમાં પ્રવેશ કર્યા પછી માર્ગમાં થયેલી સર્વ સ્ખલનાઓ યથાવદ્ ગુરુ પાસે આલોચના કરે તો શુદ્ધ છે. યથાકૃતાદિની ઉપધિને વાસ્તવ્ય યથાકૃતાદિની ઉપધિ સાથે મેળવાય છે. વાસ્તવ્યોના=જે ગચ્છમાં આવ્યા છે તે ગચ્છના

સાધુઓના, યથાકૃતના અભાવમાં=તેઓ પાસે યથાકૃત ઉપધિનો અભાવ હોતે છતે, આગંતુક સાધુની યથાકૃત ઉપધિને વાસ્તવ્યની અલ્પ પરિકર્મવાળી ઉપધિ સાથે મિલન કરે છે. કેમ મિલન કરે છે ? એથી કહે છે. નહિ ભેગી કરાયેલી આ મારી ઉત્તમ સાંભોગિક ઉપધિ છે. એથી હું સુંદર છું, એ પ્રકારે અગીતાર્થને ગૌરવનું કારણ ન થાઓ અર્થાત્ આગંતુક સાધુમાં કોઈ અગીતાર્થ હોય અને તેમની ઉપધિ યથાકૃત હોય અને વાસ્તવ્ય સાધુની ઉપધિ અલ્પપરિકર્મવાળી હોય ત્યારે જે ગચ્છમાં ગયેલ છે, તે ગચ્છના આચાર્ય તેઓએ લાવેલ યથાકૃત ઉપધિ પોતાની અલ્પપરિકર્મવાળી ઉપધિ સાથે ભેગી ન કરે તો પોતાની ઉપધિ યથાકૃત છે માટે ઉત્તમ સાંભોગિક હું છું, એ પ્રકારનો સૂક્ષ્મ ગર્વનો પરિણામ તે અગીતાર્થને થાય; કેમ કે અગીતાર્થ સાધુ બાહ્ય આચરણાના બળથી જ ઉત્તમ આચારને પાળનારો હું છું, તેમ માને છે અને તેવો સૂક્ષ્મ કષાય તેઓને થાય તો આરાધક સાધુના પરિણામમાં પણ માલિન્ય થાય. તેના પરિહાર અર્થે અલ્પપરિકર્મ ઉપધિમાં તેમની ઉપધિ મિશ્ર કરવામાં આવે છે. જેથી તે અગીતાર્થ સાધુને હું મારી યથાકૃત ઉપધિનો સંભોગ કરું છું તેવો પરિણામ થાય નહિ; કેમ કે તે મિશ્ર કર્યા પછી ગુરુ તેના સંયમ માટે ઉપકારક હોય તે તે પ્રકારની ઉપધિ તેને આપે છે. જો ગીતાર્થ અગૌરવી હોય=પોતાની યથાકૃત ઉપધિનો ઉપભોગ કરે ત્યારે હું જ સુંદર છું, એવો માનકષાય ન કરે તેવા હોય તો તેમનો યથાકૃત પ્રતિગ્રહ=ગ્રહણ કરાયેલી ઉપધિ, વાસ્તવ્ય સાધુની યથાકૃત ઉપધિના અભાવમાં અલ્પપરિકર્મ સાથે મેળવાતી નથી. પરંતુ ઉત્તમ સાંભોગિક કરાય છે=તે ગીતાર્થ સાધુને યથાકૃત ઉપધિના પરિગ્રહ દ્વારા ઉત્તમ સાંભોગિક કરાય છે અર્થાત્ તે ગીતાર્થ સાધુ તે ઉપધિના બળથી માનકષાય કરે તેમ નથી, પરંતુ યથાકૃત ઉપધિનો હું પરિભોગ કરું છું, તેવી બુદ્ધિ દ્વારા પોતાના પરિણામોની જ શુદ્ધિ કરે છે. તેથી તેમને ઉત્તમ સાંભોગિક કરાય છે. વળી, જે ગીતાર્થ પણ ગૌરવને કરે છે=યથાકૃત ઉપધિના સંભોગને કારણે હું ઉત્તમ સાંભોગિક છું, એ પ્રકારના ગૌરવને કરે છે, તેની=આવેલા ગીતાર્થ સાધુની, યથાકૃત ઉપધિ વાસ્તવ્ય સાધુની અલ્પ પરિકર્મવાળી ઉપધિ સાથે મિલિત કરાય છે. જો યથાકૃત પરિભોગથી ઉપયોગ કરે=ગીતાર્થ સાધુ ગૌરવ કરે તેવા હોય અને તેની ઉપધિ ભેગી કરવામાં ન આવી હોય તો પોતાની યથાકૃત ઉપધિનો ઉપભોગ કરે, ત્યારે કો'કના વડે પણ=કોઈ અન્ય સાધુ વડે પણ, નહિ જાણતા અલ્પ પરિકર્મવાળી ઉપધિ સાથે મિલન કરાય=તે ગીતાર્થ સાધુને યથાકૃત ઉપધિ મિલન કરાઈ, તેને જોઈને તે ગીતાર્થ સાધુ અધિકરણ કરે અર્થાત્ તે સાધુને કંઈક ઠપકો આપે. કઈ રીતે ઠપકો આપે ? તે સ્પષ્ટ કરે છે. મારી ઉત્કૃષ્ટ ઉપધિ અશુદ્ધ ઉપધિની સાથે કેમ મેળવી ? એ પ્રકારે કહે અથવા શૈક્ષકોને અવિશ્વાસ થાય=ગીતાર્થ થયા નથી અને ગ્રહણ શિક્ષાદિ ગ્રહણ કરી રહ્યા છે, તેવા અગીતાર્થ સાધુઓને પોતાના ગચ્છના સાધુઓ પ્રત્યે અવિશ્વાસ થાય. કેવા પ્રકારનો અવિશ્વાસ થાય ? તે સ્પષ્ટ કરે છે. આમના કરતાં=પોતાના ગચ્છના સાધુઓ કરતાં, આ ઉદ્યતવિહારી છે= આગંતુક સાધુ સંયમમાં દૃઢ યત્ન કરનારા છે. જે કારણથી ઉત્કૃષ્ટ પરિભોગથી ઉપધિનો ઉપયોગ કરે છે=નિર્દોષ એવી યથાકૃત ઉપધિના પરિભોગથી સંયમ પાળે છે. વળી, આ=પોતાના ગચ્છના

**સાધુઓ, હીનતર છે અર્થાત્ પોતાના ગચ્છના સાધુઓ અલ્પપરિકર્મિત ઉપધિનો ઉપયોગ કરે છે એથી હીનતર છે, એ પ્રકારની શૈક્ષકોને પોતાના ગચ્છના સાધુઓ પ્રત્યે શુદ્ધ સંયમ પાળનારા છે તેમાં અવિશ્વાસ થાય છે. બીજા ભાંગામાં=સંવિગ્ન સાધુઓ અસંવિગ્ન ગચ્છમાં સંક્રમણ પામે છે એ રૂપ બીજા ભાંગામાં, ઘણા દોષો છે. જે કારણથી કલ્પભાષ્યમાં કહેવાયું છે. ॥૩૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ઉપસંપદ માટે અને સંભોગ માટે સાધુ ગણાંતરમાં સંક્રમણ કરે છે; કેમ કે સુસાધુ રત્નત્રયીની વૃદ્ધિના અત્યંત અર્થી હોય છે અને પોતાના ગચ્છમાં જ્ઞાનનું અધ્યયન જેટલું પ્રાપ્ત થાય, એટલું હતું, તે કર્યા પછી જ્ઞાનની અધિક પ્રાપ્તિ અર્થે ગચ્છાંતરમાં જાય છે. વળી, દર્શન પ્રભાવક ગ્રંથોના અધિક અધ્યયન અર્થે પણ ગચ્છાંતરમાં જાય છે. વળી, વિશિષ્ટ પ્રકારના ચારિત્ર અર્થે પણ અન્ય ગચ્છમાં જાય છે અને અન્ય ગચ્છમાં ગયા પછી એક માંડલીમાં બેસીને સમુદ્દેશનાદિ અર્થે પણ અન્ય ગચ્છમાં જાય છે. તેથી એ ગચ્છમાં સ્વભૂમિકાનુસાર રત્નત્રયીની વૃદ્ધિ થાય. આ રીતે ગચ્છાંતરના ગમનમાં કોઈ સાધુ સંક્રમણ કરે, તેને આશ્રયીને ચાર ભાંગાની પ્રાપ્તિ થઈ શકે છે.

તેમાં પ્રથમ ભાંગા અનુસાર સંવેગવાળા સાધુ સંવિગ્ન ગચ્છમાં સંક્રમણ કરે છે અર્થાત્ સંસારથી અત્યંત ભય પામેલા અને જિનવચનાનુસાર યત્ન કરીને રત્નત્રયીની વૃદ્ધિના અર્થી સાધુ સંવિગ્ન હોય છે. તેથી સાધુ જીવનમાં સતત રત્નત્રયીની વૃદ્ધિનો ઉચિત યત્ન કરે છે તેવા સાધુ સંવિગ્ન ગચ્છમાં જાય ત્યારે પ્રથમ ભાંગો પ્રાપ્ત થાય છે. તે ભાંગાની વ્યવસ્થા આ પ્રકારે છે. ગીતાર્થ અથવા અગીતાર્થ એવા સંવિગ્ન સાધુ સંવિગ્ન ગચ્છમાં આવે, ત્યારે જ્યાં સારણા-વારણા મળતી હતી એવા સંવિગ્ન ગચ્છથી જે દિવસથી છૂટા પડે તે દિવસથી માંડીને નવા ગચ્છમાં પ્રવેશ કરે ત્યાં સુધી પોતાની સંયમની સર્વ પ્રવૃત્તિઓની આલોચના કરે છે અર્થાત્ જે ગચ્છમાં પ્રવેશ કર્યો છે તે ગચ્છના આચાર્ય પાસે યથાવત્ પ્રકાશન કરે છે અને આલોચના કરીને તે ગચ્છમાં પ્રવેશ કરે, તે સાધુ શુદ્ધ છે અર્થાત્ જિનવચનાનુસાર સંયમના શુદ્ધ આરાધક છે. ફક્ત તે મહાત્મા જે ઉપધિ લઈને સ્વગચ્છમાંથી આવ્યા છે અને માર્ગમાં સંયમને અનુકૂળ જે નિર્દોષ ઉપધિ મળી છે, તે યથાકૃત, અલ્પપરિકર્મ અને બહુપરિકર્મવાળી હોય છે. તે ઉપધિ વિષયક શું કર્તવ્ય છે ? તેની વિચારણા આવશ્યક છે અને તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

જો સંવિગ્ન ગચ્છમાંથી આવનાર સાધુ ગીતાર્થ હોય અને માર્ગમાં સુંદર ભોજનાદિ સ્થાનોમાં પ્રતિબંધ વગર આવ્યા હોય તો તેમની ઉપધિને ઉપઘાત થતો નથી અને આલોચનાથી જ તે શુદ્ધ થાય છે. કોઈ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી. જો કે સંવિગ્ન સાધુ હોય અને ગીતાર્થ હોય તોપણ નિમિત્તને પામીને વ્રજિકાદિમાં પ્રતિબંધ પણ થઈ શકે છે અને તેવા સાધુને તે સ્ખલનાને અનુરૂપ પ્રાયશ્ચિત્ત પણ અપાય છે. પરંતુ કેટલાક સંવિગ્ન ગીતાર્થ ગચ્છથી નીકળ્યા પછી ગચ્છની સારણા-વારણા નહિ હોવા છતાં સ્વયં અપ્રમાદપૂર્વક આવે છે અને જે રીતે પ્રમાદ વગર પોતે આવ્યા છે તેનું યથાર્થ પ્રકાશન કરે છે તેઓને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી અને ગીતાર્થ પણ સાધુ સંવેગવાળા હોવા છતાં ગચ્છની સારણા-વારણા પ્રાપ્ત

નહિ થવાથી કે કોઈ અન્ય નિમિત્તે પ્રમાદવાળા બને તોપણ નવા ગચ્છમાં પ્રવેશીને યથાવત્ પ્રકાશન કરીને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે.

વળી, તેઓએ પોતાના ગચ્છમાંથી જે ઉપધિ સાથે લીધી છે અને માર્ગમાં પણ સંયમને અનુકૂળ જે નિર્દોષ ઉપધિ પ્રાપ્ત થઈ હોય તે ઉપધિ ત્રણ પ્રકારની છે. (૧) યથાકૃત અર્થાત્ સાધુને સંયમમાં ઉપકારી હોય અને તે ઉપધિનું શાસ્ત્રવિહિત જે પ્રમાણ છે, તે પ્રમાણયુક્ત હોવાથી જે પ્રકારે ગૃહસ્થ પાસેથી પ્રાપ્ત થઈ છે, તે પ્રકારે જ સંયમ માટે ઉપકારી છે, તે યથાકૃત ઉપધિ છે. (૨) અલ્પપરિકર્મિત અર્થાત્ કેટલીક ઉપધિ કંઈક પરિકર્મ કર્યા પછી સંયમમાં ઉપકારક હોય છે. જેમ વસ્ત્ર સંયમમાં ઉપકારક પ્રમાણથી અધિક પ્રમાણવાળું હોય તો તેને ફાડીને પ્રમાણોપેત કરાય છે. તે અલ્પપરિકર્મિત ઉપધિ કહેવાય છે. (૩) બહુપરિકર્મવાળી અર્થાત્ જે ઉપધિ ગૃહસ્થ પાસેથી પ્રાપ્ત થયા પછી જેમાં ઘણાં પરિકર્મો કર્યા પછી સંયમને ઉપકારક બને છે, બહુપરિકર્મવાળી ઉપધિ કહેવાય છે. આ ત્રણેય પ્રકારની ઉપધિમાંથી જે પ્રકારની ઉપધિ તે મહાત્મા ગચ્છમાં લઈને આવ્યા હોય, તેની વિચારણા બતાવે છે.

કોઈ સાધુ ગીતાર્થ ન થયા હોય છતાં કારણવિશેષથી સંવિગ્ન ગચ્છમાં ગુર્વાજ્ઞાથી જતા હોય અને જઘન્યથી ઓઘનિર્યુક્તિના શ્રુતને પ્રાપ્ત કરેલ હોય. તેથી સાધુએ વિષયોમાં પ્રતિબંધનો પરિહાર કેમ કરવો જોઈએ ? તેનો યથાર્થ બોધ તે અગીતાર્થ સાધુને હોય છે અને તેવા સાધુ માર્ગમાં પ્રમાદ વગર, વિષયોમાં પ્રતિબંધ વગર જતા હોય તો તેઓની ઉપધિ હણાતી નથી. જો કે સામાન્યથી અગીતાર્થ સાધુ જે ઉપધિ લઈને આવ્યા હોય તે ઉપધિ હણાયા પછી ત્યાં આવીને પરઠવવી પડે છે. પરંતુ સંવેગવાળા પ્રસ્તુત અગીતાર્થ સાધુએ માર્ગમાં કોઈ સ્થાનમાં ક્ષેત્રાદિનો પ્રતિબંધ કર્યો નથી. તેથી ઉપધિ હણાતી નથી. વળી, કોઈ બે ગીતાર્થ સાધુ સંવિગ્ન ગચ્છમાંથી નીકળીને સંવિગ્ન ગચ્છમાં જતા હોય અથવા એક ગીતાર્થ અને એક ગીતાર્થ નિશ્રિત અગીતાર્થ એમ બે સાધુ સંવિગ્ન ગચ્છમાં જતા હોય અને માર્ગમાં સુંદર ભોજનાદિ કોઈક સ્થાનોમાં પ્રતિબંધવાળાં થાય તોપણ તેમની ઉપધિ હણાતી નથી અને ફરી વ્રતોનું આરોપણ કરાતું નથી. ફક્ત આ રીતે એક અથવા અનેક સાધુ વિધિથી આવેલા હોય, તેઓ આલોચના આપવાથી શુદ્ધ થાય છે અને જેઓ માર્ગમાં કંઈક અનુકૂળતા પ્રત્યે પ્રતિબંધવાળા થયા છે, તેઓને આલોચના કર્યા પછી તે પ્રતિબંધ નિમિત્તક પ્રાયશ્ચિત્ત અપાય છે. પરંતુ સાથે એક ગીતાર્થ હોવાથી કે બંને ગીતાર્થ હોવાથી તેઓની ઉપધિ હણાતી નથી. વળી, તેઓ જે ઉપધિ લઈને આવ્યા છે, તેમાં જે યથાકૃત ઉપધિ છે, તે ઉપધિ તે ગચ્છમાં વસનારા સાધુઓની યથાકૃત ઉપધિ સાથે ભેગી કરાય છે. એ રીતે અલ્પપરિકર્મિત અને બહુપરિકર્મિત ઉપધિ પણ સાંભોગિક સાધુની અલ્પપરિકર્મિત કે બહુપરિકર્મિતમાં મિલિત કરાય છે. વળી, વાસ્તવ્ય સાધુ પાસે યથાકૃત ઉપધિ નથી તો આવેલા સાધુની યથાકૃત ઉપધિ વાસ્તવ્ય સાધુની અલ્પપરિકર્મિત ઉપધિ સાથે મિલિત કરાય છે. કેમ તે મિલિત કરાય છે ? એથી કહે છે. જો તે આવનારા અગીતાર્થ સાધુ હોય અને સાંભોગિક સાધુની અલ્પપરિકર્મિત સાથે તે ઉપધિ ભેગી ન કરવામાં આવે તો અગીતાર્થ સાધુને વ્યક્ત કે અવ્યક્તરૂપે સૂક્ષ્મ પરિણામ થાય છે કે હું શ્રેષ્ઠ ઉપધિને વાપરનાર છું અર્થાત્ અધિક સુંદર છું અર્થાત્ અધિક આરાધક છું. તે પ્રકારનો માન-કષાયનો પરિણામ થાય તેના નિવારણ અર્થે અલ્પપરિકૃત ઉપધિનું

તે આવનાર સાધુની યથાકૃત ઉપધિ સાથે મિલન કરાય છે. વળી, જો ગીતાર્થ સાધુ હોય અને વિવેકસંપન્ન હોય તો તેમને ગૌરવ થાય નહિ; કેમ કે તે સમજે છે કે યતનાપૂર્વક મને યથાકૃત ઉપધિ મળી છે. તેમ આ સાધુઓ પણ સંયમમાં ઉત્થિત છે, છતાં યથાકૃત ઉપધિ નહિ મળવાને કારણે અલ્પપરિકર્મવાળી ઉપધિને ગ્રહણ કરેલ છે. તેથી યથાકૃત ઉપધિનો હું ઉપયોગ કરનાર છું માટે અધિક છું, તેવું ગૌરવ થાય નહિ. તેમ નિશ્રા આપનાર આચાર્યને જણાય તો વાસ્તવ્ય સાધુની યથાકૃત ઉપધિ ન હોય તો અલ્પપરિકર્મિત ઉપધિ સાથે તે ઉપધિનું મિલન કરાતું નથી. પરંતુ યથાકૃત ઉપધિ પૃથક્ રાખીને તેનો સંભોગ કરાય છે.

વળી, ગીતાર્થ પણ ગૌરવ કરે તેમ છે=પોતાને યથાકૃત ઉપધિ પ્રાપ્ત થઈ છે માટે હું સૂક્ષ્મ આચારને પાળનારો છું, એવું સૂક્ષ્મ પણ ગૌરવ કરે તેમ છે. તેમની યથાકૃત ઉપધિ ગચ્છમાં વસનારા સાધુની અલ્પપરિકર્મિત ઉપધિ સાથે મિલન કરાય છે. કેમ મિલન કરાય છે ? એથી કહે છે. જો યથાકૃતના વિભાગથી જ તે ઉપધિનો પરિભોગ કરાય તો અજાણતા એવા કોઈકના વડે અલ્પપરિકર્મિત ઉપધિ સાથે તે ઉપધિના મિલનને જોઈને તે ગીતાર્થ સાધુ કલહ કરે. કેવા પ્રકારનો કલહ કરે છે ? અર્થાત્ સંસારી જીવો જેવો કલહ કરતા નથી. પરંતુ કહે છે કે મારી ઉત્કૃષ્ટ ઉપધિ અશુદ્ધ એવી અલ્પપરિકર્મિતની સાથે કેમ ભેગી કરી ? આ વચનથી જ જણાય છે કે તે ગીતાર્થ સાધુને કંઈક પોતાની ઉત્કૃષ્ટ ઉપધિના બળથી જણાય છે કે હું ઉત્કૃષ્ટ છું, એ પ્રકારનો અહંકાર છે. તેથી તેવો અહંકાર પૃથક્ રાખેલી ઉપધિના કારણે જો ગીતાર્થ સાધુને થાય તેમ જણાય તો તેમની યથાકૃત ઉપધિ ગીતાર્થ સાધુઓ અલ્પપરિકર્મિત ઉપધિ સાથે ભેગી કરે છે. જેથી તે પ્રકારનું નિમિત્ત નહિ હોવાથી સૂક્ષ્મ ગૌરવનો પરિણામ આવનારા ગીતાર્થ સાધુને થાય નહિ અથવા ગચ્છમાં રહેલા શૈક્ષ સાધુઓને થાય કે આ આવેલા સાધુ યથાકૃત ઉપધિનો પરિભોગ કરનારા હોવાથી ઉદ્યત વિહારી છે અર્થાત્ આ મહાત્મા યથાકૃત ઉપધિ લઈને આવ્યા છે. તેનાથી જ જણાય છે કે આ મહાત્મા સંયમમાં અત્યંત અપ્રમાદી છે. જ્યારે આપણા સમુદાયના સાધુઓ હીનતર છે; કેમ કે અલ્પપરિકર્મિત ઉપધિ વાપરે છે. આ પ્રકારનો ભ્રમ ગચ્છમાં વસતા નવા સાધુઓને થાય તેવો સંયોગ હોય તોપણ તેઓના ભ્રમના નિવારણ અર્થે આવેલા સાધુઓની યથાકૃત ઉપધિ અલ્પપરિકર્મિત સાથે મિશ્ર કરાય છે; કેમ કે શૈક્ષ સાધુઓ સંયમના બાહ્ય આચારોથી જ આ શ્રેષ્ઠ છે, આ અશ્રેષ્ઠ છે. એ પ્રકારનો વિભાગ કરી શકે છે. વસ્તુતઃ શુદ્ધ આચારોને અનુકૂળ ઉચિત યતનાથી જ આ શ્રેષ્ઠ છે અને આ અશ્રેષ્ઠ છે, તેમ વિવેકી સાધુઓ જાણી શકે છે. આથી જ ગચ્છના સાધુઓએ ઉચિત યતનાથી યથાકૃત ઉપધિની અપ્રાપ્તિ થઈ હોય ત્યારે અલ્પપરિકૃત ઉપધિ ગ્રહણ કરેલ હોય તો તેઓ પણ શ્રેષ્ઠ આરાધક છે. છતાં જેઓની શિક્ષામાં હજુ પરિષ્કૃત મતિ થઈ નથી, તેવા શૈક્ષ સાધુઓ ઉપધિના બાહ્ય પરિભોગના બળથી જ પોતાના ગચ્છના સાધુઓ હીનતર છે, તેવું ન માને તે અર્થે પણ આગંતુક સાધુની યથાકૃત ઉપધિ વાસ્તવ્ય સાધુની અલ્પપરિકૃત ઉપધિ સાથે મિલન કરાય છે.

સંક્રમણ વિષયક ચાર ભાંગા કહ્યા, તેમાં સંવિગ્ન-અસંવિગ્ન ગચ્છમાં જાય એ રૂપ બીજો ભાંગો ઘણા દોષવાળો છે. કલ્પભાષ્યમાં જે દોષોને બતાવ્યા છે, તે આગળમાં બતાવશે.

અહીં વિશેષ એ છે કે જેમ સંસારી જીવોનું સુંદર રૂપ હોય, પોતે ધનાઢ્ય હોય ત્યારે સૂક્ષ્મ રીતે હું સુંદર છું, હું ધનાઢ્ય છું ઇત્યાદિ અહંકારની બુદ્ધિ વર્તે જ છે. આથી સનતકુમાર ચક્રવર્તીને પણ પોતાના દેહના સૌંદર્ય વિષયક કંઈક અહંકાર વર્તતો હતો, તે રીતે ગીતાર્થ સાધુને કે અગીતાર્થ સાધુને યથાકૃત ઉપધિ પ્રાપ્ત થયેલ હોય ત્યારે હું ઉત્તમ સાંભોગિક છું, એ પ્રકારનો અલ્પ પણ અહંકાર થવાનો સંભવ છે, તેમ જણાય તો સુવિહિતો તે અહંકારના નિમિત્તને દૂર કરવાર્થે જ યથાકૃત ઉપધિને અલ્પપરિકર્મિત ઉપધિમાં ભેગી કરે છે. તેથી તે નિમિત્તને પામીને આવનારા સુસાધુને સૂક્ષ્મ માન-કષાયનો ઉદય નહિ થવાથી સુસાધુની સંયમની પરિણતિ નિર્મળ બને છે. **॥૩૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં ઉત્તરાર્ધમાં કહ્યું કે સંવિગ્ન સાધુ અસંવિગ્ન ગચ્છમાં સંક્રમણ પામે તો ઘણા દોષો છે અને તે દોષો જ કલ્પભાષ્યમાં બતાવ્યા છે. તે દોષો હવે સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**सीहगुहं वग्घगुहं, उदहिं च पलित्तगं च जो पविसे ।**
**असिवं ओमोयरिअं, धुवं से अप्पा परिच्चत्तो ।।३९।।**

**અન્વયાર્થ :-**

**सीहगुहं=સિંહની ગુફામાં, वग्घगुहं=વાઘની ગુફામાં, उदहिं=સમુદ્રમાં, पलित्तगं=સળગતા નગરમાં, असिवं=અશિવવાળા, ओमोयरिअं=દુષ્કાળવાળા, जो पविसे=જે પ્રવેશ કરે છે, से=તેના વડે, धुवं=ધ્રુવ, अप्पा परिच्चत्तो=આત્મા પરિત્યાગ કરાયો. ।।૩૯।।**

**ગાથાર્થ :-**

**સિંહની ગુફામાં, વાઘની ગુફામાં, સમુદ્રમાં અથવા સળગતા નગરમાં, અશિવવાળા દેશમાં અથવા દુષ્કાળવાળા દેશમાં જે પ્રવેશ કરે છે, તેના વડે પોતાનો આત્મા ધ્રુવ પરિત્યાગ કરાયો. ।।૩૯।।**

**ટીકા :-**

**'सीहगुहं'ति । सिंहगुहां व्याघ्रगुहां 'उदधिं' समुद्रं प्रदीप्तं वा नगरादिकं यः प्रविशति अशिवमवमौदर्यं वा यत्र देशे तत्र यः प्रविशति तेन ध्रुवमात्मा परित्यक्तः ।।३९।।**

**ટીકાર્થ :-**

**सिंहगुहां ..... परित्यक्तः ।। સિંહની ગુફામાં અથવા વાઘની ગુફામાં અથવા સમુદ્રમાં અથવા પ્રદીપ્ત એવા નગરાદિમાં પ્રવેશ કરે છે અથવા જે દેશમાં ઉપદ્રવો છે, દુષ્કાળ છે, ત્યાં જે પ્રવેશ કરે છે, તેના વડે આત્મા નક્કી ત્યાગ કરાયો. ।।૩૯।।**

ગાથા :-

चरणकरणप्पहीणे, पासत्थे जो उ पविसए समणो ।
जयमाणए अ जहिउं, सो ठाणे परिच्चयइ तिण्णि ।।४०।।

અન્વયાર્થ :-

जयमाणए अ जहिउं=યતમાન સાધુઓને છોડીને, चरणकरणप्पहीणे पासत्थे=ચરણકરણથી રહિત પાસત્થામાં, जो उ पविसए समणो=જે શ્રમણ પ્રવેશ કરે છે, सो=તે સાધુ, ठाणे परिच्चयइ तिण्णि=ત્રણ સ્થાનોનો ત્યાગ કરે છે. ।।૪૦।।

ગાથાર્થ :-

**યતમાન સાધુઓને છોડીને ચરણકરણથી રહિત પાસત્થામાં જે શ્રમણ પ્રવેશ કરે છે, તે સાધુ ત્રણ સ્થાનોનો ત્યાગ કરે છે. ।।૪૦।।**

ટીકા :-

**'चरणकरण'ति । एवं सिंहगुहादिस्थानीयेषु चरणकरणप्रहीणेषु पार्श्वस्थेषु यः श्रमणः 'यतमानान्' संविग्नान् 'प्रहाय' परित्यज्य प्रविशति स मन्दधर्मा 'त्रीणि स्थानानि' ज्ञानदर्शनचारित्ररूपाणि परित्यजति । अपि च सिंहगुहादिप्रवेशे एकभविकं मरणं प्राप्नोति पार्श्वस्थेषु पुनः प्रविशन्ननेकानि मरणानि प्राप्नोति ।।४०।।**

ટીકાર્થ :-

एवं ..... प्राप्नोति ।। એ રીતે=ગાથા-૩૯માં કહ્યું કે સિંહગુફાદિમાં પ્રવેશ કરે છે. તેણે પોતાનો આત્મા ત્યાગ કર્યો એ રીતે, સિંહગુફાદિ સ્થાનરૂપ ચરણકરણ રહિત એવા પાર્શ્વસ્થાદિમાં જે સાધુ યતમાન એવા સંવિગ્નને છોડીને પ્રવેશ કરે છે, મંદધર્મવાળા એવા તે સાધુ ત્રણ સ્થાનોનો=જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ત્રણ સ્થાનોનો ત્યાગ કરે છે અને વળી સિંહગુફાદિના પ્રવેશમાં એક ભવનું મરણ પ્રાપ્ત થાય છે. વળી પાર્શ્વસ્થાદિ સ્થાનોમાં પ્રવેશ કરતા સાધુ અનેક મરણોને પ્રાપ્ત કરે છે. ।।૪૦।।

ગાથા :-

एमेव अहाछंदे, कुसीलओसन्ननीअसंसत्ते ।
जं तिण्णि परिच्चयई, नाणं तह दंसण चरित्तं ।।४१।।

અન્વયાર્થ :-

एमेव अहाछंदे, कुसीलओसन्ननीअसंसत्ते=એ રીતે જ યથાછંદમાં, કુશીલમાં, અવસન્નમાં, નિત્યવાસીમાં

અને સંસક્તમાં जं=જે, પ્રવેશે છે, तिण्णि परिच्चयई=તે ત્રણ સ્થાનોનો ત્યાગ કરે છે, नाणं तह दंसण चरित्तं=તે જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. ॥૪૧॥

**ગાથાર્થ :-**

**એ રીતે જ યથાછંદમાં, કુશીલમાં, અવસન્નમાં, નિત્યવાસીમાં અને સંસક્તમાં જે પ્રવેશે છે, તે ત્રણ સ્થાનોનો ત્યાગ કરે છે. એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. જે ત્રણ સ્થાનો પરિત્યાગ કરે છે, તે જ્ઞાન, દર્શન, ચારિત્ર છે. ॥૪૧॥**

**ટીકા :-**

**'एमेव'त्ति । 'एवमेव' पार्श्वस्थवदेव यथाच्छन्देषु कुशीलावसन्ननित्यवासिसंसक्तेषु च प्रविशतो मन्तव्यम् । यच्च त्रीणि स्थानानि परित्यजतीत्युक्तं तत्स्थानत्रयं ज्ञानं दर्शनं चारित्रं चेति द्रष्टव्यम् ।।४१।।**

**ટીકાર્થ :-**

**'एवमेव' ..... द्रष्टव्यम् ।। એ રીતે જ=પાર્શ્વસ્થાદિની જેમ જ, યથાછંદોમાં, કુશીલોમાં, અવસન્નોમાં, નિત્યવાસીઓમાં અને સંસક્તમાં પ્રવેશ કરતા સાધુ જાણવા અને જે ત્રણ સ્થાનો ત્યાગ કરે છે, એમ કહ્યું તે સ્થાનત્રય જ્ઞાન, દર્શન, ચારિત્ર છે, એ પ્રમાણે જાણવું. ॥૪૧॥**

**ભાવાર્થ :-**

સંસારથી ભય પામેલા યોગ્ય જીવો જ્યાં સંવેગની વૃદ્ધિ થતી હોય તેવા જ ગચ્છમાં સંયમ ગ્રહણ કરે છે અને રત્નત્રયીની વૃદ્ધિ અર્થે જ તે ગચ્છમાં જે પ્રાપ્ત થયું છે, તેનાથી અધિક પ્રાપ્તિ અર્થે ગણાંતરમાં સંક્રમણ કરે છે. તેથી જેઓ સંસારથી અત્યંત ભય પામ્યા છે, તેઓ જિનવચનાનુસાર સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરે છે, જિનવચનમાં સ્થિરસ્થિરતર રુચિવાળા થાય છે અને જિનવચનથી નિયંત્રિત સંયમની ક્રિયાઓ સ્વશક્તિ અનુસાર અપ્રમાદથી કરે છે અને તેવા સંવિગ્ન ગચ્છમાં હંમેશાં સારણા-વારણાદિ દ્વારા સાધુઓના સંયમના પરિણામોનું રક્ષણ થાય છે આમ છતાં ગાથા-૩૮માં ગચ્છાંતરના ગમનમાં ચાર ભાંગા બતાવ્યા, તે અનુસાર કોઈ સાધુ રત્નત્રયીની વૃદ્ધિ અર્થે ગચ્છાંતરમાં જાય તો તેનું હિત થાય છે પરંતુ કોઈ મુગ્ધ સાધુ સંયમમાં યત્ન કરનારા સંવિગ્ન ગચ્છને છોડીને જેઓ સંયમમાં શિથિલાચારવાળા છે, એવા પાસત્થાદિના સમુદાયમાં જાય છે, તેઓ અનેક મરણોની પ્રાપ્તિ કરે છે અને તે કથનને અત્યંત સ્પષ્ટ કરવાર્થે સિંહગુફાદિના અનેક દૃષ્ટાંતો બતાવ્યા અને તે અનેક દૃષ્ટાંતોના બળથી પણ તેવા વિચારક સાધુ તેવા ગચ્છોમાં પ્રવેશ પામતા નિવર્તન પામે છતાં કોઈ મુગ્ધ સાધુ તેવા ગચ્છમાં પ્રવેશ કરે તો તે સાધુને દુરંત સંસારની પ્રાપ્તિ થાય છે; કેમ કે પાસત્થાદિ સાધુઓના ગચ્છમાં પ્રવેશ કરીને તે સુસાધુ આગળમાં બતાવશે તેવી વિપરીત આચરણાઓ કરીને પોતાનામાં કંઈક પ્રગટ થયેલા જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામોનો વિનાશ કરે છે અને વિપરીત આચરણાઓના દૃઢ સંસ્કારના બળથી તે સાધુ સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરે છે તેવા સાધુઓની કષ્ટકારી પણ સર્વ આચરણાઓ નિષ્ફળ જાય છે. **॥૩૯થી ૪૧॥**

**અવતરણિકા :-**

तृतीयमधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

ત્રીજાને આશ્રયીને કહે છે=ગાથા-૩૮માં સંક્રમણની ચતુર્ભંગી બતાવી. એમાં અસંવિગ્ન સાધુ સંવિગ્ન ગચ્છમાં સંક્રમણ કરે છે. તેને આશ્રયીને કહે છે –

**ગાથા :-**

**संविग्गेऽसंविग्गो, आलोइअ संकमं करेमाणो ।**
**सुद्धोऽसुद्धविवेगे, मग्गणया णवपुराणेसुं ।।४२।।**

**અન્વયાર્થ :-**

ऽसंविग्गो=અસંવિગ્ન સાધુ, संविग्गे=સંવિગ્ન ગચ્છમાં, संकमं करेमाणो=સંક્રમણ કરતા, आलोइअ= આલોચના કરાયેલ, ऽसुद्धविवेगे=અશુદ્ધનો વિવેક કરાયે છતે, सुद्धो=શુદ્ધ છે, णवपुराणेसुं=નવ પુરાણોમાં, मग्गणया=માર્ગણા છે=આલોચના વિષયક માર્ગણા છે. ।।૪૨।।

**ગાથાર્થ :-**

**અસંવિગ્ન સાધુ સંવિગ્ન ગચ્છમાં સંક્રમણ કરતા આલોચના કરાયેલ અશુદ્ધનો વિવેક કરાયે છતે શુદ્ધ છે. નવ પુરાણોમાં માર્ગણા છે=આલોચના વિષયક માર્ગણા છે. ।।૪૨।।**

**ટીકા :-**

'संविग्गे'त्ति । 'असंविग्नः' पार्श्वस्थावसन्नकुशीलसंसक्तयथाछन्दानामेकतरः संविग्ने गच्छे सङ्क्रमं कुर्वाणो यदि गीतार्थस्तदा स्वयमेव महाव्रतान्युच्चार्यारोपितव्रतो यतमानो व्रजिकादावप्रतिबध्यमानो मार्गे यमुपधिमुत्पादयति स साम्भोगिकः, यः पुनः प्राक्तनः पार्श्वस्थोपधिरविशुद्धस्तस्य विवेके परिष्ठापने स शुद्धः । यः पुनरगीतार्थस्तस्य व्रतानि गुरवः प्रयच्छन्ति, उपधिश्च तस्य चिरन्तनोऽभिनवोत्पादितो वा सर्वोऽप्यशुद्धस्तस्य परित्यागे स शुद्धो भवति । नवपुराणेषु चालोचनायां मार्गणा, तथाहि–यः पार्श्वस्थादिभिरेव मुण्डितस्तस्य दीक्षादिनादारभ्यालोचना भवति । यस्तु पूर्वं संविग्नः पश्चात्पार्श्वस्थो जातस्तस्य संविग्नपुराणस्य यत्प्रभृत्यवसन्नो जातस्तद्दिनादारभ्यालोचना भवति ।।४२।।

**ટીકાર્થ :-**

'असंविग्नः' ...... भवति ।। અસંવિગ્ન=પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત યથાછંદમાંથી એકતર એવા અસંવિગ્ન સાધુ, સંવિગ્ન ગચ્છમાં સંક્રમણને કરતા જો ગીતાર્થ છે તો તે સાધુ સ્વયં જ મહાવ્રતોને

**ઉચ્ચારીને આરોપિત મહાવ્રતવાળા યતમાન=સમિતિ-ગુપ્તિમાં યતમાન, વ્રજિકાદિમાં અપ્રતિબધ્યમાન= સંવિગ્ન ગચ્છમાં જતા માર્ગમાં આવતા સુંદર આહારાદિનાં સ્થાનોમાં પ્રતિબંધ વગરના, માર્ગમાં જે ઉપધિને પ્રાપ્ત કરે છે, તે ઉપધિ સાંભોગિક છે=સંયમને ઉપકારક છે. વળી, પૂર્વની જે પાર્શ્વસ્થ ઉપધિ અવિશુદ્ધ છે, તેના વિવેકમાં=તે ઉપધિ પરઠવે છતે, તે=પૂર્વમાં જે અસંવિગ્ન હતા અને સંવેગ પામેલા છે, તે સાધુ શુદ્ધ છે. જે વળી, અગીતાર્થ છે=પાસત્થાદિમાંથી એકતર જે સાધુ અગીતાર્થ છે, તેમને વ્રતો ગુરુ આપે છે અર્થાત્ તે અગીતાર્થ અસંવિગ્ન સાધુ કોઈક રીતે સંવેગના પરિણામવાળા થયા હોય ત્યારે સંવિગ્ન ગચ્છમાં આવે છે ત્યારે તે સાધુને ગુરુઓ મહાવ્રતો આપે છે, અને તેની પૂર્વની ઉપધિ અથવા માર્ગમાં ઉત્પાદન કરાયેલી ઉપધિ સર્વ પણ અશુદ્ધ છે. તેનો પરિત્યાગ કરાયે છતે તે શુદ્ધ છે અને નવ પુરાણોમાં આલોચનાની માર્ગણા છે=નવા થયેલા પાસત્થામાં કે પૂર્વથી જ રહેલા પાસત્થામાં સંવિગ્ન ગચ્છમાં આવ્યા પછી કઈ રીતે આલોચના છે, તેની વિચારણા છે. તે આ પ્રમાણે – જે સાધુ પાસત્થાદિથી જ મુંડિત છે, તેને દીક્ષા-દિવસથી જ આલોચના છે. વળી, જે પૂર્વમાં સંવિગ્ન હોય, પાછળથી પાસત્થા થયા, સંવિગ્ન પુરાણ એવા તેમને જ્યારથી માંડીને અવસન્ન થયા=પ્રમાદી થયા, તે દિવસથી માંડીને આલોચના થાય છે. ।।૪૨।।**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ કોઈક રીતે ભવથી વિરક્ત થયેલ હોય છતાં બોધના અભાવને કારણે પાર્શ્વસ્થાદિમાં સંયમ ગ્રહણ કરેલું હોય અથવા સુસાધુમાં સંયમ ગ્રહણ કર્યા પછી કોઈક રીતે પાર્શ્વસ્થાદિ જે કુસાધુઓ છે એમાંથી કોઈ એક અવસ્થાને પામેલ હોય તે અસંવિગ્ન સાધુ છે. આ રીતે બંને પ્રકારમાંથી અસંવિગ્ન સાધુને કોઈ પણ રીતે ભવના ભ્રમણનો ભય થાય ત્યારે ભગવાનના વચનાનુસાર રત્નત્રયીમાં ઉદ્યમ કરવા સંવિગ્ન ગચ્છમાં જવાનો અધ્યવસાય થાય છે અને તેવા સાધુમાંથી પણ કોઈ સાધુ પૂર્વમાં ગીતાર્થો સાથે રહીને ગીતાર્થ થયા હોય અથવા પાર્શ્વસ્થાદિમાં રહેવા છતાં શાસ્ત્રઅધ્યયન દ્વારા ગીતાર્થ થયા હોય અને તે સાધુ સંવિગ્ન સાધુ પાસે જવાના પરિણામવાળા થાય ત્યારે તે મહાત્મા ગીતાર્થ હોવાથી મહાવ્રતો, સમિતિ-ગુપ્તિ આદિની મર્યાદા જાણે છે. તેથી સંવિગ્ન ગચ્છમાં જવા માટે નીકળે ત્યારે જ પ્રથમ મહાવ્રતોને ઉચ્ચરે છે અને મહાવ્રતોનું પોતાનામાં આરોપણ કર્યા પછી તે મહાવ્રતોની મર્યાદા અનુસાર સમિતિ-ગુપ્તિમાં યત્નવાળા થાય છે; કેમ કે ભવથી અત્યંત ભય પામેલા છે.

વળી, સંવિગ્ન સાધુ પાસે જવા નીકળેલા હોય ત્યારે માર્ગમાં પણ આહારાદિનાં સુંદર સ્થાનોમાં પ્રતિબંધને ધારણ કરતા નથી અને મહાવ્રતોની મર્યાદાનુસાર માર્ગમાં જતાં નિર્દોષ ઉપધિ પ્રાપ્ત થાય તો સંયમ માટે ઉપકારક હોવાથી તે ઉપધિ ગ્રહણ કરે છે અને પૂર્વની પાર્શ્વસ્થ અવસ્થામાં ગ્રહણ કરાયેલી ઉપધિ જિનવચનાનુસાર નહિ હોવાથી સંયમને મલિન કરનાર છે. તેથી નવી ઉપધિ પ્રાપ્ત થયા પછી પૂર્વની ઉપધિ તે મહાત્મા પરઠવી દે છે. તેથી તે મહાત્મા શુદ્ધ સંયમને પામે છે અને સુવિહિતના ગચ્છમાં સંક્રમણ કરીને તે મહાત્મા પૂર્વની પોતાની પાર્શ્વસ્થાદિ અવસ્થામાં થયેલ વિપરીત આચરણાની આલોચના કરે છે અને આલોચના કરીને સંવિગ્નના ગચ્છમાં પ્રવેશ કરે છે. વળી, પૂર્વમાં જે અસંવિગ્ન સાધુ છે, તે

અગીતાર્થ હોય તો સંવિગ્ન ગચ્છમાં જતા પૂર્વે સ્વયં વ્રતો આરોપણ કરતા નથી. પરંતુ સંવિગ્ન ગચ્છમાં આવ્યા પછી ગુરુઓ જ તેમને વિધિપૂર્વક મહાવ્રતોનું આરોપણ કરે છે વળી તે મહાત્મા પાર્શ્વસ્થ અવસ્થામાં જે ઉપધિ હતી, તેને ગ્રહણ કરીને આવેલ છે અને માર્ગમાં સ્વબુદ્ધિ અનુસાર જે ઉપધિ શુદ્ધ જાણી તેને ગ્રહણ કરેલ છે, તે સર્વ ઉપધિનું પરિષ્ઠાપન કરે અને પૂર્વની પાર્શ્વસ્થાદિ અવસ્થાની આલોચના કરે અને ગુરુ પાસે વ્રતો ઉચ્ચરાવે, ત્યારે તે શુદ્ધ થાય છે. અહીં નવ પુરાણ વિષયક આલોચનાની વિચારણા છે તે બતાવે છે.

જેમ કોઈ મહાત્માએ પાર્શ્વસ્થાદિ પાસે જ દીક્ષા ગ્રહણ કરી હોય અને તે સાધુ સંવિગ્ન ગચ્છમાં આવે ત્યારે પાર્શ્વસ્થાદિ પાસેથી દીક્ષા ગ્રહણથી માંડીને અત્યાર સુધી જે જે પ્રકારની જિનવચનથી વિપરીત પ્રવૃત્તિઓ કરી છે, તે સર્વનું સ્મરણ કરીને તીવ્ર સંવેગપૂર્વક તે સર્વનું આલોચન કરવું જોઈએ. અર્થાત્ પાર્શ્વસ્થાદિ અવસ્થામાં તે તે ભાવો સેવીને જે કુસંસ્કારો દૃઢ થયા છે, તે સર્વ ભાવો પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય જેના બળથી તે સર્વ કુસંસ્કારોનો નાશ થાય તે રીતે આલોચના કરવી જોઈએ.

વળી, કોઈ સાધુ પૂર્વમાં સંવેગવાળા હોય, તેથી સંવેગવાળા ગચ્છમાં જ સાધુપણું પાળેલું હોય અને પાછળથી કોઈક રીતે પાર્શ્વસ્થાદિ થયા હોય, તે સાધુએ જ્યારથી માંડીને તે પ્રમાદી થયા છે, તે દિવસથી માંડીને અત્યારસુધી જે કાંઈ પ્રમાદ કર્યો છે, જે કાંઈ જિનવચનથી વિપરીત પ્રરૂપણાઓ કરી છે, તેનું નિપુણતાપૂર્વક સ્મરણ કરીને સંવેગી ગુરુ આગળ તીવ્ર સંવેગપૂર્વક યથાર્થ પ્રકાશન કરવું જોઈએ. જેથી પાર્શ્વસ્થ અવસ્થામાં સેવાયેલા કુસંસ્કારો અને તેનાથી બંધાયેલું પાપ નાશ થાય. **॥૪૨॥**

**ગાથા :-**

**इय भणियं चरणट्ठा, दोसु असंविग्गयम्मि सच्छंदो ।**
**ववहारम्मि वि भणिया, पंजरभग्गम्मि जं जयणा ।।४३।।**

**અન્વયાર્થ :-**

**इय=આ=પૂર્વની ગાથામાં કહ્યું એ, चरणट्ठा=ચારિત્ર માટે, भणियं=કહેવાયું છે, दोसु असंविग्गयम्मि सच्छंदो=બેને માટે=જ્ઞાન-દર્શન માટે, અસંવિગ્નમાં સ્વચ્છંદ, जं=સ્વચ્છંદ, पंजरभग्गम्मि=પંજરભગ્નમાં, ववहारम्मि वि=વ્યવહાર વિષયક પણ=આવનાર સાધુને ભણાવવાના નિષેધ વિષયક પણ, जयणा=જયણા, भणिया=કહેવાઈ છે. ।।૪૩।।**

**ગાથાર્થ :-**

**આ=પૂર્વની ગાથામાં કહ્યું એ, ચારિત્ર માટે કહેવાયું છે. બેને માટે=જ્ઞાન-દર્શન માટે, અસંવિગ્નમાં સ્વચ્છંદ છે=ઉપસંપદા આપનાર આચાર્યની સ્વઈચ્છા છે અર્થાત્ અસંવિગ્નને આપે નહિ. જે કારણથી પંજરભગ્નમાં વ્યવહાર વિષયક પણ=આવનાર સાધુને ભણાવવાના નિષેધ વિષયક પણ, જયણા કહેવાઈ છે. ।।૪૩।।**

ટીકા :-

'इय'त्ति । इदं भणितं चरणार्थं योऽसंविग्नः संविग्नमुपसंपद्यते तमधिकृत्य । 'द्वयोः' ज्ञानदर्शनयोरर्थाय योऽसंविग्न उपसंपद्यते तस्य 'स्वच्छन्दः' स्वाभिप्रायो नासौ प्रतीच्छनीय इति; एतत्पदमेवं कल्पभाष्यवृत्तौ विवृतं युक्तं चैतत् । 'यत्' यस्मात् 'पञ्जरभग्ने' ज्ञानदर्शनार्थमुपसम्पद्यमाने व्यवहारेऽपि यतना भणिता, सा च यतनाकर्त्तुर्गीतार्थस्येच्छापर्यवसन्नैवेति । तत्र पञ्जरो नामाऽऽचार्योपाध्यायप्रवर्त्तकस्थविर-गणावच्छेदकभिक्षुवृषभक्षुल्लकवृद्धादिसङ्ग्रहः, अथवाऽऽचार्यादीनामन्योन्यं सारणा आचार्यादीनां परस्परं मृदुमधुरभाषया सोपालम्भा वा शिक्षेत्यर्थः, अथवा खरपरुषतर्जनापूर्वं प्रायश्चित्तप्रदानेन यदसामाचारीतो निवर्त्तनम्, तदुक्तम्—

"पणगाइसंगहो होइ पंजरो जा य सारणाऽण्णोण्णं ।
पच्छित्तचमढणाहिं, णिवारणं सउणिदिट्ठंतो ।।१।।"त्ति ।

एतदभिमुखाः पञ्जराभिमुखा उच्यन्ते, अस्मात्प्रतिनिवृत्तमतयस्तु पञ्जरभग्ना उच्यन्ते, तेषां यतना चेयम्—

"नत्थेयं मे जमिच्छसि, सुअं मया आम संकियं तं तु ।
न य संकियं तु दिज्जइ, निस्संकसुए गवेस्साहि ।।१।।"

यदिच्छसि शास्त्रं श्रोतुं तदेतन्मे मम पार्श्वे नास्ति । अथ ब्रूयान्मयेदं श्रुतं यथाऽमुकं शास्त्रं भवद्भिः श्रुतमिति, तत्राह—आमं तच्छास्त्रं मया श्रुतं केवलमिदानीं शङ्कितं जातं न च शङ्कितं दीयते तस्मान्निःशङ्कश्रुताद्गवेषय । नन्वेवं परविप्रतारणचिन्तया विद्यमानमपि श्रुतं नास्ति शङ्कितं वेत्यादिवचनेन च मायामृषावाददोषः, तथा चानार्जवं ततो विशुद्धिर्न स्यात्, "सोही उज्जुअभूअस्स" इत्यादि पारमर्षप्रामाण्यात्, तदुक्तम्—

"तत्थ भवे मायमोसो, एवं तु भवे अणज्जवं तस्स ।
वुत्तं च उज्जुभूए, सोही तेलुक्कदंसीहिं ।।१।।"

उच्यते—इयं यतना खल्वगीतार्थे क्रियते, गीतार्थे त्वेवम्भूतदोषः सुविहितैर्न प्रतीच्छनीय इति स्फुटाक्षरैरपि निवेदनं क्रियते, न चैवं भणितः स रुष्यति गीतार्थत्वात्, गीतार्थो हि सर्वामपि सामाचारीमवबुध्यत इति । यदि पुनरगीतार्थेऽपि सद्भूतदोषोच्चारणस्नेहोपदर्शनराहित्याभ्यां स्फुटरूक्षाक्षरैरेव निवारणा क्रियते तदा तेषां विद्वेषोत्पत्तिरात्मनो मत्सरवादश्च भवतीति विप्रतारण-बुद्धिं विना पराप्रीत्यनुत्पादकतया परिणामसुन्दरतया चोभयोरपि गुणमपेक्ष्य तथाविधवाग्यतनायां क्रियमाणायां न कोऽपि दोष इति, तदुक्तम्—

"एस अगीए जयणा, गीए वि करंति जुज्जइ जं तु ।
विद्दोसकरं इहरा, मच्छरवादो व फुडरुक्खे ।।१।।"त्ति ।।४३।।

**ટીકાર્થ :-**

**इदं भणितं ..... फुडरुक्खे ।।" त्ति ।। ચારિત્ર માટે જે અસંવિગ્ન સંવિગ્ન ગચ્છને સ્વીકારે છે, તેને આશ્રયીને આ=પૂર્વની ગાથામાં કહ્યું એ, કહેવાયું. આ પ્રકારે ગાથામાં ચરણ માટે 'આ કહેવાયું', એટલા વચનનો અર્થ કરેલ છે. હવે, ગાથાના બીજા પાદનો અર્થ કરતાં કહે છે. બંનેના માટે=જ્ઞાન, દર્શનના માટે જે અસંવિગ્ન સાધુ ઉપસંપદા સ્વીકારે છે, તેમનો સ્વચ્છંદ છે=ઉપસંપદા આપનારનો સ્વઅભિપ્રાય છે=આ=જ્ઞાન-દર્શન માટે જે અસંવિગ્ન સાધુ સંવિગ્ન ગચ્છને સ્વીકારવા આવેલ છે એ સાધુ, સ્વીકારવા યોગ્ય નથી. આ પદ=ગાથામાં 'સ્વચ્છંદ' એ પ્રકારનું પદ, આ પ્રમાણે=આને સ્વીકારવો જોઈએ નહિ એ પ્રમાણે, કલ્પભાષ્ય વૃત્તિમાં વિવૃત છે અને આ=કલ્પભાષ્યમાં સ્વચ્છંદ પદનો અર્થ કર્યો કે તે સાધુને ઉપસંપદા આપવી જોઈએ નહિ એ, યુક્ત છે. જે કારણથી પંજરભગ્નમાં=જ્ઞાન-દર્શન માટે ઉપસંપદા સ્વીકારવા તૈયાર થયેલ પંજરભગ્નમાં, યતના વ્યવહારમાં પણ કહેવાઈ છે અને તે=પંજરભગ્નમાં યતના, યતના કરનાર એવા ગીતાર્થની ઇચ્છામાં પર્યવસન જ છે=તે યતના પર્યવસન જ છે. ત્યાં=પૂર્વમાં કહ્યું કે પંજરભગ્નમાં જયણા છે, ત્યાં આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક સ્થવિર, ગણાવચ્છેદક, ભિક્ષુ, વૃષભ, ક્ષુલ્લક, વૃદ્ધાદિનો સંગ્રહ છે અર્થાત્ આચાર્યથી માંડીને વૃદ્ધાદિ સુધીના સાધુઓ જે સમુદાયમાં હોય તે સમુદાય પાંજરું છે અને તે પાંજરામાં રહેલા સાધુનું સંયમ સુરક્ષિત રહે છે અથવા આચાર્યાદિની અન્યોન્ય સારણા તે પાંજરું છે અર્થાત્ ગચ્છમાં રહેલા આચાર્યાદિ કોઈ પ્રમાદ કરતા હોય ત્યારે તેઓ પરસ્પર એકબીજાને ઉચિત કૃત્યોનું સ્મરણ કરાવે છે તે પાંજરું છે. તેનાથી સાધુનું સંયમ સુરક્ષિત રહે છે અથવા આચાર્યાદિનું પરસ્પર મૃદુ-મધુર ભાષાથી ઉપાલંભપૂર્વક શિક્ષા પાંજરું છે, એ અર્થ છે અર્થાત્ જે ગચ્છમાં આચાર્યાદિમાં કોઈ સાધુ સંયમમાં સ્ખલના પામતા હોય તો એકબીજાને મૃદુ-મધુર ભાષાથી અને કંઈક ઉપાલંભથી સહિત હિતશિક્ષા આપે તેવો સમુદાય પાંજરું છે અથવા કઠોર, પરુષ, તર્જનાપૂર્વક પ્રાયશ્ચિત્તના દાન દ્વારા અસામાચારીથી જે નિવર્તન તે પાંજરુ છે અર્થાત્ કોઈ યોગ્ય જીવ પણ પ્રમાદવશ સાધુ સામાચારીનું ઉલ્લંઘન કરે, ત્યારે ગુણવાન ગુરુ તેને તીવ્ર સંવેગ ઉત્પન્ન કરવાર્થે કઠોર તર્જનાપૂર્વક પ્રાયશ્ચિત્ત આપે. જેથી સંવેગના પરિણામના બળથી તેનું ચિત્ત જે અસામાચારીના પરિણામને અભિમુખ હતું, તે નિવર્તન પામે તેવી જે જીવની પરિણતિ તે પાંજરું છે. તેનાથી તે મહાત્માનું સંયમ સુરક્ષિત રહે છે. તે કહેવાયું છે=પાંજરાના અર્થને કહેનારું ઉદ્ધરણ છે.**

પાંચ આદિનો સંગ્રહ પાંજરું જ છે અને જે અન્યોન્ય સારણા તે પાંજરું છે. पच्छित्तचमढणाहिं=પ્રાયશ્ચિત્તના દાનથી નિવારણ=અસામાચારીથી નિવારણ, શકુનિ દૃષ્ટાંત છે. ।।૧।।

**આને અભિમુખ=પાંજરાને અભિમુખ, પંજર અભિમુખ કહેવાય છે=જે સાધુઓ પાંજરામાં**

**પુરાઈને આત્માને સુરક્ષિત રાખવાના ઉપાયવાળા છે, તે પંજર અભિમુખ કહેવાય છે. વળી, આનાથી=પાંજરાથી, પ્રતિનિવૃત્ત મતિવાળા પંજરભગ્ન કહેવાય છે. તેઓની=પંજરભગ્ન જીવોની, આ યતના છે અર્થાત્ પૂર્વમાં કહેલું કે પંજરભગ્ન સાધુ જ્ઞાન, દર્શન માટે ઉપસંપદા સ્વીકારવા તત્પર થયેલા હોય ત્યારે તેની સાથે વ્યવહાર કરવામાં યતના કહેવાઈ છે. તે=તેઓની યતના, આ છે અર્થાત્ તેઓને ઉપસંપદા આપવી જોઈએ નહિ એમ ટીકાના પ્રારંભમાં કહેલ અને તેઓને ઉપસંપદા આપવી જોઈએ નહિ, એ વચનને ગ્રહણ કરીને તે અસંવિગ્ન સાધુને ઉપસંપદા આપવાનો નિષેધ કરે તો તેને દ્વેષ થાય. તે દ્વેષના નિવારણ અર્થે તેને ઉપસંપદા આપે અને ભણાવે તો તે ભણીને અસંવિગ્ન હોવાથી અનર્થને પ્રાપ્ત કરે. તેથી ભણાવવામાં પણ અનર્થ છે અને નિષેધ કરવામાં પણ અનર્થ છે. તેથી નિષેધ કરવામાં આ યતના છે.**

જે તું ઇચ્છે છે, એ મારી પાસે નથી અર્થાત્ જે શ્રુત તું ભણવા ઇચ્છે છે, એ શ્રુત મારી પાસે નથી. ત્યારે ઉપસંપદા લેવા આવનાર સાધુ કહે કે મારા વડે સંભળાયું છે અર્થાત્ તમારી પાસે આ શ્રુત છે એવું મારા વડે સંભળાયું છે. આથી હું આવ્યો છું. आम=તારી વાત સાચી છે, મારી પાસે શ્રુત હતુ, પરંતુ તે શંકિત છે અર્થાત્ તે શ્રુતનો ઉચિત અર્થ મને નિર્ણય થતો નથી. તેથી હું શંકિત છું અને શંકિત જ અપાતું નથી. નિઃશંક શ્રુતવાળાને તું ગવેષણા કર. ।।૧।। તે ઉદ્ધરણનો જ અર્થ સ્પષ્ટ કરે છે.

**જે શાસ્ત્ર સાંભળવા માટે તું ઇચ્છે છે, તે શ્રુત મારી પાસે નથી. હવે, કહે=ભણવા માટે આવેલ અસંવિગ્ન સાધુ કહે. મારા વડે આ સંભળાયું છે જે આ પ્રમાણે – અમુક શાસ્ત્ર છે, તમારા વડે ભણાયું છે. ત્યાં આચાર્ય કહે છે=મારા વડે ભણાયું છે એ કથનમાં આચાર્ય કહે છે તું કહે છે એ પ્રમાણે છે. તે શાસ્ત્ર મારા વડે ભણાયું છે. કેવલ હમણાં શંકિત થયું છે અને શંકિત અપાતું નથી. તે કારણથી નિઃશંક શ્રુતવાળા મહાત્મા પાસેથી ગવેષણા કર. 'ननु'થી શંકા કરે છે. આ રીતે=તે આચાર્યએ, અસંવિગ્નને નહિ ભણાવવાર્થે જે શંકા કરી એ રીતે પરને ઠગવાની ચિંતાથી વિદ્યમાન પણ શ્રુત નથી અથવા શંકિત છે ઇત્યાદિ વચનથી માયામૃષાવાદ દોષ છે અને તે રીતે=માયામૃષાવાદ કર્યું, તે રીતે અનાર્જવ છે. તેથી વિશુદ્ધિ ન થાય અર્થાત્ 'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે તે આચાર્યએ તે અસંવિગ્ન સાધુને હું ભણાવું નહિ, તેમ નિષેધ કરવાને બદલે આ પ્રમાણે કહ્યું તેથી બીજાને ઠગવાનો વિચાર તે આચાર્યને છે. આથી વિદ્યમાન શ્રુત પણ નથી, તેમ કહે છે અથવા શંકિત કહે છે અને તે કહેવાથી માયામૃષાવાદ દોષની પ્રાપ્તિ તે આચાર્યને થશે. વળી, તે આચાર્ય પ્રકૃતિથી સરળ નથી આથી જ મારી પાસે નથી ઇત્યાદિ બોલે છે. તેથી જ અનાર્જવની પ્રાપ્તિ છે અને અનાર્જવને કારણે તે આચાર્યને સંયમની વિશુદ્ધિ નથી; કેમ કે ઋજુભૂતને શુદ્ધિ છે ઇત્યાદિ પરમ ઋષિના વચનનું પ્રમાણપણું છે. તે કહેવાયું છે='ननु'થી પૂર્વપક્ષીએ જે શંકા કરી, તે શાસ્ત્રમાં કહેવાઈ છે.**

ત્યાં=આચાર્ય, અસંવિગ્નને જ્ઞાન-દર્શન નહિ આપવામાં જે યત્ના કરે છે. તેમાં, માયામૃષા થાય. વળી, એ રીતે તેમને=નિષેધ કરનાર આચાર્યને અનાર્જવ થાય અને ત્રણ લોકને જોનારા એવા ભગવાન વડે ઋજુભૂતને શુદ્ધિ કહેવાઈ છે. ।।૧।।

ઉત્તર આપે છે='નનુ'થી અત્યારસુધી પૂર્વપક્ષીએ જે શંકા કરી, તેનો ઉત્તર આપે છે. આ યતના= પૂર્વમાં આચાર્યની જે યતના બતાવી, તે યતના અગીતાર્થમાં કરાય છે=જ્ઞાન-દર્શન ભણવા માટે આવેલ અસંવિગ્ન સાધુ જો અગીતાર્થ હોય તેને આશ્રયીને પૂર્વમાં બતાવ્યું, એવી યતના કરાઈ છે. વળી, ગીતાર્થમાં આવા પ્રકારનો દોષ સુવિહિતો વડે પ્રગટ કરવો જોઈએ નહિ અર્થાત્ કોઈ અસંવિગ્ન ગીતાર્થ ભણવા માટે આવેલા હોય ત્યારે મારી પાસે શ્રુત નથી ઈત્યાદિ કથન સુવિહિતોએ કરવું જોઈએ નહિ. સ્ફુટાક્ષરોથી પણ નિવેદન કરાય છે અર્થાત્ તે અસંવિગ્ન ગીતાર્થને કહેવું જોઈએ કે તું સંવિગ્ન નથી માટે અમે ઉપસંપદા આપીએ નહિ, એમ સ્પષ્ટ અક્ષરો વડે નિવેદન કરાય છે અને આ રીતે કહેવાયેલા તે રોષ પામતા નથી=જેમની પાસે અધ્યયન કરવા આવેલ છે, એ આચાર્ય સ્પષ્ટ અક્ષરોથી કહે કે અમે અસંવિગ્નોને ભણાવતા નથી. એ રીતે કહેવાયેલા તે અસંવિગ્ન ગીતાર્થો રોષ કરતા નથી; કેમ કે ગીતાર્થપણું છે. અહીં પ્રશ્ન થાય કે ગીતાર્થપણું હોવાથી તે સાધુ રોષ કરતા નથી, એમ કઈ રીતે કહેવાય ? हि=જે કારણથી, ગીતાર્થ સર્વ પણ સામાચારીને જાણે છે અર્થાત્ તે ગીતાર્થ સાધુ જાણે છે કે સુસાધુએ અસંવિગ્નને જ્ઞાન-દર્શન અર્થે ઉપસંપદા આપવી જોઈએ નહિ, એ પ્રકારે સામાચારી છે. એથી જો તે આચાર્ય અસંવિગ્નને નિષેધ કરે અને તે ગીતાર્થ હોય તો રોષ કરે નહિ; કેમ કે આ મહાત્માઓએ સામાચારી અનુસાર જ મને નિષેધ કરેલ છે, એવો સ્પષ્ટ બોધ છે. જો વળી, અગીતાર્થમાં પણ સદ્ભૂત દોષ ઉચ્ચારણ સ્નેહ ઉપદર્શન રહિતપણાથી સ્ફુટ અક્ષરોથી જ નિવારણા કરાય છે તો તેઓને=અગીતાર્થ સાધુઓને, વિદ્વેષની ઉત્પત્તિ અને પોતાનો મત્સરવાદ થાય છે અર્થાત્ જો તે આચાર્ય અગીતાર્થ સાધુને પણ કહે કે તું સંયમના આચારમાં શિથિલ છો. તેથી તને અમે ભણાવીએ નહિ અને શિથિલ આચાર હોવાથી એક સાધુ અન્ય સાધુ પ્રત્યે સ્નેહ બતાવે, તે પ્રકારનો સ્નેહ બતાવ્યા વગર સ્પષ્ટ અક્ષરોથી તેને નિવારણ કરે તો તે અગીતાર્થ સાધુને તે આચાર્ય પ્રત્યે દ્વેષની ઉત્પત્તિ થાય છે અને આ આચાર્ય મત્સરવાળા છે, તે પ્રકારે તે આચાર્યનો મત્સરવાદ અગીતાર્થ સાધુ કરે. એથી વિપ્રતારણની બુદ્ધિ વગર=તે અગીતાર્થ સાધુને ઠગવાની બુદ્ધિ વગર, પરને અપ્રીતિના અનુત્પાદકપણાથી અને પરિણામસુંદરપણાથી=ભણવા આવેલ અસંવિગ્ન અગીતાર્થ સાધુને અપ્રીતિ અનુત્પાદકપણાથી અને તેને નહિ ભણાવવાથી જે સુંદર પરિણામ પ્રાપ્ત થાય છે તેનાથી, ઉભયના પણ ગુણની અપેક્ષાએ="મારી પાસે શ્રુત નથી", એ પ્રકારનો નિષેધ કર્યો એ અને શ્રુત ન આપ્યું એ રૂપ ઉભયના પણ ગુણની અપેક્ષાએ તેવા પ્રકારની વાગ્ યતના કરાયે છતે=અમારી પાસે શ્રુત નથી ઈત્યાદિ વાણીની યતના કરાયે છતે, કોઈપણ દોષ નથી. તે કહેવાયું છે=પૂર્વમાં કહ્યું, તે અન્યત્ર કહેવાયું છે.

આ=પૂર્વમાં કહ્યું કે, અમારી પાસે શ્રુત નથી ઈત્યાદિ અગીતાર્થમાં યતના છે=ગીતાર્થને સ્પષ્ટ અક્ષરોથી કહેવું ઘટે છે. ઈતરથા=અગીતાર્થમાં ગીતાર્થની જેમ સ્પષ્ટ અક્ષરોથી કહેવામાં આવે તો સ્પષ્ટ અક્ષરો વિદ્વેષકર અને મત્સરવાદ છે. ॥૪૩॥

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે અસંવિગ્ન સાધુ સંવિગ્ન ગચ્છમાં જાય તે ક્યારે શુદ્ધ થાય ? એ જે કહ્યું, એ ચારિત્ર માટે છે અર્થાત્ અસંવિગ્ન સાધુમાં ચારિત્ર નાશ પામેલું છતાં કોઈક રીતે ભવનો ભય પ્રાપ્ત થયો. તેથી સંવિગ્ન ગચ્છમાં જવા માટે તે મહાત્મા તૈયાર થાય છે, તે ચારિત્ર માટે ગમન છે. તેથી તે અસંવિગ્ન સાધુ પણ ત્યાં જઈને ચારિત્રની પ્રાપ્તિ કરે છે. વળી, કોઈ અસંવિગ્ન સાધુ ચારિત્ર માટે સંવિગ્ન ગચ્છમાં ન જાય, પરંતુ નવું નવું શ્રુત ભણવા માટે જાય કે દર્શન પ્રભાવક ગ્રંથો ભણવા માટે જાય, ત્યારે તેમને ઉપસંપદા આપવાના વિષયમાં સંવિગ્ન ગચ્છના આચાર્યનો પોતાનો અભિપ્રાય જ છે અર્થાત્ તે સંવિગ્ન આચાર્ય ભગવાનની આજ્ઞાને પરતંત્ર હોવાથી તે સાધુને ઉપસંપદા આપે નહિ; કેમ કે પંજરભગ્ન સાધુ જ્ઞાન-દર્શન માટે ઉપસંપદા સ્વીકારવા તત્પર થાય, ત્યારે તેની સાથે કયા પ્રકારનો વ્યવહાર કરવો જોઈએ, તેના વિષયક યતના શાસ્ત્રમાં કહેવાઈ છે. અર્થાત્ પંજરભગ્ન એવા ચારિત્ર રહિત સાધુને જ્ઞાન-દર્શન અર્થે પણ ઉપસંપદા નહિ આપવા તેને શું કહેવું જોઈએ ? જેથી તે સાધુનું અહિત થાય નહિ, તેવા પ્રકારની યતના શાસ્ત્રમાં બતાવી છે. તેથી ટીકામાં બતાવ્યું, એ પ્રકારના પાંજરામાં રહેનારા સાધુ સારણાદિ દ્વારા સતત સંયમનું રક્ષણ કરે છે અને જે સાધુએ પાંજરું ભાંગી નાંખ્યું છે, તે સાધુ મોહથી સુરક્ષિત નથી. તેથી સ્વમતિ અનુસાર યથાતથા સંયમની ક્રિયાઓ કરે છે. તેવા સાધુને નવું શ્રુત ભણાવવાથી પણ શ્રુતમદ આદિ થવાથી નુકસાન થાય છે. દર્શનશાસ્ત્રોના ગ્રંથો ભણીને પણ આત્માનું અહિત કરે છે. તેથી તેવા સાધુને સુસાધુ ઉપસંપદા આપે નહિ વળી તેઓને કહે કે હું તમને ભણાવતો નથી તો તેઓને દ્વેષ થાય. તેને આશ્રયીને ટીકામાં તેનો નિષેધ કરવા વિષયક ઉચિત યતના બતાવી છે અને અગીતાર્થ સાધુ અસંવેગવાળા હોય, તેને ભણાવવાનો નિષેધ કરવા અર્થે મૃષાવાદ કરે, ત્યારે તેને ઠગવાનો પરિણામ નથી, પરંતુ સુસાધુ પ્રત્યે દ્વેષ કરીને તે સાધુ પાપ ન બાંધે તેવો વિશુદ્ધ અધ્યવસાય છે અને જ્ઞાન-દર્શનના ગ્રંથો ભણીને તે સાધુ કષાયોની વૃદ્ધિ ન કરે તેવો વિશુદ્ધ અધ્યવસાય છે. તેથી તેવા સંયોગોમાં વાણીથી જે મૃષાવાદના પ્રયોગો છે, તે પરમાર્થથી તે જીવ પ્રત્યેની કરુણા છે; કેમ કે તે પ્રકારના કથનને કારણે ભણવા આવનાર સાધુને સુસાધુ પ્રત્યે દ્વેષ નહિ થવાથી સંસારની વૃદ્ધિની પ્રાપ્તિ થતી નથી અને તેવા સ્થાને પણ સ્પષ્ટ નિષેધ કરે તો તેમને જે દ્વેષ થાય તેનાથી તે સાધુને જે ભવોની વૃદ્ધિની પ્રાપ્તિ થાય, તેમાં સુસાધુએ ઉપેક્ષા કરેલ હોવાથી સુસાધુને દોષની પ્રાપ્તિ થાય. આ રીતે ઉત્સર્ગ-અપવાદ કેમ યોજન કરવું ? તેની માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રસ્તુત વચનથી વિચારકને પ્રાપ્ત થાય છે. **॥૪૩॥**

**અવતરણિકા :-**

**चतुर्थभङ्गमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ચોથા ભાંગાને આશ્રયીને કહે છે=ગાથા-૩૮માં સંભોગ અર્થે ગણાંતરમાં સંક્રમણને આશ્રયીને ચતુર્ભંગી બતાવી. તેમાંથી ચોથા ભાંગાને આશ્રયીને કહે છે –**

ગાથા :-

इच्छा तुरिए भंगे, विणओ धम्मम्मि जत्थ उत्तरिओ ।
संभोगो तत्थ मओऽसंविग्गे सो भवे किह णु ।।४४।।

અન્વયાર્થ :-

तुरिए भंगे=ચોથા ભાંગામાં, इच्छा=ઈચ્છા છે=સ્વચ્છંદ અભિપ્રાય છે, धम्मम्मि जत्थ उत्तरिओ=ધર્મમાં જ્યાં ઉત્કૃષ્ટ, विणओ=વિનય છે, तत्थ=ત્યાં, संभोगो=સંભોગ, मओ=મનાયો છે, असंविग्गे=અસંવિગ્નમાં, सो=તે=ઉત્કૃષ્ટ સંભોગ, किह णु=કેવી રીતે, भवे=થાય ? અર્થાત્ થાય નહિ. ।।૪૪।।

ગાથાર્થ :-

ચોથા ભાંગામાં ઈચ્છા છે=સ્વચ્છંદ અભિપ્રાય છે. ધર્મમાં જ્યાં ઉત્કૃષ્ટ વિનય છે, ત્યાં સંભોગ મનાયો છે. અસંવિગ્નમાં તે=ઉત્કૃષ્ટ સંભોગ, કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ. ।।૪૪।।

ટીકા :-

'इच्छ'त्ति । 'तुरिये भङ्गे' असंविग्नोऽसंविग्नेषु संक्रामतीत्येवंरूपे 'इच्छा' स्वाभिप्रायः अवस्तुभूतत्वान्न कोऽपि विधिरित्यर्थः, इत्थमेव "दोसु असंविग्गयम्मि सच्छंदो" इति पदं प्रकारान्तरेण व्याख्यातमिति युक्तं चैतत्, यतो यत्र खलु धर्मे 'विनयः' शिक्षादिरूपः 'उत्तरः' उत्कृष्टस्तत्र सम्भोगः 'मतः' विहितः, स चासंविग्ने कथं नु भवेत् ?, अतोऽसंविग्नेऽसंविग्नसंक्रमणं न विधेयम्, नापि निषेध्यम्, असंविग्नत्वस्यैव निषेध्यत्वात्, तस्य च तृतीयभङ्गपर्यवसितत्वादिति सिद्धम् ।।४४।।

ટીકાર્થ :-

'तुरिये भङ्गे' ..... सिद्धम् ।। ચોથા ભાંગામાં=અસંવિગ્ન સાધુઓમાં સંક્રમણ કરે છે એ રૂપ ચોથા ભાંગામાં, ઈચ્છા=સ્વઅભિપ્રાય છે=સંક્રમણ કરનાર અને સ્વીકારનાર બંનેનો પોતાનો અભિપ્રાય છે અર્થાત્ અવસ્તુભૂતપણું હોવાથી કોઈ પણ વિધિ નથી અર્થાત્ અસંવિગ્ન અસંવિગ્ન ગચ્છમાં જાય, તેનાથી જનાર કે સ્વીકારનારને કોઈ ગુણની પ્રાપ્તિ નહિ થતી હોવાથી તે બંને પ્રવૃત્તિ અવસ્તુભૂત છે માટે શાસ્ત્રમાં તેની કોઈ વિધિ બતાવી નથી. આ રીતે જ=ચોથા ભાંગામાં કોઈ વિધિ નથી એ રીતે જ, બંને અસંવિગ્નોમાં સ્વચ્છંદ છે=ગાથા-૪૩ના પૂર્વાર્ધમાં કહ્યું કે બંને અસંવિગ્નોમાં સ્વચ્છંદ છે. એ પદ ત્રીજા ભાંગાને આશ્રયીને પૂર્વમાં ગાથા-૪૩ની ટીકામાં વ્યાખ્યાન કરાયું અને તે વ્યાખ્યાનમાં અર્થ કરેલો કે જ્ઞાન, દર્શન માટે જે અસંવિગ્ન ઉપસંપદા સ્વીકારે છે, તેને સ્વચ્છંદ છે= તેને ઉપસંપદા આપવી જોઈએ નહિ. તે અર્થ કરતા ચોથા ભાંગામાં તે જ પદ પ્રકારાંતરથી કલ્પભાષ્યમાં વ્યાખ્યાત છે અને આ=કલ્પભાષ્યમાં પ્રકારાંતરથી ગાથા-૪૩ના પૂર્વાર્ધનો બીજો પાદ જે પ્રકારાંતરથી વ્યાખ્યાત કર્યો એ યુક્ત છે. જે કારણથી જે ધર્મમાં શિક્ષાદિરૂપ વિનય ઉત્કૃષ્ટ છે,

**ત્યાં સંભોગ મનાયો છે=વિહિત છે અર્થાત્ ભગવાનના શાસનના ધર્મમાં શિક્ષાદિ વિનય શ્રેષ્ઠ કોટિનો છે. જેનાથી સાધુઓ નિર્જરા કરીને ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે તેવા ગચ્છમાં એક માંડલીમાં સમુદ્દેશનરૂપ સંભોગ વિહિત છે અને તે=સંભોગ, અસંવિગ્નમાં=અસંવિગ્ન સાધુ અસંવિગ્ન ગચ્છમાં જાય તેમાં, કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ. આથી=અસંવિગ્ન ગચ્છમાં સંભોગ થાય નહિ. આથી, અસંવિગ્નમાં અસંવિગ્નનું સંક્રમણ વિધેય નથી, નિષેધ પણ નથી. કેમ અસંવિગ્નનું અસંવિગ્નમાં સંક્રમણ નિષેધ નથી ? તેમાં યુક્તિ બતાવે છે. અસંવિગ્નપણાનું જ નિષેધપણું છે અર્થાત્ જે અસંવિગ્ન છે, તે અસંવિગ્નમાં ન જાય તેવો નિષેધ કરાય નહિ. પરંતુ અસંવિગ્ન સાધુમાં રહેલું અસંવિગ્નપણું જ છોડવું જોઈએ એ પ્રમાણે કહેવું જોઈએ અને તેનું=અસંવિગ્નપણાના નિષેધપણાનું, ત્રીજા ભંગમાં પર્યવસિતપણું છે, એ પ્રમાણે સિદ્ધ છે=જો તે સાધુ અસંવિગ્ન હોય અને પોતાનું અસંવિગ્નપણું ત્યાગ કરે તો ત્રીજા ભાંગામાં તેનો અંતર્ભાવ થાય; કેમ કે તે અસંવિગ્ન સાધુ અસંવિગ્નત્વના પરિહાર અર્થે સંવિગ્ન ગચ્છમાં જ જાય. એ પ્રકારે અસંવિગ્નત્વના નિષેધપણાથી સિદ્ધ થાય છે. ॥૪૪॥**

**ભાવાર્થ :-**

સુસાધુ જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ અર્થે અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે અને તે રીતે સંક્રમણ કરનારા સાધુ એક માંડલીમાં સમુદ્દેશન કરવાર્થે સંક્રમણ કરે છે. જેથી એક માંડલીમાં બેસીને પરસ્પર રત્નત્રયીની વૃદ્ધિ કરી શકે અને તે રીતે સંક્રમણ કરનારા સાધુને આશ્રયીને ચાર ભાંગાઓ પ્રાપ્ત થાય છે. તેમાંથી ત્રણ ભાંગાઓ પૂર્વમાં બતાવ્યા. ચોથા ભાંગા પ્રમાણે અસંવિગ્ન સાધુ અસંવિગ્ન સાધુઓના સમુદાયમાં સંક્રમણ કરે, તેમાં તે બંનેનો સ્વઅભિપ્રાય જ છે. પરંતુ તેના વિષયક કોઈ વિધિ નથી. કેમ તેમાં કોઈ વિધિ નથી ? તેથી કહે છે.

ધર્મમાં શિક્ષારૂપ ઉત્કૃષ્ટ વિનય બતાવાયો છે અને ત્યાં જ સંભોગ વિહિત છે. એથી એ પ્રાપ્ત થાય કે ધર્મ નિષ્પત્તિ માટે ગુણો તરફ જવાને અનુકૂળ વિનયની ક્રિયા જ કારણ છે અને ગુણો તરફ જવાને અનુકૂળ ક્રિયાગ્રહણ શિક્ષા, આસેવન શિક્ષારૂપ છે અને જેઓ ભગવાનના વચનનું સ્મરણ કરીને સ્વશક્તિ અનુસાર સંયમની સર્વ ક્રિયાઓનું આસેવન કરે છે, તેઓ જ તે ક્રિયાના બળથી ગુણો તરફ જાય છે અને ગુણો તરફ જવાની ક્રિયા જ ઉત્કૃષ્ટ વિનય છે અને જેઓ સંયમની ક્રિયાઓ સ્વરુચિ અનુસાર સેવે છે, તેઓમાં ઉત્કૃષ્ટ વિનય નથી. તેથી તેવા સાધુમાં સંભોગ વિહિત નથી. આથી જ અસંવિગ્ન સાધુ સંયમની ક્રિયાઓ જિનવચનાનુસાર કરવા માટે યતનાવાળા નથી. પરંતુ સ્વમતિ અનુસાર ઉપેક્ષાથી કરે છે, તેઓમાં સંભોગ સંભવે નહિ અને જેઓ સંભોગ માટે અનધિકારી છે, તેવા અસંવિગ્ન સાધુ અસંવિગ્નમાં સંક્રમણ કરે તે પ્રકારે વિધાન પણ કરાય નહિ અને તેઓ ન કરે તેમ પણ નિષેધ કરાય નહિ. પરંતુ અસંવિગ્ન સાધુમાં રહેલા અસંવિગ્નપણાનો જ નિષેધ કરાય અને જો તે વચનને સાંભળીને અસંવિગ્ન સાધુ અસંવિગ્નપણાનો ત્યાગ કરે તો તેમની સંક્રમણની પ્રવૃત્તિ ત્રીજા ભાંગામાં જ અંતરભાવ પામે છે. **॥૪૪॥**

ગાથા-૩૪ પ્રસ્તુત ગાથા-૪૫ સાથે સર્વથા સદૃશ છે. ફક્ત ગાથા-૩૪ જ્ઞાન-દર્શન-ચારિત્ર અર્થે સાધુ અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે. તેને આશ્રયીને હતી અને ગાથા-૩૭થી સંભોગ અર્થે ગણાંતર સંક્રમણની વિધિ કહેવાનો પ્રારંભ કર્યો અને તેને આશ્રયીને ચાર ભાંગાઓ બતાવ્યા. હવે સંભોગને આશ્રયીને ગણાંતરના સંક્રમણની વિધિ શું છે તે પ્રસ્તુત ગાથા-૪૫થી ઉદ્ધરણ સહિત બતાવે છે.

**ગાથા :-**

**भिक्खुम्मि इमं भणियं, विसेसिओ णियपयाण णिक्खेवा ।**
**होइ गणावच्छेइअ, आयरिआणंपि एस गमो ।।४५।।**

**અન્વયાર્થ :-**

**भिक्खुम्मि इमं=ભિક્ષુમાં આ, भणियं=કહેવાયું છે, विसेसिओ णियपयाण णिक्खेवा=નિજપદોનો નિક્ષેપ વિશેષિત, होइ=હોય છે, गणावच्छेइअ आयरिआणंपि=ગણાવચ્છેદક આચાર્યોને પણ, एस गमो=આ માર્ગ હોય છે. ।।૪૫।।**

**ગાથાર્થ :-**

**ભિક્ષુમાં આ કહેવાયું છે. નિજપદોનો નિક્ષેપ વિશેષિત હોય છે. ગણાવચ્છેદક આચાર્યોને પણ આ માર્ગ હોય છે=નિજપદ ઉપર અન્યને સ્થાપન કરીને અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારવાનો માર્ગ છે. ।।૪૫।।**

**ટીકા :-**

**'भिक्खुम्मि'त्ति प्राग् व्याख्यातेयम् । सूत्राणि चात्र–**"भिक्खू अ गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं संभोगवडिआए उपसंपज्जित्तए, नो से कप्पइ अणापुच्छित्ता आयरिअं वा जाव अन्नं गणं संभोगवडिआए उवसंपज्जित्ता णं विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा जाव विहरित्तए, ते अ से वितरंति एवं से कप्पइ जाव विहरित्तए, ते य से णो वितरंति एवं से णो कप्पइ जाव विहरित्तए, जत्थुत्तरिअं धम्मविणयं लभेज्जा एवं से कप्पइ अन्नं गणं संभोगवडिआए उवसंपज्जित्ता णं विहरित्तए, जत्थुत्तरिअं धम्मविणयं णो लभेज्जा एवं से णो कप्पइ अन्नं गणं जाव विहरित्तऐ । गणावच्छेइए गणाओ अवक्कम्म इच्छेज्जा अन्नं गणं संभोगवडिआए उवसंपज्जित्ता णं विहरित्तए, णो से कप्पइ भणावच्छेइअत्तं अणिक्खिवित्ता संभोगवडिआए जाव विहरित्तए, कप्पइ से गणावच्छेइअत्तं णिक्खिवित्ता जाव विहरित्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरिअं वा जाव विहरित्तए, कप्पइ से आपुच्छित्ता आयरिअं वा जाव विहरित्तए, ते अ से वितरंति एवं से कप्पइ अण्णं गणं संभोगवडिआए जाव विहरित्तए, ते अ से णो वितरंति एवं से णो कप्पइ जाव विहरित्तए, जत्थुत्तरियं धम्मविणयं लभेज्जा एवं से कप्पइ अन्नं गणं जाव विहरित्तए, जत्थुत्तरियं धम्मविणयं णो लभेज्जा एवं से णो कप्पइ जाव विहरित्तए । आयरियउवज्झाए गणाओ अवक्कम्म इच्छेज्जा अण्णं गणं संभोगवडिआए जाव विहरित्तए, णो से कप्पइ आयरियउवज्झायत्तं अणिक्खिवित्ता अण्णं गणं जाव विहरित्तए, कप्पइ से आयरियउवज्झायत्तं णिक्खिवित्ता जाव विहरित्तऐ, णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा जाव विहरित्तए, कप्पइ

से आपुच्छित्ता आयरियं वा जाव विहरित्तए, ते अ से वितरंति एवं से कप्पइ जाव विहरित्तए, ते अ से णो वितरंति एवं से णो कप्पइ जाव विहरित्तए, जत्थुत्तरिअं धम्मविणयं लभेज्जा एवं से कप्पइ जाव विहरित्तए, जत्थुत्तरिअं धम्मविणयं णो लभेज्जा एवं से णो कप्पइ जाव विहरित्तए'त्ति ।।४५।।

**ટીકાર્થ :-**

**सूत्राणि ..... विहरित्तए'त्ति ।। એ પ્રકારની આ ગાથા પૂર્વમાં વ્યાખ્યાત છે=ગાથા-૩૪માં વ્યાખ્યાત છે અને અહીં=સંભોગ અર્થે ગણાંતરના સંક્રમણના વિષયમાં સૂત્રો છે.**

અને ભિક્ષુ=સાધુ, ગણથી નીકળીને સંભોગ માટે, ઉપસંપદા અર્થે અન્ય ગણને ઇચ્છે. તેને આચાર્યથી માંડીને યાવત્ અન્ય ગણ સુધીનો પાઠ=ગાથા-૩૪માં આચાર્ય, ઉપાધ્યાયથી માંડીને અન્ય ગણ સુધીનો પાઠ ગ્રહણ કરવો અને તે અન્ય ગણને સંભોગ માટે સ્વીકારીને વિચરવું કલ્પતું નથી=આચાર્યાદિને પૂછ્યા વગર વિચરવું કલ્પતું નથી. તેમને=તે સાધુને, આચાર્યને પૂછીને યાવત્ વિહરવું કલ્પે છે અને તે=આચાર્યાદિ તેમને અનુજ્ઞા આપે છે. એ રીતે તેને યાવત્ વિહરવું કલ્પે છે અને તે=આચાર્યાદિ તેમને અનુજ્ઞા આપતા નથી, એ રીતે તેમને યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. જ્યાં ઉત્તર ધર્મ વિનય=શ્રેષ્ઠ ધર્મ વિનય, પ્રાપ્ત કરે એ રીતે તેમને=તે ભિક્ષુકને, અન્ય ગણ સંભોગ માટે સ્વીકારીને વિહરવા માટે કલ્પે છે. જ્યાં ઉત્તર ધર્મ વિનય=શ્રેષ્ઠ એવો વિનય ધર્મ, ન પ્રાપ્ત થાય એ રીતે તેમને=તે સાધુને, અન્ય ગણમાં યાવત્ વિહરવા માટે કલ્પતું નથી.

ગણાવચ્છેદક ગણનો અવક્રમ કરીને સંભોગ માટે ઉપસંપદા સ્વીકારીને વિહરવા માટે અન્ય ગણ ઇચ્છે તેમને= ગણાવચ્છેદકને, ગણાવચ્છેદકપણાનો અનિક્ષેપ કરીને=પોતાના ગચ્છમાં પોતાના સ્થાને ગણાવચ્છેદકની મર્યાદાથી નિષ્પન્ન થયેલા ગણાવચ્છેદકને ગણાવચ્છેદકપણાનો અનિક્ષેપ કરીને, સંભોગ માટે યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. તેમને ગણાવચ્છેદકને નિક્ષેપ કરીને યાવત્ વિહરવા માટે કલ્પે છે. તેમને=ગણાવચ્છેદકને, આચાર્યાદિને પૂછ્યા વગર યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. તેમને=ગણાવચ્છેદકને, આચાર્યને પૂછીને યાવત્ વિહરવા માટે કલ્પે છે=અન્ય ગચ્છમાં જવું કલ્પે છે અને તેઓ આચાર્યાદિ, તેમને=ગણાવચ્છેદકને વિતરણ કરે છે=અન્ય ગચ્છમાં જવાની અનુજ્ઞા આપે છે. એ રીતે તેમને=ગણાવચ્છેદકને, સંભોગ માટે યાવત્ વિહરવા માટે અન્ય ગણ કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ, તેમને=ગણાવચ્છેદકને, વિતરણ કરતા નથી. એ રીતે તેમને=ગણાવચ્છેદકને, યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. જ્યાં ઉત્તમ ધર્મવિનય પ્રાપ્ત થાય (ત્યાં) એ રીતે તેમને અન્ય ગણમાં યાવત્ વિહરવા માટે કલ્પે છે. જ્યાં ઉત્તર ધર્મવિનય પ્રાપ્ત થતો નથી, એ રીતે તેને યાવત્ વિહરવા માટે કલ્પતું નથી.

આચાર્ય, ઉપાધ્યાય, ગણથી અવક્રમ કરીને અન્ય ગણને સંભોગ માટે યાવત્ વિહરવા માટે ઇચ્છે તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, આચાર્ય-ઉપાધ્યાયપણાનો નિક્ષેપ કર્યા વગર=પોતાના સ્થાને પોતાની જેમ ગચ્છની ઉચિત ચિંતા કરે તેવા આચાર્યનો અથવા ઉપાધ્યાયનો નિક્ષેપ કર્યા વગર, અન્ય ગણને યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. અર્થાત્ અન્ય ગણમાં સંભોગાદિ માટે યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, આચાર્ય-ઉપાધ્યાયપણાનો નિક્ષેપ કરીને યાવત્ વિહરવું કલ્પે છે. તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, આચાર્યાદિને પૂછ્યા વગર યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, આચાર્યાદિને પૂછીને યાવત્ વિહરવા માટે કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ, તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, વિતરણ કરે છે=અનુજ્ઞા આપે છે. એ રીતે તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, યાવત્ વિહરવા માટે કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ, તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, વિતરણ કરતા નથી=જવાની અનુજ્ઞા આપતા નથી, એ રીતે તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, યાવત્ વિહરવું કલ્પતું નથી. જ્યાં ઉત્તર ધર્મવિનય પ્રાપ્ત થાય, એ રીતે

તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, યાવત્ વિહરવું કલ્પે છે. જ્યાં ઉત્તર ધર્મવિનય ન પ્રાપ્ત થાય, એ રીતે તેમને=આચાર્ય-ઉપાધ્યાયને, કલ્પતું નથી. યાવત્ વિહરવા માટે કલ્પતું નથી. ।।૪૫।।

**ભાવાર્થ :-**

ભિક્ષુક, ગણાવચ્છેદક, આચાર્ય કે ઉપાધ્યાય જેમ જ્ઞાન માટે, દર્શન માટે, ચારિત્ર માટે અન્ય ગણની ઉપસંપદા સ્વીકારે છે, એમ સંભોગ માટે પણ અન્ય ગણમાં જઈને ઉપસંપદા સ્વીકારે છે અને તે સંભોગ દ્વારા એક માંડલીમાં બેસીને તેઓ વિશિષ્ટ પ્રકારે રત્નત્રયીની જ શુદ્ધિને પ્રાપ્ત કરે છે. ત્યાં સાધુને સંભોગ માટે અન્ય ગચ્છમાં જવાની શું મર્યાદા છે ? તે પ્રથમ બતાવે છે.

પોતાના ગચ્છના આચાર્યાદિને પૂછીને જે ગચ્છમાં ઉત્તમ ધર્મવિનય પ્રાપ્ત થતો હોય, એ ગચ્છમાં સાધુએ સંભોગ માટે જવું કલ્પે છે. તેથી એ પ્રાપ્ત થાય કે પોતાના ગચ્છમાં જે ગુણવૃદ્ધિને અનુકૂળ ધર્મવિનય પ્રાપ્ત થતો હતો, તેના કરતાં શ્રેષ્ઠ કોટિનો ધર્મવિનય જે ગચ્છમાં હોય, તે ગચ્છમાં સાધુ રત્નત્રયીના પ્રયોજનથી સંભોગ માટે જાય છે.

એ રીતે કોઈ ગણાવચ્છેદક પોતાના ગણની ઉચિત સારસંભાળ કરીને ગણમાં રહેલા સાધુઓને મોક્ષમાર્ગમાં સમ્યગ્ પ્રવર્તાવતા હોય. જેથી તે ગણના સાધુઓ પણ તે ગણાવચ્છેદકના બળથી સંયમની વિશુદ્ધિને પામતા હોય છે અને તે ગણાવચ્છેદકને પણ ઉત્તમ ધર્મવિનય જે ગચ્છમાં હોય એવા ગચ્છમાં સંભોગ માટે જવાની ઇચ્છા થાય; કેમ કે ત્યાં જવાથી પોતાનામાં રત્નત્રયીની વૃદ્ધિ થશે, તેમ જણાય છે. તે ગણાવચ્છેદકને પણ પોતાના સ્થાને પોતાની જેમ જ ગણની ઉચિત સંભાળ કરી શકે તેવા યોગ્ય સાધુને નિષ્પન્ન કરેલ હોય તો પોતાના સ્થાને તે ગણાવચ્છેદકને સ્થાપન કરીને આચાર્યાદિની અનુજ્ઞાથી જ્યાં ઉત્તમ વિનયધર્મ પ્રાપ્ત થાય છે, તે ગચ્છમાં જવું તે ગણાવચ્છેદકને કલ્પે છે.

વળી, કોઈ ગચ્છમાં રહેલા આચાર્ય હોય અથવા ઉપાધ્યાય હોય, તેઓને પણ સંભોગ અર્થે અન્ય ગચ્છમાં જવાની ઇચ્છા થાય; કેમ કે ત્યાં વિશિષ્ટ પ્રકારના શ્રુતાદિથી રત્નત્રયીની વૃદ્ધિ થશે. ત્યારે તેઓને પણ પોતાના સ્થાને પોતાના ગચ્છની હિતચિંતા કરી શકે તેવા આચાર્યને કે ઉપાધ્યાયને સ્થાપન કરીને આચાર્યાદિની અનુજ્ઞાથી અન્ય ગચ્છમાં જ્યાં ઉત્તમ ધર્મવિનય પ્રાપ્ત થાય છે, ત્યાં જવું કલ્પે છે અર્થાત્ આચાર્ય હોય તો પોતાના સ્થાને સ્થાપેલા આચાર્યને, ઉપાધ્યાયને અને ગણના અન્ય સાધુઓને પૃચ્છા કરે અને તેઓને જણાય કે આપણા આચાર્ય અન્ય ગચ્છમાં જશે તોપણ નવા આચાર્યના અનુશાસનથી અમારી સંયમની ક્રિયા સિદાશે નહિ તો તેઓને જવું કલ્પે છે અને ઉપાધ્યાય પણ આચાર્યને અને ગણના અન્ય સાધુઓને પૂછે અને તેઓને જણાય કે ઉપાધ્યાયથી પોતાને જે સૂત્ર-અર્થની પ્રાપ્તિ થતી હતી, તે નવા ઉપાધ્યાયના બળથી સિદાશે નહિ તો તેઓની અનુમતિથી તેઓને જવું કલ્પે છે; કેમ કે ભગવાનના શાસનમાં સુવિહિતો જેમ પોતાની રત્નત્રયીની વૃદ્ધિની ઇચ્છા કરે છે, તેમ પોતાના આશ્રિત સાધુઓની જે સંયમની વૃદ્ધિ થતી હતી, તેની હાનિ થાય નહિ. તેઓની પણ ઉચિત ચિંતા કરીને ગણાંતરમાં જાય છે અને જો તેની ઉપેક્ષા કરે તો મધ્યસ્થ પરિણતિ મ્લાન થવાથી દોષની પ્રાપ્તિ થાય. **।।૪૫।।**

**અવતરણિકા :-**

संभोगार्थं गणान्तरसङ्क्रमणमुक्तम् । अथाचार्योपाध्यायोद्देशनार्थं तदाह –

**અવતરણિકાર્થ :-**

સંભોગ માટે ગણાંતરનું સંક્રમણ કહેવાયું. હવે, આચાર્ય, ઉપાધ્યાયના ઉદ્દેશન માટે=પોતાના આચાર્યયુક્ત ઉપાધ્યાય ન હોય તો તેને પ્રાપ્ત કરવા માટે તેને=ગણાંતરમાં સંક્રમણને કહે છે –

**ગાથા :-**

**संकमणं आयरिओवज्झाउद्देसणे वि तिण्हट्ठा ।**
**नाणे महकप्पसुए, विज्जाई दंसणे हेऊ ।।४६।।**

**અન્વયાર્થ :-**

आयरिओवज्झाउद्देसणे वि तिण्हट्ठा=આચાર્યયુક્ત ઉપાધ્યાયના ઉદ્દેશનમાં ત્રણ માટે=જ્ઞાન, દર્શન, ચારિત્ર માટે, संकमणं=સંક્રમણ છે. नाणे महकप्पसुए=જ્ઞાન માટે મહાકલ્પશ્રુતના ઉદ્દેશથી છે, विज्जाई= વિદ્યાદિ, दंसणे=દર્શનમાં, हेऊ=હેતુ છે. ।।૪૬।।

**ગાથાર્થ :-**

**આચાર્યયુક્ત ઉપાધ્યાયના ઉદ્દેશનમાં ત્રણ માટે=જ્ઞાન, દર્શન, ચારિત્ર માટે, સંક્રમણ છે. જ્ઞાન માટે મહાકલ્પશ્રુતના ઉદ્દેશથી છે. દર્શનમાં વિદ્યાદિ હેતુ છે. ।।૪૬।।**

**ટીકા :-**

'संकमणं'त्ति । आचार्ययुक्त उपाध्याय आचार्योपाध्यायः, शाकपार्थिववन्मध्यमपदलोपिसमासः, तस्योद्देशनम्-अन्यस्यात्मीकरणं तदर्थं यत् 'सङ्क्रमणं' गणान्तरगमनं तदपि त्रयाणां-ज्ञानदर्शनचारित्राणामर्थाय । तत्र 'ज्ञाने' ज्ञानार्थमन्याचार्योपाध्यायमुद्देशयितुं गणान्तरगमनं महाकल्पश्रुतेऽध्येतव्ये भवति । केषाञ्चिदाचार्याणां कुले गणे वा महाकल्पश्रुतमस्ति, तैश्चेयं गणसंस्थितिः कृता-योऽस्माकं शिष्यतयोपगच्छति तस्यैव महाकल्पश्रुतं देयं नान्यस्य, तत्र चोत्सर्गतो नोपसंपत्तव्यम्, यद्यन्यत्र नास्ति तदा महाकल्पश्रुताध्ययनाय तमप्याचार्यमुद्दिशेत्, उद्दिश्य चाधीते तस्मिन् पूर्वाचार्याणामेवान्तिके गच्छेन्न तत्र तिष्ठेत्, यतः सा खलु तेषामाचार्याणां स्वेच्छा न तु जिनाज्ञा, नहि जिनैरिदं भणितं शिष्यतयोपगतस्य श्रुतं दातव्यमिति । 'दर्शने' दर्शननिमित्तमन्याचार्योपाध्यायोद्देशने च विद्यादयो हेतवः, दर्शनप्रभावकविद्यामन्त्रनिमित्तहेतुशास्त्राध्ययनार्थमन्यमप्याचार्यमुद्देशयितुमन्यगणमुपसंपद्येतेत्यर्थः ।।४६।।

**ટીકાર્થ :-**

आचार्ययुक्त ..... संपद्येतेत्यर्थः ।। **આચાર્યથી યુક્ત ઉપાધ્યાય તે આચાર્યઉપાધ્યાય છે. શાકપાર્થિવની જેમ મધ્યમપદલોપી સમાસ છે અર્થાત્ શાક છે પ્રિય જેને એવો રાજા. ત્યાં 'પ્રિય' શબ્દ મધ્યમાં લોપ છે તેમ પ્રસ્તુતમાં પણ આચાર્યયુક્ત ઉપાધ્યાય એ રૂપ સમાસમાં યુક્ત શબ્દનો લોપ છે. તેમનું ઉદ્દેશન=અન્યનું આત્મીકરણ=આચાર્યયુક્ત ઉપાધ્યાય એવા અન્યનું આત્મીકરણ, તેના માટે જે સંક્રમણ=ગણાંતરમાં ગમન, તે પણ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણને માટે છે. ત્યાં જ્ઞાનમાં=જ્ઞાનને માટે, અન્ય આચાર્ય, ઉપાધ્યાયના ઉદ્દેશ માટે ગણાંતરગમન મહાકલ્પશ્રુત ભણવા માટે થાય છે. કોઈક આચાર્યના કુલમાં અથવા ગણમાં મહાકલ્પશ્રુત છે અને તેઓ વડે આ પ્રકારે ગણસંસ્થિતિ કરાઈ. કયા પ્રકારની ગણસંસ્થિતિ કરાઈ તે સ્પષ્ટ કરે છે. જે સાધુ અમને શિષ્યપણાથી સ્વીકારે છે, તેને જ મહાકલ્પશ્રુત આપવા યોગ્ય છે, અન્યને નહિ અને ત્યાં=તે આચાર્યની તે પ્રકારની મર્યાદામાં, ઉત્સર્ગથી ઉપસંપદા સ્વીકારવી જોઈએ નહિ. જો અન્યત્ર નથી=મહાકલ્પશ્રુત નથી, તો મહાકલ્પશ્રુતના અધ્યયન માટે તે પણ આચાર્યને ઉદ્દેશન કરે=તેમનો સ્વીકાર કરે અને ઉદ્દેશીને=તે આચાર્યની ઉપસંપદા સ્વીકારીને, તે ભણાયે છતે=મહાકલ્પશ્રુત ભણાયે છતે, પૂર્વ આચાર્યની પાસે જ જાય. પરંતુ ત્યાં રહે નહિ=તે મહાશ્રુત ભણાવનારા આચાર્ય પાસે રહે નહિ. જે કારણથી તે=તે આચાર્યએ કરેલી ગણસંસ્થિતિ, તે=આચાર્યની, સ્વઈચ્છા છે. પરંતુ જિનાજ્ઞા નથી.** हि**=જે કારણથી, જિનો વડે શિષ્યપણાથી પ્રાપ્તને શ્રુત આપવું જોઈએ, એ કહેવાયું નથી. એથી પૂર્વના આચાર્ય પાસે તેઓને છોડીને જાય, એમ અન્વય છે. દર્શનમાં=દર્શન નિમિત્ત અન્ય આચાર્યઉપાધ્યાયને ઉદ્દેશનમાં, વિદ્યાદિ હેતુઓ છે=દર્શન પ્રભાવક વિદ્યા, મંત્ર, નિમિત્તશાસ્ત્ર, હેતુશાસ્ત્ર, અધ્યયન માટે અન્ય પણ આચાર્યને ઉદ્દેશવા માટે અન્ય ગણમાં ઉપસંપદા સ્વીકારે એ પ્રકારનો અર્થ છે. ।।૪૬।।**

**ભાવાર્થ :-**

કોઈ ગચ્છમાં આચાર્ય હોય, ઉપાધ્યાય હોય, સ્થવિરાદિ હોય, આમ છતાં તે ગચ્છના આચાર્યથી યુક્ત ઉપાધ્યાય જ્ઞાન, દર્શન, ચારિત્ર માટે અન્ય ગચ્છમાં સંક્રમણ કરે=અન્ય ગચ્છમાં રત્નત્રયીની વૃદ્ધિ અર્થે જાય. જ્ઞાન અર્થે ગચ્છના આચાર્યથી યુક્ત ઉપાધ્યાય ક્યારે ગણાંતરમાં જાય, એથી કહે છે. કોઈક આચાર્યના કુલમાં મહાકલ્પશ્રુત છે, તે ભણવાર્થે પોતાના ગચ્છને કોઈકની નિશ્રા આદિમાં મૂકીને આચાર્ય અને ઉપાધ્યાય બંને તે ગચ્છમાં ગમન કરે. જેથી મહાકલ્પશ્રુતાદિ ભણીને વિશિષ્ટ ગીતાર્થતાની પ્રાપ્તિ થાય. સામાન્યથી સાધુઓ મૃષાવાદ કરે નહિ તોપણ કોઈક આચાર્ય પોતાના શિષ્ય થાય તેમ હોય, તેને જ મહાકલ્પશ્રુત ભણાવે તેમ છે અને અન્ય કોઈ પાસેથી તેમની પ્રાપ્તિનો સંભવ નથી, ત્યારે તે આચાર્ય સહિત ઉપાધ્યાય તેમનું વચન સ્વીકારીને અર્થાત્ તેમનો શિષ્યભાવ સ્વીકારીને મહાકલ્પશ્રુત ભણે અને ભણી લીધા પછી ભગવાનના વચનનું સ્મરણ કરીને કોઈક રીતે તે આચાર્યનો ત્યાગ કરીને સ્વગચ્છમાં જાય. તે પ્રવૃત્તિમાં સ્થૂલથી મૃષાવાદ જણાય. વસ્તુતઃ વિશિષ્ટ જ્ઞાનથી તથા લાભ અર્થે ભગવાનની આજ્ઞાનું

સ્મારણ કરીને તે આચાર્યનો ત્યાગ કરે, તેમાં લેશ પણ દોષ નથી. પરંતુ જ્ઞાનની વૃદ્ધિ કરીને તે આચાર્યયુક્ત ઉપાધ્યાય જે સ્વપરનો ઉપકાર કરશે અને સ્વગચ્છનો જે ઉપકાર કરશે. તેનાથી વિપુલ નિર્જરાની જ પ્રાપ્તિ થશે.

વળી, આચાર્ય સહિત ઉપાધ્યાય વિદ્યા આદિના અર્થી નહિ હોવા છતાં તે તે સંયોગમાં ભગવાનના દર્શનની પ્રભાવના વિદ્યાદિથી જ થાય છે. તેથી તેવાં વિશિષ્ટ શાસ્ત્રો ભણવા માટે પણ અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે. વિદ્યામંત્રની પ્રાપ્તિના આશયથી સંક્રમણ કરે તો સંયમની મલિનતાની પ્રાપ્તિ થાય, પરંતુ નિઃસ્પૃહી પણ તે મહાત્મા યોગ્ય જીવોને દર્શનની શુદ્ધિ થાય તેમ જણાય ત્યારે જ વિદ્યા-મંત્રાદિ દ્વારા ભગવાનના શાસનની વૃદ્ધિ કરે છે અને તે અર્થે જ અન્ય ગણમાં જાય છે અને તે આચાર્ય પણ આવનાર આચાર્ય અને ઉપાધ્યાયની તેવી યોગ્યતા જણાય તો જ દર્શન પ્રભાવક એવાં વિદ્યાદિ શાસ્ત્રો ભણાવે છે, અન્યથા ભણાવતા નથી. **॥૪૬॥**

**ગાથા :-**

**चरणट्ठा पुव्वगमो, ओसन्नोहाविए व कालगए ।**
**आयरियउवज्झाए, मग्गणया छव्विहोसन्ने ।।४७।।**

**અન્વયાર્થ :-**

**चरणट्ठा पुव्वगमो**=ચરણ માટે પૂર્વમાં કહેલો માર્ગ છે, **व**=અથવા, **ओसन्नोहाविए कालगए आयरियउवज्झाए**=અવસન્નમાં, અવધાવિતમાં અથવા કાલગતમાં આચાર્ય સહિત ઉપાધ્યાયે ગણાંતરમાં જવું જોઈએ. **छव्विहोसन्ने**=છ પ્રકારના અવસન્નમાં, **मग्गणया**=માર્ગણા છે=વિચારણા છે. ।।૪૭।।

**ગાથાર્થ :-**

**ચરણ માટે પૂર્વમાં કહેલો માર્ગ છે અથવા અવસન્નમાં, અવધાવિતમાં અથવા કાલગતમાં આચાર્ય સહિત ઉપાધ્યાયે ગણાંતરમાં જવું જોઈએ. છ પ્રકારના અવસન્નમાં માર્ગણા છે=વિચારણા છે. ।।૪૭।।**

**ટીકા :-**

**'चरणट्ठ'त्ति । चरणार्थमन्याचार्योद्देशने 'पूर्वगमः' प्रागुक्त एव गमो भवति । अथवा तत्रैते आदेशा भवन्ति – अवसन्ने 'अवधाविते वा' गृहस्थीभूते कालगते वाऽऽचार्योपाध्यायेऽन्याचार्योपाध्या-योद्देशनाय गणान्तरगमनं भवति । तत्रावसन्ने पार्श्वस्थावसन्नकुशीलसंसक्तनित्यवासियथाच्छन्दभेदेन षड्विधे वक्ष्यमाणा मार्गणा भवति ।।४७।।**

**ટીકાર્થ :-**

चरणार्थमन्याचार्योद्देशने ..... भवति ।। **ચારિત્ર માટે અન્ય આચાર્યના ઉદ્દેશનમાં પૂર્વગમ=પૂર્વમાં**

કહેલો જ માર્ગ થાય છે અર્થાત્ ગાથા-૩૪માં કહેલું કે ગણાવચ્છેદક આચાર્યઉપાધ્યાયે પોતાના સ્થાનમાં અન્યને સ્થાપન કરીને ચારિત્ર માટે અન્ય ગચ્છમાં ગમન કરવું જોઈએ એ જ માર્ગ આચાર્યયુક્ત ઉપાધ્યાયે વિશિષ્ટ ચારિત્ર અર્થે અન્ય ગચ્છમાં જવું આવશ્યક જણાય ત્યારે પણ સ્વીકારવો જોઈએ. અથવા ત્યાં=ચારિત્ર માટે આચાર્ય સહિત ઉપાધ્યાયના ગમનમાં, આ આદેશો થાય છે=આ વિકલ્પો થાય છે – અવસન્નમાં=આચાર્ય શિથિલ થઈ ચૂક્યા હોય તેમાં અથવા અવધાવિતમાં=ગૃહસ્થીભૂત આચાર્ય થયેલા હોય તેમાં અથવા કાલગતમાં=આચાર્ય કાલધર્મ પામ્યા હોય તેમાં, આચાર્ય સહિત ઉપાધ્યાયે અન્ય આચાર્ય સહિત ઉપાધ્યાયના ઉદ્દેશન માટે ગણાંતરમાં ગમન થાય છે તેમાં=ત્રણ પ્રકારના આદેશોમાં જે, અવસન્ન છે તેમાં=પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત, નિત્યવાસી, યથાછંદના ભેદથી છ પ્રકારના અવસન્નમાં, આગળમાં કહેવાશે એ માર્ગણા થાય છે=એ વિચારણા થાય છે. ॥૪૭॥

**અવતરણિકા :-**

तामेवाह –

**અવતરણિકાર્થ :-**

તેને જ=પૂર્વગાથામાં કહ્યું કે પોતાના ગચ્છના આચાર્ય પાસત્થાદિમાંથી કોઈક પ્રકારના શિથિલ આચારવાળા થયા હોય, ત્યારે ગણાંતરમાં ગમન અર્થે વક્ષ્યમાણ માર્ગણા છે. તે માર્ગણા જ બતાવે છે –

**ગાથા :-**

**वत्तस्स दुहा इच्छा, चोआवेइ व गुरुं तु चोएइ ।**
**वट्टावेइ गणं सो, पयावणट्ठा व उद्दिसइ ।।४८।।**

**અન્વયાર્થ :-**

वत्तस्स दुहा इच्छा=વ્યક્તને બે પ્રકારની ઈચ્છા છે, चोआवेइ व गुरुं तु चोएइ=ગુરુને પ્રેરણા કરાવે છે, वट्टावेइ गणं सो=સ્વયં ગુરુને પ્રેરણા કરાવે છે તે=આચાર્યપદ યોગ્ય શિષ્ય, ગણને, पयावणट्ठा=વર્તાપન કરે છે, व=અથવા, उद्दिसइ=પ્રતાપન માટે ઉદ્દેશે છે. ॥૪૮॥

**ગાથાર્થ :-**

વ્યક્તને બે પ્રકારની ઈચ્છા છે. ગુરુને પ્રેરણા કરાવે છે, સ્વયં ગુરુને પ્રેરણા કરાવે છે. તે= આચાર્યપદ યોગ્ય શિષ્ય, ગણને વર્તાપન કરે છે અથવા પ્રતાપન માટે ઉદ્દેશે છે. ॥૪૮॥

**ટીકા :-**

'वत्तस्स'त्ति । अवसन्नाचार्यादिशिष्य आचार्यपदयोग्यो हि व्यक्तोऽव्यक्तो वा भवेत् । तत्र चतुर्भङ्गी-

वयसा व्यक्तः षोडशवार्षिकः श्रुतेन च व्यक्तो गीतार्थ इति प्रथमो भङ्गः १, वयसाऽव्यक्तः श्रुतेन व्यक्त इति द्वितीयः २, वयसा व्यक्तः श्रुतेनाव्यक्त इति तृतीयः ३, वयःश्रुताभ्यामुभाभ्यामप्यव्यक्त इति चतुर्थः ४। तत्र द्विधा वयसा श्रुतेन च व्यक्तस्य 'इच्छा' अन्यमाचार्यमुद्दिशति वा न वा, यावन्नोद्दिशति तावद् 'गुरुम्'अवसन्नीभूतमाचार्यं दूरस्थं साधुसङ्घाटकं प्रेषयित्वा नोदापयति आसन्नं च स्वयमेव नोदयति, एकान्तरितं वा पञ्चदिनान्ते वा पक्षान्ते वा चतुर्मासान्ते वा वर्षान्ते वा यत्र समवसरणादौ मिलन्ति तत्र स्वयमेव नोदयत्यपरैर्वा स्वगच्छीयपरगच्छीयैर्नोदनां कारयतीत्यर्थः । यदि च सर्वथाऽपि नेच्छति तदा स्वयमेव स गणं वर्त्तापयति, 'वा' अथवा प्रतापनार्थमवसन्नाचार्यस्य न तु गणस्य सङ्ग्रहोपग्रहनिमित्तमुद्दिशत्यन्यां दिशमिति शेषः, स च तत्र गत्वा भणति–अहमन्यमाचार्यमुद्दिशामि यदि यूयमितः स्थानान्नोपरता भवत, ततः स चिन्तयेत्–अहो ! अमी मम शिष्या मयि जीवत्यप्यपरमाचार्यं प्रतिपद्यन्ते ततो मुञ्चामि पार्श्वस्थताम् । यदि नामैवं गौरवेणापि पार्श्वस्थत्वं मुञ्चेत्ततः सुन्दरम् । अथ सर्वथा नेच्छन्त्युपरन्तुं ततः स्वयमेव गच्छाधिपत्ये तिष्ठतीति ।।४८।।

**ટીકાર્થ :-**

अवसन्नाचार्यादिशिष्य ..... तिष्ठतीति ।। અવસન્ન આચાર્યાદિના શિષ્ય=અવસન્ન, અવધાવિત્ત અને કાલગત આચાર્યના શિષ્ય, આચાર્યપદ યોગ્ય વ્યક્ત અથવા અવ્યક્ત થાય. ત્યાં=વ્યક્ત-અવ્યક્તમાં, ચતુર્ભંગી છે.

૧. વયથી વ્યક્ત સોળ વર્ષના છે અને શ્રુતથી વ્યક્ત ગીતાર્થ છે, એ પ્રથમ ભંગ છે.

૨. વયથી અવ્યક્ત, શ્રુતથી વ્યક્ત એ બીજો ભાંગો છે.

૩. વયથી વ્યક્ત, શ્રુતથી અવ્યક્ત=સોળ વર્ષના હોય, આચાર્યપદ યોગ્ય હોય છતાં ગીતાર્થ થયા ન હોય, એ ત્રીજો ભાંગો છે.

૪. વય અને શ્રુત ઉભયથી પણ અવ્યક્ત=સોળ વર્ષના નથી, ગીતાર્થ પણ નથી, છતાં આચાર્યપદ યોગ્ય છે, એ ચોથો ભાંગો છે.

ત્યાં બે પ્રકારના વયથી અને શ્રુતથી વ્યક્તને ઇચ્છા=અન્ય આચાર્યને ઉદ્દેશવાળી ઇચ્છા છે અથવા નથી. જ્યાં સુધી અન્ય આચાર્યને ઉદ્દેશતા નથી, ત્યાં સુધી દૂરમાં રહેલા ગુરુને=અવસન્નીભૂત આચાર્યને, સાધુ સંઘાટક મોકલીને પ્રેરણા કરે છે=આચાર્યપદને યોગ્ય એવા શિષ્ય જ્યાં સુધી અન્ય આચાર્યને ઉદ્દેશતા નથી, ત્યાં સુધી દૂરમાં રહેલા પોતાના ગુરુને સાધુ-સંઘાટક મોકલીને ફરી પૂર્વની જેમ આચાર્યપદનું પાલન કરવા પ્રેરણા કરે છે અને આસન્ન એવા ગુરુને=પોતાના સ્થાનથી નજીકમાં જ જો તે ગુરુ હોય તો તે ગુરુને સ્વયં જ પ્રેરણા કરે છે અર્થાત્ વિવેકપૂર્વક ફરી ગચ્છના પાલન અર્થે

**પ્રેરણા કરે છે. કેવી રીતે પ્રેરણા કરે છે ? તે સ્પષ્ટ કરે છે. એકાંતરિત પ્રેરણા કરે છે અથવા પાંચ દિવસના અંતમાં પ્રેરણા કરે છે અથવા પખવાડિયાના અંતમાં પ્રેરણા કરે છે અથવા ચાર માસના અંતમાં પ્રેરણા કરે છે અથવા વર્ષના અંતે પ્રેરણા કરે છે. જ્યાં સમવસરણ આદિમાં મળે છે=પોતાનો ગચ્છ કોઈક સ્થાનમાં ભગવાનની ભક્તિ આદિના પ્રસંગમાં ગયેલ હોય, તે સ્થાનમાં જ પોતાના પ્રમાદી આચાર્ય ભેગા થાય ત્યાં સ્વયં જ=આચાર્યપદયોગ્ય સાધુ સ્વયં જ, પ્રેરણા કરે છે અથવા સ્વગચ્છના અને પરગચ્છના બીજા વડે પ્રેરણા કરાવે છે અને જો સર્વથા પણ ઈચ્છતા નથી=પોતાનો અવસન્નભાવ ત્યાગ કરીને ગચ્છના પાલન માટે યત્ન કરવા પૂર્વના આચાર્ય ઈચ્છતા નથી, ત્યારે સ્વયં જ તે=આચાર્યપદયોગ્ય સાધુ, ગણને વર્તાવે છે અથવા અવસન્ન આચાર્યને પ્રતાપન અર્થે તે= આચાર્યપદ યોગ્ય સાધુ, ત્યાં જઈને કહે છે અર્થાત્ ગણના સંગ્રહ ઉપગ્રહ નિમિત્તે અન્ય આચાર્યની દિશાને=નિશ્રાને, સ્વીકારતા નથી. પરંતુ અવસન્ન આચાર્યને કંઈક ચિત્તમાં ક્ષોભ થાય તેના માટે તે આચાર્યપદયોગ્ય શિષ્ય ત્યાં જઈને કહે છે. શું કહે છે ? તે બતાવે છે. હું અન્ય આચાર્યને ઉદ્દેશ કરું છું. જો તમે આ સ્થાનથી ઉપરત નહિ થાઓ અર્થાત્ તે આચાર્યપદયોગ્ય શિષ્ય પોતાના અવસન્ન આચાર્યને કહે છે કે જો તમે સંયમની પ્રવૃત્તિમાં જે પ્રમાદ કરો છો, તેનાથી વિરામ નહિ પામો તો હું અન્ય આચાર્યની નિશ્રાને સ્વીકારું છું. તેથી=આ પ્રકારે શિષ્યએ કહ્યું તેથી, તે=અવસન્ન આચાર્ય, વિચારે. અહો ! ખેદ છે કે મારા આ શિષ્ય મારા જીવતા છતાં બીજા આચાર્યને સ્વીકારે છે. તેથી પાર્શ્વસ્થતાને હું મૂકી દઉં. જો આ રીતે=આચાર્યપદયોગ્ય શિષ્યએ ગુરુને પ્રતાપન માટે કહ્યું, એ રીતે ગૌરવથી પણ=પોતાની માનહાનિના ભયથી પણ, પાર્શ્વસ્થપણું મૂકે તો સુંદર છે. હવે, સર્વથા ઉપરત થવા માટે=પોતાની પ્રમાદ આચરણાનો ત્યાગ કરવા માટે, ઈચ્છતા નથી, તો સ્વયં જ ગચ્છાધિપતિપણારૂપે રહે છે=આચાર્યપદયોગ્ય શિષ્ય સ્વયં તે આચાર્યના સ્થાને ગચ્છના અધિપતિ થઈને ગચ્છની સારસંભાળ કરે છે. ॥૪૮॥**

**ભાવાર્થ :-**

આચાર્યયુક્ત ઉપાધ્યાય વિશિષ્ટ ચારિત્ર માટે અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે, ત્યારે પૂર્વમાં કહેલી વિધિ અનુસાર અન્ય આચાર્ય, ઉપાધ્યાયને પોતાના સ્થાન ઉપર સ્થાપન કરીને આચાર્યયુક્ત ઉપાધ્યાય વિશિષ્ટ ચારિત્ર માટે અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે અથવા આચાર્ય સહિત ઉપાધ્યાય અન્ય ગચ્છમાં ક્યારે સંક્રમણ કરે, તેના વિષયમાં ત્રણ વિકલ્પો ઉદ્ભવે છે.

(૧) પોતાના આચાર્ય પાસત્થાદિ છ ભેદવાળા શિથિલ સાધુઓ છે. તેમાંથી કોઈક પ્રકારવાળા શિથિલ થયા હોય ત્યારે તે ગચ્છમાં જે સાધુ આચાર્યપદ યોગ્ય છે. તે સાધુ ઉપાધ્યાય સહિત ગણાંતરમાં ગમન કરે. તે ગમન પૂર્વે તેમને શું શું કરવું જોઈએ ? તે પછીની ગાથાઓમાં બતાવે છે.

(૨) વળી, પોતાના આચાર્ય સંયમ જીવનથી શ્રાંત થયેલા હોય, તેથી ગૃહસ્થ થયા હોય ત્યારે પણ આચાર્યપદને યોગ્ય સાધુ ગણાંતરમાં સંક્રમણ કરે, તેની વિધિ આગળ બતાવશે.

(૩) વળી, પોતાના આચાર્ય કાળ કરી ગયા હોય ત્યારે ગચ્છમાં રહેલા આચાર્યપદ યોગ્ય સાધુ ગણાંતરમાં ગમન કરે. તેની વિધિ પણ ક્રમસર આગળ બતાવશે.

(૪) વળી, પોતાના આચાર્ય અવસન્ન થયા હોય અર્થાત્ શિથિલ થયા હોય ત્યારે તેઓની આચરણા પાસત્થાદિ છ ભેદોમાંથી કોઈક ભેદવાળી થાય છે. તે વખતે ગચ્છમાં આચાર્યપદ યોગ્ય સાધુએ શું કરવું જોઈએ ? તેની વિચારણા થાય છે અને તે વિચારણા જ સ્પષ્ટ કરતા કહે છે.

જે અવસન્ન આચાર્ય છે અથવા તો ગૃહસ્થીભૂત થયા છે અથવા કાલગત થયા છે, તેઓનો કોઈક શિષ્ય આચાર્યપદ યોગ્ય હોય તો તેને આશ્રયીને ચતુર્ભંગી થાય છે અને પોતાના ગુરુ અવસન્ન થયા છે, ત્યારે તે આચાર્યપદને યોગ્ય શિષ્ય જો વયથી વ્યક્ત હોય અને શ્રુતથી પણ વ્યક્ત હોય તો તેણે શું કરવું જોઈએ ? તે પ્રથમ બતાવે છે.

જો કે ગચ્છમાં શ્રુતથી ભણેલા અન્ય ગીતાર્થો હોય છે, વયથી પક્વ હોય છે, છતાં બધા આચાર્યપદને યોગ્ય નથી પરંતુ જે સાધુ ગચ્છને સારણા-વારણા કરીને ઉચિત અનુશાસન આપવા સમર્થ છે, તેવા સાધુ આચાર્યપદને યોગ્ય છે અને તેઓ ક્વચિત્ સોળ વર્ષના ન હોય તો વયથી અવ્યક્ત હોય અને શ્રુતથી ગીતાર્થ ન થયા હોય તો અવ્યક્ત હોય. તેને આશ્રયીને પછી વિચારણા બતાવશે. પરંતુ આચાર્યપદને યોગ્ય શિષ્ય શ્રુતથી અને વયથી વ્યક્ત હોય તો તે જ સાધુ અવસન્ન આચાર્યનું સ્થાન પ્રાપ્ત કરે છે આમ છતાં, ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરનારા તે સાધુ જ્યાં સુધી અન્ય આચાર્યની નિશ્રા ન સ્વીકારે, ત્યાં સુધી પોતાના પ્રમાદી થયેલા ગુરુને માર્ગમાં લાવવા વિવેકપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેથી શિથિલ થયેલા આચાર્ય પોતાનાથી દૂર હોય તો ગચ્છની વ્યવસ્થાનું કર્તવ્ય તે આચાર્યપદયોગ્ય શિષ્યને આધીન થાય છે. તેથી પોતાના ગચ્છમાં જે કુશળ સાધુ સંઘાટક હોય, તેમને મોકલીને પોતાના પ્રમાદી થયેલા ગુરુને ફરી માર્ગમાં લાવવા માટે અનેક પ્રકારની પ્રેરણાઓ તે આચાર્યપદને યોગ્ય સાધુ કરાવે છે. તે પ્રેરણાથી કદાચિત્ ગુરુ ઉલ્લસિત વીર્યવાળા થઈને ફરી ગચ્છનું પાલન કરે તો સુંદર થાય.

વળી, તે ગુરુ પોતે જ્યાં વિચરે છે ત્યાં આસન્ન જ છે તો પ્રાજ્ઞ એવા તે આચાર્યપદયોગ્ય શિષ્ય સ્વયં જ અનેક પ્રકારનાં ઉચિત વચનો દ્વારા ગુરુને પ્રેરણા કરે છે અને ઉચિત જણાય તો એક એક દિવસના આંતરે ફરી ફરી જઈને પ્રેરણા કરે છે. જેથી વિવેકપૂર્વકની તે શિષ્યની પ્રેરણાથી પ્રમાદી થયેલા તે આચાર્ય ફરી પણ ઉલ્લસિત વીર્યવાળા થઈને ગચ્છની ચિંતા કરનારા બને.

વળી, શિષ્યને જણાય કે એકાંતરિત જવામાં ગુરુને તે પ્રકારની અપ્રીતિ થાય છે તો પાંચ પાંચ દિવસના અંતરે કે પક્ષના અંતમાં કે ચાર માસના અંતમાં કે વર્ષના અંતમાં જે પ્રકારે અધિક લાભ જણાય તે પ્રકારે ગુરુને પ્રેરણા કરે છે અને પ્રેરણા કરતી વખતે અવસન્ન પણ તે ગુરુના પગમાં પડીને કહે કે હે નાથ ! તમારા વગર અમે અશરણ છીએ માટે કોઈક રીતે અમારી ઉપર અનુગ્રહ કરો. વળી, ગુરુ આસન્ન ન હોય ત્યારે કોઈક સમવસરણાદિમાં ગુરુની સાથે યોગ થાય અર્થાત્ કોઈક ધર્માનુષ્ઠાનમાં અનેક ગચ્છોના સાધુઓ આવેલા હોય એવા પ્રસંગે શિથિલ થયેલા ગુરુ પણ ત્યાં આવેલા હોય તો સ્વયં જ તેમને પ્રેરણા

કરે છે. પોતાની પ્રેરણાથી ફળ ન આવે તો સ્વગચ્છના કે પરગચ્છના સાધુઓ દ્વારા પ્રેરણા કરાવે છે. સર્વ પ્રકારે યત્ન કરવા છતાં પ્રમાદબાહુલ્યને કારણે તે પ્રકારનો ગુરુનો વીર્યોલ્લાસ ન થાય તો આચાર્યપદયોગ્ય સાધુ સ્વયં જ પોતાના ગણને ઉચિત અનુશાસન આપીને માર્ગમાં પ્રવર્તાવે છે.

વળી, અથવાથી કહે છે. જો તે યોગ્ય શિષ્યને જણાય કે કંઈક તેવા શબ્દોમાં કહું કે જેથી ગણ પ્રવર્તાવવા માટે ગુરુ તત્પર થાય. તેથી ગુરુને જઈને કહે છે. જો તમે આ પ્રમાદસ્થાનથી પાછા નહિ ફરો તો હું અન્ય આચાર્યનો આશ્રય કરું છું. આ પ્રકારનાં વચનોથી તે ગુરુને થાય કે મારા શિષ્યો મને છોડીને અન્ય આચાર્યને સ્વીકારે છે માટે પણ હું પ્રમાદનો ત્યાગ કરું. તેથી કષાયને વશ પ્રમાદને અભિમુખ ચિત્ત હોવા છતાં પોતાની માનહાનિના ભયથી પણ તે ગુરુ તે પ્રકારની પ્રમાદ આચરણા ત્યાગ કરે તો સુંદર છે; કેમ કે તે પ્રકારની બાહ્ય આચરણાથી ગચ્છનો વિનાશ થાય નહિ અને એક વખત માનહાનિના ભયથી પણ જો તે પ્રમાદ આચરણા દૂર થાય તો તત્ત્વને જાણનારા ગુરુ ફરી સંવેગને પામીને માર્ગમાં પણ સ્થિર થાય છે. તેથી યોગ્ય શિષ્યએ સર્વ ઉચિત પ્રયત્નો દ્વારા તેમને માર્ગમાં લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જો બલવાન પ્રમાદ આપાદક કર્મને કારણે ગુરુ તે બાહ્ય આચરણા ત્યાગ કરવા તૈયાર થાય નહિ તો આચાર્યપદયોગ્ય પ્રથમ ભંગવર્તી શિષ્ય ગચ્છના અધિપતિ થઈને રહે છે અર્થાત્ ગચ્છનું અનુપાલન કરે છે. **॥૪૭-૪૮॥**

**અવતરણિકા :-**

**गतः प्रथमो भङ्गः, द्वितीयमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રથમ ભાંગો પૂર્ણ થયો=આચાર્યપદયોગ્ય શિષ્ય અવસન્ન આચાર્યને કઈ રીતે પ્રેરણા કરીને ઉચિત કૃત્ય કરે છે ? તેને આશ્રયીને ગાથા-૪૮માં ચાર ભાંગા બતાવ્યા. તેમાં પ્રથમ ભાંગો પૂર્ણ થયો. વયથી અવ્યક્ત અને શ્રુતથી વ્યક્તરૂપ બીજા ભાંગાને કહે છે અર્થાત્ બીજા ભંગવર્તી આચાર્યપદયોગ્ય એવા શિષ્ય અવસન્ન એવા ગુરુને કઈ રીતે સ્થિર કરવા યત્ન કરે, તેને કહે છે –**

**ગાથા :-**

**सुअवत्ते वयऽवत्ते, आइरिए णोइए वऽणिच्छंते ।**
**तिग संवच्छरमद्धं, कुल गण संघे दिसाबंधो ।।४९।।**

**અન્વયાર્થ :-**

**सुअवत्ते वयऽवत्ते=શ્રુતથી વ્યક્ત અને વયથી અવ્યક્ત સાધુ આચાર્યને પ્રેરણા કર્યે છતે, व=અથવા, आइरिए णोइए=પ્રેરણા કરાયેલા આચાર્ય, ऽणिच्छंते=નહિ ઇચ્છે છતે, तिग संवच्छरमद्धं कुल गण संघे दिसाबंधो=ત્રણ વર્ષ, એક વર્ષ અને અર્ધું વર્ષ, કુલ, ગણ અને સંઘનો દિગ્બંધ કરે. ।।૪૯।।**

**ગાથાર્થ :-**

**શ્રુતથી વ્યક્ત અને વયથી અવ્યક્ત સાધુ આચાર્યને પ્રેરણા કર્યે છતે અથવા પ્રેરણા કરાયેલા આચાર્ય નહિ ઇચ્છે છતે ત્રણ વર્ષ, એક વર્ષ અને અર્ધું વર્ષ, કુલ, ગણ અને સંઘનો દિગ્બંધ કરે. ।।૪૯।।**

**ટીકા :-**

**'सुअवत्ते'त्ति । श्रुतेन व्यक्ते वयसा पुनरव्यक्ते गच्छं वर्त्तापयितुमसमर्थे अहमप्राप्तवयस्त्वेन त्वदीयं गणं सारयितुं न शक्तोऽतः सारय स्वगणमेनम्, अहं पुनरन्यस्य शिष्यो भविष्यामि, अथवाऽहमेते चान्यमाचार्यमुद्दिशाम इत्येवं नोदितेऽप्याचार्येऽनिच्छति संयमे स्थातुं 'त्रिकं' वर्षत्रयं यावत्कुले दिग्बन्धः, कुलसत्कमाचार्योपाध्यायमुद्दिशेदित्यर्थः, ततस्त्रयाणां वर्षाणां परतः सचित्तादिकं कुलाचार्यो हरतीति गणाचार्यमुद्दिशति, तत्र संवत्सरं दिग्बन्धः, ततः संवत्सरं तत्र स्थित्वा सङ्घाचार्यस्य दिग्बन्धं प्रतिपद्यार्द्धं वर्षं तत्र तिष्ठति । कुलाद् गणं गणाच्च सङ्घं सङ्क्रामन्नाचार्यमिदं भणति—यत्त्वदीयकुलाचार्या अस्माकं वर्षत्रयादूर्ध्वं सचित्तादिकं हरन्ति अतः कुलमपि नेच्छामः, यदि त्वमिदानीमपि न तिष्ठसि ततो वयं गणं सङ्घं वा व्रजाम इति ।।४९।।**

**ટીકાર્થ :-**

श्रुतेन ..... इति ।। વળી શ્રુતથી વ્યક્ત વયથી અવ્યક્ત હોતે છતે ગચ્છને વર્તાપન કરવા માટે અસમર્થમાં હું અપ્રાપ્ત વયને કારણે તમારો ગણ સારવા માટે સમર્થ નથી. આથી આ સ્વગણને તમે સારણ કરો. હું વળી, અન્યનો શિષ્ય થઈશ. આ પ્રકારે બીજા ભંગવર્તી આચાર્યપદયોગ્ય શિષ્ય ગુરુને કહે. આમ કહેવાથી તે આચાર્ય નિવર્તન ન પામે તો શું કરવું ? એથી 'અથવા'થી કહે છે. હું અને આ સાધુઓ અન્ય આચાર્યને ઉદ્દેશ કરીએ છીએ=અન્ય આચાર્યની નિશ્રા સ્વીકારીએ છીએ. આ પ્રમાણે પ્રેરણા કરાયે છતે પણ આચાર્ય સંયમમાં સ્થિર થવા માટે ઇચ્છતા નથી તો ત્રણ વર્ષ સુધી કુલમાં દિગ્બંધ કરે=પોતાના કુલ સંબંધી આચાર્ય કે ઉપાધ્યાયને ઉદ્દેશ કરે અર્થાત્ તેમની નિશ્રા સ્વીકારે. તેથી=ત્રણ વર્ષ અન્ય ગણમાં રહે તેથી, ત્રણ વર્ષ પછી સચિત્તાદિ કુલાચાર્ય હરણ કરે છે=તે ગચ્છના સાધુને જે સચિત્તાદિ પ્રાપ્ત થાય તે કુલાચાર્ય કે જેમની નિશ્રા સ્વીકારી છે તેમનું આભાવ્ય થાય છે. એથી=કુલાચાર્યનું આભાવ્ય થાય તો પોતાનો ગચ્છ સમૃદ્ધ થાય નહિ એથી, ગણાચાર્યને ઉદ્દેશ કરે છે=ત્રણ વર્ષ પછી તે આચાર્યપદ યોગ્ય સાધુ અને તે સમુદાયના અન્ય સાધુઓ ગણાચાર્યની નિશ્રામાં જાય છે. ત્યાં=ગણાચાર્યની નિશ્રામાં સંવત્સર દિગ્બંધ છે=એક વર્ષ સુધી સચિત્તાદિ ગણાચાર્યને પ્રાપ્ત થતું નથી. તેથી=સચિત્તાદિ એક વર્ષ સુધી ગણાચાર્યનું થતું નથી તેથી, એક વર્ષ ત્યાં રહીને=ગણાચાર્ય સાથે રહીને, સંઘાચાર્યના દિગ્બંધને સ્વીકારીને અર્ધું વર્ષ ત્યાં રહે છે=સંઘાચાર્ય પાસે રહે છે. કુલથી ગણમાં અને ગણથી સંઘમાં સંક્રમણ કરતા આચાર્યપદયોગ્ય

**શિષ્ય આચાર્યને આ કહે છે. શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે. જે તમારા કુલાચાર્યો ત્રણ વર્ષ પછી અમારું સચિત્તાદિ ગ્રહણ કરે છે. આથી અમે કુલને પણ ઈચ્છતા નથી. જો તમે હમણાં પણ પાસત્થાદિ ભાવોનો ત્યાગ કરીને રહેતા નથી તો અમે ગણમાં અથવા સંઘમાં જઈએ છીએ. ।।૪૯।।**

**ભાવાર્થ :–**

કોઈ ગચ્છના આચાર્ય કોઈક કર્મના દોષથી પાસત્થાદિ છ ભેદમાંથી કોઈક પરિણતિને કારણે સંયમમાં શિથિલ થયા હોય ત્યારે તે ગચ્છમાં તે આચાર્યથી જ નિષ્પન્ન થયેલ કોઈ યોગ્ય શિષ્ય આચાર્યપદને યોગ્ય હોય અને શ્રુતથી ગીતાર્થ થયેલ હોય. પરંતુ વયથી સોળ વર્ષથી નાના હોય તો ગચ્છને પ્રવર્તાવી શકે નહિ. તેથી કુશળ બુદ્ધિવાળા એવા તે શિષ્ય પોતાના ગુરુને કહે કે હું પ્રાપ્ત વયવાળો નથી. તેથી તમારા ગણનું હું સારણ કરી શકતો નથી. આથી કોઈક રીતે તમે પોતાના ગણને સારણા કરો અર્થાત્ સારણા-વારણાદિ દ્વારા માર્ગમાં પ્રવર્તાવો અને શક્તિ અનુસાર જે જે ઉપાયોથી તેમને માર્ગમાં સ્થિર કરવા યત્ન થઈ શકે, તે સર્વ યત્ન તે પ્રાજ્ઞ શિષ્ય અવશ્ય કરે; કેમ કે પોતાના ઉપકારી ગુરુને કોઈક કર્મદોષથી પ્રમાદ પ્રાપ્ત થયો હોય તોપણ વિવેકી શિષ્ય ઉચિત પ્રેરણા કરવા દ્વારા તેમને સ્થિર કરવા સર્વ યત્ન કરે અને વળી કહે કે તમે ગચ્છને સંભાળો, હું અન્યનો શિષ્ય થઈશ. આ પ્રકારે કહેવાથી ગુરુને થાય કે ભણીને સંપન્ન થયેલ શિષ્ય અન્યનો થાય છે માટે પણ મારે પ્રમાદ ત્યાગ કરવો જોઈએ.

વળી, તે પ્રકારની પ્રેરણાથી પણ ગુરુ પ્રમાદનો ત્યાગ કરવા તૈયાર ન થાય તો ગુરુને કહે કે હું અને આ તમારા અન્ય સર્વ શિષ્યો અન્ય આચાર્યની નિશ્રામાં જઈએ છીએ; કેમ કે આચાર્ય વગર ગચ્છ અનાથ છે. આ પ્રમાણે ગુરુને પ્રેરણા કરવા છતાં પણ જો આચાર્ય સંયમમાં સ્થિર થવા તત્પર થાય નહિ તો ત્રણ વર્ષ સુધી કુલ સંબંધી આચાર્યયુક્ત ઉપાધ્યાયની નિશ્રા સ્વીકારે. જેથી, તે આચાર્યપદયોગ્ય શિષ્ય અને અન્ય સાધુઓ તે કુલ સંબંધી અન્ય આચાર્યયુક્ત ઉપાધ્યાયની નિશ્રામાં રહીને ઉચિત અનુશાસન દ્વારા સંયમસ્થાનમાં સમ્યક્ પ્રવર્તે. ત્રણ વર્ષમાં જો તે આચાર્યપદયોગ્ય સાધુ વયથી વ્યક્ત થઈ જાય અને ગચ્છને પ્રવર્તાવવા સમર્થ હોય તો સ્વયં ગચ્છને પ્રવર્તાવે. ત્રણ વર્ષમાં તે આચાર્યપદયોગ્ય સાધુ વયથી વ્યક્ત ન થાય અને કુલાચાર્ય પાસે રહે તો તે ગચ્છના સાધુઓને સચિત્તાદિ જે પ્રાપ્ત થાય, તે કુલાચાર્યનું આભાવ્ય થાય. તેથી પોતાનો સમુદાય સમૃદ્ધ થઈ શકે નહિ માટે તે આચાર્યપદયોગ્ય સાધુ અને તેમના અન્ય સાધુઓ પોતાના ગુરુને કહે કે અમારું સચિત્તાદિ કુલાચાર્યનું થાય છે. તેથી અમે કુલને છોડીને ગણમાં જઈએ છીએ. તે સાંભળીને પ્રમાદને પામેલા ગુરુને થાય કે હવે મારા શિષ્યો પોતાના કુલને છોડીને અન્ય ગણમાં જાય છે. તેથી મારું ગૌરવ હણાય છે. તેમ વિચારીને પણ પ્રમાદસ્થાનનો ત્યાગ કરે તો સુંદર છે અને યોગ્ય શિષ્ય ત્યારે પણ સર્વ પ્રકારે ઉચિત પ્રેરણા ગુરુને કરે. આમ છતાં ગુરુ પ્રમાદસ્થાનને છોડવા તૈયાર થાય નહિ તો ગણમાં રહેલા અન્ય આચાર્યની નિશ્રા સ્વીકારે છે. એક વર્ષ પછી ગણના આચાર્યનું સચિત્તાદિ આભાવ્ય થાય. તેથી ફરી ગુરુને કહે કે અમારે ગણને પણ છોડીને સંઘમાં જવું પડશે માટે તમે કોઈક રીતે ગચ્છને સ્થિર કરવા યત્ન કરો. પોતાના શિષ્યો પોતાના ગણને છોડીને સંઘમાં જાય, તેનાથી પોતાનું ગૌરવ

હણાય છે, તેવું જણાવાથી પણ ગુરુ નિવર્તન પામે તો સુંદર છે અને નિવર્તન ન પામે તો સંઘમાં પણ અર્ધું વર્ષ રહે છે. તેટલા કાળમાં તે સાધુ વયથી વ્યક્ત થઈ જાય તો ગચ્છને પ્રવર્તાવવા સમર્થ બને. જો તે સાધુ વયથી વ્યક્ત બને તો શું કરવું જોઈએ, તે આગળની ગાથામાં બતાવે છે. **॥૪૯॥**

**ગાથા :-**

**एवं पि अ अणुवरए, वयवत्तो अद्धपंचमे वरिसे ।**
**सयमेव धरेइ गणं, अणुलोमेणं च सारेइ ।।५०।।**

**અન્વયાર્થ :-**

**एवं पि अ अणुवरए वयवत्तो अद्धपंचमे वरिसे=આ રીતે પણ અનુપરત હોતે છતે=ગુરુ સંયમના પ્રમાદસ્થાનથી વિરામ નહિ પામ્યે છતે, સાડા ચાર વર્ષ વડે વયથી વ્યક્ત એવા આચાર્યપદયોગ્ય સાધુ સ્વયં જ ગણને ધારણ કરે, सयमेव धरेइ गणं अणुलोमेणं च सारेइ=અને અનુલોમથી ગુરુને સારણા કરે. ।।૫૦।।**

**ગાથાર્થ :-**

**આ રીતે પણ અનુપરત હોતે છતે=ગુરુ સંયમના પ્રમાદસ્થાનથી વિરામ નહિ પામ્યે છતે, સાડા ચાર વર્ષ વડે વયથી વ્યક્ત એવા આચાર્યપદયોગ્ય સાધુ સ્વયં જ ગણને ધારણ કરે અને અનુલોમથી ગુરુને સારણા કરે. ।।૫૦।।**

**ટીકા :-**

**'एवं पि य'त्ति । 'एवमपि' कुलगणसङ्घसङ्क्रमनोदनाक्रमेणापि 'अनुपरते' अगृहीतचारित्रपरिणामे पूर्वाचार्ये सति अर्द्धपञ्चमैर्वर्षैः, सप्तम्येकवचनस्य तृतीयाबहुवचनार्थत्वात्, वयसाऽपि व्यक्तो जातः स्वयमेव गणं धारयेत् । यत्र च पूर्वाचार्यं पश्यति तत्रानुलोमवचनैस्तथैव सारयति ।।५०।।**

**ટીકાર્થ :-**

**'एवमपि' ..... सारयति ।। આ રીતે પણ=કુલ, ગણ, સંઘના ક્રમ દ્વારા પ્રેરણાના ક્રમથી પણ, 'અનુપરત' પૂર્વાચાર્ય હોતે છતે=ફરી ચારિત્રના પરિણામને અપ્રાપ્ત એવા પૂર્વાચાર્ય હોતે છતે, સાડા ચાર વર્ષથી વય દ્વારા પણ વ્યક્ત થયેલ આચાર્યપદયોગ્ય સાધુ સ્વયં જ ગણને ધારણ કરે. ગાથામાં अद्धपंचमे वरिसे સપ્તમી એકવચનનું રૂપ છે, તેનું તૃતીયા બહુવચનાર્થપણું હોવાથી ટીકામાં સાડા ચાર વર્ષથી એ પ્રકારે અર્થ કરેલ છે અને જ્યાં પૂર્વાચાર્યને જુએ છે=વ્યક્ત થયેલા ગચ્છને ધારણ કરતા આચાર્ય વિહારમાં જ્યાં પૂર્વાચાર્યને જુએ છે, ત્યાં અનુલોમ વચનોથી=મધુરભાષાથી, ગુરુને સારણા કરે છે. ।।૫૦।।**

**ભાવાર્થ :-**

આચાર્યપદયોગ્ય સાધુ ગીતાર્થ હોય છે, અલ્પ કષાયવાળા હોય છે. અત્યંત વિવેકપૂર્વક ગચ્છને અનુશાસન આપીને માર્ગમાં પ્રવર્તાવે તેવા હોય છે. આમ છતાં, વયથી અવ્યક્ત હોવાને કારણે પૂર્વની ગાથામાં કહ્યું, એ પ્રમાણે ગુરુને વારંવાર પ્રેરણા કરે છે અને કુલ, ગણ, સંઘના ક્રમથી વારંવાર પ્રેરણા કરાવવા છતાં પૂર્વના આચાર્યને જો ચારિત્રનો પરિણામ ઉલ્લસિત થાય નહિ તો વયથી વ્યક્ત થયેલા તે આચાર્યપદયોગ્ય સાધુ ગણને ધારણ કરે છે અને પોતાનો ગણ ફરી સંયમમાં સ્થિર થાય તે અર્થે જ પોતાના સચિત્તાદિના રક્ષણ અર્થે કુલ, ગણ, સંઘમાં સંક્રમણપૂર્વક સાડા ચાર વર્ષ પસાર કરે છે અને તે આચાર્ય પોતાના ગણને ધારણ કરીને માર્ગમાં પ્રવર્તાવે છે ત્યારે પૂર્વાચાર્યના ઉપકારને તે મહાત્મા ક્યારેય પણ ભૂલતા નથી. તેથી વિહારમાં તેમને ક્યાંય પણ જુએ તો અવશ્ય મધુર વચનથી ફરી પોતાના ગણને ધારણ કરવા પ્રેરણા કરે છે. **॥૫૦॥**

**ગાથા :-**

**वट्टावेउं सत्ता, जइ थेरा संति तम्मि गच्छम्मि ।**
**दुहओ वत्तसरिसओ, णेओ गमओ तया तस्स ।।५१।।**

**અન્વયાર્થ :-**

**जइ=જો, तम्मि गच्छम्मि=તે ગચ્છમાં, थेरा संति वट्टावेउं सत्ता=સ્થવિરો વર્તાવવા માટે=ગચ્છને પ્રવર્તાવવા માટે, સમર્થ છે, तया=તો, तस्स=તેમનો=વયથી અવ્યક્ત આચાર્યપદયોગ્ય સાધુનો, वत्तसरिसओ=વ્યક્ત સદૃશ, दुहओ=બે પ્રકારનો, गमओ=ગમ, णेओ જાણવો. ।।૫૧।।**

**ગાથાર્થ :-**

**જો તે ગચ્છમાં સ્થવિરો વર્તાવવા માટે=ગચ્છને પ્રવર્તાવવા માટે સમર્થ છે તો તેમનો=વયથી અવ્યક્ત આચાર્યપદયોગ્ય સાધુનો, વ્યક્ત સદૃશ બે પ્રકારનો ગમ જાણવો=ગચ્છનું પ્રવર્તન અને સૂત્રાર્થ દાનરૂપ વ્યક્ત સદૃશ બે પ્રકારનો માર્ગ જાણવો. ।।૫૧।।**

**ટીકા :-**

**'वट्टावेउं'ति । यदि तस्मिन् गच्छे स्थविरा गच्छं वर्त्तापयितुं शक्ताः सन्ति ततः कुलगणसङ्घेषु नोपतिष्ठते किन्तु स स्वयं सूत्रार्थौ शिष्याणां ददाति, स्थविरास्तु तं गच्छं परिवर्त्तयन्ति । एवं च तदा तस्य श्रुतव्यक्तस्य द्विधा व्यक्तसदृशो गमो भवति ज्ञेयः ।।५१।।**

**ટીકાર્થ :-**

**यदि ..... ज्ञेयः ।। જો તે ગચ્છમાં સ્થવિરો ગચ્છને પ્રવર્તાવવા સમર્થ છે તો કુલ, ગણ, સંઘમાં તેઓ ઉપસ્થિત થતા નથી=તેમની નિશ્રા સ્વીકારતા નથી. પરંતુ તે=આચાર્યપદયોગ્ય શ્રુતથી વ્યક્ત**

**અને વયથી અવ્યક્ત એવા તે સાધુ, સ્વયં શિષ્યોને સૂત્રાર્થ આપે છે. વળી, સ્થવિરો તે ગચ્છને પ્રવર્તાવે છે અને આ રીતે ત્યારે=જ્યારે સ્થવિરો ગચ્છ પ્રવર્તાવે છે ત્યારે, તેમનો=શ્રુતથી વ્યક્ત, વયથી અવ્યક્ત એવા આચાર્યપદયોગ્ય સાધુનો, વ્યક્ત સદૃશ બે પ્રકારનો ગમ જ્ઞેય થાય છે=પ્રથમ ભાંગાવાળા વય અને શ્રુતથી વ્યક્ત આચાર્યપદયોગ્ય સાધુ સદૃશ બે પ્રકારનો માર્ગ જ્ઞાતવ્ય થાય છે. ।।૫૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં આચાર્યપદયોગ્ય બીજા ભંગવર્તી સાધુએ ગુરુ પ્રમાદી થયા હોય તો શું કરવું જોઈએ તે બતાવ્યું અને તેમાં કુલ ગણ, સંઘમાં કઈ રીતે સંક્રમણ કરે છે ? તે બતાવ્યું અને પ્રસંગે પ્રસંગે પૂર્વાચાર્યને કઈ રીતે પ્રેરણા કરે છે તે બતાવ્યું. ત્યાં જો તે ગચ્છમાં સ્થવિરો ગણને પ્રવર્તાવવા માટે સમર્થ ન હોય તો કુલ, ગણાદિનું સંક્રમણ કરે. પરંતુ જો તે ગચ્છના ગીતાર્થ સ્થવિરો જ્યાં સુધી આચાર્યપદયોગ્ય સાધુ વયથી વ્યક્ત ન થાય ત્યાં સુધી તે ગચ્છને માર્ગમાં પ્રવર્તાવવા સમર્થ હોય તો તે આચાર્યપદયોગ્ય સાધુ શિષ્યોને સૂત્રાર્થ આપે અને ગીતાર્થ સ્થવિરો તે ગચ્છને સારણાદિ દ્વારા ઉચિત કૃત્યોમાં પ્રવર્તાવે. આમ છતાં તે સ્થવિરો સારણાદિ દરેક પ્રસંગોમાં વયથી અવ્યક્ત આચાર્યપદયોગ્ય શિષ્યને અવશ્ય ઉચિત પૃચ્છા કરે છે. આથી જ, ગાથામાં કહે છે કે સ્થવિરો ગચ્છને પ્રવર્તાવે છે, ત્યારે પણ શ્રુતથી વ્યક્ત અને વયથી અવ્યક્ત આચાર્યનો માર્ગ વ્યક્ત સદૃશ જ છે અર્થાત્ જે રીતે વય અને શ્રુતથી વ્યક્ત નવા આચાર્ય ગચ્છને પ્રવર્તાવે છે, તે રીતે જ આ પણ આચાર્ય પ્રવર્તાવે છે. **।।૫૧।।**

**અવતરણિકા :-**

**गतो द्वितीयो भङ्गः । अथ तृतीयभङ्गमाह –**

**અવતરણિકાર્થ :-**

**દ્વિતીય ભંગ પૂર્ણ થયો=આચાર્ય અવસન્ન થયા હોય ત્યારે આચાર્યપદયોગ્ય શિષ્યને આશ્રયીને કર્તવ્ય વિષયક ચાર ભાંગા બતાવ્યા. તેમાંથી બીજા ભાંગામાં રહેલા શિષ્યએ શું કરવું જોઈએ ? તેનું કથન પૂર્ણ થયું. હવે, ત્રીજા ભાંગાને કહે છે –**

**ગાથા :-**

**वत्तवओ उ अगीओ, थेराणं अंतिअम्मि गीआणं ।**
**पढइ अभावे तेसिं, गच्छइ अण्णत्थ चोइंतो ।।५२।।**

**અન્વયાર્થ :-**

**गीआणं=ગીતાર્થ એવા, थेराणं=સ્થવિરોની, अंतिअम्मि=પાસે, अगीओ=અગીતાર્થ એવા આચાર્યપદયોગ્ય સાધુ, पढइ=ભણે છે, वत्तवओ उ=વળી, પ્રવર્તાવે છે=ગચ્છને પ્રવર્તાવે છે, अभावे तेसिं=તેઓના**

**અભાવમાં=ગીતાર્થ સ્થવિરોના અભાવમાં, अण्णत्थ=અન્ય ગચ્છમાં, चोइंतो=પ્રેરણા કરતાં=અવસન્ન આચાર્યને પ્રેરણા કરતા, गच्छइ=જાય છે. ।।પર।।**

**ગાથાર્થ :-**

**ગીતાર્થ એવા સ્થવિરોની પાસે અગીતાર્થ એવા આચાર્યપદયોગ્ય સાધુ ભણે છે. વળી, પ્રવર્તાવે છે=ગચ્છને પ્રવર્તાવે છે, તેઓના અભાવમાં=ગીતાર્થ સ્થવિરોના અભાવમાં, પ્રેરણા કરતાં=અવસન્ન આચાર્યને પ્રેરણા કરતા, અન્ય ગચ્છમાં જાય છે. ।।પર।।**

**ટીકા :-**

**'वत्तवओ उ'त्ति । योऽसौ वयसा व्यक्तः परमगीतार्थस्तस्य च गच्छे स्थविरा गीतार्थाः सन्ति तदा स तेषामन्तिके पठति गच्छमपि परिवर्त्तयति, अवसन्नाचार्यं चान्तराऽन्तरा नोदयति, एवं नोदयंस्तेषां स्थविरगीतार्थानामभावे गणं गृहीत्वाऽन्यत्र गच्छति ।।५२।।**

**ટીકાર્થ :-**

**योऽसौ ..... गच्छति ।। જે આ આચાર્યપદયોગ્ય સાધુ વયથી વ્યક્ત છે. પરંતુ અગીતાર્થ છે= શ્રુતથી અવ્યક્ત છે અને તેના ગચ્છમાં=તે આચાર્યના ગચ્છમાં, સ્થવિરો ગીતાર્થ છે તો તે=આચાર્યપદયોગ્ય સાધુ, તેઓની પાસે=સ્થવિર ગીતાર્થો પાસે, ભણે છે, ગચ્છને પણ પ્રવર્તાવે છે અને વચવચમાં પ્રમાદી થયેલા આચાર્યને પ્રેરણા કરે છે. આ રીતે પ્રેરણા કરતાં તે=આચાર્યપદ યોગ્ય સાધુ, તે સ્થવિર ગીતાર્થોનો અભાવ હોતે છતે ગણને ગ્રહણ કરીને અન્ય ગચ્છમાં જાય છે. ।।પર।।**

**ભાવાર્થ :-**

અત્યંત ઉચિત પ્રવૃત્તિ યોગમાર્ગ છે અને તે ઉચિત પ્રવૃત્તિ સ્વમતિથી ઉત્પ્રેક્ષિત ઉચિત બનતી નથી. પરંતુ સર્વજ્ઞના વચનથી નિયંત્રિત ઉચિત બને છે. અન્યથા સ્થૂલ બુદ્ધિથી ઉચિત જણાતી હોય તોપણ સર્વજ્ઞને અપરતંત્ર હોવાના અધ્યવસાયને કારણે મલિનતાનું જ કારણ બને છે. આથી કોઈ ગચ્છમાં કોઈક આચાર્ય શિથિલ થયા હોય તેમના શિષ્યોમાં કોઈક મેધાવી શિષ્ય આચાર્યપદયોગ્ય હોય, વયથી સોળ વર્ષથી ઉપરના છે, તેથી વ્યક્ત છે. પરંતુ છેદ-સૂત્રાદિના પરમાર્થને સ્પર્શે તેવો બોધ નહિ થયેલો હોવાથી અગીતાર્થ છે છતાં ગચ્છમાં સ્થવિર ગીતાર્થો છે તો તે આચાર્યપદયોગ્ય સાધુ તેઓની પાસે સૂત્રો ભણે છે અને સ્થવિરોની સાથે ઉચિત વિચારણા કરીને ગચ્છનું પ્રવર્તન કરે છે અને પોતાના આચાર્ય સંયમમાં શિથિલ થયેલા છે, તેઓને પ્રસંગે પ્રસંગે પ્રેરણા કરે છે. તેથી તે ગુરુ સ્થિર થઈને ફરી ગચ્છને પ્રવર્તાવે. આ રીતે તે આચાર્યપદયોગ્ય સાધુ ગુરુને પ્રેરણા કરે છે છતાં પોતાના ગચ્છમાં સ્થવિર ગીતાર્થો ન હોય તો સ્વમતિથી ગચ્છને પ્રવર્તાવતા નથી, પરંતુ પોતાના સાધુના સમુદાયને ગ્રહણ કરીને અન્ય આચાર્યના ગચ્છમાં જાય છે. જો અન્ય ગચ્છમાં ન જાય અને પોતાના ગચ્છને પ્રવર્તાવવાની શક્તિ છે, એમ વિચારીને

સ્વમતિથી ગચ્છનું સંચાલન કરે તો તે આચાર્યપદયોગ્ય પણ સાધુ વિરાધક થાય. આથી જ પોતે ગીતાર્થ ન હોય અને ગચ્છમાં સ્થવિર ગીતાર્થ ન હોય તો તે ગચ્છ ગીતાર્થોના અનુશાસન વગરનો થવાથી વિનાશ પામે છે માટે ભગવાનની આજ્ઞાને પ્રમાણ સ્વીકારનાર ત્રીજા ભંગવર્તી સાધુ અવશ્ય અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે. **॥૫૨॥**

**અવતરણિકા :-**

**गतस्तृतीयो भङ्गः । अथ चतुर्थभङ्गमाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્રીજો ભાંગો પૂર્ણ થયો અર્થાત્ પોતાના ગચ્છના આચાર્ય શિથિલ થયા હોય તો આચાર્યપદયોગ્ય સાધુએ શું કરવું જોઈએ ? તેને આશ્રયીને ગાથા-૪૮માં ચાર ભાંગા બતાવ્યા. તેમાં ત્રીજો ભાંગો પૂર્ણ થયો. હવે, ચોથા ભાંગાને કહે છે –**

**ગાથા :-**

**वट्टावगाणऽभावे, उभयावत्तो उ अण्णमुद्दिसइ ।**
**संविग्गागीअत्थण्णयरुद्देसम्मि चउगुरुगा ।।५३।।**

**અન્વયાર્થ :-**

**वट्टावगाणऽभावे=વર્તાપકના અભાવમાં=ગચ્છને અનુશાસન આપવામાં સમર્થ સાધુના અભાવમાં, उ=વળી, उभयावत्तो=ઉભયથી અવ્યક્ત=આચાર્યપદ યોગ્ય વય અને શ્રુતથી અવ્યક્ત, સાધુ, अण्णमुद्दिसइ અન્યને ઉદ્દેશે છે=અન્ય ગચ્છનો આશ્રય કરે છે, संविग्गागीअत्थण्णयरुद्देसम्मि चउगुरुगा=અસંવિગ્ન અગીતાર્થ અન્યતરના ઉદ્દેશકમાં ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત છે. ।।૫૩।।**

**ગાથાર્થ :-**

**વર્તાપકના અભાવમાં=ગચ્છને અનુશાસન આપવામાં સમર્થ સાધુના અભાવમાં, વળી ઉભયથી અવ્યક્ત=આચાર્યપદયોગ્ય વય અને શ્રુતથી અવ્યક્ત, સાધુ અન્યને ઉદ્દેશે છે=અન્ય ગચ્છનો આશ્રય કરે છે. અસંવિગ્ન અગીતાર્થ અન્યતરના ઉદ્દેશકમાં ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત છે. ।।૫૩।।**

**ટીકા :-**

**'वट्टावगाण'त्ति । यः पुनः 'उभयाव्यक्तः' श्रुतेन वयसा चाव्यक्तस्तस्य यदि स्थविराः पाठयितारो विद्यन्तेऽपरे च गच्छवर्त्तापकास्ततोऽसावपि नान्यमुद्दिशति, 'वर्त्तापकानां' स्थविराणामभावे च नियमादन्यमुद्दिशति । एतद्भङ्गचतुष्टयान्यतरवर्त्ती अन्यमाचार्यमुद्दिशन् यद्यसंविग्नागीतार्थान्यतरं=**

संविग्नमगीतार्थमसंविग्नं गीतार्थसंविज्ञाम गीतार्थं वा उद्दिशति तदा चतुर्गुरुकप्रायश्चित्तम् । अत्र च "सत्तरत्तं तवो होई" इत्यादिना प्रायश्चित्तवृद्धिरपि द्वितीयोल्लासोक्तक्रमेण ज्ञातव्या ।।५३।।

**ટીકાર્થ :-**

**यः पुनः ..... ज्ञातव्या ।। વળી, જે સાધુ ઉભયથી અવ્યક્ત છે=શ્રુતથી અને વયથી અવ્યક્ત છે, છતાં આચાર્યપદને અનુકૂળ કુશળતા છે, વ્યક્ત થાય તેવા છે, તેમને જો ભણાવનારા સ્થવિરો વિદ્યમાન છે અને અપર ગચ્છને વર્તાવનારા વિદ્યમાન છે=જ્યાં સુધી આચાર્યપદયોગ્ય સાધુ શ્રુતથી અને વયથી વ્યક્ત ન થાય ત્યાં સુધી ગચ્છને સારણાવારણા કરી માર્ગમાં પ્રવર્તાવે તેવા સાધુ છે તો આ પણ=ચતુર્થ ભંગવર્તી આચાર્યપદયોગ્ય સાધુ પણ, અન્યનો ઉદ્દેશ કરતા નથી અને વર્તાપક એવા સ્થવિરોનો અભાવ હોતે છતે=તે ગચ્છમાં પાઠ ભણાવનારા ગીતાર્થ સ્થવિરો હોવા છતાં ગચ્છને સારણા-વારણા દ્વારા મોક્ષપથમાં પ્રવર્તાવવામાં સમર્થ એવા સ્થવિરોનો અભાવ હોતે છતે, નિયમથી અન્યનો ઉદ્દેશ કરે છે=ચતુર્થ ભંગવર્તી આચાર્યપદયોગ્ય સાધુ નિયમથી પોતાના ગણને ગ્રહણ કરીને અન્ય આચાર્યની નિશ્રા સ્વીકારે છે. આ ભંગચતુષ્ટય અન્યતરવર્તી=આચાર્યપદયોગ્ય સાધુને આશ્રયીને જે ચાર ભાંગા બતાવ્યા તેમાંથી કોઈ પણ ભાંગાવર્તી સાધુ અન્ય આચાર્યનો ઉદ્દેશ કરતાં=ભગવાનના વચનનું સ્મરણ કરીને તે પ્રકારના સંયોગને કારણે અન્ય ગચ્છમાં જવું ઉચિત હોય ત્યારે અન્ય આચાર્યની નિશ્રા સ્વીકારતાં જો અસંવિગ્ન અગીતાર્થ અન્યતરને અર્થાત્ સંવિગ્ન અગીતાર્થને, અસંવિગ્ન ગીતાર્થને અથવા અસંવિગ્ન અગીતાર્થને ઉદ્દેશ કરે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને અહીં "સાત રાત્રિ તપ થાય છે" ઈત્યાદિ દ્વારા બીજા ઉલ્લાસમાં કહેવાયેલા ક્રમથી પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ પણ જાણવી. ।।૫૩।।**

**ભાવાર્થ :-**

કોઈ આચાર્ય પ્રમાદવશ શિથિલ થયા હોય અને તે ગચ્છમાં આચાર્યપદયોગ્ય કોઈ સાધુ હોય, છતાં તે સાધુ શ્રુત ભણીને વ્યક્ત થયેલા ન હોય અર્થાત્ ગીતાર્થ થયેલા ન હોય અને વયથી પણ અવ્યક્ત હોય, ત્યારે તે ગચ્છમાં અન્ય સ્થવિર ગીતાર્થો હોય તો તે આચાર્યપદયોગ્ય શિષ્યને છેદગ્રંથો ભણાવીને ગીતાર્થ કરવા યત્ન કરે અને જ્યાં સુધી તે આચાર્યપદયોગ્ય સાધુ ગીતાર્થ ન થાય ત્યાં સુધી ગચ્છને સારણા-વારણા દ્વારા મોક્ષમાર્ગમાં પ્રવર્તાવનાર કોઈક સાધુઓ તે ગચ્છમાં હોય અર્થાત્ તે ગચ્છમાં કોઈ એક સાધુ સમર્થ ન હોય તોપણ ત્રણ ચાર સાધુ ભેગા થઈને કિંચિત્કાળ ગચ્છને પ્રવર્તાવવા સમર્થ હોય તો તે આચાર્યપદયોગ્ય સાધુ અન્ય ગચ્છમાં જતા નથી, પરંતુ શાસ્ત્ર ભણીને શ્રુત અને વયથી વ્યક્ત થવા પ્રયત્ન કરે છે અને વ્યક્ત થયા પછી તે ગચ્છને પ્રવર્તાવે અને ત્યાં સુધી વચવચમાં ત્રીજા ભાંગામાં કહ્યું, એ રીતે અતિવિવેકપૂર્વક શિથિલ થયેલા પોતાના ગુરુને પ્રેરણા કરે છે.

વળી, પોતાના ગચ્છમાં ઉચિત અનુશાસન દ્વારા ગચ્છને પ્રવર્તાવવામાં સમર્થ સ્થવિરો ન હોય તો

આચાર્યપદ યોગ્ય એવા તે અવ્યક્ત સાધુ પોતાના ગણને ગ્રહણ કરીને અન્ય આચાર્યની નિશ્રા સ્વીકારે છે; કેમ કે ગુરુ વગર અનાથ થયેલો તે સાધુનો સમુદાય પણ આચાર્યપદયોગ્ય શિષ્યથી જ ઉચિત પ્રવૃત્તિ કરવા સમર્થ બને નહીં. જ્યાં સુધી તે આચાર્યપદયોગ્ય સાધુ વ્યક્ત થાય નહીં. તેથી તે આચાર્યપદયોગ્ય સાધુ પણ જિનવચનનું સ્મરણ કરીને અન્ય કોઈ સંવિગ્ન ગીતાર્થ આચાર્યની નિશ્રા સ્વીકારે છે.

વળી, પૂર્વમાં કહેલા ચારેય ભાંગાવર્તી સાધુમાંથી કોઈ પણ સાધુને અન્ય આચાર્યને સ્વીકારવાનો પ્રસંગ હોય ત્યારે સંવિગ્ન ગીતાર્થની જ અવશ્ય નિશ્રા કરે. આમ છતાં, કોઈ પ્રમાદવશ કે કોઈક કષાયવશ આચાર્યપદયોગ્ય સાધુ પણ અસંવિગ્ન કે અગીતાર્થમાંથી કોઈનો પણ આશ્રય કરે તો આશ્રય કરતાની સાથે જ ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. વળી, પાપભીરુ એવા તે સાધુ આ ગચ્છ સંવિગ્ન છે અને ગીતાર્થ છે, એવો નિર્ણય કરીને તે ગચ્છમાં ગયા હોય ત્યારે ગચ્છમાં આવનારા સાધુ અને નિશ્રા આપનાર આચાર્ય તે બંનેની પરસ્પર પરીક્ષા કરાય છે, એ પ્રકારે પંચવસ્તુક ગ્રંથમાં કહેલ છે. તેથી જો તે આચાર્યપદયોગ્ય શિષ્યને જણાય કે આ ગચ્છમાં સર્વ ક્રિયાઓ સંવેગપૂર્વક કરાતી નથી અથવા ગચ્છના આચાર્ય ગીતાર્થ નથી તો તેમની નિશ્રા સ્વીકારે નહિ. આમ છતાં, યોગ્ય પણ જીવને પ્રમાદ અને કષાયને વશ વિપરીત પ્રવૃત્તિ થાય છે, ત્યારે અસંવિગ્ન અને અગીતાર્થમાંથી અન્યતર કોઈ ગચ્છનો આશ્રય કર્યો હોય તો આશ્રય કરતાની સાથે તે આચાર્યપદ યોગ્ય સાધુને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને અન્ય ગચ્છનો આશ્રય કર્યા પછી તે ગચ્છનો ત્યાગ કરે તો અધિક પ્રાયશ્ચિત્ત થાય નહિ અને જો સાત રાત્રિ સુધી આશ્રય કરે તો તપ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને તેનાથી અધિક તે ગચ્છમાં રહે તો બીજા ઉલ્લાસમાં ગાથા-૬૯માં બતાવેલ ક્રમથી પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ થવાથી અંતે મૂલ પ્રાયશ્ચિત્તની પણ પ્રાપ્તિ થાય છે. તેથી, ઘણા ગુણોથી યુક્ત પણ તે આચાર્યપદ યોગ્ય સાધુ કોઈક પ્રમાદદોષથી તેવા ગચ્છમાં રહે તો પોતાના સર્વ સંયમનો નાશ પણ કરે છે. ॥૫૩॥

**ગાથા :-**

**छट्ठाणविरहिअं पि हु, संविग्गं काहिआइदोसजुअं ।**
**सेवंते आणाई चउरो अ तहा अणुग्घाया ।।५४।।**

**અન્વયાર્થ :-**

**छट्ठाणविरहिअं पि हु संविग्गं काहिआइदोसजुअं सेवंते=છ સ્થાનથી વિરહિત પણ કાથિકાદિ દોષયુક્ત એવા સંવિગ્ન સાધુને સેવન કરે=ગચ્છાંતરમાં જવાના અર્થી સાધુ તેવા આચાર્યની નિશ્રાને સ્વીકારે, आणाई चउरो अ तहा अणुग्घाया=આજ્ઞાદિ દોષો અને ચાર માસ અનુદ્ઘાત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. ।।૫૪।।**

**ગાથાર્થ :-**

**છ સ્થાનથી વિરહિત પણ કાથિકાદિ દોષયુક્ત એવા સંવિગ્ન સાધુને સેવન કરે=ગચ્છાંતરમાં**

**જવાના અર્થી સાધુ તેવા આચાર્યની નિશ્રાને સ્વીકારે તો આજ્ઞાદિ દોષો અને ચાર માસ અનુદ્ઘાત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. ।।૫૪।।**

**ટીકા :-**

**'छट्ठाण'त्ति । षट्स्थानानि-पार्श्वस्थावसन्नकुशीलसंसक्तयथाच्छन्दनित्यवासिलक्षणानि तैर्विरहितमपि 'संविग्नं' गीतार्थं काथिकादिदोषयुक्तं 'सेवमाने' उपसंपद्यमाने चत्वारो मासा अनुद्घाता आज्ञादयश्च दोषाः । तत्र काथिकादयश्चत्वारः, काथिकदार्शनिकमामकसंप्रसारकभेदात्, एतेषां च स्वरूपमित्थं प्रकल्पाध्ययनेऽभिहितम् (निशीथभाष्य-गाथा ४३५३-४३६२ सह चूर्णिः) –**

सज्झायादिकरणिज्जे जोगे मोत्तुं जो देसकालादिकहाओ कहेइ सो काहिओ–

'आहारादीणट्ठा, जसहेउं अहव पूअणनिमित्तं ।
तक्कम्मो जो धम्मं, कहेइ सो काहिओ होइ ।।१।।'

'धम्मकहं पि जो करेइ आहारादिणिमित्तं वत्थपायादिणिमित्तं जसत्थी वा वंदणादिपूआणिमित्तं वा सुत्तत्थपोरसिमुक्कवावारो अहो अ राओ अ धम्मकहादिपढणकहणलग्गो ।' तदेवास्य केवलं कर्म तत्कर्मा एवंविधः काथिको भवति,' चोअग आह–'नणु सज्झाओ पंचविहो वायणादिगो, तस्स पंचमो भेदो धम्मकहा, तेण भव्वसत्ता पडिबुज्झंति, तित्थे अ अवुच्छित्ती पभावणा य भवति अतो ताओ णिज्जरा चेव भवति, कहं काहिअत्तं पडिसिज्झइ ? ।' आचार्य आह–

कामं खलु धम्मकहा, सज्झायस्सेव पंचमं अंगं ।
अवुच्छित्ती य तओ, तित्थस्स पभावणा चेव ।।१।।

पूर्वाभिहितनोदकानुमते कामशब्दः, खलुशब्दोऽवधारणार्थे, किमवधारयति ? इमं सज्झायस्स पंचमं चेव अंगं धम्मकहा, जइ अ एवं–

'तह वि य न सव्वकालं, धम्मकहा जीइ सव्वपरिहाणी ।
नाउं च खित्तकालं, पुरिसं च पवेदए धम्मं ।।१।।'

सव्वं कालं धम्मो न कहेअव्वो, जओ पडिलेहणाइसंजमजोगाणं सुत्तत्थपोरिसीण य आयरियगिलाणमादि-किच्चाण य परिहाणी भवइ, अतो न काहिअत्तं कायव्वं, जया पुण धम्मं कहेइ तया णाउं साहुसाहुणीण य बहुगच्छुवग्गहं खित्तं ति, ओमकाले बहूणं साहुसाहुणीणं उवग्गहकरा इमे दाणसड्ढादी भविस्संति त्ति धम्मं कहेइ, रायादिपुरिसं वा नाउं कहिज्जा, महाकुले वा इमेण इक्केण उवसंतेणं बहु उवसमंतीति कहिज्जा । जणववहारेसु नडनट्टादिसु वा जो पेक्खणं करेइ सो पासणिओ–

'लोइअववहारेसुं, लोइअसत्थादिएसु कज्जेसु ।
पासणिअत्तं कुणई, पासणिओ सो उ णायव्वो ।।१।।'

**'लोइअववहारेसुं'ति, अस्य व्याख्या—**

'साहारणे विरेगे, साहइ पुत्तपडए अ आहरणं ।
दुण्ह य इक्को पुत्तो, दुन्नि अ महिलाओ एगस्स ।।१।।'

दुण्हं सामन्नं—साधारणं तस्स विरेगो—विभयणं तत्थन्ने पासणिया छेत्तुमसमत्था सो भावत्थं णाउं छिंदति, कहं ? इत्थ उदाहरणं भन्नति—एगस्स वणिअस्स दो महिलाओ, तत्थेगाए पुत्ते एअं उदाहरणं नमुक्कारणिज्जुत्तीए पगडं, आहरणं पि जहा तत्थेव । एवं अन्नेसु बहुसु लोगववहारेसु पासणिअत्तं करेइ छिंदति वा ।

'लोइयसत्थादिएसु'त्ति, अस्य व्याख्या—

'छंदणिरुत्तं सद्दं, अत्थं वा लोइआण सत्थाणं ।
भावत्थं च पसाहइ, छलिआई उत्तरे सउणे ।।१।।'

छंदादिआणं लोगसत्थाणं सुत्तं कहेइ अत्थं वा, अहवा अत्थं सेतुमादिआणं बहूणं कव्वाणं कोडिल्लयाण य वेसिअमादिआण य भावत्थं पसाहइ, छलिअं सिंगारकहा थीवण्णगादी । 'उत्तरे'त्ति ववहारे उत्तरं सिक्खवेइ, अहवा उत्तरे वि सउणकहादीणि कहइ ।

ममीकारं करंतो मामओ—

'आहारउवहिदेहे, वीआरविहारवसहिकुलगामे ।
पडिसेहं च ममत्तं, जो कुणई मामगो सो उ ।।१।।'

उवगरणादिसु जहासंभवं पडिसेहं करेइ मा मम उवगरणं कोइ गिण्हइ, एवं अन्नेसु वि वीआरविहारभूमिमादिएसु पडिसेहं सगच्छपरगच्छयाणं वा करेइ, आहारादिएसु चेव सव्वेसु ममत्तं करेइ भावपडिबंधं एवं करिंतो मामओ भवति । विविधदेसगुणेहिं पडिबद्धो मामओ इमो—

'अह जारिसओ देसो, जे अ गुणा इत्थ सस्सगोणादी ।
सुंदरअभिजायजणो, ममाइ णिक्कारणा वदति ।।१।।'

'अह' त्ति अयं जारिसो देसो रुक्खवावीसरतलागोवसोभिओ एरिसो अन्नो नत्थि सुहविहारो, सुलभवसहिभत्तोवगरणादिआ य बहुगुणा सालिक्खुमादिआ य बहुसस्सा णिप्पज्जंति, गोमहिसपउरत्तणओ अ पउरगोरसं, सरीरवत्थादिएहिं सुंदरो जणो, अभिजायत्तणओ अ कुलीणा न साहुमुवद्दवकारी, एमादीहिं गुणेहिं भावपडिबद्धो निक्कारणओ वा वयति—प्रशंसतीत्यर्थः । गिहीण कज्जाणं गुरुलाघवेणं संपसारंतो संपसारओ—

'अस्संजयाण भिक्खू, कज्जेसु असंजमप्पवत्तेसु ।
जो देई सामत्थं, संपसारो उ णायव्वो ।।१।।'

जे भिक्खू असंजयाणं असंजमकज्जपवत्ताणं पुच्छंताणं अपुच्छंताणं वा सामत्थयं देइ, मा एवं इमं वा करेहि

इत्थ बहुदोसा जहा हं भणामि तहा करेसि त्ति, एवं करिंतो संपसारओ भवति । ते अ इमे असंजमकज्जा–

'गिहिनिक्खमणपवेसे, आवाहविवाहविक्कयकए वा ।

गुरुलाघवं कहंतो, गिहिणो खलु संपसारीओ ।।१।।'

गिहीणं असंजयाणं गिहाओ दिसिजत्ताए वा निग्गमयं देइ, जत्ताओ वा आगच्छंतस्स पवेसं देइ, आवाहो बिट्टिआलंभणयं सुहं दिवसं कहेइ, मा वा एअस्स देहि इमस्स वा देहि, विवाहपडलमाइएहिं जोइसगंथेहिं विवाहवेलं देइ, अग्घकंडमादिएहिं गंथेहिं इमं दव्वं विक्किणाहि इमं वा किणाहि, एवमादिसु कज्जेसु गिहीणं गुरुलाघवं कहिंतो संपसारत्तणं पावइ'**त्ति ।।५४।।**

**ટીકાર્થ :-**

**षट्स्थानानि ..... पावइ'त्ति ।। પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત, યથાછંદ, નિત્યવાસી લક્ષણ છ સ્થાનો છે. તેનાથી વિરહિત પણ કાથિકાદિ દોષયુક્ત સંવિગ્ન ગીતાર્થને સેવતા=તેવા આચાર્યની ઉપસંપદા સ્વીકારતા તે આચાર્યપદયોગ્ય સાધુને અનુદ્ઘાત ચાર માસનું પ્રાયશ્ચિત્ત આવે છે અને આજ્ઞાદિ દોષો પ્રાપ્ત થાય છે. ત્યાં=કાથિકાદિ દોષવાળામાં, કાથિક, દાર્શનિક, મામક, સંપ્રસારકના ભેદથી કાથિકાદિ ચાર છે; અને આમનું સ્વરૂપ=કાથિકાદિ દોષવાળા સાધુઓનું સ્વરૂપ, પ્રકલ્પ અધ્યયનમાં આ પ્રમાણે=આગળમાં બતાવે છે એ પ્રમાણે, કહેવાયું છે.**

સ્વાધ્યાયાદિ કરણીય યોગોને છોડીને જે સાધુ દેશકાલાદિની કથાઓને કહે છે, તે કાથિક છે. આહારાદિ અર્થે, યશના હેતુ અથવા પૂજા નિમિત્તે તત્કરણવાળા જે સાધુ ધર્મને કહે છે, તે કાથિક છે.

**'આહારાદિ નિમિત્તે, વસ્ત્ર-પાત્રાદિ નિમિત્તે, યશ અર્થે અથવા વંદન-પૂજનાદિ નિમિત્તે, સૂત્રાર્થ પોરિસિના મુક્ત વ્યાપારવાળા દિવસ અને રાત ધર્મકથાદિ પઠન-કથનમાં લાગેલા જે સાધુ ધર્મકથાને પણ કરે છે.' તે જ આનું=કાથિકનું, કેવલ કર્મ છે=ધર્મકથા કરવી એ જ કેવલ કર્મ છે. તત્કર્મવાળા એવા પ્રકારના કાથિક હોય છે. શંકાકાર કહે છે. 'પાંચ પ્રકારનો સ્વાધ્યાય વાચનાદિક છે. તેનો પાંચમો ભેદ ધર્મકથા છે. તેનાથી ભવ્ય જીવો પ્રતિબોધ પામે છે. તીર્થમાં અવ્યવચ્છેદ અને પ્રભાવના થાય છે=ધર્મકથાથી તીર્થની વૃદ્ધિ થવાને કારણે તીર્થનો વ્યવચ્છેદ થતો નથી અને શાસનની પ્રભાવના થાય છે. આથી તેનાથી=ધર્મકથાથી, નિર્જરા જ થાય છે. કાથિકને કેમ પ્રતિષેધ કરાય છે ?=કાથિક આચાર્યના ગચ્છમાં પ્રવેશનો નિષેધ કેમ કરાય છે ?' આચાર્ય કહે છે=પૂર્વપક્ષીની શંકામાં ઉત્તર આપે છે. 'કામ=તમારું કથન અમને અનુરૂપ છે' ધર્મકથા સ્વાધ્યાયનું જ પાંચમું અંગ છે અને તેનાથી=ધર્મકથાથી, તીર્થની અવ્યવચ્છિતિ અને પ્રભાવના છે.' ।।૧।।**

**પૂર્વમાં કહેવાયેલા નોદકના કથનની અનુમતિમાં કામ શબ્દ છે. 'खलु' શબ્દ અવધારણ અર્થમાં છે. શું અવધારણ કરે છે ? તે સ્પષ્ટ કરે છે. સ્વાધ્યાયનું આ=ધર્મકથા, પાંચમું જ અંગ છે અને 'જો આ પ્રમાણે છે=સ્વાધ્યાયનું પાંચમું અંગ ધર્મકથા છે,** તોપણ સર્વકાલ ધર્મકથા કરવી જોઈએ નહિ. જેનાથી સર્વ પરિહાનિ થાય અને ક્ષેત્રકાલને અને પુરુષને જાણીને ધર્મનું પવેદ ન કરે.'

**સર્વકાલ ધર્મ કહેવો જોઈએ નહિ. જે કારણથી પડિલેહણાદિ સંયમ યોગોની પરિહાનિ થાય છે. સૂત્રાર્થ પોરિસિની પરિહાનિ થાય છે. આચાર્ય, ગ્લાન આદિનાં કૃત્યોની પરિહાનિ થાય છે. આથી કાથિકપણું કરવું જોઈએ નહિ. વળી જ્યારે સાધુ-સાધ્વીના ગચ્છને બહુ ઉપગ્રહવાળા ક્ષેત્રને જાણે ત્યારે ધર્મ કહે છે. ઓમકાલમાં=દુષ્કાળમાં, બહુ સાધુ-સાધ્વીના ઉપગ્રહને કરનારા દાનશ્રદ્ધાળુ થશે તો ધર્મ કહે અથવા રાજાદિ પુરુષને જાણીને ધર્મ કહે અથવા મહાકુલમાં આ એકના ઉપશાંતથી ઘણા ઉપશમ પામે છે. એથી ધર્મને કહે.**

**પૂર્વમાં કાથિકાદિ ચારમાં પ્રવેશ કરવાનો નિષેધ કહ્યો. તેમાં કાથિકનું સ્વરૂપ બતાવ્યું. હવે દાર્શનિકનું સ્વરૂપ બતાવે છે.**

**જનવ્યવહારમાં અથવા નટનટ્ટાદિમાં=નટનૃત્યાદિમાં, જે પ્રેક્ષણ કરે છે, તે દાર્શનિક છે.**

'લૌકિક વ્યવહારોમાં લૌકિક શાસ્ત્રોનાં કાર્યોમાં દાર્શનિકપણું કરે છે તે દાર્શનિક જાણવો.' ॥૧॥

**ઉદ્ધરણમાં 'લૌકિકવ્યવહારેસુ' એ પ્રકારનો જે અંશ છે એની વ્યાખ્યા બતાવે છે.**

સાધારણના વિભજનમાં (અન્ય અસમર્થ હોતે છતે) છેદે છે અને પુત્ર અને પટનું ઉદાહરણ છે. તે ઉદાહરણ સ્પષ્ટ કરે છે. એક વણિકને બે મહિલાઓ અને બેનો એક પુત્ર, તેનો વ્યવહાર છેદ કરે છે, એમ અન્વય છે. ॥૧॥

**બેનું સામાન્ય=સાધારણ, તેનું વિરેગ=વિભજન, તેમાં=વિભાજનમાં, અન્ય દાર્શનિકો છેદવા માટે અસમર્થ છે=બેના સાધારણનો કલહ થયો હોય ત્યારે તેનો વિભાગ કરવા માટે અન્ય દાર્શનિકો તે વિભાગને છેદવા માટે અસમર્થ છે. તે=દાર્શનિક સાધુ, ભાવાર્થને જાણીને છેદે છે. અહીં=બેના વ્યવહારને છેદવામાં, ઉદાહરણને કહે છે. એક વણિકને બે સ્ત્રીઓ છે. ત્યાં એક સ્ત્રીને પુત્ર છે. આ ઉદાહરણ નમસ્કાર નિર્યુક્તિમાં છે અને પટ્ટકનું=વસ્ત્રનું ઉદાહરણ પણ ત્યાં જ છે. આ રીતે અન્ય બહુ લોકવ્યવહારમાં દાર્શનિકપણું કરે છે અને લોકવ્યવહારને છેદે છે.**

**ઉદ્ધરણની ગાથામાં 'લૌકિક શાસ્ત્રાદિમાં' એ પ્રકારનો જે અર્થ છે, એની વ્યાખ્યા કરે છે.**

લૌકિકશાસ્ત્રના છંદ, વ્યુત્પત્તિ, શબ્દ અથવા અર્થ અને ભાવાર્થને પ્રસાદન કરે છે=પ્રગટ કરે છે. છલિતાદિ કરે છે=શૃંગારાદિ કથા કરે છે. ઉત્તર શીખવે છે=વ્યવહારમાં ઉત્તરોને બતાવે છે અથવા ઉત્તરમાં શકુનકથાદિ કરે છે. ॥૧॥

**છંદાદિવાળા લૌકિકશાસ્ત્રનાં સૂત્રોને અને અર્થને કહે છે અથવા અર્થ સેતુ આદિ બહુ કાવ્યોનું અથવા કૌટિલ્ય, વૈશિકાદિ શાસ્ત્રોના ભાવાર્થને પ્રસાદન કરે છે=પ્રકાશન કરે છે. છલિત=ગાથામાં 'छलियाई' છે તેનો અર્થ કરે છે. શૃંગારકથા, સ્ત્રીના વર્ણાદિ પ્રસાદન કરે છે. ગાથામાં રહેલા 'उत्तरे'નો અર્થ કરે છે. વ્યવહારમાં ઉત્તરોને શિખવાડે છે=કોઈક કોયડાઓ બતાવીને તેના ઉત્તરો શિખવાડે છે અથવા 'उत्तरे'નો અર્થ અન્ય પ્રકારે કરે છે. ઉત્તરમાં શકુન કથાદિને કહે છે=લૌકિક કોઈ પ્રશ્ન હોય તેનો ઉત્તર આપવામાં શકુનકથાદિને કરે.**

**પૂર્વમાં વર્જનીય એવા કાથિકાદિ ચાર બતાવ્યા. તેમાંથી કાથિક અને દાર્શનિકનું સ્વરૂપ બતાવ્યું. હવે, મામકનું સ્વરૂપ બતાવે છે. મમીકારને કરતો મામક છે.**

"આહાર, ઉપધિ, દેહમાં, વિચારભૂમિમાં અને વિહારભૂમિમાં, વસ્તીમાં, કુલમાં, ગામમાં પ્રતિષેધને અને મમત્વને જે કરે છે, તે મામક છે."

**ઉપકરણાદિમાં યથાસંભવ પ્રતિષેધને કરે છે. કઈ રીતે પ્રતિષેધ કરે છે તે સ્પષ્ટ કરે છે. મારા ઉપકરણને કોઈ ગ્રહણ કરે નહિ. આ રીતે અન્ય પણ વિહારભૂમિ આદિમાં સ્વગચ્છના અથવા પરગચ્છના સાધુઓને પ્રતિષેધને કરે છે. આહારાદિ સર્વમાં જ મમત્વને કરે છે. આ રીતે ભાવપ્રતિબંધને કરતા સાધુ મામક થાય છે. વિવિધ દેશોના ગુણોમાં પ્રતિબદ્ધ મામક આ છે.**

આ જેવા પ્રકારનો દેશ છે અને અહીં જે ગુણો છે, ધાન્ય અને ગોરસાદિ છે, સુંદર અભિજાત શરીરવાળો લોક છે, મમત્વને નિષ્કારણ કહે છે. ॥૧॥

**આ જેવો દેશ વૃક્ષ, વાવડી, સરોવર, તળાવથી ઉપશોભિત છે, એવો અન્ય સુખવિહારવાળો નથી. સુલભ વસ્તી, ભક્ત, ઉપકરણાદિ દ્વારા બહુ ગુણવાળો છે. શાલિ, ઈક્ષુકાદિથી બહુ ધાન્યની નિષ્પત્તિ છે. ગાય, ભેંસ, પ્રભૂતપણું હોવાથી પ્રભૂત ગોરસ છે. શરીર, વસ્ત્રાદિથી સુંદર જન છે. અભિજાતપણું હોવાથી=ખાનદાનપણું હોવાથી, કુલીનો સાધુને ઉપદ્રવકારી નથી. એ વગેરે ગુણો વડે ભાવથી પ્રતિબદ્ધ છે અથવા નિષ્કારણ પ્રશંસા કરે છે, એ પ્રમાણે અર્થ છે.**

**પૂર્વમાં કહ્યું કે સંવિગ્ન ગીતાર્થ સાધુ પણ કાથિકાદિ દોષવાળો હોય તો તેની ઉપસંપદા સ્વીકારવી જોઈએ નહિ. તેમાં હવે સંપ્રસારક નામના ચોથા ભેદનું સ્વરૂપ બતાવે છે.**

**ગૃહસ્થનાં કાર્યોને ગુરુલાઘવથી સંપ્રસારણ કરતો સંપ્રસારક છે.**

ભિક્ષુક અસંયતોને અસંયત પ્રવૃત્ત એવાં કાર્યોમાં જે સામર્થ્યને આપે છે, તે સંપ્રસારક જાણવો. ॥૧॥

**"જે ભિક્ષુ અસંયતોના અસંયત કાર્યોમાં પ્રવૃત્તના પુછાયેલા અથવા નહિ પુછાયેલા કાર્યને સામર્થ્ય આપે છે અર્થાત્ તે કાર્ય ઉચિત રીતે કરવાનો ઉત્સાહ આપે છે. કઈ રીતે સામર્થ્ય આપે છે ? તે સ્પષ્ટ કરે છે. આ રીતે કર નહિ અથવા આ કાર્ય કર નહિ. આમાં=આ રીતે કરવામાં અથવા આ કાર્ય કરવામાં, બહુ દોષો છે. જે પ્રમાણે હું કહું છું, તે પ્રમાણે તું કર. આ પ્રમાણે કહે તો સંપ્રસારક થાય છે.**

**અને તે અસંયમનાં કાર્યો આ છે."**

"ગૃહથી નિષ્ક્રમણ પ્રવેશમાં આવાહમાં, વિવાહમાં અને વિક્રયમાં ગૃહસ્થને ગુરુલાઘવ કહેતા સાધુ સંપ્રસારકપણાને પામે છે. ॥૧॥"

**"અસંયત ગૃહસ્થોને ગૃહથી અથવા દિગ્યાત્રા માટે નિર્ગમન આપે છે અર્થાત્ અસંયત એવા ગૃહસ્થોએ ગૃહથી આ દિવસે નીકળવું જોઈએ, એ પ્રકારનું મુહૂર્ત આપે છે અથવા દિગ્યાત્રા માટે નીકળવાનું મુહૂર્ત આપે છે અથવા યાત્રાથી આવેલાને પ્રવેશ આપે છે=સ્વનગરમાં પ્રવેશનો દિવસ આપે છે. आवाह=પુત્રીના આલંબનવાળો શુભ દિવસ કહે છે અથવા આને આપ નહિ=પુત્રી આને આપ નહિ, આને આપ=આને તારી પુત્રી આપ. વિવાહપટલ આદિ જ્યોતિષ ગ્રંથો વડે વિવાહવેલાને**

**આપે છે. અગ્ઘકંડમાદિ ગ્રંથો વડે આ દ્રવ્યને વેચ, આને ખરીદ કર. એ વગેરે કાર્યોમાં ગુરુલાઘવને કહેતો સંપ્રસારણપણાને પામે છે. ।।૫૪।।**

**ભાવાર્થ :-**

કોઈ ગચ્છના આચાર્ય શિથિલાચારી થયા હોય ત્યારે તે ગચ્છમાં આચાર્યપદયોગ્ય શિષ્ય હોય તેના વ્યક્ત-અવ્યક્તના ચાર વિકલ્પો બતાવીને ગાથા-૫૩માં કહ્યું કે આ ચાર ભાંગામાંથી કોઈ પણ ભાંગામાં વર્તતા આચાર્યપદયોગ્ય સાધુ અસંવિગ્ન કે અગીતાર્થ એવા આચાર્યનો આશ્રય કરે નહિ. હવે, તે સાધુ સંવિગ્ન ગીતાર્થનો આશ્રય કરે તે પણ પાર્શ્વસ્થાદિ છ સ્થાનોથી રહિત હોય છતાં કાથિકાદિ ચાર દોષોથી યુક્ત હોય તો તેનો પણ આશ્રય કરે નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે પાસત્થાદિ છ પ્રકારના સાધુઓ વેશથી સાધુ છે, શિથિલાચારવાળા છે. જ્યારે કાથિકાદિ દોષવાળા સાધુ તો સંવેગવાળા અને ગીતાર્થ પણ છે અર્થાત્ જેમ સ્થિર સમુદ્ર તરંગ વગરનો હોય છે, તેમ આત્માનો સ્વભાવ પણ તરંગ વગરના સમુદ્ર જેવો છે અને તે જ આત્માની સુંદર અવસ્થા છે. કષાયો, નોકષાયોથી આત્મામાં તરંગો ઉત્પન્ન થાય છે, જે જીવની વિડંબના સ્વરૂપ છે અને તે તરંગોને શાંત કરવાનો ઉપાય સમિતિ-ગુપ્તિ છે, એવો સ્પષ્ટ બોધ જેઓને છે, એથી તરંગોની નિષ્પત્તિના કારણ એવા ગૃહવાસનો ત્યાગ કર્યો છે અને નિઃસ્તરંગવાળા આત્માને પ્રગટ કરવાર્થે પ્રસંગે પ્રસંગે જે મહાત્મા તત્ત્વનું ભાવન કરે છે, તે સાધુ સંવેગવાળા છે.

વળી, સાધુપણામાં શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા છે તોપણ કોઈક પ્રકારના વ્યસનને કારણે નિમિત્તોને પામીને કાથિકાદિમાંથી કોઈ દોષવાળા થયા હોય એવા ગચ્છમાં આચાર્યપદયોગ્ય શિષ્ય ગચ્છને લઈને સંક્રમણ કરે નહિ; કેમ કે તે ગચ્છમાં સારણા-વારણાદિની પ્રાપ્તિ દુર્લભ થાય અને નિમિત્તને પામીને પોતાના ગચ્છના સાધુઓને પણ તે દોષની પ્રાપ્તિ થાય માટે જ્યાં સારણા-વારણાદિ ઉચિત અનુશાસનો મળે તેવા જ ગચ્છમાં તે આચાર્યપદયોગ્ય સાધુએ સંક્રમણ કરવું જોઈએ.

વળી, કાથિક દોષવાળા સાધુ આહારાદિ નિમિત્તે, વસ્ત્ર-પાત્રાદિ નિમિત્તે, યશ માટે અથવા વંદન-પૂજનાદિ નિમિત્તે ધર્મકથારૂપ પઠન-કથનમાં લાગેલ છે, એમ કહ્યું અને પછી કહ્યું કે ધર્મકથા એ પાંચમા પ્રકારનો સ્વાધ્યાય જ છે. તેનાથી તીર્થની અવ્યવચ્છિતિ અને પ્રભાવના થાય છે અને તે કથનને આચાર્યએ कामं શબ્દથી સ્વીકાર્ય પણ કર્યો. તેથી ફલિત થાય છે. સંવિગ્ન ગીતાર્થ સાધુ ભવ્ય જીવોને સંવેગપૂર્વક ધર્મકથા કહે છે. તેથી પોતાને પણ નિર્જરા થાય છે, અન્ય જીવોને પણ લાભ થાય છે તોપણ તે ધર્મકથાના બળથી વાસિત થયેલા ગૃહસ્થો તરફથી પોતાને અનુકૂળ આહાર પ્રાપ્ત થાય, અનુકૂળ યશ પ્રાપ્ત થાય તે સર્વની પણ અસર તે મહાત્માને થાય છે. તેથી તે ભાવોથી પ્રેરાઈને પણ ધર્મકથા કરે છે છતાં ધર્મકથાકાળમાં જિનવચનનું સ્મરણ અને સંવેગ પણ પ્રવર્તે છે. જેથી નિર્જરાની પણ પ્રાપ્તિ થાય છે. છતાં ધર્મકથા કરવાનો વિશેષ રસ હોવાને કારણે તે સાધુ પડિલેહણાદિ સંયમયોગોનો અને સૂત્રાર્થ પોરિસીનો જે વિનાશ કરે છે, તે ઉચિત નથી. આથી જ કહ્યું કે સર્વ અન્ય ઉચિત યોગોનો નાશ કરીને ધર્મકથા કરવી જોઈએ નહિ. પરંતુ, સાધુ-સાધ્વીને બહુ ઉપગ્રહકારી ક્ષેત્ર જણાય તો તે ક્ષેત્રના યોગ્ય જીવોને ધર્મકથા કહેવી જોઈએ અથવા દુષ્કાળ કાળમાં દાનશ્રદ્ધાળુ શ્રાવક સાધુ-સાધ્વીને સંયમમાં ઉપગ્રહકારી થશે માટે ધર્મકથા

કહેવી જોઈએ અથવા રાજપુરુષાદિ આવેલ હોય અને તે ધર્મ પામે તો તેનાથી ઘણા અન્ય જીવો ધર્મ પામે તેવી સંભાવના છે, ત્યારે ધર્મ કહેવો જોઈએ. રાજપુરુષાદિમાં 'આદિ' પદથી કોઈક સંસારથી ભય પામેલ તત્ત્વના અર્થી જીવો આવ્યા હોય, તેઓને આશ્રયીને ધર્મ કહેવો જોઈએ તોપણ સાધુએ પ્રધાનરૂપે સૂત્રપોરિસી, અર્થપોરિસી કરીને આત્માને સંપન્ન કરવો જોઈએ અને યોગ્ય શિષ્યાદિને સૂત્ર-અર્થ આપીને સંપન્ન કરવા જોઈએ. છતાં કાથિક સ્વભાવનો બલવાન પરિણામ હોવાથી ઉપદેશ સાંભળવા ગૃહસ્થો આવે તો સર્વ કાર્યોને મૂકીને ધર્મકથામાં જ તેમને રસ આવે છે અને તેમાં પ્રેરકબળ આહારાદિ, યશ પ્રાપ્તિ પણ છે.

વળી, કેટલાક સંવિગ્ન ગીતાર્થ સાધુ પણ દાર્શનિક સ્વભાવવાળા હોય છે. તેઓને બાહ્ય પદાર્થો જોવામાં તે પ્રકારનો આનંદ થાય છે. આથી જ માર્ગમાં નટ આદિનાં નૃત્યો ચાલતાં હોય તો બલવાન ઇચ્છાને કારણે તેનું પ્રેક્ષણ કરવા ઊભા રહે છે. વળી, લોકવ્યવહારોમાં કોઈના પ્રશ્નોનું નિરાકરણ થતું ન હોય અને પોતાની તે પ્રકારની પ્રજ્ઞા હોવાથી પોતે નિરાકરણ કરી શકે તેમ હોય ત્યારે આરાધક સાધુ પોતાની ઉત્કટ ઇચ્છાને કારણે તે લૌકિક પ્રશ્નોનો છેદ કરે છે. જેમ, એક વણિકને બે સ્ત્રીઓ હતી અને એક પુત્ર હતો. વણિક મૃત્યુ પામવાથી તે બંને સ્ત્રીઓ 'આ પુત્ર મારો છે', તેમ કહીને તે પુત્ર અને તે વણિકની સંપત્તિ પોતાની કરવાર્થે વિવાદનો ઉકેલ કરનારા કારણિક પાસે ઉપસ્થિત થાય છે. કોઈ વિવાદને ઉકેલી શકતું નથી, તેવા સ્થાને કોઈક બુદ્ધિમાન કારણિકે કહ્યું કે આ સંપત્તિના બે વિભાગો કરો અને આ પુત્રના બે ભાગ કરો. બંનેને સરખા ભાગે વિભાજન કરો. પુત્રના વિભાજનનું કથન સાંભળીને જે પુત્રની માતા હતી, તે કહે છે. ભલે પુત્ર તેનો થાય, પણ તે પુત્રને મારશો નહિ. તેના બળથી તે કારણિકે પુત્ર કોનો છે, તે વિવાદનો ઉકેલ કર્યો. તેમ સંવિગ્ન એવા ગીતાર્થ પણ સાધુ તેવા નિમિત્તને પામીને લોકવ્યવહાર કરતા હોય તેવા ગચ્છમાં સંક્રમણ કરવું જોઈએ નહિ. આ રીતે દાર્શનિક સાધુ જ્યારે જ્યારે ઉત્કટ ઇચ્છાને કારણે પ્રેક્ષણ કરે છે, ત્યારે ત્યારે સંયમજીવનમાં અતિચાર લાગે છે અને ક્યારેક ગુણસ્થાનકથી પાત પણ થાય છે. છતાં સંવેગના બળથી ફરી ગુણસ્થાનકને પણ પામે છે. તેથી પાસત્થાદિ છ સાધુઓ જેવા શિથિલાચારી સાધુ છે તેવા દાર્શનિક સાધુ નથી.

વળી, કેટલાક મામક સ્વભાવવાળા હોય છે. તેથી, આહાર, ઉપધિ આદિમાં મમકાર કરે છે. સ્થંડિલ ભૂમિ, વિહાર ભૂમિ આદિમાં મમકારને કારણે સ્વગચ્છના અને પરગચ્છ સાધુઓને પ્રતિષેધ કરે છે. વિવિધ દેશોમાં સુંદર બગીચા આદિ જોઈને તે સ્થાનોમાં જવા આદિની ઇચ્છા કરે છે આમ છતાં સંસારની નિઃસારતાને જાણે છે, મોક્ષના અર્થી છે, ગીતાર્થ છે. તેથી પોતાના તે તે દોષોને નિંદા આદિ કરીને શુદ્ધિ કરવા પણ યત્ન કરે છે અને ઉત્કટ એવો તે પરિણામ હોવાને કારણે તેવા મમકારનો ત્યાગ પણ કરી શકતા નથી. તેના કારણે તેઓ પાસત્થાદિ તુલ્ય નહિ હોવા છતાં સુસાધુને તેવા ગચ્છમાં સંક્રમણ કરવું ઉચિત નથી; કેમ કે સંસર્ગથી દોષની પ્રાપ્તિ થાય.

વળી, જેમ કાથિકાદિ દોષવાળા સાધુઓમાં તે તે પ્રકારની ઉત્કટતા હોય છે, તેમ સંપ્રસારક દોષવાળા સાધુઓમાં તે પ્રકારની ગૃહસ્થોના કાર્યોમાં ગુરુલાઘવને જાણવાની પ્રજ્ઞા હોવાથી ગૃહસ્થોનાં ઉચિત કાર્યો આ રીતે કરવાં જોઈએ. આ રીતે કરવાં જોઈએ નહિ, ઇત્યાદિ સલાહો આપે છે. જો કે સંયમજીવનને

મલિન કરનાર તે પ્રવૃત્તિ છે તોપણ નિમિત્તને પામીને ઉત્કટ ઇચ્છા થાય, ત્યારે તેવી પ્રવૃત્તિ કરનારના ગચ્છમાં સાધુએ સંક્રમણ કરવું જોઈએ નહિ. ॥૫૪॥

**અવતરણિકા :-**

**एतत्सर्वमवसन्नाचार्यमधिकृत्योक्तम् । अथावधावितकालगतयोर्विधिमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ સર્વ=ગાથા-૪૮થી માંડીને અત્યારસુધી કહ્યું એ સર્વ, અવસન્ન આચાર્યને આશ્રયીને કહેવાયું= પોતાના આચાર્ય પાસત્થાદિ થયેલા હોય તેને આશ્રયીને તે ગચ્છના સાધુએ શું કરવું જોઈએ ? તે કહેવાયું. હવે, પોતાના આચાર્ય ગૃહસ્થ થઈ ગયેલા હોય કે કાળ કરી ગયેલા હોય તે વખતની વિધિને કહે છે=તે ગચ્છના સાધુઓએ શું કરવું જોઈએ ? તેની વિધિને કહે છે –**

**ગાથા :-**

**ओहाविय कालगए, जाविच्छा ताहि उद्दिसावेइ ।**
**अव्वत्ते तिविहे वी, णियमा पुण संगहट्ठाए ।।५५।।**

**અન્વયાર્થ :-**

**ओहाविय कालगए=અવધાવિત અને કાલગત આચાર્ય હોતે, जाविच्छा=જ્યારે ઇચ્છા થાય છે, ताहि उद्दिसावेइ अव्वत्ते तिविहे वी=ત્યારે ત્રિવિધ પણ ભાંગામાં રહેલ અવ્યક્ત એવા આચાર્યપદયોગ્ય સાધુ ઉદ્દેશ કરાવે છે=આચાર્ય, ઉપાધ્યાયને પોતાની નિશ્રા આપવાનું કરાવે છે, णियमा पुण संगहट्ठाए=વળી નિયમથી સંગ્રહ માટે ઉદ્દેશ કરાવે છે. ।।૫૫।।**

**ગાથાર્થ :-**

**અવધાવિત અને કાલગત આચાર્ય હોતે છતે જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે ત્રિવિધ પણ ભાંગામાં રહેલ અવ્યક્ત એવા આચાર્યપદયોગ્ય સાધુ ઉદ્દેશ કરાવે છે=આચાર્ય, ઉપાધ્યાયને પોતાની નિશ્રા આપવાનું કરાવે છે.**

**શેના માટે નિશ્રા કરાવે છે ? એથી કહે છે –**

**વળી નિયમથી સંગ્રહ માટે ઉદ્દેશ કરાવે છે. ।।૫૫।।**

**ટીકા :-**

**'ओहाविय'त्ति । अवधाविते कालगते वा गुरौ त्रिविधेऽपि प्रथमभङ्गवर्जभङ्गत्रयेऽपि योऽव्यक्तः स यदा इच्छा भवति तदाऽन्यमाचार्यमुद्देशयति । अथवा त्रिविधेऽपि कुलसत्के गणसत्के सङ्घसत्के वाऽऽचार्योपाध्याये आत्मनोद्देशं कारयति, स चाव्यक्तत्वान्नियमात्सङ्ग्रहोपग्रहार्थमेवोद्दिशति ।।५५।।**

**ટીકાર્થ :-**

**अवधाविते ..... वोद्दिशति ।। અવધાવિત=ગૃહસ્થ થયેલ અથવા કાલગત ગુરુ હોતે છતે ત્રિવિધમાં પણ=પ્રથમ ભંગ છોડીને ત્રણ ભંગમાં પણ, જે સાધુ અવ્યક્ત છે=જે આચાર્યપદયોગ્ય શિષ્ય અવ્યક્ત છે, તેમને જ્યારે ઇચ્છા થાય છે, ત્યારે અન્ય આચાર્યને ઉદ્દેશ કરે છે અથવા ત્રિવિધ પણ= કુલસત્ક, ગણસત્ક અથવા સંઘસત્ક એ રૂપ ત્રિવિધ પણ, એવા આચાર્ય, ઉપાધ્યાયને પોતાના ઉદ્દેશને કરાવે છે=તે આચાર્ય, ઉપાધ્યાયને પોતાની નિશ્રા આપે તે પ્રકારે કરાવે છે અને તે=આચાર્યપદયોગ્ય સાધુ, અવ્યક્તપણું હોવાથી નક્કી સંગ્રહ-ઉપસંગ્રહ માટે જ ઉદ્દેશ સ્વીકારે છે=અન્ય આચાર્ય, ઉપાધ્યાયની નિશ્રા સ્વીકારે છે. ।।૫૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં શિથિલ થયેલા આચાર્યને સ્થાને કોઈ શિષ્ય આચાર્યપદયોગ્ય હોય તેને આશ્રયીને વ્યક્ત-અવ્યક્તની ચતુર્ભંગી બતાવી. ત્યારપછી ગાથા-૪૮માં શ્રુતથી અને વયથી વ્યક્ત આચાર્યપદને યોગ્ય શિષ્ય કઈ રીતે ગુરુને સ્થિર કરવાર્થે ઉચિત પ્રવૃત્તિ કરીને અંતે સ્વયં આચાર્ય થાય છે. એમ બતાવ્યું. તેમ કોઈ ગુરુ ગૃહસ્થ થયા હોય કે કાળધર્મ પામ્યા હોય, તેને આશ્રયીને પણ પ્રથમ ભંગવર્તી આચાર્યપદયોગ્ય શિષ્યએ પૂર્વમાં બતાવ્યું, તેમ સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને આચાર્યપદ સ્વીકારવું જોઈએ.

વળી, વ્યક્ત-અવ્યક્તના બાકીના ત્રણ ભાંગાને આશ્રયીને અવ્યક્ત આચાર્યપદયોગ્ય શિષ્ય આચાર્યપદને જણાય કે અન્ય ગચ્છનો આશ્રય કરવો ઉચિત છે; કેમ કે ગૃહસ્થ થયેલા ગુરુ ફરી સંયમમાં સ્થિર થવા તૈયાર થતા નથી, ત્યારે અન્ય ગચ્છના આચાર્યને ઉદ્દેશ કરે અથવા પોતે વયથી અવ્યક્ત છે તેથી વયથી વ્યક્ત ન થાય ત્યાં સુધી અન્ય ગચ્છના આચાર્યની નિશ્રા પોતાના ગચ્છના સાધુઓને કરાવે અને પોતે પણ કરે છે. કેમ તે પ્રકારે નિશ્રા કરાવે છે ? એથી કહે છે. ત્રણ વર્ષ કુલના આચાર્યો તેમને નિશ્રા આપીને તેમનાથી નિષ્પાદન થયેલી ઉપધિ કે શિષ્યને ગ્રહણ કરતા નથી. તેથી ત્રણ વર્ષ તેમની નિશ્રામાં રહીને પોતાના ગણના સાધુઓ ઉપધિથી અને યોગ્ય જીવોથી સમૃદ્ધ થાય તે અર્થે ત્રણ વર્ષ કુલના આચાર્ય પાસે રહે છે, ત્યારપછી ગણના આચાર્ય પાસે એક વર્ષ રહે છે. જેથી ઉપધિ અને યોગ્ય શિષ્યનો સંગ્રહ થાય અને તે નવા આચાર્ય પાસે રહીને નવા નવા શ્રુતની પ્રાપ્તિરૂપ ઉપગ્રહ થાય. આ રીતે ચાર વર્ષમાં તે આચાર્યપદયોગ્ય સાધુ વ્યક્ત ન થાય તો સંઘ સંબંધી આચાર્ય પાસે નિશ્રા સ્વીકારીને રહે છે. જ્યાં છ મહિના સુધી તેમનાથી નિષ્પન્ન થયેલ શિષ્ય અને ઉપધિ પોતાના જ થાય છે. ત્યારપછી તે ગૃહસ્થ થયેલા તે આચાર્યના શિષ્ય આચાર્યપદયોગ્ય હોવાથી આચાર્યપદ સ્વીકારે છે અને જો ગુરુ કાળ કરી ગયા હોય તો શ્રુતથી અને વયથી વ્યક્ત થાય ત્યાં સુધી અન્ય ગચ્છના આચાર્યની નિશ્રા સ્વીકારે છે. **॥૫૫॥**

**અવતરણિકા :-**

**आचार्यं गृहस्थीभूतमवसन्नं वा यदा पश्यति तदेत्थं भणति –**

**અવતરણિકાર્થ :-**

આચાર્ય ગૃહસ્થ થયા હોય અથવા અવસન્ન થયા હોય અર્થાત્ શિથિલ થયા હોય તેમને જ્યારે જુએ છે, ત્યારે આ પ્રમાણે કહે છે=ગાથામાં બતાવે છે. એ પ્રમાણે કહે છે –

**ગાથા :-**

**ओहावियओसन्ने, भणइ अणाहा वयं विणा तुब्भे ।**
**कमसीसमसागरिए, दुप्पडिअरगं जओ तिण्हं ।।५६।।**

**અન્વયાર્થ :-**

ओहावियओसन्ने=અવધાવિત અને અવસન્ન ગુરુને, सागरिए=અસાગારિકસ્થાનમાં, कमसीसम=ચરણમાં શીશ મૂકીને, भणइ=કહે છે, तुब्भे=તમારા, विणा=વગર, वयं=અમે, अणाहा=અનાથ છીએ, तिण्हं=ત્રણનો, जओ=જે કારણથી, दुप्पडिअरगं=દુષ્પ્રતિકાર છે. ।।૫૬।।

**ગાથાર્થ :-**

**અવધાવિત અને અવસન્ન ગુરુને અસાગારિકસ્થાનમાં ચરણમાં શીશ મૂકીને કહે છે. તમારા વગર અમે અનાથ છીએ. જે કારણથી ત્રણનો દુષ્પ્રતિકાર છે. ।।૫૬।।**

**ટીકા :-**

'ओहाविय'त्ति । अवधावितस्यावसन्नस्य वा गुरोः क्रमयोः-पादयोः शीर्षमसागारिके प्रदेशे कृत्वा भणति-भगवन् ! अनाथा वयं युष्मान् विनाऽतः प्रसीद भूयः संयमे स्थितः सनाथीकुरु डिम्भकल्पानस्मान् । शिष्यः पृच्छति—तस्याचारित्रिणश्चरणयोः कथं शिरो विधीयते ? गुरुराह—'दुष्प्रतिकरं' दुःखिनां (खेन) प्रतिकर्त्तुं शक्यं यतस्त्रयाणां मातापित्रोः स्वामिनो धर्माचार्यस्य च भणितं स्थानाङ्गे, ततोऽत्र विधौ न दोष इति ।।५६।।

**ટીકાર્થ :-**

अवधावितस्यावसन्नस्य ..... दोष इति ।। અવધાવિત ગુરુને=ગૃહસ્થ થયેલા ગુરુને અથવા અવસન્ન થયેલા ગુરુને=પાસત્થાદિ રૂપે થયેલા ગુરુને, અસાગારિકવાળા પ્રદેશમાં બે પગમાં મસ્તકને કરીને કહે છે. શું કહે છે, તે સ્પષ્ટ કરે છે. હે ભગવન ! અમે તમારા વગર અનાથ છીએ. આથી પ્રસાદ કરો. ફરી સંયમમાં સ્થિત થાઓ. બાળક જેવા અમોને સનાથ કરો. શિષ્ય પૂછે છે=પૂર્વના કથનમાં આચાર્યને શંકાકાર પૂછે છે. તે અચારિત્રીના ચરણમાં=ગૃહસ્થ થયેલા ગુરુના ચરણમાં કેવી રીતે મસ્તક નમાવાય ? ગુરુ કહે છે=શંકાનો ઉત્તર આપે છે. દુષ્પ્રતિકાર=દુઃખથી પ્રતિકાર કરવો શક્ય છે તે દુષ્પ્રતિકાર છે. જે કારણથી માતા-પિતા, સ્વામી અને ધર્માચાર્યરૂપ ત્રણેયના દુષ્પ્રતિકારને સ્થાનાંગમાં

કહેવાયું છે. તેથી આ વિધિમાં=ગૃહસ્થ થયેલા ગુરુના ચરણમાં મસ્તક મૂકીને શિષ્ય કહે કે અમે તમારા વગર અનાથ છીએ, એ વિધિમાં દોષ નથી. ।।૫૬।।

**અવતરણિકા :-**

किञ्च –

**અવતરણિકાર્થ :-**

વળી, અન્ય શું છે ? તે બતાવે છે –

**ગાથા :-**

**जो जेण जम्मि ठाणम्मि ठाविओ दंसणे व चरणे वा ।**
**सो तं तओ चुअं तम्मि चेव काउं भवे निरिणो ।।५७।।**

**અન્વયાર્થ :-**

जो=જે શિષ્ય, जेण=જેના વડે, जम्मि ठाणम्मि=જે સ્થાનમાં, दंसणे व चरणे वा=દર્શન અને ચારિત્રમાં, ठाविओ=સ્થાપિત કરાયો, सो=તે શિષ્ય, तओ चुअं=તે સ્થાનથી ચ્યુત, तं=તેમને=તે ગુરુને, तम्मि चेव काउं=તેમાં સ્થાપીને, निरिणो=ઋણમુક્ત, भवे=થાય. ।।૫૭।।

**ગાથાર્થ :-**

**જે શિષ્ય જેના વડે જે સ્થાનમાં દર્શન અને ચારિત્રમાં સ્થાપિત કરાયો, તે શિષ્ય તે સ્થાનથી ચ્યુત તેમને=તે ગુરુને તેમાં સ્થાપીને ઋણમુક્ત થાય. ।।૫૭।।**

**ટીકા :-**

**'जो जेण'त्ति । यो येनाचार्यादिना यस्मिन् स्थाने स्थापितः, तद्यथा–दर्शने चरणे वा 'सः' शिष्यः 'तं' गुरुं 'ततः' दर्शनाच्चरणाद्वा च्युतं 'तत्रैव' दर्शने वा चरणे वा 'कृत्वा' स्थापयित्वा 'निर्ऋणः' ऋणमुक्तो भवति, कृतप्रत्युपकार इत्यर्थः ।।५७।।**

**ટીકાર્થ :-**

यो ..... इत्यर्थः ।। જે જીવ જે આચાર્યાદિ દ્વારા જે સ્થાનમાં સ્થાપિત કરાયો. કયા સ્થાનમાં સ્થાપિત કરાય, તે 'तद्यथा'થી બતાવે છે. દર્શનમાં અથવા ચારિત્રમાં સ્થાપિત કરાયો તે શિષ્ય તે સ્થાનથી ચ્યુત=દર્શન અને ચારિત્રથી ચ્યુત, એવા ગુરુને ત્યાં જ=દર્શનમાં અથવા ચારિત્રમાં સ્થાપન કરીને ઋણમુક્ત થાય છે=કરાયેલા પ્રતિઉપકારવાળા થાય છે. ।।૫૭।।

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહેલું કે કોઈ આચાર્ય શિથિલ થયા હોય અથવા કોઈ આચાર્ય ગૃહસ્થ થયા હોય તો આચાર્યપદયોગ્ય શિષ્ય તેમને સ્થિર કરવા માટે શક્ય પ્રયત્ન કરે છે. કઈ રીતે પ્રયત્ન કરે છે ? તે પૂર્વની ગાથામાં સામાન્યથી બતાવેલ. હવે વિશેષથી તેને સ્પષ્ટ કરતાં કહે છે કે તે આચાર્યપદયોગ્ય સાધુ શિથિલ થયેલા ગુરુના કે ગૃહસ્થ થયેલા ગુરુના ચરણમાં એકાંત સ્થળે પગમાં પડીને કહે છે કે તમારા વગર અમે અનાથ છીએ. આ ઔપચારિક ભાષા નથી, પરંતુ ગુણવાન ગુરુના ઉપકારનું સ્મરણ કરીને ગુણના રાગી એવા તે શિષ્યથી શાસ્ત્રવચનનું સ્મરણ કરીને તે પ્રકારે ગુરુને અત્યંત ગદ્ગદ્ થઈને કહે છે કે કોઈક રીતે અમને સનાથ કરો; કેમ કે ગુણસંપન્ન ગુરુથી જ યોગ્ય જીવ સનાથ બને છે અને કર્મના દોષથી પ્રમાદી થયેલા ગુરુ ફરી ગુરુપદ સ્વીકારે તો તેમનાથી જ પોતાનો નિસ્તાર છે, તેમ માનીને યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા તેમને ગુરુપદ સ્વીકારવા આજીજી કરે છે.

અહીં પ્રશ્ન થાય કે ગૃહસ્થ ગુરુના ચરણમાં આચાર્યપદ યોગ્ય ભાવસાધુ કઈ રીતે મસ્તક મૂકે ? તેનું સમાધાન કરતાં કહે છે. માતા-પિતા, સ્વામી અને ધર્માચાર્ય ત્રણેયનો પ્રતિકાર કરવો દુષ્કર છે અર્થાત્ તેઓના ઉપકારનું સદા સ્મરણ કરવું જોઈએ. પરંતુ તેઓની ઉપેક્ષા ક્યારેય કરવી જોઈએ નહિ. જેમ માતા-પિતાએ પોતાને બાલ્યકાળથી ઉછેરીને મોટો કર્યો છે, તેથી તે બાહ્ય ઉપકારનું સ્મરણ કરીને તેમને પ્રીતિ ઉત્પન્ન થાય તે રીતે ઉચિત વર્તન કરવું જોઈએ. ફક્ત ધર્મ, અર્થ, કામ એ ત્રણ પુરુષાર્થમાં વ્યાઘાત ઉત્પન્ન થતો હોય ત્યારે વિવેકપૂર્વક કહેવું જોઈએ કે આ મારાથી શક્ય નથી. વળી, સ્વામી એ રાજા વગેરે છે કે આજીવિકાના જે ઉપકારક છે, તે સ્વામી છે. તેમનો પણ ઉપકાર સ્મરણ કરીને તે રીતે જ ઉચિત વર્તન કરવું જોઈએ. જેથી આદ્યભૂમિકાનો માર્ગાનુસારી બોધ પ્રગટ થાય. વળી, ધર્માચાર્યનો તો વિશેષથી ઉપકાર છે; કેમ કે માતા-પિતા કે સ્વામી તો આ ભવના ઉપકારી છે. જ્યારે જે ધર્માચાર્યએ પોતાને સન્માર્ગ બતાવ્યો છે. જેનાથી દુઃસ્તર એવો ભવોદધિ તરવો સુકર બને છે. તેવા ઉપકારી ધર્માચાર્યનો ઉપકાર કૃતજ્ઞી જીવ ક્યારેય વિસ્મરણ કરે નહિ. તેથી, જે ધર્માચાર્યએ પોતાને સન્માર્ગ બતાવ્યો, સંયમ આપ્યું, સંયમમાં પણ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા આપીને સૂત્ર-અર્થ પ્રદાન કરીને આચાર્યપદ યોગ્ય નિષ્પન્ન કર્યો છે, ત્યારપછી કોઈક રીતે કર્મદોષથી ગૃહસ્થ થયા છે કે પાસત્થાદિ અવસન્ન સાધુ થયા છે તોપણ તેઓના ભૂતકાળના ઉપકારનું સ્મરણ કરીને વિવેકી શિષ્ય તેમના પગમાં મસ્તક મૂકીને ફરી સંયમમાં સ્થિર થવા માટે વિનંતી કરે તે અત્યંત ઉચિત કૃત્ય છે. વળી, તે કથનને જ દૃઢ કરવાર્થે કહે છે. જે આચાર્યાદિ વડે જે જીવ દર્શનમાં કે ચારિત્રમાં સ્થાપિત કરાયો છે, તે ગુરુ કોઈક રીતે તે દર્શનથી કે ચારિત્રથી ભ્રષ્ટ થાય ત્યારે નિપુણતાપૂર્વક સર્વ ઉદ્યમ કરીને તેમને ફરી દર્શનમાં કે ચારિત્રમાં કોઈ શિષ્ય સ્થાપન કરે તો તે શિષ્ય કૃતપ્રત્યુપકારવાળા થાય છે માટે ગુરુના કરાયેલા ઉપકારનું સ્મરણ કરીને તેઓના ઉપકારનો પ્રત્યુપકાર કરવા અર્થે પણ વિવેકી સાધુ તેમના ચરણમાં મસ્તક મૂકે તે દોષરૂપ નથી. **॥૫૬-૫૭॥**

**અવતરણિકા :-**

ગાથા-૪૬ની અવતરણિકામાં કહેલું કે આચાર્ય, ઉપાધ્યાયના ઉદ્દેશન માટે ગણાંતરમાં સંક્રમણ કરે છે અને ગાથા-૪૭માં કહેલ કે ચારિત્ર માટે અન્ય આચાર્યના ઉદ્દેશનમાં પૂર્વમાં કહેલ જ માર્ગ છે. વળી ગાથા-૪૭માં જ 'અથવા'થી કહેલ કે કોઈક આચાર્ય શિથિલ થયા હોય, ગૃહસ્થ થયા હોય અથવા કાળધર્મ પામ્યા હોય ત્યારે તે ગચ્છે અન્ય આચાર્ય, ઉપાધ્યાયના ઉદ્દેશ માટે ગણાંતરમાં જવું જોઈએ અને તે અવસન્નાદિ કારણથી ગણાંતર સંક્રમણમાં શું શાસ્ત્રીય મર્યાદા છે, તે ગાથા-૫૭ સુધી બતાવ્યું. જેનું સ્મરણ કરીને સુસાધુના ગચ્છના સાધુઓ તે વિધિથી જ ગણાંતરમાં સંક્રમણ કરે છે. હવે, આચાર્ય, ઉપાધ્યાય કે સામાન્ય ભિક્ષુક ગણાંતરમાં કેમ જાય છે. તે સ્પષ્ટ કરવાર્થે કહે છે –

**ગાથા :-**

**तीसु वि दीवियकज्जा, विसज्जिआ जइ अ तत्थ तं णत्थि ।**
**णिक्खिविय वयंति दुवे, भिक्खू किं दाणि णिक्खिवइ ? ।।५८।।**

**અન્વયાર્થ :-**

तीसु वि दीवियकज्जा=ત્રણેયમાં પણ=જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણેયના વિષયમાં, જતા દીપિત કાર્યવાળા, विसज्जिआ जइ अ तत्थ तं णत्थि=ગુરુ વડે વિસર્જન કરાયેલા સાધુઓ જાય છે અને જો ત્યાં=ગચ્છમાં, તે=અવસન્નતા આદિ કારણ, નથી (તો ઉપસંપદા સ્વીકારે.), दुवे=બે=ગણાવચ્છેદક અને ઉપાધ્યાય, वयंति=જાય છે=પોતાના સ્થાને અન્યનો નિક્ષેપ કરીને જાય છે. णिक्खिविय=નિક્ષેપ કરીને, भिक्खू किं दाणि णिक्खिवइ ?=ભિક્ષુક=સામાન્ય સાધુ, હમણાં શું નિક્ષેપ કરે ? અર્થાત્ તેને નિક્ષેપણીય કાંઈ નથી. ।।૫૮।।

**ગાથાર્થ :-**

ત્રણેયમાં પણ=જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણેયના વિષયમાં, જતા દીપિત કાર્યવાળા, ગુરુ વડે વિસર્જન કરાયેલા સાધુઓ જાય છે અને જો ત્યાં=ગચ્છમાં, તે=અવસન્નતા આદિ કારણ, નથી (તો ઉપસંપદા સ્વીકારે.) બે=ગણાવચ્છેદક અને ઉપાધ્યાય, નિક્ષેપ કરીને જાય છે=પોતાના સ્થાને અન્યનો નિક્ષેપ કરીને જાય છે. ભિક્ષુક=સામાન્ય સાધુ, હમણાં શું નિક્ષેપ કરે ? અર્થાત્ તેને નિક્ષેપણીય કાંઈ નથી. ।।૫૮।।

**ટીકા :-**

'तीसु वि'त्ति । 'त्रिष्वपि' ज्ञानदर्शनचारित्रेषु व्रजन्तो भिक्षुप्रभृतयः 'दीपितकार्याः' पूर्वोक्तविधिना निवेदितस्वप्रयोजना गुरुणा विसर्जिता गच्छन्ति । यदि च 'तत्र' गच्छे 'तद्' अवसन्नतादिकं कारणं नास्ति तत उपसंपद्यते नान्यथा । 'द्वौ' गणावच्छेदकाचार्योपाध्यायौ यथाक्रमं गणावच्छेदकत्वमाचार्यो-

**पाध्यायत्वं च निक्षिप्य व्रजतः । यस्तु भिक्षुः स किमिदानीं निक्षिपतु ? गणाभावान्न किमपि तस्य निक्षेपणीयमस्ति, अत एव सूत्रे तस्य निक्षेपणं नोक्तमिति भावः । अत्र सूत्राणि–**"भिक्खू य इच्छिज्जा अण्णं आयरियउवज्झायं उद्दिसावित्तए, नो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा जाव अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से आपुच्छित्ता आयरियं वा जाव अण्णं आयरियउवज्झायं उद्दिसावित्तए, ते अ से वितरेज्जा एवं से कप्पइ अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, ते अ से णो वितरिज्जा एवं से णो कप्पइ अन्नं आयरिअउवज्झायं उद्दिसावित्तए, नो से कप्पइ तेसिं कारणं अदीवित्ता अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से तेसिं कारणं दीवित्ता जाव उद्दिसावित्तए १। गणावच्छेइए अ इच्छिज्जा अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, नो से कप्पइ गणावच्छेइयत्तं अणिक्खिवित्ता अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से गणावच्छेइअत्तं णिक्खिवित्ता अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरियं वा जाव गणावच्छेईअं वा अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से आपुच्छित्ता जाव उद्दिसावित्तए, ते अ से वितरंति एवं से कप्पइ जाव उद्दिसावित्तए, ते अ से णो वितरंति एवं से णो कप्पइ जाव उद्दिसावित्तए, नो से कप्पइ तेसिं कारणं अदीवित्ता अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से तेसिं कारणं दीवित्ता जाव उद्दिसावित्तए २। आयरियउवज्झाए अ इच्छेज्जा अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, नो से कप्पइ आयरियउवज्झायत्तं अणिक्खिवित्ता अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से आयरियउवज्झायत्तं णिक्खिवित्ता अन्नं आयरियउवज्झायं उद्दिसावित्तए, णो से कप्पइ अणापुच्छित्ता आयरिअं वा जाव गणावच्छेइअं वा अण्णं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से आपुच्छित्ता आयरिअं वा जाव गणावच्छेइअं वा अण्णं आयरियउवज्झायं उद्दिसावित्तए, ते अ से वितरंति एवं से कप्पइ जाव उद्दिसावित्तए, ते अ से णो वितरंति एवं से णो कप्पइ जाव उद्दिसावित्तए, णो से कप्पइ तेसिं कारणं अदीवित्ता अण्णं आयरियउवज्झायं उद्दिसावित्तए, कप्पइ से तेसिं कारणं दीवित्ता जाव उद्दिसावित्तए"त्ति ।।५८।।

**ટીકાર્થ :-**

**'त्रिष्वपि' ..... उद्दिसावित्तए"त्ति ।। જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણેયમાં પણ દીપિત કાર્યવાળા=પૂર્વમાં કહેલ વિધિથી નિવેદિત સ્વપ્રયોજનવાળા, ભિક્ષુક વગેરે=સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય, ગુરુ વડે વિસર્જન કરાયેલા જાય છે અને જો તે ગચ્છમાં તે=અવસન્નતાદિક કારણ નથી=જે ગચ્છમાં જઈ સંક્રમણ કરવાનું છે તે ગચ્છમાં અવસન્નતાદિક કારણ નથી તો ઉપસંપદા સ્વીકારે છે=જ્ઞાનાદિ ત્રણના પ્રયોજનથી તે ગચ્છના આચાર્યની નિશ્રા સ્વીકારે છે. અન્યથા નહિ=જે ગચ્છમાં સંક્રમણ કરવું છે તે ગચ્છમાં સંયમની શિથિલતાદિ કારણો હોય તો સંક્રમણ કરે નહિ. બે=ગણાવચ્છેદક અને આચાર્ય-ઉપાધ્યાય એ બે, યથાક્રમ ગણાવચ્છેદકત્વને અને આચાર્યત્વ-ઉપાધ્યાયત્વને નિક્ષેપીને જાય છે. વળી, જે ભિક્ષુ છે=સાધુ છે, તે હમણાં શું નિક્ષેપ કરે ? ગણનો અભાવ હોવાથી તેમને નિક્ષેપણીય કાંઈ જ નથી. આથી જ સૂત્રમાં તેનું નિક્ષેપણ કહેવાયું નથી. અહીં=રત્નત્રયી અર્થે અન્ય ગચ્છમાં સંક્રમણ વિષયક સૂત્રો છે –**

ભિક્ષુ=સાધુ, ઇચ્છે, શું ઇચ્છે ? અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશન કરવા માટે ઇચ્છે અર્થાત્ રત્નત્રયીની વૃદ્ધિના પ્રયોજનથી અન્ય ગચ્છના આચાર્ય, ઉપાધ્યાયની નિશ્રા સ્વીકારવાનું ઇચ્છે, તેમને આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણિ, ગણધર અને ગણાવચ્છેદક સુધીનાને પૂછ્યા વગર અન્ય આચાર્ય-ઉપાધ્યાયને ઉદ્દેશવા માટે જવું કલ્પતું નથી. તેમને=તે સાધુને, આચાર્યથી માંડીને યાવત્ ગણાવચ્છેદકને પૂછીને અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશવું કલ્પે છે અને તે=સ્વગચ્છના આચાર્યાદિ, તેમને=તે સાધુને, અનુજ્ઞા આપે તે રીતે તેમને=તે સાધુને, અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશવા માટે કલ્પે છે અને તે આચાર્યાદિ તેમને=તે સાધુને, અનુજ્ઞા આપે નહિ. એ રીતે તેમને=તે સાધુને, અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશવું કલ્પતું નથી. તેમને=તે સાધુને, તેઓને કારણ બતાવ્યા વગર અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશવું કલ્પતું નથી. તેમને=તે સાધુને, તેઓને કારણ બતાવીને યાવત્ ઉદ્દેશવા માટે કલ્પે છે અર્થાત્ કોઈક સાધુને સ્વગચ્છમાં પ્રાપ્ત થયેલ રત્નત્રયીની વૃદ્ધિ અર્થે અન્ય ગચ્છમાં જવાની ઇચ્છા થાય ત્યારે સ્વગચ્છના આચાર્યાદિને અન્ય ગચ્છમાં જવાનું પોતાનું કારણ બતાવવું જોઈએ અને પોતાના આચાર્યાદિને જણાય કે ત્યાં જશે, તેનાથી તેનું હિત થશે અને સ્વગચ્છમાં તેનાથી થતાં કોઈ કાર્યો સિદાશે નહિ તો તેમને જવાની અનુજ્ઞા આપે અને તે અનુજ્ઞા લઈને જ જવાનું ઉત્સર્ગથી તેમને કલ્પે છે. ભિક્ષુકને કોઈ નિક્ષેપણીય નહિ હોવાથી પોતાના સ્થાને અન્યનો નિક્ષેપ કર્યા વગર જવું કલ્પે. ।।૧।।"

અને ગણાવચ્છેદક અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશ કરવા માટે ઇચ્છે તેમને ગણાવચ્છેદકપણાનો નિક્ષેપ કર્યા વગર=પોતાના ગચ્છમાં પોતાના પ્રયત્નથી જે રીતે ગણ સુસ્થિત રહેતો હતો, તે પ્રમાણે ગણને સુસ્થિત કરી શકે તેવા યોગ્ય ગણાવચ્છેદકનો નિક્ષેપ કર્યા વગર, અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશવું કલ્પતું નથી. તેમને ગણાવચ્છેદકપણું નિક્ષેપ કરીને અન્ય આચાર્ય, ઉપાધ્યાયને નિક્ષેપ કરવો કલ્પે છે. તેમને=તે ગણાવચ્છેદકને, આચાર્યથી માંડીને યાવત્ ગણાવચ્છેદક સુધીનાને પૂછ્યા વગર અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશન કરવું કલ્પતું નથી. તેમને=તે ગણાવચ્છેદકને પૂછીને યાવત્ ઉદ્દેશન કલ્પે છે અને તે=આચાર્યાદિ તેમને=ગણાવચ્છેદકને આજ્ઞા આપે છે. એ રીતે તેમને=ગણાવચ્છેદકને યાવત્ ઉદ્દેશવા માટે કલ્પે છે અને તેઓ=આચાર્યાદિ તેમને=ગણાવચ્છેદકને, આજ્ઞા આપતા નથી. એ રીતે તેમને=ગણાવચ્છેકને યાવત્ ઉદ્દેશવા માટે કલ્પતું નથી અને તેમને=ગણાવચ્છેદકને તેઓને=આચાર્યાદિને કારણ બતાવીને યાવત્ ઉદ્દેશવા માટે કલ્પે છે. અર્થાત્ ભિક્ષુકની જેમ જ ગણાવચ્છેદકને પૂછવાદિની ઉચિત પ્રવૃત્તિ કરીને જવું કલ્પે છે. ફક્ત પોતાના સ્થાને અન્ય ગણાવચ્છેદકને સ્થાપન કર્યા વગર ગણાવચ્છેદકને જવું કલ્પતું નથી. આથી જ=પોતાના સ્થાને યોગ્ય ગણાવચ્છેકને સ્થાપન કર્યા વગર ગણાવચ્છેદકને જવું કલ્પતું નથી આથી જ, પોતાના સ્થાને યોગ્ય ગણાવચ્છેદકને સ્થાપન કરી શકે તેવા સાધુ નિષ્પન્ન થયા ન હોય તો અન્ય સર્વ કારણો વિદ્યમાન હોય તોપણ ગણાવચ્છેદક રત્નત્રયીની વૃદ્ધિના પ્રયોજનથી અન્ય ગચ્છમાં જઈ શકે નહીં. ।।૨।।

અને આચાર્ય, ઉપાધ્યાય અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશ કરવા માટે ઇચ્છે તેમણે આચાર્ય, ઉપાધ્યાયપણાનો નિક્ષેપ કર્યા વગર=પોતાના ગચ્છમાં પોતાના પ્રયત્નથી જે રીતે ગણ સુસ્થિત રહેતો હતો, તે પ્રમાણે ગણને સુસ્થિત કરી શકે તેવા યોગ્ય આચાર્યનો કે ઉપાધ્યાયનો નિક્ષેપ કર્યા વગર, અન્ય આચાર્ય, ઉપાધ્યાયને ઉદ્દેશવું કલ્પતું નથી. તેમને આચાર્યપણું ઉપાધ્યાયપણું નિક્ષેપ કરીને અન્ય આચાર્ય, ઉપાધ્યાયને નિક્ષેપ કરવો કલ્પે છે. તેમને=તે આચાર્યને ઉપાધ્યાયને, આચાર્યથી માંડીને યાવત્ ગણાવચ્છેદક સુધીનાને પૂછ્યા વગર અન્ય આચાર્યને ઉપાધ્યાયને ઉદ્દેશન કરવું કલ્પતું નથી. તેમને=તે આચાર્ય, ઉપાધ્યાયને પૂછીને યાવત્ ઉદ્દેશન કલ્પે છે અને તે=આચાર્યાદિ, તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, આજ્ઞા આપતા નથી. એ રીતે તેમને=આચાર્ય, ઉપાધ્યાયને યાવત્ ઉદ્દેશવા માટે કલ્પતું નથી અને તેમને=આચાર્યને ઉપાધ્યાયને, તેઓને=આચાર્યને, કારણ બતાવ્યા વગર અન્ય આચાર્ય, ઉપાધ્યાયને

ઉદ્દેશવા માટે કલ્પતું નથી. તેમને=આચાર્ય, ઉપાધ્યાયને, તેઓને=આચાર્યાદિને, કારણ બતાવીને યાવત્ ઉદ્દેશવા માટે કલ્પે છે અર્થાત્ ભિક્ષુક અને ગણાવચ્છેદકની જેમ જ આચાર્ય, ઉપાધ્યાયને પૂછવાદિની ઉચિત પ્રવૃત્તિ કરીને જવું કલ્પે છે. ફક્ત પોતાના સ્થાને અન્ય આચાર્ય, ઉપાધ્યાયને સ્થાપન કર્યા વગર આચાર્યને ઉપાધ્યાયને જવું કલ્પતું નથી. આથી જ પોતાના સ્થાને યોગ્ય આચાર્યને ઉપાધ્યાયને સ્થાપન કરી શકે તેવા સાધુ નિષ્પન્ન થયા ન હોય તો અન્ય સર્વ કારણો વિદ્યમાન હોય તોપણ આચાર્ય, ઉપાધ્યાય રત્નત્રયીની વૃદ્ધિના પ્રયોજનથી અન્ય ગચ્છમાં જઈ શકે નહિ. ॥૫૮॥

**અવતરણિકા :-**

**अथ गणावच्छेदकाचार्ययोर्गणनिक्षेपणे विधिमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે, ગણાવચ્છેદકના અને આચાર્યના ગણનિક્ષેપણમાં વિધિને કહે છે –**

**ગાથા :-**

**दुण्हट्ठाए दुण्ह वि, णिक्खिवणं होइ उज्जमंतेसु ।**
**सीअंतेसु अ सगणो, वच्चइ मा ते विणस्सिज्जा ॥५९॥**

**અન્વયાર્થ :-**

**दुण्हट्ठाए=બે સ્થાન માટે, दुण्ह वि=બંનેને પણ=ગણાવચ્છેદક અને આચાર્ય બંનેને પણ=જ્ઞાન, દર્શન માટે જતાં, उज्जमंतेसु=ઉદ્યમવાળા આચાર્યમાં, सगणो=સ્વગણનું, णिक्खिवणं होइ=નિક્ષેપણ હોય છે, सीअंतेसु वच्चइ=સિદાતા હોતે છતે=સ્વગણના આચાર્ય સિદાતા હોતે છતે, (સ્વગણને ગ્રહણ કરીને) જાય છે. मा ते विणस्सिज्जा=તેઓ=શિષ્યો, વિનાશ ન પામો. ॥૫૯॥**

**ગાથાર્થ :-**

**બે સ્થાન માટે=જ્ઞાન, દર્શન માટે જતાં, બંનેને પણ=ગણાવચ્છેદક અને આચાર્ય બંનેને પણ, ઉદ્યમવાળા આચાર્યમાં સ્વગણનું નિક્ષેપણ હોય છે. સિદાતા હોતે છતે=સ્વગણના આચાર્ય સિદાતા હોતે છતે, (સ્વગણને ગ્રહણ કરીને) જાય છે. તેઓ=શિષ્યો, વિનાશ ન પામો. ॥૫૯॥**

**ટીકા :-**

**'दुण्हट्ठाए'त्ति । द्वयोर्ज्ञानदर्शनयोरर्थाय गच्छतोः 'द्वयोरपि' गणावच्छेदकाचार्ययोः स्वगणस्य निक्षेपणं ये उद्यच्छन्तः संविग्ना आचार्यास्तेषु भवति । अथ सीदन्तस्ते ततः सगणः स्वगणं गृहीत्वा व्रजति न पुनस्तेषामन्तिके निक्षिपति, कुतः ? इत्याह–मा ते शिष्यास्तत्र मुक्ताः सन्तो विनश्येयुः ॥५९॥**

**ટીકાર્થ :-**

**द्वयोर्ज्ञानदर्शनयोरर्थाय ..... विनश्येयुः ।। બે માટે=જ્ઞાન, દર્શન માટે, જતા બંનેને પણ=ગણાવચ્છેદક અને આચાર્ય બંનેને પણ, સ્વગણનું નિક્ષેપણ જે ઉદ્યમવાળા સંવિગ્ન આચાર્ય છે, તેઓમાં થાય છે. હવે, સિદાતા એવા તેઓ છે=સ્વગણના તે આચાર્યો સિદાતા છે, તો સગણને=સ્વગણને, ગ્રહણ કરીને જાય છે. પરંતુ તેઓની પાસે=જેઓ પ્રમાદી સંવિગ્ન આચાર્ય છે તેઓની પાસે, નિક્ષેપ કરતા નથી. કેમ તેઓની પાસે નિક્ષેપ કરતા નથી ? એથી કહે છે - તે શિષ્યો ત્યાં મુકાયેલા છતાં=પ્રમાદી આચાર્ય પાસે મુકાયેલા છતાં, વિનાશ ન પામે માટે તેઓની પાસે મૂકતા નથી. પરંતુ પોતાના ગણને ગ્રહણ કરીને જાય છે. ॥૫૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ગણાવચ્છેદક જ્ઞાનાદિ અર્થે અન્ય ગચ્છમાં જાય, ત્યારે સ્વસ્થાનમાં અન્ય ગણાવચ્છેદકનો નિક્ષેપ કરે અને આચાર્ય, ઉપાધ્યાય અન્ય ગચ્છમાં જાય તો સ્વસ્થાનમાં અન્ય આચાર્ય, ઉપાધ્યાયનો નિક્ષેપ કરે. હવે, ગણાવચ્છેદક અને આચાર્ય સ્વસ્થાનમાં અન્ય ગણાવચ્છેદક અને આચાર્યને નિક્ષેપ કરી શકે તેવા સમર્થ સાધુ નિષ્પન્ન કર્યા ન હોય અને વિશિષ્ટ જ્ઞાન માટે કે દર્શન માટે તેઓને અન્ય ગચ્છમાં જવું ઉચિત જણાય ત્યારે પોતાના ગણને કઈ રીતે અન્ય આચાર્યને સુપ્રત કરીને જાય તે બતાવવા અર્થે કહે છે.

જો કોઈ ગણાવચ્છેદકને અને આચાર્યને વિશેષ જ્ઞાન અને દર્શન અર્થે અન્ય ગચ્છમાં જવું ઉચિત જણાય તો પોતાના ગચ્છમાં જે સંયમમાં ઉદ્યમવાળા છે, તેવા અન્ય આચાર્ય પાસે સ્વગણ સુપ્રત કરીને જાય. જેથી તે ગણના સાધુઓ સંયમમાં પ્રમાદી બને નહિ. વળી, સ્વગણના અન્ય આચાર્યો તે પ્રકારના સંયમમાં ઉદ્યમવાળા ન હોય તો સ્વગણના સાધુઓને સાથે લઈને અન્ય ગચ્છમાં જાય. પરંતુ પ્રમાદી આચાર્યોની પાસે સ્વગણનો નિક્ષેપ કરે નહિ; કેમ કે પોતાના સાન્નિધ્યથી તે શિષ્યો સંયમમાં ઉદ્યમવાળા થયા છે છતાં સિદાતા આચાર્ય પાસે રહેશે તો તે પ્રકારના પ્રમાદી સ્વભાવવાળા થાય તો તેઓનું અહિત થાય માટે પોતાના ગણના સાધુઓ સહિત તે ગણાવચ્છેદક કે આચાર્ય અન્ય ગણમાં જાય છે. **॥૫૯॥**

**અવતરણિકા :-**

**इदमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=સ્વગણને ગ્રહણ કરીને અથવા યોગ્ય સ્થાને સ્વગણનો નિક્ષેપ કરીને ગણાવચ્છેદક અને આચાર્ય જ્ઞાન, દર્શન અર્થે અન્ય ગચ્છમાં જાય છે એને જ, ભાવન કરે છે –**

**ગાથા :-**

**वत्तम्मि जो गमो खलु, गणवच्छे सो गमो उ आयरिए ।**
**णिक्खिवणे तम्मि चत्ता, जमुद्दिसे तम्मि ते पच्छा ।।६०।।**

**અન્વયાર્થ :-**

वत्तम्मि जो गमो खलु=વ્યક્તમાં=ઉભય વ્યક્તમાં, જે માર્ગ છે, सो गमो उ=તે માર્ગ, गणवच्छे=ગણાવચ્છેદકમાં, आयरिए=આચાર્યમાં છે, णिक्खिवणे तम्मि चत्ता=તેમાં=સિદાતા આચાર્યમાં નિક્ષેપણ કરાયે છતે ત્યાગ કરાયા=સ્વશિષ્યો વિનાશ કરાયા, जमुद्दिसे=જેમને ઉદ્દેશે છે=જે આચાર્યને ગણાવચ્છેદક અથવા આચાર્ય ઉદ્દેશે છે, तम्मि=તેમાં=તે આચાર્યમાં, ते=તે=પોતાના શિષ્યો, पच्छा=પાછળથી નિક્ષેપ કરાવા જોઈએ. ॥૬૦॥

**ગાથાર્થ :-**

**વ્યક્તમાં=ઉભય વ્યક્તમાં, જે માર્ગ છે તે માર્ગ ગણાવચ્છેદકમાં અને આચાર્યમાં છે. તેમાં=સિદાતા આચાર્યમાં નિક્ષેપણ કરાયે છતે ત્યાગ કરાયા=સ્વશિષ્યો વિનાશ કરાયા. જેમને ઉદ્દેશે છે=જે આચાર્યને ગણાવચ્છેદક અથવા આચાર્ય ઉદ્દેશે છે, તેમાં=તે આચાર્યમાં, તે=પોતાના શિષ્યો, પાછળથી નિક્ષેપ કરાવા જોઈએ. ॥૬૦॥**

**ટીકા :-**

'वत्तम्मि'त्ति । यो गम उभयव्यक्ते भिक्षावुक्तः स एव गणावच्छेदके आचार्ये च मन्तव्यः, नवरं गणनिक्षेपं कृत्वा तावात्मद्वितीयावात्मतृतीयौ वा व्रजतः, तत्र च स्वगच्छ एव यः संविग्नो गीतार्थ आचार्यादिस्तत्रात्मीयसाधून्निक्षिपति । अथासंविग्नस्य पार्श्वे निक्षिपति ततस्ते साधवः परित्यक्ता मन्तव्याः, तस्मान्न निक्षेपणीयाः किन्तु येन तेन प्रकारेणात्मना सह नेतव्याः, ततो यमाचार्यं स गणावच्छेदक आचार्यो वोद्दिशति तस्मिंस्तानात्मीयसाधून् पश्चान्निक्षिपति-यथाऽहं युष्माकं शिष्यस्तथा इमेऽपि युष्मदीया शिष्या इति भावः ॥६०॥

**ટીકાર્થ :-**

यो गम ..... भावः ॥ ઉભયથી વ્યક્ત ભિક્ષુમાં=વયથી અને શ્રુતથી વ્યક્ત એવા ભિક્ષુમાં, જે માર્ગ કહેવાયો તે જ ગણાવચ્છેદકમાં અને આચાર્યમાં જાણવો અર્થાત્ જ્ઞાન, દર્શન માટે ઉભયથી વ્યક્ત સાધુ જે વિધિથી અન્ય ગચ્છમાં સંક્રમણ કરે છે, તે જ વિધિથી ગણાવચ્છેદકે અને આચાર્યએ અન્ય ગચ્છમાં સંક્રમણ માટે જવું જોઈએ. ફક્ત ગણનિક્ષેપને કરીને=પોતાના શિષ્યાદિ ગણને અન્ય સંવિગ્ન આચાર્યમાં નિક્ષેપને કરીને આત્મદ્વિતીય અથવા આત્મતૃતીય જાય=ગણાવચ્છેદક અને આચાર્ય જાય અને તે સ્વગચ્છમાં જે સંવિગ્ન ગીતાર્થ આચાર્યાદિ છે, ત્યાં તેમની પાસે પોતાના સાધુઓનો નિક્ષેપ કરે છે. હવે અસંવિગ્ન પાસે નિક્ષેપ કરે=તે ગણાવચ્છેદક સાધુ કે આચાર્ય પોતાના શિષ્યોનો નિક્ષેપ કરે, તો તે સાધુઓ=ભણવા અર્થે અન્ય ગચ્છમાં જનારા ગણાવચ્છેદકના કે આચાર્યના સાધુઓ, પરિત્યાગ કરાયેલા જાણવા=વિનાશ માટે ફેંકાયેલા જાણવા. તે કારણથી નિક્ષેપ કરવો જોઈએ નહિ=અસંવિગ્ન પાસે તે સાધુઓનો નિક્ષેપ કરવો જોઈએ નહિ. પરંતુ જે તે

પ્રકારથી પોતાની સાથે લઈ જવા જોઈએ=ગણાવચ્છેદકે કે આચાર્યએ પોતાના શિષ્યોને સાથે લઈ જવા જોઈએ. ત્યારપછી તે ગણાવચ્છેદક અથવા આચાર્ય જે આચાર્યને ઉદ્દેશ કરે છે=જ્ઞાન, દર્શન અર્થે જે આચાર્યની ઉપસંપદા સ્વીકારે છે, તેમાં=તે ઉપસંપદા આપનાર આચાર્યમાં, પાછળથી પોતાના સાધુઓનો નિક્ષેપ કરે છે અર્થાત્ પ્રથમ પોતે તે આચાર્યનો શિષ્યભાવ સ્વીકારે છે અને પાછળથી પોતાના શિષ્યોને તે આચાર્યનો શિષ્યભાવ સ્વીકારાવડાવે છે. કઈ રીતે શિષ્યભાવ સ્વીકારાવડાવે છે, તે બતાવતાં કહે છે. જે પ્રમાણે હું તમારો શિષ્ય છું, તે પ્રકારે આ પણ=મારા શિષ્યો પણ, તમારા શિષ્યો છે, એ પ્રકારનો ભાવ છે. ॥૬૦॥

**અવતરણિકા :-**

इदमेवाह –

**અવતરણિકાર્થ :-**

આને જ કહે છે=ગાથા-૬૦ના અંતે કહ્યું કે તે આચાર્યમાં પાછળથી પોતાના શિષ્યોને નિક્ષેપ કરે છે એને જ કહે છે –

**ગાથા :-**

**जह अप्पगं तहा ते, तेण पहुप्पंते ते ण घेत्तव्वा ।**
**अपहुप्पंते गिण्हइ, संघाडं मुत्तु सव्वे वि ॥६१॥**

**અન્વયાર્થ :-**

जह अप्पगं तहा ते=જે પ્રમાણે આત્માને તે પ્રમાણે તેઓને=શિષ્યોને, નિવેદન કરે છે, तेण पहुप्पंते ते ण घेत्तव्वा=તેના વડે=ઉપસંપદા આપનાર આચાર્ય વડે, પૂર્યમાણ હોતે છતે તે ગ્રહણ કરવા જોઈએ નહિ, अपहुप्पंते=અપૂર્યમાણ હોતે છતે, संघाडं मुत्तु=સંઘાટકને મૂકીને, सव्वे वि=સર્વ પણ, गिण्हइ=ગ્રહણ કરે છે. ॥૬૧॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે આત્માને તે પ્રમાણે તેઓને=શિષ્યોને, નિવેદન કરે છે. તેના વડે=ઉપસંપદા આપનાર આચાર્ય વડે, પૂર્યમાણ હોતે છતે તે ગ્રહણ કરવા જોઈએ નહિ. અપૂર્યમાણ હોતે છતે સંઘાટકને મૂકીને સર્વ પણ ગ્રહણ કરે છે. ॥૬૧॥**

**ટીકા :-**

'जह अप्पगं'ति । यथाऽऽत्मानं तथा तानपि साधून्निवेदयति । तेनाप्याचार्येण पूर्यमाणेषु साधुषु ते प्रतीच्छकाचार्यसाधवो न ग्रहीतव्याः, तस्यैव तान् प्रत्यर्पयति । अथ वास्तव्याचार्यस्य साधवो न

पूर्यन्ते तत एकं सङ्घाटकं तस्य प्रयच्छन्ति, तं मुक्त्वा शेषानात्मना गृह्णाति । अथ वास्तव्याचार्यः सर्वथैवासहायस्ततः सर्वानपि गृह्णाति ।।६१।।

**ટીકાર્થ :-**

यथाऽऽत्मानं ..... गृह्णाति ।। જે પ્રમાણે આત્માને નિવેદન કરે છે=જ્ઞાન, દર્શન માટે આવેલા ગણાવચ્છેદક અથવા આચાર્ય અન્ય આચાર્યને પોતાનો આત્મા સમર્પણ કરે છે, તે રીતે તે પણ સાધુઓને=પોતાના શિષ્ય એવા સાથે આવેલા સાધુઓને, નિવેદન કરે છે. તે પણ આચાર્ય વડે પૂર્યમાણ સાધુ હોતે છતે=પોતાના ગચ્છમાં સુવ્યવસ્થા માટે આવશ્યક પૂરતા સાધુ હોતે છતે, પ્રતીચ્છક આચાર્યના તે સાધુઓ ગ્રહણ કરવા જોઈએ નહિ. તેમને જ=આવનાર ગણાવચ્છેદકને કે આચાર્યને જ, તેઓને=તેમના શિષ્યોને, પાછા સોંપે છે. હવે, વાસ્તવ્ય આચાર્યના સાધુઓ પૂરતા નથી=જ્ઞાન, દર્શન માટે આવેલા ગણાવચ્છેદક કે આચાર્ય જે આચાર્યની નિશ્રા સ્વીકારે છે તે વાસ્તવ્ય આચાર્યના સાધુઓ ગચ્છવ્યવસ્થા માટે પૂરતા નથી તો એક સંઘાટક તેમને આપે છે=આવેલા ગણાવચ્છેદકને કે આચાર્યને આપે છે. તેને છોડીને=એક સંઘાટકને છોડીને, શેષ સાધુઓને ગ્રહણ કરે છે. હવે વાસ્તવ્ય આચાર્ય સર્વથા જ અસહાય છે તો સર્વ પણ તે શિષ્યોને ગ્રહણ કરે છે. ।।૬૧।।

**ગાથા :-**

सहुअसहुस्स वि तेण वि, वेयावच्चाइ सव्व कायव्वं ।
ते तेसिमणाएसा, वावारेउं ण कप्पंति ।।६२।।

**અન્વયાર્થ :-**

तेण वि=તેમના વડે પણ=પ્રતીચ્છક આચાર્ય વડે પણ, सहुअसहुस्स=સહિષ્ણુ, અસહિષ્ણુ એવા આચાર્યનું, वेयावच्चाइ सव्व कायव्वं=વૈયાવચ્ચાદિ સર્વ કરવું જોઈએ, तेसिमणाएसा=તેઓની આજ્ઞા વગર=ઉપસંપદા આપનાર આચાર્યની આજ્ઞા વગર, ते=તે સાધુઓ=પ્રતીચ્છક આચાર્ય સાથે આવેલા સાધુઓ, वावारेउं ण कप्पंति=વ્યાપારવા માટે કલ્પતા નથી=પ્રતીચ્છક આચાર્ય વડે પોતાના શિષ્યોને નિશ્રા આપનાર આચાર્યની આજ્ઞા વગર વ્યાપારવા માટે કલ્પતા નથી. ।।૬૨।।

**ગાથાર્થ :-**

તેમના વડે પણ=પ્રતીચ્છક આચાર્ય વડે પણ, સહિષ્ણુ, અસહિષ્ણુ એવા આચાર્યનું વૈયાવચ્ચાદિ સર્વ કરવું જોઈએ. તેઓની આજ્ઞા વગર=ઉપસંપદા આપનાર આચાર્યની આજ્ઞા વગર, તે સાધુઓ=પ્રતીચ્છક આચાર્ય સાથે આવેલા સાધુઓ, વ્યાપારવા માટે કલ્પતા નથી=પ્રતીચ્છક આચાર્ય વડે પોતાના શિષ્યોને નિશ્રા આપનાર આચાર્યની આજ્ઞા વગર વ્યાપારવા માટે કલ્પતા નથી. ।।૬૨।।

**ટીકા :-**

**'सहुअसहुस्स वि'त्ति । तेनापि प्रतीच्छकाचार्यादिना तस्याचार्यस्य सहिष्णोरसहिष्णोर्वा वैयावृत्त्यादिकं सर्वमपि कर्त्तव्यम् । तेऽपि साधवस्तेषामाचार्याणामादेशमन्तरेण व्यापारयितुं न कल्पन्ते ।।६२।।**

**ટીકાર્થ :-**

**तेनापि ..... कल्पन्ते ।। તેના વડે પણ=પ્રતીચ્છક આચાર્ય વડે પણ, સહિષ્ણુ અથવા અસહિષ્ણુ એવા તે આચાર્યનું સર્વ પણ વૈયાવચ્ચાદિ કરવું જોઈએ. તે પણ સાધુઓ=ઉપસંપદા માટે આવેલા પ્રતીચ્છક આચાર્યના સાધુઓ, તે આચાર્યના આદેશ વગર=જેમની નિશ્રા સ્વીકારી છે, તે આચાર્યના આદેશ વગર, વ્યાપાર કરાવવા માટે કલ્પતા નથી. ।।૬૨।।**

**ભાવાર્થ :-**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સ્વશક્તિ અનુસાર જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરનારા હોય છે અને શક્તિના પ્રકર્ષથી પંચાચારનું પાલન કરીને તેની વૃદ્ધિના યત્ન કરનારા હોય છે. તેમાં જ્ઞાન માત્ર બોધાત્મક નથી, પરંતુ જે બોધ મોહના ઉન્મૂલનને અનુકૂળ ઉચિત માર્ગને બતાવે છે. જેના બળથી જીવ વિશેષ વિશેષ મોહનું ઉન્મૂલન કરી શકે છે. તેથી, મોક્ષના અર્થી સાધુ-સાધ્વી આદિ શક્તિના પ્રકર્ષથી નવું નવું જ્ઞાન ભણે છે. વળી, દર્શન એ તત્ત્વને જોનારી દૃષ્ટિ છે. જેમ, પદાર્થ દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે, તેમ જોનારી નયદૃષ્ટિ જીવને નિત્ય એવા પોતાના આત્માના શાશ્વત હિતની રુચિ ઉત્પન્ન કરાવે છે અને અનિત્ય નયદૃષ્ટિ પોતાની સાથે સંબંધવાળા ધન, સ્વજન, શરીરાદિને અનિત્ય દેખાડે છે અને જેઓ નિત્યાનિત્ય દૃષ્ટિને સૂક્ષ્મ પ્રજ્ઞાથી તે રીતે ભાવન કરે છે કે જેથી નિત્ય એવા આત્માના હિતને અનુકૂળ સદા વીર્ય ઉલ્લસિત રહે છે અને અનિત્ય એવા દેહાદિ પ્રત્યેના સંગથી નિવર્તન કરવા માટે સદા રુચિ ધરાવે છે. તેવી રુચિ દર્શનની નિર્મળ દૃષ્ટિ છે અને તે દૃષ્ટિના ઉત્તર ઉત્તરના સંખ્યાતીત ભેદો છે. તે સર્વને સૂક્ષ્મ સૂક્ષ્મતર જાણવાથી દર્શનશુદ્ધિ થાય છે અને તે દર્શનશુદ્ધિના અર્થી સાધુ-સાધ્વી આદિ સર્વે હોય છે અને જે આચાર્ય કે ગણાવચ્છેદક ગીતાર્થ થયા છે, તેઓ પાસે જ્ઞાન-દર્શન અને ચારિત્રની નિર્મળ પરિણતિ વિદ્યમાન છે તોપણ વિશેષ જ્ઞાનની અને વિશેષ દર્શનની પ્રાપ્તિ અર્થે તેઓ પણ અત્યંત યત્ન કરનારા હોય છે. તેથી પોતાની શક્તિ જણાય તો જ્ઞાન-દર્શનની વૃદ્ધિ અર્થે અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારવા અર્થે પણ તત્પર થાય છે. ત્યારે તેઓએ પોતાના સાધુના ગણનો કઈ રીતે નિક્ષેપ કરવો જોઈએ ? તેની વિધિ ગાથા-૫૯માં બતાવી.

વળી, તેઓને અન્ય ગચ્છમાં જવા અર્થે કઈ વિધિ છે ? તે સ્પષ્ટ કરે છે – ઉભયથી વ્યક્ત ભિક્ષુમાં જે ગણાંતરમાં જવાની વિધિ છે તે જ વિધિ ગણાવચ્છેદક માટે અને આચાર્ય માટે છે અને તે વિધિને સ્પષ્ટ કરવા માટે ગાથા-૧૫માં ઉભયથી વ્યક્ત-અવ્યક્તને આશ્રયીને ચાર ભાંગા બતાવ્યા. ત્યારપછી ગાથા-૧૭માં કહ્યું કે ઉભયથી વ્યક્ત સાધુ જ્ઞાનાદિ અર્થે જતા હોય, ત્યારે જેમની નિશ્રા સ્વીકારવાની ઇચ્છા છે, તેવા બે-ત્રણ આચાર્યને પણ કદાચિત્ ધારણ કરે અને ત્યારપછી તે સર્વ વિષયક જે વિધિ ગાથા-૧૯ સુધી

સ્પષ્ટ કરી, તે સર્વ વિધિ ગણાવચ્છેદક માટે અને આચાર્ય માટે પણ જાણવી. તેથી એ ફલિત થાય છે કે તે ગણાવચ્છેદક અને આચાર્ય જે અન્ય ગચ્છમાં જ્ઞાન અર્થે કે દર્શન અર્થે જવા ઇચ્છે છે, તે અન્ય ગચ્છરૂપે કયા ગચ્છને સ્વીકારવો ? તેના વિષયમાં કોઈ એક આચાર્યને ધારીને જાય છે અથવા બે કે ત્રણ આચાર્યોને પણ ધારીને જાય છે. તેથી તે સ્થાનમાં ગયા પછી જે આચાર્યાદિ પાસે તેમને જ્ઞાન-દર્શનની વિશેષ પ્રાપ્તિ જણાય તે આચાર્યની નિશ્રાને તેઓ સ્વીકારે છે અને જતી વખતે પોતાના ગચ્છના જે સંવિગ્ન ગીતાર્થ આચાર્યાદિ છે, તેઓની પાસે પોતાના શિષ્યોને સ્થાપન કરે છે અને કહે છે કે વિશેષ જ્ઞાન-દર્શનના ગ્રંથો ભણીને અમે પાછા આવીશું. હવે, જો તે આચાર્ય કે ગણાવચ્છેદક પોતાના ગચ્છના અસંવિગ્ન આચાર્ય પાસે પોતાના સાધુને મૂકે તો તેઓનો વિનાશ થાય. તેથી સ્વગચ્છના અન્ય કોઈ આચાર્ય સંવિગ્ન ગીતાર્થ ન હોય અર્થાત્ ગીતાર્થ હોવા છતાં અસંવિગ્ન હોય તો તેમની પાસે પોતાના શિષ્યોને મૂકે નહિ, પરંતુ પોતાની સાથે જ શિષ્યોને લઈને જેમની નિશ્રા પોતે સ્વીકારે છે, તેમને જ તે શિષ્યો શિષ્યભાવરૂપે સોંપે છે. જેથી પોતે જ્ઞાન-દર્શનના ગ્રંથો તે મહાત્મા પાસે ભણીને વિશેષ જ્ઞાન-દર્શનની નિર્મળતાને પ્રાપ્ત કરી શકે અને તે વખતે કઈ રીતે ઉપસંપદા આપનાર આચાર્યને સમર્પિત થવું જોઈએ ? અને શું ઉચિત કર્તવ્ય છે, તે ગાથા-૬૧ અને ૬૨માં સ્પષ્ટ કરે છે. તે પ્રમાણે અધ્યયન અર્થે આવેલા આચાર્યએ કે ગણાવચ્છેદકે જે આચાર્યની નિશ્રા સ્વીકારી છે, તે આચાર્ય દેહથી સબળ હોય કે દેહથી અસહિષ્ણુ હોય તોપણ તેમની નિશ્રામાં આવેલા આચાર્યાદિ અને તેમના શિષ્યો બધાએ તેઓની વૈયાવચ્ચ કરવી જોઈએ; કેમ કે વિશેષ પ્રકારના શ્રુતજ્ઞાનનો અને દર્શનશાસ્ત્રનો બોધ કરાવીને નિર્મળ દૃષ્ટિને પ્રગટ કરાવનારા એવા તેઓ ઉપકારી છે.

વળી, જે આચાર્યને પોતે પોતાના શિષ્યો સુપરત કર્યા છે, તે આચાર્યની આજ્ઞા વગર પોતાના શિષ્યો પાસેથી પણ કોઈક વખતે અધ્યયન માટે આવેલા ગણાવચ્છેદકે કે આચાર્યએ કોઈ કૃત્યો તે આચાર્યની અનુજ્ઞા વગર કરાવવાં જોઈએ નહિ તો જ પારમાર્થિક પોતાના શિષ્યોનું સમર્પણ સંગત થાય. **॥૬૦થી ૬૨॥**

**અવતરણિકા :-**

**ગાથા-૧માં સુગુરુ કેવા હોય છે ? તે બતાવતાં કહ્યું કે આ લોકમાં અને પરલોકમાં હિતને અનુકૂળ સુંદર વ્યવહારને કરનારા સુગુરુ હોય છે અને તેઓ અનુશિષ્ટ, ઉપાલંભ અને ઉપગ્રહને કરે છે અને તેવા સુગુરુનો ક્યારેય ત્યાગ કરવો જોઈએ નહિ. તેથી, ફલિત થાય કે સારણા-વારણાદિના પ્રયોજનથી ગુરુ આશ્રયણીય છે, એમ ગાથા-૫માં કહીને કહ્યું કે ધર્મના અર્થી સાધુએ સ્વગચ્છમાં સારણાદિનો અભાવ હોય તો સારણાદિના સામ્રાજ્યથી યુક્ત ગચ્છાંતરમાં વિધિથી સંક્રમણ કરવું જોઈએ. એમ શાસ્ત્રમાં કહેવાયું છે. વળી, ગચ્છાંતરમાં સંક્રમણ અર્થે માત્ર સારણાદિ જ પ્રયોજન નથી, પરંતુ અન્ય પણ ગચ્છાંતરના સંક્રમણનાં કારણો છે. તે સર્વને ગાથા-૫માં કહેવાની ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરી. ત્યારપછી રત્નત્રયીની વૃદ્ધિ અર્થે કયા કયા પ્રયોજનથી સાધુઓ યાવત્ આચાર્યાદિ પણ ગણાંતરમાં ઉપસંપદા સ્વીકારે છે. તે અત્યાર સુધી કહ્યું. તે સર્વનું યોજન કરતાં ગાથામાં કહે છે –**

ગાથા :-

कप्पम्मि इमं सव्वं, भणिअं णाऊण सुगुरुसंसग्गी ।
कायव्वा कुगुरूणं, वज्जेअव्वा इमे ते य ।।६३।।

અન્વયાર્થ :-

कप्पम्मि इमं सव्वं भणिअं णाऊण=કલ્પમાં=કલ્પ અધ્યયનમાં, આ સર્વ=અત્યાર સુધી વર્ણન કર્યું એ સર્વ, કહેવાયેલું જાણીને, सुगुरुसंसग्गी कायव्वा=સુગુરુના સંસર્ગને કરવો જોઈએ, कुगुरूणं वज्जेअव्वा= કુગુરુના સંસર્ગનું વર્જન કરવું જોઈએ, य=અને, ते=તે=કુગુરુઓ, इमे=આ છે. ।।૬૩।।

ગાથાર્થ :-

કલ્પમાં=કલ્પ અધ્યયનમાં, આ સર્વ=અત્યાર સુધી વર્ણન કર્યું એ સર્વ, કહેવાયેલું જાણીને સુગુરુના સંસર્ગને કરવો જોઈએ અને કુગુરુના સંસર્ગનું વર્જન કરવું જોઈએ અને તે=કુગુરુઓ આ છે. ।।૬૩।।

ટીકા :-

'कप्पम्मि'त्ति । 'कल्पे' कल्पाध्ययने तृतीयखण्डप्रान्ते सर्वमिदं भणितं ज्ञात्वा सुगुरुसंसर्गिः कर्त्तव्या । कुगुरूणां च संसर्गिर्वर्जयितव्या, ते चेमे ।।६३।।

ટીકાર્થ :-

'कल्पे'..... चेमे ।। કલ્પમાં=કલ્પઅધ્યયનમાં, ત્રીજા ખંડના અંતમાં સર્વ આ કહેવાયેલાને=ગાથા-૧થી અત્યાર સુધી કહ્યું તે સર્વ આ કહેવાયેલાને, જાણીને સુગુરુને સંસર્ગી કરવા જોઈએ=પોતાના આત્માને સુગુરુ સાથે સંસર્ગી કરવો જોઈએ અને કુગુરુના સંસર્ગને વર્જવો જોઈએ અને તે=કુગુરુ, આ છે. ।।૬૩।।

ભાવાર્થ :-

ગાથા-૧માં બતાવ્યું, તેવા સુવ્યવહારી સુગુરુઓ છે અને તેવા સુગુરુઓ રત્નત્રયીની વૃદ્ધિ અર્થે સ્વશક્તિ અનુસાર સ્વગચ્છમાં ઉદ્યમ કરે છે અને વિશેષ રત્નત્રયીની વૃદ્ધિના પ્રયોજનથી અન્ય ગચ્છમાં ઉપસંપદા સ્વીકારીને પ્રયત્ન કરે છે અને તેવા સુગુરુઓનો જ હંમેશાં સંસર્ગ કરવો જોઈએ. જેથી ભવનો ઉચ્છેદ થાય અને કુગુરુઓના સંસર્ગનું વર્જન કરવું જોઈએ. જેથી ભવની વૃદ્ધિ થાય નહિ. ।।૬૩।।

ગાથા :-

पासत्थो ओसन्नो, होइ कुसीलो तहेव संसत्तो ।
अहछंदो वि य एए अवंदणिज्जा जिणमयम्मि ।।६४।।

**અન્વયાર્થ :-**

**पासत्थो=પાર્શ્વસ્થ, ओसन्नो=અવસન્ન, कुसीलो=કુશીલ, तहेव संसत्तो=તે પ્રકારે સંસક્ત, अहछंदो वि= અને યથાછંદ પણ, होइ=હોય છે, एए=આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, जिणमयम्मि=જિનમતમાં, अवंदणिज्जा= અવંદનીય છે. ॥૬૪॥**

**ગાથાર્થ :-**

**પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, તે પ્રકારે સંસક્ત અને યથાછંદ પણ હોય છે. આ=પૂર્વમાં વર્ણન કર્યું એ, જિનમતમાં અવંદનીય છે. ॥૬૪॥**

**ટીકા :-**

**'पासत्थो'त्ति । पार्श्वस्थोऽवसन्नो भवति कुशीलस्तथैव संसक्तो यथाच्छन्दोऽपि च, एतेऽवन्दनीया भवन्ति, क्व ? जिनमते, न तु लोक इत्यर्थः ॥६४॥**

**ટીકાર્થ :-**

**पार्श्वस्थोऽवसन्नो ..... इत्यर्थः ॥ પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ પણ થાય છે. આ=પાસત્થાદિ, અવંદનીય થાય છે. ક્યાં અવંદનીય થાય છે ? એથી કહે છે. જિનમતમાં, પરંતુ લોકમાં નહિ. ॥૬૪॥**

**ભાવાર્થ :-**

પાસત્થાદિ સાધુઓ જિનમતમાં અવંદનીય છે. તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા જિનમતના પરમાર્થને જાણનારા છે, તેઓ જિનમતાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરનારા સુસાધુ અને કુસાધુનો વિભાગ કરીને સુસાધુને જ વંદન કરે છે; કેમ કે સુસાધુના ગુણની પૂજા થાય છે. વળી, કુસાધુને વંદન કરવાથી દોષોની અનુમોદના થાય છે. તેથી વિવેકસંપન્ન શ્રાવકાદિ તેઓને વંદન કરતા નથી. વળી, જિનમતથી અપરિચિત લોક પાસત્થાદિને પણ આ ત્યાગી છે, એમ માનીને વંદન કરે છે. તેથી લોકમાં તેઓ અવંદનીય નથી અને આદ્યભૂમિકાવાળા મુગ્ધ જીવો આ ત્યાગી છે, તેવી બુદ્ધિથી વંદન કરીને પણ ત્યાગ પ્રત્યે પૂજ્ય ભાવવાળા થાય છે. તેથી, તે ભૂમિકાના પરિણામને અનુરૂપ નિર્જરાને પ્રાપ્ત કરે છે અને જિનમતના જાણનારા વિવેકી શ્રાવકો પાસત્થાદિ દોષવાળા જાણવા છતાં તેઓને વંદન કરે તો તેઓના પ્રમાદ દોષોની ઉપબૃંહણા કરીને=અનુમોદના કરીને, પાપની પ્રાપ્તિ કરે છે. તેથી જ જિનમતને જાણનારાઓ માટે તેઓ અવંદનીય છે. મુગ્ધ લોકોમાં તે અવંદનીય થતા નથી. **॥૬૪॥**

**અવતરણિકા :-**

**तत्र पार्श्वस्थं निरूपयति –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પાસત્થાદિ પાંચમાં પાર્શ્વસ્થનું નિરૂપણ કરે છે –**

ગાથા :-

पासत्थो दुवियप्पो, देसे सव्वे य होइ णायव्वो ।
सव्वम्मि नाणदंसणचरणाणं जो उ पासम्मि ।।६५।।

અન્વયાર્થ :-

पासत्थो दुवियप्पो=પાર્શ્વસ્થા બે વિકલ્પવાળા છે, देसे सव्वे य=દેશ અને સર્વ, णायव्वो=જ્ઞાતવ્ય, होइ=થાય છે, जो उ=જે, नाणदंसणचरणाणं=જ્ઞાન-દર્શન-ચારિત્રના, पासम्मि=પાસેમાં છે, सव्वम्मि=તે સર્વ પાસત્થા છે. ।।૬૫।।

ગાથાર્થ :-

**પાર્શ્વસ્થા બે વિકલ્પવાળા છે. દેશ અને સર્વ જ્ઞાતવ્ય થાય છે. જે જ્ઞાન-દર્શન-ચારિત્રના પાસેમાં છે, તે સર્વ પાસત્થા છે. ।।૬૫।।**

ટીકા :-

'पासत्थो'त्ति । पार्श्वे ज्ञानादिगुणानां यत्याचारस्य वा तिष्ठति न तु तदन्तर्गत इति पार्श्वस्थः, स च द्विविकल्पः, देशे सर्वस्मिंश्च भवति ज्ञातव्यः । तत्र सर्वस्मिन् पार्श्वस्थः स उच्यते यो ज्ञानदर्शन-चारित्राणां त्रयाणामपि पार्श्वे तिष्ठति न त्वेकमप्यादत्ते । तथा च सर्वपार्श्वस्थः सर्वगुणबाह्यत्वेनैकरूप एव, न तु देशपार्श्वस्थवदनेकभेद इति भावः ।।६५।।

ટીકાર્થ :-

पार्श्वे ..... भावः ।। જ્ઞાનાદિ ગુણોની પાસે અથવા સાધુના આચારની પાસે રહે છે પરંતુ તદ્અંતર્ગત નથી=સંવેગપૂર્વક સાધુ આચાર સેવીને જ્ઞાનાદિ ગુણોને અંતર્ગત નથી, એ પાર્શ્વસ્થ છે અને તે=પાર્શ્વસ્થ, બે વિકલ્પવાળા છે. દેશમાં અને સર્વમાં જ્ઞાતવ્ય થાય છે=પાર્શ્વસ્થરૂપે જ્ઞાતવ્ય થાય છે. ત્યાં=બે પ્રકારના પાસત્થામાં, સર્વમાં પાસત્થા તે કહેવાય છે. જે જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણેયમાં પણ પાસે રહે છે, એકને પણ સ્વીકારતા નથી=આત્મામાં પરિણમન પમાડતા નથી અને તે રીતે= સર્વ પાસત્થા રત્નત્રયી રહિત છે તે રીતે, સર્વ ગુણોથી બાહ્યપણું હોવાને કારણે સર્વપાર્શ્વસ્થ એકરૂપ જ છે. પરંતુ દેશપાસત્થાદિની જેમ અનેક ભેદવાળા નથી, એ પ્રકારનો ભાવ છે. ।।૬૫।।

ભાવાર્થ :-

જેઓને કંઈક ધર્મબુદ્ધિ છે. તેથી સંયમ ગ્રહણ કર્યું છે, છતાં ભવસમુદ્રથી તરવાનો સૂક્ષ્મ માર્ગ બતાવનાર ભગવાનનું વચન છે, તેવો સ્પષ્ટ બોધ નથી. આથી ભગવાનનાં વચનોને કંઈક જાણે છે પરંતુ કઈ રીતે ભવના ઉચ્છેદનું કારણ ભગવાનનું વચન છે, તેને જાણવા માટે યત્ન કરે તે રીતે જ્ઞાન ભણતા

નથી. ભવસમુદ્રની અત્યંત વિષમતા દેખાડે તેવી નિર્મળ તત્ત્વની રુચિ નથી. તેથી જ ભવના ઉચ્છેદના ઉપાયોના પરમાર્થને સ્પર્શવા રૂપ ઉત્કટ ઇચ્છારૂપ સમ્યગ્દર્શન ધારણ કરતા નથી. પરંતુ સ્થૂલ રુચિથી ધર્મ કરે છે. ચારિત્રના આચારો મોહનાશનું કારણ બને તે પ્રકારે સેવતા નથી. તેઓ જ્ઞાનાદિ ગુણોની પાસે રહે છે, પરંતુ મોક્ષના કારણીભૂત જ્ઞાન-દર્શન-ચારિત્રના પરિણામ અંતર્ગત થતા નથી તેથી પાર્શ્વસ્થ છે અથવા મોક્ષમાર્ગમાં યતમાન એવા યતિના આચારોની પાસે રહે છે=સ્થૂલથી સેવે છે, પરંતુ ભવના કારણનું ઉન્મૂલન થાય તે પ્રકારે યતિના આચારને સેવીને તદ્અંતર્ગત રહેતા નથી તે પાર્શ્વસ્થ છે. આ પાર્શ્વસ્થ બે વિકલ્પવાળા છે. દેશમાં પાર્શ્વસ્થ અને સર્વમાં પાર્શ્વસ્થ. જેઓ રત્નત્રયીના આચારોની પાસે રહે છે પણ એક પણ રત્નત્રયીનો પરિણામ મોક્ષનું કારણ બને તે રીતે પરિણમન પમાડતા નથી. તે સર્વપાર્શ્વસ્થ છે અને સર્વપાસત્થા જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણથી રહિત હોવાને કારણે એક જ રૂપ છે. તેના અનેક ભેદો નથી.

વળી, દેશપાસત્થા ભિન્ન ભિન્ન પ્રકારના હોવાથી અનેક ભેદવાળા છે; કેમ કે મોક્ષમાર્ગના સર્વ ગુણોથી બાહ્ય નથી. **॥૬૫॥**

**અવતરણિકા :-**

**ननु यद्येवं तदा त्रिविकल्पः सर्वपार्श्वस्थः कथं व्यवहारादावभिधीयते ?, तथा च तद्वचनम्—** "सव्वे तिण्णि विगप्पा देसे सेज्जायरकुलादी" **त्येतामाशङ्कां निराकुर्वन्नाह —**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. જો આ પ્રમાણે છે=પૂર્વ ગાથામાં કહ્યું એ રીતે સર્વપાસત્થા રત્નત્રયીથી બહિર્ભૂત હોવાના કારણે એકરૂપ છે એ પ્રમાણે છે તો સર્વપાસત્થા ત્રણ વિકલ્પવાળા કેવી રીતે વ્યવહારાદિમાં કહેવાય છે ? અર્થાત્ વ્યવહારાદિ ગ્રંથોમાં સર્વપાસત્થા ત્રણ પ્રકારના છે, એ પ્રકારે કહ્યું છે તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ સંગત થાય નહિ અને તે પ્રકારે તેનું વચન છે=વ્યવહાર ગ્રંથનું સર્વપાસત્થા ત્રણ પ્રકારે છે, એમ કહેનારું વચન છે તે વચન જ બતાવે છે –**

"સર્વ=સર્વપાસત્થા, ત્રણ વિકલ્પવાળા છે. દેશમાં=દેશપાસત્થામાં, શૈય્યાતર કુલાદિ છે."

એ આશંકાનું=વ્યવહાર ગ્રંથમાં ત્રણ પ્રકારના સર્વપાસત્થા કહ્યા છે એ સંગત થાય નહિ એ આશંકાનું, નિરાકરણ કરતાં કહે છે.

**ગાથા :-**

**इत्तो च्चिय तिविगप्पो, भणिओ ववहारसुत्तचुन्नीए ।**
**सद्दत्थभेअओ वा, इमाओ इत्थं च गाहाओ ।।६६।।**

**અન્વયાર્થ :-**

**इत्तो च्चिय=આથી જ, ववहारसुत्तचुन्नीए=વ્યવહારસૂત્રની ચૂર્ણિમાં, तिविगप्पो=ત્રણ વિકલ્પવાળા=**

પાર્શ્વસ્થ ત્રણ પ્રકારના, भणिओ=કહેવાયા છે, वा=અથવા, सद्दत्थभेअओ=શબ્દાર્થના ભેદથી=પાર્શ્વસ્થ શબ્દના અર્થ અનુસાર તેના ત્રણ વિકલ્પો છે, इत्थं=અહીં=આમાં, इमाओ गाहाओ=આ ગાથાઓ છે=આગળમાં બતાવે છે એ ગાથા-૬૭-૬૮-૬૯ ગાથાઓ છે. ।।૬૬।।

ગાથાર્થ :-

**આથી જ વ્યવહારસૂત્રની ચૂર્ણિમાં ત્રણ વિકલ્પવાળા=પાર્શ્વસ્થ ત્રણ પ્રકારના કહેવાયા છે અથવા શબ્દાર્થના ભેદથી=પાર્શ્વસ્થ શબ્દના અર્થ અનુસાર તેના ત્રણ વિકલ્પો છે, અહીં=આમાં, આ ગાથાઓ છે=આગળમાં બતાવે છે એ ગાથા-૬૭-૬૮-૬૯ ગાથાઓ છે. ।।૬૬।।**

ટીકા :-

**'इत्तो च्चिय'त्ति । 'इत एव' व्युत्पत्तिनिमित्तघटकत्रैविध्यादेव एकरूपोऽपि सर्वपार्श्वस्थो व्यवहारसूत्र-चूर्ण्यां त्रिविकल्पो भणितः । तथा च तद्वचनम्–"ज्ञानदर्शनचारित्राणि त्रिप्रकारो मोक्षमार्ग इत्यतस्त्रयाणां ग्रहणम्" इति । अथवैकोऽपि शब्दार्थभेदात्त्रिविकल्पः सर्वपार्श्वस्थः, तथा च व्यवहारवृत्तिकारः- तत्र सर्वस्मिन् सर्वतः पार्श्वस्थशब्दसंस्कारमाश्रित्य त्रयो विकल्पाः, तद्यथा–पार्श्वस्थः प्रास्वस्थः पाशस्थश्चेति । अत्र चेमा गाथा व्यवहारप्रकल्पादिग्रन्थस्था विशेषपरिज्ञार्थिना ज्ञेयाः ।।६६।।**

ટીકાર્થ :-

'इत एव' ..... ज्ञेयाः ।। આથી જ=વ્યુત્પત્તિ નિમિત્તના ઘટકના ત્રૈવિધ્યથી જ=પાસત્થાની વ્યુત્પત્તિને કહેનાર જે લક્ષણ છે તેના જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ અંગો તે રૂપ ઘટકના ત્રૈવિધ્યથી જ, એક રૂપ પણ સર્વ પાસત્થા વ્યવહારસૂત્ર ચૂર્ણિમાં ત્રણ વિકલ્પવાળા કહેવાયા છે અને તે પ્રકારે=એક રૂપ પાસત્થા રત્નત્રયીના અંગથી ત્રણ પ્રકારે કહેવાયા છે તે પ્રકારે, તેનું વચન છે=વ્યવહારસૂત્ર ચૂર્ણિનું વચન છે. જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ છે આથી ત્રણનું ગ્રહણ છે=સર્વપાસત્થા ત્રણ પ્રકારના છે એ પ્રકારનું ગ્રહણ છે.

પૂર્વમાં વ્યવહારસૂત્રની ચૂર્ણિ અનુસાર સર્વપાસત્થા ત્રણ પ્રકારના કઈ રીતે છે ? તેની સ્પષ્ટતા કરી. હવે, 'અથવા'થી વ્યવહારના વૃત્તિકારના વચનથી અન્ય રીતે સર્વપાસત્થા ત્રણ પ્રકારના છે, તે બતાવે છે.

અથવા એક પણ=એક પ્રકારના સર્વપાસત્થા પણ, શબ્દાર્થના ભેદથી=પ્રાકૃતમાં રહેલા પાર્શ્વસ્થ શબ્દના અર્થ ત્રણ પ્રકારે થાય છે તેના ભેદથી, સર્વપાસત્થા ત્રણ વિકલ્પવાળા છે અને તે રીતે=સર્વપાસત્થા શબ્દાર્થના ભેદથી ત્રણ વિકલ્પવાળા છે તે રીતે, વ્યવહારના વૃત્તિકાર કહે છે. ત્યાં=પાસત્થામાં, સર્વમાં સર્વથી પાર્શ્વસ્થ શબ્દના સંસ્કારને આશ્રયીને ત્રણ વિકલ્પો છે=આગળ બતાવે છે એ રીતે પાર્શ્વસ્થ શબ્દના જે ત્રણ અર્થો કર્યા તે સર્વમાં સર્વ અંશથી પાર્શ્વસ્થ શબ્દનો પરિણામ છે તેને આશ્રયીને સર્વપાસત્થાના ત્રણ વિકલ્પો છે. તે આ પ્રમાણે=પ્રાકૃતમાં રહેલ 'पासत्था' શબ્દ ત્રણ પ્રકારે અર્થને બતાવે છે તે આ પ્રમાણે – પાર્શ્વસ્થ=પાસેમાં રહેલ, પ્રાસ્વસ્થઃ=પ્રકૃષ્ટથી ચારે બાજુથી

**સ્વસ્થ એ પ્રાસ્વસ્થ અથવા પાશસ્થ=પાશામાં રહેલ=બંધનમાં રહેલ, તે પાશસ્થ અને આમાં=પાર્શ્વસ્થના ત્રણ ભેદમાં વ્યવહારપ્રકલ્પાદિ ગ્રંથમાં રહેલી આ ગાથા=આગળમાં બતાવે છે એ ગાથા, વિશેષ બોધ કરવાના અર્થીએ જાણવી=પ્રાકૃતમાં રહેલા 'पासत्था' શબ્દના સંસ્કૃતમાં પાર્શ્વસ્થાદિ ત્રણ અર્થો કર્યા તેના વિશેષના પરિજ્ઞાનના અર્થીએ આ ગાથા જાણવી. ॥૬૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે સર્વપાસત્થા એકરૂપ છે તે વચન વ્યવહારસૂત્રની સાથે સ્થૂલથી વિરોધી જણાય છે; કેમ કે વ્યવહારસૂત્રાદિમાં સર્વપાસત્થાને ત્રણ ભેદવાળા કહેલ છે. તે વિરોધનો પરિહાર કરતાં કહે છે. પાસત્થા શબ્દની વ્યુત્પત્તિ પૂર્વમાં કરી કે જ્ઞાનાદિ ગુણોની પાસે રહેલ પરંતુ જ્ઞાનાદિ ગુણોની અંતર્ગત ન રહેલ તે પાસત્થા છે. આ પ્રકારની પાસત્થા શબ્દની વ્યુત્પત્તિના નિમિત્ત જે લક્ષણ છે, તેના ઘટક અંશો ત્રણ છે. (૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) ચારિત્ર. તે ઘટકના ત્રૈવિધ્યથી સર્વપાસત્થા એકરૂપવાળા હોવા છતાં ત્રણ વિકલ્પોવાળા કહેવાય છે અર્થાત્ સંપૂર્ણ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગથી બહિર્ભૂત છે. તેથી, સર્વપાસત્થા છે અને સર્વપાસત્થા રૂપે એક સ્વરૂપ છે તોપણ સર્વપાસત્થાના અંગભૂત રત્નત્રયીને આશ્રયીને ત્રણ પ્રકારના કહેલ છે.

'અથવા'થી અન્ય પ્રકારે સર્વપાસત્થાના ત્રણ વિકલ્પો સ્પષ્ટ કરે છે. પ્રાકૃતમાં 'पासत्थो' શબ્દ છે. તેનો અર્થ સંસ્કૃત પ્રમાણે पार्श्वस्थ થાય છે અર્થાત્ પાસે રહેલ થાય છે અથવા प्र+आ+स्वस्थः=प्रास्वस्थः અર્થાત્ પ્રકૃષ્ટથી ચારે બાજુથી સ્વસ્થ=આળસુ તે પ્રાસ્વસ્થ અથવા पाशस्थ=પાશામાં રહેલ=બંધનમાં રહેલ, પાશસ્થ છે અને આ પાર્શ્વસ્થ શબ્દના ત્રણ અર્થોને કહેનારી ગાથાના વિશેષ બોધ માટે આગળની ગાથામાં બતાવે છે. **॥૬૬॥**

**ગાથા :-**

**दंसणनाणचरित्ते, तवे अ अत्ताहिओ पवयणे य ।**
**तेसिं पासविहारी, पासत्थं तं विआणाहि ।।६७।।**

**અન્વયાર્થ :-**

**दंसणनाणचरित्ते तवे अ=દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપમાં, पवयणे य=અને પ્રવચનમાં, अत्ताहिओ=આત્મા આહિત છે તે ઉદ્યતવિહારી, तेसिं पासविहारी=તેઓની પાસેમાં વિહારી છે, तं=તેને, पासत्थं विआणाहि= પાસત્થા તું જાણ. ॥૬૭॥**

**ગાથાર્થ :-**

**દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપમાં અને પ્રવચનમાં આત્મા આહિત છે તે ઉદ્યતવિહારી તેઓની પાસેમાં વિહારી છે, તેને પાસત્થા તું જાણ. ॥૬૭॥**

**ટીકા :-**

**'दंसण'त्ति । दर्शनं-सम्यक्त्वं ज्ञानम्-आभिनिबोधिकादि चारित्रम्-आश्रवनिरोधः, एतेषां समाहारद्वन्द्वस्तस्मिन्, तथा 'तपसि' बाह्याभ्यन्तररूपे द्वादशप्रकारे, 'प्रवचने च' भगवद्वचने आत्माऽऽहितः-स्थापितो येषामुद्युक्तविहारिणां तेषां पार्श्वे विहारी यस्तं पार्श्वस्थं विजानीहि । अत्र यद्यपि दर्शनादिग्रहणात्तपःप्रवचने गृहीते एव तथाऽपि तयोरुपादानं मोक्षं प्रति प्रधानाङ्गताख्यापनार्थम्, भवति च तपो मोक्षं प्रति प्रधानमङ्गं पूर्वसञ्चितकर्मक्षपणहेतुत्वात्, प्रवचनं च विधेयाविधेयोपदेशदायित्वादिति । तदुक्तं व्यवहारचूर्णौ—**"अथवा त्रिप्रकारादधिकं विशेषज्ञापनार्थं तपःप्रवचनग्रहणं क्रियते" इति । **निशीथचूर्णौ त्वेवं व्याख्या—**"दंसणादिआ पसिद्धा, पवयणं चाउवन्नो समणसंघो, 'अत्ता' आत्मा संधिपओगेण 'आहितः' आरोपितः स्थापितः जेहिं साहूहिं उज्जुत्तविहारिण इत्यर्थः, तेसिं साहूणं पासविहारी जो सो एवंविहो पासत्थो पवयणं पडुच्च, जम्हा साहुसाहुणिसावगसाविगासु एगपक्खे वि ण णिवडइ तम्हा पवयणं पइ तेसिं पासविहारी । अहवा दंसणादिसु अत्ता अहिओ जस्स सो अत्ताहिओ दर्शनादीनां विराधक इत्यर्थः, जम्हा सो विराधगो तम्हा तेसिं दंसणादीणं पासविहारी पासत्थो तिविहभेदो भन्नइ"**त्ति ।।६७।।**

**ટીકાર્થ :-**

**दर्शनं-सम्यक्त्वं ..... भन्नइ"त्ति ।। દર્શન=સમ્યક્ત્વ, જ્ઞાન=આભિનિબોધિકાદિ, ચારિત્ર=આશ્રવનિરોધ આ ત્રણેયનો સમાહારદ્વન્દ્વ છે. તેમાં=રત્નત્રયીમાં અને તપમાં=બાહ્યઅભ્યંતરરૂપ બાર પ્રકારના તપમાં અને પ્રવચનમાં=ભગવાનના વચનમાં જે ઉદ્યત વિહારી સાધુઓનો આત્મા આહિત છે=સ્થાપિત છે, તેઓની પાસે વિહારી જે છે=ઉદ્યતવિહારી સાધુઓ જેવી આચરણા કરે છે તેના જેવી સ્થૂલથી નજીકની આચરણા કરનારા જે વિહારી છે તેને પાર્શ્વસ્થ તું જાણ. અહીં=પાર્શ્વસ્થના લક્ષણમાં જોકે દર્શનાદિના ગ્રહણથી તપ અને પ્રવચન ગૃહીત જ છે તોપણ તે બેનું=તપ અને પ્રવચન તે બેનું, ગ્રહણ=રત્નત્રયીથી પૃથક્ ગ્રહણ, મોક્ષ પ્રત્યે પ્રધાન અંગતાને બતાવવા માટે છે અને તપ મોક્ષ પ્રત્યે પ્રધાન અંગ થાય છે; કેમ કે પૂર્વસંચિત કર્મના ક્ષપણનું હેતુપણું છે અર્થાત્ રત્નત્રયીથી પણ પૂર્વસંચિત કર્મોનો ક્ષય થાય છે તોપણ તપને સેવીને મહાત્મા રત્નત્રયીના પ્રકર્ષને સેવી શકે છે. જેનાથી વિશેષ પ્રકારે પૂર્વસંચિત કર્મોનો નાશ થાય છે માટે તપ મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ છે અને પ્રવચન વિધેય અવિધેયના ઉપદેશદાયીપણાથી મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ છે અર્થાત્ ભગવાનના વચનરૂપ બોધ "મારે શું કર્તવ્ય છે ? શું અકર્તવ્ય છે ?" તેનો ઉપદેશ આપીને મોક્ષ પ્રત્યે પ્રધાન કારણ બને છે. તે=રત્નત્રયીથી પૃથક્ તપ અને પ્રવચન પ્રધાન અંગ છે માટે ગ્રહણ કરેલ તે વ્યવહારચૂર્ણિમાં કહેવાયું છે.**

"અથવા ત્રણ પ્રકારથી=રત્નત્રયીરૂપ ત્રણ પ્રકારથી, અધિક તપ અને પ્રવચનનું ગ્રહણ વિશેષ જ્ઞાપન માટે કરાય છે."

નિશીથચૂર્ણિમાં વળી આ પ્રમાણે વ્યાખ્યા છે=પાસત્થાના સ્વરૂપને બતાવવા માટે દર્શનાદિ શબ્દોની આ પ્રમાણે વ્યાખ્યા છે.

દર્શનાદિ પ્રસિદ્ધ છે. પ્રવચન ચાર વર્ણવાળો શ્રમણસંઘ છે. આત્મા સંધિપ્રયોગથી આહિત=આરોપિત=સ્થાપિત છે જે સાધુઓ વડે તે ઉદ્યતવિહારી છે, એ પ્રકારે અર્થ છે અર્થાત્ જે સાધુઓ દર્શનાદિ અને તપ અને પ્રવચનમાં પોતાના આત્માને તે રીતે સ્થાપિત કરે છે જે રીતે તે પાંચેયના પરસ્પર તાંતણાઓ જોડાયેલા થાય. જેમ શેરડીના સાંઠામાં સંધિના સ્થાને એકબીજાને જોડે છે, તેમ દર્શનાદિ પાંચને એકબીજા સાથે જોડાણ થાય, તે પ્રકારે તે પાંચ સ્થાનોમાં પોતાનો આત્મા જે સાધુ આરોપિત કરે છે, તે ઉદ્યતવિહારી છે. તે સાધુઓની પાસે વિહારી જે છે, તે આવા પ્રકારના પાસત્થા છે અને પ્રવચનને આશ્રયીને કઈ રીતે પાર્શ્વસ્થ છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. જે કારણથી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓમાં એક પણ પક્ષમાં પ્રવેશ પામતા નથી. તે કારણથી પ્રવચનને આશ્રયીને તેમાં=સાધુ, સાધ્વી આદિ ચારમાં, પાસવિહારી છે અથવા દર્શનાદિમાં આત્મા અહિત છે જેનો તે આત્મઅહિત છે=દર્શનાદિનો વિરાધક છે. જે કારણથી તે=પાર્શ્વસ્થ સાધુ વિરાધક છે, તે કારણથી દર્શનાદિના પાસવિહારી=દર્શનાદિના વિરાધક પાસત્થા ત્રણ ભેદવાળા કહેવાયા છે. **॥૬૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં પાસત્થા શબ્દની ત્રણ પ્રકારની વ્યુત્પત્તિ બતાવીને કહ્યું કે સર્વપાસત્થા ત્રણ પ્રકારના છે. તેમાં પ્રથમ પ્રકારે પાર્શ્વસ્થ શબ્દની વ્યુત્પત્તિ ગ્રહણ કરીને સર્વ પાસત્થા કેવા સ્વરૂપવાળા હોય છે, તે બતાવવાર્થે પ્રથમ ઉદ્યતવિહારી સાધુનું સ્વરૂપ બતાવે છે અને ઉદ્યતવિહારી સાધુ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં આત્માને સ્થાપિત કરે છે. છતાં તપ અને પ્રવચનની પ્રધાનતા બતાવવાર્થે પૃથક્ ગ્રહણ કરીને તે પાંચમાં ઉદ્યતવિહારી આત્માને સ્થાપન કરે છે તેમ બતાવેલ છે. કઈ રીતે આત્માને સ્થાપન કરે છે ? તે નિશીથચૂર્ણિના ઉદ્ધરણમાં કહ્યું કે, "સંધિપ્રયોગથી આત્મા દર્શનાદિમાં સ્થાપિત છે, જે સાધુઓ વડે તે ઉદ્યતવિહારી છે." તેથી જેઓનું સમ્યગ્દર્શન સંસારના વાસ્તવિક રૌદ્ર સ્વરૂપને બતાવનાર છે. તેથી જ સંસારના ઉચ્છેદના ઉપાય અર્થે જ નવું નવું શ્રુત ભણે છે અને તે દર્શનની સાથે એકવાક્યતાથી જોડાયેલું છે અને જે નવું નવું શ્રુત ભણે છે, તે શ્રુત આચરણા સાથે એકવાક્યતાથી જોડાયેલું છે અને તપ અને પ્રવચન પણ તે રત્નત્રયી સાથે એકવાક્યતાથી જોડાયેલાં છે. જેમ શેરડીનો સાંઠો સંધિસ્થાનથી તેના દરેક અવયવો સાથે જોડાયેલો હોય છે, તેમ દર્શનાદિ પાંચેયની અંદર પરસ્પર સંધિના પ્રયોગથી જોડાણ કરીને જેઓ શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરે છે, તે ઉદ્યતવિહારી સાધુ છે; કેમ કે સર્વ ઉદ્યમથી ભવના કારણનો ઉચ્છેદ કરે છે અને જેઓ સાધુવેશમાં છે, તેથી સ્થૂલથી દર્શન, જ્ઞાન આદિમાં પ્રવૃત્તિ કરતા દેખાય છે પરંતુ ઉદ્યતવિહારીની જેમ યત્ન કરતા નથી, તે ઉદ્યતવિહારીની પાસે બાહ્ય આચરણાથી રહેલા છે. આવા પ્રકારના પાસત્થા છે.

વળી, નિશીથચૂર્ણિમાં કહ્યું કે પ્રવચનને આશ્રયીને પણ જેઓ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ એક પક્ષમાં પણ પ્રાપ્ત થતા નથી, તેથી પ્રવચનને આશ્રયીને તેઓ પાર્શ્વવિહારી છે. તેથી જેઓ રત્નત્રયીના માર્ગથી સર્વથા બહાર છે, માત્ર સાધુના વેશવાળા છે, સ્વઇચ્છાથી સર્વ કૃત્યો કરે છે, પરંતુ રત્નત્રયીની વૃદ્ધિ સાથે આત્માને યોજન કરવા પ્રયત્ન કરતા નથી, તેઓ ચતુર્વિધ શ્રમણસંઘથી બહાર છે તેઓ પાસત્થા છે. 'અથવા'થી અન્ય પ્રકારનો અર્થ કરતાં કહે છે.

દર્શનાદિમાં જેમનો આત્મા અહિત છે, તે પ્રવચનમાં 'अत्ताहिओ' છે અર્થાત્ રત્નત્રયીના વિરાધક છે માટે ત્રણ પ્રકારના પાસત્થા છે. **॥૬૭॥**

**અવતરણિકા :-**

**ગાથા-૬૬માં પાસત્થાના ત્રણ અર્થો કર્યા, તેમાં પાર્શ્વસ્થના અર્થ પ્રમાણે સર્વપાસત્થાનું સ્વરૂપ બતાવ્યું. હવે, 'प्रास्वस्थः' શબ્દને ગ્રહણ કરીને પાસત્થાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**दंसणनाणचरित्ते, सत्थो अच्छइ तहिं ण उज्जमइ ।**
**एएणं पासत्थो, एसो अण्णो वि पज्जाओ ।।६८।।**

**અન્વયાર્થ :-**

**दंसणनाणचरित्ते सत्थो अच्छइ तहिं ण उज्जमइ=દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્વસ્થ રહે છે. તેમાં ઉદ્યમ કરતો નથી, एएणं=આ કારણથી, पासत्थो एसो अण्णो वि पज्जाओ=પ્રાસ્વસ્થ એ અન્ય પણ પર્યાય છે. ॥૬૮॥**

**ગાથાર્થ :-**

**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્વસ્થ રહે છે. તેમાં ઉદ્યમ કરતો નથી. આ કારણથી પ્રાસ્વસ્થ એ અન્ય પણ પર્યાય છે. ॥૬૮॥**

**ટીકા :-**

**'दंसण'त्ति । दर्शनज्ञानचारित्रे यथोक्तरूपे यथाशक्ति नोद्यच्छति अत एव 'स्वस्थः' अलसस्तिष्ठति, एतेन कारणेन प्रास्वस्थ उच्यते, प्रकर्षेण आ–समन्तात् ज्ञानादिषु निरुद्यमतया स्वस्थः प्रास्वस्थ इति व्युत्पत्तेः, उक्तञ्च–**"सत्थो अच्छइ सुत्तपोरिसिं अत्थपोरिसिं वा न करेइ नोज्जमए, दंसणाइआरे वा न वज्जेइ, एवं सत्थो अच्छइ तेन पासत्थो ।" **'अन्यः पर्यायः' अन्यो व्याख्याप्रकारः ।।६८।।**

**ટીકાર્થ :-**

**दर्शनज्ञानचारित्रे ..... व्याख्याप्रकारः ।। પૂર્વમાં કહેલા સ્વરૂપવાળા દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પોતાની શક્તિ અનુસાર ઉદ્યમ કરતા નથી. આથી જ 'સ્વસ્થ'=આળસુ, રહે છે. આ કારણથી=રત્નત્રયીમાં આળસુ રહે છે એ કારણથી, પ્રાસ્વસ્થ કહેવાય છે; કેમ કે પ્રાસ્વસ્થ શબ્દમાં 'प्र' શબ્દ પ્રકર્ષથી, 'आ' શબ્દ ચારે બાજુથી, જ્ઞાનાદિમાં નિરુદ્યમપણું હોવાને કારણે સ્વસ્થ છે. એ પ્રાસ્વસ્થ છે એ પ્રકારની વ્યુત્પત્તિ છે અને કહેવાયું છે –**

"સ્વસ્થ રહે છે=આળસુ રહે છે. સૂત્રપોરિસીને અથવા અર્થપોરિસીને કરતા નથી. ઉદ્યમ કરતા નથી અથવા દર્શનના અતિચારનું વર્જન કરતા નથી. એ રીતે સ્વસ્થ રહે છે, તે કારણથી પાસત્થા છે."

**અન્ય પર્યાય છે=અન્ય વ્યાખ્યાનો પ્રકાર છે=પાર્શ્વસ્થ કરતાં પ્રાસ્વસ્થનો અર્થ કર્યો એ અન્ય પ્રકારે પાસત્થાના સ્વરૂપના વ્યાખ્યાનનો પ્રકાર છે. ।।૬૮।।**

**ભાવાર્થ :-**

પદાર્થને જોવાની અન્ય દૃષ્ટિથી પાસત્થાનો અર્થ વિચારે છે, ત્યારે પાસત્થા સાધુ પ્રકર્ષથી સર્વથા જ્ઞાનાદિમાં ઉદ્યમ કરનારા નથી. પરંતુ સાધુવેશ છે, તેથી સાધુની સ્થૂલ આચરણા માત્ર કરે છે પરંતુ સંસારના ઉચ્છેદના ઉદ્યમમાં નિરુદ્યમી થઈને સ્વસ્થ બેઠા હોય છે. આથી જ શક્તિ અનુસાર સૂત્રપોરિસી, અર્થપોરિસી કરતા નથી. તે તે ક્રિયાઓ કરીને મોહનાશને અનુકૂળ ઉદ્યમ કરતા નથી અને ભવના સ્વરૂપનું અને તેના ઉચ્છેદના સ્વરૂપનું સૂક્ષ્મ આલોચન કરીને દર્શનના અતિચાર વર્જન કરતા નથી પરંતુ મૂઢની જેમ જીવીને દર્શનને મલિન મલિનતર કરે છે. તે પ્રાસ્વસ્થ છે. **।।૬૮।।**

**અવતરણિકા :-**

**ગાથા-૬૬માં પાસત્થાની ત્રણ વ્યુત્પત્તિ બતાવી. તેમાં પાશસ્થ રૂપ ત્રીજી વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા અર્થને સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**पासो त्ति बंधणं ति य, एगट्टं बंधहेअवो पासा ।**
**पासत्थिओ पासत्थो, एसो अण्णो वि पज्जाओ ।।६९।।**

**અન્વયાર્થ :-**

**पासो त्ति बंधणं ति य एगट्टं=પાસ એ અથવા બંધન એ એક અર્થવાળા છે, बंधहेअवो पासा=બંધના હેતુઓ પાસા છે, पासत्थिओ पासत्थो=પાસામાં રહેલો પાસત્થ છે, एसो=આ=પાસત્થ એ, अण्णो वि पज्जाओ=અન્ય પણ પર્યાય. ।।૬૯।।**

**ગાથાર્થ :-**

**પાસ એ અથવા બંધન એ એક અર્થવાળા છે. બંધના હેતુઓ પાસા છે. પાસામાં રહેલો પાસત્થ છે. આ=પાસત્થ એ, અન્ય પણ પર્યાય છે. ।।૬૯।।**

**ટીકા :-**

**'पासो'त्ति । पाश इति वा बन्धनमिति वा एकार्थम्, ततः कारणे कार्योपचाराद् बन्धहेतवो मिथ्यात्वादयोऽपि पाशा उच्यन्ते, तेषु पाशेषु स्थितः पाशस्थः, एषोऽन्योऽपि पर्यायः, तदुक्तम्—** "पासो त्ति बंधणं ति वा एगट्ठं, एते पया वि एगट्ठा, बंधस्स हेऊ अविरतिमाई ते पासा भण्णंति, तेसु पासेसु ठिओ पासत्थो"**त्ति । पाशा इव पाशा इत्युपमया मिथ्यात्वादिबन्धहेतूनामभिधानं तु मलयगिरिपादानां**

**कार्यकारणयोरपि भेदाभिप्रायेण साधर्म्यविवक्षया द्रष्टव्यम्, अन्यथा प्रथमपदव्याख्यानमनुपयुक्तं स्यादिति ।।६९।।**

**ટીકાર્થ :-**

**पाश ..... स्यादिति ।। પાશ એ અથવા બંધન એ, એક અર્થવાળા શબ્દો છે. તેથી=પાશ અને બંધન એક અર્થવાળા છે. તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી=બંધના કારણો મિથ્યાત્વાદિ છે તેમાં બંધનો ઉપચાર કરવાથી, બંધના હેતુઓ મિથ્યાત્વાદિ પણ પાશા કહેવાય છે. તે પાસાઓમાં રહેલ પાસત્થ છે. આ=પાસત્થ, એ અન્ય પણ પર્યાય છે=પાસત્થા શબ્દનો અન્ય પણ પર્યાય છે. તે કહેવાયું છે.**

"पास એ અથવા बंध એ એકાર્થ છે. આ પદો પણ=બંધ અને પાશ એ બંને પદો પણ, એકાર્થ છે. બંધના હેતુ અવિરતિ આદિ તે પાસા કહેવાય છે. તે પાસાઓમાં રહેલો પાસત્થ છે."

**વળી, પાશાની જેમ પાશા એ પ્રકારે ઉપમાથી મિથ્યાત્વાદિ બંધ હેતુઓનું પૂ.આ.શ્રી મલયગિરિ મ.સા.નું કથન કાર્યકારણમાં પણ ભેદ અભિપ્રાયથી સાધર્મ્યની વિવક્ષાથી જાણવું=કાર્યકારણ પૃથક્ છે છતાં તે બેમાં સાધર્મ્ય છે, વૈધર્મ્ય નથી એ વિવક્ષાથી મિથ્યાત્વાદિ બંધહેતુઓને પાશાની જેમ પાશા પૂ.આ.શ્રી મલયગિરિ મ.સા. એ કહેલા છે. અન્યથા=કાર્યકારણમાં ભેદ અભિપ્રાયથી ન કહેલ હોય તો પ્રથમ પદનું વ્યાખ્યાન=ગાથામાં पासो त्ति बंधणं ति એ એકાર્થ છે. એ પ્રકારનું પ્રથમ પદનું વ્યાખ્યાન અનુપયુક્ત થાય. ।।૬૯।।**

**ભાવાર્થ :-**

પાસત્થાનો ત્રીજો પર્યાય બતાવે છે. તેમાં પ્રથમ પર્યાય અનુસાર પાસત્થા સાધુઓ ઉદ્યતવિહારીની જેમ ભવના ઉચ્છેદ માટે રત્નત્રયીમાં ઉદ્યમ કરતા નથી. પરંતુ રત્નત્રયીની આચરણા સ્થૂલથી સેવે છે. તેથી ઉદ્યતવિહારીની પાસે રહે છે.

વળી, બીજી વ્યુત્પત્તિ અનુસાર પ્રકૃષ્ટથી સર્વથા રત્નત્રયીમાં નિરુદ્યમવાળા છે, તે અર્થને બતાવે છે.

અને ત્રીજા અર્થ અનુસાર કર્મબંધના હેતુઓ મિથ્યાત્વાદિ=મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદાદિ છે, તે રૂપ પાસાઓમાં બંધાયેલા છે, તે પાસત્થ છે.

પ્રસ્તુત શ્લોક કોઈક ગ્રંથમાં છે. તેની ટીકામાં પૂ.આ.શ્રી મલયગિરિ મહારાજાએ પાસાની જેમ પાસા એ પ્રકારે ઉપમાથી મિથ્યાત્વાદિ બંધના હેતુઓનું ગ્રહણ કરેલ છે અને ગ્રંથકારશ્રીએ કાર્યમાં કારણનો ઉપચાર કરીને બંધના હેતુઓનું ગ્રહણ કરેલું છે. તે વચન પરસ્પર વિરોધ વગર કઈ રીતે સંગત થાય, તે સ્પષ્ટ કરવાર્થે કહે છે.

પૂ.આ.શ્રી મલયગિરિ મહારાજાએ બંધનરૂપ જે કાર્ય છે અને મિથ્યાત્વાદિ રૂપ જે કારણ છે, તે બેનો ભેદ કરીને કાર્ય સાથે કારણરૂપ કંઈક સાધર્મ્ય છે, તેને ગ્રહણ કરીને પાસાની જેમ પાસા કહેલ છે અર્થાત્

કર્મના બંધરૂપ બંધન કાર્ય છે અને તેનાં કારણો મિથ્યાત્વાદિ છે તે બેનું કંઈક સાધર્મ્ય છે. આથી જ મિથ્યાત્વાદિથી જ કર્મબંધ થાય છે. સમ્યક્ત્વાદિથી કર્મબંધ થતો નથી અને કાર્ય સાથે કારણનું સાધર્મ્ય હોવાથી કાર્યરૂપ બંધન જેમ પાસા છે તેમ બંધના હેતુ મિથ્યાત્વાદિ પણ પાસા જેવા જ છે. જેમ ગો સદૃશ ગવય કહેવાથી ગો અને ગવયમાં ભેદની પ્રતીતિ થાય છે. છતાં ગો અને ગવયમાં સાધર્મ્યની પણ પ્રતીતિ થાય છે. તેમ કર્મબંધરૂપ પાસા છે, તેના જેવા જ મિથ્યાત્વાદિ બંધના હેતુઓ છે, તેમ કહેવાથી કર્મબંધ અને મિથ્યાત્વાદિના ભેદનો બોધ થાય છે છતાં તે બંને વચ્ચે સાધર્મ્યની પણ પ્રતીતિ થાય છે. તે અભિપ્રાયથી પૂ.આ.શ્રી મલયગિરિ મહારાજાનું કથન જાણવું. જો બંધના હેતુઓ જ પાસા જેવા હોય તો પાસ બંધન છે, એ પ્રથમ વ્યાખ્યાન નિષ્ફળ જાય. વસ્તુતઃ પ્રથમ ગાથામાં પાશ બંધન છે, એમ વ્યાખ્યાન કર્યા પછી બંધના હેતુઓને પાસા કહ્યા. તે કાર્યમાં કારણના ઉપચારથી સંગત થાય છે અથવા કાર્યકારણનો ભેદ કર્યા પછી સાધર્મ્યની વિવક્ષાથી સંગત થાય છે.

પાસત્થા સાધુઓ ભગવાનના વચનાનુસાર વેશ ગ્રહણ કરીને સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરનારા છે. તેથી, સુસાધુની જેમ ભગવાનના વચનનું અવલંબન લઈને નિર્ગ્રંથભાવ પ્રત્યે જનારા નથી. તેથી ભગવાનના વચનમાં સ્થિર રુચિરૂપ સમ્યક્ત્વ નથી. આથી જ સ્વરુચિ અનુસાર સંયમની પ્રવૃત્તિઓ કરનારા છે માટે સુસાધુ નથી. **॥૬૯॥**

**અવતરણિકા :-**

**ननु सर्वपार्श्वस्थे पार्श्वस्थपदस्य त्रयोऽर्था उच्यन्ते ते च न युज्यन्ते, तथा सति पार्श्वस्थपदस्य देशपार्श्वस्थेऽप्रवृत्तिप्रसङ्गात्, पार्श्वस्थसर्वपार्श्वस्थवचनयोः समानार्थत्वे सर्वपदोपादानवैफल्यप्रसङ्गाच्चेत्यत आह —**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. સર્વપાસત્થામાં પાર્શ્વસ્થ પદના ત્રણેય પણ અર્થો કહેવાય છે અને તે ઘટતા નથી; કેમ કે તેમ હોતે છતે=પાસત્થા પદના ત્રણેય અર્થો સર્વપાસત્થામાં ગ્રહણ કરાયે છતે, પાર્શ્વસ્થ પદની દેશપાસત્થામાં અપ્રવૃત્તિનો પ્રસંગ છે અને પાર્શ્વસ્થ અને સર્વપાર્શ્વસ્થ વચનનું સમાન અર્થપણું હોતે છતે સર્વ પદના ગ્રહણના વૈફલ્યનો પ્રસંગ છે. આથી કહે છે —**

**ભાવાર્થ :-**

ગાથા-૬૬માં સર્વપાસત્થાના ત્રણ વિકલ્પો છે, તેમ બતાવ્યું અને કહ્યું કે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી બહિર્ભૂત હોવાને કારણે સર્વપાસત્થા ત્રણ પ્રકારના છે. ત્યારપછી 'અથવા'થી કહ્યું કે પ્રાકૃતમાં રહેલ 'पासत्थ' શબ્દ એ શબ્દાર્થના ભેદથી ત્રણ વિકલ્પવાળો છે. પાર્શ્વસ્થ, પ્રાસ્વસ્થ અને પાશસ્થ. આ ત્રણેય અર્થો સર્વપાસત્થાના છે, તેમ ગાથા-૬૭,૬૮,૬૯માં બતાવ્યું. તેથી, શંકા થાય કે પાર્શ્વસ્થ પદના ત્રણેય અર્થો સર્વપાસત્થાને કહેનારા છે, તેમ કહેવું સંગત નથી; કેમ કે પાર્શ્વસ્થ પદના ત્રણેય અર્થો

સર્વપાસત્થામાં સંગત કરીએ તો જેઓ દેશપાસત્થા છે, તેને પાસત્થા કહી શકાય નહિ. વસ્તુતઃ પાસત્થાના બે ભેદ છે. સર્વપાસત્થા અને દેશપાસત્થા. તેથી, પાસત્થા પદના ત્રણેય અર્થો દેશપાસત્થા અને સર્વપાસત્થામાં યોજવા જોઈએ. તેને બદલે પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ત્રણેય અર્થો સર્વપાસત્થામાં યોજન કર્યા, તે સંગત નથી.

વળી, બીજો દોષ આપતાં કહે છે કે જો પાર્શ્વસ્થપદ અને સર્વપાસત્થપદ સમાન અર્થક હોય તો ગાથા-૬૫માં કહ્યું કે દેશપાસત્થા અને સર્વપાસત્થા એમ બે વિકલ્પો છે, તે કથન સંગત થાય નહિ, પરંતુ પાસત્થાની આગળ સર્વ પદનું ગ્રહણ પણ વિફલ પ્રાપ્ત થાય; કેમ કે પાસત્થા પદના ત્રણેય અર્થો સર્વ પાસત્થાના જ ત્રણ ભેદનું સ્વરૂપ છે. તેથી પાસત્થા પદની આગળ સર્વ પદ મૂકવાની આવશ્યકતા નથી. આ પ્રકારની શંકામાં કહે છે –

**ગાથા :-**

**सव्वपओवादाणे, पासत्थपयं विसेसपरमित्थं ।**
**इहरा कह तं देसे, गच्छइ सव्वस्स कह व गमो ।।७०।।**

**અન્વયાર્થ :-**

**सव्वपओवादाणे=આ રીતે સર્વ પદના ઉપાદાનમાં, पासत्थपयं=પાસત્થાપદ, विसेसपरमित्थं=વિશેષ પર છે, इहरा=ઈતરથા=વિશેષપર પાસત્થા પદ ન સ્વીકારવામાં આવે તો, कह=કેવી રીતે, तं=તે=પાસત્થાપદ, देसे=દેશમાં જાય ?=દેશપાસત્થામાં, गच्छइ=સંગૃહીત, सव्वस्स=સર્વપાસત્થાનો ત્રિવિધ, कह=કેવી રીતે, व गमो=થાય. ।।૭૦।।**

**ગાથાર્થ :-**

**આ રીતે સર્વ પદના ઉપાદાનમાં પાસત્થાપદ વિશેષપર છે. ઈતરથા=વિશેષપર પાસત્થા પદ ન સ્વીકારવામાં આવે તો કેવી રીતે તે=પાસત્થાપદ, દેશમાં જાય ?=દેશપાસત્થામાં સંગૃહીત થાય ? અથવા સર્વપાસત્થાનો ત્રિવિધ પ્રકાર કેવી રીતે થાય ?।।૭૦।।**

**ટીકા :-**

**'सव्वपओवादाणे'त्ति । 'इत्थम्' अर्थत्रयाभिधानप्रकारेण पार्श्वस्थपदं सर्वपदोपादाने विशेषपरम्, संभूयविशिष्टार्थप्रत्यायकमिति यावत्, पार्श्वस्थपदस्य योगमहिम्ना बहिःस्थित्यर्थत्वात् सर्वपदार्थस्य च बहिरर्थेऽन्वयात्, पार्श्वस्थपदव्युत्पत्तिनिमित्तं त्वाचारबहिःस्थितत्वमात्रम्, युक्तं चैतत्, इतरथा कथं विशेषाभिधायकं पार्श्वस्थपदं 'देशे' देशपार्श्वस्थे गच्छति ? कथं वा 'सर्वस्य' सर्वपार्श्वस्थस्य 'गमः' त्रिविधः पार्श्वस्थपदव्याख्याप्रकारः स्यात्, तस्य सामान्यपदत्वादित्यवधेयम् ।।७०।।**

**ટીકાર્થ :-**

'इत्थम्' ..... त्यवधेयम् ।। **આ રીતે અર્થત્રયના અભિધાન પ્રકારથી, પાર્શ્વસ્થપદ સર્વપદના ઉપાદાનમાં**

**વિશેષપર છે અર્થાત્ સંભૂય વિશિષ્ટ અર્થનો બોધ કરાવનાર છે અર્થાત્ સર્વપદ અને પાર્શ્વસ્થપદ એકઠા થઈને વિશિષ્ટ અર્થના પ્રત્યાયક છે=બોધ કરાવનાર છે; કેમ કે પાર્શ્વસ્થપદનું યોગમહિમાથી=પાર્શ્વસ્થપદના અર્થને બતાવનાર યોગમહિમાથી, બહિર્સ્થિતિનું અર્થપણું છે=જે વેશમાં છે તે વેશને અનુકૂળ સ્થિતિવાળા નથી પરંતુ તે વેશથી બહિર્સ્થિતિ અર્થવાળા છે એને બતાવનાર છે અને સર્વપદના અર્થનો=સર્વ પાસત્થામાં રહેલા સર્વપદના અર્થનો બહિર્ અર્થમાં અન્વય છે અર્થાત્ પાસત્થા કહેવાથી પોતાના વેશને અનુકૂળ પરિણતિવાળા નથી. એટલો બોધ થાય છે અને સર્વપાસત્થામાં રહેલ સર્વપદના અર્થનું બહિર્ અર્થમાં અન્વય કરવાથી સર્વ પ્રકારે બહિર્સ્થિતિવાળા છે, તેવો બોધ થાય છે. વળી, પાર્શ્વસ્થપદની વ્યુત્પત્તિ નિમિત્ત આચારથી બહિર્સ્થિતપણું માત્ર છે અને આ યુક્ત છે=પાર્શ્વસ્થપદ આચારથી બહિર્‌ને બતાવનાર છે અને સર્વપદ સર્વ આચારથી બહિર્‌ને બતાવનાર છે, એમ પૂર્વમાં કહ્યું એ યુક્ત છે. ઈતરથા=એવું ન માનીએ અને પાસત્થાપદના ત્રણેય અર્થો સર્વપાસત્થામાં જ યોજન થાય છે એમ માનીએ તો વિશેષને કહેનારું પાર્શ્વસ્થ પદ=સર્વપાસત્થારૂપ વિશેષને કહેનારું પાર્શ્વસ્થપદ, દેશપાસત્થામાં કેવી રીતે સંગત થાય ? અર્થાત્ થાય નહીં અથવા કેવી રીતે સર્વપાસત્થાનો ગમ=ત્રિવિધ પાર્શ્વસ્થપદના વ્યાખ્યાનનો પ્રકાર થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે તેનું=ત્રિવિધ પાર્શ્વસ્થપદના વ્યાખ્યાનનું સામાન્યપદપણું છે=સર્વપાસત્થા અને દેશપાસત્થા ઉભયનું વાચક એવું સામાન્યપદપણું છે, એમ જાણવું. ॥૭૦॥**

**ભાવાર્થ :-**

ગાથા-૬૬માં સર્વપાસત્થાના ત્રણ પ્રકારો છે, તેમ બતાવ્યું. તેથી એ ફલિત થયું કે પાર્શ્વસ્થપદ શબ્દની વ્યુત્પત્તિથી આ સાધુ આચારબહિર્સ્થિતિવાળા છે. એટલો બોધ કરાવે છે અને સર્વપદનો અન્વય પાર્શ્વસ્થ પદમાં કરવાથી મોક્ષમાર્ગના સંપૂર્ણ આચારથી બહિર્સ્થિતિવાળા છે. તેવો બોધ થાય છે. તેથી ગાથા-૬૬ની અવતરણિકામાં કહેલ કે સર્વપાસત્થા ત્રણ વિકલ્પવાળા છે અને તે ત્રણ વિકલ્પ પાર્શ્વસ્થ, પ્રાસ્વસ્થ અને પાશસ્થ રૂપે બતાવ્યા. તે ત્રણેય પદો સાથે સર્વનો અન્વય ગ્રહણ કરવો જોઈએ. જેથી તે ત્રણેય પ્રકારના સર્વપાસત્થા છે અને અન્ય જે દેશપાસત્થા છે, તે સંપૂર્ણ મોક્ષમાર્ગ બહિર્ નથી, પરંતુ સાધ્વાચારથી કંઈક અંશથી બહિર્સ્થિતિવાળા છે, તેઓ દેશપાસત્થા છે. **॥૭૦॥**

**અવતરણિકા :-**

**उक्तः सर्वपार्श्वस्थोऽथ देशपार्श्वस्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**સર્વપાસત્થા કહેવાયા=ગાથા-૬૫માં પાસત્થાનું સ્વરૂપ બતાવીને સર્વપાસત્થા અને દેશપાસત્થા એમ બે ભેદ કર્યા ત્યારપછી સર્વપાસત્થા ત્રણ ભેદવાળા કઈ રીતે છે ? તે અત્યાર સુધી બતાવ્યું. હવે, દેશપાસત્થાને કહે છે –**

**ગાથા :-**

**देसम्मि उ पासत्थो, देसबहिब्भावओ उ किरियाए ।**
**बहुभेओ जं भणियं, देसे सेज्जायरकुलाई ।।७१।।**

**અન્વયાર્થ :-**

**देसम्मि उ पासत्थो देसबहिब्भावओ उ किरियाए=દેશમાં પાર્શ્વસ્થ ક્રિયાના દેશના બહિર્ભાવથી, છે. જે કારણથી, बहुभेओ जं भणियं देसे सेज्जायरकुलाई=દેશમાં શય્યાતર કુલાદિ બહુભેદવાળા કહેવાયા છે. ।।૭૧।।**

**ગાથાર્થ :-**

**દેશમાં પાર્શ્વસ્થ ક્રિયાના દેશના બહિર્ભાવથી, છે. જે કારણથી દેશમાં શય્યાતર કુલાદિ બહુભેદવાળા કહેવાયા છે. ।।૭૧।।**

**ટીકા :-**

**'देसम्मि उ'त्ति । देशे पार्श्वस्थस्तु क्रियादेशबहिर्भावतो भवति, यद् भणितं व्यवहारे—"देशे देशतः पार्श्वस्थः शय्यातरकुलादिप्रतिसेवमान" इति । तथा च शय्यातरकुलाद्यन्यतरदोषदुष्टत्वं देशपार्श्वस्थलक्षणमुक्तं भवति ।।७१।।**

**ટીકાર્થ :-**

**देशे ..... भवति ।। વળી, દેશમાં પાર્શ્વસ્થ ક્રિયાના દેશના બહિર્ભાવથી થાય છે. જે કારણથી વ્યવહારમાં કહેવાયું છે. દેશમાં દેશથી પાર્શ્વસ્થ શય્યાતરકુલાદિ પ્રતિસેવમાન છે અને તે રીતે=દેશથી પાર્શ્વસ્થા ક્રિયાના દેશના બહિર્ભાવથી છે તે રીતે, શય્યાતર કુલાદિ અન્યતર દોષથી દુષ્ટપણું દેશપાર્શ્વસ્થ લક્ષણ કહેવાયું છે. ।।૭૧।।**

**ભાવાર્થ :-**

સુસાધુ સર્વ ઉદ્યમથી નિર્ગ્રંથભાવમાં પ્રસ્થિત હોય છે. ક્વચિત્ પ્રમાદથી નિર્ગ્રંથભાવના ગમનમાં સ્ખલના હોય છે તોપણ તે સ્ખલનાનું પ્રતિસંધાન કરીને નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત થાય છે. જ્યારે પાસત્થા સાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત નથી અને તેમાં પણ સર્વપાસત્થા સંપૂર્ણ મોક્ષમાર્ગ બહિર્ભૂત છે. દેશપાસત્થા સંપૂર્ણ મોક્ષમાર્ગથી બહિર્ભૂત નથી, પરંતુ પોતાના બોધને અનુસાર ભગવાનના વચનમાં રુચિવાળા છે તોપણ સાધ્વાચારની ક્રિયાના કોઈક દેશમાં બહિર્ભાવવાળા છે. તેથી તેઓનું નિર્ગ્રંથભાવને અભિમુખ લેશ પણ ગમન થતું નથી. આથી જ તત્ત્વાર્થાધિગમસૂત્રમાં પાંચ નિર્ગ્રંથો બતાવ્યા તેમાં બકુશ-કુશીલાદિ સાધુઓમાં પણ કોઈક કોઈક દોષો સંભવતા હોવા છતાં પણ કહ્યું કે તેઓ નિર્ગ્રંથભાવ પ્રત્યે પ્રસ્થિત છે માટે વંદનીય છે. વળી, દેશપાસત્થા આગળમાં બતાવાશે તે પ્રકારે શય્યાતરકુલાદિ અન્યતરદોષથી દુષ્ટ ભિક્ષાને ગ્રહણ કરનારા છે. તેથી ક્રિયાના દેશથી બહિર્ છે માટે તેઓનું નિર્ગ્રંથભાવને અભિમુખ ગમન

નથી. ફક્ત જે રીતે ગાથા-૬૭માં નિશીથચૂર્ણિના ઉદ્ધરણમાં કહ્યું કે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના એકપણ પક્ષમાં સર્વપાસત્થા પ્રવેશ પામતા નથી. તેથી મોક્ષમાર્ગથી સર્વથા બહિર્ છે. જ્યારે દેશપાસત્થા સમ્યક્ત્વાદિ ગુણવાળા હોય તો શ્રાવક પક્ષમાં પ્રવેશ પામે છે; કેમ કે પૂ.શ્રી ભદ્રબાહુસ્વામીજીએ આઠ પ્રકારના શ્રાવકોમાં સમ્યગ્દૃષ્ટિ જીવોને શ્રાવકના આઠમા ભેદમાં સ્વીકારેલ છે.

વળી, નિર્ગ્રંથભાવ પ્રત્યે ભાવસાધુ જ પ્રસ્થિત હોય છે. શ્રાવકો નહીં; કેમ કે શ્રાવકો ગ્રંથવાળા હોય છે. ફક્ત શ્રાવકો નિર્ગ્રંથ સાધુઓ પ્રત્યે ભક્તિવાળા હોય છે અને નિર્ગ્રંથ સાધુઓના પારમાર્થિક સ્વરૂપનું વારંવાર પર્યાલોચન કરીને નિર્ગ્રંથભાવની શક્તિના સંચય અર્થે ઉદ્યમ કરનારા હોય છે. તેમ દેશપાસત્થા પણ નિર્ગ્રંથભાવની શક્તિના સંચય અર્થે ઉદ્યમ કરનારા હોય છે; કેમ કે તેઓમાં વર્તતું સમ્યક્ત્વ જ તેઓને નિર્ગ્રંથભાવ પ્રત્યે યત્નશીલ કરે છે અને સમ્યક્ત્વથી જેઓ ભ્રષ્ટ થયા છે, તેઓ સર્વપાસત્થામાં જ અંતર્ભાવ પામે છે. **II૭૧II**

**અવતરણિકા :-**

**शय्यातरकुलादिदेशपार्श्वस्थस्थानसङ्ग्रहाय प्रकल्पव्यवहारगतां गाथामाह –**

**અવતરણિકાર્થ :-**

**શય્યાતરકુલાદિવાળા દેશપાસત્થાના સ્થાનના સંગ્રહ માટે પ્રકલ્પવ્યવહારગત ગાથાને કહે છે=પ્રકલ્પ ગ્રંથમાં અને વ્યવહારગ્રંથમાં કહેલી ગાથાને કહે છે –**

**ગાથા :-**

**सिज्जायर कुलणिस्सिय, ठवणकुलपलोअणा अभिहडे अ ।**
**पुव्विंपच्छासंथव, निइअ अग्गपिंडभोई पासत्थो ।।७२।।**

**અન્વયાર્થ :-**

**सिज्जायर कुलणिस्सिय ठवणकुलपलोअणा अभिहडे=શય્યાતર, કુલનિશ્રિત, સ્થાપનાકુલ, પ્રલોકના, અભ્યાહૃત, पुव्विंपच्छासंथव=પૂર્વપશ્ચાત્સંસ્તવ, निइअ अग्गपिंडभोई पासत्थो=નિત્ય અને અગ્રપિંડભોજી પાસત્થા છે=દેશપાસત્થા છે. ।।૭૨।।**

**ગાથાર્થ :-**

**શય્યાતર, કુલનિશ્રિત, સ્થાપનાકુલ, પ્રલોકના, અભ્યાહૃત, પૂર્વપશ્ચાત્સંસ્તવ, નિત્ય અને અગ્રપિંડભોજી પાસત્થા છે=દેશપાસત્થા છે. ।।૭૨।।**

**ટીકા :-**

**'सिज्जायर'त्ति । शय्यातरपिण्डभोजी, कुलनिश्रितोपजीवी, स्थापनाकुलोपजीवी, प्रलोकनाकारी,**

तथाऽभ्याहृतभोजी, पूर्वपश्चात्संस्तुतोपजीवी, नियतपिण्डभोजी, अग्रपिण्डभोजी 'पार्श्वस्थः' देशपार्श्वस्थो भवतीत्यक्षरार्थः ।।७२।।

**ટીકાર્થ :-**

शय्यातरपिण्डभोजी ..... भवतीत्यक्षरार्थः ।। શય્યાતરપિંડભોજી, કુલનિશ્રિત ઉપજીવી=કુલની નિશ્રાથી આહારાદિ પ્રાપ્ત કરીને જીવનારા, સ્થાપનાકુલ ઉપર જીવનારા, પ્રલોકનકારી=ક્યાં સુંદર આહાર મળે છે તેને જોવામાં ઉપયોગવાળા અને અભ્યાહૃતભોજી, પૂર્વપશ્ચાત્ સંસ્તુત ઉપર જીવનારા, નિયતપિંડભોજી, અગ્રપિંડભોજી, પાર્શ્વસ્થ દેશપાર્શ્વસ્થ થાય છે, એ પ્રકારનો અક્ષરાર્થ છે. ।।૭૨।।

**અવતરણિકા :-**

विशेषार्थं प्रतिपदं बिभणिषुराह –

**અવતરણિકાર્થ :-**

વિશેષાર્થને=પૂર્વગાથામાં કહેલ દેશપાસત્થાના વિશેષાર્થને, પ્રતિપદને આશ્રયીને=પૂર્વગાથામાં કહેલા શય્યાતરપિંડભોજી આદિ પ્રતિપદને આશ્રયીને, કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**सिज्जाअरो त्ति भण्णइ, आलयसामी उ तस्स जो पिंडो ।**
**असणाई तं भुंजइ, सिज्जायरपिंडभोई उ ।।७३।।**

**અન્વયાર્થ :-**

आलयसामी=આલયના સ્વામી, सिज्जाअरो त्ति भण्णइ=શય્યાતર એ પ્રમાણે કહેવાય છે, उ=વળી, तस्स जो पिंडो असणाई=તેનો જે અશનાદિ પિંડ, तं भुंजइ=તેને જે ભોગવે છે, सिज्जायरपिंडभोई उ=તે શય્યાતર. પિંડભોજી છે. ।।૭૩।।

**ગાથાર્થ :-**

**આલયના સ્વામી શય્યાતર એ પ્રમાણે કહેવાય છે. વળી તેનો જે અશનાદિ પિંડ, તેને જે ભોગવે છે, તે શય્યાતરપિંડભોજી છે. ।।૭૩।।**

**ટીકા :-**

'सिज्जाअरो'त्ति । शय्यातर इति भण्यते 'आलयस्वामी' वसतिप्रदाता, तस्य सत्को यः पिण्डोऽशनादिश्चतुर्विधस्तं यो भुङ्क्ते स शय्यातरपिण्डभोजी भवति ।।७३।।

**ટીકાર્થ :-**

शय्यातर ..... भवति ।। આલયના સ્વામી=વસ્તીને દેનારા, શય્યાતર, કહેવાય છે. તેના સંબંધવાળો

**જે અશનાદિ ચાર પ્રકારનો પિંડ=અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ ચાર પ્રકારનો આહાર, તેને જે વાપરે છે, તે શય્યાતરપિંડભોજી થાય છે. ॥૭૩॥**

**ભાવાર્થ :-**

સાધુને શય્યાતર પિંડગ્રહણમાં કયા કયા દોષોનો સંભવ છે, તેનું વિસ્તારથી સ્પષ્ટીકરણ પંચાશક ગ્રંથમાં પૂ.આ.શ્રી હરિભદ્રસૂરિજીએ કરેલ છે અને તેની ઉપર પૂ.આ.શ્રી અભયદેવસૂરિજીએ ટીકા રચેલ છે. તેથી, વિસ્તારના અર્થીએ ત્યાંથી જ જાણવા યત્ન કરવો જોઈએ. વળી, તેવા સંભવિત દોષો કોઈક સ્થાનને આશ્રયીને શય્યાતરના પિંડમાં ન દેખાતા હોય તોપણ ભગવાનની આજ્ઞા છે, તેનું સ્મરણ કરીને કલ્યાણના અર્થી સાધુએ શય્યાતરપિંડનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. આમ છતાં, આહારની લાલસાને કારણે પ્રમાદી થયેલા સાધુ શય્યાતરપિંડમાં કોઈ દોષ નથી, તેમ માનીને કે દોષ હોવા છતાં અનુકૂળતાની ઉત્કટ ઇચ્છાને કારણે શય્યાતરનો પિંડ ગ્રહણ કરે તો તેમને પાસત્થાની પ્રાપ્તિ થાય.

સુસાધુ જિનવચનાનુસાર યત્ન કરનારા હોવાથી ક્વચિત્ પ્રમાદવશ શય્યાતરનો પિંડ ગ્રહણ કરેલ હોય તોપણ તેની શીઘ્ર શુદ્ધિ કરીને તેવા પિંડનો પરિહાર કરે છે. પરંતુ દેશપાસત્થાનો એવો સ્વભાવ હોય છે કે જેને વશ થઈને સુખ અર્થે શય્યાતરનો પિંડ ગ્રહણ કરે છે. **॥૭૩॥**

**ગાથા :-**

**गामे वा णगरे वा, कुलेसु संकामिएसु संमत्तं ।**
**जो गिण्हइ असणाई, सो खलु कुलणिस्सिओ भणिओ ।।७४।।**

**અન્વયાર્થ :-**

**संमत्तं=સમ્યક્ત્વ, संकामिएसु=સંક્રામિત એવા, कुलेसु=કુલોમાં, गामे वा=ગામમાં, णगरे वा=નગરમાં, जो=જે સાધુ, असणाई=અશનાદિ, गिण्हइ=ગ્રહણ કરે છે, सो खलु कुलणिस्सिओ भणिओ=તે કુલનિશ્રિત કહેવાય છે. ॥૭૪॥**

**ગાથાર્થ :-**

**સમ્યક્ત્વ સંક્રામિત એવા કુલોમાં, ગામમાં, નગરમાં, જે સાધુ અશનાદિ ગ્રહણ કરે છે, તે કુલનિશ્રિત કહેવાય છે. ॥૭૪॥**

**ટીકા :-**

**'गामे व'त्ति । स्वयं सम्यक्त्वं 'सङ्क्रामितेषु' प्रापितेषु मिथ्यात्वादुत्तार्य कुलेषु ग्रामे वा नगरे वा गत्वाऽशनादि यः सरसाहारलाभबुद्ध्या निरन्तरं तदुपजीवनेन गृह्णाति स खलु कुलनिश्रितो भणितः ।।७४।।**

**ટીકાર્થ :-**

स्वयं ..... भणितः ।। **સ્વયં સમ્યક્ત્વ સંક્રામિત એવા કુલોમાં=મિથ્યાત્વનું ઉત્તારણ કરીને સ્વયં સમ્યક્ત્વ પ્રાપિત એવા કુલોમાં, ગામમાં અથવા નગરમાં જઈને જે=જે સાધુ, અશનાદિ સરસ આહારના લાભની બુદ્ધિથી નિરંતર તેના ઉપજીવનથી આહારને ગ્રહણ કરે છે, તે સાધુ કુલનિશ્રિત કહેવાયા છે. ।।૭૪।।**

**ભાવાર્થ :-**

સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે જનારા હોય છે. તેથી, પ્રસંગે પ્રસંગે સામાયિકના પરિણામને અતિશય કરવાર્થે સંયમની સર્વ ક્રિયાઓ કરે છે. આમ છતાં, રસનેન્દ્રિયને વશ થયેલ કોઈક સાધુ ભગવાનના વચનનો સમ્યક્બોધ ધરાવે છે. ઉપદેશ દ્વારા શ્રાવકોને દેવ-ગુરુ-ધર્મનું યથાર્થ સ્વરૂપ બતાવીને, મિથ્યાત્વથી ઉદ્ધરણ કરીને સમ્યક્ત્વમાં સ્થાપન કરે છે. તેથી તેવાં ઘરો તે મહાત્મા પ્રત્યે ભક્તિવાળાં થાય છે અને જે ગામમાં અને નગરમાં ઘણા જીવો તે મહાત્માથી સમ્યક્ત્વ પામેલા હોય તે ગામ-નગરમાં કે તેવાં કુલોમાં સુંદર આહારનો લાભ થશે એવી બુદ્ધિથી જે સાધુ નિરંતર તેવાં સ્થાનોમાં જ વિહારાદિ કરે છે, જેથી સુંદર આહારાદિ મળે તેવી ઇચ્છાવાળા છે તેઓ પણ ભગવાનના વચનમાં રુચિવાળા હોવા છતાં, નિર્ગ્રંથભાવ તરફ જવાના વ્યાપારવાળા નહીં હોવાથી દેશપાસત્થા કહેવાય છે. **।।૭૪।।**

**અવતરણિકા :-**

**इदमित्थं व्यवहारवृत्तौ व्याख्यानम्, उपलक्षणं चैतत् रसलाम्पट्यादपरिचितभिक्षापरीषहपराजितत्वाद्वा दृष्टाभाषितादिकुलोपजीवनेनापि कुलनिश्रितत्वं स्यादेवेत्यभिप्रायवानाह –**

**અવતરણિકાર્થ :-**

**આ=પૂર્વગાથામાં કહ્યું એ કુલનિશ્રિત આ પ્રમાણે=ગાથા-૭૪માં કહ્યું એ પ્રમાણે વ્યવહારવૃત્તિમાં વ્યાખ્યાત છે અને એ=ગાથા-૭૪માં કહેલ કુલનિશ્રિત ઉપજીવીનું સ્વરૂપ ઉપલક્ષણ છે. શેનું ઉપલક્ષણ છે તે સ્પષ્ટ કરે છે. રસના લામ્પટ્યથી અથવા અપરિચિત ઘરોની ભિક્ષાના પરિષહથી પરાજિતપણું હોવાથી દૃષ્ટઆભાષિત આદિ કુલના ઉપજીવનથી પણ કુલનિશ્રિત જ થાય=જેઓ વારંવાર પરિચિતથી દૃષ્ટ હોય અને આલાપ-સંલાપથી પરિચિત હોય તેવા વગેરે કુલમાંથી આહાર ગ્રહણ કરીને જીવનારા સાધુનું કુલનિશ્રિતપણું થાય, એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**समुदाणं भिंदंतो, भत्तपडिच्छापरो वि एमेव ।**
**जं सड्ढाइकुलाणं, णिस्सा भणिया णिसीहट्ठे ।।७५।।**

**અન્વયાર્થ :-**

**समुदाणं भिंदंतो=સમુદાનને ભેદ કરતાં, भत्तपडिच्छापरो=ભક્તની=આહારની, પ્રતીચ્છામાં તત્પર સાધુ, वि एमेव=એ રીતે જ છે=કુલનિશ્રિત ઉપજીવી જ છે, जं=જે કારણથી, णिसीहट्ठे=નિશીથ અર્થમાં, सड्ढाइकुलाणं णिस्सा भणिया=શ્રાદ્ધાદિ કુલોની નિશ્રા કહેવાઈ છે. ॥૭૫॥**

**ગાથાર્થ :-**

**સમુદાનને ભેદ કરતાં ભક્તની=આહારની, પ્રતીચ્છામાં તત્પર સાધુ એ રીતે જ છે=કુલનિશ્રિત ઉપજીવી જ છે. જે કારણથી નિશીથ અર્થમાં શ્રાદ્ધાદિ કુલોની નિશ્રા કહેવાઈ છે. ॥૭૫॥**

**ટીકા :-**

**'समुदाणं'ति । 'समुदानम्' अनावर्जनादिभावशुद्धमज्ञातोञ्छं 'भिन्दन्' आत्मनो दोषेण विलुम्पन्न-परिचितकुले दुर्लभमशनादिकमित्यादि यत्किञ्चित्कदालम्बनं गृहीत्वा भक्तानां-श्रद्धामात्रवतां या प्रतीच्छा-तद्दत्ताहारादिग्रहणलक्षणा तस्यां परः-निबद्धानुबन्धोऽपि 'एवमेव' कुलनिश्रित एव, 'यत्' यस्मात् 'निशीथार्थे' निशीथचूर्णौ कुलनिश्रितव्याख्याने श्राद्धादिकुलानां निश्रा भणिता न तु ग्राहितसम्यक्त्वकुलनिश्रामात्रं गृहीतमिति, तथा च तत्पाठः—**"सड्ढाइकुलणिस्साए विहरइ"**त्ति ॥७५॥**

**ટીકાર્થ :-**

**'समुदानम्' ..... विहरइ"त्ति ॥ સમુદાનને ભેદ કરતાં=અનાવર્જનાદિ ભાવથી શુદ્ધ એવા અજ્ઞાત ઊંછને આત્માના દોષથી લોપ કરતાં, સાધુ અપરિચિત કુલમાં અશનાદિ દુર્લભ છે ઈત્યાદિ યત્કિંચિત્ કદાલંબનને ગ્રહણ કરીને ભક્તોની=શ્રદ્ધામાત્રવાળા ગૃહસ્થોની, જે પ્રતીચ્છા છે=તેમનાથી અપાયેલા આહારાદિના ગ્રહણ રૂપ પ્રતીચ્છા છે. તે પ્રતીચ્છામાં તત્પર=નિબદ્ધ અનુબંધવાળા પણ=તેવાં જ ઘરોમાં આહાર ગ્રહણ કરવો તેવી પરિણતિવાળા સાધુ પણ, આ રીતે કુલનિશ્રિત છે. જે કારણથી નિશીથ અર્થમાં=નિશીથચૂર્ણિમાં, કુલનિશ્રિત વ્યાખ્યાનમાં શ્રાદ્ધાદિ કુલોની નિશ્રા કહેવાઈ. પરંતુ ગ્રાહિત સમ્યક્ત્વ કુલની નિશ્રા માત્ર ગૃહીત નથી તેથી ઉપલક્ષણથી શ્રાદ્ધાદિ કુલોનું ગ્રહણ છે એમ અન્વય છે અને તે પ્રકારે=નિશીથચૂર્ણિમાં શ્રાદ્ધાદિ કુલોની નિશ્રા કહી છે, તેનો પાઠ છે.**

"શ્રાદ્ધાદિ કુલોની નિશ્રાથી વિહરે છે=ભિક્ષા અર્થે અટન કરે છે." ॥૭૫॥

**ભાવાર્થ :-**

સુસાધુ નિર્ગ્રંથભાવ પ્રત્યે જનારા હોય છે. ક્વચિત્ રસનાને વશ કોઈ દોષ સેવી લે તોપણ નિર્ગ્રંથભાવની રુચિને કારણે તે દોષથી ચિત્તનું નિવર્તન કરે છે. જ્યારે દેશપાસત્થામાં જેઓ કુલનિશ્રિત દેશપાસત્થા છે, તેઓ બીજાનું આવર્જન કર્યા વિના જે ભિક્ષા ગ્રહણ કરાય તે ભિક્ષા ભાવથી શુદ્ધ એવી અજ્ઞાત ઊંછની ભિક્ષા છે તેવી ભિક્ષાની ઉપેક્ષા કરે છે અને વિચારે છે કે અપરિચિત કુળમાં આહાર દુર્લભ છે. તે પ્રકારના

વિચારમાં મુખ્ય કારણ રસલાંપટ્ય કે અપરિચિત કુળોમાં ભિક્ષા માટે જવાથી જે પરિષહ પ્રાપ્ત થાય છે, તેનાથી પરાજિત થયેલું તેઓનું ચિત્ત છે. તેથી, કદાલંબન લઈને પરિચિતના ત્યાંથી જેઓ આહાર લાવવાના સ્વભાવવાળા છે, તેઓ ભગવાનના વચનમાં રુચિવાળા હોય, શાસ્ત્રાભ્યાસાદિ કરતા હોય તોપણ સમિતિ-ગુપ્તિના પાલનથી નિર્ગ્રંથભાવનું સ્ફુરણ કરી શકતા નથી; કેમ કે કુલનિશ્રિત આહાર-ગ્રહણને કારણે પાસત્થાપણાને પામેલા છે. **॥૭૫॥**

**અવતરણિકા :-**

**ગાથા-૭૨માં શય્યાતરપિંડભોજી આદિ દેશપાસત્થા છે તેમ બતાવ્યું. તેમાંથી સ્થાપનાકુલઉપજીવીરૂપ ક્રિયાભેદને સ્પષ્ટ કરવાર્થે કહે છે –**

**ગાથા :-**

**सो ठवणकुलुवजीवी, जो पविसइ लोगगरहियकुलेसु ।**
**सेहगिलाणादिट्ठा, ठविएसु व दायगकुलेसुं ।।७६।।**

**અન્વયાર્થ :-**

**सो ठवणकुलुवजीवी जो पविसइ लोगगरहियकुलेसु=તે સાધુ સ્થાપનાકુલજીવી છે જે લોકગર્હિત કુલોમાં પ્રવેશ કરે છે, व=અથવા, सेहगिलाणादिट्ठा ठविएसु=શૈક્ષ, ગ્લાન આદિ અર્થે સ્થાપિત, दायगकुलेसुं= દાયક કુલોમાં પ્રવેશ કરે છે. ।।૭૬।।**

**ગાથાર્થ :-**

**તે સાધુ સ્થાપનાકુલજીવી છે જે લોકગર્હિત કુલોમાં પ્રવેશ કરે છે અથવા શૈક્ષ, ગ્લાન આદિ અર્થે સ્થાપિત દાયક કુલોમાં પ્રવેશ કરે છે. ।।૭૬।।**

**ટીકા :-**

**'सो ठवण'त्ति । स स्थापनाकुलोपजीवी यो लोकगर्हितेष्वित्वरकालं यावत्कालं वा जनैरपरि-भोग्यतया स्थापितेषु कुलेषु प्रविशत्याहाराद्युत्पादनार्थम्, यो वा शैक्षग्लानाद्यर्थं स्थापितेषु तदर्थं विना गुर्वनुपदिष्टः स्वार्थमाहारलाम्पट्याद्दायककुलेषु प्रविशति । व्यवहारचूर्णौ तु स्थापितकरचित-भोज्यप्यत्र गृहीतः, तदुक्तम्–**"ठवण त्ति ठवणकुलाणि णिव्विसइ अहवा ठवितगरइतगाणि गेण्हइ"त्ति **।।७६।।**

**ટીકાર્થ :-**

**स स्थापनाकुलोपजीवी ..... गेण्हइ"त्ति ।। તે સાધુ સ્થાપનાકુલઉપજીવી છે, જે લોકગર્હિત એવા કુલોમાં=થોડા કાલ માટે કે યાવત્કાલ માટે લોકોથી અપરિભોગ્યપણાથી સ્થાપિત કુલોમાં, આહારાદિ ઉત્પાદન માટે પ્રવેશ કરે છે અથવા જે સાધુ શૈક્ષ, ગ્લાનાદિ માટે સ્થાપિત એવા કુલોમાં તે અર્થ**

**વગર=શૈક્ષ, ગ્લાનાદિના પ્રયોજન વગર, ગુરુથી અનુપદિષ્ટ એવા સાધુ સ્વાર્થ માટે આહારના લાંપટ્યને કારણે દાયક કુલોમાં પ્રવેશે છે. વળી, વ્યવહાર ચૂર્ણિમાં સ્થાપિત, રચિત ભોજ્યનું પણ અહીં=સ્થાપનાકુલોમાં, ગ્રહણ કરાયું છે=સ્થાપનાઉપજીવીના ભાગમાં ગ્રહણ કરાયું છે. તે કહેવાયું છે.**

સ્થાપના એ સ્થાપનાકુલમાં નિવેશ કરે છે અથવા સ્થાપિત, રચિતાદિ આહારને ગ્રહણ કરે છે. **||૭૬||**

**ભાવાર્થ :-**

દેશપાસત્થા સાધુ કોઈક રીતે પ્રમાદના વ્યસનવાળા છે અને તે પ્રમાદ જીવોની ભિન્ન ભિન્ન પ્રકૃતિને કારણે ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે. તેથી, દેશપાસત્થા સાધુ ભગવાનના વચનમાં શ્રદ્ધાવાળા હોય છે. સંયમની ઉચિત ક્રિયાઓ યથાર્થ કરનારા હોય છે તોપણ રસના લાંપટ્યને કારણે સ્થાપનાકુલોમાં પ્રવેશ કરે છે. જેનાથી સંયમસ્થાનોથી પાતને પામે છે અને તે સ્થાપનાકુલો બે પ્રકારનાં છે.

કેટલાક લોકો લોકોમાં નિંદ્ય એવાં કૃત્યો કરનારા હોય છે. તેથી શિષ્ટ લોકો તેવા કુલોને કેટલાક કાળ માટે કે સદાને માટે અપરિભોગ્ય માને છે. તેથી શિષ્ટ લોકો તેઓના ઘરોમાં કોઈ આહારાદિનો વ્યવહાર કરતા નથી. છતાં કોઈ સાધુને ત્યાં સુંદર આહારાદિ પ્રાપ્ત થતા હોય તો સંયમને નિર્દોષ છે, તેમ વિચારીને તેવાં કુળોમાં ભિક્ષા અર્થે જાય છે અને તેવી પ્રવૃત્તિ કરવાનો સ્વભાવ હોવાથી સંયમસ્થાનથી પાત પામે છે; કેમ કે શિષ્ટ લોકોના આચારથી વિરુદ્ધ પ્રવૃત્તિ કરવી સાધુને ઉચિત નથી.

વળી, કેટલાક પાસત્થા માસકલ્પ આદિ કાળમાં કે ચાતુર્માસકાળમાં ગચ્છના સાધુઓ શૈક્ષ, ગ્લાનાદિ અર્થે તે કુળોની સ્થાપના કરે છે. જેથી તે કુળોમાં અન્ય કોઈ સાધુ ભિક્ષા માટે જાય નહિ. જોકે તે કુળો અતિ સમૃદ્ધ હોય છે અને તે કુળોમાં પુષ્કળ પ્રમાણમાં નિર્દોષ ભિક્ષા મળે છે તોપણ સંયમની શુદ્ધિના અર્થી સાધુઓ તે કુળોની સ્થાપના કરે છે. જેથી અન્ય કોઈ સાધુ તે કુળોમાંથી ભિક્ષા લાવે નહિ તેના કારણે શૈક્ષ, ગ્લાનાદિ સાધુઓને નિર્દોષ ભિક્ષા તે કુળોમાંથી મળી રહે તેના માટે જ તે કુળો સ્થાપિત હોય છે. છતાં ગુરુના આદેશ વગર પોતાના આહારલાંપટ્યને કારણે તે કુળોમાં ભિક્ષા અર્થે જેઓ પ્રવેશે છે, તે સાધુઓ આહારલાંપટ્યને કારણે અનુચિત પ્રવૃત્તિ કરે છે. તેથી પ્રત્યાખ્યાનીય કષાયના ઉદયથી સંયમસ્થાનથી પાત પામેલા છે માટે દેશપાસત્થા છે અને જેઓ જ્ઞાન-દર્શન-ચારિત્રની સર્વ ક્રિયાઓમાં પ્રમાદવાળા છે, તેઓ અનંતાનુબંધી બાર કષાયના ઉદયથી પાત પામેલા છે. જેથી સર્વપાસત્થા છે. આ બંને પ્રકારના પાસત્થાની શુદ્ધિ મૂલ પ્રાયશ્ચિત્તથી થાય છે અને સુસાધુ બાર કષાયોના ક્ષયોપશમવાળા હોય છે. સંજ્વલનકષાયના ઉદયથી ક્વચિત્ અતિચારોને સેવે છે તોપણ તેની શીઘ્ર શુદ્ધિ કરીને નિવર્તન પામે છે જ્યારે પાસત્થા તે પ્રકારના પ્રમાદી સ્વભાવવાળા છે. જેથી સંયમસ્થાનથી પાત પામેલા છે.

વળી, વ્યવહારચૂર્ણિ પ્રમાણે જેઓ પોતાના માટે સ્થાપિત કરેલી ભિક્ષા ગ્રહણ કરે છે કે પોતાના માટેની રચિત ભિક્ષા ગ્રહણ કરે છે, જેનું સ્વરૂપ ગ્રંથકારશ્રી સ્વયં ગાથા-૮૬માં બતાવે છે. એવી ભિક્ષા લાવનાર પણ સ્થાપનાકુલ ઉપજીવી છે. આ સર્વ પ્રકારની આચરણા કરનારા દેશપાસત્થા જ હોય તેવી વ્યાપ્તિ નથી; કેમ કે સર્વપાસત્થા પણ તેવા પ્રકારની પ્રવૃત્તિ કરનારા સંભવી શકે. પરંતુ જેઓ સંયમના અન્ય

આચારો સમ્યગ્ સેવે છે, છતાં સ્થાપનાકુલ આદિની ભિક્ષા ગ્રહણ કરીને જ તેઓ દેશપાસત્થા થયેલા છે. આ પ્રકારનો દેશપાસત્થા અને સર્વપાસત્થાનો ભેદ જાણવો. ॥૭૬॥

**અવતરણિકા :-**

**ગાથા-૭૨માં દેશપાસત્થાના અનેક ભેદો બતાવ્યા. તેમાંથી ક્રમપ્રાપ્ત પ્રલોકનકારી દેશપાસત્થાનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**संखडिपलोअणाए, भोअणलोलो पलोअणाकारी ।**
**आयंसाइसु णियतणुवण्णं वा जो पलोएइ ।।७७।।**

**અન્વયાર્થ :-**

**भोअणलोलो=ભોજનના લોલુપ સાધુ, संखडिपलोअणाए=સંખડીના પ્રલોકનથી, पलोअणाकारी= પ્રલોકનકારી છે, वा=અથવા, जो=જે સાધુ, आयंसाइसु णियतणुवण्णं पलोएइ=દર્પણાદિમાં પોતાના દેહના વર્ણને પ્રલોકન કરે છે. ।।૭૭।।**

**ગાથાર્થ :-**

**ભોજનના લોલુપ સાધુ સંખડીના પ્રલોકનથી પ્રલોકનકારી છે અથવા જે સાધુ દર્પણાદિમાં પોતાના દેહના વર્ણને પ્રલોકન કરે છે. ॥૭૭॥**

**ટીકા :-**

**'संखडि'त्ति । सङ्खण्ड्यन्ते प्राणिनामायूंषि यस्यां सा सङ्खडी-विवाहाद्युत्सवरूपा तस्याः प्रलोकना-वारं वारं विलोकना तया 'भोजनलोलः' आहारलम्पटः प्रलोकनाकारी भण्यते । 'वा' अथवा यो निजतनुवर्णमादर्शादिषु प्रलोकयति, तदुक्तम्–**"संखडिं पलोएइ देहं वा पलोएइ आयंसाइसु व"**त्ति ।।७७।।**

**ટીકાર્થ :-**

**सङ्खण्ड्यन्ते ..... आयंसाइसु व"त्ति ।। પ્રાણીઓના આયુષ્યો જેમાં ખંડન કરાય છે, જેમાં તે સંખડી, વિવાહાદિ ઉત્સવરૂપ છે. તેની પ્રલોકના=વારંવાર વિલોકના, તેનાથી ભોજનલોલુપ સાધુ= આહારલંપટ સાધુ, પ્રલોકનકારી કહેવાય છે અથવા જે પોતાના શરીરના વર્ણને દર્પણાદિમાં જુએ છે, તે પ્રલોકનકારી સાધુ છે, તે કહેવાયું છે –**

સંખડીને જુએ છે અથવા દર્પણાદિમાં દેહનું પ્રલોકન કરે છે. ॥૭૭॥

**ભાવાર્થ :-**

સંખડી વિવાહાદિ ઉત્સવરૂપ છે, જેમાં અયતનાપૂર્વક આરંભ-સમારંભ થાય છે. સાધુને તે આરંભ-સમારંભ સાથે કોઈ પ્રયોજન નથી. પરંતુ જેઓ વારંવાર તેનું પ્રલોભન કરે છે, તેઓને તે આરંભ-સમારંભોમાં અનુમોદન દોષની પ્રાપ્તિ થાય છે. તેથી, સુસાધુ તે પ્રકારે તે પ્રસંગોનું અવલોકન કરે નહિ. ક્વચિત્ તેવા પ્રસંગોમાં અન્ય કોઈ દોષની પ્રાપ્તિ ન હોય તો અને નિર્દોષ ભિક્ષા જણાય તો સાધુ વ્હોરવા પણ જાય છે. પરંતુ રસલાંપટ્યથી જતા નથી. જ્યારે પાસત્થા સાધુ સુંદર આહાર પ્રત્યેના રાગવાળા છે. તેથી જ પ્રલોકન કરે છે અથવા દેહ પ્રત્યેના રાગવાળા છે, તેથી જ પોતાના શરીરને દર્પણાદિમાં જુએ છે. તેવા સાધુ અન્ય રીતે સંયમની ઉચિત ક્રિયા કરતા હોય, ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા હોય અને સમિતિ-ગુપ્તિ જ ભવના ઉચ્છેદનું કારણ છે, તેવો સ્પષ્ટ બોધ હોય. તેથી સમિતિ-ગુપ્તિ પ્રત્યે બદ્ધરાગવાળા છે તોપણ આહારના લંપટપણાને કારણે પ્રલોકનકારી સ્વભાવ જેઓમાં સદા વર્તે છે, તે દેશપાસત્થા છે. **॥૭૭॥**

**અવતરણિકા :-**

**ગાથા-૬૨માં કહેલ દેશપાસત્થાના દોષોમાંથી અભ્યાહતનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**आइण्णमणाइण्णं, णिसीहभिहडं च णोणिसीहं च ।**
**अभिहडभोई तत्थाणाइण्णे णोणिसीहम्मि ।।७८।।**

**અન્વયાર્થ :-**

**आइण्णमणाइण्णं, णिसीहभिहडं च=આચીર્ણ, અનાચીર્ણ અને નિશીથ અભ્યાહત, णोणिसीहं च=અને નોનિશીથ અભ્યાહત, तत्थाणाइण्णे णोणिसीहम्मि=ત્યાં અનાચીર્ણ નોનિશીથમાં, अभिहडभोई= અભ્યાહતભોજી છે. ।।૭૮।।**

**ગાથાર્થ :-**

**આચીર્ણ, અનાચીર્ણ અને નિશીથ અભ્યાહત, અને નોનિશીથ અભ્યાહત, ત્યાં અનાચીર્ણ નોનિશીથમાં અભ્યાહતભોજી છે. ।।૭૮।।**

**ટીકા :-**

**'आइण्ण'मिति । अभ्याहृतं द्विविधं-आचीर्णमनाचीर्णं च । तत्राचीर्णं हस्तशतप्रमिते क्षेत्रे तन्मध्ये वा त्रिषु गृहेषूपयोगसम्भवे भवति, तदुक्तं पिण्डनिर्युक्तौ–**

"आइन्नं पि य दुविहं, देसे तह देसदेसे य ।।
हत्थसयं खलु देसो, आरेणं होइ देसदेसो य ।
आइन्नं उण तिगिहा, ते वि य उवओगपुव्वागा ।।१।।"

एतच्च हस्तशतादारभ्याहृतमुत्कृष्टम्, स्वापत्यादिपरिवेषणार्थमुत्पाटितं हस्तस्थमेवाभ्याहृत्य दीयमानं जघन्यम्, शेषं तु मध्यममिति व्यवस्थितम् । एतद्विपरीतमनाचीर्णम् । तदपि द्विविधं-निशीथाभ्याहृतं नोनिशीथाभ्याहृतं च । तत्र निशीथं मध्यरात्रं तत्रानीतं किल प्रच्छन्नं भवति, एवं साधूनामपि दायकेन मातृस्थानकरणेनाविदितं यदभ्याहृतं तत्प्रच्छन्नत्वसाधर्म्यान्निशीथाभ्याहृतम् । यत्तु साधोर्विदितं यथैतदभ्याहृतमिति तन्नोनिशीथाभ्याहृतम् । तत्रानाचीर्णे नोनिशीथे चाभ्याहृते भुज्यमानेऽभ्याहृतभोजी अन्यथा तु न दोषभागिति ।।७८।।

**ટીકાર્થ :-**

अभ्याहृतं ..... उवओगपुव्वागा ।। અભ્યાહત બે પ્રકારના છે. આચીર્ણ=સાધુને દોષરૂપ નથી, તેથી સાધુથી સેવાયેલું અને અનાચીર્ણ=સાધુને દોષરૂપ હોવાથી સાધુ માટે અનાચીર્ણ. ત્યાં=બે પ્રકારના અભ્યાહતમાં, સો હાથથી પ્રમિત ક્ષેત્રમાં અથવા તેનાથી મધ્યમાં=સો હાથના ક્ષેત્રના મધ્યમાં, ત્રણ ઘરોમાં ઉપયોગ સંભવ હોતે છતે આચીર્ણ અભ્યાહત થાય છે અર્થાત્ સો હાથ દૂરથી કોઈ વસ્તુ લાવતા હોય અને સાધુ ઉપયોગથી તેને જોઈ શકે કે મારા વ્હોરાવવાના પ્રયોજનથી કોઈ દોષ સેવાયો નથી કે લાવવાના કૃત્યમાં કોઈ હિંસા થઈ નથી અને તે એક મોટા ઘરમાં હોઈ શકે કે બે દિશામાં બે ઘરમાં રહેલી વસ્તુને ગૃહસ્થ લાવતા હોય ત્યારે સાધુનો ઉપયોગ તેની લાવવાની પ્રવૃત્તિમાં સંભવે છે. તેથી કોઈ દોષનો સંભવ ન જણાય ત્યારે તે અભ્યાહત સાધુ માટે આચીર્ણ છે= દોષરૂપ નથી, તે પિંડનિર્યુક્તિમાં કહેવાયું છે.

"આચીર્ણ પણ=આચીર્ણ અભ્યાહત પણ, બે પ્રકારનું કહેવાયું છે. દેશમાં અને દેશદેશમાં, સો હાથ દેશ છે. તેના પૂર્વથી=સો હાથની અંદરથી, દેશદેશ થાય છે. આચીર્ણ વળી ત્રણ ગૃહો છે. તે પણ=તે ત્રણ ગૃહો પણ, ઉપયોગપૂર્વક છે." ।।૧।।

एतच्च ..... दोषभागिति ।। અને આ સો હાથથી આરંભીને લવાયેલું અભ્યાહત ઉત્કૃષ્ટ છે અને સ્વપુત્રાદિને પીરસવા માટે ઉત્પાટિત હસ્તમાં રહેલું જ લાવીને અપાતું જઘન્ય છે અર્થાત્ કોઈ ગૃહસ્થ સો હાથ દૂરથી લાવે અને સાધુ ઉપયોગપૂર્વક તેની લાવવાની ક્રિયા જોઈ શકે તેમ હોય તો ઉત્કૃષ્ટ આચીર્ણ અભ્યાહત છે. વળી, પોતાના પુત્રાદિને પીરસવા માટે ગ્રહણ કરાયેલું હાથમાં રહેલું જ નજીકમાં લાવીને સાધુને વ્હોરાવે તે જઘન્ય અભ્યાહત છે. શેષ મધ્યમ અભ્યાહત છે. આ ત્રણેય પ્રકારનું લાવેલું સાધુને કલ્પે છે. આનાથી વિપરીત=આ ત્રણ પ્રકારના અભ્યાહતથી વિપરીત અનાચીર્ણ છે=સુસાધુ વડે નહિ સેવાયેલું છે. તે પણ=અનાચીર્ણ પણ, બે પ્રકારનું છે. (૧) નિશીથ અભ્યાહત અને (૨) નોનિશીથ અભ્યાહત એમ બે પ્રકારનું છે. ત્યાં=બે પ્રકારના અનાચીર્ણ અભ્યાહતમાં, નિશીથ મધ્યરાત્ર છે. ત્યાં લવાયેલું ખરેખર પ્રચ્છન્ન થાય છે=અપ્રગટ થાય છે. એ રીતે માતૃસ્થાનકરણ દ્વારા=માયાકરણ દ્વારા, દાયક વડે સાધુને પણ અવિદિત એવું જે અભ્યાહત છે, તેનું

**પ્રચ્છન્નત્વરૂપ સાધર્મ્ય હોવાથી=રાત્રિમાં લાવેલા સાથે પ્રચ્છન્નત્વરૂપ સાધર્મ્યપણું હોવાથી, નિશીથ અભ્યાહત છે. વળી, જે સાધુને વિદિત છે, જે પ્રમાણે આ અભ્યાહત છે, તે નોનિશીથ અભ્યાહત છે. ત્યાં=બે પ્રકારના અનાચીર્ણ અભ્યાહતમાં, અનાચીર્ણ નોનિશીથ અભ્યાહત વાપર્યે છતે સાધુ અભ્યાહતભોજી છે. અન્યથા દોષરૂપ નથી. ।।૭૮।।**

**ભાવાર્થ :-**

અભ્યાહૃતભોજી સાધુ પાસત્થા છે અને તે અભ્યાહૃત પણ જે સો ડગલાથી અધિક દૂરથી લવાયેલું છે અને સાધુને બોધ છે કે આ અમારા માટે જ લવાયેલું છે અને તેવું કોઈ આગાઢ કારણ નહિ હોવા છતાં જે સાધુ આ રીતે અભ્યાહૃતભોજન કરે છે, તેઓનું નિર્ગ્રંથભાવને અનુકૂળ જે પ્રસ્થાન છે, તેને બાધ કરે એવા કષાયના ઉદયથી જ આ પ્રકારના આહારને ગ્રહણ કરવાનો પરિણામ થાય છે. ક્વચિત્ સુસાધુ તે પ્રકારનો અભ્યાહૃત આહાર પ્રમાદવશ ગ્રહણ કરે તોપણ તેઓમાં અભ્યાહૃત આહાર નહિ ગ્રહણ કરવાનો અવસ્થિત પરિણામ વર્તે છે. તેથી, કોઈક નિમિત્તથી પ્રમાદી થયેલા સાધુ તે દોષની શુદ્ધિ કરે છે. જ્યારે દેશપાસત્થા સમ્યક્ત્વાદિ ગુણ ધરાવતા હોય તોપણ અનાચીર્ણ નોનિશીથ અભ્યાહૃત ગ્રહણ કરનારા છે. તેથી, તે પ્રકારના અવસ્થિત સ્વભાવને કારણે દેશપાસત્થા છે. **।।૭૮।।**

**અવતરણિકા :-**

**ગાથા-૬૨માં કહેલા દેશપાસત્થાના વિકલ્પોમાંથી પૂર્વપશ્ચાત્સંસ્તુત ઉપજીવીનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –**

**ગાથા :-**

**सयणं वा दाणं वा, पडुच्च जो संथवं दुहा कुणइ ।**
**पुव्विंपच्छासंथवउवजीवी सो उ पासत्थो ।।७९।।**

**અન્વયાર્થ :-**

**सयणं वा दाणं वा पडुच्च=સ્વજનને અથવા દાનને આશ્રયીને, जो=જે સાધુ, संथवं दुहा कुणइ=બે પ્રકારનો સંસ્તવ કરે છે=રૂઢિથી અને યોગાર્થથી બે પ્રકારનો કરે, सो उ=તે, पुव्विंपच्छासंथवउवजीवी पासत्थो=પૂર્વપશ્ચાત્સંસ્તવઉપજીવી પાસત્થા છે. ।।૭૯।।**

**ગાથાર્થ :-**

**સ્વજનને અથવા દાનને આશ્રયીને જે સાધુ બે પ્રકારનો સંસ્તવ કરે છે=રૂઢિથી અને યોગાર્થથી બે પ્રકારનો કરે છે, તે પૂર્વપશ્ચાત્સંસ્તવઉપજીવી પાસત્થા છે. ।।૭૯।।**

**ટીકા :-**

**'सयणं व' त्ति । 'स्वजनं प्रतीत्य' मातापित्रादिकं पूर्वसंस्तवम्, श्वश्रूश्वशुरादिकं च पश्चात्-**

**संस्तवम्, 'दानं वा प्रतीत्य' अदत्ते पूर्वसंस्तवम्, दत्ते च दिनान्तरे तथाभावसम्पादनाय पश्चात्संस्तवम्, 'द्विधा' रूढियोगार्थाभ्यां द्वाभ्यां प्रकाराभ्यां यः करोति स तु पूर्वपश्चात्संस्तवोपजीवी पार्श्वस्थः, तदुक्तम्**–"सयणं पडुच्च मातापितादिअं पुव्वसंथवं करेइ, पच्छासंथवं वा सासुससुरादिअं, दाणं वा पडुच्च अदिन्ने पुव्वसंथवो, दिन्ने पच्छासंथवो" **त्ति । एकत्र पक्षे संस्तवशब्दः परिचर्यार्थः, अन्यत्र च सम्यक्प्रकारेण स्तव इति संमुखीनोऽर्थः ।।७९।।**

**ટીકાર્થ :-**

**'स्वजनं प्रतीत्य' ..... संमुखीनोऽर्थः ।। સ્વજનને આશ્રયીને માતાપિતાદિક પૂર્વસંસ્તવ, સાસુ-સસરાદિક પશ્ચાત્સંસ્તવ છે. દાનને આશ્રયીને નહિ અપાયેલામાં પૂર્વસંસ્તવ છે અને અપાયેલામાં બીજા દિવસે તથાભાવસંપાદન માટે=સારી ભિક્ષાના ભાવના સંપાદન માટે, પશ્ચાત્સંસ્તવ છે. બંને પ્રકારે=રૂઢિ દ્વારા અને યોગાર્થ દ્વારા એ રૂપ બંને પ્રકારથી, જે સાધુ કરે છે=સંસ્તવ કરે છે તે પૂર્વપશ્ચાત્સંસ્તવઉપજીવી પાર્શ્વસ્થ છે. તે કહેવાયું છે.**

"સ્વજનને આશ્રયીને માતાપિતાદિ પૂર્વસંસ્તવને કરે છે અથવા સાસુ-સસરાદિ રૂપ પશ્ચાત્સંસ્તવને કરે છે અથવા દાનને આશ્રયીને અદિન્નમાં=વહોરાવતા પૂર્વે, પૂર્વસંસ્તવ, દિન્નમાં=વહોરાવ્યા પછી, પશ્ચાત્સંસ્તવ છે."

**એકત્ર પક્ષમાં સંસ્તવ શબ્દ પરિચય અર્થવાળો છે=રૂઢિ અર્થરૂપ પક્ષમાં પરિચય અર્થવાળો છે અને અન્યત્ર=યોગાર્થને આશ્રયીને સમ્યક્ પ્રકારે સંસ્તવ એ સંમુખીન અર્થવાળો છે. ।।૭૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વસંસ્તવ અને પશ્ચાત્સંસ્તવ સ્વજનને આશ્રયીને છે અને દાનને આશ્રયીને છે અને સ્વજનને આશ્રયીને પૂર્વસંસ્તવ પોતાના માતાપિતાદિ છે, તેને આશ્રયીને છે; કેમ કે તે માતાપિતાદિ સાસુ-સસરાદિથી પૂર્વના સંબંધવાળા છે અને સાસુ-સસરાદિ માતા-પિતાદિની અપેક્ષાએ પાછળના સંબંધવાળા છે. તેથી તેઓને આશ્રયીને તે સંસ્તવ કરે તે પશ્ચાત્સંસ્તવ છે અર્થાત્ ભિક્ષા માટે આવેલા સાધુ સારી ભિક્ષા મળે તે પ્રકારના આશયથી પોતાનાં માતાપિતાદિના સંબંધનું સ્મરણ ભિક્ષા દેનારને કરાવે છે અને કહે છે તે અમારા માતાપિતાદિ સાથે તમારો આ પ્રકારનો સંબંધ છે તે પૂર્વસંસ્તવ રૂપ દોષ છે. તે રીતે જ સાસુ-સસરાદિનો સંબંધ બતાવે ત્યારે પશ્ચાત્ સંસ્તવરૂપ દોષની પ્રાપ્તિ થાય છે; કેમ કે સમભાવના ઉપયોગને છોડીને ગ્રહસ્થપણાના સંબંધનું સ્મરણ કરાવીને સારી ભિક્ષા લેવાની વૃત્તિ છે. અથવા સાધુ ભિક્ષાગ્રહણ કરે તેના પૂર્વે વ્હોરવા આવેલા હોય ત્યારે માતા-પિતાદિના કે સાસુ-સસરાદિના કે અન્ય કોઈના સંબંધનું સ્મરણ કરાવે ત્યારે પૂર્વસંસ્તવ દોષ પ્રાપ્ત થાય છે; કેમ કે દાન ગ્રહણ કરતાં પૂર્વે તે સંબંધ બતાવીને સારી રીતે ભિક્ષા મળશે તેવો અધ્યવસાય વર્તે છે અને તે દાન આપતા પૂર્વે છે. તેથી પૂર્વસંસ્તવ છે અને દાન ગ્રહણ કર્યા પછી કોઈપણ સંસારના સંબંધનું સ્મરણ કરાવે તે પશ્ચાત્સંસ્તવ છે, જેના કારણે બીજી વખતે ભિક્ષા માટે આવે ત્યારે તેઓ વિશેષથી દાનના પરિણામવાળા થાય તેવો અધ્યવસાય વર્તે છે. આ બંને પ્રકારના સંસ્તવમાં સારી ભિક્ષાની લાલસાથી તેવો સંસ્તવ થાય છે. જેથી તેવા સ્વભાવવાળા સાધુ આરાધક

પરિણતિવાળા હોય તોપણ દેશપાસત્થા બને છે.

વળી, સામાન્યથી સંસ્તવ શબ્દ સ્તુતિ અર્થમાં છે. આથી જ દ્રવ્યસ્તવમાં અને ભાવસ્તવમાં ગુણવાનની સ્તુતિ કરીને ગુણને અભિમુખ સદ્વીર્ય ઉલ્લસિત કરાય છે. પરંતુ પ્રસ્તુતમાં સંસ્તવ શબ્દ રૂઢિથી વિચારીએ તો માતાપિતાદિનો કે સાસુ-સસરાનો પોતાને કયા પ્રકારનો પરિચય છે, તે અર્થને બતાવવા માટે સંસ્તવ શબ્દનો અર્થ રૂઢ છે અને યોગાર્થથી=વ્યુત્પત્તિ અર્થથી, વિચારીએ તો પ્રસ્તુતમાં સંસ્તવમાં રહેલ सम्=સમ્યક્ પ્રકારથી અને સ્તવ=સન્મુખીકરણ, એ પ્રકારનો અર્થ છે. તેથી, યોગાર્થથી દાન આપનારને પોતાને દાન આપવાને સન્મુખ કરવાનો જે યત્ન તે સંસ્તવ છે. આ પ્રકારે સંસ્તવ કરીને ભિક્ષા મેળવવાને અભિમુખ સ્વભાવવાળા સાધુ સમ્યક્ત્વાદિ ગુણ ધરાવતા હોય તો દેશપાસત્થા બને છે. વળી, ક્યારેક અનાભોગથી કે સહસાત્કારથી તેવો યત્ન સુસાધુથી થયો હોય તો સુસાધુને સંયમમાં અતિચાર લાગે છે અને નિર્ગ્રંથભાવના અર્થી એવા તે સાધુ તે અતિચારની શુદ્ધિ કરીને સંયમસ્થાનના પાતથી પોતાનું રક્ષણ કરે છે. **॥૭૯॥**

**અવતરણિકા :-**

**હવે, દેશપાસત્થાના નિયતપિંડભોજીનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**साहाविअं णिकाइअमन्नं च निमंतिअं तिहा निययं ।**
**अण्णयरं भुंजंतो, भण्णइ एयं निययपिंडी ।।८०।।**

**અન્વયાર્થ :-**

**साहाविअं=સ્વાભાવિક, णिकाइअमन्नं च निमंतिअं=નિકાચિત અને અન્ય નિમંત્રિત, तिहा निययं=ત્રિધા નિયતપિંડ છે. अण्णयरं भुंजंतो एयं=અન્યતર એવા આને વાપરતા, निययपिंडी=નિયતપિંડ, भण्णइ=કહેવાય છે. ॥૮૦॥**

**ગાથાર્થ :-**

**સ્વાભાવિક, નિકાચિત અને અન્ય નિમંત્રિત ત્રિધા નિયતપિંડ છે. અન્યતર એવા આને વાપરતા નિયતપિંડ કહેવાય છે. ॥૮૦॥**

**ટીકા :-**

**'साहाविअं'ति । एकं स्वाभाविकमपरं निकाचितमन्यच्च निमन्त्रितमित्येतत् त्रिधा नियतं देयं भवति । तत्र यन्न संयतार्थमेव देयतया कल्पितं किन्तु य एव श्रमणोऽन्यो वा प्रथममागच्छति तस्मै यदग्रपिण्डादि दीयते तत्स्वाभाविकम्, यत्पुनर्भूतिकर्मादिकरणतश्चतुर्मासादिकं कालं यावत्प्रतिदिवसं निकाचितं-निबद्धीकृतं गृह्यते तन्निकाचितम्, यत्तु दायकेन निमन्त्रणापुरस्सरं प्रतिदिवसं नियतं दीयते तन्निमन्त्रितमिति, एतदन्यतरद् भुञ्जानो नियतपिण्डोपभोजी भण्यते ।।८०।।**

**ટીકાર્થ :-**

**एकं ..... भण्यते ।। એક સ્વાભાવિક છે, બીજું નિકાચિત છે અને અન્ય નિમંત્રિત છે. આ ત્રણ પ્રકારે નિયત આપવા યોગ્ય થાય છે. ત્યાં જે સંયત માટે જ આપવા યોગ્યપણાથી કલ્પિત નથી, પરંતુ જે જ શ્રમણ કે અન્ય પણ પ્રથમ આવશે તેને અગ્રપિંડાદિ જે અપાય છે, તે સ્વાભાવિક નિયત આપવા યોગ્ય છે. જે વળી, ભૂતિકર્માદિકરણથી ચારમાસાદિકાળ સુધી યાવત્ પ્રતિદિવસ નિકાચિત છે=નિબદ્ધ કરાયેલું, અન્ન ગ્રહણ કરાય છે. વળી, જે દાયક વડે નિમંત્રણાપૂર્વક પ્રતિદિવસ નિયત અપાય છે, તે નિમંત્રિત છે. આનામાંથી અન્યતર=ત્રણ પ્રકારના નિયતપિંડમાંથી અન્યતર, નિયતપિંડને વાપરતા સાધુ નિયતપિંડભોજી કહેવાય છે. ॥૮૦॥**

**ભાવાર્થ :-**

સુસાધુ સંયમદેહના નિર્વાહ અર્થે સંયમના ઉપકરણ રૂપે જ આહારાદિ ગ્રહણ કરે છે; કેમ કે સંયમનો ઉપકારી દેહ છે માટે જ ઉપકરણ છે અને સંયમ દેહનો ઉપકારી હોય તેવો જ નિર્દોષ આહાર સાધુ ગ્રહણ કરે છે. તેથી આહાર પણ સંયમનું ઉપકરણ બને છે. જે આહારગ્રહણમાં કષાય પ્રવર્તક નથી, પરંતુ સંયમ પ્રત્યેનો બદ્ધ રાગ પ્રવર્તક છે. આમ છતાં, અવિરતિ આપાદક કષાયનો ઉદય થાય છે, ત્યારે સાધુ નિયતપિંડભોજી થઈને દેશપાસત્થા બને છે અને તે નિયતપિંડ ત્રણ પ્રકારે પ્રાપ્ત થાય છે.

જેમ કોઈ ગૃહસ્થ આ આહાર સંયમી સાધુને કે અન્ય દર્શનના શ્રમણોને હું આપીશ, જે પ્રથમ આવશે. એ પ્રકારનો સંકલ્પ કરીને આવનાર શ્રમણની કે સાધુની રાહ જુએ છે અને જે આવે છે, તેને તે આહારમાંથી અગ્રપિંડાદિ સુંદર ભોજન આપે છે, તે સ્વાભાવિક નિયતપિંડ છે; કેમ કે સાધુના કોઈ પ્રયત્ન વગર ગૃહસ્થે તે પ્રકારનું નિયત કલ્પેલું. તેથી, તેવો પિંડ સુસાધુ ગ્રહણ કરે નહિ; કેમ કે સાધુ કે અન્ય શ્રમણને આપવા રૂપે તે કલ્પિત છે છતાં સુંદર ભોજનની લાલસાને કારણે પ્રમાદી સાધુ તેવા આહારને ગ્રહણ કરે છે. તેથી દેશપાસત્થા થાય છે.

વળી, કેટલાક સાધુ કંઈક રસની અધિક લાલસાવાળા હોય છે. તેઓ શ્રાવકોના ભૂતિકર્માદિ કાર્યો કરે છે અને તેના કારણે તે ગૃહસ્થો તે સાધુ માટે સુંદર આહારાદિ ચાર માસ સુધી કે માસકલ્પ રહ્યા હોય તો માસ સુધી પ્રતિદિવસ તે ગૃહસ્થને ત્યાંથી ગ્રહણ કરવાનું નક્કી કરેલું હોય છે. તેથી તે સાધુને જે અનુકૂળ હોય તે સર્વ આહાર ગૃહસ્થો પાસેથી પ્રાપ્ત થાય છે, તે નિકાચિત છે અર્થાત્ તમારે ત્યાં હું આહાર ગ્રહણ કરવા આવીશ, એ પ્રકારનો નિર્ણય કરેલો છે. તેથી નિકાચિત છે.

વળી, કેટલાક દાન આપનારા ગૃહસ્થો નિમંત્રણાપૂર્વક પ્રતિદિવસ નિયત આહાર આપે છે, તે નિમંત્રિત છે અને સંયમના પ્રયોજન વગર આ ત્રણેય પ્રકારમાંથી અન્યતર પ્રકારથી આહાર ગ્રહણ કરનાર સાધુ નિયતપિંડભોજી થાય છે. ફક્ત સંયમની અન્ય સર્વ ક્રિયાઓ પરિણામની શુદ્ધિ થાય તે પ્રકારે કરે છે. તેથી સર્વપાસત્થા નથી, દેશપાસત્થા છે. **॥૮૦॥**

**અવતરણિકા :-**

ગાથા-૭૨માં કહેલ દેશપાસત્થાના અગ્રપિંડભોજીરૂપ અંતિમપિંડને સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**सो होइ अग्गपिंडी, अग्गं कुराइ भुंजई जो उ ।**
**देसेणं एमाइसु, अववायपएसु पासत्थो ।।८१।।**

**અન્વયાર્થ :-**

सो होइ अग्गपिंडी=તે અગ્રપિંડભોજી છે, अग्गं कुराइ भुंजई जो उ=જે અગ્ર એવા કુરાદિ ધાન્યને વાપરે છે. एमाइसु अववायपएसु=આ વગેરે અપરાધસ્થાનોમાં, देसेणं=દેશથી, पासत्थो=પાસત્થા થાય છે. ॥૮૧॥

**ગાથાર્થ :-**

**તે અગ્રપિંડભોજી છે, જે અગ્ર એવા કુરાદિ ધાન્યને વાપરે છે. આ વગેરે અપરાધસ્થાનોમાં દેશથી પાસત્થા થાય છે. ॥૮૧॥**

**ટીકા :-**

**'सो होइ'त्ति । स भवत्यग्रपिण्डोपभोजी यः 'अग्रं' उपरितनं प्रधानं वा कूरादि भुङ्क्ते । एवमादिकेषु 'अपवादपदेषु' साधुजननिन्दास्थानेष्वपराधेषु देशेन पार्श्वस्थो भवति ।।८१।।**

**ટીકાર્થ :-**

स भवत्यग्रपिण्डोपभोजी ..... भवति ।। તે સાધુ અગ્રપિંડભોજી થાય છે, જે અગ્ર=નિષ્પન્ન થયેલા ભોજનની ઉપરનું અથવા પ્રધાન એવા ભાત આદિ વાપરે છે. આ આદિ=ગાથા-૭૨થી અત્યાર સુધી વર્ણન કર્યું એ આદિ, અપવાદપદોમાં=સાધુજનને નિંદાના સ્થાનરૂપ અપરાધોમાં, દેશથી પાસત્થા થાય છે. ॥૮૧॥

**ભાવાર્થ :-**

જે સાધુ કંઈક આરાધક છે તોપણ જીભની લાલસા તીવ્ર છે. તેથી નિર્દોષ આહારની ગવેષણા કરતા હોવા છતાં ગૃહસ્થોએ જે પોતાના માટે આહાર બનાવ્યો છે. તેમાંથી ઉપર ઉપરનું સુંદર કે ઇન્દ્રિયોને અનુકૂળ હોય તેવો પ્રધાન આહાર ગ્રહણ કરે છે. જોકે સંયમના અન્ય દોષોનું વારણ કરે છે તોપણ કંઈક સુંદર આહારની લાલસાને કારણે દેશપાસત્થા થાય છે. ગાથા-૭૨થી અત્યાર સુધી બતાવ્યાં તે સર્વ અપરાધસ્થાનો છે; કેમ કે સાધુજનથી નિંદાનું સ્થાન છે, છતાં કષાયને વશ તે તે અપરાધસ્થાનો સેવીને તે તે ભૂમિકાના દેશપાસત્થાપણાને તે સાધુ પ્રાપ્ત કરે છે. **॥૮૧॥**

**અવતરણિકા :-**

नन्वेतादृशानि देशपार्श्वस्थस्थानानि श्रमणेऽपि भवन्तीति श्रमणपार्श्वस्थयोः सङ्करप्रसङ्ग इत्यत्राह –

**અવતરણિકાર્થ :-**

'ननु'થી શંકા કરે છે. આવા પ્રકારના=અત્યારસુધી વર્ણન કર્યું એવા પ્રકારના, દેશપાસત્થાનાં સ્થાનો શ્રમણમાં પણ=ભાવસાધુમાં પણ, થાય છે. તેથી ભાવસાધુમાં અને પાસત્થામાં સંકરનો પ્રસંગ છે=સમાન પ્રવૃત્તિરૂપ એકત્વનો પ્રસંગ છે, એ પ્રકારની શંકામાં કહે છે –

**ગાથા :-**

**समणा वि केइ एरिसदोसा तह वि हु ण हुंति पासत्था ।**
**ववहरिअव्वा जम्हा, बाहुल्लं होइ तब्बीअं ।।८२।।**

**અન્વયાર્થ :-**

समणा वि केइ एरिसदोसा=સાધુઓ પણ કેટલાક આવા દોષવાળા છે, तह वि हु ण हुंति पासत्था=તોપણ પાસત્થા થતા નથી. जम्हा=જે કારણથી, बाहुल्लं=બાહુલ્ય એવું, तब्बीअं=તેનું બીજ=પાસત્થાનું બીજ, ववहरिअव्वा होइ=વ્યવહાર કરવા યોગ્ય થાય છે. ॥૮૨॥

**ગાથાર્થ :-**

**સાધુઓ પણ કેટલાક આવા દોષવાળા છે તોપણ પાસત્થા થતા નથી. જે કારણથી બાહુલ્ય એવું તેનું બીજ=પાસત્થાનું બીજ, વ્યવહાર કરવા યોગ્ય થાય છે. ॥૮૨॥**

**ટીકા :-**

'समणा वि'त्ति । श्रमणा अपि केचिदपवाददशां विनाऽपि तथाविधकर्मोदयेनेदृशदोषा भवन्त्यतिचारदशायां तथाऽपि पार्श्वस्था व्यवहर्त्तव्या न भवन्ति, यस्माद् बाहुल्यं 'तद्बीजं' व्यवहारबीजं भवति । यथा खल्वल्पपिचुमन्दमप्याम्रवणमाम्रवणत्वेनैव व्यपदिश्यते न तु पिचुमन्दवनत्वेन, तथाऽल्पदोषाः साधवोऽपि चरणकरणनिर्वाहैकदृष्टयः साधुत्वेनैव व्यपदिश्यन्ते न तु पार्श्वस्थत्वेनेति भावः, एवमन्यत्राप्यवसेयम् ।।८२।।

**ટીકાર્થ :-**

श्रमणा ..... एवमन्यत्राप्यवसेयम् ।। શ્રમણો પણ કેટલાક=સુસાધુ પણ કેટલાક, અપવાદદશા વગર પણ તેવા પ્રકારના કર્મના ઉદયથી અતિચારદશામાં આવા પ્રકારના દોષવાળા થાય છે તોપણ પાસત્થા વ્યવહર્તવ્ય થતા નથી=આ પાસત્થા છે એ પ્રકારે વ્યવહાર કરવા યોગ્ય નથી. જે કારણથી,

**બાહુલ્ય તેનું બીજ છે=વ્યવહારનું બીજ છે=શ્રમણોમાં બહુલતાથી સુસાધુને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ બહુલતાએ છે. ક્વચિત્ પ્રમાદવશ અતિચારદશામાં તેવા દોષોનું સેવન છે. તેથી તેઓ સુસાધુ તરીકે વ્યવહાર પામે છે અને પાસત્થા તે તે ઈન્દ્રિયોને પરવશ તે તે અતિચારો સદા રસલાલસાને વશ સેવે છે. તેથી બહુલતાથી તેઓમાં પાસત્થાપણું છે અને સુસાધુમાં સ્ખલનાકાળમાં અલ્પ અંશનું પાસત્થાપણું છે. તેથી સુસાધુ પાસત્થા કહેવાતા નથી. જે પ્રમાણે અલ્પ પણ લીમડાવાળું આમ્રવન, આમ્રવનપણાથી વ્યપદેશ પામે છે. પરંતુ લીમડાના વનપણાથી વ્યપદેશ પામતું નથી. તે પ્રમાણે અલ્પ દોષવાળા સાધુઓ પણ ચરણકરણના નિર્વાહમાં એકદૃષ્ટિવાળા=મૂળગુણ, ઉત્તરગુણનો નિર્વાહ કરે એવી ઉચિત ક્રિયામાં સદા યત્નવાળા સાધુપણાથી વ્યપદેશ પામે છે. પરંતુ પાસત્થાપણાથી વ્યપદેશ પામતા નથી. એ રીતે અન્ય પણ=અવસન્ન આદિ શિથિલ સાધુમાં પણ જાણવું. ॥૮૨॥**

**ભાવાર્થ :-**

સુસાધુ હંમેશાં જિનવચનનું સ્મરણ કરીને સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને તેના બળથી મોહની સામે સુભટની જેમ તેઓ લડે છે. તેના બળથી જ સત્તામાં રહેલા બાર કષાયો અને નવ નોકષાયોને એ રીતે તિરોહિત રાખે છે કે જેથી નિમિત્તને પામીને કષાયો-નોકષાયોને ચિત્તમાં ઉપયોગ સ્વરૂપે આવીને તે તે પ્રવૃત્તિના નિયામક બને નહિ પરંતુ જિનવચન જ સર્વ પ્રવૃત્તિનું નિયામક બને તોપણ સંયમજીવનમાં અતિચાર આપાદક સંજ્વલન કષાયના ઉદયથી નિમિત્તને પામીને ક્યારેક સુસાધુને પણ સુંદર આહારાદિની લાલસા પણ પ્રાપ્ત થાય છે. તે લાલસા પણ સંયમ માટે દેહ પ્રતિકૂળ છે, તેને સુંદર આહાર રક્ષણ કરે તેમ છે, તેવું અપવાદનું સ્થાન નથી પરંતુ સુંદર આહાર પ્રત્યે કંઈક ઇચ્છા થાય છે ત્યારે તેઓ પણ પૂર્વમાં કહેલા પાસત્થાના દોષો જેવી કોઈક આચરણા કરે છે તોપણ સંસારથી ભય પામેલા હોવાને કારણે અને સંયમના અત્યંત અર્થી હોવાને કારણે તેની શુદ્ધિ કરીને સાધુ સંયમમાં સ્થિર થવા યત્ન કરે છે. તેથી સાધુપણાના વ્યવહારનું બીજ તેઓમાં પ્રચુર છે, પાસત્થાનું બીજ અલ્પ છે. તેથી તેઓ સાધુ જ કહેવાય છે. પાસત્થા કહેવાતા નથી. જ્યારે દેશપાસત્થા મોક્ષના અર્થી છે, કલ્યાણના અર્થી છે. તેથી અન્ય સંયમની ક્રિયાઓ સ્વશક્તિ અનુસાર કરતા હોય તોપણ પાસત્થાની પરિણતિના નિષ્પાદક કર્મોનું પ્રાબલ્ય હોવાથી બહુલતાએ પૂર્વમાં કહેલા પ્રકારે જ પ્રવૃત્તિ કરે છે. જેથી સંયમસ્થાનથી તેઓનો પાત થાય છે. **॥૮૨॥**

**અવતરણિકા :-**

**एवं तावत्पार्श्वस्थताया अल्पत्वाच्छ्रमणे तदभावो विवक्षितः । अथोत्कृष्टगुणाभिभूतत्वेन पार्श्वस्थत्वं तत्र सदपि न व्यवहर्त्तव्यमित्यभिप्रायवानाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે શ્રમણમાં=સાધુમાં, પાર્શ્વસ્થતાનું અલ્પપણું હોવાને કારણે તેનો અભાવ કહેવાયો= પાસત્થાપણાનો અભાવ વિવક્ષા કરાયો. હવે, ઉત્કૃષ્ટ ગુણથી અભિભૂતપણું હોવાને કારણે=સુસાધુના**

ઉત્તમ ગુણોથી સ્ખલનાકાળમાં વર્તતા પાર્શ્વપણાનું અભિભૂત હોવાને કારણે, પાર્શ્વસ્થપણું ત્યાં=સુસાધુમાં, હોવા છતાં વ્યવહાર કરવા યોગ્ય નથી. એ અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**जह उक्किट्ठगुणेणं, कव्वम्मि अदुट्ठया ण हु सहावा ।**
**तह छउमत्थो णेओ, चरणदढत्ता अपासत्थो ।।८३।।**

**અન્વયાર્થ :-**

जह=જે પ્રમાણે, कव्वम्मि=કાવ્યમાં, उक्किट्ठगुणेणं=ઉત્કૃષ્ટ ગુણોથી, अदुट्ठया=અદુષ્ટતા છે, ण हु सहावा=સ્વભાવથી નથી, तह छउमत्थो=તે પ્રમાણે છદ્મસ્થ, चरणदढत्ता=ચરણની દૃઢતાથી, अपासत्थो णेओ=અપાર્શ્વસ્થ જાણવા. ।।૮૩।।

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે કાવ્યમાં ઉત્કૃષ્ટ ગુણોથી અદુષ્ટતા છે, સ્વભાવથી નથી તે પ્રમાણે છદ્મસ્થ ચરણની દૃઢતાથી અપાર્શ્વસ્થ જાણવા. ।।૮૩।।**

**ટીકા :-**

'जह'त्ति । यथोत्कृष्टगुणेन विशिष्टेन वक्त्रा काव्ये सामाजिकप्रतिभायां दोषतिरोधानाददुष्टता न तु स्वभावात्, निःशेषदोषोत्सारणस्य गीर्वाणगुरोरप्यशक्यत्वादन्ततोऽविमृष्टविधेयांशस्यापि सम्भवात् यत्किञ्चिद्दोषाभावस्य चातिप्रसक्तत्वात्; तथा चादोषत्वं स्फुटदोषाभाववत्त्वमेव काव्यलक्षणघटकम्, व्यक्तं चैतत् "तददोषौ शब्दार्थौ" इत्यत्र काव्यप्रकाशे; तथा छद्मस्थोऽपि चरणदृढत्वादेव स्फुटपार्श्वस्थत्वाभावादपार्श्वस्थोऽन्यथा यावत्संज्वलनोदयमतिचाररूपपार्श्वस्थस्थानानुवृत्तेरित्यवधेयम् ।।८३।।

**ટીકાર્થ :-**

यथोत्कृष्टगुणेन ..... वृत्तेरित्यवधेयम् ।। જે પ્રમાણે ઉત્કૃષ્ટ ગુણથી વિશિષ્ટ એવા વક્તાથી કાવ્ય કરાયે છતે સામાજિક પ્રતિભા હોતે છતે દોષનું તિરોધાન હોવાથી અદુષ્ટતા છે=કાવ્યની અદુષ્ટતા છે. પરંતુ સ્વભાવથી નથી=સ્વભાવથી અદુષ્ટતા નથી; કેમ કે નિઃશેષ દોષના ઉત્સારણવાળા ગીર્વાણગુરુને પણ=વાણીના પ્રભુત્વવાળાને પણ, અશક્યપણું છે. કેમ ગીર્વાણ ગુરુને અશક્યપણું છે ? તેથી બીજો હેતુ કહે છે. અંતથી અવિમૃષ્ટ વિધેયાંશનો પણ સંભવ છે=કાવ્યના સર્વ દોષોને પરિહાર કરવા કોઈ યત્ન કરે તોપણ તે કાવ્યથી શું વિધેય છે, તેનો તે પ્રકારે વિમર્શ નહીં થયેલ હોવાથી અવિમૃષ્ટ કાવ્યથી વિધેયાંશનો પણ સંભવ છે અને યત્કિંચિત્ દોષાભાવનું=કાવ્યમાં કોઈક દોષાભાવનું અતિપ્રસક્તપણું છે=અસંબદ્ધ કાવ્ય કરનારાના કાવ્યમાં પણ યત્કિંચિત દોષાભાવની પ્રાપ્તિનો પ્રસંગ છે અને તે રીતે=વિશિષ્ટ પ્રતિભાસંપન્ન કાવ્યમાં દોષના તિરોધાનથી જ અદુષ્ટતા છે સ્વભાવથી

**નહીં તે રીતે, અદોષપણું=કાવ્યમાં અદોષપણું, સ્ફુટ દોષાભાવપણું જ કાવ્યના લક્ષણનું ઘટક છે અને આ વ્યક્ત છે=સ્ફુટ દોષાભાવપણું જ કાવ્યનું લક્ષણ છે. એ વ્યક્ત છે. ક્યાં વ્યક્ત છે ? એથી કહે છે. "તેના અદોષવાળા શબ્દ અને અર્થ" એ પ્રકારના કાવ્યપ્રકાશમાં વ્યક્ત છે. તે રીતે=જે રીતે કાવ્યમાં પણ દોષના તિરોધાનથી અદુષ્ટતા છે સ્વભાવથી નથી તે રીતે, છદ્મસ્થ પણ ચરણનું દઢપણું હોવાથી જ સ્પષ્ટ પાર્શ્વસ્થત્વના અભાવને કારણે અપાર્શ્વસ્થ છે. અન્યથા=એવું ન માનવામાં આવે તો=ઈષદ્ પણ કષાયના સ્ફુરણમાં પાસત્થા છે એમ માનવામાં આવે તો જ્યાં સુધી સંજ્વલનનો ઉદય છે, ત્યાં સુધી અતિચારરૂપ પાર્શ્વસ્થસ્થાનની અનુવૃત્તિ છે, એ પ્રમાણે જાણવું. ॥૮૩॥**

**ભાવાર્થ :-**

સુસાધુમાં અને પાસત્થામાં શું ભેદ છે, તે સ્પષ્ટ કરવાર્થે ગ્રંથકારશ્રી વિશિષ્ટ કાવ્ય કરનાર પુરુષનું દૃષ્ટાંત બતાવે છે. જેમ કોઈ વિશિષ્ટ કાવ્ય કરનાર પુરુષ પોતાના કાવ્યથી વિદ્વાનોને પણ પ્રભાવિત કરતા હોય ત્યારે કહેવાય છે કે એના કાવ્યમાં ક્યાંય દોષ નથી, પરંતુ નિર્દોષ કાવ્ય છે અર્થાત્ કાવ્યનાં સર્વ લક્ષણો તેના કાવ્યમાં ઘટે છે. તે સ્થાનમાં સૂક્ષ્મ કાવ્યનો કોઈક દોષ સંભવિત છે તોપણ કાવ્યની વિશિષ્ટ શક્તિ હોવાને કારણે તે દોષ તિરોધાન પામે છે માટે તેનું કાવ્ય દોષ વગરનું છે, તેમ કહેવાય છે. કેમ સંપૂર્ણ દોષ વગરનું કાવ્ય કોઈ ન કરી શકે ? તેથી કહે છે. વાણી ઉપર જેનું પ્રભુત્વ છે, તેવા વાણીના ગુરુને માટે પણ કાવ્યના સર્વ દોષો દૂર કરવા અશક્ય છે. અહીં પ્રશ્ન થાય કે કાવ્યની મર્યાદામાં જે અતિ નિપુણ છે, તેવા પ્રાજ્ઞ કાવ્યના દોષનો પરિહાર કરવા માટે સુદૃઢ પ્રણિધાનપૂર્વક યત્ન કરીને કાવ્યરચના કરે તો સંપૂર્ણ દોષરહિત કાવ્ય કેમ કરી શકે નહિ ? તેથી કહે છે.

અંતથી=બધા દોષોનો પરિહાર કરવા યત્ન કરે છતાં અંતથી, વિધેયાંશનો વિમર્શ ન થયો હોય તેવો સંભવ છે અર્થાત્ પોતાનું રચાયેલું કાવ્ય કોઈક રાજા આદિને પ્રભાવિત કરવાના આશયથી કરેલું હોય અથવા કોઈક ઋષિએ યોગ્ય જીવને સૂક્ષ્મ તત્ત્વનો બોધ કરાવવાર્થે કાવ્ય કરેલું હોય તોપણ જેને બોધ કરાવવાનું પ્રસ્તુત કાવ્યથી વિધેય છે, તે અંશનો વિમર્શ છદ્મસ્થ સર્વત્ર કરી શકે નહીં. તેથી કાવ્યના અવિમૃષ્ટ વિધેયાંશ રૂપ દોષનો સંભવ હોય છે. આથી એમ કહેવામાં આવે કે યત્કિંચિત્ કોઈ પણ દોષનો અભાવ હોય તે કાવ્ય અદોષવાળું છે, તેમ પણ કહી શકાય નહિ; કેમ કે અસંબદ્ધ કાવ્ય કરનારાના કાવ્યમાં પણ કોઈક દોષનો અભાવ પ્રાપ્ત થાય છે. આ રીતે કાવ્યમાં અલ્પ દોષ હોય ત્યારે કાવ્ય નિર્દોષ છે એમ કહેવાય છે અને ઘણા દોષો હોય છતાં કંઈક ગુણ હોય તોપણ કાવ્ય દુષ્ટ કહેવાય છે. તેમ છદ્મસ્થ જીવ સંયમમાં સુદૃઢ વ્યાપાર કરે તોપણ ચિત્તવૃત્તિમાં કષાયોના સંસ્કારો વિદ્યમાન છે. કષાયોને ઉલ્લસિત કરે તેવાં કર્મો વિદ્યમાન છે અને કષાયોને ઉલ્લસિત કરવામાં નિમિત્ત બને તેવા બાહ્ય ઇન્દ્રિયોના વિષયો સદા સન્મુખ પડ્યા છે. તેથી સુસાધુ જિનવચનનું દૃઢ અવલંબન લઈને સ્વવીર્યના બળથી કષાયોના સંસ્કારોને ઉત્થિત થવા દેતા નથી. ઉદયમાન કષાયોને સ્વપરાક્રમના બળથી ક્ષયોપશમભાવવાળા કરે છે અને ક્ષયોપશમભાવને પામેલાં કર્મો અધિક અધિક ક્ષયોપશમવાળાં થાય તે અર્થે જિનવચનનું દૃઢ અવલંબન

લઈને જિનવચનથી આત્માને ભાવિત કરે છે જેના બળથી બાર કષાયોના ક્ષયોપશમભાવને અતિશય અતિશયતર કરવા સુસાધુ યત્ન કરે છે તોપણ જ્યાં સુધી સૂક્ષ્મ પણ સંજ્વલન કષાયનો ઉદય વર્તે છે. તે અતિચાર રૂપ પાસત્થાનું સ્થાન છે. તેથી છદ્મસ્થ માટે સૂક્ષ્મ અતિચારોનો પરિહાર અશક્ય છે. ક્ષાયિકભાવના વીતરાગને જ સંપૂર્ણ પાસત્થાની પરિણતિ વગરનું ચારિત્ર છે. તેથી, ઘણા ગુણોથી યુક્ત ચારિત્રસંપન્ન મુનિને સ્પષ્ટ પાસત્થાપણાના અભાવથી જ મુનિભાવપણું છે અને પાસત્થામાં સ્પષ્ટ પાસત્થાપણું વિદ્યમાન છે અને દેશપાસત્થામાં સમ્યક્ત્વાદિ અન્ય ગુણો વિદ્યમાન હોવા છતાં મૂલ પ્રાયશ્ચિત્તનું કારણ બને તેવા કષાયનો ઉદય વર્તે છે. તેથી પાસત્થાપણાની પ્રાપ્તિ છે. આ રીતે સુસાધુમાં પાસત્થા ભાવ નહિવત્ છે અને દેશપાસત્થામાં તે પાસત્થા ભાવ બહુલતાએ અવસ્થિત છે એ પ્રકારનો ભેદ છે. **॥૮૩॥**

**અવતરણિકા :-**

**उक्तः पार्श्वस्थः । अथावसन्नमाह –**

**અવતરણિકાર્થ :-**

**પાર્શ્વસ્થ કહેવાયા=ગાથા-૬૫થી અત્યારસુધી પાસત્થાનું સ્વરૂપ બતાવાયું. હવે અવસન્નરૂપ શિથિલ સાધુનું સ્વરૂપ કહેવાય છે –**

**ગાથા :-**

**किरियासु विसीअंतो, ओसन्नो होइ सो वि दुविअप्पो ।**
**देसे सव्वे अ तहा, देसम्मि इमेसु ठाणेसु ।।८४।।**

**અન્વયાર્થ :-**

**किरियासु विसीअंतो=ક્રિયાઓમાં સિદાતા અવસન્ન સાધુ થાય છે. ओसन्नो होइ सो वि दुविअप्पो=તે પણ=અવસન્ન સાધુ પણ, બે વિકલ્પવાળા છે. देसे सव्वे अ तहा=દેશમાં અને સર્વમાં, તથા देसम्मि इमेसु ठाणेसु=દેશમાં આ સ્થાનોમાં=આગળની ગાથામાં બતાવે છે. એ સ્થાનોમાં, પ્રમાદી સાધુ અવસન્ન છે. ।।૮૪।।**

**ગાથાર્થ :-**

**ક્રિયાઓમાં સિદાતા અવસન્ન સાધુ થાય છે. તે પણ=અવસન્ન સાધુ પણ, બે વિકલ્પવાળા છે. દેશમાં અને સર્વમાં તથા દેશમાં આ સ્થાનોમાં=આગળની ગાથામાં બતાવે છે એ સ્થાનોમાં, પ્રમાદી સાધુ અવસન્ન છે. ।।૮૪।।**

**ટીકા :-**

'किरियासु'त्ति । क्रियासु 'विषीदन्' अकरणवितथकरणादिबहुदोषेणालसीभवन्नवसन्न उच्यते,

तदुक्तम्—"अथावसन्नो बहुतरगुणापराधि"त्ति, सोऽपि द्विविकल्पो 'देशे सर्वस्मिंश्च' देशावसन्नः सर्वावसन्नश्चेत्यर्थः । तत्र देशावसन्न इमेषु स्थानेषु प्रमत्तः सन् भवति ।।८४।।

**ટીકાર્થ :-**

क्रियासु ..... भवति ।। ક્રિયામાં સિદાતા=અકરણ, વિપરીત કરણ આદિ બહુ દોષથી આળસુ થતા સાધુ અવસન્ન કહેવાય છે. તે કહેવાયું છે — અવસન્ન બહુતર ગુણના અપરાધી છે. તે પણ=અવસન્ન સાધુ પણ, બે વિકલ્પવાળા છે. દેશમાં અને સર્વમાં=અને સર્વ અવસન્ન એમ બે વિકલ્પવાળા છે. ત્યાં=બે પ્રકારના અવસન્નમાં, આ સ્થાનોમાં=આગળની ગાથામાં બતાવે છે એ સંયમનાં સ્થાનોમાં, પ્રમત્ત છતાં દેશઅવસન્ન થાય છે. ।।૮૪।।

**અવતરણિકા :-**

तान्येवाह —

**અવતરણિકાર્થ :-**

તેઓને જ=દેશઅવસન્નનાં પ્રમાદસ્થાનોને જ કહે છે —

**ગાથા :-**

**आवस्सगसज्झाए, पडिलेहण झाण भिक्ख भत्तट्ठे ।**
**आगमणे णिग्गमणे, ठाणे अ णिसीअण तुयट्टे ।।८५।।**

**અન્વયાર્થ :-**

आवस्सगसज्झाए=આવશ્યક અને સજ્ઝાયમાં, पडिलेहण झाण भिक्ख भत्तट्ठे=પડિલેહણ, ધ્યાન, ભિક્ષા અને ભક્તમાં, आगमणे णिग्गमणे=આગમનમાં, નિર્ગમનમાં, ठाणे अ णिसीअण तुयट्टे=ઊભા થવામાં અને બેસવામાં અને સૂવામાં સિદાય છે. તે દેશપાસત્થા છે. ।।૮૫।।

**ગાથાર્થ :-**

**આવશ્યક અને સજ્ઝાયમાં, પડિલેહણ, ધ્યાન, ભિક્ષા અને ભક્તમાં, આગમનમાં, નિર્ગમનમાં ઊભા થવામાં અને બેસવામાં અને સૂવામાં સિદાય છે. તે દેશપાસત્થા છે. ।।૮૫।।**

**ટીકા :-**

'आवस्सग'त्ति । आवश्यकादिष्ववसीदन् देशतोऽवसन्न इत्योघतो गाथाऽक्षरयोजना, भावार्थस्त्वयम्—आवश्यकमनियतकालं करोति कदाचित्करोति कदाचिन्न वा करोति, यदि वा हीनं करोति हीनकायोत्सर्गादिकरणात्, अतिरिक्तं वाऽनुप्रेक्षार्थमधिकतरकायोत्सर्गकरणात्, अथवा यद्दैवसिके

आवश्यके कर्त्तव्यं तद्रात्रिकें करोति, रात्रिके कर्त्तव्यं च दैवसिके । तथा 'स्वाध्यायं' सूत्रपौरुषीलक्षणमर्थपौरुषीलक्षणं वा कुरुध्वमिति गुरुणोक्ते गुरुसम्मुखीभूय किञ्चिदनिष्टं जल्पित्वाविप्रियेण करोति, न करोति वा, सर्वथा विपरीतं वा करोति, कालिकमुत्कालिकवेलायाम्, उत्कालिकं वा कालिकवेलायाम् । प्रतिलेखनामपि वस्त्रादीनामावर्त्तनादिभिरूनामतिरिक्तां विपरीतां वा दोषैर्वा संसक्तां करोति । तथा 'ध्यानं' धर्मध्यानं शुक्लध्यानं वा यथाकालं न ध्यायति । तथा भिक्षां न हिण्डति, गुरुणा वा भिक्षायां नियुक्तो गुरुसम्मुखं किञ्चिदनिष्टं जल्पित्वा हिण्डते, अनुपयुक्तो वा भिक्षाविशुद्धिं न करोति । तथा 'भक्तार्थं' भक्तविषयं प्रयोजनं सम्यग् न करोति, किमुक्तं भवति ? न मण्डल्यां समुद्दिशति, काकशृगालादिभक्षितं वा करोति, द्वाभ्यां वा सह भुङ्क्ते, तदुक्तं निशीथचूर्णौ-"भत्तट्ठ त्ति मंडलीऐ कयाइ भुंजइ कयाइ ण भुंजइ मंडलिसामायारिं वा ण करेइ दोहिं वा भुंजइ"त्ति । व्यवहारचूर्णौ तूक्तम्-"भत्तट्ठ त्ति मंडलीए ण समुद्दिसइ कागसिआलक्खइआईहिं वा समुद्दिसइ"त्ति । अन्ये तु व्याचक्षते- 'अभत्तट्ठ'त्ति अभक्तार्थग्रहणं सकलप्रत्याख्यानोपलक्षणम्, तथा चायमर्थः-प्रत्याख्यानं न करोति गुरुणा वा भणितो गुरुसंमुखं किञ्चिदनिष्टमुक्त्वा करोति । आगमने नैषेधिकीं न करोति निर्गमने आवश्यकीम् । 'स्थाने' ऊद्‌र्ध्वस्थाने 'निषीदने' उपवेशने 'त्वग्वर्त्तने' शयने, एतेषु क्रियमाणेषु न प्रत्युपेक्षणं करोति न वा प्रमार्जनं करोति, प्रत्युपेक्षणप्रमार्जने वा दोषदुष्टे करोति ।।८५।।

**ટીકાર્થ :-**

आवश्यकादिष्ववसीदन् ..... करोति ।। આવશ્યકાદિમાં=સાધુના આવશ્યક આદિ કૃત્યોમાં, સિદાતા દેશથી અવસન્ન છે એ પ્રમાણે સામાન્યથી ગાથાના અક્ષરની યોજના છે. ભાવાર્થ વળી આ છે= આગળ બતાવે છે એ છે. આવશ્યક અનિતયકાલ કરે છે. ક્યારેક કરે છે અથવા ક્યારેક કરતા નથી અથવા હીન કરે છે; કેમ કે હીન કાયોત્સર્ગાદિકરણ છે, તેથી અવસન્ન છે અથવા અતિરિક્ત કરે છે; કેમ કે અનુપ્રેક્ષા માટે અધિકતર કાયોત્સર્ગનું કરણ છે અર્થાત્ પ્રથમ કાયોત્સર્ગ કર્યો તેમાં ઉપયોગની સ્ખલના થવાથી તે પ્રકારે અનુપ્રેક્ષા થઈ નહીં, તેથી ફરી તે સૂત્રોના અર્થનાં અનુપ્રેક્ષણ અર્થે કાયોત્સર્ગ કરે છે. વસ્તુતઃ સાધુએ અનંત મરણોનું નિત્યસ્મરણ કરીને તે રીતે સુપ્રણિધાનવાળા થવું જોઈએ કે સ્વશક્તિને ગોપવ્યા વગર જે જે સૂત્રો બોલે છે, તે તે સૂત્રોના અર્થો સ્વશક્તિ અનુસાર અનુપ્રેક્ષણપૂર્વક થાય. ક્વચિત્ અભ્યાસદશામાં સ્ખલના થાય તોપણ પ્રતિદિન તે રીતે સુપ્રણિધાનપૂર્વક કરવાથી સ્ખલનાઓ અલ્પ અલ્પતર થાય છે. જ્યારે અવસન્ન સાધુ કાયોત્સર્ગ પૂર્વે કે તે તે ક્રિયાઓ પૂર્વે જિનવચનનું સ્મરણ કરીને અપ્રમાદથી કરવા યત્ન કરતા નથી. તેથી ફરી અનુપ્રેક્ષા માટે કાયોત્સર્ગ કરે છે, જે દોષરૂપ છે અથવા દૈવસિક આવશ્યક કર્તવ્ય છે, તેને રાત્રે કરે છે અને રાત્રિમાં કર્તવ્ય દૈવસિકમાં કરે છે અર્થાત્ સાંજનું પ્રતિક્રમણ સૂર્યાસ્ત પૂર્વે દિવસમાં કર્તવ્ય છે. પરંતુ પ્રમાદવશ અન્ય અન્ય પ્રવૃત્તિમાં વ્યગ્ર રહીને રાત્રે કરે અથવા સવારના સૂર્યોદય પૂર્વે પ્રતિક્રમણ આવશ્યક

કર્તવ્ય છે, તે મોડા ઊઠીને દિવસમાં કરે. ઉપલક્ષણથી સુપ્રણિધાનપૂર્વક ન કરે, યથાતથા કરે તે સર્વ દેશથી અવસન્ન છે અને સ્વાધ્યાય સૂત્રપોરિસી રૂપ, અર્થપોરિસી રૂપ તું કર એ પ્રમાણે ગુરુ વડે કહેવાયે છતે ગુરુ સન્મુખ થઈને કંઈક અનિષ્ટ બોલીને અપ્રીતિથી કરે છે=સ્વાધ્યાય અપ્રીતિથી કરે છે અથવા કરતા નથી અથવા સર્વથા વિપરીત કરે છે. કઈ રીતે સર્વથા વિપરીત કરે છે ? એથી કહે છે. કાલિકસૂત્રનો સ્વાધ્યાય ઉત્કાલિક વેળામાં કરે છે અથવા ઉત્કાલિક વેળાનો સ્વાધ્યાય કાલિક વેળામાં કરે છે અર્થાત્ સાધુને જે જે કૃત્યો જે જે કાળમાં કરવાથી વિશિષ્ટ નિર્જરા થાય તેને અનુરૂપ ગીતાર્થ ગુરુ તેને સૂચન કરે છે. તેથી જે ભૂમિકામાં ઉત્કાલિક શ્રુત ભણીને સંપન્ન થવું તેના માટે ઉચિત હોય તે કાળમાં ઉત્કાલિક શ્રુત ભણવાનું ગુરુ કહે છે અને જે કાળમાં તેની બુદ્ધિ પક્વ થઈ ગઈ હોય તે કાળમાં આગમરૂપ કાલિક શ્રુત ભણવાનું ગુરુ કહે છે અને તે ગ્રંથોની શક્તિ પરિપક્વ થઈ ન હોય તો પૂર્વાચાર્યોના ગ્રંથો ભણવાનું ગુરુ કહે છે. જેથી તેની બુદ્ધિ શ્રુતથી પરિપક્વ બને. આમ છતાં કંઈક સ્વચ્છંદ મતિ હોવાથી દેશથી અવસન્ન સાધુ શ્રુતઅધ્યયન સ્વમતિથી કરે છે. જોકે દેશથી અવસન્ન છે, તેથી ભગવાનના વચનમાં રુચિ છે, ભવનો ભય છે. તેથી જ સંયમની ક્રિયાઓ કરે છે અને કેટલીક સંયમની ક્રિયા સુપ્રણિધાનપૂર્વક કરે છે તોપણ જે જે સ્થાનમાં અવસન્નતા આપાદક કર્મો પ્રચુર છે, તે તે સ્થાનમાં તે તે ક્રિયાઓ વિપરીત કરે છે. આથી જ સ્વાધ્યાય કરવાની રુચિવાળા પણ સ્વમતિ અનુસાર વિપરીત ક્રિયા કરીને દેશથી અવસન્ન બને છે. પ્રતિલેખનાના પણ વસ્ત્રાદિના આવર્તનાદિથી ઊન, અતિરિક્ત અથવા વિપરીત દોષોથી સંસક્ત કરે છે અર્થાત્ અવસન્ન સાધુ અન્ય રીતે આરાધક હોય તોપણ તે પ્રકારના ત્વરાદિ દોષને કારણે વસ્ત્રાદિનું પડિલેહણ કરે ત્યારે શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને જે પ્રકારે આવર્તનાદિથી કરવું જોઈએ તે પ્રકારે આવર્તનાદિથી કરતા નથી. જ્યારે સુસાધુ પડિલેહણમાં સમ્યક્ યત્ન કરે છે અને તેના દ્વારા બળસંચય કરીને દયાળુ ચિત્તની વૃદ્ધિ કરે છે. ક્વચિત્ શક્તિનો સંચય ન થયો હોય તો સુસાધુ પડિલેહણ શુદ્ધ કરવા યત્ન કરે છે અને ક્રમે કરીને શુદ્ધ કરનારા બને છે. જ્યારે દેશથી અવસન્ન સાધુ તે પ્રકારે શુદ્ધ કરવા યત્ન કરતા નથી, તેથી દેશથી અવસન્ન છે. વળી ધ્યાન=ધર્મધ્યાન અથવા શુક્લધ્યાન, યથાકાલ કરતા નથી અર્થાત્ સાધુને ભગવાનની આજ્ઞા છે કે સર્વ ઉચિત ક્રિયાઓ ઉચિત કાલે કર્યા પછી યથાઅવસર સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાલ અને સર્વ ભાવો પ્રત્યે ચિત્ત અપ્રતિબંધવાળું થાય તે રીતે સૂક્ષ્મ ભાવન કરીને આત્માને સંપન્ન કરવા યત્ન કરવો જોઈએ અને પ્રસંગે પ્રસંગે તેને અનુરૂપ જે ધર્મધ્યાનના ચાર પાયા છે, તેનું ભાવન કરીને પણ ચિત્તને સંપન્ન કરવા યત્ન કરવો જોઈએ. આમ છતાં અવસન્ન સાધુ તે પ્રકારની પોતાની શક્તિ હોવા છતાં તથાવિધ પ્રમાદને કારણે યત્ન કરતા નથી. પરંતુ અન્ય અન્ય પ્રવૃત્તિમાં યત્ન કરીને સંયમસ્થાનને શિથિલ કરે છે. તેથી દેશઅવસન્ન છે. અર્થાત્ ભિક્ષા માટે ફરતા નથી અથવા ગુરુ વડે ભિક્ષામાં નિયુક્ત અવસન્ન સાધુ ગુરુ સન્મુખ કંઈક અનિષ્ટ બોલીને ભિક્ષા માટે જાય છે અથવા અનુપયુક્ત એવા અવસન્ન સાધુ ભિક્ષાવિશુદ્ધિને કરતા નથી અર્થાત્ પ્રમાદવશ ભિક્ષા લેવા જાય નહિ પરંતુ કોઈક દોષ સેવીને ભિક્ષાથી દેહનો નિર્વાહ કરે તે અવસન્નનું ચિહ્ન છે અથવા ભિક્ષા લેવા ગુરુએ જવાનું કહેલું હોય ત્યારે વિધિમાં યત્ન કરવાનું

સ્મરણ કરાવ્યું હોય ત્યારે ગુરુ સન્મુખ કંઈક અનિષ્ટ કહીને લેવા જાય છે. જેમ આદાનભંડમત્તનિક્ષેપ સમિતિમાં દૃષ્ટાંત આપેલું છે કે કોઈક સાધુ દાંડો લઈને કોઈક કાર્ય માટે ગુરુ સાથે જવા તત્પર થાય છે અને કોઈક પ્રયોજનથી તે જવાનું પ્રયોજન પૂર્ણ થવાથી ગુરુ કહે છે કે યતનાપૂર્વક જોઈને, પ્રમાર્જીને દાંડો મૂકજે ત્યારે તે સુસાધુ પણ કંઈક કષાયને વશ થઈને ગુરુને કહે છે કે "શું ત્યાં સાપ બેઠો છે ?" એ પ્રકારે અનિષ્ટ બોલીને ત્યાં દાંડો મૂકવા જાય છે, ત્યાં કોઈક વ્યંતરદેવે સાપ દેખાડ્યો. જેથી તે મહાત્મા તે સમિતિમાં સ્થિર થયા. તેમ અવસન્ન સાધુ કંઈક અનિષ્ટ બોલીને ભિક્ષા માટે જાય છે અને તેવો સ્વભાવ સ્થિર હોવાથી દેશઅવસન્ન બને છે અથવા અનુપયુક્ત ભિક્ષાની વિશુદ્ધિને કરે છે=દેશઅવસન્ન સાધુ ભિક્ષા માટે જાય ત્યારે સમિતિ-ગુપ્તિની યતના કર્યા વગર ગમનચેષ્ટા, ગ્રહણચેષ્ટાદિ કરે છે. જેથી સામાયિકના પરિણામની વૃદ્ધિ થતી નથી. તેથી દેશથી અવસન્ન છે અને ભક્તવિષયક=આહાર વાપરવા વિષયક, પ્રયોજનને સમ્યક્ કરતા નથી. શું કહેવાયેલું થાય છે ? આહાર વિષયક સમ્યક્ પ્રવૃત્તિ કરતા નથી એ કથનથી શું કહેવાયેલું થાય છે ?, તેથી કહે છે. મંડલીમાં આહાર વાપરતા નથી. કાગડા કે શિયાળ આદિની જેમ આહાર વાપરે છે અથવા બે સાધુ સાથે આહાર વાપરે છે અર્થાત્ સાધુ આહાર વાપરતી વખતે ઇન્દ્રિયોને આહારનો સ્પર્શ ન થાય તે રીતે આત્માને ભાવિત કરીને વાપરે છે. સંયમના પ્રયોજનથી સંયમને ઉપકારક હોય તેટલો જ આહાર વાપરે છે અને માંડલીમાં બેસીને વિધિપૂર્વક સુસાધુ આહાર કરનારા હોય છે. તેથી માંડલીમાં વિધિપૂર્વક આહાર કરવો જોઈએ. જેથી અન્ય સાધુઓને પણ અપ્રમાદભાવ થાય. પરંતુ દેશઅવસન્ન સાધુ વિધિના વિષયમાં કંઈક પ્રમાદી હોવાથી મંડલીમાં બેસે નહિ અથવા ભોજન પણ ઇન્દ્રિયોને અનુકૂળ પાત્રામાંથી ગ્રહણ કરીને વાપરે. જેમ કાગડા માંસ આદિને ભિન્ન ભિન્ન સ્થાનેથી ચાંચો મારીને ખાય છે, તેમ દેશઅવસન્ન સાધુ પણ પાત્રામાં રહેલ આહાર ઇન્દ્રિયોને જે રીતે અનુકૂળ જણાય તે રીતે લઈને વાપરે છે. આ રીતે પ્રાયઃ વાપરતા હોય તેઓ દેશઅવસન્ન છે અને સુસાધુ આ દોષોનો પરિહાર કરે છે. છતાં પ્રમાદવશ કોઈક દોષો થાય તેનું સ્મરણ કરીને પ્રતિક્રમણમાં તે દોષો ઉત્સૂત્ર છે, ઉન્માર્ગ છે ઇત્યાદિ ભાવન કરીને તે પ્રકારની પ્રમાદશક્તિને ક્ષીણ કરે છે. તેથી અવસન્ન કરતાં સુસાધુનો ભેદ છે. તે નિશીથચૂર્ણિમાં કહેવાયું છે=ભક્ત વિષયક દેશઅવસન્નનું સ્વરૂપ કહેવાયું છે.

ભક્ત માટે=આહારને માટે, માંડલીમાં ક્યારેક કરે છે, ક્યારેક કરતો નથી અથવા માંડલી સામાચારીને કરતા નથી. બેની સાથે ભોજન કરે છે. એ ભક્ત માટે દેશઅવસન્ન છે, એમ યોજન છે.

**વ્યવહારચૂર્ણિમાં વળી કહેવાયું. ભક્ત માટે=આહારને માટે, દેશઅવસન્ન છે કેવા દેશઅવસન્ન છે ? એથી કહે છે.**

"માંડલીમાં સમુદ્દેશ કરતા નથી અથવા કાગ, શૃગાલાદિ વડે ભોજન કરે છે."

**વળી, અન્ય કહે છે. શું કહે છે તે બતાવે છે.**

"ભક્તાર્થને સ્થાને અભક્તાર્થ છે અને અભક્તાર્થનું ગ્રહણ સકલ પ્રત્યાખ્યાનનું ઉપલક્ષણ છે." **એ પ્રમાણે અન્ય કહે છે –**

અને તે રીતે=અભક્તને આશ્રયીને દેશઅવસન્ન છે એમ કહ્યું તે રીતે, આ અર્થ છે. પ્રત્યાખ્યાન કરતા નથી અથવા ગુરુ વડે કહેવાયેલા ગુરુ સન્મુખ કંઈક અનિષ્ટ કહીને કરે છે=પ્રત્યાખ્યાન કરે છે અર્થાત્ સુસાધુ સંયમની વૃદ્ધિના અર્થી હોય છે અને દશ પ્રકારના યતિધર્મમાં તપ પણ એક ભેદરૂપ છે. તેથી સુસાધુ અન્ય કોઈ બલવાન યોગનો નાશ ન થાય તે રીતે શક્તિ અનુસાર ઉચિત પચ્ચક્ખાણ કરે છે. જેથી આહારસંજ્ઞા ઉલ્લસિત ન થાય અને સંયમદેહનું સુખપૂર્વક પાલન થાય આમ છતાં, દેશઅવસન્ન સાધુ શક્તિ અનુસાર પ્રત્યાખ્યાન કરે નહિ અને ગુરુ તેની શક્તિનો નિર્ણય કરીને તે રીતે પ્રત્યાખ્યાન કરવાનું કહે ત્યારે કંઈક અનિષ્ટ બોલીને પ્રત્યાખ્યાન કરે તે દેશઅવસન્ન છે. વળી, આગમનમાં=વસ્તીના આગમનમાં, નૈષેધિકી કરતા નથી અર્થાત્ શબ્દોથી ક્વચિત્ નૈષેધિકી કરે તોપણ નૈષેધિકીથી કરાયેલી પ્રતિજ્ઞાની મર્યાદાનું સ્મરણ કરીને તે પ્રકારે વસ્તીમાં સંવૃત થઈને પ્રવૃત્તિ કરતા નથી. નિર્ગમનમાં=સંયમના પ્રયોજનથી વસ્તીની બહાર નિર્ગમનમાં, આવશ્યિકી કરતા નથી અર્થાત્ ક્વચિત્ આવશ્યિકી કરે તોપણ આવશ્યિકી પ્રયોગથી કરાયેલી પ્રતિજ્ઞાનું સ્મરણ કરીને તે પ્રકારે યતનાપૂર્વક અવશ્ય કૃત્યોને કરતા નથી, તેઓ દેશઅવસન્ન છે. સુસાધુ આવશ્યિકી, નૈષેધિકી બોલીને તે પ્રકારે શક્ય યતના કરે છે છતાં સમિતિ આદિમાં સ્ખલનાઓ થાય છે, તેનું સ્મરણ કરે છે અને તે સ્ખલનાઓની શુદ્ધિ અર્થે યત્ન કરે છે. તેથી અવસન્ન અને સુસાધુ વચ્ચે ભેદ છે. સ્થાનમાં=ઊર્ધ્વસ્થાનમાં, ઉપવેશનમાં=બેસવાની ક્રિયામાં, શયનમાં=સૂવાની ક્રિયામાં, એ બધી ક્રિયામાં પ્રત્યુપેક્ષણા કરે નહિ અથવા પ્રમાર્જન કરે નહિ અથવા પ્રત્યુપેક્ષણ-પ્રમાર્જનને દોષદુષ્ટ કરે છે અર્થાત્ બેઠા હોય અને ઊભા થાય ત્યારે અથવા ઊભા હોય અને બેસે ત્યારે અથવા બેઠા હોય અને કોઈક કારણે સૂવાની ક્રિયા કરે ત્યારે સુસાધુ ષટ્કાયના પાલનના અધ્યવસાયવાળા હોવાથી પ્રથમ ચક્ષુથી તે તે સ્થાનોનું પ્રત્યુપેક્ષણ કરે છે. જેથી તે ક્રિયાથી જીવોની હિંસા થાય નહિ અને પ્રત્યુપેક્ષણા કર્યા પછી કોઈ સૂક્ષ્મ જીવોનો નાશ ન થાય કે કિલામણા ન થાય તે અર્થે પ્રમાર્જના કરે છે પરંતુ અવસન્ન સાધુ તે પ્રકારની દયાની પરિણતિવાળા નહિ હોવાથી પ્રત્યુપેક્ષણા કરતા નથી. પ્રમાર્જના કરતા નથી, પરંતુ કંઈક પ્રત્યુપેક્ષણા કરવાનો પરિણામ હોવાથી અવસન્ન સાધુ યથાતથા પ્રત્યુપેક્ષણ કરે છે અને પ્રમાર્જના કરે છે. પરંતુ દયાળુ ચિત્ત પ્રવર્ધમાન થાય તે પ્રકારે કરતા નથી. સુસાધુ પ્રમાદવશ પ્રત્યુપેક્ષણાદિમાં સ્ખલના પામે તોપણ પ્રતિક્રમણમાં તેનું સ્મરણ કરીને તે પ્રકારે નિંદા-ગર્હા કરે છે. જેથી પ્રમાદ સદા વર્તતો નથી, ક્યારેક થાય છે. ॥૮૫॥

**અવતરણિકા :-**

उक्तो देशावसन्नः । अथ सर्वावसन्नमाह –

**અવતરણિકાર્થ :-**

દેશઅવસન્ન સાધુ કહેવાયા. હવે, સર્વઅવસન્ન સાધુને કહે છે –

ગાથા :-

ठवियगरइअगभोई, सव्वे उउबद्धपीढफलगो य ।
मिच्छासामायारीलग्गो सो पत्तमकरिंतो ।।८६।।

અન્વયાર્થ :-

ठवियगरइअगभोई=સ્થાપિતકભોજી, રચિતકભોજી, उउबद्धपीढफलगो य=ઋતુબદ્ધ પીઠફલકવાળા, सव्वे=સર્વ, मिच्छासामायारीलग्गो=મિથ્યાસામાચારી લગ્ન પ્રાપ્ત પ્રાયશ્ચિત્તને નહિ કરતા, सो पत्तमकरिंतो=તે સર્વઅવસન્ન છે. ॥૮૯॥

ગાથાર્થ :-

સ્થાપિતકભોજી, રચિતકભોજી, ઋતુબદ્ધ પીઠફલકવાળા સર્વ મિથ્યાસામાચારીલગ્ન પ્રાપ્ત પ્રાયશ્ચિત્તને નહિ કરતા તે સર્વઅવસન્ન છે. ॥૮૯॥

ટીકા :-

'ठवियग'त्ति । स्थापितकभोजी-स्थापनादोषदुष्टप्राभृतिकाभोजी, तथा रचितकं नाम कांस्यपात्र्यादिषु पटादिषु वा यदशनादि देयबुद्ध्या वैविक्त्येन स्थापितं तद् भुङ्क्ते इत्येवंशीलो रचितकभोजी, तथाऽबद्धपीठफलको यः पक्षस्याभ्यन्तरे पीठफलकादीनां बन्धनानि मुक्त्वा प्रत्युपेक्षणां न करोति यो वा नित्यावस्तृतसंस्तारक इति व्यवहारवृत्तौ । निशीथचूर्णावप्युक्तम्—"जो अ पक्खस्स पीढफलगादिआणं बंधे मुत्तु पडिलेहणं न करेइ सो संजओ उब्बद्धपीढफलगो अहवा णिच्चुत्थरिअसंथारगो उब्बद्धपीढफलगो भण्णति"त्ति । वन्दनकभाष्यव्याख्याने तु सर्वावसन्नाधिकार एवमुक्तम्—"तत्राद्यो वर्षाकालं विनाऽपि शेषकाले पीठफलकादिपरिभोगी स्थापनापिण्डभोजी च" इति उपदेशमालायामपि पार्श्वस्थादिस्थानाभिधानाधिकारे—"पीढफलगपडिबद्धो" इत्यत्र ऋतुबद्धेऽपि पीठादिसेवनासक्त इति व्याख्यातम् । व्यवहारचूर्णावपि—"उडुबद्धे वि णिक्कारणे संथारएसु सुवइ" इत्याद्युक्तम् । एतच्च सर्वमप्युद्बद्धऋतुबद्धपाठभेदेन संगतम् । अयं च सङ्क्षेपतोऽवसन्नो यः 'मिथ्यासामाचारीलग्नः' सामाचारीवैतथ्यकारी, यो वा प्राप्तं प्रायश्चित्तमकुर्वंस्तिष्ठति । तदुक्तं निशीथचूर्णौ—"सामायारिं वितहं, ओसन्नो जं च पावए जत्थ ।" इत्यस्य प्रतीकस्य व्याख्याने—"सव्वं सामायारिं वितहं करिंतो ओसन्नो जं वा मूलुत्तरगुणातिआरं जत्थ किरियाविसेसे पयट्टो पावइ तं अनिंदितो अणालोअंतो पच्छित्तं अकरिंतो ओसन्नो भवइ"त्ति । व्यवहारवृत्तौ त्वेतत्प्रतीकं प्रायश्चित्तोपदर्शनपरतया व्याख्यातम्, तथाहि—सामाचारीं-ज्ञानादिसामाचारीं 'काले विणए' इत्यादिरूपाम्, यदि वा सूत्रमण्डल्यर्थमण्डल्यादिगतां सामाचारीं वितथां कुर्वन् यत्र स्थाने यत्प्रायश्चित्तं प्राप्नोति तत्र तस्य स्वस्थाननिष्पन्नं प्रायश्चित्तमिति ।।८६।।

ટીકાર્થ :-

स्थापितकभोजी ..... प्रायश्चित्तमिति ।। સ્થાપિતકભોજી=સ્થાપનાદોષથી દુષ્ટ પ્રાભૃતિકાભોજી=ગૃહસ્થો સાધુ નિમિત્તે સ્થાપન કરી રાખે તેવા દોષોથી દુષ્ટ આહારને વાપરનારા અને રચિતકભોજી. તેનો અર્થ સ્પષ્ટ કરે છે. રચિતક એટલે કાંસ્ય પાત્રાદિમાં અથવા વસ્ત્રાદિમાં જે આહારને ગૃહસ્થ દેહબુદ્ધિથી પૃથક્પણારૂપે સ્થાપિત કરે તેને વાપરે આવા સ્વભાવવાળા રચિતકભોજી અને તે સાધુ અબદ્ધ પીઠફલકવાળા છે. જે સાધુ પક્ષના અભ્યંતરમાં પીઠફલકાદિનાં બંધનોને છોડીને પ્રત્યુપેક્ષણા કરતા નથી, તે ગાથા અનુસાર ઋતુબદ્ધ પીઠફલકવાળા છે. તેથી અબદ્ધપીઠફલકવાળાના સ્થાને ઋતુબદ્ધપીઠફલકવાળા શબ્દ હોવો જોઈએ અથવા ઋતુબદ્ધના અર્થમાં જ અબદ્ધપીઠફલકવાળા એ પ્રકારનો અર્થ વ્યુત્પત્તિથી થતો હોવો જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ ઋતુબદ્ધ કાળમાં=ચાતુર્માસ સિવાયના શેષકાળમાં, કોઈક કારણે પીઠફલકનો ઉપયોગ કરતા હોય અને સાથે રાખેલા હોય ત્યારે અને જ્યારે તેનો ઉપયોગ ન હોય ત્યારે પંદર દિવસના અભ્યંતરમાં પીઠફલકનાં બંધનો છોડીને પ્રતિલેખન કરવું જોઈએ. છતાં પ્રમાદી સ્વભાવને કારણે જેઓ તે પ્રકારે પ્રત્યુપેક્ષણા કરતા નથી. જેથી તે બંધનમાં કોઈક સૂક્ષ્મ જીવો પ્રવેશ પામીને કે ઉત્પન્ન થઈને વિનાશ પામે. તેમની ઉપેક્ષાનો પરિણામ હોય છે અથવા જે હંમેશાં પથરાયેલા સંથારાવાળા છે, એ પ્રકારે વ્યવહારવૃત્તિમાં ઋતુબદ્ધપીઠફલક શબ્દનો અર્થ કરેલ છે. નિશીથચૂર્ણિમાં વળી કહેવાયું છે.

"જે સાધુ પક્ષના અંતમાં પીઠફલકાદિના બંધનને છોડીને પડિલેહણ કરતા નથી તે સંયત ઋતુબદ્ધપીઠફલક છે અથવા હંમેશાં વિસ્તારિત સંથારાવાળા ઋતુબદ્ધપીઠફલકવાળા સાધુ કહેવાય છે."

વંદનકભાષ્યના વ્યાખ્યાનમાં વળી, સર્વઅવસન્ન સાધુના અધિકારમાં આ પ્રમાણે કહેવાયું.

"ત્યાં=બે પ્રકારના અવસન્નમાં, આદ્ય=સર્વઅવસન્ન, વર્ષાકાલ વગર પણ શેષકાલમાં પણ પીઠફલકાદિનો પરિભોગી અને સ્થાપનાપિંડભોજી અર્થાત્ સર્વઅવસન્નનું વર્ણન કરતાં કહ્યું કે જે સાધુને વર્ષાકાળમાં જીવરક્ષાર્થે પીઠફલકાદિનો પરિભોગ કહેવાયો છે, છતાં પ્રમાદી સ્વભાવના કારણે શેષકાળમાં પીઠફલકાદિનો પરિભોગ કરે છે અર્થાત્ બેસવા માટે અનુકૂળ પડે તેવા પીઠફલકાદિરૂપ નિષ્કારણ પાટિયાં રાખે છે અને બાજોઠ કે પાટલાદિ રાખે છે અને સાધુ માટે સ્થાપના કરાયેલા એવા આહારાદિને વાપરે છે, તે સર્વઅવસન્ન છે."

ઉપદેશમાલામાં પણ પાસત્થાદિસ્થાનના કથનના અધિકારમાં પીઠફલકમાં પ્રતિબદ્ધ સાધુ પાસત્થાદિ છે એ કથનમાં ઋતુબદ્ધમાં પણ પીઠાદિના સેવનમાં આસક્ત છે એ પ્રમાણે વ્યાખ્યાન કરાયું. વ્યવહારચૂર્ણિમાં પણ,

ઋતુબદ્ધમાં પણ=ચાતુર્માસ સિવાય પણ, નિષ્કારણ સંથારામાં સૂવે છે. ઇત્યાદિ અહીં કહેવાયું.

અને આ સર્વ પણ=પૂર્વમાં ભિન્ન ભિન્ન સાક્ષીપાઠો આપ્યા એ સર્વ પણ, ઉદ્દબદ્ધ અને ઋતુબદ્ધ પાઠના ભેદથી સંગત છે અર્થાત્ પ્રસ્તુત ગાથામાં 'उब्बद्धपीठफलगो' એ શબ્દ છે. એ શબ્દમાં ઉદ્દબદ્ધ અથવા ઋતુબદ્ધ એ પ્રકારનો પાઠભેદ ગ્રહણ કરીએ તો પક્ષાંતરમાં પડિલેહણાદિ કરતા નથી. એ કથન ઉદ્દબદ્ધની અપેક્ષાએ છે અને અન્ય પાઠો ઋતુબદ્ધની અપેક્ષાએ છે અને આ=સર્વઅવસન્ન,

**સંક્ષેપથી જે મિથ્યાસામાચારીલગ્ન અવસન્ન છે=સામાચારીનો વિપરીતકારી છે અથવા જે સાધુ પ્રાપ્ત પ્રાયશ્ચિત્તને નહિ કરતા રહે છે, તેઓ સર્વઅવસન્ન છે અર્થાત્ જે સાધુ ભગવાનના વચનાનુસાર સાધુસામાચારીનું સ્મરણ કર્યા વગર સ્વમતિથી કલ્પિત, સ્વઅનુકૂળતાનુસાર આચરણા કરે છે, તે સર્વઅવસન્ન છે અથવા સુસાધુ સંયમની પ્રવૃત્તિમાં પ્રમાદવશ વિપરીત આચરણા થઈ હોય તેનું સ્મરણ કરીને પ્રાપ્ત પ્રાયશ્ચિત્ત કરે છે. જેથી સંયમસ્થાનની અશુદ્ધિ દૂર થાય છે અને જે સાધુ પોતાની વિપરીત આચરણાનું સ્મરણ કરીને તેનાથી પ્રાપ્ત થયેલા પ્રાયશ્ચિત્તને કરતા નથી, તેઓનું સંયમસ્થાન ક્રમસર નાશ થવાથી સર્વઅવસન્ન બને છે. તે=સર્વઅવસન્નનું લક્ષણ હમણાં બતાવ્યું તે, નિશીથચૂર્ણિમાં કહેવાયું છે.**

"सामायारिं वितहं, ओसन्नो जं च पावए जत्थ ।"

"અવસન્ન જે વિતથ સામાચારીને જ્યાં પ્રાપ્ત કરે છે." **એ પ્રકારના આના પ્રતીકના વ્યાખ્યાનમાં,**

"सव्वं सामायारिं वितहं करिंतो ओसन्नो जं वा मूलुत्तरगुणातिआरं जत्थ किरियाविसेसे पयट्टो पावइ तं अनिंदिंतो अणालोअंतो पच्छित्तं अकरिंतो ओसन्नो भवइ"त्ति ।

"સર્વ સામાચારીને વિતથ કરતા સાધુ અવસન્ન છે અથવા જે મૂળ ઉત્તરગુણના અતિચારને જે ક્રિયાવિશેષમાં પ્રવૃત્ત સાધુ પ્રાપ્ત કરે છે, તેને=તે અતિચારને, અનિંદા કરતા, અનાલોચન કરતા, પ્રાયશ્ચિત્તને નહિ કરતા અવસન્ન થાય છે."

**વળી, વ્યવહારવૃત્તિમાં આ પ્રતીકને=નિશીથચૂર્ણિમાં જે પ્રતીક આપ્યું કે અવસન્ન સાધુ જ્યાં જે વિતથ સામાચારીને પામે છે એ પ્રતીકને, પ્રાયશ્ચિત્તના ઉપદર્શનપણાથી વ્યાખ્યાત કરાયું છે અર્થાત્ અવસન્ન સાધુ જે સામાચારી વિતથને કરતાં પ્રાપ્ત કરે છે, તેનું શું શું પ્રાયશ્ચિત્ત આવે છે, તે બતાવવા રૂપે વ્યવહારવૃત્તિમાં વ્યાખ્યાન કરાયું છે. તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે. સામાચારી, જ્ઞાનાદિની સામાચારી છે. જે "'કાળે વિનયે' ઈત્યાદિ રૂપ છે. તેને વિતથા કરતા એમ આગળ યોજન છે અથવા સૂત્રમંડલી, અર્થમંડલી આદિગત સામાચારીને વિતથ કરતા જે સ્થાનમાં જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત કરે છે, ત્યાં=તે સ્થાનમાં, તેમને=તે સાધુને, સ્વસ્થાનનિષ્પન્ન પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે." ॥૮૬॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ સર્વઅવસન્નને કહેનારા ભિન્ન ભિન્ન શાસ્ત્રપાઠોને સામે રાખીને તેનું સ્વરૂપ બતાવ્યું અને સંક્ષેપથી કહ્યું કે ભગવાનના વચનાનુસાર છ'કાયના પાલન માટે સામાચારી કહેલ છે. તે સામાચારીનું પાલન તે પ્રમાણે જે સાધુ કરતા નથી પરંતુ સ્વરુચિ અનુસાર યથાતથા કરે છે અને વિપરીત સામાચારીના સેવનથી થયેલા પાપનું સ્મરણ કરીને પ્રાયશ્ચિત્ત કરતા નથી તેઓ સર્વઅવસન્ન છે અર્થાત્ સંયમયોગમાં સર્વ અંશથી સિદાતા છે. તેથી, એ ફલિત થાય કે દેશઅવસન્ન સાધુ પૂર્વની ગાથામાં બતાવેલ કોઈક કોઈક સ્થાનોને આશ્રયીને પ્રમાદી છે, અન્ય સર્વ આચરણામાં પ્રમાદ કરતા નથી. તેથી દેશથી અવસન્ન છે અને સર્વઅવસન્ન સાધુ સંયમની સર્વ ક્રિયાઓ જિનવચનની વિધિનું સ્મરણ કરીને કરતા નથી, તેથી સર્વઅવસન્ન છે. **॥૮૬॥**

**અવતરણિકા :-**

उक्तोऽवसन्नः । अथ कुशीलमाह –

**અવતરણિકાર્થ :-**

અવસન્ન સાધુ કહેવાયા. હવે કુશીલ સાધુને કહે છે –

**ગાથા :-**

**तिविहो होइ कुसीलो, नाणे तह दंसणे चरित्ते य ।**
**नाणम्मि णियायारब्भंसे एमेव दंसणओ ।।८७।।**

**અન્વયાર્થ :-**

तिविहो होइ कुसीलो=ત્રિવિધ કુશીલ હોય છે. नाणे तह दंसणे चरित्ते य=જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રમાં, नाणम्मि णियायारब्भंसे=જ્ઞાનમાં નિજઆચરણાભ્રંશમાં કુશીલ છે. एमेव दंसणओ=એ જ રીતે દર્શનના ભ્રંશમાં કુશીલ છે. ।।૮૭।।

**ગાથાર્થ :-**

ત્રિવિધ કુશીલ હોય છે. જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રમાં. જ્ઞાનમાં નિજઆચરણાભ્રંશમાં કુશીલ છે. એ જ રીતે દર્શનના ભ્રંશમાં કુશીલ છે. ।।૮૭।।

**ટીકા :-**

'तिविहो'त्ति । त्रिविधो भवति कुशीलो ज्ञानकुशीलो दर्शनकुशीलश्चारित्रकुशीलश्चेति । तत्र ज्ञाने कुशीलो निजाचाराणां-कालविनयादिकानां भ्रंशे-विराधने भवति । एवमेव निःशङ्कितत्वादीनां निजाचाराणां भ्रंशे दर्शनतःकुशीलः ।।८७।।

**ટીકાર્થ :-**

त्रिविधो ..... कुशीलः ।। કુશીલ ત્રણ પ્રકારનો હોય છે. જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્રકુશીલ. ત્યાં=ત્રણ પ્રકારના કુશીલમાં, જ્ઞાનમાં કુશીલ કાલવિનયાદિ રૂપ પોતાની આચરણાના ભ્રંશમાં=વિરાધનામાં, થાય છે. એ જ રીતે નિઃશંકિતાદિ નિજઆચરણાના ભ્રંશમાં દર્શનકુશીલ છે. ।।૮૭।।

**ભાવાર્થ :-**

કોઈ સાધુ સંયમસ્થાનમાં સર્વ ઉચિત ક્રિયાઓ કરતા હોય, સંસારથી ભય પામેલા હોય તેથી જ શક્તિ અનુસાર જ્ઞાન ભણવા માટે યત્ન કરતા હોય છતાં જ્ઞાનાચારના જે આઠ આચારો છે, તે આચારોમાં બધા આચારો સેવવા પ્રયત્ન ન કરતા હોય કે બધા આચારો પ્રત્યે ઉપેક્ષા કરતા હોય કે કોઈક આચારો સમ્યક્

કરવા યત્ન ન કરતા હોય તે જ્ઞાનકુશીલ છે. આથી જ સૂત્રઉચ્ચારણ પણ અસ્ખલિતાદિ ગુણોથી યુક્ત ઉચ્ચારણ કરવા યત્ન ન કરતા હોય તો જ્ઞાનકુશીલ બને છે અને સૂત્રોના અર્થો સ્વશક્તિ અનુસાર યથાર્થ તાત્પર્યથી જાણવા યત્ન ન કરતા હોય તો અર્થને આશ્રયીને જ્ઞાનકુશીલ બને છે.

વળી, કોઈ સાધુ ભગવાનનું વચન તત્ત્વ છે, સર્વ કલ્યાણનું એક કારણ છે, તેવી સ્થિર બુદ્ધિ કરવાર્થે મૂઢદૃષ્ટિનો પરિહાર કરીને જિનવચન જ એકાંતે હિત છે તેનો પરમાર્થ જાણવાર્થે યત્ન ન કરતા હોય કે જાણવા પ્રત્યે ઉપેક્ષા કરતા હોય તેથી ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા મ્લાન-મ્લાનતર થાય છે. જેના કારણે શક્તિના પ્રકર્ષથી જિનવચનાનુસાર યત્ન કરીને ભવક્ષયને અનુકૂળ પોતાનું વીર્ય ઉલ્લસિત થતું નથી. તેઓ દર્શનાચારને સમ્યક્ સેવીને દર્શનની શુદ્ધિમાં યત્ન કરતા નથી, તેથી દર્શનકુશીલ છે. **॥૮૭॥**

**ગાથા :-**

**चरणे कोउअभूई पसिणापसिणे णिमित्तमाजीवी ।**
**कक्ककुरुआइलक्खणमुवजीवइ विज्जमंताई ।।८८।।**

**અન્વયાર્થ :-**

**चरणे कोउअभूई पसिणापसिणे णिमित्तमाजीवी=ચરણમાં કુશીલ કૌતુકમાં, ભૂતિમાં, પ્રશ્નાપ્રશ્નમાં, નિમિત્ત ઉપજીવનમાં, कक्ककुरुआइलक्खणमुवजीवइ विज्जमंताई=કલ્કકુરુકાદિ લક્ષણને અને વિદ્યામંત્રાદિ ઉપર જીવે છે. ॥૮૮॥**

**ગાથાર્થ :-**

**ચરણમાં કુશીલ કૌતુકમાં, ભૂતિમાં, પ્રશ્નાપ્રશ્નમાં, નિમિત્ત ઉપજીવનમાં, કલ્કકુરુકાદિ લક્ષણને અને વિદ્યામંત્રાદિ ઉપર જીવે છે. ॥૮૮॥**

**ટીકા :-**

**'चरणे'त्ति । 'चरणे' चारित्रे च कुशीलो भवति कौतुके भूतिकर्मणि प्रश्नाप्रश्ने च क्रियमाणे निमित्तमुपजीवन् 'आजी' आजीविकाकारी, तथा कल्ककुरुकयोपलक्षितो यः लक्षणं विद्यामन्त्रादि च उपजीवति ।।८८।।**

**ટીકાર્થ :-**

**'चरणे' ..... उपजीवति ।। અને ચરણમાં=ચારિત્રમાં, કુશીલ કૌતુકમાં, ભૂતિકર્મમાં અને પ્રશ્નાપ્રશ્ન કરાયે છતે નિમિત્ત ઉપજીવન કરનાર, આજીવી=આજીવિકાકારી સાધુ છે અને કલ્કકુરુકાથી ઉપલક્ષિત જે સાધુ લક્ષણને અને વિદ્યામંત્રાદિને ઉપજીવન કરે છે=આજીવિકાનું સાધન બનાવે છે. તે ચારિત્રમાં કુશીલ છે. ॥૮૮॥**

**અવતરણિકા :-**

एतान्येव पदानि प्रत्येकं व्याचिख्यासुराह –

**અવતરણિકાર્થ :-**

પ્રત્યેકને આશ્રયીને આ જ પદોને=ગાથા-૮૮માં ચારિત્રકુશીલને કહેનારાં પદો બતાવ્યાં. એ જ પદોને વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**सोहग्गाइणिमित्तं, परेसि ण्हवणाइ कोउगं भणियं ।**
**मुहजलणकड्ढणाइअमहवा अच्छेरयं चरियं ।।८९।।**

**અન્વયાર્થ :-**

सोहग्गाइणिमित्तं परेसि ण्हवणाइ कोउगं भणियं=સૌભાગ્ય નિમિત્તે બીજાઓને ન્હવડાવે છે, એ કૌતુક કહેવાયું છે, अमहवा=અથવા, मुहजलणकड्ढणाइ अच्छेरयं चरियं=મુખમાંથી અગ્નિના કર્ષણાદિરૂપ આશ્ચર્યવાળું ચરિત્ર કૌતુક કહેવાયું છે. ।।૮૯।।

**ગાથાર્થ :-**

**સૌભાગ્ય નિમિત્તે બીજાઓને ન્હવડાવે છે, એ કૌતુક કહેવાયું છે અથવા મુખમાંથી અગ્નિના કર્ષણાદિરૂપ આશ્ચર્યવાળું ચરિત્ર કૌતુક કહેવાયું છે. ।।૮૯।।**

**ટીકા :-**

**'सोहग्गाइ'त्ति । सौभाग्यादिनिमित्तं परेषां यत्स्नपनादि क्रियते तत्कौतुकं भणितम्, तदुक्तम्–** "निन्दुमाइआणं तिगवच्चराइसु ण्हवणं कारेइ त्ति कोउअं ।" **अथवा मुखाज्ज्वलनकर्षणादिकमाश्चर्यकृच्चरित्रं कौतुकं भण्यते, तदुक्तं व्यवहारवृत्तौ–**"कौतुकं नामाश्चर्यं यथा मायाकारको मुखे गोलकान् प्रक्षिप्य कर्णेन निष्काशयति नाशिकया वा, तथा मुखादग्निं निष्काशयति" **इत्यादि ।।८९।।**

**ટીકાર્થ :-**

सौभाग्यादिनिमित्तं ..... इत्यादि ।। બીજાઓને સૌભાગ્યાદિ નિમિત્તે જે સ્નાનાદિ કરાય છે, તે કૌતુક કહેવાયું છે. તે કહેવાયું છે –

"પુત્ર વગરની માતાને ત્રિકવર્તની આદિમાં સ્નાન કરાવે એ કૌતુક."

અથવા મુખથી અગ્નિના ગોળા આદિ આશ્ચર્યને કરનાર ચરિત્રવાળું કૌતુક કહેવાય છે. વ્યવહારવૃત્તિમાં તે કહેવાયું છે.

"કૌતુક એટલે આશ્ચર્ય. જે પ્રમાણે માયાકારક મુખમાં ગોળાને પ્રક્ષેપ કરીને કર્ણથી કાઢે છે અથવા નાસિકાથી કાઢે છે અને મુખથી અગ્નિને કાઢે છે" **ઈત્યાદિ. ॥૮૯॥**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો જ્ઞાન, દર્શનમાં સ્થિર પરિણતિવાળા હોય, ચારિત્રના બાહ્ય આચારો સારા પાળતા હોય, છતાં કૌતુકથી લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરવું, લોકોમાં ખ્યાતિ મેળવવી તે પ્રકારનો કષાય પ્રકર્ષવાળો હોય ત્યારે તે તે પ્રકારનાં કૌતુક કરીને ચારિત્રની પરિણતિનો વિનાશ કરે છે અને જ્ઞાનાચાર, દર્શનાચાર પણ સમ્યક્ સેવતા ન હોય તો સર્વથા કુશીલપણાની પ્રાપ્તિ કરે છે અને જ્ઞાનાચાર, દર્શનાચાર સમ્યક્ સેવતા હોય, પાપભીરુ હોય છતાં તે પ્રકારની કૌતુક આપાદક પ્રકૃતિ અતિ પ્રબલ હોય તો નિમિત્તોને પામીને કૌતુકો દ્વારા લોકચિત્તનું આવર્જન કરે છે. જેથી તેમનું ચારિત્ર કુશીલ બને છે. **॥૮૯॥**

**ગાથા :-**

**जरिआइ भूइदाणं, भूईकम्मं तहा विणिद्दिट्ठं ।**
**पसिणापसिणं कहणं, सुविणगविज्जादिकहियस्स ।।९०।।**

**અન્વયાર્થ :-**

**जरिआइ भूइदाणं भूईकम्मं तहा विणिद्दिट्ठं=તાવ આદિવાળા ગૃહસ્થોને ભૂતિનું દાન તે ભૂતિકર્મ કહેવાયું છે, सुविणगविज्जादिकहियस्स=સ્વપ્નમાં વિદ્યાદિથી કથિતનું, कहणं=કથન, पसिणापसिणं=પ્રશ્નાપ્રશ્ન છે. ।।૯૦।।**

**ગાથાર્થ :-**

**તાવ આદિવાળા ગૃહસ્થોને ભૂતિનું દાન તે ભૂતિકર્મ કહેવાયું છે. સ્વપ્નમાં વિદ્યાદિથી કથિતનું કથન પ્રશ્નાપ્રશ્ન છે. ।।૯૦।।**

**ટીકા :-**

**'जरिआइ'त्ति । ज्वरितादीनां यद् भूतिदानम्-अभिमन्त्रितरक्षाप्रदानं तद् भूतिकर्म विनिर्दिष्टम्, तदुक्तम्–**"रक्खणिमित्तं अभिमंतियं भूइं देइ"त्ति । **तथा स्वप्नकविद्यादिना कथितस्यार्थस्य यदन्येभ्यः कथनं तत्प्रश्नाप्रश्नम्, प्रश्नस्य आ-समन्तात्प्रश्नो यत्र स्वेष्टदेवतादीनामिति व्युत्पत्तेः, तदुक्तम्–**

"सुविणगविज्जाकहियं, आइंखिणिघंटिआइकहियं वा ।
जं सीसइ अण्णेसिं, पसिणापसिणं हवइ एयं ।।१।।"

**तथा–**"अंगुट्ठबाहुपसिणाइ करेइ सुविणगे विज्जाए अक्खियं अक्खमाणस्स पसिणापसिणं [हवइ एयं] ।" ।।९०।।

**ટીકાર્થ :-**

ज्वरितादीनां ..... [हवइ एयं] ।" ।। **જવરિતાદિનું જે ભૂતિદાન=તાવવાળા ગૃહસ્થોને જે અભિમંત્રિત રક્ષાપોટલીનું પ્રદાન, તે ભૂતિકર્મ કહેવાયું છે, તે કહેવાયું છે.**

"રક્ષાનિમિત્તે અભિમંત્રિત ભૂતિને=રક્ષાપોટલીને, આપે છે."

**અને સ્વપ્નવિદ્યાદિ દ્વારા કથિત અર્થનું જે અન્યોને કથન તે પ્રશ્નાપ્રશ્ન છે. કેમ પ્રશ્નાપ્રશ્ન છે તેમાં હેતુ કહે છે. પ્રશ્નનો આ=ચારે બાજુથી, સ્વઈષ્ટદેવતાદિને પ્રશ્ન છે જેમાં એ પ્રકારની વ્યુત્પત્તિ છે. ગૃહસ્થે પૂછેલા પ્રશ્નને સમન્તાત્ જાણીને જે સાધુ પોતે સાધેલા ઈષ્ટદેવતાદિને તે પ્રશ્ન કરે છે, તેનો ઉત્તર તે દેવી કે દેવતા સ્વપ્નમાં આપે છે. તે પ્રશ્નાપ્રશ્ન કરનાર કુશીલ સાધુ છે તે કહેવાયું છે.**

"સ્વપ્નવિદ્યાથી કથિત આઈંખિણિઘંટિકાથી કથિત જે અન્યોને કહે છે, એ પ્રશ્નાપ્રશ્ન થાય છે. ।।૧।।"

**અને**

અંગુષ્ઠ, બાહુ આદિમાં પસિણાદિથી=આહ્વાનથી કરે, સ્વપ્નમાં વિદ્યાથી આક્ષિપ્ત કહેનારને પસિણાપસિણ થાય છે=પ્રશ્નાપ્રશ્ન થાય છે. ॥૯૦॥

**ભાવાર્થ :-**

કોઈ સાધુ ભગવાનના વચનમાં સ્થિર રુચિવાળા હોય, જ્ઞાનાચાર સમ્યક્ સેવતા હોય, દર્શનાચાર પણ સમ્યક્ સેવતા હોય. જેથી સંસારના પરિભ્રમણનો અત્યંત ભય છે માટે દર્શનકુશીલ પણ નથી, જ્ઞાનકુશીલ પણ નથી. વળી, જ્ઞાન-દર્શનમાં કુશીલ નહિ હોવાથી સંયમની અન્ય ક્રિયાઓ સંવેગપૂર્વક પણ કરતા હોય, છતાં લોકોને આવર્જવાની બલવાન ઇચ્છા થાય ત્યારે ભૂતિકર્મ કે પ્રશ્નાપ્રશ્નરૂપ ચારિત્રનું કુશીલપણું સેવીને ચારિત્રથી ભ્રષ્ટ પણ થાય છે અને સુસાધુ પણ સંયમના વિશેષ પ્રયોજન અર્થે સ્વપ્નવિદ્યા કહેનારા દેવોને સાધેલા પણ હોય છતાં લોકોના આવર્જન અર્થે તેનો ઉપયોગ કરતા નથી. છતાં સ્વ-પરના કલ્યાણ અર્થે ઉચિતકાળે તે વિદ્યાનો ઉપયોગ થાય તે અર્થે તેને સાધેલ પણ હોય. છતાં કષાયને વશ જો તેનો ઉપયોગ કરે તો ચારિત્રની પરિણતિથી પાત પણ થાય છે અને જેઓ ભૂતિકર્મ જેવ જ કૃત્યોમાં અતિશય રત છે, જ્ઞાન-દર્શનમાં પણ કોઈ યત્ન કરતા નથી, તેઓ સર્વથા કુશીલ છે. **॥૯૦॥**

**અવતરણિકા :-**

**ગાથા-૮૮માં ચારિત્રકુશીલના ભેદો બતાવ્યા. તેમાંથી કૌતુક વિષયક, ભૂતિકર્મ વિષયક અને પ્રશ્નાપ્રશ્ન વિષયક કુશીલનું સ્વરૂપ બતાવ્યું. હવે નિમિત્ત ઉપજીવીનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**तीअं च पडुप्पन्नं, भणइ णिमित्तं अणागयं वा णं ।**
**जो पूआइणिमित्तं, होइ णिमित्तोवजीवी सो ।।९१।।**

**અન્વયાર્થ :-**

**तीअं च पडुप्पन्नं भणइ णिमित्तं अणागयं वा णं जो पूआइणिमित्तं=અતીત અને પ્રત્યુત્પન્ન નિમિત્તને=ભૂત અને વર્તમાન નિમિત્તને અથવા અનાગત નિમિત્તને, જે સાધુ પૂજાનિમિત્તે કહે છે, होइ णिमित्तोवजीवी सो=તે નિમિત્ત ઉપજીવી છે. ॥૯૧॥**

**ગાથાર્થ :-**

**અતીત અને પ્રત્યુત્પન્ન નિમિત્તને=ભૂત અને વર્તમાન નિમિત્તને અથવા અનાગત નિમિત્તને, જે સાધુ પૂજાનિમિત્તે કહે છે, તે નિમિત્ત ઉપજીવી છે. ॥૯૧॥**

**ટીકા :-**

**'तीअं च'त्ति । अतीतं च प्रत्युत्पन्नं चानागतं वा 'णम्' इति वाक्यालङ्कारे निमित्तं यो भणति लोकानां पुरः पूजादिनिमित्तं स निमित्तोपजीवी भवति ।।९१।।**

**ટીકાર્થ :-**

**अतीतं ..... भवति ।। અતીત અને વર્તમાન અથવા અનાગત નિમિત્તને જે લોકોની આગળ પૂજાદિ નિમિત્તે કહે છે, તે નિમિત્ત ઉપજીવી છે. ગાથામાં 'णम्' શબ્દ વાક્યાલંકાર છે. ॥૯૧॥**

**ભાવાર્થ :-**

અતીત, વર્તમાન કે અનાગતને જાણતા હોય છતાં લોકમાં પૂજાના નિમિત્તે પ્રમાદવશ સુસાધુ કહે તો નિમિત્ત ઉપજીવી બને છે અને તત્કાલ પોતાની તે પરિણતિથી નિવર્તન ન પામે તો તે નિમિત્તઉપજીવી દોષના બળથી ચારિત્ર કુશીલ બને છે. વળી જેઓ અતીત, વર્તમાન અને ભવિષ્યનું કાંઈ જાણતા નથી, છતાં લોકોમાં પૂજાદિ નિમિત્તે યથાતથા કહેતા હોય તો તે સાધુને માયા-મૃષાવાદની પણ પ્રાપ્તિ થાય છે. **॥૯૧॥**

**ગાથા :-**

**जाईइ कुले अ गणे, कम्मे सिप्पे तवे सुए चेव ।**
**सत्तविहं आजीविअमुवजीवइ सो उ आजीवी ।।९२।।**

**અન્વયાર્થ :-**

**जाईइ=જાતિવિષયક, कुले=કુલવિષયક, अ गणे=ગણવિષયક, कम्मे=કર્મવિષયક, सिप्पे=શિલ્પવિષયક, तवे=તપવિષયક, सुए=શ્રુતવિષયક, सत्तविहं आजीविअमुवजीवइ=એ સાત પ્રકારની આજીવિકાને પ્રાપ્ત કરે છે, सो उ आजीवी=તે આજીવી છે. ॥૯૨॥**

**ગાથાર્થ :-**

**જાતિવિષયક, કુલવિષયક, ગણવિષયક, કર્મવિષયક, શિલ્પવિષયક, તપવિષયક, શ્રુતવિષયક એ સાત પ્રકારની આજીવિકાને પ્રાપ્ત કરે છે, તે આજીવી છે. ॥૯૨॥**

**ટીકા :-**

**'जाईइ'त्ति । 'जातौ' मातृपक्षे 'कुले' पितृपक्षे 'गणे' मल्लगणादिके 'कर्मणि' अनाचार्यके कार्ये 'शिल्पे' आचार्योपदेशजे 'तपसि' बाह्याभ्यन्तरभेदे 'श्रुते च' शास्त्राध्ययने एवंविषयभेदात्सप्तविधामाजीविकामुपजीवति यः स सप्तविध आजीवी भण्यते, तथाहि—जातिं कुलं चात्मीयं लोकेभ्यः कथयति येन जातिपूज्यतया कुलपूज्यतया वा भक्तपानादिकं प्रभूतं लभ्यत इति, अनयैव बुद्ध्या मल्लगणादिगणेभ्यो गणविद्याकुशलत्वं कर्मशिल्पकुशलेभ्यः कर्मशिल्पकौशलं कथयति, तपउपजीवी तपः कृत्वा क्षपकोऽहमिति जनेभ्यः कथयति, श्रुतोपजीवी बहुश्रुतोऽहमिति स्वप्रशंसां स्फोरयतीति ।।९२।।**

**ટીકાર્થ :-**

**'जातौ' ..... स्फोरयतीति ।। જાતિમાં-માતૃપક્ષમાં, કુલમાં=પિતૃપક્ષમાં, ગણમાં=મલ્લાદિના સમુદાયમાં, કર્મમાં=અનાચાર્યક એવા કર્મમાં=કોઈની પાસેથી શીખ્યા વગર સહજ તે તે કળાની કુશળતારૂપ કર્મમાં, શિલ્પમાં=આચાર્યના ઉપદેશથી થનારા શિલ્પમાં, તપમાં=બાહ્ય અભ્યંતર ભેદના તપમાં, શ્રુતમાં=શાસ્ત્રઅધ્યયનમાં, સાત પ્રકારનો આજીવિક થાય છે, એમ અન્વય છે. આ રીતે વિષયના ભેદથી સાત પ્રકારની આજીવિકાને જે સાધુ ઉપજીવન કરે છે, તે સાત પ્રકારનો આજીવિક કહેવાય છે. તે આ પ્રમાણે — પોતાની જાતિને અથવા કુલને લોકોને કહે છે. જેનાથી જાતિપૂજ્યપણાથી અથવા કુલૂપજ્યપણાથી ભક્તપાનાદિ ઘણું પ્રાપ્ત કરે છે. આ જ બુદ્ધિથી=પૂજ્યપણાની પ્રાપ્તિની બુદ્ધિથી, મલ્લગણાદિના સમુદાયોથી ગણવિદ્યાકુશલપણું કહે છે, કર્મશિલ્પના કુશલને કર્મશિલ્પના કૌશલ્યને કહે છે. તપઉપજીવી તપ કરીને હું ક્ષપક છું, એ પ્રમાણે લોકોને કહે છે. શ્રુતઉપજીવી હું બહુશ્રુત છું, એ પ્રકારની સ્વપ્રશંસાને વિસ્ફારે છે. ।।૯૨।।**

**ભાવાર્થ :-**

સાત પ્રકારના આજીવિક કુશલ છે. તેમાં જાતિ આદિથી પૂજાવાની ઇચ્છા પણ રાખે છે, સત્કારથી ભોજન આદિની પણ ઇચ્છા રાખે છે. વળી, તપ કરનારા કદાચ સુંદર ભોજનની ઇચ્છા ન કરતા હોય તોપણ લોકો આગળ તપસ્વી તરીકેની ખ્યાતિ મેળવવાના અર્થી થવાથી 'હું તપસ્વી છું' ઇત્યાદિ કહીને માનકષાયને પ્રવર્ધમાન કરે છે. બહુશ્રુત પણ માનકષાયને વશ થઈને પોતાની પ્રશંસા કરે છે અને ભક્તપાનાદિને મેળવવાની આશંસાવાળા થાય તો તે તે કષાયો પ્રવર્ધમાન થાય છે. જેના કારણે ચારિત્રથી કુશીલ બને છે અને સાવધ ન થાય તો સમ્યગ્દર્શનનો પણ નાશ કરે છે. **।।૯૨।।**

**અવતરણિકા :-**

**ગાથા-૮૮માં ચારિત્રકુશીલનો છેલ્લો ભેદ કલ્કકુરુકાથી ઉપલક્ષિત એવા જે સાધુનું લક્ષણ છે તેમાં અને વિદ્યામંત્રાદિથી ઉપજીવન કરે છે એમ કહ્યું ત્યાં કલ્ક શું છે ?, કુરુકા શું છે ? તે પ્રસ્તુત ગાથામાં બતાવે છે —**

ગાથા :-

**लोद्धाइकउव्वट्टणमहवाऽऽमयखारपाडणं कक्को ।**
**देसेण व सव्वेण व, सिणाणमंगस्स कुरुआ य ।।९३।।**

**અન્વયાર્થ :-**

लोद्धाइकउव्वट्टण=લોદ્ધાદિથી ઉદ્વર્તન, महवा=અથવા, ऽऽमयखारपाडणं कक्को=રોગમાં ક્ષારનું પાટન કલ્ક છે, देसेण व सव्वेण व=દેશથી અથવા સર્વથી, मंगस्स=અંગનું, सिणाण=સ્નાન, कुरुआ य=કુરુકા છે. ।।૯૩।।

**ગાથાર્થ :-**

**લોદ્ધાદિથી ઉદ્વર્તન અથવા રોગમાં ક્ષારનું પાટન કલ્ક છે અને દેશથી અથવા સર્વથી અંગનું સ્નાન કુરુકા છે. ।।૯૩।।**

**ટીકા :-**

**'लोद्धाइ'त्ति । लोध्रादिकृतमुद्वर्त्तनं शरीरस्य कल्क उच्यते, अथवा आमयेषु प्रसूत्यादिषु रोगेषु क्षारपातनं देशेन वा सर्वेण वाऽङ्गस्य स्नानं च कुरुका । तथा च कल्केन सहिता कुरुका कल्क-कुरुकेत्यर्थः, उक्तं च व्यवहारवृत्तौ**—"कल्को नाम प्रसूत्यादिषु रोगेषु क्षारपातनम्, अथवाऽऽत्मनः शरीरस्य देशतः सर्वतो वा रोध्रादिभिरुद्वर्त्तनम्, तथा कुरुका देशतः सर्वतो वा शरीरस्य प्रक्षालनमिति" । **तच्चूर्णावप्युक्तम्**—"कक्कत्ति पसुतिमाईसु खारं पाडेइ, अहवा लोद्धमादिएहिं देसुव्वट्टणं वा सव्वुव्वट्टणं वा अत्तणो सरीरे करेइ, कुरुअ त्ति देसे सव्वे वा पक्खालणं करेइ ।"**त्ति । निशीथचूर्णौ तूक्तम्**—"लोध्रादिकेन कल्केन जङ्घादि घसति सरीरे सुस्सूसाकरणं कुरुआ बकुसभावं करेति त्ति वुत्तं भवति"त्ति ।।९३।।

**ટીકાર્થ :-**

लोध्रादिकृतमुद्वर्त्तनं .... भवति"त्ति ।। **લોધ્રાદિથી કરાયેલું શરીરનું ઉદ્વર્તન કલ્ક કહેવાય છે અથવા પ્રસૂતિ આદિ રોગોમાં ક્ષારપાતન કલ્ક કહેવાય છે અને દેશથી અથવા સર્વથી અંગનું સ્નાન કુરુકા કહેવાય છે અને તે રીતે=પૂર્વમાં કલ્ક અને કરુકાનો અર્થ કર્યો તે રીતે, કલ્ક સહિત કુરુકા કલ્કકુરુકા છે અર્થાત્ શરીરને કોમળ રાખવા અર્થે લોધ્રાદિ જેવા પદાર્થો લગાડે અથવા રોગોને મટાડવા અર્થે ક્ષારો લગાડે તે કલ્ક છે અને કલ્ક સહિત સ્નાન કરે અર્થાત્ તે અંગના દેશનું સ્નાન કરે અથવા સર્વથી સ્નાન કરે તે કુરુકા છે અને વ્યવહારવૃત્તિમાં કહેવાયું છે.**

"કલ્ક એટલે પ્રસૂતિ આદિ રોગોમાં=ગળતા કોઢ આદિ રોગોમાં, ક્ષારનું પાતન અથવા પોતાના શરીરનું દેશથી અથવા સર્વથી રોધ્રાદિથી ઉદ્વર્તન કલ્ક કહેવાય છે અને કુરુકા, દેશથી અથવા સર્વથી શરીરનું પ્રક્ષાલન કહેવાય છે. ચૂર્ણિમાં પણ=વ્યવહારચૂર્ણિમાં પણ, તે કહેવાયું છે."

'कक्क' એ પ્રતીક છે. પ્રસૂતિ આદિમાં ક્ષારને નાંખે છે અથવા લોદ્ધ્રાદિથી દેશથી ઉદ્ધર્તન અથવા સર્વથી ઉદ્ધર્તન પોતાના શરીરમાં કરે છે. 'કુરુઅ' એ પ્રતીક છે. દેશમાં અથવા સર્વમાં પ્રક્ષાલન કરે છે."

**વળી, નિશીથચૂર્ણિમાં કહેવાયું.**

"લોદ્ધ્રાદિક કલ્ક વડે જંઘાદિને ઘસે છે. શરીરમાં સુશ્રૂષાકરણ કુરૂકા છે. બકુશભાવને કરે છે=ચારિત્રને કુત્સિત કરે છે, એ પ્રમાણે કહેવાયેલું થાય છે." ॥૯૩॥

**ગાથા :-**

**अण्णे उ कक्ककुरुअं, मायाणियडीइ भासणं बिंति ।**
**थीलक्खणाइ लक्खणमुग्घाडा विज्जमंता य ॥९४॥**

**અન્વયાર્થ :-**

**अण्णे उ=અન્ય, कक्ककुरुअं=કલ્કકુરુકાને, मायाणियडीइ=માયાનિકૃતિથી, भासणं बिंति=નિકૃતિથી બોલવું તેને કહે છે, थीलक्खणाइ=સ્ત્રીના લક્ષણાદિ, लक्खणमुग्घाडा=લક્ષણ છે અને, विज्जमंता य= વિદ્યામંત્ર પ્રગટ છે. ॥૯૪॥**

**ગાથાર્થ :-**

**અન્ય કલ્કકુરુકાને માયાનિકૃતિથી બોલવું તેને કહે છે. સ્ત્રીના લક્ષણાદિ લક્ષણ છે અને વિદ્યામંત્ર પ્રગટ છે. ॥૯૪॥**

**ટીકા :-**

**'अण्णे उ'त्ति । अन्ये तु कल्ककुरुकां मायानिकृत्या भाषणं ब्रुवते, कल्केनावद्येन कृत्वा कुरुका कल्ककुरुकेति व्युत्पत्तेः, तदुक्तमावश्यके**—"कक्ककुरुआ य मायाणियडीए णं भणंति तं भणियं" ति । **'स्त्रीलक्षणादि' कररेखामषीतिलकादि लक्षणम्, विद्या मन्त्राश्च 'उद्घाटाः' प्रकटाः, तथाहि— ससाधना विद्या, असाधनो मन्त्रः, यदि वा यस्या(अ)धिष्ठात्री देवता सा विद्या, यस्य पुरुषः स मन्त्र इति हि व्यक्तमेवेति ॥९४॥**

**ટીકાર્થ :-**

**अन्ये ..... व्यक्तमेवेति ॥ વળી, અન્ય આચાર્યો કલ્ક, કુરુકાને માયાનિકૃતિથી=અત્યંત માયાથી, બોલવું કહે છે; કેમ કે કલ્કથી=અવદ્યથી, કરીને કુરુકા કલ્કકુરુકા છે, એ પ્રમાણે વ્યુત્પત્તિ છે. આવશ્યકમાં તે=કલ્કકુરુકા માયાનિકૃતિથી બોલવું એમ પૂર્વમાં કહ્યું તે, કહેવાયું છે.**

"કલ્કકુરુકા માયાનિકૃતિથી જે કહે છે, તે કહેવાય છે=કલ્કકુરુકા કહેવાય છે."

**સ્ત્રીના લક્ષણાદિ હાથની રેખા, મસા, તલ આદિ લક્ષણ છે. વિદ્યા અને મંત્ર ઉદ્ઘાટા છે=પ્રગટ**

**છે. તે આ પ્રમાણે – સાધના સહિત વિદ્યા છે. અસાધન મંત્ર છે અથવા જેની અધિષ્ઠાત્રી દેવતા તે વિદ્યા છે, જેનો અધિષ્ઠાતા પુરુષ તે મંત્ર છે, એ પ્રમાણે વ્યક્ત જ છે. ।।૯૪।।**

**ભાવાર્થ :-**

ગાથા-૮૮ની ટીકામાં કહેલ કે કલ્કકુરુકાથી ઉપલક્ષિત એવા જે સાધુ છે તે લક્ષણથી અને વિદ્યામંત્રાદિથી ઉપજીવન કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ દેહની સુકોમળતાર્થે તેવા લોધ્રાદિ પદાર્થોનો ઉપયોગ કરતા હોય, સ્નાન કરતા હોય તેવી વસ્તુ ગૃહસ્થ પાસે યાચના કરે તો ગૃહસ્થને તે સાધુના સંયમમાં શંકા થાય. તેથી, તેવા સાધુ કોઈક અર્થી જીવોને લક્ષણો કહે, વિદ્યામંત્રથી આવર્જિત કરે કે અન્ય કોઈક રીતે પોતાના ભક્ત કરે. જેથી શરીરને સુકોમળ રાખવાર્થે જે લોધ્રાદિ વસ્તુઓની આવશ્યકતા જણાય અને ત્યારપછી દેશથી કે સર્વથી સ્નાન માટે જે વસ્તુની આવશ્યકતા જણાય તે સર્વ વસ્તુ પોતાનાથી આવર્જિત થયેલા ભક્ત પાસેથી મેળવીને આજીવિકાકારી થાય છે. તેથી, ચારિત્ર કુશીલ બને છે અને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન માટે પણ યથાતથા પ્રવૃત્તિ કરે તો તેમાં પણ કુશીલ બને છે અને કોઈક સાધુ ભગવાનના વચનમાં શ્રદ્ધાવાળા હોય. તેથી જ્ઞાનાચાર, દર્શનાચાર શાસ્ત્રમર્યાદાનુસાર સેવે છે અને ચારિત્રાચાર જ ભવના ક્ષયનું કારણ છે, તેવી સ્થિર રુચિવાળા છે તોપણ દેહના મમત્વને કારણે લોધ્રાદિક દ્વારા શરીરને સુકોમળ રાખે છે, સ્નાનાદિ કરે છે અને લક્ષણ આદિ જેમાં પોતે કુશળ હોય તેના દ્વારા ભક્તિવાળા ગૃહસ્થને કરીને આજીવન કરે છે, જેથી ચારિત્રની પરિણતિ અત્યંત મલિન થાય છે. **।।૯૩-૯૪।।**

**અવતરણિકા :-**

**आदिशब्दग्राह्यमाह –**

**અવતરણિકાર્થ :-**

**આદિ શબ્દથી ગ્રાહ્યને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૮૮માં કહ્યું કે કલ્કકુરુકાથી ઉપલક્ષિત સાધુ લક્ષણ અને વિદ્યામંત્રાદિ ઉપર જીવે છે, ત્યાં વિદ્યામંત્રાદિમાં રહેલા આદિ શબ્દથી કોનું ગ્રહણ છે. તેને બતાવે છે –

**ગાથા :-**

**आइपया घेतव्वा, जे दोसा मूलकम्मचुन्नाई ।**
**होइ कुसीलो समणो, कुच्छिअसीलो हु एएहिं ।।९५।।**

**અન્વયાર્થ :-**

**आइपया=આદિ પદથી, जे दोसा मूलकम्मचुन्नाई=જે દોષો મૂલકર્મ ચૂર્ણાદિ દોષો, घेतव्वा=ગ્રહણ**

કરવા, एएहिं=આ દોષોથી, समणो कुच्छिअसीलो=સાધુ કુત્સિત શીલવાળો, होइ कुसीलो=કુશીલ થાય છે. ॥૯૫॥

**ગાથાર્થ :-**

**આદિ પદથી જે દોષો મૂલકર્મ ચૂર્ણાદિ દોષો ગ્રહણ કરવા. આ દોષોથી સાધુ કુત્સિત શીલવાળો કુશીલ થાય છે. ॥૯૫॥**

**ટીકા :-**

**'आइपय'त्ति । आदिपदाद् ग्रहीतव्या ये दोषा मूलकर्मचूर्णादयः । तत्र मूलकर्म नाम पुरुषद्वेषिण्याः सत्या अपुरुषद्वेषिणीकरणम्, अपुरुषद्वेषिण्याः सत्याः पुरुषविद्वेषीकरणम्, गर्भोत्पादनशातनादि वा । चूर्णयोगादयश्च प्रतीताः । एतैर्दोषैः कुत्सितशीलः श्रमणः कुशीलो भवति शबलभावसम्पादकविरुद्धक्रियया कुशीलत्वव्यवस्थितेः ।।९५।।**

**ટીકાર્થ :-**

आदिपदाद् ..... व्यवस्थितेः ।। આદિ પદથી જે મૂલકર્મચૂર્ણાદિ દોષો ગ્રહણ કરવા જોઈએ. ત્યાં મૂલકર્મ પુરુષદ્વેષિણી છતી સ્ત્રીને અપુરુષદ્વેષિકરણ, અપુરુષદ્વેષિણી છતી સ્ત્રીને પુરુષદ્વેષિણી કરે. ગર્ભનું ઉત્પાદન અને ગર્ભનો પાત આદિ કરે અને ચૂર્ણાદિ પ્રતિત છે. આ દોષોથી=આદિ પદથી જે દોષો બતાવ્યા એ દોષોથી અને પૂર્વમાં લક્ષણ અને વિદ્યા, મંત્રાદિ જે દોષો બતાવ્યા એ દોષોથી, કુત્સિત શીલવાળા સાધુ કુશીલ થાય છે; કેમ કે સબલ ભાવ સંપાદક વિરુદ્ધ ક્રિયાથી=સમભાવની પરિણતિમાં જે ભાવ છે તેનાથી કાબરચીતરા ભાવના સંપાદક એવી વિરુદ્ધ ક્રિયાથી, કુશીલત્વની વ્યવસ્થિતિ છે. ॥૯૫॥

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગાથામાં મૂલકર્માદિ જે દોષો બતાવ્યા, એવા દોષો સેવનાર સાધુ અતિ ક્લિષ્ટ પરિણામ હોવાથી પ્રાયઃ સમ્યક્ત્વાદિથી પણ પાત પામે છે; કેમ કે ગર્ભઉત્પાદન આદિ પાપક્રિયાઓ કરીને ક્લિષ્ટ પરિણામવાળા થયેલા તે સાધુ પૂર્વમાં ભાવસાધુ હોય તોપણ પાછળથી અત્યંત કુશીલતાવાળા થાય છે. **॥૯૫॥**

**અવતરણિકા :-**

**उक्तः कुशीलः । अथ संसक्त उच्यते –**

**અવતરણિકાર્થ :-**

**કુશીલ સાધુ કહેવાયા. હવે, સંસક્ત સાધુનું સ્વરૂપ બતાવે છે –**

ગાથા :-

संसत्तो बहुरूवो, अलिंदनडएलगोवमो दुविहो ।
एगो असंकिलिट्ठो, इयरो पुण संकिलिट्ठप्पा ।।९६।।

અન્વયાર્થ :-

संसत्तो बहुरूवो=સંસક્ત સાધુ બહુરૂપવાળા, अलिंदनडएलगोवमो=અલિંદક, નટ અને એડક ઉપમાવાળા છે, दुविहो=તે બે પ્રકારના છે, एगो असंकिलिट्ठो इयरो पुण संकिलिट्ठप्पा=(૧) અસંક્લિષ્ટ, ઇતર (૨) સંક્લિષ્ટ. ।।૯૬।।

ગાથાર્થ :-

સંસક્ત સાધુ બહુરૂપવાળા, અલિંદક, નટ અને એડક ઉપમાવાળા છે અને તે બે પ્રકારના છે. (૧) અસંક્લિષ્ટ, ઇતર (૨) સંક્લિષ્ટ. ।।૯૬।।

ટીકા :-

'संसत्तो'त्ति । 'बहुरूपः' यस्य यस्य सङ्गं करोति तत्तद्गुणदोषानुविधायी संसक्तः, किम्भूतः ? इत्याह—'अलिन्दनटैडकोपमः' यथा गोभक्तालिन्दके यत्किञ्चिदुच्छिष्टमनुच्छिष्टं वा ओदनावश्रावणादिकं वा सर्वं क्षिप्यते एवमत्र सर्वाण्यपि संनिहितसंविग्नासंविग्नलक्षणानि लभ्यन्त इत्यलिन्दसमः, यथा नटो रङ्गभूमौ प्रविष्टः कथानुसारतस्तत्तद्रूपं करोति तथा यः पार्श्वस्थादिमिलितः पार्श्वस्थादिरूपं संविग्नमिलितश्च संविग्नरूपं भजत इति नटोपमः, यथा एडको लाक्षारसनिमग्नः सन् लोहितवर्णो भवति नीलीकुण्डे निमग्नः संश्च नीलवर्णस्तथाऽयमपि संविग्नमिलितः शुभाशयोऽसंविग्नमिलितश्चाशुभाशय इत्येडकोपमः । स चायं द्विविधः-एकोऽसङ्क्लिष्ट इतरः पुनः सङ्क्लिष्टात्मा ।।९६।।

ટીકાર્થ :-

'बहुरूपः' ..... सङ्क्लिष्टात्मा ।। બહુરૂપ સંસક્ત છે. કેવા સ્વરૂપવાળો બહુરૂપ છે, તે સ્પષ્ટ કરે છે. જેનો જેનો સંગ કરે છે, તેના તેના ગુણને કે દોષને અનુસરનારો સંસક્ત છે. કેવા પ્રકારનો બહુરૂપ છે ? એથી કહે છે. અલિંદ, નટ, એડકની ઉપમાવાળો છે. જે પ્રમાણે ગાયમાં ભક્તિવાળા વડે અલિંદકમાં જે કાંઈ એઠું હોય કે ન હોય એવા ઓદન્ અવશ્રવણાદિક નંખાય છે=ભાત, ઓસામણાદિ ખાદ્ય સામગ્રી સર્વ નંખાય છે=અપાય છે. એ રીતે=અલિંદકની જેમ આમાં=સંસક્ત સાધુમાં, સર્વ પણ સન્નિહિત એવા સંવિગ્ન સાધુના અને અસંવિગ્ન સાધુનાં લક્ષણો પ્રાપ્ત થાય છે. એથી અલિંદક સમાન છે અર્થાત્ જેમ ગો પ્રત્યે ભક્તિવાળા જીવો ગાયને આપવા માટે જે અલિંદક છે, તેમાં ઘરમાં વધેલું એંઠું વગેરે પણ નાંખે છે અને સારું પણ નાંખે છે તેથી અલિંદકમાં ઉચ્છિષ્ટ-અનુચ્છિષ્ટ બંને પ્રકારની ભોજન સામગ્રી પ્રાપ્ત થાય છે તેમ સંસક્ત સાધુમાં પાસે રહેલા અસંવિગ્નને કારણે

**ઉચ્છિષ્ટ ભોજન જેવી ખરાબ પરિણતિ પ્રાપ્ત થાય છે અને પાસે રહેલા સંવિગ્નને કારણે અનુચ્છિષ્ટ ભોજન જેવા સંયમનાં લક્ષણો પ્રાપ્ત થાય છે અથવા જે પ્રમાણે રંગભૂમિમાં પ્રવેશ પામેલો નટ કથા અનુસારથી=જે પ્રકારે જે ભાગ ભજવવાનો છે, તેના અનુસાર તે તે રૂપને કરે છે તે પ્રમાણે જે સાધુ પાસત્થાદિથી મળેલો પાસત્થાદિ રૂપને ભજે છે અને સંવિગ્નથી મળેલો સંવિગ્ન રૂપને ભજે છે, એથી નટની ઉપમાવાળા સંસક્ત દોષવાળા સાધુ છે અને જે પ્રમાણે ઘેટો લાક્ષારસમાં મગ્ન થયેલો લાલ વર્ણવાળો થાય છે. નીલીકુંડમાં નિમગ્ન છતો નીલવર્ણવાળો થાય છે, તે પ્રમાણે આ પણ સંસક્ત સાધુ, સંવિગ્નથી મળેલા શુભઆશયવાળા અને અસંવિગ્નથી મળેલા અશુભ આશયવાળા છે. એથી એડક ઉપમાવાળા છે અને તે આ=સંસક્ત સાધુ બે પ્રકારના છે – એક અસંક્લિષ્ટ અને ઇતર વળી સંક્લિષ્ટ આત્મા. ॥૯૬॥**

**ભાવાર્થ :-**

સંસક્ત સાધુનું સ્વરૂપ ત્રણ દૃષ્ટાંતોથી ટીકામાં બતાવ્યું. તે ટીકાના વિવેચન અનુસાર અસંક્લિષ્ટ સાધુનું સ્વરૂપ છે તોપણ તે ત્રણેય દૃષ્ટાંતોની ઉપમાવાળા સંસક્ત સાધુ કેટલાક ખરાબ સાધુઓ સાથે જે જે પ્રકારના સંગવાળા થાય છે તે તે પ્રકારની પ્રકૃતિવાળા થાય છે. પરંતુ સારા સાધુની પ્રકૃતિને ગ્રહણ કરતા નથી; કેમ કે સંક્લિષ્ટ સ્વરૂપવાળા સંસક્ત સાધુ ખરાબ પ્રકૃતિને ગ્રહણ કરે એવા જ ક્લિષ્ટ કર્મોવાળા હોય છે. સારી પ્રકૃતિને ગ્રહણ કરી શકે એવા કંઈક અક્લિષ્ટ કર્મોવાળા તેઓ નથી. તેથી ત્રણેય દૃષ્ટાંતોથી સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ એમ બંને પ્રકારના સંસક્તોનું ગ્રહણ છે. **॥૯૬॥**

**અવતરણિકા :-**

**असङ्क्लिष्टमाह –**

**અવતરણિકાર્થ :-**

**અસંક્લિષ્ટને કહે છે=ગાથા-૯૬માં અસંક્લિષ્ટ અને સંક્લિષ્ટરૂપ બે પ્રકારના શિથિલ સાધુ છે, તેમ બતાવ્યું. તેમાં અસંક્લિષ્ટ સાધુના સ્વરૂપને બતાવે છે –**

**ગાથા :-**

**पासत्थाइसु मिलिओ, तारूवो चेव होइ पिअधम्मो ।**
**पियधम्मेसुं मिलिओ, असंकिलिट्ठो इमो होइ ।।९७।।**

**અન્વયાર્થ :-**

**पासत्थाइसु मिलिओ=પાસત્થાદિમાં મળેલો, तारूवो चेव होइ=તેવા રૂપવાળો થાય છે, पियधम्मेसुं मिलिओ=પ્રિય ધર્મમાં મળેલો, पिअधम्मो=પ્રિય ધર્મવાળો થાય છે, इमो=આ=આવા સંસક્ત સાધુ, असंकिलिट्ठो=અસંક્લિષ્ટ, होइ=હોય છે. ॥૯૭॥**

**ગાથાર્થ :-**

**પાસત્થાદિમાં મળેલો તેવા રૂપવાળો થાય છે. પ્રિય ધર્મમાં મળેલો પ્રિય ધર્મવાળો થાય છે. આ=આવા સંસક્ત સાધુ, અસંક્લિષ્ટ હોય છે. ||૯૭||**

**ટીકા :-**

**'पासत्थाइसु'त्ति । पार्श्वस्थादिषु मिलितः 'तद्रूप एव' पार्श्वस्थादिरूप एव भवति, प्रियधर्मसु च मिलितः प्रियधर्मा भवति, अयमसंक्लिष्टः संसक्तो भवति, संसृज्यमानगुणदोषानुविधायिस्वभावत्वस्यासङ्क्लिष्टलक्षणत्वाद्दोषैकसङ्क्रमणस्वभावापेक्षया दोषगुणोभयसङ्क्रमस्वभावेऽसङ्क्लिष्टत्वस्य सार्वजनीनत्वाद्दोषापकर्षमात्रस्यापि तत्त्वतो गुणत्वात्; न चैवं सामान्यलक्षणाऽभेदः, संसृज्यमानस्वभावानुविधायित्वमात्रस्यैव सामान्यलक्षणत्वे तात्पर्याद्, अत एव–**

"एमेव य मूलुत्तरदोसा य गुणा य जत्तिया केई ।
ते तम्मि उ संनिहिया संसत्तो भन्नई तम्हा ।।१।।"

**इत्यनया यथोक्तं मूलोत्तरगुणदोषाणां संनिधानं यथासम्भवमेव भावनीयम् ।।९७।।**

**ટીકાર્થ :-**

पार्श्वस्थादिषु ..... भावनीयम् ।। પાસત્થાદિમાં મળેલા તદ્રૂપ જ=પાસત્થાદિ રૂપ જ થાય છે અને પ્રિય ધર્મવાળામાં મળેલા પ્રિય ધર્મવાળા થાય છે અર્થાત્ જે સાધુનાં સંક્લેશ આપાદક કર્મો છે અને નિમિત્ત પામીને પ્રજ્વલિત થાય તેવાં છે અને પ્રિય ધર્મ સાધુઓ સાથે મળે ત્યારે તે ક્લિષ્ટ કર્મો ક્ષયોપશમભાવ પામે તેવાં છે. તેથી તે પ્રિય ધર્મવાળા થાય છે. આ=પાસત્થામાં મળીને પાસત્થા જેવા થાય અને પ્રિય ધર્મવાળામાં મળીને પ્રિય ધર્મવાળા થાય એવા સાધુ, અસંક્લિષ્ટ સંસક્ત છે; કેમ કે સંસૃજ્યમાનના=સંસર્ગમાં આવવાવાળાના, ગુણદોષના અનુસરનારા સ્વભાવપણાવાળા સાધુનું અસંક્લિષ્ટ લક્ષણપણું છે. કેમ ગુણ-દોષને ગ્રહણ કરનારા સાધુનું અસંક્લિષ્ટપણું છે, તેમાં હેતુ કહે છે. દોષ એક સંક્રમણ સ્વભાવવાળાની અપેક્ષાથી દોષ-ગુણ ઉભય સંક્રમણ સ્વભાવવાળામાં અસંક્લિષ્ટત્વનું સર્વજન્ય પ્રતીતપણું છે. કેમ દોષ-ગુણ ઉભયનું સંક્રમણ સ્વભાવપણું છે, તેમાં હેતુ કહે છે. દોષ અપ્રકર્ષમાત્રનું પણ તત્ત્વથી ગુણપણું છે=સંસક્ત સાધુમાં દોષો હોવા છતાં ગુણવાનના સંપર્કથી તેના દોષો અલ્પ થાય છે તેટલા માત્રનું પણ તત્ત્વથી ગુણપણું છે અને આ રીતે=અસંક્લિષ્ટ સંસક્તનું સ્વરૂપ બતાવ્યું એ રીતે સામાન્ય લક્ષણનો અભેદ છે એમ કહેવું=સંક્લિષ્ટ-અસંક્લિષ્ટ સંસક્ત સાધનું જે સામાન્ય લક્ષણ કર્યું, તે લક્ષણની સાથે અસંક્લિષ્ટ સંસક્તના લક્ષણનો અભેદ છે, એમ ન કહેવું; કેમ કે સંસર્ગવાળાના સ્વભાવનું અનુસારીપણામાત્રનું જ સામાન્ય લક્ષણમાં તાત્પર્ય છે અર્થાત્ સંક્લિષ્ટ-અસંક્લિષ્ટ સંસક્તરૂપ બંનેમાં અનુગત એવા સંસર્ગના સ્વભાવને અનુસરનારાપણા માત્રનું જ સામાન્ય લક્ષણમાં તાત્પર્ય છે અને અસંક્લિષ્ટમાં સારા સાથેના

**સંસર્ગમાં સારા થાય અને ખરાબ સાથેના સંસર્ગમાં ખરાબ થાય તેવા સાધુનું ગ્રહણ છે. તેથી સામાન્ય લક્ષણ કરતાં અસંક્લિષ્ટ સંસક્તના લક્ષણનો ભેદ છે. આથી જ=અસંક્લિષ્ટ સંસક્ત કરતાં સામાન્ય સંસક્તના લક્ષણનો ભેદ છે આથી જ –**

"આ રીતે જ મૂલ ઉત્તર ગુણો અને દોષો જેટલા કોઈ છે, તેમાં તેઓ=તે સાધુઓ, સન્નિહિત છે. તે કારણથી સંસક્ત કહેવાય છે."

**એ ગાથાથી=આ ઉદ્ધરણની ગાથાથી, મૂલઉત્તરગુણદોષોનું જે પ્રમાણે કહેવાયેલું સન્નિધાન યથાસંભવ જ ભાવન કરવું=અસંક્લિષ્ટમાં મૂલઉત્તરના ગુણદોષોનું સન્નિધાન થાય છે અને સંક્લિષ્ટમાં માત્ર મૂલઉત્તર દોષોનું સન્નિધાન થાય છે, એ પ્રમાણે સંભવ અનુસાર જ ભાવન કરવું. ।।૯૭।।**

**ભાવાર્થ :-**

કેટલાક સાધુ સંસક્ત દોષવાળા હોય છે અને સંસક્ત દોષવાળામાં પણ કેટલાક સાધુ અસંક્લિષ્ટ સંસક્ત દોષવાળા હોય છે. તેવા અસંક્લિષ્ટ સંસક્ત દોષવાળા સાધુનું સ્વરૂપ પ્રસ્તુત ગાથામાં બતાવે છે.

કેટલાક સાધુઓનાં તે પ્રકારનાં ક્લિષ્ટ કર્મ હોય છે કે જેથી પાસત્થાદિ સાધુના સંસર્ગમાં રહે તો તેમના જેવી આચરણા તેઓ કરે છે. પરંતુ સંયમમાં ઉત્થિત થઈને આત્મહિત સાધવા યત્ન કરતા નથી; કેમ કે સંસારના પરિભ્રમણનો કંઈક ભય હતો. તેથી જ સંયમ લીધેલું છતાં સંસારનો મારે ઉચ્છેદ કરવો છે અને આત્મહિત સાધવું છે, તેવો દૃઢ પરિણામ થાય તેને અનુકૂળ ક્ષયોપશમભાવવાળાં કર્મો નથી. આથી જ, જે સાધુઓનાં તેવા પ્રકારનાં નિર્મળ ક્ષયોપશમભાવવાળાં કર્મો વિદ્યમાન છે, તેવા સાધુ પાસત્થાદિના સંસર્ગથી દૂર રહેવા યત્ન કરે છે. ક્વચિત્ તેવા પ્રકારના સંસર્ગને કારણે પાસત્થાદિ સાધુઓ સાથે સંવાસ કરવો પડે તોપણ સંસારના પરિભ્રમણથી ભય પામેલા તે સાધુ અત્યંત સાવધાન થઈને સંયમને અનુકૂળ જ ઉદ્યમ કરે છે. પરંતુ જેઓનાં ક્લિષ્ટકર્મો કંઈક મંદ હોવા છતાં તેવા નિર્મળ ક્ષયોપશમભાવવાળાં નથી, તેવા અસંક્લિષ્ટ સંસક્ત સાધુ જે પ્રકારના પાસત્થાદિ સાધુના સહવાસમાં આવે છે, ત્યારે તેઓનાં મંદ ક્ષયોપશમવાળાં ક્લિષ્ટકર્મો હોવાથી તે પ્રકારનો પ્રમાદ કરાવે છે અને તે જ અસંક્લિષ્ટ સંસક્ત સાધુ પ્રિય ધર્મવાળા, દૃઢ ધર્મવાળા એવા સાધુની સાથે સંસર્ગમાં આવે ત્યારે તેઓનાં મંદ પણ કંઈક ક્લિષ્ટ કર્મો ક્ષયોપશમભાવવાળાં થાય છે. તેથી તેઓ તેમના સહવાસના બળથી પ્રિય ધર્મવાળા બને છે. તેથી ફલિત થાય છે કે જેઓનાં કષાય આપાદક ક્લિષ્ટ કર્મો કાંઈક છે અને કાંઈક મંદ થયાં છે, તેઓ સંસર્ગને અનુરૂપ ગુણ-દોષનું અનુસરણ કરે છે. તેથી તેઓનો સંસક્તભાવ અસંક્લિષ્ટ છે અર્થાત્ તેવો ઉત્કર્ષવાળો નથી. જેવો ઉત્કર્ષવાળો સંક્લિષ્ટ ભાવ સંક્લિષ્ટ સ્વભાવવાળા સંસક્ત સાધુમાં છે.

અહીં પ્રશ્ન થાય કે સંસક્ત સામાન્યનું લક્ષણ અને અસંક્લિષ્ટ સંસક્તનું લક્ષણ સમાન પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં કહે છે. સંસક્ત સામાન્યનું લક્ષણ એ છે કે જેના સંપર્કમાં આવે તેના જેવી તેની પ્રકૃતિ થાય અને અસંક્લિષ્ટ સંસક્તનું લક્ષણ છે કે ખરાબ સાથે સંપર્કમાં આવે, ત્યારે ખરાબ થાય અને સારા સાથે સંપર્કમાં આવે ત્યારે સારા થાય. તેથી, સંસક્ત સામાન્યનું લક્ષણ અને સંસક્ત વિશિષ્ટનું લક્ષણ એક

નથી. આથી જ, ઉદ્ધરણમાં કહ્યું કે સાધુના મૂલ-ઉત્તરગુણના દોષો અને સાધુના મૂલઉત્તર ગુણો જેમની પાસે જેટલા છે, તેમાં સન્નિહિત થયેલા સંસક્ત કહેવાય છે. તે કથનમાં પણ સામાન્ય લક્ષણ અને વિશિષ્ટ સંસક્તનું લક્ષણ યથાસંભવ ભાવન કરવું. તેથી, એ પ્રાપ્ત થાય કે સંસક્તનું સામાન્ય લક્ષણ એટલું જ પ્રાપ્ત થાય કે સંસર્ગને અનુસાર જેઓ ભાવો કરે, તેઓ સંસક્ત અને અસંક્લિષ્ટ સંસક્તનું લક્ષણ એ છે કે ખરાબની સાથેના સંસર્ગથી ખરાબ થાય અને સારાની સાથે સંસર્ગમાં આવે તો સારા થાય. આ પ્રકારે સંસક્ત સામાન્યનું લક્ષણ અને અસંક્લિષ્ટ સંસક્તનું લક્ષણ સર્વથા સમાન નથી, પરંતુ તે બે વચ્ચે કંઈક ભેદ છે. **॥૯૭॥**

**અવતરણિકા :-**

**उक्तोऽसंक्लिष्टः संसक्तः । अथ सङ्क्लिष्टं तमाह –**

**અવતરણિકાર્થ :-**

**અસંક્લિષ્ટ સંસક્ત કહેવાયા=અસંક્લિષ્ટ સાધુનું સ્વરૂપ પૂર્વગાથામાં કહેવાયું. હવે, સંક્લિષ્ટ એવા તેને=સંસક્ત સાધુને, કહે છે –**

**ગાથા :-**

**पंचासवप्पवत्तो, जो खलु तिहिं गारवेहिं पडिबद्धो ।**
**गिहिइत्थीसु अ एसो, संसत्तो संकिलिट्ठप्पा ।।९८।।**

**અન્વયાર્થ :-**

**जो=જે સાધુ, पंचासवप्पवत्तो=પાંચ આસ્રવમાં પ્રવૃત્ત છે, तिहिं गारवेहिं पडिबद्धो=ત્રણ ગારવોથી પ્રતિબદ્ધ છે, संकिलिट्ठप्पा=સંક્લિષ્ટ સ્વરૂપવાળો એવો, एसो संसत्तो=આ સંસક્ત, गिहिइत्थीसु अ=ગૃહસ્થો અને સ્ત્રીઓમાં પ્રતિબંધવાળો થાય છે. ।।૯૮।।**

**ગાથાર્થ :-**

**જે સાધુ પાંચ આસ્રવમાં પ્રવૃત્ત છે, ત્રણ ગારવોથી પ્રતિબદ્ધ છે, સંક્લિષ્ટ સ્વરૂપવાળો એવો આ સંસક્ત ગૃહસ્થો અને સ્ત્રીઓમાં પ્રતિબંધવાળો થાય છે. ।।૯૮।।**

**ટીકા :-**

**'पंचासवप्पवत्तो'त्ति । यः खलु पञ्चस्वास्रवेषु-हिंसादिषु प्रवृत्तः, तथा त्रिभिः 'गारवैः' ऋद्धिरससात-लक्षणैः प्रतिबद्धः, तथा गृहिषु स्त्रीषु च प्रतिबद्धः, एष संसृज्यमानदोषमात्रानुविधायिस्वभावत्वेन सङ्क्लिष्टात्मा संसक्तो भवति, तथाविधकुमित्रादिसंसर्गेण तद्गतहिंसादिदोषाणां सङ्क्रमाद्धि-**

सादिषु प्रवृत्तेः, गारवमग्नपरिजनादिसंसर्गेण च गारवमज्जनात्, गृहिस्त्रीसंसर्गेण च गृहकार्यकामचेष्टादिसम्भवादिति ।।९८।।

**ટીકાર્થ :-**

**यः खलु ..... सम्भवादिति ।। જે સાધુ પાંચેય આસ્રવોમાં=હિંસાદિ પાંચેયમાં, પ્રવૃત્ત છે અને ત્રણ ગારવોથી=ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવ લક્ષણોથી, પ્રતિબદ્ધ છે અને ગૃહસ્થોમાં અને સ્ત્રીઓમાં પ્રતિબદ્ધ છે=રાગવાળા છે, આ સાધુ સંસર્ગ પામતા સાધુના દોષમાત્રને અનુસરનારા સ્વભાવપણું હોવાને કારણે સંક્લિષ્ટ સ્વરૂપ સંસક્ત થાય છે; કેમ કે તેવા પ્રકારના કુમિત્રાદિના સંસર્ગથી=અયતનાપૂર્વક યથાતથા સંયમની પ્રવૃત્તિ કરનારા કુત્સિત્ એવા મિત્રાદિરૂપ સાધુઓના સંસર્ગથી તેમનામાં રહેલા હિંસાદિ દોષોનો સંક્રમ થવાથી=સંક્લિષ્ટ સાધુમાં સંક્રમ થવાથી, હિંસાદિમાં પ્રવૃત્તિ કરે છે અને ગારવમાં મગ્ન પરિજનાદિના સંસર્ગથી ગારવમગ્ન થાય છે અને ગૃહસ્થના કે સ્ત્રીના સંસર્ગથી ગૃહકાર્ય અને કામચેષ્ટાદિનો સંભવ છે. ।।૯૮।।**

**ભાવાર્થ :-**

કેટલાક સાધુઓ સંક્લિષ્ટ સંસક્ત હોય છે. તેઓ ગુણવાન સાથે સંપર્કમાં આવે તો ગુણોને ગ્રહણ કરતા નથી અને દોષવાળા જેઓના સંપર્કમાં આવે તે સર્વ દોષોને ગ્રહણ કરે તેવા સ્વભાવવાળા છે. તેથી સંક્લિષ્ટ સંસક્ત છે; કેમ કે હિંસાદિ આસ્રવો જીવમાં પ્રગટ કરે તેવા ક્લિષ્ટકર્મો તેઓમાં પ્રચુર છે અને નિમિત્ત પામીને તે ભાવો પ્રવર્ધમાન થાય છે. તેથી સાધુ જીવનમાં પણ મહાવ્રતોથી વિપરીત આરંભ-સમારંભની પ્રવૃત્તિ કરીને હિંસાદિમાં પ્રવૃત્તિઓ કરે છે. માન-સન્માનરૂપ ઋદ્ધિગારવના રસિયા છે, સુંદર આહારના રસિયા છે, શાતામાત્રના અર્થી છે, સમભાવની પરિણતિનું સુખ કેવા પ્રકારનું છે ? તેની લેશ પણ ગંધ નથી. તેથી, ગૃહસ્થોની સાથે પરિચય કરે છે. સ્ત્રી આદિના દર્શનમાં તે તે પ્રકારના વિકારો પોષે છે, તેવા સંક્લિષ્ટ, સંસક્ત સાધુ માત્ર દોષવાળા પ્રમાદી પાસત્થાદિના સંપર્કથી અધિક પાસત્થા બને છે અને સુસાધુની છાયામાં પણ તેમના પરિણામને લેશ સ્પર્શતા નથી. **॥૯૮॥**

**અવતરણિકા :-**

**उक्तः संसक्तः । अथ यथाच्छन्दमाह –**

**અવતરણિકાર્થ :-**

**સંસક્ત સાધુ કહેવાયા. હવે, યથાછંદને કહે છે –**

**ગાથા :-**

**उस्सुत्तमायरंतो, उस्सुत्तं चेव पण्णवेमाणो ।**
**एसो उ अहाछंदो, इच्छाछंदु त्ति एगट्ठा ।।९९।।**

**અન્વયાર્થ :-**

उस्सुत्तमायरंतो=ઉત્સૂત્રને આચરણા કરતાં, उस्सुत्तं चेव पण्णवेमाणो=અને ઉત્સૂત્રની જ પ્રજ્ઞાપન કરતાં, एसो उ अहाछंदो=આ યથાછંદ, इच्छाछंदु त्ति एगट्ठा=યથાછંદ અને ઈચ્છાછંદ એ શબ્દો એક અર્થવાળા છે. ।।૯૯।।

**ગાથાર્થ :-**

**ઉત્સૂત્રને આચરણા કરતાં અને ઉત્સૂત્રની જ પ્રજ્ઞાપન કરતાં આ યથાછંદ છે. યથાછંદ અને ઈચ્છાછંદ એ શબ્દો એક અર્થવાળા છે. ।।૯૯।।**

**ટીકા :-**

**'उस्सुत्तं'ति । सूत्रादूदूर्ध्वम्-उत्तीर्णं परिभ्रष्टमित्यर्थ उत्सूत्रम् तदाचरन्, प्रतिसेव्यमानमेवोत्सूत्रं यः परेभ्यः प्रज्ञापयन् वर्त्तते एष यथाच्छन्दोऽभिधीयते, यत इच्छाछन्दो यथाछन्द इत्येकार्थौ, किमुक्तं भवति ? छन्दो नामेच्छा तामनतिक्रम्य प्रवर्त्तते यः स यथाछन्द इति युक्तमुक्तमेतत् ।।९९।।**

**ટીકાર્થ :-**

**सूत्रादूदूर्ध्वम्- ..... युक्तमुक्तमेतत् ।। સૂત્રથી ઊર્ધ્વમ=ઉત્તીર્ણ=પરિભ્રષ્ટ એવું ઉત્સૂત્ર છે. તેને આચરતા પ્રતિસેવન કરાતા જ ઉત્સૂત્રને જે સાધુ બીજાઓને પ્રજ્ઞાપન કરતા વર્તે છે=ધર્મબુદ્ધિથી એ આચરણાને બતાવતા વર્તે છે, આ યથાછંદ કહેવાય છે. જે કારણથી ઈચ્છાછંદ અને યથાછંદ એ બે શબ્દો એકાર્થવાળા છે. શું કહેવાયેલું થાય છે=ઈચ્છાછંદ અને યથાછંદ એકાર્થવાચી શબ્દો છે તેનાથી શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે. છંદ એટલે ઈચ્છા. તેને અતિક્રમ કર્યા વગર જે પ્રવર્તે છે, તે યથાછંદ છે. એથી આ=ઈચ્છાછંદ અને યથાછંદ, એકાર્થ છે, તે યુક્ત કહેવાયું છે. ।।૯૯।।**

**ભાવાર્થ :-**

ભગવાનની આજ્ઞા સ્વસ્વ ભૂમિકાનુસાર કષાયોનું તિરોધાન થાય તે પ્રકારની સર્વ ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે અને તે પ્રવૃત્તિને બતાવનાર જ ભગવાનના વચનરૂપ સૂત્રો છે. તેથી જેનામાં સર્વવિરતિનો સંચય થયો છે. આથી બાહ્ય પદાર્થોના પ્રતિબંધનો ત્યાગ કરીને વિશેષ પ્રકારના કષાયના ઉન્મૂલન માટે સંયમમાં યતમાન છે, તેવા સાધુ સૂત્રને અવલંબીને સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે પરંતુ જેઓએ સંયમ ગ્રહણ કર્યું છે અને કોઈક પ્રકારનાં ક્લિષ્ટકર્મોના ઉદયથી પોતાની મતિ અનુસાર પ્રવૃત્તિ કરવાની પરિણતિ જેઓમાં ઉલ્લસિત થયેલી છે, તેઓ સૂત્રથી વિરુદ્ધ સ્વમતિ અનુસાર આચરણાઓ કરે છે અને પોતે જે પ્રકારની સૂત્ર વિરુદ્ધ સંયમની આચરણા કરે છે, તે જ આચરણાઓ કર્તવ્ય છે. એ પ્રકારે બીજાને ઉપદેશ આપે છે. તેથી તેઓ યથાછંદા કહેવાય છે. જોકે સૂત્ર અનુસાર સંયમની સર્વ આચરણા સુપ્રણિધાનપૂર્વક ધીર સાધુઓ જ કરી શકે છે અને જેઓમાં તેવી શુદ્ધ આચરણા કરવાની બલવાન ઇચ્છા છે છતાં ધૃતિબળ સંચિત થયું નથી, તેઓ ત્રુટિત આચરણાઓ કરતા હોવા છતાં કંઈક કંઈક અપ્રમાદપૂર્વક શુદ્ધ આચરણાઓને

અભિમુખ યત્ન કરે છે અને યોગ્ય જીવોએ શુદ્ધ આચરણા કઈ રીતે કરવી જોઈએ, તેનો ઉપદેશ આપે છે. પરંતુ યથાછંદા સાધુની જેમ સ્વઇચ્છાનુસાર આચરણા કરતા નથી અને બીજાને પણ તે પ્રકારે આચરણા કરવાનો ઉપદેશ આપતા નથી. જ્યારે યથાછંદા તો જે પ્રકારની પોતાની રુચિ છે, તેનું અનુસરણ કરીને સર્વ સંયમની ક્રિયાઓ કરે છે. **॥૯૯॥**

**અવતરણિકા :-**

**उत्सूत्रं व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**ઉત્સૂત્રને કહે છે=યથાછંદ ઉત્સૂત્ર કહે છે એમ પૂર્વગાથામાં કહ્યું તે ઉત્સૂત્રનું સ્વરૂપ બતાવે છે –**

**ગાથા :-**

**उस्सुत्तमणुवइट्ठं, सच्छंदविगप्पिअं अणणुवाई ।**
**परतत्तिपवित्ते तिंतिणे य एसो अहाछंदो ।।१००।।**

**અન્વયાર્થ :-**

**अणुवइट्ठं सच्छंदविगप्पिअं अणणुवाई=અનુપદિષ્ટ, સ્વચ્છંદ વિકલ્પિત, અનનુપાતિ, उस्सुत्तम्=ઉત્સૂત્ર છે, परतत्तिपवित्ते तिंतिणे य एसो अहाछंदो=પરતપ્તિને કરનાર અને તિંતિણ એવા આ=સાધુ, યથાછંદ છે. ॥૧૦૦॥**

**ગાથાર્થ :-**

**અનુપદિષ્ટ, સ્વચ્છંદ વિકલ્પિત, અનનુપાતિ ઉત્સૂત્ર છે.**

**આ રીતે ઉત્સૂત્રનો અર્થ કર્યા પછી પૂર્વગાથામાં કહેલા યથાછંદાનું સ્વરૂપ પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધથી** અન્ય પ્રકારે બતાવે છે. **પરતપ્તિને કરનાર અને તિંતિણ એવા આ=સાધુ, યથાછંદ છે. ॥૧૦૦॥**

**ટીકા :-**

**'उस्सुत्तमणुवइट्ठं'ति । उत्सूत्रं नाम यत्तीर्थकरादिभिरनुपदिष्टं तत्र या सूरिपरम्परागता सामाचारी यथा नागिला रजोहरणमूर्द्ध्वमुखं कृत्वा कायोत्सर्गं कुर्वन्तीत्यादि, साऽप्यङ्गेषूपाङ्गेषु नोपदिष्टेत्यनुपदिष्टम् । सङ्केततोऽनुपदिष्टस्वरूपमाह–स्वच्छन्देन-स्वाभिप्रायेण विकल्पितं-रचितं 'स्वच्छन्दविकल्पितं' स्वेच्छाकल्पितमित्यर्थः, अत एव 'अननुपाति' सिद्धान्तेन सहाघटमानकमिति व्यवहारवृत्तौ व्याख्यातम् । तच्चूर्णावप्येवमुक्तम्–**"अणुवदिट्ठं णाम आयरियपरंपरागया सामायारी, जहा नाइला उवराहुत्तं रयहरणं काउं वोसिरंति चारणाणं वंदणए थामंति भण्णति, एरिसं ण भवइ, केरिसं पुण अणुवदिट्ठं ? उच्यते–

सच्छन्दविगप्पिअं-स्वेच्छाकल्पितमित्यर्थः, अणणुवाइ-अघडमाणं अनुपपन्नमित्यनर्थान्तरम् । **अन्यत्र त्वेवं व्याख्यातम्**—"उस्सुत्त णाम सुत्तादवेअं, अणुवदिट्ठं णाम जं णो आयरियपरंपरागयं मुक्तव्याकरणवत्, सीसो पुच्छइ–किमण्णं सो परूवेइ ? **आचार्य आह**—'सच्छंदविगप्पिअं' स्वेन च्छन्देन विकल्पितं स्वच्छन्दविकल्पितम्, तं च अणणुवाती न क्वचित्सूत्रेऽर्थे उभये वाऽनुपाति भवति"त्ति । **न केवलमुत्सूत्रमाचरन् प्रज्ञापयंश्च यथाच्छन्दः किन्तु यः परतप्तिषु-गृहस्थप्रयोजनेषु करणकारणानुमतिभिः प्रवृत्तः, तथा तिंतिणो नाम यः स्वल्पेऽपि केनचित्साधुनाऽपराधे कृतेऽनवरतं पुनः पुनर्झषन्नास्तेऽयमेवंरूपो यथाछन्दः । अन्यत्र त्वेवं व्याख्यातम्**—"परो गृहस्थस्तस्य कृताकृतव्यापारवादभाषी वा स्त्रीकथादिप्रवृत्तो वा परतप्तिप्रवृत्तः, 'तिंतिणो दव्वे भावे य, दव्वे टिंबरुगादिकट्ठं अगणिपक्खित्तं तिणतिणेइ, भावे तिंतिणो आहारोवहिसेज्जाओ इट्ठाओ अलभमाणो सोअइ जूरइ तिप्पइ, एवं दिवसं पि तिडतिडंतो अच्छइ" **।।१००।।**

**ટીકાર્થ :-**

**उत्सूत्रं ..... अच्छइ" ।। ઉત્સૂત્ર એટલે જે તીર્થંકરાદિ વડે અનુપદિષ્ટ છે, ત્યાં=ઉત્સૂત્રમાં સૂરિપરંપરા આવેલી સામાચારી છે. જે પ્રમાણે નાગિલો=નાગિલ સૂરિપરંપરાના આચાર્યો રજોહરણને ઊર્ધ્વમુખ કરીને કાયોત્સર્ગ કરે છે ઇત્યાદિ રૂપ સામાચારી છે. તે પણ, અંગ, ઉપાંગોમાં ઉપદિષ્ટ નથી. તેથી અનુપદિષ્ટ છે માટે ઉત્સૂત્ર છે, એમ અન્વય છે. સંકેતથી અનુપદિષ્ટના સ્વરૂપને કહે છે=ચિહ્નથી અનુપદિષ્ટના સ્વરૂપને કહે છે. સ્વચ્છંદથી=સ્વઅભિપ્રાયથી, વિકલ્પિત છે=રચિત છે. સ્વચ્છંદ વિકલ્પિત= સ્વઇચ્છા કલ્પિત છે, એ પ્રકારનો અર્થ છે. આથી જ=સ્વચ્છંદ કલ્પિત છે આથી જ, અનનુપાતિ છે= સિદ્ધાંતની સાથે અઘટમાન છે, તે ઉત્સૂત્ર છે એમ અન્વય છે અને એ પ્રમાણે વ્યવહારવૃત્તિમાં વ્યાખ્યાત છે. તેની ચૂર્ણિમાં પણ=વ્યવહારસૂત્રની ચૂર્ણિમાં પણ, આ પ્રમાણે કહેવાયું છે.**

"અનુપદિષ્ટ એટલે આચાર્યની પરંપરાથી આવેલી સામાચારી=સર્વજ્ઞ કે ગણધરની પરંપરાથી આવેલી સામાચારી નહિ, પરંતુ કોઈક આચાર્યની પરંપરાથી આવેલી સામાચારી, જે પ્રમાણે નાગિલો ઉપરમુખવાળું રજોહરણ કરીને કાયોત્સર્ગ કરે છે. ચારણોના વંદન માટે થામ=અમે રહીએ છીએ એ પ્રમાણે બોલે છે. આવા પ્રકારનું થતું નથી= શાસ્ત્રસંમત થતું નથી. કેવા પ્રકારનું વળી અનુપદિષ્ટ છે ? ઉત્તર આપે છે. સ્વચ્છંદ વિકલ્પિત છે. અનનુપાતિ છે= અઘટમાન અને અનુપપન્ન એ અનર્થાન્તર છે."

**તેથી, અનનુપાતિનો અર્થ અઘટમાન છે.**

**વળી, અન્યત્ર=બીજા ગ્રંથોમાં આ પ્રમાણે વ્યાખ્યાન કરાયું છે.**

ઉત્સૂત્ર=સૂત્રથી અપેત=સૂત્રથી વિરુદ્ધ, અનુપદિષ્ટ=જે આચાર્યની પરંપરાથી આવેલું ન હોય મુક્ત વ્યાકરણની જેમ. શિષ્ય પૂછે છે. તે કેમ અન્યની પ્રરૂપણા કરે છે ?=સૂત્ર કરતાં અન્યની પ્રરૂપણા કેમ કરે છે ? આચાર્ય કહે છે.

"પોતાની ઇચ્છાથી વિકલ્પિત સ્વચ્છંદ વિકલ્પિત છે અને તે=સ્વચ્છંદ વિકલ્પિત અનનુપાતિ છે=ક્યાંય સૂત્રમાં, અર્થમાં કે ઉભયમાં અનુપાતિ થતી નથી."

**કેવલ ઉત્સૂત્રને આચરતા અને પ્રજ્ઞાપના કરતા યથાછંદ નથી=ગાથા-૯૯માં કહ્યું કે ઉત્સૂત્રની આચરણા કરતા અને ઉત્સૂત્રની પ્રજ્ઞાપના કરતા યથાછંદા છે તેથી કોઈને થાય કે આવું જે કરે તે યથાછંદા છે. તે ભ્રમના નિવારણ અર્થે કહે છે કેવલ ઉત્સૂત્ર આચરણા કરતા અને પ્રજ્ઞાપના કરતા યથાછંદા નથી. પરંતુ જે પરતપ્તિમાં=ગૃહસ્થનાં પ્રયોજનોમાં કરણ, કારણ, અનુમતિથી પ્રવૃત્ત છે અને તિંતિણ છે, એ યથાછંદા છે એમ અન્વય છે. તિંતિણનો અર્થ સ્પષ્ટ કરે છે. તિંતિણ એટલે જે સાધુ સ્વલ્પ પણ કોઈ સાધુ દ્વારા અપરાધ કરાયે છતે સતત ફરી ફરી ટોક ટોક કરતા રહે છે. આવા રૂપવાળા યથાછંદ છે. વળી, આ રીતે=ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું એ પ્રમાણે યથાછંદ છે એ રીતે, અન્યત્ર વ્યાખ્યાત છે.**

"પર=ગૃહસ્થ, તેના કૃત-અકૃત વ્યાપારવાદભાષી=ગૃહસ્થ વડે કરાયેલા અને નહિ કરાયેલા વ્યાપારના કથનને કહેનારો અથવા સ્ત્રીકથાદિમાં પ્રવૃત્ત પરતપ્તિ પ્રવૃત્ત છે."

"તિંતિણ દ્રવ્યને આશ્રયીને અને ભાવને આશ્રયીને છે. દ્રવ્યમાં=દ્રવ્યને આશ્રયીને, ટીંબરુ આદિ કાષ્ઠ અગ્નિમાં પ્રક્ષિપ્ત કરાયેલું તણ તણ અવાજ કરે છે. તે દ્રવ્યથી તિંતિણ છે. ભાવમાં=ભાવને આશ્રયીને, તિંતિણ આહાર, ઉપધિ, શય્યા નહિ પ્રાપ્ત કરતો શોક કરે છે, ઝૂરે છે અને તપ્ત થાય છે=બળે છે. આ રીતે દિવસમાં પણ તિણ તિણ અવાજ કરતો વર્તે છે." ॥૧૦૦॥

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં યથાછંદાનું સ્વરૂપ બતાવ્યું કે જે સાધુ ઉત્સૂત્રને આચરતા હોય, ઉત્સૂત્રની પ્રરૂપણા કરતા હોય તે યથાછંદા છે. વળી, પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધથી તે યથાછંદાનું સ્વરૂપ અન્ય પ્રકારે પણ બતાવે છે. પરતપ્તિમાં પ્રવૃત્ત અને તિંતિણ કરનાર સાધુ યથાછંદા છે. તેથી, એ પ્રાપ્ત થાય કે જે સાધુઓ સૂત્રથી વિરુદ્ધ જે કાંઈ આચરણા કરે છે, તે ઉત્સૂત્ર છે અને ભગવાને દરેક જીવોને સ્વશક્તિ અનુસાર સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યગ્પ્રવૃત્તિમાં યત્ન કરવાની આજ્ઞા કરી છે, તે પ્રમાણે જેઓ આચરતા નથી, તે સર્વ ઉત્સૂત્ર છે. આથી જ શ્રાવક પણ પ્રતિક્રમણ વખતે અતિચારની આઠ ગાથા બોલીને પોતે પ્રમાદવશ જે પંચાચારનું સેવન કર્યું નથી, તે ઉત્તરમાં આલોચનકાળે કહે છે કે મારા સેવાયેલા સર્વ અતિચારો ઉત્સૂત્ર છે, ઉન્માર્ગ છે. આમ કહીને સૂત્ર વિરુદ્ધ આચરણાની નિંદા કરીને સૂત્રાનુસારી પ્રવૃત્તિ કરવાના પરિણામવાળા થાય છે અને સુસાધુ પણ દિવસ દરમિયાન સાધ્વાચારની ક્રિયામાં જે પ્રમાદ કર્યો હોય તેનું 'सयणासयण' ગાથાથી સ્મરણ કરીને જે અતિચારો સેવ્યા હોય તે સર્વ ઉત્સૂત્ર છે ઇત્યાદિ કહીને તેની નિંદા કરે છે તોપણ સૂત્ર વિરુદ્ધ એવા શ્રાવકોની કે સાધુની તે આચરણા ઉત્સૂત્ર રૂપ છે, છતાં વિવેકી સાધુ અને શ્રાવકો તેની નિંદા-ગર્હા કરીને તે ઉત્સૂત્રને નિરનુબંધ કરે છે. તેથી તેઓની ઉત્સૂત્ર આચરણા ક્રમસર ક્ષીણક્ષીણતર થઈને સૂત્રાનુસારી થવાનું કારણ હોવાથી ફળથી સૂત્રાનુસારી છે અને તેઓનું ઉત્સૂત્ર નિરનુબંધ છે. વળી જેઓ શાસ્ત્રમાં અનુપદિષ્ટ સ્વચ્છંદ મતિથી વિકલ્પિત આચરણાઓ કરે છે, તે ઉત્સૂત્ર ઉત્તરોત્તર સ્થિરસ્થિરતર થનાર હોવાથી સાનુબંધ છે અને તેવી આચરણાને માર્ગરૂપે બતાવનાર સાધુ યથાછંદા છે અને તેઓ જે ઉત્સૂત્ર આચરે છે, તે કેવા પ્રકારનું છે, તે સ્પષ્ટ કરવાર્થે કહે છે.

નાગિલ શાખાના સાધુ કાયોત્સર્ગ વખતે રજોહરણને ઊર્ધ્વમુખ કરીને કાયોત્સર્ગ કરે છે. તેવી સામાચારી= સાધ્વાચારની ક્રિયાઓ, શાસ્ત્રમાં અનુપદિષ્ટ હોવાથી ઉત્સૂત્ર છે અને ટીકામાં કહેલ ઇત્યાદિથી તેવી અન્ય કોઈ પણ સાધુ સામાચારી કોઈ સૂરિપરંપરાથી આવેલી હોય છતાં શાસ્ત્રઉપદિષ્ટ ન હોય અને સ્વચ્છંદ મતિથી વિકલ્પિત હોય અને શાસ્ત્રમાં જે ઉત્સર્ગ-અપવાદની આચરણા કહેલ છે, તે રૂપ સિદ્ધાંત સાથે ઘટમાન ન હોય તે રૂપ આચરણા ઉત્સૂત્રરૂપ છે અને તેવી ઉત્સૂત્ર આચરણા કરતા અને ઉત્સૂત્ર પ્રરૂપણા કરતા સાધુ યથાછંદા છે અને પોતાની આચરણા શાસ્ત્ર વિરુદ્ધ છે, તેમ નહિ જાણતા તેઓ તેવી આચરણા સાનુબંધ કરે છે. જેથી તે ઉત્સૂત્ર આચરણા દૃઢ બને છે. તેથી તેવા સાધુ અવંદનીય છે.

વળી, તે સિવાય પણ અન્ય આચરણા કરનારા યથાછંદા છે, તે ગાથાના ઉત્તરાર્ધથી બતાવે છે. જેઓ ગૃહસ્થોના પ્રયોજનમાં કરણ, કરાવણ, અનુમતિથી પ્રવૃત્ત છે, તેઓ પણ યથાછંદા છે. વસ્તુતઃ સાધુએ પોતાના સંયમસ્થાનોની વૃદ્ધિ અર્થે અપ્રમાદથી યત્ન કરવો જોઈએ અને ગૃહસ્થોને ભવની નિર્ગુણતા બતાવીને તેઓની પણ સંયમને અનુકૂળ શક્તિનો સંચય થાય તેવો ઉપદેશ આપવો જોઈએ. તે સિવાય વિશિષ્ટ કારણ ન હોય તો ગૃહસ્થોના પ્રયોજનમાં સાધુ લેશ પણ પ્રવૃત્તિ કરે નહિ.

વળી, કેટલાક સાધુઓનો તિંતિણ સ્વભાવ છે. તેઓ અન્યની સ્ખલનાઓને જોઈને સતત તેઓને કચકચ કરે છે. તેવા સ્વભાવવાળા પણ સાધુ યથાછંદા છે; કેમ કે ભગવાનના વચનાનુસાર પોતાના હિતને અનુકૂળ યત્ન કરતા નથી અને યોગ્ય સાધુઓનું હિત થાય તેવી વિવેકપૂર્વકની સારણાદિ કરતા નથી, પરંતુ પોતાના અસહિષ્ણુ સ્વભાવને પોષીને અમે ઉચિત પ્રવૃત્તિ કરીએ છીએ, તેવું સ્વમતિથી વિકલ્પિત કરે છે. તેથી તેઓ ભગવાનના વચનને પરતંત્ર નથી, પરંતુ સ્વચ્છંદ મતિવાળા છે, તેથી યથાછંદા છે. **॥૧૦૦॥**

**ગાથા :-**

**सच्छंदमइविगप्पिअ, किंची सुहसायविगइपडिबद्धो ।**
**तिहिं गारवेहिं मज्जइ, तं जाणाही अहाछंदं ।।१०१।।**

**અન્વયાર્થ :-**

**सच्छंदमइविगप्पिअ किंची=સ્વચ્છંદ મતિવિકલ્પિત કંઈક લોકોને કહીને, सुहसायविगइपडिबद्धो= સુખઆસ્વાદન વિગ્ગઈમાં પ્રતિબદ્ધ, तिहिं गारवेहिं मज्जइ=ત્રણ ગારવોથી મદ કરનાર, तं जाणाही अहाछंदं=તેને તું યથાછંદ જાણ. ॥૧૦૧॥**

**ગાથાર્થ :-**

**સ્વચ્છંદ મતિવિકલ્પિત કંઈક લોકોને કહીને સુખઆસ્વાદન વિગ્ગઈમાં પ્રતિબદ્ધ ત્રણ ગારવોથી મદ કરનાર છે, તેને તું યથાછંદ જાણ. ॥૧૦૧॥**

**ટીકા :-**

'सच्छंद्रमइ'त्ति । स्वच्छन्दमतिविकल्पितं किञ्चित्कृत्वा तल्लोकाय प्रज्ञापयति कदालम्बनम्, ततः प्रज्ञापनगुणेन लोकाद् विकृतीर्लभते, ताश्च विकृतीः परिभुञ्जानः स्वसुखमासादयति, तेन च सुखासादनेन तत्रैव रतिमातिष्ठते, तथा चाह—सुखासादे विकृतौ च प्रतिबद्धः तथा तेन स्वच्छन्दमति-विकल्पितप्रज्ञापनेन लोके पूज्यो भवति, अभीष्टरसांश्चाहारादीन् प्रतिलभते वसत्यादिकं च विशिष्टम्, अतः स आत्मानमन्येभ्यो बहु मन्यते, तथा चाह—'त्रिभिर्गारवैः' ऋद्धिरससातलक्षणैर्माद्यति, य एवंभूतस्तं यथाछन्दं त्वं जानीहि ।।१०१।।

**ટીકાર્થ :-**

स्वच्छन्दमतिविकल्पितं ..... जानीहि ।। સ્વચ્છંદ મતિથી વિકલ્પિત કંઈક કરીને તેને=સ્વચ્છંદ મતિથી વિકલ્પિત તે કદાલંબનને, લોકોને કહે છે. તેથી=સ્વચ્છંદ મતિથી વિકલ્પિત લોકોને કહે છે તેથી પ્રજ્ઞાપન ગુણને કારણે લોકોથી વિકૃતિને પ્રાપ્ત કરે છે=લોકોને કંઈક નવું કથન કર્યું તે સાંભળીને તેનાથી પ્રભાવિત થયેલા લોકો પાસેથી વિગ્ગઈઓને પ્રાપ્ત કરે છે અને તે વિગ્ગઈઓને ભોગવતો સ્વસુખને પ્રાપ્ત કરે છે=ઈન્દ્રિયોના આહ્લાદરૂપ સુખને પ્રાપ્ત કરે છે અને તે સુખાસ્વાદનથી તેમાં જ=તે સુખની પ્રાપ્તિના ઉપાયમાં જ, રતિને કરે છે અને તે રીતે કહે છે=લોકોને સ્વચ્છંદ-વિકલ્પિત કહીને વિકૃતિના સુખને પ્રાપ્ત કરે છે એમ પૂર્વમાં કહ્યું તે રીતે કહે છે. સુખના આસ્વાદનમાં અને વિગ્ગઈઓમાં પ્રતિબદ્ધ અને તે સ્વચ્છંદ મતિવિકલ્પિત પ્રજ્ઞાપનથી લોકમાં પૂજ્ય થાય છે અને ઈચ્છિત રસવાળા આહારને પ્રાપ્ત કરે છે, વિશિષ્ટ વસ્તી આદિને પ્રાપ્ત કરે છે. આથી=લોકોમાં પૂજ્ય થવાને કારણે પોતે વિશિષ્ટ આહાર અને વસ્તી પામેલ છે આથી, તે=યથાછંદ સાધુ, પોતાને અન્ય સાધુઓથી બહુ માને છે અર્થાત્ તે સાધુ કરતાં હું ઉત્તમ છું, તેવું માને છે અને તે રીતે કહે છે= પૂર્વમાં કહ્યું કે યથાછંદ સાધુ વિકૃતિમાં પ્રતિબદ્ધ, લોકોથી પૂજાતા પોતાને અતિશય માને છે તે રીતે ગાથામાં કહે છે. ત્રણ ગારવોથી=ઋદ્ધિ, રસ અને શાતા લક્ષણ ત્રણ ગારવોથી, હર્ષિત થાય છે. જે આવા પ્રકારના છે=પ્રસ્તુત ગાથામાં કહ્યું એવા પ્રકારના ત્રણ ગારવવાળા છે, તેને તું યથાછંદ જાણ. ॥૧૦૧॥

**ભાવાર્થ :-**

સામાન્યથી સંસારનું સ્વરૂપ જાણીને આત્મકલ્યાણ અર્થે સંયમ ગ્રહણ કરેલા સાધુને પણ ક્યારેક બલવાન નિમિત્તથી, ક્યારેક બલવાન કર્મથી તો ક્યારેક બલવાન પ્રમાદથી બાહ્ય વિષયોને અભિમુખ ચિત્ત બને છે અને સાધુપણાની અવસ્થામાં તેવા સુખમાં અર્થી થયેલા તે સાધુઓ સ્વચ્છંદ મતિથી પદાર્થો વિકલ્પિત કરે છે. જિનવચનાનુસાર પદાર્થની વિચારણાની તેઓની મતિ નષ્ટ થાય છે. તેથી લોકના આવર્જનના ઉપાય સ્વરૂપે મારે શું કહેવું, તે પ્રકારે જ તેઓનો ઊહાપોહ પ્રવર્તે છે અને સામાન્યથી ધર્મને

અભિમુખ થયેલા લોકો પણ ચિત્તને આવર્જન કરે તેવું કંઈક નવું સાંભળે ત્યારે તે ઉપદેશકના વચનથી પ્રભાવિત થાય છે અને તેવા લોકોથી તે સાધુ સુંદર આહાર, સુંદર વસ્તી, માન-સત્કાર આદિ પ્રાપ્ત કરે છે અને માર્ગાનુસારી બુદ્ધિ નષ્ટ થયેલી હોવાથી તે સાધુને એમ જ જણાય છે કે અન્ય સાધુઓ કરતાં હું વિશિષ્ટ છું. આથી જ લોકોને ધર્મની પ્રવૃત્તિમાં આવર્જિત કરી શકું છું. આ રીતે વિપરીત મતિ કરીને ત્રણ ગારવોથી જેઓ પોતાનો વિનાશ કરે છે, તેઓને તમારે યથાછંદા જાણવા. **॥૧૦૧॥**

**અવતરણિકા :-**

**इहोत्सूत्रं प्ररूपयन् यथाछन्द उक्तः, तत्प्ररूपणामेव भेदतः प्ररूपयति –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=યથાછંદાના સ્વરૂપમાં, ઉત્સૂત્રને પ્રરૂપણ કરતો યથાછંદ કહેવાયો. તેની પ્રરૂપણાને જ ભેદથી બતાવે છે –**

**ગાથા :-**

**अहछंदे पडिवत्ती, उस्सुत्तपरूवणम्मि दुवियप्पा ।**
**चरणेसु गईसु तहा, जं ववहारम्मि भणियमिणं ।।१०२।।**

**અન્વયાર્થ :-**

**अहछंदे पडिवत्ती=યથાછંદમાં વ્યાખ્યાનશૈલી, उस्सुत्तपरूवणम्मि दुवियप्पा=ઉત્સૂત્ર પ્રરૂપણાના વિષયમાં બે વિકલ્પવાળી છે, चरणेसु गईसु तहा=ચરણવિષયક અને ગતિવિષયક, जं ववहारम्मि भणियमिणं=જે કારણથી વ્યવહારમાં આ કહેવાયેલું છે. ।।૧૦૨।।**

**ગાથાર્થ :-**

**યથાછંદમાં વ્યાખ્યાનશૈલી ઉત્સૂત્ર પ્રરૂપણાના વિષયમાં બે વિકલ્પવાળી છે. ચરણવિષયક અને ગતિવિષયક. જે કારણથી વ્યવહારમાં આ કહેવાયેલું છે. ।।૧૦૨।।**

**ટીકા :-**

**'अहछंदे'त्ति । यथाछन्दे 'प्रतिपत्तिः' व्याख्याशैली उत्सूत्रप्ररूपणे द्विविकल्पा भवति, चरणेषु तथा गतिषु । यद् इदं व्यवहारे भणितम् ।।१०२।।**

**ટીકાર્થ :-**

**यथाछन्दे ..... भणितम् ।। યથાછંદમાં પ્રતિપત્તિ=વ્યાખ્યાનશૈલી, ઉત્સૂત્ર પ્રરૂપણાના વિષયમાં બે વિકલ્પવાળી હોય છે. ચરણમાં અને ગતિમાં. જે કારણથી વ્યવહારમાં=વ્યવહારસૂત્રમાં, આ કહેવાયું છે=આગળની ગાથામાં બતાવશે એ કહેવાયું છે. ।।૧૦૨।।**

**ગાથા :-**

**अहछंदस्स परूवण, उस्सुत्ता दुविह होइ णायव्वा ।**
**चरणेसु गईसुं जा, तत्थ चरणे इमा होइ ।।१०३।।**

**અન્વયાર્થ :-**

**अहछंदस्स परूवण उस्सुत्ता=યથાછંદની ઉત્સૂત્ર પ્રરૂપણા, दुविह होइ णायव्वा=બે પ્રકારની જ્ઞાતવ્ય થાય છે, चरणेसु गईसुं=ચારિત્રના વિષયમાં અને ગતિના વિષયમાં, तत्थ=ત્યાં=બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણામાં, जा चरणे=જે ચારિત્રના વિષયમાં છે, इमा होइ=તે આ થાય છે. ।।૧૦૩।।**

**ગાથાર્થ :-**

**યથાછંદની ઉત્સૂત્ર પ્રરૂપણા બે પ્રકારની જ્ઞાતવ્ય થાય છે. ચારિત્રના વિષયમાં અને ગતિના વિષયમાં. ત્યાં=બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણામાં, જે ચારિત્રના વિષયમાં છે, તે આ થાય છે. ।।૧૦૩।।**

**ટીકા :-**

**'अहछंदस्स'त्ति । यथाछन्दस्य प्ररूपणा 'उत्सूत्रा' सूत्रादुत्तीर्णा द्विविधा भवति ज्ञातव्या, तद्यथा— 'चरणेषु' चरणविषया 'गतिषु' गतिविषया, तत्र या चरणे चरणविषया सा 'इयं' वक्ष्यमाणा भवति ।।१०३।।**

**ટીકાર્થ :-**

**यथाछन्दस्य ..... भवति ।। યથાછંદની પ્રરૂપણા ઉત્સૂત્ર=સૂત્રથી ઉત્તીર્ણ, બે પ્રકારની જ્ઞાતવ્ય થાય છે. તે આ પ્રમાણે — ચારિત્રના વિષયોમાં અને ગતિના વિષયોમાં ત્યાં ચારિત્રમાં=ચરણ વિષયવાળી, જે પ્રરૂપણા છે, તે આ=વક્ષ્યમાણ, થાય છે. ।।૧૦૩।।**

**ભાવાર્થ :-**

ગાથા-૯૯માં કહેલ કે યથાછંદા ઉત્સૂત્રની આચરણા કરે છે અને ઉત્સૂત્રની પ્રરૂપણા કરે છે અને ગાથા-૧૦૦ના પૂર્વાર્ધમાં ઉત્સૂત્રનું સ્વરૂપ બતાવ્યું. હવે, યથાછંદા જે ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે, તે શેના વિષયમાં કરે છે, તે બતાવવાર્થે કહે છે. ચારિત્રના વિષયમાં અને ગતિના વિષયમાં તેઓ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. તેમાંથી પ્રથમ ચારિત્રની ઉત્સૂત્ર પ્રરૂપણા તેઓની કઈ છે, તે બતાવતાં કહે છે. જેને આગળની ગાથામાં સ્પષ્ટ કરે છે. **।।૧૦૨-૧૦૩।।**

**અવતરણિકા :-**

**तामेवाह —**

**અવતરણિકાર્થ :-**

તેને જ કહે છે=ચારિત્ર વિષયક યથાછંદાની પ્રરૂપણાને કહે છે –

**ગાથા :-**

**पडिलेहणि मुहपोत्तिय, रयहरणनिसिज्ज पायमत्तए पट्टे ।**
**पडलाइं चोल उण्णा, दसिया पडिलेहणा पोत्तं ।।१०४।।**

**અન્વયાર્થ :-**

पडिलेहणि=પડિલેહણામાં, मुहपोत्तिय=મુહપત્તિના વિષયમાં, रयहरणनिसिज्ज=રજોહરણ નિષધાના વિષયમાં, पायमत्तए पट्टे=પાત્રમાત્રકના વિષયમાં, પટ્ટના વિષયમાં, पडलाइं चोल उण्णा=ચોલપટ્ટાને પટલો કરવાના વિષયમાં, ઉર્ણની દસીઓના વિષયમાં, दसिया पडिलेहणा पोत्तं=વસ્ત્ર ઉપર પડિલેહણાના વિષયમાં યથાછંદ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. ।।૧૦૪।।

**ગાથાર્થ :-**

**પડિલેહણામાં, મુહપત્તિના વિષયમાં, રજોહરણ નિષધાના વિષયમાં, પાત્રમાત્રકના વિષયમાં, પટ્ટના વિષયમાં, ચોલપટ્ટાને પટલો કરવાના વિષયમાં, ઉર્ણની દસીઓના વિષયમાં અને વસ્ત્ર ઉપર પડિલેહણાના વિષયમાં યથાછંદ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. ।।૧૦૪।।**

**ટીકા :-**

**'पडिलेहणि'त्ति । 'मुखपोतिका' मुखवस्त्रिका सैव 'प्रतिलेखनी' पात्रप्रत्युपेक्षिका पात्रकेसरिका, किं द्वयोः परिग्रहेण ? अतिरिक्तोपधिग्रहणदोषादेकयैव मुखपोतिकया कायभाजनोभयप्रत्युपेक्षणकार्य-निर्वाहेणापरवैफल्यात् । तथा 'रयहरणणिसिज्ज'त्ति किं रजोहरणस्य द्वाभ्यां निषद्याभ्यां कर्त्तव्यम् ? एकैव निषद्याऽस्तु । 'पायमत्तए'त्ति यदेव पात्रं तदेव मात्रकं क्रियताम्, मात्रकं वा पात्रं क्रियतां किं द्वयोः परिग्रहेण ? एकेनैवान्यकार्यनिष्पत्तेः, भणितं च–**"यो भिक्षुस्तरुणो बलवान् स एकं पात्रं गृह्णीयात्" इति । तथा 'पट्ट'त्ति य एव चोलपट्टकः स एव रात्रौ संस्तारकस्योत्तरपट्टः क्रियतां किं पृथगुत्तरपट्टग्रहेण ? । तथा 'पडलाइं चोल'त्ति पटलानि किमिति पृथग् ध्रियन्ते ? चोलपट्टक एव भिक्षार्थं हिण्डमानेन द्विगुणस्त्रिगुणो वा कृत्वा पटलस्थाने निवेश्यताम् । 'उण्णादसिय'त्ति रजोहरणस्य दशाः किमित्यूर्णमय्यः क्रियन्ते ? क्षोमिकाः क्रियन्तां ? ता ह्युर्णमयीभ्यो मृदुतरा भवन्ति । 'पडिलेहणापोत्तं'ति प्रतिलेखनावेलायामेकं पोतं प्रस्तार्य तस्योपरि समस्तवस्त्रप्रत्युपेक्षणां कृत्वा तदनन्तरमुपाश्रयात्बहिः प्रत्युपेक्षणीयम्, एवं हि महती जीवदया कृता भवतीति ।।१०४।।

**ટીકાર્થ :-**

'मुखपोतिका' ..... भवतीति ।। મુખપોતિકા=મુખવસ્ત્રિકા જ, પ્રતિલેખિની=પાત્રની પ્રત્યુપેક્ષિકા=

**પાત્રકેસરિકા, કરવી જોઈએ. બેના ગ્રહણથી શું ? અર્થાત્ સાધુએ અલ્પ પરિગ્રહી થવા અર્થે પાત્રકેસરિકા રાખવી જોઈએ નહિ; કેમ કે અતિરિક્ત ઉપધિના ગ્રહણનો દોષ હોવાથી એક જ મુહપત્તિથી કાયા અને ભાજન ઉભયનું પ્રત્યુપેક્ષણના કાર્યનો નિર્વાહ થતો હોવાથી અપરનું= પાત્રકેસરિકાનું વૈફલ્ય છે અને રજોહરણની નિષદ્યા વિષયક પ્રરૂપણા બતાવે છે. રજોહરણની બે નિષદ્યા કેમ કરવી જોઈએ ? એક જ નિષદ્યા હો. પાત્રમાત્રક વિષયક પ્રરૂપણા બતાવે છે. જે પાત્ર છે તે જ માત્રક કરાઓ અથવા માત્રક જ પાત્ર કરાઓ. બેના પરિગ્રહથી શું ? અર્થાત્ બેનો પરિગ્રહ કરવો જોઈએ નહિ; કેમ કે એક જ એવા તેનાથી અન્યના કાર્યની નિષ્પત્તિ છે અને કહેવાયું છે.**

જે ભિક્ષુ તરુણ, બલવાન છે, તે એક પાત્રને ગ્રહણ કરે અને પટ્ટના વિષયમાં=ચોલપટ્ટાના વિષયમાં, ઉત્સૂત્ર કહે છે. જે જ ચોલપટ્ટક છે, તે જ રાત્રિમાં સંથારાનો ઉત્તરપટ્ટો કરાઓ. પૃથક્ ઉત્તરપટ્ટાના ગ્રહણથી શું ? અને પટ્ટનું કેમ પૃથક્ ગ્રહણ કરાય છે ? અર્થાત્ પાત્ર ઉપર સાધુ જે કપડાના પટલો મૂકે છે, તે પટલો કેમ પૃથક્ કરાય છે ? ચોલપટ્ટક જ ભિક્ષા માટે ફરતા સાધુ વડે બે ગુણ અથવા ત્રણ ગુણ કરીને પટલ સ્થાનમાં નિવેશ કરાઓ અર્થાત્ ઉપરનું કપડું એ રીતે રાખે કે જેથી નગ્ન દેખાય નહિ અને ચોલપટ્ટાને જ પટલ રૂપે ઉપયોગ કરે. જેથી પાત્ર ઉપર નવા પટલરૂપ વસ્ત્રોનો પરિગ્રહ થાય નહિ. રજોહરણની દસીઓ ઉર્ણમય કેમ કરાય છે ? સુતરાઉ જ કરાઓ. હિ=જે કારણથી, તે=સુતરાઉ દસીઓ, ઉર્ણમયી દસીઓથી મૃદુતર હોય છે અર્થાત્ સાધુએ રજોહરણની દસીઓ સુતરાઉ જ કરવી જોઈએ. જેથી જીવરક્ષા વિશેષથી થઈ શકે. પ્રતિલેખના વેળામાં એક વસ્ત્ર પાથરીને તેના ઉપર બધી વસ્ત્ર પ્રત્યુપેક્ષણાને કરીને ત્યારપછી ઉપાશ્રયથી બહિર્ પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ અર્થાત્ તે વસ્ત્રની ઉપાશ્રયની બહાર પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ. હિ=જે કારણથી, આ રીતે=એક વસ્ત્ર પાથરીને તેના ઉપર પ્રત્યુપેક્ષણા કરવાથી અને તે વસ્ત્રને ઉપાશ્રય બહાર પ્રત્યુપેક્ષણા કરવામાં આવે તે રીતે, મોટી જીવદયા કરાય છે. ॥૧૦૪॥

**ભાવાર્થ :-**

અતીન્દ્રિય પદાર્થોને સર્વજ્ઞ સાક્ષાત્ જોનારા છે. તેઓએ સંયમનું ઉપકારક ઉપકરણ અને તેને કઈ રીતે સેવવું જોઈએ, તેની વિધિ બતાવી છે. છદ્મસ્થે સર્વજ્ઞના વચનના તાત્પર્યને જાણવા યત્ન કરવો જોઈએ. સ્વમતિ પ્રમાણે યુક્તિઓ અને કુયુક્તિઓથી યોજન કરીને લોક આગળ પ્રરૂપણા કરવી જોઈએ નહિ. છતાં, જેઓની મતિ સર્વજ્ઞના વચનને પરતંત્ર થઈને વસ્તુને જાણવા યત્ન કરતી નથી અને સ્વમતિના વિકલ્પોમાં અતિ રુચિ હોવાથી સર્વજ્ઞના વચનનો અપલાપ કરીને પોતે અલ્પ પરિગ્રહવાળા છે અને સંયમની અતિ ઉચિત પ્રવૃત્તિ કરનારા છે. તેઓ લોકોની આગળ બતાવવાર્થે સ્વકલ્પિત યુક્તિઓથી સાધુને કેમ અલ્પ પરિગ્રહની પ્રાપ્તિ થાય, તેની વિચારણા કરે છે, જે યથાછંદાની નિષ્પત્તિનું બીજ છે. **॥૧૦૪॥**

**ગાથા :-**

**दंतच्छिन्नमलित्तं, हरियट्ठिय मज्जणा य णिंतस्स ।**
**अणुवाई अणणुवाई, परूव चरणे गतीसुं पि ।।१०५।।**

**અન્વયાર્થ :-**

दंतच्छिन्नमलित्तं=દાંતથી છેદવા=નખથી દાંતને છેદવા, અલિપ્ત=પાત્રાને લેપ નહિ કરવો, हरियट्ठिय=વનસ્પતિ ઉપર રહેલ=વનસ્પતિ ઉપર ગ્રહણ કરવું, मज्जणा य णिंतस्स=જતાની પ્રમાર્જના=વસ્તી બહાર જતા સાધુની પ્રમાર્જના, चरणे गतीसुं पि=ચરણના વિષયમાં અને ગતિના વિષયમાં પણ अणुवाई अणणुवाई परूव=અનુપાતિ, અનનુપાતિ પ્રરૂપણા યથાછંદા કરે છે. ॥૧૦૫॥

**ગાથાર્થ :-**

**દાંતથી છેદવા=નખથી દાંતને છેદવા, અલિપ્ત=પાત્રાને લેપ નહિ કરવો, વનસ્પતિ ઉપર રહેલ=વનસ્પતિ ઉપર ગ્રહણ કરવું, જતાની પ્રમાર્જના=વસ્તી બહાર જતા સાધુની પ્રમાર્જના, ચરણના વિષયમાં અને ગતિના વિષયમાં પણ અનુપાતિ, અનનુપાતિ પ્રરૂપણા યથાછંદા કરે છે. ॥૧૦૫॥**

**ટીકા :-**

'दंतच्छिन्न'मिति । हस्तगताः पादगता वा नखाः प्रवृद्धा दन्तैश्छेत्तव्या न नखरदनेन, नखरदनं हि ध्रियमाणमधिकरणं भवति । तथा 'अलिप्त'मिति पात्रमलिप्तं कर्त्तव्यं न पात्रं लेपनीयमिति भावः, पात्रलेपने बहुसंयमदोषसम्भवात् । 'हरिअट्ठिअ'त्ति हरितप्रतिष्ठितं भक्तपानादि डगलादि च ग्राह्यम्, तद्ग्रहणे हि तेषां हरितकायजीवानां भारापहारः कृतो भवति, अन्यथा तु दुःखितदुःखानपहारेणा-दयालुत्वं स्यादिति । 'मज्जणा य णिंतस्स'त्ति यदि छन्ने जीवदयानिमित्तं प्रमार्जना क्रियते ततो बहिरप्यच्छन्ने क्रियताम्, जीवदयापरिपालनरूपस्य निमित्तस्योभयत्रापि सम्भवात् । अक्षरघटना त्वेवम्— 'निंतस्स' निर्गच्छतः प्रमार्जना भवतु यथा वसतेरन्तरिति । एवं यथाछन्देन चरणेषु गतिषु च प्ररूपणा 'अनुपातिनी' अनुसारिणी 'अननुपातिनी' अननुसारिणी च क्रियते ।।१०५।।

**ટીકાર્થ :-**

हस्तगताः ..... क्रियते ।। વધેલા હાથના નખો અને પગના નખો દાંતો વડે જ છેદવા જોઈએ. નખ કાપવાના સાધનથી નહિ. हि=જે કારણથી, ધારણ કરાતું, નખ કાપવાનું સાધન અધિકરણ થાય છે અર્થાત્ આરંભ-સમારંભનું સાધન બને છે અને પાત્ર અલિપ્ત રાખવું જોઈએ. પાત્રને લેપ કરવો ન જોઈએ; કેમ કે પાત્રના લેપમાં બહુ સંયમના દોષનો સંભવ છે. વનસ્પતિ ઉપર રહેલું આહાર-પાણી અને ડગલાદિ ગ્રહણ કરવાં જોઈએ. हि=જે કારણથી, તેના ગ્રહણમાં=વનસ્પતિ ઉપર રહેલા આહારના, પાણીના કે ડગલાદિના ગ્રહણમાં, તે વનસ્પતિકાયના જીવોના ભારનો અપહાર કરાયેલો થાય છે. વળી, અન્યથા=વનસ્પતિ ઉપર રહેલા તે આહારાદિને ગ્રહણ કરવામાં ન આવે તો, દુઃખિત એવી વનસ્પતિના દુઃખના અનપહારને કારણે અદયાલુપણું થાય. જો ઢંકાયેલા સ્થાનમાં જીવદયા નિમિત્તે પ્રમાર્જના કરાય છે=અંધારામાં ચાલતી વખતે સાધુ વડે ઉપાશ્રયાદિમાં રાત્રે ગમન વખતે

પ્રમાર્જના કરાય છે તો બહાર પણ=ખુલ્લા સ્થાનમાં પણ, કરાઓ=રાત્રે સાધુ વડે ગમનકાળમાં પ્રમાર્જના કરાઓ; કેમ કે જીવદયાના પરિપાલનરૂપ નિમિત્તનું ઉભયત્ર પણ=ખુલ્લામાં કે ઢંકાયેલા સ્થાન બંનેમાં પણ, સંભવ છે. અક્ષર ઘટના આ પ્રમાણે છે=ગાથામાં કહ્યું કે मज्जणा य णिंतस्स અને તેનો અર્થ પૂર્વમાં કર્યો તેના ઉપરથી ગાથાના શબ્દોનું યોજન થાય નહિ. એથી કહે છે, તે અક્ષરોની ઘટના આ પ્રમાણે છે – બહાર નીકળતા સાધુની પ્રમાર્જના થાઓ. જે પ્રમાણે વસ્તીની અંદર પ્રમાર્જના કરાય છે, એ પ્રમાણે યથાછંદ વડે ચારિત્રના વિષયમાં અને ગતિના વિષયમાં અનુપાતિની=અનુસરનારી=યુક્તિને અનુસરનારી અને અનનુપાતિ=યુક્તિથી વિકલ, પ્રરૂપણા કરાય છે અર્થાત્ પૂર્વગાથામાં કહ્યું એ અને પ્રસ્તુત ગાથામાં કહ્યું એ કથન દ્વારા ચારિત્રના વિષયમાં અને ઉપાશ્રયની બહાર જતાં પ્રમાર્જના કરવી જોઈએ એ રૂપ ગતિના વિષયમાં પ્રરૂપણા કરાય છે. એ પ્રરૂપણા સ્થૂલથી કેટલીક યુક્તિસંગત દેખાય છે અને કેટલીક યુક્તિ વગરની પણ દેખાય છે. પરમાર્થથી તો શાસ્ત્રવચન નિરપેક્ષ હોવાથી તે સર્વ પ્રરૂપણા યુક્તિ બાહ્ય જ છે. ॥૧૦૫॥

**અવતરણિકા :-**

अथ किंस्वरूपाऽनुपातिनी ? किंस्वरूपा वाऽननुपातिनी ? इत्यनुपातिन्यननुपातिन्योः स्वरूपमाह –

**અવતરણિકાર્થ :-**

હવે, કેવા સ્વરૂપવાળી અનુપાતિ છે ?=યથાછંદાની પ્રરૂપણા કેવા સ્વરૂપવાળી યુક્તિને અનુસરનારી છે ? અથવા કેવા સ્વરૂપવાળી અનનુપાતિ છે=યથાછંદાની પ્રરૂપણા કેવા સ્વરૂપવાળી યુક્તિને અનનુપાતિ છે, એ પ્રકારે અનુપાતિ, અનનુપાતિના સ્વરૂપને કહે છે –

**ગાથા :-**

**अणुवाइ त्ती णज्जइ, जुत्तीपडिअं खु भासए एसो ।**
**जं पुण सुत्तावेयं, तं होइ अणाणुवाइ त्ति ।।१०६।।**

**અન્વયાર્થ :-**

अणुवाइ त्ती णज्जइ=અનુપાતિ એ પ્રમાણે જણાય છે, जुत्तीपडिअं खु भासए एसो=યુક્તિ પતિત નિશ્ચિત આ=યથાછંદા, બોલે છે, जं पुण सुत्तावेयं तं होइ अणाणुवाइ त्ति=વળી, જે સૂત્રથી ઉપલબ્ધ યુક્તિથી રહિત છે, તે અનનુપાતિ થાય છે. ॥૧૦૬॥

**ગાથાર્થ :-**

અનુપાતિ એ પ્રમાણે જણાય છે. કઈ અનુપાતિ જણાય છે ? એથી કહે છે. યુક્તિપતિત નિશ્ચિત આ=યથાછંદા, બોલે છે. વળી, જે સૂત્રથી ઉપલબ્ધ યુક્તિથી રહિત છે, તે અનનુપાતિ થાય છે. ॥૧૦૬॥

**ટીકા :-**

**'अणुवाइत्ति'त्ति । यद् भाषमाणः स यथाछन्दो ज्ञायते, यथा 'खु'निश्चितं 'युक्तिपतितं' युक्तिसङ्गतमेष भाषते तदनुपाति प्ररूपणम्, यथा—यैव मुखपोतिका सैव प्रतिलेखनिकाऽस्त्वित्यादि । यत्पुनर्भाष्यमाणं 'सूत्रापेतं' सूत्रोपष्टब्धयुक्तिविकलं प्रतिभासते तद्भवत्यननुपाति, यथा—चोलपट्टः पटलानि क्रियन्तामिति, षट्पदिकानां पतनसम्भवतो युक्त्यसङ्गततया प्रतिभासमानत्वात् । अथवा सर्वाण्येव पदान्यगीतार्थप्रतिभासापेक्षयाऽनुपातीनि, गीतार्थापेक्षया त्वननुपातीनीति, तदुक्तमन्यत्र—**

"अहवा सव्वे पया अगीतस्स अणुवाई प्रतिभान्ति, गीतार्थस्याननुपाती[नि,]अनभिहितत्वात् सदोषत्वाच्च ।"

**युक्तं चैतत्, अत एव परमार्थतो यथाछन्दप्ररूपणेऽननुपातित्वमेव प्रागुक्तमिति ।।१०६।।**

**ટીકાર્થ :-**

**यद् ..... प्रागुक्तमिति ।। જેને બોલતા એવા તે યથાછંદ જણાય છે. જે પ્રમાણે નિશ્ચિત યુક્તિપતિત= યુક્તિસંગત, આ બોલે છે તે=યથાછંદાનું તે પ્રરૂપણ, અનુપાતિ છે=યુક્તિ અનુપાતિ છે. કઈ રીતે યુક્તિ અનુપાતિ છે, તે यथाથી સ્પષ્ટ કરે છે. જે જ મુહપત્તી છે, તે જ પ્રતિલેખના થાઓ ઈત્યાદિ યુક્તિ અનુપાતિ છે. વળી, જે બોલાતું સૂત્રથી રહિત=સૂત્રને ઉપષ્ટંભક એવી યુક્તિથી વિકલ પ્રતિભાસ થાય છે, તે અનનુપાતિ થાય છે. કઈ રીતે યુક્તિ અનનુપાતિ છે, તે 'यथा'થી બતાવે છે. ચોલપટ્ટક પટલાઓ કરાઓ=ભિક્ષાના પાત્રના ઢાંકવાના પાત્રાના પટલાઓ કરાઓ, તે યુક્તિ રહિત છે; કેમ કે જૂના પતનનો સંભવ હોવાથી=ચોલપટ્ટકમાં રહેલી જૂનો પાત્રામાં રહેલ આહારમાં પતનનો સંભવ હોવાથી, યુક્તિથી અસંગતપણારૂપે પ્રતિભાસમાનપણું છે અર્થાત્ યથાછંદાનું તે કથન યુક્તિ રહિત વિચારકને પ્રતિભાસન થાય છે અથવા સર્વ જ પદો=ગાથા-૧૦૪, ૧૦૫માં બતાવ્યાં એ સર્વ જ સ્થાનો, અગીતાર્થના પ્રતિભાસની અપેક્ષાથી અનુપાતિ છે. વળી, ગીતાર્થની અપેક્ષાથી અનનુપાતિ છે અર્થાત્ યથાછંદા જે સર્વ સ્થાનો સ્વકલ્પનાથી જોડે છે, તે સ્થૂલ મતિવાળા અગીતાર્થ સાધુને યુક્તિયુક્ત જણાય છે. શાસ્ત્રથી પરિષ્કૃત મતિવાળા ગીતાર્થને તે સર્વ વચનો યુક્તિ રહિત જ જણાય છે; કેમ કે ગીતાર્થ સાધુ સર્વ આચારોના પરમાર્થને જિનવચનાનુસાર જાણી શકે છે. તેથી પરમાર્થની સૂક્ષ્મ વિચારણાથી યથાછંદાનાં સર્વ વચનો ઉચિત પ્રવૃત્તિના બાધક છે, તેમ જણાય છે. તે='અથવા'થી જે કહ્યું તે, અન્યત્ર=કોઈક આગમમાં, કહેવાયું છે.**

"અથવા સર્વ પદો=યથાછંદાનાં સર્વ કથનો, અગીતાર્થને અનુપાતિ જણાય છે. ગીતાર્થને અનનુપાતિ જણાય છે; કેમ કે અનભિહિતપણું છે=શાસ્ત્રમાં તે રીતે કથન નથી અને સદોષપણું છે=યથાછંદાની મતિ અનુસાર કલ્પાયેલામાં સંયમની હાનિરૂપ સદોષપણું છે."

**અને આ='અથવા'થી કહ્યું એ, યુક્ત છે. આથી જ=યથાછંદાની સર્વ પ્રરૂપણા યુક્તિરહિત છે. આથી પરમાર્થથી યથાછંદાની પ્રરૂપણામાં અનનુપાતિ જ, પૂર્વમાં કહેવાયું=ગાથા-૧૦૫ના અંતે કહેવાયું. ।।૧૦૬।।**

**ભાવાર્થ :-**

યથાછંદા સ્વમતિના વિકલ્પથી અલ્પ ઉપધિ કરવાર્થે શાસ્ત્રસંમત ઉપધિનો અપલાપ કરીને કઈ રીતે સંયમનું પાલન થઈ શકે છે, તે બતાવવા યુક્તિઓ કરે છે અને તેથી જ કહે છે કે મુખવસ્ત્રિકાથી જેમ દેહ આદિનું પડિલેહણ થાય છે, તેમ પાત્રાનું પડિલેહણ પણ મુખવસ્ત્રિકાથી કરવું જોઈએ. જેનાથી પાત્રકેસરિકા અલ્પ થવાથી સંયમની સાધના વિશેષથી થઈ શકે છે; કેમ કે અપરિગ્રહ ભાવનાને સ્થિર કરવામાં શક્ય અલ્પ ઉપધિ સહાયક છે. તેથી, સ્થૂલથી જોનારને તે કથન યુક્તિયુક્ત જણાય. પરમાર્થથી તે યુક્તિયુક્ત નથી, તેમ ગીતાર્થ જાણી શકે છે; કેમ કે મુખવસ્ત્રિકામાં કોઈક દેહ ઉપરની જૂ આદિ રહેલી હોય અને પાત્રાનું પડિલેહણ કરે તો તેમાં પડવાની સંભાવના છે અથવા થૂંક આદિથી મુખવસ્ત્રિકામાં કોઈક સંમૂર્ચ્છિમ થયા હોય અને તે પાત્રામાં પડે તો તેની હિંસા થવાનો સંભવ છે માટે ગીતાર્થની દૃષ્ટિએ યથાછંદાનાં સર્વ કથનો યુક્તિથી રહિત છે. **॥૧૦૬॥**

**અવતરણિકા :-**

**तदेतच्चरणप्ररूपणायां प्ररूपणमनुपात्यननुपाति चोक्तम्, इदं चान्यद् द्रष्टव्यम्, तदेवाह –**

**અવતરણિકાર્થ :-**

**તે આ ચારિત્રની પ્રરૂપણામાં અનુપાતિ, અનનુપાતિ પ્રરૂપણ કહેવાયું=પૂર્વની ગાથાઓમાં યથાછંદા ચારિત્રની આચરણામાં કેવી અનુપાતિ, અનનુપાતિ પ્રરૂપણાઓ કરે છે, તે કહેવાયું અને આ=ગાથામાં કહે છે એ, અન્ય જાણવું=યથાછંદાનું અન્ય પ્રરૂપણ જાણવું, તેને જ કહે છે=ચારિત્ર સિવાય અન્ય યથાછંદાની પ્રરૂપણાને જ કહે છે –**

**ગાથા :-**

**सागारिआइ पलिअंक णिसेज्जासेवणा य गिहिमत्ते ।**
**णिग्गंथिचेट्ठणाई, पडिसेहो मासकप्पस्स ।।१०७।।**

**અન્વયાર્થ :-**

**सागारिआइ=સાગારિક આદિ, पलिअंक=પલંગ, णिसेज्जासेवणा य=નિષધાસેવન, गिहिमत्ते=ગૃહિમાત્ર, णिग्गंथिचेट्ठणाई=નિર્ગ્રંથીના સ્થાનમાં, पडिसेहो मासकप्पस्स=માસકલ્પ પ્રતિષેધ વિષયક યથાછંદા સ્વચ્છંદ મતિથી પ્રરૂપણા કરે છે. ।।૧૦૭।।**

**ગાથાર્થ :-**

**સાગારિક આદિ, પલંગ, નિષધાસેવન, ગૃહિમાત્ર, નિર્ગ્રંથીના સ્થાનમાં અને માસકલ્પ પ્રતિષેધ વિષયક યથાછંદા સ્વચ્છંદ મતિથી પ્રરૂપણા કરે છે. ।।૧૦૭।।**

ટીકા :-

'सागारिआइ'त्ति । सागारिकः शय्यातरस्तद्विषये ब्रूते, यथा शय्यातरपिण्डे गृह्यमाणे नास्ति दोषः प्रत्युत गुणः, वसतिदानतो भक्तपानादिदानतश्च प्रभूततरनिर्जरासम्भवात् । आदिशब्दात्स्थापना-कुलेष्वपि प्रविशतो नास्ति दोषः प्रत्युत भिक्षाशुद्धिरित्यादि ग्राह्यम् । 'पलियंक'त्ति पर्यङ्कादिषु मत्कुणादिरहितेषु परिभुज्यमानेषु न कोऽपि दोषः, केवलं भूमावुपविशतो लाघवादयो बहुतरा दोषाः । 'निसेज्जासेवण'त्ति गृहिनिषद्यायां सेव्यमानायां गृहेषु निषद्याग्रहण इत्यर्थः को नाम दोषोऽपि त्वतिप्रभूतो गुणः, ते हि जन्तवो धर्मकथाश्रवणतः संबोधमाप्नुवन्ति । 'गिहिमत्ते'त्ति गृहिमात्रके भोजनं कस्मान्न क्रियते ?, एवं हि काष्ठमृदाद्यसुन्दरपात्रानासेवित्वेन प्रवचनोपघातः परिहृतो भवति, अन्यपात्रभारावहनं च स्यादिति । तथा 'णिग्गंथिचेट्ठणाइ'त्ति निर्ग्रन्थीनामुपाश्रयेऽवस्थानादौ को दोषः ?, सङ्क्लिष्टमनोनिरोधेन ह्यसङ्क्लिष्टमनः संप्रधारणीयमिति भागवत उपदेशः, तच्चा-सङ्क्लिष्टमनःसंप्रधारणं यत्र तत्र स्थितेन क्रियतामिति न कश्चिद्दोषः, अन्यथा ह्यन्यत्रापि स्थितो यद्यशुभं मनः संप्रधारयति तत्र किं न लिप्यते ? इति । तथा मासकल्पस्य प्रतिषेधस्तेन क्रियते, यथा—यदि मासकल्पात्परतो दोषो न विद्यते तदा तत्रैव तिष्ठन्तु मा विहारक्रमं कार्षुरिति ।।१०७।।

ટીકાર્થ :-

सागारिकः ..... कार्षुरिति ।। શય્યાતર એવા સાગારિક છે તેના વિષયમાં કહે છે. શું કહે છે ? તે 'यथा'થી બતાવે છે. જે પ્રમાણે શય્યાતરનો પિંડ ગ્રહણ કરાયે છતે દોષ નથી, ઊલટું ગુણ છે; કેમ કે વસતિના દાનથી અને ભક્તપાનાદિના દાનથી ઘણી નિર્જરાનો સંભવ છે=શય્યાતરને ઘણી નિર્જરાનો સંભવ છે. આદિ શબ્દથી=સાગારિકાદિમાં રહેલા આદિ શબ્દથી, સ્થાપનાકુલોમાં પણ પ્રવેશ કરતાં સાધુને દોષ નથી. ઊલટું ભિક્ષાશુદ્ધિ ઈત્યાદિનું ગ્રહણ છે=આદિ શબ્દથી ગ્રહણ છે અર્થાત્ સ્થાપનાકુલોમાં સુખપૂર્વક સર્વ પ્રકારની નિર્દોષ ભિક્ષાદિ મળે છે અને તે સ્થાપનાકુલો સાધુઓ બાલ, વૃદ્ધ આદિના વિશિષ્ટ પ્રયોજનથી નક્કી કરે છે. જેથી તે સ્થાનોમાં કોઈ સાધુ ભિક્ષા માટે જતા નથી અને તેના કારણે સાધુને ક્યારેક ભિક્ષાની શુદ્ધિની પ્રાપ્તિ ન હોય અને તેના માટે તેઓ સ્થાપનાકુલોમાં જાય તો કોઈ દોષ નથી, પરંતુ ભિક્ષાની શુદ્ધિની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે યથાછંદ સ્વમતિની કલ્પનાથી કહે છે. માંકડ આદિથી રહિત પલંગ આદિનો પરિભોગ કરાયે છતે કોઈ પણ દોષ નથી અર્થાત્ સાધુને કોઈ દોષની પ્રાપ્તિ નથી. કેવલ ભૂમિમાં બેસવાથી લાઘવાદિ ઘણા દોષો થાય છે અર્થાત્ સુસાધુઓ ગૃહસ્થ કરતાં ઉત્તમ પુરુષો છે છતાં તેઓ નીચે બેસે તે ગૃહસ્થને માટે લાઘવ તુલ્ય છે, એ વગેરે ઘણા દોષો થાય છે. ગૃહસ્થની નિષદ્યા સેવાયે છતે=ગૃહસ્થના આસનના ગ્રહણમાં, શું વળી દોષ પણ છે ? અર્થાત્ દોષ નથી, પરંતુ અતિ પ્રભૂત ગુણ છે. हि=જે કારણથી, તે જીવો=ગૃહસ્થો, ધર્મકથાના શ્રવણથી સંબોધને પામે છે અર્થાત્ સાધુ ગૃહસ્થને ત્યાં

વ્હોરવા ગયા હોય ત્યારે સદ્‌ગૃહસ્થનો આચાર છે કે સુસાધુને આસન આપીને બેસવા માટે નિમંત્રણ કરે. જેથી સાધુનો વિનય કરાયેલો થાય છે. છતાં, સુસાધુ પ્રાયઃ ગૃહસ્થને ત્યાં તેમની નિષદ્યા પર બેસતા નથી. પરંતુ ઉચિત ભિક્ષા ગ્રહણ કરીને જાય છે. તે કથન યથાછંદા સ્વમતિથી જોડીને કહે છે કે સાધુ ગૃહસ્થના આસનમાં બેસે તો કોઈ દોષ નથી. પરંતુ તેઓ ધર્મકથા સાંભળશે તો તેનાથી તેઓને ધર્મની પ્રાપ્તિ થશે. વસ્તુતઃ વિશિષ્ટ કારણ ન હોય તો સાધુ ભિક્ષાર્થે નીકળેલા હોય ત્યારે આ રીતે ધર્મકથા કરીને ઉપદેશ આપતા નથી પરંતુ તત્ત્વના અર્થી એવા તે ગૃહસ્થો સ્વયં જ ધર્મ શ્રવણ અર્થે સાધુની વસ્તીમાં જાય છે. તેથી ભિક્ષાટનની ક્રિયામાં વ્યાઘાત કરીને આ રીતે બેસવું ઉચિત નહિ હોવા છતાં યથાછંદા સ્વમતિથી શાસ્ત્રવચનની ઉપેક્ષા કરીને વિપરીત યોજન કરે છે, તે ઉત્સૂત્રરૂપ છે. ગૃહસ્થના માત્રકમાં=ભાજનમાં, ભોજન કેમ કરાતું નથી ? અર્થાત્ કરાવું જોઈએ. હિ=જે કારણથી, આ રીતે=ગૃહસ્થના ભાજનમાં ભોજન કરવામાં આવે એ રીતે, કાષ્ઠ, માટી આદિ અસુંદર પાત્રના અનાસેવનને કારણે=તુચ્છ એવા કાષ્ઠ, માટી આદિ અસુંદર ભાજનને નહિ સેવવાને કારણે, પ્રવચનનો ઉપઘાત પરિહાર કરાયેલો થાય છે અર્થાત્ શ્રાવકોના ગુરુ આવા અસુંદર ભાજનમાં ભોજન કરે છે, એ પ્રકારે લોકમાં પ્રવચનની હીલના થતી અટકે છે અને અન્ય પાત્રના ભારનું અવહન થાય=જો સાધુ ગૃહસ્થના ભાજનમાં ભોજન કરે તો સાધુની ઉપધિ અલ્પ થવાથી પાત્રાના ભારનું અવહન થાય અને નિર્ગ્રંથીઓના ઉપાશ્રયમાં અવસ્થાનાદિમાં=સાધુઓ સાથે એક ઉપાશ્રયમાં ઊતરે, તો શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી; હિ=જે કારણથી, સંક્લિષ્ટ મનના નિરોધથી અસંક્લિષ્ટ મન ધારણ કરવું જોઈએ. એ પ્રકારે ભગવાનનો ઉપદેશ છે અને તે અસંક્લિષ્ટ મનનું સંપ્રધારણ જ્યાં ત્યાં રહેલા સાધુ વડે કરાઓ અર્થાત્ સાધ્વીઓ સાથે એક વસ્તીમાં રહીને કે ભિન્ન વસ્તીમાં રહીને કરાઓ, એથી કોઈ દોષ નથી. હિ=જે કારણથી, અન્યથા=એવું ન માનવામાં આવે= સંક્લિષ્ટ મનનો નિરોધ ભગવાનનો ઉપદેશ છે એવું ન માનવામાં આવે તો, અન્યત્ર પણ=સાધ્વીની વસ્તીથી અન્ય વસ્તીમાં પણ રહેલા સાધુ જો અશુભ મન નિરોધ ન કરે તેમાં=અશુભ મનના અનિરોધમાં, શું લેપાતા નથી ? અર્થાત્ લેપાય છે. તેથી, સાધુએ સંક્લિષ્ટ મનના નિરોધપૂર્વક સાધ્વીઓ સાથે એક ઉપાશ્રયમાં નિવાસમાં પણ દોષ નથી, એ પ્રકારે યથાછંદા સ્વમતિથી પણ વિચારણા કરે છે અને તેના વડે=યથાછંદા વડે, માસકલ્પનો પ્રતિષેધ કરાય છે. કઈ રીતે પ્રતિષેધ કરાય છે, તે 'યથા'થી બતાવે છે. જો માસકલ્પ પછી દોષ વિદ્યમાન નથી=સંયમની આરાધનામાં કોઈ બાધ કરનાર નિમિત્ત નથી તો ત્યાં જ=તે વસ્તીમાં જ, સાધુ રહો. વિહારના ક્રમને કરો નહિ. ।।૧૦૭।।

**ભાવાર્થ :-**

સુસાધુઓ સર્વજ્ઞના વચન પ્રમાણે જ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. સ્વમતિ પ્રમાણે કોઈ પ્રવૃત્તિ કરતા નથી. અપવાદ સ્થાને લાભાલાભથી કોઈક પ્રવૃત્તિ કરી હોય તો પણ તે સામાન્યથી માર્ગરૂપ નથી. પરંતુ ગીતાર્થો તે કારણથી જ તે પ્રવૃત્તિ કરે છે તોપણ માર્ગ તો આગમવચન અનુસાર પ્રવૃત્તિનો જ છે. જ્યારે યથાછંદા શાસ્ત્રની તે પ્રવૃત્તિમાં જ સ્વમતિથી લાભની વિચારણા કરીને તે પ્રકારની પ્રવૃત્તિ કરવી ઉચિત

છે, તેમ કહીને આગમવચનનો અપલાપ કરે છે માટે તેઓની પ્રરૂપણા અને તેઓની આચરણા ઉત્સૂત્ર રૂપ જ છે. **॥૧૦૭॥**

**ગાથા :-**

**चारे वेरज्जे या, पढमसमोसरण तह य णितिएसु ।**
**सुन्ने अकप्पिए आ, अण्णाउंछे य संभोगे ।।१०८।।**

**અન્વયાર્થ :-**

**चारे=ચારના વિષયમાં=ગમનના વિષયમાં, वेरज्जे=વૈરાજ્યના વિષયમાં, पढमसमोसरण=પ્રથમ સમવસરણના વિષયમાં, तह य णितिएसु=નિત્યવાસના વિષયમાં, सुन्ने=શૂન્યના વિષયમાં, अकप्पिए आ=અકલ્પિકના વિષયમાં, अण्णाउंछे य=અજ્ઞાત ઉંચ્છના વિષયમાં, संभोगे=સંભોગના વિષયમાં યથાછંદા વિપરીત પ્રરૂપણા કરે છે. ।।૧૦૮।।**

**ગાથાર્થ :-**

**ચારના વિષયમાં=ગમનના વિષયમાં, વૈરાજ્યના વિષયમાં, પ્રથમ સમવસરણના વિષયમાં, નિત્યવાસના વિષયમાં, શૂન્યના વિષયમાં, અકલ્પિકના વિષયમાં, અજ્ઞાત ઉંચ્છના વિષયમાં, સંભોગના વિષયમાં યથાછંદા વિપરીત પ્રરૂપણા કરે છે. ।।૧૦૮।।**

**ટીકા :-**

**'चारे'त्ति । चारश्चरणं गमनमित्येकोऽर्थः, तद्विषये ब्रूते, यथा चतुर्षु मासेषु मध्ये यावद्वर्षं पतति तावन्मा विहारक्रमं कार्षुः, यदा तु न पतति वर्षं तदा को दोषो हिण्डमानानाम् ? इति । तथा वैराज्येऽपि ब्रूते, यथा वैराज्येऽपि साधवो विहारक्रमं कुर्वन्तु, परित्यक्तं हि साधुभिः परमार्थतः शरीरम्, तद् यदि ते ग्रहीष्यन्तीति किं क्षुण्णं साधूनाम् ? सोढव्याः खलु साधुभिरुपसर्गाः, ततो यदुक्तम्–**"नो कप्पइ णिग्गंथाणं वा निग्गंथीणं वा वेरज्जविरुद्धरज्जंसि सज्जं गमणं सज्जं आगमणं"**त्ति तदयुक्तमिति । 'पढमसमोसरणं'ति प्रथमसमवसरणं नाम वर्षाकालस्तत्र ब्रूते, यथा प्रथमसमवसरणे उद्गमादिदोषपरिशुद्धं वस्त्रं पात्रं वा किं न कल्पते ग्रहीतुम् ?, द्वितीयसमवसरणेऽपि ह्युद्गमादिदोषशुद्धमिति कृत्वा गृह्यते, सा च दोषशुद्धिरुभयत्राप्यविशिष्टेति, तथा च यदुक्तम्–**"नो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पढमसमोसरणुद्देसपत्ताइं चेलाइं पडिगाहित्तए"**त्ति तदयुक्तम् । 'तह य णितिएसु'त्ति तथा 'नित्येषु' नित्यवासेषु प्ररूपयति, यथा नित्यवासेऽपि यद्युद्गमोत्पादैषणाशुद्धं लभ्यते भक्तपानादि ततस्तत्र को दोषः ? प्रत्युत दीर्घकालमेकत्र क्षेत्रे वसतां सूत्रार्थादयः प्रभूता भवन्तीति । तथा 'सुन्ने'त्ति यद्युपकरणं न केनापि ह्रियते ततः शून्यायां वसतौ क्रियमाणायां को दोषः ?; अथोत्सङ्घट्टने-**

नोपहन्यते, नैतदेवम्, अचित्तस्योपधेरुपघातासम्भवात्; अथ संविग्नाकल्पिकत्वमुपघात इत्युच्यते, तदपि न, उद्गमादिदोषाभावेन तदकल्पिकत्वस्यापि वक्तुमशक्यत्वात् । 'अकप्पिए'त्ति अकल्पिको नामागीतार्थस्तद्विषये ब्रूते, यथाऽकल्पिकेन प्रथमशैक्षकरूपेण शुद्धमज्ञातोञ्छं वस्त्रपात्राद्यानीतं किं न भुज्यते ? तस्याज्ञातोञ्छतया विशेषतः परिभोगार्हत्वात् । 'संभोए'त्ति सर्वे पञ्चमहाव्रतधारिणः साधवः साम्भोगिका इति सम्भोगे ब्रूते ।।१०८।।

**ટીકાર્થ :-**

चारश्चरणं ..... ब्रूते ।। ચાર, ચરણ, ગમન એ એક અર્થ છે=ત્રણેયનો એક અર્થ છે. તેના વિષયમાં કહે છે=યથાછંદા કહે છે. ચાર માસોમાં જ્યાં સુધી વરસાદ પડે છે, ત્યાં સુધી વિહારક્રમ ન કરો. વળી, જ્યારે વરસાદ પડતો નથી, ત્યારે વિહાર કરવામાં શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. આ પ્રમાણે કહીને નવ માસકલ્પમાં જે ચાતુર્માસિક કલ્પ છે, તેનો યથાછંદા અપલાપ કરે છે. વસ્તુતઃ ભગવાનના વચનનું નવ માસકલ્પનું તાત્પર્ય શું છે, તેને જાણવાનો યત્ન કરતા નથી તેથી ઉત્સૂત્ર છે અને વિપરીત રાજ્ય વિષયક પણ યથાછંદા કહે છે અર્થાત્ જ્યાં અનેક પ્રકારના ઉપદ્રવો હોય તેવા કુરાજ્યના વિષયમાં પણ યથાછંદા કહે છે. શું કહે છે તે 'યથા'થી બતાવે છે. વૈરાજ્યમાં પણ સાધુઓ વિહારક્રમને કરો. हि=જે કારણથી, સાધુઓ વડે પરમાર્થથી શરીર ત્યાગ કરાયું છે. તે કારણથી જો તેઓ=વૈરાજ્યના લોકો, ગ્રહણ કરશે=સાધુને મારશે, એથી સાધુને શું નુકસાન છે ? ખરેખર સાધુઓ વડે ઉપસર્ગો સહન કરવા જોઈએ. તેથી=સાધુ મમત્વ રહિત છે તેથી, જે કહેવાયું તે અયુક્ત છે, એમ અન્વય છે. શું કહેવાયું છે ? તે બતાવે છે.

"નિર્ગ્રંથોને અથવા નિર્ગ્રંથી એવી સાધ્વીઓને વૈરાજ્ય વિરુદ્ધ રાજ્યમાં સદ્ય ગમન અને સદ્ય આગમન કલ્પતું નથી."

એ પ્રકારે જે શાસ્ત્રમાં કહ્યું છે, તે અયુક્ત છે, એમ યથાછંદા કહે છે. પ્રથમ સમવસરણ એટલે વર્ષાકાળ. તેના વિષયમાં કહે છે. જે આ પ્રમાણે. પ્રથમ સમવસરણમાં=વર્ષાકાળમાં ઉદ્ગમાદિ દોષથી પરિશુદ્ધ વસ્ત્ર અથવા પાત્ર ગ્રહણ કરવા માટે કેમ કલ્પતું નથી. हि=જે કારણથી, બીજા સમવસરણમાં પણ=વર્ષાકાળ પછીના બીજા માસકલ્પમાં પણ, ઉદ્ગમાદિ દોષથી શુદ્ધ છે એથી કરીને કેમ ગ્રહણ કરાય છે ? અને તે દોષથી શુદ્ધ ઉભયાત્ર પણ=ચાતુર્માસમાં પણ અને માસકલ્પમાં પણ, અવિશિષ્ટ છે અને તે રીતે=ચાતુર્માસમાં કે શેષકાળમાં શુદ્ધ વસ્ત્ર-પાત્રના ગ્રહણની શુદ્ધિ છે તે રીતે, જે કહેવાયું=શાસ્ત્રમાં કહેવાયું, તે અયુક્ત છે, એમ અન્વય છે. શું કહેવાયું ? તે સ્પષ્ટ કરે છે.

"નિર્ગ્રંથ સાધુઓને અથવા નિર્ગ્રંથ સાધ્વીઓને પ્રથમ સમવસરણમાં ઉદ્દેશ એવા પાત્રાદિ અને વસ્ત્રાદિ=શાસ્ત્રમાં જેનો ઉદ્દેશ કર્યો છે એવા પાત્રાદિ અને વસ્ત્રાદિ, પ્રતિગ્રહણ કરવા કલ્પતાં નથી." તે અયુક્ત છે, એ પ્રકારે યથાછંદા કહે છે.

વસ્તુતઃ ચાતુર્માસમાં શુદ્ધ પણ વસ્ત્ર-પાત્રના ગ્રહણનો નિષેધ કઈ અપેક્ષાએ છે, તેને જાણવાનો યત્ન કરવાનું છોડીને સ્વમતિથી તર્કો કરીને શાસ્ત્રવચનના અપલાપ કરનારી મતિ હોવાથી યથાછંદા

ઉત્સૂત્રભાષી છે અને નિત્યવાસોમાં પ્રરૂપણા કરે છે=યથાછંદા પ્રરૂપણા કરે છે. શું પ્રરૂપણા કરે છે, તે યથાથી બતાવે છે. નિત્યવાસમાં પણ જો ઉદ્‌ગમ, ઉત્પાદના એષણા શુદ્ધ ભક્ત-પાનાદિ પ્રાપ્ત થાય છે તો તેમાં=ભક્તપાનાદિમાં, શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. ઊલટું દીર્ઘકાલ તે ક્ષેત્રમાં વસતાં સૂત્ર, અર્થાદિ ઘણાં થાય છે અર્થાત્ સ્થૂલ બુદ્ધિથી યથાછંદાને શુદ્ધ ભિક્ષાદિ મળતી હોય અને એક સ્થાનમાં રહેવાથી સૂત્ર-અર્થની વૃદ્ધિ દેખાતી હોય, તેથી શાસ્ત્રવચનનો અપલાપ કરે છે. વસ્તુતઃ દીર્ઘકાલ તે ક્ષેત્રમાં રહેવાથી ક્ષેત્રનો પ્રતિબંધ, ગૃહસ્થનો પ્રતિબંધ અલ્પ પણ થાય અને ભગવાનના વચનનો અપલાપ કરવાનો વિપરીત પરિણામ થાય છે. તેથી સૂત્ર-અર્થના વિશિષ્ટ અધ્યયનથી પણ ચારિત્રની શુદ્ધિ થતી નથી, પરંતુ મલિન ચિત્તથી સૂત્ર-અર્થ પણ વિપરીત પરિણમન પામે છે. તેથી આ પ્રકારની પ્રરૂપણા કરનાર યથાછંદા છે અને જો ઉપકરણ કોઈના વડે પણ હરણ ન કરાય તો શૂન્ય વસતિ કરાયે છતે શું દોષ છે ? અર્થાત્ સાધુ જે સ્થાનમાં ઊતર્યા હોય ત્યારે ગોચરી આદિ કોઈ કારણોથી બહાર જાય તોપણ વસ્તી શૂન્ય કરીને પોતાની ઉપધિ મૂકીને જાય નહિ. પરંતુ કોઈ એક સાધુ તે વસ્તીમાં રહે તે રીતે જાય છે. તે પ્રકારની ભગવાનની આજ્ઞા છે. ત્યાં યથાછંદા કહે છે કે સાધુનું ઉપકણ કોઈ હરણ કરે તેમ ન હોય તો બધા સાધુ ભિક્ષાદિ કોઈક કોઈક પ્રયોજનથી વસ્તીને શૂન્ય કરીને બહાર જાય તો કોઈ દોષ નથી. ત્યાં 'अथ'થી સ્વયં શંકા કરીને યથાછંદા કહે છે. ઉત્સંઘટનથી હણાય છે=સાધુના સંગ વગર કરાયેલી ઉપધિ ઉત્સંઘટનવાળી હોવાથી હણાય છે માટે શૂન્ય વસ્તી કરાયે છતે સાધુની ઉપધિ હણાય છે, એ કથન સંગત નથી; કેમ કે અચિત્ત ઉપધિને ઉપઘાતનો અસંભવ છે. અહીં, સાધુ કહે કે સંવિગ્નને અકલ્પિકપણું ઉપઘાત છે=શૂન્ય વસ્તી કરીને સાધુ જાય તો ત્યાં રહેલી અચિત્ત વસ્તુને સાક્ષાત્ કોઈ ઉપઘાત થતો નથી પરંતુ સંવિગ્ન સાધુને તે ઉપધિ ગ્રહણ કરવી કલ્પે નહિ, તે જ ઉપઘાત છે માટે સુસાધુઓ શૂન્ય વસ્તી મૂકીને બહાર જતા નથી. એ પ્રમાણે જો કહેવાય છે, તે પણ બરાબર નથી એમ યથાછંદા કહે છે. કેમ તે કથન સાધુઓનું બરાબર નથી ? તેમાં યુક્તિ બતાવે છે.

ઉદ્‌ગમાદિ દોષના અભાવને કારણે તેના અકલ્પિકત્વપણાનું પણ=શૂન્ય વસ્તીમાં મુકાયેલી ઉપધિનું અકલ્પિકત્વપણું પણ કહેવું શક્ય નથી અર્થાત્ જો બધા સાધુ કોઈ કારણસર વસ્તીમાં ઉપધિ મૂકીને ગોચરી આદિના પ્રયોજનથી બહાર ગયા હોય અને પછી પાછા આવે ત્યારે તે ઉપધિ ઉદ્‌ગમાદિ દોષ વગર પૂર્વમાં લાવેલી હતી તેવી જ છે તેથી, તે ઉપધિને સંવિગ્નથી અકલ્પિકત્વપણારૂપ ઉપઘાત છે એ પ્રમાણે કહી શકાય નહિ. એ પ્રકારે યથાછંદા કહીને ભગવાને સાધુને શૂન્ય વસ્તીમાં ઉપધિ મૂકીને જવાનો નિષેધ કર્યો છે, તેનો અપલાપ કરે છે. ગાથામાં 'अकप्पिए' છે, તેનો અર્થ કરે છે. અકલ્પિક એટલે અગીતાર્થ. તેના વિષયમાં યથાછંદા કહે છે. શું કહે છે ? તે 'यथा'થી બતાવે છે. અકલ્પિક વડે=પ્રથમ શૈક્ષકરૂપ એવા સાધુ વડે, લવાયેલા શુદ્ધ અજ્ઞાત ઉંછ એવાં વસ્ત્ર-પાત્રાદિ કેમ વપરાતાં નથી ? અર્થાત્ શુદ્ધ હોવાથી તેને સાધુએ વાપરવાં જોઈએ; કેમ કે તેનું=અગીતાર્થ દ્વારા લવાયેલાં શુદ્ધ વસ્ત્ર-પાત્રાદિનું, અજ્ઞાત ઊંછપણું હોવાથી વિશેષથી પરિભોગનું યોગ્યપણું છે

**અર્થાત્ ગીતાર્થે લાવેલ જ વસ્ત્ર-પાત્રાદિ પરિભોગ અર્થે સુસાધુ ઉપયોગ કરે છે; કેમ કે ગીતાર્થ સંવિગ્ન હોય તો અવશ્ય ભગવાનના વચનનું સ્મરણ કરીને શુદ્ધ અજ્ઞાત ઉંછ હોય એવાં જ વસ્ત્ર-પાત્રાદિ લાવે છે અને તે જ નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિનો ઉપયોગ સાધુ કરે છે. છતાં કોઈ સાધુ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા ન હોય ત્યાં સુધી પ્રથમ શૈક્ષરૂપ અકલ્પિક છે છતાં, કોઈક કારણથી કોઈક પ્રમાદવશ અજ્ઞાત ઉંછ એવાં વસ્ત્ર-પાત્રાદિ લાવેલ હોય અને તે ઉદ્‌ગમાદિ દોષોથી શુદ્ધ છે, તેવું સ્પષ્ટ જણાતું હોય તોપણ સુસાધુ તેનો પરિભોગ કરતા નથી. પરંતુ યતનાપૂર્વક તે વસ્તુને પરઠવી દે છે. તે શાસ્ત્રવચન યથાછંદાને બુદ્ધિયુક્ત જણાતું નથી. તેથી કહે છે કે જો તે વસ્ત્ર અજ્ઞાતઉંછ હોય તો વિશેષથી પરિભોગયોગ્ય છે. તેથી અકલ્પિક સાધુ લાવ્યા છે, એટલા માત્રથી સાધુને માટે તે પરિભોગયોગ્ય નથી તેમ કહેવું યોગ્ય નથી. આ પ્રકારે તુચ્છ મતિથી કહીને યથાછંદા ઉત્સૂત્ર ભાષણ કરે છે. સંભોગમાં યથાછંદાનું કથન બતાવે છે. સર્વ પાંચ મહાવ્રતધારી સાધુઓ સાંભોગિક છે, એ પ્રકારે સંભોગના વિષયમાં કહે છે=આ પ્રમાણે કહીને આ સાધુ સાંભોગિક છે અને આ સાધુ અસાંભોગિક છે, એ પ્રમાણે કહીને શાસ્ત્રમર્યાદાનો યથાછંદા અપલાપ કરે છે. ॥૧૦૮॥**

**ભાવાર્થ :-**

અનેક પ્રકારના યથાછંદાઓની મતિ હોય છે. તેમાં કેટલાક અંતરંગ પરિણામને પ્રધાન કરીને સ્વકલ્પનાથી કહે છે કે સાધુ અને સાધ્વી એક ઉપાશ્રયમાં ઊતરે તો શું વાંધો ? તે સ્થાનમાં માત્ર અંતરંગ પરિણામને અવિચારકપણે પ્રધાન કરીને બાહ્ય ઉચિત વ્યવહારનો અપલાપ કરે છે. જે બાહ્ય ઉચિત વ્યવહાર ઘણા સાધુના સંયમના રક્ષણનું કારણ છે. મહામુનિઓને જ સ્ત્રી આદિનો સંસર્ગ પણ ક્ષોભાયમાન કરતો નથી. અન્ય મુનિઓને ચિત્તનો સંક્ષોભ કરીને વિનાશનું કારણ બને છે. તેને જોનારી દૃષ્ટિઓનો પણ અપલાપ કરીને અંતરંગ પરિણામને જ કેટલાક યથાછંદા પ્રધાન કરે છે તો કેટલાક યથાછંદા કેટલાંક સ્થાને બાહ્ય શુદ્ધિને પ્રધાન કરીને અંતરંગ પરિણામનો અપલાપ કરે છે. જેમ અકલ્પિક એવા અગીતાર્થ સાધુ વડે લવાયેલ અજ્ઞાત ઉંછ એવાં વસ્ત્ર-પાત્રાદિ દોષરહિત હોવાથી સાધુને પરિભોગયોગ્ય છે, એમ સ્થાપન કરે છે. વસ્તુતઃ અકલ્પિક વસ્ત્ર, પાત્ર, ભિક્ષા વગેરે લાવવાના અધિકારી નથી. તેથી, કોઈક રીતે શુદ્ધ વસ્ત્રાદિ લાવેલા હોય તોપણ આજ્ઞાનુસારી ચિત્તની શુદ્ધિ નહિ હોવાથી તે વસ્ત્રાદિ અકલ્પ્ય જ છે. આથી ગીતાર્થ સાધુ આજ્ઞાનુસાર ગવેષણા કરીને શુદ્ધ ભિક્ષા લાવ્યા હોય છતાં કેવલીને તે ભિક્ષા અશુદ્ધ છે, તેમ કેવલજ્ઞાનમાં જણાય તોપણ તે ભિક્ષાને શુદ્ધ સ્વીકારીને પોતે પણ ઉપભોગ કરે છે; કેમ કે લાવનારના ચિત્તની શુદ્ધિ છે અને બાહ્ય શુદ્ધિની ઉપેક્ષા કરીને ગીતાર્થથી પણ લાવેલી ભિક્ષા અશુદ્ધ છે અને બાહ્યથી લાવેલી શુદ્ધ પણ ભિક્ષા અકલ્પિકથી લાવેલી હોવાથી અશુદ્ધ છે. તેના પરમાર્થને નહિ જોનારી દૃષ્ટિ હોવાથી યથાછંદા માર્ગનો અપલાપ કરે છે. આ રીતે જે જે સ્થાનમાં શાસ્ત્રનું વચન સ્મરણ કરીને તેને અનુરૂપ યુક્તિનું યોજન કરીને અને તેમાં અપેક્ષિત ચિત્તની શુદ્ધિનું યોજન કરીને જેમ સુસાધુ દરેક સ્થાને પદાર્થને જાણવા યત્ન કરે છે, તેમ યથાછંદા પ્રયત્ન કરતા નથી. પરંતુ શાસ્ત્રવચનની પણ ઉપેક્ષા કરીને સ્વમતિથી ઉચિત અનુચિતની વિચારણા કરીને માર્ગનો અપલાપ કરનારા હોવાથી ઉત્સૂત્રભાષી છે. **॥૧૦૮॥**

**અવતરણિકા :-**

'अकप्पिए अ'त्ति विशिष्य विवृणोति –

**અવતરણિકાર્થ :-**

પૂર્વગાથામાં 'अकप्पिए' પદનું વિવરણ કર્યું. હવે, તે પદનું જ વિશેષથી વિવરણ કરે છે –

**ગાથા :-**

**किं वा अकप्पिएणं, गहिअं फासुं पि होइ उ अभोज्जं ।**
**अण्णाउंछं को वा, होइ गुणो कप्पिए गहिए ।।१०९।।**

**અન્વયાર્થ :-**

अकप्पिएणं गहिअं फासुं पि अण्णाउंछं=અગીતાર્થ વડે ગ્રહણ કરાયેલો પ્રાસુક પણ અજ્ઞાત ઉંછરૂપ આહાર, अभोज्जं=અભોજ્ય, किं वा वा=કયા કારણથી છે ? અથવા, कप्पिए गहिए=કલ્પિક વડે ગ્રહણ કરાયે છતે, को होइ गुणो=શું ગુણ છે ? ।।૧૦૯।।

**ગાથાર્થ :-**

અગીતાર્થ વડે ગ્રહણ કરાયેલો પ્રાસુક પણ અજ્ઞાત ઉંછરૂપ આહાર અભોજ્ય કયા કારણથી છે ? અથવા કલ્પિક વડે ગ્રહણ કરાયે છતે શું ગુણ છે ? ।।૧૦૯।।

**ટીકા :-**

'किं व'त्ति । 'किं वा' केन कारणेन 'अकल्पिकेन' अगीतार्थेन गृहीतं प्रासुकमज्ञातोञ्छमपि 'अभोज्यं' अपरिभोक्तव्यं भवति ?, को वा कल्पिकेन, अत्र गाथायां सप्तमी तृतीयार्थे, गृहीते गुणो भवति ? नैव कश्चित्, उभयत्रापि शुद्ध्यविशेषात् ।।१०९।।

**ટીકાર્થ :-**

'किं वा' ..... शुद्ध्यविशेषात् ।। કયા કારણથી અકલ્પિકથી=અગીતાર્થથી, ગ્રહણ કરાયેલું પ્રાસુક=નિર્દોષ, અજ્ઞાત ઉંછ પણ અપરિભોજ્ય છે=સાધુને કયા કારણથી પરિભોગયોગ્ય નથી ? અથવા કલ્પિકથી= ગીતાર્થથી, ગ્રહણ કરાયે છતે શું ગુણ છે ? અર્થાત્ કોઈ ગુણ નથી અર્થાત્ અગીતાર્થ શુદ્ધ ગ્રહણ કરે કે ગીતાર્થ શુદ્ધ ગ્રહણ કરે, તેમાં કોઈ ભેદ નથી; કેમ કે બંનેમાં પણ ગીતાર્થથી લાવેલા નિર્દોષ આહારમાં પણ અને અગીતાર્થથી લાવેલા નિર્દોષ આહારમાં પણ શુદ્ધિનો અવિશેષ છે. અહીં ગાથામાં સપ્તમી=कप्पिए એ પ્રકારની સપ્તમી, તૃતીયા અર્થમાં છે. ।।૧૦૯।।

**ભાવાર્થ :-**

બાહ્ય ભિક્ષાશુદ્ધિને જોઈને યથાછંદા કહે છે કે જે સાધુ ગીતાર્થ થયા નથી છતાં પોતાના કોઈ પરિચિત ન હોય તેવા સ્થાનેથી નિર્દોષ ભિક્ષા લઈ આવે તે ઉદ્ગમાદિ દોષોથી રહિત હોવાને કારણે સાધુને ઉપભોગ ન કરાય તેમ કહેવું અનુચિત છે. વસ્તુતઃ શાસ્ત્ર ભિક્ષા લાવનાર ગીતાર્થ સાધુના સંવેગના પરિણામપૂર્વક અને યતનાપૂર્વક દોષોના પરિહારના યત્નથી લાવેલી ભિક્ષાને જ કલ્પ્ય સ્વીકારે છે; કેમ કે લાવનારનો અધ્યવસાય જ જિનવચનથી નિયંત્રિત છે. આથી જ ગીતાર્થ સાધુ શાસ્ત્રવિધિથી શુદ્ધ સમજીને ક્વચિત્ દોષિત ભિક્ષા લાવે તોપણ કેવલી તે ભિક્ષાને શુદ્ધ સ્વીકારીને વાપરે છે અને અગીતાર્થ શુદ્ધ ભિક્ષા લાવે તોપણ ભિક્ષા લાવવાના અનધિકારી હોવાથી તે ભિક્ષાને અશુદ્ધ કહે છે; કેમ કે ભિક્ષાના દોષનો પરિહાર જેમ ભિક્ષાની શુદ્ધિ માટે આવશ્યક છે, તેમ ભિક્ષા લાવવાના અધિકારથી લાવેલી ભિક્ષા જ શુદ્ધ કહેવાય છે. તેનો અપલાપ કરીને યથાછંદા અગીતાર્થથી લાવેલી ભિક્ષાને પણ પ્રાસુક અને અજ્ઞાત ઉંછ હોય તો શુદ્ધ સ્વીકારીને જિનવચનનો અપલાપ કરે છે. **॥૧૦૯॥**

**અવતરણિકા :-**

**अधुना 'संभोए'त्ति व्याख्यानयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે, ગાથા-૧૦૮માં 'संभोगे' એ પ્રકારે કથન કર્યું, એ પદનું જ વ્યાખ્યાન કરે છે=પૂર્વની ગાથામાં તે પદનું સ્પષ્ટીકરણ કરેલ. તેને જ અહીં વિશેષથી સ્પષ્ટીકરણ કરે છે –**

**ગાથા :-**

**पंचमहव्वयधारी, समणा सव्वे वि किं ण भुंजंति ।**
**इय चरणवितहवादी, इत्तो वुच्छं गतीसुं तु ।।११०।।**

**અન્વયાર્થ :-**

**पंचमहव्वयधारी समणा सव्वे वि किं ण भुंजंति=પાંચ મહાવ્રતધારી સર્વ સાધુ કેમ સાથે ભોજન કરતા નથી ? इय चरणवितहवादी=આ પ્રમાણે ચારિત્રના વિપરીતને, કહેનાર યથાછંદા છે, इत्तो वुच्छं गतीसुं तु=ગતિના વિષયમાં હું કહીશ. ।।૧૧૦।।**

**ગાથાર્થ :-**

**પાંચ મહાવ્રતધારી સર્વ સાધુ કેમ સાથે ભોજન કરતાં નથી ? આ પ્રમાણે ચારિત્રના વિપરીતને કહેનાર યથાછંદા છે. હવે, ગતિના વિષયમાં હું કહીશ. ।।૧૧૦।।**

**ટીકા :-**

**'पंचमहव्वयधारि'त्ति । पञ्चमहाव्रतधारिणः सर्वे श्रमणाः किं नैकत्र भुञ्जते ? किं नाविशेषेण**

**सर्वे साम्भोगिका भवन्ति ? येनैके साम्भोगिका अपरेऽसाम्भोगिकाः क्रियन्त इति । 'इति' एवमुपदर्शितप्रकारेण यथाच्छन्दोऽनालोचितगुणदोषश्चरणे-चरणविषये वितथवादी । अत ऊर्ध्वं तु गतिषु वितथवादिनं वक्ष्यामि ।।११०।।**

**ટીકાર્થ :-**

**पञ्चमहाव्रतधारिणः ..... वक्ष्यामि ।। પાંચ મહાવ્રતધારી સર્વ સાધુઓ એકસાથે કેમ ભોજન કરતા નથી ? અર્થાત્ કોઈ એક સ્થાનમાં સાંભોગિક-અસાંભોગિક સાધુ એકસાથે ઊતર્યા હોય તો તે સર્વ પંચમહાવ્રતને ધારણ કરનારા છે, ભગવાનના વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા છે. છતાં તે સાંભોગિક અને અસાંભોગિક સાધુઓ એક માંડલીમાં કેમ ભોજન કરતા નથી. કેમ અવિશેષથી સર્વ સાંભોગિક થતા નથી ? જે કારણથી એક સમુદાયના સાધુ સાંભોગિક છે, અન્ય અસાંભોગિક છે, એ પ્રમાણે કેમ કરાય છે ? આ રીતે=ગાથા-૧૦૪થી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, યથાછંદ ગુણ-દોષનું અનાલોચિત કરનારા ચારિત્રના વિષયમાં વિપરીતવાદી છે. વળી, હવે પછી ગતિના વિષયમાં વિપરીતવાદીપણાને=યથાછંદાના વિપરીતવાદીપણાને, હું કહીશ. ॥૧૧૦॥**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં સુસાધુ પણ સાંભોગિક-અસાંભોગિક ભેદથી બતાવાયા છે. તેથી તેઓ પરસ્પર ઉચિત વ્યવહાર કરે તોપણ એક માંડલીમાં ભોજન કરે નહિ, તે પ્રકારની શાસ્ત્રમર્યાદા છે; કેમ કે આચારભેદને કારણે શૈક્ષને વિપરિણામ થવાથી સંભાવના રહે છે. છતાં, તે સાંભોગિક અને અસાંભોગિક સાધુ પરસ્પર એકબીજાને ગુણિયલ માનીને ઉચિત વ્યવહાર કરે છે અને સ્વમતિથી વિચારણા કરીને યથાછંદા તે સાંભોગિક-અસાંભોગિકના ભેદના પરિણામને જાણ્યા વગર તેનો અપલાપ કરે છે. ગાથાના ઉત્તરાર્ધથી ચારિત્ર વિષયક યથાછંદાનું વિપરીત કથન અત્યાર સુધી કર્યું, તેનું નિવેદન કરીને ગતિવિષયક તેની વિપરીત પ્રરૂપણા બતાવવાની પ્રતિજ્ઞા કરે છે. **॥૧૧૦॥**

**અવતરણિકા :-**

**यथाप्रतिज्ञातमेव कथयति –**

**અવતરણિકાર્થ :-**

**જે પ્રકારે પ્રતિજ્ઞા કરાઈ તેને જ=ગાથા-૧૧૦ના ઉત્તરાર્ધમાં જે પ્રકારે પ્રતિજ્ઞા કરેલ તેને જ કહે છે –**

**ગાથા :-**

**खेत्तं गओ अ अडविं, एक्को संचिक्खए तहिं चेव ।**
**तित्थयरो पुण पियरो, खेत्तं पुण भावओ सिद्धी ।।१११।।**

**અન્વયાર્થ :-**

खेत्तं गओ=ક્ષેત્રમાં ગયો=એક પુત્ર ક્ષેત્રમાં ગયો, अडविं एक्को=અટવીમાં=એક પુત્ર અટવીમાં ગયો, संचिक्खए तहिं चेव=એક ત્યાં જ=ઘરમાં જ, રહે છે, तित्थयरो पुण पियरो=વળી, તીર્થંકર પિતા છે, खेत्तं पुण भावओ सिद्धी=ક્ષેત્ર ભાવથી સિદ્ધિ છે. ॥૧૧૧॥

**ગાથાર્થ :-**

**ક્ષેત્રમાં ગયો=એક પુત્ર ક્ષેત્રમાં ગયો, અટવીમાં=એક પુત્ર અટવીમાં ગયો, એક ત્યાં જ=ઘરમાં જ, રહે છે. વળી, તીર્થંકર પિતા છે. ક્ષેત્ર ભાવથી સિદ્ધિ છે. ॥૧૧૧॥**

**ટીકા :-**

'खेत्तं गओ य'त्ति । स यथाछन्दो गतिषु विषये एवं प्ररूपणां करोति—"एगो गाहावई, तस्स तिण्णि पुत्ता, ते सव्वे खित्तकम्मोवजीविणो पियरेण खित्तकम्मे णिओइया, तत्थेगो खेत्तकम्मं जहाणत्तं करेइ, एगो अडविं गओ, देसं देसेण हिंडईत्यर्थः, एगो जिमिओ देवकुलादिषु अच्छति, कालंतरेण तेसिं पिया मओ, तेहिं सव्वं पि पितिसंतियं ति काउं समं विभत्तं, तेसिं जं एक्केणं उवज्जिअं तं सव्वेसिं सामन्नं जायं, एवं अम्हं पिया तित्थयरो, तस्संतिउवदेसेणं सव्वे समणा कायकिलेसं कुव्वंति, अम्हे न करेमो, जं तुज्झेहिं कयं तं अम्हं सामन्नं, जहा तुब्भे देवलोगं सुकुलपच्चायातिं वा सिद्धिं वा गच्छह तहा अम्हे वि गच्छिस्सामो ।" एष गाथाभावार्थः । अक्षरयोजना त्वियम्—एकः पुत्रः क्षेत्रं गतः, एकोऽटविं देशान्तरेषु परिभ्रमतीत्यर्थः, अपर एकस्तत्रैव संतिष्ठते, पितरि च मृते धनं सर्वेषामपि समानम्, एवमत्रापि मातापितृस्थानीयस्तीर्थकरः, क्षेत्रं-क्षेत्रफलं धनं पुनर्भावतः परमार्थतः सिद्धिस्तां यूयमे(मि)व युष्मदुपार्जनेन वयमपि गमिष्याम इति ॥१११॥

**ટીકાર્થ :-**

स यथाछन्दो ..... इति ॥ તે યથાછંદા સાધુ ગતિઓના વિષયમાં આ પ્રરૂપણા કરે છે. કેવી પ્રરૂપણા કરે છે, તેને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે.

એક ગાથાપતિ છે. તેને ત્રણ પુત્રો છે. તે સર્વ ખેતીકર્મઉપજીવી પણ પિતા વડે ક્ષેત્રકર્મમાં નિયોજિત કરાયા=ખેતી કર્મમાં પ્રવૃત્ત કરાયા. ત્યાં એક પુત્ર ખેતીકર્મને જે પ્રમાણે આજ્ઞા કરેલી તે પ્રમાણે કરે છે. એક=બીજો એક પુત્ર, અટવીમાં ગયો. દેશદેશથી=ભિન્ન ભિન્ન દેશથી, રખડે છે. એક= ત્રીજો પુત્ર, જમેલો=જમીને ગયેલો, દેવકુલાદિમાં ફરે છે. કાલાંતરથી તેના પિતા મૃત્યુ પામ્યા. તે ત્રણેય પુત્રો વડે સર્વ પણ પિતાની સંપત્તિ છે, એથી કરીને સમાન વિભક્ત કરાઈ. તેઓને=તે ત્રણેય

પુત્રોને, જે એક વડે ઉપાર્જિત થયું=એક પુત્રએ ખેતી કરીને જે ઉપાર્જન કર્યું, તે સર્વને પણ સામાન્ય થયું=ત્રણેય પુત્રોને તે ખેતીનું ફળ સમાન રીતે પ્રાપ્ત થયું. એ રીતે અમારા પિતા તીર્થંકર છે=જેમ તે ત્રણ પુત્રોના પિતા કુલપતિ હતા, એ રીતે અમારા પિતા તીર્થંકર છે. તેના સંબંધી ઉપદેશથી સર્વ સાધુઓ કાયક્લેશને કરે છે=કાયાને સંવૃત કરીને સંયમની સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. અમે કરતા નથી અર્થાત્ યથાછંદા કહે છે અમે તે પ્રકારની કાયાના સંવરપૂર્વક પ્રવૃત્તિ કરતા નથી. જે તમારા વડે કરાયું=અપ્રમાદી સાધુઓ વડે જે કરાયું, તે અમારું સામાન્ય છે. જે પ્રમાણે તમે=સંયમમાં અપ્રમાદથી પ્રવૃત્તિ કરનારા સાધુઓ દેવલોકને, સુકુલમાં જન્મને અથવા સિદ્ધિને પામશો, તે પ્રમાણે અમે પણ જઈશું. એ પ્રમાણે ગાથાનો ભાવાર્થ છે. વળી, અક્ષરયોજના=ગાથામાં અક્ષરની યોજના, આ પ્રમાણે છે. એક પુત્ર ક્ષેત્રમાં ગયો=ખેતી કરવાના કૃત્યમાં પ્રવૃત્ત થયો. એક પુત્ર અટવીમાં=દેશાંતરોમાં, પરિભ્રમણ કરે છે. અપર એક=ત્રીજો પુત્ર, ત્યાં જ રહે છે=ખાઈ પીને ઘરે જ રહે છે અને પિતા મર્યે છતે બધાઓનું ધન સમાન થયું. આ રીતે અહીં પણ=સાધુના વિષયમાં પણ, માતા-પિતા સ્થાનીય તીર્થંકરો છે; કેમ કે તીર્થંકરના ઉપદેશથી જ બધા સાધુઓએ સાધુપણું ગ્રહણ કર્યું છે. ક્ષેત્ર=ક્ષેત્રનું ફળ એવું ધન, વળી ભાવથી પરમાર્થથી સિદ્ધિ છે=સંયમ ગ્રહણ કરીને સંયમના પાલનનું ફળ પરમાર્થથી સિદ્ધિ છે. તેને=મોક્ષને જ, તમારી જેમ=સુસાધુની જેમ, તમારા ઉપાર્જનથી=સુસાધુઓના સંયમના પાલનથી, અમે પણ પ્રાપ્ત કરશું. ।।૧૧૧।।

**ભાવાર્થ :-**

યથાછંદા સ્વમતિ અનુસાર પોતાનો પ્રમાદ કરીને સુસાધુઓને કહે છે કે તમારી જેમ અમે પણ દેવલોક આદિમાં જઈશું. આ પ્રકારે બાહ્ય સ્થૂલ દૃષ્ટાંત ગ્રહણ કરીને સ્વમતિથી સંતોષ માનીને સંયમજીવનમાં કરાતા પોતાના પ્રમાદને પોષે છે અને મિથ્યા આશ્વાસન દ્વારા પોતાનું અહિત કરે છે માટે જ સુગતિ વિષયક તેની સ્વચ્છંદ પ્રરૂપણા છે. **।।૧૧૧।।**

**અવતરણિકા :-**

**गतिविषयप्ररूपणायां प्रतिपत्त्यन्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

ગતિ વિષયક પ્રરૂપણામાં અન્ય સ્વીકારને બતાવે છે=યથાછંદાનો અન્ય પ્રકારનો સ્વીકાર શું છે, તેને બતાવે છે –

**ગાથા :-**

**संविग्गणिइअपासत्थसावयाणं इमो परूवेइ ।**
**अहवा समभागित्तं, चउण्ह पुत्ताण णाएणं ।।११२।।**

**અન્વયાર્થ :-**

अहवा=અથવા, संविग्गणिइअपासत्थसावयाणं=સંવિગ્નનું નિયતવાસીનું પાસત્થાનું અને શ્રાવકોનું, समभागित्तं=સમભાગીપણું, इमो=આ=યથાછંદા, चउण्ह पुत्ताण णाएणं=ચાર પુત્રોના દૃષ્ટાંતથી, परूवेइ= પ્રરૂપણા કરે છે. ।।૧૧૨।।

**ગાથાર્થ :-**

**અથવા સંવિગ્નનું નિયતવાસીનું પાસત્થાનું અને શ્રાવકોનું સમભાગીપણું આ=યથાછંદા, ચાર પુત્રોના દૃષ્ટાંતથી પ્રરૂપણા કરે છે. ।।૧૧૨।।**

**ટીકા :-**

'संविग्ग'त्ति । संविग्नाः-उद्यतविहारिणो नित्याः-नित्यवासिनः पार्श्वस्थाः-ज्ञानादिपार्श्ववर्त्तिनः श्रावकाः—देशविरतिधारिणस्तेषां 'अयं' यथाच्छन्दश्चतुर्णां पुत्राणां 'ज्ञातेन' दृष्टान्तेन 'समभागित्वं' एकफलभोक्तृत्वं प्ररूपयति, अथवेति प्रकारान्तरे, अयमक्षरार्थः । भावार्थस्त्वयम्—"इमं अहाछंदो दिट्ठंतं परिकप्पइ, तंजहा—एगो कुडुंबी, तस्स चउरो पुत्ता, तेण सव्वे संदिट्ठा, गच्छह खित्ते किसिवावारं करेह, तत्थेगो जहुत्तं खित्ते कम्मं करेइ, बिइओ गामा णिग्गंतुं अडवीए उज्जणादिसु सीयलच्छायट्ठिओ अच्छइ, तइओ गिहा णिग्गंतुं गामे चेव देवकुलादिसु जूआदिपसत्तो चिट्ठइ, चउत्थो गिहे चेव किंचि वावारं करेंतो चिट्ठइ, अन्नया तेसिं पिता मओ, जं पितिसंतियं किंचि दव्वं खेत्ताओ उप्पन्नं तं सव्वं समभागेण भवति । इयाणिं दिट्ठंतोवसंहारो-कुडुंबिसमा तित्थयरा, भावओ खित्तं सिद्धी, पढमपुत्तसमा संविग्गविहारी उज्जमंता, बितियपुत्तसमा णिययवासी, तइअपुत्तसमा पासत्था, चउत्थपुत्तसमा सावगधम्मट्ठिआ गिहिणो, तित्थगरपितिसंतियं दव्वं नाणदंसणचरित्ता, जं च तुब्भे खित्तं पडुच्च दुक्करं किरियाकलावं करेह तं सव्वं अम्हं नियतादिभावट्ठिआणं सुहेण चेव सामण्णं"ति ।।११२।।

**ટીકાર્થ :-**

संविग्नाः ..... सामण्णं"ति ।। સંવિગ્ન=ઉદ્યત વિહારવાળા=અપ્રમાદથી સમિતિ-ગુપ્તિમાં યત્ન કરનારા. નિત્યો=નિત્ય એક ક્ષેત્રમાં વસનારા સાધુઓ. પાસત્થા=જ્ઞાનાદિ પાસે વર્તનારા. શ્રાવકો=દેશવિરતિ ધારણ કરનારા. તેઓને=તે ચારેયને, આ યથાછંદ સાધુ પુત્રોના દૃષ્ટાંતથી સમભાગીપણું=એક ફલભોક્તૃપણું પ્રરૂપણા કરે છે. ગાથામાં અથવા શબ્દ પ્રકારાંતરમાં છે. વળી, ભાવાર્થ આ છે. યથાછંદ આ દૃષ્ટાંતની પરિકલ્પના કરે છે. તે આ પ્રમાણે – એક કુટુંબી. તેના ચાર પુત્રો. તેના વડે=તે કુટુંબી વડે, સર્વ=તે સર્વ પુત્રો, સૂચન કરાયા. તમે જાઓ. ક્ષેત્રમાં ખેતીનો વ્યાપાર કરો. ત્યાં એક પુત્ર ક્ષેત્રમાં યથોક્ત કર્મને કરે છે=કુટુંબીએ કહેલ એ પ્રમાણે ખેતી કરે છે. બીજો ગામથી નીકળીને અટવીમાં, ઉદ્યાનાદિમાં શીતલ છાયામાં રહેલો વર્તે છે. ત્રીજો ઘરથી નીકળીને ગામમાં અને દેવકુલાદિમાં

જુગારાદિ રમતો રહે છે. ચોથો ઘરમાં જ કંઈક વ્યાપારને કરતો રહે છે. અન્યદા તેમના પિતા મૃત્યુ પામ્યા. પિતા સંબંધી જે કાંઈ દ્રવ્ય ક્ષેત્રથી ઉત્પન્ન થયું તે સમભાગથી સર્વનું થયું. હવે, દૃષ્ટાંતનો ઉપસંહાર કહે છે. કુટુંબી સમાન તીર્થંકરો છે. ભાવથી ખેતી સિદ્ધિ છે. પ્રથમ પુત્ર જેવા સંવિગ્ન વિહારી સાધુઓ ઉદ્યમવિહારી છે, બીજા પુત્ર જેવા સાધુ નિયતવાસી છે, ત્રીજા પુત્ર જેવા પાસત્થા છે, ચોથા પુત્ર જેવા શ્રાવકધર્મમાં રહેલા ગૃહસ્થો છે. તીર્થંકર પિતાના દ્રવ્ય સંબંધી જ્ઞાન-દર્શન-ચારિત્ર છે અને જે તમે ક્ષેત્રને આશ્રયીને દુષ્કર ક્રિયાકલાપ કરો છો=સંવિગ્ન સાધુઓ જે દુષ્કર ક્રિયાકલાપ કરો છો, તે સર્વ નિયતાદિભાવમાં રહેલા અમારું સુખથી સામાન્ય છે. ।।૧૧૨।।

**અવતરણિકા :-**

**ननु यथाछन्दस्य द्विविधैवोत्सूत्रप्ररूपणोक्ता चारित्रविषया गतिविषया च, तथा सति स गौरवार्थं पदार्थान्तरविषयं वितथं प्ररूपयन् पण्डितत्वबुद्ध्युत्पादितां लोकपूजां प्रतीच्छन् यथाछन्दो न स्यादिति शङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

'ननु'થી શંકા કરે છે. યથાછંદાની દ્વિવિધ ઉત્સૂત્ર પ્રરૂપણા ચારિત્ર વિષયક અને ગતિ વિષયક કહેવાઈ. તેમ હોતે છતે=યથાછંદાની બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા કહેવાઈ તેમ હોતે છતે, તે=યથાછંદ સાધુ, ગૌરવ માટે=માન-સન્માન માટે, પદાર્થાંતર વિષયક=શાસ્ત્રીય અન્ય પદાર્થો વિષયક, વિપરીત પ્રરૂપણા કરતાં, પંડિતપણાની બુદ્ધિથી ઉત્પાદિત લોકપૂજાને ઇચ્છતા યથાછંદ ન થાય એ પ્રકારની આશંકામાં કહે છે –

**ગાથા :-**

**उस्सुत्ता जा दुविहा, परूवणा दंसिआ अहाछंदे ।**
**उस्सुत्तंतरकहणस्सेसा उवलक्खणं होइ ।।११३।।**

**અન્વયાર્થ :-**

अहाछंदे=યથાછંદમાં, जा दुविहा=જે બે પ્રકારની, उस्सुत्ता=ઉત્સૂત્ર, परूवणा दंसिआ=પ્રરૂપણા બતાવાઈ=વ્યવહાર ગ્રંથમાં બતાવાઈ, उस्सुत्तंतरकहणस्सेसा उवलक्खणं=એ ઉત્સૂત્રાંતરના કથનનું ઉપલક્ષણ होइ=થાય છે. ।।૧૧૩।।

**ગાથાર્થ :-**

**યથાછંદમાં જે બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા બતાવાઈ=વ્યવહાર ગ્રંથમાં બતાવાઈ, એ ઉત્સૂત્રાંતરના કથનનું ઉપલક્ષણ થાય છે. ।।૧૧૩।।**

**ટીકા :-**

**'उस्सुत्त'त्ति । यथाछन्दे प्रतिपादयितरि या द्विविधोत्सूत्रा प्ररूपणा दर्शिता व्यवहारग्रन्थे, एषा एवंविधोत्सूत्रान्तरकथनस्योपलक्षणं भवति तेन पदार्थान्तरमपि वितथं प्ररूपयन् यथाछन्द एव भवतीति न कोऽपि दोषः ।।११३।।**

**ટીકાર્થ :-**

**यथाछन्दे ..... दोषः ।। વ્યવહાર ગ્રંથમાં પ્રતિપાદન કરનારા યથાછંદમાં જે બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા બતાવાઈ. એ=વ્યવહાર ગ્રંથની બે પ્રકારની પ્રરૂપણા, આવા પ્રકારના ઉત્સૂત્રાંતરના કથનનું ઉપલક્ષણ છે=અવતરણિકામાં કહ્યું કે માન-ખ્યાતિ માટે શાસ્ત્રીય વચનો અન્ય રૂપે કહે છે એવા પ્રકારના ઉત્સૂત્રાંતરના કથનનું ઉપલક્ષણ છે. તેથી વિપરીત પદાર્થાંતરની પણ પ્રરૂપણા કરતાં યથાછંદા જ થાય છે. એથી કોઈ પણ દોષ નથી. ।।૧૧૩।।**

**ભાવાર્થ :-**

વ્યવહાર ગ્રંથમાં યથાછંદની બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા છે. એટલું જ કથન કરેલ છે. તેથી કોઈને પ્રશ્ન થાય કે અન્ય પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા કોઈ સાધુ માન-ખ્યાતિ આદિ અર્થે કરતા હોય અને લોકમાં આ બુદ્ધિમાન છે. એવી માન-ખ્યાતિને પામતા હોય તેવા સાધુ ઉપલક્ષણથી યથાછંદા છે, તેમ ગ્રહણ કરવું; કેમ કે ચારિત્ર વિષયક અને ગતિવિષયક બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા બતાવી, તેમ અન્ય સર્વ પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા પણ ભગવાનની આજ્ઞાને પરતંત્ર નહિ થવાથી અને કષાયને પરતંત્ર થયેલી સ્વચ્છંદ મતિથી થાય છે, તેથી તેઓ પણ યથાછંદા જ છે. **।।૧૧૩।।**

**અવતરણિકા :-**

**नन्वेतदुपलक्षणव्याख्यानं भवतां स्वमनीषिकाविजृम्भितम्, चूर्णिकृता वृत्तिकृता वा तद्ग्रन्थस्योपलक्षणपरतयाऽव्याख्यानादित्याशङ्कां ग्रन्थान्तरसम्मत्या निराकुर्वन्नाह —**

**અવતરણિકાર્થ :-**

**આ ઉપલક્ષણ વ્યાખ્યાન=ગાથા-૧૧૩માં કહ્યું કે બે પ્રકારની યથાછંદાની ઉત્સૂત્ર પ્રરૂપણા અન્ય પ્રરૂપણાનું ઉપલક્ષણ છે, એ ઉપલક્ષણ વ્યાખ્યાન, તમારા વડે સ્વવિચારણાથી વિજૃમ્ભિત છે; કેમ કે ચૂર્ણિકાર વડે=વ્યવહારભાષ્યના ચૂર્ણિકાર વડે કે વૃત્તિકાર વડે તે ગ્રંથનું=યથાછંદાની બે પ્રકારની પ્રરૂપણા છે તે ગ્રંથનું, ઉપલક્ષણપરપણાથી અવ્યાખ્યાન છે. એ પ્રકારની આશંકામાં ગ્રંથાંતરની સંમતિથી=યથાછંદને બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણાથી અતિરિક્ત ઉત્સૂત્ર ભાષણ છે તે વિષયક ગ્રંથાંતરની સંમતિથી, નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે —**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧૩માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે યથાછંદાને બે પ્રકારની પ્રરૂપણા જે વ્યવહારભાષ્યમાં કહેવાયેલ છે તે કથન તેવા પ્રકારની અન્ય પ્રરૂપણાનું ઉપલક્ષણ છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે વ્યવહારભાષ્ય ઉપર ચૂર્ણિ છે અને વૃત્તિ પણ છે અને ચૂર્ણિકારે અને વૃત્તિકારે તે બે પ્રરૂપણાને ઉપલક્ષણરૂપે વ્યાખ્યાન કરેલ નથી. તેથી યથાછંદાની અન્ય પ્રરૂપણા પણ છે, તેવો નિર્ણય આગમને પ્રધાન સ્વીકારનાર કઈ રીતે કરી શકે ? કેમ કે વ્યવહાર ગ્રંથની ચૂર્ણિ અને ટીકા બંનેમાં તેની પ્રાપ્તિ નથી. તેથી ગ્રંથકારશ્રી નિશીથચૂર્ણિમાં ત્રણ પ્રકારની પ્રરૂપણા બતાવી છે તેના વચનથી યથાછંદાની બે પ્રરૂપણાને ઉપલક્ષણથી સ્વીકારવામાં દોષ નથી, એમ સ્થાપન કરતાં કહે છે.

**ગાથા :-**

**गंथंतरम्मि इत्तो, परूवणाचरणगइविभेएणं ।**
**उस्सुत्तदंसणं खलु, तिविहं भणिअं अहाछंदे ।।११४।।**

**અન્વયાર્થ :-**

**इत्तो=આથી, गंथंतरम्मि=ગ્રંથાંતરમાં, परूवणाचरणगइविभेएणं=પ્રરૂપણા, ચારિત્ર અને ગતિના ભેદથી, अहाछंदे=યથાછંદામાં, तिविहं=ત્રિવિધ, उस्सुत्तदंसणं खलु=ઉત્સૂત્રનું દર્શન, भणिअं=કહેવાયું. ।।૧૧૪।।**

**ગાથાર્થ :-**

**આથી ગ્રંથાંતરમાં પ્રરૂપણા, ચારિત્ર અને ગતિના ભેદથી યથાછંદામાં ત્રિવિધ ઉત્સૂત્રનું દર્શન કહેવાયું. ।।૧૧૪।।**

**ટીકા :-**

**'गंथंतरम्मि'त्ति । 'इतः' प्ररूपणान्तरस्यापि उपलक्षणव्याख्यानेन ग्रहणात् 'ग्रन्थान्तरे' निशीथचूर्ण्यादिलक्षणे यथाछन्दे उत्सूत्रदर्शनं प्ररूपणा-चरण-गतिविभेदेन त्रिविधं भणितं 'खलु' निश्चितं युज्यते, तदुक्तम्**–"सो अ अहाछंदो तिहा उस्सुत्तं दंसेइ परूवणाईसुं । तत्थ परूवणे इमं पडिलेहणमुहपत्ती" **इत्यादि यावत्**–'एसा परूवणा भणिया, इयाणिं चरणगईसुं भण्णइ । तत्थ चरणे सागारिआइपलिअंक' **इत्यादि । तथा च व्यवहारे चरणाङ्गविषयं वितथकथनं चरणोत्सूत्रप्ररूपणम् । गतिसाम्यविषयं च गत्युत्सूत्रप्ररूपणं साक्षादुक्तम्, तदन्यविषयं च तृतीयमुपलक्षणाल्लभ्यते । ग्रन्थान्तरे च सागारिकादिविषयं चरणोत्सूत्रं गत्युत्सूत्रं च तदेव, एतदुभयातिरिक्तं च प्ररूपणोत्सूत्रं विवक्षितम्, तत्र चावशिष्टमप्यन्तर्भवतीति सर्वमवदातम् ।।११४।।**

**ટીકાર્થ :-**

**'इतः' ..... अवदातम् ।। આનાથી=પ્રરૂપણાંતરનું ઉપલક્ષણના વ્યાખ્યાનથી ગ્રહણપણું હોવાથી= ગ્રંથકારશ્રીએ પૂર્વની ગાથામાં યથાછંદાની અન્ય પ્રરૂપણાને પણ ઉપલક્ષણના વ્યાખ્યાનથી ગ્રહણ કરેલ હોવાથી, ગ્રંથાંતરમાં=નિશીથચૂર્ણિ આદિ રૂપ ગ્રંથાંતરમાં, યથાછંદા વિષયક ઉત્સૂત્રનું દર્શન, પ્રરૂપણા, ચારિત્ર અને ગતિના ભેદથી ત્રિવિધ કહેવાયેલ નક્કી ઘટે છે. તે=યથાછંદા વિષયક ઉત્સૂત્ર પ્રરૂપણા નિશીથચૂર્ણિમાં ત્રિવિધ કહેવાયેલ છે એમ પૂર્વમાં કહ્યું તે, કહેવાયું છે.**

"અને તે યથાછંદ ત્રિવિધ ઉત્સૂત્રને પ્રરૂપણ આદિમાં બતાવે છે. ત્યાં પ્રરૂપણા આ છે. કઈ છે તે સ્પષ્ટ કરે છે. પડિલેહણ, મુહપત્તિ ઈત્યાદિથી માંડીને યાવત્ આ પ્રરૂપણા કહેવાઈ છે."

હવે, ચરણ અને ગતિમાં કહેવાય છે. ત્યાં=ચરણ અને ગતિના વિષયમાં ચરણ વિષયક સાગારિક, પલંગ ઈત્યાદિ છે.

**અને તે રીતે=જે રીતે નિશીથચૂર્ણિમાં યથાછંદાનું ત્રણ પ્રકારનું ઉત્સૂત્ર કહ્યું છે તે રીતે, વ્યવહારમાં ચરણના અંગના વિષયવાળું વિપરીત કથન ચરણ ઉત્સૂત્ર પ્રરૂપણ છે અને ગતિના સામ્યના વિષયવાળું ગતિ ઉત્સૂત્રનું પ્રરૂપણ સાક્ષાત્ કહેવાયું છે=વ્યવહારસૂત્રમાં સાક્ષાત્ કહેવાયું છે અને તદ્ અન્ય વિષયવાળું=ચરણ અને ગતિથી અન્ય વિષયવાળું ત્રીજું ઉપલક્ષણથી અન્ય પ્રાપ્ત થાય છે અને ગ્રંથાંતરમાં સાગારિકાદિ વિષયવાળું ચરણઉત્સૂત્ર અને ગતિઉત્સૂત્ર તે જ છે=વ્યવહારસૂત્રમાં જે કહેલ છે તે જ નિશીથચૂર્ણિ આદિમાં છે અને આ ઉભયથી અતિરિક્ત=ચરણ અને ગતિ ઉભયથી અતિરિક્ત, પ્રરૂપણા ઉત્સૂત્ર વિવક્ષિત છે અને ત્યાં=પ્રરૂપણા ઉત્સૂત્રમાં, અવશિષ્ટ પણ અંતર્ભાવ પામે છે અર્થાત્ ગાથા-૧૧૩માં કહ્યું કે ગૌરવ માટે યથાછંદા નવા પદાર્થો વિષયક પ્રરૂપણા કરે છે એ ઉપલક્ષણ છે તે અવશિષ્ટ પણ પ્રરૂપણા ઉત્સૂત્રમાં અંતર્ભાવ પામે છે. એથી સર્વ અવદાત છે=ગ્રંથકારશ્રીએ ત્રીજા પ્રકારનું ઉત્સૂત્ર યથાછંદાનું કહ્યું તે સર્વ સંગત છે. ।।૧૧૪।।**

**ભાવાર્થ :-**

યથાછંદાની પ્રરૂપણા વ્યવહારભાષ્યમાં ચારિત્રવિષયક અને ગતિવિષયક જ કહેલ છે અને ઉપલક્ષણથી અન્ય ઉત્સૂત્ર પ્રરૂપણા યથાછંદાની છે, તેમ ચૂર્ણિકારે પણ કહ્યું નથી અને વૃત્તિકારે પણ કહ્યું નથી. તેથી આગમવચનના બળથી જે પદાર્થ નક્કી થતા હોય તે સ્થાનમાં ઉપલક્ષણથી યથાછંદાની ત્રીજી પ્રરૂપણા છે, તેમ કહેવું સંગત થાય નહિ. સ્વમતિની પ્રરૂપણા છે, એવો કોઈને ભ્રમ થાય. તેને ગ્રંથકારશ્રી નિશીથચૂર્ણિના વચનના બળથી યથાછંદાની ત્રણ પ્રકારની પ્રરૂપણા બતાવીને પોતાનું કથન આગમ અનુપાતિ છે, તેમ સ્પષ્ટ કરે છે. **।।૧૧૪।।**

**અવતરણિકા :-**

**अनुपलक्षणव्याख्यानपक्षेऽपि प्रकारान्तरेण पदार्थान्तरोत्सूत्रसङ्ग्रहमाह –**

**અવતરણિકાર્થ :-**

અનુપલક્ષણ વ્યાખ્યાન પક્ષમાં પણ=વ્યવહારભાષ્યમાં યથાછંદાની બે પ્રરૂપણા કરી છે તે ત્રીજા પ્રકારની પ્રરૂપણાનું ઉપલક્ષણ નથી એ પ્રકારના વ્યાખ્યાન પક્ષમાં પણ, અન્ય પ્રકારથી પદાર્થાંતરના ઉત્સૂત્રના સંગ્રહને=વ્યવહારભાષ્યમાં કહેલ યથાછંદાની બે પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણામાં અન્ય પદાર્થ વિષયક ઉત્સૂત્રનો સંગ્રહ થાય છે તેને, કહે છે –

**ગાથા :-**

**जं किंचि वितहकहणं, अहवा सुहसायगस्स एयस्स ।**
**चरणब्भंसमईए, चरणुस्सुत्तम्मि संकमइ ।।११५।।**

**અન્વયાર્થ :-**

अहवा सुहसायगस्स एयस्स=અથવા સુખાસ્વાદનવાળા એવા આનું=યથાછંદાનું, जं किंचि वितहकहणं=જે કાંઈ વિતથ કથન છે, चरणब्भंसमईए=તે ચારિત્રભ્રંશની મતિથી, चरणुस्सुत्तम्मि संकमइ=ચારિત્ર ઉત્સૂત્રમાં સંક્રમણ પામે છે. ।।૧૧૫।।

**ગાથાર્થ :-**

**અથવા સુખાસ્વાદનવાળા એવા આનું=યથાછંદાનું, જે કાંઈ વિતથ કથન છે તે ચારિત્રભ્રંશની મતિથી ચારિત્ર ઉત્સૂત્રમાં સંક્રમણ પામે છે. ।।૧૧૫।।**

**ટીકા :-**

'जं किंचि' त्ति । 'अथवा' इति प्रकारान्तरे यत्किञ्चिद्वितथकथनं 'सुखासादकस्य' सुखास्वादाभिलाषिणः 'एतस्य' यथाछन्दस्य 'चरणभ्रंशमत्या' इदानीं दुष्षमाकालानुभावसंहननादृढत्वादिना नास्ति तादृशं चारित्रम्, केवलं मध्यमैव वर्त्तनी श्रेयसी सर्वे वा श्रमणलिङ्गधारिणः समाना इत्यादि चारित्रनिराकरणधिया चारित्रोत्सूत्रे संक्रामति । यद्यपि पदार्थान्तरोत्सूत्रे न साक्षाच्चारित्रभ्रंशविषयत्वम्, तथाऽप्येवं प्ररूपणेनाहमेव लोकपूज्यः स्याम् अपरेषां च चारित्रिणां चारित्रं भिन्नप्ररूपणयाऽपवादकलुषितमस्त्वित्याशङ्कया तत्रपि फलतश्चरणभ्रंशविषयत्वाप्रतिरोधादिति भावः ।।११५।।

**ટીકાર્થ :-**

'अथवा' ..... प्रतिरोधदिति भावः ।। 'અથવા' એ પ્રકારાંતરમાં છે=ગાથા-૧૧૪માં સમાધાન કર્યું, એના કરતાં અન્ય પ્રકારને બતાવવાર્થે 'અથવા'થી કહે છે. સુખાસ્વાદવાળા=સુખના આસ્વાદના અભિલાષવાળા=માનખ્યાતિના અભિલાષવાળા, એવા આનું=યથાછંદાનું જે કાંઈ વિતથ કથન ચારિત્ર નિરાકરણની બુદ્ધિથી છે, તે ચારિત્ર ઉત્સૂત્રમાં સંક્રમણ પામે છે, એમ અન્વય છે. ચરણભ્રંશની

**મતિથી કેવી તેઓની પ્રરૂપણા છે, તે સ્પષ્ટ કરે છે. હમણાં દુઃષમાકાલના અનુભાવને કારણે સંહનનનું અદઢપણું આદિ હોવાથી તેવું ચારિત્ર નથી=શાસ્ત્રમાં ચારિત્રની જેવી આચરણા બતાવી છે, તેવી આચરણાવાળું ચારિત્ર હમણાં નથી. કેવલ મધ્યમ જ માર્ગ શ્રેય છે=શાસ્ત્રમાં વર્ણન કરાયેલું હોય તેનાથી કંઈક સુખાકારી એવો મધ્યમ માર્ગ જ શ્રેયકારી છે અથવા સર્વ સાધુવેશધારી સમાન છે અર્થાત્ અપ્રમાદથી યત્ન કરનારા હોય કે પ્રમાદથી યત્ન કરનારા હોય પણ ચારિત્રના વેશને ધારણ કરનારા છે માટે બધા ચારિત્રી છે. ઈત્યાદિ પારમાર્થિક ચારિત્રના નિરાકરણની બુદ્ધિથી યથાછંદાની પ્રરૂપણા ચારિત્ર ઉત્સૂત્રમાં સંક્રમણ પામે છે. જોકે પદાર્થાંતરના ઉત્સૂત્રમાં=માન, ખ્યાતિ અર્થે શાસ્ત્રીય પદાર્થો લોક આગળ શાસ્ત્ર નિરપેક્ષ બતાવીને જે યથાછંદા પ્રરૂપણા કરે છે તે રૂપ પદાર્થાંતરના ઉત્સૂત્રમાં, સાક્ષાત્ ચારિત્રભ્રંશ વિષયપણું નથી તોપણ આ રીતે પ્રરૂપણાથી=શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કરનારા મહાત્માઓ જે પ્રરૂપણા કરે છે તેના કરતાં કંઈક અપૂર્વ યુક્તિથી લોકો આગળ યથાછંદા પ્રરૂપણા કરે છે. એ રીતે પ્રરૂપણાથી, હું જ લોકમાં પૂજ્ય થાઉં અને બીજા ચારિત્રીઓનું ચારિત્ર=જે સુસાધુઓ છે તે ચારિત્રિઓનું ચારિત્ર ભિન્ન પ્રરૂપણાને કારણે અપવાદ કલુષિત છે=જે પ્રકારે યથાછંદા પ્રરૂપણા કરે છે તેનાથી ચારિત્રની ભિન્ન પ્રરૂપણા હોવાને કારણે લોકમાં તેઓનું ચારિત્ર નિંદાથી કલુષિત છે. એ પ્રકારની આશંકા કરીને ત્યાં પણ=યથાછંદાની તેવી વિશિષ્ટ પ્રરૂપણામાં પણ, ફલથી ચારિત્રના ભ્રંશના વિષયપણાનો અપ્રતિરોધ છે અર્થાત્ સુસાધુઓ ચારિત્રી હોવા છતાં ચારિત્રી નથી, તેવું સ્થાપન થતું હોવાથી યથાછંદામાં પણ ચારિત્રના ભ્રંશનું વિષયપણું પ્રાપ્ત થાય છે. ॥૧૧૫॥**

**ભાવાર્થ :-**

યથાછંદા ચારિત્ર અને ગતિ સિવાયના અન્ય શાસ્ત્રીય પદાર્થોની વિપરીત પ્રરૂપણા કરે છે, તે ચારિત્રભ્રંશની મતિથી થતી હોવાથી ચારિત્રના ઉત્સૂત્રમાં અંતર્ભાવ પામે છે. જેમ કેટલાક યથાછંદા કહે છે કે વર્તમાનમાં સંઘયણ દઢ નથી. તેથી શાસ્ત્રમાં જેવા આચારો બતાવાયા છે, તેવા પ્રકારના આચારોનું પાલન આ કાળમાં સંભવે નહીં. તેથી આ કાળને અનુરૂપ અમે આચરણા કરીએ છીએ, તેવો મધ્યમ માર્ગ જ શ્રેય છે. એમ કહીને પોતાની ઇન્દ્રિયોને અનુકૂળ માન-સન્માન કે આહાર-વસ્ત્રાદિ જોઈએ છે, તે અમે ગ્રહણ કરીએ છીએ તે ઉચિત છે. એમ કહીને તેઓ પારમાર્થિક ચારિત્રનું નિરાકરણ કરે છે. તેથી તેઓનું ઉત્સૂત્ર ચારિત્ર ઉત્સૂત્રમાં જ અંતર્ભાવ પામે છે.

વળી, કેટલાક યથાછંદા શાસ્ત્રીય પદાર્થો સ્વમતિથી સૂક્ષ્મ સૂક્ષ્મ આલોચન થાય તે પ્રકારે લોકને ગ્રાહ્ય થાય, તેમ વિપરીત પ્રરૂપણા કરે છે. જેનાથી પોતે લોકમાં વિશિષ્ટ પ્રરૂપણા કરનારા તરીકે પૂજ્ય બને છે અને અન્ય સુસાધુ જે શાસ્ત્રાનુસારી પ્રરૂપણા કરે છે, તેઓની પ્રરૂપણા તે પદાર્થ વિષયક ભિન્ન હોવાથી લોકોમાં સુસાધુ નિંદાને પાત્ર બને છે. તેથી, યથાછંદાની તે પ્રરૂપણામાં પણ ફલથી તે પ્રરૂપણા કરીને તેઓ ચારિત્રભ્રંશ થાય છે. તેથી, ચારિત્રભ્રંશ વિષયપણું સંગત હોવાથી તે પદાર્થાંતરની ઉત્સૂત્ર પ્રરૂપણા પણ

ચારિત્રની ઉત્સૂત્ર પ્રરૂપણામાં અંતર્ભાવ પામે છે. એથી ફલિત થાય કે વ્યવહારભાષ્ય અનુસાર યથાછંદાની બે પ્રરૂપણા છે, તે પ્રરૂપણામાં જ પદાર્થાંતરના ઉત્સૂત્ર ભાષણનો અંતર્ભાવ કરવામાં આવે તો ઉપલક્ષણથી યથાછંદાની ત્રીજા પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા સ્વીકારવાની આવશ્યકતા રહે નહિ. **॥૧૧૫॥**

**અવતરણિકા :-**

**यस्तु सुखास्वादेच्छां विनाऽपि निःशङ्कं वितथं प्ररूपयति क्लिष्टकर्मोदयात्, स तु यथाछन्दादप्यधिकतरदोषो निह्नव एवेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**વળી, જે સાધુ સુખાસ્વાદની ઇચ્છા વગર પણ=માન-સન્માન કે ઇષ્ટ આહારાદિની ઇચ્છા વગર પણ, ક્લિષ્ટ કર્મના ઉદયથી વિપરીત પ્રરૂપણા કરે છે. તે વળી, યથાછંદાની પણ અધિકતર દોષવાળા નિહ્નવ જ છે, એ પ્રમાણે કહે છે=ગાથામાં કહે છે –**

**ગાથા :-**

**जो पुण कट्ठपरो वि हु, सुहसायफलं विणा विऽभिनिविट्ठो ।**
**णाऊण वि जिणवयणं, निहणइ सो णिण्हवो चेव ।।११६।।**

**અન્વયાર્થ :-**

पुण कट्ठपरो वि हु=**વળી, કષ્ટમાં તત્પર પણ,** सुहसायफलं विणा वि=**સુખાસ્વાદના ફલ વગર પણ,** णाऊण वि=**જાણીને પણ,** जो=**જે,** अभिनिविट्ठो=**અભિનિવિષ્ટ,** जिणवयणं निहणइ=**જિનવચનનો અપલાપ કરે છે,** सो णिण्हवो चेव=**તે નિહ્નવ જ છે. ॥૧૧૬॥**

**ગાથાર્થ :-**

**વળી, કષ્ટમાં તત્પર પણ સુખાસ્વાદના ફલ વગર પણ જાણીને પણ જે અભિનિવિષ્ટ જિનવચનનો અપલાપ કરે છે, તે નિહ્નવ જ છે. ॥૧૧૬॥**

**ટીકા :-**

'जो पुण'त्ति । यः पुनः स्वयं 'कष्टपरोऽपि' उग्रक्रियाकार्यपि सुखास्वादफलं विनापि 'अभिनिविष्टः' अनिवर्त्तनीयासद्ग्रहवान् ज्ञात्वापि जिनवचनं निहन्ति कुहेतुहेतिभिः स निह्नव एव, अयं च यथा-छन्दादप्यधिकतरदोषः सफलानाचारप्रवृत्त्यपेक्षया निष्फलानाचारप्रवृत्तावतिनःशङ्कत्वेन महापाप-दर्शनादिति ।।११६।।

**ટીકાર્થ :-**

**यः पुनः ..... दर्शनादिति ।। જે વળી સ્વયં કષ્ટપર છે=ઉગ્ર સંયમની ક્રિયાને કરનાર પણ છે, સુખાસ્વાદના ફ્લ વગર પણ=માન-સન્માન કે સુંદર વસ્ત્ર-પાત્રાદિના ફ્લ વગર પણ, અભિનિવિષ્ટ છે=અનિવર્તનીય અસદ્ગ્રહવાળા છે, તે જિનવચનને જાણીને પણ કુહેતુઓની હેતિથી=કુહેતુઓને બતાવનારા હોવાથી, જિનવચનનો અપલાપ કરે છે, તે નિહ્નવ જ છે=યથાછંદા કરતાં ભિન્ન ભગવાનના વચનના અપલાપ કરનારા નિહ્નવ જ છે અને આ=નિહ્નવ, યથાછંદાથી પણ અધિકતર દોષવાળા છે; કેમ કે સફ્લ અનાચારની પ્રવૃત્તિની અપેક્ષાથી=આલોકના માન-ખ્યાતિ આદિ રૂપ ફ્લવાળા અનાચારની પ્રવૃત્તિની અપેક્ષાથી, નિષ્ફ્લ અનાચારની પ્રવૃત્તિમાં=આલોકના માન-ખ્યાતિ આદિ રૂપ ફ્લ વગરના અનાચારની પ્રવૃત્તિમાં, અતિ નિઃશંકપણું હોવાને કારણે=અતિદુષ્ટપણું હોવાને કારણે, મહાપાપનું દર્શન છે. ।।૧૧૬।।**

**ભાવાર્થ :-**

યથાછંદા માન-ખ્યાતિના કે સુખાકારી જીવનના અર્થી થઈને ભગવાનના વચનનો અપલાપ કરે છે. જેના બળથી સાધુપણામાં અનુકૂળતાઓ ભોગવીને સાધુ તરીકે પૂજાય છે. છતાં ભગવાનના વચનનો અપલાપ કરવાની ક્ષુદ્ર વૃત્તિ હોવાથી અને તુચ્છ ઐહિક સુખ પ્રત્યે ભગવાનના વચન કરતાં પણ અધિક રાગ હોવાથી ભગવાનના વચનનો અપલાપ કરીને યથાછંદા સાધુ બને છે. જ્યારે જમાલિ આદિ જેવા નિહ્નવો સંયમની કષ્ટક્રિયા કરનારા છે. અણિશુદ્ધ ચારિત્ર પાળનારા છે, છતાં પણ ભગવાનનું વચન આ પ્રકારનું છે, તેમ જાણવા છતાં ક્લિષ્ટકર્મના ઉદયથી ક્લિષ્ટ ચિત્તવાળા થઈને વિપરીત પ્રરૂપણા કરે છે, તેઓ યથાછંદા કરતાં પણ અધિક ક્લિષ્ટ પાપો બાંધે છે; કેમ કે યથાછંદા સાધુને આ લોકના માન-ખ્યાતિ આદિ તુચ્છ આચારો પ્રત્યે અધિક રાગ છે અને જિનવચન અને જિનવચનાનુસાર અસંક્લિષ્ટ ચિત્ત પ્રત્યે ઉપેક્ષા છે. તેથી કંઈક ક્લેશને વશ થઈને વિપરીત પ્રરૂપણા કરે છે તોપણ તે વિપરીત પ્રરૂપણા પ્રત્યે આલોકના સુખનો રાગ હેતુ બને છે. જ્યારે નિહ્નવોમાં આલોકના સુખનો રાગ પણ વચન અપલાપનું કારણ નથી છતાં અતિક્લિષ્ટ પરિણામને કારણે જિનવચનનો અપલાપ કરે છે. તેથી, યથાછંદા કરતાં પણ અધિક દોષવાળા નિહ્નવ છે. જેમ અધમ જીવો આલોકના સુખ અર્થે પાપો કરે છે. જ્યારે અધમાધમ જીવો તો આલોકના સુખને પણ અવગણીને અતિક્લિષ્ટ ચિત્તને વશ અન્યને ત્રાસ આપીને આનંદ લે છે. તેથી, અધમ કરતાં પણ અધમાધમ ખરાબ છે. તેમ યથાછંદા આલોકના સુખ અર્થે જ તત્ત્વનો અપલાપ કરે છે. તેથી અધમ તુલ્ય છે. જ્યારે નિહ્નવો તો આલોકના સુખના અર્થી નહિ હોવા છતાં અતિક્લિષ્ટ ચિત્તને કારણે અતિ ઉપકારી એવા જિનવચનનો પણ અપલાપ કરે છે માટે યથાછંદા કરતાં પણ અધિક દોષવાળા છે. **।।૧૧૬।।**

**અવતરણિકા :-**

**अत्रैव कैश्चिदुक्तामन्यां व्यवस्थामपाकुर्वन्नाह –**

**અવતરણિકાર્થ :-**

આમાં જ=યથાછંદા અને નિહ્નવના વિષયમાં જ, કેટલાક વડે કહેવાયેલી અન્ય વ્યવસ્થાને નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**अणवट्ठिअमुस्सुत्तं, अहछंदत्तं अवट्ठिउस्सुत्तं ।**
**निण्हवयत्तं इय केइ बिंति तं णत्थि पडिणिययं ।।११७।।**

**અન્વયાર્થ :-**

अणवट्ठिअमुस्सुत्तं अहछंदत्तं=અનવસ્થિત ઉત્સૂત્ર યથાછંદપણું, अवट्ठिउस्सुत्तं निण्हवयत्तं=અવસ્થિત ઉત્સૂત્ર નિહ્નવપણું, इय केइ बिंति=એ પ્રમાણે કેટલાક કહે છે, तं णत्थि पडिणिययं=તે પ્રતિનિયત નથી. ।।૧૧૭।।

**ગાથાર્થ :-**

**અનવસ્થિત ઉત્સૂત્ર યથાછંદપણું, અવસ્થિત ઉત્સૂત્ર નિહ્નવપણું એ પ્રમાણે કેટલાક કહે છે, તે પ્રતિનિયત નથી. ।।૧૧૭।।**

**ટીકા :-**

**'अणवट्ठिअ'मिति । अनवस्थितमुत्सूत्रं यथाछन्दत्वम्, अवस्थितं चोत्सूत्रं निह्नवत्वमिति केचिद् ब्रुवते, तदुक्तम्—**

"अनवस्थितकोत्सूत्रं यथाछन्दत्वमेषु न ।
तदवस्थितकोत्सूत्रं, निह्नवत्वमुपस्थितम् ।।१।।" **इति ।**

**तत्र 'प्रतिनियतं' यथास्थानं व्यवस्थितम्, नित्यवासिचैत्यभक्तिपरप्रभृतियथाछन्दानां नित्यवासचैत्यभक्त्यादिविषयस्योत्सूत्रस्यावस्थितत्वान्निह्नवानामपि केषाञ्चित्क्रमिकनानोत्सूत्राभ्युपगमवतामुत्सूत्रस्यानवस्थितत्वाच्च । किञ्च प्रतिसेव्यमानमेव परेभ्यः प्ररूपयन् यथाछन्दो भणित इति स्वप्रतिसेवाननुकूलेनानवस्थितेनाप्युत्सूत्रेण कथं यथाछन्दत्वं स्यात् ? इति प्रागुक्तमेव युक्तमिति यथाऽऽगममवधेयं सुधीभिः ।।११७।।**

**ટીકાર્થ :-**

अनवस्थितमुत्सूत्रं ..... सुधीभिः ।। અનવસ્થિત ઉત્સૂત્ર યથાછંદપણું છે અને અવસ્થિત ઉત્સૂત્ર નિહ્નવપણું છે, એ પ્રકારે કેટલાક કહે છે. તે કહેવાયું છે=પૂર્વમાં યથાછંદ અને નિહ્નવનો ભેદ બતાવ્યો, તે કહેવાયું છે.

"અનવસ્થિતઉત્સૂત્ર યથાછંદપણું એઓમાં નથી, તે અવસ્થિત ઉત્સૂત્ર નિહ્નવપણું છે."

**તે=પૂર્વમાં યથાછંદ અને નિહ્નવ લક્ષણ કર્યું તે, બરાબર નથી; કેમ કે નિત્યવાસી, ચૈત્યભક્તિમાં તત્પર વગેરે યથાછંદોનું પ્રતિનિયત=યથાસ્થાન, વ્યવસ્થિત છે; કેમ કે નિત્યવાસ, ચૈત્યભક્તિ આદિ વિષય ઉત્સૂત્રનું અવસ્થિતપણું છે અને કેટલાક ક્રમિક જુદા જુદા ઉત્સૂત્ર સ્વીકારનારા તેવા નિહ્નવોના પણ ઉત્સૂત્રનું અનવસ્થિતપણું છે. વળી, પ્રતિસેવ્યમાન જ ઉત્સૂત્રને બીજાઓને પ્રરૂપણા કરનારો યથાછંદ કહેવાયો. એથી પોતાના પ્રતિસેવનના અનનુકૂલ એવા અનવસ્થિત પણ ઉત્સૂત્રથી કેવી રીતે યથાછંદપણું થાય ? અર્થાત્ થઈ શકે નહિ. એથી પૂર્વમાં કહેલું જ=ગાથા-૧૧૬માં યથાછંદાનું અને નિહ્નવનું કહેલું લક્ષણ જ યુક્ત છે. એથી આગમ પ્રમાણે બુદ્ધિમાને જાણવું. ।।૧૧૭।।**

**ભાવાર્થ :-**

યથાછંદા પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે, નિહ્નવ પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. તેથી તે બંને વચ્ચે ભેદ શું છે, તે ગ્રંથકારશ્રીએ ગાથા-૧૧૬માં સ્પષ્ટ કર્યું. ત્યાં ગ્રંથકારશ્રીને અન્ય કેટલાકનું વચન સ્મરણ થયું અને તે ઉચિત કેમ નથી, તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. કેટલાક આચાર્ય અનવસ્થિત ઉત્સૂત્ર બોલનારા યથાછંદ છે, તેમ કહે છે; કેમ કે યથાછંદા ભિન્ન ભિન્ન પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે, તેથી કોઈક પ્રરૂપણા શાસ્ત્રથી વિપરીત કરે તો ક્યારેક અન્ય પ્રરૂપણા શાસ્ત્રથી વિપરીત કરે. તેથી તેઓની પ્રરૂપણા કોઈ પ્રતિનિયત સ્થાનવાળી સદા શાસ્ત્રવિપરીત થતી નથી પરંતુ ભિન્ન ભિન્ન સ્થાનને આશ્રયીને વિપરીત પ્રરૂપણા થાય છે માટે તેઓ યથાછંદા છે, તેમ કેટલાક આચાર્ય કહે છે અને જમાલિ આદિ નિહ્નવોએ કોઈ પ્રતિનિયત સ્થાન વિષયક ઉત્સૂત્રભાષણ કર્યું છે. તેથી તેઓ નિહ્નવ છે. આ પ્રકારનો કેટલાક આચાર્યનો વિભાગ ઉચિત નથી, તેમ સ્થાપન કરતાં ગ્રંથકારશ્રી બતાવે છે. કઈ રીતે ઉચિત નથી ? તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરતાં કહે છે. ભગવાને સાધુને નિત્યવાસનો નિષેધ કર્યો છે, છતાં કેટલાક યથાછંદા સંયમની આરાધના સમ્યક્ થતી હોય તો નિત્યવાસમાં દોષ નથી, તેમ સ્થાપન કરીને પોતે નિત્યવાસ સેવે છે અને નિત્યવાસનો નિષેધ કરનાર ભગવાનના વચનનો અપલાપ કરે છે. વળી, દ્રવ્યસ્તવ સાધુને નિષેધ છે, છતાં કેટલાક યથાછંદા જિનાલયનિર્માણાદિની પ્રવૃત્તિને કરીને સ્વયં ચૈત્યભક્તિ કરે છે અને સાધુને તે કર્તવ્ય છે, તેમ સ્વમતિ અને સ્વયુક્તિ અનુસાર સ્થાપન કરે છે. તે અવસ્થિત ઉત્સૂત્ર છે. તેથી, યથાછંદામાં વર્તતું અવસ્થિત ઉત્સૂત્ર નિહ્નવના લક્ષણમાં જાય છે.

વળી, કેટલાક નિહ્નવો પણ ક્રમસર જુદા જુદા ઉત્સૂત્ર કહેનારા છે. તેથી, અનવસ્થિત ઉત્સૂત્રપણું નિહ્નવમાં પ્રાપ્ત છે, તે લક્ષણ યથાછંદામાં પણ જાય છે માટે પૂર્વપક્ષીએ કહેલું યથાછંદાનું અને નિહ્નવનું લક્ષણ ઉચિત નથી. વળી, પોતે પ્રતિસેવા કરતો હોય તે જ બીજાને પ્રરૂપણા કરે છે. તે જ યથાછંદ છે, એમ કહેવામાં આવે તો પોતાના સેવનથી પ્રતિકૂલ એવા અનવસ્થિત ઉત્સૂત્રથી પણ તે યથાછંદા થાય નહિ. પરંતુ પોતે જે સેવે છે, તે જ પ્રરૂપણા કરે છે. જેથી અવસ્થિત ઉત્સૂત્રને કારણે પૂર્વપક્ષીએ તેને નિહ્નવ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે અવસ્થિત ઉત્સૂત્ર નિહ્નવો કરે છે, એમ તે કહે છે તે પ્રમાણે કેટલાક યથાછંદા પોતે જે સેવે છે, તે જ ઉત્સૂત્ર કહે છે. તેથી તેઓને નિહ્નવ સ્વીકારવાની આપત્તિ આવે માટે

અન્યએ કરેલું યથાછંદા અને નિહ્નવનું લક્ષણ ઉચિત નથી. પરંતુ જે પ્રમાણે તે બેનો ભેદ આગમથી પ્રાપ્ત થાય, તે પ્રમાણે જ તેનું લક્ષણ બુદ્ધિમાને વિચારવું જોઈએ અને તે લક્ષણ ગાથા-૧૧૬માં ગ્રંથકારશ્રીએ કરેલું છે તે પ્રમાણે જાણવું. **॥૧૧૭॥**

**અવતરણિકા :-**

**अथैते यथाछन्दाः किं गीतार्थाः भवन्ति ? उतागीतार्थाः ? इत्येतदाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે, આ યથાછંદા શું ગીતાર્થ હોય છે ? અથવા અગીતાર્થ હોય છે ? એથી=આ પ્રકારની શંકા થવાથી, આને=યથાછંદા ગીતાર્થ છે કે નહિ એને, ગાથામાં કહે છે –**

**ગાથા :-**

**ते हुंति अगीयत्था, एगागिविहारिणो अहाछंदा ।**
**सुहपरिणामालंबणदंसी गीया वि भग्गवया ।।११८।।**

**અન્વયાર્થ :-**

ते हुंति अगीयत्था एगागिविहारिणो अहाछंदा=તે યથાછંદા એકાકી વિહારી અગીતાર્થ છે, सुहपरिणामालंबण-दंसी गीया वि भग्गवया=ગીતાર્થ પણ શુભપરિણામના આલંબનને બતાવનારા ભગ્ન વ્રતવાળા છે. ।।૧૧૮।।

**ગાથાર્થ :-**

**તે યથાછંદા એકાકી વિહારી અગીતાર્થ છે. ગીતાર્થ પણ શુભપરિણામના આલંબનને બતાવનારા ભગ્ન વ્રતવાળા છે. ।।૧૧૮।।**

**ટીકા :-**

**'ते हुंति'त्ति । 'ते' प्रागुक्तस्वरूपाः 'यथाछन्दाः' यशःपूजाद्यर्थमेकाकिविहारिणोऽगीतार्था भवन्ति, तथाविधशास्त्रपरिज्ञानाभावेन पारतन्त्र्याभावेन च स्वप्रतिज्ञातस्वच्छन्दाचारानुकूलतयैव तैः प्ररूपणात् । तथा 'गीता अपि' गीतार्था अपि द्रव्यतो भावतो भग्नव्रताः सन्तः स्वोत्प्रेक्षितस्य शुभपरिणामस्य-नियतवासादिसुन्दरताऽध्यवसायस्य यदालम्बनं-सङ्गमस्थविरादिज्ञातं तद्दर्शयितुं शीलं येषां ते तथा, तेऽपि स्वादृतशिथिलाचारानुकूलप्ररूपणाद् यथाछन्दा भवन्तीत्यर्थः ।।११८।।**

**ટીકાર્થ :-**

'ते' प्रागुक्तस्वरूपाः ..... भवन्तीत्यर्थः ।। **તેઓ=પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળા યથાછંદા, યશ-પૂજાદિ માટે એકાકી વિહાર કરનારા અગીતાર્થો હોય છે; કેમ કે તેવા પ્રકારના શાસ્ત્રના પરિજ્ઞાનનો**

**અભાવ હોવાથી=ગુણવાનની નિશ્રામાં રહીને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા નહિ કરેલ હોવાને કારણે જે પ્રકારે શાસ્ત્રનું તાત્પર્ય છે તે પ્રકારે શાસ્ત્રના પરિજ્ઞાનનો અભાવ હોવાથી અને પારતંત્ર્યનો અભાવ હોવાથી=ગુણવાન એવા ગીતાર્થોના પારતંત્ર્યનો અભાવ હોવાથી, પોતાના વડે નિર્ણય કરાયેલ સ્વચ્છંદ આચારના અનુકૂલપણાથી જ તેઓ વડે=યથાછંદા વડે, પ્રરૂપણા કરાય છે અને ગીતાર્થ પણ દ્રવ્યથી અને ભાવથી ભગ્નવ્રતવાળા છતાં=ગચ્છમાં રહીને ગીતાર્થ થયેલા સાધુ પણ દ્રવ્યથી અને ભાવથી ભગ્નવ્રતવાળા છતાં, પોતાના ઉત્પ્રેક્ષિત એવા શુભપરિણામનું=સ્વમતિથી કલ્પિત એવા નિયતવાસાદિની સુંદરતાના અધ્યવસાયનું, જે આલંબન=સંગમસ્થવિરાદિનું દૃષ્ટાંત, તેને બતાવવાનો સ્વભાવ છે જેને તે તેવા છે=ગીતાર્થ પણ દ્રવ્યથી અને ભાવથી ભગ્ન છે છતાં શુભપરિણામના આલંબનને બતાવવાના સ્વભાવવાળા છે. તેઓ પણ યથાછંદા થાય છે; કેમ કે પોતાનાથી સેવાયેલ શિથિલાચારને અનુકૂળ પ્રરૂપણા કરે છે. ।।૧૧૮।।**

**ભાવાર્થ :-**

કેટલાક સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી પોતાની કોઈક પ્રતિભા હોય તો તેના બળથી યશ-પૂજાના અર્થી થાય છે. તેથી, ગુણવાન ગુરુનો ત્યાગ કરીને એકાકી વિચરે છે. ક્વચિત્ એવા બે-ચાર સાધુઓ સાથે હોય તોપણ ગુણવાનને પરતંત્ર નહિ હોવાથી એકાકી વિહારી છે, તેઓ અગીતાર્થ જ છે; કેમ અગીતાર્થ છે ? અર્થાત્ તેઓએ પણ પુસ્તકાદિમાંથી શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને પૂજા માટે લોકો આગળ તે પદાર્થોની પ્રરૂપણા કરતા દેખાય છે. તેથી અગીતાર્થ કેમ છે તે સ્પષ્ટ કરવાર્થે કહે છે.

જે પ્રકારે ભગવાનનાં વચનો સુગુરુની પરંપરાથી પ્રાપ્ત થયાં છે, તે પ્રકારે શાસ્ત્રના પરિજ્ઞાનનો તેઓને અભાવ છે અને ગુણવાનના પારતંત્ર્યનો પણ અભાવ છે. તેથી પોતે કલ્પેલ સ્વચ્છંદ આચારના અનુકૂલપણાથી જ પ્રરૂપણા કરીને તેઓ માર્ગનો લોપ કરનારા છે. તેથી તે યથાછંદા અગીતાર્થ છે. વળી, કેટલાક સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી ગુણવાનની નિશ્રામાં રહીને ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા ગીતાર્થ થયા છે. તેથી ભગવાનના વચનના યથાર્થ તાત્પર્યનો નિર્ણય કરવા સમર્થ છે તોપણ બાહ્ય આચરણાથી ભગ્ન વ્રતવાળા થયા છે અને અનંત સંસારના પરિભ્રમણનો ભય નષ્ટ થયો છે, તેથી ભાવથી પણ ભગ્ન વ્રતવાળા થયા છે. માટે પોતાની અનુચિત આચરણાને પણ સંગમ સ્થવિરાદિની અપવાદિક આચરણાનું અવલંબન લઈને લોકોને પોતાની અનુચિત આચરણા ઉચિત આચરણા છે, તે પ્રકારે બતાવનાર છે. તેથી ગીતાર્થ હોવા છતાં માર્ગ વિરુદ્ધ પ્રરૂપણા કરીને યથાછંદા બને છે. **।।૧૧૮।।**

**અવતરણિકા :-**

**अथैवं वितथप्ररूपणाकारिणां यथाछन्दानां दोषमुपदर्शयति भाष्यगाथया –**

**અવતરણિકાર્થ :-**

**હવે, આ રીતે=પૂર્વની ગાથાઓમાં કહ્યું એ રીતે, વિપરીત પ્રરૂપણા કરનારા યથાછંદાને ભાષ્યગાથાથી દોષ બતાવે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં યથાછંદાની બે પ્રકારની કે ત્રણ પ્રકારની વિપરીત પ્રરૂપણા છે ઇત્યાદિ કહ્યું એ રીતે યથાછંદા વિપરીત પ્રરૂપણા કરનારા છે, તેઓને શું અનર્થની પ્રાપ્તિ થાય છે, તે વ્યવહારભાષ્યની ગાથાથી ગ્રંથકારશ્રી બતાવે છે –

**ગાથા :-**

**जिणवयणसव्वसारं, मूलं संसारदुक्खमुक्खस्स ।**
**सम्मत्तं मइलित्ता, ते दुग्गइवड्डया हुंति ।।११९।।**

**અન્વયાર્થ :-**

**जिणवयणसव्वसारं=જિનવચનનું સર્વ સાર, संसारदुक्खमुक्खस्स=સંસારના દુઃખના મોક્ષનું, मूलं सम्मत्तं=મૂલ એવા સમ્યક્ત્વને, मइलित्ता=મલિન કરીને, ते दुग्गइवड्डया=તેઓ=યથાછંદા, દુર્ગતિની વૃદ્ધિ કરનારા हुंति=થાય છે. ।।૧૧૯।।**

**ગાથાર્થ :-**

**જિનવચનનું સર્વ સાર, સંસારના દુઃખના મોક્ષનું મૂલ એવા સમ્યક્ત્વને મલિન કરીને તેઓ=યથાછંદા, દુર્ગતિની વૃદ્ધિ કરનારા થાય છે. ।।૧૧૯।।**

**ટીકા :-**

**'जिणवयण'त्ति । 'ते' यथाछन्दाश्चरणेषु गतिषु चैवं ब्रुवाणाः 'सम्यक्त्वं' सम्यग्दर्शनम्, कथम्भूतम् ? इत्याह–जिनानां-सर्वज्ञानां वचनं जिनवचनं-द्वादशाङ्गं तस्य सारं-प्रधानम्, प्रधानता चास्य तदन्तरेण श्रुतस्य पठितस्याप्यश्रुतत्वात्, पुनः किंविशिष्टम् ? इत्याह–'मूलं' प्रथमं कारणं 'संसारदुःखमोक्षस्य' समस्तसांसारिकदुःखविमोक्षणस्य, तदेवंभूतं सम्यक्त्वं मलिनयित्वाऽऽत्मनो दुर्गतिवर्धका भवन्ति, दुर्गतिस्तेषामेवं वदतां फलमिति भावः ।।११९।।**

**ટીકાર્થ :-**

'ते' यथाछन्दाश्चरणेषु ..... भावः ।। તે=યથાછંદા, ચારિત્રના વિષયમાં અને ગતિના વિષયમાં આ પ્રમાણે બોલતાં=પૂર્વમાં વર્ણન કર્યું, એ પ્રકારે બોલતાં, સમ્યક્ત્વને મલિન કરે છે, એમ આગળ સાથે સંબંધ છે. કેવા પ્રકારનું સમ્યગ્દર્શન છે, એથી કહે છે. જિનોનું=સર્વજ્ઞોનું, વચન દ્વાદશાંગરૂપ જિનવચન છે. તેનો સાર=તેનું પ્રધાન, એવું સમ્યગ્દર્શન છે અર્થાત્ જિનવચનના સારરૂપ જીવમાં પ્રગટ થયેલું સમ્યગ્દર્શન છે. અહીં પ્રશ્ન થાય કે જિનવચનમાં સમ્યગ્દર્શન પ્રધાન કેમ છે ? એથી કહે છે. આની પ્રધાનતા=સમ્યગ્દર્શનની જિનવચનમાં પ્રધાનતા છે; કેમ કે તેના વગર=સમ્યગ્દર્શન વગર, ભણાયેલા પણ શ્રુતનું અશ્રુતપણું છે અર્થાત્ જે જીવોને ભગવાનના વચનમાં ઉત્કટ રુચિ નથી,

**તેઓ ક્વચિત્ શ્રુત ભણે તોપણ તેનું સમ્યગ્ યોજન મારે કરવું છે, વિપરીત ન થાય તે પ્રકારની અત્યંત પરિણતિને કારણે સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રુતના પરમાર્થને સ્પર્શે છે. તેના વગર શ્રુતના પરમાર્થની અપ્રાપ્તિ હોવાથી તેનું જ્ઞાન શ્રુતજ્ઞાન નથી માટે સમ્યગ્દર્શનની પ્રધાનતા છે. વળી, કેવું વિશિષ્ટ છે= સમ્યગ્દર્શન કેવું વિશિષ્ટ છે, એથી કહે છે. સંસારના દુઃખના મોક્ષનું મૂળ છે=સમસ્ત સાંસારિક દુઃખોના મોક્ષનું પ્રથમ કારણ સમ્યગ્દર્શન છે. આવા પ્રકારના તે સમ્યક્ત્વને મલિન કરીને પોતાના દુર્ગતિના વર્ધકો થાય છે=ઉત્સૂત્ર પ્રરૂપણા કરતા યથાછંદાઓ દુર્ગતિવર્ધક થાય છે અર્થાત્ આ પ્રમાણે બોલતા તેઓને દુર્ગતિરૂપ ફળ છે. ।।૧૧૯।।**

**ભાવાર્થ :-**

સુસાધુ પણ પ્રમાદવશ માન-ખ્યાતિ આદિના અર્થી થઈને યથાછંદા થાય છે અને તેઓ ચારિત્રના વિષયમાં અને ગતિના વિષયમાં ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. જેના બળથી દીક્ષાકાળમાં કોઈક રીતે પ્રગટ થયેલું સમ્યક્ત્વ કે સમ્યક્ત્વને અભિમુખભાવ થયો હોય તેને મલિન કરીને તેઓ દુર્ગતિને વધારે છે. સમ્યક્ત્વ કેવા પ્રકારનું છે ? જેને મલિન કરીને દુર્ગતિમાં વધારો થાય છે, તેને સ્પષ્ટ કરવાર્થે કહે છે. સર્વજ્ઞનું વચન દ્વાદશાંગી છે અને તેનો સાર સામાયિક છે અને તે સામાયિકમાં પ્રથમ ભૂમિકા સ્વરૂપ સમ્યક્ત્વ સામાયિક છે; કેમ કે સમ્યક્ત્વની પ્રાપ્તિ વગર શ્રુત પણ સમ્યક્ પરિણમન પામતું નથી. આશય એ છે કે જેઓમાં તત્ત્વને જોનારી નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે, તેઓને સંસારરૂપી સમુદ્રમાં પોતે કઈ રીતે અનંતકાળથી દુઃખોની કદર્થના પામે છે, તે સ્પષ્ટ દેખાય છે અને તેના નિસ્તરણનો ઉપાય યથાર્થ તાત્પર્યથી ગૃહીત શ્રુત છે, તેવો સ્પષ્ટ બોધ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ મહાત્મા શ્રુત ભણે છે, ત્યારે પણ યથાર્થ તાત્પર્યને ગ્રહણ કરવાને અભિમુખ જ તેમની નિર્મળ મતિ પ્રવર્તે છે. તેથી જે સ્થાનમાં પોતે જિનવચનના તાત્પર્યનો નિર્ણય કરી શકે નહિ તે સ્થાનમાં પણ સ્વમતિથી યોજન કરવા તે મહાત્મા પ્રયત્ન કરતા નથી અને જિનવચન કઈ રીતે જિન તુલ્ય થવાનું કારણ છે, તે રીતે જ શ્રુત ગ્રહણ કરવામાં તેમની મતિ પ્રવર્તે છે. તેથી, સમ્યક્ શ્રુતની પ્રાપ્તિ પ્રત્યે ઉપદેશક કે ગીતાર્થ ગુરુ નિમિત્ત બને છે. અંતરંગ પ્રબલ કારણ તો સમ્યગ્દર્શન છે. તેથી સમ્યક્ત્વ જિનવચનનો સાર છે. વળી, સંસારી જીવોનો સંસાર જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ અનેક પ્રકારનાં દુઃખોથી વ્યાપ્ત છે. તે દુઃખોથી જીવને મુકાવનારું સમ્યગ્દર્શન છે; કેમ કે સમ્યક્ત્વ પામ્યા પછી તેનું રક્ષણ કરનાર જીવ સંસારમાં રહે ત્યાં સુધી પણ સુદેવ અને સુમાનુષત્વનાં સુખોને પામે છે અને અંતે સર્વ ઉપદ્રવોથી રહિત મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે, તેવું ઉત્તમ સમ્યક્ત્વ છે. છતાં કષાયને વશ યથાછંદા તેને મલિન કરીને પોતાની દુર્ગતિઓની પરંપરાની વૃદ્ધિ કરે છે. **।।૧૧૯।।**

**અવતરણિકા :-**

**उक्तो यथाछन्दस्तदेवमभिहिताः पञ्चापि पार्श्वस्थादयः, अथैतेषां वन्दनप्रशंसनयोर्दोषमुपदर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**યથાછંદ કહેવાયા. આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, પાસત્થાદિ પાંચેય પણ કહેવાયા=**

પાસત્થાદિ પાંચેય કુસાધુઓ કહેવાયા. હવે, આમના=પાસત્થાદિના, વંદન અને પ્રશંસાના દોષને બતાવે છે=જે સાધુ કે ગૃહસ્થ તેઓને વંદન કરે કે તેઓની પ્રશંસા કરે, તેઓને કયા પ્રકારના દોષો પ્રાપ્ત થાય છે ? તેને બતાવે છે –

**ગાથા :-**

**एएसिं पंचण्हं, णिइआणं तह य काहिआईणं ।**
**आणाईआ दोसा, पसंसणे वंदणे वावि ।।१२०।।**

**અન્વયાર્થ :-**

एएसिं पंचण्हं णिइआणं तह य काहिआईणं=આ પાંચના, નિત્યવાસીઓના અને કાથિકાદિઓના, वंदणे वावि=વંદનમાં અને, पसंसणे=પ્રશંસામાં, आणाईआ दोसा=આજ્ઞાદિ દોષો થાય છે. ।।૧૨૦।।

**ગાથાર્થ :-**

**આ પાંચના, નિત્યવાસીઓના અને કાથિકાદિઓના વંદનમાં અને પ્રશંસામાં આજ્ઞાદિ દોષો થાય છે. ।।૧૨૦।।**

**ટીકા :-**

'एएसिं'ति । एतेषां 'पञ्चानां' पार्श्वस्थादीनां तथा 'नित्यानां' नित्यवासिनां काथिकादीनां च चतुर्णां प्रशंसने वन्दने चापि आज्ञादयो दोषा भवन्ति, आज्ञाभङ्गोऽनवस्था मिथ्यात्वं विराधना चेत्यर्थः । तत्र भगवत्प्रतिक्रुष्टवन्दने आज्ञाभङ्गः । तं दृष्ट्वाऽन्येऽपि वन्दन्त इत्यवस्थाविलोपादनवस्था । तान् वन्दमानान् प्रामाणिकान् दृष्ट्वाऽन्येषां तेषु साधुत्वबुद्ध्या मिथ्यात्वम् । कायक्लेशतो देवताभ्यो वाऽऽत्मविराधना, तद्वन्दनेन तत्कृताऽसंयमानुमोदनात्संयमविराधना चेति ।।१२०।।

**ટીકાર્થ :-**

एतेषां ..... चेति ।। આ પાંચ પાસત્થાદિના અને નિત્યોના=નિત્યવાસી સાધુઓના અને કાથિકાદિ ચાર સાધુઓના=ગાથા-૫૪માં બતાવેલા સ્વરૂપવાળા કાથિકાદિ ચાર સાધુઓના, પ્રશંસામાં અને વંદનમાં આજ્ઞાદિ દોષો થાય છે=આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના રૂપ ચાર દોષો થાય છે. તે ચાર દોષોને જ સ્પષ્ટ કરે છે. ત્યાં=આજ્ઞાભંગાદિ દોષમાં, ભગવાન વડે નિષેધ કરાયેલા સાધુને વંદનમાં, આજ્ઞાભંગ છે=ભગવાનની આજ્ઞાનો લોપ છે. તેને જોઈને અન્ય પણ વંદન કરે છે=પાસત્થાદિને કોઈ બોધવાળા શ્રાવક કે સુસાધુ વંદન કરતા હોય તેને જોઈને અન્ય પણ તે પાસત્થાદિને વંદન કરે છે એથી અવસ્થાનો વિલોપ થવાથી=ભગવાને બતાવેલી મર્યાદાની વિલોપની પરંપરાનું અવસ્થાન નહિ થવાથી અનવસ્થા છે. પ્રામાણિક પુરુષો તેઓને વંદન કરતા જોઈને=પાસત્થાદિને તત્ત્વના

**જાણનારા પ્રામાણિક પુરુષો પાસત્થાદિને વંદન કરતા હોય તેને જોઈને, બીજાઓને=જેને સૂક્ષ્મ બોધ નથી છતાં મુગ્ધતાથી તત્ત્વને જાણનારા પ્રામાણિક પુરુષોને અનુસરનારા એવા બીજાઓને, તેઓમાં=પાસત્થાદિમાં, સાધુપણાની બુદ્ધિ થવાથી મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. વળી, કાયક્લેશથી અથવા દેવતાઓથી આત્મવિરાધના થાય છે અર્થાત્ પાસત્થાદિને વંદન કરવાથી નિર્જરારૂપ કોઈ ફળની પ્રાપ્તિ નથી. કેવલ વંદનની ક્રિયારૂપ કાયક્લેશ પ્રાપ્ત થાય છે માટે આત્મવિરાધના છે અથવા કોઈ સમ્યગ્દૃષ્ટિ આદિ દેવતાઓ તેવી અનુચિત પ્રવૃત્તિ કરનારાને જોઈને કુપિત થાય, તેનાથી આત્મવિરાધના થાય છે અને તેના વંદનથી તેમના વડે કરાયેલી અસંયમની અનુમોદનાને કારણે સંયમ વિરાધના પ્રાપ્ત થાય છે. ॥૧૨૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પાસત્થાદિ પાંચનું સ્વરૂપ બતાવ્યું. તેઓને વંદન કરવાથી અને તેઓની પ્રશંસા કરવાથી આજ્ઞાદિ દોષોની પ્રાપ્તિ થાય છે. વળી, જેઓ નિત્યવાસી છે=ભગવાનની આજ્ઞા અનુસાર નવકલ્પી વિહાર કરતા નથી, પરંતુ પોતાની અનુકૂળતા અનુસાર જ્યાં ઉચિત જણાય ત્યાં દીર્ઘકાળ પણ રહે છે અને સંઘયણ બળ હોવા છતાં નવકલ્પી વિહાર પ્રત્યે ઉપેક્ષાવાળા છે, તેઓ કોઈ નિયત સ્થાનમાં સદા વસનારા હોય છે. તેઓ કદાચ બાહ્યથી સંયમની સર્વ ક્રિયા યથાર્થ કરનારા હોવાથી પાસત્થાદિમાં અંતર્ભાવ પામતા નથી તોપણ વિષયોના અનુરાગને કારણે નિત્યવાસી છે. તેઓને વંદન કરવામાં અને તેઓની પ્રશંસા કરવામાં આજ્ઞાદિ દોષોની પ્રાપ્તિ છે. વળી, જેઓ ગાથા-૫૪માં બતાવ્યું એ પ્રમાણે કાથિકાદિ ચારમાંથી કોઈ દોષને સેવનારા છે, તેઓને પણ વંદન કરવામાં કે પ્રશંસા કરવામાં આજ્ઞાદિ દોષોની પ્રાપ્તિ છે. કઈ રીતે આજ્ઞાદિ દોષોની પ્રાપ્તિ છે ? તે સ્પષ્ટ કરે છે. પાસત્થાદિ સાધુઓ ભગવાનની આજ્ઞાનો અપલાપ કરનારા હોવાથી ભગવાને તેઓને વંદન કરવાનો નિષેધ કર્યો છે; કેમ કે ઉચિત આચરણા દ્વારા તેઓના ગુણનું અનુમાન કરીને ગુણ પ્રત્યે બહુમાન થવાથી જ જો વંદન કરવામાં આવે તો નિર્જરાની પ્રાપ્તિ થાય. પરંતુ આચરણા દ્વારા નિર્ગુણ જણાતા હોય અને તેઓને વંદન કરવામાં આવે તો ગુણના રાગથી તે વંદનની ક્રિયા નથી, પરંતુ મૂઢતાથી તે વંદનની ક્રિયા છે અને મૂઢતા કર્મબંધનું કારણ છે. એથી ભગવાને તેઓને વંદન કરવાનો નિષેધ કર્યો છે. છતાં વંદન કરવામાં આવે તો મૂઢતાકૃત ભગવાનની આજ્ઞાના ભંગનો દોષ પ્રાપ્ત થાય છે.

વળી, પાસત્થાદિને શ્રાવક કે અન્ય સાધુ વંદન કરતા હોય તે જોઈને અન્ય મુગ્ધ જીવોને થાય છે કે આ વંદનીય છે. તેથી તેઓ પણ પાસત્થાદિને વંદન કરે છે. તેથી પાસત્થાદિને નહિ વંદન કરવાની જે અવસ્થા છે તેનો વિલોપ થવાથી અનવસ્થાની પ્રાપ્તિ છે. તેથી, મિથ્યા પરંપરાને ચલાવવામાં પ્રબળ કારણ તેઓને કરાયેલી વંદનની ક્રિયા છે કે તેઓની કરાયેલી પ્રશંસાની ક્રિયા છે.

વળી, તત્ત્વને જાણનારા પુરુષો પણ પાસત્થાદિને વંદન કરતાં હોય તેને જીવો અન્ય મુગ્ધ જીવોને

તેઓની અનુચિત આચરણામાં સાધુત્વની બુદ્ધિ થાય છે. તેથી મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે. જોકે અન્ય મુગ્ધ જીવો સમ્યક્ત્વને પામેલા ન હોય તોપણ ત્યાગ પ્રત્યે બહુમાનભાવવાળા હોય તો ત્યાગની ઉચિત આચરણા પ્રત્યે બહુમાન થવાથી મિથ્યાત્વ મંદ થાય છે અને ત્યાગ પ્રત્યેના બહુમાનમાં ભાવનો પ્રકર્ષ થાય તો વિવેક પણ પ્રગટે છે. જેના કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ થાય છે અને તેવા તત્ત્વના અર્થી જીવો શિષ્ટ પુરુષોનું અનુસરણ કરીને સુસાધુના સ્વરૂપને જાણવા યત્ન કરે છે અને શિષ્ટ પુરુષો જ પાસત્થાદિને વંદન કરતા હોય તો તે મુગ્ધ જીવોને આ સુસાધુ છે, તેવો વિપરીત બોધ થવાથી તેઓનું મિથ્યાત્વ અલ્પ થવાને બદલે વૃદ્ધિ પામે છે અને તેઓના મિથ્યાત્વની વૃદ્ધિ પ્રત્યે પ્રબલ કારણ પાસત્થાને વંદન કરનાર શ્રાવકો છે, તેથી તેઓને મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે.

વળી, આત્મવિરાધનારૂપ દોષ બે પ્રકારે છે : (૧) દેહની વિરાધના કે (૨) સંયમની વિરાધના. દેહ-વિરાધના બે પ્રકારે થાય છે. (A) કાયક્લેશથી અર્થાત્ પાસત્થાદિને વંદન કરવાની ક્રિયા નિરર્થક કાયક્લેશરૂપ હોવાથી દેહને પીડા સ્વરૂપ છે અથવા (B) દેવતા કૃત અર્થાત્ એવા કુસાધુને વંદન કરતા જોઈને દેવતા કુપિત થાય તોપણ ઉત્પાટનાદિ દ્વારા તેના દેહની વિરાધના કરે છે. વળી, સંયમની વિરાધના આ પાસત્થા છે, એવું લિંગો દ્વારા જણાવા છતાં તેમને વંદન કરવાથી તેઓમાં વર્તતું અસંયમ છે અને તેની અનુમોદના કરવાથી સંયમની વિરાધના પ્રાપ્ત થાય છે અર્થાત્ શ્રાવક હોય તો સુસંયતની અનુમોદના કરીને સંયમને અભિમુખ થાય છે, તેમ કુત્સિત સંયમવાળાના અસંયમની અનુમોદના કરીને સંયમના પરિણામથી વિપરીત પરિણતિવાળા થાય છે. તેથી શ્રાવકનું દેશવિરતિનું સંયમસ્થાન હીન હીનતર થાય છે. **॥૧૨૦॥**

**અવતરણિકા :-**

**पार्श्वस्थादिवन्दने दोषोक्तौ संमतिमाह –**

**અવતરણિકાર્થ :-**

**પાસત્થાદિને વંદનમાં દોષ છે, એમ કહેવાયેલા કથનમાં સંમતિને કહે છે –**

**ગાથા :-**

**पासत्थाई वंदमाणस्स, णेव कित्ती ण णिज्जरा होइ ।**
**कायकिलेसो एमेव, कुणई तह कम्मबंधं च ।।१२१।।**

**અન્વયાર્થ :-**

**पासत्थाई वंदमाणस्स=પાસત્થાદિને વંદન કરતાં શ્રાવકાદિને, णेव कित्ती ण णिज्जरा होइ=કીર્તિ નથી જ. નિર્જરા થતી નથી, एमेव=એ રીતે જ, कायकिलेसो=કાયક્લેશ થાય છે, कुणई तह कम्मबंधं च=અને તે પ્રમાણે કર્મબંધ કરે છે. ।।૧૨૧।।**

**ગાથાર્થ :-**

**પાસત્થાદિને વંદન કરતાં શ્રાવકાદિને કીર્તિ નથી જ. નિર્જરા થતી નથી, એ રીતે જ કાયક્લેશ થાય છે અને તે પ્રમાણે કર્મબંધ કરે છે. ।।૧૨૧।।**

**ટીકા :-**

'पासत्थाइ'त्ति । 'पार्श्वस्थादीन्' उक्तलक्षणान् 'वन्दमानस्य' नमस्कुर्वतो नैव कीर्त्तिर्न निर्जरा भवति । तत्र कीर्त्तनं-कीर्त्तिः-अहो अयं पुण्यभागित्येवंलक्षणा सा न भवति अपि त्वकीर्त्तिर्भवति, नूनमयमप्येवंस्वरूपो येनैषां वन्दनं करोति । तथा निर्जरणं निर्जरा-कर्मक्षयलक्षणा सा न भवति तीर्थकराज्ञाविराधनद्वारेण निर्गुणत्वात्तेषामिति । चीयत इति कायः-देहस्तस्य क्लेशः-अवनामादिलक्षणः कायक्लेशस्तम् 'एवमेव' मुधैव 'करोति' निर्वर्तयति । तथा क्रियत इति कर्म-ज्ञानावरणीयादिलक्षणं तस्य बन्धः-विशिष्टरचनयाऽऽत्मनि स्थापनम्, तेन चात्मनो बन्धः-स्वरूपतिरस्करणलक्षणः कर्मबन्धस्तं कर्मबन्धं करोति, चशब्दादाज्ञाभङ्गादींश्च दोषानाप्नुते ।।१२१।।

**ટીકાર્થ :-**

'पार्श्वस्थादीन्' ..... दोषानाप्नुते ।। ઉક્ત લક્ષણવાળા પાસત્થાદિને વંદન કરનારને=નમસ્કાર કરનારને, કીર્તિ નથી જ (અને) નિર્જરા થતી નથી. ત્યાં=કીર્તિ અને નિર્જરા થતી નથી ત્યાં, કીર્તિ અને નિર્જરાનો અર્થ સ્પષ્ટ કરે છે. કીર્તન કીર્તિ છે. 'અહો' આ પુણ્યશાળી છે, એવી લક્ષણ કીર્તિ તે થતી નથી, પરંતુ અકીર્તિ થાય છે. કેવા પ્રકારની અકીર્તિ થાય છે ? તે સ્પષ્ટ કરે છે. આ પણ=વંદન કરનાર પણ, આવા સ્વરૂપવાળો છે=ગુણ-દોષના પરિજ્ઞાન વગર જેને તેને નમસ્કાર કરે તેવા અવિવેકવાળો છે. જેના કારણે=જે અવિવેકને કારણે આમને=શિથિલાચારી સાધુઓને વંદન કરે છે, એ પ્રકારની શિષ્ટલોકમાં પાસત્થાદિને વંદન કરનારની અકીર્તિ થાય છે, એમ અન્વય છે અને નિર્જરણ નિર્જરા છે. કર્મક્ષય સ્વરૂપ નિર્જરા છે. તે=નિર્જરા, થતી નથી=પાસત્થાદિને વંદન કરવાથી નિર્જરા થતી નથી; કેમ કે તેઓનું=પાસત્થાદિ સાધુઓનું તીર્થંકરની આજ્ઞાના વિરાધન દ્વારા નિર્ગુણપણું છે અર્થાત્ નિર્ગુણી એવા પાસત્થાદિને વંદન કરવાથી નિર્જરા થાય નહિ પરંતુ ગુણોને જોઈને ગુણવાનને વંદન કરવાથી નિર્જરા થાય તેથી પાસત્થાદિને વંદનથી નિર્જરા થતી નથી. કાયક્લેશનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. સંચય થાય તે કાય=દેહ, તેનો ક્લેશ=અવનમન આદિ રૂપ ક્લેશ, કાયક્લેશ છે તેને=કાયક્લેશને, વ્યર્થ જ કરે છે=નિષ્ફળ ક્રિયા કરે છે. એ રૂપ કાયક્લેશ છે અને કર્મબંધ થાય છે અને તે કર્મબંધને જ સ્પષ્ટ કરતાં કહે છે. કર્મ જ્ઞાનાવરણાદિ લક્ષણ છે. તેનો બંધ= વિશિષ્ટ રચનાથી આત્મામાં સ્થાપન=જ્ઞાનાવરણાદિ કર્મોનું આત્મામાં સ્થાપન અને તેની સાથે આત્માનો બંધ=સ્વરૂપના તિરસ્કાર લક્ષણ બંધ=આત્માનું જે મૂળ સ્વરૂપ છે તે કોઈક અંશથી પ્રગટ થયેલું છે તેને તિરોહિત કરવા રૂપ બંધ, કર્મબંધ છે. તે કર્મબંધને કરે છે. 'च' શબ્દથી=ગાથામાં રહેલા 'च' શબ્દથી, આજ્ઞાભંગાદિ દોષોને પ્રાપ્ત કરે છે. ।।૧૨૧।।

**ભાવાર્થ :-**

ગુણવાનના ગુણોના સ્મરણપૂર્વક વંદન કરવાથી ગુણ પ્રત્યેના પક્ષપાતજન્ય નિર્જરા થાય છે. આથી, અત્યંત આદ્ય ભૂમિકાવાળા જીવો ત્યાગીના ત્યાગ પ્રત્યે બહુમાન થવાથી કોઈ પણ દર્શનના ત્યાગીને નમસ્કાર કરે છે, ત્યારે તે અંશથી નિર્જરા થાય છે અને જેમ જેમ વિવેક વધે છે, તેમ તેમ ઉચિત આચરણાના બળથી તેમના અધિક ગુણોને જોઈને વંદન કરવાથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેથી જ વિવેકી શ્રાવકો અને સાધુઓ પોતાનાથી અધિક ગુણવાનને જોઈને તેમને વંદન કરે છે. આમ છતાં પણ જૈનદર્શનને પામેલા શ્રાવક મુગ્ધતાથી પાસત્થાદિને વંદન કરે તેનાથી શિષ્ટ લોકોમાં તેની કીર્તિ થતી નથી; કેમ કે શિષ્ટ લોકો ઉચિત આચરણા દ્વારા ગુણવાનનો નિર્ણય કરીને તેમને વંદન કરે છે. છતાં ગુણરહિત પાસત્થાદિને વંદન કરતાં કોઈક શ્રાવકને જોઈને તેઓને થાય છે કે આ વિવેક વગરનો છે, તેથી તે પુણ્યશાળી નથી એ પ્રકારની તેની અપકીર્તિ થાય છે. વળી, ગુણને જોઈને ગુણ પ્રત્યેના બહુમાનપૂર્વક કરાયેલા વંદનથી નિર્જરા થાય છે અને સ્પષ્ટ વિપરીત આચરણા દેખાવા છતાં જેઓ તેમને વંદન કરે છે, તેમને નિર્જરા થતી નથી; કેમ કે તીર્થંકરની આજ્ઞાના વિરાધન દ્વારા પાસત્થાદિ નિર્ગુણ છે. તેમને ગુણરૂપે જોવાથી વિપર્યાસની પ્રાપ્તિ થાય છે અને વંદનની ક્રિયા કરવાથી કાયના શ્રમરૂપ વ્યર્થ ક્રિયા થાય છે. વળી, નિર્ગુણમાં, ગુણવાનની બુદ્ધિ વિપર્યાસરૂપ હોવાથી વિશિષ્ટ જ્ઞાનાવરણીયાદિ કર્મનો બંધ થાય છે. બંધ પદાર્થને સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. જ્ઞાન વગેરેને આવરણ કરવાનું કારણ બને એવા પ્રકારની રચનાથી આત્મામાં કર્મનું સ્થાપન તે બંધ છે અને તે બંધ આત્માના પારમાર્થિક સ્વરૂપને અધિક આવરણ કરે તેવા કર્મબંધની પ્રાપ્તિ પાસત્થાને વંદન કરવાથી થાય છે.

જોકે સંસાર અવસ્થામાં અવીતરાગને સતત જ્ઞાનાવરણાદિ કર્મનો બંધ થાય છે તોપણ વંદનાદિ ઉચિત ક્રિયા કરવાને કારણે તે જીવો પૂર્વ પૂર્વ કરતાં અલ્પ અલ્પતર જ્ઞાનાવરણીયાદિ કર્મનો બંધ કરે છે અને ગુણ તરફના પક્ષપાતજન્ય પ્રચુર નિર્જરાને પ્રાપ્ત કરે છે. તેથી આત્માનું પારમાર્થિક સ્વરૂપ કંઈક આવિર્ભાવ થાય છે. જેથી પાસત્થાદિને વંદન કરતી વખતે તેમના દોષોની અનુમોદનાનો અધ્યવસાય થાય છે. તેથી દોષની પુષ્ટિ કરે તેવા મલિન અધ્યવસાયથી પ્રચુર કર્મબંધ થાય છે. જે કર્મબંધ પૂર્વમાં થયો હતો, તેનાથી વંદનકાળમાં વિશિષ્ટ જ્ઞાનાવરણીયાદિ કર્મનો બંધ થાય છે. જેનાથી આત્માનું પારમાર્થિક સ્વરૂપ અધિક અધિક તિરસ્કારને પામે છે.

વળી, નિર્ગુણીને વંદન કરવાનો ભગવાને નિષેધ કર્યો છે, છતાં તેઓને વંદન કરવાથી આજ્ઞાભંગાદિ દોષનો સંભવ થાય છે. **॥૧૨૧॥**

**અવતરણિકા :-**

**एवं तावत्पार्श्वस्थादीन् वन्दमानस्य दोषा उक्ताः, साम्प्रतं पार्श्वस्थादीनामेव गुणाधिकवन्दन-प्रतिषेधमकुर्वतामपायान् प्रदर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, પાસત્થાદિને વંદન કરનારને પ્રાપ્ત થતા દોષો કહેવાયા. હવે, ગુણાધિકના વંદનનો પ્રતિષેધ નહીં કરતા એવા પાસત્થાદિને જ થતા અપાયોને બતાવતાં કહે છે –

**ગાથા :-**

**जे बंभचेरभट्ठा, पाए उंडेंति बंभयारीणं ।**
**ते हुंति कुंटमुंटा, बोही य सुदुल्लहा तेसिं ।।१२२।।**

**અન્વયાર્થ :-**

बंभचेरभट्ठा=બ્રહ્મચર્યથી ભ્રષ્ટ=સંયમરહિત, जे=જે પાસત્થા, बंभयारीणं=બ્રહ્મચારીઓને, पाए=પગમાં, उंडेंति=નમાવે છે, ते=તેઓ, कुंटमुंटा=કૂટમુંડા, हुंति=થાય છે, तेसिं=તેઓને, बोही य सुदुल्लहा=બોધિ સુદુર્લભ છે. ।।૧૨૨।।

**ગાથાર્થ :-**

**બ્રહ્મચર્યથી ભ્રષ્ટ=સંયમરહિત, જે પાસત્થા બ્રહ્મચારીઓને પગમાં નમાવે છે, તેઓ કૂટમુંડા થાય છે. તેઓને બોધિ સુદુર્લભ છે. ।।૧૨૨।।**

**ટીકા :-**

'जे' त्ति । 'ये' पार्श्वस्थादयः 'भ्रष्टब्रह्मचर्याः' अपगतब्रह्मचर्या इत्यर्थः, ब्रह्मचर्यशब्दो मैथुनविरतिवाचकस्तथौघतः संयमवाचकश्च, 'पाए उंडेंति बंभयारीणं' पादावभिमानतोऽवस्थापयन्ति ब्रह्मचारिणां वन्दमानानामिति तद्वन्दननिषेधनं न कुर्वन्तीत्यर्थः, ते तदुपात्तकर्मजं नारकत्वादिलक्षणं विपाकमासाद्य यदा कथञ्चित् कृच्छ्रेण मानुषत्वमासादयन्ति तदापि भवन्ति कोण्टमुण्टाः । 'बोधिश्च' जिनशासनावबोधलक्षणा सकलदुःखविरेकभूता सुदुर्लभा तेषाम्, सकृत्प्राप्तौ सत्यामप्यनन्तसंसारित्वादिति गाथार्थः ।।१२२।।

**ટીકાર્થ :-**

'ये' पार्श्वस्थादयः ..... गाथार्थः ।। જે પાસત્થાદિ ભ્રષ્ટ બ્રહ્મચર્યવાળા=ચાલ્યા ગયેલા બ્રહ્મચર્યવાળા છે. બ્રહ્મચર્ય શબ્દ મૈથુનની વિરતિનો વાચક છે તોપણ ઓઘથી સંયમનો વાચક છે. તેથી જે પાસત્થાદિ સંયમથી ભ્રષ્ટ છે, તેઓને જ અહીં ભ્રષ્ટ બ્રહ્મચર્યવાળા કહેલ છે. તેવા પાસત્થાદિ બ્રહ્મચર્યવાળાને=સુસાધુને, અભિમાનથી પગમાં નમાવે છે=પોતાને વંદન કરાવે છે=વંદન કરતાં એવા બ્રહ્મચારી સાધુને તેના વંદનનો નિષેધ કરતા નથી=જે પાસત્થા નિષેધ કરતા નથી, તેઓ તેનાથી ઉપાર્જન થયેલા કર્મથી જન્ય નારકાદિ લક્ષણ વિપાકને પામીને=સુસાધુઓના વંદનના

**સ્વીકારથી જન્ય એવા કર્મના ફળરૂપ નારકાદિ લક્ષણ વિપાકને પામીને જ્યારે મુશ્કેલીથી માનુષ્યપણાને પામે છે, ત્યારે પણ કોટમુંડા થાય છે=શરીરના અવયવો વગરના ખોડખાંપણવાળા થાય છે અને સકલ દુઃખના વિરેકભૂત જિનશાસનના અવબોધરૂપ બોધિ=સંસારના સર્વ દુઃખોના નાશના કારણરૂપ ભગવાનના વચનના બોધરૂપ બોધિ, તેઓને અત્યંત દુર્લભ છે=પાસત્થાદિને અત્યંત દુર્લભ છે; કેમ કે એક વખત પ્રાપ્ત થયે છતે પણ અનંત સંસારીપણું છે=આ ભવમાં કદાચ બોધિ પામ્યા હોય અને તેના કારણે સંયમ ગ્રહણ કરેલ હોય છતાં પાસત્થા થયા પછી સુસાધુના વંદનના સ્વીકારને કારણે અનંત સંસારી થાય છે. ।।૧૨૨।।**

**ભાવાર્થ :-**

જેઓ પૂર્વમાં વર્ણન કરાયેલા પાસત્થાદિ, નિહ્નવ કે કાથિકાદિ દોષોવાળા છે, તેઓ અવંદનીય છે; કેમ કે સંયમથી રહિત છે. છતાં સુસાધુઓને અભિમાનને વશ પોતાના પગમાં નમાવે છે કે તેઓ વંદન કરતા હોય તો નિષેધ કરતા નથી, ત્યારે ગુણવાનની અવહેલનાને કારણે અને કષાયને વશ થઈને ગુણરહિત એવા તેઓ સુસાધુ પાસેથી વંદનાદિના સ્વીકારને કારણે થયેલા ક્લિષ્ટ અધ્યવસાયથી નરકાદિ ખરાબ ભાવોને પામે છે. કોઈક રીતે નરકાદિની વેદના ભોગવી ભોગવીને મનુષ્યપણાને પામે ત્યારે પણ જે ઉત્તમ પુરુષોના અવયવથી વંદનને સ્વીકારેલું તે હાથ-પગના અવયવો ખરાબ મળે છે. વળી સંસારનાં સર્વ દુઃખોનો નાશ કરનાર ભગવાનના શાસનનો બોધ છે તેની પ્રાપ્તિમાં બાધક ક્લિષ્ટ કર્મ વંદન સ્વીકારવાના કાળમાં બાંધેલું. તેનાથી ઘણા ભવો સુધી સન્માર્ગની પ્રાપ્તિ તેઓને થતી નથી; કેમ કે ક્લિષ્ટ મિથ્યાત્વના ઉદયથી અનંત સંસારના કારણીભૂત અનંતાનુબંધી કષાય વિશિષ્ટ રીતે બંધાયેલ હોવાથી માર્ગની પ્રાપ્તિ દુર્લભ બને છે. **।।૧૨૨।।**

**ગાથા :-**

**सुट्ठुयरं नासंती, अप्पाणं जे चरित्तपब्भट्ठा ।**
**गुरुजण वंदावंती, सुस्समण जहुत्तकारिं च ।।१२३।।**

**અન્વયાર્થ :-**

**चरित्तपब्भट्ठा=ચારિત્રભ્રષ્ટ એવા, जे=જે પાસત્થાદિ, गुरुजण=ગુરુજનને, सुस्समण=સુશ્રમણને, जहुत्तकारिं च=અને જિનવચનાનુસારી ક્રિયા કરાવનારને, वंदावंती=વંદન કરાવે છે, सुट्ठुयरं नासंती अप्पाणं=તેઓ પોતાના આત્માનો અત્યંત નાશ કરે છે=સન્માર્ગથી દૂર કરે છે. ।।૧૨૩।।**

**ગાથાર્થ :-**

**ચારિત્રભ્રષ્ટ એવા જે પાસત્થાદિ ગુરુજનને, સુશ્રમણને અને જિનવચનાનુસારી ક્રિયા કરાવનારને વંદન કરાવે છે, તેઓ પોતાના આત્માનો અત્યંત નાશ કરે છે=સન્માર્ગથી દૂર કરે છે. ।।૧૨૩।।**

**ટીકા :-**

'सुद्दुयरं'ति । सुतरां नाशयन्त्यात्मानं सन्मार्गात्, के ? ये चारित्रात् प्रकर्षेण भ्रष्टाः-अपेताः सन्तः 'गुरुजनं' गुणस्थसाधुवर्गं 'वन्दयन्ति' कृतिकर्म कारयन्ति । किंभूतं गुरुजनम् ? शोभनाः श्रमणा यस्मिन् स सुश्रमणस्तम्, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, तथा यथोक्तं क्रियाकलापं कर्तुं शीलमस्येति यथोक्तकारी तं चेति गाथार्थः ।।१२३।।

**ટીકાર્થ :-**

सुतरां ..... गाथार्थः ।। સન્માર્ગથી અત્યંત આત્માનો નાશ કરે છે. કોણ નાશ કરે છે ? એથી કહે છે. જેઓ ચારિત્રથી પ્રકર્ષરૂપે ભ્રષ્ટ=રહિત છતાં, ગુરુજનને=ગુણસ્થાનકમાં રહેલા સાધુ વર્ગને, વંદન કરાવે છે. કેવા પ્રકારના ગુરુજનને ? એથી કહે છે. શોભન શ્રમણો છે જેમાં તે સુશ્રમણ. તેને=સુશ્રમણને, વંદન કરાવે છે. અહીં=ગાથામાં રહેલા સુશ્રમણ શબ્દમાં અનુસ્વારનો લોપ જાણવો અને જે પ્રમાણે ભગવાને કહેલ છે એવા ક્રિયાકલાપ કરવાનો સ્વભાવ છે આને એ યથોક્તકારી એવા સાધુ તેમને વંદન કરાવે છે, તેઓ સન્માર્ગથી પોતાનો અત્યંત નાશ કરાવે છે, એમ અન્વય છે. ।।૧૨૩।।

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં પાસત્થાદિને વંદન કરવાથી શું અનર્થ થાય છે ? તેમ બતાવ્યું અને અંતે કહ્યું કે તેઓને બોધિ અત્યંત દુર્લભ છે. તે કથનને અતિશય દૃઢ કરવાર્થે પ્રસ્તુત ગાથામાં કહે છે. જેઓ ચારિત્રથી અત્યંત રહિત છે, છતાં ગુણવાન સાધુને કે સારા સંયમના આચાર પાળનારા શ્રમણોને કે ભગવાનના વચનાનુસાર ક્રિયા કરનારાઓને વંદન કરાવે છે અને કરતા એવા તેઓને નિષેધ કરતા નથી, તેઓ ગુણની આશાતના કરીને ક્લિષ્ટ કર્મો ઉપાર્જન કરે છે. જેથી સન્માર્ગની પ્રાપ્તિ તેઓને અત્યંત દુર્લભ બને છે. **।।૧૨૩।।**

**અવતરણિકા :-**

एतेषामभ्युत्थानादौ प्रायश्चित्तमाह –

**અવતરણિકાર્થ :-**

આમના=પાસત્થાદિ સાધુઓના, અભ્યુત્થાનાદિમાં પ્રાયશ્ચિત્તને=પ્રાપ્ત થતા પ્રાયશ્ચિત્તને, કહે છે –

**ગાથા :-**

**अहछंदस्सब्भुट्ठाणंजलिकरणेसु हुंति चउगुरुआ ।**
**अण्णेसुं चउलहुआ, एवं दाणाइसु वि णेयं ।।१२४।।**

**અન્વયાર્થ :-**

अहछंदस्सब्भुट्ठाणंजलिकरणेसु=યથાછંદાને અભ્યુત્થાન અને અંજલિકરણમાં, हुंति चउगुरुआ=ચતુર્ગુરુકો

પ્રાયશ્ચિત્ત થાય છે, अण्णेसुं चउलहुआ=અન્યને=યથાછંદાને છોડીને અન્યને, અભ્યુત્થાન અને અંજલિકરણમાં ચાર લઘુ પ્રાયશ્ચિત્ત છે, एवं दाणाइसु वि णेयं=એ રીતે દાનાદિમાં પણ જાણવું. ।।૧૨૪।।

**ગાથાર્થ :-**

**યથાછંદાને અભ્યુત્થાન અને અંજલિકરણમાં ચતુર્ગુરુને પ્રાયશ્ચિત્ત થાય છે. અન્યને=યથાછંદાને છોડીને અન્યને, અભ્યુત્થાન અને અંજલિકરણમાં ચાર લઘુ પ્રાયશ્ચિત્ત છે. એ રીતે દાનાદિમાં પણ જાણવું. ।।૧૨૪।।**

**ટીકા :-**

**'अहछंदस्स'त्ति । यथाछन्दस्याभ्युत्थानाञ्जलिकरणयोर्भवन्ति प्रत्येकं चत्वारो गुरुकाः प्रायश्चित्तम् । तत्राभ्युत्थानं षोढा-अभिमुखोत्थानम् १, आसनोपढौकनम् २, किं करोमीति भणनम् ३, धर्मच्युतस्य पुनर्धर्मे स्थापनारूपमभ्यासकरणम् ४, अभेदरूपाऽविभक्तिः ५, एतत्पञ्चपदरूपः संयोगश्च ६ इति । तत्राभिमुखोत्थानादिपञ्चके कृतेऽभ्यासकरणे पुनः सामर्थ्ये सति अकृते प्रायश्चित्तम् । अञ्जलिकरणमपि षोढा-पञ्चविंशत्यावश्यकयुक्तं वन्दनम् १, शिरसा प्रणामकरणम् २, एकस्य द्वयोर्वा हस्तयोर्योजनम् ३, बहुमानरसभरेण सरभसं 'नमो खमासमणाणं' इति भणनम् ४, निषद्याकरणम् ५, एतेषां पदानां योगश्च ६, एतेषु सर्वेष्वपि कृतेषु प्रायश्चित्तम् । 'अन्येषु' पार्श्वस्थादिषु नवसु गृहस्थसहितेषु कृतिकर्माञ्जलिकरणयोः प्रत्येकं चतुर्लघुकाः प्रायश्चित्तम् । एवं दानादिष्वपि ज्ञेयम्, तथाहि—पार्श्वस्थादीनामशनादिदाने तेभ्यो वाऽशनादिग्रहणे चतुर्लघु, यतः पार्श्वस्थादय उद्गमादिदोषेषु वर्तन्तेऽतस्तेषां दाने तेऽनुमोदिता भवन्ति, तेषां च हस्ताद् ग्रहणे उद्गमादिदोषाः प्रतिसेविता भवन्तीति, उक्तञ्च—**

"पासत्थोसन्नाणं, कुसीलसंसत्तनीअवासीणं ।
जे भिक्खू असणाई, दिज्ज पडिच्छिज्ज वाऽऽणाई ।।१।।
उग्गमदोसाईआ, पासत्थाई जओ न वज्जंति ।
तम्हा उ तव्विसुद्धिं, इच्छंतो ते विवज्जिज्जा ।।२।।
सूइज्जइ अणुरागो, दाणेणं पीइओ अ गहणं तु ।
संसग्गया य दोसा, गुणा य इय ते परिहरिज्जा ।।३।।"

**पार्श्वस्थादीनां वस्त्रदाने तेषां हस्तात्प्रातिहारिकग्रहणे च चतुर्लघुकमेव । पार्श्वस्थादीनां वाचनादाने तेभ्यो वा वाचनाग्रहणे सूत्रे चतुर्लघु, अर्थे चतुर्गुरु । यथाछन्दानां सूत्रे चतुर्गुरु, अर्थे षड्लघु । अनेकदिनवाचनासु पुनः—"सतरत्तं तवो होइ" इत्यादिक्रमेण प्रायश्चित्तवृद्धिरुपढौकते । पार्श्वस्थादिषु वाचनादानादानयोर्वन्दनकदुष्टसंसर्गादयोऽनेके दोषा इति ।।१२४।।**

**ટીકાર્થ :-**

यथाछन्दस्याभ्युत्थानाञ्जलि ..... इति ।। **યથાછંદ સાધુના અભ્યુત્થાન અંજલિકરણમાં પ્રત્યેકને આશ્રયીને=અભ્યુત્થાન અને અંજલિકરણરૂપ પ્રત્યેકને આશ્રયીને, ચાર ગુરુકો પ્રાયશ્ચિત્ત છે. ત્યાં= અભ્યુત્થાન અને અંજલિકરણમાં, અભ્યુત્થાન છ પ્રકારે છે. (૧) અભિમુખ ઉત્થાન=આવ્યા હોય ત્યારે સન્મુખ ઊભા થવું, (૨) આસનનું અર્પણ, (૩) હું શું કરું એ પ્રકારનું કથન, (૪) ધર્મથી ચ્યુતને ફરી ધર્મમાં સ્થાપનરૂપ અભ્યાસકરણ, (૫) અભેદરૂપ અવિભક્તિ=યથાછંદાના પણ સાધુવેશને જોઈને સુસાધુ પોતાની સાથે તેનો અભેદ છે, તેમ બતાવે તેવી પ્રવૃત્તિ અભેદરૂપ અવિભક્તિ અને (૬) આ પાંચ પદરૂપ સંયોગ=આ પાંચેય ક્રિયાઓ જેમાં પ્રવર્તતી હોય એવી ક્રિયા એ છટ્ઠું અભ્યુત્થાન છે. ત્યાં=છ પ્રકારના અભ્યુત્થાનમાં, અભિમુખ ઉત્થાનાદિ પંચક કરાયે છતે વળી અભ્યાસકરણમાં સામર્થ્ય હોતે છતે નહિ કરવામાં=યથાછંદાને ધર્મમાં સ્થિર કરવાનો યત્ન નહિ કરવામાં પ્રાયશ્ચિત્ત છે. અંજલિકરણ પણ છ પ્રકારનું છે. (૧) પંચવિંશતિ આવશ્યકયુક્ત વંદન, (૨) મસ્તકથી પ્રણામકરણ, (૩) એક અથવા બે હાથનું યોજન, (૪) બહુમાનના રસથી યુક્ત નમો ખમાસમણાણં એ પ્રકારે કહેવું. (૫) નિષધાકરણ અને (૬) આ પાંચેય પદોનો સંયોગ. આ સર્વ પણ કરાયે છતે પ્રાયશ્ચિત્ત છે. અન્યમાં=ગૃહસ્થ સહિત પાસત્થાદિ નવમાં, કૃતિકર્મ અને અંજલિકરણ બંનેમાંથી પ્રત્યેકને આશ્રયીને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત છે. એ રીતે દાનાદિમાં પણ જાણવું=જે રીતે કૃતિકર્મ અને અંજલિકરણમાં પ્રાયશ્ચિત્ત છે, એ રીતે દાનાદિમાં પણ જાણવું. તે આ પ્રમાણે – પાસત્થાદિને આહારાદિના દાનમાં અથવા તેઓથી=પાસત્થાદિથી, આહારાદિના ગ્રહણમાં ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત છે. જે કારણથી પાસત્થાદિ સાધુઓ ઉદ્ગમાદિ દોષોમાં વર્તે છે. આથી તેઓને દાનમાં=સાધુ પોતાનો આહાર તેઓને આપે તેમાં, તેઓ=પાસત્થાદિ, અનુમોદન કરાયેલા થાય છે અને તેઓના હાથથી ગ્રહણમાં=પાસત્થાદિએ લાવેલા આહારાદિના ગ્રહણમાં ઉદ્ગમાદિ દોષો પ્રતિસેવિત થાય છે અને કહેવાયું છે.**

"પાસત્થા, અવસન્ન, કુશીલ, સંસક્ત, નિત્યવાસીઓને જે ભિક્ષુ આહારાદિ આપે અથવા ગ્રહણ કરે (તેને=તે સાધુને) આજ્ઞાદિ દોષો લાગે. ।।૧।।

જે કારણથી પાસત્થાદિ ઉદ્ગમ દોષાદિ વર્જતા નથી. તે કારણથી તેની વિશુદ્ધિને ઇચ્છતા=ઉદ્ગમાદિ દોષોની વિશુદ્ધિને ઇચ્છતા, સાધુએ તેઓ=પાસત્થાદિ, વિવર્જન કરવા જોઈએ. ।।૨।।

દાનથી અનુરાગ સુવ્યક્ત થાય છે. વળી, ગ્રહણમાં પ્રીતિ અભિવ્યક્ત થાય છે=પાસત્થાદિ પાસેથી ગ્રહણમાં પ્રીતિ અભિવ્યક્ત થાય છે. સંસર્ગથી દોષો અને ગુણો થાય છે, એથી તેઓ=પાસત્થાદિનો, પરિહાર કરવો જોઈએ. ।।૩।।"

**પાસત્થાદિના વસ્ત્રદાનમાં અને તેના હાથથી પ્રાતિહારિક ગ્રહણમાં ચતુર્લઘુ જ છે=કોઈક વસ્ત્રાદિકની આવશ્યકતા હોય ત્યારે કહે કે મને પ્રાપ્ત થશે ત્યારે હું પાછું આપીશ. એ પ્રકારના ગ્રહણમાં ચતુર્લઘુ જ પ્રાયશ્ચિત્ત છે. પાસત્થાદિને વાચનાદાનમાં અથવા તેઓથી વાચના ગ્રહણમાં પ્રાયશ્ચિત્ત છે. કેટલું પ્રાયશ્ચિત્ત છે, તે સ્પષ્ટ કરે છે. સૂત્ર આપવામાં ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત છે. અર્થ આપવામાં ચતુર્ગુરુ**

**પ્રાયશ્ચિત્ત છે. યથાછંદાને સૂત્ર આપવામાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે, અર્થ આપવામાં છ લઘુ પ્રાયશ્ચિત્ત છે. વળી, અનેક દિવસોની વાચનામાં સાત રાત્રિ તપના ક્રમથી પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ થાય છે. પાસત્થાદિમાં વાચનાના આદાનમાં અને દાનમાં વંદનક, દુષ્ટ સંસર્ગાદિ અનેક દોષો થાય છે=પાસત્થાદિ પાસેથી વાચના ગ્રહણ કરવામાં આવે તો વંદનનો દોષ પ્રાપ્ત થાય છે અને વાચનાના દાનમાં દુષ્ટ સંસર્ગાદિ અનેક દોષો થાય છે. ॥૧૨૪॥**

**ભાવાર્થ :-**

સુસાધુ ગુણવાન સાધુના ગુણ પ્રત્યેની પૂજ્ય બુદ્ધિથી તેઓ આવે ત્યારે અભ્યુત્થાન કરે છે અર્થાત્ ઊભા થાય છે અને હાથ જોડે છે. જેનાથી ચિત્તમાં ગુણ પ્રત્યેનો બહુમાનભાવ થાય છે. જેનાથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. આ પ્રવૃત્તિ વિવેકપૂર્વકના ઉપયોગથી બહુમાનભાવ થવાને કારણે અભ્યુત્થાન અને અંજલિકરણ થાય છે; કેમ કે ગુણવાન સાધુના ગુણોના સ્મરણથી તે પ્રકારની પ્રવૃત્તિ થાય છે માટે નિર્જરાનું કારણ છે. વળી, યથાછંદા સાધુના વેશમાં છે, ઉત્સૂત્ર ભાષણ કરે છે, ઉત્સૂત્ર આચરણ કરે છે. તે સ્પષ્ટ દેખાવાથી તેઓ મોક્ષમાર્ગથી બહિર્ભૂત છે, તેમ જણાવા છતાં મૂઢતાને વશ કોઈ સાધુ તેમના તુચ્છ બાહ્ય પુણ્ય આદિને જોઈને અભ્યુત્થાન કરે કે હાથ જોડે ત્યારે તેઓના ઉન્માર્ગ પ્રત્યે અનુમોદનાનો પરિણામ થાય છે. જેથી થયેલા ક્લિષ્ટ ભાવને કારણે સાધુને ચાર ગુરુકો પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે અભ્યુત્થાન અને અંજલિકરણ દ્વારા ચિત્તની મલિનતા થયેલી છે. તેની શુદ્ધિનો ઉપાય પ્રાયશ્ચિત્ત જ છે. અભ્યુત્થાન અને હાથ જોડવામાં કેટલા ભેદો છે, તે સ્પષ્ટ કરે છે. તેમાં અભ્યુત્થાનના પાંચ ભેદો સત્કારણરૂપ છે અને ચોથો ભેદ ધર્મથી ચ્યુત એવા પાસત્થાદિને ધર્મમાં સ્થાપન કરવા રૂપ છે અને તે ભેદ શક્તિ હોવા છતાં ન સેવવામાં આવે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. ત્યાં અભ્યુત્થાનનો અર્થ પાસત્થાદિને માર્ગમાં અભ્યુત્થિત કરવાની ક્રિયા સ્વરૂપ છે અને તે નહિ કરવાથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. જેમ કોઈ સાધુ વિપુલ પ્રજ્ઞાવાળા હોય અને આ યથાછંદા સાધુને કુશળતાથી માર્ગમાં લાવવા સમર્થ હોય છતાં તે પ્રવૃત્તિ પ્રત્યે ઉપેક્ષા કરે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. જેમ વીર ભગવાનનાં પુત્રી પ્રિયદર્શના સાધ્વી જમાલિ પ્રત્યેના રાગને કારણે તેમના પક્ષનું સમર્થન કરતાં હતાં. તેથી યથાછંદા હતાં. તેમને કોઈક શ્રાવકે વસ્ત્ર ઉપર સળગતી કાંકરી નાંખીને ધર્મમાં સ્થિર કરવા યત્ન કર્યો, તેમ કોઈ સાધુને સંયોગ અનુસાર તેને સ્થિર કરવાનો ઉપાય જણાય છતાં તેને અભ્યુત્થિત કરવામાં ઉપેક્ષા કરે તો પ્રાયશ્ચિત્ત આવે. વળી, પૂર્વનાં પાંચેય સ્થાનોના સંયોગરૂપ છટ્ઠું સ્થાન છે, તેમ કહ્યું. તેથી કોઈ સાધુ પાસત્થાદિને અભ્યુત્થાન કરે, આસન આપે, હું તમારા પ્રત્યે શું કરું તેમ કહે, તેને ધર્મમાં સ્થિર કરવાની શક્તિ હોવા છતાં કરે નહિ અને પાસત્થા અને પોતાનો અભેદ છે, એ પ્રકારે અભિવ્યક્તિ કરે અર્થાત્ પોતે જેમ સાધુ છે, તેમ આ પણ સાધુ છે, તેમ અભિવ્યક્તિ કરે તો તે સર્વના સંયોગરૂપ છટ્ઠો વિકલ્પ પ્રાપ્ત થાય છે. તેથી એ ફલિત થાય કે અભ્યુત્થાનનાં છ સ્થાનોમાંથી કોઈ એક સ્થાનનું સેવન કરનારને પણ ચાર ગુરુકો પ્રાયશ્ચિત્ત આવે છે અને તે છએ સ્થાનોને સેવનારને પણ ચારગુરુકો પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે તેનાથી યથાછંદા પ્રત્યે સત્કારનો પરિણામ થાય છે અથવા તેના હિતની સંભાવના હોવા છતાં હિતની ઉપેક્ષા થાય છે.

વળી, પાસત્થાદિને બે હાથ જોડીને વંદન કરાય છે, તે પણ છ પ્રકારે છે. તે છ પદમાંથી કોઈ પણ પદ સેવવાથી તેને આશ્રયીને પણ ચારગુરુકો પ્રાયશ્ચિત્ત આવે છે. ફક્ત યથાછંદાની તે અનુચિત પ્રવૃત્તિની ઉપેક્ષા કરીને તે અભ્યુત્થાન કે અંજલિકરણ કરાય ત્યારે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. પરંતુ તેને ધર્મમાં સ્થિર કરવાના પ્રયોજનથી કે અન્ય કોઈ વિશિષ્ટ લાભના પ્રયોજનથી અપવાદને આશ્રયીને અભ્યુત્થાનાદિ કરવામાં પણ ભગવાનની આજ્ઞાની આરાધના હોવાથી નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે. જે અપવાદનું સ્થાન સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. યથાછંદાને અભ્યુત્થાન અને અંજલિ કરવામાં શું પ્રાયશ્ચિત્ત છે, તેની સ્પષ્ટતા કરી. હવે, પાસત્થાદિ પાંચ સાધુઓમાંથી યથાછંદાને બાદ કરીએ તો ચાર કુસાધુઓની પ્રાપ્તિ છે.

પાંચમાં નિયતવાસી અને કાથિકાદિ ચાર એમ નવ કુસાધુઓ છે અને ગૃહસ્થ સહિત એવા તે દશને કૃતિકર્મ અને અંજલિ કરવામાં પ્રત્યેકને આશ્રયીને ચતુર્લઘુકો પ્રાયશ્ચિત્ત આવે છે. તેથી એ ફલિત થાય કે યથાછંદાને અભ્યુત્થાન, અંજલિકરણમાં અધિક દોષ છે અને પાસત્થાદિ નવમાં અને ગૃહસ્થને પણ અભ્યુત્થાનાદિ કરવામાં તેના કરતાં અલ્પ દોષ છે; કેમ કે યથાછંદા ઉત્સૂત્ર આચરણ અને ઉત્સૂત્ર પ્રરૂપણા દ્વારા માર્ગનો અપલાપ કરનારા છે. જ્યારે પાસત્થાદિ પ્રમાદને વશ માર્ગનું સમ્યગ્ સેવન કરનારા નથી તોપણ યથાછંદા જેવા ક્લિષ્ટ પરિણામવાળા નથી. ક્વચિત્ યથાછંદા જેવા ક્લિષ્ટ પરિણામ હોય કે અધિક પણ હોય તોપણ યથાછંદાની જેમ માર્ગનો નાશ કરનારા નથી માટે યથાછંદા કરતાં આ દશને અભ્યુત્થાન અને અંજલિકરણ કરવામાં અલ્પ પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે. આથી જ સુસાધુ ક્યારેક રાજા કે મોટો માણસ આવે ત્યારે સહસા હાથ જોડે કે ઊભા થાય તોપણ પાસત્થાની જેમ ઉન્માર્ગનું પ્રવર્તન થતું નથી. પરંતુ ગૃહસ્થના વિનયકરણરૂપ ધર્મનું લાઘવ થાય છે. વળી, પાસત્થાદિને આહારાદિ સાધુ આપે કે તેઓ પાસેથી ગ્રહણ કરે, તેમાં પણ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. છતાં અભ્યુત્થાનાદિમાં ચતુર્લઘુકો પ્રાયશ્ચિત્ત હતાં. જ્યારે આહારદાન કે ગ્રહણમાં તેનાથી અલ્પ એવું ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે પાસત્થાદિને આહાર આપવામાં આવે તો તેમના પાસત્થાદિ ભાવોની અનુમોદના થાય છે. આથી સુસાધુ પોતાનો લાવેલો આહાર પાસત્થાદિને આપે નહિ. વળી, પાસત્થાદિથી લાવેલ આહાર સાધુ વાપરે તો ક્વચિત્ તે ભિક્ષા નિર્દોષ હોય તોપણ પાસત્થાદિ ઉદ્ગમાદિ દોષો સેવનારા છે. તેથી તેમના ભિક્ષાગ્રહણમાં તે દોષોના સેવનજન્ય મલિનતા પ્રાપ્ત થાય છે માટે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

વળી, પાસત્થાદિને વાચના આપવાથી તેઓને જ્ઞાન વિપરીત પરિણમન પામે છે અને દુષ્ટનો સંસર્ગ થાય છે. તેમની પાસેથી વાચના ગ્રહણ કરવામાં અને તેમને વંદન કરવાના દુષ્ટ સંસર્ગાદિ દોષોની પ્રાપ્તિ થાય છે માટે ઉત્સર્ગથી વાચનાદાન અને ગ્રહણનો નિષેધ છે. છતાં કોઈ સાધુ એક વખત પણ વાચનાદાન કરે તો સૂત્રદાનમાં ચતુર્લઘુ અને અર્થદાનમાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે; કેમ કે સૂત્ર કરતાં અર્થ અધિક મહાન છે અને તેની આશાતનાજન્ય અધિક પાપ છે. વળી, યથાછંદાને સૂત્રદાન કે અર્થદાનમાં વિશિષ્ટ અનર્થ હોવાથી અધિક પ્રાયશ્ચિત્ત છે અને તેમની પાસેથી ગ્રહણમાં પણ તેઓનો અનુચિત આચાર પોષાય છે માટે પ્રાયશ્ચિત્ત છે અને અનેક દિવસ વાચનાદાન કે વાચનાગ્રહણ કરે તો ક્રમસર પ્રાયશ્ચિત્તની વૃદ્ધિ થાય છે. આ સર્વ ઉત્સર્ગ માર્ગને આશ્રયીને છે. તેથી નિષ્કારણ તે પ્રવૃત્તિનો નિષેધ છે. વિશિષ્ટ લાભના પ્રયોજનથી

અપવાદને આશ્રયીને વાચનાદાન કે ગ્રહણનું પણ વિધાન છે. તેથી સુસાધુ અને પાસત્થાદિનો ભેદ કર્યા વગર જેની તેની પાસે ભણે કે ભણાવે તેમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. **॥૧૨૪॥**

**અવતરણિકા :-**

**एवं पार्श्वस्थादयो न वन्दनीया इति स्थितम् । अथ सुविहितानामपि पार्श्वस्थादिसङ्गत्याऽवन्द्यत्वं स्यादिति प्रकटयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે પાસત્થાદિ વંદનીય નથી, એ પ્રમાણે સ્થિત છે. હવે, સુવિહિતોનું પણ પાસત્થાદિની સંગતિથી અવંદ્યપણું થાય અર્થાત્ સુવિહિતો પણ પાસત્થાદિ સાથે વર્તતા હોય તો અવંદ્ય થાય, એ પ્રકારે પ્રગટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**णिग्गमणभूमिवसइप्पमुहट्ठाणे ठिआ उ एएसिं ।**
**गुणणिहिणो वि हु समणा, अवंदणिज्जा जओ भणियं ।।१२५।।**

**અન્વયાર્થ :-**

**एएसिं**=આમના=પાસત્થાદિના, **णिग्गमणभूमिवसइप्पमुहट्ठाणे**=નિર્ગમન ભૂમિ અને વસતિ વગેરે સ્થાનમાં, **ठिआ**=રહેલા, **गुणणिहिणो वि हु समणा**=ગુણનિધિ પણ સાધુઓ, **अवंदणिज्जा**=અવંદ્ય છે, **जओ भणियं**=જે કારણથી કહેવાયું છે. ।।૧૨૫।।

**ગાથાર્થ :-**

**આમના=પાસત્થાદિના, નિર્ગમનભૂમિ અને વસતિ વગેરે સ્થાનમાં રહેલા ગુણનિધિ પણ સાધુઓ અવંદ્ય છે. જે કારણથી કહેવાયું છે. ।।૧૨૫।।**

**ટીકા :-**

**'णिग्गमणभूमि'त्ति । निर्गमनभूमिर्यत्र ते निर्गच्छन्ति, वसतिः-उपाश्रयस्तत्प्रमुखस्थाने स्थिताः 'एतेषां' पार्श्वस्थादीनां गुणनिधयोऽपि श्रमणा अवन्दनीया भवन्ति संसर्गदोषात्, यतो भणितमावश्यके ।।१२५।।**

**ટીકાર્થ :-**

**निर्गमनभूमिर्यत्र ..... आवश्यके ।। જ્યાં તેઓ=પાસત્થાદિ, નીકળે છે તે નિર્ગમનભૂમિ, વસતિ=ઉપાશ્રય, આમના=પાર્શ્વસ્થાદિના તત્પ્રમુખ સ્થાનમાં=નિર્ગમનભૂમિ અને વસતિના સ્થાનમાં રહેલા ગુણનિધિ**

**એવા પણ સાધુઓ અવંદનીય થાય છે; કેમ કે સંસર્ગનો દોષ છે. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે=વિશેષાવશ્યક વંદન અધ્યયનમાં કહેવાયું છે. ।।૧૨૫।।**

**ભાવાર્થ :-**

જે સ્થાનમાં પાસત્થાદિ સ્થિરવાસ કરીને રહેલા હોય કે કોઈક કારણે રહેલા હોય, તેઓ જે સ્થાનમાંથી અવરજવર કરતા હોય તે તેઓની નિર્ગમનભૂમિ છે અને તેઓ જે ઉપાશ્રયમાં ઊતર્યા હોય, તે તેઓની વસતિ છે, તેવા સ્થાનમાં સુસાધુ ઊતરે નહિ; કેમ કે તેઓની પ્રવૃત્તિ જોઈને પ્રમાદ થવાનો સંભવ રહે છે. વસ્તુતઃ સુસાધુઓ પણ વીતરાગ નથી. વીતરાગના વચનનું અવલંબન લઈને વીતરાગ થવા યત્ન કરે છે. છતાં, ચિત્તવૃત્તિમાં અનાદિના પ્રમાદના સંસ્કારો પડેલા છે અને સાધુ વેશધારી પાસત્થાદિના સ્થાનમાં તેઓ ઊતરે અથવા જ્યાંથી પાસત્થાદિ ગમન-આગમન કરતા હોય તેવી નજીકની ભૂમિમાં ઊતરે તો તેમના પરિચયથી તે પ્રકારની શિથિલ આચરણા કરવાને અનુકૂળ પ્રમાદ ઉલ્લસિત થાય છે માટે ભગવાને પાસત્થાદિ સાથે એક વસતિમાં ઊતરવાનો નિષેધ કર્યો છે અને જ્યાં તેઓનું આવાગમનાદિ થતું હોય તેના નજીકના સ્થાનમાં પણ વસવાનો નિષેધ કર્યો છે. તેમાં આવશ્યક નિર્યુક્તિની સાક્ષી બતાવે છે. જે સાક્ષીવચન જ આગળની ગાથામાં સ્પષ્ટ કરે છે. **।।૧૨૫।।**

**ગાથા :-**

**असुइट्ठाणे पडिआ, चंपगमाला ण कीरई सीसे ।**
**पासत्थाइट्ठाणेसु वट्टमाणा तह अपुज्जा ।।१२६।।**

**અન્વયાર્થ :-**

**असुइट्ठाणे पडिआ चंपगमाला=અશુચિસ્થાનમાં પડેલી ચંપકમાલા, ण कीरई सीसे=મસ્તકે ધારણ કરાતી નથી, तह=તે પ્રમાણે, पासत्थाइट्ठाणेसु वट्टमाणा=પાસત્થાદિનાં સ્થાનોમાં વર્તતા સાધુ, अपुज्जा= અપૂજ્ય થાય છે. ।।૧૨૬।।**

**ગાથાર્થ :-**

**અશુચિસ્થાનમાં પડેલી ચંપકમાલા મસ્તકે ધારણ કરાતી નથી. તે પ્રમાણે પાસત્થાદિનાં સ્થાનોમાં વર્તતા સાધુ અપૂજ્ય થાય છે. ।।૧૨૬।।**

**ટીકા :-**

**'असुइट्ठाणे'त्ति । यथा 'अशुचिस्थाने' अमेध्यस्थाने पतिता चम्पकमाला स्वरूपतः शोभनाऽपि सती अशुचिस्थानसंसर्गान्न क्रियते 'शीर्षे' मस्तके, पार्श्वस्थादिस्थानेषु वर्त्तमानाः साधवस्तथा 'अपूज्याः' अवन्दनीयाः । पार्श्वस्थादीनां स्थानानि वसतिनिर्गमनभूम्यादीनि परिगृह्यन्ते, अन्ये तु शय्यातरपिण्डाद्युप-भोगलक्षणानि व्याचक्षते, तत्संसर्गात् पार्श्वस्थादयो भवन्ति, न चैतानि सुष्ठु घटन्ते तेषामपि**

तद्भावापत्तेश्चम्पकमालोदाहरणोपनयस्य च सम्यगघटमानत्वादिति । तत्र कथानकम्–"एगो चंपगपिओ कुमारो चंपयमालाए सिरे कयाए आसगओ वच्चति, आसेण उद्धुअस्स सा चंपगमाला अमेज्झे पडिआ, गिण्हामि त्ति अमेज्झं दट्ठूण मुक्का, सो अ चंपएहिं विणा धितिं ण लब्भइ तहावि ठाणदोसेण मुक्का । एवं चंपयमालाथाणीया साहू, अमेज्झथाणीया पासत्थादओ, जो विसुद्धो तेहिं समं मिलति संवसति वा सो वि परिहरणिज्जो ।"त्ति ।।१२६।।

**ટીકાર્થ :-**

यथा ..... परिहररणिज्जो ।"त्ति ।। જે પ્રમાણે અશુચિના સ્થાનમાં પડેલ=ગંદકીના સ્થાનમાં પડેલ, ચંપકની માળા સ્વરૂપથી શોભન પણ છતી અશુચિના સ્થાનના સંસર્ગથી મસ્તકના સ્થાનમાં ધારણ કરાતી નથી, તે પ્રમાણે પાર્શ્વસ્થાદિ સ્થાનોમાં વર્તતા સાધુઓ અપૂજ્ય=અવંદનીય, થાય છે. પાર્શ્વસ્થાદિનાં સ્થાનો, વસતિ, નિર્ગમનભૂમિ આદિ ગ્રહણ કરાય છે. વળી, અન્ય શય્યાતરપિંડાદિ ઉપભોગ લક્ષણ પાસત્થાદિનાં સ્થાનો કહે છે. તેમના સંસર્ગથી=પાસત્થાદિનાં સ્થાનોના સંસર્ગથી, પાર્શ્વસ્થાદિ થાય છે. વળી અન્ય, આચાર્ય પાસત્થાનાં સ્થાનો શય્યાતરપિંડાદિના ઉપભોગરૂપ કહે છે. એ સુંદર ઘટતા નથી; કેમ કે તેઓને પણ=જેઓ પાસત્થાના સ્થાનભૂત શય્યાતરપિંડાદિનો ઉપભોગ કરે છે તેઓને પણ તે ભાવની પ્રાપ્તિ છે=પાસત્થાના ભાવની પ્રાપ્તિ છે અને ચંપકમાલાના ઉદાહરણના ઉપનયનું સમ્યગ્ અઘટમાનપણું છે=જેઓ પાસત્થાનાં સ્થાનો શય્યાતરપિંડાદિનો ઉપભોગ કહે છે તેઓના મતાનુસાર સુસાધુ પાસત્થા જ થાય છે તેથી તે મત પ્રમાણે ચંપકમાલાના ઉદાહરણનો ઉપનય ઘટે નહિ માટે અન્યનો મત સુસંગત નથી. આમાં=પાસત્થાના સહવાસથી અપૂજ્યતાની પ્રાપ્તિમાં, કથાનક છે.

"એક ચંપકપ્રિય કુમાર ચંપકમાલાને શિરે વીંટાળીને અશ્વથી જાય છે. અશ્વથી ઊછળેલા એવા તેની તે ચંપકમાલા ગંદકીના સ્થાનમાં પડી. હું ગ્રહણ કરું, એ પ્રમાણે ગંદકીમાં જોઈને મુકાઈ=ચંપકમાલા ગ્રહણ કરાઈ નહિ અને તે=ચંપકપ્રિય કુમાર, ચંપક વગર ધૃતિને પામતો નથી=અસ્વસ્થતા પામે છે તોપણ સ્થાનદોષથી=ગંદકીમાં પડેલા સ્થાનદોષથી, માળાને ગ્રહણ કરતો નથી. એ રીતે ચંપકમાલા સ્થાનીય સાધુ છે અને ગંદકી સ્થાનીય પાસત્થા છે. જે વિશુદ્ધ=સંયમની વિશુદ્ધ ક્રિયા કરનાર સાધુ તેઓની સાથે મળે છે અથવા સંવાસ કરે છે, તે પણ પરિહાર યોગ્ય છે." ।।૧૨૬।।

**ભાવાર્થ :-**

ચંપકપ્રિય પુરુષ ચંપકમાલા વગર ધૃતિ પામતો નથી તોપણ અશુચિમાં પડેલી ચંપકમાલા સુગંધવાળી હોવા છતાં ગ્રહણ કરતો નથી, તેમ પાસત્થાદિની વસતિમાં ઊતરેલા કે તેઓ જ્યાં અવરજવર કરતા હોય તેવા સ્થાનમાં વસનારા સાધુ અપૂજ્ય થાય છે. અહીં કેટલાક પાસત્થાદિનાં સ્થાનો શબ્દથી પાસત્થાદિ વડે સેવાતાં શય્યાતરપિંડાદિ સ્થાનોને ગ્રહણ કરે છે અને કહે છે કે જેઓ પાસત્થાદિનાં સ્થાનોને સેવે છે, તેઓ

અપૂજ્ય છે. તેઓ વડે કરાયેલો સ્થાનનો અર્થ ગ્રહણ કરવામાં આવે તો ચંપકમાલાનું ઉદાહરણ ઘટે નહિ માટે પાસત્થાદિ સ્થાનોનો અર્થ વસતિ અને નિર્ગમનભૂમિ આદિનું જ ગ્રહણ કરવું ઉચિત છે. **॥૧૨૬॥**

**અવતરણિકા :-**

**अधिकृतार्थप्रसाधनायैव दृष्टान्तान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**અધિકૃત અર્થના પ્રસાધન માટે જ=પાસત્થાદિનાં બાહ્ય સ્થાનોમાં વસતા સુસાધુ પણ અપૂજ્ય છે એ રૂપ અધિકૃત અર્થના પ્રસાધન માટે જ=સ્પષ્ટ કરવા માટે જ, દૃષ્ટાંતાંતરને કહે છે –**

**ગાથા :-**

**पक्कणकुले वसंतो, सउणीपारो वि गरहिओ होइ ।**
**इय गरहिआ सुविहिया, मज्झि वसंता कुसीलाणं ।।१२७।।**

**અન્વયાર્થ :-**

**पक्कणकुले वसंतो सउणीपारो वि=પક્વ કુળમાં વસતા શકુનિપારગ પણ, गरहिओ होइ=ગર્હિત થાય છે, इय=એ રીતે, कुसीलाणं=કુશીલોની, मज्झि=મધ્યમાં, वसंता=વસતા, सुविहिया=સુવિહિતો, गरहिआ=ગર્હિત થાય છે. ।।૧૨૭।।**

**ગાથાર્થ :-**

**પક્વ કુળમાં વસતા શકુનિપારગ પણ ગર્હિત થાય છે. એ રીતે કુશીલોની મધ્યમાં વસતા સુવિહિતો ગર્હિત થાય છે. ।।૧૨૭।।**

**ટીકા :-**

**'पक्कणकुले'त्ति । इयं च गाथा यद्यपि प्रागपि व्याख्याता तथापि स्थानानुसारेण सम्प्रत्यपि व्याख्यायते–'पक्कणकुलं' गर्हितकुलं तस्मिन् पक्कणकुले वसन् पारं गतवानिति पारगः शकुन्याः पारगः शकुनीपारगः, असावपि 'गर्हितो भवति' निन्द्यो भवति, शकुनीशब्देन चतुर्दशविद्यास्थानानि परिगृह्यन्ते, 'इय' एवं गर्हिताः 'सुविहिताः' साधवो मध्ये वसन्तः 'कुशीलानां' पार्श्वस्थादीनाम् । अत्र कथानकम्–"एगस्स धिज्जाइअस्स पंच पुत्ता सउणीपारगा । तत्थेगो मरुगो एगाए दासीए संपलग्गो, सा मज्जं पियति, इमो ण पियति, तीए भन्नइ–जइ तुमं पियसि तो णे सोहणा रती होज्जा, इहरा विसरिसो संजोगो त्ति, एवं सो बहुसो भणंतीए पाइओ, सो पढमं पच्छन्नं पियति, पच्छा पायडं पिबिउमाढत्तो, पच्छा अतिप्पसंगेणं मंसासेवी संवुत्तो, पक्कणेहिं सह लोट्टेउमाढत्तो,**

तेहिं चेव सह क्खाइ पिबति संवसति य, पच्छा पिउणा सयणेण य सव्वबज्झो अप्पवेसो कओ । अन्नया सो पडिलग्गो, बितिओ से भाया सिणेहेण तं कुडिं पविसिऊण पुच्छति देति य से किंचि, सो पिउणा उवलंभिऊण निच्छूढो । ततिओ बाहिरपाडए ठिओ पुच्छइ विसज्जेइ से किंचि, सो वि णिच्छूढो । चउत्थो परंपरएण दवावेइ सो वि णिच्छूढो । पंचमो गंधं पि णेच्छइ । तेण मरुएण करणं च पडिऊण सव्वस्स घरस्स सो सामी कओ, इयरे चत्तारि वि बाहिरा कया लोगगरहिया य जाया, एस दिट्ठंतो । उवणओ से इमो—जारिसा पक्कणा तारिसा पासत्थादी, जारिसो धिज्जाइओ तारिसो आयरिओ, जारिसा पुत्ता तारिसा साहू, जहा ते निच्छूढा एवं णिच्छुभंति कुसीलसंसग्गिं करिंता गरहिआ य पवयणे भवंति, जो पुण परिहरइ सो पुज्जो साइअपज्जवसिअं णिव्वाणं पावइ"त्ति ।।१२७।।

**ટીકાર્થ :-**

इयं च ..... पावइ"त्ति ।। આ ગાથા જોકે પૂર્વમાં પણ વ્યાખ્યાન કરાઈ છે=પ્રથમ ઉલ્લાસમાં ગાથા-૧૧૨મી તરીકે વ્યાખ્યાન કરાઈ છે તોપણ સ્થાનના અનુસારથી=પાસત્થાદિ સાથે વસતા સુસાધુ અવંદનીય છે એ પ્રકારે ગાથા-૧૨૫માં બતાવેલ સ્થાનના અનુસારથી હમણાં પણ વ્યાખ્યાન કરાય છે. પક્વકુલ=ગર્હિત કુલ. તેમાં=પક્વકુલમાં, વસતો પુરુષ પારને પામેલો એવો પારગ=શકુનિનો પારગ, શકુનિપારગ. આ પણ=શકુનિપારગ પુરુષ પણ, ગર્હિત થાય છે=નિંદ્ય થાય છે. શકુનિ શબ્દથી ચૌદ વિદ્યાના સ્થાનો ગ્રહણ કરાય છે. તેથી ચૌદ વિદ્યાનો પારગામી વિદ્વાન ગર્હિત કુલમાં વસતો હોય તો નિંદ્ય થાય છે. એ રીતે કુશીલ એવા પાર્શ્વસ્થાદિના મધ્યમાં વસતા સુવિહિત સાધુઓ ગર્હિત થાય છે. અહીં કથાનક છે=ચૌદ વિદ્યાના પારગામી ગર્હિતકુલમાં વસતા નિંદ્ય છે તેમાં કથાનક છે.

"એક બ્રાહ્મણના પાંચ પુત્રો શકુનિપારગ હતા. ત્યાં=તે પાંચ પુત્રોમાં, એક મરુગ=બ્રાહ્મણના તે પાંચ પુત્રોમાંથી એક પુત્ર, એક દાસી સાથે પ્રેમમાં પડ્યો. તે=દાસી, મદ્યને પીવે છે. આ=બ્રાહ્મણનો પુત્ર, મદ્યને પીતો નથી. તેણી વડે કહેવાયું. જો તમે પીઓ તો આપણી શોભન રતિ થાય. ઈતરથા આપણો સંયોગ વિરસવાળો છે. આ પ્રમાણે તે=બ્રાહ્મણપુત્ર, અનેક વખત કહેવાતી એવી તેણી વડે પિવડાવાયો=મદ્ય પિવડાવાયો." તે=બ્રાહ્મણ પુત્ર, પ્રથમ પ્રચ્છન્ન પીવે છે. પાછળથી પ્રગટ રીતે પીવા માટે પ્રવૃત્ત થયો. પાછળથી અતિસંસર્ગને કારણે માંસસેવી થયો. હલકા માણસોની સાથે ફરવા માટે પ્રવૃત્ત થયો. તેઓની સાથે જ ખાય છે, પીવે છે અને સંવાસ કરે છે. પાછળથી પિતા વડે અને સ્વજનો વડે સર્વ બાહ્ય કરાયો, અપ્રવેશ કરાયો=ઘરમાં અપ્રવેશ કરાયો. અન્યદા તે ખિન્ન થયો=પિતા વગેરેએ તેનો ઘરમાં પ્રવેશ બંધ કર્યો. તેથી તે ખિન્ન થયો. બીજો તેનો ભાઈ સ્નેહથી તેના સ્થાનમાં પ્રવેશીને પૂછે છે અને કંઈક આપે છે. તે=બીજો ભાઈ, પિતા વડે ઉપાલંભ આપીને કાઢી મુકાયો.

**ત્રીજો ભાઈ બહિર્ પાડામાં રહેલો પૂછે છે અને તેને કંઈક આપે છે. તે પણ=ત્રીજો ભાઈ પણ, પિતા વડે કાઢી મુકાયો. ચોથો ભાઈ પરંપરાથી અપાવે છે=સાક્ષાત્ કંઈ આપતો નથી. પરંતુ કોઈક પાસેથી તેને ધન અપાવે છે. તે પણ કાઢી મુકાયો=પિતા વડે કાઢી મુકાયો. પાંચમો ગંધ પણ ઈચ્છતો નથી=દાસી સાથે લાગેલા પ્રથમ ભાઈની ગંધ પણ ઈચ્છતો નથી. કરણને સ્વીકારીને=ઉચિત કૃત્યકર્મને સ્વીકારીને, તેના વડે=તે બ્રાહ્મણ વડે, સર્વ ઘરનો સ્વામી તે કરાયો. ઈતર ચારેય પણ=બીજા ચારેય પણ પુત્રો, બહાર કરાયા અને લોકમાં ગર્હિત થયા. તેનો આ ઉપનય છે=પ્રસ્તુત કથા કહી તેનો આ ઉપનય છે. જેવા પ્રકારના હલકા કુળવાળા છે, તેવા પ્રકારના પાસત્થાદિ છે. જેવા પ્રકારના બ્રાહ્મણો છે, તેવા પ્રકારના આચાર્યો છે. જેવા પ્રકારના પુત્રો છે, તેવા પ્રકારના સાધુ છે. જે પ્રમાણે તેઓ=હલકા કુળની સાથે સંબંધ કરનાર પુત્ર અને તેની સાથે સંબંધ રાખનારા અન્ય પુત્રો કાઢી મુકાયા, એ રીતે કુશીલના સંસર્ગને કરતા સાધુઓ આચાર્યથી કાઢી મુકાય છે અને પ્રવચનમાં ગર્હિત થાય છે. જે વળી, પરિહરે છે=પાસત્થાદિનો પરિહાર કરે છે, તે પૂજ્ય સાદિ અપર્યવસિત એવા નિર્વાણને પામે છે. ॥૧૨૭॥**

**ભાવાર્થ :-**

જેમ વિવેકી પિતાએ ખરાબના સંસર્ગને કારણે ખરાબ થયેલા પુત્રનો ત્યાગ કર્યો, પરંતુ તે પુત્ર સાથે અલ્પ પણ સંસર્ગ કરનાર બાકીના બીજા ત્રણેય પુત્રો ત્યાગ કરાયા અને પાંચમો પુત્ર તેની ગંધથી પણ દૂર રહે છે, તેને ઘરનો સ્વામી કરાયો. તેમ આચાર્ય પાસત્થા થયેલા સાધુનો તો ત્યાગ કરે છે, પરંતુ પાસત્થા સાથે સંસર્ગ કરાયેલા સાધુનો પણ ત્યાગ કરે છે અને જે સાધુઓ પાસત્થા થયા નથી અને પાસત્થાના સંગનો ત્યાગ કરે છે, તેઓ ગુણનિધિ એવા આચાર્યના સાન્નિધ્યથી સારણાદિ પ્રાપ્ત કરીને સંયમસ્થાનોની વૃદ્ધિ દ્વારા પૂજ્ય થાય છે અને નિર્વાણ સુખને પામે છે માટે સુસાધુએ પાસત્થાદિના સંસર્ગનો પણ અત્યંત પરિહાર કરવો જોઈએ. **॥૧૨૭॥**

**અવતરણિકા :-**

**ननु कः पार्श्वस्थादिसंसर्गमात्राद् गुणवतो दोषः ? न हि काचमणिकैः सह प्रभूतकालमेकत्र तिष्ठन्नपि वैडूर्यमणिः काचभावमुपैति स्वगुणप्राधान्यात्, न वा नलस्तम्ब इक्षुवाटमध्ये वसन्नपीक्षुसंसर्गतो मधुरत्वमुपयाति स्वदोषप्राधान्यात्, एवं गुणवानपि पार्श्वस्थादिसंसर्गे न गुणांस्त्यक्ष्यतीत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. પાસત્થાદિના સંસર્ગ માત્રથી ગુણવાન સાધુને શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી. हि=જે કારણથી, કાચમણિની સાથે ઘણો કાલ એકત્ર રહેલો પણ વૈડૂર્ય મણિ કાચભાવને પ્રાપ્ત કરતો નથી; કેમ કે સ્વગુણનું પ્રધાનપણું છે=વૈડૂર્ય મણિના પોતાના ગુણો નાશ ન પામે એવા વિશિષ્ટ છે અથવા શેરડીની વાડની મધ્યમાં રહેલો પણ વાંસ શેરડીના સંસર્ગથી મધુરપણાને પામતો**

નથી; કેમ કે સ્વદોષનું પ્રધાનપણું છે=નલસ્થંભના પોતાના અમધુરત્વરૂપ દોષનું પ્રધાનપણું છે. એ રીતે ગુણવાન પણ પાસત્થાદિના સંસર્ગમાં ગુણોનો ત્યાગ કરશે નહિ, એથી કહે છે –

**ગાથા :-**

**भावुगदव्वं जीवो, कुसीलसंसग्गओ विणस्सिज्जा ।**
**थोवो वि तप्पसंगो, अओ णिसिद्धो सुविहिआणं ।।१२८।।**

**અન્વયાર્થ :-**

भावुगदव्वं जीवो=ભાવુક દ્રવ્ય એવો જીવ, कुसीलसंसग्गओ विणस्सिज्जा=કુશીલના સંસર્ગથી વિનાશ પામે, अओ=આથી, सुविहिआणं=સુવિહિતોને, थोवो वि=થોડો પણ, तप्पसंगो=તેનો પ્રસંગ=પાસત્થાદિના સંગનો પ્રસંગ, णिसिद्धो=નિષિદ્ધ છે. ।।૧૨૮।।

**ગાથાર્થ :-**

**ભાવુક દ્રવ્ય એવો જીવ કુશીલના સંસર્ગથી વિનાશ પામે. આથી સુવિહિતોને થોડો પણ તેનો પ્રસંગ=પાસત્થાદિના સંગનો પ્રસંગ નિષિદ્ધ છે. ।।૧૨૮।।**

**ટીકા :-**

'भावुगदव्वं'ति । इह हि द्विविधानि द्रव्याणि भवन्ति-भाव्यानि अभाव्यानि च । तत्र भाव्यन्ते स्वप्रतियोगिना स्वगुणैरात्मभावमापाद्यन्त इति भाव्यानि, तानि प्राकृतशैल्या भावुकान्युच्यन्ते । अथवा प्रतियोगिनि सति तद्गुणापेक्षया तथाभवनशीलानि भावुकानि, ताच्छीलिक उकञ्प्रत्ययः, तद्विपरीतान्यभाव्यानि । तत्र जीवो भावुकद्रव्यमनादिकालीनपार्श्वस्थाद्याचरितप्रमादभावनापाद्यविपरीत-परिणाम इति यावत्, स च तथाभूतः सन् कुशीलसंसर्गतो विनश्येत्, वैडूर्यनडादीनि त्वभावुकद्रव्याणीति न तद्दृष्टान्तोपष्टम्भेन जीवस्यापि संसर्गजस्वभावाननुविधायित्वमिति भावः । अपि च जीवोऽपि केवली तावदभाव्य एव । सरागास्तु पार्श्वस्थादिभिर्भाव्याः । सरागा अपि परिपाकप्राप्तयोगा उत्कृष्टज्ञानपरिणतिशालिनो यद्यप्यभाव्यास्तथाऽपि मध्यमदशावर्त्तिनो भाव्या एव । अतः स्तोकोऽपि तेषामालापमात्रादिलक्षणः संसर्गः सुविहितानां प्रतिषिद्धः ।।१२८।।

**ટીકાર્થ :-**

इह हि ..... प्रतिषिद्धः ।। અહીં=સંસારમાં, બે પ્રકારનાં દ્રવ્યો હોય છે. ભાવ્ય દ્રવ્યો અને અભાવ્ય દ્રવ્યો. ત્યાં=બે પ્રકારનાં દ્રવ્યોમાં, ભાવન કરાય છે તે ભાવ દ્રવ્યો છે=સ્વપ્રતિયોગી દ્વારા પોતાના ગુણોથી આત્મભાવને પ્રાપ્ત કરે છે એ ભાવદ્રવ્યો છે અર્થાત્ પોતાનાથી વિરુદ્ધ ગુણવાળા પદાર્થરૂપ પોતાના પ્રતિયોગી વડે તેના ગુણોથી અર્થાત્ પ્રતિયોગીના ગુણોથી પોતાના ભાવને પ્રાપ્ત કરે છે અર્થાત્ પ્રતિયોગી તુલ્ય થાય છે તે ભાવદ્રવ્યો છે. તે પ્રાકૃત શૈલીથી ભાવુક કહેવાય છે=તેવાં દ્રવ્યો

**ભાવુક કહેવાય છે અથવા પ્રતિયોગી હોતે છતે=પોતાનાથી વિરુદ્ધ ગુણવાળી વસ્તુ હોતે છતે, તેના ગુણની અપેક્ષાથી=વિરુદ્ધ ગુણવાળી વસ્તુની અપેક્ષાથી, તેવા ભવનના સ્વભાવવાળા=વિરુદ્ધ ગુણવાળી વસ્તુ સદૃશ થવાના સ્વભાવવાળા, ભાવુક કહેવાય છે. તાત્ શીલિક ઉકઞ્ પ્રત્યય છે=ભાવુક શબ્દમાં જે ઉકઞ્ પ્રત્યય છે, તે તદ્રૂપે થવાના સ્વભાવવાળા છે, તેને બતાવનાર છે. તેનાથી વિપરીત=ભાવુક દ્રવ્યોથી વિપરીત, અભાવ્ય છે. ત્યાં=ભાવુક-અભાવુક દ્રવ્યોમાં જીવ ભાવુક દ્રવ્ય છે અર્થાત્ અનાદિકાલીન પાર્શ્વસ્થાદિથી આચરિત પ્રમાદભાવનાથી આપાદ્ય વિપરીત પરિણામવાળો છે અર્થાત્ અનાદિકાળથી જીવે પાસત્થાદિના જેવો જ પ્રમાદભાવ સેવન કર્યો છે તેનાથી પ્રાપ્ત થતા વિપરીત પરિણામવાળો છે અને તે=જીવ, તેવા પ્રકારનો છતો=અનાદિકાળથી પ્રમાદ સ્વભાવવાળો હોવાને કારણે ભાવુક દ્રવ્ય છતો, કુશીલના સંસર્ગથી વિનાશ પામે. વૈડૂર્ય અને વાંસ આદિ વળી અભાવુક દ્રવ્યો છે. એથી તેમના દૃષ્ટાંતના અવલંબનથી સંસર્ગથી થનાર સ્વભાવનું અનનુવિધાયીપણું નથી=જેમ વૈડૂર્ય મણિ અને વાંસ સંસર્ગથી તેના સ્વભાવને અનુસરતા નથી તેમ જીવ પણ સંસર્ગથી થનારના સ્વભાવને અનુસરતો નથી તેમ કહેવું ઉચિત નથી અને વળી જીવ પણ કેવલી અભાવ્ય જ છે. વળી, સરાગ એવા જીવો પાસત્થાદિથી ભાવ્ય છે. પરિપાક પ્રાપ્ત યોગવાળા ઉત્કૃષ્ટ જ્ઞાનપરિણતિથી શોભતા સરાગ પણ યદ્યપિ અભાવ્ય છે તોપણ મધ્યમદશાવર્તી જીવો ભાવ્ય જ છે=પાસત્થા પણ નથી સરાગ પણ છે છતાં પરિપાક પ્રાપ્ત થયેલા યોગવાળા નથી. તેવા મધ્યમદશાવર્તી સાધુઓ ભાવ્ય જ છે. આથી તેઓનો=પાસત્થાદિનો, આલાપ માત્રાદિ રૂપ થોડો પણ સંસર્ગ સુવિહિત સાધુઓને જ પ્રતિષિદ્ધ છે. ॥૧૨૮॥**

**ભાવાર્થ :-**

બહુલતાએ જીવોએ ઘણા ભવો સુધી પ્રમાદ સેવ્યો છે. કોઈક રીતે ભવના સ્વરૂપનું જ્ઞાન થયા પછી ચારિત્રમાં અપ્રમાદ કરીને મોહનો નાશ કરતા જીવો અપ્રમાદશીલ થાય છે તોપણ પાસત્થાદિની પ્રવૃત્તિનું દર્શન, તેઓની સાથે આલાપ-સંલાપ આદિ પ્રવૃત્તિઓ પ્રાયઃ પ્રમાદનું કારણ છે માટે ભગવાને સુવિહિત સાધુઓને પાસત્થાદિની સાથે થોડો પણ સંસર્ગ કરવાનો નિષેધ કર્યો છે. ફક્ત સિદ્ધના જીવો, કેવલી અને પરિપાક પ્રાપ્ત થયેલા યોગવાળા જ મહાત્માઓ અભાવુક છે. તેઓને નિમિત્તોનો સંસર્ગ પ્રમાદનું બીજ બનતું નથી તોપણ મધ્યમદશાવર્તી જીવો ભાવુક જ છે. તેથી પાસત્થાદિનો સંસર્ગ અત્યંત વર્જન કરવો જોઈએ. **॥૧૨૮॥**

**અવતરણિકા :-**

**अत्रैव संमतिमाह —**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=પાસત્થાના સંસર્ગમાં ભાવુક દ્રવ્યો ભાવુક થાય છે એમાં જ, સંમતિને=સાક્ષીને, કહે છે —**

ગાથા :-

**ऊणगसयभागेणं, बिंबाइं परिणमंति तब्भावं ।**
**लवणागराइसु जहा, वज्जेह कुसीलसंसग्गिं ।।१२९।।**

**અન્વયાર્થ :-**

ऊणगसयभागेणं=ઊન એવા સો ભાગથી, बिंबाइं=બિંબો, तब्भावं=તદ્‌ભાવને, परिणमंति=પરિણમન પામે છે, जहा=જે પ્રમાણે, लवणागराइसु=લવણ આકર આદિમાં, લોખંડ કાટને પ્રાપ્ત કરે છે, वज्जेह कुसीलसंसग्गिं=આથી કુશીલના સંસર્ગનું વર્જન કરવું જોઈએ. ।।૧૨૯।।

**ગાથાર્થ :-**

**ઊન એવા સો ભાગથી બિંબો તદ્‌ભાવને પરિણમન પામે છે. જે પ્રમાણે લવણ આકર આદિમાં લોખંડ કાટને પ્રાપ્ત કરે છે. આથી કુશીલના સંસર્ગનું વર્જન કરવું જોઈએ. ।।૧૨૯।।**

**ટીકા :-**

**'ऊणग'त्ति । ऊनश्चासौ शतभागश्चोनशतभागो यावता शतभागोऽपि न पूर्यत इत्यर्थः, तेन तावतांशेन प्रतियोगिना सह संबद्धानीति प्रक्रमाद् गम्यते 'बिम्बानि' रूपाणि 'परिणमन्ति' आसादयन्ति तद्भावं लवणीभवन्तीत्यर्थः, लवणाकरादिषु यथाऽऽदिशब्दात् खण्डखादिकारसादिग्रहः, तत्र किल लोहमपि तद्भावमासादयति तथा पार्श्वस्थाद्यालापमात्रसंसर्ग्याऽपि सुविहितास्तमेव भावं यान्त्यतो वर्जयत कुशीलसंसर्गिम् ।।१२९।।**

**ટીકાર્થ :-**

ऊनश्चासौ ..... संसर्गिम् ।। **ઊન એવો સો ભાગ ઊનશત ભાગ છે. જેટલાથી શતભાગ પણ પુરાતો નથી તેના વડે=તેટલા અંશ વડે, પ્રતિયોગી સાથે સંબંધવાળા બિંબરૂપ પરિણમન પામે છે=જેના સાથે સંસર્ગ છે, તે રૂપને પ્રાપ્ત કરે છે અર્થાત્ તેનો ભાવ લવણ જેવો થાય છે. જે પ્રમાણે લવણની ખાણોમાં=મીઠાની ખાણોમાં, થોડા પણ સંસર્ગથી તે પદાર્થ મીઠાના ભાવને પ્રાપ્ત કરે છે. 'आदि' શબ્દથી=લવણાકરાદિમાં રહેલા આદિ શબ્દથી, ખંડ, ખાદિકા રસાદિનું ગ્રહણ છે=ખાંડ કે ખાદિકાનો રસ વગેરે દ્રવ્યોનું ગ્રહણ છે. ત્યાં=લવણાદિની ખાણોમાં, લોખંડ પણ તદ્‌ભાવને પ્રાપ્ત કરે છે=લવણના સંસર્ગથી કાટ આદિ ભાવને પ્રાપ્ત કરે છે. તે પ્રમાણે પાસત્થાદિના આલાપ માત્રના સંસર્ગથી પણ સુવિહિત સાધુઓ તે જ ભાવને=પાસત્થાના જ ભાવને, પ્રાપ્ત કરે છે. આથી જ કુશીલના સંસર્ગનું વર્જન કરવું જોઈએ. ।।૧૨૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ભાવુક દ્રવ્ય સંસર્ગના દોષને પામે છે. એ વચનને જ દઢ કરવા આવશ્યક નિર્યુક્તિમાં કહેલ

પૂ. ભદ્રબાહુસ્વામીજીના વચનથી કહે છે. વિરોધી દ્રવ્ય સાથે અલ્પ પણ સંબંધ તે ભાવને પ્રાપ્ત કરે છે. જેમ લોખંડ સાથે મીઠું વિરોધી દ્રવ્ય છે. તેથી મીઠાનો સહેજ પણ સંસર્ગ થાય તો લોખંડ ઉપર કાટ પ્રાપ્ત થાય છે. તેમ પાસત્થાદિના આલાપ માત્રના સંસર્ગથી પણ સુવિહિતો તે ભાવને પામે છે. માટે પાસત્થાનો સંસર્ગ વર્જવો જોઈએ. **||૧૨૯||**

**અવતરણિકા :-**

**पुनरपि संसर्गिदोषप्रतिपादनायैवाह –**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ સંસર્ગદોષના પ્રતિપાદન માટે કહે છે –**

**ભાવાર્થ :-**

પાસત્થાનો સંસર્ગ વર્જન કરવો જોઈએ. તે પૂર્વની કેટલીક ગાથાઓમાં અનેક દૃષ્ટાંતથી ભાવન કર્યું. છતાં જીવ સ્વભાવથી કોઈક પાસત્થાદિ સાથે પરિચય થાય તો સુવિહિતોને પણ તેનો સંસર્ગ છોડવાનો પરિણામ થતો નથી. આમ છતાં શાસ્ત્રમાં ફરી ફરી ભિન્ન ભિન્ન દૃષ્ટાંતોથી તેના અનર્થો બતાવવામાં આવે તો તેના ભાવનથી કોઈક જીવને કોઈક દૃષ્ટાંત જાગૃતિનું કારણ બને છે. તેથી ઉપદેશમાં પુનરુક્તિ દોષ નથી; કેમ કે આ પ્રકારના ઉપદેશ દ્વારા કોઈક રીતે કોઈક યોગ્ય જીવ પાસત્થાદિના સંસર્ગનું વર્જન કરીને દુરંત સંસારના પરિભ્રમણથી રક્ષિત થાય છે.

**ગાથા :-**

**जह णाम महुरसलिलं, सागरसलिलं कमेण संपत्तं ।**
**पावइ लोणीभावं, मेलणदोसाणुभावेणं ।।१३०।।**

**અન્વયાર્થ :-**

**जह णाम महुरसलिलं=જે પ્રમાણે મધુર એવું પાણી, सागरसलिलं कमेण संपत्तं=સાગરના પાણીને ક્રમથી પ્રાપ્ત થયેલું, मेलणदोसाणुभावेणं=મિલનદોષના અનુભાવથી, लोणीभावं=ખારા ભાવને, पावइ=પ્રાપ્ત કરે છે. ||૧૩૦||**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે મધુર એવું પાણી સાગરના પાણીને ક્રમથી પ્રાપ્ત થયેલું મિલનદોષના અનુભાવથી ખારા ભાવને પ્રાપ્ત કરે છે. ||૧૩૦||**

**ટીકા :-**

**'जह णाम'त्ति । 'यथा' इत्युदाहरणोपन्यासः, 'नाम' इति निपातः, 'मधुरसलिलं' नदीपयः तत्**

लवणसमुद्रं 'क्रमेण' परिपाट्या प्राप्तं सत् 'प्राप्नोति' आसादयति 'लवणभावं' क्षारभावं मधुरमपि सत् मीलनदोषानुभावेन ।।१३०।।

**ટીકાર્થ :-**

'यथा' ..... भावेन ।। જે પ્રમાણે 'એ' શબ્દથી ગાથામાં ઉદાહરણનો ઉપન્યાસ છે. નામ એ શબ્દ નિપાત છે. મધુર સલિલ=નદીનું પાણી, તે લવણસમુદ્રને ક્રમથી=પરિપાટીથી, પ્રાપ્ત છતું લવણભાવને= ખારા ભાવને પ્રાપ્ત કરે છે; કેમ ખારા ભાવને પામે છે ? એથી કહે છે. મધુર પણ છતું=નદીનું પાણી મધુર પણ છતું, મિલનદોષના અનુભાવથી ક્ષારભાવને પામે છે. ।।૧૩૦।।

**ગાથા :-**

**एवं खु सीलवंतो, असीलवंतेहिं मेलिओ संतो ।**
**पावइ गुणपरिहाणिं, मेलणदोसाणुभावेणं ।।१३१।।**

**અન્વયાર્થ :-**

एवं खु=એ રીતે જ, सीलवंतो=શીલવાળા સાધુ, असीलवंतेहिं मेलिओ संतो=અશીલવાળા સાથે મળેલા છતા, मेलणदोसाणुभावेणं=મિલનદોષના અનુભાવને કારણે, गुणपरिहाणिं=ગુણપરિહાનિને, पावइ=પ્રાપ્ત કરે છે. ।।૧૩૧।।

**ગાથાર્થ :-**

**એ રીતે જ શીલવાળા સાધુ અશીલવાળા સાથે મળેલા છતા મિલનદોષના અનુભાવને કારણે ગુણપરિહાનિને પ્રાપ્ત કરે છે. ।।૧૩૧।।**

**ટીકા :-**

'एवं खु'त्ति । खुशब्दोऽवधारणे, एवमेव शीलमस्यास्तीति शीलवान् स खलु 'अशीलवद्भिः' पार्श्वस्थादिभिः सार्द्धं मिलितः 'प्राप्नोति' आसादयति गुणाः-मूलोत्तरगुणलक्षणास्तेषां परिहाणिस्ताम्, तथैहिकांश्चापायांस्तत्कृतदोषसमुत्थान् मीलनदोषानुभावेनेति ।।१३१।।

**ટીકાર્થ :-**

खुशब्दोऽवधारणे ..... भावेनेति ।। ગાથામાં 'खु' શબ્દ અવધારણામાં છે. તેથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે. આ રીતે જ=પૂર્વમાં દૃષ્ટાંત બતાવ્યું એ રીતે જ, શીલવાન એવા તે સાધુ અશીલવાળા પાસત્થાદિની સાથે મળેલા મિલનદોષના અનુભાવથી ગુણોની પરિહાનિને પામે છે અને તેના કૃત દોષથી ઊઠેલા આલોકના અપાયોને પ્રાપ્ત કરે છે. શીલવાનનો અર્થ સ્પષ્ટ કરે છે. શીલ છે આને એ શીલવાન સુસાધુ છે. પાસત્થાદિના સંસર્ગથી ગુણહાનિને પ્રાપ્ત કરે છે, એમ કહ્યું ત્યાં ગુણો શું

છે ? તે સ્પષ્ટ કરે છે. સાધુનાં પાંચ મહાવ્રતો, મૂલ ગુણો અને સમિતિ-ગુપ્તિરૂપ ઉત્તરગુણો છે. તેના નાશને પ્રાપ્ત કરે છે. ॥૧૩૧॥

**અવતરણિકા :-**

यतश्चैवमतः —

**અવતરણિકાર્થ :-**

જે કારણથી આમ છે=જે કારણથી સુસાધુ પાસત્થાના સંસર્ગથી ગુણની હાનિને પ્રાપ્ત કરે છે તેમ છે, આથી શું ? તે ગાથામાં કહે છે –

**ગાથા :-**

**खणमवि ण खमं काउं, अणाययणसेवणं सुविहियाणं ।**
**हंदि समुद्दमुवगयं, उदयं लोणत्तणमुवेइ ।।१३२।।**

**અન્વયાર્થ :-**

सुविहियाणं=સુવિહિતોને, खणमवि=ક્ષણ પણ, अणाययणसेवणं=અનાયતનોનું સેવન, काउं=કરવા માટે, ण खमं=યોગ્ય નથી, हंदि समुद्दमुवगयं उदयं लोणत्तणमुवेइ=સમુદ્રને પ્રાપ્ત થયેલું ઉદક લવણપણાને પામે છે. ॥૧૩૨॥

**ગાથાર્થ :-**

સુવિહિતોને ક્ષણ પણ અનાયતનોનું સેવન કરવા માટે યોગ્ય નથી. સમુદ્રને પ્રાપ્ત થયેલું ઉદક લવણપણાને પામે છે. ॥૧૩૨॥

**ટીકા :-**

'खणमवि'त्ति । लोचननिमेषमात्रः कालः क्षणोऽभिधीयते, तं क्षणमप्यास्तां तावन्मुहूर्त्तोऽन्यो वा कालविशेषः 'न क्षमं' अयोग्यं 'कर्त्तुं' निष्पादयितुम्, अनायतनं-पार्श्वस्थाद्यनायतनं तस्य सेवनं-भजनम्, केषाम् ? सुविहितानाम्, किम् ? इत्यत आह—'हन्दि' इत्युपदर्शने 'समुद्रमतिगतं' लवणजलधिं प्राप्तमुदकं मधुरमपि सत् 'लवणत्वमुपैति' क्षारभावं याति । एवं सुविहितोऽपि पार्श्वस्थादिदोषसमुद्रं प्राप्तस्तद्भावमाप्नोति, अतः परलोकार्थिना तत्संसर्गिस्त्याज्येति । ततश्च व्यवस्थितमिदम्—येऽपि पार्श्वस्थादिभिः सार्द्धं संसर्गिं कुर्वन्ति तेऽपि न वन्दनीयाः, सुविहिता एव वन्दनीया इति ।।१३२।।

**ટીકાર્થ :-**

लोचननिमेषमात्रः ..... इति ।। ચક્ષુના નિમેષ માત્ર કાલ ક્ષણ કહેવાય છે. અંતર્મુહૂર્ત અથવા અન્ય

કાલવિશેષ દૂર રહો. તે ક્ષણ પણ સમર્થ નથી=અયોગ્ય કરવા માટે ઉચિત નથી. શું અયોગ્ય કરવા માટે ઉચિત નથી ? એથી કહે છે. અનાયતન=પાસત્થાદિ અનાયતન છે. તેનું સેવન=ભજન-આશ્રયણ, કરવું ઉચિત નથી. કોને ઉચિત નથી ? એથી કહે છે. સુવિહિતાને પાસત્થાદિનું સેવન ઉચિત નથી. કેમ ઉચિત નથી ? એથી કહે છે. ગાથામાં 'हन्दि' એ શબ્દ ઉપપ્રદર્શનમાં છે. સમુદ્રમાં ગયેલું=લવણ જલધિને પ્રાપ્ત એવું મધુર પણ છતું પાણી, લવણપણાને પ્રાપ્ત કરે છે=ક્ષારભાવને પ્રાપ્ત કરે છે. એ રીતે સુવિહિત પણ સાધુ પાસત્થાદિના દોષરૂપ સમુદ્રને પામેલ તદ્‌ભાવને પ્રાપ્ત કરે છે. આથી પરલોકના અર્થી સાધુએ તેનો સંસર્ગ ત્યાગ કરવો જોઈએ અને તેથી=પાસત્થાદિનો સંસર્ગ કરવો જોઈએ નહિ તેથી, આ વ્યવસ્થિત છે. જે કોઈ સાધુઓ પાસત્થાદિની સાથે સંસર્ગને કરે છે, તે પણ વંદનીય નથી. સુવિહિતો જ વંદનીય છે અર્થાત્ સુવિહિતો પાસત્થાદિનો સંસર્ગ વર્જન કરે તો જ વંદનીય છે. ॥૧૩૨॥

**ભાવાર્થ :-**

અનાયતન સેવન એટલે સંયમની વૃદ્ધિના આલંબનને છોડીને કુત્સિત આલંબનોનું સેવન અનાયતનોનું સેવન છે અને તેવા અનાયતનોનું સેવન પાસત્થાદિનો સંસર્ગ છે. તેથી સુસાધુએ એક ક્ષણ પણ તેઓના સંસર્ગમાં રહેવું જોઈએ નહિ. **॥૧૩૨॥**

**અવતરણિકા :-**

अत्र कश्चिदाह –

**અવતરણિકાર્થ :-**

આમાં=સુવિહિતો જ વંદનીય છે પાસત્થા વંદનીય નથી એ કથનમાં, કોઈક કહે છે=કોઈક શંકા કરે છે –

**ગાથા :-**

**नणु वंदणिज्जयाए, सुविहिअभावो ण जुज्जए अंगं ।**
**जं सो छउमत्थाणं, दुन्नेयो लिंगमिय अंगं ।।१३३।।**

**અન્વયાર્થ :-**

नणु=નનુથી પૂર્વપક્ષી કહે છે, वंदणिज्जयाए=વંદનીયતામાં, सुविहिअभावो=સુવિહિતનો ભાવ, अंगं=કારણ, ण जुज्जए=ઘટતું નથી, जं=જે કારણથી, सो=સુવિહિતોનો ભાવ, छउमत्थाणं=છદ્મસ્થોને, दुन्नेयो=દુર્વિજ્ઞેય છે, इय=એથી, लिंगं=લિંગ જ=સાધુનો વેશ જ, अंगं=કારણ છે=વંદનીયતામાં કારણ છે. ॥૧૩૩॥

ગાથાર્થ :-

'નનુ'થી પૂર્વપક્ષી કહે છે. વંદનીયતામાં સુવિહિતનો ભાવ કારણ ઘટતું નથી. જે કારણથી સુવિહિતોનો ભાવ છદ્મસ્થોને દુર્વિજ્ઞેય છે. એથી લિંગ જ=સાધુનો વેશ જ, કારણ છે=વંદનીયતામાં કારણ છે. ।।૧૩૩।।

ટીકા :-

'नणु'त्ति । ननु वन्दनीयताया अङ्गं सुविहितभावो न युज्यते, 'यत्' यस्मात् 'सः' सुविहितभावः 'छद्मस्थानाम्' अनुपहतघातिकर्मणां दुर्ज्ञेयः, अयं सुविहितोऽसुविहितो वेत्यन्तर्गतभावस्य दुरवगमत्वाद् । अयं भावः—वन्दनीयत्वं तावदिष्टसाधनवन्दनकत्वम्, तज्ज्ञानं च पुरोवर्त्तिन्यवश्यमपेक्षितम्, अन्यथा पुरोवर्त्तिनि वन्दनप्रवृत्त्यसिद्धेः । तत्र च प्रमाणगवेषणायां न तावत्सुविहितभावोऽनुमानतयाऽङ्गं गमकमित्यर्थः, अनवगतत्वाद्धेतोश्च निश्चितस्यैव साध्यसिद्धिक्षमत्वात्; नापि प्रत्यभिज्ञानतया, यतो यद्धर्मावच्छेदेन प्रत्यभिज्ञाविधेयमनुभूतं पुरोवर्त्तिनि तद्धर्मज्ञानमेव प्रत्यभिज्ञानरूपं प्रमाणमित्यस्माकमभ्युपगमः, यथा—"पयोऽम्बुभेदी हंसः स्यात्" इतिवाक्यात् पयोऽम्बुभेदित्वावच्छेदेन हंसपदवाच्यत्वानुभवे सति पुरोवर्त्तिनि पयोऽम्बुभेदित्वज्ञानं हंसपदवाच्यत्वप्रत्यभिज्ञायाम्, व्यवस्थितं चैतदाकरे, तदिह सुविहितो वन्दनीय इतिवाक्यात्सुविहितत्वावच्छेदेन वन्दनीयत्वानुभवात्पुरोवर्त्तिनि सुविहितत्वज्ञानं वन्दनीयत्वे प्रमेये प्रत्यभिज्ञारूपतयाऽऽश्रयणीयं स्यात्तदपि दुर्लभमेवेति । इति हेतोः 'लिङ्गं' रजोहरणपतद्ग्रहगोच्छकादिधरणलक्षणमङ्गम्, तस्य सुप्रतीतत्वात् । 'अयं वन्दनीयः, लिङ्गधारित्वात्, अयं लिङ्गधारी अतो वन्दनीयः' इत्यनुमानप्रत्यभिज्ञानयोरबाधितप्रसरत्वात् । एवं प्रवृत्त्यङ्गतयाऽपि लिङ्गमेवादरणीयं न तु सुविहितभावो दुरवगमत्वात् । भवति चेष्टसाधनतावच्छेदकतया प्रवृत्त्यङ्गमपि तदेव, पुरोवर्त्तिनीष्टसाधनतावच्छेदकज्ञानस्य प्रवर्त्तकत्वात् । अत एवेदं रजतमितिज्ञानस्य रजतप्रवृत्तौ हेतुत्वात् अन्यथाख्यातिसिद्धेस्तत्र तत्र प्रदर्शितत्वादिति द्रष्टव्यम् ।।१३३।।

ટીકાર્થ :-

ननु ..... द्रष्टव्यम् ।। 'નનુ'થી શંકા કરે છે. વંદનીયતાનું અંગ સુવિહિતભાવ ઘટતો નથી= ભગવાનના વચનાનુસાર જે વિહિત છે, તેને સેવવાનો ભાવ એ રૂપ સુવિહિતભાવ ઘટતો નથી. જે કારણથી છદ્મસ્થોને=નહિ હણાયેલા ઘાતીકર્મવાળા જીવોને, તે સુવિહિત ભાવ દુર્જ્ઞેય છે=છદ્મસ્થ જીવ બાહ્ય પદાર્થને જોઈ શકે, અંતરંગ મોહનાશને અનુકૂળ પ્રવર્તતો ભાવ જોઈ શકે નહિ તેથી વંદનની ક્રિયાનું અંગ સુવિહિતભાવ ઘટતો નથી; કેમ કે આ સાધુ સુવિહિત છે અથવા અસુવિહિત છે. એ અંતરંગ ભાવનું દુરવગમપણું છે અર્થાત્ છદ્મસ્થ જીવ સાધુવેશમાં રહેલાને જોઈને તેમના અંતરંગ વર્તતો મોહનાશને અનુકૂળ સુવિહિતભાવ કે અસુવિહિતભાવ જાણી શકે નહિ. આ ભાવ

છે=શંકાકારે કહ્યું કે વંદનની ક્રિયાનું અંગ સુવિહિતભાવ ઘટતું નથી એ કથનનો આ ભાવ છે. વંદનીયપણું ઈષ્ટ-સાધનવંદનકત્વ છે=સાધુ વંદનીય છે અને તેમનામાં રહેલું વંદનીયપણું પોતાને ઈષ્ટ એવી નિર્જરા તેનું કારણ એવું વંદનની ક્રિયારૂપપણું છે અને તેવું જ્ઞાન=આમને હું વંદન કરીશ એનાથી મને નિર્જરાની પ્રાપ્તિ થશે માટે હું વંદન કરું એવું જ્ઞાન, પુરોવર્તી સાધુમાં અવશ્ય અપેક્ષિત છે અર્થાત્ હું આમને વંદન કરીશ તો મને નિર્જરાની પ્રાપ્તિ થશે. એવું જ્ઞાન વંદન કરનારને અવશ્ય થવું જોઈએ. અન્યથા=તેવું જ્ઞાન ન થાય તો, પુરોવર્તી એવા સાધુમાં વંદનની પ્રવૃત્તિની અસિદ્ધિ છે અને ત્યાં=વંદનીયપણામાં પ્રમાણની વિચારણા કરાયે છતે સુવિહિતભાવ અનુમાનપણાથી અંગ નથી=ગમક નથી અર્થાત્ આમને હું વંદન કરીશ તો નિર્જરા થશે એવો નિર્ણય કરવા માટે અનુમાનનું અંગ સુવિહિતભાવ નથી; કેમ કે અનવગતપણું છે=જેમ ધૂમ સાક્ષાત્ દેખાતો હોય તો અગ્નિના અનુમાનનું અંગ ધૂમ થઈ શકે. પરંતુ, સુવિહિતભાવ છદ્મસ્થોને સાક્ષાત્ નહિ દેખાતો હોવાથી અનુમાનનું અંગ નથી, એમ અન્વય છે અને નિશ્ચિત્ત જ એવા હેતુનું સાધ્યની સિદ્ધિમાં સમર્થનપણું છે=પર્વતમાં પ્રત્યક્ષથી નિશ્ચિત્ત એવા ધૂમનું જ અગ્નિની સિદ્ધિમાં સમર્થપણું છે અને સુવિહિતભાવ અનિશ્ચિત હોવાથી સાધ્યની સિદ્ધિમાં સમર્થ નથી. વળી, પ્રત્યભિજ્ઞાનપણાથી સુવિહિતભાવ ગમક નથી જે કારણથી પુરોવર્તી વસ્તુમાં જે ધર્માવચ્છેદ વડે પ્રત્યભિજ્ઞાથી વિધેયનો અનુભવ થયેલ છે, તે ધર્મનું જ્ઞાન જ પ્રત્યભિજ્ઞારૂપ પ્રમાણ અમારા વડે સ્વીકૃત છે. જે પ્રમાણે –

પાણી અને દૂધનો ભેદ કરનાર હંસ થાય એ પ્રકારના વાક્યથી દૂધ અને પાણીના ભેદી ધર્મના અવછેદનથી હંસપદ વાચ્યત્વનો અનુભવ થયે છતે પુરોવર્તીમાં=પુરોવર્તી રહેલા હંસમાં હંસપદ વાચ્યત્વરૂપ પ્રત્યભિજ્ઞા કરવામાં દૂધ અને પાણીના ભેદીત્વનું જ્ઞાન કારણ છે અર્થાત્ કોઈને હંસ શું છે તેનું જ્ઞાન ન હોય અને કોઈક ઉપદેશક તેને કહે કે દૂધ-પાણીને છૂટા પાડીને દૂધનું પાન કરે, પાણીનું પાન કરે નહિ તે હંસ કહેવાય એ પ્રકારના ઉપદેશકના વાક્યથી તે શ્રોતાને બોધ થયો કે જે દૂધ અને પાણીનો ભેદ કરે તે હંસપદ વાચ્ય છે અને તે વ્યક્તિ કોઈક સ્થાને આ હંસ છે, એવી પ્રત્યભિજ્ઞા કરવામાં તત્પર થાય ત્યારે દૂધ-પાણીનો ભેદ કરવાનું જ્ઞાન કારણ બને છે તેથી તે પક્ષીને જોઈને આ હંસ છે, એવું પ્રત્યભિજ્ઞા તેને થાય છે અને આ=હંસની પ્રત્યભિજ્ઞામાં કારણ બતાવ્યું એ, આકરમાં=સ્યાદ્વાદરત્નાકરમાં, વ્યવસ્થિત છે=કહેલું છે. તે કારણથી અહીં=પ્રસ્તુતમાં, સુવિહિત વંદનીય છે એ વાક્યથી સુવિહિતત્વના અવચ્છેદનથી વંદનીયકત્વનો અનુભવ થવાને કારણે, પુરોવર્તી સાધુ વેશધારી પુરુષમાં સુવિહિતત્વ જ્ઞાન વંદનીયત્વરૂપ પ્રમેયમાં પ્રત્યભિજ્ઞારૂપપણાથી આશ્રયણીય થાય તે પણ દુર્લભ જ છે=સુવિહિતત્વનું જ્ઞાન દુર્લભ જ છે. એ હેતુથી=સુવિહિતત્વનું જ્ઞાન પ્રત્યક્ષથી થતું નથી અને પ્રત્યભિજ્ઞાથી પણ થતું નથી એ હેતુથી, લિંગ=રજોહરણ, પાત્રા, ગોચ્છક આદિનું ધરણ રૂપ લિંગ, અંગ છે=વંદનીયત્વનું અંગ છે; કેમ કે તેનું=રજોહરણાદિ ધરણનું, સુપ્રતીતપણું છે. કઈ રીતે લિંગ વંદનીયત્વનું અંગ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. આ સાધુ વંદનીય છે, લિંગધારીપણું હોવાથી. લિંગધારીપણાને કારણે કઈ રીતે વંદનીય છે ? તે યુક્તિથી સ્પષ્ટ કરે છે. આ લિંગધારી છે,

આથી વંદનીય છે. એ પ્રકારના અનુમાનનું અને પ્રત્યભિજ્ઞાનું અબાધિત પ્રસરપણું છે અર્થાત્ આ પર્વત ધૂમવાળો છે આથી અગ્નિવાળો છે એ પ્રકારે અનુમાન થઈ શકે છે, તેમ આ સાધુ રજોહરણાદિ લિંગધારી છે, આથી વંદનીય છે, એ પ્રકારે અનુમાન થઈ શકે છે. વળી, કોઈને હંસનું જ્ઞાન ન હોય અને કહેવામાં આવે કે દૂધ-પાણીનો જે ભેદ કરે તે હંસ છે તે જ્ઞાનથી તે પુરુષ કોઈ પક્ષીને દૂધ-પાણીનો ભેદ કરતાં જુએ ત્યારે પ્રત્યભિજ્ઞા કરે છે કે આ હંસ છે, તેમ કોઈને વંદનીય સાધુ કહેવા હોય અને તેનું જ્ઞાન ન હોય અને કોઈ તેને બોધ કરાવે કે રજોહરણાદિ લિંગો ધારણ કરનાર પુરુષ વંદનીય છે તેથી તે પુરુષને રજોહરણાદિ ધારણ કરનાર સાધુને જોઈને વંદનીયતાનું પ્રત્યભિજ્ઞાન થાય છે. તેથી લિંગને આશ્રયીને અનુમાન અને પ્રત્યભિજ્ઞા થઈ શકે છે અને સુવિહિતત્વને આશ્રયીને પ્રત્યભિજ્ઞા અને અનુમાન થઈ શકતાં નથી માટે લિંગના બળથી જ વંદનીયત્વ સ્વીકારવું જોઈએ. આ રીતે પ્રવૃત્તિના અંગપણાથી પણ=વંદનીય પ્રવૃત્તિના અંગપણાથી પણ, લિંગ જ આદરણીય છે, પરંતુ સુવિહિતભાવ આદરણીય નથી; દુરવગમપણું છે=છદ્મસ્થથી સુવિહિતભાવનો નિર્ણય થઈ શકતો નથી અને ઇષ્ટ સાધનતા અવચ્છેદકપણાથી=ઇષ્ટ એવી નિર્જરા તેની કારણતા વંદનીય વ્યક્તિમાં છે તેના અવચ્છેદકપણાથી, વંદનીય પ્રવૃત્તિનું અંગ પણ તે જ છે=લિંગ જ છે; કેમ કે પૂર્વવર્તી લિંગધારી સાધુમાં ઇષ્ટ સાધનતા અવચ્છેદક જ્ઞાનનું=વંદન કરનારને ઇષ્ટ એવી નિર્જરાની કારણતાના અવચ્છેદક જ્ઞાનનું પ્રવર્તકપણું છે=વંદન અર્થે પ્રવર્તકપણું છે. આથી જ=સાધુના વેશમાં રહેલા સાધુનું લિંગ વંદનમાં પ્રવર્તક છે આથી જ, આ રજત છે એ જ્ઞાનનું રજતની પ્રવૃત્તિમાં હેતુપણું હોવાથી અન્યથા ખ્યાતિની સિદ્ધિનું તે તે ગ્રંથોમાં પ્રદર્શિતપણું છે. એ પ્રમાણે જાણવું અર્થાત્ જેમ પુરોવર્તી લિંગધારી સાધુ હોય તે સુવિહિત પણ હોય કે અસુવિહિત પણ હોય છતાં લિંગના બળથી મારા ઇષ્ટ એવી નિર્જરાનું સાધન તેમને વંદનક્રિયા છે, તેવું જ્ઞાન તેમને વંદન કરવામાં પ્રવર્તાવે છે. આથી જ દૂરવર્તી રજત હોય અથવા તો છીપ હોય તોપણ આ રજત છે એવું જ્ઞાન થાય તો રજતનો અર્થી દૂરવર્તી રજતમાં કે દૂરવર્તી રહેલી છીપમાં રજત માનીને પ્રવૃત્તિ કરે છે તેનાથી અન્યથા સિદ્ધિની પ્રાપ્તિ છે, તેમ તે તે ગ્રંથોમાં કહેલ છે. તેમ પ્રસ્તુતમાં લિંગધારી સાધુ ગુણનિધિ પણ હોય, ક્વચિત્ નિર્ગુણ પણ હોય તોપણ લિંગના બળથી નિર્જરાનું કારણ છે, તેવું જ્ઞાન થવાથી નિર્જરાનો અર્થી તેમાં પ્રવૃત્તિ કરે છે. ત્યારે ક્વચિત્ તે લિંગધારીમાં સુસાધુના ગુણની અન્યથા ખ્યાતિની પણ પ્રાપ્તિ થઈ શકે છે તોપણ રજતના જ્ઞાનની જેમ તે પ્રવૃત્તિનું અંગ છે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. ॥૧૩૩॥

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહેલું કે પાસત્થાદિ સાધુઓ સાથે સંસર્ગ કરનારા સુસાધુ પણ વંદનીય નથી, સુવિહિત જ વંદનીય છે. તેથી ફલિત થયું કે બાહ્ય પ્રમાદી આચરણાવાળા સાધુવેશમાં રહેલા પાસત્થાદિ કે સારી આચરણા કરનારા પાસત્થા સાથે રહેલા સાધુ પણ વંદનીય નથી. પરંતુ જિનવચનાનુસાર પ્રવૃત્તિ કરનારા ગુણનિધિ સાધુ જ વંદનીય છે; કેમ કે તેઓના મોહનાશને અનુકૂળ ઉદ્યમરૂપ ગુણને જોઈને તેમને વંદન

કરવાથી મોહનાશના ઉદ્યમ પ્રત્યે રાગ પ્રવર્તક થાય છે. જેનાથી નિર્જરા થાય છે. ત્યાં સ્થૂલ દૃષ્ટિથી જોનાર કોઈક કહે છે. ગુણનિધિ સાધુમાં વર્તતો સુવિહિતભાવ વંદનનું અંગ કહી શકાય નહિ; કેમ કે છદ્મસ્થ જીવો મોહનાશને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરાતો હોય તેવો સુવિહિતભાવ જોઈ શકતા નથી. આ કથનને જ સ્પષ્ટ કરતાં કહે છે. સાધુમાં રહેલો વંદનીયભાવ વંદન કરનારને આમની વંદનની પ્રવૃત્તિ ઇષ્ટ એવી નિર્જરાનું સાધન છે અને તેવું જ્ઞાન પુરોવર્તી સાધુમાં દેખાય તો જ વિવેકી પુરુષ તેમને વંદન કરીને નિર્જરાની પ્રાપ્તિ કરી શકે અને તેવું દેખાય નહિ તો પુરોવર્તી સાધુને વંદનની પ્રવૃત્તિ થાય નહિ. આથી જ સાધુને વંદન કરવાથી પુણ્ય થાય છે કે નિર્જરા થાય તેવું જ્ઞાન જેઓને છે, તેઓ જ સાધુને વંદન કરે છે અને જેઓને તેવું જ્ઞાન નથી, તેઓ સાધુ વેશધારીને જોઈને પણ વંદનની પ્રવૃત્તિ કરતા નથી અને કોને વંદન કરવાથી પુણ્યબંધ અને નિર્જરા થાય છે, એની વિચારણા કરવી હોય તો સુવિહિતભાવ દ્વારા અનુમાન થઈ શકતું નથી કે આ વંદનીય છે; કેમ કે મોહનાશને અનુકૂળ અંતરંગ સુવિહિતભાવ છદ્મસ્થ જોઈ શકે નહિ. તેથી સુવિહિતભાવના બળથી વંદનની પ્રવૃત્તિ કોઈ સાધુમાં થઈ શકે નહિ. વળી, ક્યારેક સુવિહિતભાવ સાક્ષાત્ દેખાતો ન હોય તોપણ પ્રત્યભિજ્ઞાથી જણાઈ શકતો હોય તો અનુમાન કરી શકાય પરંતુ પ્રત્યભિજ્ઞાથી પણ સુવિહિતભાવનું અનુમાન થઈ શકતું નથી.

તે આ રીતે – કોઈએ હંસને જોયો ન હોય, પરંતુ કોઈકના ઉપદેશથી તેને બોધ થયો હોય કે દૂધ અને પાણીને પૃથક્ કરીને જે દૂધ પીવે તે હંસ કહેવાય. તે વચન સાંભળીને કોઈ પક્ષીને દૂધ-પાણીને પૃથક્ કરીને દૂધ પીતો જુએ ત્યારે તેને જ્ઞાન થાય છે કે આ હંસ છે, તે જ્ઞાન પ્રત્યભિજ્ઞા કહેવાય છે. જેમ દેવદત્તને કોઈએ વર્ષો પહેલાં જોયેલો હોય અને ફરી તે આવે ત્યારે આ તે જ દેવદત્ત છે, જેને મેં પહેલાં જોયેલો એવું જ્ઞાન થાય છે, તે પ્રત્યભિજ્ઞા છે. તે રીતે આ હંસ છે, જેના વિષયક પૂર્વે મેં સાંભળેલું કે દૂધ-પાણીને પૃથક્ કરે તે હંસ કહેવાય. તે જ આ હંસ છે, એ પ્રકારનું પ્રત્યભિજ્ઞાન થાય છે. તેમ સાધુવેશમાં રહેલા પાસત્થાદિ કે મોહનાશને અનુકૂળ ઉદ્યમ કરનારા સુસાધુમાંથી કોઈને જોઈને આ સુવિહિત છે અને આ સુવિહિત નથી, તેવી પ્રત્યભિજ્ઞા થઈ શકતી નથી. આ પ્રકારે પ્રત્યભિજ્ઞાથી કે અનુમાનથી સુવિહિતનું જ્ઞાન દુષ્કર છે, તેમ સ્થાપન કરીને સાધુવેશમાં રહેલા સાધુનું રજોહરણાદિ ધારણ રૂપ જે લિંગ છે, તે સુપ્રતીત છે અને તેના બળથી જ આ વંદનીય છે, એમ અનુમાન થઈ શકે છે અને કોઈકને પ્રત્યભિજ્ઞાથી પણ વંદનીયનો નિર્ણય થઈ શકે છે. જેમ કોઈએ કહેલું હોય કે આવા રજોહરણાદિને જે સાધુ ધારણ કરે છે, તે વંદનીય છે. તે સાંભળીને તેવા વેશવાળા સાધુને જોઈને તેને પ્રત્યભિજ્ઞા થાય છે કે આ તે જ સાધુ છે કે જેને વંદન કરાય એમ મેં પૂર્વે સાંભળેલું. આ રીતે સ્થૂલ વ્યવહારથી બાળ જીવોમાં પ્રસિદ્ધ એવા લિંગને જ વંદનનું અંગ પૂર્વપક્ષી સ્થાપન કરે છે અને તેમાં યુક્તિ આપે છે કે પુરોવર્તીમાં ઇષ્ટ સાધનતાનું જ્ઞાન પ્રવર્તક છે. જેમ પુરોવર્તી છીપ હોય કે ચાંદી હોય તોપણ આ ચાંદી છે, એવું જ્ઞાન થાય તો ચાંદીના અર્થીને પ્રવૃત્તિ થાય છે. તેમ પુરોવર્તી સાધુવેશધારી સુવિહિત હોય કે અસુવિહિત હોય તોપણ તેને વંદન કરવાથી મારું ઇષ્ટ થશે, તેવું જ્ઞાન વંદન માટે પ્રવર્તક થશે અને તે સાધુના લિંગથી જ થઈ શકે છે માટે યુક્તિને કહેનારાં શાસ્ત્રોમાં અન્યથા ખ્યાતિની સિદ્ધિ અર્થે કહેલ છે કે રજત રજતની પ્રવૃત્તિમાં હેતુ નથી, પરંતુ રજતનું જ્ઞાન રજતની પ્રવૃત્તિમાં હેતુ છે. તેનાથી જ અન્યથા ખ્યાતિની સિદ્ધિ છે. બૌદ્ધ દર્શનવાદી અસત્

ખ્યાતિ માને છે. તેના મતે પદાર્થ ક્ષણિક હોવાથી બીજી ક્ષણે અસત્ થાય છે માટે અસત્ રૂપે પ્રખ્યાત છે. જ્યારે જૈનદર્શન અન્યથા ખ્યાતિને માને છે અર્થાત્ પદાર્થ સર્વત્ર અસત્ થતો નથી. પરંતુ અન્યથા થાય છે. આથી જ પ્રતિક્ષણ દરેક પદાર્થો અન્ય અન્યરૂપે પરિણામ પામે છે, તે અન્યથા ખ્યાતિ છે અને તેની સિદ્ધિ માટે યુક્તિ આપતા તે તે ગ્રંથોમાં કહેવાયું છે કે રજત રજતની પ્રવૃત્તિનો હેતુ નથી, પરંતુ રજતનું જ્ઞાન રજતમાં પ્રવર્તક છે. તેનાથી જ અન્યથા ખ્યાતિની સિદ્ધિ થાય છે. તે રીતે પુણ્યબંધ કે નિર્જરાના કારણરૂપે ઇષ્ટ સાધનતાનું જ્ઞાન લિંગથી થઈ શકે છે. સુવિહિતના જ્ઞાનથી થઈ શકતું નથી માટે સાધુવેશમાં જે કોઈ હોય તે સર્વને વંદનીય સ્વીકારવા જોઈએ. **॥૧૩૩॥**

**અવતરણિકા :-**

**उक्तार्थे संमतिमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉક્ત અર્થમાં સંમતિને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે આ સાધુ સુવિહિત છે માટે વંદનીય છે. તે અનુમાન શક્ય નથી માટે સાધુના લિંગમાં જે કોઈ હોય તે વંદનીય છે. તેમ પૂર્વગાથામાં કહેલા અર્થમાં સંમતિને કહે છે –

**ગાથા :-**

**सुविहिअ दुव्विहियं वा, णाहं जाणामि हं खु छउमत्थो ।**
**लिंगं तु पुअयामी, तिगरणसुद्धेण भावेणं ।।१३४।।**

**અન્વયાર્થ :-**

**सुविहिअ=સુવિહિત, वा=અથવા, दुव्विहियं=દુર્વિહિતને, छउमत्थो=છદ્મસ્થ, हं खु=એવો, णाहं जाणामि=હું જાણતો નથી, लिंगं=લિંગને, तिगरणसुद्धेण भावेणं=ત્રિકરણશુદ્ધ એવા, ભાવથી વળી, तु पुअयामी=હું પૂજું છું, વંદન કરું છું.॥૧૩૪॥**

**ગાથાર્થ :-**

**સુવિહિત અથવા દુર્વિહિતને છદ્મસ્થ એવો હું જાણતો નથી. ત્રિકરણશુદ્ધ એવા ભાવથી વળી લિંગને હું પૂજું છું=લિંગને વંદન કરું છું. ॥૧૩૪॥**

**ટીકા :-**

**'सुविहिय'त्ति । शोभनं विहितम्-अनुष्ठानं यस्यासौ सुविहितस्तम्, अनुस्वारलोपोऽत्र द्रष्टव्यः, दुर्विहितस्तु पार्श्वस्थादिस्तं दुर्विहितं वा 'नाहं जानामि' नाहं वेद्मि, यतोऽन्तःकरणशुद्ध्यशुद्धिकृतत्वं**

सुविहितदुर्विहितत्वम्, परभावस्तु तत्त्वतः सर्वज्ञज्ञानविषयः, 'अहं खु छउमत्थो'त्ति अहं पुनश्छद्मस्थः, अतः 'लिङ्गमेव' रजोहरणगोच्छपतद्ग्रहधरणलक्षणं 'पूजयामि' वन्दे इत्यर्थः 'त्रिकरणशुद्धेन भावेन' वाक्कायशुद्धेन मनसेत्यर्थः ।।१३४।।

**ટીકાર્થ :-**

**शोभनं ..... मनसेत्यर्थः ।। શોભન વિહિત છે=કરાયેલું અનુષ્ઠાન છે જેને એ સુવિહિત. તેને હું જાણતો નથી, એમ અન્વય છે. અહીં=ગાથામાં કહેલા 'सुविहिअ'માં અનુસ્વારનો લોપ જાણવો અથવા દુર્વિહિત પાસત્થાદિ છે તેને=દુર્વિહિતને, હું જાણતો નથી. જે કારણથી, અંતઃકરણની શુદ્ધિથી અશુદ્ધિથી કૃતપણું સુવિહિત-દુર્વિહિતપણું છે=અંતઃકરણની શુદ્ધિથી કૃતપણું સુવિહિતપણું છે અને અંતઃકરણની અશુદ્ધિથી કૃતપણું દુર્વિહિતપણું છે. વળી, બીજાનો ભાવ=સાધુવેશમાં રહેલા જીવનો ભાવ, તત્ત્વથી સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે. હું વળી છદ્મસ્થ છું. આથી રજોહરણ, ગોચ્છ, પાત્રાના ગ્રહણ અને ધરણરૂપ લિંગને જ હું ત્રિકરણશુદ્ધ એવા ભાવથી=વાણી અને કાયથી શુદ્ધ એવા મનથી, વંદન કરું છું. ।।૧૩૪।।**

**ભાવાર્થ :-**

જેઓ આદ્ય ભૂમિકામાં છે, તેઓ ત્યાગને જોઈને વંદન કરે તે ઉચિત છે. આથી જ આદ્ય ભૂમિકામાં ત્યાગ પ્રત્યેની પૂજ્ય બુદ્ધિથી નિર્જરા થાય છે. તે નિર્જરા અવિવેકવાળી અવસ્થામાં પણ ત્યાગ પ્રત્યેની પૂજ્ય બુદ્ધિથી થાય છે. પરંતુ સમ્યગ્દષ્ટિ જીવ દેવ, ગુરુ અને સુસાધુના પરમાર્થને જોનારા હોય છે. તેથી, સર્વ દેવોને નમસ્કાર કરતા નથી. પરંતુ રાગ, દ્વેષ અને મોહનો જેમણે નાશ કર્યો છે, તેમને જ દેવ તરીકે માને છે અને મુગ્ધ જીવો આપણા આ ભગવાન છે, તેમ માનીને વીતરાગની પૂજા કરે છે તોપણ વીતરાગના પારમાર્થિક સ્વરૂપ વિષયક કોઈ જિજ્ઞાસા કે બોધ થયો નથી તેવા મુગ્ધ જીવો પોતપોતાના દેવને જેમ પૂજે છે, તેમ મુગ્ધ જીવો સાધુના વેશને જોઈને તેઓને નમસ્કાર કરે છે. પરંતુ જેઓને સુસાધુના પારમાર્થિક સ્વરૂપનો બોધ થયો છે, તેઓ તો પાસત્થાદિ અને સુસાધુનો ભેદ કરીને સુવિહિત સાધુને જ વંદન કરે છે, પાસત્થાદિને નહિ. તેનો બોધ કરાવવાર્થે ગાથા-૧૩૩ અને ૧૩૪માં પૂર્વપક્ષીના વચન દ્વારા સ્થાપન કર્યું કે લિંગથી જ વંદનીયનો નિર્ણય થઈ શકે છે. સુવિહિતપણાથી વંદનીયનો નિર્ણય થઈ શકતો નથી માટે અમે મન-વચન-કાયાની શુદ્ધિથી લિંગધારી સાધુને વંદન કરીએ છીએ. **।।૧૩૪।।**

**અવતરણિકા :-**

एतन्निराकर्तुमाह –

**અવતરણિકાર્થ :-**

**આનું નિરાકરણ કરવા માટે કહે છે=ગાથા-૧૩૩ અને ૧૩૪માં કોઈકે સ્થાપન કર્યું કે લિંગથી જ વંદનત્વનો નિર્ણય કરી શકાય છે. તેનું નિરાકરણ કરવા કહે છે –**

ગાથા :-

एयमजुत्तं जम्हा, वभिआरेणं ण लिंगमवि अंगं ।
जं भणियमिणं लिंगाभिणिवेसणिरासमहिगिच्च ।।१३५।।

અન્વયાર્થ :-

जम्हा वभिआरेणं=જે કારણથી વ્યભિચાર હોવાને કારણે, ण लिंगमवि अंगं=લિંગ પણ વંદનીયતાનું અંગ નથી. एयमजुत्तं=તે કારણથી આ અયુક્ત છે=પૂર્વપક્ષીએ જે ગાથા-૧૩૩, ૧૩૪માં કહ્યું તે અયુક્ત છે, लिंगाभिणिवेसणिरासमहिगिच्च=લિંગના અભિનિવેશના નિરાસને આશ્રયીને જે, जं भणियमिणं= જે કારણથી આ કહેવાયું છે=આગળની ગાથામાં કહેલું એ કહેવાયું છે. ।।૧૩૫।।

ગાથાર્થ :-

**જે કારણથી વ્યભિચાર હોવાને કારણે લિંગ પણ વંદનીયતાનું અંગ નથી. તે કારણથી આ અયુક્ત છે=પૂર્વપક્ષીએ જે ગાથા-૧૩૩, ૧૩૪માં કહ્યું તે અયુક્ત છે. લિંગના અભિનિવેશના નિરાસને આશ્રયીને જે કારણથી આ કહેવાયું છે=આગળની ગાથામાં કહેલું એ કહેવાયું છે. ।।૧૩૫।।**

ટીકા :-

'एयमजुत्तं'ति । एतदयुक्तं यल्लिङ्गमेव वन्दनीयतायां प्रवृत्तौ वाङ्गमिति, यस्माल्लिङ्गमपि व्यभिचारेण नाङ्गमिति; न हि 'अयं वन्दनीयः, लिङ्गवत्त्वात्' इत्यनुमानं संभवति, निह्नवेषु व्यभिचारात्, तत्र लिङ्गसत्त्वेऽपि वन्दनीयत्वस्याभावात्, अत एव लिङ्गवत्त्वावच्छेदेन वन्दनीयत्वज्ञानं न संभवतीति 'अयं लिङ्गवानतो वन्दनीयः' इति प्रत्यभिज्ञानमप्यसम्भवि, अत एव च लिङ्गवत्त्वं नेष्टसाधनतावच्छेदकमपीति 'अयं लिङ्गवान्' इति ज्ञानमपि नेष्टसाधनतावच्छेदकप्रकारकं सत् प्रवृत्तिनिर्वाहकमिति । अत्रार्थे संमतिमाह—यद् भणितमिदं लिङ्गस्य योऽभिनिवेशः-लिङ्गमेव वन्दनीयताङ्गमित्याकारो योऽसद्ग्रहस्तन्निरासं 'अधिकृत्य' अभिप्रेत्य ।।१३५।।

ટીકાર્થ :-

एतदयुक्तं ..... अभिप्रेत्य ।। વંદનીયતામાં અથવા વંદનની પ્રવૃત્તિમાં લિંગ જ અંગ છે, એ પ્રમાણે જે કહેવાયું તે અયુક્ત છે. જે કારણથી લિંગ પણ વ્યભિચાર હોવાને કારણે અંગ નથી અર્થાત્ જેમ પૂર્વપક્ષીએ સુવિહિતનું જ્ઞાન છદ્મસ્થને અપ્રત્યક્ષ છે માટે અંગ નથી તેમ કહ્યું. તેમ લિંગ પણ વ્યભિચાર હોવાને કારણે સાધુમાં રહેલી વંદનીયતામાં કે સાધુને કરાતી વંદનની પ્રવૃત્તિમાં કારણ નથી. કેમ કારણ નથી, તે સ્પષ્ટ કરતાં કહે છે. हि=જે કારણથી, 'આ વંદનીય છે લિંગવાનપણું

હોવાથી' એ પ્રકારનું અનુમાન સંભવતું નથી; કેમ કે નિહ્નવોમાં વ્યભિચાર છે=ભગવાનના વચનનો અપલાપ કરનારા સાધુઓ વંદનીય નથી. તેથી તેવા સાધુઓમાં લિંગ હોવા છતાં વંદનીયપણું નથી માટે લિંગવત્ત્વ હેતુ વંદનીયત્વ સ્વીકારવામાં વ્યભિચારી છે; આથી જ=લિંગ વ્યભિચારી છે આથી જ, લિંગવાનપણાના અવચ્છેદનપણાથી વંદનીયત્વજ્ઞાનનો સંભવ નથી અર્થાત્ જે જે લિંગવાળા છે, તે તે વંદનીય છે, એ પ્રકારના જ્ઞાનનો અસંભવ છે. એથી આ લિંગવાન છે આથી વંદનીય છે એ પ્રકારે પ્રત્યભિજ્ઞાન પણ અસંભવ છે. જેમ જે સફેદ હોય તે હંસ હોય એવી વ્યાપ્તિ નથી, તેથી સફેદના બળથી હંસનું પ્રત્યભિજ્ઞાન થતું નથી; કેમ કે બગલો પણ સફેદ હોય છે. તેમ જે લિંગવાળા હોય તે વંદનીય છે એ વચનથી લિંગવાળા સાધુને જોઈને આ વંદનીય છે, એવું પ્રત્યભિજ્ઞાન થતું નથી; કેમ કે નિહ્નવોમાં પણ લિંગ છે. આથી જ=અનુમાનથી અને પ્રત્યભિજ્ઞાથી લિંગવાળામાં વંદનીયત્વનો બોધ થતો નથી અને આથી જ, લિંગવત્ત્વ ઈષ્ટસાધનતા અવચ્છેદક પણ નથી=વંદન કરનારને હું આમને વંદન કરીને પુણ્યબંધ કરું કે નિર્જરા કરું એ રૂપ ઈષ્ટની પ્રાપ્તિનું નિયામક પણ લિંગવત્વ નથી એથી આ લિંગવાન છે, એ પ્રકારનું જ્ઞાન પણ ઈષ્ટસાધનતા અવચ્છેદક પ્રકારક છતું પ્રવૃત્તિનો નિર્વાહક નથી અર્થાત્ આ સાધુવેશમાં છે, એ પ્રકારનું જ્ઞાન નિર્જરાને અનુકૂળ એવી ઈષ્ટસાધનતા આ પુરુષમાં છે, તેનો અવચ્છેદક એવો ધર્મ આ પુરુષમાં છે, એ પ્રકારનું છતું વંદનીય પ્રવૃત્તિનો નિર્વાહક થતું નથી; કેમ કે લિંગ નિહ્નવોમાં પણ છે અને તેમને વંદન કરવાથી પુણ્યબંધ કે નિર્જરા થતી નથી. માટે તેમની વંદનની ક્રિયા નિર્જરાનું કારણ છે એમ કહી શકાય નહિ. ઊલટું ભગવાનની આજ્ઞાનો પરિણામ નિહ્નવોને વંદનની પ્રવૃત્તિમાં હોવાથી કર્મબંધનું જ કારણ છે. આ અર્થમાં=લિંગથી વંદનીયકત્વનું અનુમાન થતું નથી, લિંગ દ્વારા વંદનીયકત્વનું પ્રત્યભિજ્ઞાન થતું નથી અને લિંગ હોય એટલા માત્રથી વંદનની પ્રવૃત્તિનો નિર્વાહ થતો નથી એ અર્થમાં, સંમતિને કહે છે. લિંગ જ વંદનીયતાનું અંગ છે, એ પ્રકારનો જે અભિનિવેશ=જે અસદ્ગ્રહ, તેના નિરાસને આશ્રયીને જે કારણથી આ કહેવાયું છે=શાસ્ત્રોમાં આગળની ગાથામાં કહે છે, એ કહેવાયું છે. ।।૧૩૫।।

ગાથા :-

जइ ते लिंग पमाणं, वंदाही णिण्हए तुमं सव्वे ।
एए अवंदमाणस्स लिंगमवि अप्पमाणं ते ।।१३६।।

અન્વયાર્થ :-

जइ ते लिंग पमाणं=જો તને લિંગ પ્રમાણ છે=વંદનની પ્રવૃત્તિમાં પ્રમાણ છે તો, सव्वे णिण्हए=સર્વ નિહ્નવોને, तुमं=તું, वंदाही=વંદન કર, एए अवंदमाणस्स ते=આમને=સર્વ નિહ્નવોને, નહિ વંદન કરતા એવા તને, लिंगमवि अप्पमाणं=લિંગ પણ પ્રમાણ નથી. ।।૧૩૬।।

**ગાથાર્થ :-**

**જો તને લિંગ પ્રમાણ છે=વંદનની પ્રવૃત્તિમાં પ્રમાણ છે તો સર્વ નિહ્નવોને તું વંદન કર. આમને=સર્વ નિહ્નવોને, નહિ વંદન કરતા એવા તને લિંગ પણ પ્રમાણ નથી. ।।૧૩૬।।**

**ટીકા :-**

**'जइ ते'त्ति । 'यदि' इत्ययमभ्युपगमप्रदर्शनार्थः 'ते' तव 'लिङ्गं' द्रव्यलिङ्गम्, अनुस्वारोऽत्र लुप्तो द्रष्टव्यः, प्रमाणं वन्दनकरणे इत्थं तर्हि वन्दस्व 'निह्नवान्' जमालिप्रभृतीन् त्वं 'सर्वान्' निरवशेषान्, द्रव्यलिङ्गयुक्तत्वात्तेषामिति । अथैतान् मिथ्यादृष्टित्वान्न वन्दसे त्वम्, ननु एतान् द्रव्यलिङ्गयुक्तानपि 'अवन्दमानस्य' अप्रणमतो लिङ्गमप्यप्रमाणं तव वन्दनप्रवृत्ताविति ।।१३६।।**

**ટીકાર્થ :-**

**'यदि' ..... प्रवृत्ताविति ।। 'यदि' એ પ્રકારનો ગાથામાં રહેલો શબ્દ આ અભ્યુગમના પ્રદર્શનઅર્થવાળો છે=પૂર્વપક્ષીએ જે કહ્યું એનો સ્વીકાર કરીને તેને દોષ આપવાર્થે છે. જો તને લિંગ=દ્રવ્યલિંગ, વંદનકરણમાં પ્રમાણ છે તો જમાલિ વગેરે સર્વ નિહ્નવોને તું વંદન કર; કેમ કે તેઓનું દ્રવ્યલિંગયુક્તપણું છે. અહીં=ગાથામાં રહેલા લિંગ શબ્દમાં, અનુસ્વાર લુપ્ત જાણવો. હવે, મિથ્યાદષ્ટિ એવા આમને તું વંદન કરતો નથી. ખરેખર આ દ્રવ્યલિંગયુક્તને પણ નહિ વંદન કરતા=નહિ પ્રણામ કરતા એવા તને, લિંગ પણ વંદનની પ્રવૃત્તિમાં અપ્રમાણ છે. ।।૧૩૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ ગાથા-૧૩૩, ૧૩૪માં કહ્યું કે સુવિહિત સાધુઓ વંદનીય છે. એ કથનમાં છદ્મસ્થોને સુવિહિતભાવ અપ્રત્યક્ષ છે. તેથી તેના બળથી વંદનની પ્રવૃત્તિ કરી શકાય નહિ માટે સાધુના રજોહરણાદિથી યુક્ત લિંગ જોઈને આ વંદનીય છે, તેવું જ્ઞાન કરી શકાય અને લિંગ દ્વારા વંદનીયત્વનો નિર્ણય થઈ શકે છે, કોઈકને પ્રત્યભિજ્ઞાન દ્વારા વંદનીયત્વનો નિર્ણય થઈ શકે છે અને વંદનીયત્વનો નિર્ણય થયા પછી આમને કરાયેલું વંદન વંદન કરનારને ઇષ્ટ એવા પુણ્યબંધ અને નિર્જરાનું કારણ છે, તેવું જ્ઞાન લિંગના બળથી થઈ શકે છે. તેથી સાધુનું લિંગ જ વંદનની પ્રવૃત્તિમાં અંગ છે. આ રીતે લિંગ સાથે વંદનીયતા, વંદનથી નિર્જરાની પ્રાપ્તિ આદિની વ્યાપ્તિ પૂર્વપક્ષીએ સ્થાપન કરી એ યુક્ત નથી; કેમ કે નિહ્નવો રજોહરણાદિ સાધુવેશને ધારણ કરનારા છે છતાં વંદનીય નથી.

વળી, આ નિહ્નવ છે, તેવું જ્ઞાન હોવા છતાં તેને વંદન કરવાથી ઇષ્ટ એવું પુણ્યબંધ કે નિર્જરા પણ પ્રાપ્ત થતી નથી. તેથી પુણ્યબંધ કે નિર્જરાની પ્રવૃત્તિનું નિર્વાહક લિંગનું જ્ઞાન નથી. આથી જ પૂર્વપક્ષીને એવો અસદ્ગ્રહ છે કે સાધુ વેશધારી બધા વંદનીય છે. તેના નિરાસ અર્થે જ શાસ્ત્રમાં કહેલું છે. શું કહેલું છે, તે શાસ્ત્રવચન જ ગાથા-૧૩૬થી બતાવે છે.

જો વંદનમાં લિંગ પ્રમાણ હોય તો સર્વ નિહ્નવો વંદનીય પ્રાપ્ત થાય અને પૂર્વપક્ષી પણ માને છે કે

ભગવાનના વચનનો અપલાપ કરનાર નિહ્નવો વંદનીય નથી. તેથી તેને વંદન કરવાનું પૂર્વપક્ષી પણ સ્વીકારતો નથી. તેથી જ ગ્રંથકારશ્રી કહે છે. જો નિહ્નવને તું વંદન સ્વીકાર કરતો નથી તો લિંગ તને અપ્રમાણ છે માટે લિંગના બળથી વંદનની પ્રવૃત્તિ થઈ શકે નહિ. **॥૧૩૫-૧૩૬॥**

**અવતરણિકા :-**

अत्राह –

**અવતરણિકાર્થ :-**

**આમાં=ગાથા-૧૩૫, ૧૩૬માં ગ્રંથકારશ્રીએ નિહ્નવના દૃષ્ટાંતથી લિંગને અવંદનીય સ્થાપ્યું એમાં, કહે છે=શંકા કરે છે –**

**ગાથા :-**

**नणु एसा पडिबंदी, ण य एयं पगयसाहगं किंची ।**
**ण य बज्झकरणओ च्चिय, सुविहिअभावस्स विन्नाणं ।।१३७।।**

**અન્વયાર્થ :-**

नणु एसा पडिबंदी=**નનુથી પૂર્વપક્ષી કહે છે. આ પ્રતિબંધી છે=ગાથા-૧૩૫, ૧૩૬માં ગ્રંથકારશ્રીએ કહ્યું એ પ્રતિબંધી ઉત્તર છે,** ण य एयं पगयसाहगं किंची=**અને આ=પ્રતિબંધી ઉત્તર કંઈ પ્રકૃતનો સાધક નથી,** ण य बज्झकरणओ च्चिय=**અને બાહ્યકરણથી જ,** सुविहिअभावस्स विन्नाणं=**સુવિહિતભાવનું વિજ્ઞાન થશે એમ ન કહેવું, ।।૧૩૭।।**

**ગાથાર્થ :-**

**'નનુ'થી પૂર્વપક્ષી કહે છે. આ પ્રતિબંધી છે=ગાથા-૧૩૫, ૧૩૬માં ગ્રંથકારશ્રીએ કહ્યું એ પ્રતિબંધી ઉત્તર છે અને આ=પ્રતિબંધી ઉત્તર કંઈ પ્રકૃતનો સાધક નથી અને બાહ્યકરણથી જ સુવિહિતભાવનું વિજ્ઞાન થશે એમ ન કહેવું. તેમાં હેતુ આગળની ગાથામાં આપશે. ।।૧૩૭।।**

**ટીકા :-**

**'नणु'त्ति । नन्वेषा प्रतिबन्दी यथा सुविहितत्वमगमकं तथा लिङ्गमप्यगमकमिति परपक्षबाधकवाङ्मात्रमेतत्, न तु किञ्चित्प्रकृतसाधकम्, सुविहितत्वस्य स्वयं साधकतयोपन्यस्तस्य दुरवगमत्वानिराकरणात् । न च 'बाह्यकरणत एव' आलयविहारादिसमाचारसौष्ठवलक्षणात् सुविहितभावस्य विज्ञानं भविष्यतीति न हेतोरप्रतीतत्वम्, यत उक्तम्–**

"आलएणं विहारेणं, ठाणाचंकमणेण य ।
सक्को सुविहिओ णाउं, भासावेणइएण य ।।१।।"

अस्यायमर्थः—आलयः-वसतिः सुप्रमार्जितादिलक्षणा, अथवा स्त्रीपशुपण्डकविवर्जिता तेनालयेन, नागुणवत एवं खल्वालयो भवति । विहारः-मासकल्पादिस्तेन विहारेण । स्थानम्-ऊर्ध्वस्थानम्, चङ्क्रमणं-गमनम्, स्थानं च चङ्क्रमणं चेत्येकवद्भावस्तेन च-अविरुद्धदेशकायोत्सर्गकरणेन युगमात्रावनिप्रलोकनपुरःसराद्भुतगमनेन चेत्यर्थः । शक्यः सुविहितो ज्ञातुं भाषावैनयिकेन च-विनय एव वैनयिकं समालोच्य भाषणेनाचार्यादिविनयकरणेन चेति भावना । नैतान्येवंभूतानि प्रायशोऽसुविहितानां भवन्तीति वाच्यम् ।।१३७।।

**ટીકાર્થ :-**

नन्वेषा ..... वाच्यम् ।। આ=તમે, નિહ્નવના દૃષ્ટાંતથી સાધુવેશ વંદનીય નથી એમ સ્થાપન કર્યું એ, પ્રતિબંધી છે. જે પ્રમાણે સુવિહિતત્વ અગમક છે, તે પ્રમાણે લિંગ પણ અગમક છે. એથી પરપક્ષના બાધકની વાણી માત્રરૂપ આ છે=તમારો પ્રતિબંધી ઉત્તર છે. પરંતુ પ્રકૃતનું સાધક=વંદનમાં નિયામક સુવિહિતત્વ છે એમ તમે જે કહ્યું એ રૂપ પ્રકૃતનું સાધક, કંઈ નથી=તમારા ઉત્તરમાં કોઈ કથન નથી; કેમ કે સ્વયં સાધકપણાથી ઉપન્યસ્ત એવા સુવિહિતત્વના દુરવગમત્વનું અનિરાકરણ છે=તમારા વડે સ્વયં વંદનીયત્વના સાધકપણાથી ઉપન્યસ્ત એવા સુવિહિતત્વનો બોધ થઈ શકતો નથી એમ જે અમારા વડે કહેવાયું તેનું તમે નિરાકરણ કર્યું નથી અને 'न च'નો અન્વય ગાથાના અંતે વાચ્ય સાથે છે અને પૂર્વપક્ષી ગ્રંથકારશ્રીને કહે છે કે બાહ્યકરણથી જ=આલય, વિહારાદિ સમાચારના સૌષ્ઠવ લક્ષણ બાહ્યકરણથી જ, સુવિહિતભાવનું વિજ્ઞાન થશે અર્થાત્ જે સાધુમાં આલય-વિહારાદિની આચરણા સમ્યગ્ હશે, તે સુવિહિત છે એ પ્રકારનું જ્ઞાન વિચારકને થશે. એથી હેતુનું અપ્રતીતપણું નથી=સુવિહિતભાવ વંદનીયત્વનું પ્રયોજક છે એ પ્રકારના કથનમાં વંદનીયના પ્રયોજકરૂપે જે સુવિહિતભાવ હેતુ કહ્યો તે હેતુનું અપ્રતીતપણું નથી. જે કારણથી કહેવાયું છે.

"આલયથી=સુસાધુ સંયમને ઉપષ્ટંભક નિર્દોષ વસ્તીની યાચના કરીને માસકલ્પાદિ અર્થે ગ્રહણ કરે એ રૂપ આલયથી, વિહારથી=સંયમની સર્વ ક્રિયાઓ અપ્રમાદથી કરે એ રૂપ નવકલ્પી આદિ વિહરણની ક્રિયાથી, સ્થાન અને ચંક્રમણથી=સાધુ સંયમના પ્રયોજન વગર સ્થિર કાઉસ્સગ્ગ મુદ્રાદિમાં ઊભા રહીને ધ્યાન કરતાં હોય તેનાથી અને સંયમના પ્રયોજનથી ઈર્યાસમિતિપૂર્વકના ગમનથી ચેષ્ટા કરતા હોય તેનાથી અને ભાષાના વિનયપણાથી=ગુણવાન પુરુષો પ્રત્યે વિનયપૂર્વક આલોચન કરીને વચન પ્રયોગ કરતા હોય તેનાથી, સુવિહિતને જાણવું શક્ય છે. એથી સુવિહિતત્વ રૂપ હેતુ અપ્રતીત નથી, એમ અન્વય છે."

આનો=ઉદ્ધરણની ગાથાનો આ અર્થ છે. આલય=સુપ્રમાર્જિતાદિ રૂપ વસ્તી=સુપ્રમાર્જિત, સુયાચિત એવી વસ્તીમાં સાધુ ઊતરે છે તેનાથી અથવા સ્ત્રી, પશુ, નપુંસકથી વર્જિત વસ્તીમાં સાધુ ઊતરે છે તેનાથી, સુવિહિતનું જ્ઞાન થાય છે, એમ અન્વય છે. અગુણવાન સાધુ=ત્રણ ગુપ્તિથી અગુપ્ત એવા સાધુને, આવા પ્રકારનો આલય થતો નથી. વિહાર=માસકલ્પાદિ, તેના વિહરણથી અર્થાત્ ક્ષેત્ર ગૃહસ્થો પ્રત્યે પ્રતિબંધ ન થાય એ પ્રકારના સુવિશુદ્ધ અધ્યવસાયપૂર્વક માસકલ્પ કરતા હોય અને

**તેના પ્રત્યે ગૃહસ્થાદિ પ્રત્યેના ભાવથી પ્રતિબંધનો પરિહાર કરતા હોય એ રૂપ વિહારથી, આ સાધુ સુવિહિત છે, એમ જણાય છે. સ્થાન=ઊર્ધ્વસ્થાન અને ચંક્રમણ, ગમનસ્થાન અને ચંક્રમણ એકવિદ્ભાવ છે અર્થાત્ સમાહારદ્વંદ્વ છે. તેથી એકવચનમાં પ્રયોગ છે, તેનાથી સુવિહિતભાવનું જ્ઞાન થાય છે એમ અન્વય છે. સ્થાન અને ચંક્રમણનો અર્થ સ્પષ્ટ કરે છે. અવિરુદ્ધ દેશમાં કાયોત્સર્ગના કરણથી=સંયમની સ્ખલનાનું કારણ ન બને તેવા સ્થાનમાં કાયોત્સર્ગના કરણથી અને યુગમાત્રભૂમિમાં પ્રલોકનપૂર્વક અદ્રુતગમનથી=સંયમના પ્રયોજનથી અલ્પ પણ ગમનનું પ્રયોજન જણાય ત્યારે સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિના અવલોકનપૂર્વક પોતાના ગમનથી=કોઈ જીવ મૃત્યુ ન પામે તે પ્રકારના દયાળુ ચિત્તપૂર્વક મંદ ગતિના ગમનથી, સુવિહિત જાણવા માટે શક્ય છે અને ભાષાવિનયથી વિનય જ વૈનયિક છે એમ સમાલોચન કરીને ભાષા દ્વારા આચાર્યાદિના વિનયકરણથી=આચાર્યાદિ જે ગુણસંપન્ન જીવો છે તેઓના તે તે ગુણોનું સમાલોચન કરીને ઉચિત વિનયપૂર્વક જેઓ તેઓની સાથે ભાષણ કરે છે તેનાથી, સુવિહિતને જાણવું શક્ય છે, એ પ્રકારે ભાવના છે=ઉદ્ધરણ ગાથાનો ભાવાર્થ છે. પ્રાયઃ અસુવિહિત સાધુઓને આવા પ્રકારના આ=પૂર્વમાં વર્ણન કર્યું, એવા પ્રકારના આ=આલય, વિહારાદિ થતા નથી એમ ન કહેવું, એ પ્રકારે પૂર્વપક્ષી કહે છે. ।।૧૩૭।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૩૨માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પાસત્થાદિ વંદનીય નથી, સુવિહિતો જ વંદનીય છે. ત્યાં પૂર્વપક્ષીએ કહ્યું કે આ સાધુ સુવિહિત છે અને આ સાધુ સુવિહિત નથી એવો નિર્ણય છદ્મસ્થ કરી શકે નહિ અને સાધુને વંદન કરીને નિર્જરાના અર્થીએ રજોહરણાદિ ધારણ કરનારાને જોઈને આ સાધુ છે, તેમ માનીને વંદન કરવું જોઈએ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૧૩૫, ૧૩૬માં કહ્યું કે લિંગથી તો નિહ્નવ પણ વંદનીય પ્રાપ્ત થશે. તેના એ કથનને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે કે તમારો આ ઉત્તર પ્રતિબંધી છે. તેનાથી એ ફલિત થાય કે જેમ સુવિહિતત્વ વંદનીયત્વનું ગમન નથી, તેમ બાહ્ય લિંગ પણ વંદનીયત્વનું ગમન નથી. પરંતુ તમને જે અભિમત છે કે સુવિહિત સાધુ વંદનીય છે, તેના સ્થાપન માટે તમે કોઈ યુક્તિઓ આપી નથી.

વળી, પૂર્વપક્ષી પોતાના કથનને દૃઢ કરવાર્થે કહે છે કે આલય, વિહારાદિ સુંદર આચરણાના બળથી સુવિહિતનું જ્ઞાન થશે, એમ પણ કહેવું નહિ. કેમ કહેવું નહિ ? એનો હેતુ આગળની ગાથામાં બતાવે છે.

વસ્તુતઃ આ સુસાધુ છે, તેનો નિર્ણય આલય, વિહારાદિથી જ થાય છે છતાં તેમાં પણ ભ્રમ થવાનો સંભવ છે. તેથી ભ્રમ નિવારણ માટે શું કરવું જોઈએ, તે બતાવવા માટે આલય વિહારાદિથી સુવિહિતનું જ્ઞાન થશે નહિ. તેમ પૂર્વપક્ષીના વચનથી અહીં કહેલ છે. છતાં, કોઈ સાધુ સંસારથી અત્યંત ભય પામેલ હોય, ભાવિના અનંત મરણોનું સ્મરણ કરીને નિવારણના ઉપાયરૂપે કષાયના ઉચ્છેદના અર્થી હોય, તેથી નિર્ગ્રંથભાવને ઉલ્લસિત કરવા માટે યત્ન કરતા હોય, તેઓ નિર્દોષ વસ્તીની યાચના કરે, સ્વયં સુપ્રમાર્જિત કરીને પછી તેમાં સંયમના પ્રયોજનથી વસતા હોય તેનાથી અનુમાન થાય છે કે આ સાધુ સ્થાનના

પ્રતિબંધના વર્જન અર્થે અને જીવરક્ષા અર્થે અપ્રમાદ કરનારા છે. તેથી સુસાધુ છે, એમ અન્વય છે.

અથવા સુસાધુએ નિર્વિકારી માનસના વર્જન અર્થે તેવા સ્થાનમાં ઊતરવું જોઈએ કે સ્ત્રી, પુરુષ કે નપુંસક તેવા સ્થાનમાં આવતાં ન હોય કે પાસે દેખાતા ન હોય. જેના કારણે વિકારો થવાનો સંભવ થાય નહિ અને તે પ્રકારે જે સાધુ વસ્તીમાં યત્ન કરે છે, તેનાથી સુસાધુનું અનુમાન થાય છે; કેમ કે કામના વિકારના રક્ષણ અર્થે સમ્યગ્ યતમાન છે અને જેઓ ગુણના રાગી નથી, તેઓ ક્યારેય પણ પૂર્વમાં કહેલ એવી આલયવાળી વસ્તી ગ્રહણ કરતા નથી, પરંતુ પોતાને જે પ્રકારે અનુકૂળ જણાય, તેવી વસ્તીને ગ્રહણ કરે છે.

વળી, ભગવાને સુસાધુને ગૃહસ્થોનો, ક્ષેત્રનો અને સ્થાનનો પ્રતિબંધ ન થાય, તે પ્રકારના સુપ્રણિધાનપૂર્વક માસકલ્પ આદિ વિહારની અનુજ્ઞા આપી છે અને તે પ્રકારે વિહારો કરીને જેઓ ચિત્તને પ્રતિબંધ વગરનું કરવા યત્ન કરી રહ્યા છે. આથી જ આ મારા પ્રત્યે ભક્તિવાળા છે અને આ મારા પ્રત્યે ભક્તિવાળા નથી ઇત્યાદિ વિકલ્પો કરીને ગૃહસ્થો પ્રત્યે પ્રતિબંધનો પરિહાર કરવા યત્ન કરે છે અને તેના અંગરૂપે જ નવકલ્પી વિહારો કરે છે. તેના ઉપરથી અનુમાન થાય છે કે આ સુવિહિતો છે.

વળી, સ્થાન અને ચંક્રમણને આશ્રયીને સુવિહિતનું જ્ઞાન થાય છે. સુસાધુઓ સંયમને બાધ ન થાય, પોતાના ચિંતવનમાં બાધ ન થાય, તેવા નિર્દોષ સ્થાનમાં કાયોત્સર્ગ કરે છે અને તે કાયોત્સર્ગકાળમાં જિનવચનાનુસાર તત્ત્વનું અવલોકન કરે છે અથવા પોતાના જીવનમાં થયેલી સ્ખલનાઓનું અવલોકન કરીને તે ભાવો દ્વારા નિંદા-ગર્હા કરવા યત્ન કરે છે અને તે પ્રવૃત્તિમાં વ્યાઘાત ન થાય તેવા સ્થાનમાં કાયોત્સર્ગ કરે છે અને તેનાથી અનુમાન થાય છે કે લોકસંજ્ઞાથી પર થઈને તેઓ કાયોત્સર્ગમાં યત્ન કરે છે માટે સુવિહિત છે. વળી, સંયમના પ્રયોજનથી ગમનક્રિયા કરે છે, ત્યારે સન્મુખ સાડા ત્રણ હાથની ભૂમિના અવલોકનપૂર્વક જીવરક્ષામાં યત્ન થાય, તે રીતે અશીઘ્રગમનથી જાય છે. તેથી, નક્કી થાય છે કે સંસારી જીવોની જેમ અયતનાપૂર્વક બાહ્ય પ્રવૃત્તિમાં સુસાધુ વ્યસ્ત નથી. પરંતુ ષટ્કાયના પાલનના પરિણામને અતિશય કરવાર્થે વિવેકપૂર્વક ગમન કરે છે માટે સુવિહિત છે. વળી, આચાર્યાદિ અન્ય સાધુઓ સાથે કોઈ કથનનું પ્રયોજન હોય ત્યારે આ કથન ઉચિત છે કે નહિ, તેનું સમાલોચન કરીને વાગ્ગુપ્તિ અને ભાષાસમિતિપૂર્વક બોલે છે. તેનાથી જણાય છે કે આ મહાત્મા સુવિહિત છે; કેમ કે અસુવિહિત સાધુઓ ક્યારેય આવા પ્રકારના આલય-વિહારાદિમાં યત્નવાળા હોતા નથી. એ પ્રકારે સુવિહિતનું જ્ઞાન થઈ શકશે, તેમ ન કહેવું એમ પૂર્વપક્ષી કહે છે. **॥૧૩૭॥**

**અવતરણિકા :-**

**कुतः ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કયા કારણથી આલય-વિહારાદિ દ્વારા સુવિહિતનું જ્ઞાન થઈ શકે નહિ ? એથી કહે છે –**

ગાથા :-

जं लाभाइणिमित्तं, असंजया संजयव्व चिट्ठंति ।
जयमाणा वि य कारणवसओ अजओवमा हुंति ।।१३८।।

**અન્વયાર્થ :-**

जं=જે કારણથી, असंजया=અસંયતો, लाभाइणिमित्तं=લાભાદિ નિમિત્તે, संजयव्व चिट्ठंति=ચેષ્ટા કરે છે, जयमाणा वि य=યત્ન કરનારા પણ સુવિહિતો, कारणवसओ अजओवमा हुंति=કારણવશથી અયતનાની ઉપમાવાળા થાય છે. ।।૧૩૮।।

**ગાથાર્થ :-**

**જે કારણથી અસંયતો સંયતની જેમ લાભાદિ નિમિત્તે ચેષ્ટા કરે છે. યત્ન કરનારા પણ સુવિહિતો કારણવશથી અયતનાની ઉપમાવાળા થાય છે. ।।૧૩૮।।**

**ટીકા :-**

'जं'ति । 'यत्' यस्मात् 'लाभादिनिमित्तं' लाभः-सुखप्राप्तिः, आदिना कीर्त्तिपूजादिपरिग्रहस्तन्निमित्तम्, 'असंयताः' अपेर्गम्यमानत्वादसंयता अपि संयतवच्चेष्टन्ते आलयविहारादौ, उदायिनृपमारकादिवत्; अतो बहुशः सहचरितोऽपि सुविहितभावो हेतुर्न वन्दनीयतागमकः, लाभादिनिमित्तं चेष्टमाने व्यभिचारात्; न खलु शतशः सहचरितमपि पार्थिवत्वं लोहलेख्यत्वगमकम्, हीरकादौ व्यभिचारादिति । किञ्च 'यतमाना अपि'सुविहिता अपि 'कारणवशतः' ज्ञानादिपुष्टालम्बनपारतन्त्र्यात् 'अयतोपमाः' असंयतवन्मूलोत्तरगुण-प्रतिसेविनो भवन्ति, ततः सर्वत्र सुविहितत्वावगमाय न बाह्यकरणं प्रभवतीति ।।१३८।।

**ટીકાર્થ :-**

'यत्' ..... प्रभवतीति ।। જે કારણથી લાભાદિ નિમિત્તે=લાભ-સુખપ્રાપ્તિ છે અર્થાત્ શાતાની પ્રાપ્તિ છે લાભાદિમાં આદિ પદથી કીર્તિ, પૂજાદિનું ગ્રહણ છે. તે નિમિત્તે=શાતા, કીર્તિ, પૂજાદિના નિમિત્તે, અસંયતો પણ આલય-વિહારાદિમાં સંયતની જેમ ચેષ્ટા કરે છે. જેમ ઉદાયી રાજાને મારનાર વિનયરત્ન આદિ અસંયમવાળા હતા. છતાં આલય-વિહારાદિમાં યત્ન કરનારા હતા. તેથી આલય-વિહારાદિ દ્વારા આ સાધુ સુસંયત છે, તેવું અનુમાન થઈ શકે નહિ એમ પૂર્વપક્ષીનો આશય છે. ગાથામાં 'અસંયત' શબ્દ છે. એના પછી अपि નું અધ્યાહારપણું હોવાથી અસંયતો પણ સંયતની જેમ ચેષ્ટા કરે છે, એમ યોજન છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંયતો તો આલય-વિહારાદિમાં યત્ન કરનારા છે. પરંતુ કેટલાક અસંયતો પણ આલય-વિહારાદિમાં યત્ન કરનારા છે. આથી બહુધા સહચરિત પણ સુવિહિતભાવ=અનેક સ્થાને આલય-વિહારાદિ ક્રિયાથી યુક્ત સુવિહિતભાવરૂપ હેતુ વંદનીયતાનો ગમક નથી; કેમ કે લોભાદિ નિમિત્તે ચેષ્ટા કરનારમાં=આલય-વિહારાદિમાં પ્રવૃત્તિ

**કરનાર સાધુમાં, વ્યભિચાર છે અર્થાત્ સુવિહિતભાવરૂપ હેતુની અપ્રાપ્તિ છે. ખરેખર હજારો વખત સહચરિત પણ પાર્થિવપણું લોહલેખ્યત્વનું ગમક નથી; કેમ કે હીરા આદિમાં વ્યભિચાર છે અર્થાત્ પૃથ્વી લોહથી ભેદાય છે તેવું હજારો સ્થાનોમાં દેખાય છે તોપણ પૃથ્વી લોહથી ભેદાય તેમ કહી શકાય નહિ; કેમ કે હીરા આદિ પણ પૃથ્વી છે તોપણ લોખંડથી તેનો ભેદ થતો નથી. તેમ ઘણા સુવિહિતોમાં આલય-વિહારાદિ પ્રવૃત્તિ સ્પષ્ટ દેખાતી હોવા છતાં કોઈક લાભાદિ નિમિત્તે આલય-વિહારાદિમાં પ્રવૃત્તિ કરનાર સાધુમાં સુવિહિતભાવ નહિ હોવાને કારણે આલય-વિહારાદિ સુવિહિતભાવના ગમક થઈ શકે નહિ. વળી, યતમાન પણ સાધુ=સુવિહિત પણ સાધુ, કારણવશથી=જ્ઞાનાદિથી પુષ્ટ આલંબનના પારતંત્ર્યથી, અયતનાની ઉપમાવાળા=અસંયમવાળાની જેમ, મૂલ-ઉત્તર ગુણના પ્રતિસેવી હોય છે અર્થાત્ કેટલાક સાધુ સંસારથી ભીત છે, સમિતિ-ગુપ્તિમાં યતમાન છે તોપણ સાધ્વીના શીલના રક્ષણ અર્થે કાલિકસૂરિએ પુષ્ટ આલંબનને કારણે યુદ્ધ કર્યું, ત્યારે અસંયતની જેમ મૂલ-ઉત્તર ગુણના પ્રતિસેવી થાય છે. તેથી સર્વત્ર=સર્વ સાધુઓમાં, સુવિહિતત્વનો નિર્ણય કરવા માટે બાહ્ય કૃત્ય સમર્થ નથી=આલય-વિહારાદિ દ્વારા સુવિહિતત્વનું જ્ઞાન થઈ શકતું નથી. ।।૧૩૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી બાહ્ય રજોહરણાદિ લિંગો દ્વારા વંદનીયપણું સ્વીકારે છે અને તે લિંગો ચક્ષુથી પ્રત્યક્ષ છે અને ગ્રંથકારશ્રી સુવિહિતત્વ દ્વારા વંદનીયત્વ સ્વીકારે છે અને સુવિહિતત્વ ચક્ષુથી પ્રત્યક્ષ નથી. તેથી, આલય-વિહારાદિ બાહ્ય સુંદર આચરણાના બળથી સુવિહિતત્વનું અનુમાન થાય છે. તેમ ગ્રંથકારશ્રી સ્થાપન કરે છે અને તેવું સુવિહિતત્વ જે લિંગધારી સાધુમાં દેખાય, તે વંદનીય છે; કેમ કે આલય-વિહારાદિ દ્વારા અનુમાન થાય છે કે તે સાધુ ક્ષમાદિભાવમાં યત્ન કરનારા છે માટે 'હે ક્ષમાશ્રમણ ! હું તમને વંદન કરું છું' એ પ્રકારનો પ્રયોગ સંગત થાય છે. આ પ્રકારના ગ્રંથકારશ્રીના વચનમાં પૂર્વપક્ષી કહે છે કે ઉદાયી રાજાને મારનાર સાધુની જેમ કોઈક સાધુ લાભાદિ નિમિત્તે આલય-વિહારાદિ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરનારા પણ થાય છે. જોકે આલય-વિહારાદિ પ્રવૃત્તિઓ પ્રાયઃ સુસાધુમાં જ પ્રાપ્ત થાય છે તોપણ કોઈક કીર્તિ આદિના અર્થી સાધુ તેવી પણ ચેષ્ટા કરનારા સંભવી શકે છે અને જે સાધુ મોહનાશ માટે અપ્રમાદથી યત્ન કરનારા છે, તેઓ પણ પુષ્ટ આલંબનને કારણે અસંયતની જેમ ચેષ્ટા કરે છે માટે આલય-વિહારાદિની ઉચિત પ્રવૃત્તિના બળથી સુવિહિતત્વનું જ્ઞાન થઈ શકે નહિ; કેમ કે અપવાદથી સુવિહિતની વિપરીત પ્રવૃત્તિ જોઈને તેઓને અસુવિહિત માનવા પડે અને લાભાદિના અર્થી સાધુની આલય-વિહારાદિની ઉચિત પ્રવૃત્તિ જોઈને તેઓને સુવિહિત સ્વીકારવા પડે. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૩૮॥**

**અવતરણિકા :-**

**ननु लाभादिनिमित्तं संयतानामसंयतवच्चेष्टमानानां सुविहितत्वेऽपि बाह्यकरणाभावे न दोषः, लिङ्गं विनापि लिङ्गिनः सद्भावात्, धूमं विनाप्यग्नेस्तप्तायाःपिण्डे दर्शनात्; लाभादिनिमित्तं संयतवच्चेष्टमानेष्वसंयतेषु च न व्यभिचारः, मातृस्थानापूर्वकत्वस्य विशेषस्य दानादित्याक्षेपे सत्याह —**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે=પૂર્વપક્ષી કહે છે ત્યાં પ્રથમ ગ્રંથકારશ્રી તરફથી થતા કથનને કહે છે –**

**લાભાદિ નિમિત્તે=જ્ઞાનાદિ પુષ્ટ આલંબનથી થનારા લાભાદિ નિમિત્તે, અસંયતની જેમ ચેષ્ટા કરનારા સંયતોનું સુવિહિતપણું હોવા છતાં પણ બાહ્યકરણના અભાવમાં=આલય-વિહારાદિ બાહ્ય ઉચિત આચરણાના અભાવમાં, દોષ નથી; કેમ કે લિંગ વગર પણ=બાહ્ય આચરણારૂપ લિંગ વગર પણ, લિંગીનો=સુવિહિતત્વરૂપ લિંગીનો, સદ્ભાવ છે. તેમાં ગ્રંથકારશ્રી દૃષ્ટાંત બતાવે છે. ધૂમ વગર પણ અગ્નિનું તપાવેલા ગોળામાં દર્શન છે. તેથી લાભાદિ નિમિત્તે સંયતની જેમ ચેષ્ટા કરનારા અસંયતોમાં વ્યભિચાર નથી; કેમ કે માતૃસ્થાન અપૂર્વકત્વમાં વિશેષનું દાન છે=માયા વગર આલય-વિહારાદિમાં જે યત્ન કરતા હોય, તેઓમાં સુવિહિતત્વ છે. એ પ્રકારનું કથન હોવાથી વ્યભિચાર નથી, એ પ્રકારે આક્ષિપ્ત કરાયે છતે=ગ્રંથકારશ્રી દ્વારા કથન કરાયે છતે, પૂર્વપક્ષી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં પૂર્વપક્ષીએ કહ્યું કે આલય-વિહારાદિના બળથી સુવિહિતત્વનું અનુમાન થઈ શકશે નહિ; કેમ કે ઉદાયી રાજાને મારનાર સાધુની જેમ સંયમ વગરના પણ કોઈક આલય-વિહારાદિમાં સમ્યગ્ યત્ન કરનારા પ્રાપ્ત થાય છે. વળી, સુસાધુ પણ જ્ઞાનાદિ પુષ્ટ આલંબનને કારણે અસંયતની જેમ મૂલ-ઉત્તરગુણના પ્રતિસેવી પ્રાપ્ત થાય છે. તેથી તે સુસંયતમાં આલય-વિહારાદિ હેતુની અપ્રાપ્તિ છે. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે. જ્ઞાનાદિ પુષ્ટ આલંબનને આશ્રયીને અસંયતની જેમ ચેષ્ટા કરનારા સંયતોમાં સુવિહિતપણું છે. જેમ કાલિકસૂરિમાં સુવિહિતપણું હતું. છતાં બાહ્ય આલય-વિહારાદિના કૃત્યનો અભાવ હતો તોપણ દોષ નથી. જેમ ધૂમ ન હોય તોપણ તપાવેલા ગોળામાં અગ્નિ દેખાય છે. તેમ કોઈક સંયોગ વિશેષમાં સુવિહિતો પણ આલય-વિહારાદિમાં યતમાન ન હોય તોપણ અંતરંગ જિનવચનાનુસાર યત્ન કરવાનો સુદૃઢ યત્ન વર્તતો હોવાથી તેઓમાં સુવિહિતપણું છે. આથી જ સાધ્વીના શીલરક્ષણ અર્થે યુદ્ધ કરનાર કાલિકસૂરિમાં સુવિહિતપણું હતું છતાં તેઓમાં શેષકાળમાં આલય-વિહારાદિ હોવા છતાં યુદ્ધકાળમાં આલય-વિહારાદિ કરણોનો અભાવ હતો એમાં દોષ નથી. વળી ઉદાયી રાજાને મારનાર વિનયરત્ન જેવા કોઈ સાધુ લાભાદિ નિમિત્તે આલય-વિહારાદિમાં યત્ન કરતા હોય, તેમાં સુવિહિતપણું નહિ હોવાને કારણે આલય-વિહારાદિ હેતુ વ્યભિચારી બને છે. તેના નિવારણ માટે માયા વગર આલય-વિહારાદિ કરનારામાં સુવિહિતપણું છે, તેમ કહેવાથી વ્યભિચારની પ્રાપ્તિ થશે નહિ. એ પ્રકારનું ગ્રંથકારશ્રીનું સમાધાન કરાયે છતે ગાથામાં પૂર્વપક્ષી કહે છે.

**ગાથા :-**

**माइट्ठाणापुव्वं, जइ गमगं बज्झकरणमिट्ठं भे ।**
**तो तं पि हु वत्तव्वं, केण पयारेण णायव्वं ।।१३९।।**

**અન્વયાર્થ :-**

माइट्ठाणापुव्वं जइ गमगं बज्झकरणमिट्ठं भे=જો માતૃસ્થાનઅપૂર્વક બાહ્યકરણ=આલય-વિહારાદિનું કરણ, તમને ગમક=અનુમાપક, ઈષ્ટ છે, तो तं पि=તો કયા પ્રકારથી તે પણ=આલય-વિહારાદિ આચરણા કરનારા સાધુના ચિત્તમાં વર્તતી માયા પણ, केण पयारेण णायव्वं=કયા પ્રકારે જ્ઞાતવ્ય છે ?, हु वत्तव्वं=કેવું જોઈએ ? ॥૧૩૯॥

**ગાથાર્થ :-**

**જો માતૃસ્થાનઅપૂર્વક બાહ્યકરણ=આલય-વિહારાદિનું કરણ, તમને ગમક=અનુમાપક, ઈષ્ટ છે તો કયા પ્રકારથી તે પણ=આલય-વિહારાદિ આચરણા કરનારા સાધુના ચિત્તમાં વર્તતી માયા પણ કયા પ્રકારે જ્ઞાતવ્ય છે ? કેવું જોઈએ ? ॥૧૩૯॥**

**ટીકા :-**

**'माइट्ठाणापुव्वं'ति । 'मातृस्थानापूर्वं' कुटिलभावानादृतं बाह्यकरणं यदि 'भे' भवतां गमकमिष्टं तदा वक्तव्यं तदपि मातृस्थानापूर्वकत्वं केन प्रकारेण ज्ञातव्यम् ?, तदपि परभावरूपं दुर्लक्ष्यमेव छद्मस्थानामिति ।।१३९।।**

**ટીકાર્થ :-**

**'मातृस्थानापूर्वं' ..... छद्मस्थानामिति ।। માતૃસ્થાનાપૂર્વક=કુટિલભાવરહિત, બાહ્યકરણ જો તમોને= ગ્રંથકારશ્રીને, ગમક ઈષ્ટ છે=સુવિહિતત્વનો હેતુ ઈષ્ટ છે તો કહેવું જોઈએ=ગ્રંથકારશ્રીએ કહેવું જોઈએ. તે પણ=માતૃસ્થાનાપૂર્વકપણું પણ, કયા પ્રકારથી જ્ઞાતવ્ય છે ? અર્થાત્ આલય-વિહારાદિ ચક્ષુથી દેખાય છે છતાં પણ માયારહિત આલય-વિહારાદિ કરે છે તે સુવિહિત છે, એમ કહેવામાં 'માયારહિત' એ રૂપ વિશેષણ કઈ રીતે જાણી શકાય ? અર્થાત્ જાણી શકાય નહિ. કેમ જાણી શકાય નહિ ? એથી કહે છે. પરના ભાવરૂપ તે પણ=સાધુના ચિત્તમાં વર્તતા ભાવરૂપ માયા પણ, છદ્મસ્થોને દુર્લક્ષ્ય જ છે. ॥૧૩૯॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં કહ્યું કે માયારહિત આલય-વિહારાદિની સુવિશુદ્ધ આચરણાના બળથી આ સાધુ સુવિહિત છે, એમ નક્કી થાય છે. ત્યાં શંકા કરે છે કે માયા પણ જીવનો પરિણામ છે. તેથી, જીવના પરિણામરૂપ સુવિહિતપણું છદ્મસ્થ જોઈ શકતા નથી, તેમ માયાવી સાધુ પણ પોતાનો માયાનો ભાવ વ્યક્ત ન થાય તેમ યત્ન કરનાર સાધુમાં વર્તતો માયાનો ભાવ જણાય નહિ અને તે સાધુ આલય-વિહારાદિમાં અપ્રમાદથી યત્ન કરતા હોય તો તેમને સુવિહિત માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. **॥૧૩૯॥**

**અવતરણિકા :-**

इत्थमाक्षेपे प्रबलीकृते सति समाधानमाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે ગાથા-૧૩૭થી અત્યારસુધી કહ્યું એ રીતે, આક્ષેપ પ્રબલીકૃત કરાયે છતે=પૂર્વપક્ષી દ્વારા સુવિહિતભાવ છદ્મસ્થને જણાય તેમ નથી માટે સુવિહિતભાવના બળથી આ વંદ્ય છે તેમ સ્વીકારવું ઉચિત નથી એ પ્રકારે કરાયેલા આક્ષેપને પૂર્વપક્ષી દ્વારા યુક્તિઓ દ્વારા દૃઢ કરાયે છતે, સમાધાનને કહે છે –

**ગાથા :-**

भन्नइ तं सुविसुद्धं, पुणो पुणो दंसणाइणा णेयं ।
एवं विवज्जए वि हु, लग्गो सुद्धो असढभावा ।।१४०।।

**અન્વયાર્થ :-**

भन्नइ=ઉત્તર અપાય છે=પૂર્વપક્ષીના આક્ષેપમાં ઉત્તર અપાય છે, तं सुविसुद्धं पुणो पुणो दंसणाइणा णेयं=ફરી ફરી દર્શનાદિથી સુવિશુદ્ધ એવું તે=બાહ્યકરણ જાણવું, एवं विवज्जए वि हु लग्गो सुद्धो=આ રીતે વિપર્યયમાં પણ લગ્ન=વંદનમાં પ્રવૃત્ત સાધુ કે શ્રાવક, શુદ્ધ છે; असढभावा=કેમ કે અશઠભાવ છે. ।।૧૪૦।।

**ગાથાર્થ :-**

ઉત્તર અપાય છે=પૂર્વપક્ષીના આક્ષેપમાં ઉત્તર અપાય છે. ફરી ફરી દર્શનાદિથી સુવિશુદ્ધ એવું તે=બાહ્યકરણ જાણવું. આ રીતે વિપર્યયમાં પણ લગ્ન=વંદનમાં પ્રવૃત્ત સાધુ કે શ્રાવક, શુદ્ધ છે; કેમ કે અશઠભાવ છે. ।।૧૪૦।।

**ટીકા :-**

'भन्नइ'त्ति । 'भण्यते' अत्रोत्तरं दीयते 'तत्' बाह्यकरणं सुविशुद्धं मातृस्थानापूर्वकं पुनः पुनर्दर्शनं-यद्रात्रौ दिवा वा तथैव प्रवृत्तेस्तदादिना बहुलोभेऽप्यपरावृत्त्यादेः परिग्रहः, ज्ञेयं न खलु लोभादिनाऽपराभूतः सर्वथा विरक्तात्मा सदाऽप्रमत्तो मुधाऽऽत्मानमायासयति आत्मनि तथादर्शनादिति । एवं पुनः पुनर्दर्शनादिना परीक्षायां क्रियमाणायां विपर्ययेऽपि सुप्रयुक्तदम्भापरिज्ञानेनासुविहिते सुविहितत्वभ्रमेऽपि 'लग्नः' वन्दनप्रवृत्तः शुद्धोऽशठभावात्, विपर्ययनिरासानुकूलविचाररूपयतनापरिणामात् ।।१४०।।

**ટીકાર્થ :-**

'भण्यते' ..... परिणामात् ।। આમાં=પૂર્વપક્ષીના કથનમાં, ઉત્તર અપાય છે. તે=બાહ્યકરણ, સુવિશુદ્ધ=

**માતૃસ્થાનાપૂર્વક સુવિશુદ્ધ. ફરી ફરી દર્શન આદિથી જાણવું એમ અન્વય છે. કઈ રીતે ફરી ફરી દર્શનથી જાણવું તે સ્પષ્ટ કરે છે. જે રાત્રિમાં અથવા દિવસમાં દેખાય છે, તે જ પ્રકારે પ્રવૃત્તિ હોવાથી સુવિશુદ્ધ બાહ્યકરણ જાણવું એમ અન્વય છે. તદાદિથી=ગાથામાં રહેલા દર્શન આદિમાં રહેલા આદિ શબ્દથી, બહુ લોભમાં પણ અપરાવૃત્તિ આદિનું ગ્રહણ છે=આદર-સત્કારાદિના અનેક પ્રસંગોનો લાભ થાય તેવું દેખાતું હોય તોપણ આલય-વિહારાદિની ક્રિયામાં લેશ પણ પરાવૃત્તિ થતી નથી તેનું ગ્રહણ છે. તેથી જે સાધુ રાત્રે, દિવસે, વિશિષ્ટ લોભાદિના પ્રસંગોમાં પણ પોતાનાથી શક્ય ઉચિત પ્રવૃત્તિનો ત્યાગ કરતા નથી, તેથી તે સાધુ સુવિશુદ્ધ બાહ્યકરણવાળા છે એમ નક્કી થાય છે. ખરેખર લોભાદિથી અપરાભૂત સર્વથા વિરક્ત આત્મા=વિષયોમાં સર્વથા વિરક્ત સ્વરૂપવાળા સાધુ, સદા અપ્રમત્ત વ્યર્થ પોતાનો આયાસ કરતા નથી અર્થાત્ અંતરંગ સંયમની વૃદ્ધિનું પ્રયોજન ન હોય તો વ્યર્થ તે પ્રકારની સુપ્રણિધાનપૂર્વકની ક્રિયા કરે નહિ. પરંતુ અંતરંગ નિર્લેપ પરિણતિ તે તે આચારોથી વૃદ્ધિ પામતી દેખાય છે માટે જ તે પ્રકારનો અપ્રમાદથી યત્ન કરે છે; કેમ કે પોતાનામાં તે પ્રકારે દર્શન છે અર્થાત્ વિવેકી સાધુ કે વિવેકી શ્રાવક જોઈ શકે છે કે સંયમની સુદૃઢ ક્રિયા કરવાથી પોતાનામાં મોહનાશને અનુકૂળ વિશિષ્ટ વીર્ય થાય છે. જેથી અકલુષિત ચિત્ત પોતાનામાં દેખાય છે. તેથી જ, પોતે સ્વભૂમિકાની ઉચિત પ્રવૃત્તિ નિરર્થક કરતા નથી તેમ દેખાય છે. તેથી અનુમાન થાય છે કે આ મહાત્મા પણ અપ્રમાદપૂર્વક આલયાદિમાં યત્ન કરે છે. તે વ્યર્થ પ્રવૃત્તિરૂપ નથી. પરંતુ સુસંયતભાવની વૃદ્ધિના ઉપાયરૂપ જ છે. આ રીતે ફરી ફરી દર્શનાદિથી=પુરોવર્તી સાધુમાં સુવિશુદ્ધ આલય-વિહારાદિની પ્રવૃત્તિના દર્શનાદિથી, પરીક્ષા કરાયે છતે વિપર્યયમાં પણ=સુપ્રયુક્ત દંભના કારણે અપરિજ્ઞાન થવાથી અસુવિહિતમાં સુવિહિતત્વના ભ્રમમાં પણ, લગ્ન=વંદનમાં પ્રવૃત્ત, શ્રાવક કે સાધુ શુદ્ધ છે=લેશ પણ વંદનની ક્રિયામાં દોષપાત્ર નથી, પરંતુ નિર્જરાને જ પ્રાપ્ત કરે છે. તેથી શુદ્ધ છે; કેમ કે અશઠભાવ છે અર્થાત્ ભગવાનની આજ્ઞાનુસાર આલય-વિહારાદિના બળથી સુવિહિતનું જ્ઞાન કરીને તેમને વંદનમાં પ્રવૃત્તિ કરવાનો અશઠભાવ છે. કેમ અશઠભાવ છે ? તેને સ્પષ્ટ કરતાં કહે છે. વિપર્યયના નિરાસને અનુકૂળ વિચારરૂપ યતનાનો પરિણામ છે=ગુણનિધિ સાધુને મારે વંદન કરવું છે પણ નિર્ગુણને વંદન કરવું નથી તે રૂપ વિપર્યયના નિરાસને અનુકૂળ વિચારરૂપ યતનાનો પરિણામ વિવેકી વંદન કરનારમાં વર્તે છે. ॥૧૪૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ યુક્તિથી સ્થાપન કર્યું કે માયા વગરની આલય-વિહારાદિની ઉચિત આચરણાથી પણ સુવિહિતભાવ જાણવો દુષ્કર છે; કેમ કે માયા જીવના પરિણામરૂપ છે. તેથી તે ચક્ષુથી ગ્રહણ થઈ શકે નહિ. તેનો ઉત્તર આપતાં કહે છે. કોઈ સાધુ કોઈક ગૃહસ્થવિશેષને પોતે સુસાધુ છે, તેવું બતાવવા અર્થે માયાપૂર્વક સમિતિ-ગુપ્તિઓની બાહ્ય આચરણા યથાર્થ કરતા હોય તોપણ અંદરમાં જો ઉપશમભાવ ન હોય તો રાત્રિ-દિવસ તે પ્રકારની પ્રવૃત્તિ પ્રાયઃ તેઓ કરે નહિ. વળી, બહુ લોભાદિનાં સ્થાનો હોય ત્યારે

તેઓનો ભાવ અવશ્ય પરાવર્તન થતો દેખાય છે. આથી જ શિષ્યનો લોભ, પર્ષદાનો લોભ તેઓને સમિતિ-ગુપ્તિમાં સ્ખલના કરાવે તેવો પણ સંભવ છે. આથી નક્કી થાય છે કે જેઓનું ચિત્ત જ કષાયોના ઉપશમને અનુકૂળ પરિણતિવાળું છે, તેઓ જ વિશેષ વિશેષ કષાયના ઉપશમ અર્થે રાત્રિ-દિવસ ચિત્તને સંવર-સંવરતર કરીને ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને શિષ્યાદિનો લોભ કે અન્ય પણ બાહ્ય નિમિત્તો તેઓના ચિત્તમાં સંક્ષોભ કરાવી શકતા નથી. તેનાથી નક્કી થાય છે કે માયાથી તેઓ આલય-વિહારાદિમાં પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ કષાયોના ઉપશમના અત્યંત અર્થી છે. તેથી જ રાત્રે-દિવસે સદા તે પ્રકારની પ્રવૃત્તિ કરે છે માટે માયા વગરની આલય-વિહારાદિની પ્રવૃત્તિ છે કે નથી તે નિપુણપ્રજ્ઞાથી જોનારાને બહુલતાએ દેખાય છે આમ છતાં કોઈક વિનયરત્ન જેવા સુપ્રયુક્ત દંભવાળા સાધુમાં અસુવિહિતપણું હોવા છતાં તેની બાહ્ય આચરણાના બળથી અને માયાનું વ્યંજક કોઈ લિંગ નહિ હોવાથી સુવિહિતને ભ્રમ થાય અને તેના કારણે કોઈ વિવેકી શ્રાવક તેમને વંદન કરે તો તે વંદનની પ્રવૃત્તિથી લેશ પણ કર્મબંધની પ્રાપ્તિ નથી પરંતુ નિર્જરાની જ પ્રાપ્તિ થાય છે; કેમ કે સર્વજ્ઞના વચનાનુસાર આલય-વિહારાદિ લિંગોના બળથી આ સુવિહિત છે, તેમ માનીને વંદન કરે છે. તેથી ભગવાનની આજ્ઞાથી શુદ્ધ તે મહાત્માનો વંદનનો પરિણામ છે. આથી જ આ કાળમાં પણ જેઓ સંસારથી અત્યંત ભય પામેલા છે અને શક્તિ અનુસાર શાસ્ત્રનું અધ્યયન કરે છે અને તેનાથી ઉચિત પ્રવૃત્તિનો નિર્ણય કરીને પોતાના સમુદાયમાં ક્લેશ ન થાય તે રીતે ઉચિત અનુષ્ઠાનો સેવે છે, તેઓ ભાવથી સુવિહિત જ છે. તેથી તેઓને વંદન કરવામાં લેશ પણ દોષની પ્રાપ્તિ નથી. ક્વચિત્ સ્ખલના આપાદક પ્રમાદથી કોઈ અતિચાર થતો હોય તોપણ શુદ્ધ ક્રિયાના અર્થી સાધુ વંદનીય છે. **॥૧૪૦॥**

**અવતરણિકા :-**

**ननु सुविशुद्धं बाह्यकरणं सुविहितत्वगमकमित्युक्तम् तच्च न युक्तम्, साध्याविशेषात्, तस्यैव सुविहितभावत्वादित्यतो बाह्यकरणस्य सुविहितत्वप्रवेशाप्रवेशयोर्नयविभागमाह –**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. સુવિશુદ્ધ બાહ્યકરણ=માયાથી રહિત સમિતિ-ગુપ્તિની આચરણારૂપ બાહ્યકરણ, સુવિહિતત્વનું ગમક છે, એમ ગ્રંથકારશ્રીએ કહ્યું તે યુક્ત નથી; કેમ કે સાધ્યનું અવિશેષ છે=સુવિહિતત્વ રૂપ સાધ્ય અને સુવિશુદ્ધ બાહ્યકરણરૂપ હેતુ એ બેનો અભેદ છે. કેમ બેનો અભેદ છે ? તેમાં હેતુ કહે છે. તેનું જ=સુવિશુદ્ધ બાહ્યકરણનું જ, સુવિહિતભાવપણું છે. એ પ્રકારની શંકાના નિવારણ અર્થે કહે છે. આથી બાહ્યકરણના સુવિહિતત્વના પ્રવેશ-અપ્રવેશમાં નયવિભાગને બતાવે છે અર્થાત્ કોઈ નયદૃષ્ટિથી સુવિહિતત્વ બાહ્યકરણથી જન્ય અંતરંગ પરિણતિરૂપ છે. તેથી, સુવિહિતત્વ બાહ્યકરણરૂપ છે અને કોઈક નયદૃષ્ટિથી સુવિહિતત્વમાં બાહ્યકરણનો અપ્રવેશ છે. તેથી, સાધ્યના અવિશેષની પ્રાપ્તિ થશે નહિ. તે બતાવવા અર્થે નયવિભાગને કહે છે –**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે માયાથી રહિત બાહ્યકરણ સુવિહિતભાવનું ગમક છે. ત્યાં વિચારકને શંકા થાય કે વ્યવહારનયથી બાહ્ય ઉચિત ક્રિયાઓ જ સુવિહિત ભાવરૂપ છે. તેથી સાધ્ય એવો સુવિહિત ભાવ અને બાહ્યકરણ રૂપ હેતુ એ બેની એકપણાની પ્રાપ્તિ છે. તેના નિરાકરણ અર્થે વ્યવહારનયથી સુવિહિત ભાવ બાહ્યકરણ વિશિષ્ટ અંતરંગ જીવની પરિણતિ સ્વરૂપ છે. તેથી, સુવિહિતભાવમાં બાહ્યકરણનો પ્રવેશ છે અને નિશ્ચયનયથી સુવિહિતભાવ મોહનાશને અનુકૂળ અંતરંગ પરિણતિ સ્વરૂપ છે. તેથી, બાહ્યકરણમાં સુવિહિતભાવનો પ્રવેશ નથી, એ રૂપ નયવિભાગને બતાવે છે. તેથી, વ્યવહારનયથી સુવિહિતભાવ અને બાહ્યકરણ એક પ્રાપ્ત થાય નહિ. તેથી હેતુ અને સાધ્યના અવિશેષની પ્રાપ્તિરૂપ દોષ નથી. તે ગાથામાં સ્પષ્ટ કરે છે.

**ગાથા :-**

**इत्थं ववहारणओ, सुविहियभावम्मि बज्झकरणं पि ।**
**इच्छइ णेच्छइअणओ, भावं चिय तं परं बेइ ।।१४१।।**

**અન્વયાર્થ :-**

**इत्थं ववहारणओ=અહીં વ્યવહારનય, सुविहियभावम्मि=સુવિહિતભાવમાં, बज्झकरणं पि=બાહ્યકરણ પણ, इच्छइ=ઈચ્છે છે, णेच्छइअणओ=નિશ્ચયનય, भावं=ભાવને, चिय=કહે છે, तं परं बेइ=કેવલ તેને=તે ભાવને, કહે છે. ।।૧૪૧।।**

**ગાથાર્થ :-**

**અહીં વ્યવહારનય સુવિહિતભાવમાં બાહ્યકરણ પણ ઈચ્છે છે. નિશ્ચયનય કેવલ તેને=તે ભાવને જ કહે છે. ।।૧૪૧।।**

**ટીકા :-**

**'इत्थं'ति । 'अत्र' प्रकृताधिकारे व्यवहारनयो बाह्यकरणमपि सुविहितभावे इच्छति, अनेन भावक्रिययोर्द्वयोरप्यभ्युपगमात्; तथा च न साध्याविशेषः, साध्ये चारित्रलक्षणस्य भावस्याधिकस्य प्रवेशाद्धेतौ च तदाहितबाह्यक्रियाया एव निवेशादिति भावः । निश्चयनयस्तु 'परं' केवलं भावमेव 'तं' सुविहितभावं ब्रवीति न तु बाह्यक्रियामिच्छति । तथा च तन्मते न बहिर्वन्द्यवन्दकभावः किन्त्वन्तरेव, अन्तरात्मपरमात्मकल्पनया ध्यातृध्येयभावदशायाम्; निरस्तसमस्तसङ्कल्पविकल्पसमाधि-दशायां तु चिन्मात्रावस्थाने नायमपीति । अत एव वन्दनप्रवृत्तिर्व्यवहारेणैवेति व्यवहारनयमतमधिकृत्य गुणाधिकत्वपरिज्ञानकारणानि प्रतिपादयन्नाहाचार्य इत्यवतारणिका 'आलएणं' इत्याद्यावश्यकगाथाया इति ।।१४१।।**

**ટીકાર્થ :-**

**'अत्र' ..... इति ।। અહીં=પ્રકૃત અધિકારમાં=સુવિહિતભાવ વંદન માટે કારણ છે એ પ્રકારના પ્રકૃત અધિકારમાં, વ્યવહારનય સુવિહિતભાવમાં બાહ્યકરણ પણ ઈચ્છે છે=સમિતિ-ગુપ્તિ સ્વરૂપ ઉચિત બાહ્ય ક્રિયા પણ અંતરંગ સુવિહિતભાવમાં અંગ સ્વરૂપે વ્યવહારનય ઈચ્છે છે; કેમ કે આના દ્વારા=વ્યવહારનય દ્વારા, ભાવ અને ક્રિયા બંનેનો પણ સ્વીકાર છે અર્થાત્ વ્યવહારનય માને છે કે સમિતિ-ગુપ્તિની ઉચિત ક્રિયા મોહનાશને અનુકૂળ અંતરંગભાવ દ્વારા નિર્જરાનું કારણ છે. તેથી અંતરંગ ભાવ અને ઉચિત ક્રિયા બંનેને પણ વ્યવહારનય સ્વીકારે છે અને તે રીતે=વ્યવહારનયે ભાવ અને ક્રિયા બંનેનો સ્વીકાર કર્યો તે રીતે, સાધ્યનો હેતુ સાથે અભેદ નથી; કેમ કે સાધ્યમાં ચારિત્ર લક્ષણભાવનો અધિક પ્રવેશ હોવાથી=બાહ્ય ક્રિયાથી અધિક ચારિત્રરૂપ ભાવનો પ્રવેશ હોવાથી અને હેતુમાં તદાહિત બાહ્ય ક્રિયાનો જ નિવેશ છે=સુવિહિતત્વના અનુમાનમાં જે બાહ્ય ક્રિયા હેતુરૂપે સ્વીકારી તે ક્રિયામાં ચારિત્રની નિષ્પત્તિને અનુકૂળ સુપ્રણિધાન તેનાથી આહિત બાહ્ય ક્રિયાનો જ નિવેશ છે, એ પ્રકારનો ભાવ છે. વળી, નિશ્ચયનય પર=કેવલ, ભાવને જ તે સુવિહિતભાવ કહે છે. પરંતુ બાહ્ય ક્રિયાને ઈચ્છતો નથી અને તે રીતે=નિશ્ચયનય કેવલ ભાવને જ સુવિહિતભાવ સ્વીકારે છે તે રીતે, તેના મતમાં બહારમાં વંદ્યવંદકભાવ નથી, પરંતુ અંતરંગ જ છે=અંતરંગ જ વંદ્યવંદકભાવ છે; કેમ કે અંતરાત્માને પરમાત્માની કલ્પનાથી ધ્યાતૃધ્યેયભાવદશામાં નિરાસ કર્યો છે સંકલ્પવિકલ્પ જેણે એવી સમાધિદશામાં ચિન્માત્રમાં અવસ્થાન થયે છતે અર્થાત્ કષાય સંશ્લેષ વગરના જ્ઞાનમાત્રના પરિણામમાં ઉપયોગ સ્થિર થયે છતે આ પણ નથી=બહિર્ વંદ્યવંદકભાવ નથી. આથી જ=નિશ્ચયનયની દૃષ્ટિથી વંદ્યવંદકભાવ નથી આથી જ, વંદનની પ્રવૃત્તિ વ્યવહારનયથી જ છે. એથી વ્યવહારનયના મતને આશ્રયીને ગુણાધિકત્વના પરિજ્ઞાનના કારણોને પ્રતિપાદન કરતાં આચાર્ય હરિભદ્રસૂરિ મ. કહે છે. એ પ્રકારે 'आलएणं' ઈત્યાદિ આવશ્યકનિર્યુક્તિની ગાથામાં અવતરણિકા છે. ।।૧૪૧।।**

**ભાવાર્થ :-**

વ્યવહારનય બાહ્ય ઉચિત ક્રિયા દ્વારા મોહનાશને અનુકૂળ ભાવ થાય છે, તેમ સ્વીકારે છે. તેથી, વ્યવહારનયના મતે ભાવ અને ક્રિયા બંનેનો સ્વીકાર છે. તેથી, આ સાધુ વંદ્ય છે, એ પ્રકારના અનુમાનમાં સુવિહિત ભાવ વંદ્યત્વનું પ્રયોજક છે. તેમ પૂર્વે સ્થાપન કર્યું અને તે સુવિહિત ભાવ બાહ્ય આલય-વિહારાદિની પ્રવૃત્તિથી કે સમિતિ-ગુપ્તિની પ્રવૃત્તિથી અનુમેય છે, તેમ કહેવામાં સાધ્યનો અને હેતુનો અભેદ પ્રાપ્ત થતો નથી; કેમ કે વંદ્યત્વનું પ્રયોજક એવું સાધ્ય સુવિહિતભાવ છે અને તે ચારિત્રના પરિણામ સ્વરૂપ છે અને બાહ્યકરણ એ ચારિત્રની પરિણતિથી આહિત બાહ્ય ક્રિયા સ્વરૂપ છે. તેથી સાધ્ય ચારિત્ર લક્ષણભાવથી યુક્ત બાહ્યકરણ છે; કેમ કે માત્ર બાહ્ય કરણને જોઈને વંદ્યપણું વ્યવહારનય સ્વીકારતો નથી. પરંતુ બાહ્યકરણથી નિષ્પન્ન એવા ચારિત્રને વંદ્યત્વ રૂપે સ્વીકારે છે. એથી, સુવિહિતભાવરૂપ સાધ્યમાં બાહ્ય ક્રિયાથી વિશિષ્ટ ચારિત્રની પરિણતિ છે અને હેતુ ચારિત્રની પરિણતિથી આહિત બાહ્ય ક્રિયારૂપ છે. તેથી, સાધ્ય અને હેતુનો અભેદ પ્રાપ્ત થતો નથી અર્થાત્ સાધ્ય ઉચિત ક્રિયાથી યુક્ત એવી ચારિત્રની પરિણતિ

છે અને હેતુ ચારિત્રની પરિણતિથી જન્ય બાહ્ય ક્રિયા છે. અહીં વિશેષ એ છે કે જે મહાત્માના ચિત્તમાં છ'કાયના પાલનનો અધ્યવસાય છે, તે મહાત્માનું ચિત્ત છ'કાયના પાલનના અધ્યવસાયને કારણે હંમેશાં સમિતિ-ગુપ્તિની ક્રિયામાં જ યત્ન કરે છે. જેમ દયાળુ ચિત્તવાળા શ્રાવક મચ્છરાદિને મારતા નથી. ત્યાં તેઓના દયાળુ ચિત્તનું કાર્ય મચ્છરને નહિ મારવાની ક્રિયા છે, તેમ જેઓના ચિત્તમાં છ'કાયના પાલનનો અધ્યવસાય છે, તેઓ છ'કાયના પાલનના અધ્યવસાયજન્ય સમિતિ-ગુપ્તિની ક્રિયા અવશ્ય કરે છે. તેથી છ'કાયના પાલનના અધ્યવસાયથી આહિત બાહ્ય ક્રિયારૂપ હેતુથી અંતરંગ ચારિત્રરૂપ સુવિહિતભાવ અનુમેય બને છે અને તેને આશ્રયીને વંદનની પ્રવૃત્તિ થાય છે. આથી જ જે શ્રાવકો આલય-વિહારાદિ લિંગોથી તે મહાત્માના ચિત્તમાં વર્તતા છ'કાયના પાલનના અધ્યવસાયનું અનુમાન કરી શકે છે અને તેના કારણે તે મહાત્માના ગુણો પ્રત્યે પ્રવર્ધમાન ભક્તિ થાય છે અને તે ભક્તિપૂર્વક તે મહાત્માને સુપ્રણિધાનપૂર્વક વંદન કરે છે. તે વંદનની ક્રિયાથી તે શ્રાવકના તે ગુણોના બાધક કર્મોનો ક્ષય થાય છે. આથી જ વંદન આવશ્યકમાં કેવલી એવા ચાર ભાણેજને વંદન કરતાં તેમના મામા એવા આચાર્યને કેવલજ્ઞાન થયું. વળી, નિશ્ચયનય કેવલભાવને જ સુવિહિતભાવ કહે છે અર્થાત્ વ્યવહારનય જેમ બાહ્ય ક્રિયા વિશિષ્ટ સુવિહિતભાવને સુવિહિતભાવ કહે છે, તેમ નિશ્ચયનય બાહ્ય ક્રિયા વિશિષ્ટ ચારિત્રના પરિણામને સુવિહિતભાવ કહેતો નથી. પરંતુ માત્ર અંતરંગ ચારિત્રની પરિણતિરૂપ ભાવને જ સુવિહિતભાવ કહે છે. તેથી, નિશ્ચયનયને ચારિત્રની પરિણતિ અર્થે પણ બાહ્ય ક્રિયા અવશ્ય જોઈએ તેમ અભિમત નથી. આથી જ તેના મતમાં બાહ્ય વંદ્યવંદકભાવ નથી. પરંતુ, અંતરંગ જ વંદ્યવંદકભાવ છે. કઈ રીતે નિશ્ચયનયના મતે અંતરંગ વંદ્યવંદકભાવ છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે.

પોતાનો અંતરાત્મા પરમાત્મા તુલ્ય છે એવો જેને સૂક્ષ્મ બોધ થયો છે. એથી કષાયોના સંશ્લેષ વગરના પરમાત્મભાવને જે મહાત્મા નિપુણ મતિથી જોઈ શકે છે, ત્યારે પરમાત્મારૂપ મારો આત્મા જ મારા માટે ધ્યેય છે અને હું એ પરમાત્માના સ્વરૂપના ધ્યાનમાં લીન થાઉં, એ પ્રકારનો અધ્યવસાય પ્રકર્ષવાળો થાય છે, ત્યારે પોતાના આત્મામાં જ ધ્યાતૃધ્યેયભાવ પ્રાપ્ત થાય છે. તે વખતે તે મહાત્માની કેવી સમાધિદશા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. સમસ્ત સંકલ્પ-વિકલ્પો જેના દૂર થયા છે, તેવી આત્માની પરમ સ્વસ્થતારૂપ આત્માની સમાધિ દશામાં તે મહાત્મા વર્તે છે. તે વખતે તેઓનું ચિત્ત કેવું છે, તે સ્પષ્ટ કરતાં કહે છે. પ્રશસ્ત કે અપ્રશસ્ત કષાયના સંશ્લેષ વગરના ચૈતન્ય માત્રમાં દૃઢ ઉપયોગરૂપ તે મહાત્માનું ચિત્ત વર્તે છે. જે નિર્વિકલ્પ સામાયિકની અવસ્થા છે. તેમાં બહિર્ વંદ્યવંદકભાવ નથી. પરંતુ સવિકલ્પ સામાયિકવાળી અવસ્થામાં બહિર્ વંદ્યવંદકભાવ છે. આથી જ સવિકલ્પ સામાયિકવાળા મુનિઓ ગુણવાનને વંદન કરીને ગુણોની વૃદ્ધિ કરે છે. જ્યાં સુધી બહિર્ આલંબન વગર ગુણવૃદ્ધિની શક્તિનો સંચય થયો નથી, ત્યાં સુધી ગુણવાનને ગુણવાનરૂપે જાણીને વંદન કરવાથી ગુણવૃદ્ધિને અનુકૂળ યત્ન થઈ શકે છે. તેથી એ ફલિત થાય કે વ્યવહારનયથી સુવિહિતત્વનું જ્ઞાન કરવા માટે બાહ્યકરણ હેતુ છે અને ત્યાં સાધ્ય અને હેતુનો અભેદ નથી માટે બાહ્યકરણરૂપ હેતુથી સુવિહિતત્વનો બોધ કરીને વંદનની પ્રવૃત્તિ કરવાથી નિર્જરાની પ્રાપ્તિ અને પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે. **॥૧૪૧॥**

**અવતરણિકા :-**

नन्वेवं बाह्यकरणस्योपयोगोऽभिहितः, लिङ्गस्य तु क उपयोगः ? इत्यत आह –

**અવતરણિકાર્થ :-**

'નનુ'થી શંકા કરે છે. આ રીતે=સુવિહિતત્વભાવના બોધમાં બાહ્યકરણ હેતુ છે એ રીતે, બાહ્યકરણનો ઉપયોગ કહેવાયો અર્થાત્ આલય-વિહારાદિ રૂપ બાહ્યકરણ સુવિહિતભાવની નિષ્પત્તિમાં ઉપયોગી છે, એમ કહેવાયું. વળી, લિંગનો=સાધુવેશનો, શું ઉપયોગ છે ? એ પ્રકારની શંકાનો સંભવ છે. આથી કહે છે –

**ગાથા :-**

**लिंगं पि य ववहाराभिमयं जं तं विवज्जयाभावे ।**
**तद्दंसणे वि विणओ, ववट्ठिओ जं भणियमेवं ।।१४२।।**

**અન્વયાર્થ :-**

जं=જે કારણથી, लिंगं पि य ववहाराभिमयं=લિંગ પણ વ્યવહારને અભિમત છે, तं=તે કારણથી, विवज्जयाभावे=વિપર્યયનો અભાવ હોતે છતે, तद्दंसणे वि=તેના દર્શનમાં પણ=લિંગના દર્શનમાં પણ, विणओ ववट्ठिओ=વિનય વ્યવસ્થિત છે, जं भणियमेवं=જે કારણથી આ કહેવાયું છે. ।।૧૪૨।।

**ગાથાર્થ :-**

**જે કારણથી લિંગ પણ વ્યવહારને અભિમત છે. તે કારણથી વિપર્યયનો અભાવ હોતે છતે તેના દર્શનમાં પણ=લિંગના દર્શનમાં પણ, વિનય વ્યવસ્થિત છે. જે કારણથી આ કહેવાયું છે. ।।૧૪૨।।**

**ટીકા :-**

'लिंगं पि य'त्ति । लिङ्गमपि व्यवहाराभिमतम्, 'यत्' यस्मात् तस्यापि मुनिगुणसंभावनाजनकत्वेन व्यवहारत आश्रयणीयत्वात्; 'तत्' तस्मात् 'विपर्ययाभावे' असुविहितत्वज्ञानाभावे 'तद्दर्शनेऽपि' लिङ्गदर्शनेऽपि 'विनयः' वक्ष्यमाणः संभावनामात्रनिमित्तको व्यवस्थितः, लिङ्गदर्शनोत्थापितसंभावनाजनितोऽयमभ्युत्थानादिमात्ररूपः । आलयविहाराद्याचारविशेषदर्शनरूपपरीक्षाजनितस्तु सर्वोऽप्युचित इति व्यवस्थार्थः । अत्र संमतिमाह–यद् भणितमेतदावश्यके ।।१४२।।

**ટીકાર્થ :-**

लिङ्गमपि ..... तदावश्यके ।। લિંગ પણ=સાધુના રજોહરણાદિ રૂપ લિંગ પણ વ્યવહારનયને અભિમત છે. જે કારણથી તેનું પણ=લિંગનું પણ મુનિગુણની સંભાવનાજનકપણું હોવાને કારણે

**વ્યવહારથી આશ્રયણીયપણું છે=જેઓ ભવથી વિરક્ત થયા છે, તેઓ ભવના ઉચ્છેદાદિ અર્થે આલય-વિહારાદિ ઉચિત કૃત્યો કરે છે. તેમ તે ઉચિત કૃત્યોમાં ઉપષ્ટંભક એવો સાધુનો વેશ પણ ગ્રહણ કરે છે. તેથી સાધુવેશને જોઈને સામાન્યથી મુનિગુણની સંભાવના થાય છે. ગૃહસ્થવેશમાં રહેલામાં મુનિગુણની સંભાવના થતી નથી. તેથી વ્યવહારનયથી લિંગ પણ કલ્યાણના અર્થી જીવ માટે આશ્રયણીય છે. તે કારણથી=વ્યવહારને લિંગ અભિમત છે તે કારણથી, વિપર્યયનો અભાવ હોતે છતે=અસુવિહિતત્વ જ્ઞાનનો અભાવ હોતે છતે=પાસત્થાદિની અનુચિત ચેષ્ટા જોઈને આ અસુવિહિત છે તેવું જ્ઞાન થાય છે તેમ કોઈ લિંગધારીમાં તેવી ચેષ્ટાની પ્રાપ્તિ નહિ થવાથી અસુવિહિતત્વના જ્ઞાનનો અભાવ હોતે છતે, તેના દર્શનમાં પણ=લિંગના દર્શનમાં પણ, સંભાવના માત્ર નિમિત્તક વક્ષ્યમાણ વિનય રહેલો છે=લિંગના દર્શનથી ઉત્થાપિત સંભાવના જનિત આ અભ્યુત્થાનાદિ માત્ર રૂપ વિનય વ્યવસ્થિત છે. વળી, આલય-વિહારાદિ આચારવિશેષના દર્શનરૂપ પરીક્ષાથી જનિત સર્વ પણ ઉચિત વિનય છે. એ પ્રકારની વ્યવસ્થાના અર્થવાળો વ્યવહાર છે અર્થાત્ લિંગના દર્શનથી અભ્યુત્થાનાદિ માત્ર રૂપ વ્યવહાર છે અને સાધુના આલયવિહારાદિ આચારવિશેષ દેખાય ત્યારે તેનાથી પરીક્ષા થાય છે કે આ સાધુ સુવિહિત છે. તેના કારણે સુસાધુ સાથે જે કાંઈ ઉચિત વ્યવહાર છે તે સર્વ તેમની સાથે કરવાથી મહાનિર્જરા થાય છે એ પ્રકારની વ્યવસ્થાના અર્થવાળો વ્યવહાર છે. આમાં=લિંગ પણ વ્યવહારને કઈ રીતે અભિમત છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એ કથનમાં, સંમતિને કહે છે. જે કારણથી આવશ્યકમાં=આવશ્યક નિર્યુક્તિમાં, આ કહેવાયું છે= આગળની ગાથામાં કહે છે, એ કહેવાયું છે. ।।૧૪૨।।**

**ભાવાર્થ :-**

ભાવસાધુ સુવિહિત પરિણતિના બળથી નક્કી થાય છે અને તે સુવિહિતત્વની પરિણતિ ચારિત્રના પરિણામ સ્વરૂપ છે અને તેનું અનુમાન આલયવિહારાદિથી થાય છે. છતાં બાહ્ય લિંગ પણ વંદનીયપણામાં ઉપયોગી છે. કઈ રીતે ઉપયોગી છે, તે બતાવતાં કહે છે. કોઈ સાધુવેશધારી અપરિચિત પધાર્યા હોય અને તેઓના આચારોથી આ અસુવિહિત છે, તેવો નિર્ણય ન થતો હોય ત્યારે સંભાવના છે કે તે મહાત્મા સુવિહિત પણ હોઈ શકે અને અસુવિહિત પણ હોઈ શકે. તેથી, સુવિહિતત્વની સંભાવના માત્ર નિમિત્તક અભ્યુત્થાન, હાથ જોડવા આદિ રૂપ ઉચિત વિનય કર્તવ્ય છે અને કંઈક પરિચય પછી આલયવિહારાદિ આચાર વિશેષ તે મહાત્મામાં દેખાય તો સુસાધુ વિષયક સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. તેથી એ ફલિત થાય કે લિંગને જોઈને સંભાવના માત્રથી અભ્યુત્થાનાદિ કરાય છે. તે વખતે પણ ગુણની સંભાવનાના કારણે તે પ્રકારની વંદનની પ્રવૃત્તિ છે. તેથી ગુણના પક્ષપાતી જીવને તે વંદનની ક્રિયાથી પુણ્યબંધ અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. વળી, લિંગમાત્રને જોઈને અભ્યુત્થાનાદિ કર્યા પછી પણ ગુણના રાગી તે જીવો તે સાધુના આલયવિહારાદિ અન્ય આચારો કેવા છે, તે જોવા યત્ન કરે છે અને જ્યારે આલયવિહારાદિથી વિશેષ નિર્ણય થાય કે આ સુવિહિત છે, તો સુવિહિત સાધુની સાથે જે ઉચિત વ્યવહાર છે, તે સર્વ ઉચિત વ્યવહાર વિવેક શ્રાવક અથવા સુસાધુ કરે છે. જેનાથી તે મહાત્મા પ્રત્યે થયેલી ભક્તિ અનુસાર વિપુલ

નિર્જરા પ્રાપ્ત થાય છે; કેમ કે ઉત્તમ આચારોના બળથી આ મહાત્મા પારમાર્થિક ચારિત્રની પરિણતિવાળા છે, તેવો બોધ થવાથી થયેલી ભક્તિ મહાનિર્જરાનું કારણ છે. **॥૧૪૨॥**

**અવતરણિકા :-**

પૂર્વગાથાના અંતે કહ્યું કે આવશ્યકમાં આ કહેવાયું છે. શું કહેવાયું છે ? તે બતાવે છે –

**ગાથા :-**

**जइ लिंगमप्पमाणं, न नज्जई णिच्छएण को भावो ।**
**दट्ठूण समणलिंगं, किं कायव्वं तु समणेणं ? ।।१४३।।**

**અન્વયાર્થ :-**

जइ लिंगमप्पमाणं=જો લિંગ પ્રમાણ નથી, न नज्जई णिच्छएण को भावो=નિશ્ચયથી કયો ભાવ જણાતો નથી=કયા સાધુમાં કયો ભાવ છે તે, જણાતો નથી, दट्ठूण समणलिंगं=શ્રમણલિંગને જોઈને, किं कायव्वं तु समणेणं ?=સાધુએ વળી શું કરવું જોઈએ ? ।।૧૪૩।।

**ગાથાર્થ :-**

**જો લિંગ પ્રમાણ નથી તો નિશ્ચયથી કયો ભાવ જણાતો નથી=કયા સાધુમાં કયો ભાવ છે તે જણાતો નથી. શ્રમણલિંગને જોઈને સાધુએ વળી શું કરવું જોઈએ ? ।।૧૪૩।।**

**ટીકા :-**

'जइ लिंगं'ति । यदि 'लिङ्गं' द्रव्यलिङ्गम् 'अप्रमाणम्' अकारणं वन्दनप्रवृत्तौ, इत्थं तर्हि 'न ज्ञायते' नावगम्यते 'निश्चयेन' परमार्थेन छद्मस्थेन जन्तुना कस्य को भावः ? इति, यतोऽसंयता अपि लब्ध्यादिनिमित्तं संयतवच्चेष्टन्ते, संयता अपि च कारणतोऽसंयतवदिति । तदेवंव्यवस्थिते 'दृष्ट्वा' आलोक्य 'श्रमणलिङ्गं' साधुलिङ्गं किं पुनः कर्त्तव्यं 'श्रमणेन' साधुना ? । पुनःशब्दार्थस्तु-शब्दो व्यवहितश्चोक्तो गाथाऽनुलोम्यादिति ।।१४३।।

**ટીકાર્થ :-**

यदि ..... गाथाऽनुलोम्यादिति ।। જો લિંગ=સાધુનો દ્રવ્યવેશ, અપ્રમાણ છે=વંદનની પ્રવૃત્તિમાં અકારણ છે. આ રીતે તો નિશ્ચયથી=પરમાર્થથી, છદ્મસ્થ જીવ વડે કોનો કયો ભાવ છે તે જણાતો નથી અર્થાત્ આ સાધુ વંદનને અનુકૂળ પરિણતિવાળા છે કે નથી તે છદ્મસ્થથી જણાતું નથી. જે કારણથી અસંયત પણ લબ્ધિ આદિ નિમિત્તે=બાહ્ય સુંદર આહારાદિ નિમિત્તે સંયતની જેમ ચેષ્ટા કરે છે. સંયત સાધુઓ પણ કારણથી=અપવાદ કારણથી, અસંયતની જેમ ચેષ્ટા કરે છે અર્થાત્ દોષિત આહારાદિ ગ્રહણ કરે છે. આ પ્રમાણે વ્યવસ્થિત હોતે છતે=બાહ્ય ચેષ્ટા અસંયતમાં પણ ક્યારેક

**સંયતની જેમ મળે છે અને સંયતમાં પણ ક્યારેક અસંયતની જેમ મળે છે એ પ્રમાણે વ્યવસ્થિત હોતે છતે, શ્રમણલિંગને=સાધુલિંગને=સાધુવેશધારી કોઈક મહાત્માને, જોઈને શ્રમણ વડે=બીજા સાધુ વડે, શું વળી, કરવું જોઈએ ? પુનઃ શબ્દના અર્થવાળો 'तु' શબ્દ છે અને ગાથાના અનુલોમથી વ્યવહિત કહેવાયો=સાધુલિંગને જોઈને વળી શું કરવું જોઈએ, તે સ્થાનમાં પુનઃ શબ્દનું કથન કર્યું, તે ગાથા અનુલોમથી કરેલ છે. ॥૧૪૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથાના અંતે કહ્યું કે આવશ્યકમાં આ કહ્યું છે અર્થાત્ કોઈ સાધુના વેશમાં મળે તો સંભાવના માત્ર નિમિત્ત અભ્યુત્થાનાદિ કરવું જોઈએ એ પ્રમાણે વંદન આવશ્યકમાં કહેવાયું છે. તેની સંમતિ આપવાર્થે પ્રથમ ત્યાં શંકાનું ઉદ્‌ભાવન પ્રસ્તુત ગાથાથી આપે છે અને તેની સંમતિ આગળની ગાથામાં સ્પષ્ટ કરે છે.

શંકાનું ઉદ્‌ભાવન આ રીતે કરે છે. જો સાધુ વેશવાળા હોય એટલા માત્રથી તેમને વંદનની પ્રવૃત્તિમાં સાધુવેશ કારણમાત્ર નથી તો જ્યાં સુધી તેમનો વિશેષ પરિચય થયો નથી ત્યાં સુધી કોઈ છદ્મસ્થ આ સાધુ સુસાધુ છે કે પાસત્થાદિ છે, તેવો નિર્ણય કરી શકે નહિ; કેમ કે ક્યારેક પાસત્થાદિ પણ સુંદર આહારની પ્રાપ્તિ અર્થે કે માન-સન્માનાર્થે સંયતની જેમ આવે ત્યારે ચેષ્ટા કરે છે. જેથી, શ્રાવકો તેમને સુંદર આહારાદિ આપે, સુંદર વસ્તી આદિ પ્રાપ્ત થાય. વળી, સંયતો પણ કોઈક અપવાદ કારણથી અસંયતની જેમ ચેષ્ટા કરે છે અર્થાત્ કોઈ ગ્લાનાદિ સાધુ હોય ત્યારે કે અન્ય કોઈ નિમિત્તે દોષિતાદિ પણ ગ્રહણ કરે છે છતાં, શેષકાળમાં સંયમની યતના કરનારા હોય છે. તેથી શ્રમણ લિંગવાળા સાધુને જોઈને તત્કાળની બાહ્ય ચેષ્ટાના બળથી નિર્ણય થઈ શકે નહિ કે આ સુસાધુ છે કે કુસાધુ છે. તેથી, તે વસ્તીમાં અન્ય સાધુ વડે તે આવેલા સાધુ વિષયક શું કરવું જોઈએ ? અર્થાત્ અભ્યુત્થાનાદિ કરવું જોઈએ કે કંઈ કરવું જોઈએ નહિ ? એ પ્રકારની શંકા થાય. **॥૧૪૩॥**

**અવતરણિકા :-**

**इत्थं लिङ्गमात्रस्य वन्दनप्रवृत्तावप्रमाणतायां प्रतिपादितायां सत्यामनभिनिविष्टेनैव सामाचारी-जिज्ञासया चोदकेन पृष्टे सत्याहाऽऽचार्यः –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, લિંગ માત્રની વંદનની પ્રવૃત્તિમાં અપ્રમાણતા પ્રતિપાદિત કરાયે છતે અને સામાચારીની જિજ્ઞાસાથી અનભિનિવિષ્ટ જ એવા પ્રશ્ન કરનાર શિષ્ય વડે પુછાયે છતે, આચાર્ય કહે છે –**

**ગાથા :-**

**अप्पुव्वं दट्ठूणं, अब्भुट्ठाणं तु होइ कायव्वं ।**
**साहुम्मि दिट्ठपुव्वे, जहारिहं जस्स जं जुग्गं ।।१४४।।**

અન્વયાર્થ :-

अप्पुव्वं दट्ठूणं=અપૂર્વને જોઈને, अब्भुट्ठाणं तु होइ कायव्वं=અભ્યુત્થાનાદિ કર્તવ્ય થાય છે, दिट्ठपुव्वे=દૃષ્ટપૂર્વ, साहुम्मि=સાધુમાં, जस्स जं जुग्गं=જેને જે યોગ્ય છે તે, जहारिहं=યથાયોગ્ય કરવું જોઈએ. ।।૧૪૪।।

ગાથાર્થ :-

**અપૂર્વને જોઈને અભ્યુત્થાનાદિ કર્તવ્ય થાય છે. દૃષ્ટપૂર્વ સાધુમાં જેને જે યોગ્ય છે તે યથાયોગ્ય કરવું જોઈએ. ।।૧૪૪।।**

ટીકા :-

**'अपुव्वं'ति । 'अपूर्वम्' अदृष्टपूर्वं साधुमिति गम्यते, 'दृष्ट्वा' अवलोक्य आभिमुख्येनोत्थानं 'अभ्युत्थानम्' आसनत्यागलक्षणं तुशब्दाद्दण्डकादिग्रहणं च भवति कर्त्तव्यम्, किमिति ? कदाचिदसावाचार्यादिर्विद्याद्यतिशयसंपन्नस्तत्प्रदानायैवागतो भवेत्, प्रशिष्यसकाशमाचार्यकालकवत्, स खल्वविनीतं संभाव्य न तत् प्रयच्छति । तथा दृष्टपूर्वास्तु द्विप्रकाराः-उद्यतविहारिणः शीतलविहारिणश्च । तत्रोद्यतविहारिणि साधौ 'दृष्टपूर्वे' उपलब्धपूर्वे 'यथार्हं' यथायोग्यमभ्युत्थानवन्दनादि 'यस्य' बहुश्रुतादेर्यद् योग्यं तस्य तत् कर्त्तव्यं भवति । यः पुनः शीतलविहारी न तस्याभ्युत्थानवन्दनादि उत्सर्गतः किञ्चित्कर्त्तव्यमिति गाथार्थः ।।१४४।।**

ટીકાર્થ :-

'अपूर्वम्' ..... गाथार्थः ।। અપૂર્વને=અદૃષ્ટ પૂર્વ એવા સાધુને જોઈને આભિમુખ્યથી ઉત્થાન= આસનત્યાગ લક્ષણ અભ્યુત્થાન, કરવું જોઈએ. 'तु' શબ્દથી દાંડા આદિનું ગ્રહણ કરવું જોઈએ. કયા કારણથી કરવું જોઈએ ? એથી કહે છે. કદાચિત્ આ આચાર્યાદિ=પૂર્વે નહીં જોવાયેલા એવા આચાર્યાદિ, વિદ્યાદિ અતિશય સંપન્ન તેના પ્રદાન માટે જ=પોતાની પાસે જે વિદ્યાદિ અતિશય છે તેને આપવા માટે જ આવેલા હોય. જેમ પ્રશિષ્ય પાસે આચાર્ય કાલક આવેલા. તે=અદૃષ્ટપૂર્વ એવા સાધુ, અવિનીતની સંભાવના કરીને તેને આપતા નથી=જે વિદ્યાદિ આપવા માટે આવ્યા છે તે આપતા નથી અને વળી, દૃષ્ટપૂર્વ બે પ્રકારના છે=પૂર્વમાં જેઓને જોયા છે, તેવા સાધુ બે પ્રકારના છે. (૧) ઉદ્યતવિહારી અને (૨) શિથિલવિહારી. ત્યાં ઉદ્યતવિહારી સાધુ દૃષ્ટપૂર્વ=ઉપલબ્ધ પૂર્વ હોતે છતે, યથાયોગ્ય=જે પ્રકારનો તેમનો પર્યાય વગેરે છે તેને અનુરૂપ અભ્યુત્થાન-વંદનાદિ કરવું જોઈએ=જે બહુશ્રુતાદિ યોગ્ય છે તેમને તે કર્તવ્ય થાય છે. વળી, જે શિથિલાચારી છે, તેમને ઉત્સર્ગથી=કોઈ વિશિષ્ટ કારણ ન હોય તો સામાન્યથી, અભ્યુત્થાન-વંદનાદિ કંઈ કર્તવ્ય નથી. ।।૧૪૪।।

અવતરણિકા :-

**तदेवं सुपरीक्षितस्य सुविहितस्यैव वन्दनं कर्त्तव्यमिति व्यवस्थितम् । अथापवादतः पार्श्वस्थादीनामपि तत् कर्त्तव्यमित्याह –**

**અવતરણિકાર્થ :-**

આ રીતે=પૂર્વમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, સુપરીક્ષિત એવા સુવિહિતને જ વંદન કરવું જોઈએ, એ પ્રમાણે વ્યવસ્થિત છે. હવે, અપવાદથી પાસત્થાદિને પણ તે=વંદન, કરવું જોઈએ, એથી કહે છે —

**ગાથા :-**

पासत्थाईणं पि हु, अववाएणं तु वंदणं कज्जं ।
जयणाए इहरा पुण, पच्छित्तं जं भणियमेअं ।।१४५।।

**અન્વયાર્થ :-**

पासत्थाईणं पि हु=પાસત્થાદિને પણ, अववाएणं तु=અપવાદથી, जयणाए=યતનાપૂર્વક, वंदणं कज्जं=વંદન કરવું જોઈએ, इहरा पुण पच्छित्तं=ઈતરથા વળી પ્રાયશ્ચિત્ત છે, जं भणियमेअं=જે કારણથી આ કહેવાયું છે. ।।૧૪૫।।

**ગાથાર્થ :-**

પાસત્થાદિને પણ અપવાદથી યતનાપૂર્વક વંદન કરવું જોઈએ. ઈતરથા વળી પ્રાયશ્ચિત્ત છે. જે કારણથી આ કહેવાયું છે. ।।૧૪૫।।

**ટીકા :-**

'पासत्थाइणं पि हु'त्ति । 'पार्श्वस्थादीनामपि' दुर्विहितानामपवादेन तु वन्दनं 'यतनया' वाग्नमस्कारादिक्रमलक्षणया कार्यम्, इतरथाऽपवादेऽपि तत्करणाभावे प्रायश्चित्तं भगवदाज्ञाविलोपात्, यद्भणितमेतत्कल्पभाष्ये ।।१४५।।

**ટીકાર્થ :-**

'पार्श्वस्थादीनामपि' ..... त्कल्पभाष्ये ।। પાસત્થાદિને પણ=દુર્વિહિતોને પણ=સુવિહિત સાધુઓથી વિપરીત એવા દુર્વિહિત સાધુને પણ, અપવાદથી વંદન યતનાથી કરવું જોઈએ=વાગ્ નમસ્કારાદિ ક્રમલક્ષણ યતનાથી કરવું જોઈએ. ઈતરથા=અપવાદમાં પણ, તેના કરણના અભાવમાં=વંદનના કરણના અભાવમાં, પ્રાયશ્ચિત્ત છે; કેમ કે ભગવાનની આજ્ઞાનો લોપ છે. જે કારણથી આ=આગળની ગાથામાં બતાવે છે એ, કલ્પભાષ્યમાં કહેવાયું છે. ।।૧૪૫।।

**અવતરણિકા :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે કલ્પભાષ્યની ગાથામાં આ કહેવાયું છે. તે જ કલ્પભાષ્યની ગાથા બતાવે છે —

ગાથા :-

**उप्पन्नकारणम्मी, कितिकम्मं जो न कुज्ज दुविहं पि ।**
**पासत्थादीआणं, उग्घाता तस्स चत्तारि ।।१४६।।**

**અન્વયાર્થ :-**

उप्पन्नकारणम्मी=કારણ ઉત્પન્ન થયે છતે, जो=જે સાધુ, दुविहं पि=બે પ્રકારનું, कितिकम्मं=કૃતિકર્મ, पासत्थादीआणं=પાસત્થાદિને, न कुज्ज=ન કરે, उग्घाता तस्स चत्तारि=તેને ચાર ઉદ્ઘાત પ્રાયશ્ચિત્ત છે. ॥૧૪૬॥

**ગાથાર્થ :-**

**કારણ ઉત્પન્ન થયે છતે જે સાધુ બે પ્રકારનું કૃતિકર્મ પાસત્થાદિને ન કરે તેને ચાર ઉદ્ઘાત પ્રાયશ્ચિત્ત છે. ॥૧૪૬॥**

**ટીકા :-**

**'उप्पन्ने'त्ति । उत्पन्ने वक्ष्यमाणे कारणे यः कृतिकर्म 'द्विविधमपि' अभ्युत्थानवन्दनकरूपं पार्श्वस्थादीनां न कुर्यात्तस्य चत्वारः 'उद्घाताः', मासा भवन्ति, चतुर्लघुकमित्यर्थः ।।१४६।।**

**ટીકાર્થ :-**

उत्पन्ने ..... मित्यर्थः ।। વક્ષ્યમાણ લક્ષણ કારણ ઉત્પન્ન થયે છતે જે સાધુ બે પ્રકારનું કૃતિકર્મ= અભ્યુત્થાન, વંદનરૂપ બે પ્રકારનું કૃતિકર્મ, પાસત્થાદિને કરે નહિ તેને=તે સાધુને, ચાર ઉદ્ઘાત માસ પ્રાયશ્ચિત્ત થાય છે=ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત થાય છે. ॥૧૪૬॥

**અવતરણિકા :-**

शिष्यः प्राह –

**અવતરણિકાર્થ :-**

શિષ્ય કહે છે. શું કહે છે ? તે બતાવે છે –

ગાથા :-

**दुविहे किइकम्मम्मी, वाउलिआ मो णिरुद्धबुद्धीआ ।**
**आइपडिसेहियम्मी उवरिं आरोवणा गुविला ।।१४७।।**

**અન્વયાર્થ :-**

दुविहे किइकम्मम्मी=બે પ્રકારના કૃતિકર્મમાં, णिरुद्धबुद्धीआ=નિરુદ્ધ બુદ્ધિવાળા, वाउलिआ मो=અમે

વ્યાકુળ છીએ, आइपडिसेहियम्मी=પ્રથમ પ્રતિષેધ કરીને, उवरिं आरोवणा गुविला=ઉપરમાં ગુપિલ આરોપણા છે=ગંભીર આરોપણા છે. ॥૧૪૭॥

ગાથાર્થ :-

બે પ્રકારના કૃતિકર્મમાં નિરુદ્ધ બુદ્ધિવાળા અમે વ્યાકુળ છીએ. પ્રથમ પ્રતિષેધ કરીને ઉપરમાં ગુપિલ આરોપણા છે=ગંભીર આરોપણા છે. ॥૧૪૭॥

ટીકા :-

'दुविहे'त्ति । एवं 'द्विविधे' अभ्युत्थानवन्दनकलक्षणे कृतिकर्मणि पूर्वं प्रतिषिध्य पश्चादनुज्ञाते 'व्याकुलिताः' आकुलीभूता वयम्, अत एव निरुद्धा-संशयक्रोडीकृता बुद्धिर्येषां ते तथा संजाता वयम्, अथवा 'निरुद्धबुद्धयः' स्तोकबुद्धयो यतोऽतो व्याकुलिताः-वयं संशयापन्ना इति व्याख्येयम् । संशयकारणमाह—आदौ-प्रथमं प्रतिषिद्धे पार्श्वस्थादीनां कृतिकर्मणि सति 'उपरि' इदानीं तेषां कृतिकर्माकुर्वताम् 'आरोपणा' चतुर्लघुकाख्या प्रतिपाद्यते सा 'गुपिला' गम्भीरा, नास्या भावार्थं वयमवबुध्यामह इति भावः ।।१४७।।

ટીકાર્થ :-

एवं ..... भावः ।। આ પ્રમાણે અભ્યુત્થાન વંદનલક્ષણ કૃતિકર્મ પૂર્વમાં નિષેધ કરીને પાછળથી અનુજ્ઞાત થયે છતે અમે વ્યાકુલિત થયા છીએ અર્થાત્ પૂર્વમાં આ પાસત્થાદિ છે તેવું જ્ઞાન થયે છતે તેમને અભ્યુત્થાન વંદનાદિ કરવું જોઈએ નહિ. એમ ગાથા-૧૪૪માં કહીને ગાથા-૧૪૫ અને ૧૪૬માં કહ્યું કે પાસત્થાદિને અપવાદથી વંદન ન કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તે બે વચન પરસ્પર વિરુદ્ધ સાંભળીને શું કરવું જોઈએ, તેનો નિર્ણય કરવા માટે અમે વ્યાકુલિત થયા છીએ. આથી જ=અમે વ્યાકુલ થયા છીએ આથી જ, નિરુદ્ધ=સંશયથી આક્રાંત બુદ્ધિ છે જેને તે નિરુદ્ધ, બુદ્ધિવાળા છે તેવા અમે થયા છીએ=નિરુદ્ધ બુદ્ધિવાળા અમે થયા છીએ અથવા નિરુદ્ધ બુદ્ધિવાળા=થોડી બુદ્ધિવાળા, જે કારણથી અમે છીએ. આથી વ્યાકુલિત થયા છીએ=અમે સંશય પામ્યા છીએ, એ પ્રમાણે વ્યાખ્યાન કરવું. સંશયના કારણને કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે. આદિમાં=પ્રથમ, પાસત્થાદિને કૃતિકર્મ પ્રતિષિદ્ધ કરાયે છતે=ગાથા-૧૪૪માં પાસત્થાદિને વંદનની ક્રિયાનો પ્રતિષેધ કરાયે છતે, ઉપરમાં=પછીની ગાથામાં, હમણાં તેઓને=પાસત્થાદિને, કૃતિકર્મ નહિ કરનારાઓને ગુપિલ આરોપણા=ગંભીર ચતુર્લઘુ નામની પ્રાયશ્ચિત્તરૂપ આરોપણા, પ્રતિપાદન કરાય છે. આના ભાવાર્થને અમે જાણતા નથી, એ પ્રકારનો ભાવ છે. ॥૧૪૭॥

અવતરણિકા :-

सूरिराह—उत्सर्गतो न कल्पते पार्श्वस्थादीनां वन्दनं तथापि कारणतः कल्पत इति पूर्वापरा-विरोधस्तथाहि —

**અવતરણિકાર્થ :-**

સૂરિ કહે છે – ઉત્સર્ગથી પાસત્થાદિને વંદન કલ્પતું નથી તોપણ કારણથી કલ્પે છે. એથી પૂર્વાપર અવિરોધ છે=પૂર્વમાં પાસત્થાદિને વંદનનો નિષેધ કર્યો અને પાછળથી વંદન ન કરવામાં પ્રાયશ્ચિત્ત કહ્યું તેનો અવિરોધ છે. તે આ પ્રમાણે=કારણથી વંદન કઈ રીતે કલ્પે છે, તે 'तथाहि'થી બતાવે છે –

**ગાથા :-**

गच्छपरिरक्खणट्ठा, अणागयं आउवायकुसलेणं ।
एवं गणाहिवइणा, सुहसीलगवेसणा कज्जा ।।१४८।।

**અન્વયાર્થ :-**

गच्छपरिरक्खणट्ठा=ગચ્છના પરિરક્ષણ માટે, अणागयं=અનાગત=દુષ્કાળાદિ કારણ ઉત્પન્ન થયે પૂર્વે, आउवायकुसलेणं गणाहिवइणा=આય=ઉપાયમાં કુશળ એવા ગણાધિપતિ વડે, एवं=આ રીતે=આગળમાં, सुहसीलगवेसणा कज्जा=સુખશીલ ગવેષણા કરવી જોઈએ. ।।૧૪૮।।

**ગાથાર્થ :-**

ગચ્છના પરિરક્ષણ માટે અનાગત=દુષ્કાળાદિ કારણ ઉત્પન્ન થયે પૂર્વે, આય=ઉપાયમાં કુશળ એવા ગણાધિપતિ વડે આ રીતે=આગળમાં બતાવાશે એ રીતે, સુખશીલ ગવેષણા કરવી જોઈએ. ।।૧૪૮।।

**ટીકા :-**

'गच्छ'त्ति । अवमराजद्विष्टादिषु ग्लानत्वे वा यदशनपानाद्युपग्रहकरणेन गच्छपरिपालनं तदर्थमनागतमवमादिकारणेऽनुत्पन्न एव 'आयोपायकुशलेन' आयो नामपार्श्वस्थादेः पार्श्वान्निष्प्रत्यूहसंयमपालनादिको लाभः, उपायो नामतथा कथमपि करोति यथा तेषां वन्दनकमददान एव शरीरवार्तां गवेषयति, न च तथाक्रियमाणे तेषामप्रीतिकमुपजायते प्रत्युत स्वचेतसि ते चिन्तयन्ति—अहो ! एते स्वयं तपस्विनोऽप्येवमस्मासु स्निह्यन्ति, तत एतयोरायोपाययोः कुशलेन गणाधिपतिना 'एवं' वक्ष्यमाणप्रकारेण सुखशीलानां गवेषणा कार्या ।।१४८।।

**ટીકાર્થ :-**

अवमराजद्विष्टादिषु ..... कार्या ।। અવમરાજદ્વિષ્ટાદિષુ=દુષ્કાળ અને રાજા દ્વેષાદિવાળા હોય તેવા સ્થાનમાં અથવા ગ્લાનત્વમાં જે અશન-પાનાદિમાં ઉપગ્રહના કરણથી ગચ્છનું પરિપાલન તેના માટે પાસત્થાદિને અભ્યુત્થાનાદિ કરવું જોઈએ, એમ અન્વય છે. કોના વડે અભ્યુત્થાન કરવું જોઈએ ? તે સ્પષ્ટ કરતાં કહે છે. અનાગત જ=દુષ્કાળાદિ કારણ અનુત્પન્ન થયે છતે જ, આયોપાયકુશળ એવા

**ગણાધિપતિ વડે સુખશીલ ગવેષણા કરવી જોઈએ એમ અન્વય છે. આયોપાયકુશલનો અર્થ સ્પષ્ટ કરે છે. આય એટલે પાસત્થાદિ પાસેથી ઉપદ્રવ રહિત સંયમ પાલનાદિક લાભ. ઉપાય એટલે તે પ્રકારે કંઈક પણ કરે છે જેથી તેઓને વંદનક નહિ આપ્યે છતે પણ શરીરવાર્તા પૂછે છે અને તે પ્રમાણે કરાયે છતે=વંદનક કર્યા વગર પાસત્થાદિની શરીરવાર્તા પુછાયે છતે, તેઓને=પાસત્થાદિને, અપ્રીતિ થતી નથી. ઊલટું સ્વચિત્તમાં તેઓ વિચારે છે. અહો ! આ=સુસાધુઓ, સ્વયં તપસ્વી પણ= સંયમમાં ઉત્થિત પણ, આ રીતે=અમારી શરીરવાર્તા પૂછે છે એ રીતે, અમારામાં સ્નેહ કરે છે. તેથી= શરીરવાર્તા પૂછવાથી તેઓને સુસાધુ પ્રત્યે પ્રીતિ થાય છે તેથી, આયોપાયમાં કુશલ એવા ગણાધિપતિ વડે આ રીતે=આગળમાં બતાવે છે એ પ્રકારથી, સુખશીલ એવા પાસત્થાદિની ગવેષણા કરવી જોઈએ=શરીરવાર્તા પૂછવા રૂપ ગવેષણા કરવી જોઈએ. ।।૧૪૮।।**

**ભાવાર્થ :-**

કોઈ વિશિષ્ટ કારણ ન હોય તો સાધુને પાસત્થાદિને વંદન કરવું કલ્પતું નથી, તેમની સાથે આલાપ-સંલાપ પણ કરવો કલ્પતો નથી અને તેઓ જ્યાં વસતા હોય તે સ્થાનથી દૂર જ રહેવું જોઈએ. જેથી અન્ય કોઈ સાધુને તે પાસત્થાદિના સંસ્કારો પ્રાપ્ત થાય નહિ. વળી, કોઈક કારણે તેઓ સન્મુખાદિ મળે તો તેમની સાથે વાર્તાલાપ કરવો ઉચિત નથી. આમ છતાં, કોઈક સંયોગથી તે નગરાદિમાં દુષ્કાળ હોય, રાજા સાધુનો દ્વેષી હોય અને ત્યાં જ તે સાધુઓને રહેવાનો પ્રસંગ હોય અને તે સ્થાનમાં પાસત્થાદિ સાધુઓનો ઘણો પ્રભાવ હોય. જેથી તે આપત્તિમાંથી પાસત્થાદિ અનુકૂળ રહે તો ગચ્છ નિસ્તાર પામી શકે તેમ જણાય, ત્યારે તેવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય તેના પૂર્વે જ લાભ અને ઉપાયમાં કુશળ એવા ગણાધિપતિ સાધુ તે પાસત્થાદિને વંદનાદિ કર્યા વગર માત્ર શરીરવાર્તાદિની પૃચ્છા કરે અને તે પાસત્થાદિ પણ કંઈક ક્લિષ્ટ કર્મવાળા હોવા છતાં અતિ ક્લિષ્ટ કર્મવાળા ન હોય. તેથી વિચારે કે આ સુસાધુઓ સંયમમાં ઉત્થિત છે, અમે તેવા ઉત્થિત નથી છતાં અમારા પ્રત્યે પ્રીતિ ધારણ કરીને શરીરવાર્તાને પૂછે છે. તેથી તે સાધુઓ પ્રત્યે પાસત્થાદિને પ્રીતિ થવાથી તેવા વિષમ સંયોગોમાં પાસત્થાદિના અવલંબનથી સુસાધુઓના સંયમનો નિસ્તાર થાય છે. જેથી ગચ્છના સાધુઓ ઉપદ્રવ રહિત સમિતિ-ગુપ્તિમાં ઉદ્યમ કરી શકે છે. વળી, સંયમવૃદ્ધિના ઉપાયભૂત તે પાસત્થાદિની સાથે આલાપ-સંલાપરૂપ પ્રવૃત્તિઓ છે માટે ગુણવૃદ્ધિનું કારણ છે. આથી જ તેવા સંયોગમાં ગણાધિપતિ તે પ્રવૃત્તિ ન કરે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે; કેમ કે ગચ્છના હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરવાથી જ નિર્જરા થાય છે અને તેવી ઉચિત પ્રવૃત્તિ પાસત્થાદિને પૃચ્છા કરવા સ્વરૂપ જ છે. તેથી તેવા સંયોગોમાં પાસત્થાદિને પૃચ્છા નહિ કરવાથી જે અનર્થ થાય તેના નિવારણનો ઉચિત ઉપાય ન કર્યો તે અનુચિત પ્રવૃત્તિરૂપ છે માટે પ્રાયશ્ચિત્ત આવે છે.

સામાન્યથી સુસાધુએ પાસત્થાને જોઈને તેનાથી દૂર રહેવું જોઈએ. એટલી જ ઉપસ્થિતિ થાય અને ભવિષ્યમાં તેના કારણે ગચ્છને કઈ રીતે સંયમની પ્રવૃત્તિમાં વિઘ્નો ઊભાં થશે, તેનું સ્મરણ ન થાય અથવા પાસત્થાદિ તેનું નિવારણ કરી શકે તેમ છે ઇત્યાદિ સ્મરણ ન થાય તો ઉત્સર્ગમાર્ગનું અવલંબન લઈને તે

ગણાધિપતિ પણ ક્યારેક પાસત્થાદિની ઉપેક્ષા કરે, તેનો સંભવ છે અને તેને સામે રાખીને જ ગાથા-૧૪૬માં કહ્યું કે વિદ્યમાન કારણ હોવા છતાં પાસત્થાદિને અભ્યુત્થાનાદિ નહિ કરવાને કારણે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે. **॥૧૪૮॥**

**અવતરણિકા :-**

**तत्र येषु स्थानेषु कर्त्तव्या तानि दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=પૂર્વગાથામાં કહ્યું કે વક્ષ્યમાણ પ્રકારથી પાસત્થાદિની સુખશીલતાની ગવેષણા કરવી જોઈએ ત્યાં, જે સ્થાનોમાં કર્તવ્ય છે=સુખશીલતાની ગવેષણા જે સ્થાનોમાં કર્તવ્ય છે તે સ્થાનો બતાવે છે –**

**ગાથા :-**

**बाहिं आगमणपहे, उज्जाणे देउले सभाए वा ।**
**रच्छउवस्सयबहिया, अंतो जयणा इमा होइ ।।१४९।।**

**અન્વયાર્થ :-**

**बाहिं=બાહ્યમાં, आगमणपहे=આગમનપથમાં, उज्जाणे=ઉદ્યાનમાં, देउले=દેવકુલમાં, सभाए वा=અથવા સભામાં=સમવસરણમાં, रच्छउवस्सयबहिया=શેરીમાં, ઉપાશ્રયની બહારમાં, अंतो=અંદરમાં, जयणा इमा होइ=આ જયણા હોય છે=આગળની ગાથામાં બતાવે છે એ જયણા હોય છે. ॥૧૪૯॥**

**ગાથાર્થ :-**

**બાહ્યમાં આગમનપથમાં, ઉદ્યાનમાં, દેવકુલમાં, અથવા સભામાં=સમવસરણમાં, શેરીમાં, ઉપાશ્રયની બહારમાં અને અંદરમાં આ જયણા હોય છે=આગળની ગાથામાં બતાવે છે એ જયણા હોય છે. ॥૧૪૯॥**

**ટીકા :-**

**'बाहिं'ति । यत्र ते ग्रामनगरादौ तिष्ठन्ति तस्य बहिःस्थितो यदा तान् पश्यति तदा निराबाधवार्त्तां गवेषयति, यदा वा ते भिक्षाचर्यादौ तत्रागच्छन्ति तदा तेषामागमनपथे स्थित्वा गवेषणं करोति । एवमुद्याने दृष्टानां चैत्यवन्दननिमित्तं गतैर्देवकुले वा समवसरणे वा दृष्टानां रथ्यायां वा भिक्षा-मटतामभिमुखागमने मिलितानां वार्त्ता गवेषणीया । कदाचित् ते पार्श्वस्थादयो ब्रवीरन्-अस्माकं प्रतिश्रये कदापि नागच्छत, ततस्तदनुवृत्त्या तेषां प्रतिश्रयमपि गत्वा तत्रोपाश्रयस्य बहिः स्थित्वा सर्वमपि निराबाधतादिकं गवेषयितव्यम् । अथ गाढतरं ते निर्बन्धं कुर्वन्ति ततः 'अन्तर्'**

उपाश्रयस्याभ्यन्तरेऽपि प्रविश्य गवेषयतां साधूनाम् 'इयम्' वक्ष्यमाणा पुरुषविशेषवन्दनविषया यतना भवति ।।१४९।।

**ટીકાર્થ :-**

यत्र ..... भवति ।। જ્યાં ગ્રામ-નગરાદિમાં તેઓ રહે છે, તેની બહિર્‌માં રહેલ=તે ગ્રામ-નગરાદિની બહારમાં રહેલ, જ્યારે ગણાધિપતિ તેઓને જુએ છે=પાસત્થાદિને જુએ છે, ત્યારે નિરાબાધ વાર્તાની ગવેષણા કરે છે અર્થાત્ તમારો દેહ બાધા વગર વર્તે છે ? એ પ્રકારે પૃચ્છા કરે છે અથવા જ્યારે તેઓ=પાસત્થાદિ, ભિક્ષાચર્યાદિમાં ત્યાં=પોતે છે તે સ્થાનમાં, આવે છે, ત્યારે તેઓના આગમનપથમાં રહીને ગવેષણા કરે છે. આ રીતે ચૈત્યવંદન નિમિત્તે ગયેલા એવા સાધુઓ વડે ઉદ્યાનમાં જોવાયેલા પાસત્થાદિને અથવા દેવકુલમાં અથવા સમવસરણમાં જોવાયેલા પાસત્થાદિને અથવા શેરીમાં ભિક્ષા માટે ફરતા અભિમુખ આગમનમાં મળેલા એવા પાસત્થાદિની વાર્તા ગવેષણા કરવી જોઈએ. કદાચિત્ તે પાસત્થાદિ કહે – અમારી વસ્તીમાં ક્યારેય પણ આવતા નથી અર્થાત્ સુસાધુને પાસત્થાદિ કહે કે અમારી વસ્તીમાં તમો ક્યારેય આવતા નથી. તેથી તેની અનુવૃત્તિથી=પાસત્થાદિના આગ્રહથી, તેઓના ઉપાશ્રય પર જઈને ત્યાં=તે સ્થાનમાં, ઉપાશ્રયની બહાર રહીને સર્વ પણ નિરાબાધતાદિથી ગવેષણા કરવી જોઈએ. હવે, ગાઢતર તેઓ આગ્રહ કરે છે=પોતાની વસ્તીમાં આવવા માટે આગ્રહ કરે છે તો અંદર=ઉપાશ્રયના અભ્યંતરમાં પ્રવેશ કરીને, ગવેષણા કરતા સાધુઓને આગળમાં કહેવાશે, એ પુરુષવિશેષ વંદન વિષયક યતના થાય છે. ।।૧૪૯।।

**અવતરણિકા :-**

तत्र पुरुषविशेषं तावदाह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=પૂર્વગાથાના અંતે કહ્યું કે ઉપાશ્રયની અંદર પ્રવેશીને ગવેષણા કરતાં સાધુઓની પુરુષવિશેષની વંદના વિષયક આ યતના છે એ કથનમાં, પુરુષવિશેષને બતાવે છે –

**ગાથા :-**

मुक्कधुरा संपागडअकिच्चे चरणकरणपरिहीणे ।
लिंगावसेसमित्ते, जं कीरइ तारिसं वुच्छं ।।१५०।।

**અન્વયાર્થ :-**

मुक्कधुरा=મુક્ત ધુરાવાળા, संपागडअकिच्चे=સંપ્રગટ અકૃત્ય કરનારા, चरणकरणपरिहीणे=ચરણકરણથી પરિહીન, लिंगावसेसमित्ते=લિંગ અવશેષમાત્ર એવા સાધુવેશધારીમાં, जं कीरइ=જે વંદન કરાય છે=અપવાદથી વંદન કરાય છે, तारिसं वुच्छं=તેવા પ્રકારનાને હું કહીશ. ।।૧૫૦।।

**ગાથાર્થ :-**

**મુક્ત ધુરાવાળા સંપ્રગટ અકૃત્ય કરનારા ચરણકરણથી પરિહીન લિંગ અવશેષમાત્ર એવા સાધુવેશધારીમાં જે વંદન કરાય છે=અપવાદથી વંદન કરાય છે, તેવા પ્રકારનાને હું કહીશ. ||૧૫૦||**

**ટીકા :-**

**'मुक्कधुर'त्ति । धूः-संयमधुरा सा मुक्ता-परित्यक्ता येन स मुक्तधुरः, संप्रकटानि-प्रवचनोपघात-निरपेक्षतया समस्तजनप्रत्यक्षाणि अकृत्यानि-मूलोत्तरगुणप्रतिसेवनारूपाणि यस्य स संप्रकटाकृत्यः, अत एव चरणेन-व्रतादिना करणेन-पिण्डविशुद्ध्यादिना परिहीनो य ईदृशस्तस्मिन् 'लिङ्गावशेषमात्रे' केवलद्रव्यलिङ्गयुक्ते 'यत्' यादृशं वन्दनं क्रियते तादृशमहं वक्ष्ये ।।१५०।।**

**ટીકાર્થ :-**

**धूः-संयमधुरा ..... भवति ।। સંયમધુરા તે મુકાઈ છે=પરિત્યાગ કરાઈ છે જેના વડે તે મુક્ત ધુરાવાળા, સંપ્રગટ=પ્રવચન ઉપઘાતનિરપેક્ષપણાથી સમસ્તજન પ્રત્યક્ષ, અકૃત્યો=મૂલઉત્તરગુણ પ્રતિસેવનારૂપ અકૃત્યો છે જેને તે સંપ્રગટ અકૃત્યવાળા. આથી જ ચારિત્રથી=વ્રતાદિથી, કરણથી= પિંડવિશુદ્ધિ આદિરૂપ કરણથી પરિહીન જે છે એવા તેમાં લિંગ અવશેષમાત્રમાં=કેવલ દ્રવ્યલિંગયુક્તમાં, જેવું વંદન કરાય છે, તેવું હું કહું છું. ||૧૫૦||**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ પાસત્થાદિ હોય તેમાં પણ તરતમતાના અનેક ભેદો પડે છે. તેમાં કેવા પુરુષવિશેષને આશ્રયીને અપવાદથી વંદનાદિની પ્રવૃત્તિ કર્તવ્ય છે, તે બતાવે છે. તેનાથી અર્થથી ફલિત થાય કે આવા અતિદોષથી અલ્પદોષવાળા માટે પણ અપવાદથી વંદનાદિની પ્રવૃત્તિ સંભવે છે. પરંતુ જેઓએ સમિતિ-ગુપ્તિરૂપ સંયમની ધૂરા સંપૂર્ણ મૂકી દીધી છે તેવા છે વળી, મારી પ્રવૃત્તિથી પ્રવચનનો ઉપઘાત થાય છે તેના પ્રત્યે નિરપેક્ષ પરિણામવાળા છે અને તેના કારણે પ્રગટ અકૃત્યો સેવે છે અને વ્રતોનો પરિણામ સર્વથા નથી, પિંડવિશુદ્ધિ આદિમાં યત્ન કરતા નથી, લિંગમાત્ર અવશેષ છે, એવા પણ પાસત્થાદિને કેવી રીતે અપવાદથી વંદન કરાય, તે હવે પછી ગ્રંથકારશ્રી કહેશે. **||૧૫૦||**

**ગાથા :-**

**वायाइ नमुक्कारो, हत्थुस्सेहो अ सीसनमणं च ।**
**संपुच्छण अच्छण छोभवंदणं वंदणं वा वि ।।१५१।।**

**અન્વયાર્થ :-**

**वायाइ नमुक्कारो=વાચાથી નમસ્કાર, हत्थुस्सेहो अ=હાથ ઊંચા કરવા રૂપ નમસ્કાર, सीसनमणं च=**

શીર્ષનમનરૂપ નમસ્કાર, संपुच्छण=સંપૃચ્છા, अच्छण=અચ્છણ=પર્યુપાસના, छोभवंदणं वंदणं वा वि=થોભવંદન અથવા વંદન. ।।૧૫૧।।

**ગાથાર્થ :-**

વાચાથી નમસ્કાર, હાથ ઊંચા કરવા રૂપ નમસ્કાર, શીર્ષનમનરૂપ નમસ્કાર, સંપૃચ્છા, અચ્છણ=પર્યુપાસના, થોભવંદન અથવા વંદન. ।।૧૫૧।।

**ટીકા :-**

'वायाइ'त्ति । बहिरागमनपथादिषु दृष्टस्य पार्श्वस्थादेर्वाचा नमस्कारः क्रियते-वन्दामहे भगवन्तं वयमित्येवमुच्चार्यत इत्यर्थः । अथासौ विशिष्टतर उग्रतरस्वभावो वा ततो वाचा नमस्कृत्य 'हस्तोत्सेधम्' अञ्जलिं कुर्यात् । ततोऽपि विशिष्टतरेऽत्युग्रस्वभावे वा द्वावपि वाग्नमस्कारहस्तोत्सेधौ कृत्वा तृतीयं शीर्षप्रणामं करोति । एवमुत्तरोत्तरविशेषकरणे पुरुषकार्यभेदः प्राक्तनोपचारानुवृत्तिश्च द्रष्टव्या । 'संपुच्छणं'ति पुरतः स्थित्वा भक्तिमिव दर्शयता शरीरवार्तायाः संपृच्छनं कर्त्तव्यं-कुशलं भवतां वर्त्तते ? इति । 'अच्छणं'ति शरीरवार्त्तां पृष्ट्वा क्षणमात्रं पर्युपासनम्, अथवा पुरुषविशेषं ज्ञात्वा तदीयप्रतिश्रयमपि गत्वा छोभवन्दनं संपूर्णं वा वन्दनं दातव्यम् ।।१५१।।

**ટીકાર્થ :-**

बहिरागमनपथादिषु ..... दातव्यम् ।। બહિર્ આગમનપથાદિમાં જોવાયેલા પાસત્થાદિને વાણીથી નમસ્કાર કરાય છે. ભગવાન એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ. એ પ્રમાણે ઉચ્ચારણ કરાય છે. હવે આ=પાસત્થાદિ, વિશિષ્ટતર અથવા ઉગ્રતર સ્વભાવવાળા છે અર્થાત્ વાણીના નમસ્કારથી સંતોષ પામે તેવા સ્વભાવવાળા નથી તેથી વિશિષ્ટતર છે અથવા તેટલા કથનથી પણ તેઓ સાધુઓ પ્રત્યે ઉગ્રતર રહે તેવા સ્વભાવવાળા છે તો વાણીથી નમસ્કાર કરીને હાથના ઉત્સેધને=અંજલિને, કરે. તેથી પણ વિશિષ્ટતર અથવા અતિ ઉગ્ર સ્વભાવ હોતે છતે બંને પણ=વાગ્ નમસ્કાર અને અંજલિને કરીને, ત્રીજું મસ્તકનું પ્રણામ કરે. આ રીતે ઉત્તર ઉત્તર વિશેષકરણમાં પુરુષના કાર્યનો ભેદ અને પૂર્વના ઉપચારની અનુવૃત્તિ જાણવી=પ્રથમ નમસ્કારથી સંતોષ ન પામે તેવા પાસત્થાને ઉત્તરોત્તર વિશેષ નમસ્કાર કરવાથી સંતોષની પ્રાપ્તિરૂપ કાર્યભેદ પ્રાપ્ત થાય છે અને પ્રથમ નમસ્કારની બીજામાં અનુવૃત્તિ પ્રાપ્ત થાય છે. જેમ પ્રથમ નમસ્કારમાં "ભગવંતને અમે નમસ્કાર કરીએ છીએ" એટલો જ નમસ્કાર કર્યો. જ્યારે બીજા નમસ્કારમાં પ્રથમ નમસ્કારની અનુવૃત્તિ સહિત "અંજલિ જોડાણ" રૂપ વિશેષ ઉપચાર કરાય છે. આગળમાં રહીને જાણે ભક્તિને બતાવતાં શરીરવાર્તાનું પૃચ્છન કરવું જોઈએ=તમે કુશલ વર્તો છો, એમ પૃચ્છા કરવી જોઈએ અર્થાત્ સુસાધુના હૈયામાં નિર્ગુણ એવા પાસત્થામાં પરમાર્થથી ભક્તિ નથી તોપણ તેનાથી ગચ્છને જે લાભ થશે, તેના પ્રયોજનથી પાસત્થાની સન્મુખ રહીને ભક્તિ નહિ હોવા છતાં જાણે ભક્તિ છે, તેમ બતાવતા સાધુ

**કુશલ વાર્તા પૂછે. 'अच्छणं'નો અર્થ કરે છે. શરીરવાર્તાને પૂછીને ક્ષણમાત્ર પર્યુપાસન કરે છે અર્થાત્ તેમના સાન્નિધ્યમાં રહીને જાણે તેમના પ્રત્યે ભક્તિની અભિવ્યક્તિ થતી હોય તેમ થોડી વાર સેવા કરે છે અથવા પુરુષવિશેષને જાણીને=આ પાસત્થાદિ આટલાથી તોષ પામે તેવા નથી અને સુસાધુને તે સ્થાનમાં જે પ્રયોજન છે તેની નિષ્પત્તિમાં પ્રબલ કારણ આ પાસત્થાદિ છે એ રૂપ પુરુષવિશેષને જાણીને, તેમના ઉપાશ્રયમાં પણ જઈને થોભવંદન કરવું જોઈએ અથવા સંપૂર્ણ વંદન કરવું જોઈએ. ॥૧૫૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે મુક્ત ધુરા આદિ અત્યંત અસંયમી સાધુ હોય તેવા પણ તે તે ક્ષેત્રમાં સુસાધુને સંયમમાં ઉપષ્ટંભક થઈ શકે તેવા હોય તો તેમને વંદન કરવું જોઈએ. તેથી ફલિત થાય કે તેવા અતિદોષવાળા ન હોય તોપણ પાસત્થાદિને નિષ્કારણ વંદન ન કરવું જોઈએ અને કારણ હોય તો તેઓ તો વંદનીય છે પણ લિંગ અવશેષ માત્ર છે તેવાને પણ કારણે વંદન કરવું જોઈએ. તે વંદનની ક્રિયામાં તેઓનું લિંગ જોઈને વંદન કરાતું નથી કે નિર્ગુણ એવા તેઓમાં ગુણનું આરોપણ કરીને વંદન કરાતું નથી. પરંતુ ગચ્છના સુસાધુઓના રક્ષણના ઉપાયરૂપે તેઓને વંદન કરાય છે. તેથી તે વંદનની ક્રિયા પણ દ્રવ્યથી જ વંદનની ક્રિયા છે. વળી, તેવી ધુરાવાળા કેટલાક સાધુ પણ વાચા નમસ્કારથી સંતોષ પામે તેવા હોય છે. તેમને આશ્રયીને માત્ર વાચા નમસ્કાર જ કરાય છે; કેમ કે તેટલો નમસ્કાર જ સાધુના પોતાના પ્રયોજનનો સાધક છે.

વળી, કોઈક પાસત્થાદિ તેટલા નમસ્કારથી સંતોષ પામે તેવા નથી, ઉગ્રતર સ્વભાવવાળા છે તો તેઓના તોષ અર્થે વાચા નમસ્કાર અને અંજલિ બંને કરાય છે. પરંતુ શીર્ષ નમસ્કાર કરાતો નથી. વળી, કોઈક પાસત્થા તેટલાથી પણ સંતોષ પામે તેવા નથી તો શીર્ષ નમસ્કાર કરાય છે. આ ત્રણેય નમસ્કારમાં શરીરવાર્તાની પૃચ્છા નથી છતાં તેટલાથી સંતોષ ન પામે તેવા પાસત્થાને ત્રણેયથી યુક્ત એવી શરીરવાર્તા પુછાય છે. જેથી તેઓને થાય કે આ સાધુ મારા પ્રત્યે ભક્તિવાળા છે. વળી, તેટલાથી પણ સંતોષ ન પામે તેવા પાસત્થાની અલ્પ કાળ પર્યુપાસના પણ કરાય છે. જેમ ત્યાં બેસીને શરીરવાર્તા પણ પૂછે અને તેમનું આસનાદિ લાવી આપીને કે તેમનો દાંડો આદિ મૂકીને ભક્તિ અભિવ્યક્ત કરાય છે. વળી, પુરુષવિશેષને જાણીને તેમની વસ્તીમાં જઈને થોભવંદન કે સંપૂર્ણ વંદન પણ કરાય છે. જેનાથી સાધુનું ઇષ્ટફળ સિદ્ધ થાય. આ સર્વ કૃત્યમાં સાધુ પોતાના સંયમની વૃદ્ધિના પ્રયોજનમાં ઉપયોગી હોય તેટલી જ બાહ્ય ઉચિત ક્રિયા કરે છે. તેથી તે વંદનની ક્રિયાથી પણ સાધુને નિર્જરાની પ્રાપ્તિ થાય છે; કેમ કે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને ગચ્છના સંયમની વૃદ્ધિના અંગરૂપે આ સર્વ કૃત્ય છે. તેથી પાસત્થાના દોષોની લેશ પણ અનુમોદનાની પ્રાપ્તિ નથી અને તેવું કોઈ પ્રયોજન ન હોય છતાં આ સાધુવેશમાં છે માટે મારે વંદન કરવું જોઈએ, તેમ માનીને સાધુ તેમને વંદન કરે તો તેઓના પ્રમાદસ્થાનની અનુમોદનાની પ્રાપ્તિ થાય. જેમ વીર ભગવાને બીજાધાન અર્થે બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યું. તેથી તે વસ્ત્રદાન અધિકરણ બન્યું નહિ અને તેવું કારણ ન હોત અને ભગવાને વસ્ત્રદાન કર્યું હોત તો ગૃહસ્થના આરંભમાં અનુમોદનની પ્રાપ્તિ તે

વસ્ત્રદાનથી થાય. તેથી વસ્ત્રદાન અધિકરણ બને. તેમ નિષ્કારણ પાસત્થાદિને વંદનની ક્રિયા કર્મબંધનું કારણ બને. **॥૧૫૧॥**

**અવતરણિકા :-**

**अथ किमर्थं प्रथमतो वाचैव नमस्कारः क्रियते ? कारणाभावे वा किमिति मूलत एव कृतिकर्म न क्रियते ? इत्याशङ्क्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે, કયા પ્રયોજનથી પ્રથમથી વાચા વડે જ નમસ્કાર કરાય છે ? અથવા કારણના અભાવમાં= પાસત્થાદિને વંદન કરવાના કારણના અભાવમાં, કયા કારણથી મૂળથી જ કૃતિકર્મ કરાતું નથી ?= વાચા આદિ કોઈ પ્રકારનો નમસ્કાર કરાતો નથી. એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ગાથા :-**

**जइ णाम सूइओ मि त्ति वज्जिओ वावि परिहरइ कज्जं ।**
**इति वि हु सुहसीलजणो, परिहज्जो अणुमती मा सा ।।१५२।।**

**અન્વયાર્થ :-**

**जइ णाम सूइओ=જો ખરેખર હું સૂચિત છું, मि त्ति वज्जिओ वावि=એથી અથવા વર્જિત છું. એથી, परिहरइ कज्जं=કાર્યનો પરિહાર કરે છે=પાસત્થા સુખશીલ વિહારિતાનો પરિહાર કરે છે, इति वि हु=આ રીતે પણ, सुहसीलजणो परिहज्जो=સુખશીલજન પરિહરણીય છે, अणुमती मा सा=તે અનુમતિ ન થાઓ. ।।૧૫૨।।**

**ગાથાર્થ :-**

**જો ખરેખર હું સૂચિત છું. એથી અથવા વર્જિત છું એથી કાર્યનો પરિહાર કરે છે=પાસત્થા સુખશીલ વિહારિતાનો પરિહાર કરે છે. આ રીતે પણ સુખશીલજન પરિહરણીય છે. તે અનુમતિ ન થાઓ. ।।૧૫૨।।**

**ટીકા :-**

**'जइ नाम'त्ति । यदि नाम कश्चित्पार्श्वस्थादिर्वाग्नमस्कारमात्रकरणे अहो ! 'सूचितः तिरस्कृतोऽहममुना भङ्ग्यन्तरेणेति सर्वथा कृतिकर्माकरणेन वा 'वर्जितः' परित्यक्तोऽहममीभिरिति पराभवं मन्यमानः सुखशीलविहारितां परिहरति 'इत्यपि' एवंविधमपि कारणमवलम्ब्य परिहार्यः कृतिकर्मणि सुखशीलजनः' न केवलं पूर्वोक्तं दोषजालमाश्रित्येत्यपि शब्दार्थः । अपि च तस्य कृतिकर्मणि विधीयमाने तदीयसावद्यक्रियाया अप्यनुमतिः कृता भवतीत्यतः सा मा भूदिति बुद्ध्याऽपि न वन्दनीयोऽसौ ।।१५२।।**

**ટીકાર્થ :-**

**यदि ..... योऽसौ ।। જો કોઈ પાસત્થાદિ વાગ્ નમસ્કારમાત્રના કરણમાં "અહો ! હું આમના વડે તિરસ્કાર કરાયેલો ભંગ્યંતરથી સૂચિત છું" અર્થાત્ વાગ્ નમસ્કાર કર્યો પણ અન્ય કરાયો નથી એ રૂપ ભંગ્યંતરથી આ સાધુ દ્વારા હું તિરસ્કાર કરાયેલો સૂચિત છું એથી અથવા સર્વથા કૃતિકર્મના અકરણથી હું આમના દ્વારા વર્જિત છું=પરિત્યાગ કરાયો છું એ પ્રકારે પરાભવને માનતા કોઈક પાસત્થાદિ સુખશીલ વિહારિતાનો પરિહાર કરે છે અર્થાત્ પૂર્વમાં પ્રમાદી હોવા છતાં કંઈક હળુકર્મી હોવાથી સુસાધુ દ્વારા આ પ્રકારના તિરસ્કારના બળથી પોતાના પ્રમાદભાવનો પરિહાર કરે છે અને સુસાધુની જેમ ઉદ્યતવિહારી બને છે. આવા પ્રકારના પણ કારણને અવલંબીને=અન્ય પ્રકારનાં કારણોને અવલંબીને તો પાસત્થાદિને અન્ય પ્રકારના વંદનનો પરિહાર કરાય છે પરંતુ તે પાસત્થાને માર્ગમાં લાવવાના પ્રયોજનને અવલંબીને, સુખશીલજન કૃતિકર્મમાં પરિહાર્ય છે. કેવલ પૂર્વમાં કહેલા દોષના સમૂહને આશ્રયીને નહિ, એ પ્રકારે अपि શબ્દનો અર્થ છે અને વળી તેને=પાસત્થાદિને, વંદનાદિ કરાયે છતે તેની સાવદ્યાદિ ક્રિયાની પણ અનુમતિ કરાયેલી થાય છે. આથી તે=સાવદ્યની અનુમતિ ન થાઓ એ બુદ્ધિથી પણ આ=પાસત્થાદિ, વંદનીય નથી. ।।૧૫૨।।**

**ભાવાર્થ :-**

કોઈ પાસત્થા સાધુને તેનાથી સંયમ રક્ષાદિનું કોઈક વિશિષ્ટ પ્રયોજન હોય ત્યારે સુસાધુ તેઓને માત્ર વાગ્ નમસ્કાર કરે. અન્ય નમસ્કાર ન કરે. તેટલાથી તે સંતોષ પામીને સુસાધુના ઉપદ્રવનું નિવારણ કરવા માટે યત્નવાળા થાય છે. તેથી પાસત્થાદિને પ્રથમ માત્ર વાણીથી નમસ્કાર કરાય છે. એમ પૂર્વગાથામાં કહ્યું. વળી, કેટલાક પાસત્થા પ્રમાદી હોવા છતાં આ પ્રકારે માત્ર વાણીથી તેમને નમસ્કાર કરવામાં આવે અને પર્યાયથી પાસત્થાદિ મોટા હોવા છતાં સુસાધુથી અન્ય પ્રકારે તેમને નમસ્કાર ન કરવામાં આવે ત્યારે પાસત્થાને વિચાર આવે છે કે માત્ર વાણીનો નમસ્કાર કરીને આ મહાત્માએ મારા અસંયમ પર્યાયનો તિરસ્કાર કર્યો છે. તેથી તે પાસત્થાદિમાં કંઈક યોગ્યતા હોવાને કારણે દ્વેષ થતો નથી. પરંતુ પોતાના પરાભવને સંવેગના કારણરૂપે ગ્રહણ કરીને તે મહાત્મા સુખશીલ વિહારિતાનો પરિહાર કરે છે. આ કારણથી પણ પાસત્થાદિને આદિમાં વાણીથી જ નમસ્કાર કરાય છે; કેમ કે સુસાધુ દયાળુ ચિત્તવાળા હોય છે અને પાસત્થાની પ્રમાદી આચરણા જોઈને પણ જો પોતાની તે પ્રકારની પ્રવૃત્તિથી તેમનું હિત જણાય તો અથવા હિતની સંભાવના જણાય તો પ્રથમ વાણીથી જ નમસ્કાર કરે છે. વળી, કોઈ પાસત્થામાં સુસાધુની આપત્તિના નિવારણનું સામર્થ્ય ન હોય તેવા પાસત્થા સન્મુખ પ્રાપ્ત થાય ત્યારે પણ સર્વથા કૃતિકર્મનું વર્જન કરવાથી તે પાસત્થાદિમાં કંઈક યોગ્યતા હોય તો તે પરાભવને પામીને સંવેગવાળા થાય છે અને વિચારે છે કે આ મહાત્માએ મને વંદન કરવાનું વર્જન કરીને હું પ્રમાદી છું, તેનો મને બોધ કરાવ્યો છે. તેથી, તે પ્રમાદનો પરિહાર કરીને તે પાસત્થાદિ સંયમમાં ઉદ્યમવાળા બને છે. આ કારણથી પણ સુસાધુ પાસત્થાદિને વંદન કરતા નથી. માત્ર પૂર્વમાં કહેલા પાસત્થાદિને વંદન કરવાથી દોષો પ્રાપ્ત થાય છે તેને આશ્રયીને જ વંદનનો પરિહાર કરતા નથી. તેથી અર્થથી એ ફલિત થાય કે સુસાધુ પાસત્થાદિના હિતની

સંભાવનાને સામે રાખીને પણ સર્વથા કૃતિકર્મનો પરિહાર કરે છે અથવા પાસત્થાદિને વંદન કરવાથી પૂર્વમાં ગાથા-૧૨૪માં કહેલા સર્વ દોષોની પ્રાપ્તિ થાય છે, તે પ્રયોજનથી પણ પાસત્થાદિને વંદન કરતા નથી.

વળી, પાસત્થાદિને વંદન કરાયે છતે તેઓની સાવદ્ય ક્રિયાની અનુમતિની પણ પ્રાપ્તિ થાય છે; કેમ કે વંદ્ય વ્યક્તિમાં રહેલા ગુણોને આશ્રયીને જ વંદન કરવાથી ગુણોની અનુમોદના થાય છે, તેથી નિર્જરા થાય છે. તેમ વંદ્ય વ્યક્તિમાં સ્પષ્ટ દોષો દેખાવા છતાં તેને વંદન કરવામાં આવે તો તેનામાં રહેલા દોષોની અનુમોદના થાય છે. તેથી, દોષની અનુમોદનાકૃત કર્મબંધની પ્રાપ્તિ થાય છે માટે પણ પાસત્થાદિને વંદનનો પરિહાર કરાય છે. **II૧૫૨II**

**અવતરણિકા :-**

**किञ्च –**

**અવતરણિકાર્થ :-**

**વળી, પાસત્થાદિને સુસાધુ વંદન કેમ ન કરે, તેમાં किञ्च થી અન્ય હેતુઓનો સમુચ્ચય કરે છે –**

**ગાથા :-**

**लोए वेदे समए, दिट्ठो दंडो अकज्जकारीणं ।**
**दम्मंति दारुणा वि हु, दंडेण जहावराहेण ।।१५३।।**

**અન્વયાર્થ :-**

**लोए**=લોકમાં, **वेदे**=વેદમાં, **समए**=રાજનીતિશાસ્ત્રમાં, **दिट्ठो दंडो अकज्जकारीणं**=અકાર્ય કરનારાઓને દંડ જોવાયો છે, **जहावराहेण दंडेण**=યથાઅપરાધ દંડથી, **दारुणा वि हु**=દારુણ પણ, **दम्मंति**=વશ કરાય છે. ।।૧૫૩।।

**ગાથાર્થ :-**

**લોકમાં, વેદમાં, રાજનીતિશાસ્ત્રમાં, અકાર્ય કરનારાઓને દંડ જોવાયો છે. યથાઅપરાધ દંડથી દારુણ પણ વશ કરાય છે. ।।૧૫૩।।**

**ટીકા :-**

**'लोए'त्ति । 'लोके' लोकाचारे 'वेदे' समस्तदर्शनिनां सिद्धान्ते 'समये' राजनीतिशास्त्रे 'अकार्यकारिणां' चौरादीनां 'दण्डः' असंभाष्यताशलाकानिर्यूहणादिलक्षणः प्रयुज्यमानो दृष्टः, यतः 'दारुणा अपि' रौद्रा अपि ते 'यथापराधेन' अपराधानुरूपेण दण्डेन दीयमानेन 'दम्यन्ते' वशीक्रियन्ते, अत इहापि मूलगुणाद्यपराधकारिणां कृतिकर्मवर्जनादिको दण्डः प्रयुज्यते । एतच्च कारणाभावदशायाम्, कारणे तु वाग्नमस्कारादिक्रमयतना कर्त्तव्यैव ।।१५३।।**

**ટીકાર્થ :-**

**'लोके' ..... कर्त्तव्यैव ।। લોકમાં=લોકઆચારમાં, વેદમાં=સમસ્ત દર્શનવાળાના સિદ્ધાંતમાં, સમયમાં=રાજનીતિશાસ્ત્રમાં, અકાર્યકારી એવા ચોરાદિને દંડ=અસંભાષ્યતા, શલાકાથી પરિત્યાગ કરવા રૂપ દંડ, પ્રયોગ કરાતો જોવાયો છે. જે કારણથી દારુણ પણ=રૌદ્ર પણ, તેઓ યથાઅપરાધથી=અપરાધને અનુરૂપ અપાતા દંડથી, વશ કરાય છે. આથી જ અહીં પણ=પાસત્થાદિમાં પણ, મૂલગુણઅપરાધકારી સાધુઓના કૃતિકર્મ વર્જનાદિ દંડપ્રયોગ કરાય છે અને આ=પાસત્થાદિને, કૃતિકર્મ વર્જનાદિ રૂપ દંડ કારણઅભાવદશામાં કરાય છે=તેઓથી સુસાધુના સંયમ રક્ષણાદિ થઈ શકે એવું કોઈ કારણ ન હોય તેવી અવસ્થામાં પાસત્થાદિને આ દંડ કરાય છે. વળી, કારણમાં=સુસાધુઓના ઉપદ્રવના નિવારણરૂપ કારણમાં, વાગ્ નમસ્કારાદિ ક્રમવાળી યતના કર્તવ્ય જ છે. ।।૧૫૩।।**

**ભાવાર્થ :-**

સુસાધુઓ દયાળુ હોય છે. તેથી પૂર્વગાથામાં કહ્યું કે પાસત્થાદિને તેઓ વંદન ન કરે તેના કારણે પણ તેઓ પોતાના પાસત્થાદિ ભાવોનો પરિહાર કરે છે. જેથી તેઓ ઉપર ઉપકાર થાય છે. વળી, પાસત્થાદિ મૂલગુણ-ઉત્તરગુણ આદિના અપરાધને કરનારા છે અને તેઓને સુસાધુ વંદન કરે નહિ તો દંડથી ભય પામીને પણ તેઓ તેવી બાહ્ય આચરણા કરે નહિ. જેથી લોકમાં ધર્મનું લાઘવ થાય નહિ; કેમ કે સાધુના વેશમાં અનુચિત પ્રવૃત્તિથી જે ધર્મનું લાઘવ થતું હતું, તેનું બાહ્યથી પરિહાર થાય છે. વળી, દંડના ભયથી પણ પાસત્થાદિ તેવી પ્રવૃત્તિ ન કરે, તેના કારણે તે અનુચિત પ્રવૃત્તિકાળમાં જે ક્લિષ્ટ ભાવો થતા હતાં, તેનો પરિહાર થાય છે અને આ પ્રકારનો દંડ લોકમાં પણ દેખાય છે; કેમ કે ચોરાદિને લોકો દંડ આપીને વશ કરે છે. વેદમાં=બધા દર્શનના સિદ્ધાંતમાં, પણ દેખાય છે; કેમ કે ગૃહસ્થો કે સંન્યાસીઓ કોઈ ભૂલ કરે તો તે શાસ્ત્રના જાણનારાઓ તેને દંડ આપીને તે પ્રવૃત્તિથી તેનું નિવારણ કરે છે. આથી જ જૈનદર્શનમાં પણ થયેલા અપરાધના પ્રાયશ્ચિત્તરૂપ દંડ અપાય છે. જેથી ફરી ફરી તેવો અપરાધ થતો અટકે છે. વળી, રાજનીતિમાં પણ અનુચિત કરનારાઓને દંડ આપીને વશ કરાય છે. તેમ પાસત્થાદિને પણ કૃતિકર્મવર્જનાદિ દંડ અપાય છે. જેથી તે દંડના ભયથી પણ વશ થયેલા તેઓ અકાર્યથી નિવર્તન પામે છે.

વળી, સુસાધુના સંયમરક્ષણ વગેરેના પ્રયોજનથી તેઓને વંદનાદિ કરાય છે. તે વાગ્ નમસ્કારાદિના ક્રમની યતનાથી જ કરાય છે; કેમ કે સુસાધુ સંયમમાં યતમાન છે. તેથી સુસાધુના સંયમના રક્ષણ માટે જેટલો નમસ્કાર આવશ્યક હોય તેટલો જ કરે તો તે નમસ્કાર સુસાધુના ઇષ્ટફલનો સાધક હોવાથી અને નમસ્કારકાળમાં વિશુદ્ધ અધ્યવસાય હોવાથી નિર્જરાનું કારણ બને છે. વળી, કારણે કરાતા નમસ્કારમાં પણ વાગ્ નમસ્કારાદિ ક્રમની યતના ન કરવામાં આવે તો સુસાધુના રક્ષણના વિશુદ્ધ અધ્યવસાયથી કરાયેલ તે નમસ્કાર અયતનાના દોષથી કંઈક મલિન બને છે. તેથી યતના વિષયક જે અંશથી પ્રમાદ છે, તે અંશથી કર્મબંધ પણ થાય છે અને સુસાધુના રક્ષણના પ્રયોજનથી જે નમસ્કારની પ્રવૃત્તિ થાય છે, તે

અંશથી નિર્જરા પણ થાય છે. ફક્ત રક્ષણના ઉપયોગકાળમાં રક્ષણનો અધ્યવસાય હોય છે અને ક્રિયાકાળમાં યતના પ્રત્યે ઉપેક્ષાનો અધ્યવસાય હોય છે તે અંશથી કર્મબંધ થાય છે અને જેઓ ભગવાનના વચનાનુસાર સુસાધુના સંયમના રક્ષણ અર્થે પાસત્થાદિને વંદન કરે છે, ત્યારે વાગ્ નમસ્કારના ક્રમની યતનામાં પણ યત્નવાળા હોય અર્થાત્ સૂક્ષ્મબુદ્ધિથી પાસત્થાદિની પ્રકૃતિનું આલોચન કરીને જેઓને જેટલો નમસ્કાર કરવાથી પોતાનું ઇષ્ટકાર્ય થાય તેમ જણાય તે પ્રકારે યતનાપૂર્વક નમસ્કાર કરે તો વિપુલ નિર્જરા થાય છે; કેમ કે સૂત્રવિધિ સમગ્ર, વિશુદ્ધ અધ્યવસાય અને યતનાપરાયણ તે પ્રવૃત્તિ છે. **॥૧૫૩॥**

**અવતરણિકા :-**

**आह च –**

**અવતરણિકાર્થ :-**

**અને કહે છે=કારણ અકારણ વિષયક નમસ્કારની યતનાને કહે છે –**

**ગાથા :-**

**वायाए कम्मुणा वा, तह चेट्ठइ जह ण होइ से मन्नू ।**
**पस्सति जतो अवायं, तदभावे दूरओ वज्जे ।।१५४।।**

**અન્વયાર્થ :-**

**जतो अवायं=જે પાસત્થાદિથી અપાયને, पस्सति=જુએ છે, वायाए कम्मुणा वा=તેને વાણીથી અથવા કર્મથી, तह चेट्ठइ जह=તે પ્રકારે ચેષ્ટા કરે છે, ण होइ से मन्नू=જે પ્રકારે તેને=પાસત્થાદિને, દ્વેષ ન થાય, तदभावे दूरओ वज्जे=તેના અભાવમાં=અપાયના અભાવમાં, દૂરથી વર્જન કરે. ।।૧૫૪।।**

**ગાથાર્થ :-**

**જે પાસત્થાદિથી અપાયને જુએ છે, તેને વાણીથી અથવા કર્મથી તે પ્રકારે ચેષ્ટા કરે છે. જે પ્રકારે તેને=પાસત્થાદિને, દ્વેષ ન થાય. તેના અભાવમાં=અપાયના અભાવમાં, દૂરથી વર્જન કરે. ॥૧૫૪॥**

**ટીકા :-**

**'वायाए'त्ति । यतः पार्श्वस्थादेः सकाशात् कृतिकर्मण्यविधीयमाने 'अपायं' संयमविराधनादिकं पश्यति तं प्रति 'वाचा' मधुरसंभाषणादिना 'कर्मणा' शिरःप्रणामादिक्रियया तथा चेष्टते यथा तस्य 'मन्युः' स्वल्पमप्यप्रीतिकं न भवति । अथावन्दनेऽपि संयमोपघातादिरपायो न भवति ततस्तस्यापायस्याभावे दूरतस्तं सुखशीलजनं वर्जयेत्, एष विषयविभागः कृतिकर्मकरणाकरणयोरिति भावः ।।१५४।।**

**ટીકાર્થ :-**

**यतः ..... भावः ।। જે કારણથી કૃતિકર્મ નહિ કરાતે છતે પાસત્થાદિ પાસેથી અપાયને=સંયમ વિરાધનાદિને, જુએ છે=સુસાધુ પોતાના સંયમની વિરાધનાદિને જુએ છે. તેના પ્રત્યે=તે પાસત્થાદિ પ્રત્યે, વાણીથી=મધુર સંભાષણાદિથી અથવા કર્મથી=શિરપ્રણામાદિ ક્રિયાથી, તે પ્રમાણે ચેષ્ટા કરે છે. જે પ્રમાણે તેને=પાસત્થાદિને, સ્વલ્પ પણ અપ્રીતિરૂપ મન્યુ ન થાય. હવે અવંદનમાં પણ=પાસત્થાદિને વંદન નહિ કરવામાં પણ, સંયમ ઉપઘાતાદિનો અપાય થતો નથી તો તે અપાયના અભાવમાં દૂરથી તે સુખશીલજનનો ત્યાગ કરવો જોઈએ. કૃતિકર્મકરણ અકરણનો=પાસત્થાદિને વંદન કરવા - નહિ કરવામાં આ વિષયવિભાગ છે. ।।૧૫૪।।**

**ભાવાર્થ :-**

સુસાધુ સામાન્યથી જ્યાં પાસત્થા વસતા હોય તે સ્થાનમાં નિવાસ જ ન કરે. કોઈક સંયોગમાં તેવાં સ્થાનોમાં નિવાસનો પ્રસંગ હોય અને પાસત્થાદિને વંદનાદિ નહિ કરવાને કારણે કોઈક ઉપદ્રવોથી સંયમ વિરાધનાદિ દેખાતી હોય ત્યારે સુસાધુ સ્પષ્ટ જાણે છે કે સાધુવેશમાં આ પાસત્થાદિ શિથિલ આચારવાળા છે તોપણ સંયમવૃદ્ધિમાં તેઓ સહાયક થાય તેમ છે કે સંયમમાં આવતા વિઘ્નોનું તે નિવારણ કરી શકે તેમ છે કે વંદન ન કરવામાં આવે તો વિઘ્નો ઉત્પન્ન કરીને સંયમની વિરાધના કરાવે તેવા છે તેવા પાસત્થાદિ પ્રત્યે વંદન ન કરવાથી જે અનર્થોની સંભાવના છે, તેના નિવારણ અર્થે મધુર સંભાષણરૂપ વાણીથી તેની અપ્રીતિનું નિવારણ થાય તો માત્ર વાણીથી જ તેઓની સાથે વંદન વ્યવહાર રાખવો જોઈએ. જેથી સાધુની સંયમ વિરાધનાનું રક્ષણ થાય.

વળી, વાણી માત્રના પ્રયત્નથી તેઓની અપ્રીતિ દૂર થાય નહિ તો મસ્તક નમાવવા આદિની ક્રિયાથી પણ તેમની અપ્રીતિનો પરિહાર કરવો જોઈએ અને તેમને નહિ વંદન કરવાને કારણે સંયમના ઉપઘાત આદિ રૂપ અનર્થો ન થાય તેમ હોય તો તેવા પાસત્થાદિથી દૂર રહેવું જોઈએ; કેમ કે તેઓના પરિચયથી સુસાધુને પણ પ્રમાદ દોષનો સંભવ છે. છતાં, કોઈ પાસત્થાદિનો ઉપકાર પોતાનાથી જણાય તો ઉપકાર અર્થે સુસાધુ તેઓને વંદનાદિ પણ કરે, વૈયાવચ્ચ પણ કરે. આથી જ અભ્યુત્થાનના ભેદના ચોથા ભેદમાં કહેલ કે સામર્થ્ય હોવા છતાં પાસત્થાદિને ધર્મમાં સ્થિર કરવા રૂપ અભ્યુત્થાન ન કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. **।।૧૫૪।।**

**અવતરણિકા :-**

**अथ तेषां कारणप्राप्तवन्दनाऽकरणे दोषमुपदर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે, તેઓને=પાસત્થાદિને, કારણપ્રાપ્ત વંદનાના અકરણમાં=અપવાદથી વંદનાનું કારણ પ્રાપ્ત હોય છતાં વંદના નહિ કરવામાં, દોષને બતાવે છે –**

**ગાથા :-**

**एयाइं अकुव्वंतो, जहारिहं अरिहदेसिए मग्गे ।**
**ण हवइ पवयणभत्ती, अभत्तिमंतादओ दोसा ।।१५५।।**

**અન્વયાર્થ :-**

एयाइं=આને=પાસત્થાદિના વંદનાદિને, जहारिहं=યથાયોગ્ય નહિ કરતા, अकुव्वंतो अरिहदेसिए मग्गे=ભગવાને કહેલા માર્ગમાં રહેલા છતા જે સાધુ છે તેમને, ण हवइ पवयणभत्ती=પ્રવચન ભક્તિ થતી નથી, अभत्तिमंतादओ दोसा=અભક્તિ આદિ દોષો થાય છે. ।।૧૫૫।।

**ગાથાર્થ :-**

**આને=પાસત્થાદિના વંદનાદિને, યથાયોગ્ય નહિ કરતા, ભગવાને કહેલા માર્ગમાં રહેલા છતા જે સાધુ છે તેમને પ્રવચનભક્તિ થતી નથી. અભક્તિ આદિ દોષો થાય છે. ।।૧૫૫।।**

**ટીકા :-**

'एयाइं'ति । 'एतानि' वाग्नमस्कारादीनि पार्श्वस्थादीनां 'यथार्हं' यथायोग्यं अर्हद्देशिते मार्गे स्थितः सन् कषायोत्कटतया यो न करोति तेन प्रवचने भक्तिः कृता न भवति, किन्त्वभक्तिमत्त्वादयो दोषाः, प्राकृतशैल्याऽभक्त्यादय इत्यपरे, तत्राभक्तिः आज्ञाभङ्गात्, आदिना स्वार्थभ्रंशाभ्याख्यान-बन्धनादिप्राप्तिपरिग्रहः ।।१५५।।

**ટીકાર્થ :-**

'एतानि' ..... परिग्रहः ।। આ=પાસત્થાદિને, વાણીનો નમસ્કારાદિ યથાયોગ્ય=જે પ્રમાણે જે પાસત્થાદિને કરવા ઉચિત છે તે પ્રમાણે, ભગવાને બતાવેલા માર્ગમાં છતા જે સાધુ કષાયના ઉત્કટપણાથી કરતા નથી=પાસત્થાદિને નમસ્કારાદિ કરતા નથી. તેમના વડે=તે સાધુ વડે, પ્રવચનમાં ભક્તિ કરાયેલી થતી નથી. પરંતુ અભક્તિમાનાદિ દોષો સેવાયેલા થાય છે. વળી, બીજા અભક્તિમત્વાદિના સ્થાને પ્રાકૃત શૈલીથી અભક્તિ આદિ કહે છે. ત્યાં=અભક્તિ આદિ દોષોમાં, આજ્ઞાભંગથી પ્રવચનની અભક્તિ થાય છે. અભક્તિમાં રહેલા આદિ પદથી સ્વાર્થભ્રંશ, અભ્યાખ્યાન=પાસત્થાદિ દ્વારા આળની પ્રાપ્તિ, બંધન આદિની પ્રાપ્તિનું ગ્રહણ છે. ।।૧૫૫।।

**ભાવાર્થ :-**

ગાથા-૧૫૧માં અપવાદથી પાસત્થાદિને વાગ્ નમસ્કારાદિ ક્યારે ક્યારે કરવા જોઈએ તેનું કથન કર્યું. એ પ્રમાણે ભગવાનના વચનને જાણવા છતાં કે જાણવાની ઉપેક્ષાને કારણે જે સાધુ તે પ્રકારે વંદન કરતા નથી. વળી તે સાધુ જિનવચનાનુસાર સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ સ્વભૂમિકાનુસાર કરે છે, તો પણ અપવાદના સ્થાને તેઓ જો પાસત્થાદિને વાગ્ નમસ્કાર ન કરે તો કષાયના ઉત્કટપણાની પ્રાપ્તિ થાય છે;

કેમ કે પ્રવચનના પરમાર્થને જાણવા છતાં તેનો અનાદર કરે છે કે પ્રવચનના પરમાર્થને જાણવા પ્રત્યે ઉપેક્ષા છે. તેથી, એકાંતે હિતકારી એવા પ્રવચનના વચનોને કઈ રીતે હિતને અનુકૂળ ક્યારે પ્રવૃત્તિ કરવી જોઈએ ? તેને જાણવા યતના કરતા નથી કે તેનો વિચાર કરતા નથી. તેથી જે પ્રવચન ઉત્સર્ગથી પાસત્થાદિને વંદનનો નિષેધ કર્યા પછી કયાં કયાં કારણોથી તેમને વંદન કરવાથી સાધુના સંયમરક્ષણાદિ થાય છે. જેનાથી સાધુની સંયમવૃદ્ધિ થાય છે, તે સર્વ શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરીને એકાંતે પાસત્થાદિ અવંદનીય છે, તેમ સ્વીકારે છે. તે કષાયની ઉત્કટતાનું કાર્ય છે. તેનાથી તે સાધુને પ્રવચનની અભક્તિ આદિ દોષોની પ્રાપ્તિ થાય છે અને પ્રવચન પ્રત્યે અનાદરને કારણે આજ્ઞાભંગાદિ દોષની પ્રાપ્તિ થાય છે અને તેવા સંયોગમાં પાસત્થાદિને વંદન કરવાથી જે સુસાધુના સંયમરક્ષણાદિની પ્રાપ્તિનો સંભવ હતો તે રૂપ સ્વાર્થનો ભ્રંશ થાય છે. વળી, સુસાધુના અવંદનથી કુપિત થયેલા પાસત્થાદિ સુસાધુ ઉપર કોઈ આળ ચઢાવે તે રૂપ અભ્યાખ્યાનની પ્રાપ્તિ થાય છે. વળી, રાજા આદિ માન્ય હોય તો બંધનાદિ દોષોની પણ સાધુને પ્રાપ્તિ હોય છે. આથી, સંયમના રક્ષણ અર્થે અને ઉપદ્રવના રક્ષણ અર્થે સુસાધુ પાસત્થાદિને વંદન કરે એ પ્રકારે ભગવાનની આજ્ઞા છે. તેનું પાલન કરવું જોઈએ. ભગવાનની આજ્ઞા ફક્ત ભૂમિકાના ભેદથી ભિન્ન ભિન્ન પ્રકારની છે. તેથી જ ઉપસર્ગો અને પરિષહોમાં જેમનું ચિત્ત કંપાયમાન થાય તેવું નથી, તેવા મહાઋષિઓ પાસત્થાદિને વંદન કરતા નથી. ક્વચિત્ પાસત્થાદિથી તેઓને ઉપદ્રવ થાય તોપણ ધીર એવા તેઓના સંયમની વૃદ્ધિ થાય છે તોપણ પોતાનું ધૃતિબળ, ગચ્છના સાધુઓનું ધૃતિબળ કેવું છે, તેનું આલોચન કરીને પાસત્થાદિના ઉપદ્રવોથી રક્ષણ થવાને કારણે પોતાનો સ્વાર્થ સિદ્ધ થશે અર્થાત્ સંયમવૃદ્ધિ સિદ્ધ થશે, તેવું જણાય છતાં પાસત્થાદિને વંદન ન કરે ત્યારે મૂઢતા આપાદક કષાયની ઉત્પત્તિને કારણે પ્રવચનમાં અભક્તિ આદિ દોષોની પ્રાપ્તિ થાય છે. **॥૧૫૫॥**

**અવતરણિકા :-**

**कानि पुनस्तेषां वन्दने कारणानि ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**વળી, તેઓના=પાસત્થાદિના, વંદનમાં કયાં કારણો છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**परिवार परिस पुरिसं, खित्तं कालं च आगमं णाउं ।**
**कारणजाए जाए, जहारिहं जस्स जं जोग्गं ।।१५६।।**

**અન્વયાર્થ :-**

**परिवार=પરિવારને, परिस=પર્ષદાને, पुरिसं=પુરુષને, खित्तं=ક્ષેત્રને, कालं=કાલને, च आगमं=અને આગમને, णाउं=જાણીને, कारणजाए जाए=કારણનો પ્રકાર ઉત્પન્ન થયે છતે=વંદન કરવાથી શું લાભ**

થાય છે ? તે રૂપ કારણોનો પ્રકાર વિદ્યમાન હોતે છતે, जहारिहं जस्स जं जोग्गं=યથાયોગ્ય જેને જે નમસ્કાર યોગ્ય છે, તે નમસ્કાર કરવો જોઈએ. ॥૧૫૬॥

**ગાથાર્થ :-**

**પરિવારને, પર્ષદાને, પુરુષને, ક્ષેત્રને, કાલને અને આગમને જાણીને કારણનો પ્રકાર ઉત્પન્ન થયે છતે=વંદન કરવાથી શું લાભ થાય છે ? તે રૂપ કારણોનો પ્રકાર વિદ્યમાન હોતે છતે યથાયોગ્ય જેને જે નમસ્કાર યોગ્ય છે, તે નમસ્કાર કરવો જોઈએ. ॥૧૫૬॥**

**ટીકા :-**

'परिवार'त्ति । परिवारं पर्षदं पुरुषं क्षेत्रं कालं चागमं ज्ञात्वा, तथा कारणानि-कुलगणादि-प्रयोजनानि तेषां जातः-प्रकारः कारणजातं तत्र 'जाते' उत्पन्ने सति 'यथार्हं' यस्य पुरुषस्य यद् वाचिकं कायिकं वा वन्दनमनुकूलं तस्य तत् कर्त्तव्यम् ।।१५६।।

**ટીકાર્થ :-**

परिवारं ..... कर्त्तव्यम् ।। પરિવારને, પર્ષદાને, પુરુષને, ક્ષેત્રને, કાલને અને આગમને જાણીને અને કારણો=કુલગણાદિ પ્રયોજનો, તેઓનો સમૂહ કારણજાત છે. તે ઉત્પન્ન થયે છતે=કારણનો સમૂહ ઉત્પન્ન થયે છતે યથાયોગ્ય=જે પુરુષને=જે પાસત્થાદિ પુરુષને, જે વાચિક અથવા કાયિક વંદન અનુકૂળ છે, તેને=તે પાસત્થાદિને, તે કરવું જોઈએ. ॥૧૫૬॥

**અવતરણિકા :-**

अथ परिवारादीनि पदानि व्याचष्टे –

**અવતરણિકાર્થ :-**

હવે પરિવારાદિ પદોને=પૂર્વગાથામાં કહ્યું કે પરિવારાદિને જાણીને પાસત્થાદિને યથાયોગ્ય વંદન કરે તેમાં રહેલા પરિવારાદિ, પદોને કહે છે=સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**परिवारो से सुविहिओ, परिसगओ साहए स वेरग्गं ।**
**माणी दारुणभावो, णिसंसपुरिसाधमो पुरिसो ।।१५७।।**

**અન્વયાર્થ :-**

से=તેનો=પાસત્થાદિનો, परिवारो=પરિવાર, सुविहिओ=સુવિહિત છે, परिसगओ साहए स वेरग्गं=પર્ષદાગત તે=પાસત્થાદિ વૈરાગ્યને કહે છે, माणी दारुणभावो णिसंसपुरिसाधमो पुरिसो=માની, દારુણ ભાવવાળો, નૃશંસ, પુરુષાધમ, પુરુષ છે. ॥૧૫૭॥

**ગાથાર્થ :-**

**તેનો=પાસત્થાદિનો, પરિવાર સુવિહિત છે. પર્ષદાગત તે=પાસત્થાદિ વૈરાગ્યને કહે છે. માની, દારુણ ભાવવાળો, નૃશંસ, પુરુષાધમ, પુરુષ છે. ।।૧૫૭।।**

**ટીકા :-**

'परिवारो'त्ति । 'से' तस्य पार्श्वस्थादेर्यः परिवारः सः 'सुविहितः' विहितानुष्ठानयुक्तो वर्त्तते । पर्षदि गतो वा-सभायामुपविष्टः 'वैराग्यं' वैराग्यजनकमुपदेशं कथयति येन प्रभूताः प्राणिनः संसारविरक्तचेतसः संजायन्ते । अन्यत्र तु परिवारस्थाने पर्यायो गृह्यते, ब्रह्मचर्यपर्यायो येन प्रभूतकालमनुभूत इत्यर्थः, पर्षच्च विनीता तत्प्रतिबद्धा साधुसंहतिर्गृह्यते । तथा कश्चित्पार्श्वस्थादिः स्वभावादेव 'मानी' साहङ्कारः, तथा 'दारुणभावः' रौद्राध्यवसायः, नृशंसो नाम-क्रूरकर्मा अवन्द्यमानो वधबन्धादिकं कारयतीत्यर्थः, अत एव पुरुषाणां मध्येऽधम एतादृशः पुरुष इह गृह्यते ।।१५७।।

**ટીકાર્થ :-**

'से' तस्य ..... गृह्यते ।। તેનો=પાસત્થાદિનો જે પરિવાર, તે સુવિહિત વર્તે છે=શાસ્ત્રમાં વિધાન કરાયેલા અનુષ્ઠાનમાં તત્પર વર્તે છે. પર્ષદામાં ગયેલ=શ્રોતાઓની સભામાં બેઠેલ, પાસત્થાદિ વૈરાગ્યને=વૈરાગ્યજનક ઉપદેશને કહે છે. જેનાથી ઘણા જીવો સંસારથી વિરક્ત ચિત્તવાળા થાય છે. વળી, અન્યત્ર=અન્ય ગ્રંથમાં, પરિવારના સ્થાનમાં પર્યાય ગ્રહણ કરાય છે=પાસત્થાનો પર્યાય ગ્રહણ કરાય છે અર્થાત્ જેના વડે=જે પાસત્થા વડે, બ્રહ્મચર્યનો પર્યાય ઘણો કાળ સેવાયો છે અને પર્ષદ= શિષ્યનો પરિવાર વિનીત છે અર્થાત્ તેની સાથે સંબંધવાળા સાધુનો સમૂહ ગ્રહણ કરાય છે જે વિનીત છે અને કોઈક પાસત્થાદિ સ્વભાવથી જ માની છે=અહંકારવાળા છે અને દારુણ ભાવવાળા છે=રૌદ્ર અધ્યવસાયવાળા છે, નૃશંસ છે=ક્રૂર કર્મવાળા છે. કેવા ક્રૂર કર્મવાળા છે ? એથી કહે છે. અવંદ્યમાન એવા સાધુને વધબંધનાદિ કરાવે છે. આથી જ પુરુષોની મધ્યમાં અધમ એવા પ્રકારનો પુરુષ અહીં ગ્રહણ કરાય છે=પુરુષાધમ શબ્દથી ગ્રહણ કરાય છે. ।।૧૫૭।।

**ગાથા :-**

**लोगपगओ निवे वा, अहवण रायादिदिक्खिओ हुज्जा ।**
**खित्तं विहमाइ अभाविअं च कालो य अणुगालो ।।१५८।।**

**અન્વયાર્થ :-**

लोगपगओ=લોકપ્રકૃતિવાળો=બહુલોકને સંમત, निवे वा=રાજાની પ્રકૃતિવાળો=રાજાને સંમત, अहवण रायादिदिक्खिओ=અથવા રાજાથી દીક્ષિત, हुज्जा=હોય, खित्तं विहमाइ=ક્ષેત્ર જંગલ આદિ હોય, अभाविअं च=અને અભાવિત હોય, कालो य अणुगालो=અને કાલ દુષ્કાલ હોય. ।।૧૫૮।।

**ગાથાર્થ :-**

**લોકપ્રકૃતિવાળો=બહુલોકને સંમત, રાજાની પ્રકૃતિવાળો=રાજાને સંમત અથવા રાજાથી દીક્ષિત હોય, ક્ષેત્ર જંગલ આદિ હોય અને અભાવિત હોય અને કાલ દુષ્કાલ હોય. ।।૧૫૮।।**

**ટીકા :-**

**'लोगपगओ' त्ति । यद्वा 'लोकप्रकृतः' बहुलोकसम्मतो नृपप्रकृतो वा-धर्मकथादिलब्धिसंपन्नतया राज्ञो बहुमतः । 'अहवण'त्ति अथवा राजादिदीक्षितोऽसौ शैलकाचार्यादिवत्, एवंविधः पुरुष इह प्रतिपत्तव्यः । क्षेत्रं नाम-विहादिकमभावितं वा, विहं-कान्तारमादिशब्दात्प्रत्यनीकाद्युपद्रवयुक्तम्, तत्र वर्त्तमानानां साधूनामसावुपग्रहं करोति, अभावितं नाम संविग्नसाधुविषयश्रद्धाविकलं पार्श्वस्थादि-भावितमित्यर्थः, तत्र तेषामनुवृत्तिविदधानैः स्थातव्यम्, कालश्च 'अणुगालो' दुष्काल उच्यते, तत्र साधूनां वर्त्तापनं करोति । एवं परिवारादीनि कारणानि विज्ञाय कृतिकर्म विधेयम् ।।१५८।।**

**ટીકાર્થ :-**

**यद्वा ..... विधेयम् ।। અથવા બહુલોકસંમત છે અથવા નૃપપ્રકૃત છે=ધર્મકથાદિના લબ્ધિસંપન્નપણાને કારણે રાજાને બહુમત છે અથવા શૈલકાચાર્યાદિની જેમ આ રાજાદિ દીક્ષિત છે અર્થાત્ ગૃહસ્થ અવસ્થામાં રાજા વગેરે વિશિષ્ટ પુરુષ દીક્ષિત છે. આવા પ્રકારનો પુરુષ અહીં=પાસત્થાદિની વિચારણામાં જાણવા. ક્ષેત્ર વિહાદિક અભાવિત હોય. 'विह' જંગલ આદિ હોય. 'आदि' શબ્દથી=જંગલમાં રહેલા આદિ શબ્દથી, શત્રુ આદિના ઉપદ્રવથી યુક્ત હોય. ત્યાં વર્તમાન સાધુઓને=ઉપદ્રવવાળા ક્ષેત્રમાં રહેલા સાધુઓને, આ=પાસત્થાદિ, ઉપગ્રહને કરે છે. અભાવિત એટલે સંવિગ્ન સાધુ વિષયક શ્રદ્ધા વિકલ પાસત્થાદિથી ભાવિત ક્ષેત્ર છે. ત્યાં=તેવા ક્ષેત્રમાં, તેઓની અનુવૃત્તિના કરણથી સાધુઓએ રહેવું જોઈએ અને કાલ अणुगाल છે=દુષ્કાળ કહેવાય છે. ત્યાં=દુષ્કાળમાં, સાધુઓનું વર્તાપન કરે છે= પાસત્થાદિ અનુકૂલ હોય તો દુષ્કાળમાં સુખપૂર્વક સાધુ રહી શકે તેવું ગૃહસ્થો દ્વારા વર્તાપન કરે છે. આવા પરિવારાદિ કારણોને જાણીને કૃતિકર્મ કરવું જોઈએ. ।।૧૫૮।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૫૬માં કહેલું કે પરિવારને, પર્ષદને, પુરુષને, ક્ષેત્રને, કાલને અને આગમને જાણીને કારણ હોતે છતે યથાયોગ્ય જાણીને પાસત્થાદિને વંદન કરે. ત્યાં પાસત્થાનો પરિવાર સુવિહિત છે, એમ જાણીને તેને યથાયોગ્ય વંદન કરે. જેમ કોઈ સાધુ પાસત્થાદિ હોય છતાં તેનાથી દીક્ષિત ઘણા સુસાધુ ભગવાનના વચનાનુસાર સંયમની ક્રિયામાં ઉત્થિત છે. તેથી તેવા પાસત્થાદિને જાણીને સુસાધુ વિચારે કે તે સુવિહિત સાધુઓ સાથે પરિચય થવાથી ભગવાનના વચનનાં ઘણાં રહસ્યો મળશે. તેઓના અવલંબનથી પોતાના પરિવારના સાધુઓને સંવેગની વૃદ્ધિ થશે. તેથી તેઓ પાસે જવું હોય તો તેમના ગુરુને વંદનાદિ યથાઉચિત

કરવું જોઈએ. જેથી તે સુવિહિત પરિવાર સાથે વાર્તાલાપ કરવાથી વિશેષ લાભ જણાય તો પોતાના સાધુના કુલાદિના પ્રયોજનથી યથાયોગ્ય વંદન કરે.

વળી, ગાથા-૧૫૬માં પર્ષદાને જાણીને એમ કહ્યું ત્યાં પર્ષદાનો અર્થ કરે છે. પર્ષદામાં રહેલ કોઈ પાસત્થા વૈરાગ્યજનક ઉપદેશ આપે છે. જેનાથી ઘણા જીવોને સંસારથી વૈરાગ્ય થાય છે. આવા સમર્થ ઉપદેશક હોવા છતાં પોતે આચારોમાં શિથિલ હોવાથી પાસત્થાદિ છે. છતાં તેઓના ઉપદેશના શ્રવણ આદિથી પોતાના કુલાદિના સાધુઓને સંવેગ થઈ શકે તેમ છે, તેવું જણાય તો યથાયોગ્ય વંદન કરીને તેઓ સાથે પરિચય કરવાથી કુલાદિના સાધુઓને લાભ થાય છે. વળી, અન્ય ગ્રંથમાં પરિવારના સ્થાને પર્યાય ગ્રહણ કરે છે અને તે પ્રમાણે કોઈ પાસત્થાદિ પ્રમાદી હોવા છતાં તેમનો બ્રહ્મચર્ય પર્યાય ઘણો કાળ સેવાયો છે અર્થાત્ પૂર્વમાં પાંચેય ઇન્દ્રિયોના સંવરભાવવાળા હોવાથી ભાવસાધુ હતા પરંતુ પાછળથી કોઈક નિમિત્તે પ્રમાદી થયા છે. તેઓને પણ કુલગણાદિનું પ્રયોજન દેખાય તો યથાયોગ્ય વંદન કરવું જોઈએ. જેથી તેઓ પાસેથી કોઈક સૂક્ષ્મ બોધ પણ થઈ શકે અને તેઓની પર્ષદા અત્યંત ગુણો તરફ નમેલી છે. તેથી પણ તેઓને વંદન કરવું જોઈએ. હવે, ગાથા-૧૫૬માં 'પુરુષને જાણીને એમ કહ્યું' તેનો અર્થ સ્પષ્ટ કરે છે.

કોઈક પાસત્થાદિ સ્વભાવથી માની છે અથવા સ્વભાવથી દારુણ છે અથવા ક્રૂર કર્મવાળા છે, આથી જ પુરુષાધમ છે. તેવા પાસત્થાદિથી ક્ષેત્ર અને કાળના વિષમ સંયોગમાં કોઈ પ્રયોજન જણાય તો વંદન કરે અને તેવું કોઈ પ્રયોજન ન હોય તો દૂર રહે. ફક્ત દારુણભાવવાળા કે ક્રૂર કર્મવાળાને વંદન ન કરવામાં આવે તો તેઓ તરફથી અનર્થો થવાની સંભાવના રહે છે અને તેના કારણે સાધુના સંયમ યોગો સિદાય છે. જેથી તેના નિવારણ અર્થે યથાયોગ્ય વંદન કરવું જોઈએ. વળી, કેટલાક પાસત્થા બહુલોકને સંમત હોય, રાજાને બહુમત હોય તે પણ ગાથા-૧૫૬માં બતાવેલ પુરુષ શબ્દથી ગૃહીત થાય છે. તેઓ ક્રૂર આદિ પ્રકૃતિવાળા ન હોય છતાં વિષમ ક્ષેત્ર અને વિષમકાળમાં ઉપદ્રવોથી રક્ષણ કરવું આવશ્યક જણાય અને તે કાર્ય તેઓ કરી શકે તેમ હોય ત્યારે તેઓ સાથે પણ યથાયોગ્ય વંદન વ્યવહાર કરવો જોઈએ. જેથી સુસાધુના સ્વાર્થનો ભ્રંશ થાય નહિ.

વળી, કોઈ રાજાદિ દીક્ષિત હોય તેઓ પણ તે ક્ષેત્રમાં આપત્તિઓના નિવારણમાં ઉપકારક થાય તેમ હોય તો તેઓને પણ યથાયોગ્ય વંદન કરવું જોઈએ. વળી, વિષમ ક્ષેત્ર જંગલ આદિ, દુષ્કાળ આદિ છે. જૈન સાધુઓ પ્રત્યે દ્વેષવાળાઓથી ઉપદ્રવવાળું છે. તે સ્થાનમાં વસતા પાસત્થાદિ તેઓનું રક્ષણ કરી શકે તેમ છે, ત્યારે તે પાસત્થાદિ સાથે યથાયોગ્ય ઉચિત વંદન વ્યવહાર કરવો જોઈએ. વળી, કેટલાંક ક્ષેત્રોમાં સંવિગ્ન સાધુઓનું આવાગમન નહિ હોવાથી સુસાધુઓથી અભાવિત છે અને પાસત્થાદિથી ભાવિત છે. તેથી લોકોને તે પાસત્થા જ સુસાધુ દેખાય છે. સંવિગ્ન સાધુઓ સુસાધુ છે, તેવું જણાતું નથી અને તે સ્થાનમાં વર્તતા પાસત્થાદિને વંદન ન કરવામાં આવે તો સુસાધુને તેઓ આળ આદિ ચડાવે, બીજા ઉપદ્રવો કરે, તેના પરિહાર અર્થે તેઓને યથાઉચિત વંદન કરવું જોઈએ. જેથી તે સાધુઓને કોઈ ઉપદ્રવ થાય નહિ. વળી, કાળ દુષ્કાળ હોય અને પાસત્થાદિથી ભાવિત ક્ષેત્ર હોય અને તે પાસત્થાદિ સાથે સાધુ યથાઉચિત વંદન વ્યવહાર કરે તો તે પાસત્થાદિ પોતાના ભક્ત શ્રાવકોને તે સાધુઓ પ્રત્યે ઉચિત ભક્તિ કરવા પ્રેરણા

કરે છે. તેથી સુસાધુ પ્રત્યે દુષ્કાળમાં પણ ગૃહસ્થોને ભક્તિ થવાથી સંયમને અનુકૂળ નિર્દોષ સામગ્રીની પ્રાપ્તિ થવાને કારણે સુસાધુ સુખપૂર્વક સંયમનું પાલન કરી શકે છે. જેથી સુસાધુના સંયમનિર્વાહ દ્વારા જે અધ્યવસાયની વિશુદ્ધિ થાય છે, તેના અંગભૂત પાસત્થાદિની વંદન પ્રવૃત્તિ હોવાથી વંદન કરનારને નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને વંદન નહિ કરવામાં નિર્જરાના ઉપાયના ઉપેક્ષાજન્ય પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. **॥૧૫૭-૧૫૮॥**

**અવતરણિકા :-**

**आगमग्रहणेन च द्वारगाथायां दर्शनज्ञानादिको भावः सूचितोऽतस्तमङ्गीकृत्य विधिमाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આગમના ગ્રહણથી દ્વારગાથામાં=ગાથા-૧૫૬ રૂપ દ્વારગાથામાં, દર્શનજ્ઞાનાદિક ભાવ સૂચિત છે. આથી તેને આશ્રયીને વિધિને કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૫૬માં કહેલ કે આગમને જાણીને કારણ ઉત્પન્ન થયે છતે પાસત્થાદિને યથાયોગ્ય વંદન કરવું જોઈએ. તે ગાથા-૧૫૬ દ્વારગાથા છે. તેથી તેમાં પરિવારાદિ દ્વારોનું સ્વરૂપ પૂર્વની બે ગાથામાં બતાવ્યું. હવે, ત્યાં આગમનું ગ્રહણ કરેલ તે દર્શનજ્ઞાનાદિક ભાવોને સૂચિત કરે છે. આથી દર્શનજ્ઞાનાદિક ભાવોને આશ્રયીને પાસત્થાદિને વંદન કરવાની વિધિને કહે છે –

**ગાથા :-**

**दंसणनाणचरित्तं, तवविणयं जत्थ जत्तियं पासे ।**
**जिणपन्नत्तं, भत्तीइ पूयए तं तहिं भावं ।।१५९।।**

**અન્વયાર્થ :-**

**जिणपन्नत्तं=જિનપ્રજ્ઞપ્ત, दंसणनाणचरित्तं=દર્શન, જ્ઞાન, ચારિત્ર, तवविणयं=તપ અને વિનય, जत्थ पासे=જેની પાસે, जत्तियं=જેટલા છે, तहिं=તેઓમાં, तं भावं=તે ભાવને, भत्तीइ पूयए=ભક્તિથી પૂજવો જોઈએ. ।।૧૫૯।।**

**ગાથાર્થ :-**

**જિનપ્રજ્ઞપ્ત દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય જેની પાસે જેટલા છે, તેઓમાં તે ભાવને ભક્તિથી પૂજવો જોઈએ. ।।૧૫૯।।**

**ટીકા :-**

**'दंसण'त्ति । व्याख्यातेयं प्रथमोल्लासे ।।१५९।।**

**ટીકાર્થ :-**

**'दंसण' ..... मोल्लासे ।। પ્રથમ ઉલ્લાસમાં આ ગાથા વ્યાખ્યાત છે. ।।૧૫૯।।**

**ભાવાર્થ :-**

સર્વજ્ઞએ કહેલ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, સમ્યગ્તપ અને સમ્યગ્વિનય નિર્જરાનું કારણ છે અને સુસાધુ તે પાંચેયને શક્તિના પ્રકર્ષથી સેવે છે. તેથી જ સુસાધુ એ પાંચેયના બળથી જ મોહનો નાશ કરવા સદા યત્ન કરે છે. વળી, સુસાધુમાં પણ જે કાંઈ પ્રમાદથી સમિતિ-ગુપ્તિમાં સ્ખલના થાય છે, તેટલા અંશથી તે પાંચેયમાં હીનતાની પ્રાપ્તિ થાય છે તોપણ ભાવસાધુ પ્રધાનરૂપે તે પાંચેય પરિણતિથી યુક્ત હોય છે અને પાસત્થાદિ જીવો પ્રમાદબહુલ હોવાથી તે દર્શનાદિની ઉચિત પ્રવૃત્તિઓ સમ્યગ્ કરતા નથી તોપણ કેટલાક પાસત્થાદિમાં કંઈક દર્શનાદિની પરિણતિ પણ પ્રાપ્ત થાય છે.

જોકે ઉત્સર્ગથી દર્શનાદિ પાંચેયમાં સમ્યગ્ ઉદ્યમ કરનારા સુસાધુ જ વંદનીય છે તોપણ તેવા ભાવો વર્તમાનકાળમાં અતિદુર્લભ છે. તેથી પાસત્થાદિમાં પણ દર્શન-જ્ઞાનાદિભાવો સર્વજ્ઞપ્રણીત જેટલા દેખાય તેટલા ગુણોનું સ્મરણ કરીને તેટલી ભક્તિથી તેઓને વંદન કરવું જોઈએ. જેમ તીર્થંકરોમાં ક્ષાયિકભાવો છે. તેથી તીર્થંકરને વંદન કરતી વખતે "હે ક્ષમાશ્રમણ !" એ પ્રકારે સંબોધન કરીને તેમના ક્ષાયિકભાવોનું સ્મરણ કરાય છે અને તેના કારણે તે ભાવો પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે અને તે ભાવપૂર્વક વંદન કરવાથી વંદકને પણ "હું પૂર્ણ પુરુષને વંદન કરું છું", એ પ્રકારનો ભાવવિશેષ થાય છે. તેથી તદ્જન્ય વિપુલ નિર્જરા થાય છે. વળી, સુસાધુને પણ વંદન કરતી વખતે "હે ક્ષમાશ્રમણ ! હું તમને વંદન કરું છું", એમ કહેવાથી ક્ષયોપશમભાવવાળા મુનિની ઉપસ્થિતિ થાય છે. જેઓ ક્ષાયિકભાવને અનુકૂળ બળ સંચય કરી રહ્યા છે, તેવી સ્મૃતિ થાય છે અને તે સ્વરૂપે ઉપસ્થિત કરીને તેમના પ્રત્યે ભક્તિનો પ્રકર્ષ થાય છે. છતાં તીર્થંકર કરતાં સુસાધુ પ્રત્યેની ભક્તિમાં કંઈક ભેદ પ્રાપ્ત થાય છે; કેમ કે તીર્થંકરને પૂર્ણ પુરુષ તરીકે સ્મરણ કરાય છે. જ્યારે સુસાધુ પૂર્ણ પુરુષ થવા યતમાન છે, તે સ્વરૂપે સ્મરણ કરાય છે અને પાસત્થાદિમાં સ્પષ્ટ પ્રમાદ દેખાય છે. તે વખતે પણ તેઓમાં જેટલા દર્શન-જ્ઞાનાદિ ગુણો લિંગો દ્વારા દેખાતા હોય તેટલા ગુણોથી તેમના પ્રત્યે પૂજ્યભાવ કરીને ભક્તિ કરવાથી તે ગુણો પ્રત્યે રાગાદિને કારણે નિર્જરાની પ્રાપ્તિ થાય છે. ફક્ત જેઓ તીર્થંકરોને, સુસાધુને કે પાસત્થાદિને તે તે ગુણોના સ્મરણપૂર્વક વંદન કરતા નથી તેઓની વંદનની ક્રિયા બાહ્યથી તીર્થંકર પ્રત્યે, જિનપ્રતિમા પ્રત્યે, સુસાધુ પ્રત્યે કે પાસત્થાદિ પ્રત્યે સમાન ઉપયોગથી બાહ્ય રીતે પ્રવર્તે છે. ફક્ત ઉપસ્થિતિમાં કંઈક ભેદ અલ્પ અંશથી પણ હોય તો ગુણના રાગજન્ય કંઈક નિર્જરા થાય છે અને લેશ પણ ગુણ પ્રત્યેનો રાગ જે વંદનની ક્રિયામાં વ્યક્ત થતો નથી, તેવી ક્રિયાથી નિર્જરાની પ્રાપ્તિ થતી નથી. **।।૧૫૯।।**

**અવતરણિકા :-**

**एवमुद्यतेतरविहारिगतवन्दनविधौ प्रतिपादिते सत्याह चोदकः –**

**અવતરણિકાર્થ :-**

આ રીતે=પૂર્વમાં વર્ણન કહ્યું એ રીતે ઉદ્યતવિહારી અને ઈતરવિહારીગત વંદનવિધિ પ્રતિપાદિત કરાયે છતે ચોદક=જિજ્ઞાસુ કહે છે –

**ભાવાર્થ :-**

પૂર્વમાં ભાવસાધુ વંદનીય છે, તેનું સ્વરૂપ બતાવ્યું અને ઇતર=પાસત્થાદિ શિથિલાચારવાળા વિષયક વંદનની વિધિ પ્રતિપાદન કરાઈ. ત્યાં જિજ્ઞાસુ પ્રશ્ન કરે છે.

**ગાથા :-**

**किं गुणवियालणाए, लिंगं अज्झप्पसुद्धिहेउ त्ति ।**
**नमणिज्जं अविसेसा, जह जिणपडिमा जओ भणिअं ।।१६०।।**

**અન્વયાર્થ :-**

किं गुणवियालणाए=ગુણની વિચારણાથી શું ?, लिंगं अज्झप्पसुद्धिहेउ=લિંગ=સાધુનો વેશ, અધ્યાત્મની શુદ્ધિનો હેતુ છે, त्ति अविसेसा=એથી અવિશેષથી=સુસાધુ કુસાધુના ભેદ વગર, સામાન્યથી, नमणिज्जं=નમનીય છે, जह जिणपडिमा जओ भणिअं=જે પ્રમાણે જિનપ્રતિમા, જે કારણથી કહેવાયું છે. ।।૧૬૦।।

**ગાથાર્થ :-**

ગુણની વિચારણાથી શું ? લિંગ=સાધુનો વેશ, અધ્યાત્મની શુદ્ધિનો હેતુ છે. એથી અવિશેષથી=સુસાધુ કુસાધુના ભેદ વગર સામાન્યથી નમનીય છે, જે પ્રમાણે જિનપ્રતિમા. જે કારણથી કહેવાયું છે. ।।૧૬૦।।

**ટીકા :-**

'किं गुण'त्ति । किं गुणानां लिङ्गप्रतिबद्धानां विचारणया ? लिङ्गमेवाध्यात्मशुद्धिहेतुरित्यविशेषान्नमनीयम्, यथा जिनप्रतिमा, न हि नमनीयगतगुणप्रभवा नमस्कर्तुर्निर्जरा, अपि त्वात्मीयाध्यात्मशुद्धिप्रभवा, सा च लिङ्गादपि भवन्ती लिङ्गस्यापि नमनीयत्वमाक्षिपतीति, यतो भणितमावश्यके ।।१६०।।

**ટીકાર્થ :-**

किं गुणानां ..... मावश्यके ।। લિંગ પ્રતિબદ્ધ ગુણોની વિચારણાથી શું ?=સાધુવેશ સાથે સંબંધિત જીવમાં રહેલા ગુણોની વિચારણાથી શું ? અર્થાત્ ગુણોની વિચારણા આવશ્યક નથી. લિંગ જ અધ્યાત્મની શુદ્ધિનો હેતુ છે. એથી અવિશેષથી=ઉદ્યતવિહારી અને શિથિલવિહારીગત અવિશેષથી, નમનીય છે=લિંગ જ નમસ્કાર કરવા યોગ્ય છે. જે પ્રમાણે જિનપ્રતિમા. हि=જે કારણથી, નમનીયગત ગુણ પ્રભવ નમસ્કાર કરનારને નિર્જરા નથી. પરંતુ પોતાના સંબંધી અધ્યાત્મશુદ્ધિ પ્રભવ નિર્જરા છે

**અને તે=ચિત્તની શુદ્ધિ, લિંગથી પણ થતી લિંગના પણ નમનીયપણાનો આક્ષેપ કરે છે. જે કારણથી આવશ્યકસૂત્રમાં=આવશ્યકનિર્યુક્તિમાં કહેવાયું છે. ॥૧૬૦॥**

**ભાવાર્થ :-**

સ્થૂલદૃષ્ટિથી પૂર્વપક્ષીને જણાય છે કે જિનપ્રતિમામાં કોઈ ગુણ નથી. જિનની પ્રતિમા પત્થર આદિની જ છે. છતાં જિનની આ પ્રતિમા છે. તેવી બુદ્ધિથી નમસ્કાર કરનારને પોતાના ભાવ અનુસાર નિર્જરા થાય છે; કેમ કે પ્રતિમાને જોઈને જિનગુણોનું સ્મરણ થાય છે અને તેના કારણે નમનની ક્રિયાથી નિર્જરા થાય છે. તેમ સાધુનો વેશ જોઈને સાધુના ગુણોનું સ્મરણ કરવામાં આવે તો નમસ્કાર કરનારને પોતાના ચિત્તની શુદ્ધિથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેથી સાધુવેશ સાથે સંબદ્ધ એવા જીવમાં ગુણો છે કે નહિ, તેની વિચારણા કરવી જોઈએ નહિ. પરંતુ જેમ જિનપ્રતિમામાં ગુણો નથી, છતાં વંદનથી નિર્જરા થાય છે, તેમ પાસત્થાદિ કે ઉદ્યતવિહારી બંનેમાં વર્તતા લિંગને જોવાથી તેમના પ્રત્યે જે પૂજ્યબુદ્ધિ થાય છે, તે અધ્યવસાયથી નિર્જરા થશે. આ પ્રકારના પૂર્વપક્ષના કથનને ઉદ્ભાવન કરવાર્થે આવશ્યકનિર્યુક્તિમાં કહેલ છે. શું કહેલ છે ? તે આગળની ગાથામાં બતાવેલ છે. **॥૧૬૦॥**

**ગાથા :-**

**तित्थयरगुणा पडिमासु णत्थि णिस्संसयं विआणंतो ।**
**तित्थयर त्ति णमंतो, सो पावइ णिज्जरं विउलं ।।१६१।।**

**અન્વયાર્થ :-**

**तित्थयरगुणा पडिमासु णत्थि=તીર્થંકરના ગુણો પ્રતિમામાં નથી, णिस्संसयं विआणंतो=એ પ્રકારે નિઃસંશય જાણનાર પુરુષ, तित्थयर त्ति णमंतो सो=આ તીર્થંકર છે, એ પ્રમાણે પ્રતિમાને નમતો તે, पावइ णिज्जरं विउलं=વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. ॥૧૬૧॥**

**ગાથાર્થ :-**

**તીર્થંકરના ગુણો પ્રતિમામાં નથી. એ પ્રકારે નિઃસંશય જાણનાર પુરુષ આ તીર્થંકર છે, એ પ્રમાણે પ્રતિમાને નમતો તે પુરુષ વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. ॥૧૬૧॥**

**ટીકા :-**

**'तित्थयर'त्ति । तीर्थकरस्य गुणा ज्ञानादयस्ते 'प्रतिमासु' बिम्बलक्षणासु 'नत्थि' न सन्ति 'निःसंशयं' संशयरहितं 'विजानन्' अवबुध्यमानस्तथापि तीर्थकरोऽयमित्येवं भावशुद्ध्या 'नमन्' नमस्कर्त्ता 'प्राप्नोति' आसादयति 'निर्जरां' कर्मक्षयलक्षणां 'विपुलां' विस्तीर्णाम् ।।१६१।।**

**ટીકાર્થ :-**

**तीर्थकरस्य ..... विस्तीर्णाम् ।। તીર્થંકરના જ્ઞાનાદિ ગુણો છે, તે પ્રતિમામાં=બિંબરૂપ પ્રતિમાઓમાં,**

નથી એ પ્રકારે નિઃસંશય=સંશયરહિત, જાણતો પુરુષ છે તોપણ આ તીર્થંકર છે, એ પ્રકારની ભાવશુદ્ધિથી નમસ્કાર કરતો વિપુલ=વિસ્તૃત, કર્મક્ષયરૂપ નિર્જરાને પ્રાપ્ત કરે છે. ।।૧૬૧।।

**અવતરણિકા :-**

एष दृष्टान्तः, अयमर्थोपनयः –

**અવતરણિકાર્થ :-**

આ દૃષ્ટાંત છે=ગાથા-૧૬૧માં કહેલ પ્રતિમાનું દૃષ્ટાંત છે. આ અર્થનો ઉપનય છે=ગાથા-૧૬૨માં બતાવે છે, એ દૃષ્ટાંતના અર્થનો ઉપનય છે=પાસત્થાદિને વંદનમાં નિર્જરા છે તે રૂપ અર્થની સાથે યોજન છે –

**ગાથા :-**

लिंगं जिणपन्नत्तं, एव णमंतस्स णिज्जरा विउला ।
जइ वि गुणविप्पहीणं, वंदइ अज्झप्पसोहीए ।।१६२।।

**અન્વયાર્થ :-**

एव=આ રીતે=પ્રતિમાને નમસ્કાર કરાય છે એ રીતે, लिंगं जिणपन्नत्तं=જિનપ્રજ્ઞપ્ત લિંગને, णमंतस्स=નમસ્કાર કરનાર પુરુષને, णिज्जरा विउला=વિપુલ નિર્જરા, जइ वि गुणविप्पहीणं=જોકે ગુણથી અત્યંત રહિત એવા સાધુને, वंदइ अज्झप्पसोहीए=અધ્યવસાયની વિશુદ્ધિથી વંદન કરે છે. ।।૧૬૨।।

**ગાથાર્થ :-**

આ રીતે=પ્રતિમાને નમસ્કાર કરાય છે એ રીતે, જિનપ્રજ્ઞપ્ત લિંગને નમસ્કાર કરનાર પુરુષને વિપુલ નિર્જરા થાય છે. જોકે ગુણથી અત્યંત રહિત એવા સાધુને અધ્યવસાયની વિશુદ્ધિથી વંદન કરે છે. ।।૧૬૨।।

**ટીકા :-**

'लिंगं'ति । लिङ्ग्यतेऽनेन साधुरिति 'लिङ्गम्' रजोहरणादिधरणलक्षणं जिनैः—अर्हद्भिः प्रज्ञप्तं-प्रणीतम्, 'एवं' प्रतिमावत् नमस्कुर्वतो निर्जरा विपुला । यद्यपि गुणैः-मूलोत्तरगुणैर्विविधम्-अनेकधा प्रकर्षेण हीनं-रहितं 'वन्दते' नमस्करोति 'अध्यात्मशुद्ध्या' चेतःशुद्ध्येति ।।१६२।।

**ટીકાર્થ :-**

लिङ्ग्यतेऽनेन ..... शुद्ध्येति ।। આના દ્વારા સાધુ જણાય છે એ લિંગ રજોહરણાદિધરણ સ્વરૂપ જિનો વડે=અર્હતો વડે કહેવાયું છે. આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે પ્રતિમાની જેમ નમસ્કારને કરતો પુરુષ વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. જોકે ગુણોથી=મૂલઉત્તરગુણોથી, વિપ્રહીન છે. વિપ્રહીનનો

**અર્થ સ્પષ્ટ કરે છે. વિપ્રહીનમાં રહેલ 'વિ' શબ્દ વિવિધ=અનેક પ્રકારે છે. 'પ્ર' શબ્દ પ્રકર્ષથી અર્થમાં છે. 'હીન' શબ્દ રહિતના અર્થમાં છે. તેથી ગુણોથી અનેક પ્રકારે પ્રકર્ષથી રહિત એવા સાધુને અધ્યાત્મશુદ્ધિથી=ચિત્તની શુદ્ધિથી નમસ્કાર કરે છે. પ્રતિમાની જેમ તે નમસ્કાર કરનાર વિપુલ નિર્જરા કરે છે, એમ અન્વય છે. ।।૧૬૨।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૦માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે જે પ્રમાણે ગુણરહિત આ જિનપ્રતિમા છે, તેમ જાણવા છતાં જિનપ્રતિમાને નમસ્કાર કરવાથી પોતાના અધ્યવસાયને અનુરૂપ નિર્જરા થાય છે, તે રીતે ગુણરહિત પણ સાધુના લિંગવાળા પુરુષને અધ્યવસાય વિશુદ્ધિથી નમસ્કાર કરનારને નિર્જરા થાય છે, તેમ માનવું જોઈએ. તેની પુષ્ટિ માટે આવશ્યકનિર્યુક્તિની ગાથા દ્વારા સમર્થન કરે છે. જેઓને ભગવાન પ્રત્યે ભક્તિ છે, તેઓને ભગવાનના જ્ઞાનાદિ ગુણોને કારણે જ ભગવાન પ્રત્યે ભક્તિ છે, અન્ય કારણે ભક્તિ નથી અને તે પુરુષ જાણે છે કે પ્રતિમામાં તે ગુણો નથી તોપણ આ તીર્થંકર છે, એ પ્રકારનું આહાર્ય જ્ઞાન કરીને જાણે ગુણસંપન્ન ભગવાનને હું પૂજી રહ્યો છું, એવી ભાવવિશુદ્ધિથી ભગવાનને નમસ્કાર કરે છે, ત્યારે વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. અહીં આહાર્યજ્ઞાન બાધકાલીન ઇચ્છાજન્ય જ્ઞાન છે અર્થાત્ જિનપ્રતિમામાં જિનના ગુણો નથી. એથી જિનનો બાધ છે તોપણ ભક્તિ અર્થે તેમની પ્રતિમાને ઇચ્છાથી આ તીર્થંકર છે, એ પ્રકારે જ્ઞાન કરે છે જેના કારણે ભક્તિ ઉલ્લસિત થાય છે. જેનાથી વિપુલ નિર્જરા થાય છે. આ દૃષ્ટાંત દ્વારા ગુણરહિત પણ સાધુને વંદન કરી શકાય તેનું સ્થાપન કરવાર્થે પૂર્વપક્ષી કહે છે.

રજોહરણાદિને જેઓ ધારણ કરતા હોય, તેઓ તેનાથી આ સાધુ છે, તે પ્રકારે જણાય છે. ક્વચિત્ તેઓ ગુણોથી અત્યંત રહિત હોય તોપણ નમસ્કાર કરનાર પુરુષ વિચારે છે કે ગુણોથી રહિત એવી પ્રતિમાને પણ આ જિન છે, એ પ્રકારે પ્રતિસંધાન કરીને નમસ્કાર કરવાથી વિપુલ નિર્જરા થાય છે, તેમ ગુણથી રહિત પણ સાધુને લિંગના બળથી આ સાધુ છે, એ પ્રકારે નમસ્કાર કરવાથી નમસ્કાર કરનારને સાધુ પ્રત્યે થતા બહુમાનભાવરૂપ ચિત્તની શુદ્ધિથી વિપુલ નિર્જરા થાય છે માટે આ સુસાધુ છે, આ સુસાધુ નથી ઇત્યાદિ વિચારણા કરવી ઉચિત નથી. પરંતુ પાસત્થા હોય કે સુસાધુ હોય, સાધુના વેશના બળથી તેઓને ભક્તિથી નમસ્કાર કરવો જોઈએ, એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે. **।।૧૬૧-૧૬૨।।**

**અવતરણિકા :-**

**समाधातुमुपक्रमते –**

**અવતરણિકાર્થ :-**

**સમાધાન કરવા માટે ઉપક્રમ કરે છે=ગાથા-૧૬૦થી ૧૬૨ સુધી પૂર્વપક્ષીએ જિનપ્રતિમાના દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે સાધુવેશ જોઈને નમસ્કાર કરવાથી નમસ્કાર કરનારને પોતાના ભાવને અનુરૂપ વિપુલ નિર્જરા થાય છે. તેનું સમાધાન કરવા માટે પ્રારંભ કરે છે –**

ગાથા :-

णियअवगरिसावहिओ, उक्करिसो गुणवओ भगवओ उ ।
तट्ठवणाभावेणं, पडिमा खलु होइ णमणिज्जा ।।१६३।।

**અન્વયાર્થ :-**

णियअवगरिसावहिओ उक्करिसो गुणवओ भगवओ उ=નિજઅપકર્ષ અવધિક ઉત્કર્ષ ગુણવાળા ભગવાન છે, तट्ठवणाभावेणं=તદ્સ્થાપનાભાવથી, पडिमा=પ્રતિમા, णमणिज्जा खलु होइ=નમસ્કરણીય થાય છે. ।।૧૬૩।।

**ગાથાર્થ :-**

**નિજઅપકર્ષ અવધિક ઉત્કર્ષ ગુણવાળા ભગવાન છે. તદ્સ્થાપનાભાવથી પ્રતિમા નમસ્કરણીય થાય છે. ।।૧૬૩।।**

**ટીકા :-**

'णिय'त्ति । निजः-स्वीयः अपकर्षः-हीनगुणत्वं तदवधिको यः 'उत्कर्षः' अधिकगुणलक्षणः स गुणवतो भगवतस्तत्त्वतो विद्यते, तत्स्थापनाभावेन प्रतिमा खलु 'नमनीया' वन्दनीया भवति । अयं भावः-मुख्यतस्तावन्नमस्कर्त्तव्यत्वं स्वापकर्षावधिकोत्कर्षप्रतियोगित्वं प्रकृते तीर्थकर एव, तत्स्थापनाद्वारा तूपचारतः प्रतिमापि नमस्कर्त्तव्येति ।।१६३।।

**ટીકાર્થ :-**

निजः ..... नमस्कर्त्तव्येति ।। પોતાનો અપકર્ષ=હીનગુણપણું, તદ્અવધિક જે ઉત્કર્ષ=અધિકગુણલક્ષણ ઉત્કર્ષ, ગુણવાન એવા ભગવાનમાં તે=ઉત્કર્ષ, તત્ત્વથી વર્તે છે. તેમની સ્થાપનાના ભાવને કારણે=ઉત્કર્ષ ગુણવાળા ભગવાનની સ્થાપનાના ભાવને કારણે, પ્રતિમા ખરેખર નમનીય થાય છે=વંદનીય થાય છે. આ ભાવ છે – મુખ્યથી નમસ્કર્તવ્યપણું સ્વઅપકર્ષ અવધિકઉત્કર્ષનું પ્રતિયોગીપણું પ્રકૃત એવા તીર્થંકરમાં જ છે=પોતાનામાં રહેલા અપકર્ષવાળા ગુણોની મર્યાદાને આશ્રયીને ઉત્કર્ષવાળા ગુણો ભગવાનમાં છે અને તેના આધારપણારૂપ પ્રતિયોગીપણું પ્રકૃત એવા તીર્થંકરમાં જ છે, પ્રતિમામાં નથી. તેથી મુખ્યથી નમસ્કર્તવ્યપણું તીર્થંકરમાં જ ઘટે છે. વળી, તેમની સ્થાપના દ્વારા=ગુણઉત્કર્ષરૂપ તીર્થંકરની સ્થાપના દ્વારા, ઉપચારથી પ્રતિમા પણ નમસ્કર્તવ્ય છે. ।।૧૬૩।।

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીની શંકાનું સમાધાન કરવાર્થે પ્રથમ જિનપ્રતિમા કઈ રીતે વંદ્ય છે, તેનું પારમાર્થિક સ્વરૂપ સ્પષ્ટ કરે છે. પૂજ્ય એવા ભગવાનથી પૂજકમાં હીનગુણપણું છે. તેની મર્યાદાથી ઉત્કર્ષગુણવાળા ભગવાન

છે. તેથી પરમાર્થથી ભગવાન વંદ્ય છે. જોકે સંસારી જીવો ભારેકર્મી હોય ત્યારે નિર્ગુણ હોય છે. છતાં, વીતરાગના ગુણોનો પક્ષપાત થાય છે, ત્યારે કંઈક ગુણસંપત્તિની પ્રાપ્તિ થઈ છે તોપણ વીતરાગ તુલ્ય ગુણસંપત્તિ નથી. તેથી પોતાના કરતાં અધિક ગુણવાળા ભગવાન છે માટે તેઓના ગુણો તરફ આત્માને નમાવવા અર્થે અર્થાત્ તે ગુણો પ્રત્યે અધિક અધિક બહુમાન કરીને પોતાનામાં તે ગુણો પ્રગટ કરવાર્થે ભગવાન નમનીય છે અને ભગવાનના ચાર નિક્ષેપા છે. (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય અને (૪) ભાવ. તેમાં ભાવનિક્ષેપાથી ભગવાન પરમાર્થથી નમસ્કરણીય છે અને તે ભગવાનની આ સ્થાપના છે માટે ભગવાન સાથે સંબંધવાળી છે માટે પ્રતિમા પણ વંદનીય છે. તેનો જ ભાવ સ્પષ્ટ કરતાં કહે છે.

પોતાનામાં રહેલા ગુણના અપકર્ષની મર્યાદાથી ઉત્કર્ષ ગુણના આધારરૂપ પ્રતિયોગી ભગવાન છે અને ભગવાનમાં વર્તતું તેવું પ્રતિયોગીપણું મુખ્યથી નમસ્કરણીય છે; કેમ કે તેઓમાં વર્તતું તીર્થંકરપણું જ નમસ્કાર કરવા યોગ્ય છે અને તેમની સ્થાપના પ્રતિમામાં થાય છે. તેથી, ઉપચારથી પ્રતિમા પણ નમસ્કરણીય છે અર્થાત્ આ ભગવાનની સ્થાપના છે, એ પ્રકારનો ઉપચાર પ્રતિમામાં વર્તે છે. તેથી પ્રતિમા પણ નમસ્કરણીય છે. **॥૧૬૩॥**

**અવતરણિકા :-**

**लिङ्गस्य तु नमस्कर्तव्यत्वे नेयं नीतिः किन्तु भिन्नेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**વળી, લિંગના નમસ્કર્તવ્યપણામાં આ નીતિ નથી=પૂર્વગાથામાં પ્રતિમાના નમસ્કર્તવ્યમાં જે મર્યાદા બતાવી, એ મર્યાદા નથી. પરંતુ ભિન્ન જ છે. તેને કહે છે=લિંગના નમસ્કર્તવ્યમાં જે ભિન્ન મર્યાદા છે, તે મર્યાદાને કહે છે –**

**ગાથા :-**

**दव्वत्तणेण सम्मं, नमणिज्जं होइ साहुलिंगं तु ।**
**तं खलु सक्खं भावे, संबद्धं होइ सब्भावे ।।१६४।।**

**અન્વયાર્થ :-**

**साहुलिंगं तु=વળી, સાધુનું લિંગ, सम्मं=સમ્યક્, दव्वत्तणेण=દ્રવ્યપણાથી, नमणिज्जं होइ=નમસ્કરણીય છે, तं=તે=દ્રવ્યપણું, सब्भावे=સદ્ભાવમાં=પરમાર્થની વિચારણામાં, सक्खं भावे संबद्धं होइ=સાક્ષાત્ ભાવમાં સંબદ્ધ હોય છે. ॥૧૬૪॥**

**ગાથાર્થ :-**

**વળી, સાધુનું લિંગ સમ્યક્ દ્રવ્યપણાથી નમસ્કરણીય છે. તે=દ્રવ્યપણું, સદ્ભાવમાં=પરમાર્થની વિચારણામાં, સાક્ષાત્ ભાવમાં સંબદ્ધ હોય છે. ॥૧૬૪॥**

**ટીકા :-**

**'दव्वत्तणेण'त्ति । साधुलिङ्गं तु सम्यक् स्थापनातोऽपि प्राधान्येन द्रव्यत्वेन नमनीयं भवति, यतः 'तत्' द्रव्यत्वं खलु 'सद्भावे' परमार्थे विचार्यमाणे 'साक्षात्' समवायेन भावे संबद्धं भवति, भावकारणताया एव द्रव्यपदार्थत्वात्, कार्यकारणभावस्य च कथञ्चिदविश्वग्भाव एव संभवात् ।।१६४।।**

**ટીકાર્થ :-**

**साधुलिङ्गं ..... संभवात् ।। વળી, સાધુનું લિંગ સમ્યક્=સ્થાપનાથી પણ પ્રધાનપણારૂપે, દ્રવ્યપણાથી નમનીય થાય છે. જે કારણથી તે=દ્રવ્યપણું, સદ્ભાવ હોતે છતે=પરમાર્થની વિચારણા હોતે છતે, સાક્ષાત્ સમવાય સંબંધથી ભાવમાં સંબદ્ધ થાય છે; કેમ કે ભાવકારણતાનું જ દ્રવ્યપદાર્થપણું છે અને કાર્યકારણભાવનું કથંચિત્ અવિશ્વગ્ભાવ જ સંભવ છે=દ્રવ્યકારણ અને ભાવકાર્ય એ બેનો જ કથંચિદ્ અપૃથગ્ભાવનો સંભવ છે. ।।૧૬૪।।**

**ભાવાર્થ :-**

પ્રતિમાની નમસ્કરણીયતા કરતાં દ્રવ્યલિંગરૂપ સાધુની નમસ્કરણીયતા અન્ય પ્રકારની છે, તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. સાધુનું લિંગ બાહ્ય વેશ સ્વરૂપ છે. તેમ સાધુની સંયમની ઉચિત ક્રિયા ભાવસાધુનું કારણ બને તેવું સાધુનું લિંગ છે તેથી જેમ વેશથી આ સાધુ છે, તેમ જણાય છે. તે રીતે સંયમની ઉચિત ક્રિયાઓ જિનવચનાનુસાર કરે છે, તેનાથી પણ આ સાધુપણું જણાય છે અને સાધુની ક્રિયારૂપ દ્રવ્યપણું બે પ્રકારનું છે : (૧) અપ્રધાનદ્રવ્યપણું અને (૨) પ્રધાનદ્રવ્યપણું. અપ્રધાન દ્રવ્યક્રિયા કરનારા તે ક્રિયાઓ દ્વારા કોઈક મોહના પરિણામો કરે છે. જેનાથી સંસારની વૃદ્ધિ થાય છે અથવા સંમૂર્ચ્છિમની જેમ કરે છે. જે નિષ્ફળ ક્રિયારૂપ છે. જેમ અંગારમર્દકાચાર્ય સંયમની ક્રિયાઓ કરતા હતા તોપણ અપ્રધાન દ્રવ્યાચાર્ય હતા. તેથી તેઓનું દ્રવ્યક્રિયારૂપ સાધુનું લિંગ અપ્રધાન હતું અને નમસ્કારની ક્રિયામાં અપ્રધાન ક્રિયારૂપ દ્રવ્યલિંગ પણ નમસ્કરણીય નથી અને સાધુના વેશરૂપ દ્રવ્યલિંગ પણ નમસ્કરણીય નથી. પરંતુ જે દ્રવ્યક્રિયા ભાવસાધુની નિષ્પત્તિનું કારણ છે, તેવી દ્રવ્યક્રિયા નમસ્કરણીય છે. તેથી જિનપ્રતિમા સ્થાપના દ્વારા નમસ્કરણીય છે અને દ્રવ્યલિંગ ભાવ સાથે પ્રધાનપણાથી સંબદ્ધ હોય તે સ્વરૂપે નમસ્કરણીય છે, અન્ય નહિ અને ભાવ સાથે સંબદ્ધ દ્રવ્યલિંગ કેવું હોય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે. ભાવનું કારણ હોય તે દ્રવ્ય કહેવાય. જેમ ઘટનું કારણ મૃદ્ દ્રવ્ય છે. તેથી માટી જ ઘટરૂપે પરિણમન પામે છે અને ઘટનું કારણ દંડ છે, તે નિમિત્ત કારણ છે. તેથી દંડ ઘટરૂપે પરિણમન પામતું નથી અને જે દ્રવ્યકારણ ભાવ સાથે સમવાય સંબંધથી જોડાયેલું હોય તે જ દ્રવ્યપણું વંદનીય છે. તેથી, જે મહાત્મા મોહનાશને અનુકૂળ કોઈક ભાવથી યુક્ત સાધ્વાચારની સમ્યગ્ ક્રિયાઓ કરતા હોય અને તે ક્રિયાના બળથી જ તેઓમાં ભાવસાધુપણું પ્રગટ થતું હોય તો જ તેઓની દ્રવ્યક્રિયા ભાવસાધુપણાનું કારણ હોવાથી નમસ્કરણીય બને છે; કેમ કે મોહનાશને અનુકૂળ કોઈક પરિણતિથી વિશિષ્ટ સંયમની ક્રિયા કરીને તે મહાત્મા ઉત્તરમાં ભાવસાધુપણું

પ્રાપ્ત કરે છે. જેમ કરોટક મુનિએ સંયમ ગ્રહણ કર્યું, ત્યારે ભાવસાધુપણું પ્રગટ થયું નહિ તોપણ સંયમની પ્રતિદિન ક્રિયાના બળે કેટલાક કાળ પછી ભાવસાધુપણું પ્રગટ થયું. તેથી તેઓની પ્રધાન દ્રવ્યક્રિયા હતી, તે કોઈક ભાવથી અપૃથક્ ઉત્તરોત્તરના ભાવને પ્રગટ કરીને સંયમના પરિણામરૂપે પરિણમન પામી તેવી પ્રધાન દ્રવ્યક્રિયા નમસ્કરણીય છે. તેથી પ્રતિમાની નમસ્કરણીયતા કરતાં લિંગની નમસ્કરણીયતા જુદા પ્રકારની છે. **॥૧૬૪॥**

**અવતરણિકા :-**

**इत्थं च नमस्कर्त्तव्यतायां स्थापनातोऽपि प्रत्यासन्नतरतया प्रधानं द्रव्यरूपं लिङ्गम्, तच्च भावसंबद्धं स्यात्; प्रकृते तु पार्श्वस्थादिलिङ्गे पक्षीकृते भावासंबद्धेन द्रव्यत्वस्यैव पारमार्थिकस्याभावाद-प्रधानत्वस्यैव पर्यवसाने स्थापनावन्न मनःशुद्धिहेतुत्वं नमस्कर्त्तव्यत्वं वेति, 'असाधूनामपि लिङ्गं नमस्कर्त्तव्यम्, मनःशुद्धिहेतुत्वात्, जिनप्रतिमावत्' इत्यत्र दृष्टान्तवैषम्यमित्यभिप्रायवानाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, નમસ્કર્તવ્યતામાં સ્થાપનાથી પણ પ્રત્યાસન્નતરપણું હોવાને કારણે પ્રધાન એવું દ્રવ્યરૂપ લિંગ છે અને તે=દ્રવ્યરૂપ લિંગ, ભાવ સાથે સંબદ્ધ થાય. વળી, પ્રકૃતમાં પાર્શ્વસ્થાદિ લિંગ પક્ષ કરાયે છતે ભાવ સાથે અસંબદ્ધપણાને કારણે પારમાર્થિક એવા દ્રવ્યત્વનો જ અભાવ હોવાને કારણે અપ્રધાનત્વનું જ પર્યવસન હોતે છતે=પાર્શ્વસ્થાદિ લિંગમાં અપ્રધાન દ્રવ્યત્વનું જ પર્યવસન હોતે છતે, સ્થાપનાની જેમ મનઃશુદ્ધિનું હેતુપણું નથી અથવા નમસ્કર્તવ્યપણું નથી. એથી અસાધુઓના પણ લિંગને નમસ્કાર કરવા જોઈએ; કેમ કે મનઃશુદ્ધિનું હેતુપણું છે, જિનપ્રતિમાની જેમ. એ પ્રકારના આમાં=ગાથા-૧૬૦માં બતાવેલા પૂર્વપક્ષીના કથનમાં, દૃષ્ટાંતનું વૈષમ્ય છે=દૃષ્ટાંત સંગત નથી, એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૩માં જિનપ્રતિમાની કેવા પ્રકારની નમસ્કરણીયતા છે તે બતાવ્યું. ગાથા-૧૬૪માં કેવા પ્રકારનું સાધુનું લિંગ નમસ્કરણીય છે, એ બતાવ્યું. એ રીતે નમસ્કર્તવ્યતામાં જિનપ્રતિમારૂપ સ્થાપનાથી પણ પ્રધાનતરપણું દ્રવ્યલિંગમાં છે; કેમ કે સ્થાપનાભાવ સાથે સંબદ્ધ નથી, છતાં નમસ્કાર કરનારને ભાવનિષ્પત્તિમાં નિમિત્તરૂપે આલંબન છે અને દ્રવ્યરૂપ લિંગ ભાવસાધુની નિષ્પત્તિને અનુકૂળ એવી ક્રિયારૂપ હોવાથી ભાવસાધુ સાથે કારણરૂપે સંબદ્ધ છે અર્થાત્ તે તે સાધ્વાચારની ક્રિયાથી વિશિષ્ટ જીવ જ ત્રણ ગુપ્તિના પરિણામરૂપ ભાવસાધુપણાને પામે છે. તેથી ક્રિયારૂપ દ્રવ્યલિંગ ભાવ સાથે સંબદ્ધ છે અને પાસત્થાદિના લિંગમાં ભાવ સાથે અસંબદ્ધ એવું દ્રવ્યપણું છે; કેમ કે પાસત્થાદિ જે સંયમની ક્રિયાઓ કરે છે, તે ક્રિયાઓ મોહનાશને અનુકૂળ યત્નરૂપે કરતા નથી પરંતુ યથાતથા કરે છે. તેથી તેઓની ક્રિયા ભાવસાધુના પરિણામ સાથે અસંબદ્ધ હોવાથી પારમાર્થિક દ્રવ્યરૂપ તે ક્રિયાઓ નથી. પરંતુ અપ્રધાનરૂપ તે

દ્રવ્યક્રિયાઓ છે. તેથી જેઓને સમ્યગ્ બોધ છે કે સંયમની આ પ્રકારની ક્રિયાઓ મોહનાશને અનુકૂળ યત્ન કરવાથી મોક્ષનું કારણ છે અને યથાતથા કરવાથી મોહનાશનું કારણ નથી તેવા વિવેકી જીવોને અપ્રધાન એવી તે ક્રિયા પ્રત્યે બહુમાન થાય નહિ પરંતુ જે ક્રિયા મોહનાશને અનુકૂળ હોય તે ક્રિયા પ્રત્યે જ બહુમાન થાય. જ્યારે સ્થાપનામાં તો આ ભગવાનની પ્રતિમા છે માટે નમસ્કરણીય છે. તેવું પ્રતિસંધાન હોવાથી નમસ્કાર કરવા દ્વારા સ્થાપના, મનઃશુદ્ધિનો હેતુ બને છે અને નમસ્કર્તવ્ય બને છે. તેની જેમ અપ્રધાન વેશ ભાવની સાથે સંબંધ નહિ હોવાને કારણે બહુમાનનો ભાવ નહિ થવાથી મનઃશુદ્ધિનો હેતુ બનતો નથી અને નમસ્કર્તવ્ય પણ બનતો નથી. આથી પૂર્વપક્ષી કહે છે કે અસાધુનું લિંગ પણ નમસ્કર્તવ્ય છે, તેમાં હેતુ આપે છે. મનઃશુદ્ધિનો હેતુ હોવાથી તેમાં દૃષ્ટાંત આપે છે કે જિનપ્રતિમાની જેમ. એ કથનમાં દૃષ્ટાંતનું વૈષમ્ય છે; કેમ કે દૃષ્ટાંતમાં હેતુ અને સાધ્ય વિદ્યમાન છે. જ્યારે અસાધુના દ્રવ્યલિંગમાં મનઃશુદ્ધિરૂપ હેતુ નહિ હોવાથી નમસ્કર્તવ્યની સિદ્ધિ જિનપ્રતિમા કરાવી શકે નહિ. એ પ્રકારના અભિપ્રાયથી કહે છે.

**ગાથા :-**

**जिणपडिमासु जिणाणं, अज्झप्पं ठवणओ व आरोवा ।**
**लिंगम्मि उ दव्वत्ता, इय दिट्ठंतस्स वेहम्मं ।।१६५।।**

**અન્વયાર્થ :-**

**जिणपडिमासु=જિનોની પ્રતિમામાં, ठवणओ=સ્થાપનાથી, व=અથવા, आरोवा=આરોપથી, जिणाणं=જિનોનું, अज्झप्पं=અધ્યાત્મ છે=વંદન કરનારને જિન સંબંધી ભક્તિનું ઉત્તમ ચિત્ત છે, उ=વળી, लिंगम्मि=લિંગમાં=સાધુના લિંગમાં, दव्वत्ता=દ્રવ્યપણાથી=દ્રવ્યપણાથી, અધ્યાત્મ છે, इय दिट्ठंतस्स वेहम्मं=એથી દૃષ્ટાંતનું વૈધર્મ્ય છે=પાસત્થાના વંદનમાં અપાયેલ જિનપ્રતિમાના દૃષ્ટાંતમાં વૈધર્મ્ય છે. ।।૧૬૫।।**

**ગાથાર્થ :-**

**જિનોની પ્રતિમામાં સ્થાપનાથી અથવા આરોપથી જિનોનું અધ્યાત્મ છે=વંદન કરનારને જિન સંબંધી ભક્તિનું ઉત્તમ ચિત્ત છે. વળી, લિંગમાં=સાધુના લિંગમાં, દ્રવ્યપણાથી=દ્રવ્યપણાથી, અધ્યાત્મ છે. એથી દૃષ્ટાંતનું વૈધર્મ્ય છે=પાસત્થાના વંદનમાં અપાયેલ જિનપ્રતિમાના દૃષ્ટાંતમાં વૈધર્મ્ય છે. ।।૧૬૫।।**

**ટીકા :-**

**'जिणपडिमासु'त्ति । जिनप्रतिमासु जिनानामध्यात्मं स्थापनातो वा-इयं जिनानां मूर्तिः प्रतिष्ठापितेत्येवम्, आरोपाद्वा भगवद्गुणानां 'भगवानेवायं प्रशमरसनिमग्नलोचनः प्रसन्नवदनः स्निग्धकान्तिः सुरासुरनरनिकरपूजितः' इत्येवं भवति । लिङ्गे तु द्रव्यत्वाद् भावसाधूनां सम्बन्ध्येतदित्येवमध्यात्मं**

भवति द्रव्यत्वप्रत्यासत्तिद्वारा भावाध्यारोपाद्वेत्यपि बोध्यम्, तच्च प्रकृते पक्षीकृते लिङ्गे नास्तीति दृष्टान्तस्य वैधर्म्यम् । न हि प्रतिमावत् पार्श्वस्थादिलिङ्गं भावसम्बन्धेनाध्यात्मशोधकमीक्षामह इति ।।१६५।।

**ટીકાર્થ :-**

**जिनप्रतिमासु ..... इति ।। જિનપ્રતિમામાં જિનોનું અધ્યાત્મ છે. કઈ રીતે અધ્યાત્મ છે ? તે સ્પષ્ટ કરે છે. સ્થાપનાથી જિનોની આ મૂર્તિ પ્રતિષ્ઠાપિત છે, એ પ્રકારનું અધ્યાત્મ છે અથવા ભગવદ્ગુણોના આરોપથી 'આ ભગવાન પ્રશમરસનિમગ્ન લોચનવાળા, પ્રસન્નવદનવાળા, સ્નિગ્ધ કાંતિવાળા, સુરઅસુરનરના સમૂહથી પૂજિત છે', એ પ્રકારનું અધ્યાત્મ છે અર્થાત્ જિનપ્રતિમામાં સ્થાપનાથી અધ્યાત્મ છે, તેમાં આ જિનોની મૂર્તિ છે, તે પ્રકારે સ્મરણ થાય છે અને આરોપથી જે અધ્યાત્મ છે, તે આહાર્યજ્ઞાનથી થાય છે. વળી, લિંગમાં=સાધુવેશમાં કે સાધ્વાચારની ક્રિયારૂપ લિંગમાં, દ્રવ્યપણું હોવાને કારણે=ચારિત્રની નિષ્પત્તિનું કારણપણું હોવાને કારણે, ભાવસાધુ સંબંધી આ છે, એ પ્રકારે અધ્યાત્મ થાય છે=ચિત્તનો પરિણામ થાય છે અથવા દ્રવ્યત્વની પ્રત્યાસત્તિ દ્વારા ભાવઅધ્યારોપથી આ પ્રકારનું અધ્યાત્મ થાય છે એમ પણ જાણવું=ભાવચારિત્રની સાથે સુવિશુદ્ધ આલય-વિહારાદિની આચરણામાં કારણપણાના સંબંધોરૂપ પ્રત્યાસત્તિ છે. તેના દ્વારા આ મહાત્મામાં ભાવચારિત્ર છે, એ પ્રકારનું ભાવઅધ્યારોપથી વંદન કરનારને ભક્તિરૂપ અધ્યાત્મ સ્વરૂપ ચિત્ત થાય છે, એ પ્રમાણે જાણવું અને તે=લિંગમાં જે પ્રકારનું અધ્યાત્મ થાય છે તે હમણાં બતાવ્યું તે, પ્રકૃત એવા પક્ષીકૃત લિંગમાં=અસાધુના લિંગને નમસ્કાર કરવો જોઈએ એમ અવતરણિકામાં બતાવ્યું એ રૂપ પ્રકૃત એવા પક્ષીકૃત લિંગમાં, નથી=એવું અધ્યાત્મ પ્રાપ્ત થતું નથી એથી દૃષ્ટાંતનું વૈધર્મ્ય છે=પૂર્વપક્ષીએ જિનપ્રતિમાના દૃષ્ટાંતથી પાસત્થાદિ સાધુને વંદ્ય સ્વીકારવામાં જે યુક્તિ ગાથા-૧૬૦માં બતાવી એ કથનમાં જિનપ્રતિમાના દૃષ્ટાંતનું વૈધર્મ્ય છે. हि=જે કારણથી, પ્રતિમાની જેમ પાસત્થાદિનું રજોહરણાદિ લિંગ ભાવસંબંધપણાથી અધ્યાત્મનું શોધક અમે જોતા નથી. ।।૧૬૫।।**

**ભાવાર્થ :-**

અધ્યાત્મ એટલે જિન આદિ કે સુસાધુ આદિને જોઈને ગુણો પ્રત્યે ભક્તિવાળું ચિત્ત છે તેવું ચિત્ત અધ્યાત્મ શબ્દથી અહીં વાચ્ય છે અને જિનપ્રતિમામાં સ્થાપનાથી અથવા આરોપથી વંદન કરનારને ભગવાનની ભક્તિરૂપ અધ્યાત્મ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જિનપ્રતિમા પાષાણાદિની મૂર્તિ છે તેવો સ્પષ્ટ બોધ છે તોપણ જિન સંબંધી આ પ્રતિમા છે, એવો બોધ થવાથી મૂર્તિ પ્રત્યે પણ ભક્તિ થાય છે. જે ભક્તિમાં જિન અને પ્રતિમાના ભેદનો ઉલ્લેખ છે અને જ્યારે ભક્તિનો અતિશય થાય છે, ત્યારે ભક્તિ કરનાર મહાત્માને પ્રતિમામાં આહાર્ય આરોપ થાય છે. તેથી સાક્ષાત્ આ ભગવાન છે, પ્રશમરસ નિમગ્ન છે, કષાયોના ઉપશમને કારણે પ્રસન્ન વદનવાળા છે, ભૂતકાળની સાધનાને કારણે પુણ્ય પ્રકૃતિનો ઉત્કર્ષ હોવાથી અદ્ભુત રૂપવાળા છે, પૂજાતિશય હોવાને કારણે દેવો વગેરેથી પૂજિત છે, તેવો અભેદ આરોપ

થાય છે. તે વખતે ભક્તિના અતિશયવાળા મહાત્માને આ ભગવાનની મૂર્તિ છે, તેવો ભેદ તિરોધાન થાય છે અને સાક્ષાત્ ભગવાન જ સન્મુખ રહેલા છે, તેવો પરિણામવિશેષ થાય છે અને ભક્તિના વશથી ભગવાનની સાથે પોતે વાર્તાલાપ કરે છે, તેવો વિશિષ્ટ અધ્યવસાય થાય છે. જેના બળથી સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ થાય છે. જેમ એકલવ્ય દ્રોણાચાર્યની મૂર્તિની સન્મુખ ધનુર્વિદ્યા વિષયક પૃચ્છા કરે છે, ત્યારે દ્રોણાચાર્યની ધનુર્વિદ્યા પ્રત્યે અતિ નમેલા અધ્યવસાયને કારણે દ્રોણાચાર્ય પ્રત્યે વર્તતી ભક્તિનો અતિશય થાય છે. જેનાથી બુદ્ધિમાં ઉપસ્થિત થયેલા દ્રોણાચાર્યના અવલંબથી એકલવ્યને ધનુર્વિદ્યાનો સૂક્ષ્મ સૂક્ષ્મતર ક્ષયોપશમ થાય છે. તેમ વીતરાગની મૂર્તિ સાક્ષાત્ વીતરાગતાના ઉપાયરૂપે ત્રણ ગુપ્તિઓના રહસ્યને બતાવે છે. જેનાથી ભક્તિ કરનાર મહાત્મા વીર્યના પ્રકર્ષ દ્વારા વીતરાગ બને છે, તેવા સ્થૂલથી પણ પરમાર્થને સ્પર્શનાર બોધવાળા જીવને વીતરાગ પ્રત્યે તે ગુણથી ભક્તિનો અતિશય થાય છે. જેના બળથી ત્રણ ગુપ્તિની પ્રાપ્તિના ઉપાયરૂપ ક્ષયોપશમ વિશેષ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે જેના બળથી ભક્તિના અતિશયવાળા શ્રાવકો ભાવસાધુપણાને પ્રાપ્ત કરે છે અને ભાવસાધુઓ ઉત્તર ઉત્તરની ગુપ્તિના પરમાર્થને સ્પર્શીને ક્ષપકશ્રેણીને અનુકૂળ સંચિત વીર્યવાળા થાય છે.

આ રીતે જિનપ્રતિમાના બળથી ભક્તિના અતિશયવાળા શ્રાવકો કે સાધુઓ સ્થાપનાથી કે આરોપથી જિન સંબંધિત અધ્યાત્મને પ્રાપ્ત કરે છે. વળી, સાધુના વેશને અને સાધુની આલય-વિહારાદિ ઉચિત ક્રિયાને જોઈને વિચારે છે કે ભાવસાધુ સંબંધી આ વેશ અને આ ક્રિયાઓ છે. તેથી તેવા ભાવસાધુ પ્રત્યે ભક્તિના અતિશયરૂપ ઉત્તમ ચિત્ત થાય છે, તે લિંગમાં દ્રવ્યપણાને કારણે અધ્યાત્મ છે. જે દ્રવ્યઆચરણા અને ભાવસાધુના ભેદજ્ઞાન સ્વરૂપ છે. જેમ આ ભગવાનની પ્રતિમા છે, તેમાં ભેદજ્ઞાનથી ભક્તિ થાય છે, તેમ સાધુમાં પણ દ્રવ્યઆચરણાથી આ ભાવસાધુ સંબંધી છે, તેવી ભક્તિ થાય છે. જેનાથી વિપુલ નિર્જરા થાય છે અથવા સાધુનો વેશ અને સાધુની ક્રિયા ત્રણ ગુપ્તિ સાથે સંબંધવાળી છે, તેવો બોધ થવાથી પુરોવર્તી લિંગવાળા મહાત્માને જોઈને આ મહાત્મામાં ત્રણ ગુપ્તિના સામ્રાજ્ય રૂપ ભાવઅધ્યાત્મ છે, તેવો આરોપ થવાથી તેમના પ્રત્યે ભક્તિવાળું ચિત્ત થાય છે. જે અભેદ અધ્યારોપ સ્વરૂપ છે. જેમ જિનપ્રતિમામાં આ ભગવાન છે, તેવો અભેદ અધ્યારોપ છે, તેવા ચિત્તરૂપ અધ્યાત્મથી ભક્તિ કરનારને વિપુલ નિર્જરા થાય છે અને તેવું અધ્યાત્મ પાસત્થાદિના દ્રવ્યલિંગમાં નથી; કેમ કે ભાવની સાથે સંબંધિત એવી આલય-વિહારાદિની ક્રિયા પાસત્થાદિ સાધુઓમાં નથી. તેથી પાસત્થાદિની યથાતથા કરાતી ક્રિયા દ્વારા તે મહાત્મામાં ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય છે, તેવું સ્મરણ થતું નથી માટે દૃષ્ટાંતનું વૈધર્મ્ય છે અર્થાત્ પ્રતિમામાં ભિન્ન પ્રકારનું અધ્યાત્મ છે અને લિંગમાં ભિન્ન પ્રકારનું અધ્યાત્મ છે અને તેવું અધ્યાત્મ સુસાધુમાં કે સુસાધુ જેવી આલય-વિહારાદિની ક્રિયા કરનારા સાધુમાં સંભવે. પરંતુ વિપરીત આલય-વિહારાદિ કરનારા પાસત્થાદિમાં તેવું અધ્યાત્મ સંભવે નહિ માટે પ્રતિમાનું દૃષ્ટાંત પાસત્થાદિમાં નમસ્કર્તવ્યત્વનું સ્થાપન કરી શકે નહિ. વસ્તુતઃ જિનપ્રતિમામાં નમસ્કર્તવ્યત્વ અને મનઃશુદ્ધિ હેતુત્વ બંનેની વ્યાપ્તિ છે. જ્યારે પાસત્થાદિના લિંગમાં મનઃશુદ્ધિનું હેતુપણું સાક્ષાત્ દેખાતું નથી અને જિનપ્રતિમાના દૃષ્ટાંતથી પાસત્થાદિનું લિંગ મનઃશુદ્ધિનો હેતુ છે તેમ સિદ્ધ થતું નથી. તેથી મનઃશુદ્ધિનું હેતુપણું છે, એ હેતુ દ્વારા પાસત્થાદિના લિંગમાં નમસ્કર્તવ્યત્વની સિદ્ધિ થાય નહિ. **॥૧૬૫॥**

**અવતરણિકા :-**

**ननु प्रतिमायां यथा तीर्थकरगुणानामसतामारोपोऽध्यात्मशोधकस्तथा लिङ्गेऽप्यसतां साधुगुणा-नामारोपस्तादृशः सुलभ एवेत्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી પૂર્વપક્ષી કહે છે. પ્રતિમામાં જે પ્રમાણે અવિદ્યમાન તીર્થંકરના ગુણોનો આરોપ અધ્યાત્મનો શોધક છે=પ્રતિમાને નમસ્કાર કરનાર પુરુષના ચિત્તનો શોધક છે. તે પ્રકારે લિંગમાં પણ અવિદ્યમાન સાધુ ગુણોનો તેવા પ્રકારનો આરોપ=અધ્યાત્મનો શોધક એવો આરોપ, સુલભ જ છે. એ પ્રકારે પૂર્વપક્ષીનું કથન છે. આથી કહે છે=પૂર્વપક્ષીના કથનના નિવારણના હેતુથી જ કહે છે –**

**ભાવાર્થ :-**

સ્થૂલ દૃષ્ટિથી વિચારીને પૂર્વપક્ષી કહે છે કે પ્રતિમામાં તીર્થંકરના ગુણો નથી છતાં, આ તીર્થંકર છે, એમ આરોપ કરીને જેઓ તીર્થંકરની પ્રતિમાને પૂજે છે, તેઓના ચિત્તનું શોધક તે આરોપ દ્વારા નમસ્કારની ક્રિયા બને છે. તે રીતે પાસત્થાદિના લિંગમાં સાધુના ગુણો નથી તોપણ પ્રતિમામાં આરોપણની જેમ લિંગમાં પણ સાધુના ગુણોનું આરોપણ કરીને જેઓ પાસત્થાદિને નમસ્કાર કરે, તેઓ સાધુના ગુણની ભક્તિ કરવા રૂપ ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત કરી શકે છે, એમ પૂર્વપક્ષી કહે છે. તે સંગત નથી, એમ બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**दव्वत्ताभावम्मि य, णिरंतरं दव्वभावणाजणिओ ।**
**तत्थ गुणज्झारोवो, किलेसमूलं विवज्जासो ।।१६६।।**

**અન્વયાર્થ :-**

**दव्वत्ताभावम्मि य=દ્રવ્યત્વના અભાવમાં, तत्थ=ત્યાં=પાસત્થાદિ લિંગમાં, णिरंतरं दव्वभावणाजणिओ=નિરંતર દ્રવ્યભાવનાજનિત, गुणज्झारोवो=ગુણનો અધ્યારોપ, किलेसमूलं विवज्जासो=ક્લેશ મૂલવાળો વિપર્યાસ છે. ।।૧૬૬।।**

**ગાથાર્થ :-**

**દ્રવ્યત્વના અભાવમાં ત્યાં=પાસત્થાદિ લિંગમાં, નિરંતર દ્રવ્યભાવનાજનિત ગુણનો અધ્યારોપ ક્લેશ મૂલવાળો વિપર્યાસ છે. ।।૧૬૬।।**

**ટીકા :-**

**'दव्वत्ताभावम्मि य'त्ति । द्रव्यत्वाभावे च निरन्तरं द्रव्यभावनयोत्कर्षदशायां द्रव्यत्वप्रत्यासत्ति-**

प्रमोषे भाव्यमानयोर्भावद्रव्ययोरभेदपर्यवसिततया जनितः 'तत्र' पार्श्वस्थादिलिङ्गे गुणाध्यारोपः 'विपर्यासः' भ्रमरूपः, अस्थानभावनाजनितत्वात्; अत एव क्लेशमूलम्, अज्ञानस्यैवानर्थनिबन्धनत्वात् । प्रतिमायां तु नैवमस्ति, यतस्तत्र स्थापनारूपा भावप्रत्यासत्तिर्भावनास्थानं सद्भूतमेवास्तीति ध्यानसामग्रीमहिम्ना जायमानस्तदभेदाध्यारोपोऽपि न विपर्यासरूपः; भिन्नाभिन्नरूपत्वाद्वस्तुनः प्रत्यासत्तिवशात्कयाचिद् व्यपेक्षया भिन्नेऽप्यभेदाध्यवसायस्यादुष्टत्वात् । अत एव पारमर्षेऽपि "धूवं दाऊण जिणवराणं" इत्यादौ जिनप्रतिमानां जिनाभिन्नतयाऽभिधानमदुष्टम् । यदि त्वध्यारोपिक एव स्थाप्यस्थापनयोरभेदः स्यात् तदा विशेषदर्शिनां तदभिधानं न स्यादिति विचारणीयं सुधीभिः ।।१६६।।

**ટીકાર્થ :-**

द्रव्यत्वाभावे ..... सुधीभिः ।। અને દ્રવ્યત્વનો અભાવ હોતે છતે=પાસત્થાદિ સાધુઓમાં આલય-વિહારાદિ રૂપ દ્રવ્યક્રિયાનો અભાવ હોતે છતે, નિરંતર દ્રવ્યના ભાવન વડે=પાસત્થાદિને જોઈને આ દ્રવ્યસાધુ છે એ પ્રકારના ભાવન વડે, ઉત્કર્ષ દશામાં=તે ભાવના જ્યારે પ્રકર્ષવાળી થાય છે, ત્યારે દ્રવ્યત્વની પ્રત્યાસત્તિનો ત્યાગ થયે છતે=ઉપયોગમાં આ પાસત્થાદિમાં આ દ્રવ્યસાધુપણું છે તે રૂપ દ્રવ્યત્વના સંબંધનો ત્યાગ થયે છતે, ભાવ્યમાન એવા ભાવ અને દ્રવ્યના અભેદ પર્યવસિતપણાથી જનિત ત્યાં=પાસત્થાદિ લિંગમાં, ગુણનો અધ્યારોપ વિપર્યાસરૂપ છે=ભ્રમરૂપ છે; કેમ કે અસ્થાનભાવનાજનિતપણું છે=દ્રવ્ય અને ભાવના અભેદનો પાસત્થામાં અસ્થાન છે તેમાં અભેદની ભાવનાથી જનિતપણું છે. આથી જ=ગુણનો અધ્યારોપ પાસત્થામાં વિપર્યાસરૂપ છે આથી જ, ક્લેશનું મૂળ છે; કેમ કે અજ્ઞાનના જ અનર્થનું કારણપણું છે. વળી, પ્રતિમામાં આ પ્રમાણે નથી= આહાર્ય આરોપ ભ્રમરૂપ નથી. જે કારણથી ત્યાં=પ્રતિમામાં, સ્થાપનારૂપ ભાવપ્રત્યાસત્તિ સ્વરૂપ ભાવનાનું સ્થાન સદ્ભૂત જ છે. એથી ધ્યાન સામગ્રીના મહિમાથી=પ્રતિમામાં જિનેશ્વરોના ધ્યાનની સામગ્રી છે તેના મહિમાથી, થનારો તેનો અભેદ અધ્યારોપ પણ=પ્રતિમામાં આ તીર્થંકર છે એ પ્રકારનો અભેદ અધ્યારોપ પણ, વિપર્યાસરૂપ નથી; કેમ કે વસ્તુનું ભિન્ન-અભિન્નરૂપપણું હોવાને કારણે=દરેક વસ્તુઓનું કથંચિત્ ભિન્ન કથંચિત્ અભિન્નરૂપપણું હોવાને કારણે, કોઈક પ્રત્યાસત્તિના વશથી=કોઈક સંબંધના વશથી, વિશેષ અપેક્ષાને કારણે, ભિન્ન પણ પ્રતિમામાં=તીર્થંકરથી ભિન્ન એવી પણ પ્રતિમામાં, અભેદ અધ્યવસાયનું અદુષ્ટપણું છે. આથી જ પારમર્ષમાં પણ=આગમમાં પણ, "જિનેશ્વરોને ધૂપ આપીને" ઈત્યાદિ વચનોમાં જિનપ્રતિમાને જિનના અભિન્નપણાથી અભિધાન અદુષ્ટ છે.

પૂર્વમાં કહ્યું કે વસ્તુઓનું ભિન્નાભિન્નરૂપપણું હોવાથી પ્રતિમા સાથે ભગવાનનો પણ ભેદાભેદ છે, એકાંતે ભેદ નથી અને જે અપેક્ષાએ ભગવાનનો પ્રતિમા સાથે અભેદ છે, તે સંબંધથી જિનપ્રતિમામાં અભેદ અધ્યવસાય ઉચિત છે. ત્યાં કોઈને શંકા થાય કે ભગવાનની પ્રતિમા સાથે તો એકાંત ભેદ જ છે, ફક્ત અધ્યારોપથી જ કરાયેલો અભેદ પ્રતિમામાં છે. તેથી ભગવાનનો પ્રતિમા સાથે અભેદ

**પારમાર્થિક નથી, તેના નિરાકરણ માટે કહે છે. વળી, જો સ્થાપ્ય-સ્થાપનનો=સ્થાપ્ય એવા ભગવાનનો અને પ્રતિમારૂપ સ્થાપનનો અભેદ અધ્યારોપિક જ છે=વાસ્તવિક અભેદ નથી અધ્યારોપિક જ છે, એમ સ્વીકારવામાં આવે તો વિશેષદર્શી એવા તીર્થંકર ગણધરોનું તેનું કથન ન થાય અર્થાત્ 'જિનેશ્વરોને ધૂપ આપીને' એમ કહ્યું તે સ્થાનમાં જિનપ્રતિમા અને જિનેશ્વરોના અભેદનું જે કથન કર્યું તે વિશેષદર્શી એવા મહાત્માઓ કરે નહિ. એ પ્રકારે બુદ્ધિમાને વિચારવું જોઈએ. ।।૧૬૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં યુક્તિથી સ્થાપન કર્યું કે જિનપ્રતિમામાં આ ભગવાનની મૂર્તિ છે, એ પ્રકારે બુદ્ધિથી જેઓ ભગવાનની ભક્તિ કરે છે, તેઓને ભેદઉપાસનાની પ્રાપ્તિ થાય છે અર્થાત્ હું ભગવાનની મૂર્તિની પૂજા કરું છું, એ પ્રકારના ભગવાન સાથે સંબંધવાળી મૂર્તિની ઉપસ્થિતિપૂર્વક ભગવાનની ઉપાસના થાય છે. વળી, તે ભક્તિ કરનાર જ્યારે અતિ એકાગ્રતાને પામે ત્યારે આહાર્ય આરોપણ દ્વારા સાક્ષાત્ ભગવાન સન્મુખ છે, તે રીતે ભગવાનની ઉપાસના થાય છે, જે અભેદ ઉપાસના છે. તે રીતે ભાવસાધુના આલય-વિહારાદિ દ્રવ્યમાં પણ ભેદઉપાસના અને અભેદ ઉપાસના થાય છે. તેમ પૂર્વમાં બતાવ્યું અને પાસત્થાદિમાં આલય-વિહારાદિ રૂપ દ્રવ્યત્વનો અભાવ છે છતાં કોઈક વંદન કરનાર પુરુષ પાસત્થાને આ દ્રવ્યસાધુ છે, તેમ માનીને નિરંતર વંદન કરે અને તે ભાવ જ્યારે ઉત્કર્ષવાળો થાય, ત્યારે પાસત્થામાં અભેદ ઉપાસનાનો પરિણામ થાય છે અર્થાત્ જેમ ભગવાનની મૂર્તિમાં આ ભગવાન છે, એ પ્રકારનો અભેદ ઉપચાર થાય છે. તેમ પાસત્થામાં પણ આ દ્રવ્યક્રિયાઓ છે, તે પ્રકારનો પરિણામ દૂર થાય છે અને આ પાસત્થાદિ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે. તે પ્રકારની ભાવસાધુ સાથે અભેદબુદ્ધિ થાય છે ત્યારે પાસત્થાદિ સાધુમાં ત્રણ ગુપ્તિના અધ્યારોપરૂપ વિપર્યાસ થાય છે; કેમ કે પાસત્થાદિમાં ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય નથી. ત્યાં ત્રણ ગુપ્તિના સામ્રાજ્યની ભાવનાથી જનિત અભેદ ઉપચાર છે અને આ પ્રકારનો નિર્ગુણમાં ગુણનો અધ્યારોપ હોવાથી ક્લેશ મૂલવાળો છે; કેમ કે નિર્ગુણમાં ગુણનું આરોપણ કરવાનું વિપરીત જ્ઞાન છે અને તે વિપરીત જ્ઞાન અનર્થનું કારણ છે. વસ્તુતઃ મોક્ષનો અર્થી જીવ મોક્ષના ઉપાયભૂત ત્રણ ગુપ્તિઓ પ્રત્યે જ બહુમાનને ધારણ કરે છે. તેથી સુસાધુના આલયાદિ દ્વારા સુસાધુમાં ત્રણ ગુપ્તિની સંભાવના દેખાય છે. તેથી પ્રથમ ભૂમિકામાં આલયાદિ દ્વારા આ સુસાધુ છે, તેમ નિરંતર ભક્તિ કરે છે અને આલય-વિહારાદિ દ્વારા સુસાધુત્વનો પરિણામ અત્યંત સ્થિર થાય ત્યારે તે મહાત્માને જોઈને આ ત્રણ ગુપ્તિવાળા સુસાધુ છે, તેવી ઉપસ્થિતિ કરીને તેમને વંદન કરે છે, ત્યારે મહાત્મામાં વર્તતી ત્રણ ગુપ્તિ પ્રત્યે જે ભક્તિ થાય છે, તેનાથી વિપુલ નિર્જરા થાય છે અને પાસત્થાદિમાં સ્પષ્ટ આલય-વિહારાદિ વિપરીત છે. તેથી તે ક્રિયાથી અનુમેય ભાવસાધુપણું પાસત્થાદિમાં નથી. છતાં મૂઢતાને વશ 'આ ભાવસાધુ છે' એ પ્રકારનો જે અધ્યારોપ થાય છે, તે અનર્થનું કારણ છે. તેથી કર્મબંધનો હેતુ બને છે.

વળી, પ્રતિમામાં અભેદ ઉપચાર વિપર્યાસરૂપ નથી. કેમ વિપર્યાસરૂપ નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે. પ્રતિમામાં તીર્થંકરના ભાવનો સંબંધ બતાવનાર સ્થાપના છે અર્થાત્ પ્રતિમામાં તીર્થંકરના ભાવ સાથે સ્થાપનારૂપે તીર્થંકરનો સંબંધ છે. તેથી, આ તીર્થંકર છે, એ પ્રકારની ભાવનાનું સ્થાન જિનપ્રતિમામાં

વાસ્તવિક છે. એથી જેઓ નિરંતર જિનપ્રતિમાને પૂજે છે, ત્યારે પ્રથમ ભૂમિકામાં આ 'હું જિનની પ્રતિમાને પૂજું છું' તે પ્રકારની ભેદની ઉપાસના વર્તે છે અને જ્યારે નિરંતર તેવી પૂજા કરવાને કારણે એકાગ્રતારૂપ ધ્યાન સામગ્રી પ્રગટ થાય છે ત્યારે આ 'જિન' જ છે અને 'હું તેમની પૂજા કરું છું' તેવો અભેદ અધ્યારોપ પ્રતિમામાં થાય છે, તે વિપર્યાસરૂપ નથી. કેમ વિપર્યાસરૂપ નથી ? તેમાં યુક્તિ બતાવે છે.

જગતમાં વર્તતી દરેક વસ્તુઓ ભિન્નાભિન્ન રૂપ છે. આથી જ એકાંતે ધર્માસ્તિકાયાદિ સાથે આત્માનો ભેદ જ છે, એવો નિયમ નથી પરંતુ ધર્માસ્તિકાયમાં ઉપયુક્ત જીવ ધર્માસ્તિકાયરૂપ છે; કેમ કે ઉપયોગરૂપે ધર્માસ્તિકાય સાથે અભેદ છે અને જીવ દ્રવ્ય અને ધર્માસ્તિકાય દ્રવ્ય પરસ્પર ભિન્ન છે, તે અપેક્ષાએ તે બેનો ભેદ છે. તેમ પ્રતિમા અને જિન એ બે દ્રવ્ય જુદાં છે, તે અપેક્ષાએ તે બેનો ભેદ છે અને પ્રતિમા સાથે જિનનો સ્થાપનારૂપ સંબંધ છે, તે અપેક્ષાએ પ્રતિમા સાથે ભગવાનનો અભેદ અધ્યવસાય થાય તે અદુષ્ટ છે માટે પ્રતિમામાં ભગવાનનો અભેદ અધ્યારોપ વિપર્યાસરૂપ નથી. કેમ પ્રતિમામાં ભગવાનનો અભેદ અધ્યવસાય વિપર્યાસરૂપ નથી ? તે આગમવચનથી સ્પષ્ટ કરે છે.

શાસ્ત્રમાં વચન છે કે જિનેશ્વરોને ધૂપ આપીને=ધૂપપૂજા કરીને, શ્રાવક કોઈક ઉત્તરક્રિયા કરે છે અને આ ધૂપપૂજા જિનપ્રતિમામાં થાય છે. છતાં 'જિનપ્રતિમાને ધૂપ આપીને' એમ ન કહેતાં 'જિનેશ્વરોને ધૂપ આપીને' એમ કહેવાથી જિનપ્રતિમાનું જિન સાથે અભેદ કથન કર્યું છે. એ અદુષ્ટ વચન છે. પ્રતિમામાં અભેદ અધ્યારોપ વિપર્યાસરૂપ નથી, તેમ કહ્યું, તેમાં યુક્તિ આપી કે જગતવર્તી સર્વ વસ્તુઓ ભિન્નાભિન્ન રૂપ છે. તેથી કોઈક અપેક્ષાએ ભિન્ન હોવા છતાં સર્વ વસ્તુઓનો એકાંતથી પરસ્પર ભેદ નથી. તેમ સ્થાપ્ય એવા તીર્થંકરનો સ્થાપના સાથે પણ એકાંતથી ભેદ નથી. પરંતુ અભેદ પણ છે માટે સ્થાપનાને જોઈને આ તીર્થંકર છે, એવો અભેદ અધ્યવસાય દુષ્ટ નથી. ત્યાં સ્થૂલથી જોનારાને જણાય કે સ્થાપ્ય એવા તીર્થંકર અને સ્થાપનારૂપ મૂર્તિ એ બેનો અભેદ પારમાર્થિક નથી, અધ્યારોપિક જ છે માટે તે અભેદ અધ્યવસાય વસ્તુના વાસ્તવિક સ્વરૂપને આશ્રયીને નથી. પરંતુ ઉપચારથી જ છે. તેનું નિરાકરણ કરતાં કહે છે. જો પ્રતિમા સાથે ભગવાનનો અભેદ અધ્યારોપિક જ હોય તો વિશેષદર્શી એવા ગણધરો આદિ આ તીર્થંકર છે, એ પ્રકારનું કથન કરે છે તે સંગત થાય નહિ માટે વિશેષદર્શીના કથનથી પણ સ્વીકારવું જોઈએ કે સ્થાપ્ય એવી પ્રતિમા સાથે પરમગુરુનો અભેદ છે. **॥૧૬૬॥**

**અવતરણિકા :-**

**इत्थं विपर्यासे सति पापानुमतिदोषोऽपि स्यादित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=વિપરીત આલય-વિહારાદિવાળા પાસત્થામાં સાધુપણાનો આરોપ કરીને નમસ્કાર કરે એ રીતે, વિપર્યાસ થયે છતે=નિર્ગુણમાં પણ ગુણના આરોપરૂપ વિપર્યાસ થયે છતે, પાપની અનુમતિનો દોષ પણ થાય=તેઓમાં વર્તતા વિપરીત આચરણાજન્ય મોહના પરિણામ સ્વરૂપ પાપની અનુમતિનો દોષ પણ નમસ્કાર કરનારને થાય. એને કહે છે –**

ગાથા :-

इत्तो अ अप्पहाणे, पाहण्णमईइ पायडा होइ ।
तग्गयदोसाणुन्ना, इणमभिपेच्चेव भणियमिणं ।।१६७।।

અન્વયાર્થ :-

इत्तो अ=અને આથી, अप्पहाणे पाहण्णमईइ=અપ્રધાનમાં પ્રાધાન્યમતિથી, तग्गयदोसाणुन्ना=તદ્ગત દોષની અનુજ્ઞા, पायडा होइ=પ્રગટ થાય છે, इणमभिपेच्चेव=આને અભિપ્રેત કરીને જ, भणियमिणं=આ કહેવાયું છે. ।।૧૬૭।।

ગાથાર્થ :-

અને આથી અપ્રધાનમાં પ્રાધાન્યમતિથી તદ્ગત દોષની અનુજ્ઞા પ્રગટ થાય છે. આને અભિપ્રેત કરીને જ આ કહેવાયું છે. ।।૧૬૭।।

ટીકા :-

'इत्तो अ' त्ति । 'इतः' द्रव्यत्वाभावेऽपि भावगुणाध्यारोपात् 'अप्रधाने' पार्श्वस्थादिलिङ्गे प्राधान्यमत्या प्रकटैव तद्गतदोषानुज्ञा, कूटलिङ्गप्राधान्यस्फूर्त्तौ तत्प्रतिबद्धदोषाणामपि तथात्वस्फुरणात् । इदमभिप्रेत्यैव भणितमिदमावश्यके ।।१६७।।

ટીકાર્થ :-

'इतः' ..... मावश्यके ।। આથી=દ્રવ્યત્વનો અભાવ હોતે છતે પણ ભાવગુણનો અધ્યારોપ હોવાથી=પાસત્થામાં ભાવસાધુના લિંગભૂત આલય-વિહારાદિ સ્વરૂપ દ્રવ્યત્વનો અભાવ હોવા છતાં પણ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ભાવગુણનો અધ્યારોપ હોવાથી, અપ્રધાન એવા પાર્શ્વસ્થાદિ લિંગમાં પ્રધાનપણાની મતિથી=ભાવસાધુને અનુકૂળ પ્રધાન એવી દ્રવ્યઆચરણા છે એ મતિથી પ્રગટ જ તદ્ગત દોષની અનુજ્ઞા છે=પાસત્થાદિગત શિથિલાચારની અનુમતિ છે; કેમ કે કૂટલિંગમાં પ્રાધાન્યની સ્ફૂર્તિ થયે છતે=મિથ્યાઆચરણામાં સમ્યગ્ આચરણાની સ્ફુરણા થયે છતે, તત્ પ્રતિબદ્ધ દોષોનું પણ=કૂટલિંગો સાથે સંબંધિત એવા અસંયમના પરિણામોનું પણ, તથાપણાથી સ્ફુરણ છે=અનુમોદનાપણાથી સ્ફુરણ છે. આને અભિપ્રાય કરીને જ=પાસત્થાદિના વંદનમાં તેના દોષની અનુમોદના કરે છે એને અભિપ્રાય કરીને જ, આવશ્યકમાં આ કહેવાયું છે. ।।૧૬૭।।

ભાવાર્થ :-

પાસત્થાદિમાં ભાવની નિષ્પત્તિના કારણીભૂત આલય-વિહારાદિ ઉચિત ક્રિયારૂપ દ્રવ્યત્વનો અભાવ હોવા છતાં પણ તેમને વંદન કરવામાં આવે તો ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે, એ પ્રકારના ભાવોનો અધ્યારોપ થાય છે; કેમ કે વિવેકી શ્રાવક માટે ભાવસાધુમાં વર્તતો ત્રણ ગુપ્તિનો પરિણામ જ વંદનીય છે.

આથી જ ત્રણ ગુપ્તિવાળા આ મહાત્મા છે, તેથી ભક્તિના અતિશયથી વિવેકી શ્રાવક સાધુને વંદન કરે છે. આમ છતાં, અવિવેકને કારણે ત્રણ ગુપ્તિના અકારણીભૂત એવી આચરણા દ્વારા પાસત્થાદિના લિંગમાં આ આચરણા સમિતિ-ગુપ્તિનું કારણ છે. તેવી મતિથી વંદન કરવામાં આવે તો પાસત્થાદિમાં વર્તતા અગુપ્તિના પરિણામરૂપ દોષની અનુમતિ પ્રગટ જ છે. કેમ પાસત્થાદિને વંદનમાં તદ્ગત દોષની અનુમતિ છે, તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. ગુપ્તિને અનનુકૂલ એવી કૂટ આચરણામાં ગુપ્તિના કારણીભૂત આ આચરણા છે, તેવું વંદન કરનારને ચિત્તમાં સ્ફુરણ થાય છે. તેથી વિપરીત આચરણા સાથે સંબંધિત દોષોની અનુમતિનું પણ સ્ફુરણ થાય છે. જેમ સુસાધુની સમ્યગ્ આચરણા જોઈને આ મહાત્મા ગુપ્તિવાળા છે. તેમ માનીને વંદન કરનારને સુસાધુના ગુપ્ત માનસની અનુમોદના થાય છે, તેમ કુસાધુમાં સુસાધુની બુદ્ધિ થવાથી વંદન કરનારને આ કુત્સિત આચરણાજન્ય જે કુત્સિત ભાવો છે, તેના અનુમોદનનો અધ્યવસાય થાય છે. ગ્રંથકારશ્રીએ જે કહ્યું એ અભિપ્રાયને આશ્રયીને જ આવશ્યકમાં પણ કહેવાયું છે. **॥૧૬૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથાના અંતે કહ્યું કે આવશ્યકમાં આ કહેવાયું છે તેથી હવે આવશ્યકનિર્યુક્તિનો જ પાઠ બતાવે છે –**

**ગાથા :-**

**संता तित्थयरगुणा, तित्थयरे तेसिमं तु अज्झप्पं ।**
**न य सावज्जा किरिया, इयरेसु धुवा समणुमन्ना ।।१६८।।**

**અન્વયાર્થ :-**

**संता तित्थयरगुणा तित्थयरे=શોભન તીર્થંકરના ગુણો તીર્થંકરમાં છે, तेसिमं तु अज्झप्पं=તેઓનું=પ્રતિમાને નમસ્કાર કરનારા જીવોનું અધ્યાત્મ છે=હું ભગવાનની પ્રતિમાને નમસ્કાર કરું છું, એ પ્રકારનું ચિત્ત છે, न य सावज्जा किरिया=અને સાવદ્ય ક્રિયા નથી=પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી, इयरेसु धुवा समणुमन्ना= ઈતરોમાં=પાસત્થાદિમાં, ધ્રુવ અનુમોદના છે. ।।૧૬૮।।**

**ગાથાર્થ :-**

**શોભન તીર્થંકરના ગુણો તીર્થંકરમાં છે. તેઓનું=પ્રતિમાને નમસ્કાર કરનારા જીવોનું અધ્યાત્મ છે=હું ભગવાનની પ્રતિમાને નમસ્કાર કરું છું, એ પ્રકારનું ચિત્ત છે અને સાવદ્ય ક્રિયા નથી=પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી. ઈતરોમાં=પાસત્થાદિમાં, ધ્રુવ અનુમોદના છે. ।।૧૬૮।।**

**ટીકા :-**

'संत'त्ति । 'सन्तः' विद्यमानाः शोभना वा तीर्थकरस्य गुणाः-ज्ञानादयः, क्व ? तीर्थकरे इयं च प्रतिमा तस्य भगवत इति 'तेषां' नमस्कुर्वताम् 'इदमध्यात्मम्' इदं चेतः, तथा न च तासु प्रतिमासु

'सावद्या' सपापा 'क्रिया' चेष्टा, 'इतरेषु' पार्श्वस्थादिषु 'ध्रुवा' अवश्यंभाविनी सावद्या क्रिया । प्रणमतस्तत्र किम् ? इत्याह–'समणुमन्ना' सावद्यक्रियायुक्तपार्श्वस्थादिषु प्रणमनात् सावद्यक्रियानुमतिरिति हृदयम् । अथवा सन्तस्तीर्थकरगुणास्तीर्थकरे तान् वयं प्रणमामस्तेषामिदमध्यात्मम्, ततोऽर्हद्गुणाध्यारोपेण च इष्टप्रतिमाप्रणमनान्नमस्कर्तुर्न च सावद्याक्रिया परिस्पन्दनलक्षणा । 'इतरेषु' पार्श्वस्थादिषु पूज्यमानेष्वशुभक्रियोपेतत्वात्तेषां नमस्कर्तुर्ध्रुवा समनुज्ञेति ।।१६८।।

**ટીકાર્થ :-**

**'सन्तः' ..... समनुज्ञेति ।। 'सन्तः'=વિદ્યમાન અથવા શોભન, એવા તીર્થંકરના ગુણો જ્ઞાનાદિ છે. ક્યાં જ્ઞાનાદિ ગુણો છે ? એથી કહે છે. તીર્થંકરમાં છે અને આ પ્રતિમા તે ભગવાનની છે=જે ભગવાનમાં શોભનગુણો છે તેમની આ પ્રતિમા છે. એથી તેમને=નમસ્કાર કરનારને, આ અધ્યાત્મ છે=આ ચિત્ત છે અને તે રીતે=જે રીતે પાસત્થામાં સાવદ્ય ક્રિયા છે તે રીતે, તેમાં=પ્રતિમામાં, સાવદ્ય= સપાપ ક્રિયા નથી. ઇતરમાં=પાસત્થાદિમાં, ધ્રુવ=અવશ્યંભાવિની, સાવદ્ય ક્રિયા છે. ત્યાં=પાસત્થાદિમાં, પ્રણામ કરનારને શું ? એથી કહે છે. समनुज्ञा છે=અનુમોદના છે=સાવદ્ય ક્રિયાયુક્ત એવા પાસત્થાદિમાં પ્રણામ કરવાથી સાવદ્ય ક્રિયાની અનુમતિ છે, એ પ્રકારનું તાત્પર્ય છે=ગાથાનું તાત્પર્ય છે. 'અથવા'થી ગાથાનો અન્ય પ્રકારે અન્વય કરે છે. તીર્થંકરના ગુણો તીર્થંકરમાં વિદ્યમાન છે. તેને અમે પ્રણામ કરીએ છીએ. તેઓનું આ અધ્યાત્મ છે=નમસ્કાર કરનારનું આ ચિત્ત છે અને તેથી અરિહંતના ગુણના અધ્યારોપથી નમસ્કાર કરનારને ઇષ્ટ એવી પ્રતિમાના પ્રણામને કારણે દોષની પ્રાપ્તિ નથી એમ અન્વય છે અને પરિસ્પંદનરૂપ સાવદ્ય ક્રિયા નથી=પ્રતિમામાં પાસત્થાની જેમ પરિસ્પંદનરૂપ સાવદ્ય ક્રિયા નથી. પૂજ્યમાન એવા ઇતરોમાં=પાસત્થાદિઓમાં અશુભક્રિયાથી યુક્તપણું હોવાને કારણે=સાવદ્ય એવી અસંયમની ક્રિયાથી યુક્તપણું હોવાને કારણે, તેઓને નમસ્કાર કરનારને=પાસત્થાદિને નમસ્કાર કરનારને, ધ્રુવ અનુમોદન છે=પાસત્થાદિની સાવદ્ય ક્રિયાની અનુમોદના છે. ।।૧૬૮।।**

**ભાવાર્થ :-**

આવશ્યકનિર્યુક્તિમાં કહેલ છે કે તીર્થંકરમાં શોભન એવા જ્ઞાનાદિ ગુણો છે અને તેઓની આ પ્રતિમા છે, તેવો જેને બોધ થાય છે, તેને ગુણસંપન્ન એવા તીર્થંકરોની આ પ્રતિમા છે, તેવો અધ્યવસાય થાય છે અને તેના કારણે તેઓને નમસ્કાર કરવાનો અધ્યવસાય થાય છે અને ગુણસંપન્ન એવા તીર્થંકરો પ્રત્યે ભક્તિથી જનિત પ્રતિમાને નમસ્કાર કરવાનો અધ્યવસાય હોવાથી વિપુલ નિર્જરા થાય છે. વળી, ભગવાનની પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી; કેમ કે પત્થરાદિ અજીવ દ્રવ્યોથી બનેલી હોવાથી કષાયજન્ય પરિણતિ કે તેનાથી નિષ્પન્ન થતી કોઈ ચેષ્ટા પ્રતિમામાં નથી. તેથી, નમસ્કાર કરનારને સાવદ્ય ક્રિયાની અનુમતિ નથી. પરંતુ ગુણસંપન્ન એવા ભગવાનની આ પ્રતિમા હોવાથી તેને નમસ્કાર દ્વારા ભગવાનના ગુણો પ્રત્યે જ નમસ્કારનો અધ્યવસાય થાય છે. વળી, પાસત્થાદિમાં અવશ્યંભાવિ સાવદ્ય ક્રિયા છે; કેમ કે જિનવચનથી

નિયંત્રિત થઈને મોહનાશમાં યત્ન કરનારા નથી. તેથી કષાયોથી પ્રેરિત થઈને સ્વમતિ અનુસાર યથાતથા ક્રિયા કરે છે. તેથી, કષાયની પરિણતિથી સહિત એવા મન-વચન-કાયારૂપ સાવદ્ય ક્રિયા પાસત્થાદિમાં છે. આમ છતાં, રજોહરણાદિ લિંગને જોઈને મૂઢમતિવાળા જીવો તેઓને નમસ્કાર કરે છે, ત્યારે કષાયની પરિણતિથી પ્રવર્તતી તેઓની સાવદ્ય ક્રિયાની અનુમોદના નમસ્કાર કરનારને પ્રાપ્ત થાય છે. તેથી, વિશિષ્ટ કોઈ કારણ ન હોય તો તેવા નિર્ગુણોના પરિચયથી દૂર રહેવું જોઈએ અને તેઓને નમસ્કારાદિ કરીને તેઓની પાપની અનુમોદના ન થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. લાભાલાભની અપેક્ષાએ જે રીતે સ્વ-પરનું હિત થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. આથી જ પાસત્થાદિમાં સાવદ્ય ક્રિયા જોઈને તેઓને સુધારવાના આશયથી વિવેકી શ્રાવકો તેમને વંદનાદિ પણ કરે છે. ત્યાં દયાળુ ચિત્તથી કરાયેલું વંદન હોવાથી તેમની સાવદ્ય ક્રિયાની અનુમોદના થતી નથી. પરંતુ તેઓના હિતની ચિંતાથી કરાયેલું વંદન હોવાથી તેઓના હિતના અંગભૂત તે નમસ્કારની ક્રિયા થાય છે. તે રીતે અન્ય પણ કોઈ વિશિષ્ટ કારણ હોય ત્યારે તેઓને વંદન કરવાથી સાવદ્ય ક્રિયાની અનુમતિ થતી નથી. પરંતુ આ રજોહરણાદિ ધારણ કરે છે છતાં જિનવચનના અપલાપને કરનારી ક્રિયા કરે છે, તેઓને નમસ્કાર કરવાથી સાવદ્ય ક્રિયાની અનુમતિ આવે.

પૂર્વમાં આ તીર્થંકરની પ્રતિમા છે. એ પ્રકારની ભેદબુદ્ધિથી નમસ્કાર કરનારનું સુંદર ચિત્ત થાય છે એમ કહ્યું. હવે, તીર્થંકરની પ્રતિમામાં તીર્થંકરનો અભેદ ઉપચાર કરીને જેઓ પ્રતિમાને નમસ્કાર કરે છે, તેઓને પણ પ્રતિમાને નમસ્કાર કરવાથી સાવદ્ય ક્રિયાની અનુમતિ નથી; કેમ કે પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી. વળી, પાસત્થાદિમાં સાવદ્ય ક્રિયા જોવા છતાં તેઓને નમસ્કાર કરવાથી નક્કી તેના પાપની અનુમતિ પ્રાપ્ત થાય છે. **॥૧૬૮॥**

**અવતરણિકા :-**

**प्रकारान्तरेण शङ्कते –**

**અવતરણિકાર્થ :-**

**પ્રકારાંતરથી=પૂર્વમાં પૂર્વપક્ષીએ જે શંકા કરી તેના કરતાં અન્ય પ્રકારે, પૂર્વપક્ષી શંકા કરે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૦માં પૂર્વપક્ષીએ શંકા કરેલી કે ગુણરહિત પ્રતિમા છે. છતાં નમસ્કાર કરવાથી નિર્જરા થાય છે. તેમ ગુણરહિત પાસત્થા છે અને તેમને નમસ્કાર કરવાથી નિર્જરા થશે, તેનું અત્યાર સુધી નિરાકરણ કર્યું. હવે, પૂર્વપક્ષી અન્ય પ્રકારે પ્રતિમાની જેમ પાસત્થા વંદ્ય છે, તેમ સ્થાપન કરે છે.

**ગાથા :-**

**अह ठवणाभावेणं, लिंगं अज्झप्पसोहयं इट्ठं ।**
**ता वत्तव्वं सा किं, तस्सेव उयाहु अण्णस्स ।।१६९।।**

**અન્વયાર્થ :-**

**अह ठवणाभावेणं लिंगं अज्झप्पसोहयं इट्ठं=સ્થાપનાભાવથી લિંગ અધ્યાત્મશોધક ઈષ્ટ છે, ता वत्तव्वं=તેને ગ્રંથકારશ્રી કહે છે. તે કહેવું જોઈએ, सा किं तस्सेव उयाहु अण्णस्स=તે=સ્થાપના, શું ? તેની જ છે ? અથવા અન્યની=સુસાધુની, છે ? ।।૧૬૯।।**

**ગાથાર્થ :-**

**સ્થાપનાભાવથી લિંગ અધ્યાત્મશોધક ઈષ્ટ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. તે કહેવું જોઈએ. તે= સ્થાપના, શું ? તેની જ છે ? અથવા અન્યની=સુસાધુની, છે ? ।।૧૬૯।।**

**ટીકા :-**

**'अह'त्ति । अथ स्थापनाभावेन 'लिङ्गं' पार्श्वस्थादिसम्बन्धि द्रव्यलिङ्गम् 'अध्यात्मशोधकं' शुभभावनाजनकमिष्टं न चैवं पापानुमतिः, अप्रधाने प्रधानत्वस्फूर्त्तेरेव तद्रूपत्वादिति भावः; तत् वक्तव्यं 'सा' लिङ्गे स्थापना किं 'तस्यैव' पार्श्वस्थादेरुताहो ! 'अन्यस्य' संविग्नस्य साधोः ? ।।१६९।।**

**ટીકાર્થ :-**

**अथ ..... साधोः ? ।। સ્થાપનાભાવથી લિંગ=પાસત્થા સંબંધી દ્રવ્યલિંગ, અધ્યાત્મશોધક છે= શુભભાવનાજનક ઈષ્ટ છે અને એ રીતે=સ્થાપનાભાવથી લિંગને નમસ્કાર કરવામાં આવે એ રીતે પાપની અનુમતિ નથી; કેમ કે અપ્રધાનમાં=અપ્રધાન એવી દ્રવ્યક્રિયામાં, પ્રધાનપણાની સ્ફૂર્તિનું જ= ભાવસાધુના કારણીભૂત એવી પ્રધાનક્રિયા આ છે, એ પ્રકારના પ્રતિસંધાનનું જ, તદ્રૂપપણું છે=પાપની અનુમતિ સ્વરૂપ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે. તે કહેવું જોઈએ=પૂર્વપક્ષીએ કહેવું જોઈએ. શું કહેવું જોઈએ ? તે કહે છે. તે=પાસત્થાદિ લિંગમાં, સ્થાપના 'શું તેની જ'=પાસત્થાદિની છે અથવા અન્ય સંવિગ્ન સાધુની છે ? ।।૧૬૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે જિનપ્રતિમા સ્થાપનાભાવથી નમસ્કરણીય છે અને સાધુ ભાવસાધુની ઉચિત આચરણાથી નમસ્કરણીય છે માટે પ્રતિમાના દૃષ્ટાંતથી પાસત્થાદિને વંદનીય સ્વીકારી શકાય નહિ. તેથી પૂર્વપક્ષી કહે છે કે જેમ પ્રતિમા સ્થાપનાભાવથી નમસ્કરણીય છે, તેમ પાસત્થાદિ સંબંધી રજોહરણાદિ રૂપ દ્રવ્યલિંગ સ્થાપનાભાવથી અધ્યાત્મનું શોધક થશે=નમસ્કાર કરનારને શુભભાવનું જનક થશે અર્થાત્ જેમ પ્રતિમામાં ભગવાનની સ્થાપના થાય છે, તેમ પાસત્થાદિના લિંગમાં સુસાધુની સ્થાપના કરીને નમસ્કાર કરવાથી દોષની પ્રાપ્તિ થશે નહિ અર્થાત્ પાપની પ્રાપ્તિ થશે નહિ. કેમ પાપની પ્રાપ્તિ થશે નહિ ? તેમાં પૂર્વપક્ષી યુક્તિ બતાવે છે.

ભાવસાધુની અકારણભૂત એવી અપ્રધાન આચરણામાં ભાવસાધુની કારણીભૂત આ પ્રધાન આચરણા

છે એવી બુદ્ધિથી જ પાપની અનુમતિ થાય છે. જ્યારે અમે તો અપ્રધાન આચરણામાં ભાવસાધુની સ્થાપના સ્વીકારતા નથી, પરંતુ ભાવસાધુ જેવું જ પાસત્થાનું લિંગ છે તેમાં ભાવસાધુની સ્થાપના સ્વીકારીએ છીએ. તેથી પાપની અનુમોદના પ્રાપ્ત થશે નહિ. તેને ગ્રંથકારશ્રી પ્રશ્ન કરે છે કે જિનપ્રતિમામાં ભગવાનની સ્થાપના થાય છે. તેમ લિંગમાં કોની સ્થાપના તને અભિમત છે ? પાસત્થાની સ્થાપના અભિમત છે કે સંવિગ્ન સાધુની સ્થાપના અભિમત છે ? **॥૧૬૯॥**

**અવતરણિકા :-**

**आद्यं पक्षं दूषयितुमुपक्रमते –**

**અવતરણિકાર્થ :-**

**આદ્ય પક્ષને દૂષણ આપવા માટે ઉપક્રમ કરે છે અર્થાત્ પૂર્વગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે લિંગમાં સ્થાપના પાસત્થાની છે કે સંવિગ્ન સાધુની છે ? તેમાં જો પૂર્વપક્ષી કહે કે લિંગમાં પાસત્થાની સ્થાપના છે, એ રૂપ પ્રથમ પક્ષ સંગત નથી. તે બતાવવા માટે પ્રારંભ કરે છે –**

**ગાથા :-**

**तस्सेव सा ण इट्ठा, किरिया सावज्जया जओ तस्स ।**
**असुहविगप्पणिमित्तं, पडिमासु य सा ण थोवावि ।।१७०।।**

**અન્વયાર્થ :-**

**तस्सेव=તેની જ=પાસત્થાની જ, सा ण इट्ठा=તે=સ્થાપના ઈષ્ટ નથી, जओ=જે કારણથી, तस्स=તેની, किरिया सावज्जया=સાવધ ક્રિયા, असुहविगप्पणिमित्तं=અશુભ વિકલ્પનું નિમિત્ત છે, पडिमासु य सा ण थोवावि=અને પ્રતિમામાં તે=સાવધ ક્રિયા, થોડી પણ નથી. ।।૧૭૦।।**

**ગાથાર્થ :-**

**તેની જ=પાસત્થાની જ, તે=સ્થાપના ઈષ્ટ નથી. જે કારણથી તેની સાવધ ક્રિયા અશુભ વિકલ્પનું નિમિત્ત છે અને પ્રતિમામાં તે=સાવધ ક્રિયા, થોડી પણ નથી. ।।૧૭૦।।**

**ટીકા :-**

**'तस्सेव'त्ति । 'तस्यैव' पार्श्वस्थादेः 'सा' स्थापना लिङ्गे 'नेष्टा' नाङ्गीकृता, यतः 'तस्य' स्थाप्यत्वेनाभिमतस्य क्रिया सावद्या अशुभविकल्पनिमित्तम्, तादृशस्य भावस्य स्थापनाया अपि तथात्वात्, तथा च पापानुमतिदोषस्तदवस्थ एवेति भावः । प्रतिमासु च 'सा' सावद्यक्रियाऽनुमतिरूपा स्तोकाऽपि नास्ति, स्थाप्ये तीर्थकरे परिस्पन्दरूपसावद्यक्रियाऽभावात्, स्थाप्येऽनुभूयमानयोरेव गुणदोषयोः स्थापनासङ्केतमहिम्नाऽनुमतिसंभवात्, तथा च दृष्टान्तवैषम्यमितिभावः । अथवा**

'तस्यैव' पार्श्वस्थादेः 'सा' लिङ्गे स्थापना नेष्टा यतस्तस्य सावद्या क्रियास्ति, सा च लिङ्गे प्रत्यासन्नाऽशुभविकल्पनिमित्तम् । तथा च तयाऽशुभविकल्पक्रोडीक्रियमाणं लिङ्गमवन्दनीयम्, प्रतिमासु च सा सावद्यक्रिया स्तोकापि नास्तीति तयाऽशुभविकल्पाविषयीक्रियमाणत्वात् सा वन्दनीयैवेति दृष्टान्तवैषम्यम् ।।१७०।।

ટીકાર્થ :-

'तस्यैव' ..... वैषम्यम् ।। તેની જ=પાસત્થાદિની જ, તે=લિંગમાં સ્થાપના, ઈષ્ટ નથી=સ્વીકારાઈ નથી. જે કારણથી તેની=સ્થાપ્યપણાથી અભિમત એવી પાસત્થાદિની ક્રિયા સાવદ્ય છે=અશુભ વિકલ્પનું નિમિત્ત છે; કેમ કે તેવા પ્રકારના ભાવની=સાવદ્ય પરિણતિવાળા ભાવની, સ્થાપનાનું પણ તથાપણું છે=અશુભ વિકલ્પનું નિમિત્તપણું છે અને તે રીતે=પાસત્થાદિના લિંગમાં પાસત્થાદિની સ્થાપના કરીને નમસ્કાર કરવામાં આવે તે રીતે, પાપની અનુમતિનો દોષ તદવસ્થ જ છે=પૂર્વની ગાથાઓમાં સ્થાપન કરેલું કે પાસત્થાઓને નમસ્કાર કરવાથી પાપની અનુમતિ પ્રાપ્ત થાય છે. તે દોષ નિવર્તન પામતો નથી પરંતુ તદવસ્થ જ રહે છે અને પ્રતિમામાં તે=અનુમતિરૂપ સાવદ્ય ક્રિયા થોડી પણ નથી; કેમ કે સ્થાપ્ય એવા તીર્થંકરમાં પરિસ્પંદનરૂપ સાવદ્ય ક્રિયાનો અભાવ છે=પ્રતિમામાં જે તીર્થંકરોની સ્થાપના કરાય છે તેઓમાં મોહવૃદ્ધિને અનુકૂળ એવી સાવદ્ય ક્રિયાનો અભાવ છે. અહીં પ્રશ્ન થાય કે પાસત્થાના લિંગમાં કોઈ ગુણ-દોષ નથી અને પ્રતિમામાં પણ કોઈ ગુણ-દોષ નથી. છતાં લિંગમાં પાસત્થાની સ્થાપના કરીને નમસ્કાર કરવાથી પાસત્થાના દોષની અનુમતિ થાય છે અને મૂર્તિમાં ભગવાનની સ્થાપના કરીને નમસ્કાર કરવાથી દોષની અનુમતિ થતી નથી એ પ્રમાણે કેમ છે ? તેમાં હેતુ કહે છે. સ્થાપ્યમાં=જેની સ્થાપના કરાય છે તેવા તીર્થંકરમાં કે પાસત્થામાં, અનુભવાતા જ ગુણદોષની સ્થાપનાના સંકેતના મહિમાથી અનુમતિનો સંભવ છે.

અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે પ્રતિમામાં ભગવાનની સ્થાપના કરવાથી ગુણની અનુમોદના થાય છે અને પાસત્થાના લિંગમાં પાસત્થાની સ્થાપના કરવાથી દોષની અનુમોદના થાય છે તે રીતે, દૃષ્ટાંતનું વૈષમ્ય છે=પ્રતિમાના દૃષ્ટાંતથી પાસત્થા વંદનીય છે એમ જે પૂર્વપક્ષી કહે છે, તે દૃષ્ટાંત અસંગત છે. અથવા તેની જ=પાસત્થાદિની જ, તે=લિંગમાં સ્થાપના, ઈષ્ટ નથી. જે કારણથી તેને=પાસત્થાદિને સાવદ્ય ક્રિયા છે અને લિંગમાં પ્રત્યાસન્ન એવી તે=સાવદ્ય ક્રિયા, અશુભ વિકલ્પનું નિમિત્ત છે અને તે રીતે=પાસત્થાના લિંગમાં પ્રત્યાસન્ન સાવદ્ય ક્રિયા અશુભ વિકલ્પનું નિમિત્ત છે. તે રીતે તેના વડે=સ્થાપના વડે, અશુભ વિકલ્પથી ક્રોડી કરાતું લિંગ=અશુભ વિકલ્પથી આક્રાંત કરાતું એવું પાસત્થાનું લિંગ, અવંદનીય છે અને પ્રતિમામાં તે=સાવદ્ય ક્રિયા થોડી પણ નથી એથી તેનાથી=સ્થાપનાથી, અશુભ વિકલ્પનું અવિષયીપણું હોવાને કારણે તે=પ્રતિમા, વંદનીય જ છે. એથી દૃષ્ટાંતનું વૈષમ્ય છે=સ્થાપનાથી જેમ પ્રતિમા વંદ્ય છે તેમ સ્થાપનાથી પાસત્થાનું લિંગ વંદ્ય છે એ કથનમાં પ્રતિમારૂપ દૃષ્ટાંતનું વૈષમ્ય છે. ।।૧૭૦।।

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૦માં પૂર્વપક્ષીએ કહેલ કે જે પ્રમાણે જિનપ્રતિમા નમસ્કરણીય છે, તે પ્રમાણે પાસત્થા નમસ્કરણીય છે તેનું નિરાકરણ ગ્રંથકારશ્રીએ ગાથા-૧૬૮ સુધી કર્યું. તેથી પૂર્વપક્ષી કહે છે, જેમ પ્રતિમામાં ભગવાનની સ્થાપના કરીને નમસ્કાર થાય છે, તેમ પાસત્થાના વેશમાં પાસત્થાની સ્થાપના કરીને નમસ્કાર કરવાથી તેની અપ્રધાન દ્રવ્યક્રિયાને કારણે પાપની અનુમતિની પ્રાપ્તિ થતી હતી, તે થશે નહિ. તેને ગ્રંથકારશ્રી કહે છે.

પ્રતિમામાં સ્થાપ્ય ગુણસંપન્ન એવા તીર્થંકરો છે. તેથી તેઓમાં ગુણો પ્રત્યક્ષથી દેખાય છે માટે જિનપ્રતિમામાં તેમની સ્થાપના કરવાથી તીર્થંકર પ્રત્યે ભક્તિ સ્ફુરાયમાન થાય છે. તેથી તેમને કરાયેલો નમસ્કાર અશુભ વિકલ્પનું નિમિત્ત નથી. વળી, પાસત્થાના લિંગમાં પાસત્થાની સ્થાપના કરીને વંદન કરવામાં આવે તો પાસત્થામાં વર્તતી સાવદ્ય ક્રિયા અશુભ વિકલ્પનું નિમિત્ત હોવાને કારણે પાસત્થામાં વર્તતી સાવદ્ય ક્રિયાની અનુમતિનો દોષ પ્રાપ્ત થાય છે; કેમ કે સ્થાપના નિક્ષેપામાં જેની સ્થાપના કરાય છે, તેમનામાં ગુણ હોય તો ગુણની અનુમતિ પ્રાપ્ત થાય છે અને દોષ હોય તો દોષની અનુમતિ પ્રાપ્ત થાય છે માટે જિનપ્રતિમાના દૃષ્ટાંતથી પાસત્થાના લિંગને નમસ્કાર કરવો ઉચિત છે. તેમ સ્થાપન થઈ શકે નહિ.

અથવાથી ગાથાનું યોજન અન્ય પ્રકારે કરતાં કહે છે. પાસત્થાના લિંગમાં પ્રત્યાસન્ન સાવદ્ય ક્રિયા છે; કેમ કે સાવદ્ય ક્રિયાવાળા એવા પાસત્થાથી ધારણ કરાયેલું તે લિંગ છે. તેથી તે લિંગ સાથે અત્યંત સંબદ્ધ એવી સાવદ્ય ક્રિયા વંદન કરનારને અશુભ વિકલ્પનું નિમિત્ત બને છે અને પ્રતિમામાં લેશ પણ સાવદ્ય ક્રિયા નથી. તેથી પ્રતિમા વંદનીય છે, પરંતુ પાસત્થાનું લિંગ સ્થાપના નિક્ષેપથી પણ વંદનીય નથી. **॥૧૭૦॥**

**અવતરણિકા :-**

**अत्राह प्रेरकः —**

**અવતરણિકાર્થ :-**

**આમાં=પાસત્થાનું લિંગ પાસત્થાની સ્થાપના કરીને વંદનીય નથી એમ પૂર્વની ગાથામાં સ્થાપન કર્યું એમાં, પ્રેરક=પૂર્વપક્ષી, કહે છે=દોષ આપે છે —**

**ગાથા :-**

**सुद्धकिरियाणिमित्ता, अह सिद्धी नणु हवेज्ज जीवाणं ।**
**पडिमासु वि तयभावा, तो ण हवे सा जओ भणिअं ।।१७१।।**

**અન્વયાર્થ :-**

**अह=હવે, सुद्धकिरियाणिमित्ता=શુદ્ધ ક્રિયા નિમિત્ત, सिद्धी नणु हवेज्ज जीवाणं=જીવોને સિદ્ધિ=પુણ્યની નિષ્પત્તિ, થાય, तो=તો, पडिमासु वि तयभावा=પ્રતિમામાં તેનો અભાવ હોવાથી=શુદ્ધ ક્રિયાનો અભાવ**

હોવાથી, ण हवे सा=તે=પુણ્યની નિષ્પત્તિ થાય નહિ=નમસ્કાર કરનારને પુણ્યની નિષ્પત્તિ થાય નહિ. जओ भणिअं=જે કારણથી આવશ્યકનિર્યુક્તિમાં કહેવાયું છે. ॥૧૭૧॥

ગાથાર્થ :-

**હવે, શુદ્ધ ક્રિયા નિમિત્ત જીવોને સિદ્ધિ=પુણ્યની નિષ્પત્તિ, થાય તો પ્રતિમામાં તેનો અભાવ હોવાથી=શુદ્ધ ક્રિયાનો અભાવ હોવાથી તે=પુણ્યની નિષ્પત્તિ થાય નહિ=નમસ્કાર કરનારને પુણ્યની નિષ્પત્તિ થાય નહિ. જે કારણથી આવશ્યકનિર્યુક્તિમાં કહેવાયું છે. ॥૧૭૧॥**

ટીકા :-

**'सुद्ध'त्ति । ननु यद्येवमशुभक्रियाजनिताऽशुभसङ्कल्पविषयत्वाल्लिङ्गस्यावन्दनीयत्वं तद्वन्दनस्य पापफलत्वात्, विपर्ययाच्च प्रतिमानां वन्दनीयत्वं व्यवस्थितं तदा शुद्धक्रियानिमित्ता जीवानां नमस्कर्तॄणां 'सिद्धिः' पुण्यनिष्पत्तिर्भवेदिति प्रतिमास्वपि 'तदभावात्', शुद्धक्रियाऽभावात्पुण्यसिद्धिर्न भवेदिति तासामप्यवन्दनीयत्वं प्रसक्तम् । न खलु पापानिष्पत्तिमात्रार्थं वन्दने प्रवृत्तिः प्रेक्षावताम्, तुल्यायव्ययत्वात्, किन्तु पुण्यनिष्पत्तयेऽपि, सा चात्रापि प्रतिमागतशुद्धक्रियाभावे दुर्घटेति । यतो भणितमावश्यके ।।१७१।।**

ટીકાર્થ :-

ननु ..... भणितमावश्यके ।। 'ननु'થી પૂર્વપક્ષી કહે છે. જો આ રીતે=પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, અશુભ ક્રિયાથી જનિત=પાસત્થાદિના લિંગમાં સંનિહિત એવી અશુભ ક્રિયાથી જનિત, અશુભ સંકલ્પનું વિષયપણું હોવાથી=પાસત્થાદિને કરાયેલા નમસ્કારમાં અશુભ સંકલ્પનું વિષયપણું હોવાથી, લિંગનું અવંદનીયપણું છે; કેમ કે તેમના વંદનનું પાપફલપણું છે અને વિપર્યય હોવાથી=ભગવાનની પ્રતિમામાં અશુભ સંકલ્પનું નિમિત્તપણું નહીં હોવાથી, પ્રતિમાનું વંદનીયપણું વ્યવસ્થિત છે તો શુદ્ધ ક્રિયાનિમિત્ત જીવોને=નમસ્કાર કરનાર જીવોને, પુણ્યની સિદ્ધિ થાય અર્થાત્ શુદ્ધ ક્રિયાવાળાને વંદન કરવાથી પુણ્યની નિષ્પત્તિ થાય. એથી પ્રતિમામાં પણ તેનો અભાવ હોવાથી=શુદ્ધ ક્રિયાનો અભાવ હોવાથી, પુણ્યની સિદ્ધિ નહિ થાય=નમસ્કાર કરનારને પુણ્યની પ્રાપ્તિ નહીં થાય. એથી તેઓનું પણ=પ્રતિમાઓનું પણ, અવંદનીયપણું પ્રસક્ત છે=પ્રતિમાને અવંદનીય સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત છે. ખરેખર પાપની અનિષ્પત્તિ માત્ર અર્થે વિચારકોની વંદનમાં પ્રવૃત્તિ નથી; કેમ કે તુલ્ય આયવ્યયપણું છે=જો પાપની અનિષ્પત્તિ માત્ર અર્થે વંદન કરવામાં આવતું હોય તો પાપની અપ્રાપ્તિરૂપ વ્યય અને પુણ્યની પ્રાપ્તિના અભાવરૂપ આય સમાન પ્રાપ્ત થાય. તેથી નિરર્થક પ્રવૃત્તિ સિદ્ધ થાય. પરંતુ પુણ્યની નિષ્પત્તિ માટે પણ વંદન કરાય છે અને તે=પુણ્યની નિષ્પત્તિ, અહીં પણ=પ્રતિમાની વંદનની ક્રિયામાં પણ, પ્રતિમાગત શુદ્ધ ક્રિયાના અભાવમાં દુર્ઘટ છે. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. ॥૧૭૧॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે પાસત્થામાં સંયમની વિપરીત ક્રિયા હોવાથી વંદન કરનારને અનુચિત પ્રવૃત્તિ પ્રત્યે વંદનનો અધ્યવસાય હોવાથી અશુભ સંકલ્પરૂપ તે વંદનની ક્રિયા થાય છે. તેથી પાસત્થાનું લિંગ નિર્જરાના અર્થી માટે અવંદનીય છે; કેમ કે તે લિંગને વંદન કરવાથી અનુચિત પ્રવૃત્તિને નમસ્કાર કરવાનો અધ્યવસાય થવાને કારણે પાપની પ્રાપ્તિ છે. વળી, ભગવાનની પ્રતિમામાં અશુભ ક્રિયા નથી. તેથી પ્રતિમામાં વંદનીયપણું છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે જો અશુભ ક્રિયા પાસત્થામાં છે માટે અવંદનીય છે તો અર્થથી મોક્ષને અનુકૂળ શુદ્ધ ક્રિયા જ્યાં હોય ત્યાં વંદન કરવાથી વંદન કરનારને પુણ્યની પ્રાપ્તિ થાય છે. તેમ માનવું પડે અને પ્રતિમામાં શુદ્ધ ક્રિયા નથી અર્થાત્ મોક્ષને અનુકૂળ એવી શુદ્ધ આચરણારૂપ ક્રિયા પ્રતિમામાં નથી. પરંતુ પુદ્ગલની બનેલી જડ પ્રતિમા હોવાને કારણે જેમ વિપરીત ક્રિયા નથી, તેમ શુદ્ધ ક્રિયા પણ નથી માટે તેમને વંદન કરવાથી પુણ્યની પ્રાપ્તિ થઈ શકે નહિ.

વળી, તે જ અર્થને સ્પષ્ટ કરતાં પૂર્વપક્ષી કહે છે. વંદન કરનાર પાપની અનિષ્પત્તિ માત્રથી વંદન કરતા નથી. પરંતુ પુણ્યની નિષ્પત્તિ માટે કરે છે. કેમ પાપની અનિષ્પત્તિ માત્ર પ્રયોજનથી વંદન કરતા નથી ? તેમાં યુક્તિ બતાવે છે. તેમ કરવાથી પાપના અનર્થરૂપ વ્યય પણ નથી અને પુણ્યબંધરૂપ આય પણ નથી. તેથી આય-વ્યય તુલ્ય હોવાથી નિષ્ફળ ક્રિયા બને છે. વસ્તુતઃ વંદન કરનાર ભગવાનના ગુણો પ્રત્યે પૂજ્યભાવ કરીને નિર્જરા અર્થે વંદન કરે છે અને પ્રતિમામાં ગુણનિષ્પત્તિને અનુકૂળ શુદ્ધ ક્રિયા નહિ હોવાથી વંદન કરનારને પુણ્યની પ્રાપ્તિ થઈ શકે નહિ. આ કથનમાં સાક્ષી રૂપે પૂર્વપક્ષી આવશ્યકની ગાથા આગળમાં બતાવે છે. **॥૧૭૧॥**

**ગાથા :-**

**जह सावज्जा किरिया, णत्थि य पडिमासु एवमियरा वि ।**
**तयभावे णत्थि फलं, अह होइ अहेउअं होइ ।।१७२।।**

**અન્વયાર્થ :-**

**जह=જો, य पडिमासु=પ્રતિમામાં, सावज्जा किरिया णत्थि=સાવદ્ય ક્રિયા નથી, एवमियरा वि=અને એ રીતે ઈતર પણ નથી, तयभावे=તેના અભાવમાં=નિરવદ્ય ક્રિયાના અભાવમાં, णत्थि फलं=ફલ નથી, अह=હવે, होइ=પુણ્યરૂપ ફલ થાય છે, अहेउअं होइ=અહેતુક થાય. ॥૧૭૨॥**

**ગાથાર્થ :-**

**જો પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી અને એ રીતે ઈતર પણ નથી. તેના અભાવમાં=નિરવદ્ય ક્રિયાના અભાવમાં, ફલ નથી. હવે, પુણ્યરૂપ ફલ થાય છે, અહેતુક થાય. ॥૧૭૨॥**

**ટીકા :-**

**'जह'त्ति । यथा 'सावद्या क्रिया' सपापा क्रिया 'नास्त्येव' न विद्यत एव प्रतिमासु एवं 'इतरापि'**

**निरवद्यापि नास्त्येव, ततश्च 'तदभावे' निरवद्यक्रियाऽभावे नास्ति 'फलं' पुण्यलक्षणम् । अथ भवति 'अहेतुकं भवति' निष्कारणं च भवति, प्रणम्यवस्तुगतक्रियाहेतुगतत्वात् फलस्येत्यभिप्रायः । अहेतुकत्वे चाऽऽकस्मिककर्मसंभवान्मोक्षाद्यभाव इति गाथार्थः ।।१७२।।**

**ટીકાર્થ :-**

**यथा ..... गाथार्थः ।। જે પ્રમાણે સાવદ્ય ક્રિયા=સપાય ક્રિયા, પ્રતિમામાં નથી જ=વિદ્યમાન નથી જ, એ રીતે ઈતર પણ=નિરવદ્ય પણ ક્રિયા=કષાયોના ક્ષયનું કારણ બને તેવી નિરવદ્ય ક્રિયા પણ નથી જ=પ્રતિમામાં નથી જ અને તેથી=પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નથી તેથી, તેના અભાવમાં=નિરવદ્ય ક્રિયાના અભાવમાં, પુણ્ય લક્ષણફળ નથી. હવે, થાય છે=નમસ્કાર કરનારને પુણ્યલક્ષણ ફળ થાય છે તો અહેતુક થાય છે=નિષ્કારણ થાય છે=પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહીં હોવાને કારણે નિરવદ્ય ક્રિયાના હેતુના અભાવથી નિર્જરા થાય છે તેમ માનવાની આપત્તિ આવે તે ઉચિત નથી; કેમ કે ફલનું=નિર્જરારૂપ ફલનું, પ્રણમ્ય વસ્તુગત ક્રિયાના હેતુથી જન્યપણું છે, એ અભિપ્રાય છે અને અહેતુકત્વ હોતે છતે=પુણ્યની પ્રાપ્તિનું અહેતુકપણું હોતે છતે, આકસ્મિક કર્મનો સંભવ હોવાથી=જેમ પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહીં હોવા છતાં નમસ્કાર કરનારને હેતુ વગર પુણ્યબંધ થયો, તેમ અકસ્માત્ કોઈને પણ કર્મબંધનો સંભવ હોવાથી મોક્ષાદિનો અભાવ છે. મોક્ષાદિમાં આદિ પદથી સુગતિરૂપ દેવગતિની પ્રાપ્તિ થાય. ।।૧૭૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે પ્રતિમામાં નિરવદ્યક્રિયા નહીં હોવાથી વંદન કરનારને પુણ્ય નિષ્પત્તિ પણ થશે નહિ. તે કથનને દૃઢ કરવાર્થે વંદન આવશ્યકમાં કહેલ યુક્તિ પૂર્વપક્ષી બતાવે છે. પ્રતિમામાં કર્મબંધને અનુકૂળ એવી સાવદ્ય ક્રિયા નથી અને મોહનાશને અનુકૂળ વ્યાપાર સ્વરૂપ નિરવદ્ય ક્રિયા પણ નથી જ. તેથી વંદન કરનારને પુણ્યનું ફલ પ્રાપ્ત થઈ શકે નહિ; કેમ કે નિરવદ્ય ક્રિયા જોઈને જ વંદન કરનારને ભક્તિ થાય છે અને તેવી નિરવદ્ય ક્રિયા પ્રતિમામાં નહિ હોવાથી મોક્ષનું કારણ એવું પુણ્ય પ્રાપ્ત થઈ શકે નહિ. આમ છતાં સ્વીકારવામાં આવે કે પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવા છતાં નમસ્કાર કરનારને પુણ્ય થાય છે તો નમસ્કાર કરનારને અહેતુક પુણ્યની પ્રાપ્તિ થાય છે, તેમ સ્વીકારવું પડે; કેમ કે સ્થૂલદૃષ્ટિથી જોનાર પૂર્વપક્ષીને જણાય છે કે જેને પ્રણામ કરાય છે, તે વસ્તુમાં રહેલ મોક્ષને અનુકૂળ નિરવદ્ય ક્રિયાથી જ નમસ્કાર કરનારને પુણ્યરૂપ ફળ મળે છે. વળી, અહેતુક પુણ્ય સ્વીકારવામાં અન્ય દોષ કહે છે. જો હેતુ વગર પુણ્યબંધ થાય છે, તેમ માનો તો આકસ્મિક પુણ્યબંધ ગમે ત્યારે થઈ શકે તેમ માનવું પડે. તેથી જેમ હેતુ વગર સંસારી જીવોને પુણ્યબંધ થાય છે, તેમ મુક્ત થયેલા જીવોને પણ હેતુ વગર પુણ્યબંધ થવો જોઈએ તેથી તેઓને પ્રાપ્ત થયેલા મોક્ષનો અભાવ પ્રાપ્ત થાય; કેમ કે પુણ્યથી ફરી તેમને સુંદર ગતિમાં જન્મની પ્રાપ્તિ થાય.

વળી, વગર કારણે પુણ્યબંધ થતો હોય તો સંસારી જીવોને પણ આકસ્મિક પુણ્યબંધ થાય. તેથી પાપિષ્ઠ જીવોને પણ ક્યારેક આકસ્મિક પુણ્યબંધ થવાને કારણે સુદેવત્વની પ્રાપ્તિ થાય. વસ્તુતઃ ગુણસંપન્ન પુરુષને વંદન કરવાથી તેઓની મોક્ષને અનુકૂળ નિરવદ્ય ક્રિયા પ્રત્યે ભક્તિ થાય છે અને તે ભક્તિથી પુણ્ય બંધાય છે, જે પુણ્ય મોક્ષની પ્રાપ્તિમાં પ્રતિકૂળ પુણ્ય નથી. પરંતુ મોક્ષની પ્રાપ્તિમાં અવિઘ્નભૂત એવું પુણ્ય છે અને તે નિર્જરાની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ બને છે અર્થાત્ સાધકને નિર્જરાની પ્રાપ્તિમાં સહાયક થઈને મોક્ષનું કારણ બને છે અને તેવું પુણ્ય નમસ્કરણીયમાં નિરવદ્ય ક્રિયાને અવલંબીને થાય છે અને પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહિ હોવાથી નમસ્કાર કરનારને તેવું પુણ્ય પ્રાપ્ત થઈ શકે નહિ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૧૭૨॥**

**અવતરણિકા :-**

**समाधायकः प्राह —**

**અવતરણિકાર્થ :-**

**સમાધાન કરનાર કહે છે=ગાથા-૧૭૧, ૧૭૨માં પૂર્વપક્ષીએ જે દોષ આપ્યો, તેનું સમાધાન કરનાર ગ્રંથકારશ્રી કહે છે —**

**ગાથા :-**

**मणसुद्धिणिमित्तत्ता, पडिमाओ हुंति वंदणिज्जाओ ।**
**सा चेव य फलहेऊ, तेण ण दोसो जओ भणियं ।।१७३।।**

**અન્વયાર્થ :-**

**मणसुद्धिणिमित्तत्ता=મનઃશુદ્ધિનું નિમિત્તપણું હોવાથી, पडिमाओ हुंति वंदणिज्जाओ=પ્રતિમા વંદનીય થાય છે, सा चेव य फलहेऊ=અને તે જ=મનઃશુદ્ધિ જ ફળનો હેતુ છે, तेण ण दोसो=તે કારણથી દોષ નથી, जओ भणियं=જે કારણથી કહેવાયું છે. ।।૧૭૩।।**

**ગાથાર્થ :-**

**મનઃશુદ્ધિનું નિમિત્તપણું હોવાથી પ્રતિમા વંદનીય થાય છે અને તે જ=મનઃશુદ્ધિ જ ફળનો હેતુ છે. તે કારણથી દોષ નથી. જે કારણથી કહેવાયું છે. ।।૧૭૩।।**

**ટીકા :-**

**'मणसुद्धि'त्ति । यद्यपि प्रतिमासु निरवद्यक्रियाऽपि नास्ति तथापि मनःशुद्धिः-जिनगुणप्रणिधान-लक्षणा तन्निमित्तत्वात् प्रतिमा वन्दनीया भवन्ति, सा चैव मनःशुद्धिः फलहेतुः; तेन न 'दोषः' प्रागुक्तः प्रतिमानामवन्द्यत्वापत्तिलक्षणः । यतो भणितम्-आवश्यके ।।१७३।।**

**ટીકાર્થ :-**

**यद्यपि ..... आवश्यके ।। જોકે પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા પણ નથી તોપણ મનઃશુદ્ધિ છે=નમસ્કાર કરનારને જિનગુણના પ્રણિધાન સ્વરૂપ મનઃશુદ્ધિ છે અર્થાત્ ભગવાનની આ સ્થાપના છે તેવું સ્મરણ થવાથી જિનેશ્વરોના ગુણોમાં બહુમાનભાવ થાય છે તેના કારણે તેઓને નમસ્કાર કરીને હું મારા આત્મામાં તેવા ગુણો પ્રાપ્ત કરું, એ પ્રકારના અધ્યવસાયરૂપ મનઃશુદ્ધિ છે. તન્નિમિત્તપણું હોવાથી=મનઃશુદ્ધિનું નિમિત્તપણું હોવાથી પ્રતિમા વંદનીય થાય છે અને તે જ=નમસ્કાર કરનારના ચિત્તમાં વર્તતી મનઃશુદ્ધિ જ, ફળનો હેતુ છે=પુણ્યબંધનો હેતુ છે અર્થાત્ પ્રતિમાગત નિરવદ્ય ક્રિયા પુણ્યબંધનો હેતુ નથી પરંતુ પ્રતિમાને અવલંબીને થતી મનઃશુદ્ધિ જ પુણ્યબંધરૂપ ફળનો હેતુ છે. તે કારણથી દોષ નથી=પ્રતિમાઓને અવંદનની આપત્તિરૂપ પૂર્વમાં કહેલો દોષ નથી. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. ।।૧૭૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષીએ પૂર્વગાથામાં કહેલું કે પ્રણામ કરવા યોગ્ય એવી પ્રતિમાગત નિરવદ્ય ક્રિયા નહિ હોવાથી પુણ્યબંધ થશે નહિ. છતાં પુણ્યબંધ માનશો તો અહેતુક પુણ્યબંધ માનવાનો પ્રસંગ આવશે. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે. પ્રતિમા પરમગુરુની સ્થાપના સ્વરૂપ છે. તેથી સ્થાપના નિક્ષેપાના બળથી પ્રતિમાને જોઈને પરમગુરુના ગુણોનું સ્મરણ થાય છે અને તેવા ગુણો પ્રત્યે ભક્તિ થવાથી ચિત્તમાં અધ્યવસાય થાય છે કે પરમગુરુની ભક્તિ કરીને હું પણ તેમની જેમ વીતરાગ સર્વજ્ઞ થાઉં. જેથી સંસારના સર્વ ક્લેશોનો નાશ થાય અને જેઓને પ્રતિમાને વંદન કરતી વખતે જેટલા પ્રમાણમાં પરિણામનો ઉત્કર્ષ થાય છે, તેટલા પ્રમાણમાં તેની મનઃશુદ્ધિ પ્રકર્ષવાળી બને છે અને તે મનઃશુદ્ધિ જ પુણ્યબંધરૂપ ફળનો હેતુ છે. તેથી પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નથી, તેમ કહીને પ્રતિમાને અવંદ્યત્વરૂપ જે દોષ પૂર્વપક્ષીએ આપેલો તે દોષ પ્રાપ્ત થતો નથી.

વળી, જેઓને પ્રતિમાને નમસ્કાર કરવા છતાં મનઃશુદ્ધિ થતી નથી, તેઓને પુણ્યબંધ પણ થતો નથી; કેમ કે નમસ્કારની ક્રિયાથી પુણ્યબંધ થતો નથી. પરંતુ નમસ્કારની ક્રિયા અવલંબનથી થયેલી મનઃશુદ્ધિથી ફળની પ્રાપ્તિ થાય છે. આથી જ અભવ્ય આદિને કે ગાઢ મિથ્યાદૃષ્ટિ જીવોને ભોગમાં તીવ્ર રાગ હોય છે, ત્યારે ભોગના ઉપાયભૂત ભગવાનને નમસ્કારની ક્રિયા છે તેવી બુદ્ધિ થવાથી નમસ્કાર કરે છે, ત્યારે નિરવદ્ય પુણ્યબંધ કરતા નથી. પરંતુ જે પુણ્ય તુચ્છ સુખોને આપીને અહિતની પરંપરાની પ્રાપ્તિ થાય તેવા જ પુણ્યને પ્રાપ્ત કરે છે. તેથી જે પ્રકારની મનઃશુદ્ધિપૂર્વક પ્રતિમાને નમસ્કાર કરવામાં આવે છે, તેને અનુરૂપ જ નમસ્કાર કરનારને ફળ પ્રાપ્ત થાય છે. **।।૧૭૩।।**

**ગાથા :-**

**कामं उभयाभावो, तह वि फलं होइ मणविसुद्धीए ।**
**तीए पुण मणविसुद्धीइ कारणं हुंति पडिमाओ ।।१७४।।**

**અન્વયાર્થ :-**

**कामं उभयाभावो=ઉભયનો અભાવ અનુમત છે, तह वि=તોપણ, मणविसुद्धीए=મનઃશુદ્ધિથી, फलं होइ=ફળ થાય છે, तीए पुण मणविसुद्धीइ कारणं=વળી, તે મનઃશુદ્ધિનું કારણ, हुंति पडिमाओ=પ્રતિમાઓ થાય છે. ।।૧૭૪।।**

**ગાથાર્થ :-**

**ઉભયનો અભાવ અનુમત છે તોપણ મનઃશુદ્ધિથી ફળ થાય છે. વળી, તે મનઃશુદ્ધિનું કારણ પ્રતિમાઓ થાય છે. ।।૧૭૪।।**

**ટીકા :-**

**'कामं'ति । 'कामं' अनुमतमिदं यदुत 'उभयाभावः' सावद्येतरक्रियाभावः प्रतिमासु तथापि 'फलं' पुण्यलक्षणमस्ति मनसो विशुद्धेः सकाशात्, तथाहि—स्वगतमनोविशुद्धिरेव नमस्कर्तुः पुण्यकारणं न नमस्करणीयवस्तुगता क्रिया, आत्मान्तरे फलाभावात् । यद्येवं किं प्रतिमाभिः ?, इत्युच्यते— तस्याः पुनर्मनोविशुद्धेः 'कारणं' निमित्तं भवन्ति प्रतिमाः, तद्द्वारेण तस्याः संभूतिदर्शनादिति गाथार्थः ।।१७४।।**

**ટીકાર્થ :-**

**'कामं' ..... गाथार्थः ।। આ અત્યંત અનુમત છે. શું અત્યંત અનુમત છે. તે 'यदुत'થી બતાવે છે. પ્રતિમામાં ઉભયનો અભાવ છે=સાવદ્ય ક્રિયા અને ઈતર એવી નિરવદ્ય ક્રિયાનો અભાવ છે તોપણ મનઃશુદ્ધિથી પુણ્યલક્ષણ ફળ છે=નમસ્કાર કરનારને પુણ્યલક્ષણ ફળ છે. તે આ પ્રમાણે – સ્વગત મનઃવિશુદ્ધિ જ નમસ્કાર કરનારને પુણ્યનું કારણ છે. નમસ્કરણીય વસ્તુગત ક્રિયા નહિ; કેમ કે આત્માંતરમાં=પોતાના આત્માથી ભિન્નમાં ફળનો અભાવ છે અર્થાત્ આત્માથી ભિન્ન એવી પ્રતિમામાં ફળ નથી. જો આ પ્રમાણે છે=સ્વગત મનઃવિશુદ્ધિથી જ નમસ્કાર કરનારને પુણ્યબંધનું ફળ છે, એ પ્રમાણે છે તો પ્રતિમાથી શું ?=પ્રતિમાને નમસ્કાર કરવાથી શું ? એથી કહે છે. વળી, તેનું=મનઃશુદ્ધિનું, કારણ=નિમિત્ત, પ્રતિમાઓ થાય છે; કેમ કે તેના દ્વારા=પ્રતિમાને અવલંબીને બાહ્ય નમસ્કાર દ્વારા, તેની સંભૂતિનું દર્શન છે=અંતરંગ ગુણો તરફ નમન થવાથી મનઃશુદ્ધિના પ્રાદુર્ભાવનું દર્શન છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૭૪।।**

**ભાવાર્થ :-**

પ્રતિમામાં સાવદ્ય ક્રિયા પણ નથી અને નિરવદ્ય ક્રિયા પણ નથી તોપણ ભગવાનની આ પ્રતિમા છે, તેવો બોધ થવાથી જેઓને જેટલા ઉત્કર્ષથી જિનગુણોનું સ્મરણ થાય છે અને જેટલા ધૃતિબળથી ગુણોને

અભિમુખ ચિત્તનું ગમન થાય છે, તેટલા અંશમાં તે મહાત્મા ગુણથી રંજિત ચિત્તવાળા બને છે. જેનાથી નિરવદ્ય એવું પુણ્યફળ થાય છે અર્થાત્ મોક્ષમાં સહાયક એવી નિર્જરાથી યુક્ત સુગતિનું કારણ એવું પુણ્ય થાય છે. તેથી પ્રતિમામાં નિરવદ્ય ક્રિયા નહીં હોવા છતાં નમસ્કાર કરનારને પોતાની મનઃશુદ્ધિને અનુરૂપ ફળ મળે છે. વસ્તુતઃ કોઈ અન્ય સાધુ આદિમાં નિરવદ્ય ક્રિયા હોય તેને નમસ્કાર કરવાથી પણ તે ક્રિયાથી ફળ મળતું નથી. પરંતુ તે નમસ્કારની ક્રિયાને અવલંબીને પોતાનું ચિત્ત ગુણોને અભિમુખ નમન પરિણતિવાળું થાય છે તેને અનુરૂપ જ ફળ મળે છે; કેમ કે અન્ય અધિકરણમાં નિરવદ્ય ક્રિયા હોય, તેનાથી અન્ય અધિકરણમાં ફળ પ્રાપ્ત થાય નહિ. પરંતુ જ્યાં પુણ્યબંધ થાય છે, તેવા આત્મામાં જ થનારી ક્રિયાથી આત્માને ફળ મળે છે અને પ્રતિમા મનઃશુદ્ધિ પ્રત્યે આલંબનરૂપ કારણ છે; કેમ કે વિવેકીને પ્રતિમાના અવલંબનથી તે પ્રકારની મનઃશુદ્ધિની પ્રાપ્તિ દેખાય છે. **॥૧૭૪॥**

**અવતરણિકા :-**

**एवं व्यवस्थिते सत्याह पूर्वपक्षी –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે વ્યવસ્થિત હોતે છતે=ગાથા-૧૭૩ અને ૧૭૪માં પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ કરીને સ્થાપન કર્યું કે પ્રતિમાને નમસ્કાર કરનારને પોતાના મનની વિશુદ્ધિથી જ ફલની પ્રાપ્તિ થાય છે એ પ્રમાણે વ્યવસ્થિત હોતે છતે, પૂર્વપક્ષી કહે છે –**

**ગાથા :-**

**लिंगं वि पुज्जमेवं, मुणिगुणसंकप्पकारणत्तेणं ।**
**णेवं विवज्जयप्पा, जं सो सावज्जकम्मजुए ।।१७५।।**

**અન્વયાર્થ :-**

**लिंगं वि पुज्जमेवं मुणिगुणसंकप्पकारणत्तेणं=આ રીતે મુનિગુણના સંકલ્પનું કારણપણું હોવાને કારણે લિંગ પણ પૂજ્ય છે, णेवं=તેને ગ્રંથકારશ્રી કહે છે એ પ્રમાણે નથી, जं सो=જે કારણથી તે= મુનિગુણનો સંકલ્પ, सावज्जकम्मजुए=સાવદ્ય કર્મયુક્તમાં, विवज्जयप्पा=વિપર્યાસ આત્મા છે=વિપર્યાસ સ્વરૂપ છે. ।।૧૭૫।।**

**ગાથાર્થ :-**

**આ રીતે મુનિગુણના સંકલ્પનું કારણપણું હોવાને કારણે લિંગ પણ પૂજ્ય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે એ પ્રમાણે નથી. જે કારણથી તે=મુનિગુણનો સંકલ્પ, સાવદ્ય કર્મયુક્તમાં વિપર્યાસ આત્મા છે=વિપર્યાસ સ્વરૂપ છે. ।।૧૭૫।।**

**ટીકા :-**

**'लिंगं वि'त्ति । लिङ्गमपि पूज्यम् 'एवं' मनःशुद्धिमात्रस्य फलहेतुत्वे स्यात्, मुनिगुणसङ्कल्पकारणत्वेन दृष्टो हि लिङ्गदर्शनादपि मुनिगुणानां सङ्कल्प इति, तदेतत् समाधातुमाह—नैवं यदुक्तं प्राग् भवता 'यत्' यस्मात्स कूटलिङ्गे 'सावद्यकर्मयुक्ते' मुनिगुणसङ्कल्पो विपर्ययात्मा, अतद्वति तदवगाहित्वात् ।।१७५।।**

**ટીકાર્થ :-**

**लिङ्गमपि ..... गाहित्वात् ।। આ રીતે=પૂર્વની ગાથામાં કહ્યું એ રીતે, મનઃશુદ્ધિ માત્રનું ફળનું હેતુપણું હોતે છતે, લિંગ પણ=પાસત્થાદિના રજોહરણાદિ રૂપ લિંગ પણ, પૂજ્ય થાય. हि=જે કારણથી, મુનિગુણના સંકલ્પનું કારણપણું હોવાને કારણે લિંગના દર્શનથી પણ મુનિગુણોનો સંકલ્પ દેખાયો છે. તે આનું=પૂર્વપક્ષીએ લિંગને પૂજ્ય સ્થાપન કરવા યુક્તિ બતાવી તે આ યુક્તિનું, સમાધાન કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે. આ પ્રમાણે નથી જે તારા વડે પૂર્વમાં કહેવાયું અર્થાત્ મુનિનું લિંગ મુનિના સંકલ્પનો હેતુ છે માટે પૂજ્ય છે, એ પ્રમાણે જે તારા વડે કહેવાયું એ પ્રમાણે નથી. જે કારણથી સાવદ્ય કર્મયુક્ત એવા કૂટલિંગમાં તે મુનિગુણનો સંકલ્પ વિપર્યાસ સ્વરૂપ છે; કેમ કે અતદ્વાનમાં=મુનિગુણરહિતમાં, તદ્અવગાહિતપણું છે=મુનિગુણનો અવગાહન કરનાર છે. ।।૧૭૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે પ્રતિમાગત નિરવદ્ય ક્રિયા નથી તોપણ પ્રતિમાને નમસ્કાર કરનાર પુરુષ આ ભગવાનની પ્રતિમા છે એ પ્રકારે ભગવાનની સ્થાપનારૂપે ઉપસ્થિતિ કરે છે અને સ્થાપના નિક્ષેપો પણ પૂજ્ય છે. તેથી ભક્તિના પ્રકર્ષથી પ્રતિમાને નમસ્કાર કરે છે, ત્યારે પોતાના મનની વિશુદ્ધિથી જ નમસ્કાર કરનારને નિરવદ્ય પુણ્યની પ્રાપ્તિ થાય છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે જો મનઃશુદ્ધિ માત્રનું પુણ્યબંધનું કારણ હોય તો સાધુનું રજોહરણાદિ લિંગ પણ મુનિગુણના સંકલ્પનું કારણપણું હોવાથી પૂજ્ય છે, તેમ માનવું જોઈએ; કેમ કે સાધુના લિંગને જોઈને પણ લિંગમાં મુનિગુણનો સંકલ્પ થતો દેખાય છે. વસ્તુતઃ મુગ્ધ જીવોને સાધુલિંગને ધારણ કરનારામાં સાવદ્ય ક્રિયા કે નિરવદ્ય ક્રિયાનો બોધ થતો નથી તેવી અવસ્થામાં સાધુનું લિંગ જોઈને આ મુનિ છે તેવો સંકલ્પ થાય છે. તે ઇષ્ટ હોવા છતાં વિવેક દશામાં વિવેકી જીવને નિરવદ્ય ક્રિયા જોઈને જ આ મુનિ છે, તેવો મુનિગુણનો સંકલ્પ થાય છે અને જે સ્થાનમાં સ્પષ્ટ સાવદ્ય ક્રિયા દેખાતી હોય, તેમાં મૂઢતાથી કોઈ મુનિગુણનો સંકલ્પ કરે તો તે સંકલ્પ વિપર્યાસરૂપ છે; કેમ કે મુનિગુણ ત્રણ ગુપ્તિની પરિણતિ સ્વરૂપ છે અને ત્રણ ગુપ્તિવાળા મુનિ નિયમા નિરવદ્ય ક્રિયા જ કરે છે. આમ છતાં સ્પષ્ટ સાવદ્ય ક્રિયા દેખાતી હોવા છતાં જેઓ તેમાં મુનિગુણનો સંકલ્પ કરે છે, તેઓનું તેમાં તે જ્ઞાન સૂક્તિમાં રજતના જેવું વિપર્યાસવાળું છે. જેમ સૂક્તિ ચાંદી નથી, છતાં છીપને જોઈને કોઈ ચાંદી કહે તે જ્ઞાન અતદ્‌માં તદ્‌બુદ્ધિરૂપ હોવાથી વિપર્યાસ સ્વરૂપ છે. તેમ ત્રણ ગુપ્તિના પરિણામથી રહિતમાં ત્રણ ગુપ્તિનો સંકલ્પ વિપર્યાસરૂપ છે માટે લિંગ પૂજ્ય થઈ શકે નહિ. **।।૧૭૫।।**

અવતરણિકા :-

प्रतिमास्वाक्षेपनिरासमाह –

અવતરણિકાર્થ :-

પ્રતિમામાં આક્ષેપના નિરાસને કહે છે=પ્રતિમાને નમસ્કારમાં પૂર્વપક્ષી દોષનો આક્ષેપ કરે છે, તે બતાવીને તેનો નિરાસ કરે છે –

ગાથા :-

णिरवज्जकम्मजणियाऽणहसंकप्पं विणा ण य ण पुण्णं ।
तित्थयरगुणारोवा, सुहसंकप्पस्स संभवओ ।।१७६।।

અન્વયાર્થ :-

णिरवज्जकम्मजणियाऽणहसंकप्पं विणा=નિરવદ્ય કર્મજનિત નિર્દોષ એવા સંકલ્પ વગર, ण य ण पुण्णं=પુણ્ય નથી, એમ ન કહેવું, तित्थयरगुणारोवा सुहसंकप्पस्स संभवओ=કેમ કે તીર્થંકરના ગુણોના આરોપને કારણે શુભસંકલ્પનો સંભવ છે. ।।૧૭૬।।

ગાથાર્થ :-

નિરવદ્ય કર્મજનિત નિર્દોષ એવા સંકલ્પ વગર પુણ્ય નથી એમ ન કહેવું; કેમ કે તીર્થંકરના ગુણોના આરોપને કારણે શુભસંકલ્પનો સંભવ છે. ।।૧૭૬।।

ટીકા :-

'णिरवज्ज'त्ति । निरवद्यकर्मजनितो योऽनघः-शुभः सङ्कल्पस्तं विना न च पुण्यं प्रतिमास्वपि वन्द्यमानास्वितिशेषः, न इत्यपि न वाच्यमित्यर्थः, तीर्थकरगुणाध्यारोपात् प्रतिमासु शुभसङ्कल्पस्य सम्भवात् विपर्ययस्याप्युद्देश्यगुणविषयत्वेन शुभत्वादिति भावः ।।१७६।।

ટીકાર્થ :-

निरवद्यकर्मजनितो ..... भावः ।। નિરવદ્ય કર્મજનિત જે નિર્દોષ=શુભસંકલ્પ છે, તેના વગર વંદ્યમાન એવી પ્રતિમામાં પણ પુણ્ય નથી, એ પ્રમાણે ન કહેવું. ગાથામાં 'ण' એટલું કથન છે, એ પણ 'ન કહેવું' એ અર્થમાં છે અને ગાથામાં 'न च पुण्यं' છે, ત્યાં વંદ્યમાન પ્રતિમામાં એ શેષ છે=એ પ્રમાણે અધ્યાહાર છે. તેથી, એ પ્રાપ્ત થયું કે શુભસંકલ્પ વગર વંદ્યમાન પણ પ્રતિમામાં પુણ્ય નથી, એમ ન કહેવું, એ પ્રમાણે ગ્રંથકારશ્રી કહે છે; કેમ કે પ્રતિમામાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ હોવાથી શુભસંકલ્પનો સંભવ છે. અહીં પ્રશ્ન થાય કે પ્રતિમામાં તીર્થંકરના ગુણો નથી, તેથી તીર્થંકરના ગુણોનો અધ્યારોપ વિપર્યયરૂપ છે. તેથી શુભ કેમ છે ? તેમાં હેતુ કહે છે. વિપર્યયનું પણ ઉદ્દેશ્ય

**ગુણના વિષયપણાથી શુભપણું છે=પ્રતિમામાં તીર્થંકરના ગુણો નહિ હોવા છતાં તીર્થંકરના ગુણોના સંકલ્પરૂપ વિપર્યયનું પણ ઉદ્દેશ્ય એવા તીર્થંકરના ગુણોને વિષય કરીને હોવાથી શુભ છે. ।।૧૭૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે સાધુનું લિંગ સાવદ્ય ક્રિયાયુક્ત હોય તો તેમાં મુનિના ગુણનો સંકલ્પ વિપર્યાસરૂપ છે. તેને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે કે કોઈ શ્રાવક કે સાધુ પ્રતિમાઓને વંદન કરતા હોય ત્યાં પણ નિરવદ્ય કર્મજનિત શુભસંકલ્પ થઈ શકતો નથી; કેમ કે પ્રતિમામાં ત્રણ ગુપ્તિના પરિણામથી જન્ય એવું નિરવદ્ય કર્મ નથી. જેમ પાસત્થામાં નિરવદ્ય કર્મ નથી માટે નિરવદ્ય કર્મરહિત પાસત્થામાં શુભસંકલ્પ થઈ શકતો નથી. તેમ પ્રતિમામાં પણ નિરવદ્ય કર્મજનિત શુભસંકલ્પ થઈ શકે નહિ અને જીવમાં શુભસંકલ્પ થયા વગર પુણ્યબંધની પ્રાપ્તિ થાય નહિ માટે પ્રતિમાને નમસ્કાર કરનારને પણ પુણ્યબંધ થાય નહિ, તેમ માનવું પડે. તેને ગ્રંથકારશ્રી કહે છે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે પ્રતિમામાં તીર્થંકરોના ગુણોનો અધ્યારોપ હોવાથી શુભસંકલ્પનો સંભવ છે. અહીં પ્રશ્ન થાય કે પ્રતિમામાં તીર્થંકરના ગુણો નહિ હોવા છતાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ વિપર્યયરૂપ છે. તેથી તેનાથી શુભસંકલ્પ કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે, પ્રતિમામાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ વિપર્યયરૂપ હોવા છતાં તે અધ્યારોપના વિષયભૂત ઉદ્દેશ્ય તીર્થંકર છે અને તેમના ગુણના વિષયપણારૂપે પ્રતિમામાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ છે માટે તેમાં શુભપણું છે; કેમ કે તીર્થંકરની જેમ તીર્થંકરની સ્થાપના પણ પૂજ્ય છે. જે રીતે ગુણનિધિ એવા તીર્થંકરનો આત્મા પૂજ્ય છે, તેમ તેમના આત્મા સાથે સંબંધિત તેમનો દેહ પણ પૂજ્ય બને છે. જોકે દેહ પુદ્ગલ સ્વરૂપ છે, તેથી જડ છે તોપણ ગુણનિધિ એવા ભગવાન સાથે સંબંધિત હોવાથી દેહ પૂજ્ય બને છે. તેમ ગુણનિધિ એવા ભગવાનની પ્રતિમા પણ સ્થાપનારૂપ સંબંધથી ભગવાન સાથે સંબંધિત છે માટે પૂજ્ય બને છે. **।।૧૭૬।।**

**અવતરણિકા :-**

**सङ्कल्पशुभाशुभताप्रकारमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**સંકલ્પના શુભાશુભતાના પ્રકારને જ કહે છે –**

**ભાવાર્થ :-**

નમસ્કાર કરનાર સાધુને કરે, જિનપ્રતિમાને કરે કે અન્ય કોઈને કરે, તેને આશ્રયીને તેનો સંકલ્પ શુભ છે કે અશુભ છે, તેને જ સ્પષ્ટ કરવાર્થે ગાથામાં કહે છે.

**ગાથા :-**

**जं गुणदोसणिमित्तं, सुहासुहत्तं तयं तु तयहीणं ।**
**जं पुण उभयविरहिअं, तं अज्झारोवबललब्भं ।।१७७।।**

**અન્વયાર્થ :-**

जं गुणदोसणिमित्तं सुहासुहत्तं=જે ગુણદોષ નિમિત્ત શુભાશુભપણું, तयं तु=વળી તે=શુભાશુભપણું, तयहीणं=તેને આધીન છે=ગુણદોષને આધીન છે, जं पुण उभयविरहिअं=વળી જે ઉભયવિરહિત છે, तं अज्झारोवबललब्भं=તે અધ્યારોપના બળથી લભ્ય શુભાશુભપણું છે. ।।૧૭૭।।

**ગાથાર્થ :-**

**જે ગુણદોષ નિમિત્ત શુભાશુભપણું છે વળી તે=શુભાશુભપણું, તેને આધીન છે=ગુણદોષને આધીન છે. વળી જે ઉભયવિરહિત છે, તે અધ્યારોપના બળથી લભ્ય શુભાશુભપણું છે. ।।૧૭૭।।**

**ટીકા :-**

**'जं' ति । ये गुणदोषनिमित्ते शुभाशुभत्वे ते तदधीने, एकवचनं सूत्रे प्राकृतत्वात्, अयं भावः— सङ्कल्पगतं शुभत्वमशुभत्वं च द्विविधम्-विशेष्यकृतं प्रकारकृतं च । तत्र यद् विशेष्यकृतं तद् गुणवद्वस्तुविषयत्वं दोषवद्वस्तुविषयत्वं च विषयगतं गुणं दोषं चापेक्षते, यत्पुनः प्रकारकृतं तत्राह— यत्पुनः 'उभयविरहितं' गुणदोषोभयरहिताकारमात्रवस्तुविषयं शुभत्वमशुभत्वं च तद् 'अध्यारोपबललभ्यं' शुभाध्यारोपे शुभप्रकारमशुभाध्यारोपे चाशुभप्रकारमित्यर्थः ।।१७७।।**

**ટીકાર્થ :-**

ये गुणदोषनिमित्ते ..... मित्यर्थः ।। જે ગુણદોષના નિમિત્તવાળું શુભાશુભપણું છે, તે=શુભાશુભપણું, તેને આધીન છે=ગુણદોષને આધીન છે. સૂત્રમાં 'जं' એકવચન પ્રાકૃતપણાને કારણે છે. આ ભાવ છે=ગુણદોષને આધીન શુભાશુભપણું થાય છે, એમ કહ્યું તે કથનનો આ ભાવ છે. સંકલ્પગત શુભત્વ અશુભત્વ બે પ્રકારનું છે=પ્રતિમાને આશ્રયીને, સાધુવેશને આશ્રયીને કે સંયમની ક્રિયાને આશ્રયીને નમસ્કાર વિષયક સંકલ્પ કરનાર પુરુષમાં રહેલું શુભત્વ કે અશુભત્વ બે પ્રકારનું છે. (૧) વિશેષ્યકૃત અને (૨) પ્રકારકૃત. ત્યાં=બે પ્રકારના શુભત્વ-અશુભત્વમાં, જે વિશેષ્યકૃત શુભત્વ અશુભત્વ છે, તે ગુણવાળી વસ્તુના વિષયત્વરૂપ અને દોષવાળી વસ્તુના વિષયત્વરૂપ વિષયગત ગુણ અને દોષની અપેક્ષા રાખે છે અર્થાત્ સુસાધુરૂપ વિશેષ્યકૃત શુભત્વ અને પાસત્થાદિરૂપ વિશેષ્યકૃત અશુભત્વ ગુણવાળા વસ્તુ એવા સુસાધુના વિષયત્વવાળા એવા નમસ્કારમાં રહેલું શુભત્વ અને દોષવાળી વસ્તુના વિષયત્વવાળા એવા નમસ્કારમાં રહેલું અશુભત્વ વિષયગત=નમસ્કારના વિષયભૂત એવા સાધુગત કે પાસત્થાગત ગુણ અને દોષની અપેક્ષા રાખે છે. જે વળી, પ્રકારકૃત શુભત્વ-અશુભત્વ છે, ત્યાં કહે છે=ગાથામાં કહે છે. જે વળી ઉભય વિરહિત=ગુણદોષ ઉભય રહિત આકારમાત્રના વસ્તુના વિષયવાળું શુભત્વ અને અશુભત્વ છે, એ અધ્યારોપના બળથી લભ્ય છે=શુભ અધ્યારોપમાં શુભ પ્રકારવાળું છે અને અશુભ અધ્યારોપમાં અશુભ પ્રકારવાળું છે. ।।૧૭૭।।

**ભાવાર્થ :-**

નમસ્કાર કરનાર સાધુવેશમાં રહેલા પાસત્થાને નમસ્કાર કરે છે અને સાધુવેશમાં રહેલા ત્રણ ગુપ્તિવાળાને નમસ્કાર કરે છે ત્યારે તેને બોધ છે કે આલય-વિહારાદિરૂપ જેમની ઉચિત આચરણા છે, તે ગુપ્તિવાળા સાધુ છે અને આલય-વિહારાદિની વિપરીત આચરણા જેઓની છે, તેઓ અગુપ્તિવાળા છે માટે પાસત્થા છે. છતાં જ્યારે આ ગુપ્તિવાળા છે, એમ માનીને સુસાધુને નમસ્કાર કરે છે, ત્યારે નમસ્કાર કરનારને ગુપ્તિ પ્રત્યે ભક્તિ થાય છે. તેથી નમસ્કાર કરનારમાં સુસાધુના ગુણનિમિત્તક શુભભાવ વર્તે છે. વળી, વિપરીત આચરણા જોઈને આ પાસત્થા છે, તેવો બોધ થવા છતાં તેઓને નમસ્કાર કરે છે ત્યારે તેના દોષની અનુમોદનારૂપ અશુભભાવ થાય છે. આ પદાર્થને સ્પષ્ટ કરવા માટે ટીકામાં કહે છે.

નમસ્કાર કરનારને નમસ્કાર કરવાનો જે સંકલ્પ થાય છે, તે સંકલ્પગત શુભત્વ અને અશુભત્વ બે પ્રકારનું છે. (૧) વિશેષ્યકૃત (૨) પ્રકારકૃત. જેમ પાસત્થાને નમસ્કાર કરે છે, ત્યારે દોષ વિશિષ્ટ પાસત્થા હોવાથી પાસત્થા વિશેષ્ય છે અને તેના કૃત નમસ્કારમાં અશુભત્વ પ્રાપ્ત થાય છે; કેમ કે વિશેષ્ય એવા પાસત્થામાં દોષ વર્તે છે અને તેને નમસ્કાર કરવાથી દોષની અનુમોદનારૂપ અશુભત્વ પ્રાપ્ત થાય છે. જે વિશેષ્યકૃત અશુભત્વ છે. વળી, ત્રણ ગુપ્તિવાળા સુસાધુને જોઈને નમસ્કાર કરવાનો સંકલ્પ થાય છે, ત્યારે ત્રણ ગુપ્તિના વિશેષણથી વિશિષ્ટ એવા સાધુ વિશેષ્ય છે અથવા આલય-વિહારાદિ ઉચિત પ્રવૃત્તિ વિશિષ્ટ એવા સુસાધુ છે. તેથી સુસાધુ વિશેષ્ય છે અને નમસ્કાર કરનારના સંકલ્પમાં જે શુભત્વ છે, તે સાધુરૂપ વિશેષ્યથી કૃત છે; કેમ કે સાધુના ગુપ્તિના પરિણામને આશ્રયીને નમસ્કારનો સંકલ્પ થયો છે. તેથી તે સંકલ્પ શુભ છે.

આ કથનને જ સ્પષ્ટ કરવા માટે કહે છે કે જે વિશેષ્ય કૃત સંકલ્પગત શુભત્વ કે અશુભત્વ છે, તે ગુણવાળા એવા સાધુરૂપ વસ્તુના વિષયવાળો નમસ્કાર હોવાથી શુભ બને છે અને પાસત્થાદિ દોષવાળા વસ્તુના વિષયવાળો હોવાથી અશુભરૂપ બને છે. તેથી નમસ્કારના વિષયગત, ગુણદોષની અપેક્ષાએ નમસ્કાર શુભ કે અશુભ બને છે. વળી, સ્થાપનામાં જે નમસ્કાર કરાય છે, તેમાં શુભત્વની કે અશુભત્વની પ્રાપ્તિ પ્રકારકૃત છે. જેમ ઘટત્વ પ્રકારક ઘટવિશેષ્ય શાબ્દબોધ થાય છે, ત્યારે ઘટત્વ ઘટનું વિશેષણ છે માટે પ્રકાર બને છે. તે રીતે પ્રતિમાને નમસ્કાર કરવામાં આવે છે, ત્યારે પ્રતિમા પ્રકારક સ્થાપ્ય વિશેષક શાબ્દબોધ થાય છે. જેમ પ્રતિમામાં વીર ભગવાનની સ્થાપના હોય ત્યારે સ્થાપ્ય વીર ભગવાન છે અને તેમની આ સ્થાપના છે, તેથી સ્થાપના પ્રકારક સ્થાપ્ય વિશેષકની ઉપસ્થિતિ થાય છે અને જેમની સ્થાપના છે, તેમને નમસ્કાર કરાય છે, ત્યારે સ્થાપનારૂપ પ્રકારકૃત નમસ્કારનો સંકલ્પ છે. તેથી, વીર ભગવાનની સ્થાપના હોય તો સ્થાપના ગુણ-દોષરહિત હોવા છતાં તેમનો યોગની મુદ્રારૂપ આકારમાત્ર વસ્તુ વિષયવાળો શુભ સંકલ્પ થાય છે અને ચંડિકાદિની સ્થાપના હોય ત્યારે પણ ચંડિકાની મૂર્તિમાં ગુણ-દોષ નહિ હોવા છતાં તેના ચંડ સ્વભાવને બતાવનાર આકારમાત્ર વિષયક નમસ્કાર કરનારને અશુભ સંકલ્પ થાય છે; કેમ કે વીર ભગવાનની મૂર્તિને નમસ્કાર કરે છે, ત્યારે પ્રશમરસવાળી મુદ્રાને જોઈને તેવા પ્રશમરસવાળા વીર ભગવાનને હું નમસ્કાર કરું છું, એ પ્રકારનો સંકલ્પ વીર ભગવાનની મૂર્તિને વિવેકપૂર્વક નમસ્કાર

કરનારને થાય છે. જે પ્રશમરસ ભાવના બહુમાનવાળો હોવાથી શુભ છે. વળી, કોઈ ચંડિકાને નમસ્કાર કરે છે, ત્યારે ચંડ સ્વભાવવાળી એવી તે ચંડિકા પાસેથી એવા પ્રકારનું પોતાનું હિત પ્રાપ્ત કરવાર્થે નમસ્કાર કરે છે, ત્યારે નમસ્કાર કરનારને ચંડ સ્વભાવવાળી તે પ્રકારના ફળને આપનારી ચંડિકા પ્રત્યે પૂજ્ય બુદ્ધિ થાય છે. જે અશુભ સંકલ્પરૂપ છે અને પ્રતિમામાં સ્થાપ્યના અધ્યારોપના બળથી લભ્ય શુભ-અશુભ પરિણામ છે. તેથી જિનપ્રતિમા પણ ગુણદોષ રહિત છે અને ચંડિકાની મૂર્તિ પણ ગુણદોષરહિત છે તોપણ વીર ભગવાનની મૂર્તિમાં ગુણનિધિ એવા ભગવાનનો અધ્યારોપ હોવાથી શુભ સંકલ્પ થાય છે અને ચંડિકાની મૂર્તિમાં ચંડ સ્વભાવવાળી દેવીનો અધ્યારોપ હોવાથી તેને નમસ્કાર કરનારને અશુભ સંકલ્પ થાય છે. **॥૧૭૭॥**

**અવતરણિકા :-**

**प्रकृतयोजनामाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રકૃતમાં યોજનાને કહે છે –**

**ભાવાર્થ :-**

સુસાધુને નમસ્કાર કરવાથી કે પાસત્થાને નમસ્કાર કરવાથી કે જિનપ્રતિમાને નમસ્કાર કરવાથી કયા ભાવો થાય છે તે બતાવવા માટે નમસ્કાર કરનારના જે નમસ્કારનો સંકલ્પ છે, તેની શુભાશુભતા કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તે પૂર્વગાથામાં સ્પષ્ટ કર્યું. હવે તેનું યોજન જિનપ્રતિમામાં અને પાસત્થામાં કરીને કઈ રીતે શુભાશુભતાનો પરિણામ થાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**एवं सुहसंकप्पो, पडिमाओ होउ जिणगुणारोवा ।**
**उद्दिस्स निग्गुणे पुण, कह सो जुत्तो जओ भणियं ।।१७८।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે, जिणगुणारोवा=જિનગુણના અધ્યારોપથી, पडिमाओ=પ્રતિમાથી, सुहसंकप्पो=શુભ સંકલ્પ, होउ=થાઓ, उद्दिस्स निग्गुणे पुण कह सो जुत्तो=વળી નિર્ગુણને ઉદ્દેશીને તે=શુભ સંકલ્પ કઈ રીતે તે યુક્ત છે ?, जओ भणियं=જે કારણથી કહેવાયું છે. ।।૧૭૮।।**

**ગાથાર્થ :-**

**આ રીતે જિનગુણના અધ્યારોપથી પ્રતિમાથી શુભ સંકલ્પ થાઓ. વળી નિર્ગુણને ઉદ્દેશીને તે=શુભ સંકલ્પ કઈ રીતે તે યુક્ત છે ? જે કારણથી કહેવાયું છે. ।।૧૭૮।।**

**ટીકા :-**

'एवं'ति । एवं विषयगतगुणकृतशुभत्वाभावेऽपि प्रतिमातो जिनगुणारोपात्प्रकारशुभतया शुभसङ्कल्पो भवतु विषयागतोऽपि नाशुभ इति किञ्चिद्गुणसादृश्येन शुभ एवेति । लिङ्गे तु दोषजनिताशुभसङ्कल्पेन प्रतिबन्धाच्छुभसङ्कल्प उत्तिष्ठत एव न । अथ तटस्थतया कथञ्चित्प्रतिसंहिते लिङ्गे भवेदपि तथाप्ययं 'निर्गुणान्' पार्श्वस्थादीनुद्दिश्य भवन् कथं युक्तः, शुभतया वक्तुं प्रकारकृतशुद्धताया अप्यभावात् । यतो भणितमावश्यके ।।१७८।।

**ટીકાર્થ :-**

एवं ..... भणितमावश्यके ।। આ રીતે=પૂર્વગાથામાં વિષયકૃત અને પ્રકારકૃત શુભાશુભ બતાવ્યું એ રીતે, વિષયગત ગુણકૃત શુભત્વનો અભાવ હોવા છતાં પણ=જિનપ્રતિમામાં વિષયગત ગુણકૃત શુભત્વનો અભાવ હોવા છતાં પણ પ્રતિમાથી જિનગુણનો અધ્યારોપ થવાને કારણે પ્રકારના શુભપણાથી શુભ સંકલ્પ થાઓ. વિષયગત પણ=નમસ્કારના વિષયભૂત પ્રતિમાગત પણ, અશુભ નથી એથી કંઈક ગુણના સાદૃશ્યથી=વીર ભગવાનની પ્રતિમા હોય તો વીર ભગવાનની પ્રશમતા આદિને બતાવે તેવી મુદ્રારૂપ કંઈક ગુણના સાદૃશ્યથી, શુભ જ છે=નમસ્કાર કરનારનો શુભ જ સંકલ્પ છે. વળી, લિંગમાં=પાસત્થાદિના લિંગમાં, દોષજનિત અશુભ સંકલ્પ હોવાને કારણે=આ પાસત્થા ગુપ્તિવાળા નથી માટે અપૂજ્ય છે. એ પ્રકારના અશુભ સંકલ્પને કારણે, પ્રતિબંધ થવાથી=વેશને જોઈને શુભ સંકલ્પ થવાનો જે સંકલ્પ હતો તેનો પ્રતિબંધ થવાથી શુભ સંકલ્પ ઊઠતો નથી જ. હવે તટસ્થપણાથી કોઈક રીતે પ્રતિસંહિત લિંગમાં=પાસત્થામાં અનુચિત આચરણાનું દર્શન નહિ થવાને કારણે અને સુસાધુ સદૃશ લિંગ હોવાને કારણે તટસ્થપણું થવાથી કોઈક રીતે આ સુસાધુનું લિંગ છે. એ રીતે પ્રતિસંધાન કરાયેલા લિંગમાં, થાય પણ=શુભસંકલ્પ થાય પણ, તોપણ નિર્ગુણ એવા પાસત્થાદિને ઉદ્દેશીને થતો આ=થતો નમસ્કારનો સંકલ્પ, કેવી રીતે શુભપણાથી કહેવા માટે યુક્ત છે ? અર્થાત્ શુભપણાથી કહેવું યુક્ત નથી; કેમ કે પ્રકારકૃત શુદ્ધતાનો પણ અભાવ છે=લિંગ પ્રકારક પાસત્થા વિશેષકને સ્મરણ કરીને તેમાં રહેલ અનુચિત આચરણારૂપ પ્રકારકૃત શુદ્ધતાનો અભાવ છે. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. ।।૧૭૮।।

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે નમસ્કાર કરનારને શુભાશુભ સંકલ્પ થાય છે. તે વિશેષ્યકૃત અને પ્રકારકૃત હોય છે. હવે, જિનપ્રતિમામાં પ્રકારકૃત શુભ સંકલ્પ કઈ રીતે છે અને વિશેષ્યકૃત પણ શુભ સંકલ્પ કઈ રીતે છે ? તે બતાવે છે. નમસ્કારનો વિષય જિનપ્રતિમા હોય ત્યારે તે પ્રતિમાગત ગુણ નહિ હોવાથી ગુણકૃત શુભ સંકલ્પ નમસ્કાર કરનારને થાય નહિ તોપણ જિનની પ્રતિમાને જોઈને પ્રતિમામાં જિનગુણનો અધ્યારોપ થાય છે. તેથી જિનની સ્થાપના પ્રકારક જિનવિશેષ્ય ઉપસ્થિતિ થવાથી સ્થાપનામાં જિનની

સ્થાપના હોવાથી પ્રકારકૃત શુભપણું છે. તેથી નમસ્કાર કરનારને શુભસંકલ્પ થાઓ અર્થાત્ તે શુભસંકલ્પ થવામાં કોઈ બાધક નથી.

વળી, નમસ્કારના વિષયભૂત પ્રતિમાગત કોઈ અશુભભાવ નથી અર્થાત્ જેમ સાધુવેશધારી પાસત્થામાં સાવદ્ય ક્રિયારૂપ અશુભભાવ છે, તેમ જિનપ્રતિમામાં કોઈ અશુભભાવ નથી. વળી, ભગવાનમાં જે પ્રશમ પરિણતિ છે, તેના કારણે સાક્ષાત્ ભગવાનની મુદ્રા પ્રશમરસવાળી દેખાય છે. તેવા જ ગુણનું સદૃશપણું પ્રતિમામાં છે; કેમ કે યોગનિરોધ અવસ્થાવાળી પ્રતિમાની આકૃતિ છે. જેનાથી અનુમાન થાય છે કે સર્વ કષાયોનો નાશ કરીને કેવલજ્ઞાનના બળથી ભગવાને યોગનિરોધ કર્યો. જેનાથી સિદ્ધ અવસ્થાને પામ્યા છે માટે નમસ્કરણીય છે. તેથી તેવી મુદ્રારૂપ ભગવાનની સાથે પ્રતિમાના ગુણનું સાદૃશ્ય છે, તેને જોઈને તેવા ગુણના રાગી જીવને ભગવાનને નમસ્કાર કરવાનો જે ભાવ થાય છે, તે શુભ જ છે.

વળી, પાસત્થામાં કઈ રીતે શુભભાવનો સંભવ છે અને કઈ રીતે શુભભાવનો સંભવ નથી, તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. કોઈ પાસત્થા સાધુને સાધુવેશમાં આવેલા જોઈને વિવેકસંપન્ન શ્રાવકને તટસ્થપણાથી કોઈક રીતે લિંગનું પ્રતિસંધાન થાય કે આ લિંગધારી ત્રણ ગુપ્તિના ધારક પણ હોઈ શકે; કેમ કે સ્પષ્ટ સંયમની વિરુદ્ધ આચરણા ત્યારે દેખાતી નથી. તેના કારણે તેમને નમસ્કાર કરવાનો શુભભાવ થાય, તે દોષરૂપ નથી. પરંતુ ત્યારપછી તેઓની વિપરીત આચરણા જોઈને સાધુવેશમાં રહેલા આ પાસત્થાદિ નિર્ગુણ છે, તેમ જાણ્યા પછી તેઓને નમસ્કાર કરવાનો ભાવ થાય, તે શુભ છે, તેમ કહેવું કઈ રીતે યુક્ત થાય ? અર્થાત્ તેને નમસ્કાર કરવાનો ભાવ શુભ નથી; કેમ કે અગુપ્તિના પરિણામરૂપ વિપરીત આચરણા જોઈને તેઓ નિર્ગુણ છે, તેમ દેખાવા છતાં તેઓને નમસ્કાર કરવાનો વર્તતો ભાવ તેમના દોષો પ્રત્યે પૂજ્ય બુદ્ધિરૂપ હોવાથી પાપની અનુમતિ સ્વરૂપ છે માટે પાપની અનુમતિરૂપ નમસ્કારનો પરિણામ શુભ કહી શકાય નહિ.

કેમ પાસત્થાદિના સાધુવેશને કરાયેલો નમસ્કાર શુદ્ધ કહી શકાય નહિ ? તેમાં યુક્તિ આપે છે. પાસત્થાદિના લિંગમાં વિશેષ્યકૃત શુદ્ધતા તો નથી, પરંતુ પ્રકારકૃત શુદ્ધતાનો પણ અભાવ છે. આશય એ છે કે નમસ્કાર કરનાર વ્યક્તિ પાસત્થાને નમસ્કાર કરે ત્યારે વિશેષ્ય એવા પાસત્થાગત નમસ્કારની બુદ્ધિ હોવાથી તે નમસ્કારમાં શુદ્ધતાનો અભાવ છે; કેમ કે વિશેષ્ય એવા પાસત્થા અગુપ્તિના પરિણામવાળા હોવાથી સંસારી જીવોના મોહના પરિણામની જેમ મોહથી આક્રાંત પરિણામવાળા હોય છે. તેથી તે નમસ્કારમાં મોહના પરિણામની અનુમોદના પ્રાપ્ત થાય છે માટે વિશેષ્યકૃત શુદ્ધતા નથી. વળી, પાસત્થાનું લિંગ પાસત્થા સાથે અત્યંત સંબદ્ધ છે. તેથી સ્થાપનારૂપે પણ લિંગને નમસ્કાર કરવાથી તે સ્થાપના સાથે સ્થાપ્યરૂપે સંબદ્ધ પાસત્થા હોવાને કારણે પ્રકારકૃત શુદ્ધતા પણ લિંગમાં નથી. તેથી નમસ્કાર કરનારને પાપની અનુમોદનાની જ પ્રાપ્તિ થાય છે. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે અર્થાત્ ગાથા-૧૭૮માં કહ્યું તે જ અન્ય શબ્દથી આવશ્યક નિર્યુક્તિમાં કહેવાયું છે. તે આગળની ગાથામાં બતાવ્યું છે. **॥૧૭૮॥**

ગાથા :-

जइ वि य पडिमासु जहा, मुणिगुणसंकप्पकारणं लिंगं ।
उभयमवि अत्थि लिंगे, ण य पडिमासूभयं अत्थि ।।१७९।।

અન્વયાર્થ :-

जइ वि य=અને જોકે, जहा=જે પ્રમાણે, पडिमासु=પ્રતિમામાં, मुणिगुणसंकप्पकारणं लिंगं=તે પ્રમાણે (મુનિમાં) મુનિગુણના સંકલ્પનું કારણ લિંગ છે, उभयमवि अत्थि लिंगे=લિંગમાં ઉભય પણ છે, ण य पडिमासूभयं अत्थि=અને પ્રતિમામાં ઉભય નથી. ।।૧૭૯।।

ગાથાર્થ :-

**અને જોકે જે પ્રમાણે પ્રતિમામાં તે પ્રમાણે (મુનિમાં)મુનિગુણના સંકલ્પનું કારણ લિંગ છે. લિંગમાં ઉભય પણ છે અને પ્રતિમામાં ઉભય નથી. ।।૧૭૯।।**

ટીકા :-

'जइ वि य'त्ति । यद्यपि च प्रतिमासु यथा मुनीनां गुणाः-व्रतादयस्तेषु सङ्कल्पः-अध्यवसायस्तत्कारणं 'लिङ्गं' द्रव्यलिङ्गं तथापि प्रतिमाभिः सह वैधर्म्यमेव, यत उभयमप्यस्ति लिङ्गे सावद्यकर्म निरवद्यकर्म च । तत्र निरवद्यकर्मयुक्त एव यो मुनिगुणसङ्कल्पः स सम्यक्संकल्पः स एव च पुण्यफलः, यः पुनः सावद्यकर्मयुक्तेऽपि मुनिगुणसङ्कल्पः स विपर्याससङ्कल्पः क्लेशफलश्चासौ विपर्यासरूपत्वादेव । न च प्रतिमासूभयमस्ति चेष्टारहितत्वात्, ततश्च तासु जिनगुणविषयस्य क्लेशफलस्य विपर्याससङ्कल्पस्याभावः, सावद्यकर्मरहितत्वात् प्रतिमानाम् । आहेत्थं तर्हि निरवद्यकर्मरहितत्वात् सम्यक्सङ्कल्पस्यापि पुण्यफलस्याभाव एव प्राप्त इति, उच्यते-तस्य तीर्थकरगुणाध्यारोपेण प्रवृत्तेर्नाभाव इति ।।१७९।।

ટીકાર્થ :-

यद्यपि ..... इति ।। અને જોકે જે પ્રમાણે પ્રતિમામાં=જે પ્રમાણે પ્રતિમામાં જિનગુણના સંકલ્પનું કારણ છે, તે પ્રમાણે મુનિના ગુણોના સંકલ્પનું કારણ લિંગ છે. તેનો જ સમાસ સ્પષ્ટ કરે છે. મુનિના ગુણો વ્રતાદિ છે તેઓમાં સંકલ્પ=અધ્યવસાય=આ મુનિમાં વ્રતાદિ ગુણો છે એ પ્રકારનો અધ્યવસાય તેનું કારણ સાધુનું દ્રવ્યલિંગ છે તોપણ પ્રતિમાની સાથે વૈધર્મ્ય જ છે. જે કારણથી લિંગમાં ઉભય પણ છે=સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મ ઉભય પણ છે અને પ્રતિમામાં સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મ નથી માટે પ્રતિમાની સાથે દ્રવ્યલિંગનું વૈધર્મ્ય છે, એમ અન્વય છે. ત્યાં નિરવદ્ય કર્મયુક્તમાં જ જે મુનિગુણનો સંકલ્પ છે, તે સમ્યક્ સંકલ્પ છે અને તે જ પુણ્ય ફળવાળો છે. વળી,

**સાવદ્ય કર્મયુક્તમાં પણ જે મુનિગુણનો સંકલ્પ છે, તે વિપર્યાસ સંકલ્પ છે અને ક્લેશ ફળવાળો છે=અશુભ અધ્યવસાય દ્વારા પાપફળના બંધવાળો છે; કેમ કે વિપર્યાસરૂપપણું જ છે=સાવદ્ય કર્મવાળા પાસત્થામાં આ ત્રણ ગુપ્તિવાળા છે એ પ્રકારનો સંકલ્પ વિપર્યાસરૂપ જ છે અને પ્રતિમામાં ઉભય નથી=સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મ બંને નથી; કેમ કે ચેષ્ટારહિતપણું છે=પાસત્થાની જેમ વિપરીત ચેષ્ટા પણ કરનાર નથી અને સુસાધુની જેમ નિરવદ્ય પણ ચેષ્ટા કરનાર નથી. અને તેથી પ્રતિમામાં બંને નથી તેથી તેઓમાં=પ્રતિમાઓમાં, જિનગુણના વિષયવાળા એવા ક્લેશના ફળવાળા વિપર્યાસના સંકલ્પનો અભાવ છે. તેમાં હેતુઅર્થક જિનગુણ વિષય વિશેષણ છે. તેથી પ્રતિમામાં જિનના ગુણનો વિષય હોવાથી ક્લેશ ફળવાળા વિપર્યાસનો અભાવ છે; કેમ કે પ્રતિમાઓનું સાવદ્ય કર્મરહિતપણું છે. 'आह'થી શંકા કરે છે. આ રીતે તો=પ્રતિમામાં સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મ નથી એ રીતે તો, નિરવદ્ય કર્મરહિતપણું હોવાને કારણે સમ્યક્ સંકલ્પના પણ પુણ્યફળનો અભાવ જ પ્રાપ્ત થાય અર્થાત્ ગુણવાનને હું નમસ્કાર કરું છું, એ પ્રકારે સમ્યક્ સંકલ્પના પણ પુણ્યફળનો અભાવ પ્રાપ્ત થાય. તેનો ઉત્તર અપાય છે – 'आह'થી શંકા કરી તેનો ઉત્તર અપાય છે. તેની=નમસ્કાર કરનાર જીવની, તીર્થંકરના ગુણોના અધ્યારોપથી=પ્રતિમામાં તીર્થંકરના ગુણોના અધ્યારોપથી, પ્રવૃત્તિ હોવાને કારણે અભાવ નથી=પુણ્યના ફળનો અભાવ નથી. ॥૧૭૯॥**

**ભાવાર્થ :-**

પ્રતિમાને વંદન કરવાથી શુભઅધ્યવસાય થાય છે, તેમ પાસત્થાના લિંગને નમસ્કાર કરવાથી શુભઅધ્યવસાય થતો નથી. કેમ શુભઅધ્યવસાય થતો નથી ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. જે પ્રમાણે ભગવાનની પ્રતિમા તીર્થંકરના ગુણોના સંકલ્પનું કારણ છે, તે પ્રમાણે સ્થૂલદૃષ્ટિથી જોઈએ તો સાધુના ગુણોના સંકલ્પનું કારણ રજોહરણાદિ છે. આથી જ પૂર્વમાં અપરિચિત સાધુવેશમાં આવેલા કોઈ મહાત્માને જોઈને તેઓમાં સાધુગુણોનો સંભવ છે, તેમ માનીને વિવેકસંપન્ન શ્રાવકો પણ તેમને 'मत्थएण वंदामि' કરીને નમસ્કાર કરે છે અને સુસાધુઓ પણ તે આવેલા સાધુને 'मत्थएण वंदामि' કહીને નમસ્કાર કરે છે અને દંડાદિ ગ્રહણ કરીને તેમના પ્રત્યેની ભક્તિને અભિવ્યક્ત કરે છે તોપણ પ્રતિમા અને સાધુનું દ્રવ્યલિંગ સર્વથા સમાન નથી; કેમ કે સાધુના લિંગમાં સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મ બંને છે. આથી જ આવેલા સાધુમાં આલય-વિહારાદિથી સુસાધુનો નિર્ણય ન થાય ત્યાં સુધી થોભવંદનાદિ જ કરાય છે. પરંતુ અન્ય સર્વ વંદનાદિ ઉચિત પ્રવૃત્તિ કરાતી નથી; કેમ કે સાધુવેશમાં રહેલા કોઈક સાવદ્ય ક્રિયાવાળા પણ હોય અને કોઈક નિરવદ્ય ક્રિયાવાળા પણ હોય એ સંભવે છે અને નિરવદ્ય કર્મ યુક્તમાં જ જે મુનિગુણનો સંકલ્પ છે, તે સમ્યક્ સંકલ્પ છે અને તે જ પુણ્યફળવાળો છે. આથી જ નવા આવેલા સાધુને જોઈને મુનિગુણની સંભાવનાથી તેમને થોભવંદનાદિ કરાય છે, ત્યારે ક્વચિત્ તે આવનારા સાધુ પાસત્થા હોય તોપણ પુણ્યફલની પ્રાપ્તિ થાય છે; કેમ કે શાસ્ત્રવચનાનુસાર યતનાપૂર્વક કરાયેલો તે નમસ્કાર છે અને જ્યારે તે જ સાધુવેશમાં રહેલાના સુસાધુ નથી, એમ તેમના આલય-વિહારાદિ દ્વારા નિર્ણય થાય ત્યારે તેમાં મુનિગુણનો સંકલ્પ કરવામાં આવે તો તે સંકલ્પ વિપર્યાસરૂપ થાય છે જેનાથી પાપબંધરૂપ ક્લેશના ફળની

પ્રાપ્તિ થાય છે; કેમ કે તે વેશધારીમાં સાવદ્ય આચરણા વર્તે છે. તેની અનુમોદનાની પ્રાપ્તિ થાય છે અને પ્રતિમામાં સાવદ્ય ક્રિયા પણ નથી અને નિરવદ્ય ક્રિયા પણ નથી; કેમ કે પુદ્ગલની બનેલી મૂર્તિ હોવાથી ચેષ્ટારહિતપણું છે. તેથી, પ્રતિમામાં જિનગુણ વિષયક સંકલ્પ કરવામાં આવે તો તે સંકલ્પ ક્લેશફળવાળો વિપર્યાસ સંકલ્પ નથી; કેમ કે પ્રતિમામાં સાવદ્ય કર્મ નથી. તેથી નમસ્કાર કરનારને સાવદ્ય કર્મની અનુમતિની પ્રાપ્તિ થતી નથી અને જિનગુણની સ્થાપના હોવાથી સ્થાપનાના બળથી જિનના ગુણોનું સ્મરણ થાય છે. અહીં, પૂર્વપક્ષી કહે છે કે જેમ પ્રતિમામાં સાવદ્ય કર્મ નથી માટે નમસ્કાર કરનારને સાવદ્ય કર્મની અનુમતિની પ્રાપ્તિ નથી તો પ્રતિમામાં નિરવદ્ય કર્મ પણ નથી. તેથી ગુણવાનના સંકલ્પપૂર્વક કરાયેલા નમસ્કારનું પુણ્યફળ પણ પ્રતિમાથી થશે નહિ, તેના ઉત્તરરૂપે કહે છે.

પ્રતિમામાં તીર્થંકરના ગુણોનો અધ્યારોપ કરીને નમસ્કારની પ્રવૃત્તિ હોવાથી તીર્થંકરના ગુણો પ્રત્યે થતા પૂજ્યભાવને કારણે પુણ્યફળનો અભાવ પ્રાપ્ત થશે નહિ; કેમ કે પ્રતિમાને જોઈને તીર્થંકરના ગુણોનું સ્મરણ થવાથી જ તેમની સ્થાપનાને નમસ્કાર કરાય છે. તેથી ગુણો પ્રત્યેના બહુમાનજન્ય પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે. **॥૧૭૯॥**

**અવતરણિકા :-**

**तथा चाह –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે કહે છે=પાસત્થાના લિંગમાં પણ પાસત્થાનો અધ્યારોપ કરીને નમસ્કાર કરવાથી દોષની પ્રાપ્તિ થાય તે રીતે કહે છે –**

**ગાથા :-**

**णियमा जिणेसु उ गुणा, पडिमा उद्दिस्स जे मणे कुणइ ।**
**अगुणे य विआणंतो, कं णमउ मणे गुणं काउं ।।१८०।।**

**અન્વયાર્થ :-**

**णियमा जिणेसु उ गुणा=જિનોમાં જ નિયમથી ગુણો છે, पडिमा उद्दिस्स जे मणे कुणइ=પ્રતિમાને જોઈને જેઓને=જિનના ગુણોને, મનમાં કરે છે, अगुणे य विआणंतो=અવગુણવાળા જ પાસત્થાદિને જાણતો, कं गुणं=કયા ગુણને, मणे काउं=મનમાં કરીને, णमउ=નમસ્કાર કરે ? ।।૧૮૦।।**

**ગાથાર્થ :-**

**જિનોમાં જ નિયમથી ગુણો છે. પ્રતિમાને જોઈને જેઓને=જિનના ગુણોને, મનમાં કરે છે. અવગુણવાળા જ પાસત્થાદિને જાણતો કયા ગુણને મનમાં કરીને નમસ્કાર કરે ? ।।૧૮૦।।**

**ટીકા :-**

'णियम'त्ति । 'नियमात्' अवश्यंभावात् 'जिनेषु' तीर्थकरेष्वेव तुशब्दस्यावधारणार्थत्वात्, 'गुणाः' ज्ञानादयो न प्रतिमासु, प्रतिमा दृष्ट्वा तास्वध्यारोपद्वारेण यान् 'मनसि करोति' चेतसि स्थापयति पुनः पुनर्नमस्करोति, अत एवासौ तासु शुभः पुण्यफलो जिनगुणसङ्कल्पः, सावद्यकर्मरहित-त्वात्; न चायं तासु निरवद्यकर्माभावमात्राद्विपर्याससङ्कल्पः, सावद्यकर्मोपेतवस्तुविषयत्वात्तस्य; ततश्चोभयविकल एवाकारमात्रतुल्ये कतिपयगुणान्विते वाऽध्यारोपोऽपि युक्तः । 'अगुणे' इत्यादि, अगुणानेव तु शब्दस्यावधारणार्थत्वात्, अविद्यमानगुणानेव 'विजानन्' अवबुध्यन् पार्श्वस्थादीन् कं मनसि कृत्वा गुणं नमस्करोतु तान् ? इति ।।१८०।।

**ટીકાર્થ :-**

'नियमात्' ..... इति ।। નિયમથી=અવશ્યભાવથી, જિનોમાં જ=તીર્થંકરોમાં જ, જ્ઞાનાદિ ગુણો છે, પ્રતિમામાં નથી. જિનોમાં જ એમ 'જ'કારથી કેમ કહ્યું ? એથી કહે છે. ગાથામાં 'उ' શબ્દ 'तु' અર્થમાં છે અને 'तु' શબ્દનું અવધારણ અર્થપણું છે. પ્રતિમાઓને જોઈને તેઓમાં અધ્યારોપ દ્વારા=જિનોના ગુણોના અધ્યારોપ દ્વારા, જેઓને=જે ગુણોને, મનમાં કરે છે=ચિત્તમાં સ્થાપન કરે છે, ફરી ફરી નમસ્કાર કરે છે=જિનોના ગુણોને હૃદયમાં સ્થાપન કરીને તેઓની પ્રતિમાને ફરી ફરી નમસ્કાર કરે છે. આથી જ આ=પ્રતિમાને કરાયેલો નમસ્કાર, તેઓમાં=પ્રતિમાઓમાં, શુભ પુણ્યફળવાળો જિનગુણનો સંકલ્પ છે; કેમ કે સાવદ્ય કર્મરહિતપણું છે અને તેઓમાં=પ્રતિમાઓમાં, નિરવદ્ય કર્મના અભાવમાત્રથી આ વિપર્યાસ સંકલ્પ નથી=હું જિનોની પ્રતિમાને નમસ્કાર કરું છું, એ પ્રકારના પરિણામપૂર્વક ગુણને આશ્રયીને કરાયેલો પ્રતિમાને નમસ્કાર વિપર્યાસ સંકલ્પ નથી; કેમ કે તેનું=વિપર્યાસ સંકલ્પનું, સાવદ્ય કર્મથી યુક્ત વસ્તુનું વિષયપણું છે અને તેથી=પ્રતિમામાં કરાયેલો નમસ્કાર વિપર્યાસરૂપ નથી તેથી, ઉભય વિકલ જ આકારમાત્ર તુલ્યમાં=સાવદ્ય કર્મ અને નિરવદ્ય કર્મરૂપ ઉભયથી વિકલ જ એવા આકારમાત્ર તુલ્યમાં અથવા કેટલાક ગુણથી અન્વિત એવી વસ્તુમાં, અધ્યારોપ પણ યુક્ત છે અર્થાત્ આલય, વિહારાદિ શુદ્ધ નહીં હોવા છતાં જિનવચન પ્રત્યે દૃઢ રાગવાળા સંવિગ્નપાક્ષિકમાં ત્રણ ગુપ્તિ પ્રત્યેનો બદ્ધરાગ છે તેથી શુદ્ધ પ્રરૂપણા કરે છે તેવા કેટલાક ગુણોથી અન્વિત લિંગધારીમાં ગુણનો અધ્યારોપ પણ યુક્ત છે. અવગુણવાળા જ='तु' શબ્દનું અવધારણ અર્થપણું હોવાને કારણે અવિદ્યમાન ગુણવાળા જ, પાસત્થાદિને જાણતો નમસ્કાર કરનાર કયા ગુણને મનમાં કરીને તેઓને નમસ્કાર કરે ? અર્થાત્ કોઈ ગુણ નહિ હોવાથી તેઓને નમસ્કાર થઈ શકે નહિ. ।।૧૮૦।।

**ભાવાર્થ :-**

ભગવાનમાં નિયમથી ક્ષાયિકભાવના જ્ઞાનાદિ ગુણો વિદ્યમાન છે અને ભગવાનની સ્થાપના જિનપ્રતિમા છે. તેથી પ્રતિમાને જોઈને વિવેકી જીવને જિનગુણોનું સ્મરણ થાય છે અને જિનની આ પ્રતિમા છે, તેવો

બોધ હોવાથી પ્રતિમામાં તે ગુણોનો આરોપ કરીને તે ગુણોનું મનમાં સ્મરણ કરે છે અને ભગવાનના ગુણોનું મનમાં સ્મરણ કરીને ફરી ફરી પ્રતિમાને નમસ્કાર કરે છે. જેના બળથી તે મહાત્માના ચિત્તમાં જિનગુણો પ્રત્યે પ્રવર્ધમાન બહુમાનનો ભાવ થાય છે; કેમ કે જિનગુણોના સ્મરણથી જિન પ્રત્યે બહુમાન થયેલ છે અને તે બહુમાનને કારણે જ પ્રતિમાને નમસ્કાર કરે છે, ત્યારે તેનું ચિત્ત તે ગુણો પ્રત્યે અતિશય ભક્તિવાળું થાય છે. આથી પ્રતિમામાં થયેલો નમસ્કારનો પરિણામ પુણ્યફળવાળો છે અર્થાત્ જિનના ગુણ પ્રત્યેના રાગને કારણે સુગતિઓની પરંપરાનું કારણ બને એવા પુણ્યફળવાળો છે; કેમ કે પ્રતિમામાં સાવદ્ય કર્મ નથી. તેથી નમસ્કાર કરનારને સાવદ્ય કર્મની અનુમતિની પ્રાપ્તિ નથી. વળી, પ્રતિમામાં નિરવદ્ય કર્મનો અભાવ છે. તેટલા માત્રથી હું નિરવદ્ય પરિણામવાળા તીર્થંકરની પ્રતિમાને નમસ્કાર કરું છું, એ પ્રકારનો જે સંકલ્પ છે, તે વિપર્યાસરૂપ નથી; કેમ કે વિપર્યાસરૂપ સંકલ્પ સાવદ્ય કર્મયુક્ત વસ્તુમાં જ થાય છે. તેથી જો સાવદ્ય કર્મયુક્ત પાસત્થાદિમાં ગુણનો સંકલ્પ કરીને નમસ્કાર કરવામાં આવે તો વિપર્યાસયુક્ત સંકલ્પ થાય પરંતુ પ્રતિમામાં વિપર્યાસયુક્ત સંકલ્પ થતો નથી. આ કથનથી શું ફલિત થાય છે ? એ સ્પષ્ટ કરે છે. સાવદ્ય કર્મરહિત અને નિરવદ્ય કર્મરહિત એવી તીર્થંકરાદિના આકારમાત્રથી તુલ્ય એવી પ્રતિમામાં આ તીર્થંકર છે, એ પ્રકારનો અધ્યારોપ યુક્ત છે અથવા ભાવસાધુપણાના અત્યંત અર્થી અને ભાવસાધુના પરમાર્થને જાણનારા અને કંઈક પ્રમાદ હોવાથી ત્રણ ગુપ્તિના પાલનમાં અસમર્થ એવા સંવિગ્ન પાક્ષિકમાં કેટલાક ગુણો છે એવા ગુણોથી યુક્ત એવા સંવિગ્ન પાક્ષિકમાં ભાવસાધુનું અધ્યારોપણ યુક્ત છે; કેમ કે ભાવસાધુના કારણીભૂત ગુણો છે. તેથી હેતુમાં ફલનો ઉપચાર કરીને તેમને પણ ભાવસાધુ તરીકે સ્વીકારીને નમસ્કાર કરવો યુક્ત છે. પરંતુ જે પાસત્થાદિ સાધુઓ સ્વચ્છંદ મતિથી યથાતથા પ્રવૃત્તિઓ કરે છે અને પોતાની પ્રવૃત્તિના બળથી પોતે સંસારસમુદ્રને તરશે, તેવું મિથ્યા આશ્વાસન ધારણ કરે છે, તેવા ગુણરહિત લિંગધારી પાસત્થાદિને જાણતો વિવેકી શ્રાવક કયા ગુણને મનમાં કરીને તેઓને નમસ્કાર કરે ? અર્થાત્ ગુણરહિત હોવાથી દરિદ્ર પ્રાયઃ પાસત્થા છે. તેથી ધનના અર્થી જીવો ક્યારેય દરિદ્ર પાસે નમસ્કાર કરીને ધનપ્રાપ્તિની ઇચ્છા કરે નહિ. તેમ ગુણથી દરિદ્ર એવા પાસત્થાદિને જોઈને તેમને નમસ્કાર કરીને મને ગુણો પ્રાપ્ત થશે, એમ કોઈ વિચારક સ્વીકારે નહિ. ફક્ત વિવેકીને દરિદ્ર પ્રત્યે દ્વેષ થતો નથી, પરંતુ દયા આવે છે. તેમ વિવેકી શ્રાવકને પણ તેવા પાસત્થાદિ સાધુઓને જોઈને દ્વેષ થતો નથી પરંતુ ભાવદયા થાય છે. તેથી શક્તિ હોય તો તેઓને માર્ગમાં સ્થિર કરવા યત્ન કરે, પરંતુ તેઓના અનુચિત આચારો પ્રત્યે દ્વેષ કરે નહિ. **॥૧૮૦॥**

**અવતરણિકા :-**

**નન્વન્યસંવિગ્નસાધુસમ્બન્ધિનં ગુણમધ્યારોપમુખેન મનસિ કૃત્વા નમસ્કરોત્વિત્યસ્તુ દ્વિતીયઃ પક્ષ ઇત્યત આહ –**

**અવતરણિકાર્થ :-**

**અન્ય સંવિગ્ન સાધુ સંબંધી ગુણને અધ્યારોપમુખથી=પાસત્થાના લિંગમાં હું આ સંવિગ્ન સાધુના**

ગુણનો અધ્યારોપ કરું એ પ્રકારના અધ્યારોપમુખથી, મનમાં કરીને નમસ્કાર કરો. એથી બીજો પક્ષ થાય એથી કહે છે –

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૯માં પ્રશ્ન કર્યો કે પાસત્થાના લિંગમાં સ્થાપના કરીને નમસ્કાર કરવામાં આવે તો તે સ્થાપના પાસત્થાની થાય કે અન્ય સંવિગ્ન સાધુની થાય ? ત્યારપછી ગાથા-૧૭૦થી અત્યારસુધીમાં યુક્તિથી બતાવ્યું કે પાસત્થા આદિના લિંગમાં પાસત્થાની સ્થાપના કરીને વંદન થઈ શકે નહિ. તેથી, હવે બીજા વિકલ્પ અનુસાર પાસત્થાના લિંગમાં સંવિગ્ન સાધુની સ્થાપના થઈ શકે એ પ્રકારે 'ननु'થી પૂર્વપક્ષી કહે છે. પાસત્થાના લિંગને જોઈને અન્ય સંવિગ્ન સાધુ સંબંધી જે સમિતિ-ગુપ્તિરૂપ ગુણો છે, તે ગુણોનું લિંગમાં અધ્યારોપમુખથી મનમાં સ્મરણ કરીને પાસત્થાના લિંગને નમસ્કાર થાઓ, એ પ્રકારનો બીજો પક્ષ છે તે યુક્ત નથી. તે બતાવવા અર્થે કહે છે.

**ગાથા :-**

**एएण अण्णठवणा, पराकया होइ णिग्गुणत्तेणं ।**
**गुणसंकप्पाजोगा, गुणमित्ते जं तइच्छा य ।।१८१।।**

**અન્વયાર્થ :-**

**एएण अण्णठवणा पराकया होइ=આના દ્વારા અન્યની સ્થાપના=સુસાધુની સ્થાપના, પરાકૃત થાય છે, णिग्गुणत्तेणं गुणसंकप्पाजोगा=કેમ કે નિર્ગુણપણાને કારણે ગુણના સંકલ્પનો અયોગ છે, गुणमित्ते जं तइच्छा य=અને જે કારણથી ગુણમાત્રમાં=કંઈક સાદૃશ્યમાં, તેની ઈચ્છા છે=સ્થાપનાની ઈચ્છા છે. ।।૧૮૧।।**

**ગાથાર્થ :-**

**આના દ્વારા અન્યની સ્થાપના=સુસાધુની સ્થાપના, પરાકૃત થાય છે; કેમ કે નિર્ગુણપણાને કારણે ગુણના સંકલ્પનો અયોગ છે અને જે કારણથી ગુણમાત્રમાં=કંઈક સાદૃશ્યમાં, તેની ઈચ્છા છે=સ્થાપનાની ઈચ્છા છે. ।।૧૮૧।।**

**ટીકા :-**

**'एएण'त्ति । 'एतेन' निर्गुणविषये शुभसङ्कल्पाभावव्यवस्थापनेनाऽन्यस्थापना पराकृता भवति, उद्देश्यगतगुणसाम्राज्ये सत्यपि तस्य निर्गुणत्वेन गुणसङ्कल्पायोगात् निर्गुणस्य विषयस्य विशेषदर्शिना तटस्थतयाऽपि प्रतिसन्धातुमशक्यत्वादित्यपि द्रष्टव्यम् । हेत्वन्तरमाह—'च' पुनः 'यत्' यस्माद् 'गुणमात्रे' सादृश्यनिरूपकगुणलेशे सति 'तदिच्छा' अध्यारोपेच्छा भवति । अयं भावः—पुद्गलद्रव्यत्वेन जिनभिन्नतयोपस्थितायां जिनप्रतिमायां तदभेदाध्यारोपस्तावन्न स्वारसिकः, किन्त्विच्छाऽधीनतयाऽऽहार्यः,**

इच्छा च किञ्चिद्गुणसादृश्यवति विषय एव संभवत्यविषयेऽध्यारोपस्यानिष्टसाधनत्वप्रदर्शनात्, ततः प्रतिमायां जिनगुणाध्यारोपो युक्तो न तु कूटलिङ्गे साधुगुणाध्यारोप इति ।।१८१।।

**ટીકાર્થ :-**

'एतेन' ..... इति ।। આના દ્વારા=પૂર્વમાં અત્યાર સુધી પ્રથમ પક્ષનું નિરાકરણ કર્યું એના દ્વારા= નિર્ગુણના વિષયમાં શુભ સંકલ્પના અભાવનું વ્યવસ્થાપન થયું એના દ્વારા, અન્યની સ્થાપના=પાસત્થાના લિંગમાં સુસાધુની સ્થાપના, પરાકૃત થાય છે=નિરાકરણ કરાયેલી થાય છે; કેમ કે ઉદ્દેશ્યગત ગુણનું સામ્રાજ્ય હોતે છતે પણ=પાસત્થાના લિંગમાં સુસાધુની સ્થાપના કરીએ ત્યારે ઉદ્દેશ્ય સુસાધુ છે તેમાં સમિતિ-ગુપ્તિરૂપ સુસાધુના ગુણનું સામ્રાજ્ય હોતે છતે પણ, તેનું નિર્ગુણપણું હોવાને કારણે= પાસત્થાના લિંગનું નિર્ગુણપણું હોવાને કારણે, ગુણસંકલ્પનો અયોગ છે=પાસત્થાના વેશમાં ગુણસંકલ્પનો અયોગ છે. અહીં પ્રશ્ન થાય કે સુસાધુના જે રજોહરણાદિ વેશ છે તેવા જ પાસત્થાદિના રજોહરણાદિ રૂપ વેશ છે તેથી તે વેશ નિર્ગુણ છે માટે તેમાં ગુણનો સંકલ્પ ન થાય એમ કેમ કહી શકાય ? તેથી પાસત્થાનો વેશ કઈ રીતે નિર્ગુણ છે ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. નિર્ગુણના વિષયનું=ગુણરહિત એવા પાસત્થાના રજોહરણાદિ વિષયનું, વિશેષદર્શી એવા વિવેકી વડે તટસ્થપણાથી પણ પ્રતિસંધાન કરવા માટે અશક્યપણું છે એ પણ જાણવું અર્થાત્ સુસાધુ ગુણવાન છે તેથી તેઓના રજોહરણાદિ ધર્મનાં ઉપકરણો છે; કેમ કે ધર્મમાં જ તેનો ઉપયોગ કરે છે. જ્યારે પાસત્થા સ્વયં નિર્ગુણ હોવાથી તેના રજોહરણાદિ પણ ધર્મનાં ઉપકરણો નથી, પરંતુ કર્મબંધના કારણીભૂત અધિકરણો છે અને વિશેષદર્શી એવા શ્રાવકો આદિ તટસ્થપણાથી પણ વિચારે કે સ્થૂલથી બંનેના રજોહરણાદિ સમાન હોવા છતાં પાસત્થાદિના રજોહરણમાં ધર્મના ઉપકરણ તરીકે વિવેકી પુરુષ પ્રતિસંધાન કરી શકે નહિ. હેતુ અંતરને કહે છે. ગાથામાં 'च' શબ્દ 'पुनः' અર્થમાં છે. વળી, જે કારણથી ગુણમાત્ર હોતે છતે=સાદૃશ્ય નિરૂપક ગુણલેશ હોતે છતે, તેની ઈચ્છા=અધ્યારોપની ઈચ્છા, થાય છે. આ ભાવ છે= 'यस्माद्'થી જે કથન કર્યું તેનો આ ભાવ છે – પુદ્ગલ દ્રવ્યપણાથી જિનની સાથે ભિન્નપણારૂપે ઉપસ્થિત જિનપ્રતિમામાં તેનો અભેદ અધ્યારોપ=જિનનો અભેદ અધ્યારોપ, સ્વારસિક નથી. પરંતુ ઈચ્છાને આધીનપણું હોવાને કારણે આહાર્ય છે અને ઈચ્છા કંઈક ગુણસાદૃશ્યવાળા વિષયમાં જ સંભવે છે; કેમ કે અવિષયમાં=કંઈક ગુણના સાદૃશ્યના અવિષયમાં, અધ્યારોપના અનિષ્ટ સાધનત્વનું પ્રદર્શન છે. તેથી પ્રતિમામાં જિનગુણનો અધ્યારોપ યુક્ત છે. કૂટલિંગમાં=પાસત્થાદિના પાપના અધિકરણરૂપ રજોહરણાદિ વેશમાં, જિનગુણનો અધ્યારોપ યુક્ત નથી. ।।૧૮૧।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે પાસત્થા સમિતિ-ગુપ્તિના પરિણામરૂપ ગુણથી રહિત છે. તેથી નિર્ગુણ એવા પાસત્થાના વિષયમાં શુભસંકલ્પનો અભાવ પ્રાપ્ત થાય છે. માટે તેમને વંદન કરવામાં તેમનામાં રહેલી અસંયમની પ્રવૃત્તિના અનુમોદનની પ્રાપ્તિ થાય છે. એ કથન દ્વારા પાસત્થાના રજોહરણાદિ લિંગમાં

સુસાધુની સ્થાપના પણ નિરાકૃત થાય છે અર્થાત્ પાસત્થાના રજોહરણાદિમાં સુસાધુની સ્થાપના થઈ નહિ. કેમ થઈ શકે નહિ ? તે સ્પષ્ટ કરતાં કહે છે. પાસત્થાના વેશમાં સુસાધુની સ્થાપના કરવી હોય ઉદ્દેશ્ય સુસાધુ બને છે અને સુસાધુને ઉદ્દેશીને લિંગમાં સુસાધુની સ્થાપના કરવી હોય ત્યારે ઉદ્દેશ્ય ર સુસાધુમાં ગુણસામ્રાજ્ય હોવા છતાં પણ પાસત્થાનું લિંગ નિર્ગુણ છે. તેથી તેમાં ગુણનો સંકલ્પ થઈ નહિ. જેમ ધર્મના પુસ્તકમાં ભાવાચાર્યની સ્થાપના થાય છે; કેમ કે ભગવાનના વચનના તત્ત્વને બતાવ તે પ્રામાણિક શ્રુત છે. તેથી તેમાં ભાવાચાર્યની સ્થાપના થઈ શકે. પરંતુ સંસારના પદાર્થોને બતાવ કોઈક વ્યવહારજ્ઞાનનાં પુસ્તકો હોય તેમાં ભાવાચાર્યની સ્થાપના થાય નહિ; કેમ કે મિથ્યાશ્રુતને કહે તે પુસ્તક છે તેથી નિર્ગુણ છે માટે તેમાં ભાવાચાર્યની સ્થાપના કરીને ગુણનો સંકલ્પ થઈ શકે નહિ. તે પાસત્થાદિનાં રજોહરણાદિ ઉપકરણો ધર્મનાં ઉપકરણો નથી. પરંતુ કર્મબંધના કારણીભૂત અધિકરણો જેમ ગૃહસ્થને વસ્ત્રાલંકારાદિ મોહનાં સાધનો છે, તેથી નિર્ગુણ છે. તેમ પાસત્થાનાં સાધુતુલ્ય વસ્ત્ર-પાત્ર હોવા છતાં તેના દ્વારા જ પાસત્થાદિ મોહની વૃદ્ધિ કરીને દુરંત સંસારમાં જાય છે. તેથી તે રજોહરણ ધર્મનાં ઉપકરણ કહી શકાય નહિ; કેમ કે ધર્મબુદ્ધિમાં ઉપકારક હોય તે જ ઉપકરણ કહેવાય પાસત્થાદિના રજોહરણાદિ પાપવૃદ્ધિના કારક હોવાથી તેમાં સુસાધુની સ્થાપના થઈ શકે નહિ. કેમ શકે નહિ ? તેને સ્પષ્ટ કરતાં યુક્તિ બતાવે છે. નિર્ગુણ એવા પાસત્થાના વિષયવાળા એવા રજોહરણાદિ તટસ્થપણાથી પણ કોઈ વિશેષદર્શી પુરુષ પ્રતિસંધાન કરવા યત્ન કરે તો આ ધર્મનું ઉપકરણ છે તે પ્ર પ્રતિસંધાન કરી શકે નહિ. પરંતુ પાપના જ સાધનભૂત આ રજોહરણાદિ છે, તેમ પ્રતિસંધાન તેને થાય આથી જ જિનવચનથી અન્યથા સ્વચ્છંદ મતિથી પ્રવર્તનારા પાસત્થાદિને પાપાનુબંધી પાપના ઉદય બલને હરનારી એવી ભિક્ષા પ્રાપ્ત થાય છે, એમ પંચવસ્તુક ગ્રંથમાં કહે છે. તેથી જેમ તેઓ નિર્ગુણ તેમ તેઓએ સ્વીકારેલો સાધુવેશ પણ પાપનું અધિકરણ હોવાથી નિર્ગુણ છે માટે તેમાં સુસાધુની સ્થાપ થઈ શકે નહિ.

વળી, અન્ય પણ યુક્તિ બતાવે છે. સાદૃશ્ય નિરૂપક ગુણલેશ હોય ત્યારે જ અધ્યારોપની ઇચ્છા થ છે. જેમ જિનની પ્રતિમામાં પ્રશમરસવાળી યોગનિરોધને બતાવનારી મુદ્રા છે. તે તીર્થંકરોના સાદ નિરૂપક ગુણલેશવાળી છે. તેથી ત્યાં તીર્થંકરના અધ્યારોપની ઇચ્છા થાય છે. વળી, જિનવચનાનુસ શ્રુતનો બોધ કરાવનાર પુસ્તક હોય તેમાં પણ કાંઈક સાદૃશ્ય નિરૂપક ગુણ છે. તેથી ભાવાચાર્ય સ્થાપનાની ઇચ્છા થાય છે પરંતુ કામનું વર્ણન કરનાર કુત્સિત પુસ્તકો હોય તેમાં સાદૃશ્ય નિરૂપક ગુણલ નહિ હોવાને કારણે કોઈક વિવેકીને ભાવાચાર્ય સ્થાપવાની ઇચ્છા થતી નથી. તેમ પાપના અધિકરણ રજોહરણાદિ વેશમાં ભાવસાધુની સ્થાપનાની ઇચ્છા વિવેકીને થઈ શકે નહિ. આ જ પદાર્થને સ્પ કરવાર્થે કહે છે. પુદ્ગલદ્રવ્યપણાથી જિનથી ભિન્નપણા રૂપે ઉપસ્થિત જિનપ્રતિમામાં જિનના અભેદ અધ્યારોપ સ્વારસિક નથી. પરંતુ આહાર્ય ઇચ્છાને આધીન છે અને તેવી ઇચ્છા કંઈક ગુણ સાદૃશ્યવા વસ્તુમાં જ સંભવે છે. આથી જ જિનપ્રતિમામાં આહાર્ય જ્ઞાનથી જિનની ઉપસ્થિતિ થઈ શકે છે અને ધ બતાવનારા પુસ્તકમાં ભાવાચાર્યની સ્થાપના કરાયેલી હોય તો આહાર્યજ્ઞાન થઈ શકે છે. પરંતુ પગર

આદિમાં કોઈએ ભાવાચાર્યની સ્થાપના કરી હોય તોપણ કોઈ વિવેકીને આ ભાવાચાર્ય છે, તેવું જ્ઞાન થતું નથી; કેમ કે અધ્યારોપના અવિષયભૂત એવા પગરખા આદિમાં 'પંચિંદિય' સૂત્ર દ્વારા કરાયેલો અધ્યારોપ અનિષ્ટનું જ કારણ છે, તેમ જણાય છે. તેથી પ્રતિમામાં જિનગુણનો અધ્યારોપ યુક્ત છે. પરંતુ કૂટલિંગમાં= પાપના અધિકરણભૂત પાસત્થાના રજોહરણાદિ રૂપ કૂટલિંગમાં, સાધુગુણનો અધ્યારોપ થઈ શકે નહિ. આથી સાધુનો વેશ છે, એમ માનીને સ્પષ્ટ દોષવાળા પણ પાસત્થાને નમસ્કાર કરવાથી કર્મબંધની જ પ્રાપ્તિ થાય છે. વળી, ગાથા-૧૮૦ની ટીકામાં કહેલ કે કેટલાક ગુણોથી અન્વિતમાં અધ્યારોપ પણ યુક્ત છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ સંયમ ગ્રહણ કર્યું છે પણ કાંઈક પ્રમાદી છે, તેથી પાસત્થાદિ જ છે તોપણ સંસારનો ભય છે, ગુણનો રાગ છે, પોતાની અનુચિત પ્રવૃત્તિને કારણે કંઈક ખેદ છે. તેથી કંઈક દૂરદૂરવર્તી પણ સમિતિ-ગુપ્તિના રાગી છે, તેવા પાસત્થાદિમાં કંઈક જિનવચનાનુસાર ગુણો પણ છે. તેથી ભાવસાધુની પ્રાપ્તિના દૂરવર્તી એવા ગુણોને કારણે તેમને કોઈ નમસ્કાર કરે તો દોષરૂપ નથી. આથી જ જે કાળમાં ભાવસાધુપણું દુર્લભ છે, તે કાળમાં પાસત્થાદિમાં પણ જિનવચનાનુસાર દર્શન-જ્ઞાન-ચારિત્ર કંઈક દેખાય છે તેનું સ્મરણ કરીને તેટલા જ ભાવથી વંદન કરવાની આપવાદિક વિધિ છે. પરંતુ જેઓ નિહ્નવ છે, ભગવાનના વચનનો અપલાપ કરનારા છે, યથાછંદા છે, તેઓ બાહ્યથી સંયમની સુંદર આચરણા કરતા હોય તોપણ સર્વથા અવંદ્ય છે. ફક્ત કોઈક પ્રાજ્ઞ શ્રાવક તેમને માર્ગમાં સ્થિર કરવા સમર્થ હોય અને પોતાના પ્રયત્નથી તેઓ સ્થિર થશે, તેવી સંભાવના જણાય તો તેમને સ્થિર કરવાના અધ્યવસાયરૂપ પૂર્વ અંગ સ્વરૂપે તેમને વંદન કરે, તેમની વૈયાવચ્ચ કરે, તેમાં પણ દોષની પ્રાપ્તિ નથી; કેમ કે જિનવચનાનુસાર શુભ અધ્યવસાયપૂર્વક તે વંદનની પ્રવૃત્તિ છે અને સ્પષ્ટ દોષો જણાવા છતાં સાધુનો વેશ છે, તેમ માનીને વિવેકી પુરુષ વંદન કરે નહિ અને વંદન કરે તો પાપની અનુમતિની જ પ્રાપ્તિ છે. ફક્ત પાસત્થાદિને અનુચિત પ્રવૃત્તિ કરનારા જોઈને પણ વિવેકી પુરુષને તેમના પ્રત્યે દ્વેષ થાય નહિ અને દ્વેષ કરવાથી પાપબંધ જ થાય છે. તેથી પાસત્થાદિની નિંદા પણ કરે નહિ. તેઓના દુરંત સંસારના ફળને જોઈને તેમના પ્રત્યે કરુણા થાય છે અને તેમને સુધારવું અશક્ય જણાય તો ઉપેક્ષા થાય છે અને તેઓની નિંદા કરવાથી ધર્મનું લાઘવ થાય છે માટે પણ વિવેકી જીવોએ તેમનાથી દૂર રહેવું જ ઉચિત છે. **॥૧૮૧॥**

**અવતરણિકા :-**

**अपि च लिङ्गे स्थापनानिक्षेपोऽपि न प्रवर्त्तते कुतस्तरां शुभसङ्कल्पः ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને વળી, લિંગમાં સ્થાપનાનિક્ષેપ પણ પ્રવર્તતો નથી તો વળી શુભસંકલ્પ ક્યાંથી પ્રવર્તે ? એથી કહે છે –**

**ગાથા :-**

**ण य ठवणा वि पवट्टइ, तज्जातीए तहा सदोसे य ।**
**उववाइयं च एयं, सम्मं भासारहस्सम्मि ।।१८२।।**

**અન્વયાર્થ :-**

ठवणा वि=સ્થાપના પણ, तज्जातीए तहा सदोसे य=તદ્જાતીયમાં અને સદોષમાં, ण य पवट्टइ=પ્રવર્તતી નથી, एयं=આ=પાસત્થામાં સ્થાપનાસત્ય નથી રૂપ સત્ય છે એ, भासारहस्सम्मि=ભાષારહસ્યમાં, सम्मं उववाइयं=સમ્યગ્ ઉત્પાદન કરાયું છે. ।।૧૮૨।।

**ગાથાર્થ :-**

**સ્થાપના પણ તદ્જાતીયમાં અને સદોષમાં પ્રવર્તતી નથી અને આ=પાસત્થામાં સ્થાપનાસત્ય નથી રૂપ સત્ય છે એ, ભાષારહસ્યમાં સમ્યગ્ ઉત્પાદન કરાયું છે. ।।૧૮૨।।**

**ટીકા :-**

**'ण य'त्ति । न च स्थापनापि लिङ्गे 'तज्जातीये' साधुजातीये पार्श्वस्थादौ सदोषे च प्रवर्त्तते, स्थापनायाः सादृश्यरूपत्वात्, तस्य च तद्भिन्नत्वघटितस्य व्यवहारतः साधुभिन्नत्वाभाववत्यप्रवृत्तेः, तद्गतभूयोधर्मवत्त्वभागस्य च सदोषतयैव विरोधात्, अत एव पार्श्वस्थादौ साधुरितिवचनं भावसाधुत्व-बाधेनापकृष्टसाधुविषयतया पर्यवस्यद् रूपसत्यं न तु स्थापनासत्यम्, न चेदेवं तदा रूपसत्य-स्थापनासत्ययोरभेदप्रसङ्ग इति । उपपादितं चैतत् सम्यग् भाषारहस्येऽस्माभिरिति तत एवाधिकम-वसेयम् ।।१८२।।**

**ટીકાર્થ :-**

न च ..... धिकमवसेयम् ।। અને તજ્જાતીયમાં=સાધુજાતીય એવા પાસત્થાદિમાં, અને સદોષ એવા લિંગમાં સ્થાપના પણ પ્રવર્તતી નથી; કેમ કે સ્થાપનાનું સાદૃશ્યરૂપપણું છે. અહીં પ્રશ્ન થાય કે સ્થાપનાનું સાદૃશ્યરૂપપણું હોવાને કારણે પાસત્થાદિમાં કે તેના સદોષ એવા લિંગમાં કેમ સ્થાપના ન થઈ શકે ? તેથી પાસત્થાદિમાં કે તેના વેશમાં સાદૃશ્ય નથી તે બતાવવા અર્થે કહે છે=સાદૃશ્યનો અર્થ તેનાથી ભિન્ન હોતે છતે તદ્ગત ભૂયોધર્મવત્ત્વ છે અને તેવું સાદૃશ્ય પાસત્થાના કે તેના વેશમાં નથી, તે બતાવવાર્થે કહે છે. તેનું=સાદૃશ્યનું, તદ્ભિન્નત્વઘટિતનું વ્યવહારથી સાધુથી ભિન્નત્વના અભાવવાળા એવા પાસત્થામાં અપ્રવૃત્તિ હોવાથી અને તદ્ગત ભૂયોધર્મવત્ત્વના ભાગનું= સાધુગતભૂયોધર્મવત્ત્વના અંશનું, સદોષપણાથી જ વિરોધ હોવાને કારણે પાસત્થાદિમાં કે પાસત્થાદિના લિંગમાં સાદૃશ્યનો અભાવ છે માટે ત્યાં સ્થાપના થઈ શકે નહિ એમ અન્વય છે. આથી જ=પાસત્થાદિમાં સાદૃશ્ય નથી આથી જ, પાસત્થાદિમાં 'સાધુ' એ પ્રકારનું વચન ભાવસાધુપણાના બાધને કારણે અપકૃષ્ટસાધુના વિષયપણાથી પર્યવસન પામતું રૂપસત્ય છે પરંતુ સ્થાપના સત્ય નથી અર્થાત્ દશ પ્રકારના સત્યમાંથી પાસત્થાદિમાં રૂપસત્ય પ્રાપ્ત થાય છે, સ્થાપનાસત્ય પ્રાપ્ત થતું નથી, માટે પાસત્થામાં કે પાસત્થાના લિંગમાં સ્થાપના થઈ શકે નહિ એમ અન્વય છે. આ પ્રમાણે જો નથી= પાસત્થામાં સ્થાપનાસત્ય નથી રૂપસત્ય છે એ પ્રમાણે નથી, એમ જો પૂર્વપક્ષી કહે તો રૂપસત્ય અને

**સ્થાપનાસત્યનો અભેદ પ્રસંગ પ્રાપ્ત થાય અને આ=રૂપસત્ય અને સ્થાપનાસત્યનો ભેદ છે એ, ભાષારહસ્યમાં અમારા વડે=ઉપાધ્યાયશ્રી યશોવિજયજી વડે, સમ્યગ્ ઉત્પાદન કરાયું છે. એથી ત્યાંથી જ અધિક જાણવું=પાસત્થામાં રૂપસત્ય છે પણ સ્થાપના સત્ય કેમ નથી ? તેનું અધિક ભાષારહસ્યમાંથી જાણવું. ।।૧૮૨।।**

**ભાવાર્થ :-**

સાધુજાતીય એવા પાસત્થાદિ લિંગમાં કે પાપના અધિકરણરૂપ સદોષવાળા સાધુવેશમાં સ્થાપના પણ પ્રવર્તતી નથી. કેમ પ્રવર્તતી નથી ? તે યુક્તિથી બતાવે છે. સ્થાપનાનું સાદૃશ્યરૂપપણું છે. જેમ ભગવાનની પ્રતિમામાં ભગવાનની સ્થાપના થાય છે, ત્યાં ભગવાનની યોગનિરોધરૂપ મુદ્રા, પ્રતિમામાં છે. તેથી પ્રતિમામાં ભગવાનની સ્થાપના થાય છે અથવા જ્ઞાનના સાધનરૂપ પુસ્તકમાં પણ ભાવાચાર્યની સ્થાપના થાય છે ત્યાં પણ તે પુસ્તક સમ્યક્બોધ કરાવવાનું કારણ છે અને ભાવાચાર્ય પણ સમ્યક્બોધ કરાવનારા છે. તેથી ભાવાચાર્યથી ભિન્ન પુસ્તક હોવા છતાં ભાવાચાર્ય જેવા ઘણા ધર્મો પુસ્તકમાં છે માટે તે પુસ્તકમાં સાદૃશ્યને કારણે ભાવાચાર્યની સ્થાપના થાય છે.

વળી, પાસત્થાદિમાં સાદૃશ્યનું લક્ષણ ઘટતું નથી માટે સ્થાપના થઈ શકે નહિ. કઈ રીતે પાસત્થાદિમાં સાદૃશ્યનું લક્ષણ ઘટતું નથી ? તે સ્પષ્ટ કરતાં કહે છે. જેની સ્થાપના કરવી હોય તેનાથી ભિન્ન હોતે છતે સ્થાપ્ય જેવા ઘણા ધર્મો જેમાં હોય ત્યાં સ્થાપના થઈ શકે છે. જેમ જિનપ્રતિમામાં; કેમ કે જિનપ્રતિમા જિનથી ભિન્ન છે અને જિન જેવી મુદ્રા છે. તેથી જિન જેવા ઘણા ધર્મો પ્રતિમામાં છે માટે જિન સદૃશ સ્થાપના છે અને પાસત્થા સાધુથી ભિન્ન નથી; કેમ કે સાધુ સદૃશ જ વેશધારી છે. તેથી સાધુથી ભિન્નપણાનો અભાવ હોતે છતે પાસત્થામાં સાધુની સ્થાપના થાય નહિ.

વળી, સાધુગત જે ધર્મો છે, તેના સદૃશ ધર્મવત્ત્વરૂપ જે અંશ છે, તેનો પણ પાસત્થામાં વિરોધ છે; કેમ કે સાધુ મોક્ષપથ તરફ જાય છે અને પાસત્થા સંસારપથ તરફ જાય છે. તેથી, સદોષતાને કારણે પાસત્થામાં સાધુ સદૃશ કોઈ ગુણ નથી માટે પાસત્થામાં ભાવસાધુની સ્થાપના થઈ શકે નહિ. આમ છતાં, પાસત્થાને જોઈને સાધુવેશને કારણે 'આ સાધુ છે' એ પ્રકારનો વચનપ્રયોગ રૂપસત્યમાં જ પર્યવસન પામે છે; કેમ કે પાસત્થામાં ભાવસાધુપણાનો બાધ હોવાને કારણે હીનકક્ષાના એવા સાધુવેશમાં 'આ સાધુ' એ પ્રકારનો પ્રયોગ થાય છે તે રૂપસત્ય છે; કેમ કે સાધુ જેવું જ આકારથી રૂપ છે; વળી સ્થાપનાસત્ય પાસત્થામાં પ્રાપ્ત થાય નહિ અને આ કથનને દૃઢ કરવાર્થે કહે છે. પૂ.આ.ભદ્રબાહુસ્વામીજીએ દશ પ્રકારનાં સત્ય વચનો કહ્યાં છે. તેમાં સાધુવેશધારીને રૂપસત્ય તરીકે ગ્રહણ કરેલ છે અને જિનપ્રતિમાને 'આ જિન છે' તેને સ્થાપનાસત્યરૂપે ગ્રહણ કરેલ છે. આમ છતાં, પાસત્થાદિમાં સાધુની સ્થાપના થઈ શકે. એમ સ્વીકારવામાં આવે તો રૂપસત્ય અને સ્થાપનાસત્યનો અભેદ પ્રાપ્ત થાય. તેથી, શાસ્ત્રમાં પ્રસિદ્ધ રૂપસત્યના અપલાપનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વળી, રૂપસત્યનો અને સ્થાપનાસત્યનો શું ભેદ છે ? તે ગ્રંથકારશ્રીએ ભાષારહસ્ય ગ્રંથમાં કહેલ છે. જિજ્ઞાસુએ ભાષારહસ્ય ગ્રંથના અમારા લખાણથી જાણવા યત્ન કરવો. **।।૧૮૨।।**

**અવતરણિકા :-**

**ननु कूटलिङ्गे मा भूत् स्थापना, परं तत् साधुगुणस्मरणद्वारा वन्दनीयमस्तु, इदमेव च तत्र ताटस्थ्यं गीयते यत् तत् न स्वयं वन्द्यम्, तदुपस्थापिताः साधुगुणास्तु वन्द्या इत्याशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે. કૂટલિંગમાં સ્થાપના ન થાઓ. પરંતુ સાધુગુણના સ્મરણ દ્વારા તે= કૂટલિંગ, વંદનીય થાવ અને આ જ=સાધુગુણના સ્મરણ દ્વારા કૂટલિંગને વંદન કરાય એ જ, ત્યાં= કૂટલિંગમાં અને સુસાધુના લિંગમાં, તટસ્થપણું કહેવાય છે જે તે સ્વયં વંદ્ય નથી=કૂટલિંગ સ્વયં વંદ્ય નથી. વળી તેનાથી ઉપસ્થાપિત=કૂટલિંગથી ઉપસ્થાપિત, સાધુના ગુણો વંદ્ય છે, એ જ તટસ્થપણું છે એમ અન્વય છે એ પ્રકારની આશંકામાં કહે છે –**

**ભાવાર્થ :-**

પાસત્થાનું લિંગ એ સુસાધુનું લિંગ નથી; કેમ કે સુસાધુનું લિંગ સંયમનું ઉપકરણ છે. જ્યારે પાસત્થાનું લિંગ પાપબંધનું અધિકરણ છે. આથી કૂટલિંગમાં સાધુની સ્થાપના ન થાઓ. પરંતુ સાધુના લિંગ સદૃશ પાસત્થાનું કૂટલિંગ છે, તેથી તેને જોઈને સાધુના ગુણોનું સ્મરણ થાય છે. જેમ બે ભાઈઓની પ્રકૃતિ તદ્દન વિષમ હોય તોપણ સદૃશ આકૃતિ જોઈને તેના બીજા ભાઈનું સ્મરણ થાય છે. તેથી પાસત્થાના લિંગને જોઈને તદ્સદૃશ લિંગવાળા સાધુના ગુણોનું સ્મરણ થવાથી 'તે પાસત્થાનું લિંગ વંદનીય થાઓ.' આ કથનને જ પુષ્ટ કરવાર્થે પૂર્વપક્ષી કહે છે. પાસત્થાના લિંગમાં મધ્યસ્થપણું તે જ કહેવાય કે જે પાસત્થાનું લિંગ સ્વયં વંદનીય નથી તોપણ પાસત્થાના લિંગને જોઈને જોનારના ચિત્તમાં ઉપસ્થિત થયેલા સાધુગુણો વંદ્ય છે. તેથી ગુણના સ્મારક એવા પાસત્થાના લિંગને પણ વંદન કરવું જોઈએ. આ પ્રકારની આશંકામાં કહે છે.

**ગાથા :-**

**सइमज्जायाए वि हु, सुहसंकप्पो पराकओ इत्तो ।**
**णिग्गुणतुल्लत्ताए, जं णायाए ण सो होइ ।।१८३।।**

**અન્વયાર્થ :-**

**सइमज्जायाए=સ્મૃતિમર્યાદાથી, वि=પણ, इत्तो=આના કારણે=સ્થાપનાની અપ્રવૃત્તિ હોવાને કારણે, सुहसंकप्पो=શુભસંકલ્પ, पराकओ=પરાકૃત છે, जं=જે કારણથી, णिग्गुणतुल्लत्ताए=નિર્ગુણ તુલ્યતા, णायाए=જ્ઞાત હોવાને કારણે, सो=તે=શુભસંકલ્પ, होइ=થતો, ण=નથી. हु=શબ્દ વાક્યાલંકારમાં છે. ।।૧૮૩।।**

**ગાથાર્થ :-**

**સ્મૃતિમર્યાદાથી પણ આના કારણે=સ્થાપનાની અપ્રવૃત્તિ હોવાને કારણે, શુભસંકલ્પ પરાકૃત છે. જે કારણથી નિર્ગુણ તુલ્યતા જ્ઞાત હોવાને કારણે તે=શુભસંકલ્પ, થતો નથી. ॥૧૮૩॥**

**ટીકા :-**

**'सइ'त्ति । स्मृतिमर्यादयापि 'इतः' स्थापनाप्रवृत्तेः शुभसङ्कल्पो लिङ्गादिष्यमाणः पराकृतः, यत्स शुभसङ्कल्पः स्मर्यमाणेषु साधुषु निर्गुणतुल्यतया स्मारकसादृश्यज्ञानोपनयनेन ज्ञातया न भवति, निर्गुणतुल्यताज्ञानस्य गुणसङ्कल्पप्रतिबन्धकत्वादिति भावः ॥१८३॥**

**ટીકાર્થ :-**

**स्मृतिमर्यादयापि ..... भावः ॥ આનાથી=સ્થાપનાની અપ્રવૃત્તિ હોવાથી=પાસત્થાના લિંગમાં સુસાધુની સ્થાપનાની અપ્રવૃત્તિ હોવાથી, લિંગથી ઈચ્છાતો=પાસત્થાના લિંગથી ઈચ્છાતો, શુભસંકલ્પ સ્મૃતિમર્યાદાથી પણ પરાકૃત છે. જે કારણથી સ્મારકના સાદૃશ્યના જ્ઞાનના ઉપનયનથી=સાધુના સ્મારક એવા પાસત્થાના લિંગમાં સંસારી જીવોના આરંભ-સમારંભવાળા વેશ તુલ્ય પાસત્થાનો સાધુવેશ છે એવા જ્ઞાનના ઉપનયનથી, જ્ઞાત એવા નિર્ગુણ તુલ્યપણાને કારણે=પાસત્થા નિર્ગુણ છે અને તેનો વેશ નિર્ગુણ તુલ્ય છે તેવું જ્ઞાત હોવાને કારણે, સ્મર્યમાણ સાધુમાં તે શુભસંકલ્પ થતો નથી=પાસત્થાને નમસ્કાર કરવા દ્વારા સ્મરણ થયેલા સાધુમાં શુભસંકલ્પ થતો નથી પરંતુ કૂટલિંગના અનુમોદનરૂપ અશુભ સંકલ્પ થાય છે; કેમ કે નિર્ગુણ તુલ્યતા જ્ઞાનનું=પાસત્થા નિર્ગુણ છે તેથી તેનો સાધુવેશ નિર્ગુણ તુલ્ય છે, તે પ્રકારના જ્ઞાનનું, ગુણના સંકલ્પનું પ્રતિબંધકપણું છે=સુસાધુનું સ્મરણ કરાવનાર આ લિંગ છે માટે તેમાં પૂજ્ય બુદ્ધિનો સંકલ્પ હું કરું, એ પ્રકારના ગુણસંકલ્પનું પ્રતિબંધકપણું નિર્ગુણ તુલ્યતા જ્ઞાનનું છે. ॥૧૮૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં અત્યારસુધી સ્થાપન કર્યું કે પ્રતિમાની જેમ પાસત્થાદિ સ્થાપના નિક્ષેપાથી વંદ્ય નથી; કેમ કે કંઈક ગુણ સાદૃશ્ય હોય ત્યાં જ સ્થાપના થાય છે, દોષયુક્તમાં સ્થાપના થઈ શકે નહિ. આમ છતાં, અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે પાસત્થાનું લિંગ સ્વયં વંદ્ય નથી; કેમ કે કૂટલિંગ છે તોપણ પાસત્થાના લિંગને જોઈને કોઈને જૈન સાધુઓનું સ્મરણ થયું હોય તે સાધુઓ વંદ્ય છે. તેથી તે સાધુઓનું સ્મરણ કરાવનાર પાસત્થાનું લિંગ હોવાને કારણે અમે તેને નમસ્કાર કરીએ છીએ. તેને ગ્રંથકારશ્રી કહે છે. પાસત્થાનું લિંગ કોઈકને સુસાધુનું સ્મરણ કરાવે તોપણ પાસત્થાનું લિંગ કૂટલિંગ હોવાને કારણે સ્મૃતિમર્યાદાથી પણ પાસત્થાના લિંગમાં સુસાધુની સ્થાપનાની અપ્રવૃત્તિ છે. તેથી પાસત્થાના લિંગથી શુભ સંકલ્પ થાય છે, એ કથન નિરાકૃત છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે પાસત્થાના લિંગને જોઈને સુસાધુનું સ્મરણ થયું છે તેથી તે સુસાધુમાં થયેલો

પૂજ્યભાવ જ પાસત્થાના લિંગને નમસ્કાર કરવા પ્રેરણા કરે છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિરાકરણ અર્થે કહે છે. પાસત્થાનું લિંગ સુસાધુનું સ્મારક છે. તેમાં આરંભ-સમારંભ કરનારા પાસત્થા સદશ તે લિંગ પણ પાપનું અધિકરણ છે તેવું જ્ઞાન થવાને કારણે પાસત્થાનો વેશ નિર્ગુણ તુલ્ય છે અર્થાત્ પાસત્થા નિર્ગુણ છે અને પાસત્થાનો વેશ પણ નિર્ગુણ છે. તેથી તે લિંગના બળથી જે સ્મરણ કરાતા સુસાધુઓ છે, તેઓનો સંકલ્પ કરીને લિંગને નમસ્કાર થઈ શકે નહિ; કેમ કે પાસત્થાનો વેશ પાપનું અધિકરણ હોવાથી તેમાં નિર્ગુણ તુલ્યતાનું જ્ઞાન થાય છે. જેના કારણે સુસાધુના ગુણનો સંકલ્પ તે લિંગમાં થઈ શકતો નથી. **॥૧૮૩॥**

**અવતરણિકા :-**

**ननु कूटलिङ्गेऽपि येन न दोषः प्रतिसंहितस्तं प्रत्यध्यात्मशोधकत्वात् तत् सर्वेषां स्वरूपेण वन्दनीयमस्त्वित्यत आह –**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી પૂર્વપક્ષી કહે છે. કૂટલિંગમાં પણ જેના વડે દોષ પ્રતિસંધાન કરાયેલ નથી, તેના પ્રત્યે અધ્યાત્મનું શોધકપણું હોવાથી=તે જીવને કૂટલિંગવાળાને જોઈને સુસાધુની બુદ્ધિ દ્વારા ભક્તિનો પરિણામ થતો હોવાથી તે=કૂટલિંગ, સ્વરૂપથી સર્વને વંદનીય થાવ એથી કહે છે –**

**ભાવાર્થ :-**

આદ્ય ભૂમિકાના મુગ્ધ જીવો કૂટલિંગને જોઈને આ દોષવાળા છે કે નહિ, તેનો વિચાર કરી શકતા નથી. પરંતુ આ ત્યાગી છે, તેવી જ બુદ્ધિ કરે છે. તેથી તેઓને કૂટલિંગવાળામાં આચારો લિંગને અનુરૂપ છે કે નહિ તેવું પ્રતિસંધાન થતું નથી પરંતુ આ જૈન સાધુ છે, તેવું જ પ્રતિસંધાન થાય છે. તેથી જૈન સાધુ માનીને તેમને નમસ્કાર કરે ત્યારે તેઓને ભક્તિ થાય છે જે ચિત્તનું શોધન કરે છે. તેથી તેઓ જૈન સાધુને નમસ્કાર કરીને પુણ્યબંધ અને સ્વભૂમિકાનુસાર નિર્જરા પ્રાપ્ત કરે છે. તેમની જેમ તેવું કૂટલિંગ સ્વરૂપથી બધાને વંદનીય થાઓ, એ પ્રકારે પૂર્વપક્ષી કહે છે. આથી તેનું નિરાકરણ કરવાર્થે કહે છે.

**ગાથા :-**

**मुद्धस्स जइ वि कासइ, लिंगाउ सई हविज्ज सुमुणीणं ।**
**तह वि इमं ण पमाणं, विसेसदंसीण जं भणियं ।।१८४।।**

**અન્વયાર્થ :-**

**जइ वि=જોકે, मुद्धस्स कासइ=કોઈક મુગ્ધને, लिंगाउ=લિંગથી, सुमुणीणं=સુમુનિઓની, सई हविज्ज=સ્મૃતિ થાય, तह वि=તોપણ, विसेसदंसीण=વિશેષદર્શીઓને, इमं ण पमाणं=આ=પાસત્થાનું કૂટલિંગ, પ્રમાણ નથી, जं भणियं=જે કારણથી કહેવાયું છે. ॥૧૮૪॥**

**ગાથાર્થ :-**

**જોકે કોઈક મુગ્ધને લિંગથી સુમુનિઓની સ્મૃતિ થાય તોપણ વિશેષદર્શીઓને આ=પાસત્થાનું કૂટલિંગ, પ્રમાણ નથી. જે કારણથી કહેવાયું છે. ॥૧૮૪॥**

**ટીકા :-**

**'मुद्धस्स'त्ति । 'मुग्धस्य' विशेषादर्शिनो धर्माभिमुखस्य कस्यचित् 'लिङ्गात्' द्रव्यलिङ्गदर्शनात् स्मृतिः सुमुनीनां भवेद् एतादृशलिङ्गधारिणो जैनाः साधवः संसारतारका इति, तथाऽप्येतल्लिङ्गं विशेषदर्शिनां न प्रमाणम् । यद् भणितमावश्यके ।।१८४।।**

**ટીકાર્થ :-**

**'मुग्धस्य' ..... भणितमावश्यके ।। મુગ્ધને=વિશેષને નહિ જોનાર ધર્માભિમુખ એવા કોઈકને, લિંગથી=દ્રવ્યલિંગના દર્શનથી, સુમુનિઓની સ્મૃતિ થાય. કેવા પ્રકારની સ્મૃતિ થાય ? તે સ્પષ્ટ કરે છે. આવા પ્રકારના વેશને ધારણ કરનારા જૈન સાધુઓ સંસારથી તારનારા છે એ પ્રકારે સ્મૃતિ થાય તોપણ વિશેષ જોનારાઓને આ લિંગ પ્રમાણ નથી=કેવા ઉત્તમ આચાર પાળનારા સાધુઓ સંસારથી તારનારા છે તેને જોનારા વિવેકી શ્રાવકોને પાસત્થાનું કૂટલિંગ વંદનીય છે, એ પ્રકારે અભિમત નથી. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. ॥૧૮૪॥**

**ભાવાર્થ :-**

કેટલાક મુગ્ધ જીવો ધર્મને અભિમુખ થયેલા હોય છે. તેથી કોઈ પણ દર્શનના ત્યાગીને જોઈને આ ત્યાગી છે, તેમ માનીને તેઓને નમસ્કાર કરે છે, ત્યારે ત્યાગ પ્રત્યે બહુમાન થાય છે. જેનાથી આદ્ય ભૂમિકાનું પુણ્ય અને આદ્ય ભૂમિકાની નિર્જરા થાય છે. જે કલ્યાણની પ્રારંભની ભૂમિકા છે. વળી, તે મુગ્ધમાં પણ કેટલાક જીવો જૈન સાધુઓ સંસારથી તારનારા છે માટે જૈન સાધુ પ્રત્યે પૂજ્ય બુદ્ધિવાળા થાય છે. આમ છતાં જૈન સાધુઓના સુંદર આચારોના બળથી તેઓ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે, તેનો પરમાર્થ જાણી શકે તેવો બોધ થયો નથી. તેથી કેવા પ્રકારના આલયાદિની આચરણાના બળથી ત્રણ ગુપ્તિઓ પ્રગટે છે અથવા ત્રણ ગુપ્તિવાળા મુનિઓ કેવા પ્રકારની આલયાદિની આચરણા કરે, તે પ્રકારની નિર્મળ મતિ જે પ્રકારે સમ્યગ્દૃષ્ટિ જીવને થયેલ છે, તેવી નિર્મળ મતિ જેઓએ પ્રાપ્ત કરી નથી, તેવા મુગ્ધ જીવોને પાસત્થાનું દ્રવ્યલિંગ જોઈને ઓઘથી સ્મરણ થાય છે કે આવા લિંગને ધારણ કરનારા જૈન સાધુઓ સંસારથી તારનારા છે. તેથી આ મહાત્માઓ સંસારથી તારનારા છે માટે નમસ્કરણીય છે. તેવી ઉત્તમ ચિત્તની પરિણતિ તેઓને થાય છે. જેનાથી તે મુગ્ધ જીવોને પણ શુભ અધ્યવસાય થાય છે અને કૂટલિંગવાળાને પણ નમસ્કાર કરીને તે મુગ્ધ જીવો સંસારને તરવાની ઇચ્છાને અભિમુખ આશયવાળા થાય છે. તેથી વિશિષ્ટ પુણ્યબંધ અને કંઈક સકામ નિર્જરા પ્રાપ્ત કરે છે. જ્યારે સમિતિ-ગુપ્તિના પરમાર્થને જાણનારા નિર્મળ મતિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો જેમ સાધુવેશને જોનારા છે, તેમ સાધુની આલય-વિહારાદિની ઉચિત

પ્રવૃત્તિઓને જાણનારા છે. તેથી સાધુ વેશધારી જે મહાત્માઓ તેવી ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તેમને જોઈને તે મહાત્મામાં વર્તતી મોક્ષને અનુકૂળ નિર્ગ્રંથભાવ છે તેના પ્રત્યે પ્રસ્થિત એવી ત્રણ ગુપ્તિ છે તેનું પણ સ્મરણ થાય છે અને તેવી ગુપ્તિવાળા આ મહાત્મા છે તેવું આલય-વિહારાદિ દ્વારા જાણીને નિર્ગ્રંથભાવ પ્રત્યે પોતાની ભક્તિના અતિશયને કારણે તેઓને નમસ્કારાદિ કરે છે, ત્યારે બુદ્ધિમાં ઉપસ્થિત થયેલ નિર્ગ્રંથભાવ પ્રત્યેનો જે બહુમાનનો અતિશય છે, તેને અનુરૂપ લોકોત્તર પુણ્ય તેઓ બાંધે છે અને તેવા નિર્ગ્રંથભાવની પ્રાપ્તિમાં બાધક એવાં ક્લિષ્ટ કર્મોની વિપુલ પ્રમાણમાં નિર્જરા કરે છે અને તેવા વિવેકી જીવોને દુરંત સંસારનું કારણ એવું પાસત્થાનું કૂટલિંગ દેખાય છે. તેથી તેઓને જોઈને વિવેકી શ્રાવકો તેઓ પ્રત્યે દયાની પરિણતિવાળા થાય છે પરંતુ ભક્તિવાળા થતા નથી. તેથી તેઓને કૂટલિંગ નમસ્કરણીય છે તેવી બુદ્ધિ થતી નથી. જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. જે સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવે છે. **॥૧૮૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે તેથી હવે તે આવશ્યકસૂત્રનું વચન બતાવે છે. જેથી ભગવાનના વચનથી પણ પૂર્વની ગાથામાં કહેલું વચન પ્રમાણભૂત છે તેનો નિર્ણય થાય –**

**ગાથા :-**

**जह वेलंबगलिंगं, जाणंतस्स णमओ धुवं दोसो ।**
**णिद्धंधस त्ति णाऊण वंदमाणे धुवं दोसो ।।१८५।।**

**અન્વયાર્થ :-**

**जह वेलंबगलिंगं जाणंतस्स णमओ धुवं दोसो=જે પ્રમાણે વિડંબકના લિંગને જાણતા નમસ્કાર કરનારને ધ્રુવ દોષ છે, णिद्धंधस त्ति णाऊण=નિદ્ધંસ એ પ્રમાણે જાણીને, वंदमाणे धुवं दोसो=વંદન કરનારને ધ્રુવ દોષ છે. ॥૧૮૫॥**

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે વિડંબકના લિંગને જાણતા નમસ્કાર કરનારને ધ્રુવ દોષ છે, નિદ્ધંસ એ પ્રમાણે જાણીને વંદન કરનારને ધ્રુવ દોષ છે. ॥૧૮૫॥**

**ટીકા :-**

**'जह'त्ति । यथा 'विडम्बकलिङ्गं' भण्डादिकृतं 'जानतः' अवबुध्यमानस्य 'नमतः' नमस्कुर्वतः सतोऽस्य भवति 'दोषः' प्रवचनहीलनादिलक्षणः । 'निद्धन्धसं' प्रवचनोपघातनिरपेक्षं पार्श्वस्थादिकं 'इय' एवं 'ज्ञात्वा' अवगम्य 'वंदमाणे धुवं दोसो'त्ति 'वन्दति' नमस्कुर्वति नमस्कर्त्तरि 'ध्रुवः'**

**अवश्यंभावी 'दोषः' आज्ञाविराधनादिलक्षणः । पाठान्तरं वा—"निद्धंधसं पि नाऊण वन्दमाणस्स दोसो उ" इदं प्रकटार्थमेवेति गाथार्थः ।।१८५।।**

**ટીકાર્થ :-**

**यथा ..... गाथार्थः ।। જે પ્રમાણે વિડંબકનું લિંગ=ભાંડ આદિ વડે સ્વીકારાયેલું લિંગ, જાણતા અને નમસ્કાર કરતા=ભાંડ આદિનું આ લિંગ છે એમ જાણતા અને નમસ્કાર કરતા છતા, આને=પુરુષને, પ્રવચન હીલનાદિ લક્ષણ દોષ થાય છે અર્થાત્ કોઈક જોનાર શિષ્ટ પુરુષને તેવા ભાંડ આદિને નમસ્કાર કરતા જોઈને થાય કે આ શ્રાવકોનો ધર્મ વિવેકવાળો નથી, એ રૂપ પ્રવચનની હીલના થાય. આ રીતે નિદ્ધંસ એવા=પ્રવચનના ઉપઘાત પ્રત્યે નિરપેક્ષ એવા, પાર્શ્વસ્થાદિને જાણીને વંદન કરાયે છતે ધ્રુવ દોષ છે=નમસ્કાર કરનાર પુરુષમાં અવશ્યંભાવી આજ્ઞા વિરાધનાદિ રૂપ દોષ છે. ગાથામાં ઉત્તરાર્ધ પાઠાંતરરૂપ છે. તે બતાવતાં કહે છે અથવા પાઠાંતર છે — નિદ્ધંસ પણ જાણીને વંદન કરનારને દોષ જ છે. આ=પાઠાંતર, પ્રગટ અર્થવાળો જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૧૮૫।।**

**ભાવાર્થ :-**

કોઈ ભાંડ જૈન સાધુનો વેશ ગ્રહણ કરીને સાધુનો ભાગ ભજવતો હોય પણ પરમાર્થથી સાધુના ગુણો પ્રત્યે તેને કંઈ બહુમાન નથી. નાટકની મર્યાદાથી સાધુનો ભાગ ભજવે છે, તેમ જાણવા છતાં કોઈ શ્રાવક તેને સાધુવેશમાં જોઈને નમસ્કાર કરે તો શ્રાવકની નમસ્કારની પ્રવૃત્તિથી કોઈક વિચારકને થાય કે આ ભગવાનનું પ્રવચન વિવેકવાળું નથી. જેથી માત્ર વેશને જોઈને પણ તે શ્રાવકો ભાંડને નમસ્કાર કરે છે. તેથી તે શ્રાવકોને પ્રવચનની હીલનાના દોષની પ્રાપ્તિ થાય છે. ક્વચિત્ કોઈ શિષ્ટ પુરુષ તે શ્રાવકની પ્રવૃત્તિને જોનાર ન હોય તો સાક્ષાત્ કૃત્યથી પ્રવચનની હિલના થાય નહીં તોપણ તે નમસ્કારનું કૃત્ય પ્રવચનની હીલનાનું કારણ હોવા છતાં તેના પરિહાર માટે જે શ્રાવકો યત્ન કરતા નથી અને વેશ વિડંબકને જાણવા છતાં નમસ્કાર કરે છે, તેઓની નમસ્કારની ક્રિયા પ્રવચનની હીલનાના પરિહાર પ્રત્યે ઉપેક્ષાવાળી હોવાથી તે શ્રાવકોને દુર્લભબોધિપણાની પ્રાપ્તિ થાય છે. એ રીતે કોઈ શ્રાવકો પ્રવચનના ઉપઘાત પ્રત્યે નિરપેક્ષ થઈ "આ પાસત્થાદિ છે" તેમ જાણવા છતાં તેઓને નમસ્કાર કરે તો અવશ્ય આજ્ઞા વિરાધનાદિ દોષોની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ જે પાસત્થાદિ સાધુઓ યથાતથા પ્રવૃત્તિઓ કરે છે, તેઓને જોઈને શિષ્ટ પુરુષોને લાગે કે આ ભગવાનનું શાસન આવી અનુચિત પ્રવૃત્તિઓને ધર્મ કહે છે. તેથી તેઓની પ્રવૃત્તિથી પ્રવચનનો ઉપઘાત થાય છે અથવા પાસત્થાની વિપરીત પ્રવૃત્તિમાં આ મોક્ષમાર્ગ છે, તેવો મુગ્ધ જીવોને બોધ થાય છે, તે પણ પ્રવચનનો ઉપઘાત છે અને તે ઉપઘાત પ્રત્યે પાસત્થાદિ નિરપેક્ષ છે આમ જાણવા છતાં મૂઢતાથી જે શ્રાવકો તેઓને નમસ્કાર કરે છે, તેઓને ભગવાનની આજ્ઞાની વિરાધનાદિ દોષોની પ્રાપ્તિ થાય છે; કેમ કે પાસત્થાદિને નમસ્કાર કરીને તેઓ પ્રવચનનો ઉપઘાત કરનારની પ્રવૃત્તિની અનુમોદના કરે છે. જેનાથી પાપબંધની પ્રાપ્તિ અને સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે માટે મુગ્ધ જીવોને છોડીને તત્ત્વને જાણનારા વિવેકી શ્રાવકો પાસત્થાદિને નમસ્કાર કરે નહિ. **॥૧૮૫॥**

**અવતરણિકા :-**

**तथा च कस्यचिद् गुणहेतुत्वेऽपि कूटलिङ्गं वन्दनप्रवृत्तौ सामान्यत एव निषिद्धम्, चित्रार्पित-कामिनीव सतत्त्वभाविनः कस्यचिद् गुणनिमित्तमपि दर्शनप्रवृत्तौ प्रायो दोषहेतुत्वादिति सिद्धम् । ननु यद्येवं पार्श्वस्थादीनां वन्दनप्रवृत्तौ दोष उक्तस्तदापवादेन तद्वन्दनमप्ययुक्तं स्याद्दोषानपायादित्याशङ्कां निराकर्तुमाह —**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે=પૂર્વમાં ગાથા-૧૮૪,૧૮૫માં કહ્યું તે રીતે ગુણહેતુપણું હોવા છતાં પણ=કૂટલિંગને વંદન કરનાર કોઈક મુગ્ધ જીવને નમસ્કાર દ્વારા પુણ્યબંધ અને નિર્જરારૂપ ગુણનું હેતુપણું હોવા છતાં પણ, કૂટલિંગ=પાસત્થાનું લિંગ, વંદનની પ્રવૃત્તિમાં સામાન્યથી જ નિષિદ્ધ છે અર્થાત્ મુગ્ધ અને વિવેકી શ્રાવક ઈત્યાદિનો ભેદ કર્યા વગર સામાન્યથી જ નિષેધ છે; કેમ કે ચિત્ર અર્પિત કામિનીની જેમ સતત્ત્વભાવિત કોઈક જીવને ગુણનું નિમિત્ત પણ દર્શન પ્રવૃત્તિમાં પ્રાયઃ દોષનું હેતુપણું છે એ પ્રમાણે સિદ્ધ છે અર્થાત્ ચિત્રમાં કોઈક સુંદર સ્ત્રીનું ચિત્ર હોય અને તેને જોઈને તત્ત્વથી ભાવિત મતિવાળા કોઈક જીવને વૈરાગ્ય થાય તોપણ પ્રાયઃ સ્ત્રીના લાવણ્યાદિને જોઈને જીવોને વિકાર જ થાય છે તેમ પાસત્થાદિની અનુચિત આચરણાને જોઈને તેવી આચરણામાં જેઓને ધર્મબુદ્ધિ થાય છે તેઓને પાપબંધ જ થાય છે એ પ્રમાણે સિદ્ધ છે. જો આ રીતે=પૂર્વમાં કહ્યું કે કૂટલિંગને વંદન કરવામાં પાપબંધ થાય છે એ રીતે, પાસત્થાદિની વંદન પ્રવૃત્તિમાં દોષ કહેવાયો તો અપવાદથી તેમને વંદન પણ અયુક્ત થાય; કેમ કે દોષનો અનપાય છે=કૂટલિંગના વંદનજન્ય પાપબંધની પ્રાપ્તિ છે, એ પ્રકારની આશંકાનું નિરાકરણ કરવાર્થે કહે છે —**

**ભાવાર્થ :-**

પાસત્થાને જોઈને ધર્મ અભિમુખ થયેલા અને કેવી આચરણા ધર્મ છે અને કેવી આચરણા ધર્મ નથી, એ જોવામાં અસમર્થ એવા જીવોને એટલી જ ઉપસ્થિતિ થાય છે કે આવો વેશ ધારણ કરનારા જૈન સાધુઓ સંસારથી તારનારા છે. પરંતુ તેઓની આ આચરણા સંસારથી તારનારી છે કે નહિ એ પ્રકારનો જેઓને બોધ નથી, તેવા જીવોને લિંગના બળથી સંસારતારકતાની બુદ્ધિ થવાને કારણે જે ભક્તિ છે, તેથી કૂટલિંગને નમસ્કાર કરે છે તોપણ સંસારતારકતાની બુદ્ધિથી કરાયેલો નમસ્કાર હોવાને કારણે નિર્જરા થાય છે અને પુણ્યબંધ થાય છે. તેથી તેવા જીવોને કૂટલિંગ પણ પુણ્યબંધનું કારણ હોવા છતાં સામાન્યથી જેઓની પ્રવૃત્તિ માર્ગ વિરુદ્ધ છે, તેવા કૂટલિંગવાળાને વંદનનો નિષેધ છે. જેમ ચિત્રમાં ચિત્રાયેલી સુંદર સ્ત્રી સામાન્યથી જ વિકારનું કારણ હોવાથી જોવાનો નિષેધ છે; તેમ પાસત્થાની અનુચિત પ્રવૃત્તિમાં આ પ્રવૃત્તિ ધર્મરૂપ છે તેવી બુદ્ધિ થાય તો અધર્મમાં ધર્મબુદ્ધિ થવાથી વંદન કરનારને પાપની જ પ્રાપ્તિ થાય છે. વળી, કેટલાક મુગ્ધ શ્રાવકો કોઈ વિભાગ કર્યા વગર સાધુવેશધારીને નમસ્કાર કરે છે તેઓને પણ અવિવેકવાળી પ્રવૃત્તિઓ ધર્મનું કારણ છે, તેવો વિપર્યાસ થાય છે માટે સામાન્યથી જ કૂટલિંગને વંદનનો

નિષેધ કરાયો છે. જેમ તત્ત્વથી ભાવિત મતિવાળા કોઈક જીવને ચિત્રમાં ચિત્રાયેલી કોઈક સુંદર સ્ત્રીને જોઈને પણ વૈરાગ્ય થાય છે તોપણ સામાન્યથી તે ચિત્રને જોનાર પુરુષોને વિકારનો હેતુ છે. તેમ પાસત્થાદિની તે અનુચિત પ્રવૃત્તિ જોઈને તેમાં ધર્મબુદ્ધિ થાય તો નમસ્કાર કરનારને અધર્મમાં ધર્મબુદ્ધિ થાય છે અને પાપની અનુમોદનાનો પરિણામ થાય છે માટે માત્ર વેશને જોઈને આદ્ય ભૂમિકાના જીવોને છોડીને કંઈક ઉચિત-અનુચિત આચારનો વિચાર કરી શકે તેવા જીવોને આશ્રયીને કૂટલિંગ વંદનની પ્રવૃત્તિ સામાન્યથી જ નિષિદ્ધ છે.

ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે પાસત્થાદિના લિંગને સામાન્યથી વંદન કરવામાં દોષની પ્રાપ્તિ છે તો પૂર્વમાં અપવાદથી તેમને વંદન કરવાનું કહ્યું, તે સર્વ અસંગત થશે; કેમ કે અપવાદથી વંદન કરનારને પણ સ્પષ્ટ બોધ છે કે પાસત્થાદિની અનુચિત પ્રવૃત્તિ ધર્મરૂપ નથી અને તેના રજોહરણાદિ લિંગ ધર્મના ઉપકરણ નથી. પરંતુ પાપના અધિકરણ છે. છતાં અપવાદથી તેને વંદન કરે તોપણ તેની અનુમોદનાના દોષની પ્રાપ્તિ થશે, એ પ્રકારની આશંકાનું નિવારણ કરવા અર્થે કહે છે.

**ગાથા :-**

**अववाएण य दोसो, ण णिग्गुणाणं पि वंदणे होइ ।**
**गुरुलाघवचिंताए, एवं दाणाइसु वि णेयं ।।१८६।।**

**અન્વયાર્થ :-**

**अववाएण=અપવાદથી, णिग्गुणाणं पि वंदणे=નિર્ગુણ એવા પાસત્થાદિને પણ, વંદનમાં, गुरुलाघवचिंताए= ગુરુલાઘવની ચિંતા હોતે છતે, य दोसो ण होइ=દોષ નથી, एवं दाणाइसु वि णेयं=એ રીતે દાનાદિમાં પણ જાણવું. ।।૧૮૬।।**

**ગાથાર્થ :-**

**અપવાદથી નિર્ગુણ એવા પાસત્થાદિને પણ વંદનમાં ગુરુલાઘવની ચિંતા હોતે છતે દોષ નથી. એ રીતે દાનાદિમાં પણ જાણવું. ।।૧૮૬।।**

**ટીકા :-**

**'अववाएण य'त्ति । अपवादेन च निर्गुणानां वन्दनेऽपि गुरुलाघवचिन्तायां न दोषः, तस्या एव दोषप्रतिबन्धकत्वात् । एवं दानादिष्वपि ज्ञेयम्, तथाहि—पार्श्वस्थादीनामाहारदानादानयोरशिवादि-कारणे पुष्टालम्बनप्रवृत्त्या न दोषः, तदुक्तम्—**

"असिवे ओमोयरिए, रायदुट्ठे भए व गेलन्ने ।
अद्धाणरोहए वा दिज्जा अहवा पडिच्छिज्जा ।।१।।"

**एवं तेषां वस्त्रादिदानादानयोरपि पुष्टालम्बने न दोषः, तदुक्तम्—"इमो अववाओ, गिही अन्नतित्थिओ**

वा सेहो पव्वइउकामो तस्स दिज्जइ जत्थ सुलभं वत्थं तत्थ वि विसए अंतरा वा असिवादि हुज्जा, एवमादिकारणेहिं तं विसयमगच्छंतो इह अलभंतो पासत्थाइवत्थं गिण्हिज्जा दिज्जा वा तेसिं, अद्धाणे वा वच्चंता मुसिआ अन्नतो अलभंता पासत्थाइवत्थं गिण्हिज्जा, हिमदेसे वा सीताभिभूआ पाडिहारिअं गिण्हिज्जा, गिलाणस्स वा अत्थुरणादि गिण्हिज्जा, एवमाइ ।" तथा कारणे वसत्यादि-दानेऽपि न दोषः, यतः कारणेऽसाम्भोगिका अपि पार्श्वस्थाः प्रवचने साम्भोगिका उच्यन्ते । साम्भोगिकानां च वसतिमध्ये विद्यमानं यो न ददाति तस्य चतुर्लघु, अग्न्यादिना वसत्युपद्रवात् श्वापदादिभयाद्वा शैक्षग्लानाद्यर्थं वाऽध्वप्रपन्ना वा य आगतास्तेषां विद्यमानस्थानादाने चतुर्गुरु प्रायश्चित्तम् । सम्भोगसाधर्मिकवात्सल्यप्रवचनव्युच्छित्तिश्चेति जीतवृत्तावुक्तम् । तथा कारणे पार्श्वस्थादि-वाचनादानादानयोरपि न दोषः, यतः पार्श्वस्थादिः संविग्नविहारमभ्युपगतोऽभ्युपगन्तुकामो वा वाच्यते । तथाऽन्यत्रालाभे सिद्धान्ताव्युच्छित्त्यर्थं पार्श्वस्थादिभ्योऽपि वाचना गृह्यत इत्यादि ।।१८६।।

**ટીકાર્થ :-**

अपवादेन ..... इत्यादि ।। **અને નિર્ગુણોને અપવાદથી વંદનમાં પણ ગુરુલાઘવની ચિંતા હોતે છતે દોષ નથી; કેમ કે તેનું જ=ગુરુલાઘવની ચિંતાનું જ, દોષનું પ્રતિબંધકપણું છે. એ રીતે દાનાદિમાં પણ જાણવું=જે રીતે અપવાદથી નિર્ગુણના વંદનમાં પણ દોષ નથી, એ રીતે નિર્ગુણ એવા પાસત્થાદિને દાન આપવામાં અને તેમના લાવેલા આહારાદિના ગ્રહણમાં પણ દોષ નથી. તે આ પ્રમાણે=અપવાદથી દાનાદિમાં દોષ નથી તે આ પ્રમાણે –**

**પાસત્થાદિને આહારદાન આદાનમાં=આહારના દાનમાં અને ગ્રહણમાં, અશિવાદિ કારણ હોતે છતે પુષ્ટ આલંબનથી પ્રવૃત્તિ હોવાને કારણે દોષ નથી.** "અશિવમાં, દુષ્કાળમાં, રાજા દુષ્ટ હોતે છતે, ભયમાં, ગ્લાનમાં, અધ્વના આરોહણમાં આપે=પાસત્થાદિને આહાર આપે અથવા ગ્રહણ કરે=પાસત્થાદિએ લાવેલા આહારાદિને ગ્રહણ કરે." **એ રીતે તેઓને=પાસત્થાદિને, વસ્ત્રાદિ દાનમાં અને ગ્રહણમાં પણ પુષ્ટાલંબન હોતે છતે દોષ નથી તે કહેવાયું છે.**

"આ અપવાદ છે. ગૃહસ્થ કે અન્યતીર્થિક શૈક્ષ પ્રવ્રજ્યા લેવાની ઇચ્છાવાળા છે. તેમને=પ્રવ્રજ્યા લેવાની ઇચ્છાવાળા ગૃહસ્થને કે અન્યતીર્થિક શૈક્ષને, આપે. જ્યાં સુલભ વસ્ત્ર છે. તે દેશમાં પણ અશિવાદિ હોય અથવા માર્ગમાં=સારા સ્થાનમાં જવાના માર્ગમાં, અશિવાદિ હોય. આ વગેરે કારણોથી તે વિષયમાં નહિ જતાં=જે નગરાદિમાં ઉપદ્રવ હોય તે નગરમાં નહિ જતાં અને અહીં=જ્યાં વસેલા છે ત્યાં, નહિ પ્રાપ્ત કરતાં પાસત્થાદિના વસ્ત્રને ગ્રહણ કરે અથવા તેઓને આપે અથવા માર્ગમાં જતા સાધુઓ લૂંટાયા. અન્યથી=ગૃહસ્થો પાસેથી વસ્ત્રાદિને નહિ પ્રાપ્ત કરતાં પાસત્થાદિના વસ્ત્રને ગ્રહણ કરે અથવા ઠંડા પ્રદેશમાં શીતથી અભિભૂત થયેલા સાધુઓ પ્રાતિહારિકને ગ્રહણ કરે=પાછા આપવાની શરતથી પાસત્થાદિના વસ્ત્રને ગ્રહણ કરે અથવા ગ્લાનના પાથરવા આદિ વસ્ત્રને ગ્રહણ કરે=પાસત્થાદિના પાથરવા આદિ વસ્ત્રને ગ્રહણ કરે. આ વગેરે અપવાદો છે."

**અને કારણમાં=તે પ્રકારના અપવાદિક કારણમાં, વસ્તી આદિ દાનમાં પણ દોષ નથી=પાસત્થાદિને**

**વસ્તી આદિ આપવામાં પણ દોષ નથી. જે કારણથી અસાંભોગિક પણ પાસત્થા કારણ હોતે છતે=અપવાદ કારણ હોતે છતે, પ્રવચનમાં સાંભોગિક કહેવાયા છે અને વસ્તીની મધ્યમાં વિદ્યમાન વસ્તુ સાંભોગિકોને જે સાધુ ન આપે તેને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત છે. અગ્નિ આદિથી વસ્તીમાં ઉપદ્રવને કારણે અથવા પશુ આદિના ભયથી અથવા શૈક્ષ, ગ્લાનાદિ માટે અથવા માર્ગને પ્રાપ્ત થયેલા=વિહારમાં પ્રાપ્ત થયેલા અને આવેલા=સાધુઓ છે, ત્યાં આવેલા, તેઓને=સાધુઓને, વિદ્યમાન સ્થાનના અદાનમાં=કોઈક સાધુ પાસે યાચના કરીને ગ્રહણ કરેલા સ્થાનમાં અન્યને આપી શકે તેવું વિદ્યમાન સ્થાન હોય અને ન આપે તો, ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત છે. સંભોગ, સાધર્મિકવાત્સલ્ય અને પ્રવચનની અવ્યુચ્છિત્તિ એ પ્રકારે જિતવૃત્તિમાં કહેવાયું છે. (અહીં પ્રવચનની વ્યુચ્છિત્તિ શબ્દ છે, તેના સ્થાને પ્રવચનાવ્યુચ્છિત્તિ=પ્રવચનની અવ્યુચ્છિત્તિ, એ પ્રકારે પાઠ હોવાની સંભાવના છે.) અને કારણ હોતે છતે=અપવાદનું સ્થાન બને એવું કારણ હોતે છતે, પાસત્થાદિને વાચનાના દાનમાં અને વાચનાના આદાનમાં પણ દોષ નથી. જે કારણથી પાસત્થાદિ સંવિગ્ન વિહારને સ્વીકાર્યો હોય અથવા સ્વીકારવાની ઈચ્છાવાળા હોય તો વાચના અપાય છે અને અન્યત્રના અલાભમાં=પાસત્થાદિ સિવાય અન્ય સુસાધુઓમાં તે વિશિષ્ટ શ્રુતનો અલાભ હોતે છતે સિદ્ધાંતની અવ્યુચ્છિત્તિ માટે=તે શ્રુતના રક્ષણ માટે, પાસત્થાદિની પણ વાચના ગ્રહણ કરાય છે. ॥૧૮૬॥**

**ભાવાર્થ :-**

અનુચિત પ્રવૃત્તિ કષાયથી થાય છે અને ઉચિત પ્રવૃત્તિ વિવેકથી થાય છે અને ઉચિત પ્રવૃત્તિથી પુણ્યબંધ અને નિર્જરા થાય છે અને અનુચિત પ્રવૃત્તિથી પાપબંધ અને મોહની વૃદ્ધિ થાય છે અને તે ઉચિત પ્રવૃત્તિ તે તે ભૂમિકામાં ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે. જેમ ગૃહસ્થ અવસ્થામાં વિવેકસંપન્ન જીવ પોતાના ઉપકારક માતા-પિતા, કલાચાર્ય, રાજા કે જેના ત્યાં નોકરી આદિ કરતા હોય એવા સ્વામી, તે સર્વના ઉપકારનું સ્મરણ કરે અને તેઓની કોઈક ક્ષતિ આદિ દેખાય તોપણ નિંદા ન કરે અને તેઓના ઉપકારનું સ્મરણ કરીને ઉચિત પ્રવૃત્તિ કરે તે આદ્ય ભૂમિકામાં પુણ્યબંધ અને નિર્જરાનું કારણ બને છે અને જેઓને માર્ગાનુસારી દૃષ્ટિથી કે ઉપદેશથી ભવનું સ્વરૂપ નિર્ગુણ જણાય છે, ત્યારે ભવના ઉચ્છેદ અર્થે મારે શું પ્રવૃત્તિ કરવી જોઈએ ? તેના ગુરુલાઘવનું આલોચન કરીને શક્તિ હોય તો સર્વવિરતિ ગ્રહણ કરે, શક્તિ ન હોય તો દેશવિરતિ ગ્રહણ કરે અને અન્ય પણ શક્તિ અનુસાર ઉચિત વ્રતાદિ ગ્રહણ કરે તો હિતની પ્રાપ્તિ થાય છે. તેમ સંયમ ગ્રહણ કર્યા પછી પણ ગુરુલાઘવનો વિચાર કરીને સર્વ સાથે ઉચિત પ્રવૃત્તિઓ કરવી જોઈએ. જેથી કોઈની સાથે અનુચિત વર્તન કરીને દોષની પ્રાપ્તિ થાય નહિ. તેમ પાસત્થાદિ પ્રવચનના ઉપઘાતને કરનારી પ્રવૃત્તિ કરનારા છે, તેથી નિર્ગુણ છે માટે માત્ર વેશને જોઈને તેમને નમસ્કાર કરવાથી તેઓની અનુચિત પ્રવૃત્તિની અનુમોદના થાય છે. વળી, વિવેકસંપન્ન શ્રાવક કે વિવેકસંપન્ન સાધુઓ પણ તેમને નમસ્કાર કરે તો તે પાસત્થાદિના દોષોનું પોષણ થાય છે. જેનાથી તેઓનું અધિક અહિત થાય છે. જેના કારણે વંદન કરનારને દોષની પ્રાપ્તિ છે. પરંતુ કોઈક તેવા સંયોગમાં પાસત્થાદિને વંદન કરવાથી પાસત્થાને લાભ થવાનો સંભવ હોય કે અન્ય કોઈને લાભ થવાનો સંભવ હોય અને તેમને વંદન કરવાથી

દોષોની પુષ્ટિ થશે નહિ, પરંતુ તેઓનું પણ હિત થવાની સંભાવના હોય ત્યારે તે હિતને લક્ષ્યમાં રાખીને તેમને કરાયેલું વંદન દોષનું કારણ બનતું નથી; કેમ કે ગુરુલાઘવની ચિંતાથી એકાંતે સ્વ-પરના હિતને ઉદ્દેશીને કરાયેલી તે ક્રિયા દોષનું કારણ બનતી નથી. એ રીતે જ, પાસત્થાદિને કોઈ સાધુ પોતાનો આહાર આપે કે તેઓએ લાવેલો આહાર ગ્રહણ કરે ત્યારે પણ કોઈ વિશિષ્ટ લાભ જણાતો હોય તો દોષની પ્રાપ્તિ નથી. જેમ વીર ભગવાને બ્રાહ્મણને વસ્ત્રદાન કર્યું, ત્યારે તે વસ્ત્રનો ઉપયોગ તે બ્રાહ્મણે ગૃહકાર્યમાં કર્યો છતાં તે દાનથી તે બ્રાહ્મણને બીજાદિના ક્રમથી સંયમની પ્રાપ્તિ થશે માટે ભગવાને વસ્ત્રદાન કર્યું, ત્યારે તે વસ્ત્ર અધિકરણરૂપ થયું નહિ. પરંતુ સાધુનું વસ્ત્ર સંયમનું ઉપકારક હોવાથી ઉપકરણ છે, તેમ ભગવાનનું વસ્ત્ર બ્રાહ્મણને પરંપરાએ સંયમની પ્રાપ્તિનું કારણ હોવાથી ધર્મનું ઉપકરણ જ થયું.

વળી, ગોશાળો ઘણો અયોગ્ય હતો તોપણ ભગવાને તેનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો. તેજોલેશ્યા શિખવાડી. તે તેજોલેશ્યાથી ગોશાળાને ઘણો ઉન્માદ થયો તોપણ તેજોલેશ્યાથી બળેલી અંતિમ અવસ્થામાં ગોશાળાને સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થઈ. જેના બળથી તેનો અનંત સંસાર જે પૂર્વમાં હતો, તે ઘણો અલ્પ થયો અને અનંતકાળ પછી પણ વર્તમાનના પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વાદિના બળથી તે ગોશાળાનો જીવ ભવિષ્યમાં ચારિત્ર પામીને આત્માનું હિત સાધશે માટે ભગવાને આપેલ દીક્ષા કે તેજોલેશ્યા ગુરુલાઘવપૂર્વકની વિચારણાથી અપાયેલ હોવાથી ભગવાનને કર્મબંધનું કારણ થયું નહિ અને ગોશાળાને પણ પરમાર્થથી હિતનું જ કારણ થયું. તેમ પાસત્થાદિને વંદન કરતી વખતે માત્ર 'આ સાધુવેશમાં છે' તેવા આશયથી વંદન નહિ કરનાર પણ ગચ્છના સાધુઓને તે પાસત્થાથી ઉપકાર થવાનો હોય, વિષમ સ્થિતિમાં ગચ્છના સાધુઓનું તે પાસત્થાદિથી રક્ષણ થવાનું હોય કે વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ દ્વારા તે પાસત્થાને માર્ગમાં લાવી શકાય તેવું હોય ત્યારે પાસત્થાદિને સુસાધુ પણ વંદન કરે છે. તેમને પોતાનો લાવેલો આહાર પણ આપે છે અને તેઓએ લાવેલો આહાર પણ સુસાધુઓ ગ્રહણ કરે છે. ત્યાં પાસત્થાદિના દોષોની પુષ્ટિ થતી નથી, પરંતુ કંઈક દોષોની પુષ્ટિ થાય તેના કરતાં અધિક ગુણોની પ્રાપ્તિ છે. જેમ ભગવાને ગોશાળાને તેજોલેશ્યા આપી તેનાથી ગોશાળાના કંઈક દોષો પોષાયા તોપણ સમ્યક્ત્વાદિની પ્રાપ્તિરૂપ અધિક લાભ થયો. તેથી તે પ્રવૃત્તિમાં વિવેકીને દોષની પ્રાપ્તિ નથી. આથી જ ટીકામાં ઉદ્ધરણ આપેલ છે, તેમાં કહ્યું કે, 'કોઈક ગૃહસ્થ કે અન્ય તીર્થિક પ્રવ્રજ્યાની કામનાવાળો હોય, શિક્ષા લેવા માટે સુસાધુની પાસે રહેલો હોય ત્યારે અપવાદથી સાધુ પોતાનું વસ્ત્ર કે આહાર પણ તેને આપે.' જોકે તે અસંયમી છે તોપણ સુસાધુ પાસે ત્રણ ગુપ્તિના પરમાર્થને જાણીને જ્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરીને ત્રણ ગુપ્તિની વૃદ્ધિ થાય તે રીતે સંયમની સર્વ પ્રવૃત્તિઓ તે ગૃહસ્થ કરશે ત્યારે તેને જે લાભ થશે, તેનું પરંપરાએ સાધુએ આપેલું વસ્ત્ર કે આહાર પણ કારણ બનશે. તેથી, અપવાદથી ગૃહસ્થને અપાયેલું સાધુનું વસ્ત્ર પણ ગુરુલાઘવની ચિંતાથી યુક્ત હોવાને કારણે દોષનું કારણ નથી. તેમ ગુરુલાઘવની ચિંતાથી નિર્ગુણ એવા પાસત્થાદિને પણ વંદન કરવામાં, વસ્ત્ર આપવામાં, આહાર આપવામાં કે તેમનો લાવેલો આહાર ગ્રહણ કરવામાં દોષનું કારણ બનતું નથી.

વળી, અપવાદ કારણ વિદ્યમાન હોય ત્યારે જો સાધુ પાસત્થાદિને વસ્તી ન આપે, વસ્ત્ર ન આપે,

આહારાદિ ન આપે તો દોષની પ્રાપ્તિ છે અર્થાત્ સાધુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે; કેમ કે અપવાદનું કારણ હોય ત્યારે અસાંભોગિક પણ પાસત્થાદિ સાંભોગિક કહેવાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સુસાધુઓ પરસ્પર એકબીજાના સંયમની વૃદ્ધિનું કારણ બને તે રીતે જ પ્રાપ્ત થયેલા વસ્ત્ર-પાત્ર આદિનો ઉપયોગ કરે છે. તેથી તેઓ સાંભોગિક કહેવાય છે; કેમ કે ધર્મ અર્થે પ્રાપ્ત થયેલ વસ્તી, આહારાદિ સર્વ પરસ્પર એકબીજાનાં સંયમસ્થાનોની વૃદ્ધિનું કારણ બને તે રીતે ઉપભોગ કરે છે માટે પોતાના લાવેલ આહાર વગેરે જેમ પોતાના માટે ધર્મનું ઉપકરણ બને છે, તેમ સાંભોગિક સાધુઓ માટે પણ ધર્મનું ઉપકરણ બને છે અને પાસત્થાદિ શિથિલાચારી છે, તેથી તેઓ અસાંભોગિક છે માટે સુસાધુ તેઓનું લાવેલું કંઈ ગ્રહણ કરે નહિ; કેમ કે અયતનાથી તે ગ્રહણ કરાયેલું છે અને પોતાનું કંઈ પણ ગ્રહણ કરેલું તેઓને આપે નહિ; કેમ કે અસંયમનું કારણ બને છે. તેથી, પાસત્થાદિને સુસાધુ વસ્તી આદિ દાન આપે નહિ; કેમ કે અસાંભોગિક છે. આમ છતાં અપવાદનું કારણ હોય ત્યારે તેનાથી પાસત્થાને પણ ઉપકાર થવાની સંભાવના છે અને પાસત્થાના બળથી અન્ય સુસાધુઓનું પણ સુખપૂર્વક નિર્વાહ થાય તેમ છે. ત્યારે તે પાસત્થાદિ અસાંભોગિક હોવા છતાં શાસ્ત્રકારોએ તેમને સાંભોગિક સ્વીકાર્યા છે. તેથી તેઓને વસ્તીના કે આહારાદિના દાનમાં પણ કોઈક રીતે કોઈકના હિતની વૃદ્ધિ સંભવિત છે. છતાં, તે અપવાદ પ્રસંગે તેઓને અસાંભોગિક સ્વીકારીને વસ્તી આદિ દાન ન કરવામાં આવે તો દોષની પ્રાપ્તિ થાય. આથી જ કહ્યું છે કે સાંભોગિકોને વસ્તીમાં વિદ્યમાન જે આહાર-ઉપકરણાદિ ન આપે, તેને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે. તેથી સુસાધુ જેમ સંયમમાં ઉત્થિત સાંભોગિક સાધુઓને આહારાદિ ન આપે. જેનાથી તેઓનું સંયમ સ્થાન જે રીતે દૃઢ થવાની સંભાવના હતી, તે નહિ થવાથી દોષની પ્રાપ્તિને કારણે ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે, તેમ કારણે અસાંભોગિક પણ પાસત્થા સાંભોગિક હોવાને કારણે અપવાદના પ્રસંગ અનુસાર તેઓને વસ્તી આદિ કે વસ્ત્રાદિ ન આપે તો ચતુર્લઘુ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, સાંભોગિક સાધુઓને અગ્નિ આદિથી વસ્તીનો ઉપદ્રવ થયો હોય, ત્યારે અન્ય સુસાધુઓ તેમને પોતાની વસ્તી આપે અને ન આપે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે છે. તે રીતે પાસત્થા પણ કારણે જ્યારે સાંભોગિક થયા હોય ત્યારે સુસાધુ પોતાની પાસે વિદ્યમાન સ્થાન તેઓને ન આપે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. આ રીતે અન્ય પણ શ્વાપદાદિ ભયોમાં સુસાધુ માસકલ્પાદિમાં પોતે ગ્રહણ કરેલી વસ્તી અન્ય સાંભોગિકોને ન આપે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે; કેમ કે તેઓની સંયમની આરાધનામાં પોતે ઉપષ્ટંભક થઈ શકે તેમ હતા, છતાં અવિચારકતાને કારણે પોતાને પ્રાપ્ત થયેલી વસ્તીમાં સંકડાશ થશે, તેમ માનીને વસ્તી ન આપે તો કષાયજન્ય મલિન પરિણામ હોવાને કારણે ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

આ રીતે પાસત્થાદિ પણ કારણે સાંભોગિક થાય છે તેમ બતાવ્યું. તેથી, હવે સાંભોગિક એવા પાસત્થાદિને ઉચિત એવા આહારાદિનું દાન કરવાથી શું લાભ થાય છે ? તેને સ્પષ્ટ કરવાર્થે કહે છે. સંભોગ, સાધર્મિકવાત્સલ્ય અને પ્રવચનની અવ્યચ્છિત્તિ એ પ્રમાણે જિતવૃત્તિમાં કહ્યું છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાંભોગિક સાધુઓને વસ્તીમાં વિદ્યમાન વસ્તુ જેઓ આપે છે, તેઓને એકબીજાના સંયમની વૃદ્ધિમાં સહાયક થવા રૂપ સંભોગની પ્રાપ્તિ થાય છે. જેમ એક ઘરમાં રહેનારા પરસ્પર સાથે જીવન-

વ્યવસ્થા દ્વારા એકબીજાના ઉપષ્ટંભક બને છે, તેમ સુસાધુઓ સાથે સંભોગ કરવા દ્વારા એકબીજાના સંયમમાં ઉપષ્ટંભક બને છે.

વળી, આ રીતે સંભોગ કરવાથી સમાન ધાર્મિક પ્રત્યે વાત્સલ્યની પ્રાપ્તિ થાય છે; કેમ કે સુસાધુ સાથે વસનારા યોગ્ય જીવોને સંયમવૃદ્ધિમાં ઉપષ્ટંભક બનીને ભક્તિની અભિવ્યક્તિ કરે છે, એ સાધર્મિકવાત્સલ્ય છે અને પાસત્થા પણ કારણે સાંભોગિક કહેવાય છે. તેથી તે વખતે તેમને વસ્તી-દાન આદિથી માર્ગની પ્રાપ્તિ કે સંયમમાં વર્તતા પ્રમાદના પરિહારપૂર્વક સ્થિરીકરણ વગેરે ગુણો પ્રાપ્ત થાય છે અથવા પાસત્થાદિથી કોઈક સુસાધુના સંયમનું રક્ષણ કે વૃદ્ધિ થાય છે. તેથી, પાસત્થાને સાંભોગિક સ્વીકારવાને કારણે તેઓ પ્રત્યે સાધર્મિકવાત્સલ્યની પ્રાપ્તિ થાય છે.

વળી, અપવાદથી પાસત્થાદિને દાન આપવામાં પ્રવચનની અવ્યુચ્છિત્તિ થાય છે; કેમ કે પાસત્થાદિને તેના દોષની પુષ્ટિ થાય તદર્થે દાન અપાયું નથી, પરંતુ તે દાનથી કોઈકને ગુણની પ્રાપ્તિ થાય કે ગુણની વૃદ્ધિ થાય, તદર્થે દાન અપાયેલ છે. તે દાનથી જે જીવોમાં ગુણની વૃદ્ધિ થાય છે કે પાસત્થાદિમાં ગુણની વૃદ્ધિ થાય છે, તે ભગવાનના પ્રવચનની જ વૃદ્ધિ છે; કેમ કે ભગવાનનું પ્રવચન ગુણવાન એવા ચતુર્વિધ સંઘરૂપ જીવોમાં વર્તે છે અને તે પ્રવચન યોગ્ય જીવોમાં જેમ જેમ અધિક અધિક પરિણમન પામે, તેમ તેમ પ્રવચનનો અવિચ્છેદ થાય છે. એ પ્રમાણે જિતવૃત્તિમાં કહેવાયું છે અને અપવાદ કારણમાં પાસત્થાદિને વાચનાનું દાન કે તેમની પાસેથી વાચના પણ ગ્રહણ કરાય છે; કેમ કે કોઈક પાસત્થાદિ પૂર્વમાં પ્રમાદવાળા હોય, પરંતુ ત્યારે જ સુસાધુના સંપર્કને કારણે કે અન્ય કોઈ કારણે સંવેગવાળા થયા હોય. તેથી સંવિગ્ન સાધુની જેમ જ વિચરવા તત્પર થયા હોય તો તેમને વાચના અપાય છે અથવા સુસાધુ આદિના સંપર્કને કારણે કે અન્ય કોઈ કારણે સંસારના પરિભ્રમણનો ભય લાગ્યો છે. તેથી સંવેગ થયો છે, તેથી ઇચ્છે કે હું પણ સુસાધુની જેમ સંવેગપૂર્વક સર્વ ક્રિયા કરીને વિહરણ કરું. તેવા પાસત્થાદિને વાચના અપાય છે અને કોઈક પાસત્થા પાસે વિશિષ્ટ શ્રુત હોય અને તેવું શ્રુત ભણીને કોઈક મહાત્મા ભગવાનના શાસનની વૃદ્ધિ કરવા ઇચ્છતા હોય અને તે શ્રુત અન્ય કોઈ સુસાધુ પાસેથી પ્રાપ્ત થાય તેમ ન હોય ત્યારે તે સિદ્ધાંતના રક્ષણ અર્થે પાસત્થાદિ પાસેથી પણ તે સુસાધુ વાચના ગ્રહણ કરે છે. તેથી ગુરુલાઘવની આલોચના કરીને પાસત્થાદિ પાસેથી વાચના ગ્રહણ કરવામાં પણ દોષ નથી. વળી, વિચાર્યા વગર અન્ય સુસાધુ પાસેથી તે સિદ્ધાંત મળતો હોય છતાં પાસત્થાદિ પાસેથી ગ્રહણ કરે તો પાસત્થાદિના દોષને પોષણને કારણે પાપની પણ પ્રાપ્તિ થાય છે. **॥૧૮૬॥**

**ગાથા :-**

**इय उज्जएयरगयं, णाऊण विहिं सुआणुसारेणं ।**
**उज्जमइ भावसारं, जो सो आराहगो होइ ।।१८७।।**
**विहिणा इमेण जो खलु, कुगुरुच्चाएण सुगुरुसेवाए ।**
**ववहरइ विसेसण्णू, जसविजयसुहाइं सो लहइ ।।१८८।।**

।। इति महामहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजय-गणिशिष्यमुख्यपण्डितश्रीजीतविजयगणिसतीर्थ्यपण्डितश्रीनयविजयगणि-चरणकमलचञ्चरीकेण पण्डितश्रीपद्मविजयगणिसहोदरेण पण्डितयशोविजयेन विरचिते गुरुतत्त्वविनिश्चये तृतीय उल्लासः सम्पूर्णः ।।३।।

**અન્વયાર્થ :-**

इय उज्जएयरगयं विहिं=આ રીતે ઉદ્યત વિહારી અને ઈતર=શીતલ વિહારીગત, વિધિને, सुआणुसारेणं णाऊण=શ્રુતાનુસારથી જાણીને, जो=સાધુ કે શ્રાવક, उज्जमइ भावसारं=ભાવસાર ઉદ્યમ કરે છે, सो आराहगो होइ=તે આરાધક થાય છે. विहिणा इमेण=આ વિધિથી, जो खलु=જે સાધુ કે શ્રાવક ખરેખર, कुगुरुच्चाएण=કુગુરુના ત્યાગથી, सुगुरुसेवाए=સુગુરુની સેવામાં, ववहरइ=વ્યવહાર કરે છે=પ્રયત્ન કરે છે, विसेसण्णू सो=વિશેષજ્ઞ એવો તે, जसविजयसुहाइं लहइ=યશ અને વિજયનાં સુખોને પ્રાપ્ત કરે છે. ॥૧૮૭-૧૮૮॥

**ગાથાર્થ :-**

આ રીતે ઉદ્યત વિહારી અને ઈતર=શીતલ વિહારીગત, વિધિને શ્રુતાનુસારથી જાણીને જે સાધુ કે શ્રાવક ભાવસાર ઉદ્યમ કરે છે, તે આરાધક થાય છે. ॥૧૮૭॥

આ વિધિથી જે સાધુ કે શ્રાવક ખરેખર કુગુરુના ત્યાગથી સુગુરુની સેવામાં વ્યવહાર કરે છે=પ્રયત્ન કરે છે, વિશેષજ્ઞ એવો તે યશ અને વિજયનાં સુખોને પ્રાપ્ત કરે છે. ॥૧૮૮॥

**આ પ્રકારે મહામહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિના શિષ્ય મુખ્ય પંડિત શ્રી લાભવિજયગણિના શિષ્ય મુખ્ય પંડિત શ્રી જીતવિજયગણિના સતીર્થ્ય=ગુરુબંધુ એવા પંડિત શ્રી નયવિજયગણિના ચરણકમળમાં ભ્રમર તુલ્ય અર્થાત્ શિષ્ય તુલ્ય એવા પંડિત શ્રી પદ્મવિજયગણિના સહોદર એવા પંડિત યશોવિજય વડે વિરચિત ગુરુતત્ત્વવિનિશ્ચયમાં ત્રીજો ઉલ્લાસ સંપૂર્ણ થયો.**

**ટીકા :-**

'इय'त्ति । 'विहिण'त्ति गाथाद्वयं स्पष्टम् ।।१८७-१८८।।

।। इति महामहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजयगणिशिष्य-मुख्यपण्डितश्रीजीतविजयगणिसतीर्थ्यपण्डितश्रीनयविजयगणिचरणकमलचञ्चरीकेण पण्डित-श्रीपद्मविजयगणिसहोदरेण पण्डितयशोविजयेन विरचितायां स्वोपज्ञगुरुतत्त्वविनिश्चयवृत्तौ तृतीयोल्लासविवरणं सम्पूर्णम् ।।३।।

**ટીકાર્થ :-**

**इति ..... स्पष्टम् ।। પ્રસ્તુતની ગાથાદ્વય સ્પષ્ટ છે. ।।૧૮૭-૧૮૮।।**

**આ પ્રકારે મહામહોપાધ્યાય શ્રી કલ્યાણવિજયગણિના શિષ્ય મુખ્ય પંડિત શ્રી લાભવિજયગણિના શિષ્ય મુખ્ય પંડિત શ્રી જીતવિજયગણિના સતીર્થ્ય=ગુરુબંધુ એવા પંડિત શ્રી નયવિજયગણિના ચરણકમળમાં ભ્રમર તુલ્ય અર્થાત્ શિષ્ય તુલ્ય એવા પંડિત શ્રી પદ્મવિજયગણિના સહોદર એવા પંડિત યશોવિજય વડે વિરચિત સ્વોપજ્ઞગુરુતત્ત્વવિનિશ્ચય વૃત્તિમાં ત્રીજો ઉલ્લાસનું વિવરણ સમાપ્ત થયું. ।।૩।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ઉલ્લાસની પૂર્ણાહુતિમાં સારરૂપ ઉપદેશ આપતાં કહે છે. આ રીતે અત્યાર સુધી બતાવ્યું, એ પ્રમાણે ઉદ્યત વિહારી સાધુઓ કઈ રીતે શિષ્યને અનુશાસન, ઉપાલંભ અને અનુગ્રહ કરે છે અને કઈ રીતે રત્નત્રયીની વૃદ્ધિ અર્થે સુવિહિતો પણ ગણાંતરમાં ગમન કરે છે ઇત્યાદિ બતાવ્યું. તેના બળથી ઉદ્યત વિહારી સાધુઓના સ્વરૂપને જાણીને અને ત્યારપછી પાસત્થાદિનું વર્ણન કર્યું, તેના બળથી તેઓનું સ્વરૂપ જાણીને તે બંને પ્રકારના સાધુઓ સાથે ઉચિત વ્યવહાર કરવાની વિધિ શું છે ? તે શ્રુતાનુસાર અત્યારસુધી બતાવી તેને જાણીને જે સાધુ કે શ્રાવક સ્વમતિના વિકલ્પ વગર તે વિધિ અનુસાર જ ઉત્સર્ગથી કે અપવાદથી પ્રવૃત્તિ થાય તે પ્રકારે ભાવસાર ઉદ્યમ કરે છે. તે સાધુ કે શ્રાવક વિવેકપૂર્વકની ઉચિત પ્રવૃત્તિ કરીને આરાધક થાય છે. આ વિધિથી જે સાધુ કે શ્રાવક કુગુરુનો ત્યાગ કરે છે અને સુગુરુની ભક્તિ કરે છે અર્થાત્ સુગુરુના પારમાર્થિક સ્વરૂપનું સ્મરણ કરીને તેમના જેવી ઉત્તમ પ્રકૃતિ પોતાનામાં પ્રગટ થાય તે રીતે તેઓની ભક્તિ કરે છે. તેવા વિશેષને જાણનારા સાધુ કે શ્રાવક તે ભક્તિના પ્રભાવથી સુગતિઓની પરંપરાને પ્રાપ્ત કરશે. જ્યાં તેઓ “આ મહાત્મા છે, પુણ્યશાળી છે” તેવા પ્રકારના યશની પ્રાપ્તિ કરશે. તેથી સુગતિઓના ભવની અંદર યશનાં સુખોની પ્રાપ્તિ કરશે અને ગુણવાન ગુરુના રાગથી થયેલી ભક્તિના કારણે જે સંસ્કારો પડ્યા છે, તેનાથી દરેક ભવોમાં મોહનો વિજય કરીને ઉપશમનાં સુખોને પામશે અને અંતે મોક્ષનાં સુખોને પામશે. **॥૧૮૭-૧૮૮॥**

## ।। अथ प्रशस्तिः ।।

**શ્લોક :-**

यस्यासन् गुरवोऽत्र जीतविजयप्राज्ञाः प्रकृष्टाशयाः,
भ्राजन्ते सनया नयादिविजयप्राज्ञाश्च विद्याप्रदाः ।
प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः,
सोदरस्तस्येयं गुरुतत्त्वविनिश्चयकृतिः स्तात् पण्डितप्रीतये ।।१।।

कुर्वन्ति कवयो ग्रन्थं, यशः सन्तो वितन्वते ।
रत्नानि रोहणः सूते, परीक्षन्ते परीक्षकाः।।२।।

निपुणो गुरुकुलवासः, कुगुरुत्यागोऽपि यत्र निपुणतरः ।
सा पारमेश्वरी गीर्निपुणधियां गोचरा जयति ।।३।।

**શ્લોકાર્થ :-**

હવે પ્રશસ્તિ કહે છે.

ઉદાર આશયવાળા અને પ્રાજ્ઞ – ગીતાર્થ એવા જિતવિજય જેના ગુરુ (વડીલ) હતા, ન્યાયનિપુણ મતિવાળા, આગમજ્ઞ અને વિદ્યાદાતા શ્રી નયવિજય જેના ગુરુ (શાસનમાં) શોભે છે અને જેના પ્રેમનું પાત્ર અને જ્ઞાની વિદ્વાન પદ્મવિજય (બંધુ) હતા, તે યશોવિજયની આ ગુરુતત્ત્વવિનિશ્ચય નામના ગ્રંથની રચના પંડિતોને પ્રીતિકારક થાઓ. ।।૧।।

કવિઓ ગ્રંથની રચના કરે છે, સંત પુરુષો યશનો વિસ્તાર કરે છે=કવિઓની રચનાના યશને વિસ્તારે છે અને રોહણ પર્વત રત્નોને ઉત્પન્ન કરે છે. પરીક્ષકો તે રત્નોની પરીક્ષા કરે છે. ।।૨।।

જે વાણી(ઉપદેશ)માં ગુરુકુલવાસ હિતકર છે, કુગુરુનો ત્યાગ પણ અધિક હિતકર છે અને જેને સૂક્ષ્મ બુદ્ધિવાળા પુરુષો સમજી શકે એવી તે શ્રી જિનેશ્વરોની વાણી જયવંતી વર્તે છે. ।।૩।।

**ગ્રંથનો ૩જો ઉલ્લાસ સમાપ્ત.**

**અનુસંધાન : ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૬ (ઉલ્લાસ-૪)**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩✤ |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| **Is Jaina Order Independent Religion or Denomination ?** | ૫૮ |
| **Status of religion in modern Nation State theory** | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) ૨૪
મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) ૧૭૯
મનોવિજય અને આત્મશુદ્ધિ ૧૪
યોગદૃષ્ટિસમુચ્ચય ૪
લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' ૩૩
શાસન સ્થાપના ૮
શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) ૨૭
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો ૩
શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) ૩૫
શ્રી ઉપધાન માર્ગોપદેશિકા ૯૩
શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર ૨૦૭
'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર ૧૯૧
શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર ૨૦૮
સદ્ગતિ તમારા હાથમાં ! ૬
સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) ૧૬૩


## संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी महाराज साहब


पाक्षिक अतिचार (हिन्दी) ४१


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી



| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (સૂરદત્ત શેઠના ચરિત્ર સહિત) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ | ૧૯૭ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ | ૧૯૮ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ | ૧૯૯ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૧૯૪
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ ૧૯૫
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ ૧૯૬
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન ૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૩
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૧૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૨૧૩
**ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૨૧૪**
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન ૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન ૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન ૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન ૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૫૬
ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૧૦
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન ૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૧૭
પકખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન ૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન ૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૪૬
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૮૬

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |

| | |
|---|---|
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |

વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૨૦૩
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ ૨૦૪
વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ ૨૦૫
શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) ૧૫૧
શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૨૧૧
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૮
શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૯
શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ૯૮
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૧
ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૧
સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન ૧૪૩
સમાધિશતક શબ્દશઃ વિવેચન ૨૦૬
સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન ૨૩
સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન ૧૪૫
સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન ૬૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૮
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૯
સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૦
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૩૮
સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૩૯
સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ૩૨


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


આગમ પ્રકાશનસૂચી (હિન્દી) સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી ૧૭૫


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨
૩. ધર્મતીર્થ ભાગ-૩
૪. ધર્મતીર્થ ભાગ-૪

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com
www.gitarthganga.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262
(Mo.) 9448359925, 7892448604
Email : vimalkgadiya@gmail.com

**SHRI DHEERAJ KATARIA**
Flat No. 202, Munoth Habitat Apts.
No. 13/14, Pmk Road, Shankarpuram,
Bangalore-560004. (Karnataka)
☎ (M) 9844350590
Email : dheeraj83kataria@gmail.com

## નોંધ

जह सरणमुवगयाणं, जीविअववरोवणं नरो कुणइ ।
एवं सारणिआणं, आयरिओऽसारओ गच्छे ।।

❖

જે પ્રમાણે કોઈ મનુષ્ય શરણે આવેલા જીવોના જીવિતનો નાશ કરે છે, એ રીતે ગચ્છમાં અસારક એવા આચાર્ય સારણીય એવા શિષ્યોના જીવિતનો નાશ કરે છે.




: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

‘શ્રુતદેવતા ભવન’, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.


ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧

Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com